
# પરમાત્મ પ્રકાશ પ્રવચન

ભાગ-૪





ॐ

श्री सिद्ध परमात्मने नमः।

श्री सीमंधरदेवाय नमः।

श्री सद्गुरुदेवाय नमः।

श्री निजशुद्धात्माने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ–૪

**અધ્યાત્મ યુગપુરુષ પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી પરમાત્મપ્રકાશ ગાથા (૧૨૩-૨/૩) તથા અધિકાર ૨ની**
**ગાથા-૧થી ૪૦ સુધીના**
**સ્વાનુભવ મુદ્રિત ૩૩ અક્ષરશઃ પ્રવચનો**

પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મીક ટ્રસ્ટ**
''સ્વરુચિ'' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં-યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ-૩૬૦૦૦૭
મો.૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૯ | ૨૫૪૬ | ૨૦૭૬ | ૨૦૧૯ |

**પ્રકાશન**

**શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવનો આચાર્ય પદવી દિવસ**

**ગુરુવાર, તા.૧૯-૧૨-૨૦૧૯**

**પ્રથમ આવૃતિ : ૫૦૦**

**કિંમત : સ્વાધ્યાય**

**પ્રાપ્તિસ્થાન**

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર - ૩૬૪૨૫૦, ફોન-(૦૨૮૪૬)૨૪૪૩૩૪

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલની શેરીમાં,
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭, મો.૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં.૧૯૨૪/બી-૬,
શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણીસર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો.૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ

એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો ચોથો ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઈ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં કુલ ૨૪૫ પ્રવચનોને સાત ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં

અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો યથાવત જળવાઈ રહે તેની પૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા સમગ્ર પ્રવચનો ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય **સ્વ. શ્રી મણિભાઈ ગાલા, મુંબઈ, શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા, દુબઈ તથા શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા કરવામાં આવેલ છે. માટે ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર – વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે આપવામાં આવેલ છે.** તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પ્રાપ્ત થાય તે જ ભાવના.

આ પુસ્તક atmadharma.com તથા vitragvani.com. પર મૂકવામાં આવેલ છે.

**લિ. ટ્રસ્ટીગણ**

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ,**

**રાજકોટ**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૯૪ | ૦૩-૧૦-૧૯૭૬ | ૧૨૩(૨-૩) | ૦૦૨ |
| ૯૫ | ૦૪-૧૦-૧૯૭૬ | ૨-૩ | ૦૧૭ |
| ૯૬ | ૦૫-૧૦-૧૯૭૬ | ૪-૫ | ૦૩૩ |
| ૯૭ | ૦૬-૧૦-૧૯૭૬ | ૫-૬ | ૦૪૬ |
| ૯૮ | ૦૭-૧૦-૧૯૭૬ | ૬ | ૦૫૯ |
| ૯૯ | ૦૮-૧૦-૧૯૭૬ | ૬-૭ | ૦૭૦ |
| ૧૦૦ | ૦૯-૧૦-૧૯૭૬ | ૭-૮ | ૦૮૪ |
| ૧૦૧ | ૧૦-૧૦-૧૯૭૬ | ૮ | ૦૯૭ |
| ૧૦૨ | ૧૨-૧૦-૧૯૭૬ | ૯ | ૧૧૧ |
| ૧૦૩ | ૧૩-૧૦-૧૯૭૬ | ૯ થી ૧૧ | ૧૨૨ |
| ૧૦૪ | ૧૪-૧૦-૧૯૭૬ | ૧૧ થી ૧૩ | ૧૩૬ |
| ૧૦૫ | ૧૫-૧૦-૧૯૭૬ | ૧૩-૧૪ | ૧૫૧ |
| ૧૦૬ | ૧૬-૧૦-૧૯૭૬ | ૧૪ | ૧૬૫ |
| ૧૦૭ | ૧૭-૧૦-૧૯૭૬ | ૧૪ | ૧૭૬ |
| ૧૦૮ | ૧૮-૧૦-૧૯૭૬ | ૧૪-૧૫ | ૧૮૮ |
| ૧૦૯ | ૨૦-૧૦-૧૯૭૬ | ૧૫ થી ૧૭ | ૨૦૪ |
| ૧૧૦ | ૨૧-૧૦-૧૯૭૬ | ૧૭ | ૨૨૧ |
| ૧૧૧ | ૨૨-૧૦-૧૯૭૬ | ૧૮ | ૨૩૫ |
| ૧૧૨ | ૨૩-૧૦-૧૯૭૬ | ૧૮ | ૨૪૬ |
| ૧૧૩ | ૨૪-૧૦-૧૯૭૬ | ૧૮ થી ૨૨ | ૨૫૫ |
| ૮૮ | ૨૮-૧૨-૧૯૭૬ | ૨૩-૨૪ | ૨૭૨ |
| ૮૯ | ૨૯-૧૦-૧૯૭૬ | ૨૪ થી ૨૬ | ૨૮૯ |
| ૯૦ | ૩૦-૧૨-૧૯૭૬ | ૨૬ થી ૨૮ | ૩૦૯ |

| | | | |
|---|---|---|---|
| ૯૧ | ૦૧-૦૧-૧૯૭૬ | ૨૮ થી ૨૯ | ૩૨૯ |
| ૯૨ | ૦૨-૦૧-૧૯૭૬ | ૨૯ | ૩૪૪ |
| ૯૩ | ૦૩-૦૧-૧૯૭૬ | ૨૯ થી ૩૧ | ૩૫૮ |
| ૧૧૪ | ૨૫-૧૦-૧૯૭૬ | ૩૨-૩૩ | ૩૭૬ |
| ૧૧૫ | ૨૬-૧૦-૧૯૭૬ | ૩૩ | ૩૯૧ |
| ૧૧૭ | ૨૮-૧૦-૧૯૭૬ | ૩૪ | ૪૦૪ |
| ૯૫ | ૦૫-૦૧-૧૯૬૬ | ૩૪-૩૫ | ૪૧૬ |
| ૧૧૯ | ૩૦-૧૦-૧૯૭૬ | ૩૬ | ૪૩૪ |
| ૧૨૦ | ૩૦-૧૦-૧૯૭૬ | ૩૬ થી ૩૮ | ૪૪૭ |
| ૧૨૧ | ૦૧-૧૧-૧૯૭૬ | ૩૮-૩૯ | ૪૬૨ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

।। श्री परमात्मने नमः ।।

श्रीमद्‌योगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ-૪

अथ स्थलखंख्याबाह्यं प्रक्षेपकद्वयं कथ्यते –

१२३) मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स।
बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स।।१२३*२।।

मनः मिलितं परमेश्वरस्य परमेश्वरः अपि मनसः।
द्वयोरपि समरसीभूतयोः पूजां समारोपयामि कस्य ।।१२३*२।।

मणु इत्यादि। मणु मनो विकल्परूपं मिलियउ मिलितं तन्मयं जातम्। कस्य संबन्धित्वेन। परमेसरहं [1]परमेश्वरस्य परमेसरु वि मणस्स परमेश्वरोऽपि मनः संबन्धित्वेन लीनो जातः बीहि वि समरसिहूवाहं एवं द्वयोरपि समरसीभूतयोः पुज्ज पूजां चडावउं समारोपयामि। कस्स कस्य निश्चयनयेन न कस्यापीति। अयमत्र भावार्थः। यद्यपि व्यवहारनयेन गृहस्थावस्थायां विषयकषायदुर्ध्यानवञ्चनार्थं धर्मवर्धनार्थं च पूजाभिषेकदानादिव्यवहारोऽस्ति तथापि वीतरागनिर्विकल्पसमाधिरतानां तत्काले बहिरङ्गव्यापाराभावात् स्वयमेव नास्तीति।।१२३*२।।

---

इसप्रकार इकतीस दोहा–सूत्रोंका–चूलिका स्थल कहा। चूलिका नाम अंतका है, सो पहले स्थलका अंत यहाँ तक हुआ। आगे स्थलकी संख्यासे सिवाय दो प्रक्षेपक दोहा कहते हैं –

**गाथा – १२३*२**

अन्वयार्थ :– [ मनः ] विकल्परूप मन [ परमेश्वरस्य मिलितं ] भगवान् आत्मारामसे मिल गया–तन्मयी हो गया [ परमेश्वरः अपि ] और परमेश्वर भी [ मनसः ] मनसे मिल गया तो [ द्वयोः अपि ] दोनों ही को [ समरसीभूतयोः ] समरस (आपसमें एकमएक) होने पर [ कस्य ] किसकी अब मैं [ पूजां समारोपयामि ] पूजा करूँ। अर्थात् निश्चयनयकर किसीको पूजना, सामग्री

---

१. પાઠાન્તર :- परमेश्वरस्य = परमोश्वरस्य परमात्मा

चढ़ाना नहीं रहा।

भावार्थ :– जब तक मन भगवानसे नहीं मिला था, तब तक पूजा करता था, और जब मन प्रभुसे मिल गया, तब पूजाका प्रयोजन नहीं है। यद्यपि व्यवहारनयकर गृहस्थ–अवस्थामें विषय कषायरूप खोटे ध्यानको हटानेके लिये और धर्मको बढ़ानेके लिये पूजा, अभिषेक, दान आदिका व्यवहार है, तो भी वीतरागनिर्विकल्पसमाधिमें लीन हुए योगीश्वरोंको उस समयमें बाह्य व्यापारका अभाव होनेसे स्वयं ही द्रव्य–पूजाका प्रसंग नहीं आता, भाव–पूजामें ही तन्मय हैं ।।१२३*२।।

---

**એ પ્રમાણે એકત્રીસ સૂત્રોથી ચૂલિકાસ્થળ સમાપ્ત થયું.**

**(ચૂલિકા નામ અંતનું છે, તે પહેલા સ્થળનો અંત અહીં સુધી થયો.)**

**હવે, સ્થળસંખ્યાથી બાહ્ય એવા બે પ્રક્ષેપકો કહે છે :**

**ભાવાર્થ : જો કે વ્યવહારનયથી ગૃહસ્થાવસ્થામાં વિષયકષાયરૂપ દુર્ધ્યાનની વંચના અર્થે અને ધર્મની વૃદ્ધિ અર્થે પૂજા, અભિષેક, દાનાદિ વ્યવહાર હોય છે તોપણ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત યોગીશ્વરોને તે કાળે બહિરંગ વ્યાપારનો અભાવ હોવાથી સ્વયં જ હોતાં નથી. ૧૨૩*૨.**

---

## વીર સંવત ૨૫૦૨, આસો સુદ ૧૧, રવિવાર
## તા. ૦૩-૧૦-૧૯૭૬, ગાથા-૧૨૩(૨-૩), ૧, પ્રવચન નં. ૯૪

'પરમાત્મપ્રકાશ' ૧૨૩નો બીજો. ચાલી તો ગઈ છે. નહિ? ફરીને લઈએ.

**१२३) मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स।**
**बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स।।१२३*२।।**

આહાહા..! શું કહે છે? મન એટલે વિકલ્પરૂપ ભાવ, '**परमेश्वरस्य मिलितं**' '**ભગવાન આત્મારામસે મિલ ગયા–**' એટલે? આનંદ જ્ઞાન સ્વરૂપમાં પર્યાય એકાકાર થઈ ગઈ. વિકલ્પ, જે મન છે એ રહ્યું નહિ. એનું નામ ભાવપૂજા છે. આહાહા..! ભગવાનઆત્મા. પરમેશ્વર કહ્યું ને? પરમ ઈશ્વર. ભગવાનની વ્યાખ્યા હમણા આવી હતી એક ઠેકાણે. આમ તો ભગનો અર્થ તો જ્ઞાનાદિ લક્ષ્મી થાય છે ને? ભગ એટલે યોનિમાં ઉત્પન્ન ન થવું એ ભગવાન. ભગ એટલે યોનિ, ઉત્પત્તિમાં ન આવવું એનું નામ ભગવાન. ચૌર્યાસી લાખની યોનિમાં ઉત્પન્ન થવું નહિ એને ભગવાન કહેવામાં આવે છે. એવો આ ભગવાન પરમેશ્વર... આહાહા..! એમાં મન મળી ગયું. એટલે કે મન મરી ગયું. એટલે કે વિકલ્પ છૂટી ગયો અને

અંતર જ્ઞાનાનંદમાં એકાકાર થયો. હવે કહે છે, હું કોની પૂજા કરું? આહાહા..! સમજાણું કાંઈ?

**'પરમેશ્વર ભી મન સે મિલ ગયા...'** નિર્વિકલ્પ દશા થતાં પરમેશ્વર મળ્યા અને પરમેશ્વર નિર્વિકલ્પ દશામાં આવ્યા. આહાહા..! છેલ્લે કરવાનું આ છે. શેઠ! સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન પરમજ્યોતિ ચૈતન્યજ્યોત આનંદનું ધામ, એમાં મનને મારી નાખી એટલે કે અંદરમાં જતાં મન રહેતું નથી. તેથી મનને ડર છે ને? આવે છે ને એ? કે જો અંદરમાં જશે તો મન મરી જશે. એટલે બહાર રહું એ ઠીક છે તો મારું મનનું અસ્તિત્વ તો રહે. મન છે એ જો અંદરમાં જશે તો મનને મારી નાખશે આ તો. માટે બહાર ભમું તો મન ટકી રહે. આહાહા..!

ભગવાન ચૈતન્યધાતુ સર્વજ્ઞસ્વભાવી પરમેશ્વર, એમાં મનની પરિણતિ એટલે કે નિર્મળ પરિણતિ એમાં મળી ગઈ અને પરમેશ્વર પરિણતિમાં આવી ગયા. આહાહા..! લ્યો, આ પૂજા! એય..! 'દેવીલાલજી'! આ દેવની પૂજા. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અસ્તિપણે પરમેશ્વર જ આત્મા તો છે. પરમ ઈશ્વરના સ્વભાવનો સંપન્ન એ આત્મા. એ આત્મામાં નિર્મળ પરિણતિ રાગરહિત, મનરહિત અંદરમાં પરિણતિ એકાકાર થઈ... આહાહા..! જ્યાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયના ભેદ પણ રહ્યા નહિ. આહાહા..!

**'દોનોં હી કો સમરસ હોને પર...'** જુઓ! **'समरसीभूतयोः'** બેય વીતરાગભાવ થઈ ગયા. રાગ હતો એને છોડીને અંદરમાં દૃષ્ટિ કરીને સ્થિર થયો તો સમરસ થયો, વીતરાગભાવ પ્રગટ થયો. આહાહા..! આત્માસે **'(આપસમેં એકમેક) હોને પર...'** **'कस्य पूजां समारोपयामि'** **'કિસકી અબ મૈં પૂજા કરું...'** સામગ્રી ચડાવીને કોને કરું ? ભગવાન તો પૂજામાં આવી ગયા. આહાહા..!

**ભાવાર્થ :- 'નિશ્ચયનયકર કિસીકો પૂજના, સામગ્રી ચઢાના નહીં રહા.'** બહારની સામગ્રી એ તો છે પણ ઓલો વિકલ્પ હોય છે. અંદરમાં નિર્વિકલ્પ ધ્યાનમાં રહી શકતો નથી ત્યારે એને વિકલ્પ શુભરાગ આવે ત્યારે પૂજા બહારની કરવામાં આવે એમ કહેવામાં આવે છે. પણ અંદરમાં જ્યાં આત્મા દેખનારને દેખ્યો, જાણનારને જાણ્યો, ઠરનારમાં ઠર્યો. સ્થિર વસ્તુ ચારિત્ર વસ્તુ છે આત્મા, એમાં ઠર્યો એ નિર્વિકલ્પ આનંદ છે. લ્યો, આ માર્ગ છે. આવો માર્ગ ભારે આકરો. બીજું શું થાય? એ કહેશે.

**ભાવાર્થ :- 'જબ તક મન ભગવાનસે નહીં મિલા થા, તબ તક પૂજા કરતા થા,...'** સમ્યગ્દર્શનસહિતની વાત છે હોં! અહીંયાં. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાયકભાવ, જેમાં પર્યાયનો ભેદ પણ નથી એવા જે ભગવાન ત્રિકાળી આત્મા, એમાં જેની પરિણતિ લીન થઈ ગઈ પછી કોની પૂજા કરવી? કહે છે, **'ભગવાનસે નહીં મિલા થા, તબતક પૂજા કરતા થા,...'** એ સમકિતીની વાત છે હોં! અહીંયાં. સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની અનુભવમાં પ્રતીતિ કરી છે. એમાં સ્થિર રહી ન શકે માટે વિકલ્પથી વ્યવહાર

પૂજા કરવામાં આવે છે. એ પણ ગૃહસ્થાશ્રમને માટે કહેશે. મુનિને નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એ જુઓ! **'જબ મન પ્રભુસે મિલ ગયા, તબ પૂજાકા પ્રયોજન નહીં હૈ.'** આહાહા..! અન્યમતમાં એક આવે છે. આ સુરદાસ આવે છે ને સુરદાસ? અન્યમતમાં. એ 'શ્રીકૃષ્ણ'ને મળ્યા હતા, 'શ્રીકૃષ્ણ'ને. પોતે સુરદાસ છે. 'શ્રીકૃષ્ણ' હાથ જાલીને ઊભા છે. હાથ છોડાવીને 'કૃષ્ણ' ચાલ્યા ગયા. તો સુરદાસ કહે છે કે, પ્રભુ! તમે બહારથી નજરથી તો છૂટી ગયા પણ મારી અંદરથી તમે નહિ છૂટો. મારા ભગવાનઆત્મામાં હું લીન છું. ત્યાંથી 'કૃષ્ણ' દૂર નહિ જઈ શકો. કર્મ કૃશે સો કૃષ્ણ કહીએ. અજ્ઞાન અને રાગ-દ્વેષને કૃશીને નાશ કરે એને 'કૃષ્ણ' કહીએ. એવા ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં રાગ-દ્વેષને કૃશ એટલે નાશ કરીને ઠરે છે એ ક્યાં જશે? એ ભગવાન દૂર ક્યાંથી રહેશે? આહાહા..! માર્ગ આવો છે, ભાઈ!

**'જબ મન પ્રભુસે મિલ ગયા, તબ પૂજાકા પ્રયોજન નહીં હૈ. યદ્યપિ વ્યવહારનયકર...'** ભાષા એવી છે. સમ્યગ્દષ્ટિની વાત છે હોં! **'ગૃહસ્થ અવસ્થામેં...'** મુનિની વાત અહીંયાં લીધી જ નથી. **'ગૃહસ્થ અવસ્થામેં વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકો હટાનેકે લિયે...'** પર તરફના વલણનું આર્તધ્યાન **'હટાનેકે લિયે ઔર ધર્મકો બઢાનેકે લિયે...'** ધર્મ એટલે શુભમાં આવે છે તો શુદ્ધતા થોડી વધે છે. અશુભમાં શુદ્ધતા અલ્પ છે અને શુભકાળમાં અશુભ જતાં શુદ્ધતા થોડી વધે છે. એને ધર્મની વૃદ્ધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શુભભાવ એ છે તો રાગ, પણ એ પૂજાના કાળે, શુભભાવમાં અશુભનો નાશ થાય છે અને અશુભ ટળે છે એટલી શુદ્ધિ વધે છે.

એ **'ધર્મકો બઢાનેકે લિયે પૂજા,...'** ગૃહસ્થાશ્રમમાં પૂજા થાય છે. ભગવાનની પૂજા. **'અભિષેક, દાન આદિકા વ્યવહાર હૈ,...'** સમકિતીને વિકલ્પ આવે છે. મુનિઓને આહાર દેવો વગેરે. **'તો ભી વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લીન હુએ...'** એવું હોવા છતાં ગૃહસ્થાશ્રમના વિકલ્પને છોડી દઈને... આહાહા..! **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન હુએ...'** રાગરહિત વીતરાગી પરિણતિ 'રાગ દાહ દહે સદા...' 'રાગ આગ દાહ દહે સદા તાતે સમામૃત સેઈએ.' રાગરૂપી અગ્નિનો દાહ. આત્મા દાઝે છે, આત્માની શાંતિ એમાં દાઝે છે. આહાહા..! માટે 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.' આ સમરસી ભાવ કહ્યો ને? માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ આ તો. બહારથી પ્રાપ્ત થાય એ ચીજ છે નહિ. પણ વસ્તુ અંતરમાં છે ને? અંતરાત્મા છે ને. આહાહા..! અંતરાત્મા, એમાં અંતરમાં એકાકાર થવું એ અંતરાત્માની ધર્મદશા છે. આહાહા..!

**'યોગીશ્વરોંકો ઉસ સમયમેં બાહ્ય વ્યાપારકા અભાવ હોનેસે...'** મુનિઓને તો બહારનો વેપારનો તો અભાવ હોય છે. અંદરમાં ધ્યાનમાં-આનંદમાં આવે છે ત્યારે. આહાહા..! **'સ્વયં હી દ્રવ્ય-પૂજાકા પ્રસંગ નહીં આતા,...'** મુનિને સ્વયં દ્રવ્ય-પૂજા આદિનો વિકલ્પ હોતો નથી. **'ભાવપૂજામેં હી તન્મય હૈં.'** આહાહા..! જેને હું આત્મા છું, હું અનુભવ કરું છું એવો પણ વિકલ્પ નથી. આ દશા-વીતરાગભાવ એને ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૨૩નો બીજો થયો.

१२३-३) जेण णिरंजणि मणु धरिउ विषय-कसायहिँ जंतु।
मोक्खहँ कारणु एत्तडउ अण्णु ण तनु ण मंतु।।१२३*३।।

येन निरञ्जने मनः धृतं विषयकषायेषु गच्छत्।
मोक्षस्य कारणं एतावदेव अन्यः न तन्त्रं न मन्त्रः।।१२३*३।।

जेण इत्यादि। येन येन पुरुषेण कर्तृभूतेन णिरंजणि कर्माञ्जनरहिते परमात्मनि मणु मनः धरिउ धृतम्। किं कुर्वत् सत्। विसयकसायहिं जंतु विषयकषायेषु गच्छत् सत्। विसयकसायहिं तृतीयान्तं पदं सप्तम्यन्तं कथं जातमिति चेत्। परिहारमाह। प्राकृते क्वचित्कारक-व्यभिचारो भवति लिङ्गव्यभिचारश्च। इदं सर्वत्र ज्ञातव्यम्। मोक्खहं कारणु मोक्षस्य कारणं एत्तडउ एतावदेव। विषयकषायरतचित्तस्य व्यावर्तनेन स्वात्मनि स्थापनं अण्णु ण अन्यत् किमपि न मोक्षकारणम्। अन्यत् किम्। तन्तु तन्त्रं शास्त्रमौषधं वा मंतु मन्त्राक्षरं चेति। तथाहि। शुद्धात्मतत्त्वभावनाप्रतिकूलेषु विषयकषायेषु गच्छत् सत् मनो वीतरागनिर्विकल्प-स्वसंवेदनज्ञानबलेन व्यावर्त्य निजशुद्धात्मद्रव्ये स्थापयति यः स एव मोक्षं लभते नान्यो मन्त्रतन्त्रादिबलिष्ठोऽपीति भावार्थः।।१२३*३।।

एवं परमात्मप्रकाशवृत्तौ प्रक्षेपकत्रयं विहाय त्र्यधिकविंशत्युत्तरशतदोहकसूत्रैस्त्रि-विधात्माप्रतिपादकनामा प्रथममहाधिकारः समाप्तः।।१।।

---

आगे इसी कथनको दृढ़ करते हैं –

गाथा – १२३*३

अन्वयार्थ :– [ येन ] जिस पुरुषने [ विषयकषायेषु गच्छत् ] विषय कषायोंमें जाता हुआ [ मनः ] मन [ निरंजने धृतं ] कर्मरूपी अंजनसे रहित भगवान्में रक्खा [ एतावदेव ] और ये ही [ मोक्षस्य कारणं ] मोक्षके कारण हैं, [ अन्यः ] दूसरा कोई भी [ तन्त्रं न ] तंत्र नहीं हैं, [ मन्त्रः न ] और न मंत्र है। तंत्र नाम शास्त्र व औषधका है, मंत्र नाम मंत्राक्षरोंका है। विषय कषायादि पर पदार्थोंसे मनको रोककर परमात्मामें मनको लगाना, यही मोक्षका कारण है।

भावार्थ :– जो कोई निकट-संसारी जीव शुद्धात्मतत्त्वकी भावनासे उलटे विषय कषायोंमें जाते हुए मनको वीतरागनिर्विकल्प स्वसंवेदनज्ञानके बलसे पीछे हटाकर निज शुद्धात्मद्रव्यमें स्थापन करता है, वही मोक्षको पाता है, दूसरा कोई मंत्र-तंत्रादि चतुर होने पर भी मोक्ष नहीं पाता।।१२३*३।।

इस तरह परमात्मप्रकाशकी टीकामें तीन क्षेपकोंके सिवाय एकसौ तेईस दोहा-सूत्रोंमें बहिरात्मा अंतरात्मारूप परमात्मारूप तीन प्रकारसे आत्माको कहनेवाला पहला महाधिकार

पूर्ण किया।।१।।

**इति प्रथम महाधिकार**

---

**હવે, આ કથનને દૃઢ કરે છે :**

**'विसयकसायहिं जंतु' - 'વિષયકષાય' શબ્દને ત્રીજી વિભક્તિનો પ્રત્યય હોવા છતાં તમે સાતમીના પ્રત્યય તરીકે કેમ લીધો ?**

**તેનું સમાધાન : પ્રાકૃતમાં કોઈ વાર કારક વ્યભિચાર અને લિંગવ્યભિચાર થાય છે. આ બધેય જાણવું.**

**ભાવાર્થ : જે (જે કોઈ આસન્ન ભવ્ય જીવઃ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી પ્રતિકૂળ વિષયકષાયમાં જતાં મનને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનના બળ વડે વ્યાવૃત્ત કરીને (પાછું વાળીને) નિજશુદ્ધાત્મદ્રવ્યમાં સ્થાપે છે તે જ મોક્ષ પામે છે. બીજો મંત્ર, તંત્ર આદિમાં બલિષ્ઠ હોવા છતાં પણ મોક્ષ પામતો નથી. ૧૨૩*૩.**

**આ પ્રમાણે પરમાત્મપ્રકાશની વૃત્તિમાં ત્રણ પ્રક્ષેપકોને છોડીને એકસો ત્રેવીસ દોહકસૂત્રોથી ત્રણ પ્રકારના આત્માનો પ્રતિપાદક નામનો પ્રથમ મહાધિકાર સમાપ્ત થયો.**

**ઈતિ પ્રથમ મહાધિકાર.**

---

## ગાથા-૧૨૩-૩ ઉપર પ્રવચન

**'આગે ઈસી કથનકો દૃઢ કરતે હૈં -'** ત્રીજી.

**१२३-३) जेण णिरंजणि मणु धरिउ विषय-कसायहिं जंतु।**
**मोक्खहँ कारणु एत्तडउ अण्णु ण तनु ण मंतु।।१२३*३।।**

**અન્વયાર્થ :-** આહાહા..! **'જિસ પુરુષને વિષય કષાયોંમેં જાતા હુઆ મન...'** વિષય શબ્દે પાંચ ઈન્દ્રિય તરફના વલણવાળી જે દશા-ભાવ એ બધો વિષય છે. આહાહા..! ભગવાન અને ભગવાનની વાણી સાંભળવી એ પણ કાનનો વિષય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈન્દ્રિયનો વિષય તે ઈન્દ્રિય છે. આહાહા..!

વીતરાગબિંબ ચૈતન્યપ્રતિમા પ્રભુ, એની અંતરમાં એકાગ્રતા કરવાથી તો વીતરાગભાવ થાય છે. બહારના ભગવાનની પૂજા કરવાથી તો વિકલ્પ શુભરાગ થાય છે. એ અશુભરાગ ટાળવા સ્વરૂપમાં સ્થિર થઈ ન શકે માટે આવે છે. એ વ્યવહાર છે.

**'મન કર્મરૂપી અંજનસે રહિત ભગવાનમેં રક્ખા...'** આહાહા..! રાગના મેલરહિત પોતાનું મન એટલે જ્ઞાનની પરિણતિ, પર્યાયને પોતામાં જોડી દીધી. આહાહા..! **'ઔર યે હી**

**મોક્ષકે કારણ હૈં,...**' આહાહા..! મોક્ષનું કારણ આ એક. આનંદમૂર્તિ પ્રભુ, એમાં રાગરહિત થઈને એકાગ્રતા કરવી એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? વ્યવહાર મોક્ષમાર્ગ કહેશે આગળ, હમણાં તરત. પણ એ રાગ છે. મોક્ષમાર્ગ તો ખરેખર તો આ એક જ છે. આ ગાથા હવે શરૂ કરવાના છે ને મોક્ષમાર્ગની? એટલે અહીંયાં ગાથાનો ઉપોદ્‌ઘાત લીધો. આહાહા..! કારણ કે મોક્ષનો અધિકાર આવશે. મોક્ષમાર્ગ બીજો અધિકાર. પહેલો અધિકારની આ છેલ્લી ગાથા છે.

'**કર્મરૂપી અંજનસે રહિત ભગવાનમેં રક્ખા...**' આહાહા..! '**ઔર યે હી મોક્ષકે કારણ હૈં,...**' રાગના વિકલ્પથી રહિત ભગવાનઆત્મામાં નિર્વિકલ્પ સ્થિરતા પ્રગટ કરવી એ એક જ મોક્ષનો માર્ગ છે. આ નિશ્ચય લોકોને એવું લાગે છે ને. એકાંત નિશ્ચય કહે છે એકાંત. પણ એ એકાંત નિશ્ચયનય એ એકાંત જ છે આ. આહાહા..! એની શ્રદ્ધા જ્ઞાનમાં તો એ નક્કી કરે કે વસ્તુ તો આ છે. આનંદકંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્‌-છે, જ્ઞાન અને આનંદરૂપી સ્વભાવવાળું તત્ત્વ, એમાં મનને જોડી દેવું એટલે કે રાગરહિત થઈને સ્થિરતા કરવી. એમ. આહાહા..! એ મોક્ષનું કારણ છે. જુઓ! પછી આવશે હોં! મોક્ષના બે કારણ. નિશ્ચય અને વ્યવહાર. પછીની ગાથા આવશે એમાં. એ વ્યવહાર તો વિકલ્પ છે એને ઉપચારથી કહેવામાં આવ્યું છે. ખરેખર તો મોક્ષનું કારણ આ એક જ છે. '**एताव**' એમ છે ને? '**एतावदेव**' '**एतावदेव**' એટલો જ મોક્ષનો માર્ગ છે. '**યે હી મોક્ષકે કારણ હૈં,...**' '**एतावदेव**' ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવી સમરસી પ્રભુ, એમાં અકાગ્રતા કરવી, સ્વઆશ્રય કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ એટલે...

'સમ્યગ્જ્ઞાન દિપીકા'માં તો વારંવાર એ જ લીધું છે. 'ધર્મદાસ ક્ષુલ્લક'. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયસ્વભાવ એ વસ્તુ. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય. પોતાનું નિજ સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ એ સ્વાનુભવગમ્ય, અંતર અનુભવગમ્ય છે. વિકલ્પથી ગમ્ય થઈ શકે નહિ. આહાહા..! વ્યવહારથી ગમ્ય ન થઈ શકે એમ કહે છે. આહાહા..! સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવ, સમ્યગ્જ્ઞાનમય સ્વભાવ. એ વસ્તુ. એને ધ્યાનમાં લઈને એકાગ્રતા કરવી. આહાહા..! આવી વાતું. એનું નામ '**एतावदेव**' મોક્ષનું કારણ છે ને? '**एतावदेव**' '**एतावदेव**' '**યે હી...**' આ તો નિશ્ચય કીધું. કથંચિત આ અને કથંચિત આ એમ ન કહ્યું. છે?

'**एतावदेव**' એમ છે ને? '**एव**' એટલે નિશ્ચય. એટલો જ મોક્ષનો માર્ગ એકલો છે. આહાહા..! છે કે નહિ? શું છે? '**एतावदेव**' એટલો જ, એ જ. આહાહા..! મનને અંદરમાં જોડી દેવું એટલે નિર્વિકલ્પ થવું '**યે હી મોક્ષકે કારણ હૈં,...**' જુઓ! મૂળ શ્લોક છે. '**एतावदेव**' એટલો જ... એટલો જ. '**યે હી...**' એક જ મોક્ષનો માર્ગ છે. વ્યવહાર-બ્યવહાર મોક્ષનો માર્ગ એ મોક્ષનો માર્ગ છે નહિ. આહાહા..!

'**अन्यः**' '**દૂસરા કોઈ ભી તંત્ર નહીં હૈ,...**' લ્યો ઠીક! આ અનેકાંત કીધું. આનું નામ

અનેકાંત છે. નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય એ અનેકાંત છે એમ કહે છે એમ નથી. સ્વભાવને આશ્રયે જ થાય, અન્ય આશ્રયે ન થાય એનું નામ અનેકાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓને! છેલ્લી ગાથા સરવાળે (આ લીધી). '**एतावदेव**' એટલું જ મોક્ષનું કારણ (છે). આહાહા..! સ્વસ્વભાવનો આશ્રય લઈને દશા થાય એટલો જ મોક્ષનો માર્ગ છે અને એ એક જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અન્ય કોઈ પણ નહિ. ઠીક! '**દૂસરા કોઈ ભી તંત્ર નહીં હૈ, ઔર ન મંત્ર હૈ.**' આહાહા..! તંત્ર એટલે શાસ્ત્ર અને ઔષધ. શાસ્ત્રથી પણ ધર્મ મોક્ષમાર્ગ થતો નથી, એમ કહે છે. છે ને? અન્ય '**દૂસરા કોઈ ભી તંત્ર નહીં હૈ, ઔર ન મંત્ર હૈ.**' શાસ્ત્ર પણ નહિ, એમ કહે છે. આહાહા..! મોક્ષના માર્ગમાં શાસ્ત્ર પણ કારણ નથી. શાસ્ત્ર તો પરવસ્તુ છે. '**કારણ નહીં. ઔષધ..**' કોઈ ઔષધ હોય ને. આવી ઔષધ લગાવે તો આમ થઈ જાય. પગે ફલાણું ચોપડે તો પાણીમાં માણસ ચાલે. એવી કોઈ ઔષધિ હોય તો મોક્ષ થઈ જાય. એવી ઔષધિ છે નહિ. આહાહા..!

'**મંત્ર નામ મંત્રાક્ષરોંકા હૈ.**' શું કહે છે એ? નમો અરિહંતાણં પાંચ નોકાર ગણવો એ પણ મોક્ષનો માર્ગ નથી. મંત્રાક્ષરો મોક્ષનો માર્ગ નથી. લ્યો! 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે ને? 'દ્રવ્યસંગ્રહ'માં. નહિ? પાંત્રીસ અક્ષર. ૐ ને નમઃ ને ફલાણા શબ્દ આવે છે. શાસ્ત્ર પણ મોક્ષનું કારણ નથી અને આ વ્યવહાર કહ્યો ને બધો મંત્રનો? મંત્રાક્ષરો. ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... પંચ પરમેષ્ઠી, એ બધા મંત્રાક્ષરો મોક્ષનો માર્ગ નથી. આહાહા..! આવું સ્વરૂપ છે, ભાઈ!

'પરમાત્મપ્રકાશ' છે ને આ! પરમાત્મા સ્વરૂપ પૂર્ણ. શક્તિએ-સ્વભાવે તો પરમાત્મા જ છે. એનો સ્વભાવ સ્વ-ભાવ એ પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે. અનાદિઅનંત નિત્ય આનંદરસ આત્મા છે. જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ પ્રભુ, એમાં એકાગ્રતા થવી, એમાં સન્મુખ થઈને લીન થવું એ એક જ મોક્ષનો માર્ગ છે. અત્યારે આ વાંધા છે કે વ્યવહાર પણ મોક્ષનું કારણ છે, વ્યવહાર કરતા કરતા થાય. અને વ્યવહારથી કો'કને થાય. આ તો વળી હમણાં એમ આવ્યું છે. 'જગનમોહનલાલજી' એમ નાખે છે. વ્યવહારથી કો'કને થાય. પણ એ સિદ્ધાંત ક્યાં રહ્યો?

મુમુક્ષુ :- કો'કને થાય તો કોને થાય?

ઉત્તર :- કોને? કો'કને થાય અને કો'કને ન થાય.

મુમુક્ષુ :- નિયમ ન રહ્યો.

ઉત્તર :- નિયમ તો રહ્યો નહિ. સત્‌નો સિદ્ધાંત તો રહ્યો નહિ.

ભગવાનઆત્મા એ વ્યવહારના મંત્રાક્ષરથી પણ પમાય એવો નથી એમ કહે છે અહીં તો. એ પંચ પરમેષ્ઠીની ભક્તિ અને પંચ પરમેષ્ઠીનું સ્મરણ અને જાપ એ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! આ નવકારનું મહાત્મ્ય આવે છે ને? નથી આવતું ઘણે ઠેકાણે? આમ નવકાર ગણ્યા તો આમ થયું, આમ થયું. એ તો બધી બહારની વાતું છે. એ તો ચમત્કાર બહારનો

છે. આહાહા..! એ તો પુણ્યની વાતું છે. એકદમ થઈ જાય. 'સીતાજી'ને અગ્નિમાં નાખ્યા હતા તો અગ્નિ પાણી થઈ ગયું. કલ્પ ફુલ થયું. કમળનું ફૂલ થઈ ગયું. એ તો બહારની વાતું છે. સમજાણું? ઓલા મુનિ નહિ? 'માનતુંગ આચાર્ય'. ૪૮ તાળા તોડી નાખ્યા. 'ભક્તામર પ્રણીત..' એ તાળાની વાત નથી. આ તો અંદરના રાગની એક્તાનું તાળું તોડી નાખ્યું જેણે. આહાહા..! ભગવાનઆત્માના અંતર ઘરમાં જઈને શુદ્ધ ચૈતન્યમાં જ્યાં અંદર વસે છે ત્યારે રાગના તાળા તૂટી જાય છે. એ વાત છે. આહાહા..!

એ કીધું ને માથે, જુઓને! '**મન કર્મરૂપી અંજનસે રહિત...**' જોયું ને! રાગરૂપી મેલથી રહિત. '**ભગવાનમેં રકખા ઔર યે હી મોક્ષકે કારણ હૈં,...**' આહાહા..! ભાઈ! આ તો ધીરાનું, શાંતિનું કામ છે. આ કાંઈ બહારમાં કૂદકા મારે, મોટા રથ કાઢે, શું કહેવાય? હાથી– હાથી. ગજરથ. હાથી લાવ્યા હતા કેટલાય. અમારે ત્યાં થયું હતું ને હાથી (લાવ્યા હતા), નહિ? 'જયપુર'માં એકવીસ હાથી. વરઘોડો નીકળ્યો હતો. ભાઈ 'પૂનમચંદ ગોદીકા' તરફથી. પહેલામાં અઢાર હતા અને બીજામાં એકવીસ હતા. એકવીસ હાથી આમ. અને ચાલીસ હજાર માણસ વરઘોડામાં. સાધુ પણ જોવા નીકળ્યા હતા એક ઓલા ઘણું કરીને ત્યાં હતા નહિ?

મુમુક્ષુ :– આપે તો જોવામાં ના પાડી હતી.

ઉત્તર :– ... એક સાધુ હતા ને? 'દેશભુષણ'. 'દેશભુષણ' જોવા નીકળ્યા હતા. હાથી છે. ઓહોહો..! એ તો બહારની વાતું, બાપા! એ તો એ કાળે પરમાણુની પરિણતિ એવી થવાની છે તો થાય છે. બહુ તો ભાવ કહેવો હોય તો એને શુભરાગ હોય છે. આહાહા..! એ કાંઈ ધર્મની વિશેષતા નથી. એ તો પુણ્યના ફળ છે. પુણ્ય હોય છે. ત્યારે એ લોકો કહે છે ને કે અમારા પુણ્યને નિષેધે છે અને પુણ્યના ફળ ભોગવે છે પાછા, એમ કહે છે. એમ કે જુઓ, આવા મકાન. મોટા બાદશાહી મકાન. લ્યો. અને આ હાથી આવા નીકળે, મોટા વરઘોડા નીકળે. એમ કહે છે. પુણ્યના ફળ ભોગવે છે અને પુણ્યનો નકાર કરે છે. એમ કહે છે. કોણ ભોગવે? ભગવાન! આહાહા..! આનંદનો નાથ પ્રભુ જ્યાં આનંદથી બિરાજે છે ત્યાં પુણ્યના ફળનું ક્યાં પ્રયોજન છે? આહાહા..! સમજાણું કાંઈ? એના પુણ્યના ફળમાં લક્ષ જાવું એ તો વિકલ્પ રાગ છે. આહાહા..!

અહીં તો બે વાત સિદ્ધ કરવી છે, કે મોક્ષનું કારણ આ એક જ છે અને શાસ્ત્ર અને મંત્ર નહિ. એમ. આહાહા..! એનું નામ સમ્યક્ એકાંત મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. વ્યવહાર પણ મોક્ષમાર્ગ અને નિશ્ચય (પણ મોક્ષમાર્ગ), એમ નથી. '**વિષય કષાયાદિ પર પદાર્થોંસે મનકો રોકકર...**' વિષય કષાય શબ્દે લોકો એમ સમજે કે આ વિષય એટલે ભોગ અને બહારના એ (પંચેન્દ્રિયના વિષયો). વિષય શબ્દે પરપદાર્થનું લક્ષ એ બધો વિષય છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે. એને ઈન્દ્રિયના વિષય તરફથી દૂર કરી. આહાહા..! એ ભગવાનની વાણી પણ ઈન્દ્રિય છે એનાથી દૂર કરી. ભગવાન વાણીમાં એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન એમ કહે છે કે મારી સામું જોતા તને રાગ થશે, ભાઈ! આહાહા..! તારી સામું

જોતા તને વીતરાગતા થશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ત્યારે લોકો એમ કહે છે કે પણ પાપમાં પડ્યા ફડ્યા છે એને આવી વાત હોય? એને પહેલી પુણ્યની તો કરો. હવે એ તો અનંતવાર કર્યું છે, હવે શું છે? એમ એ કહે છે. પાપમાં ગળા સુધી પડ્યા એને નિર્વિકલ્પ અને વીતરાગની પર્યાયની વાત કરવી. એને પુણ્યમાં તો પહેલા લાવો. લ્યો! કોણ લાવે? અનંતવાર પુણ્યમાં તો આવી ગયો છે. આહાહા..! નિગોદના જીવને પણ ક્ષણે પુણ્ય અને ક્ષણે પાપ, ક્ષણે પુણ્ય અને ક્ષણે પાપ થાય છે. ઓહોહો..! નિત્ય નિગોદ. એ અનંતજીવો કોઈ દિ' ત્રસ નહિ થાય. એવું જે નિગોદનું ફળ, એમાં અનંતા જીવો ક્ષણે પુણ્ય અને ક્ષણે પાપ, શુભ અને અશુભ થયા જ કરે છે. કેમકે વસ્તુ સ્વભાવનું ભાન નથી ત્યાં કર્મનું ચક્ર પુણ્ય અને પાપ થયા જ કરે. કર્મચક્ર છે ઈ. સમજાય છે કાંઈ? એકેન્દ્રિય જીવને... આહાહા..!

જે નિગોદના જીવ અનંત... આહાહા..! એક શરીરના અનંતમાં ભાગે મોક્ષ ગયા અને અનંતમા ભાગે જ મોક્ષ રહેશે, બસ. અસંખ્યમો ભાગ કોઈ દિ' નહિ થાય. આહાહા..! અરે..! બહાર આવ્યો ને પ્રભુ! તું આટલે દૂર હવે. બહારથી નીકળીને હવે કરવા જેવું તો આ છે, કહે છે. સમજાણું કાંઈ? લક્ષમાં જરી વિચાર કરે તો ખબર પડે. એમ ને એમ નહિ. નિગોદના અનંતા જીવો.. આહાહા..! એક સ્પર્શેન્દ્રિય સિવાય જેને રસેન્દ્રિય પણ મળી નથી. આહાહા..! જીભ. એવા અનંત... અનંત... અનંત... અનંત... અનંતના જીવના.. થોક. આ તો વીતરાગની વાતું ઝીણી ભારે, ભાઈ! આહાહા..! એ 'કર્મ કલંક પ્રચુરા, ભાવકર્મ પહુરા' 'ગોમ્મટસાર'માં છે ને. આહાહા..! અરે..! એને વિચાર પણ ક્યાં છે બિચારાને? મન પણ ક્યાં છે. એક સ્પર્શ ઈન્દ્રિય. એ પણ એને ખબર ક્યાં છે કે આ સ્પર્શ ઈન્દ્રિય છે, એને જાણું છે. એ ક્યાં છે? છે ખરું. આહાહા..! અંગુલના અસંખ્ય ભાગમાં એવા અનંતા જીવોના થોક પડ્યા છે. એમાંથી નીકળીને સર્વ અવસર આવી ગયો હવે. આહાહા..! તો કરી લે ને આ. જેનાથી છૂટકારો થાય રાગથી એ કરવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં ઈન્દ્રો અને ગણધરોની વચમાં આ વાણી આવી. અરે..! સંતો... આહાહા..! ઓલામાં તો નથી કહ્યું? ભાઈ! 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્યે'. એ મહાયશ! દ્રવ્યલિંગી સાધુને (કહે છે), હે મહાયશ! હવે આ કર ને, બાપા! એવા દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યા. આત્માના જ્ઞાન વિના પંચમહાવ્રત અને કર્યા નગ્નપણું, બાપુ! ભાઈ! એ મોક્ષનો માર્ગ નહિ. હે મહાયશ! હે મુનિ! એવી ભાષા બહુ વાપરી છે. ભાવપાહુડ. આહાહા..! ભાઈ! તેં બાયડી-છોકરા છોડ્યા, દુકાન-ધંધા છોડ્યા. નગ્ન થઈને રહ્યો. પંચમહાવ્રત (પાળ્યા). બાપુ! પણ એથી શું થયું? ભાઈ! આહાહા..! નિગોદના જીવને નીકળવું ત્રસ થવું મુશ્કેલ, પ્રભુ! તારે હવે મોક્ષ કરવો હોય તો સહેલું છે, કહે છે. આહાહા..! કારણ કે ચીજ હાથ આવી ગઈ. આહાહા..! ચૈતન્યસ્વભાવનો ભરપુર દરિયો, એવો જે ભગવાનસ્વરૂપ પ્રભુનું એ તને હવે પ્રતીતમાં આવ્યું તો હવે ઠરી જા એમાં.

આહાહા..! આમ છે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

**'વિષય કષાયાદિ પર પદાર્થોંસે મનકો રોકકર પરમાત્મામેં મનકો લગાના,...'** આહાહા..! પરમાત્મા એટલે આ પરમાત્મા, હોં! પરમ આત્મા. પરમસ્વરૂપ. એ ત્રિકાળી સ્વરૂપ તે જ પરમાત્મા છે અને તે પરમસ્વરૂપ છે. પર્યાય તો અપરમ સ્વરૂપ છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ વીતરાગસ્વભાવથી ભરેલું તત્ત્વ, શાંતરસનો કંદ, એમાં પરથી છૂટીને ત્યાં રોકા. અહીં રોકાઈ ગયેલો અનાદિથી છો, હવે અહીં રોકા, એમ કહે છે. રાગમાં રોકાયેલો તો અનાદિથી છે. નવમી ગ્રૈવેયકે ગયો મુનિ દિગંબર નગ્ન(પણું) લઈને એ પણ રાગમાં રોકાયેલો હતો. આહાહા..! હવે તને રોકાતા, અટકતા તો આવડે છે. રાગમાં અટકતા આવડે છે એટલે (હવે) અહીં અટક. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! છેલ્લી ગાથા છે ને? **'एतावदेव'** એક જ મોક્ષનો માર્ગ છે. આહાહા..!

આ બહારના ઠાઠ દેખાય ને શરીર ને પૈસા ને આબરૂ ને કીર્તિ ને. છોકરા કાંઈક રળાઉ થાય ને, બાયડી ઠીક હોય ને. અરે..! પ્રભુ પણ કોણ બાપુ! એ ચીજ તારી ક્યાં છે? એ તારામાં ક્યાં છે? તું એમાં ક્યાં છો? એવી ચીજના મહાત્મ્યમાં, આકર્ષણમાં રોકાઈ જઈ અંદરમાં ચૈતન્યના મહાત્મ્ય એને ન આવ્યા. આહાહા..! સમજાણું કાંઈ?

એક દિવસમાં.. ભાઈ હતા ને 'કલ્યાણજીભાઈ' નહિ? ભાઈ! 'પોરબંદરે'. 'કલ્યાણજી ગોવિંદજી'ને? 'કલ્યાણજી ગોવિંદજી' નહોતા એક? ગૃહસ્થ. અમારું ચોમાસું હતું ત્યારે. પૈસા દસ-વીસ લાખ હતા. એમાં દસ લાખ ગયા. એમાં ચોમાસામાં એને ધંધો કરવા જાવું પડ્યું. પછી તો એ ચોમાસું (ગયું) તો બીજે ચોમાસે. ધંધો કરતા એક દિ'માં એકવાર લાખ પેદા કર્યા. 'કલ્યાણજીભાઈ' હતા. એક દિવસના લાખ રૂપિયા. કારણ કે ઓલા વીસ લાખ હતા. દસ લાખ ગયા તો એ ભેગા કરવા પાછા. મારી નાખે. એક દિવસમાં એક લાખ પેદા કર્યા. તે દિ' હાર્ટ ફેઈલ (થઈ ગયું). ભાઈ જોડે હતા. ઓલા નહિ 'પોરબંદર'વાળા? 'લક્ષ્મીદાસ'. આ 'મગનભાઈ'ને નહોતું કહ્યું? 'મગનભાઈ'ને. ક્યાં ગયા 'મગનભાઈ' હતા ને? ગયા? અહીં બેઠા હતા ખરા. મહેમાન આવ્યા છે ને ઓલા 'કુંડળ'વાળા. નહિ? એ એને તે દિ' 'લક્ષ્મીચંદભાઈ'એ કહ્યું હતું એકવાર. 'રાજકોટ'માં સુધર્મ. 'મગનભાઈ' કહે, હું જાવ છું શેરબજાર. જાવ ધંધો કરજો ફલાણો. ફલાણું કરજો. કર્યો અને પૈસા પણ થોડા પેદા થયા. 'મગનભાઈ'ની વાત છે. ત્યાં રાજી રાજી થઈ જાય. પણ સાંભળને, ભગવાન! અહીં જોને અંદર. આહાહા..! શેરબજાર તો અહીં છે અંદર. આહાહા..!

અહીં તો કહે છે કે મનને બહારથી તો રોકી દે એકદમ હવે. ચાહે તો ભગવાનનું સ્મરણ હો. આહાહા..! રોકી દે. આહાહા..! **'યહી મોક્ષકા કારણ હૈ.'** પરમાત્મામાં મનને લગાવવું એ જ મોક્ષનું કારણ છે. આહાહા..!

**ભાવાર્થ :- 'જો કોઈ નિકટ-સંસારી જીવ શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉલટે વિષય કષાયોંમેં જાતે હુએ મનકો...'** આહાહા..! નિકટ સંસારી, જેને સંસાર કિનારો આવી ગયો છે હવે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ને 'અમૃતચંદ્રાચાર્ય'એ કહ્યું છે. નહિ? જેને સંસારનો

કિનારો નજીક છે એવા જે ‘કુંદકુંદાચાર્ય’. આહાહા..! ઓલા કહે કે ‘કુંદકુંદાચાર્ય’ સમકિતી હતા કે નહિ એ શી રીતે ખબર પડે? આ ‘ચેતનજી’ને કહ્યું હતું.કહો! અરે...! ભગવાન! પ્રભુ! શું તું કરે છે આ? ભાઈ!

મુમુક્ષુ :- મહાવિદેહ ક્ષેત્રમાં ગયા હતા એ...

ઉત્તર :- એ તો વળી પછી. મહાવિદેહમાં ગયા હતા એ કપોળકલ્પિત (વાત છે). એ વળી જુદી વાત છે. એને ન બેસે. પણ એ સમકિતી હતા કે નહિ એ આપણે શી રીતે નિર્ણય કરીએ? પૂછયું હતું ને કોઈકે? ભગવાન! અરેરે..! ‘અમૃતચંદ્રાચાર્ય’ તો પોકાર કરે છે કે જેને સંસારનો કાંઠો આવી ગયો છે. ખલાસ. હવે એ પગ મૂકે એટલી વાર છે. ગુલાંટ ખાઈને મોક્ષ થઈ જશે. જેને અનેકાંત વિદ્યા પ્રગટ થઈ છે. છે ને? ‘પ્રવચનસાર’માં શરૂઆતમાં.

પંચ મહાવ્રતધારી મુનિ છે એ આમ કહે છે. હજાર વર્ષ પહેલા મુનિને માટે. મગજમાં આવી ગઈ વાત? હા, આવી ગઈ વાત. આહા..! એ મુનિ હતા, ધર્માત્મા હતા, ભગવાન હતા, ભગવાન થવાને નિકટ હતું હવે એને. આહાહા..! અરેરે..! એવા મુનિઓ માટે એમ કહે કે અગિયાર અંગના ભણતર હોય છે જ્ઞાનમાં માટે આવા જ્ઞાનવાળાને સમકિતી હતા એમ કેમ કહેવું? એમ કહે. કહ્યું હતું ને? ખબર છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ... ભગવાન! તારી મહાત્મ્યદશા તને નથી આવી, બાપુ! આહાહા..!

અહીં કહે છે, એ ‘કુંદકુંદાચાર્ય’ની શૈલી આમાં ઘણી આવી ગઈ છે. ભાઈએ પહેલું લખ્યું છે. ‘કુંદકુંદાચાર્ય’ની પદ્ધતિને ઘણાએ અપનાવી છે. પોતામાં એવું લખ્યું છે. ‘કુંદકુંદાચાર્ય’ની શૈલી (આવી છે). આમાં લખ્યું છે, પેલામાં લખ્યું છે. ‘**જો કોઈ નિકટ-સંસારી જીવ...**’ આહાહા..! ‘**શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉલટે...**’ શુદ્ધ ભગવાનઆત્મા પવિત્રનો પિંડ પ્રભુ, એની ભાવના નામ એકાગ્રતા. ભાવની ભાવના, ત્રિકાળ સ્વભાવભાવ એવો ભગવાન, એની ભાવના એટલે એકાગ્રતા. આહાહા..! એનાથી ‘**ઉલટે વિષય-કષાયોમેં જાતે હુએ મનકો વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**’ આહાહા..! શું કહે છે?

‘**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**’ આટલા વિશેષણ આપ્યા. આહાહા..! રાગરહિત વીતરાગી અભેદ સ્વસંવેદનજ્ઞાન. સ્વ એટલે પોતાનું પ્રત્યક્ષ જ્ઞાન. આહાહા..! બહારના વિકલ્પને રોકી અને ‘**મનકો વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**’ જુઓ, આ બળ! આત્માનો એ પુરુષાર્થ. આહાહા..! ક્રમે થાય એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? કહે છે. એ ક્રમે થાય એમાં જ આ પુરુષાર્થ આવ્યો. એમ કહે છે ને? ક્રમબદ્ધમાં ક્યાં પુરુષાર્થ રહ્યો? અરે..! ભગવાન! સાંભળને, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- પર્યાય તો ક્રમવર્તી જ હોય.

ઉત્તર :- ક્રમની વૃત્તિમાં પુરુષાર્થ રહ્યો છે. જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો એનો નિર્ણય જ્ઞાયક ઉપર જાય છે. એ જ્ઞાયકનો નિર્ણય કર્યો એને ક્રમબદ્ધ થાય તેનો જાણનાર

રહે છે. આહાહા..! આવી વાત બહુ પણ (કઠણ પડે).

**'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે...'** જોયું! શાસ્ત્રજ્ઞાન પણ નહિ, એમ કહ્યું ને? તેથી ઓલાને શાસ્ત્ર ના પાડીને પહેલી? શાસ્ત્ર નહિ અને શાસ્ત્રનું જ્ઞાન પણ નહિ. એ પરલક્ષીજ્ઞાન એ નહિ. આહાહા..! **'વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...'** આહાહા..! **'પીછે હટાકર...'** મનને પરથી હટાવીને પણ **'સ્વસંવેદનજ્ઞાનકે બલસે હટાકર...'** આહાહા..! પર તરફના વલણને સ્વ તરફના બળ દ્વારા રોકી દે, કહે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણો આવો માર્ગ. માર્ગ તો એવો છે, ભાઈ! જ્ઞાનમાં એનો પહેલો આ સ્વીકાર તો કરે. ભલે વિકલ્પથી કરે. વસ્તુ તો આ છે. એમાં પ્રતીત, જ્ઞાન અને ઠરવું એ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે. શાસ્ત્રજ્ઞાન કાઢી નાખ્યું, બીજું બધું કાઢી નાખ્યું, જોયું!

**'વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાન...'** આહાહા..! અરે..! આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામે છે. સમજાય છે કાંઈ? વસ્તુ તો પૂર્ણ સ્વભાવથી ભરેલી પડી જ છે. આહાહા..! જેમાં વર્તમાન એક સમયની પર્યાયનો પણ અભાવ છે. એનો પર્યાયમાં નિર્ણય કર. પર્યાયનો જેમાં અભાવ છે એનો પર્યાયમાં નિર્ણય કર. સમજાણું કાંઈ? આવું છે, બાપુ! આ હો-હા થાય એવી આ વાત નથી. માણસ જાજા ભરાણા અને હો.. હા... મોટા રથ કાઢ્યા, પાંચ લાખ ખર્ચ્યા, મંદિરો બનાવ્યા, માનસ્તંભ કર્યા. એ શું છે? ભાઈ!

મુમુક્ષુ :- ... છે.

ઉત્તર :- કોણે કર્યું છે? ભાવ હોય શુભ. બાકી થયું છે તો એનાથી ત્યાં. 'રામજીભાઈ'ની દેખરેખ નીચે થયું હતું આ બધું.

મુમુક્ષુ :- 'વજુભાઈ' હતા.

ઉત્તર :- 'વજુભાઈ' તો કારીગર... શું કહેવાય એ? એન્જિનિયર કહેવાય. આહાહા..! પ્રભુ! પ્રભુ! જેને વિકલ્પ ઉઠાવવો એ પણ નુકસાનકારક છે. આહાહા..!

એવો ભગવાન જ્ઞાનસ્વભાવમાં સ્વસંવેદનજ્ઞાનના બળથી. એમ કીધું ને? સ્વસંવેદન. સ્વ એટલે પોતાનું સંવેદન પ્રત્યક્ષ. એવા જ્ઞાનના બળથી. આહાહા..! **'પીછે હટાકર...'** મન અને રાગથી હટીને **'નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં સ્થાપન કરતા હૈ,...'** આહાહા..! ભગવાન નહિ પાછા. આ નિજ શુદ્ધાત્મ તેથી કહ્યું. પોતાનો જે શુદ્ધાત્મા ભગવાન પૂર્ણ એમાં સ્થાપન કર. **'વહી મોક્ષકો પાતા હૈ,...'** લ્યો! એ જ મોક્ષને પામે છે. પણ માણસ એમ કહે છે કે અત્યારે મોક્ષ નથી અને આવડી મોટી વાતું! પણ સાંભળને, ભગવાન! મોક્ષને માટે મોક્ષની તૈયારી થઈ ગઈ છે. થવાની તૈયારી છે, મોક્ષની સન્મુખ જ છે. સમજાણું કાંઈ? એકાદ ભવ હોય. ધર્મશાળામાં જેમ માણસ રોકાય. સવાર પડે તો ધર્મશાળા છોડીને રસ્તો કાપે. આહાહા..! મોક્ષને માર્ગે જ છો, પ્રભુ! તારું સ્વરૂપ જ મોક્ષ છે. એની દૃષ્ટિ-પ્રતીતિ મોક્ષનો માર્ગ છે. એ પર્યાયના મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? શક્તિરૂપ તો મોક્ષ ત્રિકાળ છે. એટલે સ્વભાવના સત્ત્વ સ્વભાવરૂપ જે છે એ તો મોક્ષ જ છે, મુક્ત જ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ..

ઉત્તર :- અબદ્ધસ્વરૂપ જ છે એ તો. એવા અબદ્ધસ્પૃષ્ટને અનુભવમાં લેવો એનું નામ જૈનશાસન છે. આહાહા..! શું થાય? ભાઈ! ચૌર્યાસીના અવતારમાં રખડતા (અનંત કાળ ગયો). આવો માર્ગ છે. 'નિયમસાર'માં તો કહ્યું છે કે એવા માર્ગને કોઈ નિંદે, લ્યો, આ તો નિશ્ચયાભાસી છે, નિશ્ચયવાળા. વ્યવહાર તો જાણે કાંઈ છે જ નહિ. એવા નિંદે તો એની સામું જોઈશ નહિ, અભક્તિ નહિ કરીશ. અરે..રે..! આવો માર્ગ છે અને આ લોકો નિંદે! એ તો કરે એમ, ભાઈ! તું વીતરાગસ્વભાવ પ્રત્યે અભક્તિ ન કરીશ. આહાહા..! 'એકલો જાને રે...' આવે છે ને કાંઈક? નહિ? 'એકલો જાને...' ઓલામાં આવે છે, લૌકિક માણસમાં.

મુમુક્ષુ :- 'રવિન્દ્રનાથ ટાગોર'માં આવે છે.

ઉત્તર :- 'રવિન્દ્રનાથ ટાગોર'માં આવે છે ને? એકલો જા. અહીં એકલો જા એકલો. એ રાગની દ્વૈતતા છોડી દઈ... આહાહા..! એકલો ભગવાન નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન, એમાં ઠર. આહાહા..! બીજે ક્યાંય શાંતિ નથી.

'**વહી મોક્ષકો પાતા હૈ, દૂસરા કોઈ મંત્ર-તંત્રાદિ ચતુર હોને પર ભી...**' લ્યો, ઠીક! તંત્ર-મંત્રનો ખુલાસો કર્યો. કોઈ મંત્રમાં હોંશિયાર, તંત્રમાં હોંશિયાર, સમજ્યા ને? વકીલાતમાં હોંશિયાર એ તો કાંઈ ઠેકાણા વિનાનું. આ તો ધર્મના નામના મંત્ર અને તંત્ર. આહાહા..! '**કોઈ મંત્ર-તંત્રાદિ ચતુર હોને પર ભી મોક્ષ નહીં પાતા.**' આહાહા..! મોક્ષનો માર્ગ તો આ એક છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એ પહેલો અધિકાર પૂરો થયો.

'**ઈસ તરહ પરમાત્મપ્રકાશકી ટીકામેં તીન ક્ષેપકોંકે સિવાય...**' ત્રણ ક્ષેપક. ત્રણ ગાથા વધારાની. '**એકસૌ તેઈસ દોહા-સૂત્રોંમેં બહિરાત્મા અંતરાત્મારૂપ પરમાત્મારૂપ તીન પ્રકારસે આત્માકો કહનેવાલા પહલા મહાઅધિકાર પૂર્ણ કિયા.**' પહેલો અધિકાર પૂરો થયો. બીજો અધિકાર. આહાહા..!

---

# द्वितीय–महाधिकारः।

**अत ऊर्ध्वं स्थलसंख्याबहिर्भूतान् प्रक्षेपकान् विहाय चतुर्दशाधिकशतद्वय प्रमितैर्दोहकसूत्रैर्मोक्षमोक्षफलमोक्षमार्गप्रतिपादनमुख्यत्वेन द्वितीयमहाधिकारः प्रारभ्यते। तत्रादौ सूत्रदशकपर्यन्तं मोक्षमुख्यतया व्याख्यानं करोति। तद्यथा –**

**१२७) सिरिगुरु अक्खहि मोक्खु महु मोक्खहँ कारणु तत्थु।**
**मोक्खहँ केरउ अण्णु फलु जें जाणउँ परमत्थु।।१।।**

**श्रीगुरो आख्याहि मोक्षं मम मोक्षस्य कारणं तथ्यम्।**
**मोक्षस्य संबन्धि अन्यत् फलं येन जानामि परमार्थम्।।१।।**

**सिरिगुरु इत्यादि। सिरिगुरु हे श्रीगुरो योगीन्द्रदेव अक्खहि कथय मोक्खु मोक्षं महु मम, न केवलं मोक्षं मोक्खहं कारणु मोक्षस्य कारणम्। कथंभूतम्। तत्थु तथ्यम् मोक्खहं केरउ मोक्षस्य संबन्धि अण्णु अन्यत्। किम्। फलु फलम्। एतत्त्रयेन ज्ञातेन किं भवति। जें जाणउं येन त्रयस्य**

व्याख्यानेन जानाम्यहं कर्ता। कम्। परमत्थु परमार्थमिति। तद्यथा। प्रभाकरभट्टः श्रीयोगीन्द्रदेवान् विज्ञाप्य मोक्षं मोक्षफलं मोक्षकारणमिति त्रयं पृच्छतीति भावार्थः।।१।।

## द्वितीय महाधिकार

इसके बाद प्रकरणको संख्याके बाहर अर्थात् क्षेपकोंके सिवाय दोसौ चौदह दोहा-सूत्रोंसे मोक्ष, मोक्ष-फल और मोक्ष-मार्गके कथनकी मुख्यतासे दूसरा महा अधिकार आरंभ करते हैं। उसमें भी पहले दस दोहों तक मोक्षकी मुख्यतासे व्याख्यान करते हैं –

### गाथा – १

अन्वयार्थ :– [ श्रीगुरो ] हे श्रीगुरु, [ मम ] मुझे [ मोक्षं ] मोक्ष [ तथ्यम् मोक्षस्य कारणं ] सत्यार्थ मोक्षका कारण, [ अन्यत् ] और [ मोक्षस्य संबंधि ] मोक्षका [ फलं ] फल [ आख्याहि ] कृपाकर कहो [ येन ] जिससे कि मैं [ परमार्थं ] परमार्थको [ जानामि ] जानूँ।।

भावार्थ :– प्रभाकरभट्ट श्री योगीन्द्रदेवसे बिनती करके मोक्ष, मोक्षका कारण और मोक्षका फल इन तीनोंको पूँछते हैं।।१।।

## દ્વિતીય મહાધિકાર

ત્યાર પછી સ્થળ સંખ્યાથી બહિર્ભૂત (પ્રકરણની સંખ્યાથી બહાર) પ્રક્ષેપકોને છોડીને બસો ચૌદ દોહકસૂત્રોથી મોક્ષ, મોક્ષફળ અને મોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી બીજો મહાધિકાર શરૂ કરવામાં આવે છે :

તેમાં પણ પહેલાં દસ દોહકસૂત્રો સુધી મોક્ષની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :

ભાવાર્થ : પ્રભાકરભટ્ટ શ્રી યોગીન્દ્રદેવને વિનંતી કરીને મોક્ષ, મોક્ષફળ અને મોક્ષનું કારણ એ ત્રણને પૂછે છે. ૧.

## ગાથા-૧ ઉપર પ્રવચન

**'દૂસરા દોહા અધિકાર આરંભ કરતે હૈં. ઉસમેં ભી પહલે દસ દોહોં તક મોક્ષકી મુખ્યતાસે વ્યાખ્યાન કરતે હૈં.'** પ્રભાકર ભટ્ટ શિષ્ય, ગુરુને પૂછે છે. પ્રભુ! મને મોક્ષ અને મોક્ષનું ફળ અને મોક્ષનું કારણ બતાવો. આહાહા..! જુઓ! એમ કાંઈ પૂછયું નથી કે ફલાણું કરો અને શાસ્ત્ર જાણવા. મોક્ષ, મોક્ષનું ફળ અને મોક્ષનું કારણ. ત્રણ એક વાત શિષ્યે પૂછી.

**१२७) सिरिगुरु अक्खहि मोक्खु महु मोक्खहँ कारणु तत्थु।**
**मोक्खहँ केरउ अण्णु फलु जें जाणउँ परमत्थु।।१।।**

**અન્વયાર્થ :-** '**હે શ્રીગુરુ, મુજે મોક્ષ સત્યાર્થ મોક્ષકા કારણ,...**' જુઓને '**तथ्यम्** ' છે ને? '**तथ्यम्**' એટલે કે ઓલું આવે છે ને? સત્યાર્થ તે મોક્ષમાર્ગ. 'છ ઢાળા'માં. બીજું અસત્યાર્થ છે, બીજું અસત્યાર્થ છે. તો અહીં તો સત્યાર્થ પૂછ્યું છે. જોયું! '**तथ्य**' છે ને? '**સત્યાર્થ મોક્ષકા કારણ, ઔર મોક્ષકા ફલ...**' આહાહા..! '**કૃપાકર કહો...**' '**आख्याहि**' '**જિસસે કિ મૈં પરમાર્થકો જાનૂ.**' આહાહા..! પ્રભુ! મને મોક્ષ બતાવો ને. આહાહા..! મોક્ષનો માર્ગ કહો ને, ભાઈ!

**ભાવાર્થ :-** '**પ્રભાકરભટ્ટ શ્રી યોગીંદ્રદેવસે બિનંતી કરકે,...**' વિનંતી કરે છે. પ્રાર્થના કરે છે. '**મોક્ષ, મોક્ષકા કારણ ઔર મોક્ષકા ફલ ઈન તીનોંકો પૂછતે હૈં.**' લ્યો! એનો ઉત્તર આપશે.... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ तदेव त्रयं क्रमेण भगवान् कथयति –

**१२८) जोइय मोक्खु वि मोक्ख-फलु पुच्छिउ मोक्खहँ हेउ।**
**सो जिण-भासिउ णिसुणि तुहुँ जेण वियाणहि भेउ।।२।।**

**योगिन् मोक्षोऽपि मोक्षफलं पृष्टं मोक्षस्य हेतुः।**
**तत् जिनभाषितं निशृणु त्वं येन विजानासि भेदम्।।२।।**

**जोइय इत्यादि। जोइय हे योगिन् मोक्खु वि मोक्षोऽपि मोक्ख-फलु मोक्षफलं पुच्छिउ पृष्टं त्वया कर्तृभूतेन। पुनरपि कः पुष्टः। मोक्खहं हेउ मोक्षस्य हेतुः कारणम्। तत् जिण-भासिउ जिनभाषितं णिसुणि निश्चयेन शृणु समाकर्णय तुहुं त्वं जेण येन त्रयेण ज्ञानेन वियाणहि भेउ विजानासि भेदं त्रयाणां सम्बन्धिनमिति। अयमत्र तात्पर्यार्थः। श्रीयोगीन्द्रदेवाः कथयन्ति हे प्रभाकरभट्ट शुद्धात्मोपलम्भलक्षणं मोक्षं केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपं मोक्षफलं भेदाभेदरत्नत्रयात्मकं मोक्षमार्गं च क्रमेण प्रतिपादयाम्यहं त्वं शृण्विति।।२।।**

---

**अब श्रीगुरु उन्हीं तीनोंको क्रमसे कहते हैं –**

**गाथा – २**

**अन्वयार्थ :– [ योगिन् ] हे योगी, तूने [ मोक्षोऽपि ] मोक्ष और [ मोक्षफलं ] मोक्षका फल तथा [ मोक्षस्य ] मोक्षका [ हेतुः ] कारण [ पुष्टं ] पूँछा, [ तत् ] उसको [ जिनभाषितं ] जिनेश्वरदेवके कहे प्रमाण [ त्वं ] तू [ निशृणु ] निश्चयकर सुन, [ येन ] जिससे कि [ भेदम् ] भेद [ विजानासि ] अच्छीतरह जान जावे।।**

**भावार्थ :– श्रोयोगीन्द्रदेव गुरु, शिष्यसे कहते हैं कि हे प्रभाकरभट्ट; योगी शुद्धात्माकी प्राप्तिरूप मोक्ष, केवलज्ञानादि अनंतचतुष्टयका प्रगटपना स्वरूप मोक्ष-फल, और निश्चय**

व्यवहाररत्नत्रयरूप मोक्षका मार्ग, इन तीनोंको क्रमसे जिनआज्ञाप्रमाण तुझको कहूँगा। उनको तू अच्छी तरह चित्तमें धारण कर, जिससे सब भेद मालूम हो जावेगा।।२।।

**ભગવાન શ્રી ગુરુ એ ત્રણેયનું કથન ક્રમપૂર્વક કહે છે :-**

**ભાવાર્થ : શ્રી યોગીન્દ્રદેવ કહે છે કે હે પ્રભાકરભટ્ટ ! હું શુદ્ધ આત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવા મોક્ષને, કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યક્તિરૂપ મોક્ષફળને અને ભેદાભેદરત્નત્રયાત્મક મોક્ષમાર્ગને ક્રમપૂર્વક (જિન-આજ્ઞા પ્રમાણે) તને કહું છું, તેને તું (બરાબર) સાંભળ. ૨.**

## વીર સંવત ૨૫૦૨, આસો સુદ ૧૨, સોમવાર
## તા. ૦૪-૧૦-૧૯૭૬, ગાથા-૨, ૩, પ્રવચન નં. ૯૫

'પરમાત્મપ્રકાશ'. શાસ્ત્રનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. ખરેખર તો આ આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. એનો પ્રકાશ કર્યો છે. એ પ્રગટ કેમ થાય? અને એના ફળ તરીકે શું થાય? એનું આ વર્ણન છે. શિષ્યે પ્રશ્ન કર્યો. પહેલી ગાથામાં કર્યો ને? ગુરુને શિષ્યે પ્રશ્ન કર્યો કે પ્રભુ! મને મોક્ષ બતાવો. મોક્ષ શું ચીજ છે? અને સત્યાર્થ મોક્ષનું કારણ (શું છે)? પૂછ્યું છે તો આમ, હોં! તથ્ય. જવાબ આપશે વ્યવહારરત્નત્રય અને નિશ્ચય બેય ભેગું આપશે. સત્યાર્થ મોક્ષનું કારણ શું છે? અને મોક્ષ શું છે? અને મોક્ષના ફળ કૃપા કરીને કહો, કે જેથી પરમાર્થના ભેદને હું જાણું. એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર.

ટીકામાં તો એમ કહ્યું છે કે '**क्रमेण भगवान् कथयति**' ગુરુ-'યોગીન્દ્રદેવ' ગુરુ છે, નિર્ગ્રંથ મુનિ દિગંબર સંત વનવાસમાં રહેતા હતા. એને અહીંયાં ટીકાકાર બ્રહ્મદેવ એમ કહે છે કે એ પ્રશ્નનો ઉત્તર ભગવાન એટલે ગુરુ કહે છે. ભગવાન કહે છે એમ કહે છે. પાઠ છે ને? '**क्रमेण भगवान् कथयति**' આહાહા..! સમજાય છે કાંઈ? એ બીજી ગાથાની ઉપર. ભગવાન છે આ. જેને અતીન્દ્રિય આનંદ ત્રણ કષાય રહિત પ્રગટ થયો છે એ મુનિપણું એને કેવું કહેવું. આહાહા...! જે અતીન્દ્રિય આનંદની લહેરમાં રમતા હોય છે. એવા ગુરુ શિષ્યે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપે છે. એમ કહે છે. બીજી ગાથા.

**१२८) जोइय मोक्खु वि मोक्ख-फलु पुच्छिउ मोक्खहँ हेउ।**
**सो जिण-भासिउ णिसुणि तुहुँ जेण वियाणहि भेउ।।२।।**

**અન્વયાર્થ :-** '**હે યોગી,...**' શિષ્ય પણ આત્મજ્ઞાની છે. આત્મા જે આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં જેની વર્તમાન પર્યાય જોડાણી છે. વર્તમાન જે દશા એ

ત્રિકાળી જ્ઞાયકભાવ તરફમાં ઝુકી ગઈ છે. એને અહીંયાં યોગી કહેવામાં આવે છે. ઓલા અન્યમતના બાવા એ યોગી નહિ, હોં! આ તો આત્મા જ્ઞાયક ચૈતન્ય ભગવાનસ્વરૂપ અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન, એવા અતીન્દ્રિય આનંદમાં જેની વર્તમાન દશા જોડી છે, યોગ કર્યો છે જેણે, એને અહીંયાં યોગી કહેવામાં આવે છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પણ એક અપેક્ષાએ યોગી છે. મુનિ પરમયોગી છે. સમજાય છે કાંઈ?

'**શ્રીગુરુ ઉન્હીં તીનોંકો ક્રમસે કહતે હૈં.**' '**હે યોગી, તૂને મોક્ષ ઔર મોક્ષકા ફલ...**' એવો પ્રશ્ન તે કર્યો અને '**મોક્ષકા કારણ...**' પૂછ્યું છે તો તથ્ય. ઉત્તરમાં એટલું છે કે મોક્ષનું કારણ જે તે પૂછ્યું '**ઉસકો જિનેશ્વરદેવકે કહે પ્રમાણ...**' ગુરુ કહે છે કે જિનેશ્વર સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ, એ વીતરાગ ચૈતન્યજ્યોતિ જેને પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે, સર્વજ્ઞ સ્વભાવ જેનો પ્રગટ થઈ ગયો છે, એવા જિનેશ્વરદેવે મોક્ષ, મોક્ષનું કારણ અને મોક્ષનું ફળ એ જિનેશ્વરદેવે કહ્યું તે હું તને કહીશ. એમ કહે છે. સમજાય છે કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એમણે જે મોક્ષ (કહ્યો તે). અજ્ઞાનીઓ મોક્ષ કહે છે એને કાંઈ ખબર નથી મોક્ષ એટલે શું? પણ ભગવાન સર્વજ્ઞદેવે જે મોક્ષ કહ્યો અને મોક્ષનું ફળ કહ્યું અને મોક્ષનું કારણ કહ્યું. મોક્ષ, મોક્ષનું કારણ અને મોક્ષનું ફળ. આ ત્રણ પૂછયું છે એનો ગુરુ કહે છે કે હું તને જિનભાષિત વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે કહેલો માર્ગ તેને હું તને '**निशृणु**' '**शृणु**' શબ્દ નથી લીધો. '**निशृणु**' બરાબર સાંભળો. નિશ્ચયથી સાંભળો એમ કહે છે. સાંભળ્યું છે અનંતવાર. આ તો સાંભળ અને જેનાથી પરિણમન થાય એ રીતે સાંભળ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**निशृणु**' '**નિશ્ચયકર સુન,...**' આહાહા..! તેં કદી મોક્ષ અને મોક્ષના ફળના કારણને નિશ્ચયથી યથાર્થપણે સાંભળ્યું નથી. ભગવાન આચાર્ય કહે છે કે હું તને કહું છું એ નિશ્ચયથી સાંભળ. આહાહા..! એટલે કે સાંભળનારને એનું પરિણમન જ થાય એ રીતે સાંભળ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**જિસસે કિ ભેદ અચ્છી તરહ જાન જાવે.**' મોક્ષનું શું સ્વરૂપ? મોક્ષનું કારણ, મોક્ષનો માર્ગ શું? અને મોક્ષનું ફળ શું? એ તને બરાબર '**विजानासि**' વિશેષે જાણી. એમ શબ્દ છે ને? બરાબર તને જાણવામાં આવશે એ રીતે હું તને કહીશ, એમ કહે છે. આહાહા..! લ્યો, આ તો પહેલેથી પ્રશ્ન ઉઠાવ્યો છે આ. આહાહા..!

**ભાવાર્થ :-** '**શ્રી યોગીન્દ્રદેવ ગુરુ,...**' દિગંબર મુનિ થયા છે. '**શિષ્યસે કહતે હૈં કિ હે પ્રભાકરભટ્ટ; યોગી શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ મોક્ષ,...**' એટલે મોક્ષ શું એ પણ સાથે કહ્યું. ભગવાનઆત્મા શુદ્ધ પવિત્ર આનંદસ્વરૂપે છે. એની પર્યાયમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. સમજાય છે કાંઈ? નહિતર મોક્ષ તો દુઃખથી મુક્ત થવું એવો ધ્વનિ ઉઠે. દુઃખથી અત્યંતિક રહિત થવું. પણ એ નાસ્તિથી ન કહેતા શુદ્ધાત્માની પ્રાપ્તિ થવી તે મોક્ષ. શુદ્ધ ભગવાનઆત્મા પવિત્ર પિંડ છે આ દેહમાં. ભગવાનસ્વરૂપ જ આત્મા છે અંદર. આહાહા..! એવા આત્માની પર્યાયમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. સમજાય છે કાંઈ?

**'કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયકા પ્રગટપના સ્વરૂપ મોક્ષ-ફલ,...'** હવે એ મોક્ષનું ફળ શું? કે અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવા અનંતચતુષ્ટય જે શક્તિરૂપે હતા, ભગવાનઆત્મામાં તો શક્તિરૂપે તો હતા એ પ્રગટરૂપે પરિણમે એ મોક્ષનું ફળ. આહાહા..! **'અનંતચતુષ્ટયકા પ્રગટપના સ્વરૂપ મોક્ષ-ફલ,...'** બે. મોક્ષ અને મોક્ષનું ફળ. **'ઔર નિશ્ચય વ્યવહારરત્નત્રયરૂપ મોક્ષકા માર્ગ,...'** શિષ્યે પૂછયું હતું તો એ કે મોક્ષનો તથ્ય માર્ગ-સત્ય માર્ગ શું એ કહો. પણ ગુરુ એના ઉત્તરમાં નિશ્ચય અને વ્યવહાર બેય કહે છે. સમજાય છે કાંઈ? વ્યવહાર ઉપચાર છે, નિશ્ચય સત્યાર્થ છે. નિશ્ચય મોક્ષમાર્ગ એ સત્યાર્થ છે અને વ્યવહાર તે ઉપચાર-આરોપિત છે. એ બેય વાત હું તને કરીશ. શિષ્યે તો એમ પૂછયું હતું તથ્ય મોક્ષ કારણં. પણ વ્યવહાર સાંભળે છે એને એવું છે ખરું ને? અંદર એ શ્રદ્ધા થાય છે. એટલે કે તને નિશ્ચય એટલે અભેદ, અભેદરત્નત્રય. સંસ્કૃતમાં અભેદ છે. અર્થમાં નિશ્ચય કર્યું છે. ભગવાનઆત્મા આનંદમૂર્તિ પ્રભુ એની અંતરમાં અભેદ, અનુભવમાં અભેદપણું પ્રગટ કરવું એનું નામ નિશ્ચયરત્નત્રય કહેવામાં આવે છે. અરે..રે..! ભાષા પણ આવી. ઓલું તો એવું હતું કે આ દયા પાળવી, વ્રત કરવા અને અપવાસ કરવા એવું સહેલુંસટ હતું. લ્યો! રખડવાનું હતું એ તો. એ તો બધી રાગની ક્રિયા અને એનું અભિમાન એ તો મિથ્યાત્વ હતું. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો સમ્યગ્દર્શન સહિત મોક્ષમાર્ગની દશા નિશ્ચય અભેદરત્નત્રય પૂર્ણાનંદના નાથની અંતર અનુભવસહિતની પ્રતીતિ, પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે એનું જ્ઞાન અને એમાં રમણતા એ અભેદ રત્નત્રય, નિશ્ચય રત્નત્રય, સત્યાર્થ રત્નત્રય કહેવામાં આવે છે. કહો, 'ભગવાનજીભાઈ'! આ રત્ન આવ્યા. આહાહા..! ઓલા ધૂળના રતન રાખે છે ને? એ કહેશે, હમણા આગળ કહેશે. એ પુણ્યની વાત હમણા આવશે. આહાહા..!

**'ઈન તીનોંકો ક્રમસે...'** મોક્ષ એટલે શુદ્ધ આત્મા પવિત્ર ભગવાનઆત્મા એની પર્યાયમાં પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. મોક્ષફળ-પર્યાયમાં અનંતજ્ઞાન, અનંતઆનંદનું પ્રગટ થવું એ મોક્ષનું ફળ. અને મોક્ષનું કારણ સ્વભાવ ચૈતન્યમૂર્તિની નિશ્ચય અભેદ રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય મોક્ષમાર્ગ. સાથે વિકલ્પ હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની, ભગવાન પરમાત્માની શ્રદ્ધા આદિનો વિકલ્પ (હોય છે) એને વ્યવહાર (કહે છે). છે તો બંધનું કારણ પણ એને વ્યવહારથી, ઉપચારથી મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહાહા..!

એ **'જિનઆજ્ઞાપ્રમાણ તુજકો કહુંગા.'** ગુરુ એમ કહે છે. પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવે જે મોક્ષ, એનું ફળ, એનું કારણ ત્રણ થયા ને? એ જિનેશ્વરે કહ્યું તે પ્રમાણે કહીશ તને. જુઓ, છે? **'જિનઆજ્ઞાપ્રમાણ તુજકો કહુંગા. ઉનકો તું અચ્છી તરહ ચિત્તમેં ધારણ કર,...'** **'विजानासि'** શબ્દ છે ને? એ **'विजानासि'**નો અર્થ કર્યો. **'विजानासि'**માં એ કર્યું **'અચ્છી તરહ જાન...'** શબ્દાર્થમાં. **'અચ્છીતરહ ચિત્તમેં ધારણ કર,...'** જેમ હું કહું એમ બરાબર ધારણ કર. આહાહા..! મોક્ષ કોને કહીએ? મોક્ષનું ફળ કોને કહીએ? અને

કારણ કોને કહીએ? એ બરાબર જાણ તું. આહાહા..! અનંતકાળમાં જાણ્યું નથી એ રીતે જાણ. આહાહા..! એમ શિષ્ય ગુરુને કહે છે. '**चित्तमें धारण कर, जिससे सब भेद मालूम हो जावेगा.**' પાઠ એવો છે ને? ભેદ છે ને પાઠમાં? બીજી ગાથામાં. '**वियाणहि भेउ**' એમ છે. બીજી ગાથાનો છેલ્લો શબ્દ છે. બધા ભેદો તારા જ્ઞાનમાં-ખ્યાલમાં આવી જાય. મોક્ષ કોને કહેવું, મોક્ષનું કારણ કોને કહેવું, ફળ એટલે ભેદ જેમ છે તેમ તેના ખ્યાલમાં આવી જાય. એ રીતે હું તને કહીશ. આહાહા..! '**सब भेद मालुम हो जावे.**' બે.

---

**अथ धर्मार्थकाममोक्षाणां मध्ये सुखकारणत्वान्मोक्ष एवोत्तम इति अभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति –**

**१२९) धम्मह अत्थहँ कामहँ वि एयहँ सयलहँ मोक्खु।**
**उत्तमु पभणहिँ णाणि जिय अण्णेँ जेण ण सोक्खु।।३।।**

**धर्मस्य अर्थस्य कामस्यापि एतेषां सकलानां मोक्षम्।**
**उत्तमं प्रभणन्ति ज्ञानिनः जीव अन्येन येन न सौख्यम्।।३।।**

**धम्महं इत्यादि। धम्महं धर्मस्य धर्माद्वा अत्थहं अर्थस्य अर्थाद्वा कामहं वि कामस्यापि कामाद्वा एयहं सयलहं एतेषां सकलानां संबन्धित्वेन एतेभ्यो वा सकाशात् मोक्खु मोक्षं उत्तमु पभणहिं उत्तमं विशिष्टं प्रभणन्ति। के कथयन्ति। णाणि ज्ञानिनः। जिय हे जीव। कस्मादुत्तमं प्रभणन्ति मोक्षम्। अण्णें अन्येन धर्मार्थकामादिना जेण येन कारणेन ण सोक्खु नास्ति परमसुखम् इति। तद्यथा–धर्मशब्देनात्र पुण्यं कथ्यते अर्थशब्देन तु पुण्यफलभूतार्थो राज्यादि विभूतिविशेषः, कामशब्देन तु तस्यैव राज्यस्य मुख्यफलभूतः स्त्रीवस्त्रगंध माल्यादिसंभोगः। एतेभ्यस्त्रिभ्यः सकाशान्मोक्षमुत्तमं कथयन्ति। के ते। वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानिनः। कस्मात्। आकुलत्वोत्पादकेन वीतरागपरमानन्दसुखामृतरसास्वादविपरीतेन धर्मार्थकामादिना मोक्षादन्येन येन कारणेन सुखं नास्तीति भावार्थः।।३।।**

---

**अब धर्म, अर्थ, काम और मोक्ष इन चारोंमें सुखका मूलकारण मोक्ष ही सबसे उत्तम है, ऐसा अभिप्राय मनमें रखकर इस गाथा–सूत्रको कहते हैं –**

**गाथा – ३**

**अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ धर्मस्य ] धर्म, [ अर्थस्य ] अर्थ [ कामस्य अपि ] और काम [ एतेषां सकलानां ] इन सब पुरुषर्थोंमेंसे [ मोक्षम् उत्तमं ] मोक्षको उत्तम [ ज्ञानिनः ] ज्ञानी पुरुष [ प्रभणंति ] कहते हैं, [ येन ] क्योंकि [ अन्येन अन्य धर्म, अर्थ, कामादि पदार्थोंमें [ सौख्यम् ] परमसुख न नहीं है।**

**भावार्थ :– धर्म शब्दसे यहाँ पुण्य समझना, अर्थ शब्दसे पुण्यका फल राज्य वगैरह संपदा जानना, और काम शब्दसे उस राज्यका मुख्यफल स्त्री, कपड़े, सुगंधितमाला आदि वस्तुरूप भोग जानना। इन तीनोंसे परमसुख नहीं हैं, क्लेशरूप दुःख ही है, इसलिये इन सबसे उत्तम मोक्षको ही वीतरागसर्वज्ञदेव कहते हैं, क्योंकि मोक्षसे जुदा जो धर्म, अर्थ, काम हैं, वे आकुलताके उत्पन्न करनेवाले हैं, तथा वीतराग, परमानन्दसुखरूप अमृतरसके आस्वादसे विपरीत हैं, इसलिये सुखके करनेवाले नहीं हैं, ऐसा जानना।।३।।**

---

**હવે ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંથી મોક્ષ જ સુખનું કારણ હોવાથી ઉત્તમ છે એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છે :**

**ભાવાર્થ : અત્રે 'ધર્મ' શબ્દથી પુણ્ય સમજવું, 'અર્થ' શબ્દથી પુણ્યના ફળરૂપ રાજ્યાદિ વિભૂતિ વિશેષ સંપદા સમજવી અને 'કામ' શબ્દથી તે રાજ્યના મુખ્ય ફળરૂપ સ્ત્રી, વસ્ત્ર, ગંધ, માળા આદિનો ભોગ સમજવો. આ ત્રણ કરતાં મોક્ષ ઉત્તમ છે, એમ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનવાળા જ્ઞાનીઓ કહે છે. કારણ કે આકુળતાના ઉત્પાદક, વીતરાગ-પરમાનંદરૂપ સુખામૃતરસના આસ્વાદથી વિપરીત અને મોક્ષથી અન્ય એવા ધર્મ, અર્થ અને કામથી સુખ થતું નથી. ૩.**

---

## ગાથા-૩ ઉપર પ્રવચન

ત્રીજી ગાથા.

'**અબ ધર્મ,...**' ધર્મ એટલે પુણ્ય. આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ બધું પુણ્ય છે. ધર્મ નહિ. ધર્મ એટલે વ્યવહારધર્મ એટલે પુણ્ય. આહાહા..! '**અર્થ,...**' એટલે પૈસા આ ધૂળ. પુદ્ગલ કહો કે પૈસા કહો, ધૂળ કહો. પૈસા શું છે? પુદ્ગલ છે કે આત્મા? પુદ્ગલાસ્તિકાયમાં છે એ તો પુદ્ગલ અજીવમાં જાય છે. અર્થ એટલે પૈસો અને '**કામ,...**' એટલે ભોગ. વિષયાદિના સાધનો. અને ચોથું '**મોક્ષ...**' ચાર બોલ કર્યા. પુણ્ય, લક્ષ્મી, ભોગ અને મોક્ષ. એ ચાર. '**ઈન ચારોંમેં સુખકા મૂલકારણ મોક્ષ હી સબસે ઉત્તમ હૈ,...**' પુણ્ય એ મોક્ષ સુખનું કારણ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પરમ સુખ નથી એટલે બીજામાં થોડુંક છે.

ઉત્તર :- એ સુખ જરીએ નથી, ધૂળેય નથી. એ આગળ કહેશે હજી. હમણાં આવશે. ત્રણે પરમ સુખ નથી. પરમ સુખ એટલે આત્માનું સુખ એમાં નથી. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી. દુઃખ છે. પૈસાના લક્ષમાં દુઃખ છે, ભોગના ભાવમાં દુઃખ છે.

પુણ્ય પોતે દુઃખ છે. આહાહા..! આકુળતા કહેશે. એ દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઊઠે છે ને એ વિકલ્પ છે, રાગ છે, એ દુઃખ છે, આકુળતા છે. ભગવાન અનાકુળ સ્વરૂપમાં એ વિઘ્ન કરનાર છે. આહાહા..! એ કહેશે.

**'ચારોંમેં સુખકા મૂલકારણ મોક્ષ હી સબસે ઉત્તમ હૈ, ઐસા અભિપ્રાય મનમેં રખકર ઈસ ગાથા-સૂત્રકો કહતે હૈં -'** લ્યો! ત્રીજી. આહાહા..!

**१२९) धम्मह अत्थहँ कामहँ वि एयहँ सयलहँ मोक्खु।**
**उत्तमु पभणहिं णाणि जिय अण्णें जेण ण सोक्खु।।३।।**

જ્ઞાની એમાં ઉત્તમ એને કહે છે. એમ કહે છે.

**અન્વયાર્થ :- 'હે જીવ, ધર્મ,...'** નામ પુણ્ય. પુણ્યમાં સુખ નથી. **'અર્થ,...'**માં સુખ નથી. અર્થ એટલે પૈસો. કામમાં સુખ નથી. સ્ત્રી આદિના, સુગંધી આદિના સાધનોનો ભોગ, એ સુખ નથી. આહાહા..! **'एतेषां सकलानां' 'ઈન સબ પુરુષાર્થોંમેંસે મોક્ષકો ઉત્તમ જ્ઞાની પુરુષ કહતે હૈં,...'** લ્યો! પરમાત્મા સર્વજ્ઞદેવ સંતો મોક્ષમાં સુખ છે, એમ કહે છે. બીજે ક્યાંય સુખ છે નહિ. પૈસામાં-ધૂળમાં સુખ નથી, એમ કહે છે. એય..! 'પોપટભાઈ'! આ દુનિયા તમને બધાને સુખી કહે. 'ભગવાનદાસ' મોટા પૈસાવાળા અને બહુ સુખી લોકો કહે, લ્યો! 'ભગવાનદાસ શોભાલાલ'. ઘરે ૬૦-૬૦ મોટરું. બુંદેલખંડના મોટા બાદશાહ!

મુમુક્ષુ :- તબિયત નરમ થાય ત્યારે...

ઉત્તર :- એં..એં.. કરે. એ રાત્રે સૂવે છે એમાં ઘણા સાધન રાખે છે. ત્યાં ઉતર્યા હતા એના મકાનમાં છ લાખનું તો મકાન છે એને રહેવાનું. છ લાખ રૂપિયાનું. એવા મકાન તો બીજા ઘણા છે. ગામમાં ૨૫-૫૦. કોઈ પાંચ લાખના, કોઈ એક લાખના, બે લાખના. ઘણા મકાનો. મોટો બાદશાહ છે. એ તો અહીં નરમ લાગે. છે નરમ બિચારો. નરમ દિલ. મોટો બાદશાહ. એક કરોડ નહિ પણ ઘણા કરોડો. વૈભવ ઘણો. દુનિયા સુખી કહે. દુનિયા ધૂળેય નથી, સાંભળને! સુખ તે આત્મામાં છે કે સુખ તે બહારમાં છે? આહાહા..! એ અહીં કહે છે.

**'एतेषां सकलानां'** પુણ્ય, લક્ષ્મી અને કામ ભોગ **'ઈન સબ પુરુષાર્થોમેંસે મોક્ષકો ઉત્તમ જ્ઞાની પુરુષ કહતે હૈં, ક્યોંકિ અન્ય ધર્મ, અર્થ, કામાદિ પદાર્થોમેં પરમસુખ નહીં હૈ.'** એ તો પછી અર્થ કર્યો. પણ સુખ નહિ, પાઠમાં તો એટલું જ છે. ત્રણેયમાં સુખ નથી. આહાહા..!

**ભાવાર્થ :- 'ધર્મ શબ્દસે યહાં પુણ્ય સમજના,...'** છે ને? સંસ્કૃતમાં છે. **'धर्मशब्देनात्र पुण्यं कथ्यते'** છેલ્લો શબ્દ છે. ટીકાની છેલ્લી લીટી. **'धर्मशब्देनात्र पुण्यं कथ्यते'** પુણ્યને અહીંયાં ધર્મ વ્યવહારે કહેવામાં આવે છે. ભાષા. નિશ્ચયધર્મનો આરોપ કરીને પુણ્યને વ્યવહારધર્મ કહે છે. છે એ પુણ્ય. શુભભાવ. સમજાણું કાંઈ? આ દુનિયા કહે છે ને દયા, ધર્મ, વ્રત, તપ ને આ સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે છે. એ તો શુભરાગ છે, એ ધર્મ નથી, પુણ્ય છે. સમજાય છે કાંઈ? દુનિયા એને ધર્મ માનીને ધર્મ કરીએ છીએ એમ

પ્રરૂપે છે અને માને છે. આહાહા..! એ પુણ્ય છે, રાગની મંદતા તેમાં હો એ પુણ્ય છે. એ ધર્મના અર્થમાં અહીં પુણ્ય સમજવો.

**'અર્થ શબ્દસે પુણ્યકા ફલ...'** એ પુણ્યનું ફળ. **'રાજ્ય વગૈરહ સંપદા જાનના,...'** ચક્રવર્તીપણું મળે. એ તો સમકિતીને હોય છે. પણ આ તો અજ્ઞાનીને પણ પુણ્યના ફળ તરીકે રાજા થાય મોટો અબજોપતિ. છે ને અત્યારે એક? નહિ ઓલો રાજા? એક કલાકમાં દોઢ લાખની પેદાશ. છે રાજા. ક્યો રાજા? 'ઈરાક'એ કાંઈક કહે છે. દેશ નાનો છે પણ પેટ્રોલ નીકળ્યું છે બહુ. મોટા કૂવાના કૂવા નીકળ્યા એટલા. એક કલાકની દોઢ લાખની પેદાશ. એક દિવસની છત્રીસ લાખની પેદાશ. દેશ હતો અને જમીનમાંથી નીકળ્યા એવા એટલે પૈસા બહુ પેદા થાય. એમાં શું છે પણ? એના જ માણસે મારી નાખ્યો એને. કુટુંબના માણસે મારી નાખ્યો અને પોતે ગાદીએ બેઠો. બધા નરકગામી બધા. આહાહા..! ચોવીસ કલાકની છત્રીસ લાખની પેદાશ. એટલે બાર મહિનાની કેટલી? ગણો. બધા નરકગામી છે.

મુમુક્ષુ :- નરકમાં જાય તે દિ'ની વાત તે દિ' પણ અત્યારે તો મળે છે.

ઉત્તર :- અત્યારે ધૂળેય નથી. અત્યારે રાગની અગ્નિ સળગે છે અંદર. આહાહા..!

એ **'અર્થ શબ્દસે પુણ્યકા ફલ રાજ્ય વગૈરહ સંપદા જાનના,...'** આપણે આવે છે ને પછી જુઓને. ૬૦મી ગાથા જુઓ. એની ૬૦મી ગાથા. **'पुण्णेण होइ विहवो'** એ પુણ્યથી વૈભવ મળે આ ધૂળ આદિ. અબજો રૂપિયા અને અબજોની પેદાશું. ૬૦મી ગાથા છે. ૬૦ બીજા અધિકારની. 'પોપટભાઈ'! છે? શું છે વાંચો જોઈ?

મુમુક્ષુ :- 'પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન, માનસે...'

ઉત્તર :- હા એ. અને પુણ્ય-પુણ્ય. એ પુણ્યથી પૈસા મળે એમ કહે છે. **'ધનસે અભિમાન,...'** થાય છે. **'પુણ્યસે ઘરમેં...'** છે, હોં! ધર્મે નહિ. **'પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ,...'** ઘર છે એ ઘર. પુણ્યથી ઘરમાં પૈસા પેદા થાય. કરોડો, અબજો પૈસા. અને **'ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન...'** થાય છે. અમે પૈસા કમાઈએ છીએ. અમે પૈસાવાળા છીએ. સાધારણ માણસ તમને આવડતું નથી. એક દિવસના લાખોની પેદાશ અમે કરીએ. તમે બાર મહિના મહેનત કરીને મરી જાવ તો લાખ આવતા નથી. એવું અભિમાન કરે માણસ. આહાહા..! છે? શું કીધું ઈ?

**'પુણ્ય સે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન, માનસે બુદ્ધિ ભ્રમ હોતા હૈ,...'** માન ચડી ગયું અને પાવર ચડી જાય એને. અમે આ લક્ષ્મીવંત છીએ. અમે પૈસાવાળા છીએ, અમારા કારખાના ચાલે છે. ઓલાનું ન કહ્યું? 'શાંતિલાલ ખુશાલ' આપણો વાણિયો છો ને દશાશ્રીમાળી હતો. એ ગુજરી ગયો. દશાશ્રીમાળી વાણિયો અહીં 'પાણસણા'નો. બે અબજ ને ચાલીસ કરોડ. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. અત્યારે છે. એ મરી ગયો. એની વહુ છે. એની વહુ-છોકરા છે. વહુ છે એ અસાધ્યમાં છે. હેમરેજ થયું છે. ૧૩-૧૪ મહિનાથી અસાધ્ય છે. બે અબજ ચાલીસ કરોડ. એને એના બનેવીએ કહ્યું.

આ 'પોપટભાઈ' છે ને. 'લીંબડી'વાળા નથી આવતા? 'પોપટભાઈ'. એને એણે કહ્યું કે હવે તમે આટલા પૈસા અને આટલું શું કરવા કરો છો? અમે શું એના માટે કરીએ છીએ? હજારોને નભાવવા માટે આ ધંધો કરીએ છીએ. ઠીક! આહાહા..! પ્યાલા ફાટી ગયેલા અંદરથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘમંડ છે એ, ઘમંડ એને થઈ જાય છે. એ 'પોપટભાઈ' તો બિચારા અહીંના.. એની દીકરી બાળ બ્રહ્મચારી છે ને? એની બહેનની દીકરી પણ અહીં બાળ બ્રહ્મચારી છે. એણે કહ્યું કે પણ હવે શું કરવા આટલું? જવાબ એવો આપ્યો, હોં! અમે એના માટે કરીએ છીએ? પૈસા રળવા? હજારો માણસનો નભાવ થાય છે. આ મીલ માલિકને બધા એવા કહે. બધા હજારો માણસનો નભાવ થાય એ માટે મીલ કરીએ છીએ. મરી જશો.

મુમુક્ષુ :- તમે ભવિષ્યનું દુઃખ દેખાડો છો. અત્યારે એને તો...

ઉત્તર :- અત્યારે પણ દુઃખી છે. અત્યારે સળગી રહ્યો છે, ક્યાં સખ હતું. આહાહા..! રાત્રે ઉંઘ પણ ન આવે. કેટલી ટીકડીયું લેવી પડે. આહાહા..!

અહીં તો કહે છે, પુણ્યને લઈને ધન અને ..જુઓ! અહીં તો કોઈ એમ કહેતા કે પૈસાનું કારણ પુણ્ય નથી. તો એ અહીં સિદ્ધ કર્યું છે. અને અહીં એ કર્યું ને અહીં પણ? ફળ રાજ્ય આદિ. પુણ્યનું ફળ રાજ આદિ છે. કોઈ એમ ના પાડે છે ને કે એ નહિ. એ તો વર્તમાન વ્યવસ્થાથી મળે છે. એ ધૂળેય નથી. પૂર્વના પુણ્યનું ફળ રાજ આદિ પૈસા અબજો, કરોડોપતિ પૂર્વના પુણ્યનું ફળ છે. એ વર્તમાન પુરુષાર્થનું ફળ છે નહિ કે વર્તમાન ડાહ્યો થયો માટે આ મળ્યા.

મુમુક્ષુ :- રાજની વ્યવસ્થાથી મળે એમ કહે.

ઉત્તર :- ધૂળેય નથી રાજની વ્યવસ્થા. શું કરતો હતો રાજ? રાજા મરી જાય છે ને.

અહીં તો કહે છે કે **'રાજ્ય વગૈરહ...'** પૂર્વના પુણ્યને લઈને મળે છે. એમ આવ્યું આપણી ચાલતી ગાથામાં. અને ૬૦મી ગાથામાં એ આવ્યું કે ધન એને લઈને મળે છે, પુણ્યને લઈને, જુઓ! **'ધન સે અભિમાન, માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ,...'** મગજ ભ્રમ થઈ જાય. અમે જાણે બસ... ઓહોહો..! બાદશાહ છીએ અમે બાદશાહ. સુખી છીએ, સુખી. **'બુદ્ધિ ભ્રમ હોતા હૈ, બુદ્ધિકે ભ્રમ હોનેસે પાપ હોતા હૈ,...'** આહાહા..! **'ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.'** આચાર્ય કહે છે, એ પુણ્ય અમને નથી જોતું. સમજાય છે કાંઈ? આહાહા..! કરોડ, બે કરોડ, પાંચ કરોડ રૂપિયા જ્યાં થઈ જાય, મગજ ફાટી જાય, પ્યાલો ફાટી જાય અંદર. સવારે ઊઠે ત્યાં આમ ઓહોહો..! આટલા પૈસા આવશે, આનું આ આવશે. નોકરો કામ કરીને જવાબ આપે ત્યાં રાજી રાજી થઈ જાય. કહો, 'ભગવાનજીભાઈ'! આહાહા..! આચાર્ય 'યોગીન્દ્રદેવ' પોતે કહે છે.

**'બુદ્ધિભ્રમ હોતા હૈ, બુદ્ધિકે ભ્રમ હોનેસે પાપ હોતા હૈ, ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.'** એ પુણ્ય અમારે કામનું નથી. આહાહા..! 'તારાચંદભાઈ'! સમકિતદૃષ્ટિને પુણ્ય

થાય છે પણ એને પુણ્યની રુચિ હોતી નથી. અને પુણ્યના ફળ સમકિતીને તીર્થંકરપણું મળે, ચક્રવર્તીપણું મળે, ઈન્દ્રપણું મળે પણ એની રુચિ હોતી નથી. આહા..! એનો પ્રેમ નથી અંદરમાં. આસક્તિ થઈ જાય છે. આહા..!

અહીં કહે છે કે '**પુણ્યકા ફલ રાજ્ય વગૈરહ સંપદા જાનના,...**' આપણે ચાલતી ગાથા. '**ઔર કામ શબ્દસે ઉસ રાજ્યકા મુખ્યફલ સ્ત્રી, કપડે, સુગંધિત માલા આદિ...**' આહાહા..!

મુમુક્ષુ :- મોટર તો ન આવી.

ઉત્તર :- મોટર હતી કે દિ' તે દિ'? મોટર તો હવે થઈ. તે દિ' હતી ક્યાં?

પહેલા માલ લેવા ગયેલ 'મુંબઈ'. તે દિ' મોટર નહોતી. (સંવત) ૧૯૬૪ની સાલ. ત્યારે ઘોડાગાડી હતી. સ્ટેશને ઘોડાગાડી ઊભી હોય. એક ઘોડાની હોય, બે ઘોડાની હોય. એક ઘોડાની હોય પણ આગળ ખુલ્લી. પહેલા ગયેલા માલ લેવા જ્યારે, ત્યારે એ ઘોડાગાડી હતી. મોટર તો ક્યાં હતી જ તે દિ'? મોટર તો હમણા થઈ. સ્ટેશનથી ગામમાં જવું હોય તો તો એ ઘોડાગાડીમાં જઈએ. આહાહા..!

'**કામ શબ્દસે ઉસ રાજ્યકા મુખ્યફલ સ્ત્રી,....**' જોયું! સુંદર સ્ત્રી, એના કપડા ઊંચા આમ પાંચ-પાંચ, દસ-દસ હજારના એક એક કપડા, દાગીના વગેરે અને સુગંધિત માળા. સવારમાં ફૂલની માળાઓ સુગંધ સુગંધ.. માળી લાવે. લ્યો સાહેબ, લ્યો સાહેબ. એ '**વસ્તુરૂપ ભોગ જાનના.**' એનો ભોગ. એ દુઃખ છે. પુણ્ય પોતે દુઃખ, પુણ્યના ફળમાં લક્ષ્મી આદિ (મળે) એ દુઃખ અને ભોગમાં દુઃખ. આત્માના આનંદના સ્વભાવને ભૂલીને વિષયાનંદમાં, ભોગમાં પડ્યો એ દુઃખી છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઈન તીનોંસે પરમસુખ નહીં હૈ,...**' એ ત્રણમાં આત્માના આનંદનુ સુખ નથી. ધૂળેય નથી. દુઃખ છે, કહે છે. આહાહા..! 'દલીચંદભાઈ' નથી આવ્યા? બેઠા છે. ઠીક. પાછળ છે.

'**ક્લેશરૂપ દુઃખ હી હૈ,...**' શું કહે છે? જુઓ! એ લક્ષ્મીમાં, કામમાં અને પુણ્યમાં ક્લેશરૂપ દુઃખ જ છે. 'પોપટભાઈ'! આહાહા..! એક જણો કહેતો હતો કે અમારા વેવાઈ સુખી છે. આ 'નાનાલાલભાઈ'ના વેવાઈ હતા ને? આ 'વઢવાણ'વાળા. 'વઢવાણ'વાળા. 'થાન'વાળા તો બીજા 'માણેકચંદ'. એ તો કહે, આ દ્રવ્યદૃષ્ટિ એટલે શું? અને આ તો ભાઈ હતા ઘણું કરીને આ તમારા 'ચુડગર'. 'ચુડગર' હતા એ. એના વેવાઈ થાય ને એને. અમારા વેવાઈ સુખી છે. સુખી એટલે શું કીધું. સુખીની વ્યાખ્યા શું? આ પૈસા-બૈસા મળ્યા, કરોડ રૂપિયા થયા માટે સુખી? અહીં તો કહે છે, પરમક્લેશ છે. આહાહા..!

મુમુક્ષુ :- લોકોની દૃષ્ટિ જુદી અને...

ઉત્તર :- દુનિયાની દૃષ્ટિ ઊંધી પાખંડીની. પાપીની દૃષ્ટિ પાપ ઉપર છે. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાનઆત્મા મૃગની નાભિમાં કસ્તુરી. હરણ-મૃગની નાભિમાં કસ્તુરી. પણ એ કસ્તુરીની સુગંધ બહાર આવે ત્યાં બહાર જોવા જાય. જાણે સુગંધ અહીંથી આવતી હશે... અહીંથી આવતી હશે. પણ અંદરમાં છે એની એને ખબર નથી. એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના સુખનો સાગર છે એ. ક્યાં પણ માને? ભગવાનઆત્મા

અતીન્દ્રિય સ્વરૂપ છે, અતીન્દ્રિય સુખ છે એ. અતીન્દ્રિય જ્ઞાન છે, અતીન્દ્રિય સુખ છે, અતીન્દ્રિય શાંતિ છે. એવા સ્વભાવથી તો ભરેલો ભગવાન છે પોતે. એનો મોક્ષ થાય ત્યારે એને સુખ પ્રગટ પર્યાયમાં થાય છે. જે સુખ છે આત્મામાં અતીન્દ્રિય આનંદ. આહાહા..!

જેમ લીંડીપીપરમાં ચોસઠ પ્હોરી તિખાશ ભરેલી જ છે. આ લીંડીપીપર થાતી નથી? છોટી પીપર? દાણો નાનો, કાળો પણ તિખાશ અંદર ચોસઠ પ્હોરી રૂપિયે રૂપિયો ભરી છે. સોળ આના. ચોસઠ પ્હોરી એટલે કહે ને ચોસઠ પૈસા, સોળ આના, રૂપિયો પૂર્ણ ચોસઠ પ્હોરી. એ પ્રગટ થાય છે ત્યારે પર્યાયમાં પ્રગટ થાય છે એ ક્યાંથી આવી? એ છે એમાંથી આવી. પ્રાપ્તની પ્રાપ્તિ. કાલે પ્રશ્ન હતો ને? પ્રાપ્તની એટલે છે તે મળ્યું છે, અંદર હતું તે આવ્યું છે. આહાહા..! કૂવામાં પાણી હતું એ અવેડામાં આવ્યું છે. અવેડો સમજાય છે? બહાર. શું કહે? બહાર હોય ને ખાડો? અમારે અવેડો કહે. કૂવામાં હોય એ અવેડામાં આવે. એમ આત્મામાં જે આનંદ છે એ પર્યાયમાં આવે. આહાહા..! દુઃખ તો નવું ઉત્પન્ન કરે છે. સ્વભાવમાં નથી. લક્ષ્મીમાં, ભોગમાં અને રાજમાં, એમાં કલ્પના ઊભી કરે છે એ તો દુઃખ છે. એ સ્વરૂપમાં નથી. સ્વરૂપ તો એનું આનંદ છે. એની એને ખબર જ નથી. આહાહા..! કહે છે કે એ ત્રણ છે એ ક્લેશ છે.

‘**ઈસલિયે ઈન સબસે ઉત્તમ મોક્ષકો હી...**’ એ માટે બધાથી ઉત્તમ મોક્ષને (કહે છે). પરમાનંદરૂપી શુદ્ધાત્માની પ્રાપ્તિ તે મોક્ષ. તેમાં સુખ છે. આહાહા..! એ ‘**ઉત્તમ મોક્ષકો હી વીતરાગસર્વજ્ઞદેવ કહતે હૈં,...**’ એ બધામાં ઉત્તમ મોક્ષને વીતરાગદેવ સર્વજ્ઞદેવ કહે છે. પુણ્યને ઉત્તમ કહેતા નથી, કામને ઉત્તમ કહેતા નથી, પુણ્યના ફળને પણ ઉત્તમ કહેતા નથી. આહાહા..! ‘**સબસે ઉત્તમ મોક્ષકો હી વીતરાગસર્વજ્ઞદેવ...**’ પરમેશ્વર, જિનેન્દ્રદેવ ત્રણલોકના નાથ પરમેશ્વર વીતરાગ અરિહંત મોક્ષમાં ઉત્તમ સુખ છે એમ કહે છે. માટે તેનું સાધન કરવું એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

‘**ક્યોંકિ મોક્ષસે જુદા જો ધર્મ,..**’ મોક્ષથી જુદો જે ધર્મ એટલે પુણ્ય, ‘**અર્થ,...**’ એટલે પૈસા, ‘**કામ,...**’ એટલે ભોગ ‘**વે આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે હૈં,...**’ આહાહા..! અગ્નિમાં ઉંદર થાય છે. સાંભળ્યું છે? અગ્નિના ઉંદર. અગ્નિના ઉંદર. ઉંદર સમજો છો? ચૂહા. અગ્નિમાં ઉંદર થાય. અગ્નિના-અગ્નિના. બહાર નીકળે તો મરી જાય. આહાહા..! અગ્નિના ઉંદરને અગ્નિપણું ત્યાં ઠીક લાગે છે. એમ અજ્ઞાનીઓ રાગ-દ્વેષની ક્લેશતામાં સુખ માની રહ્યા છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ છે. પછી ભલે એ સાધુ થઈને પંચમહાવ્રતાદિ ક્રિયાકાંડ કરતો હોય, પણ એ રાગમાં સુખ છે, રાગ મને ઠીક છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! મહાવ્રતના પરિણામ એ પુણ્ય છે, ઈ ક્લેશ છે, એ દુઃખ છે. એને એ ઠીક માને છે. એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પુણ્ય આવ્યું ને? મહાવ્રત એટલે પુણ્ય છે. પંચમહાવ્રત, બાર વ્રત એ બધા પુણ્યભાવ છે, શુભભાવ છે. એ ધર્મભાવ નથી. લોકો તો એને ધર્મ માને અને ધર્મ પ્રરૂપણા કરે. સાધુ પણ એ કહે છે અત્યારે બિચારા. અને પણ ભાન નથી અને સાંભળનારને પણ ભાન નથી. આહાહા..!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે કે '**મોક્ષસે જુદા...**' જે પુણ્ય, પૈસો અને ભોગ એ '**આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે હૈં,...**' આહાહા..! શાંતિનો સાગર પરમાત્મા, એનાથી વિરૂદ્ધ આ આકુળતા છે, અશાંતિ છે. આહાહા..! પૈસામાં અશાંતિ, રાગમાં અશાંતિ, ભોગમાં અશાંતિ. આહાહા..! ભોગ શબ્દે કાંઈ સ્ત્રી આદિના શરીરને એ ભોગવતો નથી. એના ઉપર લક્ષ જઈને આ ઠીક છે, એવો જે વિકાર ઉત્પન્ન કરે છે એ વિકારને ભોગવે છે. એ વિકાર એ ક્લેશ છે અને દુઃખ છે. આહાહા..! તત્ત્વની ખબર ન મળે. ક્યુ તત્ત્વ દુઃખરૂપ અને ક્યુ તત્ત્વ સુખરૂપ. સમજાણું કાંઈ? એ શુભભાવ પુણ્યતત્ત્વ એ દુઃખરૂપ છે, એમ કહે છે. અને ભગવાનઆત્મા જ્ઞાનાનંદસ્વરૂપ તે સુખરૂપ છે. ક્યુ તત્ત્વ દુઃખરૂપ અને ક્યુ તત્ત્વ સુખરૂપ એની ખબર નથી એને. આહાહા..! જેમાં દુઃખ છે તેને સુખ માને છે અને જેમાં સુખ છે તેનો આદર કરતો નથી. આહાહા..! પાંચ, સાત, દસ લાખ પેદા થાય, બે-પાંચ લાખનો ખર્ચ નીકળીને અને પૈસા હોય એમાં દસ લાખ ભળે પાછા. ખર્ચ કાઢતા. એટલે અમે સુખી છીએ એમ માને. આહાહા..!

બાર-બાર છોકરા હોય અને બાર-બાર એના બંગલા બનાવે. બાર ભાઈઓ છે ને? 'વીંછીયા'માં છે. બારભાયા. 'બારભાયા' છે ને? બારભાયા છે. આઠ છોકરા તો ઘણાને છે. આઠ-આઠ તો ઘણાને છે. આપણા 'કેશુભાઈ' એને આઠ છોકરા મોટા. 'ચીમનભાઈ'ના બનેવી. 'ચીમનલાલ ઠાકરશી'. 'કેશુભાઈ' નહિ? પૈસાવાળા છે, પૈસાવાળા છે. આઠ છોકરા મોટા જુવાન, હોં! મોટા જુવાન. આઠમો અહીં આવ્યો હતો ને મોટો જુવાન હતો. આઠેય જુવાન. આ હમણા પૈસા લેવા ગયા હતા ને? એની પાસે ગયા હતા ને આપણા 'પાટણી' ને 'બાબુભાઈ'. આ તીર્થ ફંડના પૈસા લેવા. બે જણા ગયા એટલે અગિયાર હજાર લખાવ્યા. અને પાછા લખાવી બોલ્યા એમ, આવું કામ હોય તો આવજો. આવું કામ હોય તો મારે ત્યાં આવજો. 'કેશુભાઈ' હમણા અહીંયાં (હતા). 'ચીમનલાલ ઠાકરશી'ના બનેવી. પૈસા છે ૩૦-૪૦ લાખ રૂપિયા. એ તો બધાને ઘણાને છે.

આ 'જેઠાભાઈ'ને આઠ છોકરા છે. નહિ? ઓલા 'મોરબી'વાળા 'ફુલચંદભાઈ'ના ભાઈ નહિ? ઉંમર નાની છે. છોકરા આઠ છે મોટા. સીકંદરાબાદ. બે ભેગા એક ફેરી થતા હતા. 'કેશુભાઈ' એની સાથે. બે તમે કેમ? કીધું. મારે આઠ છોકરા છે અને આને આઠ છોકરા છે. આ વિશાશ્રીમાળી છે અને આ દશાશ્રીમાળી છે. ધૂળેય નથી, બાપા! આહાહા..! ચક્રવર્તીને તો ૩૨ હજાર રાજકુમાર હોય છે, મોટા. ચક્રવર્તીને ૩૨ હજાર, હોં! એથી શું થયું? એ તો પરવસ્તુ પદાર્થ છે. એના ઉપર લક્ષ જતા 'આ મારો' એ ભાવ દુઃખરૂપ છે. પરદ્રવ્ય તારું ક્યાંથી થઈ ગયું? પરદ્રવ્ય તો સ્વતંત્ર જગતની ચીજ છે. એમાં મારો દીકરો, મારી સ્ત્રી, આ મારા મકાન, આ મારી લક્ષ્મી, આ મારા દાગીના. આહાહા..! પોતાની ગાય વેચી હોય ને ગાય વેચી હોય. ને કોકે રાખી હોય અને નીકળે તો કહે, આ મારી ગાય હતી. લ્યો ઠીક! અમારે 'શીવલાલભાઈ' એવા હતા. આ 'શીવલાલ' નહિ? પટેલ. આ તો બધું નજરે (જોયેલું). એ ગાય રાખતા અને વેચી હતી. એક ફેરી દિશાએ જતા સાથે હતા. એમાં ગાય

નીકળી તો કહે, મહારાજ! આ મારી ગાય હતી મેં એને આપી હતી. આ બધા અનુભવ થયા છે. 'શીવલાલભાઈ'! આહાહા..! અરે..! બાપુ! તું કોણ છો ભાઈ? ક્યાં છો તને ખબર નથી. એ બધા બહારના સાધનમાં કલ્પના ઊઠવી એ બધું દુઃખ છે. સુખ ક્યાંય છે નહિ. આહાહા..!

**'મોક્ષસે જુદા...'** પુણ્ય, લક્ષ્મી અને વિષય-વાસના. **'વે આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે હૈં,...'** આહાહા..! એમાં છોકરાઓ આઠ-આઠ હોય અને એક છોકરાના લગન આઠમાના થતા હોય જ્યારે બે-પાંચ લાખ ખર્ચવા હોય. એમાં વરોંઠી કરવી હોય. છેલ્લું કરે ને હરખજમણ? શું કહે છે તમારે? પ્રીતિ ભોજન છેલ્લે મોટું કરે ને? હરખજમણ. બે-પાંચ લાખનો ખર્ચ કરે. આહાહા..! ત્યારે તો એને એવું થઈ જાય. અમે તો કેવા છીએ, ક્યાં છીએ? ક્યાં છીએ, ક્લેશમાં છીએ. આહાહા..! તને ખબર નથી, પ્રભુ! એ ક્લેશ વિનાનો ભગવાન અંદર આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે. જિનેશ્વરદેવ એનો મોક્ષ થાય તેને સુખ કહે છે. એમાં સુખ તો છે પણ મોક્ષ થાય ત્યારે પરમસુખ છે. સમજાણું કાંઈ? કહો, આ છોકરા બધા 'અમેરીકા'માં જઈને હેરાન-હેરાન છે, બધા દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :- 'સુમનભાઈ' તો 'અમેરિકા' જઈ આવ્યા ને.

ઉત્તર :- 'સુમનભાઈ' છે એ જૂઠું. એના બાપ એકલા રોટલા ઘડીને ખાય છે, કો'ક પાસે. કો'ક દિ' વળી આવે તો પગ-બગ દાબે. લ્યો! ધૂળમાંય નથી કાંઈ. આહાહા..!

અહીં તો પ્રભુ છે કહે છે કે મહાવ્રતનો, વ્રત અને તપનો વિકલ્પ ઊઠે એ દુઃખ છે. આહાહા..! તને ખબર નથી, પ્રભુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ શું તત્ત્વ, કેવું તત્ત્વ કહે છે? આહાહા..! એ મહાવ્રતના અને વ્રતના અને અપવાસના પરિણામ એ દુઃખતત્ત્વ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને એના ફળ તરીકે લક્ષ્મી આદિ મળે એ પણ દુઃખતત્ત્વ છે. આહાહા..! દુઃખમાં નિમિત્ત છે એ બધું. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્યાં નજરું નાખી નિધાનમાંથી આનંદ પ્રગટે, એવો ભગવાનઆત્મા (છે), પણ ત્યાં નજર જવી જોઈએ. નજરુંને પર્યાયમાં, રાગમાં રોકી છે.. આહાહા..! એ નજરને અહીં ફેરવી નાખ. જેથી તને મોક્ષનો માર્ગ શરૂ થાય અને તને મોક્ષ મળે. આહાહા..! એ અહીં વાત સિદ્ધ કરવી છે. 'પરમાત્મપ્રકાશ' છે ને. 'પરમાત્મપ્રકાશ' સ્વરૂપ જ તારું પરમાત્મસ્વરૂપ છે. જે મોક્ષની દશા પ્રગટ થાય છે-અનંતઆનંદ, એ અનંતઆનંદમય છે એમાંથી પ્રગટ થાય છે. એ કાંઈ વ્રતના વિકલ્પ અને એનાથી કાંઈ પ્રગટ થતું નથી. આહાહા..!

**'આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે હૈં,...'** ક્યુ તત્ત્વ ક્યા પ્રકારે છે એની ખબર ન મળે. વિપરીત માન્યતા એ મિથ્યાત્વ છે. વિપરીત અભિનિવેષ. પુણ્યતત્ત્વ એ દુઃખરૂપ છે એને સુખરૂપ માને. પુણ્યના ફળ આ સામગ્રી છે એ દુઃખના નિમિત્ત છે એને સુખના કારણ માને. એ બધી તત્ત્વની દૃષ્ટિ વિરુદ્ધ છે. આહાહા..! **'વીતરાગ પરમાનંદસુખરૂપ અમૃતરસકે આસ્વાદસે વિપરીત હૈં,...'** આહાહા..! શું કહે છે? કે પુણ્યના ભાવ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ શુભ. એ અને લક્ષ્મી અને તેનો ભોગ... આહાહા..! એ

'**વીતરાગ પરમાનંદસુખરૂપ અમૃતરસકે આસ્વાદસે વિપરીત હૈં,...**' આત્માનો તો વીતરાગ પરમાનંદરસરૂપ અમૃતરસ છે. આહાહા..! સુખકંદ મનોહર. સુખનો કંદ છે ઈ. આહાહા..! જેમ શક્કરકંદ છે ને? શક્કરિયા-શક્કરિયા. શક્કરકંદ છે એ લાલ છાલ સિવાય દેખો તો એકલો શક્કરકંદ છે. સાકરનો પિંડ, મીઠાશનો પિંડ છે. છાલ છોડીને નજર કરો તો. એકલો. આ શિવરાત્રીએ બાફે છે ને? ઓહો..! શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ. એમ આ ભગવાનઆત્મા એ પુણ્યના પરિણામની છાલને નજરમાંથી છોડી દે, તો એ સિવાયનો જે આત્મા એ તો અતીન્દ્રિય આનંદનો શક્કરકંદ છે. આહાહા..! સમજાણું કાંઈ? એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. પુણ્ય અને લક્ષ્મીની દૃષ્ટિ કરવી એ તો પાપદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. જગતની હોંશુ ઉતારી નાખે એવું છે આ તો. આહાહા..! ભાઈ! તું પોતે આનંદસ્વરૂપ છો ને, પ્રભુ!

એ '**વીતરાગ, પરમાનંદસુખરૂપ....**' આહાહા..! અમૃતરસ. એવો જે ભગવાનઆત્મા એનાથી આ પુણ્યના ભાવ, લક્ષ્મી અને ભોગ, એના આસ્વાદથી વિપરીત આસ્વાદ છે. એનાથી વિપરીત એનો અનુભવ છે, કહે છે. આહાહા..! '**ઈસલિયે સુખકે કરનેવાલે નહીં હૈં,...**' એ પુણ્યભાવ, લક્ષ્મી, એમ કે ભાઈ બહુ લક્ષ્મી અમે દાનમાં આપશું.. દાનમાં આપશું. 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'માં કહ્યું છે. 'ઈષ્ટોપદેશ'માં કહ્યું છે. 'ઈષ્ટોપદેશ'માં. એમ કે પૈસા ખુબ પેદા કરી અને પછી દાન કરશું. એવો દાખલો આપ્યો છે. કાદવમાં પહેલું ખરડી અને પછી નાહીશું. એવો દાખલો આપ્યો છે. પૈસા પેદા કરીએ ૨૫-૫૦ લાખ, પછી એમાંથી પાંચ-દસ લાખ આપીશું. પાપ કરીને પેદા કરવું છે અને તે પણ પૂર્વના પુણ્યને લઈને આવે. અને પછી દાન કરશું. પહેલું અહીં પાપ તો કર્યું હવે. પછી દાન કરશું, દાન. શેના દાન તારા? આહાહા..! શું કહે છે ઓલું? નહિ? સોયનું દાન અને એરણની ચોરી. શું કહેવાય ઓલી લોઢાની હોય ને? એરણ-એરણ. લોઢાની એરણ હોય ને? સોયનું દાન અને એરણનું ફળ માગે. આહાહા..! પાંચ કરોડ-દસ કરોડ હોય એમાંથી પાંચ-દસ લાખ નોંધાવે. તક્તિ કરજો, ચોડજો. અપાસરામાં અને દેરાસરમાં અમારા નામની તક્તી ચોડજો. હવે એને બહાર પડવું છે હજી. બહિરાત્મા થવું છે. અંદરમાં જાવું નથી એને. ભગવાનઆત્મા... આહાહા..!

મુમુક્ષુ :- તખ્તિ ચોડાવે તો બીજાને ખબર પડે.

ઉત્તર :- બીજાને ખબર પડે (એટલે) બીજા પાછા પૈસા આપે. એ માટે. એવો અર્થ કરે ઈ. પોતાના અભિમાન માટે કરે છે. એમ કે બીજા પણ એવું અનુકરણ કરે. આમણે પાંચ લાખ આપ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ડાહ્યા... કાંઈ ભાન જ નથી. અને કદાચિત કોઈ બે-પાંચ-દસ કરોડ રૂપિયા હોય અને દસ લાખ રૂપિયા આપવાનું મન થયું મરવા ટાણે. પણ એમાં જીભ કચરાય ને એવું ટાણું હોય. અને બધા જોવા આવ્યા હોય ભેગા સગાવ્હાલા. તો એમાંથી બોલે બાપુ! .. દસ.. દસ... લાખ.. છોકરા કહે બાપુ! અત્યારે પૈસા ન સંભારીએ. ઓલો બિચારો કહે, મેં

પાપ ઘણા કર્યા છે તો એક આ દસ લાખનો એક દયાનું બનાવો, કાંઈક દેરાસર બનાવજો. ઓલા કહે, આ બધા ઊભા છે અને આ કહે છે તો કરવું પડશે. બાપુજી! અત્યારે પૈસા ન યાદ કરાય. ભગવાન-ભગવાન કરો. ઓલાને બોલવાની વાચા ઓછી થઈ ગઈ હોય, હવે કરવું શું? આવું છે બધું, હોં! આ બધા ઠગ છે. 'નિયમસાર'માં કહ્યું છે એ. બાયડી, છોકરા, કુટુંબ, સાળો, વેવલા અને વેવલીઓ એ બધા ધુતારા (છે). આજીવિકા (માટે) ધુતારાની ટોળી મળી છે એ બધી. બાયડી સરખી હોય તમે તો આમ અને તમે તો આમ. મારી નાખશે, સાંભળને હવે. મરી જઈશ ત્યાં. આહાહા..!

અહીં કહે છે કે પુણ્ય, લક્ષ્મી અને ભોગ એ '**વીતરાગી, પરમાનંદસુખરૂપ અમૃતરસકે આસ્વાદસે વિપરીત હૈં,...**' આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ આવો છે, બાપુ! લોકોએ વીતરાગ માર્ગ સાંભળ્યો નથી. બહારમાં બસ આ કરો અને આ કરો. તપ અને ત્યાગ એ કરો તમારે ધર્મ (થઈ જશે). અહીં કહે છે, તપ અને ત્યાગમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. એય..! એ પુણ્ય છે તેનો વીતરાગ પરમાનંદસુખથી વિપરીત સ્વાદ છે. આહાહા..! અરે..! એણે જિનેશ્વરદેવના કથનો સાંભળ્યા નથી.

પરમાનંદનો નાથ, પ્રભુ! પૂર્ણાનંદ તૃપ્ત-તૃપ્ત થયેલા પ્રભુ એની વાણી આવી છે ને. આહાહા..! એ વાણીમાં તો આમ આવ્યું, પ્રભુ! એ પુણ્યના ભાવ જેટલા દયા, (દાનાદિના થાય એ ક્લેશ છે). હવે જુઓ એને એ એમ કહે છે કે આ વ્રત અને તપના પરિણામથી આત્માની મુક્તિ થાય, એ વ્યવહારથી નિશ્ચય થાય. અહીં કહે છે કે એ પોતે દુઃખરૂપ છે. એનાથી સુખરૂપ થાય એ. ભ્રમણા છે તને મોટી. સમજાણું કાંઈ? આ બધા પંડિતોને એ વાંધા ઉઠ્યા છે ને અત્યારે? આ વ્યવહાર કરીએ છીએ આ બધો ત્યાગ, મુનિપણું, પંચમહાવ્રત, નગ્ન દિગંબર રહીએ છીએ. એ બધો વ્યવહાર છે અને વ્યવહારથી નિશ્ચય થશે. દુઃખના ભાવથી સુખ થશે. આહાહા..! લસણ ખાધું અને કસ્તુરીનો ઓડકાર આવશે. આવે? લસણનો આવે. આ ઢોકળા કરતા ને લસણનો મસાલો? તેલમાં. લસણના ઓડકાર આવે ત્યાં તો. એમ પુણ્યના પરિણામમાં તો દુઃખનો ઓડકાર આવે. આહાહા..! ભારે માર્ગ, બાપુ! આહાહા..!

'**વીતરાગ, પરમાનંદસુખરૂપ...**' આહાહા..! '**અમૃતરસકે આસ્વાદસે...**' આત્માનો. એ પુણ્ય, લક્ષ્મી અને ભોગથી ભિન્ન ભગવાનનો સ્વાદ, સમ્યગ્દર્શનમાં આત્માનો સ્વાદ... આહાહા..! પરમતત્ત્વને સ્વીકારતા જે પરમ આનંદ પર્યાયમાં આવે... આહાહા..! એવો જે સુખનો આસ્વાદ, એનાથી આ પુણ્ય પરિણામ તે વિપરીત આસ્વાદ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસલિયે સુખકે કરનેવાલે નહીં હૈ,...**' એ પુણ્ય, લક્ષ્મી અને ભોગ સુખના કરવાવાળા નથી '**ઐસા જાનના.**' શિષ્યને ગુરુ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ धर्मार्थकामेभ्यो यद्युत्तमो न भवति मोक्षस्तर्हि तत्त्रयं मुक्त्वा परलोकशब्दवाच्यं मोक्षं किमिति जिना गच्छन्तीति प्रकटयन्ति –

१३०) जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ।
तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिँ पर–लोइ॥४॥

यदि जीव उत्तमो भवति नैव एतेभ्यः सकलेभ्यः स एव।
ततः किं त्रीण्यपि परिहृत्य जिनाः व्रजन्ति परलोके॥४॥

जइ इत्यादि। जइ यदि चेत् जिय हे जीव उत्तमु होइ णवि उत्तमो भवति नैव। केभ्यः। एयहं सयलहं एतेभ्यः पूर्वोक्तेभ्यो धर्मादिभ्यः। कतिसंख्योपेतेभ्यः। सकलेभ्यः सो वि स एव पूर्वोक्तो मोक्षः तो ततः कारणात् किं किमर्थं तिण्णि वि परिहरवि त्रीण्यपि परिहृत्य त्यक्त्वा जिण जिनाः कर्तारः वच्चहिं व्रजन्ति गच्छन्ति। कुत्र गच्छन्ति। पर–लोइ परलोकशब्दवाच्ये परमात्मध्याने न तु कायमोक्षे चेति। तथाहि–परलोकशब्दस्य व्युत्पत्त्यर्थः कथ्यते। परः उत्कृष्टो मिथ्यात्वरागादिरहितः केवलज्ञानाद्यनन्तगुणसहितः परमात्मा परशब्देनोच्यते तस्यैवंगुणविशिष्टस्य परमात्मनो लोको लोकनमवलोकनं वीतरागपरमानन्द–समरसीभावानुभवनं लोक इति परलोक–शब्दस्यार्थः। अथवा पूर्वोक्तलक्षणः परमात्मा परशब्देनोच्यते। निश्चयेन परमशिवशब्दवाच्यो मुक्तात्मा शिव इत्युच्यते तस्य लोकः शिवलोक इति। अथवा परमब्रह्मशब्दवाच्यो मुक्तात्मा परमब्रह्म इति तस्य लोको ब्रह्मलोक इति। अथवा परम विष्णुशब्दवाच्यो मुक्तात्मा विष्णुरिति तस्य लोको विष्णुलोक इति परलोकशब्देन मोक्षो भण्यते परश्चासौ लोकश्च परलोक इति। परलोकशब्दस्य व्युत्पत्त्यर्थो ज्ञातव्यः न चान्यः कोऽपि परकल्पितः शिवलोकादिरस्तीति। अत्र स एव परलोकशब्दवाच्यः परमात्मोपादेय इति तात्पर्यार्थः॥४॥

---

आगे धर्म, अर्थ, काम इन तीनोंसे जो मोक्ष उत्तम नहीं होता तो इन तीनोंको छोड़कर जिनेश्वरदेव मोक्षको क्यों जाते ? ऐसा दिखाते हैं –

गाथा – ४

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ यदि ] जो [ एतेभ्यः सकलेभ्यः ] इन सबोंसे [ सः ] मोक्ष [ उत्तमः ] उत्तम [ एव ] ही [ नैव ] नहीं [ भवति ] होता [ ततः ] तो [ जिनाः ] श्रीजिनवरदेव [ त्रीण्यपि ] धर्म, अर्थ, काम इन तीनोंको [ परिहृत्य ] छोड़कर [ परलोके ] मोक्षमें [ किं ] क्यों [ व्रजंति ] जाते ? इसलिये जाते हैं कि मोक्ष सबसे उत्कृष्ट है॥

भावार्थ :– पर अर्थात् उत्कृष्ट मिथ्यात्व रागादि रहित केवलज्ञानादि अनंत गुण सहित परमात्मा वह पर है, उस परमात्माका लोक अर्थात् अवलोकन वीतराग परमानंद

समरसीभावका अनुभव वह परलोक कहा जाता है, अथवा परमात्माको परमशिव कहते हैं, उसका जो अवलोकन वह शिवलोक है, अथवा परमात्माका ही नाम परमब्रह्म है, उसका लोक वह ब्रह्मलोक है, अथवा उसीका नाम परमविष्णु है, उसका लोक अर्थात् स्थान वह विष्णुलोक है, ये सब मोक्षके नाम हैं, यानी जितने परमात्माके नाम हैं, उनके आगे लोक लगानेसे मोक्षके नाम हो जाते हैं, दूसरा कोई कल्पना किया हुआ शिवलोक, ब्रह्मलोक या विष्णुलोक नहीं है। यहाँ पर सारांश यह हुआ कि परलोकके नामसे कहा गया परमात्मा ही उपादेय है, ध्यान करने योग्य है, अन्य कोई नहीं।।४।।

---

હવે જો ધર્મ, અર્થ અને કામથી મોક્ષ ઉત્તમ ન હોય તો તે ત્રણેયને છોડીને 'પરલોક' શબ્દથી વાચ્ય એવા મોક્ષમાં જિનદેવો શા માટે જાય ? એમ દર્શાવે છે :

અહીં, 'પરલોક' શબ્દથી વાચ્ય એવું પરમાત્મધ્યાન (પરમાત્માનું અવલોકન) સમજવું, પણ કાયમોક્ષ ન સમજવો.

ભાવાર્થ : 'પરલોક' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કહે છે. પર અર્થાત્ ઉત્કૃષ્ટ, 'પર' શબ્દથી મિથ્યાત્વ રાગાદિ રહિત કેવળજ્ઞાનાદિ અનંત ગુણ સહિત પરમાત્મા સમજવો, તે ગુણવિશિષ્ટ પરમાત્માનું લોકન-અવલોકન-વીતરાગપરમાનંદરૂપ સમરસીભાવનું અનુભવન તે લોક છે. એ પ્રમાણે 'પરલોક' શબ્દનો અર્થ છે. અથવા 'પર' શબ્દથી પૂર્વોક્ત લક્ષણવાળો પરમાત્મા સમજવો.

નિશ્ચયથી 'પરમશિવ' શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા 'શિવ' સમજવો, તેનો લોક તે શિવલોક છે. અથવા 'પરમબ્રહ્મ' શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા પરમબ્રહ્મ સમજવો, તેનો લોક તે બ્રહ્મલોક છે. અથવા 'પરમવિષ્ણુ' શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા વિષ્ણુ સમજવો, તેનો લોક તે વિષ્ણુલોક છે. એ પ્રમાણે 'પરલોક' શબ્દથી મોક્ષ કહ્યો છે.

પર લોક તે પરલોક છે એ પ્રમાણે 'પરલોક' શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ સમજવો; પર કલ્પિત (પરે કલ્પેલો) એવો બીજો કોઈ શિવલોકાદિ (શિવલોક, બ્રહ્મલોક, વિષ્ણુલોક) નથી. (પરલોક શબ્દનો અર્થ ન સમજવો.)

અહીં, તે જ 'પરલોક' શબ્દથી વાચ્ય એવો પરમાત્મા ઉપાદેય છે, એવું તાત્પર્ય છે. ૪.

**વીર સંવત ૨૫૦૨, આસો સુદ ૧૩, મંગળવાર**
**તા. ૦૫-૧૦-૧૯૭૬, ગાથા-૪, ૫, પ્રવચન નં. ૯૬**

નપરમાત્મપ્રકાશ' ગાથા-૪. '**આગે ધર્મ, અર્થ, કામ ઈન તીનોંસે જો મોક્ષ ઉત્તમ નહીં હોતા તો ઈન તીનોંકો છોડકર જિનેશ્વરદેવ મોક્ષકો ક્યોં જાતે**?' શું કહે છે? ચોથી-ચોથી ગાથા. ઉપોદ્‌ઘાત-પહેલી શરૂઆત. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી, કામ એટલે ભોગ. એ ત્રણથી '**મોક્ષ ઉત્તમ નહીં હોતા તો ઈન તીનોંકો છોડકર જિનેશ્વરદેવ મોક્ષકો ક્યોં જાતે**?' ત્રણ લોકના નાથ તીર્થંકરદેવે, ચક્રવર્તીનું રાજ હતું તીર્થંકરને તો. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ'. કામ, ભોગ છોડ્યા, લક્ષ્મી છોડી અને પુણ્ય છોડ્યું. આહાહા..! એ ત્રણેને છોડીને મોક્ષમાં કેમ જાત? જો ઉત્તમ ન હોત તો. એમ કહે છે. સમજાય છે કાંઈ? મોક્ષ જો ઉત્તમ ન હોત અને પરમસુખરૂપ એ દશા ન હોત (તો) તીર્થંકરો અર્થ, કામ, ધર્મને છોડીને મોક્ષ કેમ પ્રાપ્ત કરત? કારણ કે ત્રણથી ઊંચી ચીજ એ ઉત્તમ મોક્ષ છે. '**ઐસા દિખાતે હૈં**-'

**૧૩૦) जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ।**
**तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिँ पर-लोइ।।४।।**

**અન્વયાર્થ :-** '**હે જીવ, જો ઈન સબોંસે...**' '**सकलेभ्यः**' '**સબોંસે...**' એટલે ધર્મ-પુણ્ય અને પાપ બે. લક્ષ્મી અને કામ બે પાપ અને દયા, દાન, વ્રતાદિના પરિણામ એ પુણ્ય. '**સબૌંસે મોક્ષ ઉત્તમ હી નહીં હોતા તો શ્રી જિનવરદેવ...**' પરમેશ્વર વીતરાગ પરમાત્મા, એ '**ધર્મ, અર્થ, કામ ઈન તીનોંકો છોડકર...**' ત્રણેને છોડીને. પુણ્યના ફળ અને પુણ્ય, બેય છોડી દીધા. આહાહા..! વર્તમાન શુભભાવ, એને છોડ્યો અને પુણ્યના ફળ તરીકે ચક્રવર્તીનું રાજ આદિ હતું કે જેને જે હતું તે, એ અર્થ અને કામ પણ છોડ્યા એણે. આહાહા..! એટલે? પુણ્ય અને પાપના બે ભાવ, એનાથી મોક્ષ ઉત્તમ છે. એ કારણે બેને છોડીને પરમાત્મા મોક્ષને પામ્યા. સમજાય છે કાંઈ?

હવે કહે છે કે '**ઈસલિયે જાતે હૈં કિ મોક્ષ સબસે ઉત્કૃષ્ટ હૈ.**' પુણ્ય અને અર્થ અને ભોગથી મોક્ષ એ સર્વોત્કૃષ્ટ ઉત્તમ છે. આહાહા..!

મુમુક્ષુ :- બીજા સારા છે અને આ ઉત્કૃષ્ટ છે.

ઉત્તર :- ઉત્કૃષ્ટ છે એટલે એ જ ઊંચું છે, એમ. બીજી કોઈ ચીજ છે નહિ. ચોથી-ચોથી ગાથા.

**ભાવાર્થ :-** હવે અહીંયાં '**પર અર્થાત્ ઉત્કૃષ્ટ મિથ્યાત્વ રાગાદિ રહિત...**' પરમાત્માની વ્યાખ્યા કરે છે. પરમાત્મા કોને કહેવા? પરમ આત્મા. પર એટલે ઉત્કૃષ્ટ. જે મિથ્યાત્વ

વિપરીત માન્યતા અને રાગાદિ, દ્વેષાદિ પરિણામ એ ઉત્કૃષ્ટ જે છે તેથી રહિત અને '**કેવલજ્ઞાનાદિ અનંતગુણસહિત...**' આહાહા..! મિથ્યાત્વ, ભ્રમણા અને અજ્ઞાન અને રાગ-દ્વેષરહિત અને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતબળ સહિત '**પરમાત્મા વહ પર હૈ,...**' એને પરમાત્મા, એને પર કહેવામાં આવે છે. અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ અને અનંતવીર્ય એને જેણે પ્રગટ કર્યા તે પર છે અને તે પરમાત્મા છે. આહાહા..! જગતથી જુદી જાત પર છે એ, એમ કહે છે. ધર્મ ને, અર્થ ને કામથી પર ચીજ છે એ. આહાહા..! જેને કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાન ભાષા છે પણ એનો ભાવ એક સમયમાં જ્ઞાનની શક્તિ જે સર્વજ્ઞસ્વભાવે હતી એને પર્યાયમાં સર્વજ્ઞપણું એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને અડ્યા વિના જાણે એવું જે કેવળજ્ઞાન એ શું ચીજ છે, ભાઈ! ભાષા ભલે સાદી છે. આહાહા..!

જેને કેવળજ્ઞાન પ્રગટ્યા. ચૈતન્યસૂર્ય ઝળહળતો પર્યાયમાં વ્યક્તપણે પ્રગટ થયો એ અનંતજ્ઞાન, કેવળ અનંતદર્શન અનંત અતીન્દ્રિય અનંત અનંત આનંદ અને અનંત અનંત જેનું વીર્ય-બળ, એવી દશા સહિત જે પ્રગટ થયા તેને પર કહેવામાં આવે છે. જગતથી પર એ પરમાત્મા. 'તારાચંદજી'! આ બધા પૈસાવાળા મોટા કહેવાય છે એ પર નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો આપે કાઢી નાખ્યાને અર્થમાં.

ઉત્તર :- એ તો લક્ષ્મીમાં નીકળી ગયા. 'ભગવાનજીભાઈ'! આહાહા..!

ભાષા ટૂંકી એવી કરી છે કે પુણ્ય અને પાપ બે એમ કહ્યું. અર્થ છે એ પાપ છે, ભોગ એ પાપ છે અને દયા, દાનના પરિણામ તે ધર્મ પુણ્ય છે. એ બેય (અધર્મ છે) એમ કહેવું છે. પરમાત્મસ્વરૂપ પામવાનું છે ને? તો એ પરમાત્મા પોતે જ છે વસ્તુ અત્યારે. સમજાય છે કાંઈ? આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ.. લોકોને આકરું પડે છે. એટલે કહે છે, પુણ્યને અધર્મ ન કહો. એમ કહે છે. ધર્મ વિરૂદ્ધ છે એ અધર્મ જ છે, ભાઈ! તને આકરું લાગે, ન લાગે. બાપા! આહાહા..! 'આત્માવલોકન'માં તો કહ્યું છે કે ગૃહસ્થાશ્રમમાં ધર્મ અને અધર્મ બે હોય છે. સમકિતીને ધર્મ પણ હોય છે અને પુણ્ય-પાપના ભાવ તે અધર્મ પણ હોય છે. ભાષામાં શું છે? તને આકરું લાગે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- મીઠી ભાષા બોલે...

ઉત્તર :- ભાષા મીઠી છે? ભાષા તો ભાષા છે. ભાવ એનો આશય શું છે એ જોવાનું છે. આહાહા..! અહીં પુણ્યને ધર્મ કીધો, લ્યો! અને ધર્મ તે પુણ્ય કીધું. ધર્મ શબ્દે પુણ્ય. આવ્યું ને કાલે? કાલે આવ્યું હતું. કાલે આવ્યું હતું ને આમાં. ધર્મ શબ્દે પુણ્ય, આવ્યું હતું. બીજી ગાથા. ત્રીજી. ત્રીજીની છેલ્લી લીટી. '**धर्मशब्देनात्र पुण्यं कथ्यते**' સંસ્કૃત ટીકા છે ને. ત્રીજી ગાથામાં પણ અંદર છે. '**धर्म शब्दसे यहां पुण्य समजना,...**' ભાવાર્થ. ત્રીજી ગાથાનો ભાવાર્થ. આહાહા..! ભાષા તો એને વ્યવહારધર્મ તરીકે, વ્યવહાર તરીકે એટલે કે પુણ્ય તરીકે કહ્યું એને. પણ એ વસ્તુ કાંઈ નથી.

મુમુક્ષુ :- વ્યવહાર ધર્મ..

ઉત્તર :- પણ ધર્મ કોને? એ પણ વ્યવહારધર્મ કહેવાય કોને? કે જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે એના પુણ્ય પરિણામને વ્યવહારધર્મ આરોપથી કથન છે. આહાહા..! છે તો ધર્મસ્વભાવથી વિરૂદ્ધ. આહાહા..!

કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૫માં. સભામાં. મોટી સભા 'બોટાદ'. પોષ મહિનો હતો. ૧૯૮૫નો પોષ. 'બોટાદ' સંપ્રદાયમાં હતા ને આમાં? તે દિ' વ્યાખ્યાન આપતા. માણસ ઘણું ત્યાં તો ત્રણસો, સાડા ત્રણસો ઘર. વ્યાખ્યાન બેસે એટલે લોકો બહુ આવે. કીડીયુંના નગરા ભરાય એમ માણસ આવે. અપાસરામાં સમાય નહિ. શેરીમાં બેસે. શેરી સમજો છો? ગલી-ગલી પાછળ. તે દિ' સહેજ કહ્યું હતું. પોષ મહિનાની વાત છે. ૧૯૮૫ના પોષમાં વાત કરી હતી. ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધન ન હોય. તો ધર્મ નહિ તો પછી એનાથી વિરૂદ્ધ એનો અર્થ અધર્મ છે. 'પોપટભાઈ'! ૧૯૮૫ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૭. પચાસમાં ત્રણ (ઓછા). મોટી સભા 'બોટાદ'માં તો. પૈસાવાળા બધા 'રાયચંદ ગાંધી' ને એ લોકો તો પાંચ-પાંચ લાખ રૂપિયા, પચાસ હજારની પેદાશું. એ તો હવે આ બધા કરોડોપતિ થઈ ગયા. પણ તે દિ' તો એ પાંચ લાખવાળા મોટા શેઠિયા કહેવાતા, પચાસ વર્ષ પહેલા.

મુમુક્ષુ :- એના પચ્ચીસ ગુણા કરો.

ઉત્તર :- પચ્ચીસ ગુણા કરે.. 'રાયચંદ ગાંધી'. 'રાયચંદ રતનસિંહ' મોઢા આગળ બેસે. વ્યાખ્યાનમાં મોઢા આગળ બેસે. એ બધા સાંભળે.

કીધું, ભાઈ! જે ભાવથી.. પ્રશ્ન તો એ ઉઠ્યો હતો કે વૈયાવચ્ચ... સંતોની, ધર્માત્માની વયાવચ્ચ કરવાથી શું થાય? તીર્થંકરગોત્ર બાંધે. એવો પાઠ છે. ૨૯ના ૭૩ બોલ છે એમાં. ઉત્તરાધ્યનનું ૨૯મું અધ્યયન છે એમાં. એ પ્રશ્ન ચાલ્યો હતો. એ લોકોએ કહ્યું, વયાવચ્ચના ફળ... એ વૈયાવચ્ચ આદરણીય છે અને એના ફળ તીર્થંકરગોત્ર બાંધે એ. અરે..! ભાઈ! વૈયાવચ્ચનો ભાવ તો શુભરાગ છે. 'દેવીલાલજી'! આ તો તે દિ', હોં! ૧૯૮૫માં. આહાહા..! ભાઈ! શાંતિથી સાંભળો. એ શુભભાવ છે અને બંધનું કારણ હોય એ ભાવ ધર્મ હોય? ધર્મથી બંધ પાડે તો બંધનો અભાવ શી રીતે થાય? આહાહા..! માટે બંધનું કારણ છે તે ધર્મ નહિ. બરાબર છે? એટલે પછી મીઠી ભાષાથી કહીએ તો ધર્મ નહિ અને સીધી ભાષાથી કહીએ તો એ અધર્મ છે. એ વાત કરી હતી, હોં! સભામાં કરી હતી. તે દિ' તો આમાં હતા ખરા ને એટલે લોકો (કાંઈ બોલે નહિ). મહારાજ કહેતા હશે એ બરાબર કહે છે. બધા સાંભળે. આખી સભા, મોટી સભા. પંદરસો માણસ. ધર્મ નહિ, ભાઈ!

અહીં એ કહે છે કે ધર્મ છે એ પુણ્ય છે. એ મોક્ષનું કારણ નહિ. એ ઉત્તમ નહિ, એમ કહેવું છે ને અહીંયાં? ધર્મ, અર્થ અને કામ એ ત્રણ ઉત્તમ નહિ. એનાથી ભિન્ન મોક્ષ છે એ ઉત્તમ છે. એ ત્રણેય તો છોડવાલાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તમારે તો ખબર ન હોય તે દિ' 'શિવલાલભાઈ'! એ તો વર્ષ થઈ ગયા ૪૭. 'વીરચંદભાઈ' ને બધા બેઠા હતા. 'વીરચંદભાઈ' 'રાયચંદ ગાંધી', 'નારાયણભાઈ' 'નારણશેઠ' એ શેઠ હતા ને? સંઘના

શેઠ વિશાશ્રીમાળી, 'નારણ ભુદર' બધા સાંભળે બિચારા સૌ સાંભળે. માર્ગ આ છે કીધું, ભાઈ!

મુમુક્ષુ :- એના સાધુ હતા ને ..

ઉત્તર :- ... કાંઈ. બે વાત કરી હતી. બે. ધીમેથી, હોં! એક ઈ અને એક પંચમહાવ્રતના પરિણામ ભાઈ, એ તો આસ્રવ છે કીધું. પંચમહાવ્રતના પરિણામ છે અહિંસા, સત્ય, દત્ત, (અપરિગ્રહ) બ્રહ્મચર્યનો વિકલ્પ ઊઠે છે એ તો આસ્રવ છે. એને લોકો વ્રત અને સંવર કહે છે એ વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? એ બે બોલ કહ્યા હતા તે દિ'. સભા તો સાંભળતી બધી. પણ સભામાં જોડે એક અમારા ગુરુભાઈ હતા એને ખળભળાટ થઈ ગયો. વોસરે.. વોસરે આ શ્રદ્ધા. એમ કે આ શ્રદ્ધા વોસરે એટલે ન જોઈએ. એનું કોણ સાંભળતું હતું? કોઈ સાંભળે નહિ. બોલીને ઉઠીને વયા ગયા. વ્યાખ્યાન પૂરું થયા પછી કીધું, બેસી રહેવું હતું ને તમારે. તમે શું કીધું એ કોઈએ સાંભળ્યું છે? શું કીધું ઈ. એને ઓલા 'મૂળચંદજી'ને કહેવું હતું કે મેં એનો અનાદર કર્યો હતો. એ શ્રદ્ધા નહિ. એમ કહેવા માટે. એને પોતાને ભાન ક્યાં હતું કાંઈ? અરે..! પ્રભુ! આમ ન હોય, ભાઈ! આ તો હિતનો રસ્તો છે ને, પ્રભુ! આહાહા..! ચોર્યાસીના અવતારમાં ચારેય ગતિને દુર્ગતિ કીધી છે.

'પંચાસ્તિકાય'માં ચાર ગતિ ન આવી પહેલી? 'પંચાસ્તિકાય'ની બીજી ગાથામાં. પરાધીન... પરાધીન... પરાધીન. એ સ્વર્ગમાં પણ ક્લેશ છે. આહાહા..! એ વિષયની વાસના પુણ્યના ફળમાં ભોગનું વલણ થવું એ ક્લેશ છે. ભગવાન શાંતિ (સ્વરૂપ છે), એમાં એ અશાંતિ છે. એ પુણ્યના ફળમાં ભોગ છે એ અશાંતિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. પર એને કહીએ કે જે કાંઈ પુણ્ય અને પાપના ભાવ છોડી અને અનંત કેવળજ્ઞાનાદિ અનંતગુણ સહિત થાય એને પર કહીએ અને એને પરમાત્મા કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? આ જગતના બહારના આકર્ષણ, બહારની ચીજો એવી છે એ માને છે. શરીર સુંદર હોય, લક્ષ્મી કાંઈક હોય ત્યાં આમ જાણે આકર્ષાય જાય છે અંદરથી. ખેંચાઈ જાય છે ત્યાં. લોહચુંબક જેમ લોઢાને ખેંચે ને? એમ આ બહારની શરીરની સુંદરતા (જોઈને આકર્ષાય છે). અરે..! આ તો હાડકા છે, ભાઈ! આ તો માંસ ને હાડકા, ચામડા એના ઉપર ચામડીની ગાર છે. માથે લેપ (છે). આહાહા..! એના એક એક અંગુલમાં તો છન્નું રોગ ભર્યા છે. આહાહા..!

ઘડીકમાં જુઓને, કાલે એક ભાઈ મરી ગયા ને? 'માનસંગભાઈ ભટ્ટી' ભટ્ટીને? એક ક્ષણમાં મરી ગયા. ત્યાં ઓલા 'રામસંગભાઈ'ના ભાઈ ભટ્ટી. આમ કરતા બહાર પડ્યા અને મરી ગયા તરત. થોડું પાણી પાયું 'પ્રવિણભાઈ'એ જરી. મરવાની તૈયારી ખરી ને એટલે બધું ઉષ્ણ થઈ જાય ને અંદર? પડ્યા ભેગા પાણી આપ્યું 'પ્રવિણભાઈ'એ. ત્યાં કામ કરે છે ને. પાણી પીધું બસ. ત્યાંથી નાખીને લઈ ગયા ત્યાં દવાખાને. દેહ છૂટી ગયો. આ 'રતનલાલજી' આવ્યા.

અહીં તો કહે છે, ધર્મ, અર્થ અને કામ. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ

એટલે ભોગ. એ અર્થ અને કામ બે પાપ છે. અને શુભભાવ જેને અહીં ધર્મ કહ્યો તે પુણ્ય છે. બેય હેય છે. તીર્થંકરોએ બેયને છોડીને મોક્ષને પ્રાપ્ત કર્યો. જેને ચક્રવર્તીનું રાજ હતું, 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ'. ચક્રવર્તી. છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. એ નહિ. લક્ષ્મી નહિ, ભોગ નહિ અને પુણ્ય પરિણામ પણ નહિ. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ પુણ્ય છે. ભગવાને એ પુણ્ય અને પાપને બેયને છોડી... કહ્યું છે?

**'મિથ્યાત્વ રાગાદિ રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મા વહ પર હૈ,...'** આહા..! ચોથી ગાથા. **'ઉસ પરમાત્માકા લોક...'** આહાહા..! **'અવલોકન...'** કેવળજ્ઞાનાદિ સ્વભાવવાળો પ્રભુ પ્રગટરૂપ, હોં! એને અવલોકવું એ લોક. ઈ પરલોક. પર એટલે કેવળજ્ઞાન દર્શન આદિ સહિત જેને ચૈતન્યની પર્યાય પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થયું છે. ઝળહળ જ્યોતિ કેવળ લક્ષ્મી અને અનંત જેને આનંદ પ્રગટ થયો છે, અનંત જેને બળ-વીર્ય પ્રગટ થયું છે, અનંત જેને દર્શન-શાંતિ પ્રગટ થઈ છે. આહાહા..! એવા ભગવાનને પર કહીએ. અને એ પરને જોવું એને પરલોક કહીએ. એ ચીજને અવલોકવી એનું નામ પરલોક છે. આહાહા..! 'રતનલાલજી'! આ તો બીજી જાતની વાત છે. આહાહા..!

**'અવલોકન વીતરાગ પરમાનંદ સમરસીભાવકા અનુભવ...'** આહાહા..! શું કહે છે? કે ભગવાને ધર્મ, અર્થ અને કામ ત્રણને છોડી દઈ અને જેણે અંતર મોક્ષ એટલે અનંત કેવળજ્ઞાનાદિ પ્રગટ કર્યા એ કેવળજ્ઞાનાદિને પર કહીએ અને એ પરને વીતરાગ પરમાનંદ સમરસીભાવના અનુભવથી જોવું, એને પરલોક કહે છે. આહાહા..! 'તારાચંદજી'! ધર્મ, અર્થ અને કામ. જિનરાજે પાપ અને પુણ્ય બેને છોડી, વીતરાગ પરમાત્માએ બેને છોડીને જેણે અનંત કેવળજ્ઞાનાદિ પર એટલે ઉત્કૃષ્ટ દશા પ્રગટ કરી અને એ દશાને અવલોકવી, વીતરાગ પરમાનંદના રસના અનુભવથી જોવી એનું નામ પરલોક કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આવી વાતું. લોકોને તેથી આકરી પડે છે ને. ખળભળાટ થઈ જાય છે ને ચારેકોર. 'રતનલાલજી'! એને તો ખબર છે ને રતનલાલજીને. એમાં પડ્યા છે ને એ. આહાહા..! શું થાય? બાપુ! માર્ગ આવો છે, ભાઈ!

અહીં તો પુણ્યને છોડ્યું છે એમ કહે છે. જેમ અર્થ, લક્ષ્મી અને ભોગને પ્રભુએ છોડ્યા, તેમ પુણ્યના ભાવને છોડ્યો છે. ત્યારે મોક્ષને પ્રાપ્ત કર્યો છે. આહાહા..! એવા પરલોક એટલે પરવસ્તુ. પર એટલે સર્વોત્કૃષ્ટ દશા. જેની દશામાં કેવળજ્ઞાન ઝળહળજ્યોતિ ત્રણકાળ ત્રણલોકને અડ્યા વિના જાણે, એવી કેવળજ્ઞાનદશા આદિ અનંતસુખરૂપ વસ્તુ, એનું અવલોકન. હવે કહે છે પર-લોક. પર-અનંત જ્ઞાન દર્શનાદિ વસ્તુ તે પર, એ પરમાત્મા એનું લોક, એ પરલોક એટલે એનું **'અવલોકન વીતરાગ પરમાનંદ સમરસીભાવકા અનુભવ...'** આહાહા..! વીતરાગી પરમાનંદ સમરસીભાવનો અનુભવ **'વહ પરલોક કહા જાતા હૈ,...'** આહાહા..! વ્યાખ્યા કોઈ દિ' સાંભળી ન હોય. પરલોક. પર-લોક. આ લોકને છોડી દીધો ભગવાને. એટલે કે પુણ્ય અને પાપના ભાવને છોડી દીધા. આ લોકને છોડી દીધો

અને પરલોકને પ્રગટ કર્યો. સમજાય છે કાંઈ? આહાહા..! અને તે પર એટલે અનંત જ્ઞાન, દર્શન, આનંદ એવું પર એ પરલોક, એને વીતરાગ પરમાનંદ સમરસીભાવથી અનુભવવો એટલે જોવો એનું નામ પરલોક છે. વ્યાખ્યા પણ દુનિયાથી જુદી જાતની. આહાહા..!

પરમાત્મા એ પર અને એનો લોક તે પરલોક. લોક એટલે કે અવલોકન. અવલોકન એટલે કે વીતરાગ પરમાનંદ સમરસીભાવનો અનુભવ એ અવલોકન. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગ પરમાનંદ સમરસીભાવ. આહાહા..! એનો જે અનુભવ એ અવલોકન. તે લોક એ પરલોક. આહાહા..! '**અથવા પરમાત્માકો પરમશિવ કહતે હૈં,...**' આવા પરમાત્માને પરમશિવ કહે છે. ઓલા શિવ શંકર કહે એ નહિ. આહાહા..! '**પરમાત્માકો પરમશિવ...**' પરમ એટલે કે કેવળજ્ઞાનાદિ દશા, એને નિરૂપદ્રવ દશા થઈ એથી તેને પરમશિવ કહેવામાં આવે છે. બીજા કોઈ શંકર-બંકર શિવ છે એ છે નહિ. આહાહા..! સમજાણું?

'**પરમશિવ કહતે હૈં, ઉસકા જો અવલોકન વહ શિવલોક હૈ,...**' આહાહા..! કેવલજ્ઞાનાદિ દશાને વીતરાગ પરમાનંદ સમરસીભાવથી અનુભવવો એનું નામ શિવલોક કહેવામાં આવે છે. પહેલા પરલોકની વ્યાખ્યા કરી હતી. પછી આ શિવલોકની વ્યાખ્યા. એ શિવલોક છે. આહાહા..! '**અથવા પરમાત્માકા હી નામ પરમબ્રહ્મ હૈ,...**' પરમબ્રહ્મ. એ અનન્ય કેવળજ્ઞાનાદિ દશા પ્રગટ એ પરમબ્રહ્મ. એ પરમ આનંદનો અનુભવ એ પરમબ્રહ્મ. આહાહા..! બીજો કોઈ પરમબ્રહ્મ જગતનો કર્તા છે એમ છે નહિ. આહાહા..! આવી વાતું આકરી પડે એટલે માણસને પુણ્યની ક્રિયા અને એમાં મજા પડે લાગે. હવે એ તો અનંતવાર કર્યું, ભાઈ, સાંભળને! એ તો... આહાહા..! પુણ્યભાવ પોતે દુર્ગતિ છે. સમજાણું કાંઈ?

સિદ્ધાંત તો એમ કહે છે કે પરદ્રવ્યના લક્ષે જે ભાવ થાય એ બધી દુર્ગતિ છે, એ ચૈતન્યની ગતિ નહિ. આહાહા..! '**परदव्वादो दुग्गइ**' ચાહે તો તીર્થંકર અને તીર્થંકરની વાણી પરદ્રવ્ય છે. ઝીણું પડે, પ્રભુ! શું થાય? એને લક્ષે તો રાગ થશે. પરદ્રવ્યના આશ્રયે તો રાગ થશે અને રાગ એ ચૈતન્યની પરિણતિ નથી. એ તો વિભાવ પરિણતિ પરગતિ છે. આહાહા..! પરગતિ એટલે એ ચૈતન્યની ગતિ નથી. આહાહા..! આવી વાતું ઝીણી પડે ને.

ભાઈ! અનંતકાળમાં એ રખડ્યો છે ને. એના દુઃખના દહાડા એણે વિતાવ્યા છે. આહાહા..! નરકની વેદના. ઉષ્ણ વેદનાનો એક રાય જેટલો કણ અહીં લાવે તો આસપાસના દસ ગાવના, દસ યોજનના માણસ બળીને મરી જાય. ત્યાંની રાય જેટલી અગ્નિ લાવે. ત્યાં નરકમાંથી. આહાહા..! પહેલી, બીજી નરકે ત્રીજી ઉષ્ણતા, પછી શીત છે. એની પિડા તો ઘણી છે. આહાહા..! એવી અગ્નિની ત્યાં સ્થિતિ છે. એમાં એણે સાગરોપમ ગાળ્યા. અસંખ્ય અબજ વર્ષ કાઢ્યા એમાં. એવા અનંતા ભવ કર્યા. જેની અગ્નિમાં લાખ મણનો લોઢાનો ગોળો ટીપેલો મજબુત દૃઢ થયેલો હોય, એ અગ્નિમાં મૂકે તો જેમ અગ્નિના ખુટારવામાં ઘી મૂકતા જેમ ઓગળી જાય, એમ લાખ મણનો લોઢાનો ગોળો એ અગ્નિમાં મૂકે તો ઓગળી જાય એટલી અગ્નિ ત્યાં છે. સમજાણું કાંઈ? અરે..! ભૂલી ગયો ઈ. એ દહાડા વિતાવ્યા એને

એ ભૂલી ગયો. અને વર્તમાનમાં બહારની સુંદરતા અને અનુકૂળતાની ચીજમાં આકર્ષાઈ ગયો. અંદર ત્રણલોકનો નાથ છે ત્યાં આકર્ષાણો નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એનું અવલોકન પરમબ્રહ્મ. આહાહા..! પરમ આનંદ. ભગવાનઆત્મામાં જે શક્તિરૂપે આનંદ હતો એ વ્યક્તરૂપે પર્યાયમાં પરમ આનંદ, અનંત આનંદ પ્રગટ થયો તે આત્માને પરમબ્રહ્મ કહીએ. બીજો કોઈ ઈશ્વરકર્તા કે જગતનો પરમબ્રહ્મ છે એમ છે નહિ. અરે..! એને તત્ત્વની ખબર ન મળે. આહાહા..! '**ઉસકા લોક વહ બ્રહ્મલોક હૈ,...**' એને અવલોકવું. આહાહા..! પરમવીતરાગ અનુભવ ભાવથી આવા આત્માને અવલોકવો, અનુભવવો એનું નામ પરમબ્રહ્મ કહેવામાં આવે છે.

'**અથવા ઉસીકા નામ પરમવિષ્ણુ હૈ,...**' આજ તો એ બધા નામ આવ્યા. એ પરમવિષ્ણુ એ. વિષ્ણુ એટલે વ્યાપક. જેની જ્ઞાન અને આનંદની દશા લોકાલોકને જાણવામાં વ્યાપક થઈ ગઈ છે. જ્ઞાનદશા બહાર જાતી નથી પણ લોકાલોકને જાણવાની જેની જ્ઞાનપર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન સર્વને જાણે એ રૂપે વ્યાપક થઈ છે માટે તે આત્માને પરમવિષ્ણુ કહીએ. જગતનો કર્તા કોઈ વિષ્ણુ છે એ નહિ. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે ને. આહા..! ભાઈ! તારું સ્વરૂપ જ એવડું છે. પ્રભુ! તને ન બેસે તો તું રખડવાનો છો ત્યાં સુધી. આહાહા..! તેં નરક અને નિગોદના અનંતા ભવ કર્યા ભાઈ! આહાહા..! નરકનો શીતનો એક કણ અહીં લાવે (તો) દસ યોજનના માણસ એની ઠંડીમાં મરી જાય. એવી શીતવેદના ૩૩-૩૩ સાગર સુધી વેદી છે. સાતમી નરક. અનંતકાળ થયો, અનંતકાળ થયો, ભાઈ! એને માર્ગ હાથ આવ્યો નહિ.

અહીં પરમાત્મા પોતે પરમવિષ્ણુ છે, એમ કહે છે. આવો ભાવ જેને પ્રગટ થયો. ધર્મ, અર્થ અને કામને છોડી દઈને જેણે કેવળજ્ઞાનાદિ મોક્ષની દશા પ્રાપ્ત કરી, એ જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જણાય છે એથી એને પરમ વિષ્ણુ, વ્યાપક કહેવામાં આવે છે. છે? '**ઉસકા લોક અર્થાત્ સ્થાન વહ વિષ્ણુલોક હૈ,...**' વિષ્ણુલોક ઈ. પોતાનો પરમજ્ઞાન-દર્શન આદિ જે સ્વભાવ એ વિષ્ણુલોક છે. આહાહા..! '**યે સબ મોક્ષકે નામ હૈં,...**' આ બધા મોક્ષના નામ છે. એ તો આપણે કાલે પૂરું થઈ ગયું. નહિ? સહસ્ર-એક હજાર અને આઠ નામ છે. ઈન્દ્રોએ ભગવાનના એક હજાર અને આઠ નામે વખાણ કર્યા છે. એક હજાર અને આઠ નામે સ્તુતિ કરી છે. પ્રભુ! આપ કરુણાસાગર, કરુણાસિંધુ, કરુણા કૃપા, સંયમમય, સંવરમય, ધર્મમય... આહાહા..! એવા એવા એક હજાર અને આઠ નામે ભગવાન તીર્થંકરના સમવસરણમાં ઈન્દ્રોએ, અર્ધલોકના સ્વામી ઈન્દ્રોએ સ્તુતિ કરી છે. એક હજાર અને આઠ નામ.

મુમુક્ષુ :- થોડા જ નામ લીધા.

ઉત્તર :- થોડા જ નામ લીધા. અનંત નામ છે. કાલે પૂરું થયું. ભક્તિમાં. 'બનારસીદાસ'. 'બનારસીદાસે' એક હજાર ને આઠ નામ વર્ણવીને પ્રભુની સ્તુતિ કરી છે. એમ 'આદિપુરાણ'માં 'જિનસેનસ્વામી' દિગંબર મુનિ, એણે એક હજાર અને આઠ નામથી

સ્તુતિ કરી છે.

**'યે સબ મોક્ષકે નામ હૈં, યાની જિતને પરમાત્માકે નામ હૈં,...'** આહાહા..! એ જેટલા મોક્ષના નામ એ જ બધા પરમાત્માના નામ છે. બ્રહ્મરૂપ, વિષ્ણુરૂપ... આહાહા..! પરમાત્મરૂપ. ત્યાં તો સંયમરૂપ એ પણ કહ્યું છે, હોં! સંવરરૂપ પણ કહ્યું છે. અપેક્ષા છે ને? અપેક્ષા છે. આહાહા..! નિર્જરારૂપ કાલે આવ્યું હતું. પરમ નિર્જરા, પરમ કર્મનો નાશ થઈને પરમાત્મદશા પ્રગટ કરી. આ મોક્ષ તે સર્વોત્કૃષ્ટ દશા છે. એ જ દશા આત્માને ઈચ્છવા લાયક અને ભાવના કરવાલાયક છે. બાકી પુણ્ય ને અર્થ ને કામ એને દૃષ્ટિમાંથી છોડવાલાયક છે. આહાહા..!

**'જિતને પરમાત્માકે નામ હૈં, ઉનકે આગે લોક લગાનેસે મોક્ષકે નામ હો જાતે હૈં,...'** લ્યો! એને લોક લગાવવું. એમ. પરમવિષ્ણુ, પરમબ્રહ્મ, પરમઆનંદ. એમ. પરમસંયમી, પરમધર્મી, પરમશાંતિ, પરમ વીતરાગી, પરમ આનંદી. એમ જેટલા શબ્દ લગાવવા એની સાથે લોક લગાવવો. પરમઆનંદ લોક, પરમશાંતિ લોક, પરમસ્વચ્છ લોક, પરમપ્રભુ લોક. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! **'દૂસરા કોઈ કલ્પના કિયા હુઆ શિવલોક, બ્રહ્મલોક યા વિષ્ણુલોક નહીં હૈ.'**

**'યહાં પર સારાંશ યહ હુઆ કિ પરલોકકે નામસે કહા ગયા પરમાત્મા હી ઉપાદેય હૈ,...'** એ પરમાત્મા જ આદર કરવા લાયક છે. બાકી પુણ્ય, લક્ષ્મી અને ભોગ આદરવાલાયક નથી. આહાહા..! કહો, 'પોપટભાઈ'! લક્ષ્મી તો પાપ છે, એમ કહે છે. 'રતનલાલજી'! પુણ્યને પાપ કહ્યું છે. 'પાપ પાપ કો સબ કહે પણ અનુભવીજન પુણ્ય કો પાપ કહે.' એવું 'યોગસાર'માં (૭૧ ગાથામાં) આવે છે. આહાહા..! આ બધા કરોડોપતિ છે જુઓને. આ, આ ઓલા નવા આવ્યા કરોડપતિ. ધૂળના પતિ. આહાહા..!

સહજાત્મસ્વરૂપ. સહજ આત્મા એટલે ત્રિકાળી સ્વભાવભાવ. આહાહા..! પર્યાય છે એ તો પલટતી છે. પણ આ તો સહજ આત્મસ્વભાવ, ત્રિકાળી સહજસ્વભાવ અણકૃત્રિમ, અણ કરેલો અને વસ્તુસ્થિતિ સત્. આહાહા..! એવો જે સહજાત્મસ્વરૂપ પરમાત્મા પોતે, હોં! વર્તમાન. એ આદરવાલાયક છે. સમજાય છે કાંઈ? સહજ આત્મા. સહજ આત્મા એટલે? સ્વભાવિક વસ્તુ છે એ અનાદિ. એને કોઈએ કરી નથી. તેમ તે પલટતી નથી. એ તો સહજઆત્મ ધ્રુવસ્વરૂપ અનાદિ પરમતત્ત્વ પ્રભુ આ આત્મા, એ સહજાત્મસ્વરૂપ તે આદરણીય છે. આહાહા..! ધર્મીજીવને એ આત્મા આદરણીય છે. એને પુણ્ય અને પાપ તે આદરવાલાયક છે નહિ. આહા..! આવી વાતું છે. શું થાય? ચીજ તો આ છે. અનંત સંતોએ પોકાર કર્યો છે.

શાસ્ત્રમાં તો પુણ્યને ઝેર કહ્યું છે. 'મોક્ષ અધિકાર'માં શુભભાવને ઝેર કહ્યું છે. લોકોને આકરું પડે, શું થાય? આત્મા અમૃતસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ, અનાકુળ વીતરાગ આનંદસ્વરૂપ, એનાથી રાગ એ વિપરીતરૂપ (છે) એથી તે ઝેર છે, એમ કહે છે. 'રતનલાલજી'! પુણ્યભાવ ઝેર. એના ફળની ધૂળની વાતું તો ક્યાં કરવી? આહાહા..!

'સમયસાર' 'મોક્ષ અધિકાર'. એ બધાને ઝેર કીધા છે. વિષકુંભ કીધા છે. વિષ એટલે ઝેરના ઘડા. પાણીથી જેમ ઘડો ભર્યો હોય ને? એમ શુભભાવ ઝેરથી ભરેલો ઘડો છે, કહે છે. આહાહા..! સંતો, દિગંબર સંતોને ક્યાં જગતની પડી છે? સમાજ સમતોલ રહેશે કે નહિ? સમાજને ઠીક પડશે કે નહિ? એ તો નાગા છે. નાગા બાદશાહથી આઘા. 'રતનલાલજી'! દિગંબર મુનિ નગ્ન છે.

મુમુક્ષુ :- લોકોને બહુ કઠણ પડે છે.

ઉત્તર :- એ માટે તો તમને.. એને માટે આવ્યા છે. માર્ગ આવો છે, પ્રભુ! શું થાય ભાઈ? આહાહા..!

ત્યાં 'મોક્ષ અધિકાર'માં તો આઠ નામ લીધા છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, ભગવાનની સ્તુતિ, પ્રતિમાનું વંદન, પ્રતિમાની ભક્તિ એ બધા ભાવ શુભભાવ છે. આચાર્ય મહારાજ પોકાર કરે છે 'કુંદકુંદાચાર્ય'. એને ભગવાને તો ઝેરના ઘડા કીધાં છે. આહાહા..! 'સમયસાર'. ભગવાન અમૃતનો કુંડ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર પરમાત્મા-આ આત્મા છે. ત્યારે એનાથી શુભભાવ એ વિરૂદ્ધ છે, તે આનંદથી વિરૂદ્ધ છે માટે ઝેર છે, કહે છે. સંતોના આ કથન છે. જગતને બેસે, ન બેસે એ કાંઈ મુનિઓને પડી નથી. આહા..! માર્ગ આ છે. સમાજ સમતોલ રહેશે કે નહિ? એ એને પડી નથી. માર્ગ આ છે, બાપા! ભાઈ! ચોર્યાસીના અવતારમાં રખડતા પ્રભુ દુઃખથી પીલાઈ ગયો છો તું, ભાઈ! એ શુભભાવ દુઃખ છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા પોતે સ્વભાવ... સ્વભાવ.. સ્વભાવ... સ્વભાવ... સહજ સ્વભાવ સ્વભાવિકભાવ, એવો જે આત્માનો અતીન્દ્રિય આનંદ જ્ઞાનભાવ, અતીન્દ્રિય અમૃતસ્વભાવભાવ, એનાથી શુભભાવ (વિપરીત હોવાથી ઝેર છે). અશુભ તો ઝેર છે. એ તો તીવ્ર ઝેર છે. આહાહા..! શુભભાવને 'કુંદકુંદાચાર્ય' મહારાજે 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજે જગતને જાહેર કર્યું છે, ભાઈ! એ ઝેરના પ્યાલા પીવા જેવા નથી. અમૃતના આનંદના રસકંદ છે એ પીવા જેવું છે, ભાઈ! આહાહા..! શું થાય? ભાઈ! માર્ગ તો આ છે. એમાં બીજો અવકાશ લાવવો ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો '**પરલોકકે નામસે કહા ગયા પરમાત્મા હી ઉપાદેય હૈ,...**' છે છેલ્લું? એ આ પોતે ભગવાન પરમાત્મા સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન એ જ આદરણીય છે. દૃષ્ટિમાં એ લેવા લાયક છે. બાકી દૃષ્ટિમાંથી રાગ અને પુણ્યાદિ છોડવા લાયક છે. આહાહા..! આ ભાષા તો સાદી છે. સમજાય એવું છે. માથા ફરી ગયા હોય છે ને બહારના, એને આકરું લાગે. આહાહા..! એ '**ધ્યાન કરને યોગ્ય હૈ,...**' છે? ભગવાન સહજાત્મસ્વરૂપ. પરમાત્માને પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ છે. અહીં કેવળજ્ઞાન, કેવળ આનંદ આદિ શક્તિ સ્વભાવરૂપ પરમાત્મા પોતે છે એનું ધ્યાન કરવા લાયક છે. પુણ્ય પરિણામ અને અર્થ અને લક્ષ્મીનું ધ્યાન કરવાલાયક નથી. આહાહા..! એટલે? સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ પોતે. આહાહા..! સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ એ ધ્યેયમાં લઈને ધ્યાન કરવાલાયક છે. એને ધ્યેય

બનાવીને ધ્યાન કરવા લાયક છે. આહાહા..! અનાદિનો અભ્યાસ નહિ, ઊંધે રસ્તે ચડી ગયેલો છે ને.

**'ધ્યાન કરને યોગ્ય હૈ, અન્ય કોઈ નહીં.'** આહાહા..! અહીં તો કહે છે કે ત્રણલોકના નાથ તીર્થંકર છે એ પર છે, એનું પણ ધ્યાન કરવાલાયક નથી. એનું ધ્યાન કરવાલાયક કહીએ તો પણ એનો અર્થ પોતાનું ધ્યાન છે. આહાહા..! આવી વાતું છે, ભાઈ! શું થાય? અરે..રે..! જન્મ-મરણના હિલોળે ચડેલો પ્રાણી, આહાહા..! અથડાય છે. એક ભવ, બીજો ભવ ને ઘડીકમાં જુઓને.. આહાહા..! અત્યારે હાર્ટફેઈલ થાય છે તો આમ ક્ષણમાં.. લ્યો! પરમ દિ' ઓલા ગુજરી ગયા તો કાલે વળી ઓલો ગુજરી ગયો. 'મેઘાણી'. ક્ષણમાં થાય. દેહની સ્થિતિ જ્યાં પૂરી થાય ત્યાં કોઈપણ નિમિત્ત હોય. આહાહા..! પસીનો એકદમ નીકળે અને લોહી છે એ જામી જાય આમ. જામી જાય એટલે શ્વાસ ગતિ ન કરી શકે. બસ, થઈ ગયું. એનું નામ હાર્ટફેઈલ. પરસેવો આવે એકદમ. પસીનો આવે એટલે અંદર લોહી જે છે ને લોહી? ખુન, દળ-દળ આમ જે ફરે છે એ દળ થઈ જાય. ઘન, ઘન થઈ જાય એટલે શ્વાસ બંધ થઈ જાય. આહાહા..! તો હવે એ છોડીને આત્મા ઘન, આનંદઘન છે એનું ધ્યાન કરને હવે, કહે છે. આહાહા..! કહો, 'તારાચંદજી'!

મુમુક્ષુ :- આ જ કરવા લાયક છે.

ઉત્તર :- આ જ કરવા લાયક છે. પહેલા શ્રદ્ધામાં તો નક્કી કરે કે કરવાલાયક તો આ છે. હોય, પુણ્ય હોય છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી વચ્ચે નિશ્ચય અનુભવ હોવા છતાં શુભભાવ આવે છે, હોય છે પણ એ હેય તરીકે હોય છે. આદરણીય તરીકે થાય છે એમ નથી. આહાહા..! આવી વાત.

સર્વજ્ઞ વીતરાગ જિનવરદેવ... માથે આવ્યું નહોતું? વીતરાગ પરમાનંદ સમરસીભાવ. રાગના વિકલ્પથી રહિત વીતરાગી પરમાનંદ સમરસી-સમતાનો ભાવ. એનાથી આત્મા અનુભવ કરવાલાયક છે. આહાહા..! પણ આવી વાતનો કોઈ બીજો ઉપાય સાધન હશે કે નહિ? એમ કોઈ કહે. સાધન જ આ છે. આ જ સાધન છે, ભાઈ! શું થાય? દુનિયાને ન બેસે એથી શું થાય? ભાઈ! કાંઈ માર્ગ બીજો થાય? ભલે થોડા માણસ બેસે. પણ માર્ગ તો આ છે.

---

**अथ तमेव मोक्षं सुखदायकं दृष्टान्तद्वारेण दृढयति**

**१३१) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**
**तो किं इच्छहिँ बंधणहिँ बद्धा पसुय वि सोइ।।५।।**

**उत्तमं सुखं न ददाति यदि उत्तमो मोक्षो न भवति।**
**ततः किं इच्छन्ति बन्धनै बद्धा पशवोऽपि तमेव।।५।।**

**उत्तमु इत्यादि। उत्तमु उत्तमं सुक्खु सुखं ण देइ जइ न ददाति यदि चेत् उत्तमु मुक्खु ण होइ**

उत्तमो मोक्षो न भवति तो तस्मात्कारणात् किं किमर्थं इच्छहिं इच्छन्ति बंधणहिं बन्धनैः बद्धा निबद्धाः। पसुय वि पशवोऽपि। किमिच्छन्ति। सोइ तमेव मोक्षमिति। अयमत्र भावार्थः। येन कारणेन सुखकारणत्वाद्धेतोः बन्धनबद्धाः पशवोऽपि मोक्षमिच्छन्ति तेन कारणेन केवलज्ञानाद्यनन्तगुणाविनाभूतस्योपादेयरूपस्यानन्तसुखस्य कारणत्वादिति ज्ञानिनो विशेषेण मोक्षमिच्छन्ति।।५।।

---

आगे मोक्ष अनंत सुख देनेवाला है, इसको दृष्टांतके द्वारा दृढ़ करते हैं –

गाथा – ५

अन्वयार्थ :– [ यदि ] जो [ मोक्षः ] मोक्ष [ उत्तमं सुखं ] उत्तम सुखको [ न ददाति ] न देवे तो [ उत्तमः ] उत्तम [ न भवति ] नहीं होवे और जो मोक्ष उत्तम ही न होवे [ ततः ] तो [ बंधनैः बद्धाः ] बंधनोंसे बंधे [ पशवोऽपि ] पशु भी तमेव उस मोक्ष की ही [ किं इच्छंति ] क्यों इच्छा करें?

भावार्थ :– बँधने के समान कोई दुःख नहीं है, और छूटने के समान कोई सुख नहीं है, बंधनसे बँधे जानवर भी छूटना चाहते हैं, और जब वे छूटते हैं, तब सुखी होते हैं। इस सामान्य बंधनके अभावसे ही पशु सुखी होते हैं, तो कर्म–बंधनके अभावसे ज्ञानीजन परमसुखी होवें, इसमें अचम्भा क्या है। इसलिये केवलज्ञानादि अनंत गुणसे तन्मयी अनन्त सुखका कारण मोक्ष ही आदरने योग्य है, इस कारण ज्ञानी पुरुष विशेषतासे मोक्षको ही इच्छते हैं।।५८।।

---

હવે, તે જ મોક્ષ સુખનો દેનાર છે એમ દૃષ્ટાન્ત દ્વારા દૃઢ કરે છે :

ભાવાર્થ : મોક્ષ તે સુખનું કારણ છે એવા હેતુથી બંધનથી બંધાયેલ પશુઓ પણ મોક્ષને (છૂટકારાને) ઇચ્છે છે, તેથી (એમ સમજાય છે કે) મોક્ષ કેવળજ્ઞાનાદિ અનંતગુણોની સાથે અવિનાભાવી એવા, ઉપાદેયરૂપ અનંતસુખનું કારણ છે; માટે જ્ઞાનીઓ વિશેષપણે મોક્ષને ઇચ્છે છે. ૫.

---

## ગાથા-૫ ઉપર પ્રવચન

**'આગે મોક્ષ અનંત સુખ દેનેવાલા હૈ, ઈસકો દૃષ્ટાંતકે દ્વારા દૃઢ કરતે હૈં–'** જુઓ! હવે દૃષ્ટાંત આપે છે. આહાહા..! પાંચમી ગાથા.

**१३१) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**
**तो किं इच्छहिं बंधणहिं बद्धा पसुय वि सोइ।।५।।**

આહાહા..! આચાર્ય દાખલો આપે છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ છે. સંત વનવાસી. દિગંબર સંતો તો વનમાં જ રહેતા હતા. સમજાય છે કાંઈ? શ્વેતાંબર પંથ તો પછી નીકળેલો છે એમાંથી. એ કાંઈ જૈનદર્શન નથી. ઝીણી વાત છે. દિગંબર મુનિઓ તો જંગલમાં વસતા.

આનંદમાં... આનંદમાં... આનંદમાં... આ 'યોગીન્દ્રદેવ' જંગલમાં વસતા હતા. એમાં આ શ્લોકો બનાવી દીધા છે. એણે મોક્ષનું દૃષ્ટાંત આપતા એટલી સાદી વાત કરી નાખી છે, જુઓ! આહાહા..!

**અન્વયાર્થ :- 'જો મોક્ષ ઉત્તમ સુખકો ન દેવે તો...'** જો મોક્ષ એટલે આત્માની પરમ આનંદદશા એ '**સુખકો ન દેવે તો ઉત્તમ નહીં હોવે...**' આહાહા..! '**ઔર જો મોક્ષ ઉત્તમ હી ન હોવે તો બંધનોંસે બંધે પશુ ભી ઉસ મોક્ષકી હી ક્યોં ઇચ્છા કરેં?**' શું કહે છે? આહાહા..! પશુને પણ બંધનમાં નાખ્યો હોય છે, ખીલે બાંધ્યો છે તો એ છૂટવાની ઇચ્છા કરે છે. ખીલે બાંધ્યો હોય ને? પશુને ખીલે દોરડેથી બાંધ્યો. એને સાંજે લઈ જાય ને પાણી પીવા બહાર? હવે તો નળ થયા એટલે. નહિતર તો ગામડામાં છોડીને બહાર લઈ જાય. એ વખતે બંધનથી છૂટે ત્યારે ખુશી ખુશી થઈ જાય. કૂદે-કૂદે. એલા! પશુ પણ બંધનથી છૂટે ને ખુશી થાય છે અને તને બંધનથી છૂટવામાં મોક્ષનો આનંદ દેખાતો નથી. પશુ પણ બંધનથી છૂટે તો રાજી થાય, કૂદે અંદર. ત્રેવીસ કલાકના બાંધ્યા હોય ને. સાંજે પાણી પાવા બહાર લઈ જાય ગામડામાં તો. કૂદતા-કૂદતા જાય. ત્રેવીસ કલાક બાંધી રાખ્યા હોય ત્યાં. ખીલે. એલા! ખીલે બાંધેલા પશુ છૂટવાની ભાવના કરે અને બંધનથી છૂટવાની તું ભાવના ન કર, તું પશુમાંથી જાઈશ, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- એને બંધનમાં ખુશી થાય છે.

ઉત્તર :- ઓલો બંધનથી છૂટવા માગે છે અને તું બંધનમાં ખુશી થાય છો. આ શું દશા છે તારી? આ એમ કહે છે. પુણ્યભાવ એ બંધનનું કારણ છે. એ તો પશુ પણ બંધનથી છૂટવા માગે અને તું બંધનથી છૂટવા ન માગતા બંધનભાવમાં રાજી થા છો. ભાઈ! તું પશુમાંથી જા છો. બીજું શું કહે? કાંઈ લાકડી મારે? ભાઈ શેઠ! આહાહા..! પ્રભુ! તારી દયા કરે છે, હોં! આહાહા..! પશુ બંધનમાં પડ્યા છૂટતા રાજી થાય, કૂદે. તને બંધનના પ્રેમમાં પડ્યો તને બંધનથી છૂટવામાં રાજીપો ન થાય.. આહાહા..! તું પશુમાંથી જા છો, ભાઈ! કહો, 'પોપટભાઈ'! આહા..! આવી વાત છે.

અહીં તો હવે શહેરમાં તો નળ હોય ત્યાં પાણી પીવડાવે. ગામડામાં તો સાંજે બધા ઢોરને પાણી પાવા માટે બહાર કાઢે. કૂવો હોય ને મોટો? તો આમ કૂદતા કૂદતા હોંશથી જાય. કારણ કે પાછા હમણા બાંધશે. આહાહા..! એલા! પશુ ત્રેવીસ કલાકના બંધાયેલા એક કલાક ફરવાનું બહારનું છૂટવાનું મળે એમાં એ રાજી થાય, તું અનાદિથી પુણ્ય અને પાપના બંધનમાં પડ્યો, એને છૂટવાની વાતું કરીને રાજી ન થા અને બંધનમાં રાજી થા, ભાઈ! તું પશુમાંથી જાઈશ. બરાબર છે, ભાઈ! દુનિયા રાજી થાય, ન થાય એ અહીં વાત નથી. આહાહા..!

દાખલો કેવો આપ્યો છે, જુઓને! આ બકરા હોય, લ્યોને. ઢોર હોય ભેશું, પાડા બાંધ્યા હોય બિચારાને. ત્યાંને ત્યાં બેસે. ખસી ન શકે. એ ગમાણ હોય ગમાણમાં ત્યાં મોઢા રાખીને બેસે. સાંજે પાણી પાવા છોડે ને. બંધન છોડીને કૂદી કૂદીને બહાર આવે.

આહાહા..! સમજાણું કાંઈ? આહા..! દાખલો એવો આપ્યો છે અહીં. બીજો દાખલો બીજે એવો આપ્યો છે કે ઢોર છે એ ઘરમાં આવે ત્યારે બારણા બંધ હોય તો માથા મારે. ખોલ-ખોલ ઘરમાં આવવું છે. ત્યાં એ દાખલો આપ્યો છે. આ ઢોર હોય છે ને, બહાર લઈ ગયા હોય. સવારથી બહાર ફરતા હોય ને? સાંજે ઘરે આવે અને ક્યારે આવે ખબર ન હોય તો ઘરના બારણા બંધ હોય, ડેલો બંધ હોય તો માથુ મારે. ખોલ-ખોલ ઘરમાં આવવું છે. એમ જેને બંધનમાંથી નીકળીને ઘરમાં આવવું છે (એ) માથા મારે તોડે અંદર, રાગને તોડીને અંદરમાં જાય. ... એ દાખલો આપ્યો છે. આચાર્યોએ અનેક પ્રકારના દૃષ્ટાંત આપીને (ઘણી વાતો કહી છે). આહાહા..!

**ભાવાર્થ :- 'બંધન કે સમાન કોઈ દુઃખ નહીં હૈ, ઔર છૂટને કે સમાન કોઈ સુખ નહીં હૈ,...'** બહુ ટૂંકી વાત કરી. **'બંધન કે સમાન કોઈ દુઃખ નહીં હૈ, ઔર છૂટને કે સમાન કોઈ સુખ નહીં હૈ,...'** એનો અર્થ એ થયો કે પુણ્યબંધન સિવાય કોઈ દુઃખ નહિ અને એનાથી છૂટવા સિવાય કોઈ સુખ નહિ. આહાહા..! એમ થયું કે નહિ? આહાહા..! ભાઈ! તને કઠણ પડે પણ માર્ગ તો નાથ! તારો આવો છે. બીજી રીતે કરશે તો સંસારમાં રખડવું થશે, ભાઈ! આંખ મીંચીને ચોર્યાસીના અવતારમાં ચાલ્યો જશે. આહાહા..! જેમ પવનનો વા વાય અને તણખલા ઊડીને ક્યાં જાય? અરે..! તને જો સ્વભાવની દૃષ્ટિ અને સ્વભાવનું મહાત્મ્ય ન આવ્યું અને પુણ્ય આદિના ભાવના મહાત્મ્ય આવ્યા, એ ઊડીને પ્રભુ ચોર્યાસીના અવતારમાં તણખલું તારું ક્યાં પડશે? ક્યાં જઈને પડીશ તું? આહાહા..!

**નબંધનકે સમાન કોઈ દુઃખ નહીં હૈ, ઔર છૂટને કે સમાન કોઈ સુખ નહીં હૈ, બંધનસે બંધે જાનવર ભી છૂટના ચાહતે હૈં,...'** આહાહા..! **'બંધનસે બંધે જાનવર ભી છૂટના ચાહતે હૈં, ઔર જબ વે છૂટતે હૈં, તબ સુખી હોતે હૈં.'** રાજી થાય છે. **'ઈસ સામાન્ય બંધનકે અભાવસે હી પશુ સુખી હોતે હૈં,...'** સામાન્ય બંધનનો ભાવ એનાથી છૂટે તો રાજી થા, તો કોઈ **'તો કર્મ-બંધનકે અભાવસે જ્ઞાનીજન પરમસુખી હોવેં, ઈસમેં અચંભા ક્યા હૈ.'** આહાહા..! રાગના બંધનથી છૂટીને અબંધસ્વરૂપ ભગવાનઆત્મા, એની દૃષ્ટિ કરે તો એના જેવું સુખ છે ક્યાં બીજે? સમજાય છે કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, આસો સુદ ૧૪, બુધવાર
## તા. ૦૩-૧૦-૧૯૭૬, ગાથા-૫, ૬, પ્રવચન નં. ૯૭

'પરમાત્મપ્રકાશ'. પાંચ ગાથા થઈ ગઈ ને? પાછળના થોડા શબ્દ બાકી રહ્યા. નહિ? પાંચમી ગાથા. બીજો અધિકાર. બે-ત્રણ લીટી રહી છે.

**'બંધનસે બંધે જાનવર ભી છૂટના ચાહતે હૈં,...'** પશુને ખીલે બાંધે છે એમાંથી એ છૂટવા ચાહે છે. જ્યારે છૂટે છે ત્યારે રાજી થાય છે. તો પશુ પણ બંધનથી છૂટવામાં રાજી થાય, **'ઈસ સામાન્ય બંધનકે અભાવસે હી પશુ સુખી હોતે હૈં, તો કર્મ-બંધનકે અભાવસે જ્ઞાનીજન પરમસુખી હોવેં, ઈસમેં અચંભા ક્યા હૈ.'** આહાહા..! રાગાદિ બંધનથી છૂટવાથી આત્મામાં આનંદ થાય છે. એ આનંદની અભિલાષા કેમ ન હોય? બંધનથી છૂટવાની વાત છે. આહાહા..! ચાહે તો એ વ્યવહારરત્નત્રય રાગાદિ નિમિત્ત તરીકે સાધન કહેશે, પણ એ પણ બંધન છે. એ બંધનથી છૂટવું. પશુ પણ બંધનથી છૂટવાથી રાજી થાય છે. તો ધર્માત્મા બંધનથી છૂટીને મોક્ષની અભિલાષા કેમ ન કરે? સમજાય છે કાંઈ? આહાહા..! આ મોક્ષની વ્યાખ્યા ચાલે છે.

આ અધિકારમાં ત્રણ અધિકાર છે. મોક્ષ, મોક્ષનું ફળ, મોક્ષનું કારણ. ત્રણમાં મોક્ષ અધિકાર ચાલે છે. પછી મોક્ષનું ફળ કહેશે, પછી મોક્ષનો અધિકાર કારણ, મોક્ષનું કારણ એ ત્રણ અધિકાર આ અધિકારમાં છે. આ મોક્ષ અધિકાર ચાલે છે. આહાહા..! કહે છે, કર્મબંધનથી રાગનું બંધન. કર્મબંધન કહો કે રાગનુ બંધન કહો. આહાહા..! એ બંધનથી છૂટવું એવી મોક્ષની અભિલાષા ધર્મીને કેમ ન હોય? પશુ બંધનથી છૂટીને રાજી થાય, તો ધર્માત્મા રાગના બંધનથી છૂટીને સુખી થાય, એ તો બરાબર છે.

**'પરમસુખી હોવેં, ઈસમેં અચંભા ક્યા હૈ.'** એમાં વિશેષતા શું છે? પરમ આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય પરમ આનંદસ્વરૂપ આત્મા તો છે. અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય શાંતિ નામ ચારિત્ર એટલે શાંતિ, એ સ્વરૂપ જ આત્મા છે. આહાહા..! એનો અનુભવ કરીને બંધનથી છૂટવાનું કોણ ન ઈચ્છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? અહીં તો મોક્ષની વાત છે. સંસારના બંધનથી છૂટવું. મોક્ષ શબ્દ છે ખરો ને? એટલે ત્યાં છૂટવાની અપેક્ષા લીધી છે. મોક્ષ એટલે બંધનથી છૂટવું. એમ. આહાહા..! વ્યવહારરત્નત્રયને સાધન તરીકે કહેશે આગળ, પણ એ તો નિમિત્ત તરીકેનું જ્ઞાન કરાવવા છે. ખરેખર તો એ વ્યવહારરત્નત્રય બંધન છે. આહાહા..! એનાથી છૂટવાની અભિલાષા ધર્માત્માને કેમ ન હોય? એમ કહે છે.

**'ઈસલિયે કેવલજ્ઞાનાદિ અનંતગુણસે તન્મયી...'** આહાહા..! મોક્ષ એટલે પર્યાયમાં અનંત કેવળજ્ઞાન. પર્યાયમાં, હોં! શક્તિમાં તો ત્રિકાળ છે. વર્તમાન દશામાં કેવળજ્ઞાન,

કેવળદર્શન, અનંતઆનંદ, અનંતપ્રભુતા, અનંતશાંતિ એ અનંતગુણથી તન્મય આત્મા છે. આહાહા..! એ અનંતગુણથી તન્મય અનંતસુખનું કારણ '**મોક્ષ હી આદરને યોગ્ય હૈ,...**' આહાહા..! અનંતગુણથી તન્મય એવું જે અનંતસુખનું કારણ મોક્ષ, એ જીવને આદરવાલાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આદરવા લાયક તો ધ્રુવ કહેવાય. મોક્ષ તો પર્યાય છે.

ઉત્તર :- અહીં તો પર્યાય પ્રગટ કરી છે એ આદરવાલાયક છે એમ કહેવું છે. સાધ્ય જે કેવળ છે ને? ધ્યેય છે એ દ્રવ્ય છે. વસ્તુ જે છે અનંતગુણનો પિંડ એ તો ધ્યેય છે અને ધ્યેયનું સાધન કરીને સાધ્ય તો સિદ્ધપદ છે. સમજાય છે કાંઈ? ધ્યેય તો વસ્તુ છે. ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ જ ઉપાદેય-આદરણીય છે. પણ એ આદરણીય કરીને જે સાધકભાવ પ્રગટ થયો-નિશ્ચયમોક્ષમાર્ગ, પણ એનું સાધ્ય તો સિદ્ધ છે. પ્રગટ કરવાની દશા તો સિદ્ધ છે. એથી એ સિદ્ધદશાને આદરણીય અહીંયાં કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ ભારે આ તો. આહાહા..! લોકો તો આમ બહારથી આ કરીએ ને. આ વ્રત ને નિયમ ને અપવાસ ને આ ને.. એ બધાથી નિશ્ચય થશે. એવું અનાદિનું શલ્ય છે. મિથ્યાશલ્ય છે. 'રતનલાલજી'! માર્ગ આવો છે, ભાઈ!

એવો જે મોક્ષ એટલે? કેવળજ્ઞાન. પ્રગટ અવસ્થાની વાત છે. જેની પર્યાય-અવસ્થામાં ઝળહળ જ્યોતિ ત્રણકાળ ત્રણલોકને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. પણ એની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જાણવાની પર્યાય પોતાથી પોતામાં પ્રગટેલી છે. એવું જે કેવળજ્ઞાન, એવો કેવળઆનંદ, પર્યાયમાં, હોં! પૂર્ણ આનંદ. પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય-પુરુષાર્થ એવું જે અનંતગુણથી તન્મય... આહાહા..! સુખ. આત્માનું સુખ આવા અનંતગુણથી તન્મય છે. આહાહા..! એકમેક છે એમ કહે છે. આવી વાત આકરી પડે માણસને. આ વ્યવહાર કરો ને આ કરો ને આ કરો. વ્યવહારથી ન થાય તો એકાંત છે એમ માને છે. વ્યવહારથી થાય એ તો નિમિત્તના કથન છે. વસ્તુ તો અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણ શક્તિ એટલે સામર્થ્ય, જ્ઞાન-દર્શન-આનંદના સામર્થ્યથી ભરેલો પદાર્થ છે. આહાહા..! એનું જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષનું કારણ અને એનું સાધ્ય સિદ્ધ. એ સિદ્ધની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે કેવલજ્ઞાનાદિ અનંતગુણસે તન્મય...**' એટલે અવિનાભાવી. '**અનંત સુખકા કારણ મોક્ષ હી આદરને યોગ્ય હૈ,...**' આહાહા..! એટલે કે પ્રગટ કરવાલાયક છે. આહાહા..! '**ઈસ કારણ જ્ઞાની પુરુષ...**' ધર્માત્મા '**વિશેષતાસે મોક્ષકો હી ઈચ્છતે હૈં.**' વિશેષતા એટલે? ખાસ કરીને મોક્ષની જ અભિલાષા એને છે. સમજાય છે કાંઈ? એને વ્યવહારરત્નત્રય અને રાગની પણ અભિલાષા નથી. વાત એમ છે. માટે ધર્માત્મા-જ્ઞાની એટલે જેને ધર્મ પ્રગટ કરવો છે અને મોક્ષ કરવો છે તે, ખાસ મોક્ષને જ ઈચ્છે છે. વિશેષતા એટલે ખાસ. વિશેષતા એટલે કોઈ સામાન્ય એટલે બીજાને ઈચ્છે અને વિશેષ એટલે મોક્ષને ઈચ્છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

જેમ પશુ બંધનથી છૂટવાને ઇચ્છે છે એ સામાન્ય રીતે જગતની શૈલી છે. તો આ ભગવાનઆત્મા બંધનથી છૂટવાનો જ અભિલાષી છે. એટલે કે મોક્ષનો જ આદર કરનારો છે એમ. બંધનથી છૂટવું એટલે મોક્ષનું પ્રગટ થવું. આહાહા..! હવે એ વાત જ હજી પકડતા કઠણ પડે. અને એની હા પાડતા કઠણ પડે કે માર્ગ આ છે. આહાહા..! અરે..! અનંતકાળથી ભાઈ! અનંતસુખના સાગરથી વિરૂદ્ધ પુણ્ય અને પાપના પરિણામમાં પચ્યો છે ઈ. એ દુઃખી છે. એ અનાકુળ આનંદથી વિપરીત ભાવ એવો પુણ્ય અને પાપનો ભાવ એ દુઃખરૂપ છે. ભવિષ્યમાં દુઃખનો દેનાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને પરમાનંદ પ્રભુ, જેની શક્તિ એટલે સામર્થ્ય, જેની શક્તિ એટલે સામર્થ્ય અનંતજ્ઞાન-દર્શન-આનંદ જેની શક્તિ છે. એનો સ્વભાવ. ભગવાનઆત્માનું સામર્થ્ય. સામર્થ્ય એટલે શક્તિ એટલે કે એનું સત્ત્વ જે છે એ અનંતજ્ઞાન-દર્શન-આનંદવાળું સામર્થ્યવાળું તત્ત્વ છે ઈ. વસ્તુ, હોં! આહાહા..! એવા શક્તિની સામર્થ્યતાને સ્વરૂપ સન્મુખ થઈને જે પ્રગટ સિદ્ધપદ કરે એવા જીવને તો મોક્ષ જ આદરણીય છે, કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ પાંચમી ગાથા થઈ.

પશુનો દાખલો આપ્યો. આહાહા..! બકરા, ઢોર, પાડા, નાના બચ્ચા, વાછડા, ભેંસુ એ પણ ત્રેવીસ કલાક ઘરમાં ખીલે બંધાયેલા હોય છે. એ તો હવે (નળ થઈ ગયા). ગામડામાં તો એને સાંજે છોડે. ગામડામાં ત્રેવીસ કલાકના બંધાયેલા હોય એને પાણી પાવા બહાર લઈ જાય. કૂવામાં અવેડામાં બહાર લઈ જાય. છૂટે ત્યારે આમ કૂદી-કૂદીને જાય. રાજી થાય. આહાહા..! 'રતનલાલજી'! અરે..! પશુ બંધનથી છૂટે અને રાજી થાય, પ્રભુ! તું બંધનથી છૂટીને મોક્ષનો અભિલાષ ન કર. અરે..! સમજાણું કાંઈ? આહાહા..!

આચાર્ય 'યોગીન્દ્ર' દિગંબર સંતોએ જગતને કરુણા કરીને... આહાહા..! કેવા વાક્ય છે, જુઓને! દિગંબર સંતો મોક્ષના માર્ગમાં આનંદમાં ઝુલનારા, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા છે આ. એમાં એનો નિષેધ કરીને પ્રમત્ત-અપ્રમત્ત નથી અમે તો જ્ઞાયક છીએ. આહાહા..! છઠ્ઠી-સાતમી ભૂમિકા જેને પ્રગટ થઈ છે. અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશાનો (પ્રગટ થયો છે). આહાહા..! એ એમ કહે છે કે એ પ્રમત-અપ્રમત્ત દશા પણ અમે નહિ, હોં! અમે તો જ્ઞાયક આનંદનો કંદ પ્રભુ સુખકંદ (છીએ). ઓલું નથી આવતું? ત્યાં આવે છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. 'અપને ઘરમેં કબહુ ન આયા. નિજઘરમેં કબહુ ન આયા, પરઘર ભમત અનેક નામ ધરાયા.' હું પુણ્યવંત છું ને પાપી છું ને મનુષ્ય છું ને દેવ છું, અરે..! પ્રભુ! એ તું ક્યાં છો, ભાઈ! આહાહા..! તારો પ્રભુ તો આનંદનો સાગર છે ને. એના ઘરમાં તું કદી ન આવ્યો પ્રભુ તું. આહાહા..!

એ કાલે કહ્યું હતું ને? ઢોર આખો દિ' બહાર ફરતા હોય છે. બહાર લઈ જાય છે ને? એ સાંજે આવે તો એ ઘરનું બારણું બંધ હોય. એને ખબર ન હોય માણસને કે હમણા અત્યારે આવશે આ ગાયું. એટલે બંધ રાખ્યું હોય અમથું. એ ગાયું આવે અને માથું મારે. બારણા બંધ હોય ને. ઘરમાં જાવું છે ને? માથું મારીને બારણું ઉઘાડો-ઉઘાડો એમ કહે. એમ

કહે છે કે જેને ઘરમાં જાવું છે ને... આહાહા..! ચોર્યાશી લાખમાં રખડતો પ્રાણી પરિભ્રમણમાં દુઃખી થયેલો, થાકેલો, એને હવે નિજઘરમાં જાવું છે. એ જોરથી પુરુષાર્થથી અંદરમાં પ્રવેશ કરવા માગે છે, એમ કહે છે. 'તારાચંદજી'! આવી વાતું છે, ભગવાન! આહાહા..! પ્રભુ! શું થાય? માર્ગ તો આ છે, ભાઈ! બીજી રીતે માનીને મનાવે, પ્રભુ! તને નહિ ફળ આવે. આહાહા..!

આ તો પ્રભુ તારી દયાની વાત છે. તારી જીવતી જ્યોત છે તેને સ્વીકાર તો જીવતો કહેવાય. જીવતી જ્યોતનો સ્વીકાર નહિ અને રાગનો અને અલ્પ જ્ઞાનનો સ્વીકાર. આહાહા..! એ પૂર્ણાનંદનું જીવન ટકતા તત્ત્વનો અનાદર કરીને હિંસા કરે છે. 'બાબુભાઈ'! આહાહા..! પ્રભુ! આમ છે. દુનિયા રાજી થાય બહારથી વ્યવહારથી, ભાઈ! એમાં એનું દુઃખ નહિ ટળે. આહાહા..!

'**જ્ઞાનીપુરુષ વિશેષતાસે મોક્ષકો હી ઇચ્છતે હૈં.**' આહાહા..! પાઠ છે, હોં! '**ज्ञानिनो विशेषेण मोक्षमिच्छन्ति**' સંસ્કૃતમાં છે. '**ज्ञानिनो विशेषे**' વિશેષ એટલે ખાસ. વિશેષ એટલે સામાન્ય રીતે બીજું અને વિશેષ રીતે આ, એમ નહિ. આહાહા..! ધર્માત્મા તો મોક્ષને જ ઇચ્છે છે. આહાહા..! એ પુણ્યને અને પુણ્યના ફળને ઇચ્છતો નથી. સમજાય છે કાંઈ? એ પાંચમી ગાથા (પૂરી થઈ).

---

**अथ यदि तस्य मोक्षस्याधिकगुणगणो न भवति तर्हि लोको निजमस्तकस्योपरि तं किमर्थं धरतीति निरूपयति –**

**१३२) अणु जइ जगहँ वि अहिययरु गुण–गणु तासु ण होइ।**
**तो तइलोउ वि किं धरइ णिय–सिर–उप्परि सोइ।।६।।**

**अन्यद् यदि जगतोऽपि अधिकतरः गुणगणः तस्य न भवति।**
**ततः त्रिलोकऽपि किं धरति निजशिर उपरि तमेव।।६।।**

**अणु इत्यादि। अणु पुनः जइ यदि चेत् जगहँ वि जगतोऽपि सकाशात् अहिययरु अतिशयेनाधिकः अधिकतरः। कोऽसौ। गुण–गुणु गुणगणः तासु तस्य मोक्षस्य ण होइ न भवति। तो ततः कारणात् तइलोउ वि त्रिलोकोऽपि कर्ता। किं धरइ किमर्थं धरति। कस्मिन्। णिय–सिर–उप्परि निजशिरसि उपरि। किं धरइ किं धरति। सोइ तमेव मोक्षमिति। तद्यथा। यदि तस्य मोक्षस्य पूर्वोक्तः सम्यक्त्वादिगुणगणो न भवति तर्हि लोकः कर्ता निजमस्तकस्योपरि तत्किं धरतीति। अत्रानेन गुणगणस्थापनेन किं कृतं भवति, बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्न–धर्माधर्मसंस्काराभिधानानां नवानां गुणानामभावं मोक्षं मन्यन्ते ये वृद्धवैशेषिकास्ते निषिद्धाः। ये च प्रदीपनिर्वाणवज्जीवाभावं मोक्षं मन्यते सोगतास्ते च निरस्ताः। यच्चोक्त सांख्यैः सुप्तावस्थावत् सुखज्ञानरहितो मोक्षस्तदपि निरस्तम्। लोकाग्रे तिष्ठतीति वचनेन तु मण्डिकसंज्ञा**

नैयायिकमतान्तर्गता यत्रैव मुक्तस्तत्रैव तिष्ठतीति वदन्ति तेऽपि निरस्ता इति। जैनमते पुनरिन्द्रियजनितज्ञानसुखस्याभावे न चातीन्द्रियज्ञानसुखस्येति कर्मजनितेन्द्रियादिदशप्राण-सहितस्याशुद्धजीवस्याभावेन न पुनः शुद्धजीवस्येति भावार्थः ॥६॥

आगे बतलाते हैं – जो मोक्षमें अधिक गुणोंका समूह नहीं होता, तो मोक्षको तीन लोक अपने मस्तक पर क्यों रखता ?

गाथा – ६

अन्वयार्थ :– [ अन्यद् ] फिर [ यदि ] जो [ जगतः अपि ] सब लोकसे भी [ अधिकतरः ] बहुत ज्यादः [ गुणगणः ] गुणोंका समूह [ तस्य ] उस मोक्षमें [ न भवति ] नहीं होता, [ ततः ] तो [ त्रिलोकः अपि ] तीनों ही लोक [ निजशिरसि ] अपने मस्तकके [ उपरि ] ऊपर [ तमेव ] उसी मोक्षको [ किं धरति ] क्यों रखते ?

भावार्थ :– मोक्ष लोकके शिखर (अग्रभाग) पर है, सो सब लोकोंसे मोक्षमें बहुत ज्यादा गुण हैं, इसीलिये उसको लोक अपने सिर पर रखता है। कोई किसीको अपने सिरपर रखता है, वह अपनेसे अधिक गुणवाला जानकर ही रखता है। यदि क्षायिक सम्यक्त्व केवलदर्शनादि अनंत गुण मोक्षमें न होते, तो मोक्ष सबके सिर पर न होता, मोक्षके ऊपर अन्य कोई स्थान नहीं हैं, सबके ऊपर मोक्ष ही है, और मोक्षके आगे अनंत अलोक है, वह शून्य है, वहाँ कोई स्थान नहीं हैं। वह अनंत अलोक भी सिद्धोंके ज्ञानमें भास रहा है। यहाँ पर मोक्षमें अनंत गुणोंके स्थापन करनेसे मिथ्यादृष्टियोंका खंडन किया। कोई मिथ्यादृष्टि वैशेषिकादि ऐसा कहते हैं, कि जो बुद्धि, सुख, दुःख, इच्छा, द्वेष, प्रयत्न, धर्म, अधर्म, संस्कार इन नव गुणोंके अभावरूप मोक्ष है, उनका निषेध किया, क्योंकि इन्द्रियजनित बुद्धिका तो अभाव है, परंतु केवल बुद्धि अर्थात् केवलज्ञानका अभाव नहीं है, इन्द्रियोंसे उत्पन्न सुखका अभाव है, लेकिन अतीन्द्रिय सुखकी पूर्णता है, दुःख, इच्छा, द्वेष, यत्न इन विभावरूप गुणोंका तो अभाव ही है, केवलरूप परिणमन है, व्यवहार-धर्मका अभाव ही है, और वस्तुका स्वभावरूप धर्म वह ही है, अधर्मका तो अभाव ठीक ही है, और परद्रव्यरूपसंस्कार सर्वथा नहीं है, स्वभाव-संस्कार ही है। जो मूढ़ इन गुणोंका अभाव मानते हैं, वे वृथा बकते हैं, मोक्ष तो अनंत गुणरूप है। इस तरह निर्गुणवादियोंका निषेध किया। तथा बौद्धमती जीवके अभावको मोक्ष कहते हैं। वे मोक्ष ऐसा मानते हैं कि जैसे दीपकका निर्वाण (बुझना) उसी तरह जीवका अभाव वही मोक्ष है। ऐसी बौद्धकी श्रद्धाका भी तिरस्कार किया। क्योंकि जो जीवका ही अभाव हो गया, तो मोक्ष किसको हुआ? जीवका शुद्ध होना वह मोक्ष है, अभाव कहना वृथा है। सांख्यदर्शनवाले ऐसा कहते हैं कि जो एकदम सोनेकी अवस्था है, वही मोक्ष है, जिस जगह न सुख है, न ज्ञान है, ऐसी प्रतीतिका निवारण किया। नैयायिक ऐसा कहते हैं कि जहाँसे मुक्त हुआ वहीं पर ही तिष्ठता है,

ऊपरको गमन नहीं करता। ऐसे नैयायिकके कथनका लोक–शिखर पर तिष्ठता है, इस वचनसे निषेध किया। जहाँ बंधनसे छूटता है, वहाँ वह नहीं रहता, यह प्रत्यक्ष देखने में आता है, जैसे कैदी कैदसे जब छूटता है, तब बंदीगृहसे छूटकर अपने घरकी तरफ गमन करता है, वह निजघर निर्वाण ही है। जैन–मार्गमें तो इन्द्रियजनितज्ञान जो कि मति, श्रुत, अवधि, मनःपर्यय हैं, उनका अभाव माना है, और अतीन्द्रियरूप जो केवलज्ञान है, वह वस्तुका स्वभाव है, उसका अभाव आत्मामें नहीं हो सकता। स्पर्श, रस, गंध, रूप, शब्द इन पाँच इन्द्रिय विषयोंकर उत्पन्न हुए सुखका तो अभाव ही है, लेकिन अतीन्द्रिय सुख जो निराकुल परमानंद है, उसका अभाव नहीं है, कर्मजनित जो इन्द्रियादि दस प्राण अर्थात् पाँच इन्द्रियाँ, मन, वचन, काय, आयु, श्वासोच्छ्वास इन दस प्राणोंका भी अभाव है, ज्ञानादि निज प्राणोंका अभाव नहीं है। जीवकी अशुद्धताका अभाव है, शुद्धपनेका अभाव नहीं, यह निश्चयसे जानना।।६।।

---

હવે, તે મોક્ષમાં અધિક ગુણોનો સમૂહ ન હોત તો ત્રણ લોક તેને પોતાના મસ્તક ઉપર શા માટે રાખે, એમ કહે છે :

ભાવાર્થ : જો તે મોક્ષમાં પૂર્વોક્ત સમ્યક્ત્વાદિ ગુણો ન હોત તો લોક તેને પોતાના મસ્તક ઉપર શા માટે રાખે ?

અહીં, આ ગુણગણની સ્થાપનાથી શું કરવામાં આવ્યું છે? (અહીં, મોક્ષમાં અનંત ગુણોનું સ્થાપન કરવાથી મિથ્યાદષ્ટિઓનું ખંડન કરવામાં આવ્યું છે તે શી રીતે) તે કહે છે :

(૧) બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર નામના નવ ગુણોના અભાવને મોક્ષ વૈશેષિકો માને છે; તેનો નિષેધ કર્યો છે.

(૨) જેમ દીવાનું બુઝાવું તે નિર્વાણ છે તેમ જીવનો અભાવ તે મોક્ષ છે તેમ બૌદ્ધો માને છે, તેનું ખંડન કરવામાં આવ્યું છે.

(૩) સાંખ્યદર્શનવાળા એમ કહે છે કે સુપ્ત–અવસ્થાની સમાન સુખ જ્ઞાનથી રહિત તે મોક્ષ છે, તેનું પણ ખંડન કર્યું છે.

(૪) 'લોકાગ્રે રહે છે' એ વચન વડે 'જીવ જ્યાં મુક્ત થાય છે ત્યાં જ રહે છે' એમ મંડિક નામના નૈયાયિકો કહે છે, તેમનું પણ ખંડન થયું.

વળી, જૈનમતમાં તો (મોક્ષમાં) ઇન્દ્રિયજનિત જ્ઞાન અને સુખનો અભાવ થતાં કાંઈ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખનો અભાવ થતો નથી, અને કર્મજનિત ઇન્દ્રિયાદિ દશ પ્રાણસહિત અશુદ્ધ જીવનો અભાવ થતાં, કાંઈ શુદ્ધ જીવનો અભાવ થતો નથી; એવો ભાવાર્થ છે. ૬.

## ગાથા-૬ ઉપર પ્રવચન

**'આગે બતલાતે હૈં – જો મોક્ષમેં અધિક ગુણોંકા સમૂહ નહીં હોતા, તો મોક્ષકો તીન લોક અપને મસ્તક પર ક્યોં રખતા?'** આહાહા..! સિદ્ધપદ ઉપર છે ને? ચૌદ લોકની ઉપર છે. મસ્તક. ઉત્તમ માણસ પણ સારી ચીજને મસ્તક ઉપર મૂકે. આહાહા..! આ શાસ્ત્ર આદિ આપે ને કોઈને? તો સામો માણસ.. પુસ્તક આપે છે હાથમાં. મસ્તક ઉપર ચડાવે. આહાહા..! એમ કહે છે કે મોક્ષનો અધિક ગુણોનો સમૂહ. આત્માની સિદ્ધપદની પર્યાયમાં, ગુણ શબ્દે પર્યાય છે અહીં. **'અધિક ગુણોંકા સમૂહ નહીં હોતા,...'** આ ગુણ એટલે શક્તિ-સ્વભાવ નહિ. પ્રગટ પર્યાય. એને અહીં ગુણ કહ્યા છે. **'મોક્ષમેં અધિક ગુણોંકા સમૂહ...'** મોક્ષ છે ને? મોક્ષ તો પર્યાય છે. મોક્ષ એ પર્યાય છે, મોક્ષ એ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. આહાહા..! તો કહે છે કે મોક્ષની પર્યાયમાં અધિક ગુણો એ બધા. ગુણ એટલે બધી પર્યાયો. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ... આહાહા..! એનું જો અસ્તિત્વ ન હોય... આહાહા..! મોક્ષમાં અનંતગુણની પર્યાયની અવસ્થાનું અસ્તિત્વ-મોજૂદગી ન હોય તો **'મોક્ષકો તીન લોક અપને મસ્તક પર ક્યોં રખતા?'** આહાહા..! આખા લોક ઉપર ભગવાન બિરાજે છે. સિદ્ધ ભગવાન ઉપર બિરાજે છે. લોકને અગ્રે. આખા લોકના મસ્તક ઉપર છે. આહાહા..! જો એમાં અનંતઆનંદ અને અનંતજ્ઞાન આદિની પર્યાય. ગુણ એટલે પર્યાયો બધા. મોક્ષ જ પોતે પર્યાય છે એટલે એની અનંતગુણની બધી પર્યાયો. અનંત... અનંત... અનંત... અનંત... એ પર્યાયનો સમૂહ જો ન હોય તો જગત (એને માથે કેમ રાખે?). આહાહા..!

સાધકજીવો પણ લોકમાં છે અને બાધક જીવો પણ અનંત જીવો છે. એને મસ્તક ઉપર લે છે. અસંખ્ય સમકિતી તિર્યંચ છે, આત્મજ્ઞાની સાધકજીવ અસંખ્ય. અઢી દ્વિપ બહાર, આત્મઅનુભવી, પંચમ ગુણસ્થાનવાળા... આહાહા..! સિંહ અને વાઘ, મગરમચ્છ અને મચ્છ. હજાર હજાર યોજનના મચ્છ, દેહની અવગાહના. આત્મજ્ઞાની છે. આહાહા..! પંચમ ગુણસ્થાનની જેને શાંતિ... શાંતિ... શાંતિ... પ્રગટી છે. એવા અસંખ્ય જીવો સમકિતી અને પંચમ ગુણસ્થાનવાળા. અહીં પણ ઘણા મનુષ્ય અને મનુષ્યણી સાધક જીવો સંખ્યાત્ છે. દેવમાં પણ સમકિતી અસંખ્ય છે. નારકીમાં પણ સમકિતી અસંખ્ય છે. પશુની વાત તો કરી. દેવમાં અસંખ્ય છે. એ બધાને મસ્તક ઉપર સિદ્ધ ભગવાન બિરાજે છે. શિરછત્ર છે ઈ. 'તારાચંદજી'! ઘરનું મોટું માણસ હોય તો કહે છે ને કે અમારા શિરછત્ર છે. અમારા માથા ઉપર એ છે. અમે એને આધારે નભીએ છીએ. કર્તા-હર્તા ઈ છે. 'રતનલાલજી'! 'રતનલાલજી'ને કહે ને ઘરમાં બધા કે અમારા ઘરમાં તો આ છે. અમારા કાકા કર્તા-હર્તા છે અમારા બાપુજી. આહાહા..!

એમ આ ત્રણલોકમાં જીવો મિથ્યાદષ્ટિ, સમકિતી અને શ્રાવક.. આહાહા..! એના મસ્તક ઉપર સિદ્ધ ભગવાન જો અનંતગુણ ન હોય તો મસ્તક ઉપર રાખે કોણ? કહે છે.

'પન્નાલાલજી'! આવી વાતું છે બાપા! અહીં તો. તમારા ઘરની વાતુંથી ફેર. આહાહા..! આચાર્યની વાત તો જુઓ! દિગંબર સંત છે. 'યોગીન્દ્રદેવ' જંગલમાં વસનારા. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે આમ. ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. આનંદમાં સ્થિર થઈ જાય. ક્ષણમાં વિકલ્પ ઊઠે. આહાહા..! એ ઝુલતા-ઝુલતા શાસ્ત્ર લખી નાખ્યા છે. અનુભવદશામાં રમતા રમતા.. આહાહા..! લખતા લખતા પણ સાતમું ગુણસ્થાન આવી જાતું. આહાહા..! વિકલ્પ હોય ત્યાં સુધી તાડપત્ર ઉપર (લખે). ત્યાં, ત્યાં વિકલ્પ છૂટી જાય ક્ષણમાં. છતાં એમ બહારમાં દેખાય નહિ. બહારમાં તો આમ ચાલતું હોય. આહાહા..! એ 'યોગીન્દ્રદેવ' મુનિ મહારાજ. પંચ પરમેષ્ઠીમાં ભળેલા છે. જેને ગણધર નમસ્કાર કરે છે. સાચા મુનિઓ છે. એને ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધરનાર એવા તીર્થંકરના વજીર, દિવાન. તીર્થંકર એ રાજા, ગણધર એના દિવાન-વજીર, એ કહે છે કે નમો લોએ સવ્વ આઈરિયાણં. નમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં. નમો લોએ સવ્વ સાહુણં. આહાહા..! એ સાધુપદ કેવડું હશે? કે જેને ગણધરનો નમસ્કાર પહોંચે! સમજાય છે કાંઈ? એ ગણધરનો નમસ્કાર પહોંચે એ 'યોગીન્દ્રદેવ' આ શ્લોક રચે છે. અહીં તો એ કહેવું છે.

આ વાણી અમૃત છે. વીતરાગની, ગણધરને જેના નમસ્કાર પહોંચે. યોગીન્દ્ર સંત મુનિ આચાર્ય છે. આહાહા..! બાહ્યમાં નગ્ન છે, અંદરમાં જરી છઠ્ઠે આવે ત્યારે પંચમહાવ્રતાદિનો વિકલ્પ હોય છે. તરત ને તરત અંદર ઉતરી જાય છે, ક્ષણમાં. અતીન્દ્રિય આનંદમાં અપ્રમત્તદશામાં. ત્યારે હું સાધક છું એ પણ એને ખબર નથી. આહાહા..! અને મુનિને દશા એવી હોય છે, સાચા સંતની. પોણી સેકન્ડની અંદર જેને નિંદ્રા આવે. ચોવીસ કલાકમાં રાત્રીના પાછલા ભાગમાં એક આસને આમ હોય તો પડખું ફેરવે નહિ. પડખું સમજ્યા? કરવટ ન ફેરવે. આમ હોય તો આમ નહિ. આહાહા..! દશા તો જુઓ! જેને એક પડખે રહીને પોણી સેકન્ડમાં નિંદ્રા આવી જાય. તરત સાતમું ગુણસ્થાન આવે. આહાહા..! એવી દશાવંત આ શ્લોક રચે છે. સમજાય છે કાંઈ? એ આ 'પરમાત્મપ્રકાશ'ની રચના આવા સંતે કરી છે. આહાહા..!

કહે છે, મોક્ષમાં અધિક ગુણોનો સમૂહ ન હોય, એ ગુણ શબ્દે પર્યાય છે, પણ એમ વળગે કે ગુણો કીધા છે ને? ગુણો તો ત્રિકાળ હોય છે. ભગવાન વસ્તુ છે ને વસ્તુ પદાર્થ તત્ત્વ, એની જે શક્તિ છે જ્ઞાન-દર્શન-આનંદ એ ગુણ છે એ તો ત્રિકાળ છે. પણ આ તો પ્રગટ થયેલી પર્યાયને ગુણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આ હંમેશા સ્વાધ્યાય કરવી જોઈએ. એય.! 'પન્નાલાલજી'! ઓલા ચોપડા ફેરવો છો ને તમારા બધા પૈસાના આખો દિ'. 'રતનલાલજી'! કલાક, બે કલાક બરાબર લેવા જોઈએ. સ્વાધ્યાય કરવી જોઈએ. ભાઈ તો હા પાડે છે. આહાહા..! પાપના ચોપડા ફેરવે છે ને આખો દિ'. આહાહા..! જુઓ તો ખરા આચાર્ય... આહાહા..! દિગંબર સંતોએ જગતને ન્યાલ કરી નાખ્યા છે. થઈ ગયું પૂરું? અડધો કલાક હશે. અડધો કલાક. અડધા કલાકનું છે? ઠીક! આહાહા..! અડધો કલાક થઈ ગયો.

અરે..! મોક્ષમાં અધિક અનંત ગુણની પર્યાય, અરે..! એના અસ્તિત્વનો સ્વીકાર તો

કરે. આહાહા..! મોક્ષની પર્યાયમાં અનંતગુણની પર્યાય પ્રગટ છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... જેટલા ગુણો છે તેટલી પર્યાયો પ્રગટ થઈ છે. અનંત. એમાં અનંતગુણની પર્યાયનો સમૂહ જો મોક્ષમાં ન હોય તો '**મોક્ષકો તીન લોક...**' ત્રણલોક મોક્ષને... આહાહા..! '**અપને મસ્તક પર ક્યોં રખતા**?' આહાહા..! જોકે ત્રણલોકમાં તો કેવળીઓ પણ હોય છે. આ સિદ્ધ તો હજી એથી ઉપર છે. કેવળીને તો હજી ચાર કર્મ બાકી છે ને. શું કહ્યું સમજાય છે કાંઈ?

પહેલા તો સાધક અને બાધકની વાત કરી. એ તો ખ્યાલ એ વખતે હતો હજી. કેવળીઓ પણ છે લોકમાં. લાખો સર્વજ્ઞ પરમેશ્વરો, તીર્થંકરો છે, અરિહંતો છે. પણ એના ઉપર સિદ્ધ છે તો આનાથી પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે, કહે છે. અરિહંતને તો હજી અનંત પર્યાયો એટલી પૂર્ણ છે એ પ્રગટ નથી થઈ. ચાર અઘાતિ બાકી છે ને. ઓહોહો..! શું વાત કરે છે! ત્રણલોક-અધો, મધ્ય અને તિરછો. તિરછા લોકમાં તો કેવળીઓ બિરાજે છે ને. તીર્થંકરો બિરાજે છે ને. અસંખ્ય શ્રાવકો, સમકિતી, તિર્યંચ બિરાજે છે. ઊર્ધ્વમાં સ્વર્ગના અસંખ્ય દેવો સમકિતી છે. અધોમાં નારકી અસંખ્ય સમકિતી છે. એવા ત્રણલોકની ઉપર શિર ઉપર, જેમ મસ્તક ઉપર રાખે એમ. આહાહા..! '**તીન લોક અપને મસ્તક પર ક્યોં રખતા**?' આહાહા..! શું કહ્યું સમજાણું?

મધ્યલોકના તીર્થંકર અને કેવળીથી પણ ઉપર છે ઈ. કારણ કે આને હજી બાકી છે. આહાહા..! ચૈતન્યસૂર્ય અનંતગુણનો પિંડ હતો એ અનંત પર્યાયપણે પ્રગટ થઈ ગયો છે. આહાહા..! ઝળહળ જ્યોતિ જ્ઞાન અને આનંદની દશા, એવા અનંતગુણનો સમૂહ જો ત્યાં ન હોય તો ત્રણલોક મસ્તક ઉપર કેમ રાખે? કહે છે. આહાહા..! આ અલંકાર કર્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- આટલી આટલી આપ પ્રશંસા કરો છો મુનિઓની ...

ઉત્તર :- અરે..! બાપુ! મુનિપણું ભાઈ! ધન્ય મુનિદશા! આહાહા..! મુનિ તો પરમેશ્વર છે, બાપુ! એને કોણ ન માને? પણ મુનિ હોવા જોઈએ ને. એય..! 'રતનલાલજી'! એ બધે હમણા ફરી આવ્યા છે. એણે મહેનત બહુ કરી છે. લાગણી ઘણી એને. બધા શેઠીયાઓ પાસે જઈ આવ્યા અને બધું કર્યું. એ તમે લખ્યું હતું. તમારા ઓલા પત્રમાં. લખ્યું હતું. મને ખબર છે. એણે લખ્યું હતું કે 'રતનલાલજી' આમાં ભાગ બહુ લે છે. એ પરમ દિ' વાંચ્યું હતું. અને પછી આ ભાઈએ કાલે બધી વાત કરી પોણો કલાક. ભાઈએ લખ્યું હતું કે 'રતનલાલજી' આમાં ઘણો ભાગ, ઘણી મહેનત કરે છે. છે ને તમારામાં? ઓલા પત્રો આવ્યા હતા ને? પરમ દિ' આવ્યા હતા એમાં. આહાહા..! પ્રભુ! તું કોણ છો?

અહીં તો મોક્ષની વ્યાખ્યા કરે છે. પછી મોક્ષના ફળની કહેશે અને પછી મોક્ષના માર્ગની કરશે. પણ મોક્ષની વ્યાખ્યા કરતા આ વ્યાખ્યા કરે છે. આહાહા..! જો એ મોક્ષમાં સિદ્ધને અનંતગુણની પર્યાયનો સમૂહ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આહાહા..! આકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણો, એની અનંતી પર્યાયો. ઓહોહો..! આકાશના જે

અનંત પ્રદેશ, આકાશનો ક્યાંય અંત નથી. સર્વવ્યાપક. ક્યાંય અંત નથી, ક્યાંય અંત નથી. અંત હોય તો પછી શું? એ આકાશ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ચાલ્યું જાય છે. એના પ્રદેશની સંખ્યા જે અનંત છે, એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. એટલી જ અનંતી પર્યાય સિદ્ધને પ્રગટ થઈ છે. આ અનંતગુણની વ્યાખ્યા ચાલે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**તો મોક્ષકો તીન લોક અપને મસ્તક પર ક્યોં રખતા?**' છઠ્ઠી ગાથા.

**૧૩૨) अणु जइ जगहँ वि अहिययरु गुण-गणु तासु ण होइ।**
**तो तइलोउ वि किं धरइ णिय-सिर-उप्परि सोइ।।६।।**

આહાહા..! અમૃતના ઝરણા ઝર્યા છે. વાણી પણ અમૃત છે ને! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ.' 'વચનામૃત વીતરાગના..' 'શ્રીમદ્' કહે છે. વચનામૃત. વચનને અમૃત કીધા. 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' ભગવાનની વાણી, સંતોની વાણી, દિગંબર મહાત્માઓની વાણી... આહાહા..! 'વચનામૃત વીતરાગના...' વીતરાગ કહો કે મુનિઓ સંતો વીતરાગ છે બધા. આહાહા..! 'યોગીન્દ્રદેવ' વીતરાગી મુનિ છે. 'પરમશાંત રસ મૂળ' પરમ શાંતિના આપનારા વચનો છે ઈ. આહાહા..! એનું મૂળ એ છે. 'ઔષધ જે ભવરોગના...' ભવરૂપી રોગ. પછી સ્વર્ગનો ભવ હોય તોપણ રોગ છે, કહે છે. આહાહા..! 'ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' વીર્યહીન હીજડા જેવાઓને એ વાણી આકરી પડશે, કહે છે. 'રતનલાલજી'! આ હીજડા હોય છે ને પાવૈયા? પાવૈયા નથી હોતા હીજડા? એને પુત્ર ન હોય. વીર્ય નથી. એને પ્રજા ન હોય. આહાહા..! એમ કાયર જેને આત્મા ત્રિલોકનાથ આવો છે, એ વાત જેને બેસતી નથી અને જેને પુણ્ય અને પાપની વાત બેઠી છે, એવા કાયરો, નપુંસકો, હીજડા જેવાઓને આ વાત નહિ બેસે, કહે છે. એય..! 'પન્નાલાલજી'! અહીં તો આવી વાતું છે. કોરડા પડે એવું છે. પાવૈયાને વીર્ય ન હોય, પ્રજા ન થાય. એમ જેને પુણ્ય અને પાપના પ્રેમના રસીલા પાવૈયાઓ, હીજડાઓ, નપુંસક... આહાહા..! એને આ સમ્યગ્દર્શનની પર્યાયની પ્રજા નહિ થાય. સમજાણું કાંઈ? ઘરે ત્યાં મળે એવું નથી તમારા 'કલકત્તા'માં. 'પન્નાલાલજી'! આવી વાત છે, ભગવાન! ભગવત્ સ્વરૂપ છો ને પ્રભુ તું. આહાહા..! તને તો ભગવાન તરીકે તો આચાર્યો બોલાવે છે ને પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- થોડીકવાર પહેલા તો બીજો શબ્દ વાપર્યો હતો.

ઉત્તર :- એ તો પર્યાયમાં નપુંસક છે એને માટે. વસ્તુ છે એ ભગવાન છે. પર્યાયમાં એની પ્રતીતિ નથી. આહાહા..!

ભગવાન તો ત્યાં સુધી કહે, શુભભાવની રચના કરનારો પણ નપુંસક છે. અરેરે..! આહાહા..! સમજાય છે કાંઈ? જેનું વીર્ય આત્માનું બળ જે અંતર શક્તિમાં પડ્યું છે, એ વીર્ય શુદ્ધતાને રચે. એ વીર્યને વીર્ય કહીએ. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્મળ દશા એ આત્માનું વીર્ય. એ નિર્મળ શુદ્ધ ઉપયોગને રચે તેને વીર્ય કહીએ કે જેમાંથી પ્રજા

વીતરાગી પ્રજા પ્રગટ થઈ. આહાહા..! વીતરાગી સ્વભાવમાંથી વીતરાગી પર્યાય પ્રગટ થઈ. એને વીર્ય પરમાત્મા કહે છે. અશુભની તો વાત શું કરવી પણ શુભમાં જે વીર્ય જાય છે... આહાહા..! એને નપુંસક કહ્યા છે. કેમકે શુભમાંથી શુદ્ધની પર્યાય નહિ પ્રગટે. 'તારાચંદજી'! આવી વાતું છે. ભગવત્! તારી વાત આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- શુભમાં શુદ્ધતા નહિ પ્રગટે.

ઉત્તર :- શુભ તો રાગ છે ને, ભગવાન! શુભ તો વિકાર છે.

'સમયસાર'માં કહ્યું છે. શુભમાં રહ્યા છે એ નપુંસકો છે. એ શુદ્ધમાં જતા નથી અંદર ભગવાનઆત્મામાં. આહાહા..! 'પોપટભાઈ'! આવી વાતું છે આ. સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, એમના સંતો દિગંબર, એની શું વાતું કરવી! આહાહા..! પરમેશ્વર પોતે છે. એ પંચ એ પરમેશ્વર છે. સાધુ હોય ને, સંત સાચા. 'નિયમસાર'માં તો એમ કહ્યું છે કે એને જરી વિકલ્પ છે એટલો જરી ઓછપ છે ભલે. પણ સર્વજ્ઞ વીતરાગ અને એમાં જો ફેર માને એ જડ છે. આહાહા..! 'નિયમસાર'માં શ્લોક છે. મહામુનિ, જેને વીતરાગતા પ્રગટી. સંત તો એને કહીએ. અંતરમાં વીતરાગસ્વરૂપ જ પ્રભુ છે. એને આશ્રયે જે વર્તમાન દશામાં વીતરાગતા રાગ વિનાની દશા પ્રગટી છે, કહે છે કે એ વીતરાગ અને વીતરાગી મુનિમાં કાંઈ ફેર નથી. ફેર માને એ જડ છે, એમ કહ્યું છે 'નિયમસાર'માં. આહાહા..! બાપુ! એ પદ કેવું હશે! સમજાણું કાંઈ? એને અત્યારે સાધારણ કરી નાખ્યું, પ્રભુ! એ 'યોગીન્દ્રદેવ' એમ કહે છે. આહાહા..!

'**ફિર જો સબ લોકસે ભી બહુત જ્યાદા (અધિકતર) ગુણોંકા સમૂહ...**' ગુણ શબ્દે પર્યાય. અનંતી પર્યાયો. જેટલા ગુણો તેટલી પર્યાયો પ્રગટ થઈ ગઈ છે. આહાહા..! સિદ્ધ ભગવાનને. અહીં મોક્ષની વાત છે ને? મોક્ષમાં જેટલા સંખ્યાએ ગુણ છે એટલી જ સંખ્યાએ એની પર્યાયો નિર્મળ થઈ ગઈ છે. આહાહા..! ભાઈ! વસ્તુ સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ, સહજ આત્મ વસ્તુ, અકૃત્રિમ, અણકરાયેલી પરમ સહજ આત્મા સ્વભાવિક વસ્તુ, સહજ આત્મસ્વરૂપ એનો અનુભવ થઈને જે સહજ પર્યાય પ્રગટ થઈ... આહાહા..! એ ગુણોની સંખ્યા, કહે છે '**બહુત જ્યાદા ગુણોંકા સમૂહ...**' આહાહા..! '**ઉસ મોક્ષમેં નહીં હોતા,..**' તમારે પૈસા કરોડ, બે કરોડ, અબજ, બે અબજ, પાંચ-દસ અબજ પણ એ તો સંખ્યાત થઈ. એમાં ધૂળમાં કાંઈ નથી. અહીં તો અનંતી પર્યાયો. આહાહા..! મોક્ષમાં જો અનંત ગુણનો સમૂહ ન હોય '**તો તીનોં હી લોક...**' આહાહા..! '**निजशिरसि**' '**निजशिरसि**' એટલે '**અપને મસ્તકકે ઉપર ઉસી મોક્ષકો ક્યોં રખતે?**' આહાહા..! ઘરમાં પણ મુખ્ય માણસ જે હોય એને કહે આ મારું શિરછત્ર છે, ભાઈ! અને જ્યારે જાય ત્યારે એ અમારું શિરછત્ર આજ ગયું. અમે ધણી વિનાના થઈ ગયા, એમ નથી કહેતા? મોટો દાદો હોય મોટી ઉંમરનો.

એમ અહીં કહે છે ત્રણલોકના નાથ. ત્રણલોકમાં કેવળીઓ બિરાજે છે. એના પણ એ શિરછત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? તીર્થંકર જ્યારે દીક્ષા લે, ત્રણ જ્ઞાનના ધણી તો

છે, ક્ષાયિકસમકિતી છે, સમકિત લઈને તો માતાના પેટમાં આવે છે. તીર્થંકર. ત્રણ જ્ઞાન હોય છે મતિ, શ્રુત અને અવધિ. મુનિ થાય છે જ્યારે ત્યારે **નમો સિદ્ધાણં** કરે છે, બસ. પંચપરમેષ્ઠીને (નહિ). **નમો સિદ્ધાણં**, એટલું કહીને અંતર ઉતરી જાય છે. ચારિત્રમાં અંદર રમણતા. અનંત તીર્થંકરોનો એ રિવાજ છે. **નમો અરિહંતાણં** એમ ન કરે. **નમો સિદ્ધાણં**. **નમઃસિદ્ધેભ્ય**. આહાહા..! એમ કહીને, એ તો વિકલ્પ છે, અંતર ઉતરી જાય છે. અનંતગુણના દરિયામાં ઊંડા ઊંડા ઉતરી જાય છે. એટલે ત્યાં તેને આનંદની દશા ચારિત્ર પ્રગટ થાય છે. તીર્થંકરને. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો કહેવું છે એ પણ સિદ્ધને નમસ્કાર કરીને દીક્ષિત થાય છે. આહાહા..!

**ભાવાર્થ :- 'મોક્ષ લોકકે શિખર (અગ્રભાગ) પર હૈ,...'** એના પછી તો અલોક છે. લોકના અગ્રભાગ સુધી ભગવાન બિરાજે છે. અનંત સિદ્ધ રાશિ, અનંત સિદ્ધ રાશિ. એ લોકના અગ્ર ભાગ ઉપર છે, શિખર ઉપર છે. **'સો સબ લોકોંસે મોક્ષમેં બહુત જ્યાદા ગુણ હૈં,...' 'સબ લોકોંસે મોક્ષમેં બહુત જ્યાદા ગુણ હૈં,...'** કેવળીથી પણ વિશેષ થઈ ગયું ને, ભાઈ! કેવળી પણ અહીં છે. એનાથી વિશેષ સિદ્ધ છે ને. મોક્ષ છે. આહાહા..! તેરમે ગુણસ્થાને ભાવમોક્ષ થયો પણ દ્રવ્યમોક્ષ બાકી છે ને. અહીં તો બધું પૂર્ણ થઈ ગયું. ઓહોહો..!

**'મોક્ષમેં બહુત જ્યાદા ગુણ હૈં, ઈસલિયે ઉસકો લોક અપને સિર પર રખતા હૈ.'** આચાર્ય 'યોગીન્દ્રદેવે' અલંકાર કર્યો છે ને. આહાહા..! આ ટોપી અને પાઘડી માથે હોય કે પગમાં પહેરતા હશે? આ ટોપીને પગમાં પહેરે? એમ ત્રણલોકના નાથ પરમાત્મા સિદ્ધ પરમાત્મા માથે અગ્ર છે એ ત્રણલોકના શિર ઉપર છત્ર છે. આહાહા..! અને નિગોદને નીચે કહ્યા છે. સાંભળ્યું છે? આખા લોકમાં તો નિગોદ છે પણ સિદ્ધાંતમાં તો સાતમી નરકની નીચે નિગોદ કહ્યા છે. નિગોદ. અનંત જીવ બહુ. ત્યારે લોકને અગ્રે સિદ્ધ છે. એમ અહીં કહેવું છે.

મુમુક્ષુ :- નીચે નિગોદ અને ઉપર સિદ્ધ.

ઉત્તર :- હા. નીચે નિગોદ છે. આહાહા..! જુઓ તો ખરા રચના જગતની! અને કેવળીઓએ જોઈને કહ્યું. એ સાતમી નરક છે. સાત નરક છે ને નીચે? મહા પીડા... મહા પીડા... પીડા... પીડા... આહાહા..! માંસના ખાનારા, દારૂ પીનારા અધર્મી, રાજા, મહારાજા બધાની ત્યાં પાર્લામેન્ટ ભરાય છે. એ બહુ દુઃખી છે, બાપુ! આહાહા..! એ વાત કરવી... એની નીચે નિગોદ છે, મારું એમ કહેવું છે અહીં તો. કારણ કે એનાથી હેઠા. આ તો હજી પંચેન્દ્રિય છે ને? નારકી છે, ભલે દુઃખી છે પણ પંચેન્દ્રિય છે. ક્ષયોપશમ છે અમુક પાંચ ઈન્દ્રિયનો. અને એની નીચે નિગોદ છે. આહાહા..! પર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ (ઉઘાડ રહ્યો છે), એવા અનંતા નિગોદો છે એ નીચે છે. અને પર્યાયની પૂર્ણતાની અનંત શક્તિ એ સિદ્ધ છે. સમજાણું? 'દેવીલાલજી'!

મુમુક્ષુ :- નિત્ય નિગોદ... સાતમી નરકની નીચે...

ઉત્તર :- નીચે નિગોદ છે ઘણાં. આખા લોકમાં છે એથી અનંતગણા વિશેષ છે. સિદ્ધાંતમાં (લેખ છે). સાતમી નરક નીચે. આ લોક પ્રમાણે તો છે. અહીંયાં પણ નિગોદ છે પણ ત્યાં વિશેષ ગણ્યા છે. ન્યાય છે ને ન્યાય? ન્યાયથી. સિદ્ધ જ્યારે ઉપર છે. પૂર્ણ પર્યાયના પ્રાપ્ત. ત્યારે હિણી પર્યાયવાળા અનંતા નીચે છે. બરાબર છે? આહાહા..! આ બધી મોજૂદગી છે, હોં! અસ્તિત્વ છે, હોં! ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- કુદરતી વ્યવસ્થા છે.

ઉત્તર :- વસ્તુ જ એવી છે. આહાહા..! જગતની વ્યવસ્થિત સત્તા આવી ચીજ છે. સ્વભાવિક વસ્તુ છે ઈ. આહાહા..!

**'કોઈ કિસીકો અપને સિરપર રખતા હૈ, વહ અપનેસે અધિક ગુણવાલા જાનકર હી રખતા હૈ.'** છે? **'યદિ ક્ષાયિક-સમ્યક્ત્વ...'** હવે ખુલાસો કરે છે. ભગવાનને તો ક્ષાયિકસમકિત. આહાહા..! સમ્યક્પર્યાય ક્ષાયિક થઈ ગયેલી છે. આહાહા..! 'શ્રેણિક' રાજા ક્ષાયિક સમકિતી. એ ક્ષાયિકસમકિત સિદ્ધમાં જશે. આહાહા..! અત્યારે ભલે નરકમાં છે, પણ ક્ષાયિકસમકિતી છે. તીર્થંકરગોત્ર જેણે બાંધ્યું છે. આહાહા..! ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. અઢી હજાર વર્ષ ગયા છે. સાડી એકાશી હજાર (વર્ષ બાકી છે). ભાઈ! આ એના સંયોગની વ્યાખ્યા કઠણ બહુ, બાપુ! નહિતર ક્ષાયિક સમકિતી છે, પણ નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. મુનિની સાચા સંતની અશાતના (કરી હતી). મરી ગયેલો સર્પ નાખ્યો હતો ને ડોકમાં? મોટી અશાતના કરી હતી. નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. એની સ્ત્રી સમકિતી હતી. એને કારણે મુનિ મહારાજ પાસે (ગયા). પહેલા તો નાખી આવ્યા. પછી એણે 'ચેલણા'ને કહ્યું. 'ચેલણા'ને કહે, તારા ગુરુ... પોતે બૌદ્ધ હતો. તારા ગુરુ જો આવા છે, ત્યાં હું સર્પ નાખી આવ્યો છું. એ સર્પ એણે કાઢી નાખ્યો હશે. રાણી કહે છે, અન્નદાતા! મારા ગુરુ એવા ન હોય, ભાઈ! આહા..! સ્વામી! અમારા સંત એવા ન હોય. એ ઉપસર્ગને ન ટાળે. નાથ! ચાલો જોવું હોય તો. આહાહા..! એ પતી-પત્ની જાય છે.

મુનિ તો અંદર આનંદમાં છે. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યા છે એ તો. આહાહા..! કરોડો કીડીઓ (ચડી ગઈ છે). રાણી હાથમાં કીડીઓ લઈ સર્પને કાઢે છે. અન્નદાતા! જુઓ, આ સર્પ. એ તો વીતરાગી મુનિ આનંદમાં છે. હેં! આ! આહાહા..! ત્યાં મુનિ પાસેથી સમકિત પામ્યા છે. પછી ભગવાનના સમવસરણમાં ગયા છે. ત્યાં ક્ષાયિક સમકિત પામ્યા છે. પણ ઓલું આયુષ્ય બંધાઈ ગયેલું ૩૩ સાગરનું. સમકિત પામ્યા, આયુષ્ય તોડી નાખ્યું. ચોર્યાસી હજારનું રહ્યું. ૩૩ સાગરમાંથી ચોર્યાસી હજાર એટલે શું? આહાહા..! એટલું રહ્યું બીજું આયુષ્ય. લાડવો બાંધ્યો હોય એ તો ખાધે છૂટકો. એમાંથી ઘી કાઢીને રોટલી થાય કે લોટ કાઢીને રોટલી ન થાય. એ તો લાડવો ખાધે છૂટકો. પછી એમાં ઘી વધારે નાખે કે સુકવી નાખે પણ લાડવો તો એ જ રહે. એમ નરકનું આયુષ્ય બંધાંઈ ગયું એ સ્થિતિ ઘટે પણ નરકગતિ ન જાય. આહાહા..! ક્ષાયિકસમકિતી. આહાહા..! ક્ષાયિક સમકિત તો અહીંથી છે ને? એ ક્ષાયિક સમકિત લઈને કેવળ પામીને મોક્ષ, ક્ષાયિક સમકિત

સિદ્ધમાં જશે એ પોતે. આહાહા..! એ સમકિતની શું મહિમા છે અને એની શું કિંમત છે અને એનું શું ધ્યેય છે, એ જગતને કઠણ પડે. એ વિનાની બધી વાતું વ્રત અને અપવાસની કરે.

અહીં તો કેવળી અને ક્ષાયિકસમકિત આદિ '**કેવલદર્શનાદિ અનંત ગુણ મોક્ષમેં ન હોતે, તો મોક્ષ સબકે સિર પર ન હોતા, મોક્ષકે ઉપર અન્ય કોઈ સ્થાન નહીં હૈં, સબકે ઉપર મોક્ષ હી હૈ,...**' આહાહા..! '**ઔર મોક્ષકે આગે અનંત અલોક હૈ, વહ શૂન્ય હૈ,...**' અલોક તો ખાલી છે પછી. સિદ્ધ પછી. એની વાત વિશેષ કરશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, આસો સુદ ૧૫, ગુરુવાર
## તા. ૦૭-૧૦-૧૯૭૬, ગાથા-૬, પ્રવચન નં. ૯૮

'પરમાત્મપ્રકાશ' છઠ્ઠી ગાથા. મોક્ષ કોને કહેવો એનું વર્ણન છે. મોક્ષ અજ્ઞાનીઓ અનેક પ્રકારે કહે છે. તો વાસ્તવિક મોક્ષ કોને કહેવો? અને એવો મોક્ષ છે એનો ઉપાય કોને કહેવો? એ વ્યાખ્યા ચાલે છે. અત્યારે તો મોક્ષનો અધિકાર ચાલે છે. અહીં આવ્યું છે.

'**સબકે ઉપર મોક્ષ હી હૈ,...**' એ લીટી આવી છે ત્યાં. આખા લોક ઉપર મોક્ષ છે. જો અનંતગુણ અને અનંત આનંદ ત્યાં ન હોય, લોકના શિર ઉપર એ મોક્ષ કેમ હોય? અનંત આનંદ છે મોક્ષનો. અનંતજ્ઞાન, અનંતશાંતિ એને મોક્ષ કહીએ. નવતત્ત્વ છે એમાં મોક્ષતત્ત્વની શ્રદ્ધા કરાવે છે કે મોક્ષ કોને કહેવો. '**મોક્ષકે આગે અનંત અલોક હૈ,...**' મોક્ષ જે છે (એ) લોકને અગ્રે છે. અનંતઆનંદ આદિ સંપન્ન છે. એ લોક પછી તો શૂન્ય છે-ખાલી ભાગ. અલોક-અલોક. '**વહાં કોઈ સ્થાન નહીં હૈ.**' સિદ્ધ ભગવાનના સ્થાન ઉપર બીજું કોઈ સ્થાન છે નહિ. છે? છઠ્ઠી ગાથા. અડધું ચાલ્યું છે. આ તો અડધેથી ચાલે છે.

'**વહ અનંત અલોક ભી સિદ્ધોંકે જ્ઞાનમેં ભાસ રહા હૈ.**' આહાહા..! એ સિદ્ધ પરમાત્મા મોક્ષદશા અનંતજ્ઞાન, અનંતસુખ (સહિત બિરાજમાન) એ સિદ્ધને અલોક પણ ભાસે છે. અનંત જે અલોક ખાલી ભાગ અનંત... અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... એ અલોક પણ કેવળજ્ઞાનના સિદ્ધની જ્ઞાનદશામાં ભાસે છે. અલોકમાં એ જતા નથી. પણ અલોકનું અનંત અવકાશ છે એનું અહીં જ્ઞાન હોય છે.

મુમુક્ષુ :- સિદ્ધમાં તો ધ્યાન જાય છે.

ઉત્તર :- સિદ્ધ તો સિદ્ધમાં છે, પોતાના સ્થાનમાં છે. પણ અલોક જે ખાલી અનંત... અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... ચારે બાજુ ક્યાંય અલોકનો અંત નથી. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... યોજન ચાલ્યા જાય એમ ને એમ આકાશમાં, તો આકાશનો ક્યાંય અંત નથી. અંત હોય તો પછી શું? એ ગજબ વાત છે. ક્ષેત્રનો સ્વભાવ પણ અમાપ અને અનંત છે, એનો આ આત્મા ક્ષેત્રજ્ઞ છે. એ ક્ષેત્રનો

જાણનાર છે. સમજાય છે કાંઈ? એ અહીં કહ્યું.

**'અનંત અલોક ભી સિદ્ધોંકે જ્ઞાનમેં ભાસ રહા હૈ.'** અલોક અમાપ અનંત (છે) એ પણ સિદ્ધની પર્યાયમાં એને જ્ઞાન છે. **'યહાં પર મોક્ષમેં અનંત ગુણોંકે સ્થાપન કરનેસે...'** મોક્ષમાં અનંતગુણ છે. ગુણ એટલે પર્યાય. ગુણ તો અનાદિઅનંત ભગવાન બધા આત્મામાં છે. પણ સિદ્ધને તો અનંતગુણની અનંતી પવિત્ર પર્યાય પ્રગટ થઈ ગઈ છે. એ અનંતગુણ સહિત છે. એ **'અનંત ગુણોંકે સ્થાપન કરનેસે મિથ્યાદષ્ટિયોંકા ખંડન કિયા.'** મિથ્યાદષ્ટિ મોક્ષને અનેરા પ્રકારે માને છે એનું અહીંયાં ખંડન કર્યું.

**'કોઈ મિથ્યાદષ્ટિ વૈશેષિકાદિ ઐસા કહતે હૈં, કિ જો બુદ્ધિ,...'** મોક્ષમાં બુદ્ધિ નથી. **'સુખ,...'** નથી, **'દુઃખ,...'** નથી, **'ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ,...'** એટલે વ્યવહાર ધર્મ. **'અધર્મ, સંસ્કાર ઈન નવ ગુણોંકે અભાવરૂપ મોક્ષ હૈ,...'** આ બુદ્ધિ આદિનો અભાવ છે એમ કહેવું છે. **'ઉનકા નિષેધ કિયા, ક્યોંકિ ઈન્દ્રિયજનિત બુદ્ધિકા તો અભાવ હૈ,...'** સિદ્ધ ભગવાનમાં ઈન્દ્રિયજનિત જ્ઞાનનો અભાવ છે. **'પરંતુ કેવલબુદ્ધિ અર્થાત્ કેવલજ્ઞાનકા અભાવ નહીં હૈ,...'** આહાહા..! જ્ઞાનની પર્યાય પૂર્ણ નિર્મળ થઈ ગઈ એવું કેવળજ્ઞાન, એનો એમાં અભાવ નથી. ઝીણી વાત છે બહુ, ભાઈ! મોક્ષને જાણવો, માનવો..

આત્મા પરિપૂર્ણ અતીન્દ્રિય સ્વભાવ, એની દૃષ્ટિમાં અનુભવ કરતા જે સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શનમાં મોક્ષની આવી પ્રતીતિ હોય છે. સમજાય છે કાંઈ? આમ મોક્ષ-મોક્ષ કરે સિદ્ધ-સિદ્ધ (કરે) પણ મોક્ષ શું છે? એની પર્યાયમાં કેટલી પવિત્રતા પ્રગટ થઈ છે અને છતાં તે જેને જાણે છે તેનામાં એ જતો નથી. તેનું એને જ્ઞાન થાય છે. આહાહા..! આવું એનું મોક્ષનું સ્વરૂપ છે. ઈન્દ્રિયજનિતનો અભાવ છે, કેવળજ્ઞાનનો અભાવ નથી. આહાહા..! ચૈતન્ય ઝળહળ જ્યોતિ, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સિદ્ધ ભગવાન લોકાલોક, લોકાલોકને અડ્યા વિના, સ્પર્શ્યા વિના જાણે છે. એવું એનું સામર્થ્ય છે.

**'દુઃખ, ઈચ્છા, દ્વેષ,...'** **'લેકિન અતીન્દ્રિય સુખકી પૂર્ણતા હૈ,...'** **'ઈન્દ્રિયોંસે ઉત્પન્ન સુખકા અભાવ હૈ,...'** સિદ્ધમાં, આ ઈન્દ્રિયનું કલ્પનામાં સુખ માને છે ને? આ વિષયમાં, ભોગમાં, પૈસામાં, આબરૂમાં ઈન્દ્રિયના સુખની કલ્પના માને એ છે તો દુઃખ. એ ઈન્દ્રિયના સુખનો સિદ્ધમાં અભાવ છે. આહાહા..! ત્યાં અતીન્દ્રિય સુખ છે. અતીન્દ્રિય આનંદનું સુખ છે. આહાહા..! એ એના જ્ઞાનમાં આવવું અને એ વસ્તુની આટલી સ્થિતિ છે તેની પ્રતીતિ થવી, એ નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં પ્રતીતિ થાય છે. આહાહા..! વિકલ્પ એટલે રાગને આશ્રયે આવા મોક્ષની પ્રતીતિ થતી નથી. સમજાય છે કાંઈ?

**'ઈન્દ્રિયોંસે ઉત્પન્ન સુખકા અભાવ હૈ, લેકિન અતીન્દ્રિય સુખકી પૂર્ણતા હૈ,...'** પૂર્ણ અતીન્દ્રિય સુખ. અરે..! એ શું છે? કેમકે આત્માનો સ્વભાવ જ અતીન્દ્રિય સુખ છે. એ જ્યાં પર્યાયમાં પ્રગટ દશા થઈ તો અતીન્દ્રિય સુખની પરિણતિનું એને વેદન અને અનુભવ છે. સિદ્ધને અતીન્દ્રિય આનંદનું વેદન છે એમ કહે છે. આહાહા..! સંસારમાં અજ્ઞાનીઓને ઈન્દ્રિય સુખની કલ્પના એવું જે દુઃખ તેનું વેદન છે. આ પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એ

અમારા છે, એનાથી હું સુખી છું, એવી જે કલ્પના એ દુઃખ છે. એ ઇન્દ્રિયની કલ્પના સુખથી સિદ્ધ ભગવાન રહિત છે, પણ અતીન્દ્રિય સુખથી સહિત છે. આહાહા..! આવો જે મોક્ષ, એના ઉપાય પણ કોઈ અલૌકિક હોય છે ને! એમ કહે છે. સમજાય છે કાંઈ? આવી જે દશા અતીન્દ્રિય સુખ, અતીન્દ્રિય જ્ઞાન... આહાહા..! એનો ઉપાય, જે મોક્ષમાર્ગ પણ અલૌકિક છે. એ કહેશે પછી. એ કોઈ વિકલ્પ ને પુણ્ય ને દયા-દાનના વ્યવહારથી મોક્ષમાર્ગ થાય એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

જેની સ્વભાવ પૂર્ણ દશા પ્રગટ છે તેવો મોક્ષ, એનું કારણ પણ સ્વભાવની અપૂર્ણ દશા તે એનું કારણ છે. મોક્ષનો માર્ગ એ સ્વભાવની દશા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય સુખ અને અતીન્દ્રિય જ્ઞાનમય પ્રભુ! વસ્તુ, એની અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખની અંદર અનુભવદશા (થાય) તે પૂર્ણ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન એવા સિદ્ધનું એ કારણ છે. અરે..! સમજાય છે કાંઈ? એ અનંતકાળમાં એણે ખ્યાલમાં લીધું નથી. અનંતવાર દિગંબર સાધુ થયો. 'છ ઢાળા'માં આવે છે ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત દિગંબર હજારો રાણી છોડી, ત્યાગી જંગલમાં રહ્યો. પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પણ એ તો રાગ છે, એ તો દુઃખ છે. એવું અનંતવાર પાળ્યું છતાં આત્મજ્ઞાન વિના સુખ ન મળ્યું. એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ બધું દુઃખ છે. 'રતનલાલજી'! આવી વાત છે ઝીણી બહુ, ભાઈ!

મુમુક્ષુ :- એ દુઃખ છે એમ સાંભળવું ગમતું નથી.

ઉત્તર :- પણ આ શબ્દ કહ્યા નહિ? 'છ ઢાળા'માં, આ તો 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? 'મુનિવ્રત ધાર...' પંચમહાવ્રત, હોં! ચોખ્ખા, અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા, એને માટે ચોકા કરીને આહાર આપે તો પ્રાણ જાય તોય લે નહિ. એય..! 'રતનલાલજી'! આ બધું તમે શું કર્યું હશે? ચોકા કરીને રાંધીને આહાર આપતા. આ તો દાખલો, હોં! શેઠનો મોઢા આગળ (બેઠા છે).

અહીં તો કહે છે, પ્રભુ! માર્ગ એવો છે, ભાઈ! જે નવમી ગ્રૈવેયક ગયો દિગંબર સાધુ, એના પંચમહાવ્રત એટલા ચોખ્ખા, જેમાં અતિચાર નહિ. જેને માટે આહાર કર્યો હોય અને ખ્યાલ આવે કે અરે! આ તો મારે માટે (બનાવ્યું છે). તો પ્રાણ જાય તોપણ લે નહિ. એવી ક્રિયાઓ અનંતવાર કરી. પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ સુખ નથી, દુઃખ છે.

મુમુક્ષુ :- સુખ નથી પણ કરતા કરતા ભવિષ્યમાં સુખ થાશે.

ઉત્તર :- દુઃખ કરતા કરતા સુખ થશે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. એય..! આ લસણ, લસણ નથી હોતું? લસણ ઢોકળામાં ખાય છે ને? પછી ઓ... ઓડકાર કસ્તુરીનો આવ્યો. પણ ત્રણકાળમાં ન આવે. લસણ ખાતા કસ્તુરીનો ઓડકાર ન હોય. એમ

એ બધી રાગની ક્રિયાનું ફળ મોક્ષમાર્ગ ન હોય. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! એણે પોતાના નિજ સ્વભાવનું સાધન કર્યું નહિ. આહાહા..! જે સાધનના ફળ મોક્ષ એની વ્યાખ્યા ચાલે છે. જેનું ફળ મોક્ષ. આવો જે અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન. 'સાદિ અનંત અનંત સમાધિ સુખ...' જ્યારથી અતીન્દ્રિય આનંદની મોક્ષદશા પ્રગટી તે અનંતકાળ રહેશે. ભૂત કરતા ભવિષ્યનો કાળ અનંતગુણો છે. સમજાય છે કાંઈ? ભૂતકાળ એટલે અનાદિનો વર્તમાન સુધીનો કાળ, એનાથી વર્તમાનથી ભવિષ્યનો કાળ અનંતગુણો છે. આહાહા..! એવા અનંતગુણા કાળમાં અનંત આનંદનો અનુભવ અને અનંત જ્ઞાનની દશાનું અસ્તિત્વ એવો જે મોક્ષ, એનો ઉપાય તો અલૌકિક હોય ને, ભાઈ! જેના ફળ આવા એના કારણ કેવા હોય? સમજાય છે કાંઈ? પંચમહાવ્રત એ એના-મોક્ષના કારણ નથી. એ તો આસ્રવ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ એમ કહે છે, પરંપરા કારણ છે.

ઉત્તર :- પરંપરા ધૂળમાંય કારણ નથી. રાગને પરંપરા માને તો અનર્થ છે. આહાહા..! છે ને એ વાત તો? અનાદિની માનેલી છે ને લોકોએ. શું થાય?

સર્વજ્ઞ વીતરાગ જિનવરદેવ તો એમ ફરમાવે છે એને, ભગવાન! એ રાગની ક્રિયા તો તેં અનંતવાર કરી. એના ફળ તરીકે તો સંસાર ફળ્યો. ભવ મળ્યો. પુણ્યાદિ મહાવ્રત હોય તો સ્વર્ગમાં જાય. ત્યાંથી નીકળે તો કદાચ પુણ્ય બાકી હોય તો આ ધૂળના શેઠિયા થાય. આ ધૂળના શેઠિયા. આ કરોડપતિ, અબજપતિ એ બધા ધૂળના શેઠિયા. આત્માના શેઠિયા ન થાય એ. આહાહા..!

અહીંયાં તો કહે છે કે પરમાત્મસ્વરૂપ મોક્ષની પ્રતીતિ કરાવે છે. એમાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ છે. આહાહા..! એમાં આ બધા '**દુઃખ, ઈચ્છા, દ્વેષ, યત્ન ઈન વિભાવરૂપ ગુણોંકા તો ભાવ હી હૈ, કેવલરૂપ પરિણમન હૈ,...**' એકલું જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એની દશા જેને છે. આહાહા..! ઈચ્છા નહિ, રાગ નહિ, દ્વેષ નહિ. કેવળજ્ઞાન મોક્ષ થયો એટલે ફરીને જન્મવું નહિ, અવતાર ફરીને લેવો, દુનિયાના દુઃખને દેખીને ટાળવા, એવું છે નહિ. આહાહા..!

'**વ્યવહાર-ધર્મકા અભાવ હી હૈ,...**' જુઓ! છે? આ દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એવો જે વ્યવહાર ધર્મ એનો એમાં અભાવ છે. આહાહા..! છે? 'રતનલાલજી'! વ્યવહારધર્મનો તો ત્યાં અભાવ છે. વ્યવહારધર્મનો અભાવ કર્યો ત્યારે તો મોક્ષમાર્ગ થયો છે. આહાહા..! '**વ્યવહાર-ધર્મકા અભાવ હી હૈ,...**' અભાવ છે એટલું ન લેતા '**અભાવ હી હૈ,...**' જ. કેમકે જ્યાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો છે ત્યાં વ્યવહારધર્મના અભાવથી પ્રગટ કર્યો છે. આહાહા..!

શુદ્ધ ચિદાનંદ પ્રભુ આત્મા, 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવું જે સિદ્ધપદ સ્વરૂપ પોતાનું. એની અંતર સન્મુખની નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ-સ્થિરતા એ વ્યવહારધર્મના અભાવસ્વરૂપ છે. અને એનો મોક્ષમાં વ્યવહારધર્મનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે તો બહુ વિરોધ ચાલે છે.

અત્યારે તો કહે છે, આઠમે ગુણસ્થાને નિર્વિકલ્પતા થાય એમ કહે છે, લ્યો! આહાહા..! કાલે આવ્યું હતું આમાં. શેઠના શું કહેવાય એ? રેકોર્ડિંગ. રેકોર્ડિંગ. તમારું રેકોર્ડિંગ હતું રાતનું. એમાં એ આવ્યું. આઠમે નિર્વિકલ્પતા થાય. અહીં કહે છે કે ચોથેથી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય ત્યારે તો ધર્મની શરૂઆત થાય. સમજાય છે કાંઈ?

જુઓને! કેવો અર્થ કર્યો છે! **'વ્યવહાર-ધર્મકા અભાવ હી હૈ,...'** (વ્યવહાર ધર્મના) અભાવથી પ્રગટ્યો છે. વ્યવહાર ધર્મથી નિશ્ચયધર્મ પ્રગટ્યો નથી. આહાહા..! અભાવ. અને એ વ્યવહાર રાગાદિ વિકલ્પના અભાવ-સ્વભાવસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની પ્રતીતિ, એનો અનુભવ ને એનું વેદન એવો જે નિશ્ચયમોક્ષમાર્ગ, એનું ફળ આ મોક્ષ છે. સમજાણું કાંઈ? એ મોક્ષ આવો હોય એનું વર્ણન કરે છે. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ એવો છે કે એવો માર્ગ બીજે ક્યાંય જિનવર સિવાય (નથી). એ પણ જિનવર એટલે દિગંબર ધર્મ. જૈનદર્શન કહો, જિનવરદર્શન કહો કે દિગંબર ધર્મ કહો, એ સિવાય બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

જેમાં વ્યવહારધર્મનો **'અભાવ હી હૈ,...'** આહાહા..! **'ઔર વસ્તુકા સ્વભાવરૂપ ધર્મ વહ હી હૈ,...'** જુઓ! અભાવ કીધો. રાગાદિ, વિકલ્પાદિનો અભાવ છે. ત્યારે સદ્‌ભાવ શો છે? વસ્તુનો સ્વભાવરૂપ ધર્મ. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ, એનો જે ધર્મ અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય સુખ, અતીન્દ્રિય શાંતિ એ વસ્તુનો સ્વભાવ ધર્મ **'વહ હી હૈ,...'** સમજાય છે કાંઈ? અહીંયાં પણ તે વસ્તુના ધર્મનું સાધન કર્યું હતું એનાથી વસ્તુનો ધર્મ ત્યાં સિદ્ધમાં પૂર્ણ રહી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આ મોટી તકરાર આ છે અત્યારે કે આ બધા વ્યવહાર અમે કરીએ છીએ ને એનાથી નિશ્ચય થશે.

મુમુક્ષુ :- કેટલે કાળે?

ઉત્તર :- એનો ક્યાં મેળ કહે છે. બાપુ! છઠ્ઠું ગુણસ્થાન મુનિની એ દશા અલૌકિક છે, ભાઈ! અત્યારે નજરે પડવી, એના દર્શન થવા એ મહાદુર્લભ છે. જેને ક્ષણમાં સપ્તમ ગુણસ્થાન આવે અપ્રમત્તદશા આનંદ (આવે), ક્ષણમાં છઠ્ઠું આવે વિકલ્પ ઉઠે, ત્રીજે ક્ષણે સપ્તમ આવે અપ્રમત્ત, ચોથે ક્ષણે પ્રમત્ત આવે. એવું એક અંતર્મુહૂર્તમાં સંત સાચા જે મુનિ છે એને હજારો વાર છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવે. આહાહા..! એ વસ્તુનો સ્વભાવ આ કીધો ઈ. વસ્તુનો સ્વભાવ.. છે ને?

**'વસ્તુકા સ્વભાવરૂપ ધર્મ વહ હી હૈ,...'** આહાહા..! ત્યાં ભાઈ તમે કીધું ઈ. જ-જ. ઓલામાં જ આવ્યું અને આમાં જ આવ્યું. જોર છે. આ જ છે, આ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! પરમેશ્વર વીતરાગ, જેને એક સમયમાં પૂર્ણ વીતરાગતા પૂર્ણ અકષાયભાવ પ્રગટ થયો છે, જેને પૂર્ણ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કેવલજ્ઞાન પ્રગટ થયું છે, જેને એક સમયમાં અનંત આનંદ પૂર્ણાનંદ પ્રગટ થયો છે... આહાહા..! જેને સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતવીર્ય પુરુષાર્થ અનંત નિર્મળ પર્યાયની રચના કરનાર પ્રગટ થયું છે. આહાહા..! એવા જિનવરદેવ, એની દિવ્યધ્વનિમાં આ

આવ્યું. આહાહા..!

ભગવાન તો બિરાજે છે. મહાવિદેહમાં પરમાત્મા તો સાક્ષાત્ બિરાજે છે. 'સીમંધર' ભગવાન તો બિરાજે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' ત્યાં આગળ ગયા હતા. આઠ દિન ત્યાં (રહ્યા). એનો નકાર કરે છે માણસ. જે શાસ્ત્રમાં લેખ છે. 'પંચાસ્તિકાય'માં છે. 'દર્શનસાર' એક (શાસ્ત્ર) છે. 'દેવસેનાચાર્ય' થઈ ગયા છે. આપણે આમાં નાખ્યું છે મોઢા આગળ, 'સમયસાર'માં. 'દેવસેનાચાર્ય' થઈ ગયા. 'દર્શનસાર' પુસ્તક છે એમાં. અહીં બધા પુસ્તક છે. એ 'દર્શનસાર'માં 'દેવસેનાચાર્ય' એમ કહે છે કે અરે..! ભગવાન! હે 'કુંદકુંદાચાર્ય'! હે 'પદ્મનંદિનાથ'! એનું-'કુંદકુંદાચાર્ય'નું 'પદ્મનંદિ'નું પણ નામ છે. આપ 'સીમંધર' ભગવાન પાસે જઈને જો આ માર્ગ ન લાવ્યા હોત તો અમે મુનિનો ધર્મ કેમ પામત? એનો ત્યાં નકાર કર્યો હતો હમણાં. 'દિલ્હી'. એને ખબર છે. 'વિદ્યાનંદજી' કહે છે, એ બધું કપોળકલ્પિત છે. આ તો આપણે 'પરમાત્મપ્રકાશ' છે. આમાં તો નથી. 'સમયસાર'માં છે. 'સમયસાર' છે ને. ઘણા આધાર આપ્યા છે. પણ આપણે તો આ લેવો છે 'દર્શનસાર'. 'દેવસેનાચાર્ય' છે. 'દર્શનસાર' છે, આપણે શાસ્ત્ર અહીં છે. '**जइ पउमणंदिणाहो**' 'કુંદકુંદાચાર્ય' કહો કે 'પદ્મનંદિ' એના પાંચ નામ છે. '**जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण। ण विवोहइ तो समणा कहं समुगं पयाणंति।।**' આચાર્ય કહે છે. 'કુંદકુંદાચાર્ય' પછી થયેલા. આચાર્ય 'દેવસેનાચાર્ય' થયા છે.

'**(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધર સ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત**?' આપણે 'સમયસાર'માં નાખ્યું છે. 'પ્રવચનસાર'માં, 'નિયમસાર'માં બધે નાખ્યું છે. સમજાય છે કાંઈ? આ આચાર્યોના કથન છે. 'પંચાસ્તિકાય'માં 'જયસેનાચાર્ય'ની ટીકાનું કથન (છે). એ ભાઈએ નાખ્યું છે હમણા બધું. ઓલા 'દિલ્હી'વાળા નહિ? 'હિતેષી.

મુમુક્ષુ :- પ્રકાશ

ઉત્તર :- પ્રકાશ? 'સન્મતિ સંદેશ' કાઢે છે ને? એણે બધું નાખ્યું છે, આ બધું નાખ્યું છે. ખુલાસો કર્યો છે. શાસ્ત્રમાં બધું સિદ્ધાંતમાં છે, એને કપોળકલ્પિત કેમ કહેવું?

અહીંયાં આ તો ત્યાં સુધી કહે છે. આચાર્ય 'દેવસેનાચાર્ય' 'દર્શનસાર'માં (કહે છે), **અરે..! મહાવિદેહમાં જઈને સીમંધર ભગવાન પાસેથી 'મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત...**' આહાહા..! આચાર્ય એમ કહે છે. મુનિ દિગંબર સંત. અમને '**બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત**?' આહાહા..! કહો, 'તારાચંદજી'!

મુમુક્ષુ :- શિલાલેખ લખ્યો છે.

ઉત્તર :- શિલાલેખ લખ્યો છે. બે શિલાલેખ લખ્યા છે. આહાહા..!

અહીં કહે છે કે '**વસ્તુકા સ્વભાવરૂપ ધર્મ વહ હી હૈ.**' સિદ્ધ ભગવાનમાં વસ્તુ જે આત્મા, એનો જે જ્ઞાન-દર્શન-આનંદ-સ્વચ્છતા-પ્રભુતા સ્વભાવ એ તો એની પર્યાયમાં પ્રગટ થઈ ગયેલા જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! થોડું હોય પણ સત્ય હોવું જોઈએ. લાંબુ-લાંબુ મોટું કરે અને સત્યના ઠેકાણા નહિ. સમજાય છે કાંઈ? અહીં કહે છે, '**વસ્તુકા સ્વભાવરૂપ ધર્મ વહ હી હૈ.**' આહાહા..! ભગવાન! વસ્તુનો સ્વભાવ અહીંયાં તો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિ ઈશ્વરતા, સ્વચ્છતા એવા જે અતીન્દ્રિય ગુણનો પિંડ પ્રભુ, એમાં એકાગ્ર થઈને પર્યાયમાં જે વસ્તુનો સ્વભાવ ધર્મ પ્રગટ કર્યો એ સાધક (થયો) અને એનાથી પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ એ સાધ્ય. એ વસ્તુનો ધર્મ પૂર્ણ ત્યાં સિદ્ધમાં પણ છે. 'તારાચંદજી'! આવી વાત છે, ભાઈ! અરે..! કોની સાથે ઝઘડા કરવા, બાપા! આહાહા..! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

'**અધર્મકા તો અભાવ ઠીક હી હૈ,...**' છે? અધર્મનો અભાવ છે એમાં. પુણ્ય અને પાપના ભાવ એ તો અધર્મ છે. એમાં તો સિદ્ધ ભગવાનમાં અભાવ છે. કેમ કે મોક્ષમાર્ગમાં જ પુણ્ય-પાપના ભાવથી રહિત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કર્યું છે. એનાથી મોક્ષ મળ્યો છે. સમજાય છે ? આહાહા..! આ વ્યાખ્યા છે મોક્ષની કે મોક્ષમાં તો વસ્તુનો સ્વભાવ ધર્મ તો છે. અધર્મનો એમાં અભાવ છે. આ સંસારનો શુભભાવ, પુણ્યભાવ, વિકારભાવ, એનો ભગવાનમાં અભાવ છે. પણ ત્યાં ધર્મ નથી, શૂન્ય છે એમ કેટલાક માને છે એમ નથી, એમ કહે છે. આહાહા..!

'**ઔર પરદ્રવ્યરૂપ-સંસ્કાર સર્વથા નહીં હૈં,...**' આહાહા..! ભગવાનઆત્મા મોક્ષ થયો, એને હવે પરદ્રવ્યના સંસ્કાર નથી. કર્મના નિમિત્તના સંસ્કાર પુણ્ય અને પાપ રાગ, કલ્પના એવા સંસ્કાર તો સિદ્ધમાં છે નહિ. કેમ? કે મોક્ષમાર્ગમાં જ એ કર્મના સંસ્કારથી રહિત મોક્ષમાર્ગ સાધ્યો છે. કર્મના નિમિત્તનો જે દયા, દાન, વ્રત, વિકલ્પ સંસ્કાર છે, એનાથી રહિત આત્માના સ્વભાવનો મોક્ષમાર્ગ તો અહીં સાધ્યો છે. એના ફળ તરીકે મોક્ષ છે, એમાં એ સંસ્કાર છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! અનાદિથી ચોર્યાસી લાખ યોનિમાં.. ઓહોહો..! નિગોદના જીવ. આ લીલ, ફૂગને જુઓને! કાય-કાય. ઢગલા થાય છે આમ. એક એક શરીરમાં અનંત જીવ. એવા અસંખ્ય શરીરનો તો થોકડો રાય જેટલો. આ લીલ-ફુગ થાય છે ને? લીલ-ફુગ કાય. પાણી ઉપર શેવાળ ને. બધે જામી જાય છે ને આ? આ ઓટલો હોય એમાં લીલ-ફુગ થઈ જાય. એ લીલ-ફુગમાં એક રાય જેટલી કણીમાં તો અસંખ્ય શરીર અને એક શરીરમાં સિદ્ધથી અનંતગુણા જીવ. અને તે નિગોદના જીવ, પ્રભુ! તને સાંભળીને વિચાર કર તું જરી. એક શ્વાસમાં અઢાર ભવ કરે. એમાં મરીને જીવે, જીવે ને મરે.. જીવે ને મરે... એક શ્વાસ. એકમાં તો અઢાર ભવ. એવા એવા અનંતા ભવ કર્યા ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**પરદ્રવ્યરૂપ-સંસ્કાર સર્વથા નહીં હૈ,...**' જોયું! કથંચિત્ સંસ્કાર છે અને કથંચિત્ નથી, એમ નહિ. કેટલાક એમ કહે છે ને કે ઘણા જીવોનો મોક્ષ થાય અને પછી

અહીં છૂટી જઈ એટલે પાછા ત્યાંથી અહીં આવે. હમણા અહીં નહોતું કહેતું કોઈ? હમણાં કો'ક બાઈ નહિ? આ કો'ક? છે તો આદમી નહિ? 'બ્રહ્મકુમારી' એ કોઈ છે. એની ગામોગામ ઘણી સંસ્થા છે. બ્રહ્મકુમારી. એને હમણા ભાઈ કહેતા હતા આપણા શેઠ 'ભગવાનદાસ'. બીડીવાળા સાગરવાળા. અહીં હમણાં રહી ગયા ને બે મહિના? એ કહેતા હતા કે, મેં એને પૂછયું કે બધા જીવ થઈ રહે તો પછી આવે ક્યાંથી? કહ્યું, એ મોક્ષમાં જાય પછી ત્યાંથી પાછા આવે. એય..! આવા ને આવા ગપ મારનારા અને એની પણ સંસ્થા ચાલે.

જિનવરદેવ વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય વાત એકેય અંશે સાચી નથી. સમજાણું કાંઈ? એ ધર્મ છે એવું હમણા સાંભળ્યું હતું. બ્રહ્મ-બ્રહ્મ કેવું કીધું? બ્રહ્મકુમારી. છે તો આદમી. પણ એની દીકરીના નામે બ્રહ્મકુમારી એવો ધર્મ ચલાવ્યો છે. ગામો ગામ સંસ્થા છે એની. અહીં 'ભાવનગર'માં બધા. લોકો તો જુકાવનાર જોઈએ. જુકનાર મળી જ રહે એને તો. આહાહા..! અહીં તો પરદ્રવ્યના સંસ્કાર... અહીંયાં તો શાસ્ત્ર તો ત્યાં સુધી કહે, 'મોક્ષ અધિકાર'માં મોક્ષપાહુડ છે. 'અષ્ટપાહુડ'માં મોક્ષપાહુડ છે. છે અહીં? મોક્ષપાહુડ 'કુંદકુંદાચાર્ય'નું છે. ૧૬મી ગાથા. 'મોક્ષપાહુડ' 'કુંદકુંદાચાર્ય'. '**परदव्वादो दुग्गइ**' આત્મામાં પરદ્રવ્યના લક્ષવાળો રાગ (થવો) એ દુર્ગતિ છે. તીર્થંકર અને તીર્થંકર પરદ્રવ્ય છે. એના ઉપર લક્ષ જતાં રાગ થાય છે, એમ કહે છે. એ '**परदव्वादो**' પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે. ગજબ વાતું છે, ભાઈ! ભગવાન ત્રિલોકનાથ એમ કહે, જિનવરદેવ એમ કહે કે અમે તારાથી પરદ્રવ્ય જુદા છીએ. અમારા ઉપર તારું લક્ષ જશે તો તને રાગ થાશે. તારી ગતિ ચૈતન્યની નહિ રહે. આહાહા..! આ વીતરાગની વાણી. એય..! 'પન્નાલાલજી'!

આ 'અષ્ટપાહુડ' છે, 'કુંદકુંદાચાર્ય'નું. દર્શનપાહુડ, સૂત્રપાહુડ, ચારિત્રપાહુડ, બોધ પાહુડ, ભાવપાહુડ, મોક્ષપાહુડ, શીલ પાહુડ અને લિંગ પાહુડ. આઠ છે. આ મોક્ષ (પાહુડની) સોળમી ગાથા. '**પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ.**' મથાળુ. મથાળુ છે આ. '**પરદ્રવ્યસે દુર્ગતિ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ ઐસા સ્પષ્ટ જાનો.**' આહાહા..! ગજબ વાત છે. ત્રણલોકનો નાથ સર્વજ્ઞ દિવ્યધ્વનિ દ્વારા એમ કહે કે અમે તારા દ્રવ્યથી પરદ્રવ્ય છીએ. અને અમારા ઉપર તારું લક્ષ જશે તો તને વિકલ્પ ઉઠશે, રાગ ઉઠશે. અને રાગ એ ચૈતન્યનું પરિણમન નહિ. એ તો વિભાવ પરિણમન છે. 'પન્નાલાલજી'! સાંભળ્યું નથી. એમ ને એમ ધંધામાં ને ધંધામાં... આહાહા..! પરમાં... પરમાં... પરમાં... બાયડી માટે, છોકરા માટે, ધંધા માટે. જે પરદ્રવ્ય (એના માટે) મફતનો હેરાન થઈ જાય છે.

અહીં 'કુંદકુંદાચાર્ય' મહારાજ ભગવાન પાસે જઈને આઠ દિ' રહીને આવ્યા અને આ કહે છે. આહાહા..! '**जो पुण परदव्वरओ मिच्छादिट्ठी हवेइ**' એ પંદરમી ગાથા છે. પરદ્રવ્ય તરફના લક્ષમાં રત થઈ જાય એ મિથ્યાદષ્ટિ છે. અને અહીંયાં સોળમી ગાથામાં '**परदव्वादो दुग्गइ**' કીધું. ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સહજાનંદ, સહજાનંદ, સહજાનંદ સ્વરૂપ. સહજ

આનંદ વસ્તુ સ્વરૂપ, એને પરદ્રવ્ય તરફનું લક્ષ જતાં તેને ચૈતન્યની પરિણતિનો અભાવ થઈને એને રાગની પરિણતિ થશે. એ ચૈતન્યની ગતિ નહિ, એ દુર્ગતિ છે, કહે છે. આહાહા..! ગજબ વાત છે. એ વીતરાગ કહે, ભાઈ! સમજાણું કાંઈ? **'सद्दव्वादो हु सुग्गई'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ શુદ્ધાત્મ ભગવાન પ્રભુ, એના તરફનો આશ્રય કરતા એને ચૈતન્યની સુગતિ થાય છે. એટલે તેને મોક્ષનો માર્ગ અને મોક્ષ થાય છે. આહાહા..!

અરેરે..! એણે આત્માની અનંતકાળમાં દયા ન કરી. પરની દયા કરવા મથ્યો. પરની દયા કરવા જાય તો કાંઈ પરની દયા કરી શકતો નથી. પરદ્રવ્યનું શું કરી શકે ? વિકલ્પ ઊઠે એ રાગ છે. પરની દયાનો ભાવ ઊઠે એ રાગ છે, એ તો હિંસા છે. આહાહા..! 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં કહ્યું છે એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ. પંડિતજીને યાદ છે.

મુમુક્ષુ :- ...

**अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।**
**तेषा मेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।**

ઉત્તર :- એ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજનું શાસ્ત્ર છે. જે આ ટીકા છે 'સમયસાર'ની. રાગની ઉત્પત્તિ તે હિંસા છે. ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ ઉત્પન્ન થાઓ, સ્મરણનો ઉત્પન્ન થાઓ, શાસ્ત્ર વાંચનનો ઉત્પન્ન થાઓ, આહાહા..! ગજબ વાત છે ને નાથ તારી. એ વિકલ્પ છે, રાગ છે તે હિંસા છે. આવો માર્ગ ભગવાનનો છે.

મુમુક્ષુ :- શુભભાવ છે.

ઉત્તર :- શુભભાવ છે.

મુમુક્ષુ :- છે તો અશુભભાવ.

ઉત્તર :- અશુભભાવ તો પાપ છે. આ તો રાગ છે એ હિંસા, શુભ એ હિંસા, એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીઓ શુભને પણ પાપ કહે છે.

ઉત્તર :- શુભને અહીંયાં હિંસા કહે છે. જુદી વાત છે. અહીં છે એ પુસ્તક? 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' છે આમાં? આહાહા..! અશુભભાવ નહિ. 'રતનલાલજી'! લ્યો આવ્યું. ૪૪મી છે ને? ફેર છે આમાં. કેટલામી કીધી? ૪૪.

**'હિંસા અને અહિંસાનું નિશ્ચયે લક્ષણ વર્ણન કરે છે :-'**

જિનાગમનો સંક્ષેપ-સાર એ છે કે,.. છે? **'નિશ્ચયથી રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું એ અહિંસા છે અને તે રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું તે હિંસા છે. એવો જૈન સિદ્ધાંતનો સાર છે.'** શુભભાવ હિંસા છે. ભાઈ વળી કહે, અશુભ હિંસા છે, ભાઈ! બહારમાં તો એમ જ કહે છે ને. બહારમાં તો એમ કહે ને. અશુભ હિંસા છે. અહીં તો પરની દયા પાળવાનો રાગ ઉત્પન્ન થવો, એ પાળી શકે નહિ પણ ઉત્પન્ન થવો એ પોતે હિંસા છે. માર્ગ આવો છે, નાથ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ એવો છે, બાપા! એ અહિંસા પરમોધર્મ. રાગની ઉત્પત્તિ ન

થવી અને આત્માના આશ્રયે વીતરાગતા ઉત્પન્ન થવી, એ અહિંસા તે પરમધર્મ છે. પરને ન મારવો એ અહિંસા એ પરમ ધર્મ છે જ નહિ. ૪૪ ગાથા છે. આહાહા..!

'**નિશ્ચયથી રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું એ અહિંસા છે...**' આહાહા..! કેમ? કે આત્માનો સ્વભાવ જ વીતરાગ છે. આત્માનો સ્વભાવ વીતરાગ જ સ્વરૂપ છે એનું. જો વીતરાગસ્વરૂપ છે તો એમાંથી વીતરાગતા પ્રગટ થઈને સિદ્ધપદ થાય છે. તો એ વીતરાગ સ્વરૂપ છે એમાંથી દૃષ્ટિ છોડી દઈને પરને લક્ષે પણ કોઈપણ શુભરાગ પણ ઉત્પન્ન થાય, પુણ્યભાવ થાય એ સ્વરૂપની હિંસા છે. સાંભળ્યું નથી કોઈ દિ'. 'રતનલાલજી'!

મુમુક્ષુ :- કેટલા મહિના રોકાય તો સમજાય?

ઉત્તર :- ભાઈ કહે છે કે કેટલો વખત રોકાય તો સમજાય? આહાહા..! તોય એટલા આવ્યા ને, અહીં આવ્યા છે ને અત્યારે તાકડે. નીકળ્યા છે તો અનુકૂળ અહીંને માટે. આહાહા..! ભગવાન! શું કહીએ? આહાહા..!

કષાયના યોગે જે રાગ ઉત્પન્ન થાય એ હિંસા છે. બસ. આહાહા..! પરને ન મારવું એવી દયા પાળું એવો વિકલ્પ ઉઠ્યો. એ નિર્વિકલ્પ ભગવાનઆત્મા છે એમાં એની હિંસા થઈ છે. શાંતિમાં ઘા પડ્યો છે, કહે છે. આવી વાત. લોકોને બહારની વાતું વ્યવહારની એવી ગોઠે ને. લોકો રાજી રાજી થઈ જાય. આવે ત્યાં સાંભળતા મુશ્કેલ પડે. આ 'અમૃતચંદ્રાચાર્ય' 'કુંદકુંદાચાર્ય'ના ટીકાકાર 'સમયસાર' 'પ્રવચનસાર' એમનો આ ગ્રંથ છે. એની ૪૪ ગાથા છે. ભાઈનું છે? 'દેવીલાલજી'નું? ભાઈનું છે.

'યોગીન્દ્રદેવ' 'યોગસાર'માં તો એમ કહે છે. મુનિરાજ છે, દિગંબર સંત છે, આનંદના ઝુલે ઝુલનારા છે. મુનિ તો મુનિ એટલે! આહાહા..! એ 'યોગસાર' માં એમ કહે છે. 'પાપ પાપ કો સહુ કહે પણ અનુભવી જીવો પુણ્યને પાપ કહે છે.' 'યોગસાર' છે. એ આની પાછળ નાખ્યું છે. શેમાં? 'પરમાત્મપ્રકાશ'માં પાછળ નાખ્યું છે? આમાં છે? આમાં હશે પાછળ લ્યો! લ્યો, અહીં હાથ આવ્યું. જુઓ! ૭૧. ૭૧ ગાથા છે.

**जो पाउ वि सो पाउ मुणि, सब्बु इ को वि मुणेहि।**
**जो पुण्णु वि पाउ वि भणइ, सो बुह को वि हवेइ।।७१।।**

અર્થ :- '**જો પાપ ઉસે તો સભી પાપ માનતે હૈં,...**' ૭૧. એય...! સાંભળ્યું નથી. બધી શેઠાઈમાં શેઠાઈમાં વખત ગાળ્યો બધો. 'પન્નાલાલજી'! આવો માર્ગ છે, ભાઈ! વીતરાગમાર્ગ ભાઈ.. આહાહા..! છે? '**જો પાપ ઉસે તો સભી પાપ માનતે હૈં, પરંતુ જો પુણ્ય કો ભી પાપ કહતા હૈ વહ કોઈ વિરલા જ્ઞાની હી હોતા હૈ.**' આહાહા..! ૭૧ ગાથા છે, ભાઈ! એ 'પરમાત્મપ્રકાશ'માં જ છે. દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. આહાહા..! એવી વાત અન્યમાં તો નથી પણ શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં આવી વાત નથી. આ તો અલૌકિક વાતું છે, બાપા!

મુમુક્ષુ :- બધી વાત શાસ્ત્રોમાં તો છે પણ સોનગઢ સિવાય...

ઉત્તર :- શાસ્ત્રમાં તો પડ્યું જ છે. અહીંના છે? આ તો પહેલાના છે.

મુમુક્ષુ :- સંભળાવતા ડરે છે.

ઉત્તર :- એને બેઠું જ નથી. શું ડરે? ઊંધું બેઠું છે. સત્ય છે. સંતો પોકાર કરે છે ઢંઢેરો પીટીને. એ ક્યાં ગુપ્ત રાખે છે? નાગા મુનિ-નગ્ન દિગંબર નાગા બાદશાહથી આઘા. એને ક્યાં પડી છે કોઈની? આ માર્ગ છે. માનો ન માનો તમારી પાસે રહ્યું. આહાહા..! સમાજ સમતોલ રહેશે કે નહિ? સમાજમાં ભાગ પડી જશે કે નહિ? કાંઈ પડી નથી એને. માર્ગ આ છે. એમ દિગંબર સંતોના પોકાર છે. આહાહા..! વાત સાંભળવા મળતી નથી, ભાઈ કહે છે. વાત સાચી. વાત તો એવી છે, બાપા! શું થાય? લોકોને દુઃખ લાગે છે. અમે માનીએ છીએ એનાથી વળી આ ઊંધુ ક્યાં કાઢ્યું? બાપુ! વાત આ છે. ભાઈ! તારા હિતની વાત છે. તારા સુખના પંથે પડવાનો આ માર્ગ છે. દુઃખને પંથે, રાગના પંથે પડ્યા છે એ તો દુઃખપંથે પડ્યા છે. આહાહા..!

એ અહીં કહે છે. '**પરદ્રવ્યરૂપ-સંસ્કાર સર્વથા નહીં હૈ,...**' જુઓ! ધર્મ દૃષ્ટિ થતાં પરદ્રવ્યના સંસ્કારથી રહિત થાય ત્યારે ધર્મ થાય. પરદ્રવ્યના સંસ્કાર આ પુણ્ય-પાપ, દયા-દાન એ પરદ્રવ્યના સંસ્કાર છે. એનાથી રહિત આત્માની દૃષ્ટિ કરે ત્યારે આત્માના સંસ્કાર પડે-વીતરાગતા એ ધર્મ છે. આવો માર્ગ છે, પ્રભુ! બેસે, ન બેસે. આહાહા..! એક જણા એમ કહેતા હતા. ઓલા 'પૂનમચંદ ઘાસીલાલ' છે ને? 'મુંબઈ'. ક્યાંના છે એ? 'પ્રતાપગઢ'ના છે ને. 'કાલબાદેવી' 'મુંબઈ'. મંદિર છે મોટું એના ઘરે છે. એના શેઠે એક ફેરી કહેવરાવ્યું. અમારે 'હિંમતભાઈ' છે ને એની પાસે કહેવરાવ્યું હતું. 'કાનજીસ્વામી' કાંઈક થોડું ઢીલું મૂકે, અમે કાંઈક ઢીલું મૂકીએ તો આપણે (ભેગા થઈ જઈએ).

ઓલા જેમ વાણિયા હોય ને? તો વાણિયો કણબી પાસે પાંચ હજાર માગતો હોય. કણબી કૃષિકાર પાસે. પાંચ હજાર રૂપિયા માગે. પાંચ હજાર રૂપિયા દીધા હોય. જાણતો હોય, એને ખબર હોય કે હવે આની પાસે છે નહિ. માંડ બે હજાર આપે કે નહિ એની પાસે સાધન જ નથી. છતાં એમ કહે, પાંચ હજાર વિના એક પાય લેવી નથી મારે. પાંચ હજાર લેવા છે. ઓલો કહે, એક હજાર સિવાય પાય મારી પાસે નથી. ઓલો સમજે કે બે હજાર તો દેવા જ પડશે. એમ કરતા કરતા કરતા ઓલો ચાર હજારે આવ્યો, ઓલો બારસોએ આવ્યો, આ ત્રણ હજારે આવ્યો, ઓલો પંદરસોએ આવ્યો, પછી અહીં બે હજારે આવ્યો તો ઓલો હજારે આવ્યો. એવી અહીં વાણિયાવડ છે? શેઠ! એય..! 'પન્નાલાલભાઈ'! આહાહા..! બાપુ! અનાદિ સનાતન જૈનધર્મ વીતરાગમાર્ગ તો આ છે, ભાઈ! અનાદિ સંતોએ આ પોકાર કર્યા છે. આહાહા..!

'**સ્વભાવ-સંસ્કાર હી હૈ.**' જુઓ! શું કીધું? સિદ્ધમાં પરદ્રવ્યનો સંસ્કાર નથી. ત્યારે છે શું? સ્વભાવ સંસ્કાર છે. અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ સ્વભાવના સંસ્કાર ત્યાં છે. આહાહા..! બહુ સરસ વાત આવી, તમે બરાબર આવ્યા ને. આહાહા..! ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત છે, બાપુ! આ તો. એવી વાત છે. દુનિયાના ભાગ્ય તો જુદી જાતના પણ આ જુદી ચીજ છે. વીતરાગ માર્ગ ગણધરોએ, સંતોએ રચ્યો છે. વીતરાગની

દિવ્યધ્વનિમાં આવ્યો, એ ગણધરોએ શાસ્ત્ર રચ્યા, આ એમાંથી સંતોએ શાસ્ત્ર બનાવ્યા છે. આહાહા..!

કહે છે, **'સ્વભાવ-સંસ્કાર હી હૈ.'** પરદ્રવ્યના સંસ્કાર ત્યાં સિદ્ધમાં જરીએ નથી. ઓલા કહે છે ને કે બહુ સિદ્ધ વયા જશે પછી અહીં આવશે અવતરવા. ગીતામાં પણ એમ કહે છે. બહુ અહીં પાપી થાય ..

મુમુક્ષુ :- નયદા યદા હી ધર્મસ્યે'

ઉત્તર :- 'ગ્લાનિ ભવતિ ભારત' અવતાર ધારણ કરે. એ અહીં ના પાડે છે. પરદ્રવ્યના સંસ્કાર ત્યાં જરીયે છે નહિ કે જેથી અહીં અવતાર ધારણ કરે. આહાહા..!

**'સ્વભાવ-સંસ્કાર હી હૈ.'** આહાહા..! અનંતજ્ઞાન જે સ્વભાવસ્વરૂપ, એનો સ્વભાવ શક્તિ, એનું સામર્થ્ય. જે અનંત જ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ હતી, પર્યાયમાં તે સંસ્કાર આવ્યા. સિદ્ધમાં એ સંસ્કાર છે. પરદ્રવ્યના જરીએ સંસ્કાર છે નહિ. આહાહા..! એક એક ગાથા, એક એક સંતોની. જુઓ તો ખરા!

**'જો મૂઢ ઈન ગુણોંકા અભાવ માનતે હૈં,...'** એમાં ત્યાં સિદ્ધમાં એ ગુણ નથી, એમ કહે, માને છે **'વે વૃથા બકતે હૈં, મોક્ષ તો અનંત ગુણરૂપ હૈ.'** આહાહા..! જેવા આત્મામાં અનંતગુણ હતા એ શક્તિરૂપે હતા, સ્વભાવ સામર્થ્યરૂપે હતા એ પર્યાયમાં પ્રગટ થઈ ગયા, એનું નામ સિદ્ધ છે. આહાહા..! ત્યાં અનંતગુણ છે. **'ઈસ તરહ નિર્ગુણવાદિયોંકા નિષેધ કિયા.'** એમાં ગુણ નથી એવા માનનારાઓનો નિષેધ કર્યો, બાપુ! તને ખબર નથી. મોક્ષની દશા કોને કહેવી? એનું શું સ્વરૂપ છે? તું નિર્ગુણ કહે છો એને. એ લોકોમાં એમ કહે છે. રજો, તમો, સત્વ, ગુણ નથી. પણ રજો, તમો, સત્વગુણ નથી પણ વસ્તુનો ગુણ, પર્યાય છે કે નહિ? આહાહા..! પૂર્ણાનંદની પ્રાપ્તિનું જીવનું સ્વરૂપ એ તો છે. આહાહા..! એ નિર્ગુણનો નિષેધ થયો. પછી બૌદ્ધમતનો કહેશે વિશેષ... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૧, શનિવાર
## તા. ૦૯-૧૦-૧૯૭૬, ગાથા-૬, ૭, પ્રવચન નં. ૯૯

'પરમાત્મપ્રકાશ' ગાથા-૬. એનો ભાવાર્થ ચાલે છે. અહીં આવ્યું છે, જુઓ! મોક્ષની વ્યાખ્યા છે, મોક્ષ. જગતમાં ચાર પ્રકારનો પુરુષાર્થ ચાલે છે. એક પુણ્યનો પુણ્ય પુરુષાર્થ, એક લક્ષ્મીનો પુરુષાર્થ-પાપનો અને એક ભોગનો પુરુષાર્થ. ધર્મ, અર્થ અને કામ. ત્રણનો પુરુષાર્થ એ પુણ્ય-પાપનો પુરુષાર્થ બંધનનું કારણ છે. એ ત્રણથી રહિત મોક્ષનો પુરુષાર્થ એ સુખની પ્રાપ્તિનો પુરુષાર્થ. સમજાય છે? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ (છે). ધર્મ શબ્દે પુણ્ય, શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવનો પુરુષાર્થ બંધનું કારણ

(છે). પુણ્ય છે પુણ્ય, પણ છે બંધનું કારણ. અને લક્ષ્મીનો પુરુષાર્થ આ રળવું, કમાવું ધૂળ માટે. 'શાંતિભાઈ'! ધૂળ-ધૂળ.

મુમુક્ષુ :- કિંમતી છે.

ઉત્તર :- ધૂળેય કિંમતો નથી ત્યાં. પચ્ચીસ હજારની વીંટી પહેરીને નીકળ્યો હોય અને શેરીમાં કોઈ ન હોય બીજો. શું કહેવાય એ? ગુંડો. એ વીંટી લઈને મારી નાખે. સુખનું કારણ છે ને? આ બન્યું છે. 'મુંબઈ'માં એવું બને છે. એવી ગલીમાં જાય ને વીંટી પહેરેલી હોય પચ્ચીસ-પચાસ હજારની અને નીકળ્યો ગુંડો. મારી નાખે ને લઈ લે. સુખનું કારણ છે ને?

અહીંયાં તો બીજી વાત કહેવી છે કે પૈસા માટે પ્રયત્ન કરવો એ પાપનો પ્રયત્ન છે. એ પાપનો પ્રયત્ન છે. ભોગ માટે પ્રયત્ન વિષયના ભાગનો એ પાપનો પ્રયત્ન છે. અને દયા, દાન, વ્રતનો પ્રયત્ન એ પુણ્યનો પ્રયત્ન છે. પણ એ ત્રણે પ્રયત્ન બંધનું કારણ છે. આત્માને નુકસાનનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- આખી દુનિયા કરે એ નુકસાન?

ઉત્તર :- આખી દુનિયા કરે કે ગમે તે કરે. કહો, 'પોપટભાઈ'! આખી દુનિયા બધી કરે છે ને, એમ કહે છે. આહાહા..!

અહીં પરમાત્મા જિનવરદેવ, જિનેશ્વર પરમાત્મા એમ કહે છે કે મોક્ષનો પુરુષાર્થ એક કરવા લાયક છે. ધર્મી જીવે તો મોક્ષની ભાવના કરવા લાયક છે. એ મોક્ષ કેવો છે? એની વાત ચાલે છે. મોક્ષમાં અનંતગુણ છે. જે આત્મા અનંતગુણની શક્તિનો સામર્થ્યવાળો પદાર્થ છે, એની પર્યાયમાં શક્તિનો પૂરો વિકાસ થઈ ગયો. મોક્ષ-સિદ્ધમાં મોક્ષમાં નમો સિદ્ધાણં. એ સિદ્ધને અનંતગુણનો વિકાસ પર્યાયમાં પ્રગટ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલાક એમ કહે છે કે મોક્ષમાં ગુણ નથી. એનો નિષેધ કરે છે. મોક્ષની દશા... નવ તત્ત્વમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો મોક્ષતત્ત્વ કેવું છે એની પ્રતીતિ કરાવે છે. સમજાણું કાંઈ? ત્યાં પર્યાયમાં અનંતગુણ છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતઈશ્વરતા, અનંતસ્વચ્છતા એવી અનંત શક્તિઓનો ત્યાં વિકાસ થઈ ગયો છે. એ મોક્ષ ધર્મી જીવે કરવાલાયક છે. કહો, 'ભગવાનજીભાઈ'! આ વાત તો અહીં છે. આ તમારા ધૂળ અને પૈસા બે-પાંચ કરોડ ને ધૂળ ને... એ તો બધા પાપી પ્રાણી છે એમ કહે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં ભલે એમ લખ્યું પણ લોકમાં તો એની બોલબાલા છે.

ઉત્તર :- લોકમાં ગાંડા-પાગલમાં તો બોલબોલા જ બોલાય ને. લોક પાગલ છે. 'શાંતિભાઈ'! અહીં તો વાત એવી છે. એય..! આ બધા કરોડોપતિ બેઠા. લોકો વખાણે એને. પાગલ પાગલને વખાણે.

અહીં પરમાત્મા ત્રિલોકનાથ જિનવરદેવ અથવા સંતો, મહા દિગંબર સંતો, અનંત આનંદના અનુભવી એ જગતને પ્રસિદ્ધ કરે છે કે હે, ભાઈ! મોક્ષ જ ઈચ્છવા લાયક છે. એ સિવાય કોઈ ઈચ્છા કરવા લાયક છે નહિ. કેમકે મોક્ષમાં અનંતગુણ છે. એમ કહેવું છે. અહીં

સુધી આવ્યું છે આપણે. '**પરદ્રવ્યરૂપ-સંસ્કાર સર્વથા નહીં હૈ,...**' ત્યાં આવ્યું છે. છે વચમાં? 'શાંતિભાઈ'! ઝીણી વાત છે, પ્રભુ! આ આત્મા જે છે-વસ્તુ, એની જ્યારે મોક્ષદશા-પરમ આનંદ અને અનંતજ્ઞાન દશા પ્રગટે છે ત્યારે એમાં અનંતગુણ છે. પરદ્રવ્યના સંસ્કારનો એમાં અભાવ છે. શું? સમજાણું કાંઈ? જેમ અહીં પરદ્રવ્યના સંસ્કાર રાગ-દ્વેષ-પુણ્ય-પાપ (ભાવ થાય છે) એ પરદ્રવ્યના સંસ્કારનો મોક્ષમાં અભાવ છે. પણ સ્વદ્રવ્યના સંસ્કાર છે. ક્યા સંસ્કાર? જુઓ! છે? '**સ્વભાવ-સંસ્કાર હી હૈ.**' ત્યાં સુધી આવ્યું છે. આત્મા અનંતઆનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ આત્મા, તો એની પર્યાયમાં મોક્ષમાં સ્વભાવના સંસ્કાર પ્રગટ થયા છે. આહાહા..! અજ્ઞાની એમ કહે છે કે પરના સંસ્કાર રહી જાય તો એ મોક્ષ નહિ. અહીં કહે છે કે પરના સંસ્કાર રહે તો મોક્ષ નહિ પણ સ્વના સંસ્કાર રહે છે. એ અજ્ઞાની સ્વના સંસ્કારની પણ મોક્ષમાં ના પાડે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંત ઈશ્વરતાનો સમુદાયરૂપ સ્વરૂપ, એની પર્યાયમાં, દશામાં, મોક્ષદશા એ પર્યાય છે-દશા છે, એમાં અનંતગુણની વ્યક્તતા પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનમાં ધર્મની પહેલી સીઢી, સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની શરૂઆત. એ સમ્યગ્દર્શનમાં પણ જેટલા ભગવાનઆત્મામાં ગુણ છે, શક્તિ છે, સામર્થ્ય છે એ સર્વ ગુણની શક્તિનો, અનંતગુણની શક્તિનો એક અંશ વ્યક્તરૂપે સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેને 'શ્રીમદ્ રાજચંદ્ર' એમ કહે છે કે સર્વગુણાંશ તે સમકિત. સર્વગુણાંશ તે સમકિત. આપણે આમાં 'ટોડરમલજી' 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એમ કહે છે કે જેટલા આત્માના ગુણ છે એ બધાના ગુણનો એક અંશ પ્રગટ થઈ ગયો છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' 'ટોડરમલ' 'મોક્ષમાર્ગ પ્રકાશક'. સમજાય છે કાંઈ?

જેમ ચંદ્રની બીજ ઊગે છે, બીજ. તો એમાં બધા પ્રકાશની પર્યાયનો અંશ પ્રગટ થયો છે. પૂનમ થાય ત્યારે પૂર્ણ થઈ જાય. એમ ભગવાનઆત્મા... આહાહા..! જેમાં અનંત-અનંત સંખ્યાએ ગુણ-શક્તિ પડી છે. એને જ્યારે સમ્યગ્દર્શન થાય છે... આહાહા..! ધર્મની પહેલી સિઢી, ધર્મનું પહેલું સોપાન. જેને સમ્યગ્દર્શન પરમાત્મા જિનવરદેવ કહે. એ સમ્યગ્દર્શનમાં જેટલી સંખ્યામાં અંતર આત્મામાં ગુણ છે એ બધાનો એક અંશ વ્યક્ત પ્રગટ થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! તો જે સમ્યગ્દર્શનમાં સમ્યક્-જેવું વસ્તુનું સ્વરૂપ છે, ભગવાન જિનવરદેવે જે વસ્તુ આત્મા જોયો,.. એ તો આવ્યું હતું ને એકવાર? 'પ્રભુ તુમ જાણગ રીતી, સૌ જગ દેખતા હો લાલ.' હે પ્રભુ! આપ સર્વ જગતને દેખો છો. કેવળી પરમાત્માને કહે છે. 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે નાથ! હે જિનવરદેવ પરમેશ્વર પરમાત્મા! અમારા આત્માને આપ નિજ સત્તાએ શુદ્ધ દેખો છો. આ આત્માની શુદ્ધ સત્તા શક્તિ શુદ્ધ છે. એને ભગવાનઆત્મા કહે છે. આહાહા..! તો એવો શુદ્ધ આત્મા.. અલૌકિક વાતું છે ભાઈ! આ કાંઈ બહારની... એક તો પૈસાના તોફાન, ગાંડપણા પાગલ, એમાં વળી વિષયના તોફાન. સ્ત્રીઓ અનુકૂળ હોય, દીકરા અનુકૂળ હોય, પાંચ-પચ્ચીસ લાખનું મકાન બનાવ્યું હોય ને હજીરો, હજીરો મોટો.

મુમુક્ષુ :- હજીરાનો અર્થ કહો.

ઉત્તર :- હજીરાનો અર્થ એ છે કે 'જામનગર'માં નદીને કાંઠે લોટીયા વોરાને દાટવાના મકાનને હજીરો કહે છે. અત્યારે છે. આ 'જામનગર' છે ને? નદીને કાંઠે મોટા લોટિયા વોરા નથી હોતા? ટોપીવાળા લોટિયા. એ મરી જાય ને ત્યારે ત્યાં દાટે. એને હજીરો કહે છે. મોટા હજીરા હોય છે. એમ આને મોટા હજીરા પાંચ-પચાસ લાખના મકાન મોટા હજીરામાં દટાઈ ગયો છે એ ભાન વિનાનો. આહાહા..! સમજાણું કાંઈ?

આ વાત નહોતી કરી હમણાં? 'ગોવા'માં નથી અત્યારે? એક વાણિયો છે એ ગુજરી ગયો. આપણો સ્થાનકવાસી જૈન હતો. બે અબજ ને ચાલીસ કરોડ. એટલા પૈસા. 'શાંતિલાલ ખુશાલ'. એમની બહેનની દીકરીઓ આપણે અહીં બ્રહ્મચારી છે, ૬૪ દીકરીઓમાં. બે અબજ ચાલીસ કરોડ. ૬૧ વર્ષની ઉંમર. એની સ્ત્રીને હેમરેજ થયેલું. બેભાન. 'મુંબઈ'માં દવા માટે લઈ ગયેલા. 'મુંબઈ'માં. ત્યાં એને પોતાને દોઢ વાગ્યે એકદમ દુઃખાવો ઉત્પન્ન થયો. બોલાવો ડૉક્ટરને. ડૉક્ટરને બોલાવે છે. જ્યાં આવે છે ત્યાં ભાઈ સા'બ ભવાંતર થઈ ગયું. એક ભવ છોડીને બીજો ભવ. રખડવા માટે ગયો હશે. આહાહા..!

મુમુક્ષુ :- ડૉક્ટર નહોતા આવી શક્યા?

ઉત્તર :- ડૉક્ટર આવ્યા પહેલા વયા ગયા, ચાલ્યા ગયા. ડૉક્ટર આવે તો શું કરે? ડૉક્ટર પણ મરી જાય છે. આહાહા..! ડૉક્ટર શું કરે? એની સ્ત્રીને હેમરેજ હતું માટે ત્યાં આવેલા. એમાં આ મરી ગયો. હવે એ સ્ત્રીને જરી મહિના પછી ખબર પડી કે ધણી મરી ગયો. તે અસાધ્ય હતી. હજી પણ અત્યારે અસાધ્ય છે. તેર-ચૌદ મહિના થયા. અસાધ્ય. બંગલામાં પડી છે.

મુમુક્ષુ :- ગુજરી ગયા.

ઉત્તર :- મરી ગઈ? ક્યારે? હમણાં?

મુમુક્ષુ :- દસ-બાર દિ' થયા હશે.

ઉત્તર :- દસ-બાર દિ' થયા. આહાહા..! એમ. મરી ગઈ. તેર-ચૌદ મહિનાથી અસાધ્ય હતી. ધૂળમાંય કામ આવે નહિ તારા બંગલા અને પૈસા. મહાણમાં પૈસા કામ આવતા હશે ત્યાં? આહાહા..!

અહીં કહે છે કે એ લક્ષ્મીનો પ્રયત્ન એકલો પાપ, વિષયનો ભોગનો પ્રયત્ન એકલો પાપ. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિનો ભાવ પ્રયત્ન પુણ્ય. બેય બંધનનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાની પુણ્યને શું કહે?

ઉત્તર :- જ્ઞાની પુણ્યને પાપ કહે. 'પાપ પાપ કો તો સહુ કહે, પણ અનુભવી જીવ પુણ્યને પાપ કહે.' આહાહા..! વાત આવી છે, બાપુ! ઝીણી, ભાઈ! પુણ્ય પણ એક સોનાની બેડી છે. પાપ લોઢાની બેડી, પુણ્ય સોનાની બેડી. પણ બેડી છે એ. એ સિવાય અહીં તો મોક્ષના પુરુષાર્થની વ્યાખ્યા ભગવાન કરે છે. આહાહા..!

ભાઈ! તું એ ત્રણનો પુરુષાર્થ છોડી દે. છોડીને મોક્ષનો પુરુષાર્થ કર. કેમકે એમાં અનંતગુણ છે, અનંતઆનંદ છે. સિદ્ધમાં અનંત અતીન્દ્રિય આનંદ છે. તારા ઇન્દ્રિયના વિષયના સુખમાં તો કલ્પના તો ઝેર છે. વિષયના સુખનો ભાવ તો ઝેર છે. આહાહા..! સિદ્ધમાં તો અનંત અતીન્દ્રિય આનંદની લહેર ઊઠે છે. અહીં કહેશે કે અતીન્દ્રિય આનંદના સુખનું જો સુખ ન હોય તો સિદ્ધ ભગવાન અનંત આનંદને શું કામ સેવે? એ પછી સાતમી ગાથામાં કહેશે. સમજાય છે કાંઈ? સાતમી ગાથામાં આવે છે. '**जिय सिद्ध वि सेवहिं सोइ**' સિદ્ધ ભગવાન અનંતઆનંદને સેવે છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. આહાહા..!

અહીં કહે છે કે '**પરદ્રવ્ય-સંસ્કાર-સર્વથા નહીં હૈ,...**' મોક્ષ-ભગવાન પરમાનંદ દશા પ્રગટી, પોતાનો શુદ્ધ ચૈતન્ય પદાર્થ, એની અંતર અનુભવ દૃષ્ટિ કરીને, એનું ધ્યાન કરીને જે મોક્ષની દશા પ્રગટી, એમાં પરદ્રવ્યના સંસ્કારનો બિલકુલ અભાવ છે. સમજાણું કાંઈ? '**સ્વભાવ-સંસ્કાર હી હૈ.**' એકલો ભગવાનઆત્મા. જ્ઞાન અતીન્દ્રિય આનંદ શાંતિ, સ્વચ્છતા આદિ એવા જે ગુણ છે, એના પર્યાયમાં સંસ્કાર છે. આહાહા..! છે એમાં? છે કે નહિ? વચમાં છે. ત્યાં સુધી આવ્યું હતું પરમ દિવસે.

'**સ્વભાવ-સંસ્કાર હી હૈ.**' એટલું. '**પરદ્રવ્યરૂપ-સંસ્કાર સર્વથા નહીં હૈ, સ્વભાવ-સંસ્કાર હી હૈ.**' આહાહા..! હજી તો મોક્ષ શું છે એની ખબર ન મળે. આ દુનિયા મૂઢ ગાંડી, પાગલ સંસારમાં મશગુલ. મરીને પછી નરક અને ઢોરમાં-પશુમાં જાય. ઘણા પૈસાવાળા તો ઢોરમાં- પશુમાં જ જવાના. નરકમાં ન જાય. કારણ કે માંસ દારૂ ન ખાય. વાણિયા આપણે એટલે માંસ-દારૂ તો હોય નહિ. અત્યારે તો સારામાં તો હોય નહિ. હશે કોઈક છોકરાઓ એવા. સારા માણસને તો માંસ-દારૂ તો હોય નહિ. માયા, કપટ, કુટિલતા અને એકલી મમતા. આહાહા..! રળવું ને બીજા કરતા અધિકપણે ગણાવું. દુનિયાથી કાંઈક અમે વિશેષપણે થયા છીએ એમ જણાવવું. વિશેષ એટલે ધૂળમાં. પૈસા ને આબરૂમાં. એમાં ને એમાં મરી ગયો અનંતકાળથી. અરેરે..! ચૈતન્યની જાતને જાણવા એણે પ્રયત્ન કર્યો નહિ.

અહીં એ પરમાત્મા કહે છે. ભગવાન! હવે તો કર. એવી મોક્ષદશા, એ માટે પ્રયત્ન તો કર. આહાહા..! એ પ્રયત્ન ભગવાન આનંદનો નાથ પ્રભુ આત્મા છે. અત્યારે એ અતીન્દ્રિય આનંદમય આત્મા છે, પરમાત્મસ્વરૂપ છે, ભગવત્સ્વરૂપ આત્મા અંદર છે. આહાહા..! એની દૃષ્ટિ કર, એનું જ્ઞાન કર અને એમાં લીન થા. એ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? અને એનું ફળ એ મોક્ષ છે. અહીંયાં મોક્ષની વાત ચાલે છે.

'**પરદ્રવ્યરૂપ-સંસ્કાર સર્વથા નહીં હૈ, સ્વભાવ-સંસ્કાર હી હૈ. જો મૂઢ ઈન ગુણોંકા અભાવ માનતે હૈં,...**' મોક્ષમાં ગુણનો અભાવ માને છે. આ વૈશેષિક આદિ મત છે ને મત? '**વે વૃથા બકતે હૈં,...**' આહાહા..! અહીં પણ જ્યારે સમ્યગ્દર્શનમાં ગુણનો નમુનો પર્યાયમાં આવે છે તો સિદ્ધની વાત શું કરવી? આહાહા..! એ તો પૂર્ણ અનંતઆનંદ આદિ શક્તિની વ્યક્તતા પરમાત્મા સિદ્ધને થઈ ગઈ હોય છે. '**મોક્ષ તો અનંત ગુણરૂપ હૈ.**' છે? ગુણ શબ્દે પર્યાય લેવી છે. ગુણનો આત્મામાં અનંતઆનંદ અનાદિકાળનો છે. પણ મોક્ષમાં

અનંતગુણનો અર્થ અનંતી પર્યાય-અવસ્થા. સિદ્ધ પણ એક અવસ્થા છે. સંસાર વિકારી અવસ્થા છે, મોક્ષમાર્ગ નિર્મળ અપૂર્ણ નિર્મળ અવસ્થા છે અને મોક્ષમાં પૂર્ણ નિર્મળ અવસ્થા છે. ગુણ તો આત્મામાં ત્રિકાળ છે. અરે..! આહાહા..! એ અનંતગુણ કહ્યા એ પર્યાય. સિદ્ધમાં અનંતી પર્યાય નિર્મળ, અનંત થઈ ગઈ છે. આહાહા..! '**ઈસ તરહ નિર્ગુણવાદિયોંકા નિષેધ કિયા.**' જે સિદ્ધમાં, મોક્ષમાં ગુણ નથી માનતા એનો નિષેધ કર્યો.

'**તથા બૌદ્ધમતી જીવકે અભાવકો મોક્ષ કહતે હૈં.**' હવે બૌદ્ધ છે ને બૌદ્ધ? ચીનમાં બૌદ્ધમત અત્યારે મોટો છે. એ જીવના અભાવને મોક્ષ કહે છે. '**વે મોક્ષ ઐસા માનતે હૈં કિ જૈસે દીપકકા નિર્વાણ (બુઝના)...**' દીવો હોય ને દીવો? દીપક. એમાં કાજળ છે ને કાજળ? તો કાજળ જેમ નાશ પામે તો દીવો પણ નાશ થઈ જાય છે, એમ બૌદ્ધમતિ કહે છે. કાજળનો નાશ કરવા જાવ તો દીવાનો પણ નાશ થઈ જશે. એમ મોક્ષમાં મેલ કાઢવા જશો તો ચૈતન્યનો દીવો જ બુજાઈ જશે. આહાહા..! એવા અભિપ્રાય જગતમાં પડ્યા છે. અહીં તો પરમેશ્વર જિનવનરદેવ મોક્ષ કેવો કહે છે એની વાત કરીને એનાથી વિરોધનો નિષેધ કરે છે. એવા મત છે ને જગતમાં બધા? '**જીવકા અભાવ વહી મોક્ષ હૈ. ઐસી બૌદ્ધકી શ્રદ્ધાકા ભી તિરસ્કાર કિયા.**' બૌદ્ધની શ્રદ્ધા એવી છે એને જૂઠી કહી. લ્યો! ઓલો કહે, બૌદ્ધ પણ મોક્ષ ગયા છે અને ભગવાન પણ મોક્ષ ગયા છે. 'ચીમન ચકુ' સ્થાનકવાસીના 'મુંબઈ' છે ને? છાપામાં આવ્યું હતું. આવા એના મોટા અગ્રેસરો. 'બૌદ્ધ' પણ મોક્ષ ગયા છે અને 'મહાવીર' પણ મોક્ષ ગયા છે. અહીં કહે છે કે બૌદ્ધની શ્રદ્ધાનો તિરસ્કાર કરીએ છીએ. આહાહા..!

મુમુક્ષુ :- દુનિયા આગળ વધી ગઈ ને.

ઉત્તર :- દુનિયા આગળ વધી રખડવામાં. આહાહા..!

'**ક્યોંકિ જો જીવકા હી અભાવ હો ગયા, તો મોક્ષ કિસકો હુઆ?**' જીવનો અભાવ થયો તો મોક્ષ થયો કોને? ત્યાં આત્મા તો રહ્યો નહિ. આહાહા..! '**જીવકા શુદ્ધ હોના વહ મોક્ષ હૈ,...**' ભગવાનઆત્મા પવિત્રનો પિંડ પ્રભુ આત્મા છે, એની પર્યાયમાં પવિત્રતા, શુદ્ધતા પૂર્ણ પ્રગટ થવી એનું નામ મોક્ષ છે. આહાહા..! મોક્ષ કાંઈ બહારથી આવતો નથી. અંતરમાં જે શક્તિ પૂર્ણ મુક્તસ્વરૂપ છે, દરેક આત્માની મુક્ત શક્તિ અંદરમાં છે, મુક્તરૂપ જ છે, એનો આશ્રય કરવાથી પર્યાયમાં મુક્તદશા થાય છે. એ શુદ્ધ થવું તે મોક્ષ છે. અભાવ થવો એ મોક્ષ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અભાવ કહના વૃથા હૈ. સાંખ્યદર્શનવાલે ઐસા કહતે હૈં કિ જો એકદમ સોનેકી અવસ્થા હૈ, વહી મોક્ષ હૈ,...**' સોના એટલે સૂઈ જવું. ઊંઘમાં સુઈ જવું એનું નામ મોક્ષ. એમાં ચૈતન્ય પણ નથી ને કાંઈ નથી. આહાહા..! '**એકદમ સોનેકી...**' સોનેકી એટલે સમજ્યા? આ સોનું એટલે સોનું નહિ. સૂઈ જવાની અવસ્થા. '**વહી મોક્ષ હૈ, જિસ જગહ ન સુખ હૈ, ન જ્ઞાન હૈ,...**' અજ્ઞાની એમ માને છે. મોક્ષમાં નથી સુખ, નથી જ્ઞાન. '**ઐસી**

**પ્રતીતિકા નિવારણ કિયા.**' એવી શ્રદ્ધાનો નિષેધ કર્યો કે તારી શ્રદ્ધા જૂઠી છે. તું મોક્ષને જાણતો નથી. આહાહા..!

'**નૈયાયિક ઐસા કહતે હૈં કિ જહાંસે મુક્ત હુઆ વહીં પર હી તિષ્ઠતા હૈ,...**' નૈયાયિકનો મત છે. જેમ પંખીની પાંખ તૂટી જાય તો પંખી ત્યાંને ત્યાં રહે છે. એમ મોક્ષ થાય તો ત્યાં ને ત્યાં રહે. એમ કહે છે. '**ઉપરકો ગમન નહીં કરતા. ઐસે નૈયાયિકકે કથનકા લોક-શિખર પર તિષ્ઠતા હૈ,...**' ભગવાન તો કહે છે કે મોક્ષ તો લોકના શિખર ઉપર છે. અહીં મોક્ષ થાય છે તો લોક શિખર ઉપર જાય છે. ઉપર છે ને લોકના અગ્રે? સિદ્ધ, અનંતા સિદ્ધ. મોક્ષ થાય છે અહીંયાં, પૂર્ણ આનંદની દશા. એ આત્મા લોકશિખર ઉપર રહે છે. અનંત સિદ્ધ પરમાત્મા. ણમો સિદ્ધાણં. અનંત સિદ્ધો લોકને અગ્રે રહે છે. એ લોકો કહે કે જ્યાં મોક્ષ થાય ત્યાં ને ત્યાં રહે છે. ખોટું છે. એ મોક્ષને જાણતા નથી. લ્યો!

'**ઈસ વચનસે નિષેધ કિયા. જહાં બંધનસે છૂટતા હૈ, વહાં વહ નહીં રહતા,...**' દૃષ્ટાંત આપે છે. '**બંધનસે છૂટતા હૈ, વહાં નહી રહતા, યહ પ્રત્યક્ષ દેખને મેં આતા હૈ, જૈસે કૈદી કૈદસે જબ છૂટતા હૈ,...**' કેદી. '**તબ બંદીગૃહસે છૂટકર અપને ઘરકી તરફ ગમન કરતા હૈ,...**' કે ત્યાં ને ત્યાં રહે છે બંદીઘરમાં? સમજાણું કાંઈ? કેદી બંદીગૃહમાંથી છૂટે છે તો પોતાના ઘર તરફ જાય છે. '**વહ નિજઘર નિર્વાણ હી હૈ.**' આહાહા..! મોક્ષ એ નિજઘર એ નિર્વાણ છે. પોતાનો નિર્વાણ અહીંયાં થયો તો નિજઘર ઉપર ત્યાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પશુ પણ આખો દિવસ જંગલમાં જાય છે અને સાંજે આવે છે તો પોતાના ઘરમાં આવે છે. ઘરમાં આવે છે ને? બારણા બંધ હોય તો માથુ મારે. પશુ સવારથી બહાર નીકળે છે ને? જંગલમાં ચરે છે. સાંજે આવે. ઘરના પાંચ-પચ્ચીસ જણ હોય, બારણા બંધ અને ખબર ન હોય માણસને કે ટાઈમ થઈ ગયો છે. તો માથુ મારે. ઘરમાં જાવું છે. એમ આત્મા બંદીગૃહ અજ્ઞાનમાંથી છૂટીને, પુણ્ય-પાપના બંધનથી છૂટીને પોતાનું નિજઘર આનંદમાં જાય છે. સમજાય છે કાંઈ? આરે! આવી વાતું હવે.

ધર્મ કેમ કરવો? એ ધર્મ આ રીતે કરવો. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એની દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ ધર્મ છે. ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત ને પૂજા ને ભક્તિ ને તપ એ કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? સ્થાનકવાસીમાં તો પર્યુષણમાં આણે આઠ અપવાસ કર્યા હતા, આણે દસ અપવાસ કર્યા હતા, આણે મહિનો કર્યો હતો અને આણે .. કર્યા હતા. મોટા લખાણ આવે લાંબા. ધૂળેય નથી. એ તો ક્રિયાનો રાગ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો આનંદ પ્રભુ સ્વરૂપ, વીતરાગમૂર્તિ આત્મા, એ વીતરાગમૂર્તિમાં લીન થવું એ ધર્મ અને એ મોક્ષનો ઉપાય છે. આહાહા..!

'**નિજઘર નિર્વાણ હી હૈ. જૈન-માર્ગમેં તો ઈન્દ્રિયજનિતજ્ઞાન જો કિ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય હૈં, ઉનકા અભાવ માના હૈ,...**' એ લોકો કહે છે ને કે મોક્ષમાં જ્ઞાનનો અભાવ છે. તો અહીં કહે છે કે ઇન્દ્રિયજનિત જ્ઞાનનો અભાવ છે. '**ઔર અતીન્દ્રિયરૂપ જો**

**કેવલજ્ઞાન હૈ, વહ વસ્તુકા સ્વભાવ હૈ,...**' આહાહા..! જેમ છોટીપીપર-લીંડીપીપર હોય છે ને? છોટીપીપીર. ચોસઠ પહોરી તિખાશ અંદર છે ને? ચોસઠ પહોરી ચરપરાઈ. તો ચરપરાઈ અંદર પડી છે. ઘૂંટવાથી એ ચરપરાઈ અંદરમાં છે એ બહાર આવે છે. ચોસઠ પહોરી ચરપરાઈ-તિખાશ બહાર આવે છે એ અંદરમાં છે એ આવે છે. એમ આત્મામાં અનંતજ્ઞાન અને આનંદ પડ્યો છે. એનું અંતર એકાગ્ર ધ્યાન કરતા શક્તિમાંથી વ્યક્તતા પર્યાયમાં અનંતઆનંદ અને અનંતજ્ઞાન થાય છે. ચોસઠ એટલે રૂપિયો. ચોસઠ પૈસા એટલે રૂપિયો, સોળ આના. એ જેમ પૂરેપૂરી છોટીપીપરમાં સોળ આના ચરપરાઈ પડી છે, એમ આત્મામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન ભર્યા છે. આ વાતું સાંભળવી કઠણ પડે. બહારમાં એક તો બિચારો આખો દિ' પાપમાં પડ્યો હોય ૨૩-૨૨ કલાક. એકાદ કલાક સાંભળવા જાય ત્યાં એને એવું મળે, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એ ધર્મ. એ બિચારો મરી ગયો ત્યાં. એ તો વિકલ્પ અને રાગ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ઘરમાંથી નીકળે તો નિર્વાણ થાય એમ કહ્યું ને? '**અતીન્દ્રિયરૂપ જો કેવળજ્ઞાન હૈ,...**' સિદ્ધમાં પરમાત્મામાં-મોક્ષમાં કેવળજ્ઞાન તો છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે એવી જ્ઞાનની મોજૂદગી મોક્ષમાં છે. જ્ઞાનનો અભાવ એ મોક્ષ, એમ છે નહિ. '**વહ વસ્તુકા સ્વભાવ હૈ, ઉસકા અભાવ આત્મામેં નહીં હો સકતા. સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ ઈન પાંચ ઈન્દ્રિય વિષયોંકર ઉત્પન્ન હુએ સુખકા તો અભાવ હી હૈ,...**' આ મોક્ષની વ્યાખ્યા કરે છે. જીવની અશુદ્ધતાનો અભાવ છે. મોક્ષમાં અપવિત્રતાનો, મલિનતાનો અભાવ છે, પણ શુદ્ધપણાનો અભાવ નથી. આહાહા..! મોક્ષમાં પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ ગઈ. ... ધર્મ, અર્થ અને કામ. એ ત્રણ પાપ અને પુણ્ય બંધના કારણ છે. ચાર ગતિમાં રખડવાનું કારણ છે. આહાહા..! એથી આ પાંચમી ગતિ મોક્ષનો પુરુષાર્થ (કરવાયોગ્ય છે). સમજાય છે કાંઈ? એ છઠ્ઠી ગાથા (પૂરી) થઈ. બહુ વિસ્તાર કર્યો.

'**આગે કહતે હૈં...**' સાતમી ગાથા, 'પરમાત્મપ્રકાશ'. બીજો અધિકાર. 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત જંગલવાસીનું બનાવેલું છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'. અમે પરમાત્મપ્રકાશ જ છીએ. 'હુકમચંદજી' પંડિત છે ને? 'હુકમચંદજી' પંડિત 'જયપુર'. મોટા પંડિત છે. ઉંમર નાની છે. એનો મોટો દિકરો છે એનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. બહુ હોંશિયાર છે. અને નાના દીકરાનું નામ 'અધ્યાત્મપ્રકાશ' છે. બે દીકરાના નામ એવા છે. 'હુકમચંદજી', બહુ ક્ષયોપશમ. અત્યારે બધા પંડિતોમાં... ઉંમર નાની છે, ૪૦ વર્ષ. ...

અહીં કહે છે કે '**જો મોક્ષ ઉત્તમ સુખ નહીં હૈ, તો સિદ્ધ ઉસે નિરંતર ક્યોં સેવન કરે?**' પરમાત્મા સિદ્ધ છે એ નિરંતર આનંદનું સેવન કરે. અજ્ઞાની નિરંતર રાગનું સેવન કરે. સંસારીપ્રાણી મિથ્યાદષ્ટિ અજ્ઞાની અનાદિથી અનંતકાળ સુધી વિકાર, રાગ ને દ્વેષનું સેવન કરે. એ દુઃખ (છે). દુઃખ હશે? પૈસાવાળાને બધા સુખી કહે છે. પૈસા ઉપર લક્ષ જાવું એ જ દુઃખ છે. ધૂળ-માટી છે, અજીવ પુદ્‌ગલ છે. એ મારા, એ માન્યતા મિથ્યાત્વ છે અને

મિથ્યાત્વ એ મહાદુઃખ છે. આહાહા..! ખબર નથી. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, અનંતલક્ષ્મી સંપન્ન, એ હું છું, એ માન્યતા સમ્યક્ છે અને એ સુખ છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા' 'સુખીયા જગતમાં સંત' આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એની જેણે સેવા કરી, પર્યાયમાં-અવસ્થામાં આનંદ આવ્યો એ જગતમાં સુખી છે. બાકી બધા પ્રાણી દુઃખીયા છે. અબજોપતિ ભિખારા બધા દુઃખીયા છે. માગે છે, માગણ.. માગણ. માગણ સમજો છો? ભિક્ષુ. લાવ.. લાવ.. લાવ. પૈસા લાવ, પૈસા લાવ. મોટા માગણ. ભિખારા.

ધર્મી પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવની ભાવના કરે છે. ધર્મીને પરની ભાવના હોતી નથી. સમજાણું કાંઈ? ભાવના નથી હોતી. આસક્તિ થઈ જાય. ભાવના નથી થતી કે એ હો. આહાહા..!

---

**अथोत्तमं सुखं न ददाति यदि मोक्षस्तर्हि सिद्धाः कथं निरन्तरं सेवन्ते तमिति कथयति –**

**१३३) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**
**तो किं सयलु वि कालु जिय सिद्ध वि सेवहिं सोइ।।७।।**

**उत्तमं सुखं न ददाति यदि उत्तमः मोक्षो न भवति।**
**ततः किं सकलमपि कालं जीव सिद्धा अपि सेवन्ते तमेव।।७।।**

**उत्तमु इत्यादि। उत्तमु सुक्खु उत्तमं सुखं ण देइ न ददाति जइ यदि चेत्। उत्तमु उत्तमो मुक्खु मोक्षः ण होइ न भवति। तो ततः कारणात्, किं किमर्थं, सयलु वि कालु सकलमपि कालम्। जिय हे जीव। सिद्ध वि सिद्धा अपि सेवहिं सेवन्ते सोइ तमेव मोक्षमिति। तथाहि। यद्यतीन्द्रियपरमाह्लादरूपमविनश्वरं सुखं न ददाति मोक्षस्तर्हि कथमुत्तमो भवति उत्तमत्वाभावे च केवलज्ञानादिगुणसहिताः सिद्धा भगवन्तः किमर्थं निरन्तरं सेवन्ते च चेत्। तस्मादेव ज्ञायते तत्सुखमुत्तमं ददातीति। उक्तं च सिद्धसुखम् – 'आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्वीतबाधं विशालं, वृद्धिह्रासव्यपेतं विषयविरहितं निःप्रतिद्वन्द्वभावम्। अन्यद्रव्यानपेक्षं निरूपममभितं शाश्वतं सर्वकालमुत्कृष्टानन्तसारं परमसुखमतस्तस्य सिद्धस्य जातम्।।'। अत्रेदमेव निरन्तरमभिलषणीयमिति भावार्थः।।७।।**

---

**आगे कहते हैं कि जो मोक्ष उत्तम सुख नहीं दे, तो सिद्ध उसे निरंतर क्यों सेवन करें ? –**

**गाथा – ७**

**अन्वयार्थ :– [ यदि ] जो [ उत्तमं सुखं ] उत्तम अविनाशी सुखको [ न ददाति ] नहीं देवे, तो [ मोक्षः उत्तमः ] मोक्ष उत्तम भी [ न भवति ] नहीं हो सकता, उत्तम सुख देता है, इसीलिये मोक्ष सबसे उत्तम है। जो मोक्षमें परमानंद नहीं होता [ ततः ] तो [ जीव ] हे जीव, [ सिद्धा अपि ] सिद्धपरमेष्ठी भी [ सकलमपि कालं ] सदा काल [ तमेव ] उसी मोक्षको [ किं सेवंते ] क्यों सेवन**

करते ? कभी भी न सेवते।

भावार्थ :- वह मोक्ष अखंड सुख देता है, इसीलिये उसे सिद्ध महाराज सेवते हैं, मोक्ष परम आहलादरूप है, अविनश्वर है, मन और इन्द्रियोंसे रहित है, इसीलिये उसे सदाकाल सिद्ध सेवते हैं, केवलज्ञानादि गुण सहित सिद्धभगवान् निरंतर निर्वाणमें ही निवास करते हैं, ऐसा निश्चित है। सिद्धोंका सुख दूसरी जगह भी ऐसा कहा है 'आत्मोपादान' इत्यादि। इसका अभिप्राय यह है कि इस अध्यात्म-ज्ञानके सिद्धोंके जो परमसुख हुआ है, वह कैसा है कि अपनी अपनी जो उपादान-शक्ति उसीसे उत्पन्न हुआ है, परकी सहायतासे नहीं है, स्वयं (आप ही) अतिशयरूप है, सब बाधाओंसे रहित है, निराबाध है, विस्तीर्ण है, घटती-बढ़तीसे रहित है, विषय-विकारसे रहित है, भेदभावसे रहित है, निर्द्वन्द्व है, जहाँ पर वस्तुकी अपेक्षा ही नहीं है, अनुपम है, अनंत है, अपार है, जिसका प्रमाण नहीं सदा काल शाश्वत है, महा उत्कृष्ट है, अनंत सारता लिये हुए है। ऐसा परमसुख सिद्धोंके है, अन्यके नहीं है। यहाँ तात्पर्य यह है कि हमेशा मोक्षका ही सुख अभिलाषा करने योग्य है, और संसार-पर्याय सब हेय है।।७।।

---

હવે, જો મોક્ષ ઉત્તમ સુખને ન આપતો હોય તો સિદ્ધો તેમનું શા માટે નિરંતર સેવન કરે, એમ કહે છે :

ભાવાર્થ : જો મોક્ષ અતીન્દ્રિય પરમ આહ્‌લાદરૂપ, અવિનાશી સુખને ન આપે તો તે કેવી રીતે ઉત્તમ હોય? અને ઉત્તમપણાના અભાવમાં કેવળજ્ઞાનાદિ ગુણસહિત સિદ્ધ ભગવંતો શા માટે મોક્ષને નિરંતર સેવે? (પણ સિદ્ધ ભગવંતો નિરંતર મોક્ષને સેવે છે) તેથી જણાય છે કે તે (મોક્ષ) ઉત્તમ સુખને આપે છે. સિદ્ધના સુખનું સ્વરૂપ (શ્રી પૂજ્યપાદકૃત સિદ્ધભક્તિ ગાથા ૭માં) પણ કહ્યું છે કે :

आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्वीतबाधं विशालं,
वृद्धिह्रासव्यपेतं विषयविरहितं निःप्रतिद्वन्द्वभावम्।
अन्यद्रव्यानपेक्षं निरूपममितं शाश्वतं सर्वकाल-
मुत्कृष्टानन्तसारं परमसुखमतस्तस्य सिद्धस्य जातम्।।

[અર્થ : આત્માના ઉપાદાનથી પ્રગટેલું (પોતાના આત્મામાં જ ઉત્પન્ન થયેલ), સ્વયં અતિશયવાળું, બાધારહિત, વિશાળ, વૃદ્ધિ-હાનિ રહિત, વિષયોથી રહિત, નિર્દ્વન્દ્વ (દ્વન્દ્વભાવથી રહિત), અન્ય દ્રવ્યની અપેક્ષા વગરનું, નિરુપમ, અમિત, શાશ્વત, સદાકાળ, ઉત્કૃષ્ટ અને અનંત સારવાળું એવું પરમસુખ હવે સિદ્ધભગવાનને ઉત્પન્ન થયું.]

અહીં, આની જ (મોક્ષની જ) નિરંતર અભિલાષા કરવા યોગ્ય છે એવો ભાવાર્થ છે. ૭.

## ગાથા-૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો મોક્ષ ઉત્તમ સુખ નહીં દે,...'** આહાહા..! અતીન્દ્રિય આનંદ ન દે, **'તો સિદ્ધ ઉસે નિરંતર ક્યોં સેવન કરેં?'** પરમાત્મા સિદ્ધ ભગવાન અનંત આનંદનું શું કામ સેવન કરે? આહાહા..! કેવી શૈલીથી વાત લીધી! સાતમી ગાથા.

**१३३) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**
**तो किं सयलु वि कालु जिय सिद्ध वि सेवहिं सोइ।।७।।**

**અન્વયાર્થ :- 'જો ઉત્તમ અવિનાશી સુખકો નહીં દેવે, તો મોક્ષ ઉત્તમ ભી નહીં હો સકતા,...'** આહાહા..! મોક્ષમાં તો અનંત સુખ છે, અતીન્દ્રિય આનંદ છે. આહાહા..! જો અતીન્દ્રિય આનંદ ન હોય તો સિદ્ધ એ આનંદને કેમ સેવે? ઉત્તમ સુખ છે, ઉત્તમ સુખ. ઓહો..! નિર્વિકલ્પ આનંદ, અતીન્દ્રિય આનંદનું સેવન સિદ્ધને છે. એનું નામ મોક્ષ છે. જેને પોતાના અતીન્દ્રિય આનંદમાં પરદ્રવ્યની કોઈ અપેક્ષા નથી. દુનિયામાં જેમ આ લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ હોય તો હું સુખી છું, એવી જે અપેક્ષા છે એ દુઃખી છે. આહાહા..!

સિદ્ધમાં પોતાના મોક્ષસુખમાં કોઈ પરદ્રવ્યની અપેક્ષા નથી. પોતાનો સ્વભાવ જ એવો છે. અતીન્દ્રિય આનંદ પોતાના આત્મામાં શક્તિ ને સત્ત્વ ને ગુણનું ગોદામ પ્રભુ, ભગવાનઆત્મા તો અનંતઆનંદનું ગોદામ છે. આ તમારે ગોદામમાં નાખે છે ને પૈસા-બૈસા? આ કેસરના ડબ્બા હોય. 'મુંબઈ'માં મોટા ગોદામ હોય છે. હજારો કેસરના ડબ્બા, ચાની ગુણીઓ, લાખ લાખ ગુણી. મોટું ગોદામ. હોય છે એ તો. અમારે 'પાલેજ'માં અમારી દુકાનમાં ભાગીદાર છે ને? એને ઘરે ૧૩ ગોદામ છે. 'પાલેજ'. 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે. ૧૩ ગોદામ છે. ૫૦-૫૦ હજાર, ૬૦-૬૦ હજારના એક એક. ૧૩ ગોદામ. ઘરના, હોં! ઘરના. ઘરની દુકાન છે, ઘરના મકાન છે. પૈસા છે. ત્યાં નવ વર્ષ હું રહ્યો છું. અમારી દુકાન હતી ને. પિતાજીની દુકાન હતી. 'પાલેજ' નહિ રસ્તામાં? 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે 'પાલેજ' આવે છે. ત્યાં. ત્યાં નવ વર્ષ હું રહ્યો છું. સંવત્ ૧૯૫૯ થી ૬૮. સંવત્ ૧૯૫૯ થી ૬૮. ૬૪ વર્ષ પહેલા. અમારા ભાગીદાર ફઈના દીકરા છે. એ ગુજરી ગયા. એને ત્રણ દીકરા છે. ઘરનું છે ત્યાં. પૈસાવાળા છે. એના છોકરાવને ૩૦ લાખ રૂપિયા છે. ગોદામ છે, દુકાન છે.

મુમુક્ષુ :- ત્યાં તો રૂપિયા છે એના આપે વખાણ કર્યા.

ઉત્તર :- એ દુઃખી છે બિચારા એમ કહેવું છે અહીં. એ ગોદામમાં દુઃખ છે. આ ગોદામમાં સુખ છે. 'ભગવાનજીભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- રૂપિયા હોય એને કરવું શું?

ઉત્તર :- રૂપિયા કોના બાપના છે? જડના છે. કરે શું? એને કારણે આવે અને એને કારણે જાય. 'ભગવાનજીભાઈ'!

મુમુક્ષુ :- દાનમાં દે.

ઉત્તર :- દાનમાં દે તો મંદ રાગ છે, પુણ્ય છે. ધર્મ નહિ. આહાહા..! ધૂળમાંય ક્યાંય (સુખ) નથી. દુઃખી છે બિચારા. આ રહ્યા નહિ? 'મલૂકચંદભાઈ'. એમના બે દીકરા 'મુંબઈ'માં નથી? 'પૂનમચંદ'. એના બાપ છે આ. 'પૂનમચંદ મલૂકચંદ' આ 'મલૂકચંદ'. 'પૂનમચંદ' પાસે પાંચ કરોડ. મોટો છોકરો છે 'ન્યાલચંદ' એ ત્યાં છે-'સ્વીત્ઝરલેન્ડ'. એની પાસે ચાર કરોડ. આ નવ કરોડોનો બાપ છે. એને કાંઈ ન મળે, હોં! એ તો છોકરાએ રળેલા. આનો હક નહિ એમાં.

મુમુક્ષુ :- બાપા તો કહેવાય ને.

ઉત્તર :- બાપા કહેવાય પણ હક નહિ એને વાપરવાનો. આહાહા..! આ સંસાર એવો છે આખો. ધૂળધાણી.

અહીં કહે છે, આવું જો ઉત્તમ સુખ અતીન્દ્રિય મોક્ષમાં ન હોય... '**ઈસલિયે મોક્ષ સબસે ઉત્તમ હૈ. જો મોક્ષમેં પરમાનંદ નહીં હોતા તો હે જીવ, સિદ્ધ પરમેષ્ઠી ભી સદાકાલ...**' આહાહા..! જ્યારથી મોક્ષ થયો ત્યારથી અનંતકાળ અનંતકાળ અતીન્દ્રિય આનંદનું સેવન છે. આહાહા..! આ પાંચ-પચાસ લાખ, એક-બે-પાંચ-દસ કરોડ. એ તો પાંચ-પચ્ચીસ વર્ષ રહે. અને એમાં બ્લડ પ્રેશરનું દર્દ હોય ને એં..એ.. કરતો હોય પાછો એમાંય તે. છે ને એને બ્લડ પ્રેશરનું દર્દ છે. 'પૂનમચંદ'ને. આહાહા..!

અહીંયાં તો કહે છે કે, પ્રભુ! સુખ તો જો. અતીન્દ્રિય સુખ જો મોક્ષમાં ન હોય તો સિદ્ધ શું કામ સાદિઅનંત સેવે? આહાહા..! જ્યારથી આત્માનો અતીન્દ્રિય આનંદ, પોતાના મોક્ષના માર્ગે ઉત્પન્ન થયો તે મોક્ષની પર્યાય સાદિઅનંત અતીન્દ્રિયનું સેવન સિદ્ધ ભગવાન કરે છે. આહાહા..! અહીં તો હજી થોડા સુખ, એમાં પાછો કંટાળો આવે. વખાણ બહુ કરે, લ્યો ને. ઓહોહો..! તમે આવા... બહુ રાજી રાજી (થઈ જાય).

મુમુક્ષુ :- એમાંથી તો પૈસા દેવા પડે.

ઉત્તર :- પૈસા દે અને અમથા વખાણ કરે લ્યો ને કો'ક. વખાણ કરતા કરતા રાત્રે ઉંઘ આવે તો (કહે), બંધ રાખો. બંધ રાખજો. કેમ? પણ સુખ છે ને? તારા વખાણ કરે છે, તારી પ્રશંસા કરે છે, તું સુખી છો પછી નિષેધ શું કામ કરે છે? બંધ કરો, ભાઈ! મને નિંદર આવે છે. 'ભગવાનજીભાઈ'! આ બારોટ ને બધા આવે છે ને? વખાણ કરે મોટા મોટા લાંબા પૂંછડા. બારોટ-બારોટ. આહાહા..! પણ રાતે પછી બંધ કરો, કહે. રાત્રે આઠ વાગ્યા પછી બંધ કરો. કેમ? સાંભળવામાં સુખ છે ને? તારી પ્રશંસા સાંભળવામાં તને મજા આવે છે ને? તો મજાને છોડી દેવી છે? હવે નહિ.. હવે નહિ.. ધૂળેય મજા નથી. આ તો સાદિઅનંત મજા છે, એમ કહે છે. આહાહા..!

જેને આત્મા આનંદનો નાથ જેની સેવા કરી... આહાહા..! પૂર્ણ આનંદ અને જ્ઞાન સંપન્ન પ્રભુ આત્મા તો... આહાહા..! અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. એકવાર કહ્યું નહોતું? શક્કરકંદ. આ શક્કરિયા નથી? શક્કરકંદ. તમારે શું કહે છે? શક્કરકંદ. શક્કરકંદ છે

(એની) એક છાલ છે ઉપરની લાલ જરી. એ ન દેખો તો આખો શક્કરકંદ છે. શક્કર એટલે મીઠાશનો પિંડ છે. એની ઉપરની છાલ છે ને? છિલકા. એ છાલ ન દેખો તો આખું શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. એને શક્કરકંદ કહે છે. એમ આ ભગવાનઆત્મા... આહાહા..! પુણ્ય અને પાપના બે વિકલ્પની છાલ છે એ છિલકા છે. એ છાલની પાછળ અંદર અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે. આહાહા..! કાંઈ ખબર ન મળે. સમજાણું કંઈ? એ શક્કરકંદને બાફીને કરે. આ શિવરાત્રી હોય ને? શિવરાત્રીએ કરે છે લોકો. શિવરાત્રી હોય છે ને વિષ્ણુની? તે દિ' બાફે અને પછી એમાં સાકર નાખીને ખાય. આ તો સાકર નહિ, આ તો અતીન્દ્રિય આનંદ સ્વતંત્ર પૂર્ણ છે. આહાહા..!

ભગવાન! તારામાં તો અતીન્દ્રિય આનંદકંદ પડ્યો છે, સુખકંદ. એ આવ્યું નહિ એનામાં? 'શુદ્ધ બુદ્ધ સુખકંદ મનોહર...' એ ભજનમાં આવે છે. આહાહા..! 'શુદ્ધ બુદ્ધ સુખકંદ મનોહર.' ભગવાનઆત્મા સુખકંદ મનોહર છે. આહાહા..! અરે..! કાંઈ ખબર નથી. સાંભળવામાં આવે નહિ, વિચારમાં લે નહિ, પ્રતીતમાં કેમ લે? આહાહા..!

અહીંયાં કહે છે, સિદ્ધ ભગવાનને એટલો અતીન્દ્રિય આનંદ (છે)... સહજ આત્મસ્વરૂપ જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ હતો, એનું ધ્યાન કરીને, મોક્ષમાર્ગ કરીને જે અતીન્દ્રિય આનંદ થયો એ અતીન્દ્રિય આનંદ સાદિઅનંત સેવે છે. આહાહા..! જેને એક સમયનો પણ અંતર વિરહ નથી. આહાહા..! એવા સિદ્ધ ભગવાન મોક્ષદશા, પ્રભુ! તું એનો પ્રયત્ન કર, એમ કહે છે. આ બધા થોથા કરીને મરી ગયો. સમજાણું કાંઈ? '**ક્યોં સેવન કરતે? કભી ભી ન સેવતે.**'

**ભાવાર્થ :- 'યહ મોક્ષ અખંડ સુખ દેતા હૈ,...**' દેખો! આહાહા..! સમકિતીમાં તો હજી અલ્પ સુખ છે. અને મુનિ હોય છે સાચા સંત, ચારિત્રવંત એને તો ઘણો અતીન્દ્રિય આનંદ હોય છે. એ સંતદશા જુદી છે. અત્યારે માને છે એવી નથી. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન... જેમ મૃગની નાભીમાં કસ્તુરી, કસ્તુરી મૃગની નાભીમાં છે એની કિંમત મૃગને નથી. ગંધ આવે તો બહારથી જાણે કાંઈ હશે એમ ગોતવા જાય, બહાર શોધવા જાય. એમ ભગવાનઆત્મા એની નાભી એટલે અંદરમાં અતીન્દ્રિય આનંદ છે. પણ એ આનંદ પરમાં શોધે છે. સ્ત્રીમાં છે, પૈસામાં છે, આબરૂમાં છે, અમારી પ્રશંસા કરે એમાં મજા છે. મોટા અભિનંદનના પૂછડા આપે. આ અભિનંદન આપે છે ને? તમને અભિનંદન. તમે બહુ આવા કામ કર્યા અને બહુ આવા કામ કર્યા. ધૂળમાંય નથી હવે, સાંભળને! પાગલ પાગલને અભિનંદન આપે.

અહીં તો પરમાત્માને અભિનંદન આપે છે જ્ઞાની. આહાહા..! જેમાં અનંતઆનંદ, અખંડ સુખ દે છે. '**ઈસીલિયે ઉસે સિદ્ધ મહારાજ સેવતે હૈં,...**' છે? આહાહા..! શરીર નહિ, વાણી નહિ, મન નહિ, પુણ્ય અને પાપના વિકલ્પ સંસ્કાર નહિ, એકલા અતીન્દ્રિય આનંદની મોજૂદગી પરમાત્મા મોક્ષમાં, અનંત અતીન્દ્રિય સુખની હયાતી, મોજૂદગી... આહાહા..! એ અખંડ સુખને સિદ્ધ મહારાજ ભોગવે છે. લ્યો, સિદ્ધ મહારાજ કીધા.

સમજાણું કાંઈ? એ તો પોતે નાખ્યું છે. અંદરમાં શબ્દ નથી. નહિ? મહારાજ. ભગવંત છે. '**सिद्धा भगवन्तः**' એમ છે. મહારાજ શબ્દ નથી અંદર. એ મૂક્યું સિદ્ધ ભગવાન. એમ. આહાહા..! એ ણમો સિદ્ધાણં. એવા પરમાત્મા મોક્ષ તો અનંત સુખને અનુભવે છે. આહાહા..!

'**મોક્ષ પરમ આહ્લાદરૂપ હૈ,...**' આહાહા..! અહીંયાં તો પાંચ-પચ્ચીસ વર્ષ કદાચિત બહારના સુખની કલ્પના, કલ્પના છે. સુખ ક્યાં છે? એ રહે અને મરી જાય જ્યારે હાય..હાય... અરે..રે..! હું ક્યાં જઈશ? આ કાંઈ હારે ન આવ્યું. આ પાપ કર્યા જેને માટે એ બધા પડ્યા રહ્યા અને મારે પાપ લઈને ચાલ્યું જવાનું. આહાહા..! અહીંયાં કહે છે કે.. આહાહા..! મોક્ષ તો એ દશા... આહાહા..! '**પરમ આહ્લાદ...**' પરમ આહ્લાદ. આનંદની ઉલ્લસિત દશા અંદર. આહાહા..! '**અવિનશ્વર હૈ,...**' એ પરમાનંદદશા મોક્ષની અવિનશ્વર-નાશ ન પામે. આહાહા..! એણે મોક્ષતત્ત્વને જાણ્યું નથી. મોક્ષતત્ત્વ કેમ પ્રગટે? એ તો આત્માથી (પ્રગટે). એ આત્મા તો નહિ પણ મોક્ષતત્ત્વની પર્યાય કેવડી એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

'**મન ઔર ઇંદ્રિયોંસે રહિત હૈ,...**' મોક્ષની પર્યાય-સિદ્ધ ભગવાનની દશા મન અને ઇન્દ્રિયથી તો રહિત છે. આહાહા..! '**ઇસીલિયે ઉસે સદાકાલ સિદ્ધ સેવતે હૈં,...**' આહાહા..! મોક્ષના માર્ગને સેવનાર પણ જ્યારે સુખી છે... પણ એ મોક્ષમાર્ગની દશા અલ્પ સુખ છે. ધર્મદશા એ અલ્પ સુખ છે. ધર્મ એને કહીએ કે જેમાં આનંદ આવે. એનું નામ ધર્મ. આહાહા..!

મુમુક્ષુ :- સિનેમા જોતા આનંદ બહુ આવે.

ઉત્તર :- ધૂળમાંય નથી. દુઃખી છે બિચારો ત્યાં. આમ આંખ ફાડીને જોવે. રાગમાં-ઝેરમાં લેપાઈ ગયો છે. આહાહા..! નાનું બાળક હોય ને? જેઠ મહિનાનો વખત હોય. તડકો બહુ ગરમી હોય. ડબલ દૂધ બહુ પીધું હોય. દોઢ વર્ષનું બાળક હોય અને આવો તડકો-ગરમી હોય. પછી શેરણું થઈ જાય બહુ દૂધ પીવે એટલે. શેરણું થાય તો ઠંડુ લાગે એને. જોયું છે કોઈ દિ' આ બધું? એ ઠંડુ પછી હાથ અડાડે. એને ચાટે. એવા જગતના સુખ છે. રાગ-દ્વેષના શેરણા કરીને રાગ-દ્વેષને સેવે છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, સિદ્ધ પરમાત્મા મોક્ષદશા... આહાહા..! એ કરવા જેવી છે અને એ પ્રયત્ન કરવો, એમ કહેવું છે અહીં. બધા તારા થોથા મૂકી દે. મરી ગયો છે અનાદિ કાળથી. આહાહા..! '**સદાકાલ સિદ્ધ સેવતે હૈં, કેવલજ્ઞાનાદિ ગુણ સહિત સિદ્ધભગવાન્ નિરંતર નિર્વાણમેં હી નિવાસ કરતે હૈં,...**' આહાહા..! ણમો સિદ્ધાણં. સિદ્ધ ભગવાન મુક્તમાં, અનંતઆનંદ આદિ ગુણમાં નિવાસ કરે છે. આહાહા..! છે? '**નિવાસ કરતે હૈં,...**' '**સિદ્ધ ભગવાન નિરંતર નિર્વાણમેં હી નિવાસ કરતે હૈં, ઐસા નિશ્ચિત હૈ.**' આહાહા..! ફરીને અહીં અવતાર ધારણ કરે એમ નહિ. એમ કહે છે. અન્યમાં કહે છે ને કે બહુ રાક્ષસો

આવે અને ભક્તોને ભીડ પડે ત્યારે ભગવાન અવતાર ધારણ કરે. એ વાત ખોટી છે. મોક્ષ થયો તેને અવતાર હોતો નથી. જે ચણ્યો શેકાણો. શું કહ્યું? જલાયા. દાળિયા થઈ ગયા એ કદી ઊગતા નથી. ચણા-ચણા. ઊગે છે ને? પાકે છે ત્યારે દાળિયા થાય. દાળિયા કહે છે ને? એ ઊગે છે? વાવે તો ઊગે? એમ મોક્ષ થયો આત્માનો... આહાહા..!

મુમુક્ષુ :- બધો વિકાર બાળી નાખ્યો.

ઉત્તર :- વિકાર બાળી નાખીને જન્મ-મરણરહિત આત્માના આનંદની દશા, મોક્ષદશા (પ્રગટ થઈ). આહાહા..! એમાં તો અનંત આનંદ છે.

'**સિદ્ધોંકા સુખ દૂસરી જગહ ભી ઐસા કહા હૈ...**' આધાર આપ્યો છે. સિદ્ધભક્તિ છે. સિદ્ધભક્તિની ગાથા સાતમી છે. સિદ્ધભક્તિ આવે છે. એમાં આવે છે. કેવું સુખ છે? '**ઈસકા અભિપ્રાય યહ હૈ કિ ઈસ અધ્યાત્મ-જ્ઞાનકે સિદ્ધોંકે...**' આહાહા..! પોતાના આત્માના જ્ઞાનથી સિદ્ધોને જે સુખ થાય છે. નમો સિદ્ધાણં. એ સિદ્ધની વ્યાખ્યા કરે છે. સિદ્ધ કહો કે મોક્ષ કહો. આહાહા..! '**અધ્યાત્મ-જ્ઞાનકે સિદ્ધોંકે જો પરમસુખ હુઆ હૈ, વહ કૈસા હૈ કિ અપની અપની જો ઉપાદાન-શક્તિ ઉસીસે ઉત્પન્ન હુઆ હૈ,...**' શું કહે છે? એ આનંદ ઉત્પન્ન થયો એ પોતાની શક્તિથી આત્મામાંથી ઉત્પન્ન થયો છે, પરથી નહિ. પોતાના ઉપાદાનથી ઉત્પન્ન થયો છે. આહાહા..! '**પરકી સહાયતાસે નહીં હૈ, સ્વયં (આપ હી) અતિશયરૂપ હૈ, સબ બાધાઓંસે રહિત હૈ, નિરાબાધ હૈ, વિસ્તીર્ણ હૈ, ઘટતી-બઢતીસે રહિત હૈ, વિષય-વિકારસે રહિત હૈ, ભેદભાવસે રહિત હૈ, નિર્દ્વન્દ્વ હૈ,...**' ઓહોહો..! એટલા તો બોલ લીધા છે. '**જહાં પર વસ્તુકી અપેક્ષા હી નહીં હૈ,...**' અનંત આનંદ છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૨, રવિવાર
## તા. ૧૦-૧૦-૧૯૭૬, ગાથા-૭, ૮, પ્રવચન નં. ૧૦૦

'પરમાત્મપ્રકાશ'. સાતમી ગાથા. સિદ્ધમાં સુખ અનંત છે માટે સિદ્ધ સુખને સેવે છે, એમ છે અહીંયાં. સંસારની પર્યાયમાં દુઃખ છે. મોક્ષની પર્યાય એટલે આત્મા આનંદસ્વરૂપ છે એમાંથી ઉત્પન્ન થયેલો જે આનંદ, એ અનંત છે. એ અનંત આનંદને સિદ્ધ સાદિઅનંત સેવે છે. જો એ ઉત્તમ સુખ ન હોય તો સિદ્ધ સાદિઅનંત કેમ સેવે? એમ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં છે.

'**અધ્યાત્મ-જ્ઞાનકે સિદ્ધોંકે જો...**' છે? '**અધ્યાત્મ-જ્ઞાનકે...**' આ વાત. અંતર ભગવાનઆત્મા. એ શ્લોક છે સિદ્ધભક્તિનો. સિદ્ધભક્તિનો સાતમો શ્લોક છે. સંસ્કૃતમાં. '**आत्मोपादानसिद्धं**' સંસ્કૃતમાં છે ને? સિદ્ધભક્તિનો સાતમો શ્લોક છે. સિદ્ધભક્તિનો

સાતમો શ્લોક છે. સિદ્ધભક્તિ. સિદ્ધ કેવા છે? કે જેને આત્માનું અધ્યાત્મજ્ઞાન. વસ્તુ જે અખંડ જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે, અખંડ જ્ઞાન ભેદ વિનાનું પૂર્ણ એવો જે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એના ધ્યાનથી ઉત્પન્ન થયેલું. સિદ્ધને જે સુખ ઉત્પન્ન થયું છે એ અખંડ ભગવાનઆત્મા વસ્તુ, વસેલા ગુણો એમાં છે. વસ્તુ છે. ભલે અરૂપી છે પણ વસ્તુ છે ને. એમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ એટલે વીતરાગતા, અનંતસ્વચ્છતા આદિ જે વસ્તુમાં વસેલા છે. વસ્તુમાં એ ગુણો વસેલા છે. માટે તેને વસ્તુ કહેવામાં આવે છે. આહાહા..! એણે એ વસ્તુ દૃષ્ટિમાં કદી લીધી નથી. એ ચીજ છે, મોજૂદ છે. એવા અનંત આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એના અખંડ જ્ઞાન દ્વારા '**અધ્યાત્મ-જ્ઞાનકે સિદ્ધોંકે...**' એમ કહીને વ્યવહાર વિકલ્પથી સિદ્ધનું સુખ ઉત્પન્ન થતું નથી. એમ સિદ્ધ કરવું છે. માણસ આ કહે છે ને કે વ્યવહારથી નિશ્ચય થાય. એનો અહીં નિષેધ છે. ઘણા પ્રકાર લેશે હજી.

'**અધ્યાત્મ-જ્ઞાનકે સિદ્ધોંકે જો પરમસુખ હુઆ હૈ,...**' આહાહા..! નિર્વિકલ્પ જે આત્મા પદાર્થ વસ્તુ છે અખંડ આનંદ અને અખંડ જ્ઞાન, એના ધ્યાનથી, અર્થમાં તો કહેશે આગળ, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાથી ઉત્પન્ન થયેલું સિદ્ધને સુખ '**હુઆ હૈ, વહ કૈસા હૈ કિ અપની અપની જો ઉપાદાન-શક્તિ ઉસીસે ઉત્પન્ન હુઆ હૈ,...**' અંતર આનંદસ્વરૂપની શક્તિ હતી એ ઉપાદાનથી આનંદની પર્યાય પ્રગટ થઈ છે. બહુ થોડું, ઘણું માખણ છે. અંતર આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. ઉપાદાન-ધ્રુવ ઉપાદાન. એમાંથી ક્ષણિક ઉપાદાનમાં અનંત આનંદ આવ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? '**ઉપાદાન-શક્તિ...**' હવે આ ઉપાદાન-નિમિત્તના ઝઘડા બધા. જ્યાં હોય ત્યાં 'સોનગઢ'ને નામે ઉપાદાન અને નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર અને ક્રમબદ્ધ. આ પાંચ ઝઘડા. 'દેવીલાલજી'! ખબર છે ને એ તો તમને? ભગવાન!

મુમુક્ષુ :- ઝઘડા કે પાંચેયનું સમાધાન?

ઉત્તર :- આ લોકો એવી વૃત્તિ ઉઠાવે. એને ન બેસે એટલે શું કરે? એ ભગવાન છે. દ્રવ્યે તો સાધર્મી પ્રભુ છે. આહાહા..! ભગવાનસ્વરૂપે પરમાત્મા છે એ બધા આત્માઓ. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એ બધા દ્રવ્યો સાધર્મી છે. 'ચંદુભાઈ'! આહાહા..! કોઈ વિરોધી છે નહિ. કોઈ વિરોધ કરતું પણ નથી. કરી શકે શું? ભાઈ! આહાહા..!

'**ઉપાદાન-શક્તિ ઉસીસે ઉત્પન્ન હુઆ હૈ,...**' કહો 'ફૂલચંદજી'! આ નિમિત્તના ઝઘડા તમારા 'સોનગઢ'ના નામે. નિમિત્તથી થતું નથી એમ માને. નિમિત્ત હો. નિમિત્તથી થતું નથી. એમ વ્યવહાર હોય, પણ વ્યવહારથી નિશ્ચય થતો નથી. આ મહા સિદ્ધાંત છે. સમજાય છે કાંઈ? અરે..! તને સુખના પંથની વાત છે ને, પ્રભુ! દુઃખી ચોર્યાસીના અવતારમાં. આહા..! નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ. ભાઈ! એનો વિચાર કરે તો એને ખબર પડે. નિગોદના જીવમાં પ્રભુ! તું અનંતવાર રહ્યો. નિગોદની પર્યાય એ જીવ નથી. જીવ તો અંદર જે પૂર્ણાનંદનો નાથ (છે) એ જીવ છે. આહાહા..! પણ એ પૂર્ણાનંદના નાથને જાણ્યા વિના એટલે કે એ પૂર્ણ આનંદસ્વરૂપ છે તેનો અનાદર કરીને, એટલે કે જેનું પૂર્ણ આનંદનસ્વરૂપ

જીવન (છે), જીવન જેનું પૂર્ણ આનંદ જેનું જીવન છે, એ જીવનનો હકાર ન કરતા નકાર કરીને 'એ હું નહિ.' આહાહા..! એવી દૃષ્ટિમાં એણે નિગોદના એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. એવા અનંતવાર. એકવાર કર્યા એમ નહિ, એવા અનંતવાર (કર્યા). આહાહા..! ભાઈ! તું દુઃખી છો. વસ્તુસ્વરૂપે સુખ છે. એ સુખથી સુખ ઉત્પન્ન થાય. એ વ્યવહારના વિકલ્પ અને નિમિત્તથી તે ઉત્પન્ન થાય નહિ. બેય વાત ઊડી જાય છે આમાં. આહાહા..! 'તારાચંદજી'! આ ઝઘડાની વાત કરે છે ને, ભાઈ!

મુમુક્ષુ :- વ્યવહારથી પણ નહિ અને નિમિત્તથી પણ નહિ.

ઉત્તર :- નિમિત્તથી પણ નહિ.

ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવ, સ્વભાવવાન એનો જ્ઞાનસ્વભાવ એનું માપ શું? આનંદસ્વભાવ એની હદ શું? એની પરિમીતતા-મર્યાદા શું? આહાહા..! અનંતજ્ઞાન, અનંતઆનંદ જેનો સ્વભાવ, એવી સ્વભાવિક વસ્તુ, એનાથી ઉત્પન્ન થયેલો આનંદ. આહાહા..! છે? '**ઉપાદાન-શક્તિ ઉસીસે ઉત્પન્ન હુઆ હૈ,...**' નિમિત્તથી ઉત્પન્ન થયો, વ્યવહારથી ઉત્પન્ન થયો એનો તો નિષેધ કર્યો. નિમિત્ત અને વ્યવહાર હો. જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી વ્યવહાર હોય છે. પણ એ વ્યવહારથી ધર્મ ઉત્પન્ન થાય છે (એમ નથી). ધર્મ કહો કે સુખ કહો. આહાહા..!

મુમુક્ષુ :- એ ઝઘડા ..

ઉત્તર :- એ એમને દૃષ્ટિ જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી. પંડિતોને .. કોઈ વ્યક્તિનો અનાદર તો કરવાની વાત નથી, ભાઈ! વિપરીત માન્યતાથી તો બાપુ, પ્રભુ! એને દુઃખ છે, એને દુઃખ છે. અને એનું ફળ પણ ભવિષ્યમાં દુઃખની પરંપરા (છે). અરે..! એવા જીવનો અનાદર કેમ કરાય? તિરસ્કાર કેમ કરાય? એ જીવ છે, ભગવાન છે. આહાહા..! એ ભૂલીને વર્તમાન મિથ્યાશ્રદ્ધા, વ્યવહારથી થાય અને નિમિત્તથી થાય (એમ માને). ભાઈ! એ ભાવ દુઃખરૂપ છે. અને એની પરંપરામાં એવા દુઃખમાં એ જશે કે જે દુઃખનો અંત નથી. એવા ભગવાન દુઃખી થાય એ કાંઈ સારું છે? સમજાય છે કાંઈ?

અહીંયાં પરમાત્મા તો એમ કહે છે, ભાઈ! તું પરમાત્મા (છો). આ 'પરમાત્મપ્રકાશ' છે ને! આહાહા..! પ્રભુ! તું પરમાત્મસ્વરૂપ જ છો. આહાહા..! એ પરમાત્મસ્વરૂપમાંથી આનંદ ઉત્પન્ન થાય છે. સિદ્ધને જે આનંદ થાય છે એ ક્યાંથી આવ્યો? આહાહા..! એ અંતરમાં પરમાનંદસ્વરૂપ છે. કહેશે આગળ. અખંડ જ્ઞાનનું ધ્યાન કરતાં. એ આગળ કહેશે. છેલ્લે એમ છે. અભેદરત્નત્રય.. છે. જુઓ! '**અભેદરત્નત્રયમય સમાધિકર ઉત્પન્ન...**' આઠમી ગાથામાં છે. આઠમી ગાથામાં. '**અભેદરત્નત્રયમય સમાધિકર ઉત્પન્ન...**' ભાષા. આ ઉપાદાનથી ઉત્પન્ન થયું ને એ ઉપાદાન શું? અભેદરત્નત્રય. એને માથે એમ કહ્યું, જુઓ! '**અપને શુદ્ધ જ્ઞાન, અખંડ સ્વભાવ...**' છે? ભાઈ! '**અપને શુદ્ધ જ્ઞાન, અખંડ સ્વભાવ જો નિજ આત્મદ્રવ્ય...**' એ આત્મદ્રવ્ય. આહાહા..!

'**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન,...**' એનું અંતર '**આચરણરૂપ જો અભેદરત્નત્રયમય**

**સમાધિકર ઉત્પન્ન વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ ઉસકે અનુભવસે પૂર્ણ કલશકી તરહ ભરે હુએ નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્માકે ધ્યાનમેં સ્થિર હોકર મુક્ત હોતે હૈં.**' આહાહા..! એકલું માખણ છે. ભાઈ! તું પરમાનંદસ્વરૂપ છો, અખંડ જ્ઞાનસ્વરૂપ છો. એનાથી ઉત્પન્ન થયેલું એટલે એનું શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા દ્વારા ઉત્પન્ન થયેલું. વ્યવહારથી કે નિમિત્તથી ઉત્પન્ન થયેલું નહિ. આ એક શ્લોકે બધું ઉડાવી દે છે.

'**પરકી સહાયતાસે નહીં હૈ,...**' આ ચાલતો શ્લોક. છે? '**ઉપાદાન-શક્તિ ઉસીસે ઉત્પન્ન હુઆ હૈ,...**' અસ્તિ. '**પરકી સહાયતાસે નહીં હૈ,...**' એ નાસ્તિ. વિકલ્પ ને નિમિત્ત ને દેવ-ગુરુને અવલંબે ઉત્પન્ન થયું નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સ્વયં (આપ હી) અતિશયરૂપ હૈ,...**' એ શ્લોકનો જ અર્થ છે, હોં! '**आत्मोपादनसिद्धं स्वयमतिशय**' શ્લોક જ છે. સ્વયં અતિશય-વિશેષરૂપ-ખાસ. સ્વયં અતિશયરૂપ આનંદ છે એ. આહાહા..! પોતાના સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલું સિદ્ધનું સુખ. મોક્ષ માટે આ મોક્ષ અભિદર્શણીય છે એમ કહેશે. આવી જે મોક્ષદશા એ ધર્માત્માને અભિદર્શણીય છે. અભિલાષા એની કરવા લાયક છે. બાકી સંસારની પર્યાય છોડવા જેવી છે. આહાહા..! એ કહેશે છેલ્લે.

'**સ્વયં (આપ હી) અતિશયરૂપ હૈ,...**' એટલે? એ સુખ પોતે પોતાથી જ વિશેષરૂપ છે. કોઈ પરને કારણે આનંદ આવ્યો છે એમ છે નહિ. એ પોતે જ અતિશયરૂપ છે. એ અતીન્દ્રિય ઉપાદાનમાંથી ઉત્પન્ન થયેલું સુખ એ સ્વયં, અતિશય વિશેષરૂપ ખાસ એ સુખ છે. આહાહા..! '**સબ બાધાઓંસે રહિત હૈ,...**' તેને કોઈપણ વિઘ્ન છે નહિ. એવું સિદ્ધનું (સુખ છે). મોક્ષતત્ત્વની વ્યાખ્યા કરે છે આ. પછી મોક્ષના ફળની કરશે. પછી મોક્ષના માર્ગની કરશે. ત્રણ પ્રકારનું વર્ણન છે આમાં-બીજા અધિકારમાં. મોક્ષ, મોક્ષનું ફળ અનંત જ્ઞાનાદિ અને મોક્ષનું કારણ-સમ્યગ્દર્શન, જ્ઞાન. આહાહા..! આવું જે સ્વરૂપ '**સબ બાધાઓંસે રહિત હૈ,...**' કોઈપણ બાધા-વિઘ્ન એને છે નહિ. આહાહા..! અવ્યાબાધ સુખ પ્રગટ થયું છે. વેદનીય રહિત, કીધું ને.

'**નિરાબાધ હૈ,...**' નાસ્તિ કહી પછી અસ્તિ કીધી. '**નિરાબાધ હૈ, વિસ્તીર્ણ હૈ,...**' આહાહા..! એ સિદ્ધનું મોક્ષનું સુખ વિસ્તીર્ણ-વિસ્તાર... વિસ્તાર... વિસ્તાર... આહાહા..! જેના સુખનો પટ વિસ્તાર છે. આહાહા..! તારી આ દશા પૂર્ણ આવી છે એમ કહે છે. '**વિસ્તીર્ણ હૈ,...**' આહાહા..! આત્માના આનંદમાંથી ઉત્પન્ન થયેલી સિદ્ધની પર્યાય વિસ્તાર... વિસ્તાર... વિસ્તાર... જેમાં કંઈ સંકોચ નથી. જેમાં કંઈ પરિમિતતા-હદ નથી. એવું સુખ વિસ્તીર્ણ છે. આહાહા..! આ એક જ શ્લોકમાં સિદ્ધભક્તિનું વર્ણન છે. ભક્તિ કરે છે ને આ લોકો? સાધુ જ્યારે આહાર લેને ત્યારે સિદ્ધભક્તિ કરે છે. આહાર લે ને આહાર? ત્યારે સિદ્ધભક્તિ કરે પછી એ લે. વિધિ છે એવી. આહાહા..! એ માહ્યલો આ શ્લોક છે.

'**ઘટતી-બઢતીસે રહિત હૈ,...**' આહાહા..! એ વિસ્તીર્ણ સુખ ઉપાદાનથી પ્રગટેલું,

એમાં ઘટતું અને વધતું એવું નથી, એકરૂપ છે, એમ કહે છે. આહાહા..! એ અનંત આનંદ સિદ્ધમાં એકરૂપ છે. ઘટતી-વધતી છે નહિ. આહાહા..! પછી છેલ્લે કહેશે, હોં! કે સંસારની આ બધી પર્યાયો હેય છે. કહે છે છેલ્લે. 'શાંતિભાઈ'! આ તમારા ઝવેરાતના સુખ ને કલ્પના ને બધું ધૂળ ને હેય છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ભલે હેય રહ્યું, કામમાં આવે છે ને.

ઉત્તર :- કામ ધૂળમાં આવે, દુઃખ આવે છે. સંભારે તો ત્યાં દુઃખ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- આકર્ષણ બહુ રહે છે.

ઉત્તર :- આકર્ષણ દુઃખનું રહે છે. લોહચુંબક લોહને ખેંચે એમ અજ્ઞાનીને મિથ્યાત્વમાં પરનું આકર્ષણ લાગે છે. આહાહા..! બહારની ભભકાવાળી ચીજો. ભભક. શરીર, મકાન, આબરૂ, કીર્તિ, શરીરની નમણાઈ, શરીરના સુંદર અવયવોની ગોઠવણી, રચના એ બધું અજ્ઞાનીને આકર્ષે છે, કહે છે. સમજાણું કાંઈ? આનંદનો નાથ જે આકર્ષણ છે એમાં ન જતાં આ આકર્ષણ કરે છે. આહાહા..!

એ કહ્યું હતું નહિ એકવાર? મસાણમાં ઓલા હાડકા હોય છે ને? મસાણમાં હાડકા, એમાંથી ફાસફુસ થાય. ફોસ્ફરસ થાય. ચમક... ચમક.. ચમક.. થાય. છોકરાઓ છેટેથી જોવે. અમારે મસાણ ત્યાં નજીક છે. દરવાજા સુધી જઈએ, મસાણ સુધી ન જઈએ. જોવા જઈએ ત્યારે. 'ઉમરાળા'. એમાંથી ચમક-ચમક થતી ઓલા હાડકામાંથી. એવું લાગે કે આ ભૂતડા હશે. કોઈ ભૂત હશે એમ લાગે. દરવાજા સુધી જઈએ. ભાગો-ભાગો ભાઈ! આ તો ભૂતડા છે. એમ આ દુનિયાની, આ હાડકા બહારની ફોસ્ફરસ છે. આહાહા..! 'મૂળચંદભાઈ'! આ આકર્ષણ છે આ. છોકરાઓ 'અમેરિકા' ભણતા હોય ને પાંચ-દસ હજાર પેદા કરતા હોય. આહાહા..! ત્યાં જઈને ભેગા ખાવા બેસે. ત્યારે.. આહાહા..! બાપુજી આવ્યા છે આજે ફલાણું કરો. આ બધું આકર્ષણ મારી નાખે છે. અર..ર..ર..! પ્રભુ! તારું જીવનજ્યોત ચૈતન્ય બિરાજે છે ને! એનો આદર ન કરતા, આનો આદર થતાં આ જીવનની જ્યોતનો નકાર થતાં એ નથી એમ હિંસા થાય છે. આહાહા..!

મહાઆનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદ એનું જીવતું જીવન, જીવતર શક્તિ છે ને પહેલી, નહિ? જીવતરશક્તિ. જીવો ત્યાંથી કાઢી છે. બીજી ગાથા છે ને? '**जीवो चरित्तदंसणणाणठिदो**' ત્યાંથી ઉપાડીને કાઢી છે. જીવતરશક્તિ લીધી છે. આહાહા..! ભગવાન! તારું જીવન તો અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતવીર્ય એવા જીવનથી તારું જીવન છે. એનાથી તારું ટકવું અને એનાથી જ તારી હયાતી છે. એ હયાતીનો સ્વીકાર ન કરતા... આહાહા..! શુભ-અશુભભાવનો અને એના ફળનો આ બહારનો, પુણ્યના ફળની આ બધી સામગ્રી અને પાપના ફળની પ્રતિકૂળ (સામગ્રી), એ ભાવ અને ભાવના ફળમાં આકર્ષાય છે. ભગવાનનો અનાદર થાય છે.

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એ જીવતી જ્યોત જીવન જેનું છે એને એ નથી એમ કહે છે. અને આ હું છું. આહાહા..! વિષયમાં સુખ છે ને આબરૂમાં સુખ છે, બંગલા પાંચ-

પચાસ લાખના કરીને એમાં હીંડોળે હીંચકતો હોય.

મુમુક્ષુ :- આકુળતા...

ઉત્તર :- આકુળતા એકલું દુઃખ છે. આહાહા..! પણ ત્યાં મજા લાગે ને. એ 'પંકજ' ને બધા છોકરા બેઠા હોય ચાર ને એમાં બેઠા હોય બાપુજી-બાપુજી કરે લ્યો એ.

મુમુક્ષુ :- .. બાપુજીમાં દિ' શું વાળ્યો?

ઉત્તર :- આ દિ', દિવસમાં મજા પડે છે. એ દિવસમાં એમ હોય તો એને મજા પડે છે. દિ' વળે છે. આહાહા..! પ્રભુ! એ સુખ છે નહિ, એ તો દુઃખ છે. આહાહા..! આત્માના આનંદને તો એ બાળે છે. આત્માના આનંદના જીવનને એ સળગાવે છે. આહાહા..!

અહીં કહે છે કે આ તો સુખ એવું છે કે '**ઘટતી-બઢતીસે રહિત...**' એકરૂપ આનંદ. આહાહા..! જે પ્રગટ્યો તે પ્રગટ્યો એ સાદિઅનંત (એમ ને એમ રહે છે). '**વિષય-વિકારસે રહિત હૈ,...**' લ્યો, આ આવ્યું. બહારના પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફના લક્ષ છે એ વિકાર છે. એ વિનાનું આ આત્માનું સુખ છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમય પ્રભુ. આહાહા..! એનું જીવન વિષયવિકાર રહિત છે. '**ભેદભાવસે રહિત હૈ,...**' આહાહા..! એમાં ભેદ નથી, એ તો અભેદરૂપ આનંદ છે કહે છે. આહાહા..! ખંડ-ખંડ નથી. આહાહા..! આ એક જ શ્લોક છે.

'**નિર્દ્વન્દ્વ હૈ,...**' જેમાં દ્વંદ્વ નથી. બીજો જેમાં વિકલ્પ નથી, બેપણું નથી એમ કહે છે. એકરૂપ આનંદ, એકરૂપ આનંદ. આહાહા..! 'છોડી જગત દ્વંદ ફંદ...' 'છ ઢાળા'માં આવે છે ને? 'લાખ વાતની વાત...' આવે છે ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાવો.' આહાહા..! જે આ ભગવાન આનંદસ્વરૂપ છે એનું ધ્યાન કર ને. આ વિષયના વિકાર અને પરના ધ્યાન આર્તધ્યાન ને રૌદ્રધ્યાન, એમાં તો શાંતિ પિલાય છે. તલ જેમ ઘાણીમાં પિલાય એમ ભગવાન આનંદ ત્યાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પિલાય છે. એનાથી રહિત છે તારું સ્વરૂપ, ભાઈ! આહાહા..! દ્વંદ્વ રહિત છે. લ્યો! કેટલા વિશેષણ આપ્યા છે! આહાહા..!

'**જહાં પર વસ્તુકી અપેક્ષા હી નહીં હૈ,...**' જેમાં પરની અપેક્ષા નથી. સ્વનો જ આનંદ છે અંદરથી. આહાહા..! આ બધા અનુકૂળ છે, આ લોકાલોક જાણે છે માટે સુખ છે એમ કહે છે, એમ નથી. શું કીધું એ? પર વસ્તુની અપેક્ષા નથી. લોકાલોક જાણવામાં આવે છે માટે સુખ છે એમ નથી. એ તો પોતાનો સહજ આનંદ સુખ જ પોતાથી છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અનુપમ હૈ,...**' એને ઉપમા કોની દેવી? એનું સુખ એના જેવું. એનું સુખ એના જેવું. કોના જેવું? કે ત્યાં ઉપમા બીજી કાંઈ લાગુ પડતી નથી. આહાહા..!

'**અનંત હૈ,...**' એ સુખ અનંત છે. અંત નથી. આહાહા..! જેના જ્ઞાનની પર્યાયમાં અનંતા કેવળીઓ જણાય છે. એ જણાય છે કેવળીઓ નહિ પણ ઈ પર્યાયમાં એટલી તાકાત છે. આહાહા..! એટલું જ સુખ એ અનંત છે. સમજાણું કાંઈ? આ તો મંત્ર છે. આહાહા..! કહો, 'શશીભાઈ'! આવી વાત છે, ભાઈ! આહાહા..! '**અનંત હૈ, અપાર હૈ,...**' પાર નથી

જેનો. પાર શું હોય? જ્યાં સ્વભાવમાંથી સ્વભાવ પ્રગટ દશા (થઈ) તો એ સ્વભાવની પર્યાયનો પાર શું? ઓહોહો..! જેમ આકાશનો પાર નથી કે હવે ક્યાં આકાશ નથી? આહાહા..! દશે દિશામાં આકાશ ક્યાં હવે અંત આવ્યો એનો? જ્ઞેય આકાશનો અંત નથી તો આકાશ ક્ષેત્ર-જ્ઞ જે આત્મા એનો જાણનાર પોતાની પર્યાયમાં જાણનાર, એના સુખનો અંત શો? આહાહા..! આ પર્યાયના સુખની દશાનું વર્ણન છે, હોં! સિદ્ધની વાત છે ને? આહાહા..! એના દ્રવ્યની તો શું વાત કરવી!

'**અનંત હૈ, અપાર હૈ, જિસકા પ્રમાણ નહીં...**' આહાહા..! જેનું કોઈ માપ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? માપ નથી એટલે? એ સુખનું પ્રમાણ જ્ઞાન તો થાય છે પણ એ પ્રમાણ અપ્રમાણ વસ્તુ છે, એવી ચીજ છે. આહાહા..! પ્રમાણ-સુખ પ્રમેય છે, એનું જ્ઞાન પ્રમાણ છે. આહાહા..! પણ કહે છે કે જેનું પ્રમાણ નથી. એટલે? પ્રમાણમાં તો આવ્યું છે પણ પ્રમાણ નથી જેનું એવું એ સુખ છે. આહાહા..! એનું પણ જ્ઞાનમાં પ્રમાણ થઈ જાય છે. જુઓ! આ પરમાત્માનું વર્ણન! આ 'પરમાત્મપ્રકાશ' છે. આહાહા..!

'**સદા કાલ શાશ્વત હૈ,...**' આ બધા એના વિશેષણો છે. જે આત્માના અંતર આનંદમાંથી અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થઈ એ શાશ્વત છે. છે તો પર્યાય. સમજાણું કાંઈ? પણ એ કાયમ રહેનારી છે. એક કોર કેવળજ્ઞાન પર્યાયને નાશવાન કહ્યું છે. 'નિયમસાર' ૩૮ ગાથા. બધી પર્યાયો નાશવાન છે, વસ્તુ અવિનાશી છે. એ બીજી અપેક્ષાએ. એ તો દ્રવ્ય અને ત્રિકાળી ધ્રુવ સિદ્ધ કરવા. અહીં કહે છે કે એ પર્યાય સદા કાળ શાશ્વત છે. આહાહા..! કઈ અપેક્ષા છે એને જાણવી જોઈએ, બાપુ! કઈ નયના વાક્ય છે. એક જ પકડે (તો ન ચાલે). એમ તો કેવળજ્ઞાનને કુટસ્થ કહ્યું છે ને. 'પંચાસ્તિકાય'માં કુટસ્થ કહ્યું છે. એટલે કે એવું ને એવું રહે છે એ અપેક્ષાએ. બાકી તો પલટે છે, પલટે છે. પણ એની એ એવી ને એવી જાત એમ ને એમ રહ્યા કરે છે તેથી તેને કુટસ્થ કહ્યું છે. કુટસ્થ એટલે કુટસ્થ શિખર જેમ હલતું નથી. કુટ-શિખર-શિખર. એમ એ કેવળજ્ઞાન કુટસ્થ છે. એને અહીં શાશ્વત કહ્યું છે. સમજાણું કાંઈ?

'**મહા ઉત્કૃષ્ટ હૈ,...**' કેટલા વિશેષણ! મહા ઉત્કૃષ્ટ. આનંદ... આનંદ... આનંદ... આહાહા..! જેના વિષયના આનંદ તો ઝેર છે. આહાહા..! ઝેરના પ્યાલા પીવે અને માને છે કે મજા છે. આ તો ઉત્કૃષ્ટ સુખ છે. એકલું આનંદનું જ વેદન છે, કહે છે. આહાહા..! આવા મોક્ષની અભિલાષા ધર્મીએ કરવી એમ કહેવા માટે આ કહે છે. છેલ્લે કહેશે, છેલ્લે. સમજાણું કાંઈ? આહાહા..! વ્યવહારરત્નત્રયની પણ અભિલાષા ન કરવી એમ કહે છે. નિમિત્તની પણ અભિલાષા ન કરવી. આવા મોક્ષની અભિલાષા કરવી, એમ કહેશે. આહાહા..!

'**મહા ઉત્કૃષ્ટ, અનંત સારતા લિયે હુએ હૈ.**' સાર છે, સાર છે. આહાહા..! અનંત સાર છે. એવું જે સિદ્ધનું સુખ સાર છે. એ સિવાય બધું અસાર છે. ઇન્દ્રિયના સુખો, ચક્રવર્તીના ભોગો, ઇન્દ્રના ભોગો એ બધા અસાર છે. આહાહા..! સાર-અસારની વ્યાખ્યા આવે છે એક શ્લોકમાં. 'અષ્ટપાહુડ'માં ક્યાંક ટીકામાં આવે છે. સાર-અસાર, અસાર-સાર બહુ શબ્દો આવે

છે ઘણા. યાદ કાંઈ બધા (રહે છે)? કેટલા નામ આપ્યા અસાર. આહાહા..! '**અનંત સારતા લિયે હુએ હૈ. ઐસા પરમસુખ સિદ્ધોંકે હૈ,...**' લ્યો! આ છેલ્લું વિશેષણ. આહાહા..! આ મહામંગળિક. '**ઐસા પરમસુખ સિદ્ધોંકે હૈ, અન્યકે નહીં હૈ.**' બીજાને એવું સુખ હોઈ શકે નહિ. ચક્રવર્તીને નહિ. આહાહા..!

'**યહાં તાત્પર્ય યહ હૈ...**' હવે તાત્પર્ય કહે છે-એનો સાર. '**હમેશા મોક્ષકા હી સુખ અભિલાષા કરને યોગ્ય હૈ,...**' લ્યો, આ સાર. સંસ્કૃત છે, હોં! પાઠમાં છે. અંદર છે. '**निरन्तरमभिलषणीयमिति भावार्थः।**' સંસ્કૃતમાં છે. '**निरन्तरमभिलषणीयमिति भावार्थः।**' આહા..! નિરંતર આવા સુખની અભિલાષા કરવી. નિરંતર. આહાહા..! સમકિતી જીવે પોતાના આત્માના આનંદને જાણ્યો છે તેથી પૂર્ણ આનંદની નિરંતર અભિલાષા રાખવી. આહાહા..! '**હંમેશા મોક્ષકા હી સુખ અભિલાષા કરને યોગ્ય હૈ,...**' આ આવ્યું, જુઓ! '**ઔર સંસાર-પર્યાય સબ હેય હૈ.**' છે? '**સંસાર પર્યાય સબ હેય હૈ.**' વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ સંસારપર્યાય છે. આહાહા..! આવું સાંભળવું મુશ્કેલ પડે એવું છે. જીંદગી આમ શેઠિયા તરીકે ગયા મોઢા આગળ, અમે શેઠ. આહાહા..! આવી વાત છે.

પ્રભુ! તું કોણ છો? બાપુ! આહાહા..! અને તારામાંથી ઉત્પન્ન થઈ અને ઉપાદાનમાંથી, ધ્રુવ ઉપાદાનમાંથી ક્ષણિક પર્યાયમાં ઉપાદાનમાં ઉત્પન્ન થયેલું, બેય ઉપાદાન છે. સમજાણું કાંઈ? ધ્રુવ ઉપાદાન અનંત આનંદનું દળ. અનંત, બેહદ સુખનો સમુદાય. અસ્તિ, પરમપદાર્થ, મોજૂદ, ધ્રુવ, શાશ્વત, અનાદિઅનંત, અકૃત્રિમ એવો જે ધ્રુવ ઉપાદાન. આહાહા..! એમાંથી આનંદ ઉત્પન્ન થાય એ ક્ષણિક ઉપાદાન છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી તો વાત છે પણ હવે લોકોને નિમિત્તથી થાય.. નિમિત્તથી થાય. નિમિત્ત છે ખરું. એ તો હમણાં ભાઈએ લખ્યું છે 'કૈલાશચંદજી'એ હમણાં. આમ તો વિરોધ કરે છે 'કૈલાશચંદજી' અહીંનો. પણ આમ આ લખ્યું છે કે 'સોનગઢ'વાળા નિમિત્તનો નિષેધ નથી કરતા પણ નિમિત્તને કર્તા માનતા નથી. બરાબર છે? 'ફૂલચંદજી'! વાત તો એમ જ છે. નિમિત્ત નથી એમ નહિ. નિમિત્તથી પરમાં થાતું નથી કાંઈ. કર્તા નથી એ. કેમકે પરિણમનની પર્યાય તો સ્વતંત્ર પરિણમન કરનારે કરી છે. નિમિત્ત હો, નિમિત્તથી ત્યાં પરિણમન થાય છે કર્તા એમ નથી. આહાહા..! એમ વ્યવહાર હો એ અંદરનું નિમિત્ત છે, ઓલું બહારનું નિમિત્ત છે. વ્યવહાર હો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રત હો પણ એ નિશ્ચયને કરે છે એમ નથી. આટલો મોટો ફેર છે. અરે..રે..! માર્ગ માંડ આવ્યો હાથ, બાપુ!

મુમુક્ષુ :- .. કાર્ય ક્યાં કરે છે? કાર્યમાં સહાયક થાય છે.

ઉત્તર :- કાર્યમાં સહાયક એટલે સાથે છે. એમ સહાયનો અર્થ. આવ્યું નહિ ભાઈ, આપણે? 'ઈષ્ટોપદેશ'. ધર્માસ્તિકાયવત્. બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. આત્મા અને જડ ગતિ કરે એ તો પોતાના પર્યાયના કાળથી ગતિ કરે છે. ઓલું નિમિત્ત છે. એ નિમિત્ત અહીં ગતિ કરાવે છે એમ નથી. આવો આ ફેર છે.

મુમુક્ષુ :- ઉદાસીન નિમિત્ત.

ઉત્તર :- બધા ઉદાસીન નિમિત્ત. ધર્માસ્તિકાયવત્ એમ કીધા છે. ભલે આ ધજા હલતી હોય, ધજા. એમાં પવન એ પ્રેરક નિમિત્ત છે. છતાં પ્રેરક નિમિત્ત છે તો ઉદાસીન. એને લઈને ધજા ચાલતી નથી. આ વાત... સમજાણું કાંઈ? આ ધજા આમ થાય ને ફટ-ફટ છેડાથી. એ પવનને લઈને.. પવનને લઈને (થાય છે)? ના. એ પવન તો ત્યાં ધર્માસ્તિકાયવત્ નિમિત્ત છે. એ આમ આમ થાય છે એ પોતાની પર્યાયથી થાય છે. પવનથી નહિ. હવે આ વાત.

મુમુક્ષુ :- પવન ધજાને તોડી ફાડી નાખે એવો વાય.

ઉત્તર :- ભાઈ કહે છે કે તોડી નાખે. આટલું તો નિમિત્ત કામ કરે છે એમ કહે છે. બાપુ! એ તોડવા-ફોડવાની પર્યાય એના પોતાથી થઈ છે. પવન તો ત્યાં નિમિત્તમાત્ર (છે). નિમિત્તે કર્યું નથી. નિમિત્ત છે ખરું. પણ એ નિમિત્તે તોડવાનું કાર્ય કર્યું નથી. આહાહા..! આવી વાત છે. લાકડામાં કરવત પડે છે આમ કરવત. એ કરવત નિમિત્ત છે. પણ એ કટકા થયા એ કરવતનું કાર્ય નથી. આહાહા..! એ કરવતનું કર્તૃત્વ નથી. નિમિત્ત છે. પણ નિમિત્ત કરતો નથી. આહાહા..! આવો માર્ગ છે, બાપા! સત્યનું આવું સ્વરૂપ છે. ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર..

મુમુક્ષુ :- 'શ્રીમદ્' કહે છે કે એક તણખલાના બે ટૂકડા કરવાની શક્તિ નથી.

ઉત્તર :- શક્તિ નથી. કારણ કે કરી શકતો નથી. એ 'શ્રીમદ્' કહે છે. 'શ્રીમદ્' કહે છે કે તણખલાના બે કટકા કરવાની અમારી શક્તિ નથી. એટલે? કે એ કટકા બે થાય એ અમે કરતા નથી એમ એનો અર્થ છે. આહાહા..! તણખણું સમજ્યા? તીનકા-તીનકા. બે ટુકડા આત્મા કરી શકે નહિ. એ ટુકડા થવાને કાળે પોતાથી ઉપાદાનથી થાય છે. આહાહા..! ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય. પણ નિમિત્ત કર્તા નથી. આવી વાત ક્યાં લોકોને ગળે ઉતારે.

મુમુક્ષુ :- ઉપાદાનના પચાસ ટકા રાખો અને નિમિત્તના પચાસ રાખો.

ઉત્તર :- હા, એ કહેતો હતો ને એ. ઓલા ભાઈ કહેતા હતા. 'જીવણધર', 'જીવણધર'. અહીં આવ્યા હતા ને પહેલા શેઠ સાથે. 'હુકમીચંદ' શેઠ. પચાસ ટકા આના રાખો અને પચાસ ટકા આના. બાપુ! સો ટકા રાખો ને નિમિત્તના અને સો ટકા ઉપાદાનના રાખો ને. અને અમારા 'દામોદર શેઠ' કહેતા. જૂના. (સંવત) ૧૯૭૧થી વાત ઉપાડી. કર્મને કારણે વિકાર થતો નથી. વિકાર પોતાથી થાય છે. એ વાત ૧૯૭૧માં બહાર મૂકી. 'લાઠી'ના ચોમાસામાં. એને કાને ગઈ એટલે પછી (કહે કે), મહારાજ એટલું રાખે. આ પચાસ નહિ ભલે. ૫૧ ટકા પુરુષાર્થના અને ૪૯ ટકા કર્મના. બે ટકા અહીં વધાર્યા. એમ કહેતા. ૧૯૭૧ની સાલની વાત છે. બહુ જૂની. કેટલા વર્ષ થયા? ૫૬. ૫૬ વર્ષ થયા. ત્યારે એણે કહેલું કે કર્મથી કાંઈ ન થાય એમ નહિ, મહારાજ! કર્મના દોકડા ૪૯ રાખો અને વિકારના દોકડા પુરુષાર્થથી થાય તો એના ૫૧ રાખો. એટલું વધ્યું ને અહીં? દોકડા સમજો છો? આ પ્રતિશત નથી કહેતા? પ્રતિશત કહે છે ને? પ્રતિશત કહે છે ને? 'તારાચંદજી'! પ્રતિશત કહે છે. કીધું, ભાઈ! એમ નથી. સોએ સો ટકા વિકાર પોતાથી થાય છે અને સોએ સો ટકા કર્મ

નિમિત્તમાં ત્યાં નિમિત્ત ઊભું છે. આહાહા..! આ મોટી તકરાર ચાલતા ચાલતા સ્થાનકવાસીમાં હતી પહેલી, પછી ગઈ દેરાવાસીમાં અને હવે થઈ દિગંબરમાં. પ્રભુ! અહીં તો ના પાડે છે ને.

મુમુક્ષુ :- ત્યાંથી આગળ જાય એમ નથી?

ઉત્તર :- હવે ક્યાં જાય બીજે? સત્યદર્શન દિગંબર દર્શન એ જૈનદર્શન, સનાતન દર્શન. એમાં પણ આ વાતથી ખળભળાટ જાગી. આહાહા..!

કહે છે કે '**સંસાર-પર્યાય સબ હેય હૈ.**' એમ છે ને? એમાંથી કાઢ્યું છે, હોં! એમાં પાઠમાં નથી. ત્યાં તો '**अभिलषणीय**' બસ, એટલું છે. '**निरन्तरमभिलषणीयमिति भावार्थः।**' બસ. એટલે આ હેય છે એમ એમાંથી કાઢયું. આહાહા..! ગજબ શ્લોક આવ્યો છે. એકલા આનંદની જ વાત છે. અતીન્દ્રિય આનંદ સિદ્ધ કેમ સેવે છે એ ગાથા છે. આ ગાથામાં એ છે. છે? '**उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**' તો ઉત્તમ મોક્ષ હોય નહિ. '**तो किं सयलु वि कालु जिय सिद्ध वि सेवहिं सोइ।।**' સિદ્ધ કેમ સદાકાળ સેવે જો ઉત્તમ સુખ ન હોય તો? આહાહા..! આ તમારા સંસારના તો શું થોડાઘણા કાંઈ... આહાહા..!

કાલે તો ઓલો વિચાર આવ્યો હતો. નહિ? બાઈ હમણા ગુજરી ગયા. ઓલા બિચારા. અઢાર દિ' પહેલા ગુજરી ગયા. 'ગોવા'વાળા. અસાધ્ય હતા ને? દોઢ વર્ષથી. શું કહેવાય તમારું? હેમરેજ. દોઢ વર્ષ. એમની અહીં છે ને દીકરીઓ. 'પોપટભાઈ'ની. એના ઘરેથી અઢાર દિ' પહેલા ગુજરી ગયા. આહાહા..! અહીં પૈસા બે અબજ ચાલીસ કરોડ. બંગલા. એમાં પણ એવું સાંભળ્યું બહેન કહેતા હતા કે અસાધ્યમાં પડી ગયા એમ ને એમ પડખું ફેરવતા. તો હાથ ભાંગી ગયો. અસાધ્યમાં અને અસાધ્યમાં. હાથ ભાંગી ગયો. દોઢ દોઢ વર્ષથી જડ જેવું. અરેરે..! અને એ બિચારા જાય ક્યાં? તિર્યંચ યોનિમાં જાય. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ. આહાહા..! પ્રભુ... પ્રભુ..! આ સંસારના પડદા. કારણ કે બિચારા માણસને દારૂ-માંસ એવું તો હોય નહિ કાંઈ. વાણિયા આર્ય માણસ છે. દેવની ગતિના તો પરિણામ હોય નહિ ત્યાં. મનુષ્ય થવાની સરળતા પણ ક્યાં? અરેરે..! અરે..! આવો સંસાર. એક ક્ષણભર પણ રાખવા જેવો નથી. આહા..! મોક્ષની અભિલાષા કર એમ કહે છે અહીં. સ્વર્ગની ગતિ મળે, પછી ભગવાન પાસે જાશું. કેટલાક એમ કહે છે. હમણાં આ પુણ્ય કરો, સ્વર્ગમાં જાવ. ભગવાન પાસે જાવ ત્યાં સમકિત પામશો. એમ વળી કેટલાક કહે છે.

મુમુક્ષુ :- મોક્ષની અભિલાષાથી મોક્ષ દૂર નથી જતો?

ઉત્તર :- અભિલાષા એટલે ભાવના. ઇચ્છાની અહીં વાત નથી.

ત્રિકાળી સ્વભાવમાં ભાવના-એકાગ્રતા કરવી એ મોક્ષની અભિલાષા. મોક્ષની ઇચ્છાથી મોક્ષ નથી મળતો. આહાહા..! આમ તો 'પંચાધ્યાયી'માં કીધું છે, ભાઈ! છે ખબર? બધી અભિલાષા તે મિથ્યાત્વ છે. એમ કહ્યું. ખબર છે, ખ્યાલ છે. આ તો આ આવ્યું એટલે. ભાઈ! 'પંચાધ્યાયી'માં એમ છે. કોઈપણ અભિલાષા નિરર્થક જાય છે અભિલાષા. આ બીજી

વાત છે. અહીંયાં તો આત્મા અનંતઆનંદનો નાથ પ્રભુ છે એમાં એકાગ્ર થાય એ મોક્ષની અભિલાષા. એમ. એ કહેશે હમણાં. આઠમી ગાથામાં કહેશે. નહિતર તો ખ્યાલ છે. 'પંચાધ્યાયી'માં કોઈપણ અભિલાષા મિથ્યાત્વ છે એમ કીધું છે. કારણ કે અભિલાષા શું, તને મોક્ષની ઈચ્છા કર તો મોક્ષ ઈચ્છાથી મળે છે? પણ એવું આવે. ઓલામાં નથી આવતું ત્યાં? 'સમાધિ બોધિ ઈચ્છે છે.' નહિ? શ્લોક આવે છે.

મુમુક્ષુ :- દુક્ખખહો, કમ્મખહો

ઉત્તર :- હા, બસ ઈ. એ તો બધો ખ્યાલ તો હોય ને ચારેકોરનો. ત્યાં એમ કીધું છે કે ધર્માત્મા દુ:ખનો ક્ષય થાવ પછી?

મુમુક્ષુ :- કર્મથો...

ઉત્તર :- કર્મનો ક્ષય થાવો, બોધિનો લાભ થાવ.

મુમુક્ષુ :- સુવિહ ગમનમ્.

ઉત્તર :- સુવિહ ગમનમ્. મોક્ષનું ગમનમ્, ઉત્તમ ગતિ પ્રાપ્તિ થાઓ એમ આવે છે. શ્લોક આવે છે. એ અપેક્ષા બીજી છે. ત્યાં તો આત્મા અખંડ આનંદ... અહીં કહેશે હમણાં. એના ઉપર દૃષ્ટિ કરીને એની ભાવના કર. એમાં આ બધું થાશે. કર્મનો ક્ષય થશે, દુ:ખનો ક્ષય થશે, સુગતિની પ્રાપ્તિ થશે. એમ. આહાહા..! ભાઈ! કઈ અપેક્ષાથી (વાત છે એ જાણવું જોઈએ). શાસ્ત્રમાં તો અનેક પ્રકારના કથનો હોય અનેક નયના, પણ જેમ બંધબેસતો હોય એમ એનો અર્થ થવો જોઈએ ને? 'ચંદુભાઈ'! આહાહા..! ત્યાં તો કહે, 'દુ:ખફલો કર્મફલો' કર્મનો ક્ષય થાઓ. એ તો એક ભાવનાની વાત છે. આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે એમાં મારી પૂર્ણ આનંદદશા પ્રગટ થાય એવી અંદર ભાવના છે તેમાં દુ:ખનો ક્ષય થાય છે, કર્મનો ક્ષય થાય છે, બોધિનો લાભ થાય છે, સુગતિ મળે. સુગતિ એટલે મોક્ષ. આહાહા..! એ સાત ગાથા થઈ.

---

**अथ सर्वेषां परमपुरुषाणां मोक्ष एव ध्येय इति प्रतिपादयति –**

**१३४) हरि–हर–बंभु वि जिणवर वि मुणि–वर–विंद वि भव्व।**
**परम–णिरंजणि मणु धरिवि मुक्खु जि झायहिँ सव्व।।८।।**

**हरिहरब्रह्माणोऽपि जिनवरा अपि मुनिवरवृन्दान्यपि भव्याः।**
**परमनिरञ्जने मनः धृत्वा मोक्षं एव ध्यायन्ति सर्वे।।८।।**

**हरिहर इत्यादि। हरि–हर–बंभु वि हरिहरब्रह्माणोऽपि जिणवर वि जिनवरा अपि मुणि–वर–विंद वि मुनिवरवृन्दान्यपि भव्व शेषभव्या अपि। एते सर्वे किं कुर्वन्ति। परम–णिरंजणि परमनिरञ्जनाभिधाने निजपरमात्मस्वरूपे। मणु मनः धरिवि विषयकषायेषु गच्छत् सद् व्यावृत्त्य धृत्वा पश्चात् मुक्खु जि मोक्षमेव झायहिं ध्यायन्ति सव्व सर्वेऽपि इति। तद्यथा। हरिहरादयः सर्वेऽपि प्रसिद्धपुरुषाः ख्यातिपूजालाभादिसमस्तविकल्पजालेन शून्ये, शुद्धबुद्धैकस्वभावनिजात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्प–**

समाधिसमुत्पन्नवीतरागसहजानन्दैकसुखरसानुभवेन पूर्णकलशवत् भरितावस्थे निरञ्जनशब्दाभिधेयपरमात्मध्याने स्थित्वा मोक्षमेव ध्यायन्ति। अयमत्र भावार्थः। यद्यपि व्यवहारेण सविकल्पावस्थायां वीतरागसर्वज्ञस्वरूपं तत्प्रतिबिम्बानि तन्मन्त्राक्षराणि तदाराधकपुरुषाश्च ध्येया भवन्ति तथापि वीतरागनिर्विकल्पत्रिगुप्तिगुप्तपरमसमाधिकाले निजशुद्धात्मैव ध्येय इति।।८।।

---

आगे सभी महान पुरुषोंके मोक्ष ही ध्यावने योग्य है ऐसा कहते हैं –

**गाथा – ८**

अन्वयार्थ :– [ हरिहरब्रह्माणोऽपि ] नारायण वा इन्द्र, रुद्र अन्य ज्ञानी पुरुष [ जिनवरा अपि ] श्रीतीर्थंकर परमदेव [ मुनिवरवृंदान्यपि ] मुनिश्वरोंके समूह तथा [ भव्याः ] अन्य भी भव्य जीव [ परमनिरंजने ] परम निरंजनमें [ मनः धृत्वा ] मन रखकर [ सर्वे ] सब ही [ मोक्षं ] मोक्षको [ एव ] ही [ ध्यायंति ] ध्यावते हैं। यह मन विषयकषायोंमें जो जाता है, उसको पीछे लौटाकर अपने स्वरूपमें स्थिर अर्थात् निर्वाणका साधनेवाला करते हैं।

भावार्थ :– श्री तीर्थंकरदेव तथा चक्रवर्ती, बलदेव, वासुदेव, प्रतिवासुदेव महादेव इत्यादि सब प्रसिद्ध पुरुष अपने शुद्ध ज्ञान, अखंड स्वभाव जो निज आत्मद्रव्य उसका सम्यक् श्रद्धान ज्ञान आचरणरूप जो अभेदरत्नत्रयमय समाधिकर उत्पन्न वीतराग सहजानंद अतीन्द्रियसुखरस उसके अनुभवसे पूर्ण कलशकी तरह भरे हुए निरंतर निराकार निजस्वरूप परमात्माके ध्यानमें स्थिर होकर मुक्त होते हैं। कैसा वह ध्यान है, कि ख्याति (प्रसिद्धि) पूजा (अपनी महिमा) और धनादिकका लाभ इत्यादि समस्त विकल्प–जालोंसे रहित है। यहाँ केवल आत्म–ध्यान ही को मोक्ष–मार्ग बतलाया है, और अपना स्वरूप ही ध्यावने योग्य है। तात्पर्य यह है कि यद्यपि व्यवहारनयकर प्रथम अवस्थामें वीतरागसर्वज्ञका स्वरूप अथवा वीतरागके नाममंत्रके अक्षर अथवा वीतरागके सेवक महामुनि ध्यावने योग्य हैं, तो भी वीतराग निर्विकल्प तीन गुप्तिरूप परमसमाधिके समय अपना शुद्ध आत्मा ही ध्यान करने योग्य है, अन्य कोई भी दूसरा पदार्थ पूर्ण अवस्थामें ध्यावने योग्य नहीं है।।८।।

---

હવે, સર્વ પરમપુરુષોએ મોક્ષ જ ધ્યાવવા યોગ્ય છે, એમ કહે છે :

ભાવાર્થ : હરિ, હર આદિ બધાય પ્રસિદ્ધ પુરુષો ખ્યાતિ, પૂજા, લાભ આદિ સમસ્ત વિકલ્પ જાળથી શૂન્ય એવા, શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવવાળા નિજઆત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન માત્ર વીતરાગ સહજાનંદરૂપ સુખરસના અનુભવથી પૂર્ણકલશની જેમ પરિપૂર્ણ એવા નિરંજન શબ્દથી કહેવા યોગ્ય પરમાત્માના ધ્યાનમાં સ્થિત થઈને એક

**મોક્ષને જ ધ્યાવે છે.**

**અહીં, આ ભાવાર્થ છે કે જો કે વ્યવહારનયથી સવિકલ્પ અવસ્થામાં વીતરાગ સર્વજ્ઞનું સ્વરૂપ, વીતરાગની પ્રતિમા, તેના મંત્રાક્ષરો અને તેના આરાધક પુરુષો ધ્યાવવા યોગ્ય છે તો પણ વીતરાગ નિર્વિકલ્પ ત્રિગુપ્તિ વડે ગુપ્ત પરમસમાધિકાળમાં શુદ્ધ આત્મા જ ધ્યાવવા યોગ્ય છે. ૮.**

## ગાથા-૮ ઉપર પ્રવચન

'**આગે સભી મહાન પુરુષોંકે મોક્ષ હી ધ્યાવને યોગ્ય હૈ...**' આહાહા..! મહાપુરુષો જેટલા દુનિયામાં થઈ ગયા, એ બધાને મોક્ષ જ '**મોક્ષ હી...**' એમ ભાષા છે. છે? '**मोक्ष एव**' સંસ્કૃત છે. એકાંત થઈ જાય છે. કથંચિત્ વ્યવહાર અને કથંચિત્ મોક્ષ એમ કરવું જોઈએ. તો અનેકાંત થાય. એ શ્લોકને માથે છે કળશ. છે ને? '**सर्वेषां परमपुरुषाणां मोक्ष एव ध्येय इति प्रतिपादयति** ' આહાહા..! અહીં તો ભાઈ મધ્યસ્થ પુરુષનું કામ છે. આગ્રહ ક્યાંક પકડ્યો હોય અને એને સિદ્ધ કરવો હોય એ વાત નથી. સમજાણું કાંઈ? દુનિયા ગમે તે માનો, ગમે તે હો. વસ્તુ તો વસ્તુ તરીકે છે એ જ રહેશે. એમાં કાંઈ ફેરફાર થાય એવો નથી. આહાહા..!

'**સભી મહાન પુરુષોંકે મોક્ષ હી...**' આ પરમાનંદ સ્વરૂપ પરમાત્મ દશા... આહાહા..! એ '**ધ્યાવને યોગ્ય હૈ...**' ધ્યાન કરવા યોગ્ય છે એમ કહે છે. ઠીક! ત્યાં અભિલાષા કરવાનું કીધું હતું ને? અહીં ધ્યાન કરવા યોગ્ય કીધું. એ ધ્યાન અંદરનું કરવું. પર્યાય દ્રવ્યમાં ધ્યાન કરે ત્યારે ધ્યાન કર્યું કહેવાય. આહાહા..! '**ઐસા કહતે હૈં-**'

**१३४) हरि-हर-बंभु वि जिणवर वि मुणि-वर-विंद वि भव्व।**
**परम-णिरंजणि मणु धरिवि मुक्खु जि झायहिँ सव्व।।८।।**

આહાહા..! ઓલો ભવ છે એની માથે સબ છે.

**१३४) हरि-हर-बंभु वि जिणवर वि मुणि-वर-विंद वि भव्व।**
**परम-णिरंजणि मणु धरिवि मुक्खु जि झायहिँ सव्व।।८।।**

**અન્વયાર્થ :-** '**हरिहर**' '**નારાયણ...**' વાસુદેવ. '**ઈન્દ્ર,...**' ઈન્દ્ર. '**રુદ્ર...**' શંકર. ઈન્દ્ર- આ સ્વર્ગના ઈન્દ્રો. '**ઈન્દ્ર, રુદ્ર અન્ય જ્ઞાની પુરુષ શ્રી તીર્થંકર પરમદેવ...**' જિનવરા. '**मुनिवरवृन्दा**' '**મુનિશ્વરોં કે સમૂહ...**' આહાહા..! '**તથા અન્ય ભી ભવ્ય જીવ...**' અનેરા ભવ્ય જીવો. આહાહા..! '**પરમ નિરંજનમેં મન રખકર...**' દેખો આ સાર. પરમ નિરંજન પરમાત્મા પોતે શુદ્ધ, તેમાં '**મન રખકર...**' આ બધા સંતો, મુનિઓ, આચાર્યો, જિનવરો કે મુનિના ટોળા એ બધું આવી ગયું. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને અન્ય ભવ્યજીવો.

આહાહા..! '**પરમ નિરંજનમેં મન રખકર...**' '**परमनिरंजने**' ભાષા એમ છે ને? '**परमनिरंजने**' ભગવાનઆત્મા અંજન જેમાં બિલકુલ નથી, મેલ નથી, ઉદયભાવ નથી. આહાહા..! જેમાં ઉદયભાવનો અભાવ (છે). અંજન એટલે ઉદયભાવ. આહાહા..! '**परमनिरंजने**' જેમાં ઉદયભાવનો અભાવ (છે) એવો પરમસ્વભાવભાવ નિરંજન. આહાહા..!

'**मनः धृत्वा**' એવા ભગવાનના મનને રોકીને, એકાગ્ર થઈને એમ કહેવું છે. '**સબ હી મોક્ષકો હી ધ્યાવતે હૈં.**' આહાહા..! એ જિનવરો પણ મોક્ષને જ ધ્યાવે છે, એમ કહે છે. આહાહા..! મુનિના વૃંદો પણ મોક્ષને ધ્યાવે છે, નારાયણ ને રુદ્ર આદિ પણ મોક્ષને ધ્યાવે છે. આહાહા..! '**मोक्षं एव**' એમ છે ને? '**ही-ही**' મોક્ષકો '**एव ही**' મોક્ષ હી, આહાહા..! '**ધ્યાવતે હૈં. યહ મન વિષયકષાયોંમેં જો જાતા હૈ, ઉસકો પીછે લૌટાકર...**' વિષય શબ્દે પાંચ ઈન્દ્રિય તરફના વલણમાં જાય છે. આહાહા..! આકરી વાત છે. ઈન્દ્રિયમાં કહ્યું ને? દ્રવ્ય ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય, ભાવ ઈન્દ્રિય અને એના વિષય એ બધી ત્રણે ઈન્દ્રિયો છે. (સમયસાર-ગાથા) ૩૧. '**जो इंदिये जिणित्ता**' આહાહા..! ત્રણલોકના નાથ ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર, પંચપરમેષ્ઠી, એને પણ ઈન્દ્રિયનો વિષય ગણીને ઈન્દ્રિય કીધી છે. આહાહા..! આકરું લોકોને લાગે. પરદ્રવ્ય છે ને? એ ઈન્દ્રિયનો વિષય છે. અણિન્દ્રિયનો વિષય તો પોતે આત્મા છે. આહાહા..! એ ત્રણને જીતીને એમ કીધું છે. એનો અર્થ કે ત્રણ તરફથી લક્ષ છોડી દઈને. આહાહા..!

'**ઉસકો પીછે લૌટાકર અપને સ્વરૂપમેં સ્થિર અર્થાત્ નિર્વાણકા સાધનેવાલા કરતે હૈં.**' લ્યો! પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા એ નિર્વાણનું સાધન છે. એ મોક્ષનું કારણ છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૩, રવિવાર
## તા. ૧૧-૧૦-૧૯૭૬, ગાથા-૮, પ્રવચન નં. ૧૦૧

આઠમી ગાથા છે. આઠમીનો ભાવાર્થ? 'પરમાત્મપ્રકાશ' આઠમી ગાથાનો ભાવાર્થ.

'**શ્રી તીર્થંકરદેવ તથા ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, મહાદેવ ઈત્યાદિ સબ પ્રસિદ્ધ પુરુષ અપને શુદ્ધ જ્ઞાન, અખંડ સ્વભાવ...**' જુઓ! આ વસ્તુ. '**અપને શુદ્ધ જ્ઞાન, અખંડ સ્વભાવ જો નિજ આત્મદ્રવ્ય...**' એ ધ્યાનમાં લેવા લાયક છે, એમ કહે છે. ધ્યાનમાં એનો વિષય બનાવવા લાયક છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર... શુદ્ધ જ્ઞાન અંદર પવિત્ર જ્ઞાનસ્વરૂપ અખંડ દ્રવ્યસ્વભાવ લેવો છે ને. એકરૂપ અખંડ. '**સ્વભાવ જો નિજ આત્મદ્રવ્ય...**' એવો જે સ્વભાવ એ નિજ આત્મદ્રવ્ય. પોતાનું આત્મદ્રવ્ય એવું છે. શુદ્ધ

જ્ઞાન અખંડ સ્વભાવ. '**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' છે? નીકળ્યું 'મૂળચંદભાઈ'ને? આઠમી ગાથાનો ભાવાર્થ છે.

આ બધા મહાપુરુષો જે તીર્થંકર આદિ એણે શુદ્ધ જ્ઞાન અખંડ સ્વભાવ, એવું જે નિજઆત્મદ્રવ્ય '**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' શરૂઆત અહીંથી થાય છે, કહે છે. આહાહા..! શુદ્ધ જ્ઞાન અખંડ સ્વભાવ આત્મદ્રવ્ય એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં આચરણ. '**જો અભેદરત્નત્રમય સમાધિકર...**' આહાહા..! એ અભેદરત્નત્રયસ્વરૂપ શાંતિ છે. '**સમાધિકર ઉત્પન્ન વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ...**' આહાહા..! શુદ્ધ જ્ઞાન અખંડ સ્વભાવ, એવું જે આત્મદ્રવ્ય, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા, એનાથી ઉત્પન્ન થયેલું '**વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખ...**' આહાહા..! માલ મૂક્યો છે એકલો. વીતરાગ પરમાનંદ '**સહજાનંદ અતીન્દ્રિયસુખરસ ઉસકે અનુભવસે...**' અનુભવની વ્યાખ્યા કરી. ભગવાન પૂર્ણ જ્ઞાન અખંડ સ્વભાવ આત્મદ્રવ્ય, તેની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એવું જે અભેદરત્નત્રય એટલે નિશ્ચયરત્નત્રય. એનાથી ઉત્પન્ન થતો વર્તમાન અનુભવમાં '**વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ ઉસકે અનુભવસે પૂર્ણ કલશકી તરહ ભરે હુએ નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્માકે...**' આ અનુભવની વ્યાખ્યા કરી. હવે અનુભવ કેનો કરે છે? આહાહા..!

'**પૂર્ણ કલશકી તરહ...**' જેમ કળશ પાણીથી પૂર્ણ ભર્યો હોય, એમ આ કળશની પેઠે આત્મા છે ને, જુઓને! '**પૂર્ણ કલશકી તરહ ભરે હુએ નિરંતર નિરાકાર...**' સદા નિરાકાર છે, અરૂપી છે. એવો નિજ સ્વરૂપ પરમાત્મા. આહાહા..! એવા '**નિજસ્વરૂપ પરમાત્માકે ધ્યાનમેં સ્થિર હોકર મુક્ત હોતે હૈં.**' લ્યો, આ મુક્તિનો માર્ગ. બહુ સરસ વાત છે. ઓહોહો..! શુદ્ધ જ્ઞાન અખંડ સ્વભાવ એવું જે આત્મદ્રવ્ય, એની અંતર્મુખ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એવું જે અભેદ નિશ્ચયરત્નત્રય, એનાથી ઉત્પન્ન થતો વીતરાગ પરમસુખરસ સ્વાદ-અનુભવ. કોનો? '**પૂર્ણ કલશકી તરહ ભરે હુએ નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્માકે...**' આહાહા..!

ભગવાનઆત્મા '**નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્મા...**' આત્મા છે. એના ધ્યાનમાં '**સ્થિર હોકર મુક્ત હોતે હૈં.**' મુક્તિનો આ ઉપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? નિમિત્ત અને વ્યવહારરત્નત્રય એ મુક્તિનો ઉપાય નથી. એ બંધનું કારણ છે. એથી ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાન અખંડ એકરૂપ વસ્તુ, એવું જે આત્મદ્રવ્ય, એનું ધ્યાન એટલે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય એ ધ્યાન છે. એનાથી ઉત્પન્ન થયેલો પરમ વીતરાગ સુખરસ સ્વભાવ, એવું જે ધ્યાન, એનાથી મુક્ત થયા. આ મહાપુરુષો જે અનંત મુક્ત થયા એ આ રીતે થયા.

મુમુક્ષુ :- વ્યવહાર ક્યાં ગયો?

ઉત્તર :- વ્યવહાર ગયો વ્યવહારમાં-મૂઢમાં. કહો, સમજાણું કાંઈ?

એથી તો કહ્યું, પૂર્ણ જ્ઞાન અખંડ સ્વભાવવાળું તો તત્ત્વ છે. અને પૂર્ણ કળશથી ભરેલો નિરાકાર નિરંતર નિજ સ્વરૂપ પરમાત્મા. એ વ્યાખ્યા પૂર્ણ શુદ્ધ જ્ઞાન અખંડ સ્વભાવ એવું જે દ્રવ્ય, એની આ વ્યાખ્યા કરી કે '**પૂર્ણ કલશકી તરહ ભરે હુએ નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્મા...**' ત્યાં આત્મદ્રવ્ય કીધું હતું. પૂર્ણ શુદ્ધ અખંડ જ્ઞાનસ્વભાવ એવું આત્મદ્રવ્ય. અહીં એમ કહ્યું કે '**પૂર્ણ કલશકી તરહ ભરે હુએ નિરંતર...**' ત્યાં એમ કહ્યું શુદ્ધ જ્ઞાન અખંડ. અહીં '**પૂર્ણ કલશકી તરહ ભરે હુએ નિરંતર નિરાકાર...**' ભગવાનઆત્મા '**નિજસ્વરૂપ પરમાત્માકે ધ્યાનમેં સ્થિર હોકર...**' ઓહોહો..! ત્રણ લીટીમાં તો ગજબ વાત કરી છે! લ્યો, આ ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર.

નિરાકાર, નિજ સ્વરૂપ એવો જે પરમાત્મા, પૂર્ણ જ્ઞાન શુદ્ધ અખંડ સ્વભાવવાળું તત્ત્વ. એટલે આત્મદ્રવ્ય કહો, પરમાત્મા કહો. એવા આત્મામાં ધ્યાન. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ અભેદરત્નત્રય એ ધ્યાન છે. બીજી રીતે વાત કરી. અભેદરત્નત્રય કહી અને ધ્યાન કહ્યું એને. પહેલું પૂર્ણ કળશ શુદ્ધ, પૂર્ણ અખંડ જ્ઞાન સ્વભાવ આત્મદ્રવ્ય કહી, અહીંયાં '**નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્મા....**' કહ્યું. ભાષા ફેરવીને વાત કરી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એના '**ધ્યાનમેં સ્થિર હોકર મુક્ત હોતે હૈં.**' આહાહા..! આ એનો ઉપાય અને આ એનો માર્ગ. સમજાય છે કાંઈ?

બે પ્રકારે આત્માને વર્ણવ્યો અને બે પ્રકારે માર્ગને કહ્યો. શું બે પ્રકાર કહ્યા? કે પૂર્ણ શુદ્ધ અખંડ જ્ઞાનસ્વભાવ તે આત્મા, એમ કહ્યું. એક. બીજું, નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્મા કહ્યું. એટલે આત્માનું બે પ્રકારે વર્ણન કર્યું. હવે એના માર્ગના બે પ્રકાર. માર્ગ તો એનો એ છે. સમજાણું કાંઈ? એના બે પ્રકાર. કેમ 'તારાચંદજી' દૂર કેમ બેઠા? પાછળથી આવ્યા હશે. સમજાણું કાંઈ? આહાહા..! આ બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર જે આત્મા અને એનો માર્ગ બેની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? એટલે આત્માને બે રીતે વર્ણવ્યો.

ભગવાનઆત્મા એ પૂર્ણ શુદ્ધ જ્ઞાન અખંડ સ્વભાવવાળું તત્ત્વ અને નિરંતર નિરાકાર નિજ સ્વરૂપ પરમાત્મા. એ તો એ આત્માની વ્યાખ્યા કરી એ જ પરમાત્મા (કહ્યો). બે પ્રકારે કહ્યું પણ પ્રકાર એકનો વર્ણવ્યો. હવે એના માર્ગના બે પ્રકાર એ એક જ પ્રકાર. આહાહા..! કથન બે પ્રકારે કર્યું. ભગવાન પૂર્ણ શુદ્ધ દેખનારને જો. જાણનારને જો. એનાથી ઉત્પન્ન થતું પરમવીતરાગ સુખ અને પૂર્ણ શુદ્ધ અખંડ નિજ સ્વરૂપ વીતરાગ નિરાકાર, એના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ અભેદરત્નત્રય એ ધ્યાન. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ગજબ કામ કર્યું છે!

ત્રણ લીટીમાં વસ્તુ અને વસ્તુનો માર્ગ, મોક્ષનો ઉપાય. '**નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્માકે ધ્યાનમેં સ્થિર હોકર...**' અથવા '**અભેદરત્નત્રયમય સમાધિકર ઉત્પન્ન...**' પરમાનંદ સુખરસ. એના અનુભવથી. આહાહા..! સમજાણું કાંઈ? મુક્ત પામ્યા. અનંત તીર્થંકરો, વાસુદેવ, બળદેવ, પ્રતિવાસુદેવ, શંકર એ મહાપુરુષો. આવો જે ભગવાનઆત્મા એનું અભેદરત્નત્રય એટલે નિશ્ચયરત્નત્રય કહ્યું, એને અહીંયાં ધ્યાન કહ્યું. આહાહા..!

સમજાણું કાંઈ? આહાહા..! એમાં ધ્યાન થઈને '**મુક્ત હોતે હૈં.**' આહાહા..!

હવે '**કૈસા વહ ધ્યાન હૈ,...**' હવે ધ્યાનની વ્યાખ્યા પાછી. પહેલી તો કહી હતી. અભેદરત્નત્રય એવું જે ધ્યાન. વસ્તુ જે ભગવાનઆત્મા એની સમ્યક્શ્રદ્ધા સન્મુખની, એનું જ્ઞાન અને એની રમણતા, એ રૂપ ધ્યાન. હવે એ ધ્યાન કેવું, એની વિશેષ વ્યાખ્યા કરે છે. આહાહા..! આ સંસારના ભણતરથી બીજી જાતનું ભણતર છે. એય..! 'ઝવેરી'! આ તમારા પાપનું ભણતર છે ને બધું ઈ? નિશાળનું. આ જુદી જાતનું ભણતર છે. આહાહા..! પરમાનંદ દશા એવો જે અનુભવ, એનાથી પરમાનંદ દશા પૂર્ણ પ્રગટ થાય. એમ કહ્યું ને?

'**સહજાનંદ અતીન્દ્રિયસુખરસ...**' કહ્યું છે ને? '**ઉસકે અનુભવસે...**' આહાહા..! વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ અનુભવ. એનાથી અતીન્દ્રિય, પૂર્ણ અતીન્દ્રિય સુખરૂપી મોક્ષ પ્રાપ્ત થાય. આહાહા..! '**કૈસા વહ ધ્યાન હૈ, કિ ખ્યાતિ (પ્રસિદ્ધિ)...**' પોતાની પ્રસિદ્ધિથી રહિત છે ઈ. બહારમાં પ્રસિદ્ધિ કરવી, હું કાંઈક છું. એવો તો વિકલ્પ છે એ તો દોષ છે. આહાહા..! પોતાની પ્રસિદ્ધિ કરવી છે અંદરમાં, એને બહારની પ્રસિદ્ધિથી રહિત હોવું જોઈએ. એમ કહે છે. સમજાય છે કાંઈ? પોતાની પ્રસિદ્ધિ. દુનિયા ઓળખે કે આ ધર્મી છે, ધર્મ કરે છે. એવી જે પ્રસિદ્ધિ છે એ તો વિકાર છે. આહાહા..! '**પૂજા (અપની મહિમા)...**' પોતાની મહિમા. હું આવો છું, હું આવો છું. એવી બહારમાં મહિમા થવી. આહાહા..! એ પાપ છે. '**ઔર ધનાદિકકા લાભ...**' ધન, શિષ્ય માનનારાઓ એનો લાભ. આહાહા..!

મુમુક્ષુ :- ધનથી લાભ થાય એમ તો આમાં આવ્યું.

ઉત્તર :- લાભ એટલે? એ મને હો તો ઠીક, એમ ભાવ (થાય) એ પાપ છે. ધનાદિ કહ્યું ને? ધન, આબરૂ, શિષ્યો, માનનારાઓ, એને ઓળખનારાઓનો લાભ એ પાપ છે. આહાહા..! 'ફૂલચંદજી'! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- ઝાઝા ઓળખે એમાં એનો શું વાંક? એમાં પાપ ક્યાં આવ્યું?

ઉત્તર :- એ જ કહે છે ને. પ્રસિદ્ધિનો ભાવ છે એ જ પાપ છે. એને છોડીને અંતર ધ્યાન થાય છે. અને ત્યાં અટક્યો એ તો પરનું ધ્યાન થયું, એમ કહે છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! દુનિયાથી બીજી વાત છે, બાપુ! આહાહા..! આ તો વીતરાગ માર્ગ છે. વીતરાગ માર્ગમાં તો અકષાયભાવ (હોય). એમાં આમ બહારમાં પડું, બહારમાં ઓળખે, પ્રસિદ્ધિ થાય મારી. આબરૂનો, શિષ્યોનો, માનનારાનો, રાજા, મહારાજ, શેઠિયા અમને માને. એ બધો પાપભાવ છે. આહાહા..! ધનાદિ શબ્દમાં એ બધું આવ્યું, હોં! એ શિષ્યો, માનનારાઓ વધારે મને પ્રસિદ્ધ થાય બહાર માનનારા. ઓહો..! આવા શેઠિયાઓ માનનારા છે મને. રાજા, મહારાજાઓ અમને માને છે. એવો જે એનો લાભ. '**ઈત્યાદિ સમસ્ત વિકલ્પ-જાલોં....**' છે બધી. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'. આમાં 'સમયસાર'ની છાપ છે ઘણી, હોં! 'સમયસાર'.

મુમુક્ષુ :- 'પરમાત્મપ્રકાશ' કહો કે 'સમયસાર' કહો શું ફેર પડે? નામ ફેર છે.

ઉત્તર :- બધું એક જ છે. આના અર્થમાં-પ્રસ્તાવનામાં આવે છે કે આ બધા ગ્રંથોમાં 'કુંદકુંદાચાર્ય'નું 'સમયસાર' એની બધામાં છાપ છે.

'સમયસાર' એટલે.. આહાહા..! દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત એવો જે ભગવાનઆત્મા, જેને અહીં પૂર્ણ જ્ઞાનસ્વરૂપ અખંડ કીધો, જેને અહીં નિરાકાર નિરંતર નિજ સ્વરૂપ કહ્યું, એને 'સમયસાર' કહે છે. એને અહીં પરમાત્મા કહ્યો. સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! બહારમાં પડવાનો ઉત્સાહ એ બધી વિકલ્પજાળ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બેયની ઈચ્છા ખોટી છે. પ્રતિકૂળતા હોય એ પણ નહિ અને અનુકૂળતા હોય એ પણ નહિ.

આમ તો એક ઠેકાણે 'તુલસીદાસ' કહે છે . 'સુખને માથે શિલા પડો, હરિ હૃદયસે જાય, બલિહારી એ દુઃખ કી જહાં પલ પલ પ્રભુ સમરાય.' પણ અહીં તો પ્રતિકૂળતાઓ એ પણ ઈચ્છા ખોટી છે. એમ કે પ્રતિકૂળતા હોય તો આપણને અંદર નિવૃત્તિ મળે. એ ખોટી વાત છે. 'અમરેલી'માં એક બાવો-સાધુ હતો. છે ત્યાં એની સમાધિનું સ્થાન. પછી એક બાઈ હશે એને ગર્ભ રહ્યો હશે. અને એને બહુ દુઃખ થયું બહાર પડતા. મરવા જાતી હતી. કૂવામાં પડવા. એમાં એ બાવો કહે, બહેન! એ મારાથી ગર્ભ રહ્યો એમ કહે તું દુનિયાને, જા. આ દુનિયા મને માનનારા છે ભલે માન ઘટી જાય. 'અમરેલી'માં થયું છે. એ બાવાનું સમાધિસ્થાન છે. એ પણ ખોટી વાત છે. એમ કે તારું જીવન રહે અને મારું નામ તું તારે લેજે જા. એ તો દીકરી તરીકે હતી એને તો. પણ એમ કે આ બહુ મારી પ્રસિદ્ધિ છે અને આ રીતે પણ પ્રસિદ્ધિ ઘટી જાય અને ભલે હું એકલો રહું. 'ફૂલચંદભાઈ'! આ તો બધું સાંભળેલું ઘણું હોય ને. એ બાવાનું સ્થાન છે ત્યાં. સમાધિનું. પોતે જીવતો પછી સમાધિ લીધી છે. જીવતો. .. એને પછી. એને કારણ નહિ. એ બાયને કારણે પછી પોતાને મરણનો ભાવ થયો એટલે મોટો ખાડો ખોદાવીને અંદર .. બહાર થોડા ઊભા રહી અને ભાષણ કર્યું થોડું. પછી અંદર સમાય જાય છે. અજ્ઞાન તો એવું છે બધે. ત્યાં એને માટે એમ કે મારી પ્રસિદ્ધિ આ રીતે ભલે અટકે. તો મને નિવૃત્તિ મળશે. બધા માનનારા જ્યાં ત્યાં આવે છે. વખત મળતો નથી. એ પણ ઈચ્છા ખોટી છે. આ તો વીતરાગભાવ છે. આહાહા..! ઓહો..! ગજબ કામ કર્યું છે ને!

'**ધનાદિકકા લાભ ઈત્યાદિ સમસ્ત વિકલ્પ-જાલોંસે...**' એ તો વિકલ્પની જાળું છે. આહાહા..! એ બધી દુઃખરૂપ દશા છે. આહા..! એનાથી રહિત. ધ્યાનની વ્યાખ્યા કરવી છે ને? અભેદરત્નત્રય દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા કરવી છે. કે ધ્યાનની કહો. આહાહા..! અહીં તો પ્રભુ વીતરાગતાની વાત છે. કયાંય આમ રાગ થઈને બહારમાં લલચાય જાય, એ તો વિઘ્ન કરનાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આવા વિકલ્પજાળથી રહિત. ગજબ ગાથા છે, હોં! આહાહા..! આઠમી ગાથા, બીજા અધિકારની.

'**યહાં કેવલ આત્મ-ધ્યાન...**' જુઓ! '**યહાં કેવલ આત્મ-ધ્યાન હી કો મોક્ષ-માર્ગ**

**બતલાયા હૈ,...**' છે ને? 'નિયમસાર'માં આવે છે ને? ભાઈ! ધ્યાન. બધું વ્રત ને તપ ને એ બધું અંદર ધ્યાન (છે). ધ્યાન એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! બધા નામ આપો એ બધા ધ્યાન (છે). આહાહા..! દિગંબર સંતોએ તો વીતરાગતાને ખોલી નાખી છે. વીતરાગતાનું ઘુંટણ. આહાહા..! જેને પૂર્ણ અતીન્દ્રિય આનંદ. આ વ્યાખ્યા મોક્ષની ચાલે છે હોં! હજી. મોક્ષનું ફળ પછી કહેશે અને મોક્ષનો માર્ગ પછી કહેશે. પણ મોક્ષના અધિકારમાં જ એનું કારણ આપી દીધું છે. સમજાણું? મોક્ષનું ફળ છે ને પછી આવશે.

મુમુક્ષુ :- ૧૧મી ગાથા.

ઉત્તર :- ૧૧મી ગાથા. ૧૧મી ગાથા. હા, બસ ઈ. '**મોક્ષકા ફલ અનંતચતુષ્ટય...**' ૧૧મીમાં છે. અને બારમી ગાથામાં પછી મોક્ષનો માર્ગ આવશે. પણ અહીં આ મોક્ષનો અધિકાર ચાલે છે. પણ મોક્ષ કેમ મળે એ પણ સાથે વાત લઈ લીધી છે. ભલે થોડો કાળ પણ જે વાત છે એ અમૃત છે આ. ભલે ધીમેથી સમજાય, થોડી સમજાય પણ આ તો અંતરે અમૃતસાગરને ઉછાળ્યો છે.

ભગવાન અમૃતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે ને. કીધું ને? '**વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ ઉસકે અનુભવસે...**' એ '**નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્મા...**' આહાહા..! '**યહાં કેવલ આત્મધ્યાન...**' આ તો એકાંત કરી દીધું. વ્યવહાર ભેગો હોય, એને નિમિત્ત હોય એમ તો કહ્યું નહિ. એકાંત આ જ મોક્ષનો માર્ગ છે. વ્યવહાર પણ છે તો અનેકાંત થાય છે, અત્યારે ઘણા એમ કહે છે. આ તો એક જ માર્ગ છે, સમ્યક્ એકાંત. આહાહા..! એમાં વળી ઈ કહે છે, અત્યારે 'સોનગઢ' એકલો નિશ્ચયથી જ મોક્ષમાર્ગ કહે છે. 'સોનગઢ' કહે છે કે આ ભગવાન કહે છે?

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ પોતે વ્યવહાર છે.

ઉત્તર :- એ વ્યવહાર ભલે હોય. એ નહિ. ઓલો વ્યવહાર કષાયની મંદતાની ક્રિયા એ પણ છે તો અનેકાંત થાય, નહિતર એકાંત થાય છે. એય..! 'તારાચંદજી'! આ તો એક સમજવા માટે. એ બિચારા એને જે બેઠું હોય એ. આ તો એક સ્પષ્ટીકરણ સમજવા માટે. વ્યક્તિની જવાબદારી વ્યક્તિ ઉપર છે, બાપા! કોઈ વ્યક્તિનું અહીં કામ નથી. આહાહા..!

અહીં તો ત્રિલોકના નાથ સર્વજ્ઞદેવની કહેલી કેડાયત આ સંતો, દિગંબર સંતો કેડાયત છે. એને કેડે કેડે ચાલનારા. કેડા કહે છે? પગદંડી. આહાહા..! એવો જે વીતરાગ ધ્યાનસ્વભાવ... આહાહા..! દુનિયા માને, ન માને, પ્રસિદ્ધિ હોય, ન હોય, માનનારની સંખ્યા ઝાઝી હોય કે થોડી હોય કે ન હોય, એની સાથે વસ્તુને કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કે અમને આવા મોટા મોટા કરોડોપતિઓ, અબજોપતિઓ શેઠિયા માને છે. મોટા રાજા-મહારાજા માને છે. એથી શું? આહાહા..! અભિનંદન આપે. મોટા મોટા રાજાઓ, રાણીઓ, શેઠિયાઓ. એની સાથે શું સંબંધ છે?

'**યહાં કેવલ આત્મ-ધ્યાન...**' છે ને? આઠમી ગાથા. '**વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ ઉસકે અનુભવસે પૂર્ણ કલશકી તરહ...**' '**भरितावस्थे निरञ्जनशब्दा-**

**भिधेयपरमात्मध्यान**' હવે જરી વ્યવહારની વાત કરે છે. '**કેવલ આત્મ-ધ્યાન હી કો મોક્ષ-માર્ગ બતલાયા હૈ,...**' આહાહા..! એમ કહ્યું ને? જુઓને! '**भरितावस्थे निरञ्जनशब्दा-भिधेयपरमात्मध्याने स्थित्वा मोक्षमेव ध्यायन्ति**' '**मोक्षमेव**' છે ને? આહાહા..! એક રાજા હતો અને પછી રાણી હતી અને પછી આમ થયું. એવી વાતું હોય તો લોકોને એવો રસ પડે, રસ. રાગની વાતુંનો રસ-વિકથા. આ તો વીતરાગી માર્ગ છે, ભાઈ!

'**ઔર અપના સ્વરૂપ હી ધ્યાવને યોગ્ય હૈ.**' છે? વસ્તુ તો આ છે. '**કેવલ આત્મ-ધ્યાન હી કો મોક્ષ-માર્ગ બતલાયા હૈ,...**' અભેદ રત્નત્રયને જ મોક્ષમાર્ગ કહ્યો છે. પોતાના ધ્યાનને જ મોક્ષમાર્ગ કહ્યો છે. આહાહા..! અને શ્રદ્ધા-જ્ઞાનના ... વિચારવાળા જ બધા થાય એમ બની શકે છે? એથી .. બધા વિચારમાં પોતાના વિચાર છે, અભિપ્રાય છે એ પ્રમાણે બધા અભિપ્રાયવાળા થાય એમ કેમ બને? સંસાર અનાદિ ઊભો છે. આસ્રવ બંધતત્ત્વના આદરનારા અનાદિ રહેનારા છે. ત્યારે નવ તત્ત્વ રહે ને. આહાહા..! એથી આત્માને શું? ભલે ન માને.

અહીંયાં કહે છે કે એક આત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે. છે ને? '**અપના સ્વરૂપ...**' એમ પાછું. વીતરાગ કેવળી તીર્થંકર નહિ. '**અપના સ્વરૂપ હી...**' એ તો એકાંત થઈ ગયું. જ થઈ ગયું. જ. ઓલા કહે, જિનમાર્ગમાં જ એકાંત ન હોય. આવે છે ને? 'શ્રીમદ્'માં આવે છે. એ તો બે પ્રકાર.. એ તો દ્રવ્યે નિત્ય છે અને પર્યાયે અનિત્ય છે. એમ. એકાંત નિત્ય જ છે અને અનિત્ય નથી, એમ નહિ. આહાહા..! શુદ્ધ છે અને અશુદ્ધતા નથી એમ નહિ. પર્યાયમાં અશુદ્ધતા છે, વસ્તુ શુદ્ધ છે. શુદ્ધ જ છે દ્રવ્ય અને પર્યાય અનાદિથી, એમ નહિ. એ અપેક્ષાએ ત્યાં કહ્યું છે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં આવે છે એક કાગળ-પત્ર આવે છે. ચાર-પાંચ લીટીનો છે.

મુમુક્ષુ :- મારો ભગવાન જ કહે નહિ.

ઉત્તર :- મારો મહાવીર જ ન કહે. કઈ અપેક્ષા છે?

મુમુક્ષુ :- હિન્દીમાં...

ઉત્તર :- એ તો ચાલે છે. ગુજરાતીમાં ચાલે એવું હિન્દીમાં નથી ચાલતું. આહાહા..! આ તો આવે છે ને. હિન્દી બોલાય છે ને? બોલાય છે હિન્દી અંદર.

'**કેવલ આત્મ-ધ્યાન હી કો મોક્ષ-માર્ગ બતલાયા હૈ,...**' એ હિન્દી નથી? એ તો પછી એનો અર્થ ગુજરાતી થાય છે. '**કેવલ આત્મ-ધ્યાન હી કો મોક્ષ-માર્ગ બતલાયા હૈ,...**' પોતાનું નિજ સ્વરૂપ. એ પાછું કહ્યું. '**અપના સ્વરૂપ હી...**' એમાં નિશ્ચય કહ્યો. વ્યવહાર તો લીધો નથી. એકાંત નિશ્ચય જ. પછી કહેશે વાત કે વ્યવહાર આવે. આહાહા..! '**અપના સ્વરૂપ હી...**' ભગવાન પોતાનું સ્વરૂપ શુદ્ધ અખંડ જ્ઞાન અને વીતરાગ નિરાકાર મૂર્તિ પ્રભુ, એનું ધ્યાન જ, એનું ધ્યાન જ '**ધ્યાવને યોગ્ય હૈ.**' આહાહા..! એવો આત્મા જ ધ્યાવવા યોગ્ય છે, એમ કહે છે.

પંચમકાળ છે માટે કાંઈ માર્ગ બીજો થઈ જાય? માર્ગ બીજો થાય? માર્ગ તો જે છે એ છે. આહાહા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એ પરમાર્થનો પંથ એક જ છે. પંચમઆરો હોય. અરે..! પંચમઆરાનો છેલ્લો (ભાગ) હોય. મુનિ થશે છેલ્લે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના આરાધક થશે. પંચમઆરાના છેડે આખરમાં. આહાહા..!

'**તાત્પર્ય યહ હૈ કિ યદ્યપિ વ્યવહારનયકર પ્રથમ અવસ્થામેં વીતરાગસર્વજ્ઞકા સ્વરૂપ...**' પરદ્રવ્ય. એના સ્વરૂપનો વિચાર હોય છે. '**અથવા વીતરાગકે નામમંત્રકે અક્ષર...**' ॐ આદિ. '**અથવા વીતરાગકે સેવક...**' વીતરાગના સેવક મહામુનિ. આહાહા..! એ '**ધ્યાવને યોગ્ય હૈં,...**' એ વિકલ્પ વ્યવહારના કાળમાં એનો વિચાર હોય છે, એમ કહે છે. શુભભાવના કાળમાં. સમજાણું કાંઈ? શુભભાવ હોય છે ત્યારે '**વીતરાગસર્વજ્ઞકા સ્વરૂપ...**' વીતરાગ નામ મંત્રના અક્ષર અને વીતરાગ કહે પણ વીતરાગ-વીતરાગ ત્રણમાં એ લીધું છે. આહાહા..! '**વીતરાગસર્વજ્ઞકા સ્વરૂપ...**' આહાહા..! '**વીતરાગકે નામમંત્રકે અક્ષર અથવા વીતરાગકે સેવક મહામુનિ...**' આહાહા..! અંતર ભગવાનઆત્માનું ધ્યાન કરવું એ વીતરાગભાવ છે. પણ એ એમાં રહી શકે નહિ ત્યારે વ્યવહાર પણ વચ્ચે આવે છે. કહ્યું ને? '**પ્રથમ અવસ્થામેં...**' પણ એ પ્રથમ અવસ્થામાં પણ એ '**વીતરાગસર્વજ્ઞકા સ્વરૂપ...**' એમ. અને '**વીતરાગકે નામમંત્રકે અક્ષર અથવા વીતરાગકે સેવક મહામુનિ ધ્યાવને યોગ્ય હૈં,...**' આહાહા..! એવા વિકલ્પ હોય છે વ્યવહારે. અંદરમાં, ધ્યાનમાં સ્થિર ન હોઈ શકે ત્યારે આવો ભાવ હોય છે. છે તો એ બંધનું કારણ.

મુમુક્ષુ :- આ વીતરાગ પહેલી અવસ્થામાં ધ્યાવવા યોગ્ય છે?

ઉત્તર :- ધ્યાવવા યોગ્ય એટલે પહેલા હોય છે. અંદર વીતરાગતા થયા પહેલા એ હોય છે એટલું.

મુમુક્ષુ :- વ્યવહારથી નિશ્ચય થાય છે?

ઉત્તર :- વ્યવહારથી નિશ્ચય થાય એમ પ્રશ્ન નથી. વીતરાગ દૃષ્ટિ તો થઈ છે પણ અંદર સ્થિરતા નથી ત્યારે આ અવસ્થા હોય છે. એમ કહે છે. અંતરમાં ધ્યાનમાં સ્થિર ન રહી શકે ત્યારે આ અવસ્થા હોય છે.

'**તો ભી વીતરાગ નિર્વિકલ્પ તીન ગુપ્તિરૂપ પરમસમાધિકે સમય અપના શુદ્ધ આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' લ્યો! પંચમહાવ્રતનો વિકલ્પ આવે ખરો. પંચ મહામુનિનો, વીતરાગનો. વીતરાગના મંત્રો ॐ શાંતિ... ॐ શાંતિ... ॐ શાંતિ... એ બધો વિકલ્પ હોય છે. અંતર ગયા પહેલા. દૃષ્ટિ તો થઈ છે પણ અંદરમાં ધ્યાનમાં ગયા પહેલા કોઈ આવું પણ હોય છે. એટલી વાત. છે બંધનું કારણ.

મુમુક્ષુ :- અપૂર્ણ અવસ્થામાં?

ઉત્તર :- અપૂર્ણ અવસ્થામાં હોય છે ને. પૂર્ણમાં ક્યાં છે?

'**તો ભી...**' એમ હોવા છતાં '**વીતરાગ નિર્વિકલ્પ તીન ગુપ્તિરૂપ પરમસમાધિકે**

**(અંદર ઠરતા) સમય અપના શુદ્ધ આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' બસ. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ અભેદ. ત્રણ ગુપ્તિ-મન, વચન અને કાયાથી હટીને, પરમસમાધિ, પરમશાંતિ. કારણ કે ઓલો વિકલ્પ છે એમાં તો રાગ છે, અશાંતિ છે. આહાહા..! પણ અંદર ધ્યાનમાં વીતરાગપણે સ્થિર ન હોય ત્યાં આ ભાવ આવે છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આ ભાવ આવે છે. આહાહા..!

'**પરમસમાધિકે સમય...**' અંતરમાં ધ્યાનને કાળે '**અપના શુદ્ધ આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' આહાહા..! આવો માર્ગ છે. પ્રથમ અવસ્થામાં એ કહ્યું એથી એનાથી નિર્વિકલ્પ થઈ શકે એમ નહિ. પણ નિર્વિકલ્પ દૃષ્ટિ અને સમ્યક્ થયું છે, છતાં એ ધ્યાનમાં સ્થિર ન રહી શકે ત્યારે આવો વ્યવહાર આવે છે. પણ ખરેખર તો એને છોડીને અંતરમાં ઠરવું એ ધ્યાન કરવા લાયક છે.

મુમુક્ષુ :- .. આવે છે.

ઉત્તર :- એ આવે છે. એ તો વચમાં આવે છે. આહાહા..!

સવિકલ્પ અવસ્થા એમ છે ને? '**वीतरागसर्वज्ञस्वरूपं तत्प्रतिबिम्बानि तन्मन्त्राक्षराणि तदाराधकपुरुषाश्च ध्येया भवन्ति**' હોય છે. વ્યવહારનું ધ્યેય હોય છે. પણ એ વસ્તુનું મૂળ સ્વરૂપ નથી. આહાહા..! આકરું લાગે છે લોકોને. 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું, '**परदव्वादो दुग्गइ**' એમ ભગવાન 'કુંદકુંદાચાર્ય' (કહે છે). તારા દ્રવ્ય સિવાય પરદ્રવ્ય પંચપરમેષ્ઠીનું પણ લક્ષ કરતા તને રાગ થશે, દુર્ગતિ થશે. દુર્ગતિ એટલે ચૈતન્યની ગતિ નહિ થાય. આહાહા..! આવે ખરો. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં એવો વ્યવહાર હોય. પણ એનાથી નિશ્ચય પમાય અને વ્યવહાર એ સુખરૂપ શાંતિ છે, એમ નથી. આહાહા..! આવી વાતને સાંભળનારા પણ થોડા હોય. હો-હા.. હો-હા... થાતું હોય ત્યાં આમ કરો.. આમ કરો.. '**અન્ય કોઈ ભી દૂસરા પદાર્થ પૂર્ણ અવસ્થામેં ધ્યાવને યોગ્ય નહીં હૈ.**' અંતરમાં ધ્યાનકાળમાં કોઈ બીજી ચીજ ધ્યાન કરવા લાયક છે નહિ. ઓહોહો..!

મુમુક્ષુ :- પૂર્ણ અવસ્થા કેવળજ્ઞાન થશે ત્યારે થશે.

ઉત્તર :- ના ના. અંતરમાં ધ્યાનકાળમાં. પૂર્ણમાં સ્થિરતાકાળમાં એ ધ્યાન પૂર્ણ થઈ ગયું છે ત્યાં અંદર. એમાં કોઈ બીજી ચીજ આરાધવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ અવસ્થા..?

ઉત્તર :- નિર્વિકલ્પ અવસ્થા છે.

એ આવે છે ને 'સમયસાર'ની ૧૨મી ગાથામાં? '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभाव दरिसीहिं।**' '**परमभाव दरिसीहिं**' નો અર્થ 'જયસેનાચાર્ય' નિર્વિકલ્પમાં ઠર્યો એમ કહ્યું છે. કેવળ ઠર્યો એમ નથી ત્યાં. 'અમૃતચંદ્રાચાર્યે' .. છે, ખબર છે. આહાહા..! ત્યાં એમ લીધું છે કે અંતરમાં નિર્વિકલ્પમાં '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभाव दरिसीहिं।**' ત્યાં વ્યવહાર હોતો નથી. ત્યાં વિકલ્પ હોતો નથી. ત્યાં '**परमभाव**'નો અર્થ નિર્વિકલ્પતા કર્યો છે. કેવળજ્ઞાન નથી.

'જયસેનાચાર્ય'ની ટીકામાં. આહાહા..!

મૂળ તો વસ્તુ સ્વરૂપ જે છે પૂર્ણ શાંત અખંડ જ્ઞાન, વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્મા, તેનું જ ધ્યાન કરવા લાયક, તે તરફ ઝુકવા લાયક છે એમ કહે છે. બસ. સમજાય છે કાંઈ? એ વસ્તુ છે પરમાત્મસ્વરૂપ. 'પરમાત્મપ્રકાશ' છે ને! પરમાત્મા એ આવ્યું હતું ને? નિરાકાર નિજ સ્વરૂપ પરમાત્મા આવ્યું હતું. એ પરમાત્મા જ પોતે નિજ સ્વરૂપ છે. આહાહા..! પરમાત્મા એટલે પરમસ્વરૂપ. પૂર્ણ પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા, એનું જ ધ્યાન કરવા લાયક છે, બસ. આહાહા..! બહુ સરસ. કાલે સિદ્ધની ગાથા આવી હતી કે સિદ્ધનું સુખ કેવું. ઉપાદાનથી ઊપજેલું. કેટલા વિશેષણો...! ઓહોહો..! દિગંબર આચાર્યો ભિન્ન ભિન્નપણે વાત કરે પણ મૂળ વાતને જુદી જુદી રીતે વિસ્તાર પમાડે. હેતુ તો એકનો એક હોય પણ એના વિસ્તારની પદ્ધતિ ભિન્ન ભિન્ન હોય છે. આહાહા..!

**'અન્ય કોઈ ભી દૂસરા પદાર્થ...'** નિર્વિકલ્પ ધ્યાનના કાળે **'ધ્યાવને યોગ્ય નહીં હૈ.'** આહા..! 'જ્ઞાનાર્ણવ'માં એમ લીધું. છે ને? 'જ્ઞાનાર્ણવ' શાસ્ત્ર છે ને? એમાં ઘણી ધ્યાનની વાત લીધી છે. ભગવાનનું આમ ધ્યાન કરવું. કમળમાં ભગવાન બિરાજે છે. ૐ ધ્વનિ કરે છે. એ અશુભ વિકલ્પ ટાળવા માટે શુભ વિકલ્પની સ્થિતિમાં એ હોય છે. પણ એ અંતરમાં જાય ત્યારે એને એની જરૂર નથી. એને લઈને અંતરમાં જઈ શકે છે એમ પણ નથી. આવે છે ખરો. વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ? જેમ નિમિત્ત હોય છે ખરું, દરેક ચીજની પર્યાયકાળે, પણ નિમિત્ત એને કરતું નથી. કરતું નથી અને નિમિત્ત કહેવું.

કટોરીમાં ઘી છે તો ઘીમાં ઓલી કટોરી નિમિત્ત છે. પણ એના આધાર માટે નિમિત્ત છે નહિ. વાટકો હોય એને શું કહેવાય? વાટકામાં. ઘી વાટકાને આધારે છે. એમ ઘીમાં વાટકો, વાસણ નિમિત્ત છે. પણ નિમિત્ત કર્તા નથી. એટલે કે એને આધારે ઘી રહ્યું છે એમ નથી. આહાહા..! આ તે વાતું! કેમકે ઘીના રજકણમાં પણ આધાર નામની શક્તિ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન (અપાદાન, અધિકરણ) છ કારક શક્તિ છે. એ પોતાને આધારે રહ્યું છે ત્યાં. વાસણને આધારે નહિ. આ ગજબ વાતું, બાપુ આવું છે.

મુમુક્ષુ :- .. આધારે વાસણ છે કે વાસણને આધારે...

ઉત્તર :- અહીં કોઈને આધારે કોઈ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આવે છે.

દરેક રજકણ અને દરેક આત્મામાં ષટ્કારકની શક્તિ અનાદિ પડી છે. કર્તા એ શક્તિ-ગુણ છે. કર્મ-કાર્ય થાય, કરણ-સાધન થાય, સંપ્રદાન-રાખે, અપાદાન-એનાથી થાય, આધાર એનાથી થાય. આહાહા..! સમજાણું કાંઈ? આ થાંભલાને આધારે ઉપરના પથરા રહ્યા નથી. થાંભલો ભલે નિમિત્ત કહેવાય ઉપરને. પણ નિમિત્ત કર્તા નથી એટલે કે એને આધારે એ નથી. આહાહા..! વસ્તુ સ્વતંત્ર છે ને. આ લોકોને ભારે કઠણ પડે છે. એક ફેરી કહ્યું હતું. ત્યાં કેંચી છે ને સ્વાધ્યાયમંદિરમાં? કેંચી-કેંચી. કીધું, આ કેંચી થાંભલાને આધારે નથી અને

કેંચીને આધારે ઉપરની ચીજ નથી. ભીંતને આધારે કેંચી નથી. તે કાળે તે પરમાણુમાં ત્યાં જ આધારે રહેવાની પોતાને કારણે એવી શક્તિ છે. કેંચીને આધારે રહ્યો નથી.

આ બાપુ! વસ્તુનો સ્વભાવ એવો ઝીણો છે એટલે લોકોને સ્પષ્ટીકરણ બહારથી આવ્યું એટલે આકરું પડે. તોપણ ભાઈએ હમણા 'કૈલાશચંદજી'એ લખ્યું છે, 'સોનગઢ'વાળા નિમિત્તનો નિષેધ નથી કરતા પણ નિમિત્તથી કર્તા થાય છે એનો નિષેધ કરે છે. એ વાત એની સાચી. એટલું આપણે સવળું લઈએ. આહાહા..! સમજાણું કાંઈ? એ શબ્દ લખ્યો છે એ બરાબર છે. એમ કે નિમિત્તનો નિષેધ નથી કરતા, નિમિત્ત છે, પણ નિમિત્તથી પરમાં થાય એ નિમિત્ત કર્તા નથી. વાત તો એમ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ ઘોડીને આધારે આ પુસ્તક રહ્યું છે એમ નથી, એમ કહે છે. નિમિત્ત છે. પણ નિમિત્તને આધારે રહ્યું છે એમ કર્તા નિમિત્ત આનો આધાર નથી. આહાહા..! વીતરાગનું તત્ત્વજ્ઞાન ઝીણું બહુ, ભાઈ! વીતરાગી ભાવ ઉત્પન્ન કરે એવી એ વાત છે. આહાહા..! લ્યો, એ આઠ ગાથા થઈ. બીજા અધિકારની.

---

**अथ भुवनत्रयेऽपि मोक्षं मुक्त्वा अन्यत्परमसुखकारणं नास्तीति निश्चिनोति –**

**१३५) तिहुयणि जीवहँ जत्थि णवि सोक्खहँ कारणु कोइ।**
**मुक्खु मुएविणु एक्कु पर तेणवि चिंतहि सोइ।।९।।**

**त्रिभुवने जीवानां अस्ति नैव सुखस्य कारणं किमपि।**
**मोक्षं मुक्त्वा एकं परं तेनैव चिन्तय तमेव।।९।।**

**तिहुयणि इत्यादि। तिहुयणि त्रिभुवने जीवहं जीवानां जत्थि णवि अस्ति नैव। किं नास्ति। सोक्खहं कारणु सुखस्य कारणम्। कोइ किमपि वस्तु। किं कृत्वा। मुक्सु मुएविणु एक्कु मोक्षं मुक्त्वेकं पर नियमेन तेणवि तेनैव कारणेन चिंतहि चिंतय सोइ तमेव मोक्षमिति। तथाहि। त्रिभुवनेऽपि मोक्षं मुक्त्वा निरन्तरातिशयसुखकारणमन्यत्पञ्चेन्द्रियविषयानुभवरूपं किमपि नास्ति तेन कारणेन हे प्रभाकरभट्ट वीतरागनिर्विकल्पपरमसामायिके स्थित्वा निजशुद्धात्मस्वभावं ध्याय त्वमिति। अत्राह प्रभाकभट्टः हे भगवन्नतींन्द्रियमोक्षसुखं निरन्तरं वर्ण्यते भवद्भिस्तच्च न ज्ञायते जनैः। भगवानाह हे प्रभाकरभट्ट कोऽपि पुरुषो निर्व्याकुलचित्तः प्रस्तावे पञ्चेन्द्रियभोगसेवारहितस्तिष्ठति स केनापि देवदत्तेन पृष्टः सुखेन स्थितो भवान्। तेनोक्तं सुखमस्तीति तत्सुखमात्मोत्थम्। कस्मादिति चेत्। तत्काले स्त्रीसेवादिस्पर्शविषयो नास्ति भोजनादिजिह्वेन्द्रियविषयो नास्ति विशिष्टरूपगन्धमाल्यादिघ्राणेन्द्रियविषयो नास्ति दिव्यस्त्रीरूपावलोकनादिलोचनविषयो नास्ति श्रवणरमणीयगीतवाद्यादिशब्दनविषयोऽपि नास्तीति तस्मात् ज्ञायते तत्सुखमात्मोत्थमिति। किं च। एकदेशविषयव्यापाररहितानां तदेकदेशेनात्मोत्थसुखमुपलभ्यते वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानरतानां**

पुनर्निरवशेषपञ्चेन्द्रियविषयमानसविकल्पजालनिरोधे सति विशेषेणोपलभ्यते। इदं तावत् स्वसंवेदनप्रत्यक्षगम्यं सिद्धात्मानां च सुखं पुनरनुमानगम्यम्। तथाहि। मुक्तात्मनां शरीरेन्द्रियविषयव्यापाराभावेऽपि सुखमस्तीति साध्यम्। कस्माद्धेतोः इदानीं पुनर्वीतरागनिर्विकल्पसमाधिस्थानां परमयोगिनां पञ्चेन्द्रियविषयव्यापाराभावेऽपि स्वात्मोत्थवीतरागपरमानन्दसुखोपलब्धिरिति। अत्रेत्थंभूतं सुखमेवोपादेयमिति भावार्थः। तथागमे चोक्तमात्मोत्थमतीन्द्रियसुखम् – 'अइसयमादसमुत्थं विसयातीदं अणोवममणंतं। अव्वुच्छिण्णं। च सुहं सुद्धुवओगप्पसिद्धाणं।।'।।९।।

---

अब तीन लोकमें मोक्षके सिवाय अन्य कोई भी परमसुखका कारण नहीं है, ऐसा निश्चय करते हैं –

**गाथा – ९**

अन्वयार्थ :– [ त्रिभुवने ] तीन लोकमें [ जीवानां ] जीवोंको [ मोक्षं मुक्त्वा ] मोक्षके सिवाय [ किमपि ] कोई भी वस्तु [ सुखस्य कारणं ] सुखका कारण [ नैव ] नहीं [ अस्ति ] है, एक सुखका कारण मोक्ष ही है [ तेन ] इस कारण तू [ परं एकं तम् एव ] नियमसे एक मोक्षका ही [ विचिंतय ] चिंतवन कर जिसे कि महामुनि भी चिंतवन करते हैं।

भावार्थ :– श्रीयोगीन्द्राचार्य प्रभाकरभट्टसे कहते हैं कि वत्स; मोक्षके सिवाय अन्य सुखका कारण नहीं है, और आत्म–ध्यानके सिवाय अन्य मोक्षका कारण नहीं है, इसलिये तू वीतरागनिर्विकल्पसमाधिमें ठहरकर निज शुद्धात्म स्वभावको ही ध्या। यह श्रीगुरुने आज्ञा की। तब प्रभाकरभट्टने बिनती की, हे भगवन्; तुमने निरंतर अतीन्द्रिय मोक्ष–सुखका वर्णन किया है, सो ये जगतके प्राणी अतीन्द्रिय सुखको जानते ही नहीं हैं, इन्द्रिय सुखको ही सुख मानते हैं। तब गुरुने कहा कि हे प्रभाकरभट्ट; कोई एक पुरुष जिसका चित्त व्याकुलता रहित है, पंचेन्द्रियके भोगोंसे रहित अकेला स्थित है, उस समय किसी पुरुषने पूछा कि तुम सुखी हो। तब उसने कहा कि सुखसे तिष्ट रहे हैं, उस समय पर विषय–सेवनादि सुख तो है ही नहीं, उसने यह क्यों कहा कि हम सुखी हैं। इसलिए यह मालूम होता है, सुख नाम व्याकुलता रहितका है, सुखका मूल निर्व्याकुलपना है, वह निर्व्याकुल अवस्था आत्मामें ही है, विषय–सेवनमें नहीं। भोजनादि जिह्वा इन्द्रियका विषय भी उस समय नहीं है, स्त्रीसेवनादि स्पर्शका विषय नहीं है, और गंधमाल्यादिक नाकका विषय भी नहीं है, दिव्य स्त्रियोंका रूप अवलोकनादि नेत्रका विषय भी नहीं, और कानोंका मनोज्ञ गीत वादित्रादि शब्द विषय भी नहीं हैं, इसलिये जानते हैं कि सुख आत्मामें ही है। ऐसा तू निश्चय कर, जो एकादेश विषय–व्यापारसे रहित हैं, उनके एकोदेश थिरताका सुख है, तो वीतराग निर्विकल्पस्वसंवेदन ज्ञानियोंके समस्त पंच इन्द्रियोंके

विषय और मनके विकल्प–जालोंकी रुकावट होने पर विशेषतासे निर्व्याकुल सुख उपजता है। इसलिये ये दो बातें प्रत्यक्ष ही दृष्टि पड़ती हैं। जो पुरुष निरोग और चिंता रहित हैं, उनके विषय–सामग्रीके बिना ही सुख भासता है, और जो महामुनि शुद्धोपयोग अवस्थामें ध्यानारूढ़ हैं, उनके निर्व्याकुलता प्रगट ही दिख रही है, वे इन्द्रादिक देवोंसे भी अधिक सुखी हैं। इस कारण जब संसार अवस्थामें ही सुखका मूल निर्व्याकुलता दीखती है, तो सिद्धोंके सुखकी बात ही क्या है ? यद्यपि वे सिद्ध दृष्टिगोचर नहीं हैं, तो भी अनुमान कर ऐसा जाना जाता है, कि सिद्धोंके भावकर्म, द्रव्यकर्म, नोकर्म नहीं, तथा विषयोंकी प्रवृत्ति नहीं है, कोई भी विकल्प–जाल नहीं है, केवल अतीन्द्रिय आत्मीक–सुख ही है, वही सुख उपादेय है, अन्य सुख सब दुःस्वरूप ही हैं। जो चारों गतियोंकी पर्यायें हैं, उनमें कदापि सुख नहीं है। सुख तो सिद्धोंके है, या महामुनीश्वरोंके सुखका लेशमात्र देखा जाता है, दूसरेके जगतकी विषय–वासनाओंमें सुख नहीं है ऐसा ही कथन श्रीप्रवचनसारमें किया है। 'अइसय' इत्यादि। सारांश यह है, कि जो शुद्धोपयोगकर प्रसिद्ध ऐसे श्रीसिद्धपरमेष्ठी हैं, उनके अतीन्द्रिय सुख है, वह सर्वोत्कृष्ट है, और आत्मजनित है, तथा विषय–वासनासे रहित है, अनुपम है, जिसके समान सुख तीन लोकमें भी नहीं है, जिसका पार नहीं ऐसा बाधारहित सुख सिद्धोंके है।।९।।

---

હવે, ત્રણ લોકમાં મોક્ષ સિવાય બીજું કોઈ પણ (બીજી કોઈ પણ વસ્તુ) પરમસુખનું કારણ નથી, એમ નક્કી કરે છે :

ભાવાર્થ :- શ્રી યોગીન્દ્રાચાર્ય પ્રભાકર ભટ્ટને કહે છે કે હે શિષ્ય ! ત્રણ લોકમાં પણ મોક્ષ સિવાય પંચેન્દ્રિયના વિષયના અનુભવરૂપ બીજું કોઈ પણ નિરંતર અતિશય સુખનું કારણ નથી, તેથી હે પ્રભાકરભટ્ટ ! તું વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિકમાં સ્થિત થઈને નિજ શુદ્ધાત્મસ્વભાવને ધ્યાવ.

અહીં, પ્રભાકરભટ્ટ પૂછે છે કે હે ભગવાન! આપ અતીન્દ્રિય મોક્ષસુખનું નિરંતર વર્ણન કરો છો, પરંતુ તે સુખને જગતના જીવો જાણતા નથી. (તો તે સુખની અન્ય જીવોને પ્રતીતિ શી રીતે થાય ?)

ત્યારે ભગવાન શ્રીગુરુ કહે છે કે – હે પ્રભાકરભટ્ટ! કોઈ પણ પુરુષ નિર્વ્યાકુળ ચિત્તવાળો થઈને પંચેન્દ્રિય ભોગના સેવનથી રહિત એકલો આરામમાં બેઠો છે, તે વખતે કોઈ દેવદત્ત નામના પુરુષે તેને પૂછ્યું કે 'તમે આનંદમાં છો ને ? ત્યારે તેણે કહ્યું કે 'આનંદ વર્તે છે' તે સુખ આત્માથી ઉત્પન્ન થયું છે. જો તમે કહો કે શા માટે ? તો તેનો ઉત્તર એ છે કે તે સમયે સ્ત્રીસેવનાદિ સ્પર્શનો વિષય નથી, ભોજનાદિ જિહ્વા-ઈન્દ્રિયનો વિષય નથી, વિશિષ્ટરૂપ ગંધમાળાદિ ઘ્રાણેન્દ્રિયનો વિષય નથી,દિવ્ય સ્ત્રી–પુરુષનાં અવલોકનાદિ નેત્રનો વિષય નથી, કર્ણને પ્રિય ગીત વાદ્યાદિ શબ્દનો વિષય નથી, તેથી એમ જણાય છે

**કે તે સુખ આત્માથી ઉત્પન્ન થયું છે.**

**હવે, વિશેષ કહેવામાં આવે છે એકદેશવિષયવ્યાપાર રહિત જીવોને તે એકદેશ આત્માથી ઉત્પન્ન સુખ પ્રાપ્ત થાય છે અને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનમાં રત જીવોને સમસ્ત પંચેન્દ્રિયવિષય અને મનના વિકલ્પજાળનો નિરોધ થતાં, વિશેષપણે આત્માથી ઉત્પન્ન સુખ પ્રાપ્ત થાય છે. આ સુખ તો સ્વસંવેદનપ્રત્યક્ષથી ગમ્ય છે અને સિદ્ધોનું સુખ તો અનુમાનથી પણ જણાય છે. તે આ પ્રમાણે :- મુક્ત આત્માને શરીર અને ઈન્દ્રિયના વિષયના વ્યાપારનો અભાવ હોવા છતાં, સુખ છે એ સાધ્ય છે. તેનો હેતુ એ છે કે અહીં વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્થ પરમયોગીઓને, પંચેન્દ્રિવિષય વ્યાપારનો અભાવ હોવા છતાં પણ, પોતાના આત્માથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ સુખની ઉપલબ્ધિ હોય છે.**

**અહીં, આવું સુખ જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. વળી આગમ (શ્રી પ્રવચનસાર-૧૩)માં આત્માથી ઉત્પન્ન અતીન્દ્રિય સુખનું સ્વરૂપ પણ કહ્યું છે કે :-**

**अइसयमादसमुत्थं विषयातीदं अणोवममणंतं।**
**अव्वुच्छिण्णं च सुहं सुद्धुवओगप्पसिद्धाणं।।**

**(અર્થ : શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળી ભગવંતોનું અને સિદ્ધ ભગવંતોનું) સુખ અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત (અતીન્દ્રિય), અનુપમ (ઉપમા વિનાનું) અનંત અને અવિચ્છિન્ન (અતૂટક છે.) ૯.**

## ગાથા-૯ ઉપર પ્રવચન

**'અબ તીન લોકમેં મોક્ષકે સિવાય અન્ય કોઈ ભી પરમસુખકા કારણ નહીં હૈ,...'** આહાહા..! અહીં પૈસા, સ્ત્રી, આબરૂ, કીર્તિ, જસ એ કોઈ સુખનું કારણ નથી.

મુમુક્ષુ :- .. પરમસુખનું કારણ, થોડા સુખનું કારણ છે.

ઉત્તર :- એ ધૂળેય નથી. એ પરમસુખ એ બધાને પરમ શબ્દ જ વપરાય છે. પરમ એટલે વાસ્તવિક સુખનું કારણ. આહાહા..! એ પૈસા સુખનું કારણ નથી, સ્ત્રી સુખનું કારણ નથી. આહાહા..! ભાઈએ લખ્યું છે ને? લોટ હોય, વાસણ હોય, શાક હોય, બધું સાધન હોય મરચા, મીઠું આદિ. પણ એ કાચુ છે. અગ્નિ વિના એ બધું કાચું છે. અગ્નિ હોય તો એ પાકી જાય. એમ ગુરુ વિના યથાર્થ પોતાની દૃષ્ટિએ અર્થ કરે એ નહિ સમજાય એને. ગુરુરૂપી અગ્નિ વિના આ બધું કાચું છે એમ લખ્યું છે એમાં. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. એમાં એ લખ્યું છે. એનો અર્થ કેમ કરવો એ ગુરુગમ વિના બધું કાચું છે. છતાં નિમિત્તે કર્યું નથી એને. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાવવામાં નિમિત્ત હોય છે પણ નિમિત્ત એને સમજાવવાનું કરે છે એમ નથી. આ બહુ મોટો ફેરફાર.

અહીંયાં કહે છે કે ત્રણલોકમાં. દેવલોકમાં પણ સુખ નથી એમ કહે છે. ત્રણલોકમાં આવી ગયું કે નહિ? આહાહા..! શેઠિયાઓ, મનુષ્યપણા, તિરછામાં અબજોપતિ-અબજોપતિ. અત્યારે 'અમેરિકા'માં તો કેટલા અબજોપતિ. એ કાંઈ સુખ નથી. મોક્ષ સિવાય અન્ય ક્યાંય સુખ નથી. **'ઐસા નિશ્ચય કરતે હૈં-'** (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૫, બુધવાર
## તા. ૧૨-૧૦-૧૯૭૬, ગાથા- ૯, પ્રવચન નં. ૧૦૨

'પરમાત્મપ્રકાશ'. ૯ ગાથા. ૮ થઈ ને ૮? ૯મી છે.

**'અબ તીન લોકમેં મોક્ષકે સિવાય અન્ય કોઈ ભી પરમસુખકા કારણ નહીં હૈ,...'** પરમ સુખ છે એ મોક્ષમાં જ છે અને એના ઉપાયમાં આવવું એ એનો માર્ગ છે. સંસારના બધા ધર્મ, અર્થ અને કામમાં રોકાઈ જવું એ તો બંધનું કારણ છે, દુઃખનું કારણ છે. એટલે સંપૂર્ણ મોક્ષ અને અનંત સુખ મોક્ષ છે. **'ઐસા નિશ્ચય કરતે હૈં -'**

**૧૩૫) तिहुयणि जीवहँ जत्थि णवि सोक्खहँ कारणु कोइ।**
**मुक्खु मुएविणु एक्कु पर तेणवि चिंतहि सोइ॥९॥**

**અન્વયાર્થ :-** **'તીન લોકમેં...'** ત્રણ લોકમાં સ્વર્ગ, નરક બધું આવી ગયું. મનુષ્ય, રાજા, શેઠ બધા ત્રણલોકમાં આવી ગયા. **'તીન લોકમેં જીવોંકો મોક્ષકે સિવાય કોઈ ભી વસ્તુ સુખકા કારણ નહીં હૈ,...'** ઓહોહો..! સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા સુખના કારણ નહિ. દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ સુખના કારણ નહિ, એમ ભેગુ નાખ્યું. એમ કહ્યું ને? **'તીન લોકમેં જીવોંકો મોક્ષકે સિવાય કોઈ ભી વસ્તુ...'** તો એ આવી ગઈને એમાં? નહિ?

મુમુક્ષુ :- .. બધું આવી ગયું.

ઉત્તર :- બધું આવી ગયું. લોકોને એ કઠણ પડે છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરવસ્તુ છે. એ સુખનું કારણ નથી એમ કહે છે. આહાહા..! **'તીન લોકમેં જીવોંકો મોક્ષકે સિવાય...'** **'किमपि'** **'કોઈ ભી વસ્તુ સુખકા કારણ નહીં હૈ,...'** આ દીકરા સારા થાય, બાયડી સારી મળે, આબરૂ મળે, દસ-વીસ હજારનો પગાર મહિને થાય. એ બધું સુખનું કારણ ખરું કે નહિ? આહાહા..! આત્માની પૂર્ણ પવિત્રતા પ્રગટ થાય એ સુખ છે. એ સિવાય કોઈ વસ્તુમાં સુખ નથી. અહીં તો એ સિદ્ધ કરવું છે. આહા..! કહો, 'શાંતિભાઈ'! આ ઝવેરાત ને પૈસા ને મકાનો મોટા ત્રણ-ત્રણ લાખના, દસ લાખના. એ કોઈ સુખના કારણ નથી. દુઃખના નિમિત્તો છે બધા. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્તમાત્ર છે ને?

ઉત્તર :- દુઃખનું નિમિત્ત છે. નિમિત્ત છે. એનાથી દુઃખ નથી. દુઃખ તો પોતે કરે છે.

મુમુક્ષુ :- દુઃખ પોતે ઊભું કરે છે ત્યારે એને નિમિત્ત કહેવાય.

ઉત્તર :- એ ત્યારે નિમિત્ત કહેવાય છે. દુઃખ તો એને પોતાની ઊંધી પર્યાયે કરે છે. પરનો આશ્રય લઈને દુઃખ ઊભું કરે છે. આહાહા..! પરવસ્તુ કાંઈ દુઃખનું કારણ નથી. એ તો નિમિત્ત છે. નિમિત્ત કાંઈ દુઃખ કરાવતું નથી. આહાહા..! એ માને છે કે મને આમાં ઠીક પડે છે. છોકરાઓ રળાવ જાગે, પાંચ-પચ્ચીસ લાખ પેદા થાય. શરીર ઠીક હોય, સ્ત્રી, કુટુંબ, આબરૂ, વેવાઈ, વેવલા અનુકૂળ હોય તો અમે સુખી છીએ એમ કહે.

અહીં તો ત્યાં સુધી કીધું કે આ એક મોક્ષ. એમ કે આત્મામાં સુખ છે અને એ સુખની પ્રાપ્તિ મોક્ષમાં છે. એટલે પોતાની પૂર્ણ પર્યાયમાં છે. એવા સુખ સિવાય '**કોઈ ભી વસ્તુ...**' આહાહા..! પરવસ્તુ છે ને? સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો પરદ્રવ્ય, પરવસ્તુ છે. એમ દેવ-ગુરુ અને શાસ્ત્ર એ પરવસ્તુ છે. આહાહા..! આકરી વાતું છે. અહીં તો એ કહે છે. 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ'. '**કોઈ ભી વસ્તુ સુખકા કારણ નહીં હૈ, એક સુખકા કારણ મોક્ષ હી હૈ...**' એક જ કારણ છે. એકાંત કીધું અહીં તો. કથંચિત્ મોક્ષમાં પણ સુખ છે અને કથંચિત્ બાહ્ય પદાર્થમાં પણ સુખ છે એમ અનેકાંત એ નથી. '**એક સુખકા કારણ મોક્ષ હી હૈ,...**' બીજું કોઈ કારણ છે નહિ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ સુખનું કારણ નથી, એમ કહે છે. મોક્ષ સિવાય કોઈ સુખનું કારણ નથી. એમાં એ આવી ગયું કે નહિ? આહા..!

મુમુક્ષુ :- વ્યવહાર ક્યાં રહ્યો?

ઉત્તર :- વ્યવહાર-ફ્યવહાર કે દિ' હતો ન્યાં? વ્યવહાર એ દુઃખનું કારણ છે. આકરી વાત, બાપુ! વીતરાગમાર્ગ.

મુમુક્ષુ :- કથંચિત્ નહિ?

ઉત્તર :- કથંચિત્ દુઃખ. કથંચિત્ દુઃખ. પરદ્રવ્ય છે ને? પરદ્રવ્યને આશ્રયે તો રાગ જ થાય. રાગ એ દુઃખ છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..! દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા એ પણ એક વિકલ્પ, રાગ છે. આહાહા..! એ સુખનું કારણ નથી, એમ કહે છે અહીંયાં. કહો, 'દેવીલાલજી'! આવી વાત છે. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવ (એમ ફરમાવે છે), એક આત્માની પવિત્ર પૂર્ણ દશા મોક્ષ એ જ સુખનું કારણ છે. બીજે ક્યાંય સુખનું કારણ છે નહિ. આહાહા..! આકરું લાગે છે લોકોને. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર. વ્યવહાર તો રાગ છે. રાગ તો દુઃખનું કારણ છે, આકુળતા છે. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદની મોક્ષની પ્રાપ્તિ કરે એ જ સુખનું કારણ છે.

'**ઈસ કારણ તું નિયમસે એક મોક્ષકા હી ચિંતવન કર...**' જુઓ! ચિંતવન એટલે એકાગ્રતા કર. એમ. પૂર્ણાનંદની પ્રાપ્તિ એવો જે મોક્ષ, એનું અંદર આત્માના આનંદમાં ધ્યાન લગાવ. ચિંતવન એટલે ધ્યાન. એ ધ્યાન આવી ગયું છે આપણે. સમજાણું? મોક્ષ-પૂર્ણ

આનંદ સિદ્ધપદ એ મોક્ષ છે અને એનું કારણ તો આત્મદ્રવ્ય છે. કેમકે મોક્ષ સુખ એ આત્મામાં છે. ભગવાનઆત્મામાં આનંદ છે. એ આનંદનું ધ્યાન કર. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ અભેદ રત્નત્રય તે ધ્યાન છે. આહાહા..! ઈ કહેશે. '**જિસે કિ મહામુનિ ભી ચિંતવન કરતે હૈં.**' દેખો! મહા સંતો એ આત્મધ્યાન કરે છે. મુનિ એટલે સાધુ.. હમણાં અહીં કહેશે.

'**યોગીન્દ્રાચાર્ય પ્રભાકરભટ્ટસે કહતે હૈં...**' દિગંબર મુનિ 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ, જંગલવાસી. એ પોતાના શિષ્યને કહે છે '**હે વત્સ;...**' હે શિષ્ય! '**મોક્ષકે સિવાય અન્ય સુખકા કારણ નહીં હૈ, ઔર આત્મ-ધ્યાનકે સિવાય અન્ય મોક્ષકા કારણ નહીં હૈ,...**' જુઓ! આહાહા..! ઘણું ટૂંકું. મોક્ષની દશા સિવાય કોઈ સુખનું કારણ નથી અને '**આત્મ-ધ્યાનકે સિવાય અન્ય મોક્ષકા કારણ નહીં હૈ,...**' આહાહા..! છે? '**આત્મ-ધ્યાનકે સિવાય...**' કેમકે આત્મામાં આનંદ છે. એનું ધ્યાન કરવું, અંદરમાં એકાગ્ર થવું. 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં.' આહાહા..! જેને મોક્ષ કરવો છે એણે આત્મામાં દૃષ્ટિ લગાવવી. કેમકે ત્યાં-આત્મામાં આનંદ છે. આહાહા..!

'**આત્મ-ધ્યાનકે સિવાય...**' જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્રનું ધ્યાન પણ નહિ. એ રાગ છે. આહાહા..! પ્રતિમાની પૂજા, ભક્તિ, જાત્રા એ બધો રાગ છે. આહાહા..! એ મોક્ષનું કારણ નહિ. સ્વરૂપ પૂર્ણ ન પ્રગટે ત્યાં સુધી ધ્યાનમાં આવે. ન રહી શકે ત્યારે એ શુભભાવ હોય છે, પણ એ મોક્ષનું કારણ નથી. આમ છે. આહાહા..! છે આ? બે વાત કરી. '**મોક્ષકે સિવાય અન્ય સુખકા કારણ નહીં હૈ, ઔર આત્મ-ધ્યાનકે સિવાય અન્ય મોક્ષકા કારણ નહીં હૈ,...**' આહાહા..! બે વાત તો સીધી કરી. આત્મા જેવો પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એમાં એને દૃષ્ટિ મૂકવી પડશે. એ દૃષ્ટિ એમાં જતાં જ્ઞાન એમાં ઠરે અને એમાં ઠરે છે એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધ્યાન છે. એ જ મોક્ષનો એક ઉપાય છે. કહો, સમજાણું કાંઈ?

'**ઈસલિયે...**' ગુરુ શિષ્યને કહે છે, આ કારણે. આ કારણે એટલે? મોક્ષ સિવાય સુખ નથી અને આત્મધ્યાન સિવાય મોક્ષનો ઉપાય નથી. '**ઈસલિયે તૂ વીતરાગ-નિર્વિકલ્પસમાધિમેં ઠહરકર...**' ઠીક! આત્મધ્યાન સિવાય મોક્ષનું કારણ નથી. કીધું ને? એ ધ્યાનની વ્યાખ્યા કરી હવે. વીતરાગ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! કોઈપણ જાતનો દયા, દાન, ભક્તિ, વ્રતનો પણ વિકલ્પ છોડી દઈ, વીતરાગ નિર્વિકલ્પ અભેદ શાંતિ, અંતરમાં આનંદના નાથમાં, પ્રભુ આનંદનો નાથ છે, અતીન્દ્રિય આનંદનો સાગર સંગ્રહાલય છે, એમાં નિર્વિકલ્પ વીતરાગ સમાધિ. ભાષા જુઓ! જુઓ! આ મુનિની દશા! એને મુનિ કહીએ. આહાહા..!

'**વીતરાગ નિર્વિકલ્પ સમાધિ...**' સમાધિ એટલે શાંતિ. વીતરાગી અભેદ અકષાય શાંતિ. એ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? આ તો બહુ આકરું પડે. એનું કાંઈ બીજું સાધન હશે કે નહિ? એ પોતે જ સાધન છે. એના સાધનનું બીજું કોઈ સાધન છે નહિ. પણ

ક્યાંક વ્યવહારને સાધન કહ્યું છે ને ? એ તો વ્યવહાર છે એનું જ્ઞાન કરાવ્યું છે. રાગની મંદતા તે ભૂમિકામાં કેટલી કેવા પ્રકારની હોય છે તેનું એને જ્ઞાન કરાવ્યું. સાધન એ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય.

ઉત્તર :- એ તો જ્ઞાન કરાવ્યું છે. કીધું નહિ? વ્યવહાર આવો જ હોય ત્યાં એવું એનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર સાધન નથી. નથી તેને કહેવું એનું નામ વ્યવહારનય.

મુમુક્ષુ :- નથી એને કહેવું એટલે ખોટું કહેવું (થયું).

ઉત્તર :- વ્યવહાર ખોટો જ છે. વ્યવહાર અસત્ય છે. વ્યવહાર અભૂતાર્થ છે. આહાહા..! એવી વાત છે.

વીતરાગ અભેદ શાંતિથી ઠરીને, આનંદમાં ઠર.. આનંદમાં ઠર. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે. શુદ્ધ એનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. અત્યારે. આહાહા..! એમાં ઠર. અતીન્દ્રિય આનંદમાં દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા કર. આહાહા..! એ મોક્ષનો ઉપાય છે. આ તો ચોથા આરાની વાત હશે, કોઈ એમ કહે. પાંચમા આરામાં તો કાંઈક બીજો માર્ગ હશે કે નહિ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પાંચમો આરો હોય કે ચોથો હોય. આહાહા..!

વીતરાગ નિર્વિકલ્પ એટલે રાગરહિત સમાધિ એટલે શાંતિ, એમાં ઠર. '**નિજ શુદ્ધાત્મ સ્વભાવકો હી ધ્યા.**' આહાહા..! નિજ સ્વભાવ શુદ્ધાત્મા, નિજ શુદ્ધાત્મ સ્વભાવ. ભગવાનઆત્માનો શુદ્ધ પવિત્ર સ્વભાવ, વીતરાગ સ્વભાવ, શાંતરસ સ્વભાવ, અકષાય ત્રિકાળ જેનું સ્વરૂપ છે, એમાં ઠર. આહાહા..! માણસને આવું આકરું લાગે. ગૃહસ્થાશ્રમને માટે બીજો ધર્મ નહિ? દાન, દયા, ભક્તિ, પૂજા એ મોક્ષમાર્ગ નહિ? એને હોય છે એ, પણ એ મોક્ષમાર્ગ નથી. બંધમાર્ગ છે. બહુ આકરું, ભાઈ! અરે..! સત્ય સાંભળવા મળે નહિ, અરે..! એ ક્યાં જાય? ચોર્યાસીના અવતાર. આહાહા..! અહીં મોટો અબજોપતિ શેઠિયો ગણાતો હોય અને મરીને ભૂંડને કૂંખે જાય, કૂતરીને કૂંખે જાય. આહાહા..! આ દશા. જેણે આવા આત્માના મોક્ષના ઉપાયનું સાધન આ કર્યું નથી, એ તો સંસારમાં રખડવાના છે. તો સંસારમાં તો નરક અને નિગોદ પણ આવી જાય છે. આહાહા..!

એમાં ઠર અને '**શુદ્ધાત્મ સ્વભાવકો હી...**' ભાષા છે? '**હી...**' કથંચિત્ શુદ્ધાત્માનું ધ્યાન અને કથંચિત્ રાગરૂપ વ્યવહાર મોક્ષનો માર્ગ, એમ નથી. '**નિજ શુદ્ધાત્મ સ્વભાવકો હી ધ્યા.**' ધ્યાન કર. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે, જ્ઞાનની પર્યાયમાં એનું જ્ઞાન કર, દૃષ્ટિની પર્યાયમાં એની શ્રદ્ધા કર અને ચારિત્રની પર્યાયમાં એમાં સ્થિર થા. આહાહા..! વ્યવહાર મોક્ષમાર્ગ એ તો કથન કહેવામાત્ર નિરૂપણ છે. વ્યવહાર મોક્ષમાર્ગ છે નહિ. (જો બે મોક્ષમાર્ગ હોય) તો બે મોક્ષના માર્ગના બે ફળ આવે. નિશ્ચય મોક્ષમાર્ગનું ફળ મોક્ષ નિશ્ચય. વ્યવહાર મોક્ષમાર્ગનું ફળ વ્યવહારમોક્ષ, એમ હશે? એ તો પુણ્ય છે, રાગ છે. કેમ બે માર્ગ હોય તો બેના ફળ આવે ને?

ભગવાનઆત્મા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ, હોં! અજ્ઞાનીઓ અને અન્યમતિઓ આત્મા કહે એ નહિ. જિનવરદેવ વીતરાગ પરમેશ્વર કેવળી, એણે જે આત્મા જોયો અને કહ્યો, એવો પરમાનંદસ્વરૂપ પ્રભુ, એનું એકનું ધ્યાન કર, કહે છે. આહાહા..! '**યહ શ્રી ગુરુને આજ્ઞા કી.**' ભાષા જુઓ! શ્રીગુરુની આ આજ્ઞા છે. આહાહા..! વ્યવહાર કર અને વ્યવહારથી થશે તે આજ્ઞા નથી. આહાહા..! એમ છે ને એમાં? બાપુ!

મુમુક્ષુ :- આત્માના ધ્યાનમાં ન ઠરે ત્યાં સુધી પંચપરમેષ્ઠીનું ધ્યાન કરે.

ઉત્તર :- ધ્યાન કરે તો વિકલ્પ છે. હોય છે એ તો કીધું ને. અશુભથી બચવા શુભભાવ હોય છે. પણ માર્ગ નથી.

મુમુક્ષુ :- કરવું તો પડશે ને?

ઉત્તર :- કરવું પડે નહિ, આવશે. જ્યાં અંતરમાં ઠરી શકે નહિ ત્યાં સુધી એવા શુભભાવ આવશે. આહાહા..! પણ એ મોક્ષનો માર્ગ નથી. વચમા એ બંધનો માર્ગ હોય છે. આહાહા..! આવી વાત બહુ કઠણ. અનંતકાળથી.. આહા..! જંજીરેથી નીકળે, ન આવ્યું એમાં? એ દિવ્ય શક્તિમાન પ્રભુ.. આહાહા..! જેનું અનંતબળ, અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતઈશ્વરતા એવો દિવ્યશક્તિમાન ભગવાન છે. પોતે એવો છે. એવો દિવ્યશક્તિમાન જેથી જંજીરે-રાગના બંધનમાંથી નીકળે. એ કર, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં વીતરાગભાવથી કલ્યાણ થાય, વીતરાગમાર્ગમાં રાગથી થાય તો એ વીતરાગમાર્ગ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એ તો રાગમાર્ગ છે.

ઉત્તર :- હા, એ તો રાગમાર્ગ. વીતરાગમાર્ગ ન થયો.

ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ છે. આત્મા વીતરાગસ્વરૂપ જ ત્રિકાળ છે. એનું અંદર ધ્યાન કરીને વીતરાગતા પ્રગટ થવી એ મોક્ષનો માર્ગ છે. આ લોકોને એકાંત લાગે છે. શું કરે? શું થાય? ઘણાને એકાંત (લાગે) છે. ભગવાન! આ પરમાત્મા શું કહે છે, જુઓને! 'યોગીન્દ્રદેવ' સંત દિગંબર મુનિ છે આ. આહાહા..! પ્રભુ! માર્ગ તો આ છે. ફેરવી નાખીશ બીજી રીતે તો નહિ મળે. રખડવું નહિ ટળે, પરિભ્રમણની ઘાણીમાં પીલાશે. આહાહા..!

'**યહ શ્રીગુરુને આજ્ઞા કી.**' છે? આહાહા..! સંતો અને ધર્માત્મા સર્વજ્ઞના સાધકજીવો, મુનિઓની તો આ આજ્ઞા છે, કહે છે. પરમેશ્વર જિનેશ્વરદેવના સાધક જીવો મુનિઓ, ધર્માત્મા વીતરાગી, વીતરાગી મુનિ એ તો છે. મુનિને વીતરાગદશા પ્રગટી હોય છે. આહાહા..! ત્રણ કષાયનો અભાવ, એકલી વીતરાગતા પ્રગટી છે. એ ગુરુની આજ્ઞા આ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાહ! '**તબ પ્રભાકરભટ્ટને બિનતી કી,...**' પ્રભુ! આપ અતીન્દ્રિય સુખની વાત કરો છો પણ એ અતીન્દ્રિય સુખ શું છે? અતીન્દ્રિય સુખ મોક્ષમાં અને એના ઉપાયમાં પણ અતીન્દ્રિય સુખ છે. આહાહા..! કેમકે પૂર્ણ અતીન્દ્રિય સુખનું કારણ અપૂર્ણ અતીન્દ્રિય સુખ છે. વીતરાગ નિર્વિકલ્પભાવ કહો કે સુખ કહો. એ છે શું આ? તમે આવી બધી વાત કરો છો.

શિષ્યે પ્રશ્ન કર્યો, ‘**હે ભગવન્; તુમને નિરંતર અતીન્દ્રિય મોક્ષ-સુખકા વર્ણન કિયા હૈં,...**’ અતીન્દ્રિય મોક્ષસુખ. જેમાં ઇન્દ્રિયનું સુખ નથી. અતીન્દ્રિય આનંદ એવો મોક્ષ, એનું આપે વર્ણન કર્યું. ‘**સો યે જગતકે પ્રાણી અતીન્દ્રિય સુખકો જાનતે હી નહીં હૈ,...**’ આહાહા..! જગતના પ્રાણી અતીન્દ્રિય ‘**સુખકો જાનતે હી નહીં હૈ,...**’ જાણતા નથી. આ ઇન્દ્રિયના સુખો. રાજા, શેઠિયા, દેવ એ બધા ઇન્દ્રિય સુખની કલ્પનામાં-દુઃખમાં પડ્યા છે બિચારા. આહાહા..! કહો, ‘શાંતિભાઈ’! ઇન્દ્રિયના સુખમાં પડ્યા છે. તમે બધા લાખોપતિ રખડતા એ પૈસા ઉપર લક્ષ જાય એ રાગ અને દુઃખી છે.

મુમુક્ષુ :- દરિયામાં નાખી દેવા?

ઉત્તર :- ક્યાં એના હતા તે નાખી દે? નાખવાની ક્રિયા એ ક્યાં કરી શકે એમ છે? રાખવાની કરી શકે નહિ, નાખવાની કરી શકે નહિ. એ તો જડ છે. આહાહા..!

મુમુક્ષુ :- તિજોરીમાં પડ્યા તો ભલે પડ્યા.

ઉત્તર :- પડ્યા તો પડ્યા રહેશે. એના રાખ્યા રાખશે? એના કાઢ્યા નીકળશે? મમતા કરે કે હું આને રાખું. કાં છોડવાનું દયા-દાનના ભાવ કરે તો શુભભાવ પુણ્ય કરે. એ ધર્મ નથી. આહાહા..! વીતરાગમાર્ગ અલૌકિક છે. એવી વાત ક્યાંય છે નહિ. જિનવર પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય નથી. બધાએ ભ્રમણા ઊભી કરીને વાતું કરી છે. આહાહા..!

‘**જગતકે પ્રાણી અતીન્દ્રિય સુખકો જાનતે હી નહીં હૈ, ઇન્દ્રિય સુખકો હી સુખ માનતે હૈં...**’ એ તો ઇન્દ્રિય સુખને માને પૈસા, આબરૂ, કીર્તિ... આહાહા..! સ્ત્રીનું શરીર પુરુષ ભોગવે, પુરુષનું સ્ત્રી (ભોગવે). એ માંસ ને હાડકા ચામડા... આહાહા..! એના ઉપર લક્ષ જઈને ઇન્દ્રિય સુખને જાણે અમે સુખ ભોગવીએ છીએ. એને એ જાણે છે બિચારા. અતીન્દ્રિય સુખની તો એને ગંધ પણ નથી. ઇન્દ્રિય સુખ છે દુઃખ. આહાહા..!

‘**તબ શ્રી ગુરુને કહા કિ હે પ્રભાકર ભટ્ટ;...**’ હું દૃષ્ટાંત એક દઉં છું એ સાંભળ. ગુરુ શિષ્યને કહે છે કે હું દૃષ્ટાંત આપું છું એ સાંભળ. એમાંથી અતીન્દ્રિય સુખનો ન્યાય કાઢજે. ‘**કોઈ એક પુરુષ જિસકા ચિત્ત વ્યાકુલતા રહિત હૈ,...**’ બેઠો છે. એકલો શાંત થઈને. ‘**પંચેન્દ્રિયકે ભોગોંસે રહિત...**’ એ વખતે પંચેન્દ્રિયના ભોગ છે નહિ. એકાંત એકલો બેઠો છે આમ. ‘**અકેલા સ્થિત હૈ, ઉસ સમય કિસી પુરુષને પૂછા કિ તુમ સુખી હો. તબ ઉસને કહા કિ સુખસે તિષ્ટ રહે હૈં,...**’ સુખમાં છીએ અમે તો. આ બહારની આકુળતા નથી, પાંચ ઇન્દ્રિયનો ભોગ નથી અને બેઠો છે એકલો. એ અપેક્ષાએ વાત લે છે. ‘**તબ ઉસને કહા કિ સુખસે તિષ્ટ રહે હૈં,...**’ અમે તો સુખમાં છીએ. શાંતિમાં બેઠા છીએ. એમ કહે છે. ‘**ઉસ સમય પર વિષય-સેવનાદિ સુખ તો હૈ હી નહીં,...**’ સમજ્યા? આહાહા..!

‘**ઉસને યહ ક્યોં કહા કિ હમ સુખી હૈં.**’ શ્રવણમાં કોઈ પ્રશંસા નથી, આંખથી કોઈ રૂપ જોવાનું નથી, રસથી ચાખવાનું નથી, સ્પર્શથી ભોગવવાનું નથી. આવી રીતે બેઠો છે અને

એમ કહે છે કે હું સુખી છું. આહાહા..! શું કહે છે? જુઓ હવે. '**સુખ નામ વ્યાકુલતા રહિતકા હૈ,...**' '**ઉસને યહ ક્યોં કહા કિ હમ સુખી હૈં. ઈસલિયે યહ માલૂમ હોતા હૈ, સુખ નામ વ્યાકુલતા રહિત હૈ, સુખકા મૂલ નિર્વ્યાકુલપના હૈ,...**' સુખનુ મૂળ તો વ્યાકુળતા, વિકલ્પતા રહિત છે. '**વહ નિર્વ્યાકુલ અવસ્થા આત્મામેં હી હૈ,...**' એ નિર્વિકારી સુખ જ આત્મામાં છે. '**વિષય-સેવનમેં નહીં.**' માટે એ સુખી છું, કહ્યું. કાંઈ નથી બીજું. રૂપ જોતો નથી, ગંધ સુંઘતો નથી, ભોગ નથી, સ્પર્શ નથી. આહાહા..! તેમ પ્રશંસા આદિ સાંભળતો નથી. બેઠો છે આમ. '**સુખકા મૂલનિર્વ્યાકુલપના હૈ, વહ નિર્વ્યાકુલ અવસ્થા આત્મામેં હી હૈ, વિષય-સેવનમેં નહીં.**' આહાહા..!

'**ભોજનાદિ જિહ્વા ઈંદ્રિયકા વિષય ભી ઉસ સમય નહીં હૈ,...**' જ્યારે એમ કહે છે કે હું સુખી બેઠો છું એ વખતે ભોજન, આહાર-પાણી અને ઈન્દ્રિયના વિષયનું તો છે નહિ. ખાતો નથી અને બેઠો છે અને કહે છે કે હું સુખી છું. આહાર નથી, ભોજન નથી, પાણી નથી. '**દિવ્ય સ્ત્રિયોકા રૂપ અવલોકનાદિ નેત્રકા વિષય ભી નહીં,...**' સ્ત્રીનું સેવન નથી-સ્પર્શ. '**ઔર ગંધમાલ્યાદિક નાકકા વિષય ભી નહીં હૈ,..**' માળા કે ફૂલ સુંઘે છે એ પણ નથી. નાકનો વિષય નથી ફૂલ સુંઘે એ વખતે. અને '**દિવ્ય સ્ત્રિયોંકા રૂપ અવલોકનાદિ નેત્રકા વિષય ભી નહીં,...**' એ વખતે તો સ્ત્રીનું રૂપ પણ જોતો નથી. '**ઔર કાનોંકા મનોજ્ઞ ગીત વાદિત્રાદિ શબ્દ વિષય ભી નહીં હૈં,...**' વાજિંત્ર વાગતા હોય, પ્રશંસા (થતી હોય) એ પણ નથી. આહાહા..! '**ઈસલિયે જાનતે હૈં કિ સુખ આત્મામેં હી હૈ.**' આ એક દૃષ્ટાંત લીધું. પાંચ ઈન્દ્રિયના વિષયો નથી છતાં એમ કહે છે કેમ ભાઈ? સુખમાં બેઠો સુખી છું. પાંચ ઈન્દ્રિયના વિષય તો નથી. એનો અર્થ એ થયો કે આત્મામાં જ સુખ છે. સમજાણું કાંઈ? દૃષ્ટાંત કેવું લીધું છે, જુઓને! આહાહા..!

અરે..! એણે આત્માની દરકાર કરી નથી. ચોર્યાસીના અવતારમાં જ્યાં જ્યાં અવતર્યો ત્યાં ત્યાં પોતાનું માનીને સલવાઈ ગયો છે. આહાહા..! હું એક પરથી ભિન્ન ચીજ (છું). એ વિકલ્પથી શુભાશુભ રાગથી પણ ભિન્ન આનંદસ્વરૂપ છું એવી કદી રુચિ કરી નહિ. આહાહા..! છતી ચીજ જેમ છે તેમ તેને માની નહિ. અને પરમાં સુખ છે એના ઘેરામાં ઘેરાઈ ગયો. આહાહા..! ભોજન, ગંધમાં, સ્ત્રી આદિ દેખવું, છે ને બધું? આહાહા..! અવલોકન, કાનનું સાંભળવું કાંઈ.. એનાથી .. બસ, એમાં પડ્યા. વાંજિત્ર વાગતા હોય, કોઈ પ્રશંસા કરતા હોય ઓહો..! તમે તો બહુ મહાપુરુષ, તમે તો આવા કામ કર્યા, તમે તો આવા કામ કર્યા, દેશની સેવા કરી, તમે આ કર્યું. એવા વખાણ સાંભળે તો રાજી થાય. આહાહા..!

અહીં તો કહે છે કે એવું અહીં કાંઈ નથી છતાં ઓલો કહે છે કે હું સુખી છું. એનો અર્થ એ થયો કે પરમાં સુખ છે નહિ. સુખ નિવૃત્તિમાં છે. એમ લેવું છે. પાંચ ઈન્દ્રિયના વિષયની નિવૃત્તિમાં સુખ છે. એટલે કે આત્મામાં સુખ છે એમ સિદ્ધ કર્યું. દાખલો બરાબર છે કે

નહિ? આહાહા..! '**ઈસલિયે જાનતે હૈં કિ સુખ આત્મામેં હી હૈ. ઐસા તૂ નિશ્ચય કર,...**' આહાહા..! '**જો એકાદેશ વિષય-વ્યાપારસે રહિત હૈં, ઉનકે એકોદેશ થિરતાકા સુખ હૈ,...**' એક અંશ પણ પાંચ ઈન્દ્રિયના વિષયથી રહિત છે, એકદેશ-એક ભાગ, પાંચ ઈન્દ્રિયના વિષયના વ્યાપારથી રહિત છે '**ઉનકે એકોદેશ થિરતાકા સુખ હૈ,...**' એક અંશ એને આત્મામાં સ્થિરતાનું સુખ છે. આહાહા..! પાંચેય ઈન્દ્રિયોના વિષયોના વેપારથી એકદેશ પણ નિવૃત્તિ પામે તો એટલું એકદેશ આત્મામાં સુખ છે. આહાહા..!

'**તો વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનિયોંકે સમસ્ત પંચ ઈન્દ્રિયોંકે વિષય...**' જ્યારે પાંચ ઈન્દ્રિયના વિષયો એક અંશે પણ છૂટીને બેઠો છે એને પણ એટલું એક અંશનું સ્થિરતાનું સુખ છે. આહાહા..! '**તો વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનિયોંકે...**' આહાહા..! જેને આત્માનું જ્ઞાન અંતરમાં પ્રગટ્યું, વીતરાગી સ્વસંવેદન. રાગ વિનાનું સ્વ-પોતાનું પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન. આહાહા..! '**જ્ઞાનિયોંકે સમસ્ત પંચ ઈન્દ્રિયોંકે વિષય ઔર મનકે વિકલ્પ-જાલોંકી રુકાવટ હોને પર વિશેષતાસે નિર્વ્યાકુલ સુખ ઉપજતા હૈ.**' આહા..! ન્યાય સમજાય છે? પાંચ ઈન્દ્રિયના ભોગ તરફની પ્રવૃત્તિનો એક અંશ પણ જ્યાં છૂટ્યો, ત્યાં અંદરમાં આત્મામાં એટલી સ્થિરતા આવી ગઈ એટલું સુખ છે. તો જેને સર્વ વેપાર છૂટી ગયો અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં ઠર્યો એનું એને પૂર્ણ સુખ છે. આહાહા..!

વીતરાગ નિર્વિકલ્પ સ્વસેવંદન જ્ઞાની... આકરી વાત પડે ભગવાન પણ ભાઈ! તું આત્મા છો ને. બાળ, યુવાન, સ્ત્રી, પુરુષ એ તું નથી, એ તો જડની દશા છે. એમ વાણિયો, હરિજન અને બ્રાહ્મણ ને એ કાંઈ આત્મા નથી. એ તો શરીરની જાતની દશા છે. આહાહા..! તેમ તું રાગ અને પુણ્યવાળો નથી. કેમકે એ વિકારદશા છે. વિકાર વિનાનું તારું સ્વરૂપ નિર્વિકારી સુખનો આનંદનો કંદ છે. સુખકંદ મનોહર. આહાહા..! કસ્તુરી મૃગની નાભિમાં કસ્તુરી. કસ્તુરી મૃગની નાભિમાં કસ્તુરી, પણ એની કિંમત એને છે નહિ. એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની કસ્તુરીથી ભરેલો ભગવાનઆત્મા છે. કેમ બેસે? આહાહા..! એ કસ્તુરીની સુગંધ દેખીને મૃગ બહાર આમ આમ કરે છે. અહીં હશે... અહીં હશે... અહીં હશે. પણ અહીં છે એમ. એમાં નજર કરતો નથી. એમ અજ્ઞાની અનાદિથી પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં જાણે સુખ છે એ સુખાભાસ દેખીને ત્યાં ને ત્યાં દોડે છે. અંતરમા આત્મામાં સુખ છે ત્યાં નજર કરતો નથી. આહાહા..!

એ સમ્યગ્દર્શન એટલે અંતરમાં નજર કરવી ઈ. સમજાણું કાંઈ? સમ્યક્-સત્ય દર્શન એટલે કે સત્ય વસ્તુ તરફ નજર કરવી તે સમ્યગ્દર્શન, તે સમ્યગ્જ્ઞાન. આહાહા..! અહીં તો એકલા નિશ્ચયની જ વાત કરી છે. વ્યવહારથી થશે એ તો વાત કરી નથી આમાં તો. બીજે કહ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. પૂર્વાપર વિરૂદ્ધ વાત હોય વીતરાગમાં? જિનવાણીમાં પૂર્વાપર વિરૂદ્ધતા હોય નહિ. વીતરાગ માર્ગ તો પૂર્વાપર વિરોધ રહિત છે. આહાહા..! હજી તો ધંધા આદિ ચોવીસ કલાકમાં છ-સાત કલાક સૂતો હોય. (અહીંથી કેસેટમાં ઉપરનો પેરેગ્રાફ ફરીથી આવે છે.) કેટલાક સૂતા હોય તો ઉંઘ પણ ન આવે, ગોળીયું લેવી પડે. મોટા શહેરમાં

વેપાર અને ધંધા. રાત્રે ઉંઘ ન આવે ઉંઘ. ચા–બા પીવે, એકાદ-બે ગોળી લે ઘેનની. પછી ઉંઘી જાય. આ બિચારા દુઃખી.

આ મારી નાખ્યો નહિ બિચારાને? ત્યાં ‘ફિરોજાબાદ’ ‘સદામીલાલ’ કરોડોપતિ. ચાલીસ-પચાસ લાખના તો દાન કરેલા છે. દિગંબર જૈન. મોટો શેઠિયો. ‘સદામીલાલ’. પોર આવ્યો હતો બિચારો ત્યાં. અમે ‘બેંગ્લોર’ હતા ને ત્યાં આવ્યો હતો. માણસ એનો કોઈ હશે ‘નેપાળ’નો માણસ નોકર. એને કોઈ નહોતું. બે જણા. પૈસા હશે ગમે તે કારણ હોય, છરા વડે મારી નાખ્યો. લ્યો, આ પૈસા અને આ બંગલા મોટા. આહાહા..! પરદેશનો માણસ હશે કોઈ નોકર જૂનો. પૈસા-બૈસા... આ કાલે ભાઈએ વાત ન કરી? ‘મૂળચંદભાઈ’એ. એમના ભાઈ ‘માણેકલાલ’ આવે છે ને? દોઢસો તોલા સોનું એનો માણસ લઈ ગયો. દોઢસો તોલા સોનું. દસ હજાર રૂપિયા રોકડા. માણસ નોકર હશે એમાં ને એમાં રહેતો હશે ઘરમાં. પણ કોઈ નહોતું તો લઈને વયો ગયો. આ સ્થિતિ સંસારની છે. હોય તો પણ ક્યાં સુખ છે અને ન હોય તોપણ ક્યાં સુખ છે એમાં. આહાહા..!

અહીં તો આચાર્ય મહારાજ જરી પાંચ ઈન્દ્રિયના વિષયો બહારથી પણ છૂટીને એકલો બેઠો છે. તો એ કહે છે, કેમ છે? મજા છે. વિષયો તો પાંચ ઈન્દ્રિયોના ભોગ તો છે નહિ. એકલો છે અને એમ કહે છે, સુખી છું. એનો અર્થ થયો કે આત્મામાં સુખ છે. એવું દૃષ્ટાંત લીધું છે. સુખ આત્મામાં છે, સુખ બહારમાં નથી. તો જેને એકદેશ પણ છૂટતા સુખી થાય, જેણે સર્વથા છોડી દીધું છે. સંતોએ તો નિર્વિકલ્પ વીતરાગ સ્વસંવેદજ્ઞાનીઓને સમસ્ત વિષયો છૂટી ગયા. એને તો મનની વિકલ્પ જાળ પણ છૂટી ગઈ છે. આહાહા..! મુનિ જેને કહીએ, વીતરાગી સંત જેને કહીએ.. આહાહા..! એને તો ‘**મનકે વિકલ્પ–જાલોંકી રુકાવટ હોને પર વિશેષતાસે નિર્વ્યાકુલ સુખ ઉપજતા હૈ.**’ એકલો આનંદ... આનંદ... આનંદ... આનંદ... આહાહા..! અતીન્દ્રિય આનંદ એને મુનિપણું કહીએ. અતીન્દ્રિય આનંદની લહેર કરતો હોય અંદરમાં. જંગલમાં વસે નગ્નપણે અને અતીન્દ્રિય આનંદની લહેર અંદરથી ઉત્પન્ન થાય, એના સુખની શું વાત કરવી? કહે છે. એ સુખી છે. ‘સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.’ ત્રણ કષાયનો અભાવ કરીને જેને આનંદ પ્રગટ્યો છે અંદર, એ સંતો સુખી છે. બાકી બધા પૈસાવાળા અને બધા બાયડીવાળા ને પૈસાવાળા, છોકરાવાળા, આબરૂવાળા. વાળા કેટલા? એક વાળો નીકળે તો રાડ નાખે છે. આ પગમાં પાણી એવું હોય તો વાળો નીકળે ને વાળો? વાળો કહે છે? એક વાળાથી રાડ નાખે. તો આ તો કેટલા વાળા? એય..! ‘શાંતિભાઈ’! છોકરાવાળા, બાયડીવાળા, દીકરીવાળા, જમાઈવાળા, મકાનવાળા, આબરૂવાળા.

મુમુક્ષુ :- .. અનુકૂળતા બેનો મેળ ક્યાં છે?

ઉત્તર :- ધૂળ ક્યાં છે? આહાહા..! વાળા વળગ્યા છે બધા.

ભગવાનઆત્મા જેને કહે છે કે પરના લક્ષ છોડી, મનના વિકલ્પ પણ છોડી જેણે નિર્વિકલ્પતા વીતરાગપણાના ઢોળાવમાં, રસમાં પડ્યા છે એના સુખની શું વાત કરવી?

આહાહા..! છે?

**'ઈસલિયે યે દો બાતેં પ્રત્યક્ષ હી દષ્ટિ પડતી હૈં.'** બે વાત તો પ્રત્યક્ષ નજરમાં આવે છે, એમ કહે છે. **'જો પુરુષ નિરોગ ઔર ચિંતારહિત હૈં,...'** નિરોગ છે અને ચિંતા કાંઈ નથી. **'ઉનકે વિષય-સામગ્રીકે બિના હી સુખ ભાસતા હૈ, ઔર જો મહામુનિ...'** એની તો શું વાત કરવી, કહે છે. ઓહોહો..! **'શુદ્ધોપયોગ અવસ્થામેં ધ્યાનારૂઢ હૈ,...'** જુઓ! મુનિ છે એ આત્માના ધ્યાનમાં શુદ્ધોપયોગમાં (આરૂઢ છે). દયા, દાન, વિકલ્પ છે એ તો અશુદ્ધ ઉપયોગ છે. આહાહા..! એનાથી છૂટીને અંતરમાં શુદ્ધઉપયોગ. કારણ કે શુદ્ધ આત્મા છે તેનો ઉપયોગ એટલે શુદ્ધ ઉપયોગ. શુદ્ધ સ્વરૂપ પરમાત્મા પોતે છે, એનો વેપાર ઉપયોગ એ શુદ્ધોપયોગ. આહાહા..!

**'મહામુનિ શુદ્ધોપયોગ અવસ્થામેં ધ્યાનારૂઢ હૈ,...'** અંતરના ધ્યાનમાં મસ્ત છે. આહાહા..! **'ઉનકે નિર્વ્યાકુલતા પ્રગટ હી દિખ રહી હૈ,...'** એને તો આકુળતારહિત સુખ પ્રગટ દેખાય છે. આહાહા..! **'વે ઈન્દ્રાદિ દેવોંસે ભી અધિક સુખી હૈં.'** ઈન્દ્રોને તો ઈન્દ્રિયના સુખ છે અને મુનિઓને અતીન્દ્રિયનું સુખ છે. એનાથી અધિક સુખ કહ્યું એ તો અપેક્ષાથી કહ્યું.

મુમુક્ષુ :- જાત એક નહિ?

ઉત્તર :- જાત જ ફેર છે. ઈન્દ્રના ઈન્દ્રાણી સુખ અને અતીન્દ્રિય સુખની જાત ફેર છે. આહાહા..! ઈન્દ્રોના સુખ એ તો દુઃખ છે, ઝેર છે અને આ અમૃત આત્માનું સુખ એ તો આનંદ છે. આહાહા..!

મુમુક્ષુ :- સાતમે?

ઉત્તર :- હા, છઠ્ઠે પણ આનંદ છે ને. વિકલ્પ છે એટલું દુઃખ છે. આનંદ છે. સાતમે ગુણસ્થાને તદ્દન નિર્વિકલ્પ દશા છે. સાચા સંત હોય છે મુનિ, જિનવરની આજ્ઞા પ્રમાણે, એને તો છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર આવે. ક્ષણમાં સપ્તમ ગુણસ્થાન વિકલ્પ રહિત ધ્યાન, ક્ષણમાં વિકલ્પ આવે પણ છતાં ત્રણ કષાયનો અભાવ છે એટલું તો સુખ છે. સમજાણું કાંઈ? આહાહા..! સામગ્રીનો અભાવ છે પણ સુખનો સદ્‌ભાવ છે. બહારની સામગ્રીનો અભાવ છે. અંતરના સુખના સાધનની સામગ્રીનો સદ્‌ભાવ છે. આહાહા..! અરે..! આવી વાતું પણ સાંભળી ન હોય. ઓલા કહે, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, પૂજા કરો, ભક્તિ કરો, ભગવાનની આંગી રચો. એ બધા વિકલ્પ છે, એ તો રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :- એમ જ હતું.

ઉત્તર :- એમ જ હતું. અને એ કર્યું હતું તમે બધાએ. હતું એ ને. આહાહા..!

**'ઈન્દ્રાદિક દેવોંસે ભી અધિક સુખી હૈં.'** આહાહા..! **'ઈસ કારણ જબ સંસાર અવસ્થામેં હી સુખકા મૂલ નિર્વ્યાકુલતા દિખતી હૈ,...'** આહાહા..! સંસારદશામાં પણ ઈન્દ્રિયના વિષયની વિકલ્પતા છોડીને આત્માના સુખનો અંશ ત્યાં આવે છે. આહાહા..!

**'સુખકા મૂલ નિર્વ્યાકુલતા દીખતી હૈ, તો સિદ્ધોંકે સુખકી બાત હી ક્યા હૈ?'** ભગવાન પરમાત્મા ણમો સિદ્ધાણં, એ સિદ્ધના સુખની વાત તો શું કરવી? આહાહા..! એને તો અનંત અનંત સુખ અને અનંત આનંદ છે. આહાહા..!

**'યદ્યપિ વે સિદ્ધ દષ્ટિગોચર નહીં હૈ,...'** હવે જરી સિદ્ધાંત સિદ્ધ કરે છે. વર્તમાન સિદ્ધ એને દષ્ટિગોચર નથી અત્યારે. **'તો ભી અનુમાન કર ઐસા જાના જાતા હૈ,...'** પણ અનુમાનથી જાણીએ કે નહિ કે વર્તમાન અહીં ભાવકર્મ, દ્રવ્યકર્મ જડ છે અહીં, એને એ નથી. **'સિદ્ધોંકે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ નહીં, તથા વિષયોંકી પ્રવૃત્તિ નહીં હૈ, આહાહા..! કોઈ ભી વિકલ્પ-જાલ નહીં હૈ,...'** મનની પણ, એમ કહે છે. **'કેવલ અતીન્દ્રિય આત્મીક-સુખ હી હૈ,...'** જુઓ! અનુમાનથી સિદ્ધ કરાવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? **'કેવલ અતીન્દ્રિય આત્મીક...'** બહારની સામગ્રીનો અભાવ છે, વિકલ્પનો અભાવ છે. આહાહા..! વિષયની પ્રવૃત્તિ નથી, વિકલ્પની જાળ નથી. **'કેવલ અતીન્દ્રિય આત્મીક સુખ હી હૈ, વહી સુખ ઉપાદેય હૈ,...'** આહાહા..! એ જ આનંદ આદરવા લાયક છે, બાકી કોઈ આદરવાલાયક છે નહિ. આહાહા..!

**'અન્ય સુખ સબ દુઃખરૂપ હી હૈં.'** એ પાંચ ઈન્દ્રિયના વિષયો બધા સુખ કલ્પના એ દુઃખ છે, ઝેર છે. આહાહા..! શરીરના સ્પર્શનું સુખ એ દુઃખ છે. નાકના સુગંધના ભાવ રાજીપો એ દુઃખ છે. ભોજનના રસના ઈન્દ્રિયમાં મીઠાશ મેસુબ આદિ ઉપર લક્ષ જતા રાગ છે એ દુઃખ છે. આહાહા..! પાંચ ઈન્દ્રિયોના વિષયોના ભાવ દુઃખ છે. **'અન્ય સુખ સબ દુઃખરૂપ હી હૈ. જો ચારોં ગતિયોંકી પર્યાયેં હૈં, ઉનમેં કદાપિ સુખ નહીં હૈ.'** ઠીક! એ મનુષ્યગતિ હો કે દેવગતિ હોય. ચારેય ગતિ કીધી ને? એ નરકગતિ હો કે તિર્યંચગતિ હો કે મનુષ્યગતિ હો કે દેવગતિ હો. ચારેય પર્યાયમાં **'કદાપિ સુખ નહીં હૈ.'** ક્યાંય સુખ નથી ગતિમાં. આહાહા..! ચાર ગતિ જ પોતે પરાધીન અને દુઃખરૂપ છે. આહાહા..! આવો નિશ્ચય સત્ય માર્ગ માણસને સાંભળવા મળ્યો ન હોય બિચારાને. એમ ને એમ જિંદગી મજૂરી કરી (પૂરી કરે). મોટા મજૂર. 'ભગવાનજીભાઈ'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યાન રાખે બધું. અને કાગળ-બાગળ લાવે હાથમાં. પડાઈ હાથમાં રાખે. પડાઈ જાય ભલે ઊંચે, પણ દોરો હાથમાં હોય ને. કામ ત્યાં ભલે કરે પણ અહીં કાગળ-બાગળ આવે, આમ કરીએ, બાપા! આહાહા..! આ તો એક દાખલો, હોં! દુનિયામાં એમ જ ચાલે છે. આહાહા..!

**'મહામુનિશ્વરોંકે સુખકા લેશમાત્ર દેખા જાતા હૈ,...'** જુઓ! આહાહા..! મુનિ તો એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય, અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદિષ્ટ હોય. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ એને ઈષ્ટ હોય. વિષયના સુખ એને અનિષ્ટ હોય. આહાહા..! બાપુ! મુનિપણું કોને કહીએ? બહુ આકરી વાત, ભાઈ! જેને ગણધરદેવ-

તીર્થંકરના વજીર, દિવાન નમસ્કાર કરે એ ચીજ કેવી હોય! મુનિપણું કેવું હોય, બાપુ! મુનિ આહાહા..! ગજબ દશા!

કહે છે કે '**મહામુનિશ્વરોંકે સુખકા લેશમાત્ર દેખા જાતા હૈ, દૂસરેકે જગતકી વિષય-વાસનાઓંમેં સુખ નહીં હૈ...**' '**દૂસરેકે જગતકી વિષય-વાસનાઓંમેં સુખ નહીં હૈ ઐસા હી કથન શ્રી પ્રવચનસારમેં કિયા હૈ.**' લ્યો! ટીકામાં 'પ્રવચનસાર'નો દાખલો આપે છે. '**સારાંશ યહ હૈ કિ જો શુદ્ધોપયોગકર પ્રસિદ્ધ ઐસે શ્રી સિદ્ધપરમેષ્ઠી હૈં,...**' આહાહા..! '**શુદ્ધોપયોગકર પ્રસિદ્ધ...**' જેને શુદ્ધોપયોગથી સિદ્ધપદ પ્રાપ્ત થયું. આહાહા..! એ શુભઉપયોગ મોક્ષનું કારણ નહિ, એમ કહે છે. આ વાંધા અત્યારે મોટા આ છે. 'સોનગઢ'ની સામે કે શાસ્ત્રની સામે.

મુમુક્ષુ :- ભગવાનની સામે.

ઉત્તર :- ભગવાનની સામે. આહાહા..!

એ શુભોપયોગથી કાંઈ કલ્યાણ થાય એમ કહો, કહે છે. અરે..! ભગવાન! 'કુંદકુંદાચાર્ય' પ્રભુએ પુણ્યને તો એમ કહ્યું કે જે સંસારમાં દાખલ કરે તેને સારું કેમ કહીએ? શુભરાગ તો સંસારમાં ભવ ઉત્પન્ન કરે. એને સારો કેમ કહીએ? છે?

'**શુદ્ધોપયોગકર પ્રસિદ્ધ...**' એ સિદ્ધ તો શુદ્ધોપયોગની પ્રસિદ્ધથી સિદ્ધ થયા છે. આહાહા..! '**ઐસે શ્રી સિદ્ધપરમેષ્ઠી હૈં,...**' શુદ્ધ ઉપયોગના ફળ તરીકે સિદ્ધપદ મળ્યું છે. આત્માના આનંદનો શુદ્ધ વેપાર અંતરમાં એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વિનાનો, એનાથી સિદ્ધપદ મળ્યું છે. '**ઉનકે અતીન્દ્રિય સુખ હૈ,...**' લ્યો! થોડી વ્યાખ્યા છે. વિશેષ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૫, બુધવાર
## તા. ૧૩-૧૦-૧૯૭૬, ગાથા-૯ થી ૧૧, પ્રવચન નં. ૧૦૩

આ 'પરમાત્મપ્રકાશ' ચાલે છે. નવમી ગાથા. '**સુખ તો સિદ્ધોંકે હૈ...**' મોક્ષમાં સુખ છે. ધર્મ, અર્થ અને કામમાં સુખ નથી. ધર્મ એટલે કે ક્રિયાકાંડ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ શુભરાગ છે, એમાં સુખ નથી. સુખ તો એક મોક્ષમાં છે. સમજાય છે કાંઈ? લક્ષ્મીમાં સુખ નથી, કામ, વિષયવાસના ભોગ એ સુખ નથી, એ તો દુઃખ છે. અને મુનિનો જેટલો વ્યવહારધર્મ છે, પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ વગેરે, એ પણ રાગ છે, એમાં સુખ નથી. આહાહા..! એ દુઃખ છે.

અહીં (કહે છે), '**સુખ તો સિદ્ધોંકે હૈ, યા મહામુનીશ્વરોંકે સુખકા લેશમાત્ર દેખા જાતા હૈ,...**' સાચા સંત દિગંબર મુનિ હો, સાચા, જેને સમ્યગ્દર્શન સહિત આત્માના

અનુભવ સહિત જેને ચારિત્ર હોય છે એને થોડું સુખ છે. સિદ્ધ કરતાં થોડું સુખ છે. સમજાય છે કાંઈ? છે ને? સાચા મુનિ તો એને કહીએ કે જેને આનંદનો અનુભવ હોય. એકલા પંચમહાવ્રત પાળે કે અઠ્યાવીસ મૂળગુણ (પાળે) એ કંઈ સાધુ નથી. સમજાય છે કાંઈ? અંદર આનંદનો અનુભવ હોય. આહા..! કેમકે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એનો અનુભવ થઈને, ત્રણ કષાયનો અભાવ થઈને અતીન્દ્રિય આનંદનું વેદન થાય, એને મુનિ કહીએ અને એ મુનિને આનંદ હોય છે. સમજાય છે કાંઈ?

'**દૂસરેકે જગતકી વિષય-વાસનાઓંમેં સુખ નહીં હૈ...**' ચાહે તો કરોડપતિ, અબજપતિ ધૂળના સ્વામી હોય, પૈસા, ધૂળ એટલે પૈસાના સ્વામી એ બધા બિચારા દુઃખી પ્રાણી છે.

મુમુક્ષુ :- દુઃખી અને બિચારા.

ઉત્તર :- બિચારા એટલે માંગે છે પરને અને અંદરમાં વસ્તુ છે એની ખબર નથી. અંતર આત્મામાં આનંદ છે એની તો ખબર નથી અને પૈસા ને આબરૂ ને બહારની અનુકૂળતા માગે એ તો ભિખારા છે, રાંકા છે, રાંકા. શાસ્ત્રમાં એને વરાંકા કહ્યા છે. 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :- પૈસાદારને સુખી...

ઉત્તર :- પૈસાદાર કે દિ' (સુખી) હતો? પૈસા ક્યાં એના બાપના હતા? પૈસા તો જડ છે, પૈસા તો ધૂળ છે. 'તારાચંદજી'! પૈસા કરોડ હો કે અબજ હો, એ તો ધૂળ-માટી જડ પુદ્ગલ છે. એનો સ્વામી ક્યાંથી થયો? એનો સ્વામી હોય તો એ તો જડ છે. ભેંસનો સ્વામી પાડો હોય. એમ લક્ષ્મીનો સ્વામી થાય એ તો જડ છે, મૂઢ છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, '**દૂસરેકે જગતકી વિષય-વાસનાઓંમેં...**' જેની દૃષ્ટિ પર ઉપર છે, પોતાનો આનંદસ્વરૂપ ભગવાન, એની તો ખબર નથી. પર વિષયવાસનામાં જેની લાલસા છે એ બધા દુઃખી છે. બરાબર હશે? 'તારાચદંજી'! 'નેમિદાસભાઈ'! આહા! જુઓને! આ બિચારા હમણાં મરી ગયા. નહિ? 'મુંબઈ'. ૯૫ માણસ. 'દિલ્હી'થી પ્લેન આવ્યું હતું. એ પ્લેન જાતું હતું 'મદ્રાસ'. તો 'મુંબઈ'માં જ્યાં ઉપર લઈ ગયા ત્યાં ખટકો થઈ ગયો, નીચે ઉતર્યું ત્યાં બળીને ભસ્મ. આહાહા..! કેટલાય ગૃહસ્થો હશે. 'દિલ્હી'થી આવ્યું હતું. 'મુંબઈ'થી 'મદ્રાસ'ની ૪૦૦ રૂપિયાની ટિકિટ. 'મુંબઈ'થી 'મદ્રાસ'ની ૪૦૦ રૂપિયાની એક ટિકિટ. 'દિલ્હી'થી આવતું હશે. 'મદ્રાસ'થી આગળ જતું હતું. આહા..! એકદમ બળીને ભસ્મ. કોઈના પગ તૂટી ગયા, કોઈના હાથ કપાઈ ગયા. એની પાંખ હોય ને? પાંખમાં ભરે ને? શું કહે છે? પેટ્રોલ. પેટ્રોલ.. પેટ્રોલ. એની પાંખ હોય ને? એમાં પેટ્રોલ ભર્યું હોય. ન્યાં અગ્નિ લાગી તો પેટ્રોલ સળગ્યું. આહાહા..! એ બિચારા મરીને ક્યાં જાતા હશે? ઘણા તો ઢોરમાં-પશુમાં જાય. કારણ કે દારૂ, માંસ ન ખાતા હોય અને મમતા હોય. આ મારા, આ મારા. વેપાર કરવા ગયા હોય એને લક્ષ્મી... આહાહા..! ઘણા કરોડપતિ, અબજોપતિ એ મરીને પશુ થવાના. ધર્મની ખબર ન મળે. પુણ્ય તો છે નહિ. નવા પુણ્ય કેટલા છે એની ખબર નથી. એકલી મમતા.. મમતા.. મમતા. આ પૈસા મારા, આ બાયડી, કુટુંબ (મારા).

ઈ કહે છે, જુઓને!

**'દૂસરેકે જગતકી વિષય-વાસનાઓંમેં...'** એને તો પરની વાસના છે. આહાહા..! અરેરે..! તિર્યંચગતિમાં બહુ સંખ્યા છે. ઘણા માણસો જે માંસ ને દારૂ ન ખાતા હોય અને અંદર ધર્મ પણ નથી અને જેને દયા, દાન, વ્રત, તપાદિનું પુણ્ય પણ ન હોય, એ મરીને (તિર્યંચમાં જવાના). મોટા શેઠિયાઓ હશે બિચારા. ત્યાંથી કેરાલા જતા હતા. આહાહા..! એવી દશા અનંતવાર થઈ ગઈ. આ આત્મા દેહથી અને રાગથી ભિન્ન છે. દેહ તો જડ માટી-ધૂળ છે પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય છે, એ રાગ છે. એ રાગથી પ્રભુઆત્મા ભિન્ન છે. આહાહા..! એવા આત્માની જેને અંતર દૃષ્ટિ નથી એ બધા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ચાહે તો બહારથી સાધુ થયો હોય, નગ્ન મુનિ દિગંબર (હોય), પણ અંદરમાં જે વ્રતાદિની ક્રિયા છે એ મારી છે અને મને લાભદાયક છે (એમ માને છે તો) એ મિથ્યાદૃષ્ટિ છે. એને તો લેશમાત્ર સુખ નથી. આહાહા..!

એ તો પહેલાં કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,' 'છ ઢાળા'માં આવે છે, 'છ ઢાળા'. 'મુનિવ્રત ધાર...' અઠ્યાવીસ મૂળગુણ, પંચમહાવ્રત, હજારો રાણીનો ત્યાગ કર્યો. મુનિવ્રત લીધા, દિગંબર થયો. દિગંબર, હોં! શ્વેતાંબરમાં તો મુનિ જ નથી. સાચા સાધુ હોતા જ નથી.

મુમુક્ષુ :- ણમો લોએ સવ્વ સાહુણં તો આવે છે.

ઉત્તર :- ઈ આ સાધુ. ણમો લોએ, બધા સાધુ ક્યાં છે? મહા આત્માના આનંદનો અનુભવ હોય અને અતીન્દ્રિય સુખનું વેદન હોય અને જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી પંચમહાવ્રતના વિકલ્પ હોય, જેની નગ્ન દશા થઈ ગઈ હોય, એને મુનિ કહેવાય છે. એ સિવાય કોઈ મુનિ નથી. એકલા નગ્ન થઈ જાય એ પણ મુનિ નથી અને નગ્ન હોય ને પંચમહાવ્રત પાળતા હોય એ પણ મુનિ નથી. આહાહા..! અંદરમાં જેને આત્માના આનંદનો અનુભવ હોય,.. એ કહ્યું હતું ને? મુનિને લેશ સુખ છે, મુનિને આનંદનો અનુભવ છે. આહા..! બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! જિનવરદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વરનો સમ્યગ્દર્શન માર્ગ, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર કોઈ અલૌકિક છે. એ બીજે ક્યાંય નથી. વીતરાગ પરમેશ્વર જિનવરદેવ સિવાય બીજે ક્યાંય સત્ય માર્ગ નથી. એમાં પણ આ હોવું જોઈએ. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખનો સાગર છે. એની પુણ્ય-પાપના વિકલ્પથી દૃષ્ટિ છૂટીને... કાલે બપોરે બહુ આવ્યું હતું, અંતરમાં આનંદમાં દૃષ્ટિ થવી.. આહાહા..! અને અંદર આનંદનો, જેટલા અનંતગુણ આત્મામાં છે, એ બધાનો એક અંશ જેને સમ્યગ્દર્શનમાં વેદનમાં આવે છે. આવી તો સમ્યગ્દર્શનની દશા છે. આહાહા..! એ સમ્યગ્દર્શન જ્યાં નથી ત્યાં તો વ્રત ને મુનિપણા એ બધા બહારના ખોખા એ થોથા છે. સમજાય છે કાંઈ? આહા..! માર્ગ એવો છે, ભાઈ! એ અહીં એક લીટીમાં કહે છે.

મુનિવરોને, સિદ્ધોને તો સુખ છે જ, પણ **'મહામુનીશ્વરોંકે સુખકા લેશમાત્ર...'** સાચા મુનિ હોય એને આનંદ હોય છે. આહા..! **'દૂસરેકે જગતકી વિષય-વાસનાઓંમેં**

**સુખ નહીં હૈ ઐસા હી કથન શ્રીપ્રવચનસારમેં કિયા હૈ.**'

'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર સંત 'પ્રવચનસાર'માં કહેનારા ભગવાન પાસે ગયા હતા. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯. ભગવાન 'સીમંધર' પરમાત્મા બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં ગયા હતા. દિગંબર મુનિ, મોરપીંછી કમંડળ. ભગવાન પાસે ગયા, આઠ દિવસ રહ્યા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. એ 'પ્રવચનસાર'. છે? 'પ્રવચનસાર' ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી એ પ્ર-વચન. પ્ર એટલે દિવ્યધ્વનિ, દિવ્યવચનો. એનો સાર. આહાહા..! સાક્ષાત્ ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન (બિરાજે છે, એમનું) ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. પાંચસો ધનુષનો દેહ છે. બે હજાર હાથ ઊંચો! બિરાજે છે. વર્તમાન સમવસરણમાં બિરાજે છે. ઈન્દ્રો આદિ સભામાં જાય છે. સિંહ, વાઘ, ઈન્દ્રો, દેવ, રાજા, મહારાજા બધા ત્યાં વ્યાખ્યાનમાં સભામાં જાય છે. આહા..! ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધર' ભગવાનના શ્રીમુખે વાણી સાંભળીને આ 'પ્રવચનસાર' બનાવ્યું.

'પ્રવચનસાર'માં કહે છે, '**સારાંશ યહ હૈ કિ જો શુદ્ધોપયોગકર પ્રસિદ્ધ...**' આહા..! શુદ્ધઉપયોગથી સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. શું કહે છે? આત્માનો જે મોક્ષ થાય છે, ણમો સિદ્ધાંણ, એ સિદ્ધપદ જે થાય છે એ પોતાના શુદ્ધઉપયોગથી થાય છે. પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ તો અશુદ્ધ મેલા ભાવ છે. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપભાવ છે અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિના ભાવ પુણ્ય છે. બેય ભાવ અશુદ્ધ છે, મેલ છે. એનાથી રહિત ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર છે. એ શુદ્ધનો ઉપયોગ, વેપાર થાય તેને શુદ્ધઉપયોગ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપુ! અરે..! અનંતકાળથી એ ચોર્યાસીમાં દુઃખી છે. અત્યારે જરી શરીર નિરોગ લાગે, એમાં પાંચ-પચાસ લાખ પૈસા હોય, બાયડી ઠીક હોય, છોકરાઓ કમાઉ હોય તો અમે ઠીક છીએ. ધૂળેય નથી. દુઃખી.. દુઃખી.. દુઃખી દુઃખમાં દઝાય ગયા છે. આનંદનું ભાન નથી. અંદર પ્રભુ આનંદસ્વરૂપ છે. આહાહા..! એના ભાન વિના (દુઃખી છે).

કહે છે, '**શુદ્ધોપયોગકર પ્રસિદ્ધ ઐસે શ્રીસિદ્ધપરમેષ્ઠી હૈં,...**' આહાહા..! ભગવાનઆત્માનો મોક્ષ થાય છે એ તો શુદ્ધઉપયોગથી થાય છે. શુદ્ધઉપયોગ નામ પુણ્ય અને પાપના ભાવથી રહિત ભગવાનઆત્મા પવિત્ર શુદ્ધ છે, એનો ઉપયોગ નામ અંદરમાં વેપાર, વીતરાગી પરિણામ શુદ્ધઉપયોગથી મુક્તિ થાય છે. સમજાય છે કાંઈ? આહા..! બહુ ઝીણી વાતું, બાપા! '**શુદ્ધોપયોગકર પ્રસિદ્ધ ઐસે શ્રીસિદ્ધપરમેષ્ઠી હૈં,...**' આહાહા..! અનંત સિદ્ધ ભગવાન. '**वंदित्तु सव्व सिद्धे**' આવે છે ને પહેલી ગાથા? અનંત સિદ્ધ ભગવાન થયા. છ માસ અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય છે. ભગવાન કેવળી પરમાત્મા જિનવરનું વચન છે. છ માસ આઠ સમય. સમય બહુ નાનો છે. ક બોલે એમાં અસંખ્ય સમય જાય. છ માસ અને આઠ સમયમાં, આ દુનિયામાં એટલી જીવ સંખ્યા છે કે એમાંથી ૬૦૮ મુક્તિ પામે છે. એવો એવો અનંતકાળ થયો તો અનંત સિદ્ધ પરમાત્મા છે. એ સિદ્ધ પરમાત્મા શુદ્ધઉપયોગથી થયા છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વ્રત ને

તપ ને અપવાસ એ બધો શુભભાવ છે. એ શુદ્ધ નથી. આહાહા..! આકરી વાતું બહુ, ભાઈ! અનંતકાળ થયો એને. આહાહા..!

'**ઉનકે અતીન્દ્રિય સુખ હૈ,...**' સિદ્ધ ભગવાન પરમાત્માને અતીન્દ્રિય સુખ છે. જેણે શુદ્ધઉપયોગથી પ્રાપ્ત કર્યું. શુદ્ધઉપયોગ, પવિત્ર વેપાર, વીતરાગી ઉપયોગ અંદર. આહાહા..! શુભ-અશુભભાવ છે એ તો રાગભાવ છે. આ તો શુદ્ધઉપયોગ વીતરાગભાવ છે. આહાહા..! આત્મા એ વીતરાગસ્વરૂપી જ આત્મા છે. એની અંતર સન્મુખ થઈને જે શુદ્ધ વેપાર થાય છે, એને અહીંયાં શુદ્ધઉપયોગ કહે છે. એ શુદ્ધઉપયોગથી મુક્તિ થાય છે. આહાહા..! અહીં તો હજી સાંભળ્યું પણ ન હોય કે શુદ્ધઉપયોગ શું છે? 'શાંતિભાઈ'! એક તો પૈસા જાણે બહારમાં સરખા હોય તો જાણે થઈ રહ્યું. મરી ગયા એમાં. છોકરાઓ કંઈક કમાઉ હોય. પાંચ-પચીસ લાખનું મકાન હોય. થઈ રહ્યું, આમ જાણે સુખી છીએ. મરી ગયો છો, સાંભળને! તારા સ્વભાવમાં સુખ છે એનો તો અનાદર કરે છે અને બહારમાં સુખ એમ આદર કરે છે. .. પરની હિંસા કોણ કરી શકે? આહાહા..!

રાગરહિત પોતાનો નિજ શુદ્ધ સ્વભાવનો ઉપયોગ, એનો અંતર વેપાર, એનાથી સિદ્ધ થવાય છે. એને અનંતસુખ છે. '**વહ સર્વોત્કૃષ્ટ હૈ,...**' પરમાત્મા સિદ્ધને સર્વોત્કૃષ્ટ સુખ છે. ચક્રવર્તી ને બળદેવ ને ઈન્દ્રોને પણ એ સુખ નથી. સમકિતી હોય અને થોડું સુખ હોય એ બીજી વાત છે. '**ઔર આત્મજનિત હૈ,...**' આહાહા..! આ વિષયસુખ તો રાગજનિત છે. ચાહે તો સ્ત્રીનો વિષય હો, ચાહે તો આબરૂમાં પ્રશંસા સાંભળે, એમાં ઠીક લાગે એ તો બધો રાગ વિકાર દુઃખનો પ્રસંગ છે. એ તો દુઃખ છે. આહાહા..! આ તો આત્મજનિત સુખ છે. ભગવાન સિદ્ધ પરમાત્માને આત્માજનિત, ભગવાન આનંદસ્વરૂપ છે, એનાથી ઉત્પન્ન થયેલો આનંદ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**તથા વિષય-વાસનાસે રહિત હૈ,...**' પોતાના આનંદ-સુખમાં તો વિષયવાસનાનો અભાવ છે. આહા..! વિષયની વાસના એ તો દુઃખ છે. આહાહા..! '**અનુપમ હૈ,..**' શુદ્ધઉપયોગથી પ્રાપ્ત થયેલું સિદ્ધ ભગવાનનું સુખ અનુપમ છે. જેને કોઈ ઉપમા નથી. '**જિસકે સમાન સુખ તીન લોકમેં ભી નહીં હૈ,...**' આહાહા..! '**જિસકા પાર નહીં ઐસા બાધારહિત સુખ સિદ્ધોંકે હૈ.**' માટે મોક્ષનો પ્રયત્ન કરવો, એમ કહે છે. એ વાત પહેલા આવી ગઈ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ચારનો પુરુષાર્થ છે. ધર્મ શબ્દે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ધર્મ એટલે પુણ્ય. એ પુણ્યનો પુરુષાર્થ છે. લક્ષ્મીનો પુરુષાર્થ એ પાપનો પુરુષાર્થ છે અને ભોગનો પુરુષાર્થ તે પાપનો પુરુષાર્થ છે. એ પાપ-પુણ્ય બેયનો પુરુષાર્થ સંસાર છે. આહાહા..! અને આ મોક્ષ પુરુષાર્થ એ ચોથો પુરુષાર્થ છે. આહાહા..! એ નવમી ગાથા પૂરી થઈ.

अथ यस्मिन् मोक्षे पूर्वोक्तमतीन्द्रियसुखमस्ति तस्य मोक्षस्य स्वरूपं कथयति –

१३६) जीवहँ सो पर मोक्खु मुणि जो परमप्पय–लाहु।
कम्म–कलंक–विमुक्काहँ णाणिय बोल्लहिं साहू।।१०।।

जीवानां तं परं मोक्षं मन्यस्व यः परमात्मलाभः।
कर्मकलङ्कविमुक्तानां ज्ञानिनः ब्रुवन्ति साधवः।।१०।।

जीवहं इत्यादि। जीवहं जीवानां सो तं पर नियमेन मोक्खु मोक्षं मुणि मन्यस्व जानीहि हे प्रभाकरभट्ट। तं कम्। जो परमप्पय–लाहु यः परमात्मलाभः। इत्थंभूतो मोक्षः केषां भवति। कम्म–कलंक–विमुक्काहं ज्ञानावरणाद्यष्टविधकर्मकलङ्कविमुक्तानाम्। इत्थंभूतं मोक्षं के ब्रुवन्ति। णाणिय बोल्लहिं वीतरागस्वसंवेदनज्ञानिनो ब्रुवन्ति। ते के। साहू [1]साधवः इति। तथाहि। केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिरूपस्य कार्यसमयसारभूतस्य हि परमात्मलाभो मोक्षो भवतीति। स च केषाम्। पुत्रकलत्रममत्वस्वरूपप्रभृतिसमस्तविकल्परहितध्यानेन भावकर्मद्रव्यकर्म–कलङ्करहितानां भव्यानां भवतीति ज्ञानिनः कथयन्ति। अत्रायमेव मोक्षः पूर्वोक्त–स्यानन्तसुखस्योपादेयभूतस्य कारणत्वादुपादेय इति भावार्थः।।१०।। एवं मोक्षमोक्षफलमोक्ष–मार्गादिप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये सूत्रदशकेन मोक्षस्वरूपनिरूपणस्थलं समाप्तम्।

---

आगे जिस मोक्षमें ऐसा अतीन्द्रियसुख है, उस मोक्षका स्वरूप कहते हैं –

गाथा – १०

अन्वयार्थ :– हे प्रभाकरभट्ट; जो [ कर्मकलंकविमुक्तानां जीवानां ] कर्मरूपी कलंकसे रहित जीवोंको [ यः परमात्मलाभः ] जो परमात्मकी प्राप्ति है [ तं परं ] उसीको नियमसे तू [ मोक्षं मन्यस्व ] मोक्ष जान, ऐसा [ ज्ञानीनः साधवः ] ज्ञानवान् मुनिराज [ ब्रुवंति ] कहते हैं, रत्नत्रयके योगसे मोक्षका साधन करते हैं, इससे उनका नाम साधु है।

भावार्थ :– केवलज्ञानादि अनंतगुण प्रगटरूप जो कार्यसमयसार अर्थात् शुद्ध परमात्माका लाभ वह मोक्ष है, यह मोक्ष भव्यजीवोंके ही होता है। भव्य कैसे हैं कि पुत्र कलत्रादि परवस्तुओंके ममत्वको आदि लेकर सब विकल्पोंसे रहित जो आत्म–ध्यान उससे जिन्होंने भावकर्म और द्रव्यकर्मरूपी कलंक क्षय किये हैं, ऐसे जीवोंके निर्वाण होता है, ऐसा ज्ञानीजन कहते हैं। यहाँ पर अनंत सुखका कारण होनेसे मोक्ष ही उपादेय है।।१०।।

---

१. પાઠાન્તર :- साधवः इति = रत्नत्रयवेष्टमेन
मोक्षसाधका = साधव इति।

**હવે, જે મોક્ષમાં પૂર્વોક્ત અતીન્દ્રિય સુખ છે તે મોક્ષનું સ્વરૂપ કહે છે :-**

**ભાવાર્થ :- પુત્ર, કલત્રાદિ પરવસ્તુઓના મમત્વથી માંડીને સમસ્ત વિકલ્પોથી રહિત ધ્યાનથી જેઓ ભાવકર્મ દ્રવ્યકર્મરૂપી કર્મકલંકથી રહિત થયા છે એવા ભવ્ય જીવોને કેવળજ્ઞાનાદિ અનંતગુણની વ્યક્તિરૂપ કાર્યસમયસારભૂત પરમાત્માની પ્રાપ્તિ તે ખરેખર મોક્ષ છે, એમ સાધુજ્ઞાનીઓ કહે છે.**

**અહીં આ જ મોક્ષ, પૂર્વોક્ત ઉપાદેયભૂત અનંત સુખનું કારણ હોવાથી ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૧૦.**

---

## ગાથા-૧૦ ઉપર પ્રવચન

**'આગે જિસ મોક્ષમેં ઐસા અતીન્દ્રિયસુખ હૈ, ઉસ મોક્ષકા સ્વરૂપ કહતે હૈં-'**

**અન્વયાર્થ :-** '**હે પ્રભાકરભટ્ટ...**' 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત છે. જંગલમાં વસતા હતા. મુનિઓ તો જંગલમાં વસતા હતા. સમજાય છે કાંઈ? દિગંબર નગ્નમુનિ, જેને વસ્ત્રનો દોરો પણ નહિ અને જંગલમાં આનંદ.. આનંદ.. આનંદ અતીન્દ્રિય આનંદમાં રમતા હતા. આહાહા..! એ અતીન્દ્રિય સુખ મોક્ષમાં છે. એ મોક્ષનું સ્વરૂપ કહે છે. 'યોગીન્દ્રદેવ' 'પ્રભાકરભટ્ટ' શિષ્યને કહે છે. 'યોગીન્દ્રદેવ' મુનિ છે, દિગંબર છે, આનંદના અનુભવી છે. આહાહા..! એકલું નગ્નપણું અને પંચમહાવ્રત એ કોઈ મુનિપણું નથી. એ તો બાહ્યની ક્રિયાકાંડ છે, એ તો અભવિ પણ એમ કરે છે. આહા..! અહીંયાં તો 'યોગીન્દ્રદેવ' 'પ્રભાકરભટ્ટ' શિષ્ય છે એને કહે છે. દસમી (ગાથા).

**૧૩૬) जीवहँ सो पर मोक्खु मुणि जो परमप्पय-लाहु।**
**कम्म-कलंक-विमुक्काहँ णाणिय बोल्लहिं साहू।।१०।।**

આહાહા..! '**કર્મરૂપી કલંકસે રહિત જીવોંકો...**' જે આઠ કર્મથી રહિત થઈ ગયા. '**જો પરમાત્માકી પ્રાપ્તિ હૈ,...**' પરમાત્મા એટલે આત્માની એને પ્રાપ્તિ છે. '**ઉસીકો નિયમસે તૂ મોક્ષ જાન,...**' શિષ્યને કહે છે. 'યોગીન્દ્રદેવ' સંત મુનિ છે. આનંદના અનુભવી છે. અતીન્દ્રિય આનંદના અનુભવી. મુનિ તો એને કહે છે. આહાહા..! એ મુનિ પોતાના શિષ્યને કહે છે. '**કર્મરૂપી કલંકસે રહિત જીવોંકો જો પરમાત્માકી પ્રાપ્તિ...**' અર્થાત્ સિદ્ધપદ હોતા હૈ, '**ઉસીકો નિયમસે તૂ મોક્ષ જાન, ઐસા જ્ઞાનવાન મુનિરાજ કહતે હૈં,...**' આ કોણ કહે છે? કે કેવળી અથવા સંતો આમ કહે છે. સાચા જ્ઞાનવાન સંત એમ કહે છે કે કર્મકલંક રહિત પરમાત્માની પ્રાપ્તિ એ નિયમથી સુખ છે. જ્ઞાનીઓ, સર્વજ્ઞો અને મુનિઓ એમ કહે છે. છે? '**જ્ઞાનવાન મુનિરાજ કહતે હૈં, રત્નત્રયકે યોગસે મોક્ષકા સાધન કરતે હૈં, ઈસસે ઉનકા નામ સાધુ હૈ.**' આહાહા..! સાધુ, ભગવાન જિનવરદેવના શાસનમાં એને સાધુ કહે છે કે

**'રત્નત્રયકે યોગસે મોક્ષકા સાધન કરતે હૈં,...'** આહાહા..! નિજ આનંદસ્વરૂપની દૃષ્ટિ-સમ્યગ્દર્શન, નિજ આનંદનું જ્ઞાન અને નિજ આનંદની રમણતા, એ રત્નત્રય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. 'તત્ત્વાર્થસૂત્ર'માં પહેલું સૂત્ર છે ને. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. 'ઉમાસ્વામી' 'તત્ત્વાર્થસૂત્ર'. સમ્યગ્દર્શન એ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે, વ્યવહારની નહિ. આ નિશ્ચયરત્નત્રયની વાત છે.

પોતાનો આત્મા જ્ઞાનનો.. કાલે આવ્યું હતું ને? ભર છે, એ તો પુંજ છે. જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા છે. આહા..! એ આત્માનો અંતર અનુભવ (થવો) એ સમ્યગ્દર્શન (છે). એનું જ્ઞાન-ભગવાનઆત્માનું જ્ઞાન એ જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા..! અને સ્વરૂપ આનંદમાં રમણતા, આનંદનું વિશેષ વેદન, આનંદનું ભોજન કરે છે. મુનિઓ આનંદનું ભોજન કરે છે. આહાહા..! આરે..! આ વાત. એ રત્નત્રયના યોગથી. આવા રત્નત્રયના વેપારથી મોક્ષનું સાધન કરે છે. મોક્ષનું સાધન કરે છે તેને સાધુ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- યોગથી એટલે? નિશ્ચય-વ્યવહાર રત્નત્રય ભેગા કરીને?

ઉત્તર :- વ્યવહારની અહીંયાં વાત નથી. નિશ્ચયરત્નત્રય.

મુમુક્ષુ :- યોગથી એટલે?

ઉત્તર :- યોગ કીધો ને, ત્રણનો યોગ-સંબંધ. વાત કરી ને. વાત કરી. રત્નત્રયના યોગથી. રત્નત્રયના વેપારથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! અપૂર્વ વાત છે આ. અત્યારે તો સાંભળવા મળવું મુશ્કેલ છે. જ્યાં હોય ત્યાં બહારની વાતું. આ વ્રત કરો ને અપવાસ કરો ને જાત્રા કરો ને વર્ષીતપ કરો. એમાં ધર્મ છે એમ લોકો માને છે. આહા..! એ બધી તો ક્રિયાકાંડ છે, રાગની વાત છે. કદાચ મંદ રાગ હો, મિથ્યાત્વ સહિત તો પુણ્ય બાંધે છે, ધર્મ નહિ. આહાહા..! મિથ્યાત્વ સાથે છે, પુણ્યને ધર્મ માને છે. આહાહા..! અમે ધર્મ કરીએ છીએ. આ સામાયિક ને પોષા ને પડિકમણા કરે છે ને? એ તો વિકલ્પ છે. સામાયિક તો સમ્યગ્દર્શન વિના સામાયિક ક્યાંથી આવી? આત્મા સમતા.. સામાયિક એટલે સમતા. આય એટલે લાભ. આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે. એનો અંતર અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. પછી સ્વરૂપમાં ઠરે તો સામાયિકની સ્થિરતા વીતરાગી દશા થાય છે. એનું નામ સામાયિક છે. અહીં તો હજી કંઈ ભાન ન હોય અને લઈને બેઠા, ણમો અરિહંતાણં... ઈચ્છામી પડિકમણા, તસ્સ મિચ્છામી દુક્કડમ્. તાવકાયેઠાણેણં જાણેણં અપ્પાણં વોસરે. એ અપ્પાણં શું ને વોસરે શું? બાપુ! માર્ગ જુદા, બાપા! ભગવાન વીતરાગ પરમેશ્વર, એનો નિશ્ચય સત્ય માર્ગ બહુ દુર્લભ છે. આહાહા..! પહેલા સાંભળીને પહેલી શ્રદ્ધા તો કરે. વ્યવહારશ્રદ્ધા વિકલ્પ સહિત. કે માર્ગ તો આ છે.

અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એનો અંતરમાં સ્વસ્વભાવસન્મુખ થઈને, રાગથી વિમુખ થઈને,.. આહાહા..! જ્ઞાનાનંદ સ્વભાવની અંતર્મુખની અંતર પ્રતીતિ એ નિશ્ચય સમ્યગ્દર્શન (છે). એ વસ્તુનું અંતરમાં જ્ઞાન ચિદાનંદ ભગવાનઆત્મા પોતાના પરમાત્મસ્વરૂપનું જ્ઞાન અને એમાં રમણતા, તેને રત્નત્રય કહેવાય છે. કોઈ ચીજ મોંઘી લે તો

મૂલ્ય દે છે ને? પાંચ લાખ કે દસ લાખના હીરા લેવા હોય તો પૈસા આપે તો રત્ન આપે ને? એમ આ રત્નત્રય દે તો મુક્તિ થાય છે. આહાહા..! એ રત્નત્રય એ સમકિત. અરે..! એ તો અભવી પણ માને છે. સાંભળને! પરદ્રવ્યની શ્રદ્ધા એ ક્યાં સમકિત છે.

પોતાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય સુખથી ભરેલો પ્રભુ, એની સન્મુખ થઈને, એના જ્ઞાનનું વેદન કરીને પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ તો હજી ચોથું ગુણસ્થાન છે. પછી એ આનંદમાં વિશેષ રમણતા થોડી થઈ જાય એનું નામ પંચમ ગુણસ્થાન શ્રાવક કહેવાય છે. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી. આહાહા..! કોથળીમાં, થેલીમાં કાળી જીરી ભરી હોય અને ઉપરથી નામ લખે સાકર. તો એ કાળી જીરી સાકર થઈ જાય છે? એમ જેને હજી પુણ્યના-પાપના પરિણામમાં મીઠાશ છે, એ દયા, દાનના પરિણામથી મને ધર્મ છે, એ ધર્મનું કારણ છે, એવું મિથ્યાત્વનું ઝેર પડ્યું છે. એને નામ આપે કે શ્રાવક છે. એ કાળી જીરીને સાકરનું નામ આપવા જેવું છે. આવો માર્ગ છે, ભગવાન! આહાહા..! અપૂર્વ માર્ગ છે. પૂર્વે કદી કર્યો નથી. પૂર્વે કદી કર્યો નથી, વર્તમાનમાં સાંભળવા મળવું મુશ્કેલ પડે છે. આહાહા..!

ઈ કહે છે, **'ઈસસે ઉનકા નામ સાધુ હૈ.'** આહાહા..!

**ભાવાર્થ :- 'કેવલજ્ઞાનાદિ અનંતગુણ પ્રગટરૂપ કાર્યસમયસાર...'** શું કહે છે? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જે અરિહંતને પ્રગટ થાય છે, એને કાર્યસમયસાર કહે છે. અરિહંત ભગવાન-ણમો અરિહંતાણં. એમની દશામાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતદર્શન, અનંતસ્વચ્છતા, અનંતઈશ્વરતા, એવી અનંત શક્તિઓની પ્રગટતા અનંતી થઈ ગઈ. એ અનંત ગુણરૂપ પ્રગટરૂપ. શક્તિરૂપ તો બધામાં છે, એમ કહે છે. બધા ભગવાનઆત્મામાં શક્તિરૂપ તો જ્ઞાન, આનંદ છે જ. તો શક્તિમાંથી અંદરથી પ્રગટ થવું, બહાર આવવું. આહાહા..! **'કેવલજ્ઞાનાદિ અનંતગુણ પ્રગટરૂપ...'** ભાષા સમજાણી? આહાહા..! જે **'કાર્યસમયસાર અર્થાત્ શુદ્ધ પરમાત્માકા લાભ વહ મોક્ષ હૈ,...'** આહા..!

**'યહ મોક્ષ ભવ્યજીવોંકે હી હોતા હૈ.'** આહાહા..! અભવીનો મોક્ષ નથી થતો. જીવના બે પ્રકાર છે. જેમ મઠ, મગ આદિ કોરડું હોય. કોરડાને શું કહે છે? કોરડું હોય ને? પાણી ગમે એટલું નાખે પણ ચડે નહિ. ભરડે ભુકો થાય. લોટ થઈને પાપડ થાય, પણ ઓગળે નહિ. એવા અનંત અભવી જીવ હોય છે. આહાહા..! એને કદી સમ્યગ્દર્શન થતું નથી. મોક્ષ તો ભવિનો જ થાય છે. છે? **'મોક્ષ ભવ્યજીવોંકે હી હોતા હૈ. ભવ્ય કૈસે હૈં...'** એ ભવ્ય કેવા છે? **'પુત્ર કલત્રાદિ પરવસ્તુઓંકે મમત્વકો આદિ લેકર સબ વિકલ્પોંસે રહિત...'** આહાહા..! બધા વિકલ્પ. વિકલ્પ નામ રાગ. બધા રાગરહિત **'જો આત્મ-ધ્યાન...'** આત્મધ્યાન. ભગવાનઆત્માને ત્રાટક-વિષય બનાવી, ધ્યાનમાં આત્માને વિષય બનાવ્યો. આહાહા..!

**'આત્મ-ધ્યાન ઉસસે જિન્હોંને...'** ભવ્યજીવોએ **'ભાવકર્મ...'** એટલે પુણ્યપરિણામ.

ભાવકર્મ છે ને? પુણ્ય, દયા, દાન, વ્રત, તપના ભાવ એ પુણ્ય પરિણામ છે, ભાવકર્મ છે. એનો પણ જેણે નાશ કરી નાખ્યો. આહાહા..! વાત એવી લાગે માણસને. વાડામાં પડ્યા હોય અને આ સાંભળ્યું હોય તો એમ લાગે, આ શું છે? આ તે જૈનદર્શન હશે? આવો વીતરાગમાર્ગ હશે? અમે તો એવું સાંભળતા, છકાયની દયા પાળવી, અપવાસ કરવા, કંદમૂળ ન ખાવું, ચોવિહાર કરવા. આવું સાંભળતા. હવે આવો માર્ગ હશે જૈનનો? બાપુ! વીતરાગમાર્ગ આ છે, હોં! આહાહા..!

અમે ન્યાં દુકાન ઉપર એ માનતા. 'પાલેજ'. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ને? ત્યાં પિતાજીની દુકાન હતી. હજી દુકાન છે. મને તો દુકાન છોડ્યા ૬૩ વર્ષ થયા. દુકાન ચાલે છે, 'પાલેજ'માં. નવ વર્ષ ત્યાં રહ્યા. બધું કરતા. સામાયિક કરતા, પડિકમણા કરતા. સાંજે હું જ પડિકમણ કરાવતો. ભગત કહેવાતો ને, નાની ઉંમરથી. હું તો નાની ઉંમરથી ચોવિહાર કરતો. (સંવત) ૨૦૬૫ની સાલથી. રાત્રે આહાર-પાણીનો ત્યાગ. ૨૦૬૫ની સાલથી. રાત્રે આહાર-પાણી નહિ. ભગત કહેવાતા. અમે માનતા કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા..! વાત તો બીજી નીકળી પછી. આહાહા..!

અહીં કહે છે, ભવ્યજીવનો મોક્ષ થાય છે. કેવા ભવ્યજીવનો? ઈ કહે છે ને? '**સબ વિકલ્પોંસે રહિત...**' વિકલ્પ નામ રાગ રહિત '**જો આત્મ-ધ્યાન ઉસસે જિન્હોંને ભાવકર્મ...**' એવા ધ્યાનથી ભાવકર્મ એટલે પુણ્યપરિણામ '**દ્રવ્યકર્મ...**' એટલે જડ, એ '**કલંક ક્ષય કિયે હૈં,..**' એ કલંક છે. આહાહા..! ગજબ છે, નાથ! એ શુભભાવ દયાનો, દાનનો, વ્રતનો, અપવાસનો એ શુભભાવ છે, એ કલંક છે. એ આત્માનું સ્વરૂપ નહિ. મેલ છે. આહાહા..! છે ને? પાઠ છે ને? પાઠ. '**कम्म-कलंक-विमुक्काहँ**' પાઠ છે ને? ત્રીજું પદ. કર્મકલંક. એ કર્મકલંક. પુણ્યપરિણામ પણ કલંક છે, એમ કહે છે. આહાહા..! ત્રીજું પદ છે, દસમી ગાથા. ત્રીજું પદ. આહાહા..! દ્રવ્યકર્મ અને ભાવકર્મનું કલંક '**ક્ષય કિયે હૈં,...**' આહાહા..! જેણે આત્મધ્યાનથી ભગવાન ઉપર ધ્યાન અંદર લગાવીને ભાવકર્મ અને દ્રવ્યકર્મ જે કલંક છે એનો ક્ષય કર્યો છે. આહાહા..!

'**ઐસે જીવોંકે નિર્વાણ હોતા હૈ,...**' છે? એવા ભવ્યજીવની મુક્તિ થાય છે. નિજ આત્માનું ધ્યાન કરી ધ્યાનમાં લીન થાય છે ત્યારે પુણ્ય અને પાપના ભાવ કલંક છે એનો નાશ થાય છે, એવા જીવની મુક્તિ થાય છે. આહાહા..! ઓહોહો..! સંસાર.. સંસાર, જુઓને! એ બિચારા બેસીને 'મદ્રાસ' જતા હશે. પૈસાવાળા હોય એ ચારસો (ખર્ચે). એક ટિકિટના ૪૦૦ રૂપિયા. 'દિલ્હી'થી તો વળી કેટલાય હશે. 'દિલ્હી'થી આવ્યું હતું. 'દિલ્હી'થી 'મુંબઈ' ૯૦૦? કહો. ૯૦૦ ઈ અને ૪૦૦ આ, ૧૩૦૦ રૂપિયાની ટિકિટ. એથી આઘે જાતું હશે. 'મદ્રાસ'થી આઘે નહિ જાતું હોય? ક્યાં જાતું હશે? કાલે કોઈક કહેતું હતું, આઘે જાય છે. કોઈ કહેતું હતું, આઘે જાય છે. ૧૩૦૦ રૂપિયાની ટિકિટ. ગૃહસ્થ હશે ત્યારે જાતા હશે ને? આહાહા..! અરેરે..! એને આત્મા શું? બિચારા પૈસાદાર માણસ. હડ.. હડ.. હડ સળગ્યું. હાથ તૂટ્યા, કોઈના પગ તૂટી ગયા, મોઢા બળી ગયા. આહાહા..! એકદમ ભડકો

થતો હશે? અંદરમાં થાતો હશે. શું કહેવાય? એનો સંચો હોય ને? સંચો. એક ફેરી એનો માણસ હતો ને, અમે એમાં બેઠા હતા ને. મહારાજ! જોવા માટે પધારો ને. એનો ચલાવનાર હોય ને. ત્રણ-ત્રણ હજારના પગારદાર મોટા. અમે એમાં બેઠા હતા. મહારાજ જોવા તો આવો. ચાર-ચાર હજારના પગાર. શીખ આવે છે ને? સરદાર.. સરદાર. અમે બેઠા હતા ને? એ જાણે કે આ તો મહારાજ છે. અમારી સાથે બીજા માણસ બેઠા હોય. પ્લેનમાં બેઠા હતા. અંદર જોવા આવો, પધારો. આહા..! એ અંદરથી સળગતું હશે. બે પાંખમાં ભર્યું હોય પેટ્રોલ. કારણ કે નાખે ક્યાં પેટ્રોલ? આહા..! અંદર પણ દાબે ત્યારે... હવા માટે નથી હોતું? આમ દાબે તો હવા (નીકળે). છે ને, બધું જોયું છે ને. પ્લેનમાં ઘણી વાર બેઠા છીએ ને. દાબે ત્યારે હવા આવે. આમ દાબે તો પ્રકાશ થાય. આહા..! ન્યાં પણ બધું સળગતું હશે ને? ભડાકા બોલતા હશે. આહાહા..! આ દશા. આત્માના ભાન વિનાની આ દશાઓ. પાછું જાવું દુર્ગતિ. ન્યાં કાંઈ એને.. કારણ કે મમતા.. મમતા ઘણી હોય. સળગવાનું હોય તો બિચારા કરે તો ખરા. ભગવાન ભગવાન કરો બધા. આહાહા..! જેના જે ઈષ્ટદેવ હોય ઈ. અરેરે..! આહા..! આવા અવતાર અનંતવાર થયા છે, હોં! એની વાત નથી એકલી. આ જીવને પણ ભૂતકાળમાં અનંતવાર એ દશા થઈ ગઈ છે. અનંતકાળ.. અનંતકાળ.. આહાહા..! ક્યાંય ભવનો, કાળનો અંત છે? આદિ છે? એમ ને એમ અનંત... અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. ગયો કાળ ચાલ્યો ગયો. આહાહા..! કહે છે, તને મનુષ્યપણું મળ્યું, પ્રભુ! હવે તારો ધર્મના અવસરનો કાળ છે. આહાહા..! તું આત્મા કોણ છે એને ઓળખ, પ્રભુ! આહા..! તું કોણ છો અંદર? સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર છે. સમજાય છે કાંઈ?

**'ઐસે જીવોંકે નિર્વાણ હોતા હૈ,...'** આવા જે આત્માનું ધ્યાન કરે છે... આહાહા..! એવો જીવોનો મોક્ષ થાય છે. **'ઐસા જ્ઞાનીજન કહતે હૈં.'** આમ અનંતા સર્વજ્ઞો અને અનંતા સંતો જ્ઞાનીજનો આમ કહે છે. પોતાના આત્માના ધ્યાનથી મુક્તિ થાય છે, બીજાથી થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ ઓલા જાત્રાની વાત નથી કરતા? સમેદશીખર. 'એકવાર વંદે જો કોઈ, નરક, પશુ ન હોય' એમાં શું દાળિયા થયા? નરક પશુ ન થાય તો. એ તો શુભભાવ છે. સમેદશીખરની જાત્રા, ગિરનારની જાત્રા એ બધો શુભભાવ છે, ધર્મ નહિ. એ તો પાપથી બચવાનો ભાવ છે. પણ એ ભાવ ધર્મ નહિ, એનાથી મોક્ષ મળતો નથી, એનાથી સંવર, નિર્જરા થતી નથી.

મુમુક્ષુ :- થોડી પણ નહિ?

ઉત્તર :- થોડી પણ નહિ. અમારે શેઠ જવાના છે ને. સાંભળતા હતા. 'નેમિદાસ' જવાના છે. નીકળ્યા છે એને માટે. જાત્રા. છોકરાઓને અત્યારે નિશાળમાં રજા હોય ને? એટલે શેઠ નીકળ્યા છે. મોટરમાં જાશે. 'નેમિદાસ' શેઠ. ૯૧ વર્ષની ઉંમર છે એની. ૯૦ ને ૧. ૯૧ થયા ને? આહાહા..!

આત્મામાં અનંત જ્ઞાન અને આનંદ ભર્યા છે, એનું જે ધ્યાન કરે છે અને ભાવકર્મ અને

દ્રવ્યકર્મની કલંકતા નાશ પામે છે અને એનો મોક્ષ થાય છે, એમ જ્ઞાનીજન કહે છે. અનંતા જ્ઞાની આ કહે છે. વ્યવહારથી મુક્તિ થાય છે એમ જ્ઞાની કહેતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! વાત ભારે આકરી પડે, હોં! એમાં નવા માણસ હોય અને કોઈ દિ' સાંભળ્યું ન હોય, એને થાય, આ શું કહે છે? કો'ક દિ' ન્યાં સાંભળવા આવતા હશે ને? 'મુંબઈ' સાંભળવા આવતા હશે ને? એકવાર? લ્યો. બાપુ! આ કાંઈ એકવાર સાંભળ્યે પત્તો ખાય એવો નથી. આહાહા..! પહેલું તો અંદરથી આમ થનગનાટ થઈ જાય. હાય! હાય! આ દયા પાળીએ, વ્રત કરીએ, અપવાસ કરીએ (એ ધર્મ નહિ)?

બાપુ! એ તો વિકલ્પ છે, ભાઈ! તને ખબર નથી. એ તો રાગની વૃત્તિનું ઉત્થાન છે, પુણ્ય છે. એ તો જીવને કલંક છે. કલંક કીધું ને? આવો માર્ગ (છે), બાપુ! વીતરાગમાર્ગ. પરમેશ્વર વીતરાગ અનંત સર્વજ્ઞો.. અહીં કીધું ને? **'ઐસા જ્ઞાનીજન કહતે હૈં.'** આહાહા..! અનંત જ્ઞાનીઓ, સર્વજ્ઞો, સાચા સંત મુનિઓ આ રીતે મોક્ષનો ઉપાય કહે છે. કહો, 'ભગવાનજીભાઈ'! આહાહા..! વાત આવી છે, બાપુ! શું થાય? બીજે રસ્તે દોરાઈ ગયા અને આ રસ્તે આવવું બહુ કઠણ. બહારમાં માન્યું હોય. આહાહા.!

**'ઐસા જ્ઞાનીજન કહતે હૈં. યહાં પર અનંત સુખકા કારણ હોનેસે મોક્ષ હી ઉપાદેય હૈ.'** આહાહા..! આદરણીય હોય તો સિદ્ધપદ અને મોક્ષ છે. બીજું કંઈ આદરણીય નથી. આહાહા..! **'અનંત સુખકા કારણ હોનેસે...'** અનંતઆનંદ. મોક્ષ નામ સિદ્ધપદમાં તો અનંતઆનંદ (છે). તેનું **'કારણ હોનેસે મોક્ષ હી ઉપાદેય હૈ.'** અંગીકાર કરવાલાયક એક જ છે. આહાહા..! એમ મોક્ષની વ્યાખ્યા થઈ. બીજા અધિકારમાં ત્રણ વ્યાખ્યા છે. મોક્ષની વ્યાખ્યા, મોક્ષના ફળની વ્યાખ્યા અને મોક્ષના કારણની વ્યાખ્યા. એમાં અત્યાર સુધી મોક્ષનો અધિકાર થયો. હવે મોક્ષનું ફળ (કહે છે). મોક્ષમાં શું ફળ આવે છે? આનંદ. એ એક ગાથામાં કહેશે. પછી મોક્ષનો માર્ગ ૨૧ ગાથામાં (કહેશે). મોક્ષનો માર્ગ ૨૧ ગાથામાં (કહેશે). આહાહા..!

શરીરમાં શૂળ ચડે, ડાબે-જમણે. આહાહા..! ડબલ ન્યુમોનિયા થાય. એ પછી અબજોપતિ હોય તોય... અરે..! હાય.. હાય..! (કરે). આ બાય હમણાં મરી ગઈ, નહિ? 'ગોવા... ગોવા'માં આપણા 'શાંતિલાલ ખુશાલ' હતા. ક્યુ ગામ કહેવાય ઈ? 'લીંબડી' પાસે 'પાણસણા'. 'પાણસણા' જોયું છે, અમે બધા ગામ જોયા છે. 'પાણસણા'ના એ સ્થાનકવાસી જૈન. ૩૦-૩૨ વર્ષ પહેલા કાંઈ નહોતું. ત્યાં ગયા અને કરતા કરતા કરતા બે અબજ ચાલીસ કરોડ થઈ ગયા. બે અબજ અને ચાલીસ કરોડ. એ દોઢ વર્ષ પહેલા મરી ગયો. દોઢ વર્ષ પહેલા એની વહુને હેમરેજ થયેલું, હેમરેજ. એની દવા માટે 'ગોવા'થી 'મુંબઈ' આવ્યા. થોડા દિવસ પછી... એમની દીકરીયું ભાણેજ અહીં છે. એના બેનની દીકરીયું આપણે ૬૪ માં છે. ૬૪ બાળ બ્રહ્મચારી છે ને? એમાં બે દીકરીઓ બાળ બ્રહ્મચારી છે. એમની બેનની દીકરીયું. એ રાત્રે દોઢ વાગે ઉઠ્યો હશે ને દુઃખ થયું હશે. આવ્યો હતો એની વહુ માટે. મને દુઃખે છે, બોલાવો ડૉક્ટરને. ડૉક્ટર આવ્યા પહેલાં ભાઈસાહેબ ઊડી

ગયા પરલોકમાં. એની વહુ હેમરેજમાં. દોઢ વર્ષથી હેમરેજમાં હતી. અઢાર દિ', ઓગણીસ દિ', વીસ દિ' પહેલા મરી ગઈ. 'ગોવા'માં. આપણા દશાશ્રીમાળી વાણિયા હતા. દશાશ્રીમાળી 'પાણસણા'ના. થોડું પુણ્ય હશે. ૩૦-૩૨ વર્ષ જરી આવ્યું.. જાઓ..! આ સંસાર.. સંસાર. આહાહા..! દોઢ વર્ષથી હેમરેજ હતું. અસાધ્ય. દિવસનો ૫૦૦ રૂપિયાનો ખર્ચ હતો. ગૃહસ્થ માણસ ને એટલે... શું કહેવાય? નર્સને રાખી હોય. ખાવા-પીવાનું હોય ને? ચડાવતા હશે ને? એ તો અસાધ્ય. મોટો ખર્ચ. એમાં એકવાર પડખું ફરવા ગઈ ત્યાં હેઠે પડી ગઈ તો હાથ ભાંગી ગયો. તોય કાંઈ ખબર નહિ. સાધ્ય નહિ ને. અસાધ્યમાં છે. આહા..! આ દશાઓ, બાપા! એવી દશા તારી અનંતવાર થઈ ગઈ છે. આહાહા..!

અનંતકાળ થયો, અનંતકાળ થયો.. અનંતકાળ.. આહાહા..! આદિ છે કાળની? એવા અનંતકાળમાં શું અનંતવાર નથી થયું? એને નથી થયું એક સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહાહા..! નથી થયો મોક્ષ ને નથી થયો મોક્ષનો માર્ગ. બંધ અને બંધનો માર્ગ એણે અનાદિથી સેવ્યો છે. આહાહા..! બરાબર છે? આહાહા..! ભાઈ! જરી વિચાર કર, વિચાર કર તો ખબર પડે. દીર્ઘ વિચાર કર કે આ ક્યારનું છે? આહાહા..! ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ પ્રભુ આત્મા છે. આહાહા..!

શક્કરકંદની વાત નહોતી કરી? આ શક્કરિયા નથી થતા, શક્કરકંદ? એની ઉપલી લાલ છાલ જરી છે એ લક્ષમાંથી છોડી દો તો એકલો શક્કરકંદ છે. શક્કર એટલે સાકરનો મીઠાશનો પિંડ. આ શક્કરિયા.. શક્કરિયા કહેવાય છે ને? તમારે શું કહેવાય? શક્કરકંદ કહે છે. એક પાતળી લાલ છાલ જરી. એ લક્ષમાંથી છોડી દો તો એકલો શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ. એથી એને શક્કરકંદ કહે છે.

એમ આ ભગવાનઆત્મા પુણ્ય અને પાપના વિકલ્પની છાલ લક્ષમાંથી છોડી દે તો અંદર આનંદનો કંદ પ્રભુ છે. એ આનંદના નાથને સંભાળ. એના ધ્યાન અને એના મોક્ષમાર્ગથી તને મોક્ષ થશે. એ મોક્ષનું ફળ શું છે? એ અગિયારમી ગાથામાં કહે છે. ૧૧. આહાહા..! છે ને?

**'ઈસપ્રકાર મોક્ષકા ફલ ઔર મોક્ષ-માર્ગકા જિસમેં કથન હૈ, ઐસે દૂસરે મહાઅધિકારકે દસ દોહોમેં મોક્ષકા સ્વરૂપ દિખલાયા.'** દસ દોહામાં મોક્ષનું સ્વરૂપ કહ્યું. એક દોહામાં એનું ફળ કહેશે, ૨૧ દોહામાં એનો માર્ગ કહેશે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ અગિયારમી ગાથા છે. વિશેષ કહેવાશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ तस्यैव मोक्षस्यानन्तचतुष्टयस्वरूपं फलं दर्शयति –

१३७) दंसणु णाणु अणंत–सुहु समउ ण तुट्टइ जासु।
सो पर सासउ मोक्ख–फलु बिज्जउ अत्थि ण तासु।।११।।
दर्शनं ज्ञानं अनन्तसुखं समयं न त्रुटयति यस्य।
तत् परं शाश्वतं मोक्षफलं द्वितीयं अस्ति न तस्य।।११।।

दंसणु इत्यादि। दंसणु केवलदर्शनं णाणु केवलज्ञानं अणंत–सुहु अनन्तसुखम् एतदुपलक्षणमनन्तवीर्याद्यनन्तगुणाः समउ ण तुट्टइ एतद्गुणकदम्बकमेकसमयमपि यावन्न त्रुटयति न नश्यति जासु यस्य मोक्षपर्यायस्याभेदेन तदाधारजीवस्य वा सो पर तदेव केवलज्ञानादिस्वरूपं सासउ मोक्ख–फलु शाश्वतं मोक्षफलं भवति। बिज्जउ अत्थि ण तासु तस्यानन्तज्ञानादिमोक्षफलस्यान्यद् द्वितीयमधिकं किमपि नास्तीति। अयमत्र भावार्थः। अनन्तज्ञानादिमोक्षफलं ज्ञात्वा समस्त रागादित्यागेन तदर्थमेव निरन्तरं शुद्धात्मभावना कर्तव्येति।।११।। एवं द्वितीयमहाधिकारे मोक्षफलकथनरूपेण स्वतन्त्रसूत्रमेकं गतम्।

---

आगे मोक्षका फल अनंतचतुष्टय है, यह दिखलाते हैं –

गाथा – ११

अन्वयार्थ :– [ यस्य ] जिस मोक्ष–पर्यायके धारक शुद्धात्माके [ दर्शनं ज्ञानं अनंतसुखं ] केवलदर्शन, केवलज्ञान, अनंतसुख और अनंतवीर्य इन अनंतचतुष्टयोंको आदि देकर अनंत गुणोंका समूह [ समयं न त्रुटयति ] एक समयमात्र भी नाश नहीं होता, अर्थात् हमेशा अनंत गुण पाये जाते हैं। [ तस्य ] उस शुद्धात्माके [ तत् ] वही [ परं ] निश्चयसे [ शाश्वतं फलं ] हमेशा रहनेवाला मोक्षका फल [ अस्ति ] है, [ द्वितीयं न ] इसके सिवाय दूसरा मोक्षफल नहीं है, और इससे अधिक दूसरी वस्तु कोई नहीं है।

भावार्थ :– मोक्षका फल अनंतज्ञानादि जानकर समस्त रागादिकका त्याग करके उसीके लिये निरंतर शुद्धात्माकी भावना करनी चाहिये।।११।।

इसप्रकार दूसरे महाधिकारमें मोक्ष–फलके कथनकी मुख्यताकर एक दोहा–सूत्र कहा।

---

હવે, તે મોક્ષનું ફળ અનંતચતુષ્ટસ્વરૂપ છે, એમ દર્શાવે છે :

ભાવાર્થ :- મોક્ષનું અનંતજ્ઞાનાદિરૂપ ફળ જાણીને સમસ્ત રાગાદિના ત્યાગથી તેના અર્થે જ નિરંતર શુદ્ધાત્માની ભાવના કરવી જોઈએ. ૧૧.

એ પ્રમાણે બીજા મહાધિકારમાં મોક્ષફળના કથનરૂપે સ્વતંત્ર એક દોહકસૂત્ર સમાપ્ત થયું.

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૬, ગુરુવાર
## તા. ૧૪-૧૦-૧૯૭૬, ગાથા-૧૧ થી ૧૩, પ્રવચન નં. ૧૦૪

'પરમાત્મપ્રકાશ' ૧૧મી ગાથા. દસ ગાથા થઈ ને? કાલે દસ પૂરી થઈ. '**ઈસપ્રકાર મોક્ષકા ફલ ઔર મોક્ષ-માર્ગકા જિસમેં કથન હૈ, ઐસે દૂસરે મહાધિકારકે દસ દોહોંમેં મોક્ષકા સ્વરૂપ દિખલાયા.**' કાલે ત્યાં સુધી આવ્યું.

'**આગે મોક્ષકા ફલ અનંતચતુષ્ટય હૈ, યહ દિખલાતે હૈં-**'

**१३७) दंसणु णाणु अणंत-सुहु समउ ण तुट्टइ जासु।**
**सो पर सासउ मोक्ख-फलु बिज्जउ अत्थि ण तासु।।११।।**

**અન્વયાર્થ :-** '**જિસ મોક્ષ-પર્યાયકે ધારક...**' મોક્ષ એ પર્યાય છે. સંસાર એક વિકારી પર્યાય છે, મોક્ષમાર્ગ એ અવિકારી અપૂર્ણ પર્યાય છે અને મોક્ષ પૂર્ણ નિર્મળ પર્યાય છે. દ્રવ્ય-ગુણ નહિ. દ્રવ્ય એ ત્રિકાળ છે અને ગુણ પણ ત્રિકાળ છે. ઝીણી વાત. દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા જ અત્યારે (લોપ થઈ ગઈ), જે જૈનદર્શનનો પહેલો એકડો. દ્રવ્ય જે આત્મા દ્રવ્ય છે એ તો ત્રિકાળ છે અને એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ છે એ પણ ત્રિકાળ છે. ત્રણે કાળ રહેનારા. એક સમય નહિ, ત્રણે કાળ રહેનારા. ત્રણે કાળ એમાં રહે છે. દ્રવ્ય પણ ત્રિકાળ રહે છે અને એમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ એવા અનંત ગુણ એ પણ આત્મામાં ત્રિકાળ રહે છે. અને સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ ત્રણે પર્યાય છે. સમજાય છે કાંઈ? તેથી કહે છે, જુઓ!

'**જિસ મોક્ષ-પર્યાયકે ધારક...**' એમ લીધું ને? શબ્દાર્થ. '**જિસ મોક્ષ-પર્યાયકે ધારક શુદ્ધાત્મા...**' ભગવાનઆત્મા પવિત્ર શુદ્ધ વસ્તુ એ તો છે, પણ અંતરમાં આત્માનું ધ્યાન કરવાથી જે મોક્ષપર્યાય પ્રગટ થાય છે, એવી મોક્ષપર્યાયનો ધારક શુદ્ધાત્મા. નિર્મળ કેવલજ્ઞાનાદિ જે મોક્ષદશા, એને ધારણ કરનાર શુદ્ધાત્મા. છે? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. લોકોને બહારનું સ્થુળપણું અન્યથા મળ્યું છે, વસ્તુસ્થિતિ આખી રહી ગઈ છે. આહાહા..!

'**જિસ મોક્ષ-પર્યાયકે...**' મોક્ષ, જે અનંત સિદ્ધપદ થાય છે એ પર્યાય છે. સંસાર એ મિથ્યાત્વ આદિ, અજ્ઞાન આદિ પર્યાય છે અને મોક્ષમાર્ગ જે નિશ્ચય છે એ પણ પર્યાય છે. અને મોક્ષ છે એ પણ પૂર્ણ પર્યાય-અવસ્થા છે. તો કહે છે કે '**જિસ મોક્ષ-પર્યાયકે ધારક શુદ્ધાત્મા...**' છે ને? ભગવાન શુદ્ધાત્મા દ્રવ્ય અને ગુણે તો ત્રિકાળ શુદ્ધ છે જ, એ પોતાની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં શુદ્ધ પૂર્ણતા પ્રાપ્ત કરે છે એનું નામ મોક્ષની પર્યાય કહેવામાં આવે છે. 'તારાચંદજી'!

'**કેવલદર્શન...**' ભગવાન મોક્ષ પ્રાપ્ત કરે છે અને સિદ્ધપદ જે પર્યાય છે, એમાં તો કેવળદર્શન. પાઠમાં અનંતસુખ છે. છેલ્લે. અનંતદર્શન, અનંતજ્ઞાન અને અનંતસુખ. કેવળ લેવું. પૂર્ણ જ્ઞાન. મોક્ષમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, અનંત પૂર્ણ સુખ અને અનંત વીર્ય છે. '**ઈન અનંતચતુષ્ટયોંકે આદિ દેકર અનંત ગુણોંકા સમૂહ...**' ગુણ શબ્દે પર્યાય. પર્યાય કીધી ને પહેલી? આહાહા..! મોક્ષમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ અનંત ચતુષ્ટય સહિત બીજા અનંત ગુણ. અનંતી અનંતી બીજી પર્યાય. એને અહીંયાં અનંત ગુણોનો સમૂહ (કહ્યું). '**समयं न त्रुटयति**' '**એક સમયમાત્ર ભી નાશ નહીં હોતા,...**' આહાહા..! મોક્ષમાં અનંતજ્ઞાન જે આત્માનુભવથી ઉત્પન્ન થયું, ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણ પવિત્રતાનો પિંડ જે છે, એનું ધ્યાન કરવાથી, અંતરમાં એકાગ્ર થવાથી જે મોક્ષપર્યાય પ્રગટ થઈ એ અનંત ગુણોનો સમૂહ છે. ગુણ એટલે પર્યાય. એના અનુભવનમાં એક સમય પણ અંતર નથી પડતું. નિરંતર નિરંતર અનંત આનંદનો અનુભવ. નિરંતર અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રનો અનુભવ. આહાહા..! આ મોક્ષનું ફળ. આ સંસારનું ફળ ચાર ગતિમાં રખડવું એ. મિથ્યાત્વ ને અજ્ઞાનના સેવનથી નરક અને નિગોદ, ચાર ગતિમાં રખડવું એ સંસારનું ફળ. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– સમયે સમયે આનંદ છે, એમ કહે છે. એક સમયનો વિરહ નથી. '**न त्रुटयति**' છે ને? '**समयं न त्रुटयति**'. એક સમય પણ નાશ ન થાય. નિરંતર અનંત આનંદ. પર્યાય, હોં! અવસ્થા. અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતવીર્ય, અનંતપ્રભુતા આદિ અનંત ગુણનો–પર્યાયનો સમૂહ, એનો એક સમય પણ એને વિરહ પડતો નથી. આહાહા..!

આજે સવારે એક વાત સાંભળી, ભાઈ! આમાં બેસે ને? પ્લેનમાં. એમાં કેટલાક જણ તો પહેલા એક ગોળી લઈને બેસે. એવી ગોળી જ હાથમાં રાખે. કદાચિત્ સળગે અને એ ગોળી લઈ લે તો અસાધ્ય થઈ જાય. એટલે પછી બળતા દુઃખ ન થાય. આ તો કોઈક કહેતું હતું. અમે તો કોઈક માણસ વાતું કરે એ સાંભળી હોય. અંદર બેસે. એ ગોળી લઈને જ બેસે. કદાચિત્ સળગ્યું... એ કોઈક કહેતું હતું. આહાહા..! પહેલેથી જ જાણે મરશું. આહા..! એ જ્યાં સળગે એટલે એ ગોળી લઈ લે. અસાધ્ય થઈ જાય. પછી સળગે તો (દુઃખ ન થાય). આહા..! આ સંસાર.

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ કરે એને મોક્ષ થાય, એ કદી મરે નહિ, તૂટે નહિ, એક સમય તૂટે નહિ, એમ કહે છે. આહાહા..! માર્ગ પણ ઝીણો બહુ, બાપુ! આહાહા..! અંદર ભગવાનઆત્મા અનંત ગુણનો સમૂહ છે. એ શક્તિ. અને પર્યાયમાં અનંત ગુણસમૂહ એ પર્યાય–અવસ્થા છે. સમજાય છે કાંઈ? જેમ સોનું છે, સોનું–સુવર્ણ. સુવર્ણ એ દ્રવ્ય છે અને એમાં પીળાશ, ચીકાશ, વજન એ એના ગુણ છે. અને એમાં વીંટી, કુંડળ, કડાં થાય છે એ એની અવસ્થા છે, એ પર્યાય છે. સમજાય છે કાંઈ? સુવર્ણ–સોનું છે.

પાંચ રૂપિયા, દસ રૂપિયાનું હોય. એ સુવર્ણ દ્રવ્ય-પદાર્થ છે. એમાં પીળાશ, ચીકાશ, વજન એ એના શક્તિ-ગુણ છે અને વીંટી, કડા, કુંડળ થાય એ એની પર્યાય-અવસ્થા છે. એમ ભગવાનઆત્મા સોનાની પેઠે વસ્તુ છે એ દ્રવ્ય ત્રિકાળ છે અને જેમ સોનામાં પીળાશ, ચીકાશ આદિ ગુણ છે એમ આત્મામાં અનંતજ્ઞાન, દર્શન આદિ ગુણ છે એ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? પછી સોનામાંથી જેમ કડા, કુંડળ, વીંટી થાય છે એમ આત્મામાં અનંત આનંદની શક્તિમાંથી પર્યાયમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન પ્રગટ થાય છે, એ પર્યાય છે. આવો વીતરાગનો માર્ગ છે. કહો, 'ભગવાનજીભાઈ'! સમજાય છે કાંઈ?

દ્રવ્ય, ગુણ અને પર્યાય એ તો જૈનદર્શનનો પહેલો એકડો છે. વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ જિનવરદેવે પહેલેથી દ્રવ્ય, ગુણ, પર્યાયનું.. શ્વેતાંબરમાં ઉત્તરાધ્યયનમાં ૨૮મું એક અધ્યયન છે. પહેલા (સંવત) ૧૯૮૦માં શરૂ કર્યું હતું. ૧૯૮૦ની સાલ, 'બોટાદ.. બોટાદ' ચોમાસાના શેષકાળમાં શરૂ કર્યું હતું. દ્રવ્ય, ગુણ અને પર્યાયની વ્યાખ્યા પહેલી. મોટી સભા હતી. ૩૫૦ ઘર છે ને. ૧૫૦૦ માણસની મોટી સભા. આ તો ૧૯૮૦ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૨ વર્ષ પહેલાની વાત છે. વ્યાખ્યાન ચાલતું હતું. દ્રવ્ય, ગુણ, પર્યાય પહેલુંવહેલું સાંભળે એટલે લોકોને... આ તો અલૌકિક વાત છે.

ભગવાનઆત્મા જે વસ્તુ છે એ તો દ્રવ્ય છે. દ્રવ્ય એટલે પદાર્થ. અને એમાં ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, વીર્ય-પુરુષાર્થ એવા અનંત ગુણ છે એની શક્તિ-ત્રિકાળ ગુણ છે અને એમાંથી જે અવસ્થા થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યારાગ એ પણ વિકારી પર્યાય છે. અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ નિર્વિકારી પર્યાય છે અને એનાથી મોક્ષ થાય છે એ પૂર્ણ નિર્વિકારી પર્યાય છે. આહા..! આવી ચીજ છે, ભગવાન!

કહે છે, એક સમયમાત્ર નાશ નથી થતો. '**હમેશા અનંત ગુણ પાયે જાતે હૈં.**' મોક્ષ નામ સિદ્ધમાં અનંત ગુણની શક્તિ જે છે, એની વ્યક્તતા પ્રગટતા અનંત ગુણની પર્યાય સદા પ્રગટ હોય છે. આહાહા..! '**ઉસ શુદ્ધાત્માકે વહી નિશ્ચયસે હમેશા રહનેવાલા મોક્ષકા ફલ હૈ,...**' આ મોક્ષનું ફળ. કાયમ રહેનાર. આહાહા..! જેણે પોતાનો આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી સાધન કરી પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે, એનો અંતરમાં અનુભવ, નિર્વિકલ્પ શ્રદ્ધા, રાગના અવલંબન વિના, ત્રિકાળીના અવલંબને સમ્યગ્દર્શન જે પહેલી ભૂમિકા છે, એ પર્યાય છે. એમ ત્રિકાળી વસ્તુનું જ્ઞાન, સમ્યક્ વેદન, જ્ઞાન એ પણ પર્યાય-અવસ્થા છે. અને ત્રિકાળીમાં સ્થિર થવું-રમણતા-ચારિત્ર-ચરવું-સ્વરૂપમાં રમવું, સ્વરૂપે ચરણં ચારિત્રં. ચારિત્ર એ કોઈ દેહની ક્રિયા કે પંચમહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નહિ. આહાહા..! એ આપણે ત્યાં સ્વાધ્યાય મંદિરમાં લખ્યું છે ને. એ 'પ્રવચનસાર'ના શબ્દો છે. સ્વરૂપે ચરણં ચારિત્રં. પોતાનું સ્વરૂપ જે અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ નામ ચારિત્રની વીતરાગ શક્તિ-આત્મામાં ગુણ છે એમાં રમવું. આહાહા..! ચરવું, ચરવું. જેમ પશુ ઘાસ ચરે છે ને? ઘાસ. પશુ ઘાસ ચરે ને? એમ ધર્મી પોતાના આનંદને ચરે છે. એનું નામ

ચારિત્ર છે. આવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના માર્ગથી જે મોક્ષની પર્યાય પ્રગટ થાય છે, એમાં એક સમય પણ વિરહ પડતો નથી. એ હંમેશા રહેનારું મોક્ષનું ફળ છે. છે અંદર? **'હમેશા રહનેવાલા મોક્ષકા ફલ હૈ, ઈસકે સિવાય દૂસરા મોક્ષફલ નહીં હૈ,...'** એ સિવાય બીજું કોઈ મોક્ષનું ફળ નથી. મોક્ષ થાય પછી અવતાર લેવો પડે, ભક્તોને ભીડ પડે તો અવતાર (લેવો પડે). એ લોકો 'ગીતા'માં કહે છે ને? યદા.. યદા.. એમ નથી. એકવાર ચણો શેકાઈ ગયો, ત્યારપછી એ ઊગે નહિ. મીઠાશ આપે છે. કાચો ચણો હોય, કાચો, એ ખાય તો તુરાશ દેખાય છે અને વાવે તો ઊગે. વાવે સમજ્યા? ઊગે. અને શેકવાથી કાચાશ તુરાશનો નાશ થાય છે, મીઠાશ પ્રગટ થાય છે અને બોવે તો ઊગે નહિ.

એમ ભગવાનઆત્મા પોતાના મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષને બાળે છે, પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી, અંતર આનંદની રમણતાથી ત્રણેને બાળી નાખે છે તો જેમ ચણો શેકવાથી મીઠાશ આવે છે, એમ આત્માના ધર્મમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ચણો ખાય ને? ડાળિયા કહે છે ને? વાણિયા ધંધો કરતી વખતે કહે છે ને ડાળિયા કંઈ થયા? એમ કહે ને પૈસા બૈસા! એય..! 'શાંતિભાઈ'! ક્યાં ગયા? ... વાણિયા વેપાર કરે ત્યારે (પૂછે), કાંઈ ડાળિયા થયા? પાંચ-પચીસ હજાર મળ્યા કે નહિ. ડાળિયા ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- શુક્રવારના ડાળિયા.

ઉત્તર :- શુક્રવારા ડાળિયા તો આ. શુક્ર નામ પોતાનું જે અનંતવીર્ય છે, એ વીર્યથી અંદર પુરુષાર્થ કરીને અજ્ઞાનનો નાશ કરી, સમ્યગ્જ્ઞાન, આનંદાદિ પ્રગટ થયા, એ પોતાના ચણાની મીઠાશ છે. એ આત્માની મીઠાશ છે. આહાહા..! ખબર નથી શું છે. ધર્મ બહારથી (માની લીધો).

**'હમેશા રહનેવાલા મોક્ષકા ફલ હૈ, ઈસકે સિવાય દૂસરા મોક્ષફલ નહીં હૈ, ઔર ઈસસે અધિક દૂસરી વસ્તુ કોઈ નહીં હૈ.'** મોક્ષથી અધિક બીજી કોઈ ચીજ જગતમાં છે, એમ નથી. એનો માર્ગ પણ કોઈ અલૌકિક છે. એ માર્ગ હવે કહેશે. આ તો એનું ફળ કહે છે. આહાહા..!

**ભાવાર્થ :- 'મોક્ષકા ફલ અનંતજ્ઞાનાદિ જાનકર...'** મોક્ષનું ફળ અનંતજ્ઞાન ને અનંતઆનંદ જાણી, **'સમસ્ત રાગાદિકકો ત્યાગ કરકે...'** જુઓ! વિકલ્પમાત્ર વૃત્તિ ઊઠે છે, જે શુભ કે અશુભરાગ, બધાને છોડી.. આહાહા..! **'ઉસીકે લિયે નિરંતર શુદ્ધાત્માકી ભાવના કરની ચાહિયે.'** આહાહા..! શુદ્ધાત્મા પવિત્ર નિર્મળાનંદ પ્રભુ, અંતરમાં નિરંતર તેનું ધ્યાન ભાવના કરવી જોઈએ, એમ કહે છે. એ મોક્ષનું કારણ છે. આહા..! સમજાય છે કાંઈ? **'મોક્ષકા ફલ અનંતજ્ઞાનાદિ જાનકર સમસ્ત રાગાદિકકા ત્યાગ...'** આહા..! **'ઉસીકે લિયે...'** મોક્ષ માટે. **'નિરંતર શુદ્ધાત્મા...'** ધ્રુવ નિરંજન નિરાકાર આનંદનો નાથ પ્રભુ આત્મા છે. એ શુદ્ધાત્મા. પર્યાયમાં અશુદ્ધ છે તેનો નાશ કરવા નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવું. આહાહા..! **'ભાવના કરની ચાહિયે.'** એ શુદ્ધાત્મા પૂર્ણાનંદ પ્રભુ અંદર છે, એની

એકાગ્રતારૂપી ભાવના કરવી જોઈએ. આહાહા..! આવો માર્ગ છે. એ મોક્ષનું ફળ કહ્યું. એક ગાથામાં.

મોક્ષની વ્યાખ્યા પહેલા કરી. દસ દોહામાં મોક્ષની વ્યાખ્યા કરી. દસ દોહામાં. 'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત. સંત હોય એ બધા દિગંબર જ હોય છે. જંગલમાં વસતા હતા. સમજાય છે કાંઈ? અને અંદર પોતાના અતીન્દ્રિય આનંદના સાધનમાં રમતા હતા. એમની દેહની દશા નગ્ન થઈ જાય છે. અને અંદરમાં વિકલ્પ ઊઠે તો પંચ મહાવ્રતના વિકલ્પ ઊઠે છે, પણ એને એ હેય માને છે-છોડવાયોગ્ય માને છે. સમજાય છે કાંઈ? એ 'યોગીન્દ્રદેવ' એમ કહે છે. મુનિરાજ જંગલમાં રહેનારા છે. પ્રભુ! જો તારે મોક્ષ જોઈએ તો આ શુદ્ધાત્માનું નિરંતર ધ્યાન કરવું. આહાહા..! એ ધ્યાનનો અર્થ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ ધ્યાન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આ સળગતું હતું. કેટલાક એને વળાવવા આવ્યા હતા, એમ કહે છે. ઊભા હતા, જોતા હતા. આહાહા..! ત્યાં સળગ્યું. મડદા દેખ્યા. આ દશા અનંતવાર થઈ છે, ભાઈ! અનંતકાળમાં તને પણ આવી દશા અનંતવાર થઈ ગઈ છે. એક મિથ્યાત્વને કારણે. મિથ્યાત્વ નામ રાગથી ધર્મ માનવો, પુણ્યથી ધર્મ માનવો, પરની ક્રિયા હું કરી શકું છું, પરથી મારામાં કંઈક લાભ થાય છે, એવી જે મિથ્યાશ્રદ્ધા-મિથ્યાત્વને કારણે આવા દુઃખ સહન કરવા પડ્યા. સમજાય છે કાંઈ? આહાહા..!

એ અગિયારમી ગાથા મોક્ષના ફળની થઈ. મોક્ષની દસ ગાથા, ફળની એક અને મોક્ષના માર્ગની એકવીસ. '**ઈસપ્રકાર દૂસરે મહાધિકારમેં મોક્ષ-ફલકે કથનકી મુખ્યતાકર એક દોહા-સૂત્ર કહા.**' લ્યો. '**આગે ઉન્નીસ દોહાપર્યંત...**' ૨૯? ઉન્નીસ.. ઉન્નીસ. ઉન્નીસ એટલે ઓગણીસને? '**ઉન્નીસ દોહા પર્યંત નિશ્ચય ઔર વ્યવહાર મોક્ષમાર્ગકા વ્યાખ્યાન કરતે હૈં-**'

---

**अथानन्तरमेकोनविंशतिसूत्रपर्यन्तं निश्चयव्यवहारमोक्षमार्गव्याख्यानस्थलं कथ्यते तद्यथा-**

**१३८) जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु।**
**ते पुणु तिण्णि वि अप्पु मुणि णिच्छएँ एहउ वुत्तु।।१२।।**
**जीवानां मोक्षस्य हेतुः वरं दर्शनं ज्ञानं चारित्रम्।**
**तानि पुनः त्रीण्यपि आत्मानं मन्यस्व निश्चयेन एवं उक्तम्।।१२।।**

**जीवहं इत्यादि। जीवहं जीवानां अथवा एकवचनपक्षे 'जीवहो' जीवस्य मोक्खहं हेउ मोक्षस्य हेतुः कारणं व्यवहारयेन भवतीति क्रियाध्याहारः। कथंभूतम्। वरु वरमुत्कृष्टम्। किं तत्। दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञानचारित्रत्रयम्। ते पुणु तानि पुनः तिण्णि वि त्रीण्यपि सम्यग्दर्शज्ञानचारित्राणि अप्पु आत्मानमभेदनयेन मुणि मन्यस्व जानीहि त्वं हे प्रभाकरभट्ट**

णिच्छएं निश्चयनयेन एहउ वुत्तु एवमुक्तं भणितं तिष्ठतीति। इदमत्र तात्पर्यम्। भेदरत्नत्रयात्मको व्यवहारमोक्षमार्गः साधको भवति अभेद रत्नत्रयात्मकः पुनर्निश्चयमोक्षमार्गः साध्यो भवति, एवं निश्चयव्यवहारमोक्षमार्गयोः साध्यसाधकभावो ज्ञातव्यः सुवर्णसुवर्णपाषाणवत् इति। तथा चोक्तम् – 'सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे। ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा।।'।।१२।।

---

आगे उन्नीस दोहापर्यंत निश्चय और व्यवहार मोक्ष–मार्गका व्याख्यान करते हैं –

गाथा – १२

अन्वयार्थ :– [ जीवानां ] जीवों के [ मोक्षस्य हेतुः ] मोक्षके कारण [ वरं ] उत्कृष्ट [ दर्शन ज्ञानं चारित्रम् ] दर्शन ज्ञान और चारित्र हैं [ तानि पुनः ] फिर वे [ त्रीण्यपि ] तीनों ही [ निश्चयेन ] निश्चयकर [ आत्मानं ] आत्माको ही [ मन्यस्व ] जाने [ एवं ] ऐसा [ उक्तम् ] श्री वीतरागदेवने कहा है, ऐसा हे प्रभाकरभट्ट; तू जान।

भावार्थ :– भेदरत्नत्रयरूप व्यवहार–मोक्ष–मार्ग साधक है, और अभेदरत्नत्रयरूप निश्चय–मोक्षमार्ग साधने योग्य है। इसप्रकार निश्चय व्यवहारमोक्ष–मार्गका साध्य–साधकभाव, सुवर्ण सुवर्ण–पाषाणकी तरह जानना। ऐसा ही कथन श्रीद्रव्यसंग्रहमें कहा है। 'सम्मद्दंसण' इत्यादि। इसका अभिप्राय यह है कि सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्र ये तीनों ही व्यवहारनयकर मोक्षके कारण जानने, और निश्चयसे उन तीनोंमयी एक आत्मा ही मोक्षका कारण है।।१२।।

---

ત્યાર પછી ઓગણીસ સૂત્રો સુધી નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગના વ્યાખ્યાનનું સ્થળ કહે છે : તે આ પ્રમાણે :

ભાવાર્થ : ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે અને અભેદરત્નત્રયાત્મક નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે. એ પ્રમાણે નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગનો સાધ્યસાધકભાવ [૧]સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક જાણવો. (દ્રવ્યસંગ્રહની ગાથા ૩૯માં કહ્યું પણ છે કે : 'सम्मद्दं सणणाणं चरणं मोक्खस्स कारणं जाणे। ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा।।' અર્થ : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને વ્યવહારનયથી મોક્ષનું કારણ જાણે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય નિજ આત્માને નિશ્ચયથી મોક્ષનું કારણ જાણો) ૧૨.

---

૧. જુઓ ગુજરાતી પંચાસ્તિકાય ગાથા-૧૫૯ થી ૧૭૨ ફૂટનોટ સહિત.

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

૧૨.

**૧૩૮) जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु।**
**ते पुणु तिण्णि वि अप्पु मुणि णिच्छएँ एहउ वुत्तु।।१२।।**

**અન્વયાર્થ :-** 'જીવોંકે...' ભગવાનઆત્મા '**મોક્ષકે કારણ ઉત્કૃષ્ટ દર્શન જ્ઞાન ઔર ચારિત્ર હૈં...**' મૂળ તો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર લેવા છે. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના અહીંયાં ટીકામાં બે પ્રકાર લેશે. પણ ખરેખર તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા અંદર છે જ. જેમ સુવર્ણ સુવર્ણની શક્તિથી ભરેલું જ છે. સોનું. એમ ભગવાનઆત્મા અનંત ગુણની શક્તિથી ભરેલો જ છે. એની તરફ કદી નજર કરી નથી. સમજાય છે કાંઈ? જેને ભગવાનઆત્મા કહે છે એ તો શુદ્ધ ચૈતન્યઘન છે.

એ કહ્યું હતું ને એકવાર? 'પ્રભુ તુમ જાણગ રીતિ..' 'પ્રભુ તુમ જાણગ રીતિ' સર્વજ્ઞ પરમાત્માને કહે છે, હે નાથ! 'પ્રભુ તુમ જાણગ રીતિ' આખું જગત જુઓ છો. 'નિજ સત્તાએ શુદ્ધ..' સહુને-પોતાને પેખે છે. અમારા આત્માને તો આપ નિજ સત્તાએ શુદ્ધ જાણો છો. જે પુણ્ય અને પાપ, શરીર, કર્મ એ તો પરચીજ જડ છે. આહાહા..! હે નાથ! સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવ, આપ અમને નિજ શુદ્ધ સત્તાસ્વરૂપ આત્મા જુઓ છો. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આત્મા નથી. એ તો વિકાર છે, અણાત્મા છે. આહાહા..! હે પરમાત્મા સર્વજ્ઞદેવ! આપ અમારી આત્માની દશા, આત્માની સ્થિતિ શુદ્ધ સત્તા, પવિત્ર હોવું, શુદ્ધ સત્તા છે એમ અમારા આત્માને આપ જુઓ છો. આહાહા..! એવી જે નિજ શુદ્ધ સત્તા ભગવાન જુએ છે, એ નિજ શુદ્ધ સત્તાને શ્રદ્ધા-જ્ઞાનમાં નજરે દેખે તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. સમજાય છે કાંઈ? તો એણે સમ્યક્ નામ સત્ય એવી પ્રતીતિ કરી અથવા જોયો. બેય લેશે. દેખવું પણ લેશે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**મોક્ષકે કારણ ઉત્કૃષ્ટ દર્શન જ્ઞાન ઔર ચારિત્ર હૈં ફિર વે તીનોં હી...** ' એવી રીતે લીધું. ત્રણ છે એ પર્યાયનયથી. છે તો નિશ્ચય. પણ ત્રણ (ભેદ) પડ્યા ને? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. ત્રિકાળી ભગવાનઆત્માની અંતર્મુખ સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય અને સમ્યક્ચારિત્રની પર્યાય, એ ત્રણ ભેદ થયા તો એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! આ સદ્ભુત વ્યવહાર. પેલો બીજો વ્યવહાર કહેશે એ અસદ્ભુત. આહાહા..! શું કહ્યું? સમજાય છે કાંઈ? આ આત્મા જે છે.. વસ્તુ છે ને? પ્રભુ પદાર્થ છે એ તો. અરૂપી પણ પદાર્થ છે. અરૂપી તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ પણ છે અને રૂપી આ પુદ્ગલ જડ છે.

ભગવાને છ દ્રવ્ય જોયા છે. ભગવાન જિનેશ્વરદેવે જાતિએ છ દ્રવ્ય (જોયા છે).

સંખ્યાએ અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. એમ ભગવાન કેવળીએ છ દ્રવ્ય જોયા છે. છમાં એક આત્મા અને ધર્માસ્તિ આદિ પાંચ છે એ અરૂપી છે અને આ પુદ્ગલ રૂપી છે. પાંચ અરૂપીમાં પણ આત્મા એ ચૈતન્ય અરૂપી છે. પેલા જડ અરૂપી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ચૈતન્ય અરૂપી પ્રભુઆત્મા, એની શ્રદ્ધા-આત્માની શ્રદ્ધા. પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યઘન વિજ્ઞાનઘન હું છું, એમ અંદર રાગ વિનાની નિર્વિકલ્પ પ્રતીતિ, નિર્મળ શ્રદ્ધા વીતરાગી પર્યાય (થાય) તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! અને એ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન, એનું જ્ઞાન-સ્વસંવેદનજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન અને બીજા જ્ઞાન એ કંઈ જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ વકીલાત ને ડૉક્ટર ને એમ.એ. ને બધા થાય છે ને? એ તો બધા અજ્ઞાન છે. કુજ્ઞાન છે. જ્ઞાન તો પરમાત્મા એને કહે છે, જે જ્ઞાનસ્વરૂપ તું છો એ જ્ઞાનનું જ્ઞાન કરવું. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનું જ્ઞાન. અને એમાં રમણતા-લીનતા, આત્મામાં લીનતા (થવી) એ ત્રણ પર્યાય છે. એ '**તીનોં નિશ્ચયનયકર આત્માકો હી જાને...**' એ ત્રણ કહેવું એ પર્યાયનયથી વ્યવહારથી છે. આહાહા..! અર્થમાં વ્યવહાર બીજો લેશે, પણ અહીંયાં મૂળ વાત તો આ છે.

ત્યાં 'પ્રવચનસાર'માં પણ ઈ છે ને? ૨૪૨ ગાથા. પર્યાયનયથી... ૨૪૨ ગાથા છે. (પ્રવચનસાર અર્થાત્) ભગવાનની દિવ્યધ્વનિનો સાર. 'ભેદાત્મક હોવાથી '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે' એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે;...**' શું કહે છે? ૨૪૨ છે. છે ને? '**(શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ) ભેદાત્મક હોવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે...**' એ ભેદાત્મક એટલે? વ્યવહાર વિકલ્પ નહિ. પોતાના ચૈતન્યસ્વભાવનું સમ્યગ્દર્શન, નિર્મળ નિશ્ચય સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ પર્યાયપ્રધાન કથન છે માટે વ્યવહાર કથન કહ્યું. આહાહા..! ત્રણ ભેદ પડ્યા ને? આત્મામાં એકાકાર એ નિશ્ચય છે. છે? જુઓ!

'**પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે...**' '**અભેદાત્મક હોવાથી 'એકાગ્રતા મોક્ષમાર્ગ છે'...**' એકાગ્રતા. ત્રણ ભેદ નહિ. ભગવાનઆત્મામાં એકાગ્રતા, બસ. આહાહા..! અરે..! આવી વાત અત્યારે સાંભળવા મળતી નથી. લોકોનો પ્રચાર બહુ બીજો થઈ ગયો. મૂળ વાત આખી પડી રહી. વર વિનાની જાન જોડી દીધી. વર સમજો છો? દુલ્હા.. દુલ્હા. દુલ્હા નહિ ને જાન જોડી દીધી. જાનને શું કહે છે? બરાત. વર નહિ ને જાન જોડી દીધી. એમ સમ્યગ્દર્શન, આત્મા શું છે? એનું સમ્યગ્દર્શન શું? એ વર વિના જોડી દીધા, વ્રત ને તપ ને આ ને તે ને ફલાણું ને ઢીકણું. આહાહા..!

અહીંયાં ભગવાન ઈ કહે છે, 'પ્રવચનસાર' ચરણાનુયોગનું કથન છે તોપણ આવું છે. આહાહા..! '**એકાગ્રતા મોક્ષમાર્ગ છે' એમ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું પ્રજ્ઞાપન છે;...**' આહાહા..! '**બધાય પદાર્થો ભેદાભેદાત્મક હોવાથી...**' ભેદ અભેદાત્મક હોવાથી '**તે બન્ને**

**મોક્ષમાર્ગ છે...**' (અર્થાત્) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તેમજ એકાગ્રતા. '**એમ પ્રમાણથી તેનું પ્રજ્ઞાપન છે.**' આહાહા..! જરી ઝીણી વાત છે, હોં! શું કહ્યું ઈ? જુઓ! અહીંયાં કહે છે. '**ફિર વે તીનોં હી નિશ્ચયનયકર આત્માકો હી જાનેં...**' એ નિશ્ચય આવ્યું, એ દ્રવ્યપ્રધાન આવ્યું. અને પહેલા ત્રણ કહ્યા એ પર્યાયપ્રધાન વ્યવહાર કથન છે. સમજાય છે કાંઈ? પછી ટીકાકાર જરી અસદ્ભુત વ્યવહાર પણ લેશે. આ તો સદ્ભુત વ્યવહાર. દ્રવ્યની પર્યાય-અવસ્થા છે, સાચો મોક્ષમાર્ગ. નિશ્ચય નિર્વિકલ્પ આનંદની પર્યાય, આનંદનું જ્ઞાન, આનંદમાં રમણતા એ ત્રણ પર્યાય છે એ અપેક્ષાથી ભેદ કરીને વ્યવહાર કહ્યો. આહાહા..!

'**તીનોં હી નિશ્ચયનયકર આત્માકો હી જાનેં ઐસા શ્રી વીતરાગદેવને કહા હૈ,...**' એ નિશ્ચયથી કહ્યું છે. આહાહા..! '**ઐસા હૈ પ્રભાકરભટ્ટ,...**' 'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત આત્મધ્યાની, જ્ઞાની આનંદમાં રમનારા જંગલમાં શિષ્યને કહે છે, હે શિષ્ય! તું આમ જાણ. આહાહા..! છે? '**વીતરાગદેવને કહા હૈ, ઐસા હે પ્રભાકરભટ્ટ તૂ જાન.**' વીતરાગદેવે આમ કહ્યું છે. આહાહા..! શું કહે છે એ પહેલા સમજણમાં લેવું કઠણ પડે. માર્ગ બાપુ! અનાદિનો અજાણ્યો છે. આહા..! અનંતવાર સાધુ થયો છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ 'છ ઢાળા'માં આવે છે. મુનિવ્રત ધાર-દિગંબર મુનિ થયો, પંચમહાવ્રત લીધા, હજારો રાણીનો ત્યાગ કર્યો. 'મુનિવ્રત ધાર અનંત બૈર' એ અનંતવાર ગ્રૈવેયક (ગયો). ઉપર ગ્રૈવેયક છે ત્યાં ઉપજ્યો. પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. એનો અર્થ શું થયો? એ પંચમહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ પણ રાગ અને દુઃખ છે. આહાહા..!

ભગવાનઆત્મા એ રાગથી ભિન્ન નિજ પરમાત્માસ્વરૂપનું દર્શન, જ્ઞાન, ચારિત્રમાં આનંદ છે. સમજાય છે કાંઈ? એમાં પણ ત્રણ પ્રકારનું કથન કરવું એ પર્યાયપ્રધાન વ્યવહારનય છે. આહાહા..! આવો ઉપદેશ છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવ તીર્થંકરનો આ ઉપદેશ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો અશુદ્ધ.. અશુદ્ધ. ઈ નાખશે. ઈ વ્યવહાર નાખશે, ઈ અસદ્ભુત વ્યવહાર છે. ખરેખર તો આ સદ્ભુત વ્યવહાર છે. આહાહા..! 'નવલચંદભાઈ'! આહા..! 'પ્રવચનસાર'માં પણ એ કહ્યું ૨૪૨માં. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સાચા હોય એને પણ પંચમહાવ્રત આદિ વિકલ્પ હોય છે, પણ છે એ રાગ, છે ઈ બંધનું કારણ. એને અહીંયાં નિમિત્ત ગણીને એ મોક્ષમાર્ગ છે એમ કહેશે. એમ વ્યવહાર ઉપર આરોપ કરીને કહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આટલે એણે ક્યાં પહોંચવું? હજી તો કાંઈ નવરાશ ન મળે. બાવીસ કલાક ઘરના કામ અને એમાં એકાદ-બે કલાક મળે તો સાંભળવા જાય તો એમાં એવું મળે કે આ કરો, આ કરો. વ્રત કરો ને તપ કરો ને આ કરો. ચીજ શું છે, (એની ખબર ન મળે).

મુમુક્ષુ :- 'શ્રીમદ્' તો એમ કહે છે, કુગુરુ લુંટી લે.

ઉત્તર :- લુંટી લે. 'શ્રીમદે' એમ કહ્યું છે. વખત મળે નહિ, કલાક મળે ને સાંભળવા જાય તો કુગુરુ લુંટી લે. એમ લખ્યું છે. એને ધર્મને નામે અધર્મ બતાવે, એમાં ધર્મ છે એમ બતાવે. આહા..! કહો, 'મૂળચંદભાઈ'! આ તમે બધા શેઠિયાઓએ આવું જ કર્યું છે ને અત્યાર સુધી. નહિ? આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ ફરમાવે છે. મુનિ કહે છે એ વીતરાગ જ કહે છે. એ મુનિ પણ વીતરાગ છે. જેને ત્રણ કષાયનો અભાવ છે. આ વીતરાગી મુનિ છે. આહાહા..! એ કહે છે, '**વીતરાગદેવને કહા હૈ, ઐસા હે પ્રભાકરભટ્ટ તૂ જાન.**'

**ભાવાર્થ :- 'ભેદરત્નત્રયરૂપ વ્યવહાર-મોક્ષમાર્ગ સાધક હૈ,...'** પછી વ્યવહાર નાખશે. પણ ખરેખર નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સાધક છે. વ્યવહાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી પછી. અહીં તો આ તો વસ્તુ છે. આ ભેદરત્નત્રય વ્યવહાર એ તો પર્યાયમાં નિશ્ચય છે, એ ત્રણ છે માટે વ્યવહાર કહ્યું છે. પછી આમાંથી બીજો અસદ્ભુત વ્યવહાર કાઢશે.

**'ભેદરત્નત્રયરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ સાધક છે ઔર અભેદરત્નત્રયરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ સાધને યોગ્ય હૈ.'** ત્રણ પ્રકારના દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સાધક છે. સાધક થઈને એકાગ્રતા થવી એ સાધ્ય છે. પછી ટીકાકાર જરી.... હેતુ શબ્દ પડ્યો છે ખરો ને, એમાંથી કાઢ્યું. પાઠમાં '**मोक्खहँ हेउ**' છે ને? એ 'છ ઢાળા'માં નાખ્યું છે ને ખરું ને? નિયતનો હેતુ. નિયતનો હેતુ કીધું ને એટલે આ હેતુ શબ્દમાંથી બીજો વ્યવહાર કાઢ્યો છે. આહાહા..! પેલી તો ત્રણ શુદ્ધ પર્યાય છે એ વ્યવહાર છે. પર્યાયનયથી કથન છે ને. 'તત્ત્વાર્થ સૂત્ર'માં પણ આવ્યું છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ, એ પર્યાયનયથી કથન છે. આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથમાં એકાગ્ર થવું, ભેદ નહિ પણ અભેદ થવું એ જ નિશ્ચય માર્ગ છે. સમયસાર ગાથામાં સોળમીમાં તો એમ કહ્યું, નહિ? કે પર્યાયના ત્રણ ભેદ છે એ વ્યવહાર છે એ મલિન છે, એમ કહ્યું. મેચક. મેચક કહ્યું છે. શું કહ્યું? સાંભળો, ભાઈ! આહાહા..! આત્મા પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ અંદર છે એના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણ ભેદ એ વ્યવહાર છે, એ મેચક છે. એને મલિન કહ્યું છે. આહાહા..! ૧૬મી ગાથામાં છે. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપા! સર્વજ્ઞ પરમેશ્વર કોને કહીએ! એ કોણ છે? જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં 'ક' બોલે એમાં અસંખ્ય સમય-કાળ જાય. એવા એક સમયમાં જેણે ત્રણકાળ ત્રણલોક જોયા. એવા જે જિનવર પરમાત્મા, એમણે જે માર્ગ કહ્યો એ અલૌકિક છે. લૌકિક દુનિયાથી ભિન્ન છે.

**'ભેદરત્નત્રયરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ સાધક હૈ ઔર અભેદરત્નત્રયરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ સાધને યોગ્ય હૈ. ઈસપ્રકાર નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગકા સાધ્ય-સાધકભાવ,...'**

હવે જરી વ્યવહાર નાખે છે. '**સુવર્ણ સુવર્ણ-પાષાણકી તરહ જાનના.**' ઈ વ્યવહારની વાત છે. રાગ છે. એમાંથી અશુદ્ધ વ્યવહાર નિમિત્તરૂપે જાણવા માટે કાઢ્યો છે. આહા..!

'**ઐસા હી કથન દ્રવ્યસંગ્રહમેં કહા હૈ.**' 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'એ 'દ્રવ્ય સંગ્રહ' બનાવ્યું છે. છે ને? આ છે ને? એ 'દ્રવ્ય સંગ્રહ'માં ગાથા-૩૯. અંદર ગાથા છે ને?

**सम्मद्दं सणणाणं वरणं मोक्खस्स कारणं जाणे।**

**ववहार णिच्छयदो तत्तियमईओ णिओ अप्पा।।३९।।**

ન્યાં ઈ નાખ્યું છે. પાઠ તો એવો નાખ્યો છે. જોયું? '**सम्मद्दं सणणाणं वरणं मोक्खस्स कारणं जाणे। ववहार**' વ્યવહાર. જોડે ભેદ. '**णिच्छयदो तत्तियमईओ णिओ अप्पा**' નિજ આત્મા છે. ન્યાં નાખ્યું છે ઈ, પણ જરી એમાંથી વ્યવહાર કાઢ્યો. આહાહા..! ૩૯ ગાથા છે ને? 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'. '**सम्मद्दं सणणाणं वरणं मोक्खस्स कारणं जाणे। ववहार**' ઈ વ્યવહાર. '**णिच्छयदो तत्तियमईओ णिओ अप्पा**'. '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને વ્યવહારનયથી મોક્ષનું કારણ જાણો.**' એ પર્યાયનય. અને નિશ્ચયથી '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય નિજ આત્માને મોક્ષનું કારણ જાણો.**' ટીકામાં વ્યવહાર નાખ્યો છે. આમાં પણ. ઈ વ્યવહાર અહીં નાખ્યો છે. જ્ઞાન કરાવ્યું છે.

'**ઈસકા અભિપ્રાય યહ હૈ કિ સમ્યગ્દર્શન...**' આત્મા પવિત્ર પૂર્ણ ભગવાનની અંતરમાં અનુભવ કરીને પ્રતીતિ (થવી) એ સમ્યગ્દર્શન છે. એ ધર્મની પહેલી સીઢી. ધર્મનું પહેલું સોપાન (છે). આહાહા..! '**સમ્યગ્જ્ઞાન...**' સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન. અને જ્ઞાનમાં રમણતા તે ચારિત્ર. '**યે તીનોં હી વ્યવહારનયકર મોક્ષકે કારણ જાનને, ઔર નિશ્ચયસે ઉન તીનોંમયી એક આત્મા હી મોક્ષકા કારણ હૈ.**' અહીંયાં સુધી તો હજી પર્યાય અને દ્રવ્ય નાખ્યું છે. પછી ટીકામાં નાખશે. શુદ્ધ પર્યાયની વાત છે. આહાહા..! વ્યવહાર સમજાવે ને. એ બાર ગાથા (પૂરી થઈ).

---

**अथ निश्चयरत्नत्रयपरिणतो निजशुद्धात्मैव मोक्षमार्गो भवतीति प्रतिपादयति –**

**१३९) पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि।**

**दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि।।१३।।**

**पश्यति जानाति अनुचरति आत्मना आत्मानं य एव।**

**दर्शनं ज्ञानं चारित्रं जीवः मोक्षस्य कारणं स एव।।१३।।**

**पेच्छइ इत्यादि। पेच्छइ पश्यति जाणइ जानाति अणुचरइ अनुचरति। केन कृत्वा। अप्पिं आत्मना कारणभूतेन। कं कर्मतापन्नम्। अप्पउ निजात्मानम्। जो जि य एव कर्ता दंसणु णाणु चरित्तु दर्शनज्ञानचारित्रत्रयं भवतीति क्रियाध्याहारः। कोऽसौ भवति। जिउ जीवः य एवाभेदनयेन**

सम्यग्दर्शनज्ञानचारित्रत्रयं [1]भवतीति मोक्खहं कारणु निश्चयेन मोक्षस्य कारणं एक एव सो जि स एव निश्चयरत्नत्रयपरिणतो जीव इति। तथाहि। यः कर्ता निजात्मानं मोक्षस्य कारणभूतेन आत्मना कृत्वा पश्यति निर्विकल्परूपेणावलोकयति। अथवा तत्त्वार्थश्रद्धानापेक्षया चलमलिनागाढपरिहारेण शुद्धात्मैवोपादेय इति रुचिरूपेण निश्चिनोति न केवलं निश्चिनोति वीतरागस्वसंवेदनलक्षणाभेदज्ञानेन जानाति परिच्छिनत्ति। न केवलं परिच्छिनत्ति। अनुचरति रागादिसमस्तविकल्पत्यागेन तत्रैव निजस्वरूपे स्थिरीभवतीति स निश्चयरत्नत्रयपरिणतः पुरुष एव निश्चयमोक्षमार्गो भवतीति। अत्राह प्रभाकरभट्टः। तत्त्वार्थश्रद्धानरुचिरूपं सम्यग्दर्शनं मोक्षमार्गो भवति नास्ति दोषः, पश्यति निर्विकल्परूपेणावलोकयति इत्येवं यदुक्तं तत्सत्तावलोकदर्शनं कथं मोक्षमार्गो भवति यदि भवति चेत्तर्हि तत्सत्तावलोकदर्शनम-भव्यानामपि विद्यते तेषामपि मोक्षो [2]भवति स चागमविरोधः इति। परिहारमाह। तेषां निर्विकल्पसत्तावलोकदर्शनं बहिर्विषये विद्यते न चाभ्यन्तरशुद्धात्मतत्त्वविषये। कस्मादिति चेत्। तेषामभव्यानां मिथ्यात्वादिसप्तप्रकृत्युपशमक्षयोपशमक्षयाभावात् शुद्धात्मोपादेय इति रुचिरूपं सम्यग्दर्शनमेव नास्ति चारित्रमोहोदयात् पुनर्वीतरागचारित्ररूपं निर्विकल्पशुद्धात्म सत्तावलोकनमपि न संभवतीति भावार्थः। निश्चयेनाभेदरत्नत्रयपरिणतो निजशुद्धात्मैव मोक्षमार्गो भवतीत्यस्मिन्नर्थे संवादगाथामाह – 'रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियम्हि। तम्हा तत्तियमइओ होदि हु मोक्खस्स कारणं आदा।।'।।१३।।

---

आगे निश्चयरत्नत्रयरूप परिणत हुआ निज शुद्धात्मा ही मोक्षका मार्ग है, ऐसा कहते हैं –

**गाथा – १३**

अन्वयार्थ :– [ य एव ] जो [ आत्मना ] अपनेसे [ आत्मानं ] आपको [ पश्यति ] देखता है, [ जानाति ] जानता है, [ अनुचरति ] आचरण करता है, [ स एव ] वही विवेकी [ दर्शनं ज्ञानं चारित्रं ] दर्शन–ज्ञान–चारित्ररूप परिणत हुआ [ जीवः ] जीव [ मोक्षस्य कारणं ] मोक्षका कारण है।

भावार्थ :– जो सम्यग्दृष्टि जीव अपने आत्माको आपकर निर्विकल्परूप देखता है, अथवा तत्त्वार्थश्रद्धानकी अपेक्षा चंचलता और मलिनता तथा शिथिलता इनका त्यागकर शुद्धात्मा ही उपादेय है, इसप्रकार रुचिरूप निश्चय करता है, वीतराग स्वसंवेदनलक्षण ज्ञानसे जानता है और सब रागादिक विकल्पोंके त्यागसे निज स्वरूपमें स्थिर होता है, सो निश्चयरत्नत्रयको परिणत हुआ पुरुष ही मोक्षका मार्ग है। ऐसा कथन सुनकर प्रभाकरभट्टने प्रश्न किया कि हे प्रभो; तत्त्वार्थश्रद्धान रुचिरूप सम्यग्दर्शन वह मोक्षका मार्ग है, इसमें तो दोष नहीं

---

१. પાઠાન્તર :– भवतीति = भवति  २. પાઠાન્તર :– भवति = भवतु

और तुमने कहा कि जो देखे वह दर्शन, जानें वह ज्ञान, और आचरण करे वह चारित्र है। सो यह देखनेरूप दर्शन कैसे मोक्षका मार्ग हो सकता है ? और जो कभी देखनेका नाम दर्शन कहो तो देखना अभव्यको भी होता है, उसके मोक्ष–मार्ग तो नहीं माना है ? यदि अभव्यके मोक्ष–मार्ग होवे, तो आगमसे विरोध आवे। आगममें तो यह निश्चय है कि अभव्यको मोक्ष नहीं होता। उसका समाधान यह है कि अभव्योंके देखनेरूप जो दर्शन है, वह बाह्यपदार्थोंका है, अंतरंग शुद्धात्मतत्त्वका दर्शन तो अभव्योंके नहीं होता, उसके मिथ्यात्व आदि सात प्रकृतियोंका उपशम क्षयोपशम क्षय नहीं है, तथा शुद्धात्मा ही उपादेय है, ऐसी रुचिरूप सम्यग्दर्शन भी उसके नहीं है, और चारित्रमोहके उदयसे वीतराग चारित्ररूप निर्विकल्प शुद्धात्माका सत्तावलोकन भी उसके कभी नहीं है। तात्पर्य यह है, निश्चयकर अभेदरत्नत्रयको परिणत हुआ निज शुद्धात्मा ही मोक्षका मार्ग है। ऐसी ही द्रव्यसंग्रहमें साक्षीभूत गाथा कही है। 'रयणत्तयं' इत्यादि। उसका अर्थ ऐसा है कि रत्नत्रय आत्माको छोड़कर अन्य (दूसरी) द्रव्योंमें नहीं रहता, इसलिये मोक्षका कारण उन तीनमयी निज आत्मा ही है।।१३।।

---

હવે, નિશ્ચયરત્નત્રયરૂપે પરિણમેલો નિજશુદ્ધાત્મા જ મોક્ષમાર્ગ છે, એમ કહે છે :

ભાવાર્થ : જે આત્માથી નિજ આત્માને મોક્ષના કારણરૂપે દેખે છે નિર્વિકલ્પ સ્વરૂપે અવલોકે છે અને તત્ત્વાર્થશ્રદ્ધાનની અપેક્ષાએ ચલ, મલિન અને અગાઢ દોષોને તજીને 'એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપે નિર્ણય કરે છે, માત્ર નિશ્ચય કરે છે એટલું જ નહિ પણ વીતરાગસ્વસંવેદન જેનું લક્ષણ છે એવા અભેદજ્ઞાનથી જાણે છે–પરિચ્છેદન કરે છે, માત્ર પરિચ્છેદન કરે છે એટલું જ નહિ પણ રાગાદિ સમસ્ત વિકલ્પોનો ત્યાગ કરીને અનુચરે છે–ત્યાંજ–નિજસ્વરૂપમાં જ–સ્થિર થાય છે તે નિશ્ચયરત્નત્રયપરિણત પુરુષ જ નિશ્ચયમોક્ષમાર્ગ છે.

એવું કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે–હે પ્રભુ ! તત્ત્વાર્થશ્રદ્ધાનરુચિરૂપ સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ છે, એમાં તો દોષ નથી. (એ તો બરાબર છે.) પણ 'દેખે છે– નિર્વિકલ્પરૂપે અવલોકે છે તે દર્શન' એ પ્રમાણે આપે જે કહ્યું તે સત્તાવલોકનરૂપ દર્શન કેવી રીતે મોક્ષનું કારણ થાય ? જો આપ કહેશો કે તેવું દેખવારૂપ દર્શન મોક્ષનું કારણ થાય તો તે સત્તાવલોકનદર્શન અભવ્યોને પણ વર્તે છે, તો તેમનો પણ મોક્ષ થાય. પણ અભવ્યનો મોક્ષ થાય તો આગમનો વિરોધ આવે છે.

તેનો પરિહાર :- અભવ્યોને નિર્વિકલ્પસત્તાવલોકનદર્શન બહારના વિષયમાં વર્તે છે,પણ અંતરંગ શુદ્ધાત્મતત્ત્વના વિષયમાં વર્તતું નથી, (અભવ્યોને જે દેખવારૂપ દર્શન છે તે બાહ્યપદાર્થોનું છે, અંતરંગ શુદ્ધાત્મતત્ત્વનું દર્શન તો અભવ્યોને હોતું નથી.) તમે કહેશો કે કેમ ? તો તેનું સમાધાન :- તે અભવ્યોને મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિનો ઉપશમ,

**ક્ષયોપશમ અને ક્ષયનો અભાવ હોવાથી 'એક શુદ્ધાત્મા જ ઉપાદેય છે' એવું રુચિરૂપ સમ્યગ્દર્શન જ હોતું નથી, અને ચારિત્રમોહના ઉદયથી વીતરાગચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્મસત્તાવલોકન પણ તેને સંભવતું નથી, એવો ભાવાર્થ છે.**

**નિશ્ચયનયથી અભેદરત્નત્રય પરિણત નિજશુદ્ધાત્મા જ મોક્ષમાર્ગ છે એવા અર્થના સંવાદની ગાથા (દ્રવ્યસંગ્રહની ગાથા ૪૦) કહે છે કે – 'रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियम्हि। तम्हा तत्तियमइओ होदि हु मोक्खस्स कारणं आदा।।' (અર્થ :– આત્મા સિવાય અન્ય દ્રવ્યમાં રત્નત્રય રહેતાં નથી તે કારણે રત્નત્રયમયી આત્મા જ ખરેખર મોક્ષનું કારણ છે.) ૧૩.**

## ગાથા-૧૩ ઉપર પ્રવચન

**'આગે નિશ્ચયરત્નત્રયરૂપ પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી મોક્ષકા માર્ગ હૈ,...'** જુઓ! ખરેખર નિશ્ચયરત્નત્રય. નિશ્ચયરત્નત્રય, હોં! વ્યવહાર નહિ, નિશ્ચય. પોતાના આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે. ત્રણે વીતરાગી પર્યાય છે. તેનાથી પરિણત થયેલો-વીતરાગી પર્યાયથી પરિણત થયેલો-પરિણમતો થકો '**નિજ શુદ્ધાત્મા હી મોક્ષકા માર્ગ હૈ,...**' નિજ શુદ્ધાત્મા જ મોક્ષમાર્ગ છે. આહાહા..! આ માર્ગની ગાથા છે. '**ઐસા કહતે હૈં–**'

**અન્વયાર્થ :– 'જો અપનેસે આપકો દેખતા હૈ,...'** આ '**पश्यति**' છે ને, એમાંથી કાઢશે. દેખવું ને શ્રદ્ધવું કાઢશે. આહા..! '**જો અપનેસે આપકો દેખતા હૈ,...**' આહાહા..! જેમ પરને દેખે છે એ તો પરનું પરાધીન જ્ઞાન (છે). આહાહા..! પોતાના આત્માને અંદર જુએ છે. એમાંથી શ્રદ્ધા કરે છે, જુએ છે, બેય આવ્યા. પોતાના આત્માને શ્રદ્ધે છે. જોઈને શ્રદ્ધે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ શરીર, વાણી, મન, પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે, એનાથી રહિત ભગવાનઆત્મા અંદર છે. ભગવાને કહ્યું છે. પરમાત્મા છે ને આ? એ પરમાત્મસ્વરૂપ જ આત્મા અંદર છે. પણ કદી પ્રતીતિ કરી નથી, સમજ્યો નહિ, નજર કરી નહિ. બહારમાં આમ ને આમ જિંદગી કાઢી. ગધ્ધામજૂરી. આહાહા..!

પોતાના આત્માને જોવો. આહાહા..! જેની પર્યાય જ્ઞાન છે, પોતાની પર્યાય-અવસ્થા એ જ્ઞાનથી જ્ઞાતાને જોવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? એમાંથી કાઢશે-અચક્ષુદર્શન. જોવું છે ને? તો અચક્ષુદર્શન અંદરથી કાઢ્યું. એકલું દેખવું તો અભવીને પણ છે. એ આવશે. આમાંથી કાઢશે. એ નહિ. પોતાનો અંતર ભગવાન શુદ્ધાત્મા પવિત્રાત્મા ભગવત્સ્વરૂપ પરમાત્મસ્વરૂપ પોતાનું છે એને જોવો. એની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી-પહેલું સોપાન-પહેલું પગથિયું છે. પગથિયા હોય ને?

સોપાન. દાદરા. એમ આ ધર્મનું પહેલું સોપાન છે. આહા..! પોતાનો આત્મા અંદર નિરાકુળ અનાકુળ આનંદસ્વરૂપ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતાની શક્તિથી ભરેલો ભગવાન, એને દેખવો. આહાહા..! જાણનારને કદી જાણ્યો નહિ. સમજાય છે કાંઈ?

જેમ સૂર્યનો પ્રકાશ પૃથ્વી ઉપર દેખાય છે. સૂર્યનો પ્રકાશ. પૃથ્વી અને પ્રકાશ કદી એક થતા નથી. સૂર્યનો પ્રકાશ છે એ પૃથ્વી ઉપર આમ પ્રસરે છે, પણ પૃથ્વી અને પ્રકાશ એક નથી થતા. એમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રકાશ-સૂર્ય રાગાદિ બધાને જાણે છે, પણ રાગમાં એકત્વ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું. આ પ્રકાશ છે, જુઓ! આ પ્રકાશ કાગળ ઉપર પ્રસર્યો છે તો કાગળરૂપ પ્રકાશ થયો છે? આહા..! એમ ભગવાનઆત્મા ચૈતન્યનો પ્રકાશ પોતાને જાણે છે અને પરને જાણવામાં પણ પ્રસરે છે, પણ એ જ્ઞાન છે પર સાથે એકત્વ થતું નથી. રાગમાં કે વિકલ્પમાં કે શરીરમાં કે કોઈમાં (એકત્વ થતું નથી). જાણે છે બધાને પણ એમાં એકત્વ થતો નથી. એવા આત્માને જોવો એનું નામ સમ્યગ્દર્શન છે. 'શાંતિભાઈ'! આવું ઝીણું છે. 'મણિભાઈ' તો હજી માંડ પહેલીવાર સાંભળે છે. ઝીણી વાતું બહુ, બાપુ! આહાહા..! છે?

'**અપનેસે...**' પાછું એમ. '**અપનેસે આપકો દેખતા હૈ,...**' એમ ભાષા છે. પોતાથી પોતાને જોવો. એમ શબ્દાર્થ છે ને? આત્માની નિર્મળ પર્યાય દ્વારા પોતાથી પોતાને-આત્માને જોવો. આહાહા..! વિકલ્પ કે રાગની મદદ-સહાયતા વિના. આહાહા..! '**જો અપનેસે આપકો દેખતા હૈ,....**' એ સમ્યગ્દર્શન. '**જો અપનેસે આપકો જાનતા હૈ,...**' એમ લેવું. આહાહા..! સામે પુસ્તક છે ને? જુઓને! શું આવ્યું? આહાહા..! જે કોઈ પોતાથી એટલે પોતાની જ્ઞાનપર્યાયથી આપકો-પોતાના દ્રવ્યને જાણે છે, એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! '**જો અપનેસે આપકો આચરણ કરતા હૈ,...**' આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુઆત્મા (છે). પણ અહીંયા એક સાધારણ બે બીડી પીવે સરખી ત્યારે એને પાયખાનામાં જંગલ ઉતરે. આટલા તો અપલખણ. સિગારેટ પીવે ને? સિગારેટ. ત્યારે પાયખાને દસ્ત ઉતરે. આટલા તો અપલખણ. હવે એને કહે કે આ ભગવાનઆત્મા અંદર (બિરાજે છે).

એને કેટલીક રાગની મંદતા તો પહેલા હોવી જોઈએ. જેથી એને સ્વભાવ સમજવામાં અંદર જવામાં અનુકૂળ પડે. તીવ્ર રાગ હોય એમાં અંદર જઈ શકે નહિ. મંદ રાગ પણ જઈ શકે નહિ, પણ મંદ રાગમાં થોડો કષાય મંદ થયો હોય તો એને છોડીને અંદરમાં જઈ શકે. અશુભને છોડીને અંદરમાં જઈ શકે નહિ. આહા..! સમજાય છે કાંઈ? એ અપેક્ષાએ ત્યાં વ્યવહાર કહેવામાં આવ્યો છે.

અપનેકો '**અપનેસે આપકો આચરણ કરતા હૈ,...**' આ શું હશે? પોતાની વીતરાગી પર્યાયથી પોતાના આત્માની રમણતા કરવી, એનું નામ ચારિત્ર છે. આહાહા..! નગ્નપણું અને

પંચમહાવ્રતના વિકલ્પ આદિ હોય છે એ ચારિત્ર નહિ. આહાહા..! છે? એ ત્રણેમાં લેવું. જે કોઈ પોતાથી પોતાને દેખે છે એટલે શ્રદ્ધે છે. જે કોઈ પોતાથી પોતાને જાણે છે એ જ્ઞાન. જે કોઈ પોતાથી પોતાને અનુચરે છે-આચરણ કરે છે-અંતરમાં રમણતા (કરે છે).

**'स एव'** **'વહી વિવેકી..'** આહાહા..! એ વિવેકી-પરથી ભિન્ન પડવાવાળો **'દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણત હુઆ...'** અંદર દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી અવસ્થા થઈ **'જીવ મોક્ષકા કારણ હૈ.'** **'પરિણત હુઆ જીવ મોક્ષકા કારણ હૈ.'** એમ કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયથી પરિણમિત થયેલો જીવ. વીતરાગમાર્ગ છે ને! તો પોતાનું વીતરાગસ્વરૂપ છે ત્રિકાળ, એને વીતરાગી પર્યાયથી શ્રદ્ધવું, વીતરાગી પર્યાયથી જાણવું અને વીતરાગી પર્યાયમાં પરિણમવું, એમ ત્રણેથી પરિણમિત જે જીવ છે એ મોક્ષનું કારણ છે. મોક્ષનો માર્ગ આ છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૭, શુક્રવાર
## તા. ૧૫-૧૦-૧૯૭૬, ગાથા-૧૩-૧૪, પ્રવચન નં. ૧૦૫

'પરમાત્મપ્રકાશ'. ૧૪મી ગાથા.

મુમુક્ષુ :- ૧૩મી રહી ગઈ છે.

ઉત્તર :- ૧૩મી રહી ગઈ? ક્યાં સુધી આવી ગયું?

મુમુક્ષુ :- ભાવાર્થ.

ઉત્તર :- ભાવાર્થ બાકી? ઠીક.

**ભાવાર્થ :- 'જો સમ્યગ્દૃષ્ટિ જીવ અપને આત્માકો આપકર નિર્વિકલ્પરૂપ દેખતા હૈ,...'** શું કહે છે? ધર્મીજીવની દૃષ્ટિ ત્રિકાળી આત્મા નિર્વિકલ્પ શુદ્ધ અખંડ જ્ઞાનઘન છે, એના ઉપર એની દૃષ્ટિ હોય છે. ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળમાં એણે એ અભ્યાસમાં લીધું નથી. **'સમ્યગ્દૃષ્ટિ જીવ...'** એટલે સાચી દૃષ્ટિવાળો આત્મા **'અપને આત્માકો...'** નિજ આત્માને, પર નહિ. **'અપને આત્માકો આપકર...'** પોતા વડે **'નિર્વિકલ્પરૂપ દેખતા હૈ,...'** નિર્મળ વીતરાગી પર્યાયથી પોતાના આત્માને દેખે છે. આવી વાત છે. ધર્મ આ ચીજ છે. એ ધર્મ વિના અનંતકાળથી દુઃખી.. દુઃખી... દુઃખી છે. વર્તમાનમાં જરી સગવડતા દેખે એમાં આકર્ષાઈ જાય છે. એ મિથ્યા ભ્રમ છે. અંતરમાં ભગવાનઆત્મા પરિપૂર્ણ અખંડ જ્ઞાન.. કાલે બપોરે આવ્યું હતું, નહિ? અખંડ જ્ઞાન. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ પદાર્થ-વસ્તુ. અખંડ એટલે જેમાં પર્યાયનો ભેદ પણ નથી. પર્યાયનો ભેદ એ વ્યવહારમાં જાય છે. ભલે પર્યાય વિષય કરે છે ત્રિકાળનો, પણ પર્યાયને જુદી પાડતા એ વ્યવહારના વિષયમાં જાય છે.

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ... જેને સુખના પંથે જવું છે, આ દુ:ખના પંથે અનાદિથી દોરાઈ રહ્યો છે. બરાબર હશે? આ બધા પૈસાવાળાને તમારે સુખી કહે માણસો. ધૂળવાળાને, ધૂળ-ધૂળ. બે-પાંચ કરોડ હોય તો સુખી છે. દુ:ખી છે, ભાઈ! એ પરાધીન પરમાં સુખ શોધે છે, એ મિથ્યાભ્રમ અજ્ઞાન દુ:ખ છે.

મુમુક્ષુ :- સુખ મળે છે ને.

ઉત્તર :- ક્યાં સુખ છે? દુ:ખ છે. અજ્ઞાની માને છે. રાગ છે, એ તો રાગ છે. આહાહા..! એ ખરેખર તો રાગ છે, લક્ષ્મીનો, બહારની સગવડતાનો, એ તો ઝેર છે. એની એને ખબર નથી. કેમ કે આત્મા તો અતીન્દ્રિય અમૃત આનંદસ્વરૂપ છે. ભગવાનઆત્મા દેહમાં અતીન્દ્રિય અમૃત આનંદસ્વરૂપ (છે). એનાથી શુભરાગ હો કે અશુભ, આ તો અશુભરાગ છે. લક્ષ્મી ઠીક ને એ તો ઝેર છે. આત્માનો આનંદ કદી જોયો નથી, જાણ્યો નથી એથી એને એ રાગમાં મજા (છે), એમ અજ્ઞાની માને છે. અને એને લઈને ચોર્યાસી લાખના અવતારમાં રખડી રહ્યો છે. આહાહા..! ત્યારે ધર્મીજીવ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિનવરદેવ એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ જેની સાચી દૃષ્ટિ છે, સત્ય સ્વરૂપની દૃષ્ટિ છે, એ જીવ '**અપને આત્માકો...**' સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એ તો પર આત્મા છે. પરને માનવા એ તો રાગ છે. પોતાને અંતર માનવો એ નિર્વિકલ્પ વીતરાગ છે. આહાહા..!

'**અપને આત્માકો આપકર...**' પોતાથી. એટલે? રાગ વિનાના આત્માનો જે સ્વભાવ વીતરાગ શુદ્ધ એ શુદ્ધ સ્વભાવ વડે, શુદ્ધ સ્વભાવ વડે પર્યાયમાં '**નિર્વિકલ્પરૂપ દેખતા હૈ,...**' ભગવાનઆત્માને તો અભેદ એકરૂપ દેખે છે. આહાહા..! હજી તો સાંભળવું મુશ્કેલ પડે કે શું કહે છે આ. એક શબ્દમાં કેટલું નાખ્યું છે! જુઓ! આહાહા..! જે કાંઈ જ્ઞાનમાં પરવસ્તુ રાગાદિથી (માંડી) બીજી બધી ચીજ જે જણાય છે એ જ્ઞાનમાં નથી. જ્ઞાન એને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એની તો નથી, પણ એને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. ખરેખર તો પોતાનો જ્ઞાનસ્વભાવ અને પરને જાણવાનો પોતાનો સ્વભાવ, એ પોતાના સ્વભાવને જાણે છે. આહાહા..! ધર્મ ચીજ અપૂર્વ (છે), જેનાથી જન્મ-મરણના અંત આવે, ચોર્યાસીના અવતારમાં પરિભ્રમણ મટે આ ચીજ અલૌકિક છે.

કહે છે, ભગવાન! '**સમ્યગ્દૃષ્ટિ જીવ અપને આત્માકો આપકર...**' પોતાના આનંદસ્વરૂપ ભગવાનને, '**આપકર...**' આનંદ વીતરાગી પર્યાયકર વસ્તુને '**નિર્વિકલ્પરૂપ દેખતા હૈ,...**' આહાહા..! લ્યો! એ તો કાલે બપોરે આવ્યું હતું, અખંડ પ્રતિભાસ. આહાહા..! ધર્મનો માર્ગ એવી ચીજ છે. શાંતિથી અને આગ્રહ બધા છોડી દઈને સમજે તો સમજાય એવું છે. જેનાથી જન્મ-મરણના અંત આવે એ સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. બાકી તો આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે એ ભવભ્રમણ કરે છે. ભવમાં રખડવા જશે. પુણ્ય હશે તો એ પુણ્ય સંસારમાં જશે. આહાહા..!

અહીંયાં તો '**નિર્વિકલ્પરૂપ દેખતા હૈ, અથવા તત્વાર્થશ્રદ્ધાનકી અપેક્ષા ચંચલતા**

**ઔર મલિનતા તથા શિથિલતા ઈનકા ત્યાગકર શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' આહાહા..! ચંચળતા છોડીને તત્વાર્થશ્રદ્ધાનની અપેક્ષાએ વિકલ્પની મલિનતા અને શિથિલતા. આહાહા..! ચંચળતા, મલિનતા અને શિથિલતા એ ત્રણ પ્રકારનો જે દોષ છે... આહાહા..! એને છોડીને '**ત્યાગકર શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ એ વિજ્ઞાનકંદ, આનંદકંદ પ્રભુ છે. આહાહા..! એ જ સમ્યગ્દષ્ટિને ઉપાદેય છે. અંગીકાર અને આદરણીય હોય તો તે ચીજ છે. આહાહા..!

હવે આ શુદ્ધાત્મા શું છે અને પર્યાયધર્મ વળી સમ્યગ્દર્શન ને.. અરે..! અજ્ઞાની અનાદિકાળથી મૂંઢપણામાં... આહાહા..! અનંતકાળ એણે ગાળ્યો. જે કાળનો અંત નથી. છે... છે... છે... છે... છે... ગયો કાળ. એવા ભવમાં અનંત ભવ નિગોદના કર્યા, ઈયળના કર્યા, કીડા-કાગડાના કર્યા. અનંતા શેઠાઈના પણ કર્યા. આ ધૂળના ધણી. પૈસો છે ને? એ ધૂળ છે-માટી છે. આહાહા..! એનો ધણી પણ અનંતવાર થયો પણ પોતાનો ધણી થયો નહિ. આહાહા..!

'**શુદ્ધાત્મા હી...**' અહીંથી એનું મથાળું બાંધ્યું. પછી વ્યવહાર કહેશે. પણ અહીંયાં તો પહેલું શુદ્ધાત્મા પરમ પવિત્ર પ્રભુ આનંદઘન ધ્રુવ જે છે... છે... છે... છે... છે... છે... અનાદિઅનંત વસ્તુ છે આત્મા, એવો જે ત્રિકાળીભાવ તે જ ધર્મી જીવને આદરણીય છે, એ સિવાય કોઈ ચીજ આદરણીય છે નહિ. સમજાય છે કાંઈ? '**ઈસપ્રકાર રુચિરૂપ નિશ્ચય કરતા હૈ,...**' છે ને? આ પ્રકારે રુચિ અંદર રુચિ, પોષાણ, પૂર્ણ શુદ્ધ આત્માનું પોષાણ. પોષાણ સમજો છો? આ વેપારી માલ લેવા જાય (એમાં) પોસાતો હોય એ માલ લે ને. અઢી રૂપિયાનું મણ હોય અને અહીં ત્રણે ખપતું હોય તો લે ને. પણ અઢી રૂપિયાના મણમાં સવા બે ખપતો હોય એ પોસાતો માલ કહેવાય? એય..! એમ જેને આત્મા પોસાય છે, કહે છે. આહાહા..! જેને નિમિત્તનું પોસાણ નથી, રાગનું નથી, પર્યાયનું પણ નથી. આહાહા..! એક સમયની અવસ્થાનું પણ નથી.

મુમુક્ષુ :- તત્ત્વશ્રદ્ધાનની અપેક્ષા...

ઉત્તર :- એ તત્વાર્થશ્રદ્ધાન એ સમ્યક્ નિશ્ચય છે. અહીં નિશ્ચયથી વાત છે. વ્યવહાર તત્વની અહીં વાત નથી.

**નરુચિરૂપ નિશ્ચય કરતા હૈ,...**' આહાહા..! સમજાય છે કાંઈ? આ તો અપૂર્વની વાતું છે, બાપુ! આમ તો ધર્મને નામે તો અત્યારે ધમાધમ ચાલે છે ચારે કોર. ધર્મ બાપા! એક ક્ષણનો ધર્મ જે જન્મ-મરણના અંતને લાવે એ ધર્મ અલૌકિક છે. આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ જિનવરદેવ પરમેશ્વર એમ કહે છે કે '**શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઉસપ્રકાર રુચિરૂપ નિશ્ચય કરતા હૈ,...**' આહાહા..! એ દર્શન-શ્રદ્ધા. એ દર્શનની વાત કરી. '**વીતરાગ સ્વસંવેદનલક્ષણ જ્ઞાનસે જાનતા હૈ...**' એ જ્ઞાનની વાત કરી. આહાહા..! જેને ભગવાન અંદર આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો એ સમુદ્ર આત્મા છે.

આહાહા..! એ આત્માનું સ્વરૂપ અંદર પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! ક્યાં બેસે?

મૃગની નાભીમાં કસ્તુરી, પણ એને કસ્તુરી બેસે નહિ. મૃગલા જેવા પ્રાણી, એની નાભીમાં કસ્તુરી. કિંમતી કસ્તુરી. એમ આ અંતર આત્મામાં અનંતઆનંદ અને જ્ઞાન ભરેલી કસ્તુરી છે, ભગવાન! આહાહા..! પણ મૃગલા જેવા પ્રાણી, જેને બહાર પુણ્ય અને પાપના ભાવની રુચિ અને પુણ્ય-પાપના ભાવ એટલે પુણ્યના ફળ આ ધૂળ મળે શેઠાઈ રાજ આદિ, એના જેને પ્રેમ એવા મૃગલાઓ, પોતામાં ભરેલા આનંદની રુચિ કરતો નથી. આહાહા..! 'મનુષ્યા સ્વરૂપે મૃગા ચરંતી.' મનુષ્યનું સ્વરૂપ પણ છે હરણીયા જેવા એ મૃગલા છે. આહાહા..! જેને ભગવાનઆત્મા નિર્વિકલ્પ આનંદનો કંદ પ્રભુ છે, પોતે છે એવો, એની જેને રુચિ નથી, એ તો મિથ્યાદૃષ્ટિ ભ્રમમાં પડ્યો છે. આહાહા..!

કાલની ઓલી એક વાત સાંભળી હતી ને. મોટો માણસ હતો. મોટો માણસ. એ ઘણાને જીતીને બહુ.. કો'ક એને મારી નાખશે એવો દુશ્મનનો ડર પણ બહુ. મોટો માણસ. બળી ગયો ને ઓલામાં? એ કહે છે કે ગોળી રાખતો. એક ગોળી રાખતો. મરવાની. આમ જુઓ તો મોટા પૈસા છે. એમ કે કોઈ એમ જાણે કે હું એકલો છું અને આ તો દુશ્મન છે. મારશે મને. એટલે ગોળી લઈ લે, મરવા માટે. આહાહા..!

મુમુક્ષુ :- બેશુદ્ધ થઈ જાય.

ઉત્તર :- બેશુદ્ધ થઈ જાય. આ દશા.. આ દશા... એવી દશાઓ એણે અનંતવાર કરી, ભગવાન! અનાદિકાળનો છે, અનાદિકાળનો છે. આત્મા કાંઈ નવો છે? નવો થાય છે? એ તો અનાદિથી છે, છે ને છે. એમાં આવા અવતાર. એને ગોળી ખાધી મરી જવું અને ક્યાં જવું છે એની ખબર છે? એ તો જાણે થઈ રહ્યું. અત્યારે આપણને દુઃખ હતું એ છૂટી ગયું, લ્યો! આહાહા..! અંતર આત્મા શાશ્વત વસ્તુ નિત્યાનંદ પ્રભુ છે. આહાહા..! એની તો એને ખબર નથી. આહાહા..! એ પાછા મરીને માંસ આદિ ખાતા હોય તો નરકમાં જાય. આર્ય માણસો માંસ આદિ ન ખાતા હોય તો ઢોરમાં જાય-પશુમાં જાય.

મુમુક્ષુ :- દેવમાં ન જાય?

ઉત્તર :- દેવમાં શું મનુષ્યમાં પણ ન જાય. ઈયળુ, કીડી, કાગડા, કૂતરા, ભૂંડ, વાંદરા એમાં જાય. આહાહા..!

અહીં પરમેશ્વર એમ કહે છે, જેને ભગવાન પૂર્ણ શુદ્ધ પવિત્ર પિંડ છે તે ઉપાદેય છે અને તેની રુચિ તે નિશ્ચય કરે છે, એ સમ્યગ્દર્શન. આહાહા..! અને '**વીતરાગ સ્વસંવેદનલક્ષણ જ્ઞાનસે જાનતા હૈ...**' આહાહા..! શાસ્ત્રથી નહિ, પરથી નહિ. અંતરમાં રાગથી રહિત થઈ વીતરાગી પર્યાયથી સ્વસંવેદન-પોતાનું પોતાથી પ્રત્યક્ષ વેદન કરે, એનાથી આત્માને જાણે એનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આ બધા તમારા ડોક્ટરના, એમ.એ.ના... એમ.એ. કહેવાય? શું કહેવાય એ? એમ.બી.બી. એસ. અને આ વકીલો બધા એમ.એ.વાળા. આ બધા ઝવેરાતવાળાના અભ્યાસ ઝવેરાતના, એ બધા કુજ્ઞાન છે. કુજ્ઞાન છે. આહાહા..! અરે..! એને ખબર નથી.

અહીં કહે છે કે તને જ્ઞાન સાચું ક્યારે કહેવાય? આહાહા..! રાગનો ભાવ છે તેનાથી ખસી અને વીતરાગી સ્વરૂપ આત્મા છે તેને વીતરાગી પર્યાય દ્વારા જાણવું. આહાહા..! લ્યો! 'ફુલચંદજી'! ૧૪૪ જેવું આવ્યું હતું. આહાહા..! બાપુ! માર્ગ જન્મ-મરણ રહિત (થવાનો) બહુ અલૌકિક છે. બાકી તો આ શેઠ થાય, દેવ થાય ને ભિખારા અનંતવાર થયા, અનંતવાર થયા. અબજોપતિ અનંતવાર થયો, ધૂળમાં. મરીને પાછા નરકે ગયા. આહાહા..! એ તો કહ્યું હતું ને? આ 'પરમાત્મપ્રકાશ'માં નહિ? આગળ ગાથા છે ને? આમાં જ છે ને? આની ગાથા આગળ છે. પૂર્વના પુણ્યને લઈને વૈભવ મળે-આ ધૂળનો. પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ. એ પૂર્વના પુણ્યને લઈને, હોં! એના પુરુષાર્થને લઈને નહિ.

મુમુક્ષુ :- પહેલા આટલા રૂપિયા ન મળતા કોઈ ને. અત્યારે માણસોને ઢગલાના ઢગલા થાય છે.

ઉત્તર :- આટલા બધા પૈસા નહોતા પહેલા. વાત સાચી. હવે પૈસા (દેખાય છે). મમતા બહુ વધી ગઈ. પહેલા દસ હજાર રૂપિયા (હોય) તો આમ મોટા સાહુકાર શેઠિયા કહેવાતા. અત્યારે તો લાખ, બે લાખ તો રાંડી રાંડ પાસે હોય છે. આહાહા..! એની કાંઈ ગણતરી જ નહિ.

મુમુક્ષુ :- અમારી પાસે લાખ ન હોય તો ભગવાનને .. આપે.

ઉત્તર :- શું કીધું?

મુમુક્ષુ :- મારી પાસે લાખ, બે લાખ નહિ હોય તો ...

ઉત્તર :- અહીં તો કહે છે કે આવા કરોડો, અબજોપતિ અનંતવાર થઈ, દુઃખી થઈને મરીને ઢોરમાં ગયો છે. એને ખબર નથી, ભાઈ! એણે કોઈ દિ' આત્મા અને શું છે આ અને શું આ લીલા બધી થઈ રહી છે? એમાં હું કોણ છું જુદો એનો કોઈ દિ' વિચાર પણ કર્યો નથી. ધર્મના નામે પણ બહારના વ્રત ને તપ ને અપવાસ ને ભક્તિ અને પૂજા ને, એમાં ને એમાં ડૂલી ગયો. એ પણ રાગની ક્રિયા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે '**વીતરાગ સ્વસંવેદનલક્ષણ જ્ઞાનસે...**' આહાહા..! સમ્યગ્જ્ઞાન જે મોક્ષનો માર્ગ એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું? સમ્યગ્દર્શન, જે મોક્ષનો માર્ગ એનું લક્ષણ શુદ્ધાત્માની રુચિ અને શુદ્ધાત્માને ઉપાદેય કરવો તે. હવે મોક્ષનો માર્ગ જે બીજો અવયવ જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન કહેવું કોને? કે વીતરાગ સ્વસંવેદન. એ વિકલ્પ એટલે રાગથી રહિત પોતાની જે નિર્મળ, આત્માની નિર્મળ દશા એ નિર્મળ દશા દ્વારા સ્વ એટલે પોતાને, સં એટલે પ્રત્યક્ષ વેદવો એનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! શરતું મોટી. શાસ્ત્રના ભણતર પણ અનંતવાર કર્યા. આહાહા..! એના પણ ઠેકાણા ક્યાં છે અત્યારે?

અહીં તો કહે છે કે જ્ઞાન જેને મોક્ષના માર્ગનો ભાગ-અવયવ કહીએ એ જ્ઞાન એટલે શું? વીતરાગ રાગ વિનાની દશા, '**સ્વસંવેદનલક્ષણ જ્ઞાનસે...**' સ્વ એટલે પોતાને જાણે, જ્ઞાનથી વેદે એને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. કહો, પંડિતજી! આહાહા..! આ બધા પ્રોફેસર છો ને તમે તો મોટા સંસ્કૃતના. સંસ્કૃતના પ્રોફેસર છે. એ બધા સંસ્કૃતના પ્રોફેસર

અજ્ઞાની મૂંઢ છે. આહાહા..! ભગવાનઆત્મા અંદર પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ સત્ એટલે છે, જ્ઞાન અને આનંદના સ્વભાવથી સ્વભાવવાન છે, એને એના સ્વભાવથી-સ્વભાવની પર્યાયથી-સ્વસંવેદનથી જાણે એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. ભાષા તો સાદી આવે છે પણ હવે ભાવ બીજા શું લાવવા? આહાહા..!

અરે..! કોઈ દિ' દરકાર કરી નથી. મારું શું થશે? આ દેહથી છૂટીને ક્યાં જઈશ? એ આત્મા કાંઈ મરી જાય છે? દેહ છૂટ્યો એ આત્મા મરે છે? આત્મા જન્મે છે? આત્મા તો છે એ છે અનાદિથી. આહાહા..! શરીરનો સંયોગ થાય તેને જન્મ કહે, શરીરનો વિયોગ થાય તેને મરણ કહે. ભગવાનઆત્મા જન્મતો પણ નથી અને મરતો પણ નથી. આહાહા..! એ તો વસ્તુ છે અંદર. એનું જ્ઞાન... આહાહા..! એ '**જ્ઞાનસે જાનતા હૈ...**' બે બોલ થયા. પછી વ્યવહાર નાખશે ભલે, પણ વ્યવહાર જાણવો એમ કહેશે. આદરવો એમ નહિ કહે. જાણવો કહેશે અને જાણવાથી તને આગળ પરંપરા મોક્ષ થાશે એટલી વાત કરશે. આહાહા..!

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન..

ઉત્તર :- અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો અનંતવાર. એ તો પરલક્ષી છે. પોતાનું જ્ઞાન ન આવ્યું. એ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન ન આવ્યું. આહાહા..! બાપુ! આકરી વાતું, ભાઈ! ત્રિલોકનાથ જિનેશ્વર તીર્થંકરદેવ પરમાત્મા ઈન્દ્રો અને ગણધરોની સભામાં પરમાત્મા આ કહેતા હતા. એ આ વાત છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. 'સીમંધર' ભગવાન તીર્થંકરપણે બિરાજે છે. એ આ વાત કરે છે. દિવ્યધ્વનિમાં એ વાત આવે છે. એ વાત મુનિઓ લાવ્યા અને દુનિયાને કહે છે. સમજાણું કાંઈ?

બે બોલ થયા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, જે ધર્મરૂપ મોક્ષનો માર્ગ એની વ્યાખ્યા કરી. હવે ત્રીજું, ચારિત્ર. '**સબ રાગાદિક વિકલ્પોંકે ત્યાગસે...**' પુણ્ય અને પાપ બેય રાગ છે. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ પુણ્યનો વિકલ્પ પુણ્ય છે. બેય રાગ છે. આહાહા..! એ બેય રાગથી રહિત થઈ. '**સબ રાગાદિક...**' કીધું ને? '**સબ રાગાદિક...**' એટલે પુણ્ય-પાપના બેય રાગાદિ ભાવ. એના '**વિકલ્પોંકે ત્યાગસે...**' એ રાગના વિકલ્પના ત્યાગથી '**નિજ સ્વરૂપમેં સ્થિર હોતા હૈ,...**' આહાહા..! ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ, એમાં રમણતા-સ્થિર થવું એનું નામ ચારિત્ર છે. ચારિત્ર આ નગ્ન થઈ ગયા કે લૂગડા ફેરવીને બેઠા અને પાંચ મહાવ્રત લઈને બેઠા એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..! છે?

'**સ્વરૂપમેં સ્થિર હોતા હૈ, સો નિશ્ચયરત્નત્રયકો પરિણત હુઆ પુરુષ...**' તે નિશ્ચય એટલે સત્ય, રત્નત્રય એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રથી એ પરિણત થયો. એ પર્યાયથી પરિણત થયો-પરિણમન થયું. '**પુરુષ હી મોક્ષકા માર્ગ હૈ.**' પહેલું આ સિદ્ધ કર્યું. આહાહા..! શુદ્ધ ઉપાદાન, શુદ્ધ આત્માની રુચિ, એવો નિશ્ચય થયો તે સમ્યગ્દર્શન, અને શુદ્ધ આત્માનું સ્વસંવેદનજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન. અને સર્વથા રાગ, બધો રાગ, કોઈપણ વિકલ્પ રાગના ત્યાગરૂપ પોતાના સ્વરૂપમાં-ચૈતન્યમૂર્તિમાં સ્થિર (થવું) એ ચારિત્ર. એ નિશ્ચયરત્નત્રયથી

થયેલો, પરિણત થયો. પર્યાયમાં નિશ્ચયરત્નત્રયથી પરિણમન કર્યું. એ '**પુરુષ હી...**' એ આત્મા જ '**મોક્ષકા માર્ગ હૈ.**' વસ્તુ તો આ. સમજાણું કાંઈ? છે. સામે પાઠ છે ને પુસ્તકમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા.

'**ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા...**' 'યોગીન્દ્રદેવ' છે, મુનિ છે, આત્મજ્ઞાની, ધ્યાની આનંદમાં ઝુલનારા. મુનિ તો દિગંબર હોય છે, જંગલમાં રહે છે અને આત્માનો આનંદ... આનંદ... આનંદ... આનંદ... એવા 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત મોક્ષના માર્ગથી પરિણત થયેલા, એમનો શિષ્ય 'પ્રભાકરભટ્ટ' છે એ પ્રશ્ન કરે છે કે, '**હે પ્રભો; તત્ત્વાર્થશ્રદ્ધાન રુચિરૂપ સમ્યગ્દર્શન વહ મોક્ષકા માર્ગ હૈ, ઈસમેં તો દોષ નહીં...**' તત્ત્વાર્થ એટલે અંદર વસ્તુ સ્વરૂપ શુદ્ધ આનંદ, એની રુચિ અને દૃષ્ટિ.. 'છ ઢાળા'માં આવે છે ને? 'આત્મરુચિ ભલા હૈ.'

મુમુક્ષુ :- 'પરદ્રવ્યતે ભિન્ન આત્મ..'..

ઉત્તર :- હા. એ. પરદ્રવ્યથી ભિન્ન ભગવાનઆત્મા અંદર. આ બધા હાડકા, શરીર, વાણી, મન, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એ બધા પરદ્રવ્ય છે, એ તો માટી બીજી ચીજ છે. એમાં આત્મા ક્યાં છે? અંદર રાગાદિ છે એ પણ આત્મા નથી. એ તો પુણ્યના પરિણામ, પુણ્ય-પાપના. એ પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ. ભગવાન પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એની રુચિ-નિશ્ચય, એને આપે સમ્યગ્દર્શન કહ્યું. સમજાય છે?

'**ઈસમેં તો દોષ નહીં ઔર તુમને કહા કિ જો દેખે વહ દર્શન...**' હવે અહીંયાં આવ્યું. '**पश्यति**' છે ને? '**पश्यति**' શબ્દ પાઠમાં છે ને? '**आत्मना पश्यति जानाति अनुचरति**' મૂળમાં છે. હવે આ '**पश्यति**'ની વ્યાખ્યા પૂછે છે. આપે તો આત્માને આમ દેખવો અને શ્રદ્ધવો એને સમકિત કહ્યું. પણ પાઠમાં તો '**पश्यति**' છે. '**તુમને કહા કિ જો દેખે વહ દર્શન,...**' સમજ્યા? આત્માને દેખે એ સમકિત. '**જાને વહ જ્ઞાન,...**' આહાહા..! '**ઔર આચરણ કરે વહ ચારિત્ર હૈ.**' એ સ્વરૂપમાં આનંદમાં, અંતર આનંદસ્વરૂપ ભગવાનઆત્મામાં લીન થવું, ચરવું, જમવું એ ચારિત્ર છે. '**સો યહ દેખનેરૂપ દર્શન કૈસે મોક્ષકા માર્ગ હો સકતા હૈ?**' આ પ્રશ્ન. '**पश्यति**'માંથી કાઢ્યો છે એ. દેખવામાત્રથી એને '**કૈસે મોક્ષકા માર્ગ હો સકતા હૈ? ઔર જો કભી દેખનેકા નામ દર્શન કહો તો દેખના અભવ્યકો ભી હોતા હૈ,...**' અભવિ જીવ છે જીવ. જેમ મઠ અને મગ હોય છે ને? મઠ અને મગ કોરડું-કોરડું. મઠ ને મગ ને અડદ. એમાં કોરડું મગ હોય, કોરડું મઠ હોય. એ પાણીથી ચડે નહિ, કોઈ દિ' ઓગળે નહિ. એનો ભૂકો કરીને પાપડ થાય પણ ઓગળે નહિ. એવા જીવો અભવિ છે. ક્રિયાકાંડ કરે બહુ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, પણ એ આત્માને દેખી શકે નહિ. એ પ્રશ્ન કર્યો છે અહીંયાં. '**દેખનેકા નામ દર્શન કહો તો દેખના અભવ્યકો ભી હોતા હૈ, ઉસકે મોક્ષ-માર્ગ તો નહીં માના હૈ?**' ભગવાને તો અભવિને મોક્ષમાર્ગ કહ્યો જ નથી. એ આત્માને દેખતા નથી. અને

તમે કહો છો કે દેખે એ મોક્ષમાર્ગ. તો અભવિ તો દેખતા નથી. અને દર્શન તો છે. દેખે છે પણ આત્માને દેખતા નથી. '**અભવ્યકે મોક્ષ-માર્ગ હોવે, તો આગમસે વિરોધ આવે.**' દેખે માટે અભવિને પણ મોક્ષમાર્ગ કહો તો આગમથી વિરોધ આવે. ૧૭૧ પાને છે. ૧૭૧ પાને છે કાંઈક આમાં. 'આંખો સે દેખના... ચારોંમેં આત્મા કા અવલોકન છદ્મસ્થ અવસ્થામેં મનસે હોતા હૈ.' એમાં ૭૧માં છે. એ આની સાથે.. પછી આવશે ૧૭૧.

અહીં શિષ્યનો પ્રશ્ન છે કે '**पश्यति**' આત્માને દેખે એ દર્શન. '**તો દેખના અભવ્યકો ભી હોતા હૈ, ઉસકે મોક્ષ-માર્ગ તો નહીં માના હૈ?**' ભગવાને તો મોક્ષમાર્ગની ના પાડે. આગમથી વિરૂદ્ધ છે. અભવિને કદી સમ્યગ્દર્શન થતું નથી. '**આગમમેં તો યહ નિશ્ચય હૈ કિ અભવ્યકો મોક્ષ નહીં હોતા.**'

'**ઉસકા સમાધાન યહ હૈ કિ અભવ્યોંકે દેખનેરૂપ જો દર્શન હૈ, વહ બાહ્યપદાર્થોંકા હૈ,...**' જુઓ! અભવિ દેખે છે એ બાહ્ય પદાર્થને દેખે છે. અંદરનો નહિ. આહાહા..! અંદર ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ એવો એનો સ્વભાવ છે એને એ દેખતો નથી. બાહ્યને દેખે છે. '**અંતરંગ શુદ્ધાત્મતત્ત્વકા દર્શન તો અભવ્યોંકે નહીં હોતા,..**' અંતરંગ શુદ્ધાત્મા, રાગ વિનાની પર્યાયથી આત્માને દેખવું એ અભવિને નથી હોતું. આહાહા..! અંતરંગ. ઓલી બાહ્યની સામગ્રી લીધી. '**શુદ્ધાત્મતત્ત્વકા દર્શન તો અભવ્યોંકે નહીં હોતા, ઉસકે મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકા ઉપશમ ક્ષયોપશમ ક્ષય નહીં હૈ,...**' એને મિથ્યાત્વ આદિનો નાશ કદી હોતો નથી. એ સદાય મિથ્યાદૃષ્ટિ છે. '**તથા શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસી રુચિરૂપ સમ્યગ્દર્શન ભી ઉસકે નહીં હૈ,...**' શુદ્ધાત્મા. આહાહા..! પૂર્ણ પવિત્ર અખંડ જ્ઞાનઘન, વિજ્ઞાનઘન આત્મા, એની '**રુચિરૂપ સમ્યગ્દર્શન ભી ઉસકે નહીં હૈ,...**'

મુમુક્ષુ :- કર્મોનું કારણ છે.

ઉત્તર :- કર્મોનું કારણ ક્યાં આવ્યું? શ્રદ્ધાનું કારણ આવ્યું. મિથ્યાશ્રદ્ધાનું કારણ આવ્યું. મિથ્યા શ્રદ્ધાને કારણે.

'**શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસી રુચિરૂપ સમ્યગ્દર્શન ભી ઉસકે નહીં હૈ, ઔર ચારિત્રમોહકે ઉદયસે વીતરાગ ચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્માકા સત્તાવલોકન ભી ઉસકે કભી નહીં હૈ.**' આહાહા..! રાગને કારણે, ચારિત્રમોહ છે ને રાગ? '**વીતરાગ ચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્મા...**' રાગરહિત શુદ્ધાત્મા નિર્વિકલ્પ જે છે એનું '**સત્તાવલોકન ભી ઉસકે કભી નહીં હૈ.**' એની સત્તાનું જ્ઞાન એને કદી થતું નથી. આહાહા..! પોતાના શુદ્ધ સ્વભાવની સત્તા, શુદ્ધ સ્વભાવનું હોવાપણું, એની શ્રદ્ધા તો અભવિને કદી થતી નથી. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવવાળો છે. આહાહા..! રાગ પુણ્ય-પાપ છે એ તો મલિનતા પર છે. આત્મા અંદર સત્તા, પૂર્ણ સત્તા એ તો શુદ્ધ પવિત્ર છે. એવા '**શુદ્ધાત્માકા સત્તાવલોકન ભી ઉસકે કભી નહીં હૈ.**' આહાહા..! શુદ્ધ પવિત્ર ભગવાનઆત્મા, એની શ્રદ્ધા તો અભવિને કદી થતી નથી. આહાહા..! બહુ સરસ વાત છે. ૧૩મી ગાથા. '**पश्यति**'ની

વ્યાખ્યા કરી.

'**તાત્પર્ય યહ હૈ, નિશ્ચયકર અભેદરત્નત્રયકો પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી મોક્ષકા માર્ગ હૈ.**' ભાવાર્થ અને તાત્પર્ય, એનું એ રહસ્ય છે કે '**નિશ્ચયકર અભેદરત્નત્રયકો પરિણત...**' અભેદરત્નત્રય પરિણત. અભેદરત્નત્રયનો અર્થ શુદ્ધ વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ અભેદ નિશ્ચયરત્નત્રય. આહાહા..! સમજાય છે કાંઈ? '**નિશ્ચયકર અભેદરત્નત્રયકો પરિણત હુઆ નિજશુદ્ધાત્મા હી મોક્ષકા માર્ગ હૈ. ઐસા હી દ્રવ્યસંગ્રહમેં સાક્ષીભૂત ગાથા કહી હૈ.**' લ્યો! ગાથા કીધી છે. 'દ્રવ્યસંગ્રહ'-૪૦. 'દ્રવ્યસંગ્રહ'ની ૪૦મી ગાથા. 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એમણે 'દ્રવ્યસંગ્રહ' બનાવ્યું છે, એની આ ૪૦મી ગાથા છે.

'**ઉસકા અર્થ ઐસા હૈ કિ રત્નત્રય આત્માકો છોડકર અન્ય (દૂસરી) દ્રવ્યોંમેં નહીં રહતા,...**' શું કહે છે? કે ભગવાનઆત્મા પવિત્ર જે ત્રિકાળી શુદ્ધ છે, શુદ્ધ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્યમાં નથી. '**દૂસરે દ્રવ્યોંમેં નહીં રહતા, ઈસલિયે મોક્ષકા કારણ ઉન તીનમયી નિજ આત્મા હી હૈ.**' લ્યો! આહાહા..! મૂળ ચીજ આત્મા શું છે એની ખબર નથી. એનો કોઈ દિ' વિચાર નથી કર્યો. આત્મા-આત્મા (એને મૂકીને) બધી વાતું. વ્રત કરો, તપ કરો, દાન કરો, દયા કરો, ભક્તિ કરો, જાત્રા કરો. વર મૂકીને જાન. જાન સમજ્યા? બરાત. વર નહિ અને જાન જોડી દીધી. એમ આત્મા શું ચીજ છે એની ખબર નહિ અને બધી ક્રિયાકાંડમાં જોડી દીધી. એમાં જન્મ-મરણ મટે એવું નથી. આહાહા..! એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..!

'**રત્નત્રય આત્માકો છોડકર...**' અજાણ્યા માણસને તો આ સાંભળવું આ શું કહે છે? કોઈ દિ' સાંભળ્યું ન હોય અને મૂઢતામાં એમ ને એમ જીંદગી ગાળી હોય. 'મણિભાઈ'! આ તો થોડા દિ' થી ચડે છે ને. આ તો તદ્દન અજાણ્યા, હજી કોઈ શબ્દ જ કાને ન પડ્યા હોય. શું કહે છે આ ચીજ? શું કહે છે આ ધર્મ? આહાહા..! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન અને રાગાદિ રહિત ચારિત્ર. શું કહે છે આ? આહાહા..!

અહીં કહે છે કે 'દ્રવ્યસંગ્રહ' 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' નગ્ન દિગંબર મુનિ, એની સાક્ષી આપી છે કે એમાં પણ આ કહ્યું છે કે '**રત્નત્રય આત્માકો છોડકર અન્ય દ્રવ્યોંમેં નહીં રહતા,...**' આહાહા..! પોતાનું નિજ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન, એની રુચિ, જ્ઞાન અને રમણતા એ તો પોતાની પર્યાય છે. આત્માને છોડીને વિકલ્પ અને પરમાં એ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઈસલિયે મોક્ષકા કારણ ઉન તીનમયી નિજ આત્મા હી હૈ.**' આહાહા..! દર્શન, જ્ઞાન, ચારિત્ર. '**अप्पाणं चेव णिच्छयदो**' 'સમયસાર'ની ૧૬મી ગાથા, નહિ? આત્મા પોતે...આહાહા..! આ દેહથી ભિન્ન, કર્મથી ભિન્ન-જુદો અને દયા, દાન, વિકલ્પના રાગથી જુદો. આહાહા..! કોને ખબર ક્યાં છે? એવો જે શુદ્ધ આત્મા નિત્યાનંદ પ્રભુ અનાદિઅનંત, એ આત્મા જ મોક્ષનો માર્ગ છે. એ '**તીનમયી નિજ આત્મા...**' એ ત્રણમય. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણમય આત્મા. આહાહા..! એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :- આ તો ન દેખાય..

ઉત્તર :- દેખાય એ જ દેખાય. ન દેખાય એવો કોણે નિર્ણય કર્યો? ન દેખાય એવો કોણે નિર્ણય કર્યો? એ પણ દેખાય છે. આહાહા..! હું દેખાતો નથી. એ દેખાતો નથી એવો નિર્ણય કોણે કર્યો? એ નિર્ણય કરનારો જ દેખાય છે. 'શાંતિભાઈ'! લોકોને વિચાર ક્યાં છે? એ આખી પ્રથા બદલી ગઈ. આખી મોક્ષના માર્ગની.. વીતરાગ પરમેશ્વર જે સત્ય મોક્ષનો માર્ગ કહે એ વાત આખી ફેરફાર ફેરફાર (થઈ ગયો). જેનાથી જન્મ-મરણના અંત આવે એ વસ્તુ. જન્મ-મરણ થયા કરે, સ્વર્ગ ને નરક. એ પુણ્ય-પાપથી સ્વર્ગ-નરક મળે. આહાહા..!

'**ઈસલિયે મોક્ષકા કારણ ઉન તીનમયી નિજ આત્મા...**' નિજ આત્મા. ભગવાન પરમાત્માની શ્રદ્ધા નહિ, એ તો વ્યવહાર રાગ છે. એ ચૌદમામાં નાખશે. જાણવું, વ્યવહારને જાણવો. આ ૧૩ ગાથા થઈ.

---

**अथ भेदरत्नत्रयात्मकं व्यवहारमोक्षमार्गं दर्शयति –**

**१४०) जं बोल्लइ ववहारु-णउ दंसणु णाणु चरित्तु।**
**तं परियाणहि जीव तुहुँ जें परु होहि पवित्तु।।१४।।**

यद् ब्रूते व्यवहारनयः दर्शनं ज्ञानं चारित्रम्।
तत् परिजानीहि जीव त्वं येन परः भवसि पवित्रः।।१४।।

**जं इत्यादि। जं यत् वोल्लइ ब्रूते। कोऽसौ कर्ता। ववहारु-णउ व्यवहारनयः। यत् किं ब्रूते। दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञानचारित्रत्रयं तं पूर्वोक्तं भेदरत्नत्रयस्वरूपं परियाणहि परि समन्तात् जानीहि। जीव तुहुं हे जीव त्वं कर्ता। जें येन भेदरत्नत्रयपरिज्ञानेन परु होहि परः उत्कृष्टो भवसि त्वम्। पुनरपि किंविशिष्टस्त्वम्। पवित्तु पवित्रः सर्वजनपूज्य इति। तद्यथा। हे जीव सम्यग्दर्शनज्ञानचारित्ररूपनिश्चयरत्नत्रयलक्षणनिश्चयमोक्षमार्गसाधकं व्यवहारमोक्षमार्गं जानीहि। त्वं येन ज्ञातेन कथंभूतो भविष्यसि। परंपरया पवित्रः परमात्मा भविष्यसि इति। व्यवहारनिश्चयमोक्षमार्गस्वरूपं कथ्यते। तद्यथा। वीतरागसर्वज्ञप्रणीतषड्द्रव्यादि-सम्यक्श्रद्धानज्ञानव्रताद्यनुष्ठानरूपो व्यवहारमोक्षमार्गः निजशुद्धात्मसम्यक्श्रद्धानज्ञाना-नुष्ठानरूपो निश्चयमार्गः। अथवा साधको व्यवहारमोक्षमार्गः, साध्यो निश्चयमोक्षमार्गः। अत्राह शिष्यः। निश्चयमोक्षमार्गो निर्विकल्पः तत्काले सविकल्पमोक्षमार्गो नास्ति कथं साधको भवतीति। अत्र परिहारमाह। भूतनैगमनयेन परंपरया भवतीति। अथवा सविकल्पनिर्विकल्प-भेदेन निश्चयमोक्षमार्गो द्विधा, तत्रानन्तज्ञानरूपोऽहमित्यादि सविकल्परूपसाधको भवति, निर्विकल्पसमाधिरूपो साध्यो भवतीति भावार्थः।। सविकल्पनिर्विकल्प-निश्चयमोक्षमार्गविषये संवाद गाथामाह – 'जं पुण सगयं तच्चं सवियप्पं होइ तह य अवियप्पं।**

सवियप्पं सासवयं णिरासवं विगय संकप्पं।' ॥१४॥ एवं पूर्वोक्तैकोनविंशतिसूत्रप्रमित–महास्थलमध्ये निश्चयव्यवहारमोक्षमार्गप्रतिपादनरूपेण सूत्रत्रयं गतम्। इदानीं चतुर्दशसूत्रपर्यन्तं व्यवहारमोक्षमार्गप्रथमावयवभूतव्यवहारसम्यक्त्वं मुख्यवृत्या प्रतिपादयति। तद्यथा –

---

आगे भेदरत्नत्रयस्वरूप–व्यवहार वह परम्पराय मोक्षका मार्ग है, ऐसा दिखलाते हैं। –

**गाथा – १४**

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ व्यवहारनयः ] व्यवहारनय [ यत् ] जो [ दर्शनं ज्ञानं चारित्रम् ] दर्शन, ज्ञान, चारित्र इन तीनों को [ ब्रूते ] कहता है, [ तत् ] उस व्यवहाररत्नत्रयको [ त्वं ] तू [ परिजानीहि ] जान, [ येन ] जिससे कि [ परः पवित्रः ] उत्कृष्ट अर्थात् पवित्र [ भवसि ] होवे।

भावार्थ :– हे जीव, तू तत्त्वार्थका श्रद्धान, शास्त्रका ज्ञान, और अशुभ क्रियाओंका त्यागरूप सम्यग्दर्शन–ज्ञान–चारित्र व्यवहारमोक्ष–मार्गको जान, क्योंकि ये निश्चयरत्नत्रयरूप निश्चयमोक्ष–मार्गके साधक हैं, इनके जाननेसे किसी समय परम पवित्र परमात्मा हो जायगा। पहले व्यवहाररत्नत्रयकी प्राप्ति हो जावे, तब ही निश्चयरत्नत्रयकी प्राप्ति हो सकती है, इसमें संदेह नहीं है। जो अनन्त सिद्ध हुए और होवेंगे वे पहले व्यवहाररत्नत्रयको पाकर निश्चयरत्नत्रयरूप हुए। व्यवहार साधन है, और निश्चय साध्य है। व्यवहार और निश्चय मोक्ष–मार्गका स्वरूप कहते हैं –वीतराग सर्वज्ञदेवके कहे हुए छह द्रव्य, सात तत्त्व, नौ पदार्थ, पंचास्तिकाय, इनका श्रद्धान, इनके स्वरूपका ज्ञान और शुभ क्रियाका आचरण, यह व्यवहारमोक्ष–मार्ग है, और निज शुद्ध आत्माका सम्यक् श्रद्धान स्वरूपका ज्ञान, और स्वरूपका आचरण यह निश्चयमोक्ष–मार्ग है। साधनके बिना सिद्धि नहीं होती, इसलिये व्यवहारके बिना निश्चयकी प्राप्ति नहीं होती। यह कथन सुनकर शिष्यने प्रश्न किया कि हे प्रभो; निश्चयमोक्ष–मार्ग जो निश्चयरत्नत्रय वह तो निर्विकल्प है, और व्यवहाररत्नत्रय विकल्प सहित है, सो वह विकल्प–दशा निर्विकल्पपनेकी साधन कैसे हो सकती है? इस कारण उसको साधक मत कहो। अब इसका समाधान करते हैं। जो अनादिकालका यह जीव विषय कषायोंसे मलिन हो रहा है, सो व्यवहार–साधनके बिना उज्जल नहीं हो सकता, जब मिथ्यात्व अव्रत कषायादिककी क्षीणतासे देव–गुरु–धर्मकी श्रद्धा करे, तत्त्वोंका जानपना होवे, अशुभ क्रिया मिट जावे, तब गुरु वह अध्यात्मका अधिकारी हो सकता है। जैसे मलिन कपड़ा धोनेसे रँगने योग्य होता है, बिना धोये रंग नहीं लगता, इसलिये परम्पराय मोक्षका कारण व्यवहाररत्नत्रय कहा है। मोक्षका मार्ग दो प्रकारका है, एक व्यवहार, दूसरा निश्चय, निश्चय तो साक्षात् मोक्ष–मार्ग है, और व्यवहार भूतनयगमनयसे परम्पराय है। अथवा सविकल्प निर्विकल्पके भेदसे निश्चयमोक्षमार्ग भी दो

प्रकारका है। जो मैं अनंतज्ञानरूप हूँ, शुद्ध हूँ, एक हूँ, ऐसा 'सोऽहं' का चिंतवन है, वह तो सविकल्प निश्चय मोक्षमार्ग है, उसको साधक कहते हैं, और जहाँ पर कुछ चिंतवन नहीं है, कुछ बोलना नहीं है, और कुछ चेष्टा नहीं है, वह निर्विकल्पसमाधिरूप साध्य है, यह तात्पर्य हुआ। इसी कथनके बारेमें द्रव्यसंग्रहकी साक्षी देते हैं। 'मा चिट्ठह' इत्यादि। सारांश यह है, कि हे जीव, तू कुछ भी कायकी चेष्टा मत कर, कुछ बोल भी मत, मौनसे रहे, और कुछ चिंतवन मत कर। सब बातोंको छोड, आत्मामें आपको लीन कर, यह ही परमध्यान है। श्रीतत्त्वसारमें भी सविकल्प-निर्विकल्प निश्चयमोक्ष-मार्गके कथनमें यह गाथा कही है कि 'जं पुण सगयं' इत्यादि। इसका सारांश यह है कि जो आत्मतत्त्व है, वह भी सविकल्प-निर्विकल्पके भेदसे दो प्रकारका है, जो विकल्प सहित है, वह तो आस्रव सहित है, और जो निर्विकल्प है, वह आस्रव रहित है ।।१४।।

इस तरह पहले महास्थलमें अनेक अंतस्थलोंमेंसे उन्नीस दोहोंके स्थलमें तीन दोहोंसे निश्चय व्यवहार मोक्ष-मार्गका कथन किया।

---

હવે, ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગને દર્શાવે છે :

ભાવાર્થ :- હે જીવ ! તું સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિશ્ચય-મોક્ષમાર્ગના સાધક એવા વ્યવહારમોક્ષમાર્ગને જાણ-કે જેને જાણવાથી તું પરંપરાએ પવિત્ર પરમાત્મા થઈશ.

વ્યવહારનિશ્ચયમોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. તે આ પ્રમાણે-વીતરાગસર્વજ્ઞપ્રણીત છ દ્રવ્યાદિનું સમ્યક્શ્રદ્ધાન, તેમનું સમ્યગ્જ્ઞાન અને વ્રતાદિનું અનુષ્ઠાનરૂપ વ્યવહારમોક્ષમાર્ગ છે, નિજ શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે; અથવા વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે; નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે.

આ કથન સાંભળીને અહીં શિષ્યે પ્રશ્ન કર્યો કે નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ છે, તે સમયે (નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ વખતે તો) સવિકલ્પ મોક્ષમાર્ગ તો હોતો નથી. તો પછી વ્યવહારમોક્ષમાર્ગ કેવી રીતે સાધક છે ? અહીં પ્રશ્નનો પરિહાર કરે છે : ભૂતનૈગમનયથી પરંપરાએ (સાધક) છે. અથવા નિશ્ચયમોક્ષમાર્ગ સવિકલ્પ નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનો છે. ત્યાં 'હું અનંતજ્ઞાનરૂપ છું ઈત્યાદિ સવિકલ્પરૂપ સાધક છે અને નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય છે, એવો ભાવાર્થ છે.'

સવિકલ્પ, નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગના વિષયમાં આ જ અર્થની સાક્ષીભૂત (મેળવાળી) ગાથા (શ્રી દેવસેનકૃત શ્રી તત્ત્વસાર ગાથા ૫)માં પણ કહ્યું છે કે 'जं पुण सगयं तच्चं सवियप्पं होइ तह य अवियप्पं। सवियप्पं सासवयं णिरासवं विगय संकप्पं।' (અર્થ :- વળી જે આત્મતત્ત્વ છે તે પણ સવિકલ્પ અને નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનું છે. તેમાં જે સવિકલ્પ છે તે તો આસ્રવ સહિત છે અને જે નિર્વિકલ્પ છે તે આસ્રવ રહિત છે.) ૧૪.

**એ પ્રમાણે પૂર્વોક્ત ઓગણીસ સૂત્રોના મહાસ્થળમાં નિશ્ચયવ્યવહાર મોક્ષમાર્ગના પ્રતિપાદનરૂપે ત્રણ સૂત્રો સમાપ્ત થયાં.**

## ગાથા-૧૪ ઉપર પ્રવચન

'**આગે ભેદરત્નત્રયરૂપ-વ્યવહાર વહ પરંપરા મોક્ષકા માર્ગ હૈ,...**' હવે અહીં વ્યવહાર બતાવે છે.

મુમુક્ષુ :- પરંપરા આવ્યું.

ઉત્તર :- પરંપરાનો અર્થ એનાથી રહિત થાય. અહીંયાં વળગ્યા છે ને ઘણા બધા. એ તો સમ્યગ્દૃષ્ટિ નિશ્ચય છે એને આ વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષના કારણનો આરોપ આપવામાં આવે છે. આહાહા..! રાગ છે એ તો આસ્રવ છે. એ કહેશે અંદર. નિશ્ચય અને વ્યવહારના પાછા બે ભેદ પાડશે. અંદર નિશ્ચયના બે ભેદ પાડશે. નિર્વિકલ્પ સ્વરૂપ અંદર તે નિશ્ચય છે અને વિકલ્પથી વિચાર કરે છે એ પણ નિશ્ચય છે, પણ એ વિકલ્પ છે તે આસ્રવ છે. આહાહા..! પાનું લખ્યું છે ને તે દિ'. આ પાનું લખ્યું છે આ ૧૪મી ગાથાનું.

મુમુક્ષુ :- એનું ગુજરાતી ..?

ઉત્તર :- ગુજરાતી કરેલું છે.

'**ભેદરત્નત્રયરૂપ-વ્યવહાર વહ પરંપરા...**' એટલે? જે ભગવાન શુદ્ધ ચૈતન્યની નિશ્ચયદૃષ્ટિ, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયરમણતા, એને જે વ્યવહાર હોય એની વાત છે. એકલા અજ્ઞાનીના વ્યવહાર એને પરંપરા હોય નહિ. સમજાણું કાંઈ? કેમકે નિશ્ચય છે જ્યાં આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા, ત્યાં પૂર્ણતા ન હોય એને આ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રજ્ઞાન, ભક્તિ, જાત્રા એવો ભાવ આવે, પણ એ રાગ છે. એનું જ્ઞાન નિમિત્તથી કરાવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું ને? વ્યવહારરત્નત્રય એ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ તેનું આરોપ કરીને કથન કર્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'ટોડરમલ'. વ્યવહાર અભૂતાર્થ છે. એ મોક્ષમાર્ગ છે નહિ. પણ આરોપથી નિમિત્તનું જ્ઞાન કરાવવા શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં અપૂર્ણતાને લઈને એ રાગ વ્યવહાર અંદર હોય છે. એ રાગને મોક્ષમાર્ગ કહ્યો છે એ નિરૂપણ કથનની અપેક્ષાએ છે. વાસ્તવિક એ છે નહિ. એ 'ટોડરમલ' સાતમા અધ્યાયમાં (કહે છે.) આહાહા..! એ જે દિ' વાંચ્યું હતું, (સંવત) ૧૯૮૨ની સાલમાં. ૮૨, હોં! ઓહોહો..! આ તે લખાણ. આવી વાત ક્યાંય છે નહિ. વસ્તુસ્થિતિ આ (છે). 'રાજકોટ'માં. કેટલા વર્ષ થયા? ૫૦. ૫૦ વર્ષ પહેલાની વાત છે. ૧૪.

**૧૪૦) जं बोल्लइ ववहारु-णउ दंसणु णाणु चरित्तु।**
**तं परियाणहि जीव तुहुँ जें परु होहि पवित्तु।।१४।।**

ભાષા જુઓને! '**जं बोल्लइ**' કહે છે, કથન કરે છે એમ શબ્દ છે. નિરૂપણ છે એમ શબ્દ છે. એને જાણ એમ કહે છે, હોં! પાઠમાં તો એમ કહે છે. જાણ. જેને અંતર આત્મામાં શુદ્ધ ચૈતન્ય ભગવાનની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા (થયા છે), એને હજી રાગ બાકી છે, વ્યવહાર. એને '**बोल्लइ**' એનું નિરૂપણ છે કે વ્યવહારરત્નત્રય છે. આહાહા..! ભાષા જુઓને! '**तं परियाणहि**' એને જાણ. નિશ્ચયવાળાને વ્યવહાર આવે છે એને તું જાણ. અને એનાથી તારી પવિત્રતા પૂર્ણ પછી થશે. એમ.

'હે જીવ,...' છે? '**વ્યવહારનય જો દર્શન, જ્ઞાન, ચારિત્ર ઈન તીનોં કો કહતા હૈ,...**' જોયું! '**ब्रूते**' બોલે છે, કહે છે. આહાહા..! '**ઉસ વ્યવહારરત્નત્રયકો તૂ જાન,...**' જાણ. જ્ઞાન કરવું પડે ને? જ્ઞાન તો હોય ને? વ્યવહાર આવે છે ને વચમાં? પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી નિશ્ચયના ભાનવાળાને પણ આ વ્યવહાર આવ્યા વિના રહે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા એવો ભાવ આવે. એ પુણ્યભાવ છે. એને વ્યવહારનયથી મોક્ષમાર્ગનું આરોપથી કથન કરીને આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઉસ વ્યવહારરત્નત્રયકો તૂ જાન, જિસસે કિ ઉત્કૃષ્ટ અર્થાત્ પવિત્ર હોવે.**' પછી જાણ, આ વ્યવહાર છે એમ જાણીને, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એની સંધિ કરી છે. આહાહા..! નિશ્ચય પોતાનો આત્મા, એના દર્શન-જ્ઞાન-ચારિત્રની ભૂમિકામાં વ્યવહાર હોય છે. જાણેલો પ્રયોજનવાન એટલે '**परियाण**' કીધું છે. ત્રીજા પદમાં. જાણવું. અને એ જાણવાથી તને એને છોડીને પરંપરા મુક્તિ થશે. સમજાણું કાંઈ? આહાહા..! '**જિસસે ઉત્કૃષ્ટ અર્થાત્ પવિત્ર હોવે.**' વ્યવહારનયનું કથન છે ને? એ વ્યવહારને જાણ, '**જિસસે કિ ઉત્કૃષ્ટ અર્થાત્ પવિત્ર હોવે.**' પૂર્ણ દશા તને પ્રાપ્ત થશે. એ વ્યવહારનયનું કથન. નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એવો વ્યવહાર હોય છે, નિમિત્તપણે હોય છે. એનાથી પરંપરા એટલે એને છોડીને થશે. તેથી પરંપરા કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ :-** '**હે જીવ, તૂ તત્ત્વાર્થશ્રદ્ધાન...**' આ વ્યવહારની વાત છે, હોં! પહેલા આવી હતી તત્વાર્થશ્રદ્ધાનની નિશ્ચયની વાત આવી હતી. '**તત્ત્વાર્થશ્રદ્ધાન રુચિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન...**' ૧૩માં. અહીંયાં તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહાર, વિકલ્પ રાગ છે. '**શાસ્ત્રકા જ્ઞાન,...**' એ વિકલ્પ રાગ છે. '**ઔર અશુભ ક્રિયાઓંકા ત્યાગરૂપ...**' એ ત્યાં છે શુભભાવ, શુભ પુણ્યભાવ. અશુભનો ત્યાગ અને પુણ્યભાવ. એ '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વ્યવહારમોક્ષ-માર્ગકો જાન,...**' એને વ્યવહાર મોક્ષમાર્ગ જાણ. નિરૂપણની અપેક્ષાએ એને કહેવામાં આવ્યું છે. આહાહા..! મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગનું નિરૂપણ-કથન બે પ્રકારે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ બધું આવ્યું છે. 'ટોડરમલ'નું. એ ખુલાસો આપે છે. એનું નિરૂપણ એટલે બોલઈ... કીધું ને? કથન છે. આહાહા..! હવે આમાં બધા વાંધા ઊઠ્યા છે-ઝઘડા. એ વળી 'ટોડરમલ'નું માને નહિ. ભાઈ! એણે તો શાસ્ત્રનો ખુલાસો કર્યો છે. 'ટોડરમલે' તો શાસ્ત્રમાં જે વાત સંક્ષેપપણે, સામાન્યપણે હતી એને ખોલીને સ્પષ્ટ કર્યું છે. આહાહા..! એ વાત છે. એની ઘરની વાત નથી. પણ હવે શું થાય અત્યારે? એને ઉડાવી

દીધા, ખોટા ઠરાવ્યા. કે ‘ટોડરમલ’ અને ‘બનારસીદાસ’ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે, એમ કીધું. અર..ર..ર..! પ્રભુ-પ્રભુ તને શોભે નહિ, ભાઈ! જૈનદર્શનમાં ભગવાન, આવું ક્યાંથી કહ્યું પ્રભુ તેં? આહાહા..!

**‘ક્યોંકિ યે નિશ્ચયરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષ-માર્ગકે સાધક હૈં,...’** વ્યવહાર સાધક કહેવામાં આવે છે. સાધક પણ ઉપચારથી કથન છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા નિશ્ચય મોક્ષમાર્ગને વ્યવહાર સાધક છે એ નિરૂપણ, કથન, ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. શાસ્ત્રના અર્થ કરવામાં મોટો ફેર પડ્યો છે ને. આવું આવે ત્યાં ઘરાક થઈ જાય મોટા. તો પહેલી તેરમી ગાથામાં કહ્યું એ શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ છે એને હજી. જેને આત્મજ્ઞાન-દર્શન-ચારિત્ર થયું એને વીતરાગતા નથી એટલે રાગ છે, એને વ્યવહારે સાધક કહીને એનું જ્ઞાન કરાવ્યું છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૮, શનિવાર
## તા. ૧૬-૧૦-૧૯૭૬, ગાથા-૧૪, પ્રવચન નં. ૧૦૬

## (આ પ્રવચન ૫૨ મિનિટ ૪૬ સેકન્ડનું છે. અધુરું ચાલું થાય છે.)

ભગવાન પૂર્ણ શાશ્વત, એનું સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન થવું એ જ્ઞાન છે અને એમાં રમણતા. આનંદસ્વરૂપ ભગવાન.. સૂક્ષ્મ વાત છે, પ્રભુ! એમાં લીનતા-રમણતા થવી એ ચારિત્ર છે. પણ એ ત્રણ જે છે, એ ત્રણે છે તો નિશ્ચય નિર્વિકલ્પ છે, પણ ત્રણ ભેદ છે એ પર્યાયનયથી કહેવામાં આવ્યા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વિકલ્પવાળો વ્યવહાર નહિ, એ હવે આવશે. સમજાય છે કાંઈ? ઈ કાલે કહ્યું હતું ને? ‘પ્રવચનસાર’ની ૨૪૨ ગાથા છે. એમાં ગાથામાં એમ કહ્યું છે, કે પર્યાયનયથી જે ત્રણ-દર્શન, જ્ઞાન, ચારિત્ર, નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય, એ ત્રણ પર્યાયનયથી કહેવામાં આવ્યા છે. ૨૪૨ ગાથા, ‘પ્રવચનસાર’માં છે. અને નિશ્ચયથી તો આત્મામાં અભેદ એકાગ્રતા, એ નિશ્ચય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ‘પ્રવચનસાર‘.

‘તે **(સંયતત્વરૂપ અથવા શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ) ભેદાત્મક હોવાથી, ‘સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે’ એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે;...’** ૨૪૨. સૂક્ષ્મ છે, ભાઈ! સમજાય છે કાંઈ? બતાવો, છે? ‘પ્રવચનસાર’. ‘તત્ત્વાર્થસૂત્ર’માં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ (કહ્યું છે) એ પર્યાયનયથી કથન છે.

મુમુક્ષુ :- ઈ આખું શાસ્ત્ર જ પર્યાયનું છે.

ઉત્તર :- ઈ આખું પર્યાયનું જ શાસ્ત્ર છે.

અહીંયાં ઈ કહ્યું, જુઓ! સંસ્કૃત છે. '**भेदात्मकत्वात्पर्यायप्रधानेन व्यवहारनयेन, एकाग्र्यं मोक्षमार्ग इत्यभेदात्मकत्वात् द्रव्यप्रधानेन**' શું કહે છે? આહાહા..! પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ શાશ્વત વસ્તુ શાશ્વત છે, છે ને છે. આદિ-મધ્ય-અંત રહિત. એની દૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને અંતરમાં રમણતા, એ ત્રણ ભેદ પર્યાયનયથી-વ્યવહારનયથી કહેવામાં આવ્યા છે. આવ્યું? આ સંસ્કૃત છે ને? જુઓ! '**असम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग' इति भेदात्मकत्वात्पर्यायप्रधानेन व्यवहारनयेन**'. આહા..! આવો માર્ગ (છે). ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પૂર્ણ આનંદઘન પર્યાયના ભેદ વિનાની ચીજ, એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા-વીતરાગી પર્યાય, પર્યાયનયથી એને વ્યવહારનય કહેવામાં આવ્યું છે. આહાહા..!

'**एकाग्र्यं मोक्षमार्ग इत्यभेदात्मकत्वात् द्रव्यप्रधानेन निश्चयनयेन**' સંસ્કૃત (છે). '**एकाग्र्यं मोक्षमार्ग**' દ્રવ્યમાં એકાગ્ર. ભેદ નહિ. '**इत्यभेदात्मकत्वात् द्रव्यप्रधानेन निश्चयनयेन, विश्वस्यापि भेदाभेदात्मकत्वात्तदुभयमिति प्रमाणेन प्रज्ञप्तिः**' ત્રણ બોલ કહ્યા. શું કહ્યું? ભગવાનઆત્મા શરીર, વાણીથી જુદો છે, રાગથી ભિન્ન છે. અને અહીંયાં તો એક સમયની પર્યાયમાં એ પર્યાયથી પણ દ્રવ્ય ભિન્ન છે. સમજાય છે કાંઈ? તો એ દ્રવ્ય જે છે, એમાં ભેદ વિનાની એકાગ્રતા, એ નિશ્ચયપ્રધાન દ્રવ્યપ્રધાન નિશ્ચયધર્મ-નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને એ દ્રવ્ય જે વસ્તુ છે, એની પર્યાયપ્રધાન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સત્ય નિશ્ચય, હોં! પણ પર્યાય છે માટે પર્યાયપ્રધાન, એ વ્યવહારનયે તેને મોક્ષમાર્ગ કહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? પંડિતજી છે અને વળી ગાથા આવી ગઈ છે. પહેલાં કીધું, વ્યાખ્યાન બંધ કરો, પછી વળી સ્વાધ્યાય ચાલશે. ભાઈ કહી ગયા હતા ખરા. 'શ્રીચંદજી'. આહાહા..!

ભગવાન! માર્ગ તો આવો છે, ભાઈ! સમજાય છે કાંઈ? આ તો સંસ્કૃત છે. અને પછી.. જુઓ! '**પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે.**' એ તો વ્યવહારનય. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિશ્ચય પર્યાય છે, એ પણ પર્યાયપ્રધાન વ્યવહારનયથી કથન છે. આહાહા..! અને '**અભેદાત્મક હોવાથી 'એકાગ્રતા મોક્ષમાર્ગ છે' એમ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું પ્રજ્ઞાપન છે;...**' આહાહા..! પહેલા તો લોકોને સમજવું (કઠણ). અને '**બધાય પદાર્થો ભેદાભેદાત્મક હોવાથી 'તે બન્ને મોક્ષમાર્ગ છે'...**' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં એકાગ્રતા એ પ્રમાણ છે. સમજાય છે?

૨૪૨માં ત્રણ બોલ લીધા. પોતાનું સ્વરૂપ જે પૂર્ણ આનંદકંદ રાગરહિત, એવા સ્વભાવની એકાગ્રતા, એકાગ્રતા, ભેદ નહિ, એ એકાગ્રતા દ્રવ્યપ્રધાન નિશ્ચયનય મોક્ષમાર્ગ છે. અને એ પર્યાય જે છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય, સત્ય મોક્ષનો માર્ગ, એ પર્યાયપ્રધાન એ વ્યવહારનયનો મોક્ષમાર્ગ છે. અને બેય એકસાથે જણાય છે એ પ્રમાણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રિકાળીમાં એકાગ્રતા, એનું નિશ્ચયનું પણ જ્ઞાન કરવું.

અને પર્યાયનું-વીતરાગી પર્યાયનું જ્ઞાન કરવું એ વ્યવહારનું (જ્ઞાન). બેનું જ્ઞાન. પણ નિશ્ચય રાખીને. એકાગ્રતા જે છે, દ્રવ્યની એકાગ્રતા છે એ નિશ્ચયને રાખીને પર્યાયની વ્યવહારની મેળવણી કરી. પણ એ રાખીને મેળવણી કરી તો બેને પ્રમાણ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રમાણમાં નિશ્ચય તો અંદર રાખ્યો છે. સાથે પર્યાયની મેળવણી કરી તેથી બેને પ્રમાણ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- નથી સમજાતું? ફરીને કહીએ. આહા..! હજી તો વિશેષ પ્રમાણમાં પણ નિષેધ કરવો છે.

પહેલા એમ કહ્યું કે જે ચૈતન્યવસ્તુ અખંડ અનંત ગુણનું, અનંત શક્તિનું એકરૂપ દ્રવ્ય. ગુણ અને ગુણીનો ભેદ પણ જેમાં નથી, એવી જે એકરૂપ વસ્તુ છે એમાં એકાગ્રતા કરવી એ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે. અને એ દ્રવ્યમાં પર્યાય લેવી, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય, આનંદની પર્યાય, અનાકુળ શાંતિના વેદનવાળી ત્રણે પર્યાય, એ પર્યાયપ્રધાનતાથી વ્યવહારનયથી એને મોક્ષમાર્ગ કહ્યો. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચયમોક્ષમાર્ગને વ્યવહારનય..

ઉત્તર :- એમ કહ્યું. પંડિતજી! અને બેનું સાથે જ્ઞાન કરવું, પણ પહેલા (નિશ્ચય) રાખીને. વસ્તુ જે અખંડમાં એકાગ્રતાને નિશ્ચયને લક્ષમાં રાખીને, પર્યાયથી વ્યવહારનયે જે કહ્યું તેની મેળવણી કરી તો એને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! 'શાંતિભાઈ'! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

સોળમી ગાથામાં તો એમ કહ્યું, 'સમયસાર' કળશમાં, દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પર્યાય છે એ મેચક છે. સાચી પર્યાય, હોં! ત્રિકાળી ભગવાનઆત્મા વસ્તુ, એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ નિર્મળ વીતરાગી પર્યાયને ત્યાં મેચક કહ્યું છે. મેચક નામ વ્યવહાર છે. અને ત્રિકાળી અભેદ અખંડનો અનુભવ, એ નિશ્ચય છે. એ અમેચક છે. બે વાત. 'રાજમલ'ની ટીકામાં એનો અર્થ એમ લીધો છે કે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ, એની પર્યાયથી કહેવું કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ નિર્મળ પર્યાયથી લેવું એ પણ મેચક નામ મલિન છે. વિકલ્પ નહિ. આ પર્યાયના ત્રણ ભેદ એ વ્યવહાર મલિન છે. આહાહા..! 'કળશટીકા'માં છે. લેવું છે? (કળશ-૧૬).

**'ચેતનદ્રવ્ય મલિન છે.'** મેચકનો અર્થ મલિન કર્યો, પંડિતજી! આહાહા..! ગજબ વાત છે. **'કોની અપેક્ષાએ મલિન છે? સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે–આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.'** આહાહા..! 'નવલચંદભાઈ'! આ થોડી ઝીણી વાત હતી. કીધું, પંડિતજી છે, વાત મૂકી દ્યો. આહાહા..! વિષય એવો છે. છે?

**'ચેતનદ્રવ્ય નિર્મળ છે; કોની અપેક્ષાએ નિર્મળ છે?' 'स्वयम् एकत्वतः' 'દ્રવ્યનું**

**સહજ નિર્ભેદપણું હોવાથી;-આવો નિશ્ચયનય કહેવાય છે.**' આહાહા..! સમજાય છે કાંઈ? અને એમાં તો વળી લીધું છે, 'સ્વાત્માનુભવમનન' છે. 'ધર્મદાસ ક્ષુલ્લક'નું 'સ્વાત્માનુભવમનન' છે અહીં? નહિ હોય. 'સ્વાત્માનુભવમનન'. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં જે સ્ત્રીનો પ્રશ્ન ઉઠ્યો છે ને? એ 'સમ્યગ્જ્ઞાન દીપિકા' 'ધર્મદાસ ક્ષુલ્લક'નું છે. દિગંબર 'ધર્મદાસ ક્ષુલ્લક' જ્ઞાનીની વાણી છે. એ 'સોનગઢ'ની નથી. 'સોનગઢ'નું પુસ્તક પણ નથી. લોકોને તત્ત્વની કંઈ ખબર નથી.

એ 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં લીધું છે, એવો જ પ્રશ્ન 'સ્વાત્માનુભવમનન'માં લીધો છે. એ જ દૃષ્ટાંત આપ્યો છે. બતાવ્યું હતું, કાલે બપોરે બતાવ્યું હતું. અહીં તો ત્રીજી વાત કહેવી છે. એમાં તો એમ લીધું છે કે જે પર્યાયભેદથી છે અશુદ્ધ છે અને દ્રવ્યથી એ શુદ્ધ છે. આ સોળમી ગાથા. આહા..! શું કહ્યું? ફરીને. 'ફૂલચંદજી'! આ વસ્તુ જે જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય પવિત્ર પિંડ પ્રભુ, એના દર્શન, જ્ઞાન અને ચારિત્ર નિર્મળ પર્યાય, પણ ઈ પર્યાય છે ને, તો ત્યાં સોળમી ગાથામાં મેચક કહ્યું, વ્યવહાર કહ્યું. કળશટીકાકારે મલિન કહ્યું. સ્વાત્માનુભવમનનકારે અશુદ્ધ કહ્યું. સમજાય છે કાંઈ?

હવે આમ ફેરવી નાખો તો શુદ્ધ દ્રવ્યની એકાગ્રતા એ અમેચક છે. શુદ્ધ દ્રવ્યની એકાગ્રતા તે નિશ્ચય છે અને શુદ્ધ દ્રવ્યની એકાગ્રતા તે શુદ્ધ છે. આમ જ્યારે મલિન, અશુદ્ધ અને વ્યવહાર કહ્યું તો અહીં નિર્મળ, શુદ્ધ અને નિશ્ચય. આહાહા..! સમજાય છે કાંઈ? વાત તો આવી છે, ભાઈ! આહાહા..! ભગવાનના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ તો આમ છે. પછી નિશ્ચય છે ત્યાં વ્યવહાર કેવો હોય એ વાત ચૌદમી ગાથામાં ચાલે છે. સમજાય છે કાંઈ? આ તો રાત્રે બહુ.... બરાબર આ આવવાનું છે. હમણાં ફેરવી નાખ્યું, હોં! હમણાં સુધી સ્વાધ્યાય કરવી હતી. ભાઈ 'શ્રીચંદજી'એ આવીને કહ્યું, પંડિતજી બે દિવસ રહેવાના છે. આહાહા..!

ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી ચીજ તો એક સમયમાં શુદ્ધ કંદ પ્રભુ આનંદકંદ છે. આહાહા..! જેમ શક્કરકંદ હોય ને? શક્કરકંદ નહિ? શક્કરિયા. શક્કરકંદ કહે છે ને? એ શક્કરકંદ જે છે, એની ઉપલી લાલ છાલ છે, લાલ છાલ-છિલકા, એને કાઢી નાખીને જુઓ તો એ શક્કરકંદ છે. શક્કરકંદનો અર્થ સાકરની મીઠાશનો પિંડ. સાકર કહે છે ને? શક્કરિયા-સાકર. આહાહા..! 'તારાચંદજી'! આ વૈષ્ણવ લોકો શિવરાત્રિએ ખાય છે ને? એ લાલ છાલ જરીક છે. બાકી તો એ શક્કરકંદ છે. આખો શક્કર નામ સાકર, સાકરની મીઠાશનો આખો પિંડ છે. આહા..! એને ખરેખર શક્કરકંદ કહેવામાં આવે છે. સાકરકંદ.

એમ આ આત્મા, જે પુણ્ય અને પાપના શુભ-અશુભ જે વિકલ્પ ઊઠે છે એ તો ઉપર લાલ છાલ જેવી વસ્તુ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના વિકલ્પ ઉઠે છે એ શુભરાગ લાલ છાલ છે. એ આત્મા નહિ. એ શક્કરકંદ નહિ, એમ એ આત્મા નહિ. જેમ ઓલી લાલ છાલ એ શક્કરકંદ નથી, એમ આ પુણ્ય પરિણામ એ આત્મા નથી. આહાહા..! શુભ અને અશુભ વિકલ્પની છાલ છે, એનું લક્ષ છોડીને અંદર જુઓ તો એ એકલો

આનંદનો કંદ જ છે. આહાહા..! એ શક્કરકંદની વાત એને બેસે.

મુમુક્ષુ :- દેખાય છે.

ઉત્તર :- દેખાય છે. એ દેખાય છે, એ દેખનારો કોણ છે, એને દેખતો નથી. દેખાય છે એ તો આમ દેખાય છે, આ. પણ જે દેખે છે એ દેખનારો દેખે છે, એ શું છે? આહાહા..! દેખનારો પોતાને દેખે તો એ આનંદમૂર્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જાણનારો જણાય છે તો એ આનંદકંદ એ આત્મા છે. અરેરે..! સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં-દિવ્યધ્વનિમાં ગણધર ને સંતો ને ઈન્દ્રોની વચ્ચે આ વાત આવતી હતી. ઈ આ વાત છે. અરે..! ભગવાન!

અહીં કહે છે, ઈ તો ટીકા લીધી. એમાં કળશ છે. 'પ્રવચનસાર'નો કળશ છે. '**એ પ્રમાણે, પ્રતિપાદકના આશયને વશ, એક હોવા છતાં પણ અનેક થતો હોવાથી...**' દેખો! ભગવાનઆત્મા એકરૂપ હોવા છતાં,.. હોવા છતાં હિન્દીમાં ભાષા આવે છે? હોનેપર ભી. '**(અર્થાત્ અભેદપ્રધાન નિશ્ચયનયથી એક-એકાગ્રતારૂપ-હોવા છતાં પણ કહેનારના અભિપ્રાય અનુસાર ભેદપ્રધાન વ્યવહારનયથી અનેક પણ-દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પણ-થતો હોવાથી)...**' આહાહા..! એકરૂપ વસ્તુ છે તેને ત્રણ પ્રકાર દર્શન, જ્ઞાન, ચારિત્ર સમ્યક્ નિશ્ચય મોક્ષમાર્ગ ત્રણ પ્રકારનો કહેવો એ વ્યવહાર છે. એ ભેદપ્રધાન વ્યવહારનયથી કથન છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**એકતાને (એકલક્ષણપણાને)...**' નીચે અર્થ કર્યો છે. '**દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી માત્ર એકાગ્રતા એક જ મોક્ષમાર્ગનું લક્ષણ છે.**' એકાગ્રતા. એક જ. '**પર્યાયપ્રધાન વ્યવહારનયથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિક મોક્ષમાર્ગનું લક્ષણ છે.**' સમજાય છે કાંઈ?

'**એકતાને (એકલક્ષણપણાને) તેમ જ ત્રિલક્ષણપણાને પામેલો જે અપવર્ગનો (મોક્ષનો) માર્ગ તેને લોક દૃષ્ટાજ્ઞાતામાં પરિણતિ બાંધીને (-લીન કરીને) અચળપણે અવલંબો, કે જેથી તે (લોક) ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.**' આહાહા..! ભગવાનઆત્મા... ઈ 'પંચાસ્તિકાય'માં લીધું છે, ભાઈ! નહિ? વ્યવહાર મોક્ષમાર્ગ પહેલો આવે છે. નિશ્ચય સહિત. ન્યાં નાખ્યું છે. અનાદિ વાસના રહિત. 'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથામાં. આહાહા..! દિગંબર સંતોની શૈલી તો અલૌકિક છે! પૂર્વાપર વિરોધ રહિત. આહાહા..! પણ સમજવામાં બહુ પ્રયત્ન જોઈએ. આ તો અંતરનો પ્રયત્ન છે. આહા..! એકલા શાસ્ત્રજ્ઞાનથી પણ પત્તો નથી લાગતો. સમજાય છે કાંઈ? આહાહા..! આ કળશ છે, હોં!

**इत्येवं प्रतिपत्तुराशयवशादेकोऽप्यनेकीभवं-**
**स्त्रैलक्षण्यमथैकतामुपगतो मार्गोऽपवर्गस्य यः।**
**द्रष्टृज्ञात-निबद्धवृत्तिमचलं लोकस्तमास्कन्दता-**
**मास्कन्दत्यचिराद्विकाशमतुलं येनो ल्लसन्त्याश्चितेः॥१६॥**

ભગવાનઆત્મા.. આહાહા..! પૂર્ણ શુદ્ધ દ્રવ્ય અખંડ આનંદકંદની દૃષ્ટિ, એકાગ્રતાથી એ નિશ્ચય છે. અને પર્યાયના ત્રણ ભેદ છે, નિશ્ચય મોક્ષમાર્ગ, હોં! જે 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ, એ પર્યાયપ્રધાન કથન છે. આહાહા..! એ ત્રણથી પણ જાણો અને અંદરમાં એકાગ્ર થાઓ. સમજાય છે કાંઈ? તો અલ્પકાળમાં તને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે. અલ્પકાળમાં મુક્તિ થશે. સંસારના દાહથી રહિત શાંતિનો સમુદ્ર ઉલ્લસી જશે. આહાહા..! સમજાય છે કાંઈ?

'ધર્મદાસ ક્ષુલ્લક' બહુ અધ્યાત્મજ્ઞાની. એમણે અધ્યાત્મની દૃષ્ટિમાં ઘણા દૃષ્ટાંત આપ્યા છે, ઘણા દૃષ્ટાંત. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં તો દૃષ્ટાંત.. દૃષ્ટાંત. અને 'સ્વાત્માનુભવમનન'માં ઘણું મનન કર્યું છે. વેદાંતની કેટલીક ગાથા મુકી છે, અહીંને લગતી હોય ઈ. એથી અહીંયાં છાપવાની ના પાડી હતી. કીધું, આ 'સમ્યગ્જ્ઞાન દીપિકા' છાપો. આ નહિ. એમાં પણ એવી વાત આવી, બહુ સૂક્ષ્મ. અને પાછળ શબ્દાવલી છે એમાં તો બધા શાસ્ત્રના, ભિન્ન ભિન્ન શાસ્ત્રના.. ઘણા શાસ્ત્ર જોયા, એની વાક્યાવલી કરી છે. એમાં આ એક લખ્યું કે ભગવાનઆત્મા.. આહાહા..! એકરૂપ છે એ શુદ્ધ છે અને ત્રણ પર્યાયથી કહેવું એ અશુદ્ધ છે. આહાહા..! વ્યવહાર...

સાંભળો! જે નિશ્ચય વસ્તુ અખંડ છે એની એકાગ્રતા એ નિશ્ચય. અને પર્યાય-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્મળ છે, એ સદ્ભુત વ્યવહાર છે. પર્યાય છે એ સદ્ભુત વ્યવહાર છે. અને પછી જે વ્યવહારનો વિકલ્પ આવે છે એ અસદ્ભુત વ્યવહાર છે. આહાહા..! આ બધી ભાષા...

મુમુક્ષુ :- બહિરંગ વ્યવહાર...

ઉત્તર :- એ તો વિકલ્પ આવે છે, હોય છે. એને જાણવો. (સમયસાર) બારમી ગાથામાં કહ્યું ને? તદાત્વે. જાણેલો પ્રયોજનવાન છે. સંસ્કૃતમાં. બારમી ગાથા. તદાત્વે-તે સમયે. ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન, એની અનુભવદૃષ્ટિ એ તો નિશ્ચય સમ્યક્ છે. એ ભૂતાર્થને આશ્રયે થાય છે. ત્રિકાળ ભૂતાર્થ શાશ્વત વસ્તુને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પછી પર્યાયમાં જેટલી હજી શુદ્ધતા અલ્પ રહી, થોડી અશુદ્ધતા થઈ તેને જાણવી, એ તદાત્વે. તે તે સમયે જાણવું એ પ્રયોજનવાન છે. કેમકે સમયે સમયે શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ઘટે છે. સમ્યગ્દૃષ્ટિને સ્વભાવના આશ્રયે સમયે સમયે શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ઘટે છે. તો તે સમય સમયમાં જે શુદ્ધતા વધી અને અશુદ્ધતા ઘટી તે સમયે તેનું જ્ઞાન કરવું, એ સમયે જ્ઞાન કરવું, બસ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ તો ચૌદમી ગાથા આવી એનું આ મથાળુ બંધાય છે. 'હિંમતભાઈ'! આવી વાત છે, ભાઈ! આહાહા..!

હવે કહે છે, તેરમી ગાથામાં નિશ્ચય રત્નત્રયની વાત કહી. આપણે આ ૧૩મી. ૧૩મીમાં એમ આવ્યું. જુઓ! ફરીને જુઓ! ૧૩મી ગાથા જુઓ!

**१३९) पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि।**
**दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि।।१३।।**

ખરેખર તો ત્યાં પણ એમ લીધું, '**જો અપનેસે આપકો દેખતા હૈ, જાનતા હૈ, આચરણ કરતા હૈ, વહી વિવેકી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણત હુઆ...**' એ ત્રણમાં પરિણત થયેલો '**જીવ મોક્ષકા કારણ હૈ.**' આહાહા..! પર્યાયને વ્યવહાર કહીને, એ ત્રણથી પરિણત થયેલો જીવ મોક્ષનું કારણ છે (એમ કહ્યું). આહાહા..! તેરમીમાં એમ કહ્યું. આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુના દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. એ છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. હવે અહીંયાં છઠ્ઠા ગુણસ્થાનમાં વ્યવહાર કેવો હોય છે એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

'**આગે ભેદરત્નત્રયસ્વરૂપ-વ્યવહાર વહ પરંપરાય મોક્ષકા માર્ગ હૈ, ઐસા દિખલાતે હૈં :-**' ૧૪-૧૪. છઠ્ઠે નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્ર છે પણ પૂર્ણ નથી. તો ત્યાં વ્યવહાર રત્નત્રયનો ભેદ વિકલ્પ આવે છે. એ પરંપરા કારણ, સીધું નહિ. એને છોડીને મોક્ષ થશે. અથવા એને છોડીને સપ્તમ ગુણસ્થાન થશે. સમજાય છે કાંઈ? આહા..!

**અન્વયાર્થ :-** '**હે જીવ, વ્યવહારનય જો દર્શન, જ્ઞાન, ચારિત્ર ઈન તીનોં કો કહતા હૈ, ઉસ વ્યવહારરત્નત્રયકો તૂ જાન,...**' આહાહા..! છે? '**परिजानीहि**'. '**જિસસે કિ ઉત્કૃષ્ટ અર્થાત્ પવિત્ર હોવે.**' છઠ્ઠી ભૂમિકામાં નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્રની અલ્પતા છે. તો ત્યાં વ્યવહાર રત્નત્રયના વિકલ્પ આવે છે. એને છોડીને ઉત્કૃષ્ટ સપ્તમ ગુણસ્થાન થઈ જાય છે. ઉત્કૃષ્ટ ઈ. સમજાય છે કાંઈ? ઈ બારમી ગાથામાં 'જયસેનાચાર્યે' લીધું છે ને? બારમીમાં. નિર્વિકલ્પતા લીધી છે. '**अपरमे ट्ठिदा भावे**' પરમભાવમાં નિર્વિકલ્પતા લીધી છે. 'અમૃતચંદ્રાચાર્યે' તેરમું ગુણસ્થાન લીધું છે. 'જયસેનાચાર્યદેવે' નિર્વિકલ્પતા લીધી છે. એ નિર્વિકલ્પતામાં છે એ પરમભાવમાં છે અને વિકલ્પમાં આવ્યો એ અપરમભાવમાં છે. સમજાય છે કાંઈ? અહીંયાં ઈ વ્યવહારની વાત છે. '**જિસસે કી ઉત્કૃષ્ટ અર્થાત્ પવિત્ર હોવે.**'

**ભાવાર્થ :-** '**હે જીવ, તૂ તત્ત્વાર્થકા શ્રદ્ધાન,...**' આ વ્યવહારની વાત છે. અસદ્ભુત વ્યવહારની વાત છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિશ્ચય છે એ ભૂમિકામાં આ વ્યવહાર આવે છે. '**તત્ત્વાર્થકા શ્રદ્ધાન, શાસ્ત્રકા જ્ઞાન,...**' જુઓ! શાસ્ત્રનું જ્ઞાન. પહેલા આત્માનું જ્ઞાન હતું. આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર હતા. ૧૩ ગાથામાં. હવે આ '**તત્ત્વાર્થકા શ્રદ્ધાન, શાસ્ત્રકા જ્ઞાન, ઔર અશુભ ક્રિયાઓંકા ત્યાગ...**' પાપના પરિણામનો ત્યાગ. એવા '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વ્યવહાર મોક્ષમાર્ગકો જાન,...**' છે? જાણ એને. પાઠમાં છે ને? '**परियाणहि**'. એને જાણ. આહા..! જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી આવા વિકલ્પ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા, પૂજા, ભક્તિ, જાત્રા આદિ ભાવ આવે છે, પણ એ ભાવ રાગ છે. સમજાય છે કાંઈ?

કહે છે, એ '**વ્યવહાર મોક્ષમાર્ગકો જાન,...**' કેમ? '**ક્યોંકિ યે નિશ્ચયરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગકે સાધક હૈં,...**' છઠ્ઠા ગુણસ્થાનનો વિકલ્પ છે એ સાતમાનો સાધક છે. એ વિકલ્પને સાધક કહ્યો. નિશ્ચયથી તો છઠ્ઠા ગુણસ્થાનની જે નિર્મળ પર્યાય છે એ જ સાતમાની નિર્મળ પર્યાયનું કારણ છે. સાધક તો એ છે. પણ વ્યવહાર સાધક આ કહ્યું.

આહા..! જેમ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’માં ‘ટોડરમલજી’એ કહ્યું, કે પોતાના શુદ્ધ સ્વરૂપના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ તો નિશ્ચય છે અને સાથે જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ ઊઠે છે, એને આરોપથી વ્યવહારથી સમકિત કહેવામાં આવે છે. વ્યવહાર. એ નિરૂપણ કથનની શૈલીમાં બે પ્રકાર છે. વસ્તુ તો એક જ પ્રકારે છે પણ કથન નિરૂપણ (બે પ્રકારે છે). એ શબ્દ અહીં આવ્યા. ‘**बोल्लइ**’ શબ્દ છે. ‘**बोल्लइ**’ શબ્દ છે ને? ૧૪માં. ‘**बोल्लइ**’ કથન. આહાહા..! એ વ્યવહારના કથનમાં જે આવે છે એ વાત અહીંયાં અમે કહીએ છીએ, એમ કહે છે. આહાહા..!

ત્યાં એમ કહ્યું, કે વ્યવહાર આવે છે એને જાણ. અરે..! ‘યોગસાર’માં પણ કહ્યું છે. ‘યોગસાર’ નહિ? નિશ્ચયની વાત કરીને પછી કહ્યું કે છ દ્રવ્ય આદિને જાણ, પ્રયત્નથી જાણ, એમ કહ્યું છે. પંડિતજી! ‘યોગીન્દ્રદેવ’નું ‘યોગસાર’ છે ને? એની ગાથા છે. એ ષટ્ દ્રવ્યની ગાથા છે. ષટ્ દ્રવ્ય પ્રયત્નથી જાણ.

મુમુક્ષુ :- જાણો કરી પ્રયત્નથી.

ઉત્તર :- પ્રયત્ન કરીને જાણ. ઈ વ્યવહાર છે. વિકલ્પ આવે છે. પૂર્ણ વીતરાગ ન થાય તો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહે નહિ, પણ એ વ્યવહારથી નિશ્ચય થાય છે એ કથન વ્યવહારનું છે. અભૂતાર્થનયનું કથન છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કરે?

‘**ક્યોંકિ યે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિશ્ચયમોક્ષમાર્ગકે સાધક હૈં,...**’ વ્યવહાર. ‘ટોડરમલજી’એ ત્યાં નિશ્ચયાભાસ અને વ્યવહારાભાસમાં કહ્યું કે પોતાનું સ્વરૂપ જે ચૈતન્ય છે એનું સમ્યગ્દર્શન એ તો યથાર્થ છે, પણ સાથે જે વ્યવહાર દર્શનનો વિકલ્પ ઊઠે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એ છે તો રાગ, રાગમાં આરોપ કરીને નિશ્ચયનો આરોપ કર્યો કે એ વ્યવહાર સમકિત છે. વ્યવહાર સમકિત છે નહિ. એ તો રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ તો રાગ વિકલ્પ છે. છતાં અહીંયાં નિશ્ચય મોક્ષમાર્ગ છે તો એ સમયે તેનો આરોપ કરીને, છે તો બંધનું કારણ, પણ આરોપથી નિમિત્તનું જ્ઞાન કરાવવા એને વ્યવહાર કહ્યું છે. સમજાય છે કાંઈ? અને નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર આવું લક્ષણ જાણવું. એમાં છે. આહાહા..! આવું નિશ્ચય-વ્યવહારનું લક્ષણ સર્વત્ર જાણવું. આ સાધકમાં ઈ આવ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! વ્યવહાર સાધકનું આ લક્ષણ છે. એ આરોપિત લક્ષણ છે. સમજાય છે કાંઈ? ‘ટોડરમલજી’એ તો બહુ કામ કર્યું છે. ‘ટોડરમલ’, ‘બનારસીદાસ’ બહુ... શાસ્ત્રની સામાન્ય વાત સંક્ષેપમાં હતી એનું સ્પષ્ટીકરણ, વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે. એના ઘરની કોઈ વાત નથી. આહાહા..! પણ આગ્રહ છોડીને મધ્યસ્થતાથી વિચાર કરે તો એને આ વાત બેસે. આહાહા..!

‘**ઈનકે જાનેસે કિસી સમય પરમ પવિત્ર પરમાત્મા હો જાયેગા.**’ છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ આવે છે તો એને છોડીને સપ્તમ થઈ જશે અને એને છોડીને કેવળજ્ઞાન પણ થઈ જશે. આહાહા..! ‘**પહલે વ્યવહારરત્નત્રયકી પ્રાપ્તિ હો જાવે,...**’ આ છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. પહેલા વ્યવહારનો અર્થ, એકલો વ્યવહાર નહિ, નિશ્ચય સહિતમાં છઠ્ઠે ગુણસ્થાને

પહેલા વ્યવહાર આવે છે એની વાત છે. સમજાય છે કાંઈ? '**તબ હી નિશ્ચયરત્નત્રયકી...**' સાતમે અભેદ નિશ્ચય થઈ જાય છે ને? '**પ્રાપ્તિ હો સકતી હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ.**' આહા..! સમજાય છે કાંઈ? આજે ઘણી વાત એવી હતી. કીધું, પંડિતજી છે તો પ્રવચન તો ચાલે. આહાહા..! પંડિતજીનો પ્રભાવનામાં મોટો હાથ છે ને. આહાહા..! માર્ગ તો આવો છે, બાપુ! એ કંઈ કોઈનો બનાવેલો નથી, એ તો વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા..!

'**જો અનંત સિદ્ધ હુએ ઔર હોવેંગે વે પહલે વ્યવહારરત્નત્રયકો પાકર નિશ્ચયરત્નત્રયરૂપ હુએ.**' પહેલા છઠ્ઠા ગુણસ્થાનમાં આવ્યા પછી સાતમામાં આવ્યા અને પછી મોક્ષ થયો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સાતમામાંથી (સીધા) પરબારા આઠમામાં જાય?

ઉત્તર :- ન જાય. એ છઠ્ઠું ગુણસ્થાન, કહ્યું ને. છઠ્ઠેથી વ્યવહાર કહ્યો છે. બધે એમ કહ્યું છે. નિશ્ચયથી તો પહેલાં સાતમું આવે છે. પણ આચાર્યે બધે ઠેકાણે આવી શૈલી લીધી છે. છઠ્ઠે ગુણસ્થાને આવે છે ઈ વ્યવહાર છે. પેલો વિકલ્પ છે ને. એને છોડીને સાતમે આવે છે એ નિશ્ચય છે. 'પ્રવચનસાર'માં પહેલા લીધું છે. વચ્ચે રાગનો કણ આવે છે. પણ એને ઉલ્લંઘીને સાતમે નિશ્ચયમાં આવી જાય છે. 'પ્રવચનસાર' પહેલી પાંચ ગાથા. આહાહા..! દિગંબર સંતોની શૈલી તો અલૌકિક વાત! ક્યાંય એવી નથી. બીજે ક્યાંય નથી. આહાહા..! શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં પણ આ માર્ગ નથી. સમજાય છે કાંઈ? એ માર્ગ બીજો. બહુ આ તો દુઃખ લાગે. શ્વેતાંબર અને સ્થાનકવાસીને તો 'ટોડરમલજી'એ પાંચમા અધ્યાયમાં અન્યમત કહ્યા છે. સમજાય છે કાંઈ? 'ટોડરમલજી' 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાંચમા અધ્યાયમાં, જેમ વેદાંત, વૈશેષિક, ઈશ્વરકર્તા માનનારા એવા શ્વેતાંબર, એવા ઢુંઢિયા સ્થાનકવાસી. બધાને અન્યમતમાં નાખ્યા છે. એ જૈનમત નહિ. આવી વાત (સાંભળતા) દુઃખ લાગે. ભાઈ! શું કરે? માર્ગ તો આવો છે, ભાઈ! આહા..! સમજાય છે કાંઈ? છે ને? અન્યમત છે, જૈન નહિ. આ તો વીતરાગ દિગંબર સંતો તો કેવળીના કેડાયતો! આહા..! ત્રિલોકનાથ જિનેશ્વરદેવે જે કહ્યું, એ માર્ગે એ તો ચાલનારા છે. કથનપદ્ધતિ તો જુઓ એમની! આહાહા..! આવી ક્યાંય નથી. આહાહા..!

'**પહલે વ્યવહારરત્નત્રય પાકર નિશ્ચયરત્નત્રયરૂપ હુએ.**' છઠ્ઠા ગુણસ્થાનમાં વ્યવહારત્નત્રય છે ને? ત્રણ છે ને? ત્રણ ક્યારે હોય? ભાઈ! (છઠ્ઠું ગુણસ્થાન હોય ત્યારે). એય..! શું કહેવું છે? કે પહેલા વ્યવહારરત્નત્રય-ત્રણ. પણ એ ત્રણ ક્યારે હોય? જેને અહીં ત્રણ સમ્યગ્દર્શન (આદિ) છઠ્ઠે પ્રગટ થયા છે તેને વ્યવહાર રત્નત્રય ત્રણ હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**વ્યવહાર સાધન હૈ ઔર નિશ્ચય સાધ્ય હૈ.**' છઠ્ઠા ગુણસ્થાનનો જે વિકલ્પ છે એને 'પંચાસ્તિકાય'માં પણ વ્યવહાર સાધ્ય-સાધન કહ્યું છે. કહ્યું છે ને? વ્યવહાર સાધ્ય-સાધન. ઈ આ. આહા..! વિકલ્પને વ્યવહાર સાધન કહ્યું છે એ આરોપથી કહ્યું છે. જેમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે એને સમકિત કહ્યું છે. રાગની પર્યાયને સમકિત કહ્યું એ આરોપથી કહ્યું છે. સમજાય છે કાંઈ? એમ આ રાગને વ્યવહારને સાધન કહ્યું એ

આરોપથી કહ્યું છે. વ્યવહારના એવા કથન છે. આહાહા..! અને નિશ્ચય સાધ્ય છે.

'**વ્યવહાર ઔર નિશ્ચય મોક્ષમાર્ગકા સ્વરૂપ કહતે હૈં-વીતરાગ સર્વજ્ઞદેવકે કહે હુએ છહ દ્રવ્ય,...**' ભગવાને છ દ્રવ્ય જોયા છે. જિનેશ્વરદેવ પરમેશ્વરે છ દ્રવ્ય (જાણ્યા છે). છ દ્રવ્યને જાણવા એ હજી વ્યવહાર છે. શ્રદ્ધા કરવી એ વ્યવહાર છે. 'યોગસાર'માં પણ એ લીધું છે. ગાથા છે. કેટલામી ગાથા છે? છ દ્રવ્યને પ્રયત્નથી જાણવા. કેટલામી ગાથા છે? ગાથા યાદ નથી. ૩૫ જુઓ તો. આમાં છે? જુઓ, ૩૫.

**छह दव्वई जे जिण-कहिया णव पयत्थ जे तत्त।**
**विवहारेण य उत्तिया ते जाणियहि पयत्त।।३५।।**

છે? પહેલા નિશ્ચયની વાત કરી છે, જુઓ! ૩૪.

**अप्पा अप्पई जो मुणइ जो परभाउ चएइ।**
**सो पावइ सिवपुरि-गमणु जिणवरु एम भणेइ।।३४।।**

'**જે આત્માથી આત્માને જાણે છે (પોતાથી પોતાને જાણે છે) અને જે પરભાવને છોડી દે છે તે શિવપુરીમાં જાય છે...**' એ નિશ્ચય અને એની સાથે આ છ દ્રવ્ય આદિ જાણવા એ વ્યવહાર. સમજાય છે કાંઈ? આહાહા.! આજે તો ઘણા આધાર દેવા પડ્યા.

મુમુક્ષુ :- ૩૭.

ઉત્તર :- ૩૭? '**जइ णिम्मलु अप्पा मुणहि छंडिवि सहु ववहारु**' એ તો વ્યવહાર છોડીને નિર્મળ કરવાની વાત છે. '**जिण-सामिउ इमइ भणेइ**' તીર્થંકરદેવ એમ કહે છે. '**लहु पावइ भवपारु।।३७।।**' વ્યવહાર છોડીને નિશ્ચયમાં આવે છે તે મોક્ષ પામે છે. વ્યવહાર વચ્ચે આવે છે એનું જ્ઞાન કરાવે છે. સમજાય છે કાંઈ? લ્યો, ઈ આવ્યું.

'**વીતરાગ સર્વજ્ઞદેવકે કહે હુએ છહ દ્રવ્ય, સાત તત્ત્વ, નૌ પદાર્થ,...**' 'સ્વાત્માનુભવમનન' અને 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં તો સાત તત્ત્વમાં જીવતત્ત્વ એ જીવ છે અને છ તત્ત્વ એ અજીવ છે એમ કહ્યું છે. પંડિતજી! શું કહ્યું? સાત તત્ત્વમાં પહેલા તત્ત્વને જીવ કહ્યું છે અને બીજાને અજીવ કહ્યા છે. પર્યાય છે ને? સંવર, નિર્જરા અને મોક્ષ પણ પર્યાય છે, નાશવાન છે ને? 'નિયમસાર'માં ૩૮મી ગાથામાં એમ કહ્યું કે સાત તત્ત્વ જે છે એ નાશવાન છે. ત્રિકાળી જીવ એક અવિનાશી છે. એ દૃષ્ટિનો વિષય છે. કેવળજ્ઞાન તત્ત્વ, મોક્ષ તત્ત્વ, સંવર, નિર્જરા તત્ત્વ એ એક સમયની પર્યાય છે તો ત્યાં નાશવાન કહ્યું. અવિનાશી ત્રિકાળી શાશ્વત વસ્તુ તે અવિનાશી છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં કહે છે કે '**સાત તત્ત્વ,..**' છ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય, બીજા પાંચ અજીવ દ્રવ્ય. સાત તત્ત્વમાં એક જીવ, છ અજીવ. નવ પદાર્થમાં એક જીવ, આઠ અજીવ, એમ કહ્યું છે. આહાહા..! પંચાસ્તિકાયમાં એક જીવ અસ્તિકાય, બીજા અજીવ.

'**ઈનકા શ્રદ્ધાન, ઈનકે સ્વરૂપકા જ્ઞાન ઔર શુભ ક્રિયાકા આચરણ,...**' શુભભાવ '**યહ વ્યવહારમોક્ષમાર્ગ હૈ,...**' એ વ્યવહાર મોક્ષમાર્ગ છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય સહિત

(હોય છે). નિર્વિકલ્પ નિશ્ચય સાતમે છે, પણ આ વિકલ્પ જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્મળ છે એ છઠ્ઠે છે પણ અપૂર્ણ છે. સાથે આ વ્યવહાર મોક્ષમાર્ગ છે. આહાહા..! '**નિજ શુદ્ધ આત્માકા સમ્યક્ શ્રદ્ધાન...**' હવે જુઓ! '**નિજ શુદ્ધ આત્માકા સમ્યક્ શ્રદ્ધાન, સ્વરૂપકા જ્ઞાન,..**' નિજ સ્વરૂપની શ્રદ્ધા એ નિશ્ચય. '**નિજ શુદ્ધ આત્માકા સમ્યક્ શ્રદ્ધાન, સ્વરૂપકા જ્ઞાન, ઔર સ્વરૂપકા આચરણ..**' ભગવાન આનંદમાં રમણતા, અતીન્દ્રિય આનંદમાં રમણતા એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. હવે વ્યવહાર સિદ્ધ કરે છે.

'**સાધનકે બિના સિદ્ધિ નહીં હોતી,...**' નિશ્ચય સાધન તો એ શુદ્ધ છે, પણ વ્યવહાર સાધન વચ્ચે આવ્યું એની વાત કરે છે. સમજાય છે કાંઈ? સાધન બે પ્રકારના કહ્યા, એનું નિરૂપણ બે પ્રકારના છે. ઈ શું કહ્યું? જેમ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે, એમ માર્ગ કહો કે સાધન કહો, સાધનનું નિરૂપણ બે પ્રકારે છે. સાધન તો નિશ્ચય એક જ છે. આહાહા..! પંડિતજી! આકરી વાત લાગે. ત્યાં સર્વત્ર કહ્યું ને? સાધન કઈ અપેક્ષાથી? એ તો વ્યવહાર સાધન છે. નિશ્ચય છે, એને નિશ્ચય તો છે, પૂર્ણ નિશ્ચય નથી. સપ્ત કે પરમાત્મા નથી. તેથી તેને વ્યવહાર કહીને સાધન કહેવામાં આવ્યું છે. આહા..! 'સમયસાર નાટક'માં તો એ કહ્યું, સાધન છે તે બાધન છે. રાગ-દ્વેષની વાત તો શું કરવી? એ બાધક છે. આહાહા..! જે જે સાધક છે, તે તે બાધક છે. તો રાગ-દ્વેષની વાત તો શું કરવી? આવી વાત છે, ભાઈ! આહાહા..!

ઠીક, આજે પંડિતજીની હાજરીમાં બધા ખુલાસો થયો. કાલે તો રવિવાર છે ને, વ્યાખ્યાન ચાલશે. કાલે તો રવિવાર છે, વ્યાખ્યાન ચાલશે. સ્વાધ્યાય પછી રાખશું. રવિવારે મહેમાન આવે છે ને. 'ભાવનગર'થી આવે છે. સોમવારે ભાઈ છે. મંગળવારે કરશું. પછી અહીંયાં આવવાના છે. ચૌદશે 'મુંબઈ'થી ઘણા માણસો આવવાના છે. ૮૮મી જયંતિની વિનંતી માટે 'ઘાટકોપર'થી (આવવાના છે). 'મદ્રાસ'થી પણ આવવાના છે. ત્યાં દિગંબર મંદિર થયું છે. અમે ત્યાં હતા ત્યારે એનો શિલાન્યાસ કર્યો. દિગંબર મંદિર છે પણ એ મેડી ઉપર છે. મેડી કહે ને? આ મંદિર બનાવ્યું ઈ બહુ મોટું બનાવ્યું છે. મુમુક્ષુએ બનાવ્યું છે. એ પણ આવવાના છે. જયંતિની ત્રણ ઠેકાણેથી વિનંતી છે. એક તો 'જામનગર'થી મોટી વિનંતી છે. કારણ કે આપણા મહાજન છે...

મુમુક્ષુ :- 'સોનગઢ' પણ તૈયાર..

ઉત્તર :- 'નાઈરોબી'માં કરોડપતિ છે. શ્વેતાંબર દિગંબર થઈ ગયા છે. કરોડપતિ છે. 'નાઈરોબી'. એક 'જેઠાલાલ' છે. પત્ર આવ્યો હતો. કરોડપતિ છે. શ્વેતાંબર મહાજન બધા દિગંબર થઈ ગયા. ત્યાં ૩૫-૪૦ ઘર છે. ગૃહસ્થ લોકો છે. બે તો કરોડપતિ છે. બીજા પંદર, વીસ-વીસ લાખવાળા ઘણા છે. ઘણા શ્વેતાંબર દિગંબર થઈ ગયા. અહીંનું વાંચન કરીને. ત્યાંથી પત્ર આવ્યો છે. અમે આવવાના છીએ. 'મદ્રાસ'થી છે. ૮૮મું વર્ષ બેસે છે. આ વૈશાખ સુદ-૨, ૮૮. માંગણી છે. એણે તો ત્યાં સુધી લખ્યું છે, ભાઈ! કોણે લખ્યું છે? એમ કે આઠમી વિભુશક્તિ છે ને? જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ,

વિભુત્વ. ૪૭ શક્તિ છે ને? આત્મામાં અનંત ગુણ છે, એમાં એક વિભુત્વ નામની શક્તિ છે. આઠમી શક્તિના આઠ અહીંયાં કરવા છે. એમ લખ્યું છે. 'મદ્રાસ'ને?

અહીં તો કહે છે, વ્યવહાર છે. '**ઈસલિયે વ્યવહારકે બિના નિશ્ચયકી પ્રાપ્તિ નહીં હોતી। યહ કથન સુનકર શિષ્યને પ્રશ્ન કિયા કિ હે પ્રભો, નિશ્ચય મોક્ષમાર્ગ જો નિશ્ચયરત્નત્રય વહ તો નિર્વિકલ્પ હૈ,...**' એમાં આ વિકલ્પ ક્યાંથી આવ્યો? પૂર્વે વિકલ્પ હતો એને નૈગમનયથી સાધન કહેવામાં આવ્યું છે. વર્તમાન થયું છે તો પોતાથી પણ પૂર્વ વિકલ્પ હતો એને આરોપ કરીને કહેવામાં આવ્યું છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૯, રવિવાર
## તા. ૧૭-૧૦-૧૯૭૬, ગાથા-૧૪, પ્રવચન નં. ૧૦૭

'પરમાત્મપ્રકાશ', ૧૪મી ગાથા ચાલે છે ને. અહીંયાં પ્રશ્ન આવ્યો છે, જુઓ! '**શિષ્યને પ્રશ્ન કિયા...**' થોડું ચાલ્યું છે. '**શિષ્યને પ્રશ્ન કિયા કિ હે પ્રભો! નિશ્ચયમોક્ષમાર્ગ જો નિશ્ચયરત્નત્રય વહ તો નિર્વિકલ્પ હૈ,...**' છે? પંડિતજી! '**ઔર વ્યવહારત્નત્રય વિકલ્પ સહિત હૈ,...**' આ પ્રશ્ન છે. શું કહે છે? કે નિશ્ચય રત્નત્રય તો અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર છે અને વ્યવહાર રત્નત્રય તો વિકલ્પ, રાગ છે. તો રાગ તે નિર્વિકલ્પતાનું કારણ કેમ થાય? આમ પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? વસ્તુ ભૂતાર્થ જે ત્રિકાળ છે એને આશ્રયે નિર્વિકલ્પ દૃષ્ટિ આદિ પ્રગટે છે, કાંઈ વ્યવહારને આશ્રયે પ્રગટતી નથી. તો વ્યવહાર તો વિકલ્પ છે, એને તમે સાધન કેમ કહ્યું? સમજાય છે કાંઈ? નિશ્ચયને સાધ્ય કહ્યું અને આને સાધન કેમ કહ્યું? એ વિકલ્પ છે ને. એનો ઉત્તર (આપે છે). '**ઈસ કારણ ઉસકો સાધક મત કહો.**' શિષ્યનો પ્રશ્ન છે. એનું સમાધાન. આ જે હવે લખાણ છે એ થોડું ટીકાકારનું નથી. એ 'દૌલતરામજી'નું છે. આટલું લખાણ. કેટલું?

'**જો અનાદિકાલકા યહ જીવ વિષય કષાયોંસે મલિન હો રહા હૈ,...**' એ ટીકાકારનું નથી. એ 'દૌલતરામજી'નું છે. ટીકાકાર 'બ્રહ્મદેવ'નું નથી. ટીકામાં નથી. ટીકામાં તો પરંપરા મોક્ષનું કારણ વ્યવહારરત્નત્રય છે, ત્યાં (સુધી છે). ખબર છે. પણ એણે જરી ખુલાસો કર્યો છે. અનાદિકાળથી જીવ વિષયકષાયથી મલિન થઈ રહ્યો છે, '**સો વ્યવહાર-સાધનકે બિના ઉજ્જ્વલ નહીં હો સકતા,...**' અર્થાત્ મિથ્યાત્વ, અવ્રત, કષાયાદિ ક્ષીણ, કંઈ મંદ ન થાય, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા હોય અને એની શ્રદ્ધામાં મંદતા ન હોય, એવી ક્ષીણતા ન હોય તો અધ્યાત્મની વાત સાંભળીને અધિકારી નહિ થાય, એટલી વાત છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શાસ્ત્ર અને વિષયકષાયનો તીવ્ર પ્રેમ, એમાં જો મંદતા ન હોય તો એ અધ્યાત્મની

વાત સાંભળવાને લાયક પણ નથી. સમજાય છે કાંઈ? 'શ્રીમદ્' કહ્યું ને? 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં' ઈ આ કહ્યું છે. કુગુરુ, કુદેવ, કુશાસ્ત્રની શ્રદ્ધા તો છૂટવી જોઈએ અને વિષયકષાયનો તીવ્ર રુચિ-પ્રેમ, એ તો એને છૂટવા જોઈએ, તો આ અધ્યાત્મની વાત સાંભળી શકશે. સમજાય છે કાંઈ? છતાં એનાથી પમાય એમ નહિ. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન, અટકે ત્યાગ વૈરાગ્યમાં..' પાછો એ રાગની મંદતામાં જો અટકી ગયો તો એ અંતર સ્વનો આશ્રય નહિ લઈ શકે. સમજાય છે કાંઈ? આવી વાત છે.

'**ઉજ્જ્વલ નહીં હો સકતા, જબ મિથ્યાત્વ અવ્રત કષાયાદિકકી ક્ષીણતાસે દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કરે, તત્ત્વોંકા જાનપના હોવે,...**' એ તો સમ્યગ્દર્શન પામ્યા પહેલાની વાત કરે છે. પાઠમાં તો સમ્યક્ નિશ્ચય છે ત્યાં વ્યવહાર કેવો છે એ બતાવવું છે. '**તત્ત્વોંકા જાનપના હોવે, અશુભ ક્રિયા મિટ જાયે, તબ ગુરુ વહ અધ્યાત્મકા અધિકારી હો સકતા હૈ. જૈસે મલિન કપડા ધોનેસે રંગને યોગ્ય હોતા હૈ, બિના ધોયે રંગ નહીં લગતા,...**' એ પંડિતજી 'દૌતલરામજી'નું ખુલાસો છે. ટીકાકારનો ખુલાસો હવે આવશે. નિર્વિકલ્પ દશા છે, નિશ્ચય આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે કહેવામાં તો છઠ્ઠા ગુણસ્થાનની વાત લીધી છે. ટીકાકારનો પાઠ છે. છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. પણ હજી વિકલ્પ છે, વ્યવહાર છે. તો એને છોડીને નિર્વિકલ્પ દશા સપ્તમ ગુણસ્થાન થાય છે. એ વાત કહેવી છે. પણ વાત આ કહી.

'**પરંપરાય મોક્ષકા કારણ વ્યવહારરત્નત્રય કહા હૈ.**' એ ટીકાકારનો ખુલાસો છે. શું કહે છે? શું કહે છે? કે આત્મા નિશ્ચયથી પામે છે એ તો પોતાના આશ્રયથી જ પામે છે. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ તો મહાસિદ્ધાંત. ત્રણેકાળ. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**'. શાશ્વત વસ્તુ, નિત્ય ધ્રુવ વસ્તુ, દ્રવ્ય વસ્તુના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. આ તો ત્રિકાળી નિયમ અને ત્રિકાળી સિદ્ધાંત. પણ અહીંયાં વ્યવહાર વચમાં આવે છે એ બતાવે છે અથવા નિશ્ચય સમ્યગ્દર્શન થયા પછી પણ રાગની મંદતાનો વ્યવહાર આવે છે. નિમિત્ત, એ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. વ્યવહાર કહે એને સત્યાર્થ માને તો તો શ્રદ્ધા વિપરીત છે. એ આવ્યું છે ને? 'ટોડરમલજી'. નિશ્ચય કહે એ સત્યાર્થ છે અને એની શ્રદ્ધા કરે એ સમ્યક્ છે. વ્યવહાર કહે એની શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? વ્યવહાર આવે છે અને પહેલા વિકલ્પ કહ્યો એ નૈગમનયથી કહેવામાં આવ્યું છે. ઈ કહે છે, જુઓ! મોક્ષનો માર્ગ એ નૈગમનયથી કહ્યું છે. ભૂતનૈગમનયથી. અર્થાત્ જેમ એ આવે છે ને? નિઃશંક. અંજનચોર. અંજનચોરની પહેલી નિઃશંકતા છે એને વ્યવહાર કહીને નિશ્ચય પામ્યા છે તો પામેલાની પૂર્વ દશા કેવી હતી એ બતાવવું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે. અંજનચોર નિશ્ચય તો સ્વભાવનો આશ્રય લીધો ત્યારે થયું છે. પણ પૂર્વે એનો એક વ્યવહાર અને વ્યવહારનું પણ એક અંગ. નિઃશંક તો એક અંગ છે. એ વ્યવહારનું અંગ છે. એને સમકિત કહ્યું. એ તો નિશ્ચય પામેલ છે એનો આરોપ કરીને એને વ્યવહાર કહેવામાં આવ્યું

છે. સમજાય છે કાંઈ? આહા..! મહા મોટી ગડબડ આમાં છે.

મુમુક્ષુ :- અટપટુ લાગે.

ઉત્તર :- અટપટુ... માણસને વ્યવહારનો પ્રેમ છે ને. અનાદિનો પ્રેમ છે ત્યાં એ અટક્યો છે. આહાહા..! વસ્તુ છે એ તો નિરપેક્ષ છે. અંતર સ્વભાવને આશ્રયે પામે એમાં કોઈ પરની અપેક્ષા છે નહિ. પણ નૈગમનયથી એવું કહેવામાં આવે કે પૂર્વે વિકલ્પ હતો એ અત્યારે ટાળીને નિર્વિકલ્પ થયો. એથી નૈગમનયથી વ્યવહારે પરંપરા કારણ કહેવામાં આવ્યું. પણ એ પામે એને.

મુમુક્ષુ :- વ્યવહાર છોડે એને.

ઉત્તર :- છોડે એને, કીધું ને. પામે એને એ કહ્યું છે. ઝીણી વાત છે થોડી. બહુ ગડબડ ચાલી છે ને. આમાંથી લોકો ગડબડ કરે.

વાત એ છે કે નિશ્ચય સમ્યગ્દર્શન પામ્યા વિના તો વ્યવહાર કહેવાતો જ નથી. પહેલા તો આ સિદ્ધાંત. નિશ્ચય સમ્યક્ વિના વ્યવહાર કહો તો વ્યવહારમૂઢ કહેવામાં આવ્યું છે. ૪૧૩ ગાથા. એ તો વ્યવહારમૂઢ છે. પણ જ્યારે નિશ્ચય થયો ત્યારે રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ હોય છે, એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કરીને કહ્યું છે. છે નહિ. એ વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ નથી. એ તો નિરૂપણ કથનમાં બે પ્રકાર આવ્યા, વસ્તુ તરીકે બે નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત. એ અહીંયાં પરંપરા મોક્ષનું કારણ વ્યવહારરત્નત્રયને કહ્યું. પેલો વિકલ્પ. પૂર્વે વિકલ્પ હતો ને. શુભરાગ.

મુમુક્ષુ :- ... થયો ત્યારે પરંપરા..

ઉત્તર :- આ પામ્યો એટલે કહ્યું, બસ. એ વાત. અભાવ કર્યો અને પામ્યો ત્યારે પૂર્વના કારણે નૈગમનયે વ્યવહાર કહ્યો. 'તારાચંદજી'! આવી વાત છે.

અંજનચોર પણ જ્યારે નિશ્ચય સમ્યક્ પામ્યો ત્યારે એના પૂર્વના નિઃશંક અંગને એનું કારણ કહ્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એનો ખુલાસો છે કે નિશ્ચયમાં વ્યવહારનું નિમિત્ત (હતું) અને વ્યવહારનું પણ નિઃશંક તો એક અંશ છે, એક અંગ છે. વ્યવહાર પૂરો નથી. એ નિઃશંકતાને નિશ્ચય સમકિતનું કારણ કહ્યું. એ તો પામ્યો છે એને પૂર્વનો આરોપ કરીને કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે અહીંયાં ફરીને. '**મોક્ષકા માર્ગ દો પ્રકારકા હૈ, એક વ્યવહાર, દૂસરા નિશ્ચય. નિશ્ચય તો સાક્ષાત્ મોક્ષમાર્ગ હૈ,...**' સ્વઆશ્રય તો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. નિશ્ચય એટલે સ્વઆશ્રય. વસ્તુ સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ વિજ્ઞાનઘનના આશ્રયે મોક્ષ થાય એ તો નિશ્ચય યથાર્થ છે. અને પરાશ્રય જે વ્યવહાર છે એ તો પરંપરા આરોપ દઈને કહ્યું છે, ખરેખર એ કારણ નથી. ઈ કહે છે, જુઓ! અથવા '**વ્યવહાર (ભૂતનયગમનયે) પરંપરાય હૈ.**' એમ કહ્યું ને? પરંપરાનો અર્થ આ કે વિકલ્પ છોડીને વિશેષ નિર્વિકલ્પ થશે, વિશેષ, હોં! પહેલા છે તો ખરું, નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન તો છે, એમાં વ્યવહાર વિકલ્પ આવ્યો એ નિશ્ચય મોક્ષમાર્ગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. વિકલ્પ પરંપરા (કારણ). કેમકે એને છોડશે ત્યારે પૂર્ણ થશે. તેથી

એને પરંપરા કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- વ્યવહાર પરંપરા એટલે વ્યવહારને છોડીને.

ઉત્તર :- છોડીને. એ તો રાગ છે.

મુમુક્ષુ :- વ્યવહાર કરતા કરતા નહિ?

ઉત્તર :- વ્યવહાર રાગ કરતાં કરતાં થાય? રાગ કરતા કરતા નિશ્ચય વીતરાગ થાય? કે રાગને છોડે ત્યારે વીતરાગ થાય? એ તો કહ્યું, 'પંચાસ્તિકાય'માં કે પરંપરા એટલે? દેવના ક્લેશ આદિ ભોગવશે. 'પંચાસ્તિકાય'માં ૧૭૨ ગાથામાં કહ્યું છે. પરંપરા કષાયમાં ક્લેશ ભોગવશે. એને પરંપરા કહેવામાં આવ્યું છે. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન તો છે પણ આ વ્યવહાર આવ્યો એને પરંપરા કહ્યું. પરંપરાનો અર્થ એવો કર્યો કે દેવાદિમાં ક્લેશ ભોગવશે. દેવ આદિ નામ અહીંયાં પુણ્યભાવ છે તો ક્લેશ થશે, ત્યાંથી મનુષ્ય થશે તો ત્યાં પણ દુઃખ ભોગવશે. એ ક્લેશ ભોગવીને પરંપરા એટલે પછી છોડીને વીતરાગ થશે. સમજાય છે કાંઈ? ગડબડ મોટી આમાં છે.

મુમુક્ષુ :- જરા વધારે ચોખવટ માગે છે.

ઉત્તર :- આ ચોખવટ તો કેટલી કરી, કાલે પણ ઘણી કરી હતી.

ખરેખર તો.. રાત્રે કહ્યું હતું અને કાલે સવારે કહ્યું હતું. આત્મા વસ્તુ તો વસ્તુ છે, એ તો પૂર્ણ શુદ્ધ ધ્રુવ શાશ્વત વસ્તુ છે. એ શાશ્વત વસ્તુને આશ્રયે સત્યદર્શન એટલે નિશ્ચય સમકિત, સત્યજ્ઞાન એટલે નિશ્ચય જ્ઞાન, સત્ય આચરણ-રમણતા એટલે નિશ્ચય ચારિત્ર, એ ત્રણ બોલને પણ વ્યવહાર કહ્યો છે. ૧૬મી ગાથાના કળશમાં. અને ૧૬મી ગાથામાં ઈ કહ્યું છે.

**दंसणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**

**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।**

આ ૧૬મી ગાથા. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર એ પર્યાય છે. એને '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं**' સાધુએ ત્રણની સેવના કરવી. એ વ્યવહાર છે. પર્યાયનયથી કથન કરવામાં આવ્યું છે. કેમકે લોકો પર્યાયનયથી સમજે છે એટલે. એનો ખુલાસો ત્યાં ૧૬મી ગાથામાં નીચે કર્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं**' નિત્ય તે ત્રણ નિશ્ચય પર્યાયની સેવના કરવી. '**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो**'. એ ત્રણને છોડીને એકલો આત્મા એકાકાર એ નિશ્ચય છે. આહાહા..! 'શશીભાઈ'! સમજાય છે કાંઈ? એ ત્રણ ભેદને પણ... શું કહ્યું? મેચક. મેચક કહ્યું. આહાહા..! મેચક કહ્યું, મલિન કહ્યું, અશુદ્ધતા કહી. ત્રણ બોલ છે. આહાહા..!

આત્મા વસ્તુ છે. અનાદિઅનંત શાશ્વત પદાર્થ, જ્ઞાનકંદ, આનંદકંદ, ઈશ્વરતાકંદ, પૂર્ણાનંદ વસ્તુના એ આશ્રયે નિશ્ચય-સત્ય દર્શન, સત્ય જ્ઞાન, સત્ય ચારિત્ર થાય છે. પણ એ ત્રણ છે એ પર્યાયનયથી કહેવામાં આવ્યું છે. જે 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું, સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્રાણી મોક્ષમાર્ગઃ, એ પર્યાયનયથી કથન છે. આહાહા..! 'તત્ત્વાર્થ સૂત્ર' જે દસલક્ષણી પર્વમાં-પર્યુષણમાં કાયમ વાંચે છે. પણ એ પણ પર્યાયનયનું કથન છે. નિશ્ચય સમ્યક્, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્ર એમ ત્રણ ભેદ થયા ને? તો એ પર્યાયનયનું કથન છે. એ કાલે કહ્યું હતું, નહિ? ૨૪૨ ગાથા, 'પ્રવચનસાર'. એમાં બતાવ્યું હતું. આ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ પર્યાય છે એ પર્યાયનયનું વ્યવહારનયનું કથન છે અને ત્રણ ભેદને છોડીને એકલા આત્મામાં લીન થવું એ નિશ્ચય દ્રવ્યપ્રધાન કથન છે. એ ૨૪૨ ગાથા, 'પ્રવચનસાર'ની ટીકા અને એનો કળશ, બેમાં આવ્યું છે. કાલે ઈ બતાવ્યું હતું. આહાહા..!

અહીંયાં કહે છે કે '**એક વ્યવહાર, દૂસરા નિશ્ચય, નિશ્ચય તો સાક્ષાત્ મોક્ષમાર્ગ હૈ, ઔર વ્યવહાર પરંપરાય હૈ.**' અર્થાત્ વિકલ્પ છૂટીને પછી થશે માટે એને પરંપરા (કારણ) કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પર્યાયનયનું કથન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. એ વ્યવહાર કથન છે નિશ્ચયની પર્યાયનું, પણ એ ત્રણ પર્યાય છે તેનું કથન છે માટે એ પર્યાયનયનું કથન છે. પણ છે તો નિશ્ચય. એ વ્યવહાર સમકિત નથી. પણ ત્રણ ભેદથી કથન કર્યું ને? તો એ પર્યાયનયનું કથન છે. આહાહા..!

અહીંયાં ઈ કહે છે, જુઓ! '**અથવા સવિકલ્પ નિર્વિકલ્પકે ભેદસે નિશ્ચયમોક્ષમાર્ગ ભી દો પ્રકારકા હૈ.**' નિશ્ચયના બે ભેદ. નિશ્ચય મોક્ષમાર્ગના બે ભેદ. એમાં ખુલાસો જુઓ! આ ટીકાકારનો ખુલાસો છે. '**જો મૈં અનંતજ્ઞાનરૂપ હૂં,...**' હું અનંતજ્ઞાન (સ્વરૂપ છું). જ્ઞાનસ્વભાવ છે એ અનંત છે. જેનો સ્વભાવ છે જ્ઞાન, એ અપરંપાર અપાર સ્વભાવ છે. એ અનંત જ્ઞાન છું, એવો જે વિકલ્પ ઊઠે છે, એમ કહે છે, એને વ્યવહાર કહેવામાં આવે છે. એ આસ્રવ છે. આહાહા..! '**મૈં શુદ્ધ હૂં,...**' પવિત્ર. '**એક હૂં,...**' એ ત્રિકાળ એકરૂપ છે ને. આહા..! '**સોઽહં,...**' તે હું. એવું '**ચિંતવન હૈ, વહ તો સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ.**' જુઓ! સવિકલ્પ છે, રાગ છે. પણ સ્વના આશ્રયનો પ્રશ્ન છે ને. હું અખંડ છું, અનંત છું, એ અપેક્ષાથી નિશ્ચય મોક્ષમાર્ગનો સવિકલ્પ ભેદ કહ્યો. એ સવિકલ્પ પણ આસ્રવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

મુમુક્ષુ :- તેની સાથે નિશ્ચય પરિણતિ સાથે ચાલે છે કે નથી ચાલતી?

ઉત્તર :- ઈ તો છે, એની વાત નહિ. અહીં તો વિકલ્પ ઊઠે છે એને નિશ્ચય મોક્ષમાર્ગ કહેવાય છે. નિશ્ચય તો છે. અહીં તો નિર્વિકલ્પને નિશ્ચય મોક્ષમાર્ગ (કહ્યું) અને સવિકલ્પને નિશ્ચય મોક્ષમાર્ગ, એને નિશ્ચય કહેવું છે. સ્વને આશ્રયે ભેદ ઊઠ્યો છે એ અપેક્ષાએ નિશ્ચય કહેવું છે. એકલો સવિકલ્પ છે એમ નહિ, પણ એ નિશ્ચયમાં અંદર દર્શન, જ્ઞાન, ચારિત્ર તો છે. એ 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં લખ્યું છે. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ. નહિ? 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં ઘણા ખુલાસા છે. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ (થાય છે). અર્થાત્ નિશ્ચયની દશા છે

તો ખરી, પણ પહેલા વિકલ્પ આવે છે કે હું શુદ્ધ છું, બુદ્ધ છું, એક છું, એવા વિકલ્પ ઊઠે છે તો એ વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે, એમ ત્યાં કહ્યું છે. વિકલ્પ દ્વારા નિર્વિકલ્પનો અર્થ, એ વિકલ્પને છોડીને નિર્વિકલ્પ થાય છે તો વિકલ્પ દ્વારા કહેવામાં આવ્યું છે. આહાહા..! 'તારાચંદજી'! આવી વાત છે, ભાઈ!

**'વહ તો સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ,...'** જુઓ! **'ઉસકો સાધક કહતે હૈં,...'** ઠીક! હું શુદ્ધ છું, અખંડ છું.. એ તો આપણે નયમાં આવી ગયું. ૧૪૨ (ગાથા). હું શુદ્ધ છું, અભેદ છું, એક છું, પરિપૂર્ણ છું, એવો જે વિકલ્પ ઊઠે એ પણ નિશ્ચયનયનો પક્ષ છે. નિશ્ચયનયના જ્ઞાનના અંશના એ રાગમાં અટકવું એ પક્ષ છે. સમજાય છે કાંઈ? વ્યવહારથી બંધ છે. અનેક છે. એ વ્યવહારને ગૌણ કરીને કહેવાયું છે. વ્યવહારને ગૌણ કરીને કહેવામાં આવ્યો છે. પણ નિશ્ચયમાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, આ જે કહ્યું, **'મૈં અનંતજ્ઞાનરૂપ હૂં, શુદ્ધ હૂં, એક હૂં, ઐસા સોહં...'** એવો જે વિકલ્પ તે નિશ્ચયનયના વિકલ્પનો પક્ષ એક છે. આહાહા..! 'પ્રવિણભાઈ'! એને પણ છોડાવ્યો છે. કેમકે નિશ્ચયનયના પક્ષમાં પણ જે વિકલ્પ ઊઠ્યો છે, એ રાગ છે, એ આસ્રવ છે, એ આકુળતા છે, દુઃખ છે. આહાહા..! એને અહીં સાધક કહેવો એ પણ વ્યવહારનય છે. એને કહેવો તો નિશ્ચય છે. સમજાણું? છે?

**'વહ તો સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ, ઉસકો સાધક કહતે હૈં,...'** અંદરમાં એ વિકલ્પ ઊઠે છે. નિશ્ચયનયના પક્ષનો વિકલ્પ. આહાહા..! એને સાધક કહે છે. એ સાધક પણ આરોપથી કથન છે. સાધક તો રાગથી ભિન્ન પડી પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞાછીણીથી રાગને છેદીને અંદરમાં એકાગ્ર થયો તો નિશ્ચય સાધક તો ઈ છે. જ્યાં પ્રજ્ઞાછીણી કહ્યું ને? નિશ્ચય સાધક તો એ છે, પણ એમાં આ વિકલ્પ આવ્યા એને વ્યવહાર સાધકનો આરોપ આપ્યો. એમાં નિશ્ચયનો આરોપ આપ્યો. જેમ નિશ્ચય સમ્યગ્દર્શન છે, પોતાના આશ્રયે અનુભવ-વેદન થયું, એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે, એ છે તો રાગ, પણ એને સમકિતનો આરોપ આપીને વ્યવહાર સમકિત કહ્યું. સમજાય છે કાંઈ? એમ અહીંયાં સાધકમાં લેવું. સાધક બે પ્રકારના નથી. જેમ મોક્ષમાર્ગ બે પ્રકારના નથી. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. માર્ગ એક જ છે. એમ સાધક બે પ્રકારના નથી, સાધક તો એક જ પ્રકારનું છે. આહાહા..! સાધક કહો કે માર્ગ કહો, એ તો બધું એક જ છે. સમજાય છે કાંઈ? આવું ઝીણું છે.

મુમુક્ષુ :- નિશ્ચયનયનો આરોપ આપવામાં આવ્યો છે?

ઉત્તર :- આરોપ કહ્યું ને. 'મોક્ષમાર્ગ પ્રકાશક' જુઓ!

'હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે.' નિરૂપણ એટલે કથન. એમ સાધક પણ બે પ્રકારે નથી, સાધકનું નિરૂપણ બે પ્રકારે છે. એમ લેવું. આહાહા..! છે? 'જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો એ તો નિશ્ચય છે. જ્યાં મોક્ષમાર્ગ તો નથી, પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે એટલે કે સહચારી છે.' રાગની મંદતા સાથે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ. તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. કારણ કે નિશ્ચય વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે. નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એ લક્ષણ છે.

એમ આ સાધકપણે પણ આ લક્ષણ લઈ લેવું. આહા..! વ્યવહાર સાધક કહ્યો એ આરોપથી અને નિશ્ચય મોક્ષમાર્ગમાં વિકલ્પને સાધન કહ્યું એ પણ આરોપથી. આહાહા..! આવી વાત છે.

અહીં તો ત્યાં સુધી લીધું છે કે સાચું નિરૂપણ તે નિશ્ચય છે, છે ને? અને ઉપચાર નિરૂપણ તે વ્યવહાર છે. નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારનો મોક્ષમાર્ગ છે. પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ.. પાછી ભાષા કેવી છે? એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ નથી. એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. એથી આ 'ટોડરમલજી'નું પંડિતોને નથી બેસતું તેથી એમ કહે છે ને? 'બનારસીદાસ' અને 'ટોડરમલજી' અધ્યાત્મની ભાંગ પીને બધા નાચ્યા છે. 'લલિતપુર'માં. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- 'ટોડરમલ'ને ભ્રમ હતો, એમ કહે છે.

ઉત્તર :- ઈ તો વળી 'રતનચંદજી' કહે છે. 'રતનચંદજી' કહે છે, બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમ છે. આ કહે છે કે બે મોક્ષમાર્ગ માને ઈ ભ્રમ છે. શું થાય? ઈ આત્મા છે, પણ એને એ જાતનું સ્વયં આશ્રયે ન બેસે ત્યાં સુધી શું થાય? આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહે છે, જુઓ! એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ, એમ બે માનવા મિથ્યા છે. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર બંનેને ઉપાદેય માને એ પણ ભ્રમ છે. કેમકે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ પરસ્પર વિરોધતા સહિત છે. કેમકે શાસ્ત્રમાં અગિયારમી ગાથામાં કહ્યું છે કે વ્યવહાર અભુતાર્થ છે અને સત્ય સ્વરૂપને નિરૂપતો નથી. કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે તે તો વ્યવહાર છે. આહાહા..! કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા કહે છે તે વ્યવહાર છે. આહાહા..! આવી વાત છે. વ્યવહાર સાધક કહ્યો એ પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા. છે તો અન્યથા બીજી વાત.

એમ નિશ્ચય મોક્ષમાર્ગના બે પ્રકાર. વિકલ્પ જે છે એ પણ આસ્રવ છે. આહા..! સમજાય છે? એનું-નિશ્ચયનું કથન બે પ્રકારે કહ્યું. પણ વિકલ્પ છે એ આસ્રવ છે. આસ્રવને કારણે નિર્વિકલ્પ થાય છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે.

ઉત્તર :- વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ એટલે વિકલ્પને છોડે ત્યારે નિર્વિકલ્પ થાય છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં પાઠ તો એવો છે.

મુમુક્ષુ :- પહેલા સવિકલ્પ હોય છે.

ઉત્તર :- સવિકલ્પ હોય એ બીજી વાત છે, પણ એને લઈને નિર્વિકલ્પ થાય છે (એમ નથી). આમાં છે ને. આમાં 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' છે. સવિકલ્પ દ્વાર વડે, એવો પાઠ છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. '**સવિકલ્પ દ્વારા જ નિર્વિકલ્પ પરિણામ થવાનું વિધાન કહીએ છીએ**.' ત્યાં પણ એ લીધું છે, હોં! દ્વારા, દ્વાર વડે એમ છે. વિકલ્પ દ્વાર વડે અંદરમાં જાય છે. એ દ્વાર છોડીને જાય છે. એ ખુલાસો ભાઈએ બહુ કર્યો છે. 'ધર્મદાસ ક્ષુલ્લકે'. મોટું ચિત્ર આપ્યું છે. હાથનું. આ નિત્ય છે, પેલું અનિત્ય છે, એક છે, એ દ્વારા પણ જાય છે અંદરમાં. એ દ્વારને પકડવા જેવું નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? 'ધર્મદાસ ક્ષુલ્લકે' બહુ સરસ કર્યું

છે. એમાંથી વાંધા ઉઠાવ્યા કે 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં આ છે એ 'સોનગઢ'નું છે. અરે..! પ્રભુ! સોનગઢ વ્યભિચારી માર્ગ છે, એમ કહે છે. અરે..! પ્રભુ! ભગવાન! ભગવાન! આ તને શોભે નહિ. ભાઈ! એ આત્મા છે, ભાઈ! અરેરે..! આહા..!

પ્રભુ! તું તો પૂર્ણાનંદનો નાથ છો ને, ભાઈ! એનાથી તને આનંદ મળશે અને આ વિકલ્પથી માને અને રાગથી માને, પ્રભુ! એ તો દુઃખ થશે. દુઃખ થશે, દુઃખ. આનંદ, દુઃખમાં પીલાઈ જશે. આહાહા..! એ વ્યવહારથી થાય અને આવો જૂઠો આરોપ કરવો, બાપુ! એમાં વિપરીત અભિપ્રાયમાં વર્તમાન પણ દુઃખ છે, પ્રભુ! તને ભવિષ્યમાં પણ એ આનંદ દુઃખમાં દબાઈ જશે. એ વસ્તુ છે, ભાઈ! સમજાણું કાંઈ? જુઓને! લ્યો! વિકલ્પ રહિત અહીં કીધું ને?

'**મૈં અનંતજ્ઞાનરૂપ હૂં, શુદ્ધ હૂં, એક હૂં, ઐસો સોઽહં કા ચિંતવન હૈ,...**' એમ અહીં (રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં) છે, જુઓ! '**અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે, 'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું' ઈત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ (ઉલ્લસિત) થાય છે, ત્યાર પછી એવા વિચારો તો છૂટી જાય,...**' એ વિકલ્પ દ્વારા આમાં કહ્યું. શૈલી તો બધી... 'ટોડરમલ', 'બનારસીદાસ' આદિ પંડિતોએ બહુ સરસ વાત (કરી છે). 'બનારસીદાસે' તો સામાન્યનો વિશેષ ખુલાસો કર્યો છે, સ્પષ્ટીકરણ છે. આ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ સામાન્ય વાત જે છે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. એકવાર ભાઈ 'કૈલાસચંદજી'એ કહ્યું હતું, કે જે જે આધાર છે એનો આધાર ક્યાં છે, એ તમે ખુલ્લું કરો તો બહુ સારું. મેં કીધું, એટલો બધો વખત અહીં ક્યાં છે. આમાં જે છે ને? એ ક્યા ક્યા શાસ્ત્રના આધારનું આમાં છે. બધા શાસ્ત્રના જ આધાર છે. સમજાય છે કાંઈ? 'ટોડરમલજી'એ ઘરનું કાંઈ કહ્યું નથી. 'બનારસીદાસે' ઘરનું કહ્યું નથી. ભાઈ! જે આચાર્યોના જે હૃદય હતા, અંતરનો જે અભિપ્રાય હતો એને એમણે ખુલ્લો મૂક્યો છે. એટલે લોકોને જરી કઠણ લાગે છે.

એ તો કહ્યું નહિ ત્યાં? 'બંધ અધિકાર'માં. પરને જીવાડું, મારું, સુખી કરું, દુઃખી કરું એ અધ્યવસાય મિથ્યાત્વ છે. કેમકે એ કરી શકતો નથી. તો આચાર્ય કહે છે કે અમે તો એમ કહીએ છીએ કે પરને જીવાડવું એમ માનવું મિથ્યાત્વ છે, તો પરના આશ્રયે જે વ્યવહાર છે એ બધો છોડાવ્યો છે અને છોડાવીને નિષ્કંપ નિશ્ચયમાં રહે એ વાત બતાવી છે. 'અમૃતચંદ્રાચાર્ય'. ૨૭૨ ગાથાનો ઉપોદ્ઘાત. ૨૭૨ ગાથાનો ઉપોદ્ઘાત. ૨૭૨ ગાથામાં તો એ આવ્યું, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ વિકલ્પવાળી નય નહિ. વ્યવહાર છે એને છોડાવ્યો છે. આહાહા..! માર્ગ આવો છે, બાપુ! તારું પદ અંદર પડ્યું છે.

કહ્યું હતું ને કાલે? વિજ્ઞાનરસ કંદ ભગવાન છે એ તો. આહાહા..! એક સમયની પર્યાયની ભૂલ ન જુઓ. એક સમયની ભૂલ. એક 'ક' બોલે એમાં અસંખ્ય સમયમાં એક સમય, એની ભૂલ. રાગની રુચિ છોડી દે તો એ પ્રભુ વિજ્ઞાનરસ ભગવાન છે. આહાહા..! ધ્રુવ ભગવાન છે, નિત્યાનંદ ભગવાન, શાશ્વત ભગવાન છે. આહાહા..! અવિનાશી ભગવાન

છે. કેવળજ્ઞાનની પર્યાય તો નાશવાન છે. આહાહા..! 'નિયમસાર'માં ૩૮ ગાથામાં કહ્યું. સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય-પાપ આદિ તો નાશવાન છે. અવિનાશી ત્રિકાળ ભગવાન નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ તે અવિનાશી છે. આહાહા..! એ અવિનાશી ભગવાન છે. કેવળજ્ઞાનની પર્યાય ભગવાન છે પણ એ નાશવાન ભગવાન છે. આહાહા..!

દિગંબર સંતોની શૈલી તો જુઓ! ક્યાં ઉપાડીને મૂકે છે? બાપુ! ત્યાં જા ને. તું ભગવાન છો ને. એનો અનાદર કરીશ તો હિંસા છે. રાગ અને અલ્પજ્ઞપણાનો આદર કરીશ તો પ્રભુ પૂર્ણાનંદના નાથનો અનાદર (થયો), એટલે એ તો હિંસા છે. એટલે કે આવું જીવન હું નહિ, આવડો હું નહિ, એનું નામ હિંસા છે. આહાહા..! પરની હિંસા કે પરની દયા તો કોણ પાળે છે? કોઈ પાળી શકતો નથી. પોતે પૂર્ણાનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એનો સ્વીકાર એટલે છે એવો સ્વીકાર, તે જીવતી જ્યોતને પ્રતીતમાં લીધી. એ એનું જીવન એટલે એ સમ્યગ્દર્શન (છે) અને જીવતી જ્યોત ભગવાન પરમાત્મસ્વરૂપનો આદર નહિ કરીને, એનો અનાદર કરીને રાગાદિ અને અલ્પજ્ઞપણાની પર્યાયનો આદર કરવો, એ તો છે એ નથી એમ કીધું એટલે એ તો હિંસા થઈ. આહાહા..! પૂર્ણ સ્વરૂપ છે, ધ્રુવ ભગવાન છે, એનો આદર ન કરતાં રાગનો, નિમિત્તનો અને અલ્પજ્ઞનો-ત્રણનો, નિમિત્તનો આદર, રાગનો આદર કે અલ્પજ્ઞ એક સમયની પર્યાયનો આદર, એમાં ત્રિકાળનો અનાદર થયો. આહાહા..! એટલે કે હું એ ત્રિકાળી ધ્રુવ નથી. છે એ નથી, એનું નામ હિંસા છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે અહીં આવ્યા આપણે. '**જહાં પર કુછ ચિંતવન નહીં હૈ, કુછ બોલના નહીં હૈ,...**' 'માચિટ્ઠેહ' આવે છે ને? 'દ્રવ્યસંગ્રહ'માં. એ દાખલો આપશે. '**કુછ બોલના નહીં હૈ, ઔર કુછ ચેષ્ટા નહીં હૈ, વહ નિર્વિકલ્પસમાધિરૂપ સાધ્ય હૈ,...**' જુઓ! પેલા વિકલ્પને વ્યવહારથી સાધક કહ્યો. ક્યા વિકલ્પને? હું નિર્વિકલ્પ છું, શુદ્ધ છું, પૂર્ણ છું, એવો વિકલ્પ. નિશ્ચય મોક્ષમાર્ગનો એ પ્રકાર. સ્વને આશ્રયે ઉત્પન્ન થતા વિકલ્પને અહીંયા નિશ્ચય કહ્યું, અપેક્ષાથી. બાકી છે તો એ બંધનું કારણ. આહાહા..! '**નિર્વિકલ્પસમાધિરૂપ સાધ્ય હૈ,..**' અને સવિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ સાધક. બે આવ્યા ને? સવિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ સાધક, નિર્વિકલ્પ મોક્ષમાર્ગ તે સાધ્ય. સમજાણું? પરની અપેક્ષા નહિ. અહીં તો સ્વની અપેક્ષામાં હું પૂર્ણ શુદ્ધ છું, અભેદ છું, એક છું, અખંડ છું, એવા સ્વના આશ્રયનો વિકલ્પ, એને નિશ્ચયમોક્ષમાર્ગ સાધક તરીકે કહ્યો. એ ઉપચારથી છે. અને પૂર્ણાનંદ નિર્વિકલ્પ સમાધિની દૃષ્ટિ, પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘનનો નિર્વિકલ્પ અનુભવ, એ નિશ્ચયમોક્ષમાર્ગ, એ સાધ્ય છે. પેલાને વ્યવહારથી સાધક કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ છે, ભાઈ!

મુમુક્ષુ :- સાધક નથી અને સાધક કહેવું...

ઉત્તર :- જે નથી તેને નિમિત્ત આદિની અપેક્ષાએ કહેવું એનું નામ વ્યવહાર. એ આવી ગયું ને આમાં? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. એ વસ્તુ નથી, પણ નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). નિમિત્ત આદિ કેમ લીધું છે? કે ભેદનું જ્ઞાન કરાવવા. એ ત્રણ પર્યાય છે એ ભેદ છે. નિમિત્તાદિ શબ્દ પડ્યો છે. નિમિત્ત અને ભેદ, એ બેનું જ્ઞાન કરાવવા એને વ્યવહાર

કહેવામાં આવ્યો છે. આહાહા..! શું કહ્યું સમજાણું? એમાં એ છે. નિમિત્તાદિની અપેક્ષા, હમણાં વાંચ્યું ને?

જિનમાર્ગમાં કોઈક ઠેકાણે તો **નિશ્ચયનયની મુખ્યતા સહિત** વ્યાખ્યાન છે. તેને સત્યાર્થ એમ જ જાણવું. કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. જુઓ! વ્યવહારનયની મુખ્યતા સહિત કથન છે. એને એમ **નથી**, પણ નિમિત્ત આદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે. નિમિત્ત આદિ. એટલે નિમિત્ત અને ભેદ. આહાહા..! રાગને સાધન કહ્યું એ પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા અને ત્રણને કહ્યું, ત્રણ પર્યાય ભેદવાળી, એ પણ ભેદ છે, એનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! કહો, 'શશિભાઈ'! જુઓ! નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે. એ પ્રમાણે જાણવાનું નામ બેય નયનું ગ્રહણ છે, પણ બન્ને નયોના વ્યાખ્યાનને સમાન અને સત્યાર્થ જાણી, આ પણ સાચું અને આ પણ સાચું, એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી. બહુ ખુલાસો કર્યો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બહુ ખુલાસો. વ્યવહારના પક્ષવાળાને તો આ માન્ય ન થાય. તેથી અત્યારે ઊડાવે છે ને. મોક્ષમાર્ગ નહિ. અરે..! ભગવાન! તારા હિતની વાત છે ને. આહા..!

'**કુછ ચેષ્ટા નહીં હૈ, વહ નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય હૈ, યહ તાત્પર્ય હુઆ. ઈસી કથનકે બારેમેં દ્રવ્યસંગ્રહકી સાક્ષી દેતે હૈં.**' જુઓ! '**मा चिट्ठह**' છે ને? '**સારાંશ યહ હૈ કિ હે જીવ, તૂ કુછ ભી કાયકી ચેષ્ટા મત કર, કુછ બોલ ભી મત,...**' એ વાણી આવી. '**મૌનસે રહે,...**' એ વાણીનું આવ્યું, હવે વિકલ્પ-મનનું આવ્યું. '**કુછ ચિંતવન મત કર.**' ત્રણે આવ્યા. મનથી પણ નહિ. આહાહા..! '**સબ બાતોંકો છોડ, આત્મામેં આપકો લીન કર,...**' આહાહા..! આ માર્ગ છે. '**આત્મામેં આપકો...**' પોતાની નિર્મળ પર્યાયને ત્યાં લીન કર. રાગથી નહિ, પરથી નહિ. આહાહા..! '**આત્મામેં આપકો લીન કર, યહ હી પરમધ્યાન હૈ.**' આહા..! મોક્ષનો માર્ગ આ છે, ભાઈ! ઝીણી વાત, બાપુ!

ભગવાન સુખના પંથે જવાનો પંથ તો આ છે. બાકી દુઃખના પંથે તું અનાદિથી દોરાઈ ગયો છો, પ્રભુ! આહા..! એ આસ્રવને પંથે-રાગને પંથે (દોરાઈ ગયો છો). આહાહા..! દુનિયામાં કેટલા દુઃખો થાય છે, જુઓને! એ રાગને પંથે દોરાતા તો દુઃખના પંથે દોરાઈ ગયો છે. આ સુખના પંથે જાવું હોય તો... આહાહા..! આ આત્મામાં લીન થા, એ સુખને પંથે જવું છે. આહાહા..! પહેલો એ પક્ષ અને નિર્ણય તો કરે કે આ વસ્તુ તો આ છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને શરણે જાવું, એનો આશ્રય લેવો, એમાં આત્માની નિર્મળ પર્યાય દ્વારા લીન થવું, બસ, આ એક વસ્તુ છે. બાર અંગ ને.. એમ કહ્યું છે ને? બાર અંગમાં પણ આત્મધ્યાન અનુભૂતિ કરવાનું કહ્યું છે. 'કળશટીકા'માં આવે છે. 'કળશટીકા' છે ને? બાર અંગ પણ વિકલ્પ છે. પણ બાર અંગમાં અનુભૂતિ કીધી છે. આહાહા..! એ 'કળશટીકા'માં છે. 'રાજમલજી'ની ટીકા. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! એની હા તો પાડ. આહા..! ભલે આકરો લાગે. અભ્યાસ નહિ એટલે એને એ દુષ્કર લાગે. અભ્યાસે એ સહેલી ચીજ છે. એ છે એને પામવું છે એમાં બહારમાં ક્યાં જાવું છે એને. આહાહા..! વસ્તુ ભગવાન

વિજ્ઞાનરસ, વિજ્ઞાનરસ કીધો છે ને? વિજ્ઞાનશક્તિ, વિજ્ઞાનસામર્થ્ય, વિજ્ઞાનસ્વભાવ. એવો વિજ્ઞાન સ્વભાવરૂપ ભગવાન ધ્રુવ. આહાહા..! એમાં લીન થવું. આવ્યું ને? એ પરમધ્યાન છે. આનું નામ ધ્યાન છે, આનું નામ મોક્ષનો માર્ગ છે. આ વ્યવહાર-નિશ્ચયનું આજે બહુ આવ્યું. 'પ્રવિણભાઈ'! તમે બધા આવ્યા (છો).. ભાઈ નથી આવ્યા હજી? નથી આવ્યા. 'નવરંગભાઈ'. મોડે આવશે, ઠીક! આહાહા..! અરે..! ભાઈ! આમાં વાદવિવાદ ક્યાં છે? 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' 'નાટક સમયસાર'માં કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ખોજી જીવે, વાદી મરે.

ઉત્તર :- શોધક જીવે. ખોજી જીવે, વાદી મરે. અમારે 'દામોદર શેઠ' સાથે મોટી વાત ચાલી હતી. (સંવત) ૧૯૮૩ સાલ. એ બહારના બહુ આગ્રહી હતા ને. કીધું, 'ટોડરમલજી' કહે છે, કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. ૧૯૮૩ની સાલની વાત છે. ૧૭ ને ૩૨, કેટલા વર્ષ થયા? ૪૯. એક શેઠ હતા. આગ્રહી હતા. પૈસાવાળા હતા. એ વખતે એની પાસે દસ લાખ હતા. સાંઈઠ વર્ષ પહેલા તો દસ લાખ કોઈકની પાસે હતા ને. અત્યારે તો હવે.. અત્યારના પચીસ લાખ એ પૂર્વના એક લાખ. એ બહુ આગ્રહી હતા. એ કહે, નહિ. નિશ્ચય કાળ થવાનું હશે તે દિ' થશે. પણ એ કાળલબ્ધિ છે, પણ કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય છે? ધારણા કરી કે આ કાળે થાય છે. એવી ધારણા કરી એમાં જ્ઞાન ક્યાં આવ્યું? કાળલબ્ધિનું જ્ઞાન તો એને થાય છે કે જે જ્ઞાયકની દૃષ્ટિ કરે છે એને કાળલબ્ધિનું જ્ઞાન થાય છે. તો એને કાળલબ્ધિ યથાર્થ છે. કીધું, જુઓ! 'ટોડરમલજી'તો આમ કહે છે. કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. આવે છે? સાતમા અધિકારમાં. જે સમયે થયું તે કાળલબ્ધિ અને એ ભાવ થયો એ ભવિતવ્યતા. એ પણ પુરુષાર્થથી થાય છે એમ સિદ્ધ કર્યું છે. આહાહા..! કાળલબ્ધિ વસ્તુ તો છે, નથી એમ નહિ. પણ એ કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન કોને થાય છે? જેણે જ્ઞાયકભાવની દૃષ્ટિ કરીને એને કાળલબ્ધિનું જ્ઞાન યથાર્થ થયું કે આ કાળે થયું.

મુમુક્ષુ :- એનો અર્થ તો એવો થયો કે જેને આત્મજ્ઞાન થાય એનું બધું જ્ઞાન સાચું છે.

ઉત્તર :- એને જ બધું સાચું છે. એને પાંચે કારણ કહ્યા નથી ત્યાં ભાઈએ? 'ટોડરમલજી'એ નવમા અધ્યયનમાં. એક કારણ હોય ત્યાં પાંચે કારણ સાથે જ છે. આહા...! કાળલબ્ધિ છે, ત્યાં પુરુષાર્થ છે, સ્વભાવ છે, ભવિતવ્યતા છે, નિમિત્તનો અભાવ છે. પાંચેય કારણ એકસાથે છે. એમાં શું છે? આહાહા..! 'ટોડરમલજી'એ તો ઘણું કામ (કર્યું છે). પોતે માન્યું છે એમ હોવું જોઈએ, એવું છોડી દઈને સત્ય શું છે તે ઉપર એનું લક્ષ (હોવું જોઈએ).

'**વિકલ્પ સહિત હૈ વહ તો આસ્રવ સહિત હૈ...**' આહાહા..! છે ને? માથે સંસ્કૃતમાં છે. '**सवियप्पं होइ तह य अवियप्पं। सवियप्पं सासवयं णिरासवं**' 'દેવસેનાચાર્ય' કૃત 'તત્ત્વસાર' ગાથા-૫. 'દેવસેનાચાર્ય' થયા છે ને? એમણે બનાવ્યું છે 'તત્ત્વસાર', હોં! 'તત્ત્વાર્થ સાર' નહિ. 'તત્ત્વસાર' એની પાંચમી ગાથા છે. ગાથા-૫. અહીં ઊતારી છે, મેં

આમાં લખ્યું છે. આહાહા..!

આત્મા જે વસ્તુ છે, શાશ્વત વસ્તુ છે, શાશ્વત તત્ત્વ પદાર્થ છે. એ સંબંધીના બે પ્રકાર પાડવા. એક વિકલ્પસહિત અને એક નિર્વિકલ્પ. એ સંબંધીના બે ભેદમાં પણ વિકલ્પ તે આસ્રવ છે. આહાહા..! પરની દયા ને વ્રત ને તપ ને ભક્તિની તો વાત ક્યાં? એ તો આસ્રવ છે. એ કંઈ સાધન છે નહિ. આહા..! અર્થમાં 'દૌલતરામજી'એ કર્યું. એ તો એક તીવ્ર મિથ્યાત્વને મંદ કરવા એવી એની દશા હોય તો એને મિથ્યાત્વના અભાવરૂપ સ્વભાવ સાંભળવાને અધિકારી થાય. એમ. સમજાય છે કાંઈ? આપણે આ પાનું લખ્યું છે એ એમાંથી લખ્યું છે. કારણ કે વચલો ભાગ છે એ આમાં નથી. એથી આ લખ્યું હતું. એમાંથી આ પાનું જુદું પાડ્યું છે. લખીને. આ વચલો ભાગ છે ને? ભાઈનો-ટીકાકારનો નથી. એ માટે.

**'ઔર જો નિર્વિકલ્પ હૈ, વહ આસ્રવ રહિત હૈ.'** આહાહા..! ચોથે ગુણસ્થાને પણ આત્મતત્ત્વ સંબંધી બે પ્રકારના વિચાર ચાલે. એક, વિકલ્પ સહિત અને એક, નિર્વિકલ્પ અનુભવ સહિત. એમાં વિકલ્પ સહિત છે એ આસ્રવ છે. અને નિર્વિકલ્પ દૃષ્ટિ, અનુભવ થયા એ સંવર, નિર્જરા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અધિકાર જરી એવો આવ્યો હતો ને એટલે નિશ્ચય-વ્યવહારનું (સ્પષ્ટીકરણ વધારે આવ્યું).

મુમુક્ષુ :- ફરીને લેવા જેવો છે.

ઉત્તર :- તો પછી આ પાનાથી લઈએ. આ પાનું છે ને આપણે? 'પરમાત્મપ્રકાશ' અધ્યાય-૨, ગાથા-૧૪ની સંસ્કૃત ટીકાનો અનુવાદ.

'**હે જીવ...**' ટીકામાં છે ને? એ આપણે બહાર પાડ્યું છે. '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ નિશ્ચય રત્નત્રય છે લક્ષણ જેનું, એવા નિશ્ચયમોક્ષમાર્ગના સાધક વ્યવહાર મોક્ષમાર્ગને જાણ.**' મોક્ષમાર્ગને જાણ. કાલે એ ખુલાસો કર્યો હતો કે જાણ છે ત્યાં નિશ્ચય છે ઈ વ્યવહારને જાણે છે. અને જ્યાં નિશ્ચય નથી ત્યાં ૪૧૩ ગાથામાં વ્યવહારમૂઢ કહ્યો છે. એને વ્યવહાર જાણે છે, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ કાલે અર્થ કર્યો હતો. જે એકલો વ્યવહાર છે એ તો નિશ્ચય અનારૂઢ, અનાદિ રૂઢ, વ્યવહારમૂઢ એમ ત્રણ વિશેષણ આપ્યા છે. પણ અહીં તો વ્યવહાર જાણ એમ કહ્યું છે. એટલે નિર્વિકલ્પ છે, એમાં વ્યવહાર આવે છે એને જાણ. '**परिजानीहि**' એમ પાઠમાં છે. આ ૧૪મી ગાથા. '**परिजानीहि**'. જેને સમ્યક્ છે એ '**परिजानीहि**' હોય. સમ્યગ્દર્શન નથી અને વ્યવહાર '**परिजानीहि**' એને હોઈ શકે જ નહિ. ન્યાય સમજાય છે કાંઈ? આવી વાતું ઝીણી પડે. 'ભગવાનજીભાઈ'! માર્ગ બાપા!... અરેરે..! એ એકલો છે. એને કોણ સહાય છે? કોઈ સહાય નથી, કોઈ સહાય નથી. સહાય પોતે પોતાના આનંદનું શરણ સહાય છે. આહાહા..! પોતે છતી ચીજ છે તે સહાય છે. આહાહા..! વિકલ્પ પણ જ્યાં સહાય નથી. એક સમયની પર્યાયનો આશ્રય પણ સહાય નથી. આહાહા..! એવો ભગવાન નિશ્ચય છે, મોક્ષમાર્ગનો સાધક વ્યવહાર છે એને જાણ.

જેને જાણવાથી તું કેવો થઈશ? પરંપરાએ પવિત્ર પરમાત્મા થઈશ. એટલે વ્યવહાર છે. નિશ્ચય છે ત્યાં વ્યવહાર છે. એ વ્યવહાર છોડીને પરંપરા તું મોક્ષને પામીશ. આહા..! '**વ્યવહાર-નિશ્ચય મોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. તે આ પ્રમાણે-વીતરાગસર્વજ્ઞપ્રણીત છ દ્રવ્યાદિનું સમ્યક્‌શ્રદ્ધાન, તેમનું સમ્યગ્જ્ઞાન અને વ્રતાદિનું અનુષ્ઠાનરૂપ વ્યવહારમોક્ષમાર્ગ છે, નિજ શુદ્ધ આત્માના સમ્યક્‌શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે,...**' જોયું! નિશ્ચયમોક્ષમાર્ગ છે ત્યાં વ્યવહાર મોક્ષમાર્ગ આરોપિત છે. '**અથવા વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે, નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે.**' એ વ્યવહારથી કહ્યું.

સાધકનું કથન બે પ્રકારે છે. સાધક બે પ્રકારે નથી. આહા..! જેમ મોક્ષમાર્ગ કારણ જે છે, માર્ગ કહો કે કારણ કહો, એટલે ખરેખર કારણનું નિરૂપણ બે પ્રકારનું છે. ખરેખર કારણ તો એક જ છે. આહાહા..! પણ પેલા 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવે ને? બેય-નિશ્ચય અને વ્યવહાર બે કારણથી કાર્ય થાય. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવે. બીજા કારણનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! અહીં શિષ્ય બોલ્યો. હવે શિષ્યનો પ્રશ્ન છે. હવે પૂરું થઈ ગયું, વખત થઈ ગયો... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૧૦, સોમવાર
## તા. ૧૮-૧૦-૧૯૭૬, ગાથા-૧૪, ૧૫ પ્રવચન નં. ૧૦૮

ઈ ગુજરાતી છે. પાનું છે ઈ. પહેલી વાત અહીંયાં એ છે, અહીંયાં જે નિશ્ચય-વ્યવહાર ચાલે છે એ એકસાથે છે એની વાત ચાલે છે. બારમી ગાથામાં મોઢા આગળ છે, ભાઈ! આ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ ચાલે છે. પછી નિશ્ચય અને પછી વ્યવહાર કહેશે.

ખરેખર તો અહીંયાં છઠ્ઠા ગુણસ્થાનમાં જે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એને અહીંયાં અપૂર્ણ નિશ્ચય ગણીને સાથે વ્યવહાર કહ્યો એ વ્યવહાર પૂર્ણ નિશ્ચયનું કારણ છે, એમ આરોપથી કથન કરવામાં આવ્યું છે. ભાઈ નથી આજે. 'પંચાસ્તિકાય'માં છે ને આપણે? 'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથા, નહિ? ઓલો વ્યવહાર. ૧૭૨માં છે. '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' આમાં ઘણી વાત છે. પાઠ એવો છે.

મુમુક્ષુ :- જેને નિશ્ચય હોય એને વ્યવહાર..

ઉત્તર :- આ એની વાત છે. વ્યવહારનય એને હોય. જેને પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યઘન નિર્વિકલ્પની અંદર પ્રતીતિ અનુભવમાં થઈ હોય, અને આત્માનું જ્ઞાન પણ થયું હોય, આત્મામાં સ્થિરતા પણ છઠ્ઠા ગુણસ્થાનને લાયક હોય, એની સાથે વ્યવહાર કેવો હોય, એ વ્યવહાર પરંપરા કારણ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? કેમકે '**અનાદિ કાળથી**

**ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધન...**' એનો અર્થ કર્યો છે. ૩ છે ને? '**મોક્ષમાર્ગ પ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે અને તેનું સાધન વ્યવહારનયે (આશંકિ શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યા છે.**' નહિતર પાઠ તો એવો છે, '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે...**' પણ વ્યવહારનય કોને? જેને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય અંદર નિશ્ચય આત્મપ્રતીતિ અનુભવ, આત્માનું જ્ઞાન અને આત્મામાં સ્થિરતા-રમણતા છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય થયા હોય, એને ભેદવાસિત બુદ્ધિવાળો જીવ કહેવામાં આવ્યો છે. ૧૭૨ ગાથામાં છે. કેમકે એને હજી રાગ છઠ્ઠે ગુણસ્થાને વ્યવહારરત્નત્રયનો રાગ છે. સમજાય છે કાંઈ? આવી વાત. કેમકે અહીંયાં ત્રણ બોલ સાથે લીધા છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એમ નથી લીધું કે દર્શન, જ્ઞાન અને પછી વ્યવહાર એ આગળ સાધન છે, એમ નથી લીધું. સમજાય છે કાંઈ? દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ નિશ્ચય લીધા છે, પણ પૂર્ણ નિશ્ચય નથી એટલે એની સાથે વ્યવહાર છે એને ગણવામાં આવ્યો છે. અહીંયાં એ શૈલી છે. સમજાય છે કાંઈ?

પોતાનો આત્મા, જે સ્વરૂપ શુદ્ધ છે, દ્રવ્યસ્વભાવ જે વીતરાગમૂર્તિ પ્રભુ, એની નિશ્ચય સ્વઆશ્રિત પ્રતીતિ છે અને સ્વઆશ્રયનું આત્મજ્ઞાન પણ છે અને સ્વઆશ્રયમાં અલ્પ સ્થિરતા પણ છે. એવી ભૂમિકામાં જે વ્યવહાર છે એને પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. નિશ્ચય છે એ સાક્ષાત્ કારણ છે અને વિકલ્પ છે એ પરંપરા કારણ છે. પણ આ અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? એ વાત છે ત્યાં. બારમી ગાથામાં કહ્યું ને? પંડિતજી! પહેલા બારમી ગાથા છે ને? જુઓ!

દસ ગાથા પર્યંત મોક્ષનો અધિકાર કહ્યો. અગિયારમીમાં મોક્ષનું ફળ કહ્યું. અને બારમીથી '**उन्नीस दोहापर्यंत निश्चय और व्यवहार मोक्षमार्गका व्याख्यान करते हैं-**' છે? પંડિતજી! બારમી. ૧૨મી ઉપર પહેલી લીટી-પહેલી પંક્તિ છે ને? '**अथानन्तर-मेकोनविंशतिसूत्रपर्यन्तं निश्चयव्यवहारमोक्षमार्गव्याख्यानस्थलं कथ्यते**' ૧૨મી ગાથા ઉપર. દસ ગાથા પર્યંત મોક્ષનો અધિકાર ચાલ્યો. મોક્ષ કોને કહે છે? અગિયારમીમાં મોક્ષનું ફળ અનંત ચતુષ્ટય કહ્યું. બારમીથી નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ ચાલે છે. પાઠ છે. જુઓ! '**उन्नीस दोहापर्यंत निश्चय और व्यवहार...**' એકલો વ્યવહારનો નહિ. સમજાય છે કાંઈ? '**निश्चय और व्यवहार मोक्षमार्गका व्याख्यान करते हैं-**' તો ત્યાં બારમીમાં આ આવ્યું. તેરમીમાં નિશ્ચયની વાત આવી. હવે ચૌદમીમાં નિશ્ચય સાથે વ્યવહાર કેવો હોય, એ વાત ચાલી. આહા..! સમજાય છે કાંઈ? ભારે કઠણ.

મુમુક્ષુ :- પંદરમાં એકલો વ્યવહાર..

ઉત્તર :- પંદરમીમાં એકલો વ્યવહાર કહે છે. પણ એ નિશ્ચય છે એને. છઠ્ઠા

ગુણસ્થાનને યોગ્ય ત્રણ છે. ત્રણ સાથે લીધા છે ને?

**१३९) पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि।**
**दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि।।१३।।**

દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ સાથે લીધા છે. પોતાનો આત્મા જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, એનું દર્શન સ્વસન્મુખ થઈને પ્રતીતિ થવી, આત્માના આનંદના વેદનમાં પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન. અને આત્મા ચિદાનંદ પૂર્ણ છે એનું જ્ઞાન કરીને આનંદ સહિતનું જ્ઞાન થાય, એ સ્વસંવેદન નિશ્ચયજ્ઞાન અને સ્વરૂપમાં લીનતા થાય પણ અપૂર્ણ લીનતા છે તેથી વ્યવહાર સાથે છે, એ વ્યવહારનું વર્ણન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિશ્ચય અને વ્યવહાર બે સાથે લેવા છે. અહીંયાં સાથે શરૂ કર્યું છે. ૧૩માં નિશ્ચય કહ્યું અને ૧૪માં નિશ્ચય સહિત વ્યવહાર કેવો હોય એ વાત ચાલી. ૧૪માં એ ચાલ્યું. આપણે અહીં પાનામાં ચાલ્યું છે ને.

'**અહીં શિષ્યે પ્રશ્ન કર્યો કે નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ છે,...**' ટીકામાં પણ છે. ૧૪. '**તે સમયે (નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ વખતે તો) સવિકલ્પ મોક્ષમાર્ગ હોતો નથી. તો પછી વ્યવહારમોક્ષમાર્ગ કેવી રીતે સાધક છે**?' શું પ્રશ્ન કર્યો, સમજાણો? કે આત્મા જ્યારે સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં છે, દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિશ્ચયથી એકત્વ છે ત્યારે તો વ્યવહાર વિકલ્પ છે નહિ અને તમે વ્યવહાર વિકલ્પને પરંપરા સાધક કહો છો, એ કઈ રીતે મેળ ખાય છે? એ પ્રશ્ન છે. છે ને?

તેનું સમાધાન '**ભૂતનૈગમનયથી પરંપરાએ (સાધક) છે.**' એ છઠ્ઠે ગુણસ્થાને સ્વભાવના આશ્રયે જે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ તો છે જ. સાથે વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે, એ નૈગમનયથી કારણ છે એમ કહેવામાં આવ્યું છે. એ વિકલ્પનો અભાવ કરીને સપ્તમ ગુણસ્થાન આવે છે. પણ એ વિકલ્પને નૈગમનયે એનું કારણ કહ્યું છે. પંડિતજી! સમજાય છે? ભૂતનૈગમનય. તે સમયે નથી. પણ પૂર્વે વિકલ્પ હતો, છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય દર્શન, જ્ઞાન, ચારિત્ર તો છે પણ સાથે વિકલ્પ હતો એ વખતે નિર્વિકલ્પ સપ્તમ ગુણસ્થાન નથી. તો જ્યારે નિર્વિકલ્પ છે એનું કારણ વિકલ્પ તમે કહો છો, તો નિર્વિકલ્પ કાળે વિકલ્પ તો છે નહિ. ભૂતનૈગમનયે 'પ્રવિણભાઈ'! સમજાય છે કાંઈ? આ ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! વ્યવહાર તો..

પહેલા કહ્યું હતું, જ્યાં આત્માના દર્શન, જ્ઞાન નથી ત્યાં તો વ્યવહારને મૂઢ કહ્યો છે. ૪૧૩ ગાથામાં. વ્યવહારમૂઢ છે. અને આ ૧૪મી ગાથામાં તો '**परिजानीहि**' છે. વ્યવહારને જાણનારો છે, એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? વ્યવહારને જાણનારો અહીંયાં કોણ છે? છઠ્ઠા ગુણસ્થાને જે દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદાદિની પર્યાય છે એની સાથે જે વ્યવહારનો વિકલ્પ છે એને '**परिजानीहि**'-જાણવો, બરાબર જાણવો, એ વાત ચાલે છે. અને એ વિકલ્પ પરંપરા કારણ છે અર્થાત્ એને છોડીને સપ્તમમાં અંદર સ્થિર થશે અથવા પૂર્ણ નિશ્ચય તો ચૌદમે છેલ્લે સમયે (થશે). પૂર્ણ નિશ્ચય તો ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે છે. સમજાય છે

કાંઈ? પણ નિર્વિકલ્પ દશામાં સપ્તમમાં પરમભાવ કહેવામાં આવ્યો છે. બારમી ગાથા. '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं**' 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં ન્યાં લીધું છે. સપ્તમ ગુણસ્થાનમાં પરમભાવ લીધો છે. 'અમૃતચંદ્રાચાર્યે' પરમભાવ ચૌદમે છેલ્લે લીધો છે. સમજાય છે કાંઈ?

અહીંયાં ઈ કહે છે, જ્યાં સુધી નિશ્ચય નિર્વિકલ્પ સપ્તમ ગુણસ્થાન નથી, અબુદ્ધિપૂર્વક રાગ રહ્યો એની ગણતરી નથી, એ નિશ્ચયનું કારણ નિશ્ચયથી તો પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્ર જે શુદ્ધ છે એ જ કારણ છે. એ આપણે 'પંચાસ્તિકાય'માં નાખ્યું છે. ભાઈ! આ શ્લોકમાં. આ શ્લોક છે ને? પહેલો વ્યવહાર આવે છે એનો અર્થ કર્યો છે કે વ્યવહાર એટલે છઠ્ઠા ગુણસ્થાનનો વિકલ્પ એ પહેલો ગણવામાં આવ્યો છે, સપ્તમ પછી ગણવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ ભારે આકરો, ભાઈ!

કહે છે કે સવિકલ્પ નિર્વિકલ્પ ભેદ વડે નિશ્ચયમોક્ષમાર્ગ ભૂતનૈગમનયથી પરંપરા કીધી. હવે સવિકલ્પ અને નિર્વિકલ્પ ભેદ વડે નિશ્ચયમોક્ષમાર્ગ બે પ્રકારે કહ્યો. પોતાનો આત્મા શુદ્ધ નિશ્ચયની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અલ્પ તો થયા છે. એ નિર્વિકલ્પ છે. સમજાય છે કાંઈ? અને સવિકલ્પ-હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, એવા જે વિકલ્પ ઉઠે છે એ નિશ્ચયનો બીજો ભેદ સવિકલ્પ આસ્રવવાળો નિશ્ચય છે. આહાહા..! છે? '**ત્યાં હું અનંતજ્ઞાનરૂપ છું ઈત્યાદિ સવિકલ્પરૂપ સાધક છે...**' એ છઠ્ઠા ગુણસ્થાનની દશાની વાત કરે છે. '**અને નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય છે, એવો ભાવાર્થ છે.**' એમ સમજવું. આહાહા..! ટીકામાં આવી ગયું છે. જુઓ! ૧૪માં આવી ગયું છે. છેલ્લે આવી ગયું ને?

'**સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ, ઉસકો સાધક કહતે હૈં, ઔર જહાં પર કુછ ચિંતવન નહીં હૈ, કુછ બોલના નહીં હૈ, ઔર કુછ ચેષ્ટા નહીં હૈ, વહ નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય હૈ, યહ તાત્પર્ય હુઆ.**' '**मा चिट्ठह**' 'દ્રવ્યસંગ્રહ'નો આધાર આપ્યો છે. કોઈ ચેષ્ટા ન કર, કંઈ બોલ નહિ, મૌન રહે, ચિંતવન ન કર. '**સબ બાતોંકો છોડ, આત્મામેં આપકો લીન કર, યહ હી પરમધ્યાન હૈ.**' એ નિશ્ચય છે. 'દ્રવ્યસંગ્રહ'ની (ગાથા છે). સમજાય છે કાંઈ? '**શ્રીતત્ત્વસારમેં ભી સવિકલ્પ-નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગકે કથનમેં યહ ગાથા કહી હૈ...**' અહીંયાં ઈ લખ્યું છે. '**ઈસકા સારાંશ યહ હૈ કિ જો આત્મતત્ત્વ હૈ, વહ ભી સવિકલ્પ-નિર્વિકલ્પકે ભેદસે દો પ્રકારકા હૈ,...**' આહા..! આરે..! ઝીણી વાતું. '**જો વિકલ્પ સહિત હૈ, વહ તો આસ્રવ સહિત હૈ,...**' શું કહે છે સમજાણું? નિશ્ચયના બે પ્રકાર. એક તદ્દન નિર્વિકલ્પ અને એક સવિકલ્પ. નિશ્ચયના. સવિકલ્પ કેમ લીધું? કે પોતામાં અનંત શુદ્ધ છું, અખંડ છું એ અપેક્ષાથી એને નિશ્ચય કહ્યું. પણ છે તો વિકલ્પ. એ વિકલ્પ રાગ છે, એ રાગ આસ્રવ છે. આહાહા..! અને રાગરહિત આત્માના આશ્રયે જેટલા વીતરાગી નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કર્યા છે, એ વીતરાગી નિર્વિકલ્પ છે. અને એ પૂર્ણ નિર્વિકલ્પતાનું કારણ છે તો આ નિર્વિકલ્પ (દશા), પણ વ્યવહારથી એ વિકલ્પને પરંપરા કારણ કહેવામાં આવ્યું

છે. 'કાંતિભાઈ'! નિશ્ચય-વ્યવહારનો મોટો ગોટો અત્યારે છે. આહા..!

અહીંયાં તો દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એની સાથે વ્યવહાર છે એની વાત લીધી છે. જેને દર્શન, જ્ઞાન છે અને ચારિત્ર નથી, એની વાત અહીંયાં લીધી જ નથી. બાર, તેર લીધા છે. જેને દર્શન, જ્ઞાન, ચારિત્ર તો છે, પોતાના ભગવાનઆત્માનો આનંદનો અનુભવ, આનંદમાં પ્રતીતિ, આનંદનું જ્ઞાન અને આનંદમાં લીનતા (થયા છે)... આહાહા..! એવી દશા તો છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય છે. સમજાય છે કાંઈ? સાથે વ્યવહારની વાત કરે છે. અને તે પણ કહે છે '**परिजानीहि**'-વ્યવહારને બરાબર જાણ. કેમકે નિશ્ચય થયો છે તો જાગ્યો છે, તો એને જાણનારો કહ્યો છે. જેને નિશ્ચય નથી, એકલો વ્યવહાર છે એ તો મૂઢ છે. કેમકે વ્યવહારને જાણનારો જાગ્યો નથી. આહાહા..! આજ બરાબર 'હિંમતભાઈ' નથી. સમજાય છે કાંઈ?

અહીંયા તો ઈ કહે છે, '**જો વિકલ્પ સહિત હૈ, વહ તો આસ્રવ સહિત હૈ, ઔર જો નિર્વિકલ્પ હૈ, વહ આસ્રવ રહિત હૈ.**' આહાહા..! આત્મા પોતાના નિર્વિકલ્પ અભેદ અનુભવમાં પડ્યો હોય, સપ્તમ ગુણસ્થાનમાં, ત્યારે તો વિકલ્પ નથી, રાગ નથી. પણ જ્યારે છઠ્ઠા ગુણસ્થાને પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્મળ છે એની સાથે વ્યવહારનો વિકલ્પ છે. તો કહે છે કે નિશ્ચય જે પરિણતિ છે એ સાક્ષાત્ નિર્વિકલ્પતાનું કારણ છે અને વિકલ્પ છે એ પરંપરા કારણ છે એટલે એનો અભાવ કરીને થશે. ભૂતનૈગમનયથી (કહ્યું). આરે..! આવી વાતું છે. વસ્તુસ્થિતિ આવી છે. આહા..! જુઓ! હવે પંદરમી ગાથાની ઉપર.

'**ઈસ તરહ પહલે મહાસ્થલમેં અનેક અંતસ્થલોમેંસે ઉન્નીસ દોહોંકે સ્થલમેં તીન દોહોંસે નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગકા કથન કિયા.**' ભાઈ! બારમે જે શરૂ કર્યું હતું નિશ્ચય વ્યવહાર સ્વરૂપનું એ અહીં ત્રણ ગાથા કીધી. ત્રણ ગાથામાં આ નિશ્ચય અને વ્યવહાર બેય સાથે કહ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- છઠ્ઠે ગુણસ્થાને નિશ્ચય-વ્યવહાર..

ઉત્તર :- છઠ્ઠે ગુણસ્થાને નિશ્ચય-વ્યવહાર બેય છે.

મુમુક્ષુ :- ચોથામાં?

ઉત્તર :- ચોથામાં ચારિત્ર નથી એટલે ઉપચારથી મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :- પ્રાથમિક..

ઉત્તર :- અહીંયાં પ્રાથમિક છઠ્ઠું ગુણસ્થાન લેવું. અહીં તો છઠ્ઠું પ્રાથમિક ઈ લેવું છે. પ્રાથમિક મિથ્યાત્વ સહિતની (વાત નથી). એ તો જરી 'દૌલતરામજી'એ ખુલાસો કૌંસમાં કર્યો. ટીકામાં નથી. સમજાય છે કાંઈ?

જેમ ૧૨મી ગાથામાં, સમ્યગ્દર્શનની વાત ૧૧મી ગાથામાં કહી. હવે આની સાથે મેળવીએ છીએ. ૧૧મીમાં એમ કહ્યું કે ભૂતાર્થ ભગવાન પૂર્ણાનંદ પ્રભુના આશ્રયે સમ્યગ્દર્શન થાય, એ નિશ્ચય. હવે ૧૨મીમાં કહ્યું, નિશ્ચય તો થયું, તો એને વ્યવહાર છે કે નહિ? પોતાની પર્યાયમાં નબળાઈથી જે અશુદ્ધતા છે અને શુદ્ધતાની અલ્પતા છે એને વ્યવહાર કહે છે. એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ત્યાં ચોથા ગુણસ્થાન સહિતની વાત

છે. જોકે એમાં બીજી ગાથાથી ત્રણથી લીધું છે.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**

**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

એ ત્રણથી લીધું છે. બીજી ગાથાથી. ત્યાં ચારિત્રપ્રધાન છે તો ઈ શૈલીથી લીધું છે. '**चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' પોતાના આનંદમાં પ્રતીતિ, જ્ઞાન અને રમણતા છે એ સ્વસમય છે અને રાગમાં રમણતા અને રાગમાં લક્ષ છે, એ પરસમય છે. આચાર્ય છે ને, મુનિ છે તો ત્રણને સાથે લે છે. સમજાય છે કાંઈ? અને અહીંયાં જે ૧૧મીથી લીધું એમાં એકલા સમ્યગ્દર્શનની વાત લીધી છે. અને બપોરે ૧૪૪ લીધું ત્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન બેથી લીધું. ત્યાં ચારિત્ર નથી લીધું. આહાહા..! સમજાય છે કાંઈ? 'તારાચંદજી'! વાત બહુ ગંભીર, ભાઈ! પક્ષપાતવાળાને આ કઠણ પડે એવું છે.

અહીંયાં કહે છે, જુઓ! '**ઈસ તરહ પહલે મહાસ્થલમેં...**' ૧૨મી ગાથાથી ૧૯ ગાથા શરૂ કરીને? '**અનેક અંતસ્થલોંમેંસે ઉન્નીસ દોહોંકે સ્થલમેં તીન દોહોંસે...**' ૧૨, ૧૩ અને ૧૪. થઈ ને? '**તીન દોહોંસે નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગકા કથન કિયા.**' શું કહ્યું? ૧૨, ૧૩ અને ૧૪થી ૧૯ ગાથા પર્યંત નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું કથન કરશે. એમ શરૂ કર્યું. એમાંથી ૧૨, ૧૩ અને ૧૪માં નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગનું કથન કર્યું. બેયનું કર્યું. સમજાય છે કાંઈ? હવે '**આગે ચૌદહ દોહાપર્યંત વ્યવહારમોક્ષમાર્ગકા પહલા અંગ વ્યવહારસમ્યક્ત્વકો મુખ્યતાસે કહતે હૈં-**' પણ નિશ્ચય દૃષ્ટિ, જ્ઞાન છે એને વ્યવહાર સમકિત કેવું હોય એની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? કારણ કે ૧૪ ગાથામાં '**परिजानीहि**' કહ્યું ને? વ્યવહાર છે એને જાણ. છે ને વ્યવહાર? પૂર્ણ નથી તો વચ્ચે વ્યવહાર આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતનો વિકલ્પ એ બધો રાગ છે, એ વ્યવહાર છઠ્ઠે આવે છે, હોય છે તો એ જાણવાલાયક છે-'**परिजानीहि**'. આદરવાલાયક નથી. સમજાય છે કાંઈ? નિશ્ચય સહિત વ્યવહાર જાણવાલાયક છે. એમાંથી નિશ્ચય-વ્યવહાર બેની વાત તો ત્રણ ગાથામાં કહી-૧૨, ૧૩ અને ૧૪. હવે ૧૫માં નિશ્ચય તો છે, એનો વ્યવહાર ત્રણ છે-દર્શન, જ્ઞાન, ચારિત્ર, એમાં વ્યવહાર સમકિત કેવું હોય એની વાત ચાલે છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એને વ્યવહાર કેવો હોય?

ઉત્તર :- એને વ્યવહાર કેવો હોય એની વાત ચાલે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ચૌદહ દોહાપર્યંત વ્યવહારમોક્ષમાર્ગકા પહલા અંગ વ્યવહારસમ્યક્ત્વકો મુખ્યતાસે કહતે હૈં-**' જુઓ!

१४१) दव्वइँ जाणइ जहठियइँ तह जगि मण्णइ जो जि।
अप्पहँ केरउ भावडउ अविचलु दंसणु सो जि।।१५।।
द्रव्याणि जानाति यथास्थितानि तथा जगति मन्यते य एव।
आत्मनः सम्बन्धी भावः अविचलः दर्शनं स एव।।१५।।

दव्वइं इत्यादि। दव्वइं द्रव्याणि जाणइ जानाति। कथंभूतानि। जहठियइं यथास्थितानि वीतरागस्वसंवेदनलक्षणस्य निश्चयसम्यग्ज्ञानस्य परंपरया कारणभूतेन परमागमज्ञानेन परिच्छिनत्तीति। न केवलं परिच्छिनत्ति तह तथैव जगि इह जगति मण्णइ मन्यते निजात्मद्रव्यमेवोपादेयमिति रुचिरूपं यन्निश्चयसम्यक्त्वं तस्य परंपरया कारणभूतेन – 'मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट्। अष्टौ शङ्कादयश्चेति दृग्दोषाः पञ्चविंशतिः' इति श्लोककथितपञ्चविंशतिसम्यक्त्वमलत्यागेन श्रद्दधातीति। एवं द्रव्याणि जानाति श्रद्दधाति। कोऽसौ। अप्पहं केरउ भावडउ आत्मनः संबंधिभावः परिणामः किंविशिष्टो भावः। अविचलु अविचलोऽपि चलमलिनागाढदोषरहितः दंसणु दर्शनं सम्यक्त्वं भवतीति। क एव। सो जि स एव पूर्वोक्तो जीवभाव इति। अयमत्र भावार्थः। इदमेव सम्यक्त्वं चिन्तामणिरिदमेव कल्पवृक्ष इदमेव कामधेनुरिति मत्वा भोगाकांक्षास्वरूपादिसमस्तविकल्पजालं वर्जनीयमिति। तथा चोक्तम् – 'हस्ते चिन्तामणिर्यस्य गृहे यस्य सुरद्रुमः। कामधेनुर्धने यस्य तस्य का प्रार्थना परा।।'।।१५।।

---

आगे चौदह दोहापर्यंत व्यवहारमोक्ष-मार्गका पहला अंग व्यवहारसम्यक्त्वको मुख्यातासे कहते हैं –

**गाथा – १५**

अन्वयार्थ :– [ य एव ] जो [ द्रव्याणि ] द्रव्योंको [ यथास्थितानि ] जैसा उनका स्वरूप है, वैसा [ जानाति ] जानें, [ तथा ] और उसी तरह [ जगति ] इस जगतमें [ मन्यते ] निर्दोष श्रद्धान करे, [ स एव ] वही [ आत्मनः संबंधी ] आत्माका [ अविचलः भावः ] चलमलिनावगाढ दोष रहित निश्चल भाव है, [ स एव ] वही आत्मभाव [ दर्शनं ] सम्यक्दर्शन है।

भावार्थ :– यह जगत् छह द्रव्यमयी है, सो इन द्रव्योंको अच्छी तरह जानकर श्रद्धान करे, जिसमें संदेह नहीं वह सम्यग्दर्शन है, यह सम्यग्दर्शन आत्माका निज स्वभाव है। वीतरागनिर्विकल्प स्वसंवेदन निश्चयसम्यग्ज्ञान उसका परम्पराय कारण जो परमागमका ज्ञान उसे अच्छी तरह जान, और मनमें मानें, यह निश्चय करे कि इन सब द्रव्योंमें निज आत्मद्रव्य ही ध्यावने योग्य है, ऐसा रुचिरूप जो निश्चयसम्यक्त्व है, उसका परम्परायकारण

व्यवहारसम्यक्त्व देव–गुरु–धर्मकी श्रद्धा उसे स्वीकार करे। व्यवहारसम्यक्त्वके पच्चीस दोष हैं, उनको छोड़े। उन पच्चीसको 'मूढ़त्रयं' इत्यादि श्लोकमें कहा है। इसका अर्थ ऐसा है कि जहाँ देव–कुदेवका विचार नहीं है, वह तो देवमूढ़, जहाँ सुगुरु–कुगुरुका विचार नहीं है, वह गुरुमूढ़, जहाँ धर्म–कुधर्मका विचार नहीं है, वह धर्ममूढ़ ये तीन मूढ़ता; और जातिमद, कुलमद, धनमद, रूपमद, तपमद, बलमद, विद्यामद, राजमद ये आठ मद। कुगुरु, कुदेव, कुधर्म, इनकी और इनके आराधकोंकी जो प्रशंसा वह छह अनायतन और निःशंकितादि आठ अंगोंसे विपरीत शंका, कांक्षा, विचिकित्सा, मूढ़ता, परदोष–कथन, अथिरकरण, साधर्मियोंसे स्नेह नहीं रखना, और जिनधर्मकी प्रभावना नहीं करना, ये शंकादि आठ मल, इसप्रकार सम्यग्दर्शनके पच्चीस दोष हैं, इन दोषोंको छोड़कर तत्त्वोंकी श्रद्धा करे, वह व्यवहारसम्यग्दर्शन कहा जाता है। जहाँ अस्थिर बुद्धि नहीं है, और परिणामोंकी मलिनता नहीं, और शिथिलता नहीं, वह सम्यक्त्व है। यह सम्यग्दर्शन ही कल्पवृक्ष, कामधेनु चिंतामणि है, ऐसा जानकर भोगोंकी वाँछारूप जो विकल्प उनको छोड़कर सम्यक्त्वका ग्रहण करना चाहिये। ऐसा कहा है 'हस्ते' इत्यादि जिसके हाथमें चिन्तामणि है, धनमें कामधेनु है, और जिसके घरमें कल्पवृक्ष है, उसके अन्य क्या प्रार्थनाकी आवश्यकता है ? कल्पवृक्ष, कामधेनु, चिंतामणि तो कहने मात्र हैं, सम्यक्त्व ही कल्पवृक्ष, कामधेनु, चिंतामणि है, ऐसा जानना।।१५।।

---

હવે, ચૌદ સૂત્રો સુધી વ્યવહારમોક્ષમાર્ગના પ્રથમ અંગભૂત વ્યવહારસમ્યક્ત્વની મુખ્યતાથી કથન કરે છે, તે આ પ્રમાણે :-

ભાવાર્થ : દ્રવ્યોને જાણે છે-વીતરાગ સ્વસંવેદન જેનું સ્વરૂપ છે એવા નિશ્ચય સમ્યગ્જ્ઞાનના પરંપરાએ કારણભૂત પરમાગમના જ્ઞાનથી આ જગતમાં યથાસ્થિત દ્રવ્યોનું પરિચ્છેદન કરે છે, માત્ર પરિચ્છેદન કરે છે એટલું જ નહિ પણ, 'નિજઆત્મદ્રવ્ય જ ઉપાદેય છે' એવી રુચિરૂપ જે નિશ્ચયસમ્યક્ત્વ છે તેની પરંપરાએ કારણભૂત એવા 'मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट्। अष्टौ शङ्कादयश्चेति दृग्दोषाः पञ्चविंशतिः' (શ્રી સોમદેવકૃત યશસ્તિલક પૃષ્ઠ ૧૨૪) (અર્થા :- [1]ત્રણ મૂઢતા, [2]આઠ મદ, [3]છ અનાયતન, [4]આઠ

---

૧. ત્રણ મૂઢતા - દેવમૂઢતા, ગુરુમૂઢતા, ધર્મમૂઢતા.
૨. આઠ મદ - જાતિમદ, કુળમદ, ધનમદ, તપમદ, રૂપમદ, બળમદ, વિદ્યામદ, રાજમદ.
૩. છ અનાયતન - કુદેવ, કુગુરુ અને કુધર્મની અને એ ત્રણેના આરાધકોની પ્રશંસા.
૪. આઠ અંગો - શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢતા, પરદોષ-કથન, અસ્થિરકરણ, સાધર્મીઓ પ્રત્યે પ્રેમ ન રાખવો, અપ્રભાવના.

**શંકાદિ અંગો-એ પ્રમાણે સમ્યગ્દર્શનના પચ્ચીશ દોષ છે.) એમ શ્લોકમાં કહ્યા પ્રમાણે સમ્યક્ત્વના પચીસ મલના ત્યાગ વડે દ્રવ્યોની શ્રદ્ધા કરે છે. આ રીતે દ્રવ્યોને આત્માનો અવિચળ ચળ, મળ, અગાઢ દોષ રહિત પરિણામ-પૂર્વોક્ત જીવભાવ-જાણે છે, શ્રદ્ધે છે તે સમ્યક્ત્વ છે.**

**અહીં, આ ભાવાર્થ છે કે આ જ સમ્યક્ત્વ ચિંતામણિ છે, આ જ કલ્પવૃક્ષ છે, આ જ કામધેનુ છે એમ જાણીને ભોગ, આકાંક્ષા સ્વરૂપથી માંડીને સમસ્ત વિકલ્પ જાળને છોડવા યોગ્ય છે. કહ્યું પણ છે કે - 'हस्ते चिन्तामणिर्यस्य गृहे यस्य सुरद्रुमः। कामधेनुर्धने यस्य तस्य का प्रार्थना परा।।' (અર્થ : જેના હાથમાં ચિંતામણિરત્ન છે, જેને ઘરે કલ્પવૃક્ષ છે, જેના ધનમાં કામધેનુ છે તેને અન્ય પ્રાર્થના કરવાની શી જરૂર છે ?) ૧૫.**

---

## ગાથા-૧૫ ઉપર પ્રવચન

૧૫.

**૧૪૧) दव्वइँ जाणइ जहठियइँ तह जगि मण्णइ जो जि।**
**अप्पहँ केरउ भावडउ अविचलु दंसणु सो जि।।१५।।**

**અન્વયાર્થ :-** '**જો દ્રવ્યોંકો જૈસા ઉનકા સ્વરૂપ હૈ, વૈસા જાનેં,...**' છ દ્રવ્ય, છ દ્રવ્ય. ભગવાને છ દ્રવ્ય જોયા છે. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. તો છ દ્રવ્યનું જ્ઞાન કરવું, એ જ્ઞાનથી પહેલા વાત લીધી છે, એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? સાથે નિશ્ચય તો છે. એ કહેશે. '**દ્રવ્યોંકા જૈસા ઉનકા સ્વરૂપ હૈ, વૈસા જાનેં, ઔર ઉસી તરહ ઇસ જગતમેં નિર્દોષ શ્રદ્ધાન કરે, વહી આત્માકા ચલમલિનાવગાઢ દોષ રહિત નિશ્ચલ ભાવ હૈ,..**' પેલો વિકલ્પ જે છે એ વ્યવહાર છે, પણ એની સાથે જે નિશ્ચળ અવિચળ ભાવ છે એ નિશ્ચય છે. બે વાત સાથે લીધી છે. જુઓ! '**વહી આત્મભાવ સમ્યગ્દર્શન હૈ.**' છે ને? પંડિતજી! એ આત્મભાવ સમ્યગ્દર્શન છે એ નિશ્ચય કહ્યો. આહાહા..! '**स एव**' છે ને? '**स एव**' સમ્યગ્દર્શનં. જુઓ! આહા..! '**जहठियइं यथास्थितानि वीतरागस्वसंवेदनलक्षणस्य निश्चयसम्यग्ज्ञानस्य परंपरया कारणभूतेन**' પહેલું જ્ઞાન લીધું છે. ટીકામાં પહેલું જ્ઞાન લીધું છે.

**ભાવાર્થ :-** '**યહ જગત છહ દ્રવ્યમયી હૈ, સો ઇન દ્રવ્યોંકો અચ્છી તરહ જાનકર શ્રદ્ધાન કરે, જિસમેં સંદેહ નહીં વહ સમ્યગ્દર્શન હૈ, વહ સમ્યગ્દર્શન...**' આત્મભાવ, એ નિશ્ચય લીધું. છ દ્રવ્યનો વિકલ્પ છે એ વ્યવહાર છે અને આત્માના સ્વભાવનું ભાન અને

સ્થિરતા થયા એ આત્મભાવ છે. પેલો વિકલ્પ આત્મસ્વભાવ નથી. સમજાય છે કાંઈ? છે? સમ્યગ્દર્શન આત્માનો નિજસ્વભાવ છે. ફેર છે, નહિ? આ પુસ્તક પરમાત્મપ્રકાશ.

'**વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન નિશ્ચયસમ્યગ્જ્ઞાન...**' શું કહે છે? જુઓ! પહેલા સમ્યગ્જ્ઞાન તો છે, પણ વીતરાગ સ્વસંવેદન પૂર્ણ નથી, એવું વીતરાગ સ્વસંવેદન નિશ્ચયસમ્યગ્જ્ઞાન '**ઉસકા પરંપરાય કારણ...**' સમજાય છે કાંઈ? '**પરમાગમકા જ્ઞાન...**' શાસ્ત્રનું જ્ઞાન એ વિકલ્પ છે, વ્યવહાર છે. એ પૂર્ણ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનનું વ્યવહાર કારણ કહેવામાં આવ્યું. આવું બધું યાદ કેટલું રાખે માણસ? પેલું તો દયા કરો ને વ્રત પાળો ને અપવાસ કરો, સહેલુંસટ હતું. એ તો રાગ છે, રાગની ક્રિયા છે. જ્યાં સમ્યગ્દર્શન નથી તો વ્યવહાર પણ નથી. આહા..! સૂક્ષ્મ વાત છે.

અહીંયાં કહે છે, '**વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન નિશ્ચયસમ્યગ્જ્ઞાન...**' નિશ્ચય સમ્યગ્જ્ઞાન જે છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન ક્યાં લીધું છે? ખરેખર તો સાતમે લીધું છે. ખરેખર તો પૂર્ણ જ્ઞાન ચૌદમે ગુણસ્થાને છેલ્લે લીધું છે. કેવળજ્ઞાન વખતે પણ જ્ઞાન પૂર્ણ થયું પણ આત્માશ્રિત જે ત્રણની એકતા છે એ ત્રણની એકતા પૂરી નથી થઈ. તો ત્રણની એકતા ચૌદમામાં છેલ્લા સમયે ગણવામાં આવી છે. નહિતર જ્ઞાન તો કેવળ થયું એટલે પૂર્ણ થઈ ગયું છે. દર્શન પહેલા ચોથેથી પૂર્ણ સમ્યગ્દર્શન થઈ ગયું છે. ચારિત્ર થયું બારમે, છતાં ચૌદમાના છેલ્લા સમયે શું કામ લીધું? આત્માની ત્રણની એકતા એને લીધા છે. આત્માની ત્રણની એકતાનું આચરણ તો ચૌદમે છેલ્લે થાય છે અને તરત મોક્ષ થાય છે. સમજાય છે કાંઈ? છે? જુઓ!

એમાં પહેલું જ્ઞાન લીધું છે, હોં! દર્શન પછી લે છે. '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન નિશ્ચયસમ્યગ્જ્ઞાન ઉસકા પરંપરાય કારણ જો પરમાગમકા જ્ઞાન ઉસે અચ્છી તરહ જાન,...**' છઠ્ઠે ગુણસ્થાને જે પોતાનું નિશ્ચયજ્ઞાન છે પણ વીતરાગ સ્વસંવેદન પૂર્ણ જ્ઞાન નથી, તો એમાં છઠ્ઠે ગુણસ્થાને જે પરમાગમનું જ્ઞાન છે એ વિકલ્પ છે, તો નિર્વિકલ્પ સ્વસંવેદનની પૂર્ણતાનું વ્યવહાર કારણ કહેવામાં આવ્યું છે. નૈગમનય જે પહેલા કહ્યું હતું ને?

મુમુક્ષુ :- ભૂતનૈગમનયથી...

ઉત્તર :- હા..ઈ. અપેક્ષાથી. '**ઔર મનમેં જાને,...**' પરમાગમ. '**યહ નિશ્ચય કરે કિ ઈન સબ દ્રવ્યોંમેં નિજ આત્મદ્રવ્ય હી ધ્યાવને યોગ્ય હૈ,...**' જુઓ! વ્યવહાર જાણે પણ પાછો એમાંથી નિશ્ચય આ કરે કે '**સબ દ્રવ્યોંમેં નિજ આત્મદ્રવ્ય હી ધ્યાવને યોગ્ય હૈ, ઐસા રુચિરૂપ જો નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...**' હવે એના વ્યવહાર સમકિતની વાત કરે છે. પહેલા નિશ્ચય વીતરાગ સ્વસંવેદનજ્ઞાનનું કારણ પરમાગમ આદિ વ્યવહાર કારણ કહ્યું. હવે નિશ્ચય વીતરાગ સમકિત છે એનું વ્યવહાર સમકિત કારણ શું છે, ઈ કહે છે. પહેલા જ્ઞાનની પ્રધાનતા લીધી છે. સમજાય છે કાંઈ? પહેલા જ્ઞાન લીધું છે ને? જુઓને! જ્ઞાનની મુખ્યતા લીધી, દર્શન પછી લીધું છે. કેમ? જુઓ!

**'સબ દ્રવ્યોંમેં નિજ આત્મદ્રવ્ય હી ધ્યાવને યોગ્ય હૈ, ઐસા રુચિરૂપ જો નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...'** હવે સમકિતની વ્યાખ્યા કરી. જ્ઞાન પછી સમકિત. **'ઉસકા પરંપરાયકારણ વ્યવહારસમ્યક્ત્વ દેવ-ગુરુ-ધર્મકી શ્રદ્ધા...'** એ વ્યવહાર વિકલ્પ છે. એને પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. કેમકે વિકલ્પને છોડીને સ્થિરતા થશે. સમજાય છે કાંઈ? **'વ્યવહારસમ્યક્ત્વ દેવ-ગુરુ-ધર્મકી શ્રદ્ધા ઉસે સ્વીકાર કરે.'**

**'વ્યવહારસમ્યક્ત્વકે પચ્ચીસ દોષ હૈં,...'**'વ્યવહાર સમકિતના. આહાહા..! નિશ્ચય સમકિત સાથે વ્યવહાર સમકિતના જે વિકલ્પ છે એના પચ્ચીસ દોષ છે. એ દોષ છોડવા. **'ઉનકો છોડે.'** છે ને? **'ઉન પચ્ચીસકો 'મૂઢત્રયં' ઇત્યાદિ શ્લોકમેં કહા હૈ. ઇસકા અર્થ ઐસા હૈ કિ જહાં દેવ-કુદેવકા વિચાર નહીં હૈ,...'** દેવ-કુદેવનો જ્યાં વિચાર નથી **'વહ તો દેવમૂઢ...'** છે. એવું મુનિને, સાચા જ્ઞાનીને તો હોતું નથી. એવો વ્યવહાર હોતો જ નથી, એમ કહે છે. **'જહાં સુગુરુ-કુગુરુકા વિચાર નહીં હૈ, વહ ગુરુમૂઢ...'** છે. સદ્ગુરુ પરમાત્મસ્વરૂપના સાધક નિર્ગ્રંથ કોને કહેવાય? આહાહા..! અને કુગુરુ કોને કહેવાય? જે રાગથી ધર્મ મનાવે છે, રાગ કરતા કરતા ધર્મ થશે (એમ ઉપદેશ આપે છે) એ બધા કુગુરુ છે. આહાહા..! વસ્તુનું સ્વરૂપ આવું છે. કોઈ વ્યક્તિની વાત નથી. એ તો ભગવાનઆત્મા છે. આહાહા..!

દેવ-કુદેવનો વિચાર નથી એ દેવમૂઢ. સુગુરુ-કુગુરુનો વિચાર નથી એ ગુરુમૂઢ છે. આહાહા..! આ તો હજી વ્યવહારની વાત કરે છે. આ વ્યવહારના પચ્ચીસ દોષ છે. નિશ્ચયમાં તો પોતાનું સમકિત છે. એની સાથે પૂર્ણ દશા નથી તો વચ્ચે વ્યવહારસમકિતનો વિકલ્પ આવે છે. એ આવો છે કે જેમાં કુદેવ, કુગુરુની મૂઢતા નથી. કુગુરુ, કુશાસ્ત્રની જેમાં મૂઢતા નથી. **'જહાં ધર્મ-કુધર્મકા વિચાર નહીં હૈ,...'** ધર્મ તો વીતરાગી પર્યાય એ ધર્મ છે. રાગાદિ આવે છે એ ધર્મ નથી. આહાહા..! આ તો હજી વ્યવહારની વાત કરે છે. એનો **'વિચાર નહીં હૈ, વહ ધર્મમૂઢ-યે તીન મૂઢતા...'** રહિત. ત્રણ મૂઢતા રહિત વ્યવહાર સમકિતનો વિકલ્પ હોય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જાણવું.. જાણવું.. જાણવું. વસ્તુનું સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે. તો એમાં જાણવું.. જાણવું જ આવે છે. આહાહા..! વિકલ્પ આવે છે. કાલે કહ્યું ને? પણ એ કર્તા થઈને એનું કર્મ નથી. છે, વ્યવહાર સમકિતનો વિકલ્પ આવે છે. નિશ્ચય સમ્યગ્દર્શનની ભૂમિકામાં અથવા નિશ્ચય જ્ઞાન, દર્શન અને ચારિત્રની ભૂમિકામાં પૂર્ણ સ્થિરતા નથી ત્યાં આવો વ્યવહાર આવે છે. એ વ્યવહાર વિકલ્પ છે. એ વિકલ્પ મારું કર્તવ્ય છે અને મારું કર્મ છે, એમ નથી. પણ છે એને જાણવું, એમ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ચોથે નથી હોતો. આ તો ત્રણ સાથે લઈને બતાવે છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેની સાથે વ્યવહાર છે એ બતાવવો છે. એકલા દર્શન, જ્ઞાનની વાત નથી. સમજાય છે

કાંઈ? અહીં તો ત્રણેની વાત સાથે કરી ને. ૧૨, ૧૩, ૧૪. નિશ્ચય દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે એની સાથે વ્યવહાર કેવો હોય એની વાત ચાલે છે. આહાહા..! ક્યાં આવ્યું? અહીંયાં આવ્યા.

'**તીન મૂઢતા,...**' રહિત. નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર સમકિતમાં પણ ત્રણ મૂઢતા રહિત ભાવ હોય છે. આહાહા..! આજે તો જરી સૂક્ષ્મ વિષય હતો ને. આ તો બારમેથી દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે ઉપાડ્યા ને? જુઓને, બારમી ગાથામાં કહ્યું ને? ત્યાંથી બારમેથી શરૂ કર્યું છે ને? જુઓ! '**નિશ્ચય ઔર વ્યવહાર મોક્ષમાર્ગકા વ્યાખ્યાન કરતે હૈં.**' ત્યાંથી શરૂ કર્યું છે. નિશ્ચય અને વ્યવહાર બેયનું શરૂ કર્યું છે. ત્રણ ગાથા. અને બારમામાં પાઠ છે ને? '**जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु**' છે? બારમી ગાથા. એકલા દર્શન, જ્ઞાન નથી લીધા.

**૧૩૮) जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु।**
**ते पुणु तिण्णि वि अप्पु मुणि णिच्छएँ एहउ वुत्तु॥१२॥**

ત્રણ પર્યાયથી કહેવામાં આવ્યું. નિશ્ચયથી તો આત્મા એકસ્વરૂપ છે. એને મોક્ષમાર્ગ કહે છે. આહાહા..! અહીંયાં ત્રણેની વાત સાથે છે. એકલા દર્શન, જ્ઞાનની વાત નથી. તેરમાં પણ છે. જુઓ!

**૧૩૯) पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि।**
**दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि॥१३॥**

ત્રણે સાથે લે છે. હવે વ્યવહાર લીધો. અહીંયાં ૧૪માં. '**जं बोल्लइ ववहारु-णउ**' આવે છે ને? કહેવાય છે, કથન છે, નિરૂપણ છે. વ્યવહારનું નિરૂપણ છે. વ્યવહાર વસ્તુ નથી-ધર્મ નથી. પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની સાથે આવો વિકલ્પ આવે છે એને આરોપ કરીને, નિરૂપણ કરીને વ્યવહાર કહેવામાં આવ્યું છે. આહાહા..! અરેરે..! આવી વાતમાં યાદ કેટલી રાખવી એને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બંધના કારણને મોક્ષમાર્ગનો આરોપ કર્યો છે. સાથે નિમિત્ત અને સહચર દેખી ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ચાર બોલ લીધા છે. નિશ્ચય-વ્યવહારાભાસનું જ્યાં લીધું છે ત્યાં આ લીધું છે. સમજાય છે કાંઈ? શું કહ્યું?

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ તો છે નહિ, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે.

ઉત્તર :- હા. મોક્ષમાર્ગ બે નથી. પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. જ્યાં સાચા મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું એ નિશ્ચય છે. જ્યાં મોક્ષમાર્ગ તો નથી પણ મોક્ષમાર્ગનું નિમિત્ત સહચારી સાથે છે ને? એવો વિકલ્પ સાથે છે ને? એને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ. ચાર બોલ લીધા છે. નિમિત્ત, સહચર, ઉપચારથી મોક્ષમાર્ગ. આહાહા..! એ વ્યવહાર મોક્ષમાર્ગ છે. આટલી સ્પષ્ટતા તો 'ટોડરમલજી'એ કરી છે. આહા..!

(સંવત) ૧૯૮૨ની સાલમાં જ્યારે પહેલીવાર મળ્યું ને? પચાસ વર્ષ થયા. ત્યારે વાંચતી વખતે તો એટલી ધુન ચડી હતી.. ન ખાવું, ન પીવું, ન બોલવું, ક્યાંય ઠીક નહોતું પડતું. આવી ચીજ! ઓહોહો..! આ! આ અધિકાર, હોં! આ આખો અધિકાર પાનામાં લખી લીધો છે. (સંવત) ૧૯૮૪ની સાલમાં. પોથી નહોતા રાખતા. આ નિશ્ચય-વ્યવહારાભાસનો અધિકાર છે ને? અહીંયાં 'બગસરા' છે, ત્યાં ૧૯૮૪ની સાલમાં લખી લીધેલો. પડ્યો છે અમારી પાસે. ૧૯૮૪. ૪૮ વર્ષ થયા. પહેલા વાંચનમાં ૫૦ વર્ષ થયા. આ તો પંડિતજીના જન્મ પહેલાની બધી વાત છે.

કારણ કે નિશ્ચય વ્યવહારનું સર્વત્ર આવું લક્ષણ છે. આહાહા..! વ્યવહારને સાધક કહ્યું એ અરોપિત કથન છે. સાધક નહિ, બાધક છે. આહાહા..! સમજાય છે કાંઈ? સાચું નિરૂપણ તે નિશ્ચય, ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવા. પણ એક મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ, એમ બે મોક્ષમાર્ગ માનવા એ મિથ્યા છે. બહુ ખુલાસા કર્યા છે. વ્યવહાર છે ખરો, પણ એ વ્યવહાર આરોપથી મોક્ષમાર્ગ કહ્યો છે. છે તો બંધમાર્ગ. 'ફૂલચંદજી'! આ માર્ગ છે. આહા..!

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ માને તો ધર્મ નહિ થાય?

ઉત્તર :- સ્વ કોણ છે અને પર કોણ છે, એ જાણ્યા વિના ભેદજ્ઞાન વિના ધર્મ ક્યાંથી થશે? સ્વ ચૈતન્ય શુદ્ધ આનંદકંદ અને પર વિકલ્પ, એ બેના ભેદજ્ઞાન વિના ધર્મ ક્યાંથી થશે? બે છે. બેનું ભેદજ્ઞાન કર્યા વિના (ધર્મ થાય નહિ). આહાહા..! ધર્મ, બાપુ! સૂક્ષ્મ છે, ભાઈ! લોકો માને છે, માને કે આ જાત્રા કરી લીધી, ભક્તિ કરી કે પૂજા કરી, વ્રત પાળ્યા ને અપવાસ કર્યા. એ તો બધી રાગની ક્રિયા છે. એ પણ સમ્યગ્દર્શનના ભાન વિનાની.

મુમુક્ષુ :- .. કોઈ પૂજા નહિ કરે.

ઉત્તર :- કોણ કરે છે? ભાવ આવ્યા વિના રહેશે નહિ. અશુભથી બચવા માટે ભાવ આવે છે. આવે છે એ જુદી વાત છે, એમાં ધર્મ માનવો એ બીજી વાત છે. સમજાય છે કાંઈ? નાસ્તિક તો છે જ. રાગને ધર્મ માને છે એ નાસ્તિક છે. આસ્તિક તો એને કહીએ કે રાગથી ભિન્ન પોતાના સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ કરે, એ સમ્યગ્દર્શન, જ્ઞાન છે. એ આસ્તિક છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એવી વાત છે, ભાઈ!

આપણે તો અહીંયાં ત્રણ બોલ લેવા હતા ને? બારમી ગાથામાં ત્રણ બોલ છે, તેરમીમાં, ચૌદમીમાં ત્રણ બોલ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર. દર્શન, જ્ઞાન બે અને વ્યવહાર એમ નથી લીધું. દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે છે એની સાથે વ્યવહાર છે, એની વાત કરી છે. 'દેવીલાલજી'! ૧૫મી ગાથા.

ત્રણ મૂઢતા રહિત. આહાહા..! પોતાના સ્વરૂપની દૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થવા છતાં સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ વ્યવહાર સમકિત આવે છે. એમાં પણ ત્રણ મૂઢતા રહિત ભાવ છે એને વ્યવહાર કહેવાય છે. સમજાય છે કાંઈ? '**જાતિમદ,...**' હજી તો વ્યવહાર સમકિતના દોષ કહે છે. જાતિનો મદ. જે માતાના કુળમાં જન્મ્યો... માતાના પક્ષને

જાતિ કહે છે. મોટી મા, દીવાન આદિ હોય તો અમારી માતા આવા છે. એ મદ એ મિથ્યાત્વનો ભાવ છે. આહાહા..! જાતિ આત્મામાં ક્યાં છે? આત્માની જાતિ તો આનંદ જાતિ છે. માતાની જાતિનું અભિમાન ભ્રમણા છે. વ્યવહારમાં ના પાડે છે, આવી જાતિનું અભિમાન કરવું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**કુળમદ,...**' પિતાનું. અમારા પિતાજી આવા મોટા હતા, કરોડપતિ હતા, અબજપતિ હતા, રાજા હતા, પ્રમુખ હતા, શેઠ હતા. એમાં શું થયું? અમારું શેઠ કુટુંબ છે. કુટુંબ ક્યાં છે? પ્રભુ! આત્માને કુળથી ઓળખવો એ વસ્તુ છે? કુળ છે ક્યાં? આહાહા..! પરકુળનું અભિમાન. વ્યવહાર સમકિતમાં એને છોડવું, એમ કહે છે. છે? આહાહા..!

'**ધનમદ,...**' લક્ષ્મીનું અભિમાન એ વ્યવહાર સમકિતમાં દોષ છે. લક્ષ્મી જડ છે, માટી છે, અજીવ છે. હું લક્ષ્મીવાન છું, એ વ્યવહાર સમકિતમાં દોષ છે. એ મદ એને હોતો નથી. આહાહા..! 'ફૂલચંદજી'! લ્યો, આ બધા પૈસાવાળા છે. આહા..! કુળ.. કુળ આવ્યું ને? '**ધનમદ,...**' ધનનો મદ. એ વ્યવહાર સમકિતમાં દોષ છે. દોષ કાઢીને વ્યવહાર સમકિત નિર્મળ કરવું, એમ કહે છે. આહાહા..! નિશ્ચયની સાથે વિકલ્પ છે એમાં આવો દોષ ન હોવો જોઈએ. આહાહા..! લ્યો, 'ભગવાનજીભાઈ'! આ બધા પૈસાવાળા છે, કરોડપતિ. આ જોડે કરોડપતિ બેઠા છે. 'રતિભાઈ ધીયા'. પૈસા શું છે? ધૂળ છે.

મુમુક્ષુ :- ધૂળ વિના શાક આવે નહિ.

ઉત્તર :- ધૂળ વિના જ શાક આવે છે. આત્મા પરદ્રવ્ય વિના જ ટકી રહ્યો છે.

મુમુક્ષુ :- પૈસા ન હોય તો શાક ન આવે.

ઉત્તર :- શાક-બાક શું છે? એ પૈસા ક્યાં પોતાની ચીજ છે? એ પ્રશ્ન થયો હતો. (સંવત) ૨૦૧૦ની સાલમાં, 'બોટાદ'માં વ્યાખ્યાન ચાલતું હતું. ૨૦૧૦ની સાલ. ૨૨ વર્ષ (પહેલા) મહારાજ! તમે પૈસાની ના પાડો છો, પણ પૈસા વિના ચાલતું નથી. કીધું, સાંભળો! આત્મા એ પરદ્રવ્યના અભાવથી જ ચાલ્યો આવે છે.

મુમુક્ષુ :- એના વિના ચાલતું નથી..

ઉત્તર :- ચાલતું નથી એમ તમે કહો છો, પણ એના વિના જ રહ્યો છે. પોતાથી રહ્યો છે અને પરદ્રવ્યના અભાવથી રહ્યો છે. શું પરદ્રવ્યની સહાયથી રહ્યો છે? 'તારાચંદજી'! એવી વાત છે, ભાઈ! આ તો નિશ્ચય સમ્યગ્દષ્ટિ સાથે વ્યવહાર સમકિત વિકલ્પ હોય છે, એમાં આવો દોષ ન હોવો જોઈએ. આહાહા..!

મુમુક્ષુ :- ..એકત્વબુદ્ધિ હોય તો દોષ છે.

ઉત્તર :- એકત્વબુદ્ધિ એ દોષ છે અને અભિમાન એ દોષ છે. એકત્વબુદ્ધિનો દોષ તો મિથ્યાત્વમાં આવ્યો. આ તો વ્યવહાર સમકિતમાં દોષ છે.

'**રૂપમદ,..**' શરીરની સુંદરતાનો મદ. આ તો હાડકા, માંસ, ચામડા છે. એની સુંદરતા શું? આ તો મસાણની ફાસફૂસ છે. આહાહા..! નિશ્ચય સમ્યગ્દષ્ટિવંતને વ્યવહાર સમકિતના રાગમાં આવા રૂપમદનો અભાવ હોવો જોઈએ. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! સુંદર

રૂપવાળા કેટલાય બિચારા બેઠા હશે. 'સાંતાક્રુઝ'માં પ્લેન બળી ગયું ને? પ્લેન. મોટા ગૃહસ્થ ધનાઢ્ય હતા. એક તો બહુ મોટો માણસ હતો. મોટા મોટા ઘણાને જીતેલા એટલે ગોળી રાખતો હતો. કોઈ દુશ્મન મળી જાય અને મારી નાખે તો? તો ગોળી ખાય લેવી. અસાધ્ય થઈ જાય પછી ભલે મારે. આહાહા..! અરેરે..! આ તે જીવન પશુ જેવા જીવન છે ને. આહાહા..! ભલે પૈસા હોય. બે-પાંચ-દસ કરોડ, પચ્ચીસ કરોડ ધૂળમાં.. મરીને નરકે જવાના. આહા..! એ કહ્યું ને?

'પરમાત્મપ્રકાશ'માં ૬૦મી ગાથામાં આવ્યું છે. ૬૦મી. '**पुण्णेण होइ विहवो**' પુણ્યથી વૈભવ મળે છે, પુરુષાર્થથી નહિ. ૬૦ મી ગાથા આપણે ચાલે છે એ અધિકારમાં. છે? '**પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ...**' નીચે અર્થ. '**ધનસે અભિમાન...**' થાય છે. જુઓ! મદ. '**માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ.**' બુદ્ધિભ્રમ થાય છે કે અમે પૈસાવાળા. આને રળતા આવડતું નથી. કહો, 'ભગવાનજીભાઈ'! એની પાસે કરોડ રૂપિયા છે. પણ સાદાઈ દેખાય એટલે ન લાગે. અહીંયાં તો કહે છે, બુદ્ધિભ્રમ થાય છે. '**બુદ્ધિકે ભ્રમ હોનેસે પાપ હોતા હૈ, ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.**' આચાર્ય મહારાજ કહે છે કે આવા પુણ્ય ધર્માત્માને ન હો. આહાહા..!

અહીંયાં તો વ્યવહાર સમકિતનો દોષ બતાવે છે. એ દોષ કાઢીને વ્યવહાર સમકિત બરાબર હોવું જોઈએ. નિશ્ચય તો છે જ, સાથે એને આવો વ્યવહાર હોય છે. આહાહા..! '**તપમદ,..**' મેં અપવાસ કર્યા. આઠ અપવાસ, દસ અપવાસ, મહિનાના અપવાસ, એનો મદ એ વ્યવહાર સમકિતમાં દોષ છે. એવો મદ ન હોવો જોઈએ. તપમદ છોડીને વ્યવહાર સમકિત (નિર્મળ કરવું). છે તો એ શુભરાગ, પણ એમાં આ મદ ન હોવો જોઈએ. એ અશુભભાવ છે, એમ કહે છે. '**બળમદ,...**' શરીરનું બળ. શરીરમાં બહુ બળ હોય એનો મદ હોય. પેલો કોણ એક હતો મોટો? 'ગામા' પહેલવાન. બે મોટર ચાલતી હોય તો હાથ રાખીને ઊભી રાખી દે. એવો પહેલવાન હતો. મોટરને આમ હાથ રાખે. એ મરતા વખતે એનો ફોટો આવ્યો હતો. માખી અહીં હતી એને ઊડાડવાની શક્તિ નહોતી. અમે બધું જોયું છે, ફોટા જોયા છે. બે મોટરને આમ ઉભી રાખી દે. બાપા! એ જડમદનું તારે શું કામ છે? આહાહા..! સમજાય છે કાંઈ? એનો ફોટો આવ્યો હતો. બેઠો હતો, એમાં અહીંયાં માખી આવી. માખી ઊડાડવાની (શક્તિ નહોતી). એય..! આને કાલે થયું હતું ને? ધ્રુજારી.. ધ્રુજારી. એક ક્ષણમાં ઊડી જશે.. ફડાક દઈને. હમણાં જરી વેપારમાં છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો કહે છે, '**બળમદ,...**' બળનો મદ ન હોવો જોઈએ.

'**વિદ્યામદ,...**' આ જાણપણાનો મદ. શાસ્ત્રના ભણતરનો મદ. એ વ્યવહાર સમકિતમાં દોષ છે. શાસ્ત્રનું જાણવું થયું એમાં શું થયું? એ તો પરલક્ષીજ્ઞાન છે. ચાહે તો અગિયાર અંગનું હોય, નવ પૂર્વની લબ્ધિ હોય, એનું અભિમાન એ વ્યવહાર સમકિતમાં દોષ છે. આહાહા..! નિશ્ચયમાં તો વિકલ્પમાત્ર મારો નથી, એવી દૃષ્ટિ થઈ છે. પણ વ્યવહારમાં વિકલ્પ આવ્યો એમાં આવો મદ હોવો જોઈએ નહિ. આહાહા..! થોડું શાસ્ત્રનું જાણપણું કરે

અને અમને આવડે છે, બસ આમ (છે). તમે શું જાણો એમાં? એવી વાત ન હોય, ભાઈ! આહાહા..! અહીં તો કેવળજ્ઞાન પાસે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પણ અનંતમે ભાગે છે. સમ્યગ્જ્ઞાનમાં તો વ્યવહાર જ્ઞાનનું અભિમાન શેના હોય? આહાહા..! સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન પરમાત્મ દશા પોતાની, એના અનંતમાં ભાગે એની સામે તો સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન છે. આહા..! એનું પણ અભિમાન ન હોય તો પછી બહારના જ્ઞાનનું અભિમાન, એ અભિમાન હોતું નથી.

'**રાજમદ...**' ઈશ્વર.. ઈશ્વર-પ્રમુખ. પ્રમુખપણે, શેઠપણે, રાજપણે હોય એનો મદ. પ્રમુખ છે, શેઠ છે, કોઈ ઠેકાણે વાંચનાર મુખ્ય છે. આહાહા..! રાજ એટલે ઈશ્વરમદ. મૂળ તો ઈશ્વરમદ કહેવું છે. રાજમદને ઠેકાણે ઈશ્વરમદ. ઈશ્વરતા એટલે મોટપ. બહારની કોઈપણ મોટપનો મદ છે, એને રાજમદ શબ્દ વાપર્યો છે. ઈશ્વરમદ. શેઠાઈનો મદ, પૈસાનો મદ, રાજનો મદ, મોટી રાણી હોય, મોટા રાજની રાણી મળી હોય એનો મદ. અમે તો સાધારણ છીએ પણ રાણી કેવી મળી! 'જસદણ'માં છે ને? 'જસદણ'નો રાજા દીકરી એને આપતો હતો કે જે ભેંસ ચરાવતો હતો એને દીકરી આપી. 'જસદણ.. જસદણ' દરબાર. આલાખાચર હતો ને? પોતાની દીકરી એવા સાધારણને આપી હતી. મોઢ કેવું કહેવાય? વિછીયા પાસે મોઢુકા, અમને મળતો હતો. અમારી પાસે આવ્યો હતો. એ ભેંસ ચારતો હતો. એને એમ કે તાબે રહેશે, દીકરીને વશ રહેશે. એટલે ભેંસ ચારતો હોય એને રાજાએ દીકરી આપી. અમારી પાસે બિચારો આવ્યો હતો. મહારાજ! ત્રણ તસુની ચીજમાં લોકો વિષયમાં મૂર્છાય જાય છે. બિચારો એમ કહેતો હતો. અમારી પાસે બધા આવે તો ખરાને. ત્રણ તસુની વિષયની વાસનામાં માણસ મૂર્છા ખાય જાય છે. એમ બિચારો કહેતો હતો. નામ ભુલી ગયા. એ અમારી પાસે આવ્યો હતો બોટાદ. એ મદ ન હોવો જોઈએ, એમ કહે છે. આહાહા..! એ આઠ મદ (થયા).

'**કુગુરુ, કુદેવ, કુધર્મ, ઈનકી ઔર ઈનકે આરાધકોંકી પ્રશંસા...**' આહાહા..! વ્યવહાર સમકિતમાં આ છ દોષ ન હોવા જોઈએ. કુગુરુની માન્યતા, પ્રશંસા નહિ. કુદેવની નહિ, કુધર્મની નહિ અને એના સેવકની નહિ. આહાહા..! સૂક્ષ્મ વાત ઘણી. સમજાય છે કાંઈ? કુગુરુ, કુધર્મ અને કુશાસ્ત્ર અથવા કુદેવની પ્રશંસા નહિ, એના સેવકોની પ્રશંસા નહિ. એ છ અનાયતન છે. ધર્મના સ્થાન નહિ. વ્યવહારધર્મના પણ સ્થાન નથી. એ વ્યવહાર સ્થાન પણ નથી. અનાયતન-આયતન નહિ-સ્થાન નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મનું આયતન આત્મા.

ઉત્તર :- નિશ્ચયથી તો આત્મા એ જ આયતન છે ને. અહીં તો વ્યવહારની વાત ચાલે છે. નિશ્ચય આયતન તો આત્મા છે. ભાઈએ લખ્યું ને? 'ન્યાલચંદભાઈ સોગાની'. આયતન તો આત્મા (છે). અનંત ગુણની પર્યાયનું સ્થાન તો એ આત્મા છે. આ તો વ્યવહાર આયતન છે. વ્યવહારની વાત ચાલે છે ને.

છ અનાયતન છે. '**ઔર નિઃશંકાદિ આઠ અંગોંસે વિપરીત...**' સમકિતના આઠ ગુણ

છે ને? સમકિતના આઠ લક્ષણ. નિઃશંક આદિ. એનાથી વિરૂદ્ધ '**શંકા,..**'નો નાશ હોવો જોઈએ. વ્યવહાર સમકિત, વ્યવહારમાં એને શંકા ન થવી જોઈએ. આહાહા..! '**કાંક્ષા,...**' પરની ઈચ્છા ન હોવી જોઈએ. '**વિચિકિત્સા,...**' દુગંછા ન હોવી જોઈએ. દુગંછા. '**મૂઢતા,...**' મૂઢતા ન હોવી જોઈએ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિમાં, વ્યવહારમાં. '**પરદોષ-કથન,...**' પરદોષના કથન નહિ. નિંદા નહિ. કોની નિંદા કરે? વસ્તુનું સ્વરૂપ બતાવે પણ કોઈની નિંદા નહિ. વ્યક્તિ છે એ ભગવાન છે. આહાહા..! '**અથિરકરણ,...**' પોતાને અસ્થિર થઈ જવું. એને છોડી દે. '**સાધર્મીયોંસે સ્નેહ નહીં કરના,...**' એ વ્યવહારમાં દોષ છે. સાધર્મી પ્રત્યે પ્રેમ હોવો જોઈએ. વસ્તુદૃષ્ટિવંત હોય, જ્ઞાન હોય, સાધર્મી પ્રત્યે (પ્રેમ હોવો જોઈએ). નિશ્ચયથી તો ભગવાનઆત્મા દ્રવ્ય સાધર્મી છે. દ્રવ્ય તરીકે તો સાધર્મી છે. પર્યાય તરીકે ભુલ છે એને જાણવી. આહા..! '**ઔર જિનધર્મકી પ્રભાવના નહીં કરના, યે શંકાદિ આઠ...**' દોષ છે. '**યે શંકાદિ આઠ મલ, ઈસપ્રકાર સમ્યગ્દર્શનકે પચ્ચીસ દોષ હૈં, ઈન દોષોંકો છોડકર તત્ત્વોંકી શ્રદ્ધા કરે, વહ વ્યવહારસમ્યગ્દર્શન કહા જાતા હૈ.**' આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શનની ભૂમિકામાં આવો વ્યવહાર સમકિતના પચ્ચીસ દોષ રહિત હોય તો એને વ્યવહાર સમકિત કહે છે. છે તો એ પુણ્યબંધનું કારણ, મોક્ષનું કારણ તો નિશ્ચય છે. સમજાય છે કાંઈ? એ સમકિત કેવું છે? કહે છે. આહાહા..!

'**જહાં અસ્થિર બુદ્ધિ નહીં હૈ, ઔર પરિણામોંકી મલિનતા નહીં, ઔર શિથિલતા નહીં, વહ સમ્યક્ત્વ હૈ. યહ સમ્યગ્દર્શન હી કલ્પવૃક્ષ, કામેધનુ ચિંતામણિ હૈ,...**' આહાહા..! '**ઐસા જાનકર ભોગોંકી વાંછારૂપ જો વિકલ્પ ઉનકો છોડકર સમ્યક્ત્વકા ગ્રહણ કરના ચાહિયે.**' વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૧૨, બુધવાર
## તા. ૨૦-૧૦-૧૯૭૬, ગાથા-૧૫ થી ૧૭, પ્રવચન નં. ૧૦૯

'પરમાત્મપ્રકાશ'. ૧૫-ગાથા. છેલ્લો પેરેગ્રાફ છે ને? '**યહ સમ્યગ્દર્શન હી કલ્પવૃક્ષ,...**' ત્યાં સુધી આવ્યું છે. શું કહે છે? આત્મા જે સ્વભાવ છે એનો તો સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ છે. સર્વજ્ઞ સર્વદર્શી. ત્રિકાળી એનો સ્વભાવ તો એ છે. એની દૃષ્ટિ કરવી. નિમિત્તનું લક્ષ છોડી, રાગનું છોડી, એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડી ત્રિકાળી સર્વજ્ઞ સર્વદર્શી વસ્તુ છે, એમાં અંતરમાં એકાગ્ર થઈને જે નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે, એ નિશ્ચય સમ્યગ્દર્શન કલ્પવૃક્ષ છે. આહા..! સમજાય છે કાંઈ? '**સમ્યગ્દર્શન હી કલ્પવૃક્ષ,...**' છે. જેમ કલ્પવૃક્ષમાં માગે તે ચીજ મળે, અથવા એમાં હોય તે મળે. એમ ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદનો

પિંડ પ્રભુ, એનું અંતરમાં વ્યવહારના વિકલ્પને પણ છોડી દઈને (દૃષ્ટિ કરવી). ચાલે છે તો વ્યવહાર સમકિતની વ્યાખ્યા, પણ વ્યવહાર સમકિત છે એ શુભ વિકલ્પ છે, રાગ છે. એનાથી કાંઈ નિશ્ચય સમકિત થતું નથી.

મુમુક્ષુ :- પરંપરા કારણ છે ને?

ઉત્તર :- પરંપરા કારણ એનો અર્થ એ કે એનો અભાવ કરીને. સમકિતનું પરંપરા કારણ નથી. સમ્યગ્દર્શનમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં જે વ્યવહારરત્નત્રય એ પરંપરા કારણ છે. સમજાય છે કાંઈ? પરંપરાનો અર્થ એનો અભાવ કરીને. વીતરાગભાવ એ કાંઈ રાગભાવથી પ્રગટ થાય? પોતે પ્રભુ આત્મા વીતરાગમૂર્તિ છે. અપૂર્વ વાત છે ને, ભગવાન! એણે કદી કર્યું નથી. એણે અનાદિથી વ્યવહારની ક્રિયાકાંડમાં રોકાઈ અને માન્યું છે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. એ ધર્મ નથી. આહાહા..!

વ્યવહાર જે પરંપરા કારણ કહ્યું એ તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ત્યાં જે વ્યવહાર છે એ પરંપરા એટલે કે જેટલો સ્વનો આશ્રય લઈને પરનો આશ્રય છોડીને જેટલું દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ સાક્ષાત્ કારણ છે. અને એની સાથે રાગ છે એ પરંપરા એટલે પછી અભાવ કરશે અને પછી નિર્વિકલ્પ વીતરાગતા થશે તે સાક્ષાત્ મોક્ષનું કારણ થશે. વાત આકરી બહુ, ભાઈ! આહાહા..! આ વ્યવહારના ઝઘડા મોટા અત્યારે ચાલે છે. એ અહીં કહે છે.

'**સમ્યગ્દર્શન હી કલ્પવૃક્ષ,...**' અંતરમાં દૃષ્ટિ અનુભવ સમ્યક્ થયું, એને કલ્પવૃક્ષ મળ્યું. હવે એને જેટલી અંતર એકાગ્રતા થાય એટલો આનંદ ફાટશે. આહાહા..! જેટલો એ આત્મામાં, આનંદમાં... આનંદનો અનુભવ તો થયો સમ્યગ્દર્શનમાં. સમ્યગ્દર્શન થતાં જેટલા દ્રવ્યમાં, જેટલી સંખ્યાએ શક્તિઓ અને ગુણ છે એનો એક અંશ વ્યક્ત તો ચોથે ગુણસ્થાને થઈ જાય છે. જેટલી ગુણ-શક્તિ છે એનો એક અંશ વ્યક્ત (થઈ જાય છે). એવી વાતું છે, ભાઈ! એથી એમાં અતીન્દ્રિય આનંદનો (અંશ આવે છે). નિશ્ચય સમ્યક્‌માં આનંદનું વેદન પણ આવે છે. સમજાય છે કાંઈ? એવું જે નિશ્ચય સમ્યગ્દર્શન એ કલ્પવૃક્ષ છે. હવે એને મળ્યો આખો ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી.

'સમયસાર' ૧૬૦ ગાથામાં કહ્યું છે ને, ભાઈ! નહિ? ૧૬૦માં. 'પુણ્ય-પાપ અધિકાર'માં. '**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,...**' નિજ કર્મની રજ શબ્દ વાપર્યો છે. ટીકામાં તો નિજ અપરાધને લઈને એમ લીધું છે. તે દિ' 'બંસીધરજી' હતા અને 'જીવણધર' હતા ને આ ચર્ચા ચાલી. પુરુષાર્થ, પોતાનો અપરાધ (છે), પુરુષાર્થનો અપરાધ છે. આહાહા..! ભગવાન તો સર્વજ્ઞ સર્વદર્શી સ્વરૂપ જ આત્માનું છે. રાગ નહિ, અલ્પજ્ઞ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પરિભ્રમણ કરતા એને આ આત્મા શું ચીજ છે એ અંદર હાથ આવી નથી. અને હાથ આવવાનો પ્રયત્ન કર્યો નથી. આહાહા..! ધૂળધાણી બહારમાં બધું રળવું ને કમાવું ને ભોગ ને બહુ તો આગળ જઈને પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ. બેય બંધના કારણ છે.

મુમુક્ષુ :- એ.. પરંપરા મોક્ષનું કારણ...

ઉત્તર :- એ પરંપરા મોક્ષનું કારણ અભાવનું કારણ છે. રાગ કોઈ દિ' કારણ થાય જ નહિ. એ 'પંચાસ્તિકાય'માં કહ્યું છે. એ પરંપરા એટલે શું? કે રાગના ફળ તરીકે સ્વર્ગના ક્લેશ ભોગવશે. અગ્નિના દાહ જેમ. ચંદન વૃક્ષ જેમ અગ્નિથી બળેલું હોય એવું એ રાગનું દુઃખ એને સ્વર્ગમાં થશે. એ ક્લેશ ભોગવીને પછી મનુષ્યપણું પામીને જ્યારે રાગનો અભાવ કરશે ત્યારે તે કેવળજ્ઞાન પામશે. 'પંચાસ્તિકાય'માં છે ને. વાત તો આવી છે, બાપુ! આહાહા..!

વ્યવહાર તો રાગ છે. એ કહ્યું નથી ત્યાં? 'સમયસાર' પુણ્ય-પાપ અધિકાર, ગાથા-૧૫૬ ગાથામાં '**વિદ્વજજનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,...**' વિદ્વાનો શાસ્ત્રો વાંચીને, ભણીને પણ વ્યવહારમાં વર્તન કરે પણ નિશ્ચય આશ્રયે મુનિને મોક્ષ છે. વ્યવહારમાં વર્તન કરનારાને છે નહિ. 'દેવીલાલજી'! વિદ્વજજન. કેટલામી છે? ૧૬૨? ૬૦ પહેલા. ૬૦ પહેલા છે. '**વિદ્વજજનો ભૂતાર્થ તજી...**' અરે..! શાસ્ત્રોના ભણનારાઓ તમે વિદ્વાન એવા કેમ થયા? કહે છે. આહાહા..! વ્યવહારમાં વર્તન કરે. અને 'જયસેનાચાર્યે' તો એમ કહ્યું છે, વિદ્વજજનો વ્યવહારમાં વર્તન ન કરે. એમ કહ્યું ત્યાં. અર્થ એવો છે ત્યાં. આહાહા..!

ભગવાનઆત્મા પરમાત્મ વીતરાગમૂર્તિ પ્રભુ છે. એનો અનુભવ એટલે કે દ્રવ્ય જેવું છે તેને અનુસરીને ભવવું, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! એ સમ્યગ્દર્શન મુક્તિનું કારણ છે. વ્યવહાર સમકિત તો રાગ છે. એ આગળ બીજી રીતે કહેશે. એ બીજી રીતે પછીની ગાથામાં કહેશે. ૧૭માં. એમ કે ગૃહસ્થાશ્રમમાં નિશ્ચય સમકિત તો છે જ ઉપાદાન, છતાં એને તમે વીતરાગ ચારિત્રવાળું સમકિત કહેતા નથી? એ બીજી અપેક્ષા છે ત્યાં. ત્યાં આગળ નિશ્ચય સમ્યક્ ગૃહસ્થાશ્રમમાં 'ભરત' ચક્રવર્તી આદિને હતું. શુદ્ધ ભગવાન ઉપાદેય આત્મા એવું અનુભવમાં સમકિત નિશ્ચય જ હતું. પણ અવ્રતી છે એટલે વ્રતના ચારિત્રનો અભાવ છે. એથી પુણ્યના પરિણામ પૂજા, દાનના, ભક્તિમાં જોડાય છે એથી એને એ વીતરાગ ચારિત્રની અપેક્ષાએ એને સરાગ સમકિત કહેવામાં આવ્યું છે. ૧૭મીમાં આવશે. ૧૭ ગાથા છે ને? છે તો નિશ્ચય વીતરાગ સમકિત તો વીતરાગ છે. આહાહા..! એને ઓલા રાગની પ્રધાનતાથી વીતરાગતામાં જે નિશ્ચય લીનતા જોઈએ એવી નથી, એ અપેક્ષાએ રાગના દોષની અપેક્ષાએ સમકિત નિશ્ચય હોવા છતાં સરાગ સમકિત કહીને વ્યવહાર કહ્યો છે. ૧૭મીમાં આવશે. સમજાણું કાંઈ? કથન શૈલી એવી છે. આહાહા..!

પ્રભુ પોતે વીતરાગ છે એનું તત્ત્વ ન મળે ત્યાં સુધી એનું બધું થોથા છે. આહાહા..! આ દુનિયાના બહારના ચમત્કાર બધા મસાણની હોળી છે. પ્રભુ આનંદનો નાથ અંદર છે... આહાહા..! જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે. એક ભાષાએ કહીએ તો એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપે જ્યારે કહીએ તો જ્ઞાનગુણથી કહીએ. આનંદથી, અતીન્દ્રિય આનંદથી કહીએ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ ભગવાન છે. દરેકનો (આત્મા) ભગવાન છે, હોં! આહાહા..! એની અંતરમાં સંયોગની દૃષ્ટિ છૂટી, સંયોગીભાવની દૃષ્ટિ છૂટી, એક સમયની પર્યાય અલ્પજ્ઞતા છે એ સ્વરૂપ એનું પૂર્ણ નથી. પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞ

સર્વદર્શી અતીન્દ્રિય આનંદ, એ અતીન્દ્રિય વીર્યનો પિંડ છે. આહાહા..!

એવું જે નિશ્ચયસમ્યગ્દર્શન એ જ કલ્પવૃક્ષ છે. હવે અંદરમાં જેટલી એકાગ્રતા થશે એટલો આનંદ ઝરશે, એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, જે આનંદ ઈન્દ્રોના ઈન્દ્રાસનમાં હજારો-કરોડો દેવાંગનાઓ સાથે વિષયમાં રાગ છે એ તો ઝેર છે. આ તો અતીન્દ્રિય આનંદ. આહાહા..! એ અતીન્દ્રિય આનંદના અનુભવની જે પ્રતીતિ નિશ્ચય વીતરાગી સમકિત છે. છે તો એ સમકિત વીતરાગ જ તે. આગળ બીજી અપેક્ષા લેશે. એ કલ્પવૃક્ષ છે.

એ કામધેનુ છે. આહાહા..! ગાય હોય છે ને, જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે એનું નામ કામધેનુ. એમ આત્મા જ્યારે જોઈએ ત્યાં અંદર જાય તો એને આનંદ મળે. આહાહા..! એ કામધેનુ ગાય છે આત્મા-સમ્યગ્દર્શન. આહાહા..! એ ગાય હોય છે ને? 'વઢવાણ'માં હતી નહિ? 'દાદભા વાળા'ને હતી. કામધેનુ ગાય હતી. જ્યારે જોઈએ ત્યારે. જ્યારે ચા પીવાનું મન થાય અને ત્યારે દૂધ જોઈએ તો તે વખતે દૂધ આપે. ઓલામાં તો સવાર અને સાંજ બે વાર આપે. સાધારણ એવું છે ને? સવારે દૂધ અને સાંજે એમ બે વાર દોવે. ઓલું તો જ્યારે જોવે, મહેમાન આવ્યા ને દૂધ જોવે તો દૂધ તૈયાર. દોવે તો તૈયાર દૂધ. કામધેનુ ગાય એને કહે છે.

એમ ભગવાનઆત્મા... 'શાંતિભાઈ'! ભાઈ! આહાહા..! એ નિર્વિકલ્પ રાગ વિનાના આનંદનો સાગર છે પ્રભુ. ભાઈ! તને તારી કિંમત નથી. તને તારી ખબરું નથી, તારી તને કિંમત નથી, તારી તને મહત્તાની મહિમા નથી. આહાહા..! આ પુણ્યના પરિણામ કાંઈક કર્યા અને કાં એના ફળ તરીકે ધૂળ મળી-બે-પાંચ-દસ કરોડ.

મુમુક્ષુ :- એ ધૂળ કામધેનુ છે.

ઉત્તર :- ઝેર છે ત્યાં. મોટર આપે. આહાહા..! મોટરમાં કચરાઈ મરે છે. હમણા કેટલાય આવ્યા હતા. આહાહા..! ન હોય તો મોટર એને છાતી ઉપર બેઠી હોય છે. મોટરને મોટરના પ્રમાણમાં નભાવવી (એ ઉપાધિ છે).

મુમુક્ષુ :- એ તો ઘણા રૂપિયા હોય ..

ઉત્તર :- એ છાતી ઉપર બહુ એને જોર હોય એ બધું. ચોર આવશે તો? કો'ક રાજા લૂટશે તો? કુટુંબી મારી નાખશે તો? કુટુંબીને જોર હોય. ઓલો રાજા થયો ને એક? નથી મોટો રાજા? એક કલાકની દોઢ લાખની પેદાશ. કેવો રાજા?

મુમુક્ષુ :- ઈરાકનો.

ઉત્તર :- હા. એના કુટુંબે મારી નાખ્યો. આટલી મોટી પેદાશ. ચોવીસ કલાકમાં છત્રીસ લાખની પેદાશ. ચોવીસ કલાકમાં છત્રીસ લાખની પેદાશ. એટલી તો બાર મહિનાની કેટલી? દેશ નાનો છે પણ એને પેટ્રોલના કૂવા ઘણા મળ્યા. કૂવા નીકળ્યા એટલા બધા. પેટ્રોલ... પેટ્રોલ... પેટ્રોલ... પેટ્રોલ... ઢગલા પૈસા. એક કલાકે દોઢ લાખની પેદાશ. એના કુટુંબે મારી નાખ્યો, એનો વૈભવ ભોગવવા માટે. આહાહા..! કુટુંબીનું...

મુમુક્ષુ :- જીવ્યો ત્યાં સુધી તો વૈભવ ભોગવ્યો.

ઉત્તર :- ધૂળેય નથી. જીવ્યો ત્યાં સુધી દુઃખીના દાળિયા હતા. આહાહા..! માથા ફોડતો હતો રાગ સાથે. આહાહા..!

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, કહે છે કે એ જેને પ્રગટ્યો એને કામધેનુ થયું. આહાહા..! જ્યારે જ્યારે ભાવના કરે ત્યારે ત્યારે એને અંદરથી આનંદ આવે. પ્રગટ્યો છે એટલો આનંદ અને શાંતિ તો સદાય છે, પણ જ્યારે અંદરમાં એકાગ્ર થાય ત્યારે વિશેષ આનંદ એને થાય. આહાહા..! એવું જેને કામધેનુ સમકિત પ્રગટ્યું, એમ કહે છે. સમજાય છે કાંઈ?

એને ચિંતામણિ કહીએ. સમકિતને ચિંતામણિ (કહે છે). ચિંતવે તેવું આપે. એમાં અંદર એકાગ્ર થાય એટલો આનંદ મળે અંદર. આહાહા..! આનંદનો કંદ હાથ આવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? આ વિષયના આનંદ તો ઝેર છે, એકલા ઝેરના પ્યાલા છે. આહાહા..! પ્રભુએ તો એમ કહ્યું કે જે શુભભાવ છે.. લોકોને આકરું લાગે છે, એ ઝેર છે. તો અશુભભાવની શું વાતું કરવી? આહાહા..! અમૃતનો સાગર ભગવાન, એનાથી ઊલટો શુભભાવ એ ઝેર છે. તો પછી વિષય અને આ પૈસા-લક્ષ્મીમાં જે આનંદ માને એ તો અશુભભાવનું ઝેર છે. 'ભગવાનજીભાઈ'! આહાહા..!

ભગવાન જિનવરદેવ ત્રિલોકનાથ એમ કહે છે, પ્રભુ! કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ તું છો. આહાહા..! તું બધી રીતે પૂરો છો, પ્રભુ! આહાહા..! કોઈપણ ગુણથી એ અપૂર્ણ અને અધૂરો નથી. ગુણથી. દરેક ગુણ અને દરેક શક્તિથી પૂરો છે. એ આવે છે ને ક્યાંક. તું નથી અધૂરો. ભક્તિમાં ક્યાંક આવે છે. તું પૂરી વાતે પૂરો.

મુમુક્ષુ :- તુ સબ વાતે પૂરો.

ઉત્તર :- હા. તુ સબ વાતે પૂરો. આવે છે. બહેનો ગાય છે ત્યાં ભક્તિમાં. તું સબ વાતે પૂરો. અધૂરા. ઓલા છુરા છુરા એમ આવ્યું ને? એમાં છુરા આવ્યું હતું. છુરા. ઘેવરમાં છુરા. ઘેવરમાં જેમ છુરા. છુરા એટલે સાકર. મુઠ્ઠી સાકર. એવો આ ઘેવરમાં છુરા એવો ભગવાન છે, કહે છે. આહાહા..! અરેરે..! એને ખબર ન મળે. બાદશાહ ત્રણલોકનો ભિખારી થઈને ફરે છે. આહાહા..!

એક પ્રશ્ન કર્યો છે. 'ધર્મદાસ'નો 'જ્ઞાનપ્રકાશ' છે ને ત્રીજો ગ્રંથ? ત્રણલોકનો નાથ કોણ છે? કે ત્રણલોકનો નાથ તું છો. આહાહા..! કેમકે ત્રણકાળ ત્રણલોકને જાણવાની તાકાત તારામાં છે એવો તું છો. કોઈનું કરવું કે કોઈથી પોતાને થાય એવો તું નથી. પણ પૂર્ણ વાતે પૂરો. આહાહા..! ભાષાએ નહિ ભાવે એવો છે ઈ. તું સબ વાતે પુરા. કોઈ વાતે અધૂરો નથી. અરેરે..! એ કેમ બેસે એને? એ આત્મતત્ત્વની વાત સર્વજ્ઞ વીતરાગ જિનવરદેવે પરમેશ્વરે જગતને ફરમાવી. પણ એને સાંભળવા મળે નહિ, સાંભળે તો એને બેસે નહિ એ વાત. આહાહા..!

કહે છે કે પ્રભુ! તું તો ચિંતામણી છો ને. ઓલું ચિંતામણી ધૂળ છે એ તો પત્થર પૈસા-બૈસા આપે. આ ચિંતામણી ભગવાન તો આનંદને આપે. આહાહા..! 'શુદ્ધતા વિચારે ધ્યાવે,

શુદ્ધતામેં કેલી કરે.' આવે છે ને? આનંદ ધારા વરસે. આહાહા..! પ્રભુ! તું છો એવો તને પ્રતીતિમાં તો લે. એ વિશ્વાસના વ્હાણે ચડાવ એને. તારું વહાણ તરતું થશે. આહાહા..! લોકોને ઓલા વ્યવહારના રસ છે ને. એટલે વ્યવહારથી થાય એ મોટી તકરાર છે. પ્રભુ પોતે પોતા ઉપર તકરાર કરે છે કે અમને આ વ્યવહાર છે ને, રાગ છે ને, એનાથી થાશે. ભાઈ! તું વીતરાગ છો ને. વીતરાગ સ્વભાવની પરિણતિથી વીતરાગતા થાશે. એ રાગથી થશે નહિ. હો. વ્યવહાર આવે છે. રાગ હોય છે. વ્યવહારનયનો વિષય સમકિતીને હોય છે. પણ એનાથી નિશ્ચય સ્વભાવમાં જઈ શકે, એમાંથી, એમ નથી. એનો અભાવ કરીને અંદર જઈ શકે. એવું એનું તત્ત્વ છે. આહાહા..! આવું...

**'ઐસા જાનકર...'** જુઓ! **'ભોગોંકી વાંછારૂપ જો વિકલ્પ ઉનકો છોડકર...'** આહાહા..! પરના ભોગની વાંછા એ તો ઝેરની વાંછા છે, કહે છે. આહાહા..! સ્ત્રીનો, પુરુષનો ભોગ જે છે, અરે..! પાંચ ઇન્દ્રિયના વિષયનો જે ભોગ છે એ તો ઝેરનું વેદન છે. આહાહા..! ઝેરના પ્યાલામાં એ નિર્વિકલ્પરસને ભૂલી જાય છે. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે.. સામે આમ લીધું. આ અનુભવને માટે આ અનુભવની વાંછા છોડી દે, એમ કહે છે. આહાહા..! જેમાં પુણ્ય અને પુણ્યના ફળની પણ વાંછા છે એને ભોગની-ઝેરની વાંછા છે. આહાહા..! આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યગ્દર્શન પામે છે તો એને ભોગની વાંછા હોતી નથી, રુચિ હોતી નથી. આહાહા..! રુચિ તો ભગવાન આનંદમાં પડી છે એની. પોસાય છે આત્મા. પોસાણમાં આત્મા છે. રાગનું પોસાણ નથી. આવે છે, આવે છે રાગ. આહાહા..! પણ એની રુચિ નથી. તેમ તેનો આશ્રય કરીએ તો લાભ થાય એ બુદ્ધિ નથી. આહાહા..! ભગવાન ત્રિલોકનાથ ચૈતન્યસ્વરૂપ તેનો આશ્રય કરીએ તો કલ્યાણ થશે, એવી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? **'ભોગોંકી વાંછારૂપ...'** પાંચ ઇન્દ્રિય તરફના.. અણિન્દ્રિયમાં જાવું છે ને, એમ કહે છે. એટલે પાંચેય ઇન્દ્રિય તરફના વલણના ભોગની વાંછા, ઇચ્છા... આહાહા..! એવો **'જો વિકલ્પ ઉનકો છોડકર સમ્યક્ત્વકા ગ્રહણ કરના ચાહિયે.'** આહાહા..! **'जो इंदिये जिणित्ता'** આવ્યું છે એ તો બીજી રીતે કહ્યું છે. એ ઇન્દ્રિયો તરફની વાંછા જે છે... આહાહા..! એને છોડ. **'સમ્યક્ત્વકા ગ્રહણ કરના ચાહિયે.'** આહાહા..! **'ઐસા કહા હૈ...'**

હવે દૃષ્ટાંત. **'જિસકે હાથમેં ચિંતામણિ હૈ,** આહાહા..! **ધનમેં કામધેનુ હૈ, ઔર જિસકે ઘરમેં કલ્પવૃક્ષ હૈ,...'** હાથમાં, ધનમાં અને ઘરમાં, ત્રણ વાત લીધી. જેના હાથમાં ચિંતામણિ છે એ માગે એ બહારથી મળે. ધનમાં કામધેનું છે. આહાહા..! **'ઔર જિસકે ઘરમેં કલ્પવૃક્ષ હૈ, ઉસકે અન્ય ક્યા પ્રાર્થનાકી આવશ્યકતા** હૈ? આહાહા..! **કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ તો કહને માત્ર હૈં,...'** એ તો ધૂળને માટે છે. આહાહા..! **'સમ્યક્ત્વ હી કલ્પવૃક્ષ,...'** આહાહા..! પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુની અનુભવ થઈને પ્રતીતિ (થવી) એ કલ્પવૃક્ષ છે, એ કામધેનુ છે, એ **'ચિંતામણિ હૈ, ઐસા જાનના.'** આહાહા..! એ ૧૫ ગાથા થઈ. ૧૬.

अथ यै षड्द्रव्यैः सम्यक्त्वविषयभूतैस्त्रिभुवनं भृतं तिष्ठति तानीदृक् जानीहीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं कथयति –

१४२) दव्वइँ जाणहि ताइँ छह तिहुयणु भरियउ जेहिँ।
आइ–विणास–विवज्जियहिँ णाणिहि पभणियएहिँ।।१६।।

द्रव्याणि जानीहि तानि षट् त्रिभुवनं भृतं यैः।
आदिविनाशविवर्जितैः ज्ञानिभिः प्रभणितैः।।१६।।

दव्वइं इत्यादि। दव्वइं द्रव्याणि जाणहि त्वं हे प्रभाकभट्ट ताइं तानि परमागमप्रसिद्धानि। कतिसंख्योपेतानि छह षडेव। यैः द्रव्यैः किं कृतम्। तिहुयणु भरियउ त्रिभुवनं भृतम्। जेहिं यैः कर्तृभूतैः। पुनरपि किंविशिष्टैः। आइ–विणास–विवज्जयहिं द्रव्यार्थिकनयेनादिविनाश–विवर्जितैः। पुनरपि कथंभूतैः। णाणिहि पभणियएहिं ज्ञानिभिः प्रभणितैः कथितैश्चेति। अयमत्राभिप्रायः। एतैः षड्भिर्द्रव्यैर्निष्पन्नोऽयं लोको न चान्यः कोऽपि लोकस्य हर्ता कर्ता रक्षको वास्तीति। किं च। यद्यपि षड्द्रव्याणि व्यवहारसम्यक्त्वविषयभूतानि भवन्ति तथापि शुद्धनिश्चयेन शुद्धात्मानुभूति रूपस्य वीतरागसम्यक्त्वस्य नित्यानन्दैकस्वभावो निजशुद्धात्मैव विषयो भवतीति।।१६।।

---

आगे सम्यक्त्वके कारण जो छह द्रव्य हैं, उनसे यह तीनलोक भरा हुआ है, उनको यथार्थ जानो, ऐसा अभिप्राय मनमें रखकर यह गाथा–सूत्र कहते हैं –

**गाथा – १६**

अन्वयार्थ :– हे प्रभाकरभट्ट, तू [ तानि षट्द्रव्याणि ] उन छहों द्रव्योंको [ जानीहि ] जान, [ यैः ] जिन द्रव्योंसे [ त्रिभुवनं भृतं ] यह तीन लोक भर रहा है, वे छह द्रव्य [ ज्ञानिभिः ] ज्ञानियोंने [ आदिविनाशविवर्जितैः ] आदि अंतकर रहित द्रव्यार्थिकनयसे [ प्रभणितैः ] कहे हैं।

भावार्थ :– वह लोक छह द्रव्योंसे भरा है, अनादिनिधन है, इस लोकका आदि अंत नहीं है, तथा इसका कर्ता, हर्ता व रक्षक कोई नहीं है। यद्यपि ये छह द्रव्य व्यवहारसम्यक्त्वके कारण हैं, तो भी शुद्धनिश्चयनयकर शुद्धात्मानुभूतिरूप वीतरागसम्यक्त्वका कारण नित्य आनंद स्वभाव निज शुद्धात्मा ही है।।१६।।

---

હવે, સમ્યક્ત્વના વિષયભૂત જે છ દ્રવ્યો ત્રણ જગતમાં ભર્યાં પડ્યાં છે તેમને એવા જ (એવા જ સ્વરૂપે) જાણો, એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથા-સૂત્ર કહે છે :-

ભાવાર્થ :- આ લોક આ છ દ્રવ્યોથી બનેલો છે, પણ બીજો કોઈ લોકનો કર્તા, હર્તા કે રક્ષક નથી.

વળી, વ્યવહારસમ્યક્ત્વના વિષયભૂત છ દ્રવ્યો છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી

**શુદ્ધાત્માની અનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વનો વિષય તો નિત્યાનંદ જેનો એક સ્વભાવ છે એવો નિજશુદ્ધાત્મ જ છે. ૧૬.**

## ગાથા-૧૬ ઉપર પ્રવચન

'**આગે સમ્યક્ત્વકે કારણ જો છહ દ્રવ્ય હૈં, ઉનસે યહ તીનલોક ભરા હુઆ હૈ,...**' છ દ્રવ્યથી ભર્યો છે ને ચૌદ બ્રહ્માંડ? '**ઉનકો યથાર્થ જાનો, ઐસા અભિપ્રાય મનમેં રખકર યહ ગાથા-સૂત્ર કહતે હૈં-**'

**१४२) दव्वइँ जाणहि ताइँ छह तिहुयणु भरियउ जेहिं।**
**आइ-विणास-विवज्जियहिँ णाणिहि पभणियएहिँ।।१६।।**

**અન્વયાર્થ :-** '**હે પ્રભાકર ભટ્ટ,...**' 'યોગીન્દ્રદેવ' સંત, મુનિ, દિગંબર આચાર્ય છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં (લીન છે). સમજાય છે કાંઈ? આહાહા..! કહ્યું ને પાંચમી ગાથામાં? પાંચમી ગાથામાં ન કહ્યું? પ્રચુર, મુનિને પ્રચુર આનંદનો અનુભવ છે. ચોથે ગુણસ્થાને પ્રચુર નથી. અતીન્દ્રિય આનંદનો અંશ, સ્વાદ આવ્યો છે. પણ છઠ્ઠે મુનિને સાતમે-છઠ્ઠે (પ્રચુર આનંદનું વેદન છે). આહાહા..! એ મુનિપણું કોને કહે, ભાઈ? જેને પ્રચુર સ્વસંવેદન આનંદના ઝરણા વહે છે. આહાહા..! જેનું સત્ જાગીને ઉઠ્યું છે. આહાહા..! ચારિત્રની રમણતામાં એને તો પ્રચુર આનંદનું વેદન હોય છે. આહાહા..! એ મુનિપણું છે.

અહીંયાં કહે છે કે '**ઉન છહોં દ્રવ્યોંકો જાન,...**' વ્યવહારથી કહ્યું, હો! નિશ્ચયવાળાને હજી પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે આ છ દ્રવ્યને જાણીને એની શ્રદ્ધા આદિનો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. છતાં એ વ્યવહારથી નિશ્ચય થાય એમ નથી. આહાહા..! હોય છે, ત્યારે વ્યવહાર હોય. વીતરાગ નથી ત્યાં સુધી. આવશે. ૧૭મી ગાથામાં આવશે. '**હે પ્રભાકરભટ્ટ, તૂ ઉન છહોં દ્રવ્યોંકો જાન, જિન દ્રવ્યોંસે યહ તીન લોક ભર રહા હૈ,...**' આહાહા..! તું જ્ઞાન દર્શનથી ભર્યો છે, છ દ્રવ્યથી આખો લોક ભર્યો છે.

'**વે છહ દ્રવ્ય જ્ઞાનિયોંને આદિ અંતકર રહિત દ્રવ્યાર્થિકનયસે કહે હૈં.**' છ દ્રવ્યનો નાશ નથી, એનો અંત નથી, એની શરૂઆત નથી. અનાદિથી છ દ્રવ્ય જગત છે. ભગવાને છ દ્રવ્ય-પદાર્થ જોયા છે. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, છ દ્રવ્ય અનાદિઅનંત ભરેલા ભગવાને ચૌદ બ્રહ્માંડ (જોયો છે). આહાહા..! એ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. આહાહા..!

**ભાવાર્થ :-** '**યહ લોક છહ દ્રવ્યોંસે ભરા હૈ, અનાદિનિધન હૈ,...**' અનાદિ અનિધન એટલે કે અનાદિઅનંત. અનાદિનિધન છે ને? નિધન એટલે અંત. અન આદિ અને અ-અંત એમ લેવું વચ્ચે. '**ઈસ લોકકા આદિ અંત નહીં હૈ, તથા ઈસકા કર્તા, હર્તા...**' નથી. કોઈ

બ્રહ્માએ કર્યો હોય અને શંકર નાશ કરે, વિષ્ણુ રક્ષણ કરે એવું છે નહિ. આહાહા..! '**કર્તા, હર્તા વ રક્ષક કોઈ નહીં હૈ.**' આહાહા..! એવું છ દ્રવ્યથી ભર્યું છે. નિશ્ચય સમકિતીને પણ આવા છ દ્રવ્યનું જ્ઞાન અને શ્રદ્ધા કરવી જોઈશે. વ્યવહાર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ એમાં આવી ગયું. પુદ્‌ગલનું જાણે ને. પુદ્‌ગલને આધારે પર છે. પરને જાણે. ચૈતન્ય સિવાય પાંચ એ બધા પુદ્‌ગલ છે. પુદ્‌ગલ એટલે અજીવ છે. અજીવ જાણે તો પાંચ આવી ગયા. જીવ જાણે એમાં પોતે આવી ગયો. આહાહા..!

મુમુક્ષુ :- .. બીજા ન જાણે..

ઉત્તર :- હા, એ તો કહે વ્યવહારથી.

'**યદ્યપિ યે છહ દ્રવ્ય...**' જુઓ! હવે ન્યાય આપે છે. નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ છે એને વ્યવહાર સમકિતમાં છ દ્રવ્યની શ્રદ્ધા હોય છે. છ દ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને એ રાગ હોય છે. '**યદ્યપિ યે છહ દ્રવ્ય વ્યવહારસમ્યક્ત્વકે કારણ હૈ,...**' વિષય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ છ દ્રવ્યની શ્રદ્ધા એ વ્યવહાર વિષયનું કારણ, વ્યવહાર સમકિતનું કારણ રાગ છે. '**તો ભી શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વકા કારણ...**' આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે ને આ તો? એ પરમાત્મપ્રકાશ સ્વરૂપ જ તારું છે એમ કહે છે. પરમાત્મપ્રકાશ સ્વરૂપ ન હોય તો પર્યાયમાં પરમાત્મપણું આવશે ક્યાંથી? ક્યાંય બહારથી આવે એવું છે? આહાહા..! પરમાત્મસ્વરૂપ જ તારું છે, બાપુ! બધા પરમાત્માઓ છે અનંત. આહાહા..!

મુમુક્ષુ :- શક્તિ..

ઉતર :- શક્તિ કહો, સ્વભાવ કહો, (સામર્થ્ય) કહો. શક્તિ સ્વભાવ છે ને એનો? પરમાત્મસ્વભાવ જ એનો છે. પર્યાયમાં પ્રગટ થાય ત્યારે પરમાત્મા થાય.

'**છહ દ્રવ્ય વ્યવહારસમ્યક્ત્વકે કારણ હૈં, તો ભી...**' જોયું! જુઓ! અંદર છે, હોં! એ. '**षड्द्रव्याणि व्यवहारसम्यक्त्वविषयभूतानि भवन्ति तथापि शुद्धनिश्चयेन शुद्धात्मानुभूति रूपस्य वीतरागसम्यक्त्वस्य नित्यानन्दैकस्वभावो**' જોયું! '**તો ભી શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિરૂપ...**' ભગવાનઆત્મા શુદ્ધ, એનો અનુભવ, એના અનુભવનું વીતરાગસમકિત... આહાહા..! એ '**શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વકા કારણ...**' ઓલા છ દ્રવ્ય વ્યવહાર સમકિતનું કારણ હતું. હવે '**શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વકા કારણ...**' કોણ? એમ કહે છે. આહાહા..!

'**નિત્ય આનંદ એક સ્વભાવ...**' 'એક' શબ્દ પડ્યો રહ્યો છે ત્યાં. '**નિત્ય આનંદ એક સ્વભાવ નિજ શુદ્ધાત્મા...**' એ જ કારણ છે. આહાહા..! આવી વાત લોકોને અંદર.. પરમાર્થની વાત સાંભળવા મળે નહિ એટલે ક્યાં જાય બિચારા? આહાહા..! વ્યવહાર સમકિતમાં છ દ્રવ્ય કારણ છે. પણ નિશ્ચયનયમાં કોણ કારણ છે? કે '**શુદ્ધનિશ્ચયનકર**

**શુદ્ધાત્માનુભૂતિરૂપ...**' આહાહા..! '**વીતરાગ સમ્યક્ત્વકા કારણ નિત્ય આનંદ સ્વભાવ નિજ શુદ્ધાત્મા હી હૈ.**' નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગ સમકિતનું કારણ, સત્ય દર્શન સમ્યગ્દર્શન પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ એવું સત્યદર્શન. આહાહા..! શુદ્ધાત્માનુભૂતિ વીતરાગ સમકિતનું કારણ નિત્ય આત્મા. અભેદ નિત્ય આનંદ. નિત્યાનંદ એક સ્વભાવ છે ને પાઠમાં? નિત્યાનંદ એક સ્વભાવ. એ સ્વભાવ લીધો. કાયમી આનંદનો એક સ્વભાવ એવો નિજ શુદ્ધાત્મા જ. એ નિશ્ચયનય શુદ્ધાત્માનુભૂતિ વીતરાગનું કારણ એ આત્મા જ છે. આહાહા..! શું કહ્યું એ?

શુદ્ધ નિશ્ચયનયથી જોઈએ યથાર્થ દૃષ્ટિથી તો શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમકિત, એનું કારણ નિત્યાનંદ એક સ્વભાવ એવો એક આત્મા. આહાહા..! વ્યવહાર સમકિતનું કારણ એ છ દ્રવ્ય કહ્યું. છ દ્રવ્ય વ્યવહાર સમકિતનો વિષય કહો, કારણ કહો. અને આ '**શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વકા કારણ...**' અથવા એનો વિષય એ વીતરાગ સમકિતનો વિષય '**નિત્ય આનંદ એક સ્વભાવ નિજ શુદ્ધાત્મા..**' પાછું દ્રવ્ય. નિત્ય આનંદ એક સ્વભાવ એવો શુદ્ધાત્મા. આહાહા..! આવું છે.

'**શુદ્ધાત્મા હી હૈ.**' ભાષા એમ છે. છે? '**निजशुद्धात्मैव**' '**ऐव**' છે અંદર. '**निजशुद्धात्मैव**' કેવો શુદ્ધાત્મા? '**नित्यानन्दैकस्वभावो**' નિત્યાનંદ એકરૂપ સ્વભાવ. નિત્ય આનંદ એકરૂપ સ્વભાવ. આહાહા..! '**निजशुद्धात्मैव विषयो भवतीति**' નિશ્ચયનય વીતરાગ સમકિતનો વિષય નિત્ય આનંદ એક સ્વભાવ એવો આત્મા એનો વિષય એટલે ધ્યેય છે ને કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! એનું જ્ઞાન તો કરે પહેલું. એના જ્ઞાનમાં એ વાતને સંઘરે તો ખરો. માણસ નથી કહેતા? ભાઈ! તારા લક્ષ ઉપર તો વાત લે. આહાહા..! બહુ સરસ વાત લીધી. વ્યવહારને તો અહીં ઉડાવી દીધો છે. વ્યવહાર સમકિતનો વિષય તો છ દ્રવ્ય છે. નિશ્ચય સમકિતનો વિષય તો આ ભગવાન છે, એમ કહે છે. દિશા ફેર થઈ ગઈ આખી.

મુમુક્ષુ :- વ્યવહાર સમકિત નિશ્ચયનું કારણ ક્યાં રહ્યું?

ઉત્તર :- કારણ ક્યાં રહ્યું આમાં? પણ કહે છે લોકો એમ. 'સોનગઢ'ને નામે આ વાત નિશ્ચયની આવીને તો એને ઉડાવી લોકોએ. નામે આવી છે પણ છે તો ભગવાનની. આહાહા..!

છ દ્રવ્ય વ્યવહાર સમકિતનો વિષય છે. અને નિશ્ચય સમકિતનો વિષય નિજ દ્રવ્ય છે. બે આમ ભાષા કરી. છ દ્રવ્ય, એમાં અનંતા સિદ્ધો પણ આવી ગયા, લાખો કેવળી આવી ગયા, તીર્થંકરો આવી ગયા છ દ્રવ્યમાં. આહાહા..! એ વ્યવહાર સમકિતનો વિષય છે. એટલે વ્યવહાર સમકિતનું એ કારણ છે, એટલે એ રાગનું કારણ છે. સામે નાખ્યું છે ને જુઓ! વીતરાગ સમકિત કીધું છે ને? સામે વીતરાગ છે. આહાહા..! છ દ્રવ્ય એ રાગનું કારણ છે. વ્યવહાર સમકિત એટલે રાગ. આહાહા..! અને વીતરાગ સમકિતનું કારણ... આહાહા..!

નિત્ય એક સ્વભાવ આનંદ. નિત્યાનંદ એક સ્વભાવ શુદ્ધાત્મા. આહાહા..! આને કારણ કહ્યું છે. એને વ્યવહારને કારણે નિશ્ચય થાય એમ તો કહ્યું નથી.

મુમુક્ષુ :- અરિહંતને જાણે..

ઉત્તર :- એ અરિહંતને જાણે તો એ અંદર આત્માને જાણે ત્યારે અરિહંતને જાણ્યા એવો વ્યવહાર એને લાગુ પડે. ત્યાં વ્યવહારથી વાત કરી છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણી અને પછી અંતરમાં જાય. પર્યાયમાં ગુણને ભેળવે, ગુણમાં દ્રવ્યમાં અભેદ કરીને દૃષ્ટિ કરે ત્યારે એણે આત્માને જાણ્યો. ત્યારે અરિહંત પર્યાયમાં નિમિત્ત થઈ એને. નિમિત્ત. નિમિત્તથી થયું નથી. આ વાત છે ને. નિમિત્તથી થયું એમ કહેવાય પણ નિમિત્તથી કાર્ય થયું ત્યાં (એમ નથી) નિમિત્ત છે ખરું. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વખતે ક્યાં છે? આ તો એને પહેલું ઓલું ખ્યાલમાં આવ્યું કે કેવળજ્ઞાન આવું હોય. પછી આ મેળવવા ગયો એટલે નિમિત્ત કહેવામાં આવે. પણ એ નિમિત્તથી થયું છે એમ નહિ. આહાહા..! આવો વીતરાગ માર્ગ, બાપુ! વીતરાગમાર્ગ નહિ પણ તારા સ્વભાવનો માર્ગ જ આ છે. આહાહા..! તું ત્રણલોકનો નાથ અંદર બિરાજે પ્રભુ, આહાહા..! સિદ્ધની પર્યાયની અનંતી પર્યાયનો પિંડ અંદર ભગવાન છે. આહાહા..! પણ નિજ આત્માની મહિમા ન મળે એને. પરની મહિમા. બહુ તો પર્યાયમાં પુણ્ય થાય કાં જ્ઞાનનો ઉઘાડ થાય, ક્ષયોપશમ થાય એનો મહિમા એને. આહાહા..! પણ એ રાગ અને ક્ષયોપશમની મહિમા એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- માન તો મળે.

ઉત્તર :- માન મળે એને. માન તો આ કહે 'લહી ભવ્યતા મોટુ માન'. તીર્થંકર કહે કે આ સમકિતી જીવ છે એ સિવાય માન જોવે છે કોને. 'આનંદઘનજી' કહે છે, 'લહી ભવ્યતા મોટું માન' જેને જ્ઞાનીઓ કહે કે આ ભવ્ય અને પાત્ર જીવ છે, હવે એને કોનું માન જોવે છે? અને 'કોણ અભવ્ય ત્રિભુવન અપમાન?' અને પરમાત્મા એમ કહે કે આ ધર્મને માટે નાલાયક છે. આહાહા..! 'ચંદુભાઈ'! હવે એને કોનું અપમાન જોવે છે? કહે છે. નિગોદમાં જશે, એની આવી દશા થશે. આહાહા..! વાત તો બહુ ફેર છે, ભાઈ! દુનિયાની પદ્ધતિ અને પરંપરાની રીત આ માર્ગથી બહુ ફરી ગઈ છે. આહાહા..!

છ દ્રવ્ય એ રાગનું કારણ છે, એ રાગનો વિષય છે. ભગવાન નિત્યાનંદ એક સ્વભાવ આત્મા તે વીતરાગી સમકિતનો વિષય છે, એ વીતરાગી સમકિતનું કારણ છે. હવે આટલું તો સ્પષ્ટ કર્યું છે. કહો, 'રતિભાઈ'! આહાહા..! આખો ફેર છે. હવે લોકો કહે છે, વ્યવહારથી પણ થાય એમ ન માને તો એકાંત છે. આમ બધી વાત (કરે). હવે વાંધા આ ઉઠ્યા. આહાહા..! નિમિત્તથી ન થાય તો એ માને છે એ એકાંત છે. એમ કહે છે. આહાહા..!

બહુ સરસ વાત. ૧૬મી ગાથામાં પૂર્ણ પૂર્ણ વાત કરી. સોળ આના. બે સિદ્ધાંત સિદ્ધ કર્યા કે છ દ્રવ્ય વ્યવહારસમકિતનો વિષય કહો, કારણ કહો. એટલે કે છ દ્રવ્ય ભગવાન

ત્રિલોકનાથ પણ એમાં આવ્યા એ વ્યવહારનું કારણ વિષય, રાગનો વિષય, રાગનું કારણ. આહાહા..! એમ આવ્યું કે નહિ? 'પ્રવિણભાઈ'! રાગનો વિષય. ત્રણલોકના નાથ છ દ્રવ્યમાં આવ્યા, અનંતા સિદ્ધો આવ્યા. આહાહા..! અનંતા નિગોદ આવ્યા એ તો એક કોર રાખો. છ દ્રવ્ય એટલે કે અનંતા સિદ્ધો, એ વ્યવહાર સમકિતનું કારણ છે. આહાહા..! એટલે કે રાગનું કારણ છે. 'ચેતનજી'! આહાહા..! આવી વાત છે. હવે આ સિદ્ધાંતને આ રીતે ન સમજે અને બીજી રીતે લે. કોઈ ઠેકાણે કેવા લખાણ કઈ અપેક્ષાએ આવ્યા હોય. આહાહા..! એ તો ભાઈએ કહ્યું છે ને 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં? જૈન આદિ, વિષ્ણુ આદિના આચાર્યોના કહેવામાં હાથીના બહારના દાંત છે. અંદરનો આશય તો એ જાણે એમ કહે. એ વ્યવહારની વાતું આવે ને? એ તો બધી બહારના દાંતની વાતું છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે બે વાત. આ આત્મા નિત્યાનંદ એક સ્વભાવરૂપ શુદ્ધ આત્મા એક બાજુ અને એક બાજુ છ દ્રવ્ય. છએ દ્રવ્યમાં પંચ પરમેષ્ઠી પણ આવી ગયા, શાસ્ત્ર પણ આવી ગયા. દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણે છ દ્રવ્યમાં આવી ગયા. આહાહા..! એ વ્યવહાર સમકિતનું કારણ એટલે વિષય એટલે રાગનું કારણ એ છે. આહાહા..! આવો વીતરાગ માર્ગ! 'રસિકભાઈ'! આહાહા..!

ભગવાન! તું પરમેશ્વર છો. તારી પરમેશ્વરતા તને ન બેસે, પામરતા બેસે એ તો મિથ્યાત્વ ભ્રમ છે. આહાહા..! સિદ્ધાંત તો શું કહ્યો? ... આહાહા..! કે છ દ્રવ્ય વ્યવહારસમકિત એટલે શુભરાગ, એનો એ વિષય છે. છ દ્રવ્ય શુભરાગનું કારણ છે. ભગવાન પણ રાગનું કારણ છે. આહાહા..! 'ફૂલચંદજી'! આવો માર્ગ પ્રભુ છે. અરે..! તને બેસે નહિ, રુચે નહિ, ભાઈ! વ્યવહારમાં, વર્તનમાં પ્રેમ એ તો અનાદિનો છે, ભાઈ!

અહીં તો કહે છે કે એકલો શુદ્ધ દ્રવ્ય જ એકાંત વીતરાગ સમકિતનું કારણ છે એમ કીધું ને? કે કથંચિત્ આ અને કથંચિત્ છ દ્રવ્ય અને વ્યવહાર. એમ કહ્યું? ત્યાં તો એમ કહ્યું '**निजशुद्धात्मैव**' '**ऐव**' એટલે એ જ. આહાહા..! ત્રિકાળી ભગવાન શુદ્ધ પૂર્ણાનંદનો નાથ, નિત્ય આનંદ એક સ્વભાવી વસ્તુ તે જ સમકિતનું કારણ છે. તે જ સમ્યગ્દર્શનનો વિષય છે, તે જ સમકિતીનું ધ્યેય છે. આહાહા..! વ્યવહાર સમકિતીનું ધ્યેય છ દ્રવ્ય પર છે. આમાં તો સ્પષ્ટ વાત કહી. આમ વ્યવહારથી થાય અને નિશ્ચયથી થાય. એમ બે વાત નથી લીધી. પણ એમ છે ક્યાંથી? કેમ કે વ્યવહાર જે છ દ્રવ્યની શ્રદ્ધામાં પરમેષ્ઠી આવ્યા, પણ એ રાગનો વિષય બાહ્ય છે. રાગની દશા એની દિશા, રાગની દશા, એની દિશા બહાર છે. આહાહા..! અને વીતરાગદશા, એની દિશા અંતર છે. ૧૬મી ગાથામાં ઘણું કહ્યું. આહાહા..! ટીકામાં છે હોં! એ.

મુમુક્ષુ :- ... વ્યવહારથી નિશ્ચય

ઉત્તર :- વ્યવહારથી નિશ્ચય ન થાય. વ્યવહારથી થાય કેવી રીતે? હોય છે. નિશ્ચય સમકિતવાળાને વ્યવહાર હોય છે. કેવળી ન હોય ત્યાં સુધી. દાન, પૂજા, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. પણ એ બધો રાગ છે અને રાગનો વિષય તે પર છે. આહાહા..! ત્યારે

વીતરાગ સમ્યગ્દર્શન એટલે નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધાત્માની, શુદ્ધ આત્માના અનુભવરૂપ વીતરાગ સમકિત, એનો વિષય કહો, એનું કારણ કહો તો નિત્ય આનંદ એક સ્વભાવ શુદ્ધાત્મા કહ્યું. હવે આમાં કથંચિત્ આ અને કથંચિત્ આ એમ તો કાંઈ કહ્યું નથી. કહો, સમજાય છે કાંઈ? એમ કહ્યું છે? કથંચિત્ વ્યવહાર આવે છે. કથંચિત્ વ્યવહારથી પણ સ્વ વિષય થાય અને કથંચિત્ નિશ્ચયથી પણ સ્વવિષય સ્વ એટલે કારણ થાય. 'સોનગઢ'ને નામે મોટી આ તકરાર છે અત્યારે. 'સોનગઢ' પણ ક્યાં હતું અને નામ પણ ક્યાં હતું અહીં? નામ પણ જડના છે. એ તો શરીરનું નામ છે. આત્માને નામ પણ ક્યાં હતું? આહાહા..!

મુમુક્ષુ :- અંધકારનો અભાવ થાય તો પ્રકાશ થાય...

ઉત્તર :- અંધકારનો અભાવ થાય તો પ્રકાશ થાય ને? આ તો કહે, અંધકારથી અંજવાળુ થાય. વ્યવહાર રાગ તે અંધકાર છે. એનાથી ચૈતન્યનો પ્રકાશ સમકિત થાય. અહીં તો વીતરાગી સમકિતનો પ્રકાશ એ નિજ આત્મા છે, કારણમાં. એનું કારણ નિજ આત્મા છે. આહાહા..! '**भूदत्थमस्सिदो खलु**' લીધું એ તો. એ ૧૧મી ગાથા છે. આહાહા..!

---

**अथ तेषामेव षड्द्रव्याणां संज्ञां कथयति चेतनाचेतनविभागं च कथयति –**

**१४३) जीउ सचेयणु दव्वु मुणि पंच अचेयण अण्ण।**
**पोग्गलु धम्माहम्मु णहु कालें सहिया भिण्ण।।१७।।**

**जीवः सचेतनं द्रव्यं मन्यस्व पञ्च अचेतनानि अन्यानि।**
**पुद्गलः धर्माधर्मौ नभः कालेन सहितानि भिन्नानि।।१७।।**

**जीउ इत्यादि। जीउ सचेयणु दव्वु चिदानन्दैकस्वभावो जीवश्चेतनाद्रव्यं भवति। मुणि मन्यस्व जानीहि त्वम्। पंच अचेयण पञ्चाचेतनानि अण्ण जीवादन्यानि। तानि कानि। पोग्गलु धम्माहम्मु णहु पुद्गलधर्माधर्मनभांसि कथंभूतानि तानि कालें सहिया कालद्रव्येण सहितानि। पुनरपि कथंभूतानि। भिण्ण स्वकीयस्वकीयलक्षणेन परस्परं भिन्नानि इति। तथाहि। द्विधा सम्यक्त्वं भण्यते सरागवीतरागभेदेन। सरागसम्यक्त्वलक्षणं कथ्यते। प्रशमसंवेगानुकम्पा-स्तिक्याभिव्यक्तिलक्षणं सरागसम्यक्त्वं भण्यते, तदेव व्यवहारसम्यक्त्वमिति तस्य विषयभूतानि षड्द्रव्याणीति। वीतरागसम्यक्त्वं निजशुद्धात्मानुभूतिलक्षणं वीतरागचारित्रा-विनाभूतं तदेव निश्चयसम्यक्त्वमिति। अत्राह प्रभाकरभट्टः। निजशुद्धात्मैवोपादेय इति रुचिरूपं निश्चयसम्यक्त्वं भवतीति बहुधा व्याख्यातं पूर्वं भवद्भिः, इदानीं पुनः वीतरागचारित्राविनाभूतं निश्चयसम्यक्त्वं व्याख्यातमिति पूर्वापरविरोधः कस्मादिति चेत्। निजशुद्धात्मैवोपादेय इति रुचिरूपं निश्चयसम्यक्त्वं गृहस्थावस्थायां तिर्थंकरपरमदेवभरतसगररामन्पाण्डवादीनां विद्यते, न च तेषां वीतरागचारित्रमस्तीति परस्परविरोधः, अस्ति चेत्तर्हि तेषामसंयतत्वं कथमिति**

पूर्वपक्षः। तत्र परिहारमाह। तेषां शुद्धात्मोपादेयभावनारूपं निश्चयसम्यक्त्वं विद्यते परं किंतु चारित्रमोहोदयेन स्थिरता नास्ति व्रतप्रतिज्ञाभङ्गो भवतीति तेन कारणेनासंयता वा भण्यन्ते। शुद्धात्मभावनाच्युताः सन्तः भरतादयो निर्दोषिपरमात्मनामर्हत्सिद्धानां गुणस्तववस्तुस्तवरूपं स्तवनादिकं कुर्वन्ति तच्चरितपुराणादिकं च समाकर्णयन्ति तदाराधकपुरुषाणामाचार्योपाध्यायसाधूनां विषयकषायदुर्ध्यानवञ्चनार्थं संसारस्थितिच्छेदनार्थं च दानपूजादिकं कुर्वन्ति तेन कारणेन शुभरागयोगात् सरागसम्यग्दृष्टयो भवन्ति। या पुनस्तेषां सम्यक्त्वस्य निश्चयसम्यक्त्वसंज्ञा वीतरागचारित्राविनाभूतस्य निश्चयसम्यक्त्वस्य परंपरया साधकत्वादिति। वस्तुवृत्त्या तु तत्सम्यक्त्वं सरागसम्यक्त्वाख्यं व्यवहारसम्यक्त्वमेवेति भावार्थः।।१७।।

---

आगे उन छह द्रव्योंके नाम कहते हैं –

गाथा – १७

अन्वयार्थ :– हे शिष्य, तू [ जीवः सचेतनं द्रव्यं ] जीव चेतनद्रव्य है, ऐसा [ मन्यस्व ] जान, [ अन्यानि ] और बाकी [ पुद्गलः धर्माधर्मौ ] पुद्गल धर्म, अधर्म, [ नभः ] आकाश [ कालेन सहिता ] और काल सहित जो [ पंच ] पाँच हैं, वे [ अचेतनानि ] अचेतन हैं और [ अन्यानि ] जीवसे भिन्न हैं, तथा ये सब [ भिन्नानि ] अपने–अपने लक्षणोंसे आपसमें भिन्न (जुदा–जुदा) हैं, काल सहित छह द्रव्य हैं, कालके बिना पाँच अस्तिकाय हैं।।

भावार्थ :– सम्यक्त्व दो प्रकारका है, एक सरागसम्यक्त्व दूसरा वीतरागसम्यक्त्व, सरागसम्यक्त्वका लक्षण कहते हैं। प्रशम अर्थात् शान्तिपना, संवेग अर्थात् जिनधर्मकी रुचि तथा जगतसे अरुचि, अनुकंपा परजीवोंको दुःखी देखकर दया भाव और आस्तिक्य अर्थात् देव–गुरु–धर्मकी तथा छह द्रव्योंकी श्रद्धा इन चारोंका होना वह व्यवहारसम्यक्त्वरूप सरागसम्यक्त्व है, और वीतरागसम्यक्त्व जो निश्चयसम्यक्त्व वह निजशुद्धात्मानुभूतिरूप वीतरागचारित्रसे तन्मयी है। यह कथन सुनकर प्रभाकरभट्टने प्रश्न किया। हे प्रभो, निज शुद्धात्मा ही उपादेय है, ऐसी रुचिरूप निश्चयसम्यक्त्वका कथन पहले तुमने अनेक बार किया, फिर अब वीतरागचारित्रसे तन्मयी निश्चयसम्यक्त्व है, वह व्याख्यान करते हैं, सो यह तो पूर्वापर विरोध है। क्योंकि जो निज शुद्धात्मा ही उपादेय हैं, ऐसी रुचिरूप निश्चयसम्यक्त्व तो गृहस्थमें तीर्थंकर परमदेव भरत चक्रवर्ती और राम, पांडवादि बड़े–बड़े पुरुषोंके रहता है, लेकिन उनके वीतरागचारित्र नहीं है। यही परस्पर विरोध है। यदि उनके वीतरागचारित्र माना जावे, तो गृहस्थपना क्यों कहा ? यह प्रश्न किया। उसका उत्तर श्रीगुरु देते हैं। उन महान् (बड़े) पुरुषोंके शुद्धात्मा उपादेय है ऐसी भावनारूप निश्चयसम्यक्त्व तो है, परन्तु चारित्रमोहके उदयसे स्थिरता नहीं है। जब तक महाव्रतका उदय नहीं है, तब तक असंयमी कहलाते हैं, शुद्धात्माकी

अखंड भावनासे रहित हुए भरत, सगर, राघव, पांडवादिक निर्दोष परमात्मा अरहंत सिद्धोंके गुणस्तवन वस्तुस्तवनरूप स्तोत्रादि करते हैं, और उनके चारित्र पुराणादिक सुनते हैं, तथा उनकी आज्ञाके आराधक जो महान पुरुष, आचार्य, उपाध्याय, साधु उनको भक्तिसे आहारदानादि करते हैं, पूजा करते हैं। विषय कषायरूप खोटे ध्यानके रोकनेके लिये तथा संसारकी स्थितिके नाश करनेके लिये ऐसी शुभ क्रिया करते हैं। इसलिये शुभ रागके संबंधसे सम्यग्दृष्टि हैं, और इनके निश्चयसम्यक्त्व भी कहा जा सकता है, क्योंकि वीतरागचारित्रसे तन्मयी निश्चयसम्यक्त्वके परम्पराय साधकपना है। अब वास्तवमें (असलमें) विचारा जावे, तो गृहस्थ अवस्थामें इनके सरागसम्यक्त्व ही है और जो सरागसम्यक्त्व है, वह व्यवहार ही है, ऐसा जानो।।१७।।

---

હવે, તે છ દ્રવ્યોના નામ કહે છે અને તેમનો ચેતન અને અચેતન એવો વિભાગ કહે છે :

ભાવાર્થ :- ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવો જીવ ચેતનદ્રવ્ય છે અને જે જીવદ્રવ્યથી અન્ય છે અને પોતપોતાનાં લક્ષણથી પરસ્પર જુદાં છે એવો પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળસહિત પાંચદ્રવ્યો અચેતન છે; એમ તું જાણ.

સમ્યક્‌ત્વ બે પ્રકારનું છે, એક સરાગ સમ્યક્‌ત્વ, બીજું વીતરાગ સમ્યક્‌ત્વ.

સરાગ સમ્યક્‌ત્વનું સ્વરૂપ કહેવામાં આવે છે. પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિ લક્ષણવાળું સરાગ સમ્યક્‌ત્વ છે, તે જ વ્યવહાર સમ્યક્‌ત્વ છે. તેના વિષયભૂત છ દ્રવ્યો છે. વીતરાગ ચારિત્રની સાથે અવિનાભાવી, નિજશુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ વીતરાગ-સમ્યક્‌ત્વ છે તે જ નિશ્ચયસમ્યક્‌ત્વ છે.

આ કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે હે પ્રભુ ! 'એક નિજશુદ્ધ આત્મા જ ઉપાદેય છે' એવી રુચિરૂપ નિશ્ચયસમ્યક્‌ત્વ છે એમ આપે પૂર્વે અનેકવાર કહ્યું છે અને અહીં આપ વીતરાગચારિત્રની સાથે અવિનાભૂત નિશ્ચયસમ્યક્‌ત્વ હોય છે એમ આપે કહ્યું, તો તેમાં પૂર્વાપર વિરોધ આવે છે. તો કેવી રીતે વિરોધ આવે છે એમ કહો, તો તેનું કારણ આ છે કે નિજશુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ નિશ્ચયસમ્યક્‌ત્વ ગૃહસ્થાવસ્થામાં તીર્થંકર પરમદેવ, ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી, રામ, પાંડવ આદિ મહાપુરુષોને હોય છે પણ તેમને વીતરાગચારિત્ર હોતું નથી, તો એ પ્રમાણે પરસ્પર વિરોધ આવે છે. જો આપ કહો કે તેમને વીતરાગ ચારિત્ર હોય છે તો તેમને અસંયતપણું કહ્યું છે તે કેવી રીતે ઘટી શકે?

તેનો પરિહાર કહે છે-તે મહાપુરુષોને 'શુદ્ધ આત્મા ઉપાદેય છે' એવી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્‌ત્વ હોય છે, પણ ચારિત્રમોહના ઉદયથી સ્થિરતા હોતી નથી, વ્રતપ્રતિજ્ઞાનો

**ભંગ થાય છે, તે કારણે તેમને અસંયત કહ્યા છે.**

**શુદ્ધ આત્માની ભાવનાથી ચ્યુત થતાં (જ્યારે શુદ્ધ આત્માની ભાવના રહેતી નથી ત્યારે) ભરતાદિ અર્હંત સિદ્ધ એવા નિર્દોષ પરમાત્માના ગુણસ્તવન, વસ્તુસ્તવનરૂપ સ્તવનાદિ કરે છે અને તેમના ચરિત્ર તથા પુરાણાદિક સાંભળે છે. તેમના આરાધક પુરુષો એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને વિષયકષાયના દુર્ધ્યાનની વંચના અર્થે, સંસારસ્થિતિના છેદન અર્થે દાનપૂજાદિક કરે છે તે કારણે શુભરાગના સંબંધથી તેઓ સરાગસમ્યગ્દષ્ટિ છે.**

**વળી, તેમના (સરાગ) સમ્યક્ત્વને નિશ્ચયસમ્યક્ત્વનું નામ પણ ઘટી શકે છે, કારણ કે તે વીતરાગચારિત્રની સાથે અવિનાભૂત નિશ્ચયસમ્યક્ત્વનું પરંપરાએ સાધક છે. વસ્તુતાએ (વાસ્તવિકપણે) તો સરાગસમ્યક્ત્વથી કહેવામાં આવતું તે સમ્યક્ત્વ વ્યવહારસમ્યક્ત્વ જ છે, એવો ભાવાર્થ છે. ૧૭.**

## ગાથા-૧૭ ઉપર પ્રવચન

હવે ૧૭મી ગાથા. મોટી લાંબી છે.

**'આગે ઉન છહ દ્રવ્યોંકે નામ કહતે હૈં-'** છ દ્રવ્ય છે ને? એ કહ્યું પહેલું કે છ દ્રવ્ય એ વ્યવહાર સમકિતનું કારણ છે. પણ છ દ્રવ્ય છે કોણ? એમ કહીને લાંબો વિસ્તાર કરશે. ૧૭.

**१४३) जीउ सचेयणु दव्वु मुणि पंच अचेयण अण्ण।**

**पोग्गलु धम्माहम्मु णहु कालें सहिया भिण्ण।।१७।।**

**અન્વયાર્થ :-** '**હે શિષ્ય, તૂ જીવ ચેતનદ્રવ્ય હૈ, ઐસા જાન,...**' એ ચેતનદ્રવ્ય જાણ, એમ. ચેતનદ્રવ્ય ભગવાનઆત્મા. છ દ્રવ્યમાં પણ જીવ છે એ ચેતનદ્રવ્ય છે. આ છ દ્રવ્યની વાત કરે છે હજી. '**ઔર બાકી પુદ્ગલ...**' આ શરીર, વાણી, મન, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ '**સહિત જો પાંચ હૈ, વે અચેતન હૈં ઔર જીવસે ભિન્ન હૈં,...**' આહાહા..! ચેતનસ્વરૂપ ભગવાનઆત્માથી પાંચ અચેતન તો તદ્દન ભિન્ન છે. આહાહા..! શરીર, વાણી, મન આ બધા તો અચેતન જડ, માટી છે. ચૈતન્યથી ભિન્ન છે. આહાહા..! છ દ્રવ્યમાં અજીવમાં આ શરીર આવ્યું. વાણી, મન, કર્મ એ બધું અજીવદ્રવ્યમાં આવ્યું. એક ચેતનદ્રવ્ય એ આત્મા છે. છ દ્રવ્યમાં પણ અહીં તો હજી. છ દ્રવ્યની વ્યવહાર શ્રદ્ધા કરવામાં પણ મન, વાણી, દેહ એ બધા અજીવ અને પુદ્ગલમાં ગયા. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર શ્રદ્ધામાં પણ આ પ્રમાણે છે. નિશ્ચય સમ્યગ્દર્શનની ભૂમિકામાં છ દ્રવ્યનું કારણ સમકિતનું કારણ, એમાં આ આવ્યું. આહાહા..! મન, વાણી, દેહ પુદ્ગલ છે, અજીવ છે.

'**તથા યે સબ અપને-અપને લક્ષણોંસે આપસમેં ભિન્ન (જુદા-જુદા) હૈં,...**' લ્યો!

એમ બે વાત લીધી. દરેક દ્રવ્ય પોતપોતાના લક્ષણથી ભિન્ન છે. અહીં બે વાત કરી. એક ચૈતન્ય દ્રવ્યથી પાંચ દ્રવ્ય અચતેન ભિન્ન અને એ દરેક દ્રવ્ય પણ પોત પોતાના લક્ષણથી પરથી ભિન્ન. આહાહા..! આ વ્યવહાર સમકિતમાં પણ આવી એને શ્રદ્ધા હોવી જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**તથા યે સબ અપને-અપને લક્ષણોંસે આપસમેં ભિન્ન (જુદા-જુદા) હૈ, કાલ સહિત છહ દ્રવ્ય હૈં.**' અસંખ્ય કાળદ્રવ્ય છે. કાળ અસ્તિ છે પણ અસ્તિકાય નથી. કાળ વિના પાંચ અસ્તિકાય છે. આ તો હજી વ્યવહાર સમકિતના કારણરૂપ છ દ્રવ્યની શ્રદ્ધાની ઓળખાણ કરાવે છે. નિશ્ચય સમકિત જેને હોય એને આવું વ્યવહાર સમકિત પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી હોય એમ કહે છે. છતાં એ વ્યવહાર સમકિત નિશ્ચયનું કારણ નથી. હોય છે, વસ્તુ છે. જેમ નિમિત્ત વસ્તુ છે, પણ નિમિત્ત પરનું કરતું નથી. એમ વ્યવહાર વસ્તુ છે, પણ વ્યવહાર નિશ્ચયને કરતું નથી. આમાં મોટો ફેર છે. આહાહા..!

**ભાવાર્થ :-** '**સમ્યક્ત્વ દો પ્રકારકા હૈ, એક સરાગસમ્યક્ત્વ દૂસરા વીતરાગ સમ્યક્ત્વ, સરાગસમ્યક્ત્વકા લક્ષણ કહતે હૈં. પ્રશમ અર્થાત્ શાન્તિપના,...**' સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા પાંચ છે ને? '**શાન્તિપના, સંવેગ અર્થાત્ જિનધર્મકી રુચિ તથા જગતસે અરુચિ,...**' સંવેગ. '**અનુકંપા પરજીવોંકો દુઃખી દેખકર દયા ભાવ ઔર આસ્તિક્ય અર્થાત્ દેવ-ગુરુ-ધર્મકી તથા છહ દ્રવ્યોંકી શ્રદ્ધા...**' જુઓ! આહાહા..! સરાગ સમકિતના આ પ્રકાર છે. એને દેવ-ગુરુ-ધર્મની, છ દ્રવ્યની શ્રદ્ધા (હોય) '**ઈન ચારોંકા હોના વહ વ્યવહારસમ્યક્ત્વરૂપ સરાગસમ્યક્ત્વ હૈ,...**' આહાહા..! આગળ વધારે કહેશે.

'**ઔર વીતરાગસમ્યક્ત્વ જો નિશ્ચયસમ્યક્ત્વ વહ નિજશુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રસે તન્મયી હૈ.**' અહીં જરી ફેરવશે હવે. '**વીતરાગસમ્યક્ત્વ જો નિશ્યસમ્યક્ત્વ વહ નિજશુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રસે તન્મયી હૈ.** આહાહા..! **યહ કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા.** હે **પ્રભો, નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વકા કથન પહલે તુમને અનેક બાર કિયા,...**' નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય, આદરણીય છે અંદર. જેમાં નિમિત્ત, રાગ અને પર્યાય પણ નહિ. ઉપાદેયમાં. આહાહા..! જેમાં સંવર, નિર્જરા અને મોક્ષ પણ ઉપાદેય નહિ. આહાહા..! છે ને? નિજ શુદ્ધાત્મા જ અંદર દૃષ્ટિમાં આદરણીય છે. '**ઐસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વકા કથન પહલે તુમને અનેક બાર કિયા, ફિર અબ વીતરાગચારિત્રસે તન્મયી નિશ્ચયસમ્યક્ત્વ હૈ, વહ વ્યાખ્યાન કરતે હૈં, સો યહ તો પૂર્વાપર વિરોધ હૈ.**' એનો ખુલાસો કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૧૩, ગુરુવાર
## તા. ૨૧-૧૦-૧૯૭૬, ગાથા-૧૭, પ્રવચન નં. ૧૧૦

'પરમાત્મપ્રકાશ'. ગાથા-૧૭. અહીં સુધી (ચાલ્યું છે). ફરીને લઈએ. જુઓ!

**'દેવ-ગુરુ-ધર્મકી તથા છહ દ્રવ્યોંકી શ્રદ્ધા ઈન ચારોંકા હોના...'** પ્રશમ, સંવેગ, નિર્વેગ, અનુકંપા, આસ્થા. એ ચારનું હોવાપણું એ વ્યવહારસમકિત, સરાગસમકિત છે. ધ્યાન રાખજો જરી, આજ બીજી અપેક્ષા છે. **'ઔર વીતરાગસમ્યક્ત્વ જો નિશ્ચયસમ્યક્ત્વ વહ નિજશુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રસે તન્મયી હૈ.'** એ શું કહે છે? છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે. પણ સાથે રાગ છે એથી ગણીને એને સરાગ સમકિત કહેવામાં આવ્યું છે. ચારિત્રદોષના સંબંધથી. સમકિત તો ત્યાં નિશ્ચય છે. પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય એ ઉપાદેય છે એવી દૃષ્ટિ ચોથા ગુણસ્થાનમાં નિશ્ચયથી છે. એ છઠ્ઠામાં પણ છે. પણ અહીં બીજી અપેક્ષા લે છે. એ હવે શિષ્યનો પ્રશ્ન છે.

**'જો નિશ્ચયસમ્યક્ત્વ વહ નિજશુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રસે તન્મયી હૈ.'** એમ આચાર્યે કહ્યું. શું કહ્યું એ? કે નિશ્ચય સમકિત છે એ વીતરાગ ચારિત્રથી એકમેક હોય તેને નિશ્ચય સમ્યક્ કહીએ. અહીં ગુરુનો જવાબ સાંભળીને શિષ્યને પ્રશ્ન પછી થશે. શું કહ્યું એ? કે છઠ્ઠા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, છે તો એ આત્માના આશ્રયે થયેલી દૃષ્ટિ, તેથી છે તો એ નિશ્ચય. પણ સાથમાં રાગનો ભાગ ચારિત્રનો દોષ છે એ અપેક્ષાએ તેને સરાગ સમકિતી અથવા છઠ્ઠા ગુણસ્થાનમાં એને વ્યવહાર કહેવામાં આવ્યો છે. પછી જ્યારે વીતરાગ ચારિત્ર થાય છે ત્યારે વીતરાગ ચારિત્રની સહિત જે સમકિત છે એને નિશ્ચય સમકિત વીતરાગ ચારિત્રની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'યહ કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા.'** શિષ્યે પ્રશ્ન કર્યો. **'પ્રભુ, નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...'** શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ આત્મા, એ જ પર્યાયમાં વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી શુદ્ધ આત્મા એ જ આદરણીય, ઉપાદેય અને ધ્યેય છે. એમ તો આપે કહ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..! **'નિજ શુદ્ધાત્મા હી...'** એમ શબ્દ છે ને? નિમિત્ત પણ નહિ, રાગ પણ નહિ અને પર્યાય પણ નહિ. શુદ્ધ આત્મા જે ધ્રુવ, અનાદિઅનંત શાશ્વત ચીજ એ જ સમ્યગ્દર્શનની પર્યાયમાં ઉપાદેય છે. એને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે. **'ઐસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વકા કથન પહલે તુમને અનેક બાર કિયા,...'** સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા એવો જે શુદ્ધાત્મા એ જ પર્યાયમાં આદરણીય અને ઉપાદેય છે. અને તેને આપે નિશ્ચય સમકિત કહ્યું છે. સમજાણું કાંઈ?

**'ફિર અબ વીતરાગચારિત્રસે તન્મયી નિશ્ચયસમ્યક્ત્વ હૈ, વહ વ્યાખ્યાન કરતે હૈં, સો**

**યહ તો પૂર્વાપર વિરોધ હૈ.**' શિષ્યનો પ્રશ્ન સમજાય છે? કે પ્રથમ આપ એમ કહેતા હતા, શું કહેતા હતા? કે શુદ્ધ આત્મા પૂર્ણાનંદનો નાથ ઉપાદેય છે, એની દૃષ્ટિ તે નિશ્ચય છે. અને અહીંયાં વળી તમે કહો છો કે વીતરાગ ચારિત્ર હોય ત્યારે નિશ્ચય સમકિત હોય. એ તો પૂર્વાપર વિરોધ થયો. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષા છે એ સમજવું જોઈએ. '**વહ વ્યાખ્યાન કરતે હૈં, સો યહ તો પૂર્વાપર વિરોધ હૈ. ક્યોંકિ જો નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈં, ઐસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો ગૃહસ્થમેં તીર્થંકર...**' પરમેશ્વર એને પણ હોય છે ગૃહસ્થાશ્રમમાં. તીર્થંકરો મુનિ ન થાય ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં પણ નિશ્ચય સમકિત તો હોય છે એને. ચોથે-પાંચમે ગુણસ્થાને હોય. નિશ્ચય છે.

'**પરમદેવ ભરત ચક્રવર્તી...**' જુઓ! ગૃહસ્થાશ્રમમાં હતા પણ નિશ્ચય સમકિત તો છે. શુદ્ધ ભગવાનઆત્મા જ આદરણીય છે. નિમિત્ત, રાગ અને પર્યાય નહિ. એવી અંતરમાં અનુભવની દૃષ્ટિ થઈ, એ તો '**ભરત ચક્રવર્તી (સગર ચક્રવર્તી) ઔર રામ, પાંડવાદિ...**' 'રામચંદ્રજી' મહાપુરુષ ગૃહસ્થાશ્રમમાં હતા. પાંડવો ગૃહસ્થાશ્રમમાં હતા. '**બડે-બડે પુરુષોંકે રહતા હૈ,...**' શું કહ્યું એ? મોટા મોટા પુરુષને પણ ગૃહસ્થાશ્રમમાં નિશ્ચય સમકિત તો આપ કહેતા આવ્યા છો અને હોય છે. 'રતિભાઈ'!

'**લેકિન ઉનકે વીતરાગચારિત્ર નહીં હૈ.**' ગૃહસ્થાશ્રમમાં તીર્થંકરદેવ, 'ભરત' આદિ ચક્રવર્તી એને કાંઈ વીતરાગ ચારિત્ર નથી. છતાં આપ તો પહેલેથી કહેતા આવ્યા છો કે એને નિશ્ચય સમકિત હોય છે. શુદ્ધ ઉપાદાન આત્માને ઉપાદેય ગણીને જે અનુભવ થયો એનું નામ સમકિત અને એ નિશ્ચય છે. '**યહી પરસ્પર વિરોધ હૈ.**' શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે 'ફૂલચંદજી'? શું કીધું સમજાણું? આપ પહેલા એમ કહેતા આવ્યા છો કે ગૃહસ્થાશ્રમમાં પણ તીર્થંકરોને, ચક્રવર્તીને શુદ્ધ ભગવાનઆત્મા આનંદરૂપ ઉપાદેય છે એવી દૃષ્ટિ અને રુચિ થઈ છે, તેને આપે નિશ્ચય સત્ય સમકિત કહ્યું છે. અહીંયાં વળી તમે વીતરાગ ચારિત્ર હોય ત્યારે નિશ્ચય સમકિત હોય એમ જે આપ કહો છો તો પૂર્વાપર વિરોધ થઈ ગયો. સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! ઝીણી વાતું છે. આહાહા..! 'દેવીલાલજી'!

આપ તો અત્યાર સુધી એમ કહેતા હતા કે આ આત્મા આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, શુદ્ધાત્મા એ અંતરમાં ઉપાદેય, આદરણીય, સત્કાર, સ્વીકાર કરનારને નિશ્ચય સમ્યગ્દર્શન હોય છે. એમ તો આપ અત્યાર સુધી કહેતા આવ્યા છો. વળી અહીંયાં એમ કહો છો કે નિશ્ચય સમ્યગ્દર્શન તો વીતરાગ ચારિત્ર હોય ત્યાં હોય છે. ચારિત્રની વીતરાગતા હોય છે ત્યાં નિશ્ચય હોય છે. આ તો પૂર્વાપર વિરોધ થયો. 'દેવીલાલજી'! આહાહા..! '**લેકિન ઉનકે વીતરાગચારિત્ર નહીં હૈ.**' 'રામચંદ્રજી', 'પાંડવો', તીર્થંકરો ગૃહસ્થાશ્રમમાં (હતા) એને વીતરાગ ચારિત્ર નથી. એ તો અસંયમી છે. કાં સંયમી-સંયમી કોઈ હોય છે.

'**યદિ ઉનકે વીતરાગચારિત્ર માના જાવે, તો ગૃહસ્થપના ક્યોં કહા?**' 'ભરત' ચક્રવર્તી, ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકરો ગૃહસ્થાશ્રમમાં છે. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ'. જેને છન્નું

હજાર તો સ્ત્રી હતી. એ ગૃહસ્થાશ્રમમાં હતા. એને વીતરાગચારિત્ર તો નથી. સમજાય છે કાંઈ? એ તો અસંયમી હતા. અને કોઈ પાંચમે ગુણસ્થાને તીર્થંકર આદિ આગળ ગયા હોય. પણ એ કાંઈ વીતરાગ ચારિત્ર નહોતું એને. '**યહ પ્રશ્ન કિયા.**' '**વીતરાગચારિત્ર માના જાવે, તો ગૃહસ્થપના ક્યોં કહા? યહ પ્રશ્ન કિયા.**'

'**ઉસકા ઉત્તર શ્રીગુરુ દેતે હૈં. ઉન મહાન (બડે) પુરુષોંકે શુદ્ધાત્મા ઉપાદેય હૈ ઐસી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો હૈ,**' પૂર્ણ વીતરાગ ચારિત્ર સહિતનું નથી. પણ સમ્યગ્દર્શન જે નિશ્ચય છે એ તો છે. આહાહા..! આ બધા વાત કરે છે ને કે 'જયસેનાચાર્ય'માં ચોથે ગુણસ્થાને સરાગસમકિત કહ્યું છે, વ્યવહારસમકિત કહ્યું છે, નિશ્ચય નહિ. એય..! 'ચેતનજી'! તમારા મિત્ર. આ તો પૂર્વની... આહાહા..! અહીં કહે છે, સાંભળ, ભાઈ! '**ઉન મહાન (બડે) પુરુષોંકે શુદ્ધાત્મા ઉપાદેય હૈ...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય તો શુદ્ધાત્મા જ છે. શુદ્ધાત્મા જ છે. આહાહા..! અને એને ધ્યેય બનાવવાથી જ સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભાવના લેવી?

ઉત્તર :- ભાવનાનો અર્થ એકાગ્ર છે. નિશ્ચયથી તો એકાગ્ર છે. સમકિતની અપેક્ષાએ, હોં!

'**ઐસી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો હૈ,...**' પણ ઓલું વીતરાગ ચારિત્રસહિત નથી એથી ભાષા એમ લીધી છે. આહાહા..! '**પરંતુ ચારિત્રમોહકે ઉદયસે સ્થિરતા નહીં હૈ.**' આ લીધી. અસ્થિરતા છે હજી. ચોથે ગુણસ્થાને પાંચમે આદિ અસ્થિરતા રાગભાગ આવે છે ને દોષ? આહાહા..!

મુમુક્ષુ :- કષાય..

ઉત્તર :- કષાયસહિતના રાગને અહીંયાં છે તો નિશ્ચય. પણ કષાયસહિતવાળાને સરાગ કહીને વ્યવહાર કહેશે. ચારિત્રની પ્રધાનતાથી વાત કરે છે. શું કહ્યું સમજાય છે કાંઈ? છે તો આત્મા અંદર શુદ્ધાત્માની પ્રતીત અનુભવ થયો. એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. પણ સાથે ચારિત્રનો દોષ છે એ અપેક્ષાએ એને સરાગ કહીને વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. ચારિત્રદોષની અપેક્ષાએ. વસ્તુની દૃષ્ટિ સમકિતની અપેક્ષાએ તો નિશ્ચય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- કઠણ પડે એવું છે.

ઉત્તર :-કઠણ છે પણ હળવે હળવે તો કહેવાય છે. 'પ્રવિણભાઈ'! કહે છે, કઠણ પડે એવું છે. આહાહા..!

વાત તો એમ કહી કે સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય તો શુદ્ધાત્મા જ છે. પૂર્ણ દ્રવ્ય સ્વભાવ. અને તેથી તે દ્રવ્ય સ્વભાવનો ઉપાદેયપણે અનુભવ થયો એ સમકિતને નિશ્ચય સમકિત જ કહેવાય છે. સમકિતની અપેક્ષાએ. પણ તેની સાથે રાગનો દોષ છે, અસ્થિરતા છે, વિષયવાસના આવે છે. લડાઈનો રાગ આવે છે. વગેરે.. વગેરે. એ અસ્થિરતાની અપેક્ષાએ એને વીતરાગ

ચારિત્ર નથી. અને વીતરાગ ચારિત્ર સાથે જે નિશ્ચય જોઈએ તે નથી. તેથી તેને સરાગસમકિત કહેવામાં આવે છે. સમકિત તો નિશ્ચય છે વીતરાગ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વીતરાગ હોય એને સરાગ કહેવું?

ઉત્તર :- એ ચારિત્રદોષની અપેક્ષાએ એને સરાગ કહેવું એમ કહેવું છે.

મુમુક્ષુ :- અસ્થિરતાનો?

ઉત્તર :- અસ્થિરતા છે ને. સમજાણું કાંઈ? છે તો નિશ્ચય. પણ ચારિત્રની પ્રધાનતાથી અહીં કથન કરવામાં આવ્યું છે. વીતરાગ ચારિત્ર જ્યાં આગળ અસ્થિરતા છે ત્યાં આગળ એને સમકિતને નિશ્ચય વીતરાગ ચારિત્રની અપેક્ષાએ નિશ્ચય કહેવું. અને નીચે સરાગ છે છઠ્ઠે ગુણસ્થાને હજી. પંચમહાવ્રતાદિના ભાવ શુભાદિ છે. અને ગૃહસ્થાશ્રમમાં પણ શુભભાવ છે. એથી શુભરાગના સંબંધે જે સમકિત છે એને સરાગ સમકિત ચારિત્રની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ અપેક્ષાએ વ્યવહાર. ચારિત્રની અપેક્ષાએ એને વ્યવહાર કહ્યો. વીતરાગતા નથી એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? અરે..! એને આ સમજવું પડશે, બાપુ!

અનંતકાળમાં દુઃખી થઈ ગયો છે. ચોર્યાશીના અવતાર કરી કરીને અનંત અવતાર કર્યા. દુઃખી... દુઃખી... દુઃખી... એના દુઃખની વાતું શાસ્ત્ર કરે. ભાઈ! તારા દુઃખની શું વાતું કરવી, બાપુ! અનંતકાળમાં તેં દુઃખ સહ્યા છે. એ દેવ અને શેઠાઈમાં પણ દુઃખ જ છે. રાગના દુઃખ છે ત્યાં. ક્લેશ છે, આનંદનો અભાવ છે. આહાહા..! એ મટાડવા માટે પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન તો એણે પ્રગટ કરવું જોઈએ. એ સમ્યગ્દર્શન કેમ થાય? એ શુદ્ધાત્મા પૂર્ણાનંદ દ્રવ્યસ્વભાવ, એને પર્યાયમાં ધ્યાનનો વિષય બનાવી, પર્યાય ધ્યાન, એનો વિષય દ્રવ્યને બનાવી... આહાહા..! અને જેની અંતરમાં, આ આત્મા આનંદ છે એવું જ્ઞાન થયું એમાં જે રુચિ થાય તેને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? ભલે રાગનો દોષ હો પણ સમકિતની અપેક્ષાએ તેને નિશ્ચય કહે છે. પણ હવે રાગના દોષ સહિત જ્યારે કહેવું હોય,.. સમજાય છે? ત્યારે તેને વ્યવહાર સમકિત (કહેવાય છે). ઓલું સરાગપણું છે ને? વીતરાગતા આવી નથી. કેમકે આત્માનું જેવું વીતરાગસ્વરૂપ છે, વસ્તુ તો વીતરાગ સ્વરૂપ છે, એની પ્રતીતિ અને અનુભવ થયો છે પણ વીતરાગતા પર્યાયમાં આવી નથી. આહાહા..! તે અપેક્ષાએ વીતરાગ ચારિત્રની અપેક્ષા લઈને તે સમકિતને. છે તો નિશ્ચય પહેલેથી. પણ ચારિત્રની વીતરાગની અપેક્ષાએ એને નિશ્ચય સમકિત કહ્યું. અહીં બીજી વાત કરશે હજી. સમજાણું કાંઈ? ઘણા વખતનો વિષય ચાલે કે નિશ્ચય ચોથે-ચોથે (હોય). હવે અહીંયાં ચોથે, પાંચમે, છઠ્ઠે પણ હજી સરાગ છે એમ કહે. કઈ અપેક્ષાએ કહ્યું? કેમકે આત્મા વીતરાગસ્વરૂપ છે, એનો અનુભવ અને પ્રતીત થઈ છે. પણ વીતરાગતા પર્યાયમાં આવી નથી ત્યાં સુધી રાગના દોષની અપેક્ષાએ, ચારિત્રના દોષની અપેક્ષાએ તે સમકિતને સરાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! 'પ્રેમચંદજી'! આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રનું જોર આપવાનું છે.

ઉત્તર :- ચારિત્રદોષનો અભાવ કરવા માટેની વાત કરી. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

'**પુરુષોંકે શુદ્ધાત્મા ઉપાદેય હૈ ઐસી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો હૈ, પરંતુ ચારિત્રમોહકે ઉદયસે સ્થિરતા નહીં હૈ. જબ તક મહાવ્રતકા ઉદય નહીં હૈ,...**' આ તો ગૃહસ્થાશ્રમ લીધું પહેલું? '**તબ તક અસંયમી કહલાતે હૈં,...**' જ્યાં સુધી ચારિત્ર નથી, છઠ્ઠું ગુણસ્થાન નથી, ત્યાં સુધી તો તે અસંયમી કહેવાય છે. આહાહા..! '**શુદ્ધાત્માકી અખંડ ભાવનાસે રહિત...**' જુઓ! '**શુદ્ધાત્માકી અખંડ ભાવનાસે રહિત હુએ...**' અંદરમાં શુદ્ધાત્માની અખંડ ભાવનામાં સ્થિર નથી ત્યારે '**ભરત, સગર, રાઘવ, પાંડવાદિક...**' રાઘવ એટલે 'રામ'. 'ભરત' ચક્રવર્તી, 'સગર' ચક્રવર્તી, 'રાઘવ' એટલે 'રામ', પાંડવ આદિ '**નિર્દોષ પરમાત્મા અરહંત સિદ્ધોંકે ગુણસ્તવન વસ્તુસ્તવનરૂપ સ્તોત્રાદિક કરતે હૈં,...**' શુભરાગથી.

'રામચંદ્રજી' આદિ. '**સગર**' **આદિ** '**ભરત**' **આદિ એ** '**નિર્દોષ પરમાત્મા અરહંત સિદ્ધોંકે ગુણસ્તવન...**' કરતા હતા. એ શુભરાગ છે. '**વસ્તુસ્તવનરૂપ સ્તોત્રાદિ કરતે હૈં,...**' વસ્તુ જેવી છે તેનું વિકલ્પથી સ્તવન, ગુણગ્રામ કરતા હતા. પૂર્ણાનંદનો નાથ આત્મા છે, શુદ્ધ છે, અખંડ છે, એમ વિકલ્પ દ્વારા વસ્તુની સ્તુતિ પણ કરતા હતા. ગુણ અને દ્રવ્ય એમ બે લીધું, ભાઈ! ગુણસ્તવન અને વસ્તુસ્તવન. ગુણસ્તવન કે ભગવાનઆત્મા અનંત આનંદ, જ્ઞાન, દર્શન આનંદ આદિ ગુણસ્તવન. વસ્તુસ્તવન-દ્રવ્યસ્વભાવ, પૂર્ણ છે એવું સ્તવન. એ વસ્તુસ્તવન પણ એ છે વિકલ્પ. સમજાય છે કાંઈ? આહાહા..!

'**વસ્તુસ્તવનરૂપ સ્તોત્રાદિક કરતે હૈં,...**' સ્તવન કરતા હતા, ભક્તિ કરતા હતા. '**ઔર ઉનકે ચારિત્ર પુરાણાદિક સુનતે હૈં,...**' ચારિત્ર અને પુરાણાદિ સાંભળતા હતા. '**ઉનકી આજ્ઞાકે આરાધક જો મહાન પુરુષ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઉનકો ભક્તિસે આહારદાનાદિ કરતે હૈં,...**' નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ છે પણ વ્યવહારમાં રાગસહિત ક્રિયામાં જોડાતા હતા. આ ક્રિયાઓ રાગની. પૂજા કરતા હતા. '**આચાર્ય, ઉપાધ્યાય, સાધુ...**' આહાહા..! '**ઉનકો ભક્તિસે આહારદાનાદિ કરતે હૈં,...**' એ શુભભાવ છે ને? '**વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે તથા સંસારકી સ્થિતિ...**' સમ્યગ્દૃષ્ટિ છે પણ રાગ ઘટાડે છે એટલી સંસારની સ્થિતિ ઘટી જાય છે. સમજાય છે કાંઈ? રાગ કષાય છે એ સ્થિતિ અને રસ પાડનાર છે ને? જોગ છે એ પ્રકૃતિ અને પ્રદેશનું કારણ છે અને કષાય છે એ સ્થિતિ અને અનુભાગનું કારણ છે. તો શુભભાવમાં કર્મની સ્થિતિ ઘટે છે. એટલો સંસાર ઘટે છે. સમજાણું કાંઈ? પણ સમ્યગ્દર્શન સહિતની આ વાત છે.

મુમુક્ષુ :- શુભથી ધર્મ થાય એમ આવ્યું ખરું.

ઉત્તર :- એમ ધર્મ થાય એમ અહીં કહ્યું નથી.

અહીંયાં તો નિશ્ચય શુદ્ધની પરિણતિ સમ્યક્‌ની છે પણ સાથે વીતરાગ સ્થિરતા નથી

તેથી તેને.. એમ કહ્યું ને? '**શુદ્ધાત્માકી અખંડ ભાવનાસે રહિત...**' એમ કીધું. અખંડ ભાવના જે અંદર સ્થિર થવું એ ભાવના નથી. એથી આ શુભભાવ આવે છે. '**સંસારકી સ્થિતિકે નાશ કરનેકે લિયે ઐસી શુભ ક્રિયા કરતે હૈં.**' લ્યો, ઠીક! એક બાજુ કહે કે સમ્યગ્દૃષ્ટિ શુભનો કર્તા નથી. શુભભાવનો એ જ્ઞાતા છે. કઈ અપેક્ષાએ કહે છે?

મુમુક્ષુ :- આચાર્યો મતભેદવાળા..

ઉત્તર :- ના, ના મતભેદ બિલકુલ નથી. કહો, 'ચેતનજી'! આ તમારા 'વિકાસચંદજી' એ કહે છે. 'વિકાસ'.

'**ઈસલિયે શુભ રાગકે સંબંધસે સમ્યગ્દૃષ્ટિ હૈ,...**' જુઓ! શુભક્રિયા કરે છે. પરિણમન છે ને? એ અપેક્ષાએ કર્તા પણ કહેવામાં આવે છે. કરવા લાયક છે એ અપેક્ષાએ નહિ. જેને 'પ્રવચનસાર'માં કહ્યું કે શુભપરિણતિ કરે છે. સમકિતી છઠ્ઠે પણ શુભ કરે છે. એમ જ્ઞાન જાણે છે. દૃષ્ટિની અપેક્ષાના વિષયમાં ન આવે. પણ દૃષ્ટિ સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન બરાબર જાણે કે અંશે અંશ રાગ જેટલું પરિણમન (છે) એ મારું કર્તૃત્વ છે. અને અંશે અંશ રાગનું ભોક્તાપણું એ મારું ભોક્તાપણું છે. આહાહા..! એમ જ્ઞાન જાણે છે. અરે..! આવી વાતું.

બપોરે એમ કહ્યું હતું કે શુભભાવનો કર્તા સમકિતી નથી. અત્યારે કહે છે કે શુભક્રિયા કરે છે. એ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. વ્યવહાર આવે છે ને અંદર? જ્યાં સુધી વીતરાગ નથી થયો, સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું, વીતરાગ નથી એટલે એને શુભભાવ અશુભને ટાળવા માટે આવે. કહેશે એ. '**વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે...**' લ્યો! અશુભને રોકવા માટે શુભભાવ આવે. છતાં એ છે પુણ્યબંધનું કારણ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... સ્થિતિ ઘટાડે.

ઉત્તર :- સ્થિતિનો અર્થ કે કષાયથી સ્થિતિ છે અને કષાય ઘટાડ્યો છે તો સ્થિતિ ઘટે છે. એમ કીધું. કષાયથી સ્થિતિ ને રસ પડે છે, તો તીવ્ર કષાય હોય તો સ્થિતિ, રસ વધારે હોય, મંદ રાગ કષાયથી સંસારની સ્થિતિ, કર્મની ઘટે છે, ઓછી કરે છે. એમ. સમજાણું કાંઈ? આજનો અધિકાર જરી.. એવો માર્ગ છે, બાપુ! આચાર્યોએ વીતરાગ ચારિત્રનું જોર દઈને અહીં વાત કરી છે. આહાહા..!

'**સંસારકી સ્થિતિકે નાશ કરનેકે લિયે ઐસી શુભ ક્રિયા કરતે હૈં. ઈસલિયે...**' જુઓ! હવે આવ્યું. '**શુભ રાગકે સંબંધસે સમ્યગ્દૃષ્ટિ હૈં,...**' ઓલો રાગ છે ને શુભભાવ? એના સંબંધથી એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એમ કહે છે. એટલે ચારિત્રદોષના સહિતવાળાને સરાગસમકિતી કહ્યું. સમકિત તો સમકિત જ છે નિશ્ચય. પણ ચારિત્રના દોષસહિતવાળાને સરાગસમકિત કહ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. વ્યવહાર કહ્યો.

ઉત્તર :- એને વ્યવહાર કહેઈં. પણ છઠ્ઠા ગુણસ્થાને હજી પૂર્ણ વીતરાગતા નથી એટલે એને વ્યવહાર કહેશે. છઠ્ઠા સુધી વ્યવહાર કહેશે. અહીં તો હજી ગૃહસ્થાશ્રમની વાત લીધી છે.

નહિતર છઠ્ઠા ગુણસ્થાન સુધી વ્યવહાર છે અને સાતમા પછી નિશ્ચય છે. આહાહા..! આવી વાતું.

મુમુક્ષુ :- ઘણા પંડિતો કહે છે કે સાતમે અને આઠમે જ નિશ્ચય હોય છે.

ઉત્તર :- એ બધી ખોટી વાતું. એ તો ક્રિયાનું જોર દેવું છે એને. અહીં તો ચારિત્રનું જોર દઈને વીતરાગ ચારિત્ર થાય ત્યાં નિશ્ચય સમકિત (છે), એમ કહેવું છે. એ લોકોને તો એમ કહેવું છે બહુ ઊંચી શુભ ક્રિયા કરે અને સાતમે જાય ત્યારે નિશ્ચય સમકિત થાય. એમ કહે છે. એમ અહીં નથી.

અહીંયાં તો રાગનો શુભનો દોષ છે, એની અપેક્ષાએ સમકિત અનુભવ તો નિશ્ચય છે તે નિશ્ચય છે. પણ રાગવાળો છે માટે ઓલા ચારિત્રદોષની અપેક્ષાએ સરાગસમકિત કહ્યું છે. અને તેને વ્યવહાર પણ કહ્યો છે એ અપેક્ષાએ. એનો અભાવ કરીને જ્યારે અનુભવમાં વીતરાગ ચારિત્રમાં ઠરે ત્યારે એને નિશ્ચય ચારિત્રસહિત (કહેવાય). અથવા બીજી રીતે કહેશે અહીંયાં. બીજી રીતે કહેશે. જુઓ!

‘**ઈનકે નિશ્ચયસમ્યક્ત્વ ભી કહા જા સકતા હૈ, ક્યોંકિ...**’ લ્યો, એક બીજી વાત કહે છે. ‘**વીતરાગચારિત્રસે તન્મયી નિશ્ચયસમ્યક્ત્વકે પરંપરાય સાધકપના હૈ.**’ શું કહ્યું એ? કે વીતરાગચારિત્રથી તન્મય એવું નિશ્ચય સમકિત એનું. આ સરાગસમકિત. સમકિત તો નિશ્ચય છે પણ રાગવાળું છે એ વીતરાગી ચારિત્રનું પરંપરા કારણ છે. વીતરાગી ચારિત્રનું પરંપરા કારણ છે માટે એને પણ નિશ્ચય સમકિત કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- એક નક્કી ..

ઉત્તર :- નક્કી જ છે બધું. જે અપેક્ષાએ જ્યાં કહ્યું તે જ અપેક્ષાએ એને જાણવું જોઈએ. કહો, ‘તારાચંદજી’! આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય સમ્યક્ત્વનો ખુલાસો બહુ સારો કર્યો.

ઉત્તર :- હા, ખુલાસો કર્યો. ‘ચંદુભાઈ’! આ ખુલાસો તો..

મુમુક્ષુ :- નિશ્ચય સમકિતને વ્યવહાર સમકિત કહ્યું.

ઉત્તર :- એ કઈ અપેક્ષાએ? રાગ સંબંધની અપેક્ષાએ. રાગની મુખ્યતા ગણીને એને વ્યવહાર સમકિત કહ્યું. પણ વસ્તુ તો નિશ્ચય છે. સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં કીધું ને કે નિશ્ચય સમકિત સહિત સરાગ છે એથી એની પરંપરા કારણ નિશ્ચય વીતરાગસહિત સમકિતનું રાગસહિત સમકિત, સમકિત તો નિશ્ચય છે પણ ઓલું રાગસહિત છે એ પરંપરા કારણ કહ્યું. એને છોડીને વીતરાગ ચારિત્ર થશે માટે પરંપરા કારણ કહ્યું. અરે..! આજે બધું કાંઈક અટપટું છે. આજે ધનતેરશ છે. લક્ષ્મીપૂજન. સ્વરૂપ લક્ષ્મીપૂજન, હોં! સ્વરૂપલક્ષ્મી. આહાહા..!

સ્વરૂપ જ વીતરાગ સ્વરૂપ જ છે. એની દૃષ્ટિ-રુચિ થઈ એ અપેક્ષાએ સમકિતને નિશ્ચય કહ્યું પણ વીતરાગ સ્વરૂપ છે પોતે એવી પરિણતિ વીતરાગ ચારિત્ર ન થાય ત્યાં સુધી

સરાગના સંબંધે સમકિત ગણીને તેને વ્યવહાર કહ્યો છે. 'ફૂલચંદજી'! સમજાય છે કાંઈ? અને તેથી એમ પણ કહ્યું. કહ્યું ને? **'ઈનકે નિશ્ચયસમ્યક્ત્વ ભી કહા જા સકતા હૈ, ક્યોં...'** કોને? એ રાગસહિત સમકિતીને પણ નિશ્ચયસમકિત કહેવામાં આવે. કેમ? એનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ધનતેરશ છે. નવી વાત બધી એને સમજવી પડશે ને. આહાહા..!

**'વીતરાગચારિત્રસે તન્મયી નિશ્ચયસમ્યક્ત્વકે પરમ્પરા સાધકપના હૈ.'** જોયું! સમ્યગ્દર્શન અનુભવ સત્ય તો નિશ્ચય છે. પણ રાગના દોષને પ્રધાન ગણીને તેને સરાગ સમકિત કહ્યું. પણ એ સરાગ સમકિત પણ વીતરાગી ચારિત્ર જે નિશ્ચય સમકિત છે એનું પરંપરા કારણ છે. કારણ કે એ રાગ ટાળીને નિશ્ચય વીતરાગ થાશે એટલે નિશ્ચય સમકિત પણ થાશે. ઓલું વીતરાગસહિતનું. એનું આ કારણ ગણીને પરંપરા નિશ્ચય સમકિત કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? 'દેવીલાલજી'! પ્રકાર તો આવા છે, બાપા! આહાહા..!

મુમુક્ષુ :- એક નિશ્ચય સમકિત કહેવું અને એને ને એને વ્યવહાર કહ્યો.

ઉત્તર :- કઈ અપેક્ષાથી? ઓલો રાગનો ભાગ છે એના સંબંધથી ન કીધું? **'શુભ રાગકે સંબંધસે...'** ભાષા તો ત્યાં ચોખ્ખી છે અંદર. **'ઈસલિયે શુભ રાગકે સંબંધસે સમ્યગ્દષ્ટિ હૈં,...'** આહાહા..! સમજાય છે કાંઈ? અહીં ચારિત્રની વીતરાગતાનું વજન દેવું છે. જેવું એનું સ્વરૂપ વીતરાગ છે, એવી જ વીતરાગતા પર્યાયમાં આવે, એવી સહિતના સમકિતને નિશ્ચય કહેવામાં આવ્યું. અને એવી વીતરાગતા, વસ્તુ પોતે વીતરાગસ્વરૂપ છે એવી વીતરાગતા પર્યાયમાં ન આવે અને રાગ હોય ત્યાં સુધી સમકિતને ચારિત્રના દોષની અપેક્ષાએ વ્યવહાર સમકિત કહ્યું. ન્યાય... આહાહા..! 'નવરંગભાઈ'! આ બધા પડખા હવે સમજવા ક્યારે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચય સમકિત છે. પણ ચારિત્રના દોષવાળું ગણીને સરાગ કહેવામાં આવ્યું. ચારિત્રની અપેક્ષાએ. છે તો વીતરાગ સમકિત. સમકિત કાંઈ સરાગ અને વીતરાગ બે નથી. સમકિત તો ચોથે વીતરાગ જ સમકિત છે. અને જ્ઞાન જે સ્વસંવેદન છે એ પણ વીતરાગ જ જ્ઞાન છે. અને જેટલે અંશે સ્વરૂપ આચરણ છે એટલું એ વીતરાગી અકષાયભાવનું ચારિત્ર છે. આહાહા..! 'રસિકભાઈ'! આટલા બધા ભંગ પડ્યા. આહાહા..! એને સમજવું પડશે ને, બાપુ! કઈ અપેક્ષાથી નિશ્ચય અને કઈ અપેક્ષાથી વ્યવહાર? આહાહા..!

ભગવાનઆત્મા, સમકિતીને ચોથે ગુણસ્થાને ધ્યેય તો શુદ્ધાત્મા જ છે. એના ધ્યેયમાં પર્યાય, રાગ અને નિમિત્ત છે નહિ. રાગ પણ ધ્યેયમાં નથી. આહાહા..! સમ્યગ્દર્શનના ધ્યેયમાં એટલે આદરણીયમાં શુદ્ધ આખો પૂર્ણ આત્મા જ એ આદરણીય છે. આહાહા..! એ પર્યાય પણ ધ્યેયમાં નથી. વ્યવહારરત્નત્રયનો રાગ પણ ધ્યેયમાં નથી. સમજાય છે કાંઈ? એટલે ઉપાદેયમાં નથી. હવે અહીંયાં સમકિતમાં તો શુદ્ધ આત્મા વસ્તુ પૂર્ણ પરમાત્મસ્વરૂપ. 'પરમાત્મપ્રકાશ' છે ને? વસ્તુએ, શક્તિએ, સ્વભાવે તો ભગવાન પરમાત્મા જ છે. એ તો

પર્યાયમાં ભેદ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ તો પર્યાયના ભેદ છે. વસ્તુ તરીકે તો પરમાત્મા જ છે. જો પરમાત્મા ન હોય તો પરમાત્માની પર્યાય થશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? આહાહા..! સમજાય છે કાંઈ? એથી અહીંયાં પરમાત્મદશા વીતરાગ ચારિત્ર ન હોય ત્યાં સુધીના સમકિતને ચારિત્રની અપેક્ષાએ સરાગ કહેવામાં આવ્યું. અને ચારિત્રની વીતરાગતા થઈ ત્યારે ચારિત્રની અપેક્ષાએ તે સમકિતને નિશ્ચય કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? સમકિતની અપેક્ષાએ તો ચોથે નિશ્ચય છે.

મુમુક્ષુ :- ચારિત્ર..

ઉત્તર :- ચારિત્રની અપેક્ષાએ. શાંતિ થોડી છે ને. ત્યાં શાંતિ ઘણી છે. આહાહા..!

વીતરાગ ચારિત્રમાં ઠરી ગયો છે. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... ઉપશમરસ. આવે છે ને? 'ઉપશમ રસ વરસે તારા નયનમાં.' ઠરી ગયા છે અંદર. જ્યાં આગળ શાસનમાં શાસન વધે છે કે નહિ એવો જ્યાં વિકલ્પનો અવકાશ નથી. ઉપદેશ દેવાણો એમાં શાસન કોણ વધ્યા, ધર્મ પામેલા વધ્યા કે નહિ? એવો વિકલ્પ પણ જ્યાં નથી. આહાહા..! આવે છે ને, પ્રભુ! આપે ઉપદેશ દીધો પણ પછી શાસનમાં ફળને? શું? એ તો વીતરાગ છે, શું ફળ જોવે? આહાહા..! એ તો એના જ્ઞાનમાં છે બધું. આહાહા..! વાણી દ્વારા ઉપદેશ આવ્યો એ આવી ગયો. આહાહા..!

ઓહ! પરમાત્મા 'પરમાત્મપ્રકાશ' છે ને? એટલે પરમાત્મસ્વરૂપ ભગવાન, એને વર્તમાન પર્યાયમાં આદર કરવા લાયક તો દ્રવ્ય છે. વર્તમાન જ્ઞાનની અને શ્રદ્ધાની પર્યાયમાં પૂર્ણાનંદનો નાથ પૂર્ણ પ્રભુ અખંડ અભેદ શુદ્ધાત્મા તે જ ધ્યેય છે, તે જ ઉપાદેય છે, તે જ શ્રદ્ધામાં આદરણીય છે. સમજાય છે કાંઈ? પણ જેવો એ છે એવી સ્થિરતા આવી નથી. જેવો એ વીતરાગસ્વભાવે ભગવાનઆત્મા છે, એવી વીતરાગ સ્થિરતા આવી નથી. તેની અપેક્ષાએ રાગના સંબંધવાળા સમકિતને સરાગ સમકિત કહેવામાં આવ્યું છે. આમાં જ મોટા વાંધા છે ને.

મુમુક્ષુ :- અત્યારે આ જ તકરાર ચાલે છે.

ઉત્તર :- તકરાર ચાલે છે. ચોથે આવે. ભાઈ 'વિકાસ'નો તો એ જ પ્રશ્ન આવ્યો છે વારંવાર લખાણ-લખાણ. 'જયસેનાચાર્ય'ની ટીકામાં પણ આવું આવે. 'સમયસાર'માં. કઈ અપેક્ષા છે? આહાહા..!

ખરેખર તો છઠ્ઠે ગુણસ્થાને પણ જે વિકલ્પ છે એથી એને વ્યવહાર કહ્યો છે, લ્યો! અને નિર્વિકલ્પ થાય તેને નિશ્ચય કહ્યો છે. નહિતર છઠ્ઠે તો નિશ્ચય દર્શન છે, નિશ્ચય જ્ઞાન છે. ભલે સ્થિરતા ઓછી છે. પણ ચારિત્ર છે છઠ્ઠે. ત્રણ કષાયના અભાવનું ચારિત્ર છે. પણ તે ગુણસ્થાનમાં વિકલ્પનો સંગ છે એ અપેક્ષાએ એને વ્યવહાર કહેવામાં આવ્યો. અને એનો અભાવ કરીને શુદ્ધિ જે હતી તે વધી ગઈ તો એને એમ કહ્યું કે વિકલ્પ દ્વારા વિકલ્પનો અભાવ કરીને નિશ્ચય થયો. અથવા વિકલ્પથી પરંપરા નિશ્ચય થયો એમ કહેવામાં આવ્યું. પણ છે તો એ વિકલ્પનો અભાવ થઈને થાય છે ત્યાં. આહાહા..! સાતમું. નિર્વિકલ્પ

આનંદના ધ્યાનમાં. બારમા ગુણસ્થાનમાં 'જયસેનાચાર્યે' તો એ લીધું છે કે પરમભાવ જે નિર્વિકલ્પમાં પડ્યો છે એને વ્યવહાર હોતો નથી. જાણવું એવો વ્યવહાર હોતો નથી. એમ. અમૃતચંદ્રાચાર્યે 'સમયસાર'માં પરમભાવને નિર્વિકલ્પ વીતરાગતા લીધી છે કેવળજ્ઞાન. '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं। ववहारदेसिदा पुण जे दु**...' આ ગાથાના વાંધા સૌને. જુઓ! વ્યવહારનો ઉપદેશ કર્યો. હવે ઉપદેશની વાત નથી ત્યાં. એ તો જાણેલો પ્રયોજનવાન (છે). પણ એ શેઠ એમ કહેતા હતા બિચારા ત્યાં 'દિલ્હી'માં. 'શાહુજી' આ કહે. પેલા પંડિતો કહે ખરા ને. વ્યવહારનો ઉપદેશ છે. ભાઈ! ઉપદેશની વ્યાખ્યા નથી. ત્યાં તો વ્યવહાર છે એને જાણવો એમ એની વ્યાખ્યા છે. ટીકામાં એમ છે. પરમભાવ જે વીતરાગ થયો એને પછી વ્યવહાર નથી. અથવા નિર્વિકલ્પ ધ્યાનમાં આવ્યો એને વ્યવહાર છે નહિ. અવ્યક્તપણે રાગ રહ્યો એને પછી અહીં ગણ્યો નહિ. સમજાણું કાંઈ? પણ અપરમે... સમજાણું? પણ અપરમ ભાવે સ્થિત. એટલે કે પર્યાયમાં નિર્મળતા શુદ્ધ નથી, નિર્મળતા ઓછી છે, રાગનો અંશ આવે છે. એવો જે અપરમભાવ છે તેને જાણવો. તેને છે એમ જાણવો. એ વ્યવહારના પ્રયોજન છે. આહાહા..!

મુમુક્ષુ :- .. અબુદ્ધિપૂર્વકના રાગને...

ઉત્તર :- એને ગણ્યો નથી પછી. ધ્યાનમાં છે ને એકલું? એકલો ધ્યાતા, ધ્યાન અને ધ્યેય પણ ભેદ વયો ગયો છે. એકલો આનંદનો અનુભવ. તે આનંદનો અનુભવ કરું છું એવો વિકલ્પ પણ ક્યાં છે ત્યાં? આહાહા..! વીતરાગનો માર્ગ અલૌકિક છે, ભાઈ! લોકોને વર્તમાનના ક્રિયાકાંડમાં જ બધું સમાડી દીધું છે. બસ, આ તપસ્યા કરવી, વ્રત કરવા. એ રાગ છે અને તે પણ મિથ્યાદૃષ્ટિ સહિત છે.

અહીં તો સમ્યગ્દૃષ્ટિ સહિતનો રાગ પણ દોષવાળો ગણીને સમકિતને વ્યવહાર કહી દીધું. આહાહા..! 'પ્રવિણભાઈ'! આવી વાત છે. સમજાય એવી છે. આમાં કાંઈ ન સમજાય એવું નથી. ભાષા તો સાદી છે. આહાહા..!

મુમુક્ષુ :- એક વાતને ખીલે બાંધવી જોઈએ.

ઉત્તર :- એ ખીલે જ બાંધ્યું છે. દર્શનની અપેક્ષાએ શું? અને ચારિત્રની અપેક્ષાએ શું? એમ ખીલે બાંધ્યું છે. સમજાણું કાંઈ? 'કાંતિભાઈ'! બેમાં નિર્ધાર એક કરવો જોઈએ કે નહિ? એમ કહે છે. નિર્ધાર જ છે.

મુમુક્ષુ :- આપ તો કહો છો, બેયનો નિર્ધાર.

ઉત્તર :- બેયનો નિર્ધાર. પણ કઈ અપેક્ષાએ? દર્શનની અપેક્ષાએ નિશ્ચયનો નિર્ધાર, ચારિત્રની અપેક્ષાએ વ્યવહારનો નિર્ધાર અને ચારિત્રની વીતરાગતાનું કારણ રાગસહિત છે, આગળ જવાનો છે માટે પરંપરા નિશ્ચય સમકિત એને કહ્યું. સમજાણું કાંઈ? કહો, 'હિંમતભાઈ'! આ તો સમજાય એવી વાત છે. આહાહા..! લક્ષ્મીપૂજન છે આ.

મુમુક્ષુ :- આવું સાંભળ્યું નથી.

ઉત્તર :- સાંભળ્યું નથી. બધી વાત ક્યાં ગુમ થઈ ગઈ. આહાહા..!

રાત્રે તો કહ્યું હતું ને કે જે કષાય-રાગ થાય છે એ એક સમયની પર્યાયમાં ષટ્કારકથી સ્વતંત્ર છે. તેને દ્રવ્યનું કારણ નથી, ગુણનું કારણ નથી અને નિમિત્તનું કારણ નથી. આહાહા..! જ્યારે એક વિકારી પર્યાયનો એક અંશ પણ તે સમયનો, તે ઉત્પન્ન થવાનો એનો કાળ જ હતો. નિજક્ષણ, જન્મક્ષણ છે એ. એ ૧૦૨ ગાથામાં પાઠ છે. પણ છતાં તે ઉત્પન્ન થયેલો રાગ એ રાગને દ્રવ્ય ને ગુણની અપેક્ષા નથી, એ રાગને નિમિત્તના કારકોની અપેક્ષા નથી. આહાહા..! તો પછી જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શનની પર્યાય છે. આહાહા..! ખરેખર તો એ પર્યાયના ષટ્કારકથી પરિણમી રહેલી સમકિત નિર્મળ પર્યાય છે, એને દ્રવ્યનું કારણ નથી, ગુણનું કારણ નથી અને કર્મના અભાવનું કારણ નથી. 'પ્રવિણભાઈ'! રાત્રે કહ્યું હતું ઘણું. આહાહા..! ભાઈ! મારગડા જુદા, બાપા! પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? આહાહા..!

કહે છે, એકકોર એમ કહે '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' 'સમયસાર'ની ૧૧મી ગાથામાં એમ કહે, સમ્યગ્દષ્ટિ કેમ થાય? કે ત્રિકાળ ભૂતાર્થનો આશ્રય કરે તો થાય. આહાહા..! એક બાજુ એમ કહે કે સમ્યગ્દર્શનની પર્યાય ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર પરિણમી રહી છે. જેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આહાહા..! 'ફૂલચંદજી'! આ તો વીતરાગમાર્ગ છે, પ્રુભ! આહાહા..! આ કોઈ પક્ષકારની વાત નથી. આહાહા..! ઓલામાં તો એમ કહ્યું છે 'બંધ અધિકાર' માં, ભાઈ! એમ કે ચારિત્રનું કારણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન નથી માટે ચારિત્ર નથી. એ અપેક્ષા છે. બાકી ચારિત્રની જે પર્યાય થાય છે તેને કોઈ સમ્યગ્દર્શન-જ્ઞાનની જરૂર નથી. હો ભલે.

મુમુક્ષુ :- બધા ગુણનું પરિણમન એના..

ઉત્તર :- અરે..! એને દ્રવ્ય-ગુણની જરૂર નથી, તેમ તેને બીજા ગુણની પર્યાયની જરૂર નથી.

મુમુક્ષુ :- કર્મના અભાવની જરૂર નથી.

ઉત્તર :- અભાવ તો ક્યાંય રહી ગયો. આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ છે. એ જે રીતે છે એ રીતે એના જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી સત્ય પ્રતીતિ ન થાય. 'છગનલાલજી'! આવી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- એક બાજુ 'ગુરુદેવ' કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન વિનાનું ચારિત્ર, ચારિત્ર નથી.

ઉત્તર :- એ કહ્યું ને? એ તો વાત કરી હમણા. 'બંધ અધિકાર'માં એમ કહ્યું. કઈ અપેક્ષાથી વાત છે? સમ્યગ્દર્શન-જ્ઞાન હોય ત્યાં એને ચારિત્ર હોય એટલી અપેક્ષા. બાકી ખરેખરની અપેક્ષા ચારિત્રની પર્યાય જે થાય છે એ ષટ્ગુણની કર્તા-કર્મ-કરણની અપેક્ષાએ ચારિત્રની પર્યાય સ્વતંત્ર થાય છે. એને દ્રવ્ય-ગુણની જરૂર નથી, નિમિત્તની જરૂર નથી, પૂર્વની પર્યાયની અપેક્ષા નથી. આહાહા..! એ તો કહ્યું હતું રાત્રે. ૧૦૧ ગાથા. 'પ્રવચનસાર'. સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો સમય છે એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, વ્યયની અપેક્ષા નથી, ધ્રુવની અપેક્ષા નથી. કહો. આહાહા..! એકકોર કહે કે ધ્રુવને આશ્રયે સમકિત થાય. એય..! 'પ્રવિણભાઈ'! '**भूदत्थमस्सिदो खलु**' આહાહા..! ભગવાન! કઈ અપેક્ષાથી વાત ચાલે છે

એને સમજ, બાપા! તું ત્રણલોકનો નાથ છે. ભાઈ! તારા ગાણા ગાતા કેવળી કહી શક્યા નથી. એવો તું વસ્તુ અંદર ભગવાન છો, બાપુ! આહાહા..! ભૂલી જા બધું. શરીર, વાણી, મન, રાગ ભૂલી જા. એ તારામાં છે નહિ. આહાહા..! અરેરે..! તારી નિર્મળ વીતરાગી પર્યાય થવામાં જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, ષટ્કારકનું સ્વતંત્ર પરિણમન છે. એને વ્યવહારથી નિશ્ચય થાય એ ક્યાં રહ્યું? બાપા!

મુમુક્ષુ :- વ્યવહારના અભાવથી નિશ્ચય થાય.

ઉત્તર :- એ અભાવનું અહીં કામ નથી. અભાવની અપેક્ષા પણ અહીં નથી. અહીં તો પોતાથી ઉત્પાદ ચારિત્રની પર્યાયનો સદ્ભાવ પોતાથી તે સમયે છે. જેને ધ્રુવની અપેક્ષા નથી, જેને ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. આહાહા..! અને વ્યયને પણ ઉત્પાદ અને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા..! આવી વસ્તુ, બાપુ! 'પ્રવચનસાર' ભગવાનની દિવ્યધ્વનિનો સાર. આહાહા..! એક કોર વાંચે અને એક કોરમાં પકડે પણ બીજી કઈ અપેક્ષાઓ છે એને (જાણે નહિ તો ગોટા થાય). આહાહા..! ત્યાં તો કાઢી નાખ્યું.

એક કોર અહીં કહે કે '**भूदत्थमस्सिदो**' એનો અર્થ જ એ છે કે બધું આમ થાય છે. એણે નજર કયાં કરવી? કે દ્રવ્યમાં. આ હેતુ એનો સરવાળો છે. પર્યાય તો સ્વતંત્ર થાય છે, પણ એ પર્યાયનું લક્ષ ક્યાં જાય છે? એટલી વાત. છતાં એ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે, દ્રવ્યની શ્રદ્ધા આવે છતાં પર્યાયમાં દ્રવ્ય ન આવે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય થાય એ ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. આહાહા..! એને પૂર્વનો મોક્ષમાર્ગ હતો માટે આ કેવળજ્ઞાન થાય છે એવી પણ જેને અપેક્ષા નથી, વ્યયની પણ અપેક્ષા નથી. આહાહા..! એ સત્ એવું છે. એવી વાત. સત્નો જેને નિર્ણય થાય એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. એને કરવાનું આ છે. આહાહા..! 'વાદવિવાદ કરે સો અંધા, સદ્ગુરુ કહે સહજ કા ધંધા. વાદવિવાદ કરે સો અંધા.' વાદવિવાદે પાર આવે એવું નથી પ્રભુ. એના ને એના આચાર્યના શબ્દોમાં જ આગળ-પાછળનો મેળ નહિ ખાય તો વાદવિવાદ ઉઠશે. 'પ્રવચનસાર' એમ કહે કે નિર્મળ પર્યાયને દ્રવ્ય અને ગુણની અપેક્ષા નથી. 'સમયસાર' કહે કે સમકિતને દ્રવ્યનો આશ્રય છે. એ ત્યાં લક્ષ જાય છે એટલી અપેક્ષાએ આશ્રય છે. એય..! 'ફૂલચંદજી'! આવો માર્ગ છે. બાપુ! મગજને-જ્ઞાનને કેળવવું પડશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાથે હોય છે. અંશ તો સાથે હોય છે. પણ પૂર્ણ ચારિત્ર નથી એ અપેક્ષાએ ગણીને અહીં વાત છે. કેમકે વીતરાગસ્વરૂપી જ ભગવાન છે.

પરમાત્મસ્વરૂપ જ દ્રવ્યસ્વભાવ જેનો પરમાત્મસ્વરૂપ જ વર્તમાન પરમાત્મસ્વરૂપ જ છે. શક્તિએ કહો, સ્વભાવે કહો, ગુણથી કહો એ પરમાત્મા જ છે. એવા પરમાત્માની પ્રતીતિ... આહાહા..! એ પ્રતીતિને પણ પરમાત્માના દ્રવ્યની જરૂર નથી. આહાહા..! 'નવરંગભાઈ'! આ તો બધું ક્યાંનું ક્યાં ગયું! 'રતિભાઈ'! આહાહા..! ભાઈ! એનો સરવાળો એ છે કે એક એક પર્યાય પોતાથી થાય છે એ સત્ છે. સત્ને પરનો હેતુ હોઈ શકે નહિ.

આહાહા..! જેને દ્રવ્યનો હેતુ નથી. આહાહા..! છતાં ત્યાં કહેવામાં આવે તો સમકિત કેમ થાય? કે આમ નજર ફરે તો થાય. એમ. નજર જે આમ (પરતરફ) છે એ આમ (સ્વતરફ) થાય એ અપેક્ષાએ કહ્યું છે. સમજાય છે કાંઈ? સમજાય એટલું સમજો, બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વરનો. 'દેવીલાલજી'! આહાહા..! ગંભીર માર્ગ, બાપા! આહાહા..! જરી સાંભળે ને બે-ચાર દિ', આઠ દિ' તો ખબર પડે કે આ શું કહે છે બાપા. આ કોઈ પક્ષની વાત નથી, ભાઈ! આ તો વસ્તુના સ્વરૂપની વાત છે. એને તમે નિશ્ચયાભાસ કરીને એકાંત છે એમ કરો, બાપુ! ભાઈ! બીજું શું થાય? આહા..!

અહીં તો એમ કહ્યું કે વીતરાગી સમકિત થાય કે વીતરાગી ચારિત્ર થાય એને કોઈ વ્યય અને ધ્રુવની અપેક્ષા નથી. એને વ્યવહાર હોય તો આ થાય એ અપેક્ષા ક્યાં ગઈ? બાપા! 'પ્રવિણભાઈ'! વસ્તુ તો આવી છે, પ્રભુ! તું ભગવાન છો ને, નાથ! આહાહા..! અરે..! તને તારી ખબર નથી, પ્રભુ! તારામાં આનંદની ખાણ પડી છે, જ્ઞાનની ખાણ પડી છે. કેવળજ્ઞાનની પર્યાય કાઢ તો અનંતી અનંતી કાઢ તોપણ એ ગુણ ખૂટે એમ નથી. આહાહા..! એવો તો જેનો ધ્રુવ ગુણ છે. આહાહા..!

**'શુભ રાગકે સંબંધસે સમ્યગ્દ્દષ્ટિ હૈં, ઔર ઈનકે નિશ્ચયસમ્યક્ત્વ ભી કહા જા સકતા હૈ,...'** જુઓ! જેને રાગસહિતના સમકિતને સરાગ કહ્યું એને પણ નિશ્ચયસમકિત કહેવામાં આવે છે. કઈ અપેક્ષાએ? આમાં અહીં અત્યારની અપેક્ષાએ. કે એ પૂર્ણ વીતરાગ ચારિત્રને પમાડનાર છે એનો અભાવ થઈને ત્યાં જશે. પછી વીતરાગ ચારિત્રસહિત સમકિતનું કારણ હોવાથી એને નિશ્ચયસમકતિ પણ કહેવામાં આવે છે. આહાહા..! ચારિત્રનો દોષ હોવા છતાં એ આગળ જઈને વીતરાગ થશે એથી એને નિશ્ચયસમકિત પણ કહેવામાં આવે છે. વસ્તુ તરીકે તો નિશ્ચય સમકિત છે, પણ રાગને કારણે એને સરાગ કહીને વ્યવહાર કહ્યો હતો, એને વીતરાગના કાળના ચારિત્રનું કારણ ગણીને તે સહજ સમકિતને પણ નિશ્ચયસમકિત કહેવામાં આવે છે. આહાહા..! ભગવાન! તારી બલિહારી છે, નાથ! તું કોણ છો? ક્યાં છો? કેવડો છો એની તને ખબર નથી. આહાહા..! એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ વાત ક્યાંય નથી. આહાહા..! સમજાણું કાંઈ? બીજાની સાથે સમન્વય કરવા જાય. પ્રભુ! સમન્વય શી રીતે થાય? ભાઈ! સત્ અને અસત્નો સમન્વય શી રીતે થાય? ભગવાન! તારું સ્વરૂપ જ એવું છે. આહાહા..!

**'અબ વાસ્તવમેં (અસલમેં) વિચારા જાવે,...'** નિશ્ચય તો કહ્યું. વીતરાગ ચારિત્રને પ્રાપ્ત કરશે એમ ભલે અત્યારે સરાગ છે. ચારિત્રની અપેક્ષાએ. પણ વીતરાગને પ્રાપ્ત કરશે માટે સરાગસમકિતને પણ નિશ્ચયસમકિત કહેવામાં આવે છે. **'વાસ્તવમેં વિચારા જાવે, તો ગૃહસ્થ અવસ્થામેં ઈનકે સરાગસમ્યક્ત્વ હી હૈ...'** ઓલા ચારિત્રના દોષની અપેક્ષાએ. સમજાણું કાંઈ? ધનતેરશને દિ' આ ગાથા એવી આવી, લ્યો! આહાહા..! ઓલા બધા કાલે આવવાના છે, નહિ? કાલે બપોરે આવવાના. તમારા 'મુંબઈ'. આહાહા..!

**'ગૃહસ્થ અવસ્થામેં ઈનકે સરાગસમ્યક્ત્વ હી હૈ...'** પાછું જોયું! ઓલામાં

**'નિશ્ચયસમ્યક્ત્વ ભી કહા જા સકતા હૈ,..' 'ઔર જો સરાગસમ્યક્ત્વ હૈ, વહ વ્યવહાર હી હૈ,....'** કઈ અપેક્ષાએ કહ્યું? સમજાણું? 'ચેતનજી'! ચારિત્ર નથી અને રાગ છે એના સંબંધવાળુ ગણીને ચારિત્રના દોષવાળા સંબંધ ગણીને એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. પણ વ્યવહારસમકિત જે વિકલ્પ વ્યવહાર સમકિત છે જે નિશ્ચય સમકિતની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે એને વ્યવહારસમકિત કહે છે. એ આ નહિ. એ જુદું, આ જુદું. એ વિશેષ વાત આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथानन्तरं सूत्रचतुष्टयेन जीवादिषड्द्रव्याणां क्रमेण प्रत्येकं लक्षणं कथ्यते –**

**१४४) मुत्ति–विहूणउ णाणमउ परमाणंद–सहाउ।**
**णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ।।१८।।**

**मूर्तिविहीनः ज्ञानमयः परमानन्दस्वभावः।**
**नियमेन योगिन् आत्मानं मन्यस्व नित्यं निरञ्जनं भावम्।।१८।।**

**मुत्तिविहूणउ इत्यादि। मुत्ति–विहूणउ अमूर्तः शुद्धात्मनो विलक्षणया स्पर्शरसगन्धवर्णवत्या मूर्त्या विहीनत्वात् मूर्तिविहीनः। णाणमउ क्रमकरणव्यवधानरहितेन लोकालोकप्रकाशकेन केवलज्ञानेन निर्वृत्तत्वात् ज्ञानमयः। परमाणंद–सहाउ वीतराग परमानन्दैकरूपसुखामृतरसास्वादेन समरसीभावपरिणतस्वरूपत्वात् परमानन्दस्वभावः। णियमिं शुद्धनिश्चयेन। जोइय हे योगिन्। अप्पु तमित्थंभूतमात्मानं मुणि मन्यस्व जानीहि त्वम्। पुनरपि किंविशिष्टं जानीहि। णिच्चु शुद्धद्रव्यार्थिकनयेन टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावत्वान्नित्यम्। पुनरपि किंविशिष्टम्। णिरंजणु मिथ्यात्वरागादिरूपाञ्जनरहितत्वान्निरञ्जनम्। पुनश्च कथंभूतमात्मानं जानीहि। भाउ भावं विशिष्टपदार्थम् इति। अत्रैवंगुणविशिष्टः शुद्धात्मैवोपादेय अन्यद्धेयमिति तात्पर्यार्थः।।१८।।**

---

**आगे चार दोहोंसे छह द्रव्योंके क्रमसे हरएकके लक्षण कहते हैं –**

**गाथा – १८**

**अन्वयार्थ :– [ योगिन् ] हे योगी, [ नियमेन ] निश्चय करके [ आत्मानं ] तू आत्माको ऐसा [ मन्यस्व ] जान। कैसा है आत्मा? [ मूर्तिविहीनः ] मूर्तिसे रहित है, [ ज्ञानमयः ] ज्ञानमयी है, [ परमानंदस्वभावः ] परमानंद स्वभाववाला है, [ नित्यं ] नित्य है, [ निरंजनं ] निरंजन है, [ भावम् ] ऐसा जीवपदार्थ है।**

**भावार्थ :– यह आत्मा अमूर्तीक शुद्धात्मासे भिन्न जो स्पर्श–रस–गंध–वर्णवाली मूर्ति उससे रहित है, लोक–अलोकका प्रकाश करनेवाले केवलज्ञानकर पूर्ण है, जोकि केवलज्ञान**

**सब पदार्थोंको एक समयमें प्रत्यक्ष जानता है, आगे-पीछे नहीं जानता, वीतरागभाव परमानंदरूप अतीन्द्रिय सुखस्वरूप अमृतके रसके स्वादसे समरसी भावको परिणत हुआ है, ऐसा हे योगी; शुद्ध निश्चयसे अपनी आत्माको ऐसा समझ, शुद्ध द्रव्यार्थिकनयसे बिना टाँकीका घडया हुआ सुघटघाट ज्ञायक स्वभाव नित्य है। तथा मिथ्यात्व रागादिरूप अंजनसे रहित निरंजन है। ऐसी आत्माको तू भली-भाँति जान, जो सब पदार्थोंमें उत्कृष्ट है। इन गुणोंसे मंडित शुद्ध आत्मा ही उपादेय है, और सब तजने योग्य हैं।।१८।।**

---

**ત્યાર પછી ચાર દોહકસૂત્રોથી જીવાદિ છ દ્રવ્યોમાંના દરેકના ક્રમથી લક્ષણ કહે છે :**

**ભાવાર્થ : હે યોગી ! તું શુદ્ધનિશ્ચયનયથી આત્માને આવો જાણ કે તે અમૂર્ત શુદ્ધ આત્માથી વિલક્ષણ સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાળી મૂર્તિથી રહિત હોવાથી મૂર્તિ રહિત છે ક્રમ, કરણ અને વ્યવધાનથી રહિત લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનથી રચાયેલ હોવાથી જ્ઞાનમય છે, વીતરાગપરમાનંદ જ જેનું એક રૂપ છે એવા સુખામૃતના રસાસ્વાદથી જેનું સ્વરૂપ સમરસીભાવમાં પરિણમ્યું હોવાથી પરમાનંદસ્વભાવવાળો છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયથી એક (કેવળ) ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવવાળો હોવાથી નિત્ય છે, મિથ્યાત્વ રાગાદિ અંજન રહિત હોવાથી નિરંજન છે અને એક વિશિષ્ટ પદાર્થ છે.**

**અહીં આવા ગુણવાળો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, બાકીનું બધુંય હેય છે એવો તાત્પર્યાર્થ છે. ૧૮.**

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૧૪, શનિવાર
## તા. ૨૨-૧૦-૧૯૭૬, ગાથા-૧૮, પ્રવચન નં. ૧૧૧

## (આ પ્રવચન બેટરીવાળું છે તેથી અવાજમાં ફરક રહેશે.)

પરમાત્મપ્રકાશ. ગાથા-૧૮. '**આગે ચાર દોહોંસે છહ દ્રવ્યોંકે કર્મસે હરએકકે લક્ષણ કહતે હૈં -**' છ દ્રવ્ય કીધું ને વ્યવહાર શ્રદ્ધામાં? નિશ્ચય શ્રદ્ધામાં તો છ દ્રવ્ય. એની સાથે વ્યવહાર શ્રદ્ધાના છ દ્રવ્યનો વિકલ્પ, એ જાતનું જ્ઞાન હોય છે. એ છ દ્રવ્યના સ્વરૂપમાં આત્મા ઉતાર્યો છે.

**१४४) मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ।**
**णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ।।१८।।**

'**અન્વયાર્થ :- હે યોગીન!**' પોતાના શિષ્યને કહે છે. યોગીન્દ્રદેવ મુનિ છે. અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનમાં પડ્યા છે. પણ એને વિકલ્પ આવ્યો છે. શિષ્ય પૂછે છે એટલે

એનો ઉત્તર આપે છે. શિષ્યને કહે છે કે હે શિષ્ય! 'નિશ્ચય કરકે...' ખરેખર '**તૂ આત્માકો ઐસા જાન.**' આત્મા જે છે એમ જાણ. '**કૈસા હૈ આત્મા? મૂર્તિસે રહિત હૈ,...**' વસ્તુ હૈ, વસ્તુ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી માટે વસ્તુ નથી એમ નથી. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપથી રહિત અમૂર્ત અરૂપી પદાર્થ છે. એમ કહે છે. ઈન્દ્રિયગ્રાહ્ય નથી. એ અણીન્દ્રિયગ્રાહ્ય છે. કેમકે કે મૂર્તિરહિત છે. છે ને શબ્દ? '**જ્ઞાનમયી હૈ,...**' ત્રિકાળજ્ઞાની હોં. લોકાલોકને જાણે એવી શક્તિએ ત્રિકાળ જ્ઞાનમય છે. '**પરમાનંદ સ્વભાવવાલા હૈ,...**' ભગવાન તો પરમ અતીન્દ્રિય આનંદનો સ્વભાવ છે. આહાહા..! તેના આનંદને માટે બહારમાં શોધવાનું નથી. એ અંતર પરમાનંદનો ગંજ પ્રભુ છે. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. પર્યાયમાં રાગ અને દુઃખ છે એ આત્મા નથી.

આત્મા તો અંતર જ્ઞાનમય મૂર્તપણારહિત અને પરમાનંદ સ્વભાવવાળો છે. એવું એને ભાન થવું જોઈએ. ધર્મીને આવો આત્મા જો ભાસે. અનંત-અનંત ગુણોનો સ્વભાવવાળો નિત્ય. પર્યાય છે એ એનું .. પણ વસ્તુ નિત્ય છે એમ કહે છે. આહાહા..! નિત્ય-અનિત્ય એમ નથી કીધું ત્યાં. પર્યાયને એક સમયની છે તેને ગૌણ કરીને વસ્તુ છે એ નિત્ય છે. શાશ્વત છે ભગવાન આત્મા. '**નિરંજન હૈ,...**' એને કોઈ મેલ નથી. કર્મના ઉદયનો મેલ એ વસ્તુમાં નથી. એવો જે ભગવાન આત્મા એને તું જાણ. એથી તને પરમાનંદની પ્રાપ્તિ થાય એમ કહે છે. આ એનો ઉપાય અને આ એની ચીજ. આહાહા..! '**નિરંજન હૈ, ઐસા જીવપદાર્થ હૈ.**' '**ભાઉ**' શબ્દ છે ને? એટલે ભાવ. ભાવ એટલે પદાર્થ આવો ભગવાન જે પદાર્થ અંદર છે. આહાહા..!

'**ભાવાર્થ :- યહ આત્મા અમૂર્તિક શુદ્ધાત્માસે ભિન્ન...**' ભગવાનઆત્મા અમૂર્તિક છે, શુદ્ધાત્મા છે એનાથી ભિન્ન જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળી મૂર્તિ એનાથી રહિત છે. આહાહા..! આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આ શરીર, વાણી, મન આ બધા એ ચીજ સ્થિતિરહિત છે. એ ચીજમાં નજર કરે તો નિધાન પ્રાપ્ત થાય એમ કહે છે. આહાહા..! કેવો છે? '**લોક-અલોકકા પ્રકાશ કરનેવાલે કેવલજ્ઞાનકર પૂર્ણ હૈ,...**' પર્યાયની વાત નથી આ. એકલું જ્ઞાન, કેવળજ્ઞાન, એકલું જ્ઞાનસ્વરૂપ. પૂર્ણ કેવળજ્ઞાનસ્વરૂપ એ પોતે આત્મા છે. લોકાલોકને જાણવાની શક્તિવાળું એ તત્ત્વ છે. આહાહા..! લોકાલોકમાં કોઈ દ્રવ્યને કરે, રચે એવું નથી પણ લોકાલોકને જાણે એ શક્તિ છે. સમજાણું?

કેવળજ્ઞાન '**લોક-અલોકકા પ્રકાશ કરનેવાલા...**' કેવળજ્ઞાન એટલે પર્યાયની આ વાત નથી. એના ગુણની વાત છે. આહાહા..! ભગવાન આત્માનો ગુણ લોકાલોકને જાણે એવો છે. ૪૯ ગાથામાં કહ્યું ને? કે અવ્યક્તના છ બોલમાં પહેલો બોલ. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે. તેનાથી ભગવાનઆત્મા છ દ્રવ્યથી ભિન્ન છે, અવ્યક્ત છે. એનો અર્થ સ્વાત્માનુભવ મનનમાં ક્ષુલ્લક ધર્મદાસે એમ કર્યો કે આત્મા સપ્તમ(દ્રવ્ય) હો જાતા હૈ. આત્મા

સાતમો જે છ દ્રવ્યને જાણનારો, છ દ્રવ્યથી ભિન્ન. આહાહા..! અનંત કેવળી અને સિદ્ધોને જાણનાર છતાં અનંત સિદ્ધોથી જુદો. આહાહા..! કહો દેવજીભાઈ! આવો દેવ છે. આહાહા..! અરે..! એની ખબર ન મળે. ખબર ન મળે. આ બાહ્ય પદાર્થ દેખે તેની મહિમા. બહુ તો અંદર પાપના ભાવમાં મીઠાશની મહિમા. વિષય, ભોગ, વાસના. અને બહુ તો શુભ પરિણામ કરે તેની એને મહિમા કે જે વસ્તુમાં નથી. એની મહિમા કરતા સ્વની મહિમાનો અનાદર થાય છે. કેમકે એ વસ્તુ અનંત આનંદના રતનથી ભરેલી ચીજ છે. આહાહા..!

ઓલો એક દાખલો આપ્યો છે ને અનુભવપ્રકાશમાં? એક રતનદીપ હતો. રતનદીપ. એમાં રતનના મકાનો હતા. રતનની ખાણમાં રહેતો એ જીવ. પાઠમાં આવી ગયું ને. અનુભવપ્રકાશમાં. રતનદીપ હતો એમાં રતનના મંદિરો હતા અને રતનના ભંડારોની ખાણ. રતનથી ભરેલા. એમાં એક જીવ રહેતો. પણ એને કિંમત નહોતી. એક કંદોરો હતો કંદોરો? એમાં એક નિલમણી અંદરમાં રહી ગયું. આ નિલમણી છે એની કિંમત કાંઈ નહિ. કંદોરો હતો એમાં નિલમણી હતું. એ દેશમાં આવ્યો. એમાં ન્હાવા ગયો સરોવર. ત્યાં એક પાણી બધું લીલું. હવે એમાં એ ઊભો હતો. કે આ શું? આ રતન શું છે? પાણી એવું લીલું થયું. નિલમણી રતન લાગે છે. એને લઈને રાજા પાસે ગયો. સાહેબ! આને કરોડ સોનામહોરનો ભંડાર ભર્યા છે એ એને આપો અને આ નિલમણી મને આપો. કરોડો સોનામહોરની, કરોડો .. એના .. ઓલો તો.. આવી ચીજ છે આ! અરે.. હું રહેતો ત્યાં તો રતનના ભંડાર, રતનદીપ, રતન મંદિર અને રતનના ભંડાર હતા. મને તો કાંઈ ખબર નથી. આહાહા..!

એમ આ ભગવાનઆત્મા અનંત આનંદના રતનના દીપમાં રહે છે અંદર. પ્રવિણભાઈ! આહાહા..! વાત તો એવી છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- રતનદીપ ક્યાંથી? એ તો દૃષ્ટાંતમાં લીધી વાત. કે સિદ્ધાંતનિષ્ઠ છે એ તો રતન-રતન ભંડાર ભગવાન છે અંદર. આહાહા..! લોકાલોકને જાણે એવું જ્ઞાનરતન, અનંત આનંદ સુખને આપે એવું આનંદ રતન. અનંત-અનંત પદાર્થને સ્વને શ્રદ્ધે એવી શ્રદ્ધા રતન, એવા અનંતગુણના રતનનો ભંડાર ભગવાન છે. તારાચંદજી! આ તમારા ઓલા બે હજારના પગાર ને પાંચ હજારના પગાર ને પચાસ, લાખ, કરોડ ને એની કોઈ કિંમત નથી અહીં કાંઈ. ફુલચંદજી! આહાહા..!

અરે.. હું તો ત્યાં રતનના મંદિરમાં રહેતો. હું રતનના થોકડામાં સૂતો-બેસતો હતો. મને ખબર નહિ કે આની કિંમત હશે. એમ ભગવાનઆત્મા અંદરની પર્યાયમાં જે રહે છે એને ખબર નથી કે કરોડ અંદર અનંત રતનનું ભરેલું છે. પર્યાયમાં એની બુદ્ધિ છે. બહુ તો ભાવ પુણ્ય અને પાપના વિકલ્પ છે એમાં એની બુદ્ધિ છે. ઓલી ચીજ છે એની તો એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ શરીર ને હાડકા, ચામડા આ બધા ચમક-ચમક લાગે જાણે સારા છે. એ તો ધૂળ-માટી છે કહે છે. એ મૂર્ત વિનાની એ ચીજ છે. આહાહા..! બહારના ચમકના, ભમકના જે

પદાર્થો એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. અહીં તો એ સિદ્ધ કરવું છે કે મૂર્તરહિત છે છતાં એ પદાર્થ છે એવો. મહાનપદાર્થ છે. આહાહા..! અને અનંત રત્નોથી ભરેલો એ સાગર છે. આહાહા..! એ જ્ઞાનનો ક્ષયોપશમનો અંશ આવે છે વિશેષ. નવપૂર્વની લબ્ધિ થાય છે. ત્યાં એને એમ થઈ જાય છે કે મને સુખ છે આ. એ અંશમાં અંદર પ્રગટ જે વસ્તુ છે એની એને ખબર નથી. અગિયાર અંગનું જ્ઞાન થાય, બાર અંગ ન હોય સમકિતને. પણ નવ પૂર્વની લબ્ધિ થાય એના એક સમયની પર્યાયમાં મૂંઝાઈ ગયો ત્યાં એ. ઓહોહો..! મને તો કેટલું જ્ઞાન થયું! પણ અંદર ભગવાનઆત્મા એવા નવપૂર્વની લબ્ધિ પણ અનંતગણું જ્ઞાન અંદર છે. સમજાણું કાંઈ?

એવો જ્ઞાનસ્વભાવ અને અતીન્દ્રિય આનંદસ્વભાવ, અતીન્દ્રિય શ્રદ્ધા સ્વભાવ, અતીન્દ્રિય ચારિત્ર સ્વભાવ, અતીન્દ્રિય કર્તા-કર્મ સ્વભાવ. આહાહા..! એવા અનંત ગુણના રતનનો ભંડાર છે. એના સમીપની પર્યાયમાં રહેતો હતો. પણ એ આ શું ચીજ છે? એની એને ખબર નહિ. એની સમીપમાં રહેતો હતો. પર્યાય છે એ પર્યાયમાં રહે છે ને? આહાહા..! એ આત્મા પરમ આનંદસહિત છે. લોકાલોકમાં.

**'જોકિ કેવલજ્ઞાન સબ પદાર્થોંકો એક સમયમેં પ્રત્યક્ષ જાનતા હૈ, આગે-પીછે નહીં જાનતા,....'** એકલું કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન જે પર્યાય છે એ તો એક સમયની છે. એમાં લોકાલોકને જાણનાર .. છે. તો એવી તો અનંતી પર્યાયનો પિંડ એ જ્ઞાનગુણ છે. કેવળજ્ઞાનની પર્યાય એક સમયની ત્રણકાળ ત્રણલોકને જાણે. અને એથી અનંતગુણો લોકાલોકને કાળથી.. હોય તો પણ જાણે. એ આપણે આવી ગયું છે. વેલડીનો દાખલો. વેલડી છે એ જ્યાં સુધી મંડપ છે ત્યાં સુધી લાંબી થાય છે. આ વેલ-વેલ નહિ? વનસ્પતિની. એ જ્યાં સુધી વાંસનો મંડપ હોય ત્યાં સુધી જાય. પછી ઉપર ઉપર જાય. પણ આગળ જવાની શક્તિ નથી એમ નહિ. એમ આ લોકાલોક મંડપ છે એને જાણવાની એક સમયની પર્યાયમાં તાકાત છે. એથી એટલી જ પર્યાયની વાત છે આ તો. આહાહા..!

ચૈતન્ય ભગવાન કોણ છે એની એને ખબર નથી. આહાહા..! એક સમયમાં જેણે ત્રણકાળ ત્રણલોક જાણ્યા એથી અનંતગુણો હોત તો પણ જાણત. એ વેલડી આગળ જો મંડપ હોત તો આગળ જાત. એમ લોકાલોક, ત્રણકાળ એથી વિશેષ હોય તો એને જાણે. આહાહા..! અરે..! શું છે આ? એવો એક સમયનો પર્યાય જે અનંતા કેવળીઓને જાણે. આહાહા..! એક સમયની પર્યાય અનંતા કેવળીને, એવી એવી અનંતી પર્યાયનો પિંડ એ જ્ઞાનગુણ રતન છે. એમ કહ્યું ને? જ્ઞાનમય કીધું ને? આહાહા..! જ્ઞાનમયની વ્યાખ્યા કરી. છે ને અંદર આવ્યું હતું ને? **'नियमेन आत्मानं मन्यस्व'** જ્ઞાનમય. પણ એથી રહિત છે એમ કીધું. રંગ, ગંધ, રસ, સ્પર્શ .. છે. એમાં વિકલ્પ નથી, નિત્યપણું નથી. એ ખરેખર વિકલ્પો મૂર્ત છે. આહાહા..! અચેતન છે, એનો એમાં અભાવ છે. એવો જે ભગવાનઆત્મા જ્ઞાનય છે એમ કીધું. જ્ઞાનવાળો છે એમ નથી. જ્ઞાનવાળો છે એ ભેદ પડી ગયો. આહાહા..! એ તો જ્ઞાનમય છે. એને જરી વિચારમાં લે તો ખબર પડે ને. એમ ને એમ સાંભળે, એમ ને એમ

કાઢી નાખે બાપુ! એને લક્ષમાં તો લે તું. આહાહા..! કે જેનું આવું સ્વરૂપ, જે પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એથી અનંતગણું જાણે, એવી-એવી અનંતી પર્યાયનો પિંડ જે એક જ જ્ઞાનરતન, એવા જ્ઞાનરતનમાં આટલી શક્તિ એ મય તું છો. એ જ્ઞાનમય તું છો. જ્ઞાનવાળો છો એમ પણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? સાકર ગળપણમય છે, ગળપણવાળી છે એમ પણ નહિ. આહાહા..!

એમ ભગવાનઆત્મા જ્ઞાનમય છે. આહાહા..! એમ કહીને એ રાગ નથી, પુણ્ય નથી, પણ પર્યાય નથી. એ તો જ્ઞાનમય વસ્તુ છે. સમજાય છે કાંઈ? એવા આત્માને એણે કોઈ દિ' જાણવાનો પ્રયત્ન કર્યો નથી. બીજું બધું જાણ્યું. શાસ્ત્રો જાણ્યા, ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી સમવસરણમાં ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ સાંભળી, ભગવાનના દર્શન કર્યા, અનંતવાર ભગવાનની પૂજા કરી સમવસરણમાં મણિરતનના દીવે. જય નાથ! એ બધી પરવસ્તુ છે એ તો વિકલ્પ છે. આહાહા..!

જેમાં પહેલું એ કહ્યું કે મૂર્તરહિત છે એટલે વિકલ્પ રહિત જ છે એ. આહાહા..! ત્યારે છે શું? રહિત કીધું પહેલું તો. અસ્તિ કેવી? અસ્તિ જ્ઞાનમય છે. આહાહા..! રાગનો વિકલ્પસહિત દયા, દાનનો, વ્રતનો ઉઠે એ પણ વિકલ્પ મૂર્ત છે. સ્થૂળ લીધું છે ને? પુણ્ય-પાપમાં. સ્થૂળ-સ્થૂળ. સ્થૂળ એવા આ સંકલ્પને છોડ્યો, પણ સ્થૂળ એવા શુભભાવને ન છોડ્યો. સામાયિકની પ્રતિજ્ઞા કરી પણ આ પ્રતિજ્ઞામાં આ ન કર્યું. આહાહા..! સંકલ્પને છોડ્યો સ્થૂળ, પણ સ્થૂળ શુભરાગને ન છોડ્યો ... આહાહા..! ભગવાન તો સૂક્ષ્મ છે. મૂર્તરહિત કીધું ને? તો સૂક્ષ્મ અરૂપી છે. આહાહા..!

એમાં એ રાગાદિ તો નથી, એ તો નાસ્તિ થઈ. અસ્તિ શું છે? ઓહો..! સંતોએ કરુણા કરી. માર્ગને સહેલો કરીને, સરળ કરીને. અનુભવપ્રકાશમાં આવે છે. આહાહા..! એનો .. ત્યાં સુધી કહે છે એનો વણસ્તંભ મેં રોપ્યો છે. ચંદુભાઈ! અનુભવપ્રકાશમાં. આહાહા..! એ જ્ઞાનમય છે, આનંદમય છે. આહાહા..! એવા અનંત રતનનો ભંડાર ભગવાન છે. એના અનુભવથી પ્રતીત કરીને વણસ્તંભ રોપ્યો છે. આહાહા..! આ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? વણસ્તંભ રોપ્યો છે. આવો જેને આવવું હોય એ. અમે હાજર છીએ પરને જીતવા માટે. આહાહા..! મિથ્યાત્વને જીત્યો છે હવે રાગ-દ્વેષ આદિને જીતવાને વણસ્તંભ રોપ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું આત્માનું સ્વરૂપ છે એનો તું અનુભવ કર એમ કહે છે. બાકી બધું ઠીક છે. આહાહા..!

તું રતનનો ભંડાર છે. શરીર પ્રમાણે એની પહોળાઈ ભલે હોય. પહોળાઈ અપેક્ષાએ કોઈ વસ્તુની કિંમત નથી. એ પહોળાઈમાં એના સ્વભાવની શક્તિની કિંમત છે. નિગોદના એક અંશમાં એક રાઈ જેટલા કટકામાં અસંખ્ય શરીર છે નિગોદ, એ એક એક શરીરમાં અનંતા આત્માઓ અને એક એક આત્મામાં અનંત આનંદ અનંત રતન ભર્યા છે. એ નિગોદના જીવ.. છે ને? આહાહા..! અહીં નિત્ય આત્માને નિત્ય કહ્યો છે ને? પર્યાય તો ગૌણ કરી છે.

.. જેમાં અનંત ભગવાન બિરાજે છે. આહાહા..! અનંત ચૈતન્ય અનંત રતનથી ભર્યા એ આત્માઓ છે. એને અહીંયાં આત્મા કહીએ છીએ. આહાહા..! એવો તું આત્મા છો. આહાહા..!

**'આગે-પીછે નહીં જાનતા,...'** એવી એની શક્તિ છે. આગે-પીછે ન જાણે એમ નહિ, બધું જાણે એમ કહે છે. પહેલું આ જાણે અને પછી આ જાણે એમ નથી. છે ને? **'આગે-પીછે નહીં જાનતા,...'** એક સાથે જાણે છે એમ કહે છે. આહાહા..! ઓલા કેટલાક કહે છે ને કે કેવળજ્ઞાનીને ભવિષ્યની પર્યાય થાય તે વર્તમાનમાં ન જાણે, પણ થાય ત્યારે જાણે. આહાહા..! અહીંયાં તો કહે છે કે એ દ્રવ્યમાં ભવિષ્યની પર્યાય અત્યારે પ્રગટ નથી અથવા જ્યારે પ્રગટ થશે એમ એ જાણે છે. પ્રત્યક્ષ કેવળજ્ઞાન જાણે છે. આહાહા..! બાપુ! તારી ખબર તને નથી. તું કેવળજ્ઞાનનો પિંડ છો. આહાહા..! આ બહારના રતનને ધૂળમાં રોળી નાખ્યો તે આત્માને. પરમાં-વિકલ્પમાં. પર પ્રત્યેના અધિકપણામાં આવો અનંતરતનમય ભગવાન એણે તે નકાર કર્યો છે, પ્રભુ! આહાહા..! તે હિંસા કરી છે. આહાહા..! હિંસાનો અર્થ કે જીવતર છે એનો નાશ કર્યો. એમાં જીવતર જીવન આનું છે. એ માટે તો પહેલા જ્ઞાનમય, આનંદમય. એટલે આનંદની વ્યાખ્યા કરે છે હવે. આહાહા..!

એવો ભગવાન આનંદનો સાગર પ્રભુ, આનંદસ્વરૂપે છે ત્રિકાળ. એવા આનંદમય આત્માને જાણ. બીજું બધું જાણ્યું એ બધું મફતમાં નિરર્થક ગયું છે. દુનિયાના ડાહ્યા છે વકીલો, ડોક્ટરો એમ.એ ભણેલા, એય..! આ ઝવેરાતના બધા પારખુ.

મુમુક્ષુ :- ઝવેરાત ...

ઉત્તર :- ઓલો તો કહેતો. ઓલીકોર છે અહીંયાં. પૂનમચંદ ગોદિકા. નિલમણી એવી છે.. એ ... .. ડબલ થઈ જાય. કહેતો હતો. બતાવ્યો હતો એકફેરી અમને. વચ્ચે નીલમણી બતાવ્યો હતો નીલમણી છે. આમાંથી કહે કેટલાય લાખો રૂપિયા આવશે. ધૂળમાંય નથી. એ એની કિંમત છે. એક એનો નોકર છે. એ આ સાફ કરે છે. મહિનામાં ત્રણ હજારનો પગાર આપે છે. કહેતા હતા. એક મહિનામાં ત્રણ હજાર પગાર. માસિક. આવ્યો હતો મારી પાસે. મહારાજ હું આમાં કામ કરું છું. મને બહાર જાવ તો પાંચ હજાર મળે. અહીંયાં .. રૂપિયા.. ત્રણ હજાર. માસિક ત્રણ હજાર સાફ કરવાના. એમાંથી એક એક મણિ એવું નીકળે કે લાખોની પેદાશ. લાખો. મળ્યું હોય બે-પાંચ હજારમાં. એના લાખો. ધૂળમાં અંદરમાં .. એને આ.

આવો ચૈતન્ય અનંત રતન એમાં આનંદ પડ્યો છે પૂર્ણાનંદ. એની એને કિંમત નહિ, એનું એને માહાત્મ્ય નહિ. એના ક્ષેત્રની સ્વરૂપની હયાતીની કબુલાત નહિ. આહાહા..! આ બીજી બધી બધાની કબુલાત. કહો, ભગવાનજીભાઈ! આહાહા..! પ્રભુ! એકવાર ગુલાંટ તો ખા. પર્યાયને પરમાં વાળી છે એ પર્યાયને એકવાર અંતર તો વાળ. આહાહા..! ભગવાન! તારી કિંમત તો કર તું તારી પર્યાયમાં. તારી કિંમત તું પર્યાયમાં તારી તો છે. તારી પર્યાયમાં તારી કિંમત તો કર. આહાહા..! એ માટે આ વર્ણવ્યું છે છ દ્રવ્યનો આત્મા. આહાહા..!

સમજાણું કાંઈ?

કહે છે '**એક સમયમેં પ્રત્યક્ષ જાનતા હૈ, આગે-પીછે નહીં જાનતા,...**' આહાહા..! હવે સુખની વાત કરે છે. આનંદમાં આવે છે. અતીન્દ્રિય આનંદમય પ્રભુ. આહાહા..! લીધું છે ને સાથે. પરમાનંદસ્વભાવ એટલે સર્વસ્વભાવ. ઓલામાં જ્ઞાનમય હતું, આમાં પરમાનંદસ્વરૂપ. જુદી રીતે વાત કરે છે. એ પરમાનંદ એનો સ્વભાવ છે એમ કહે છે. જ્ઞાનમય એ વસ્તુ છે એમાં એ જ્ઞાન એનો સ્વભાવ છે એમ કીધું. પણ જ્ઞાનમય કહીને જ્ઞાનસ્વભાવ છે આખો એમાં તન્મય છે. અને આ આનંદ જેનો સ્વભાવ છે, પરમાનંદ જેનો સ્વભાવ છે. એનો સ્વભાવ સ્વરૂપ જ પરમાનંદ છે. આહાહા..! કહો, બલુભાઈ! બહારના બધાના મહિમાનો સાર આ .. અંદર રહી ગયો.

'**પરમાનંદરૂપ...**' સ્વભાવ. આહાહા..! એમ કહીને પરમાનંદ, પરમ-આનંદ એનો સ્વભાવ જ છે. અને એનું સત્ છે, એનું સત્ત્વ પરમાનંદમય છે. એ સત્ છે સ્વરૂપ, એનો સ્વભાવ સત્ત્વ પરમાનંદમય છે. આહાહા..! પરમાનંદ સ્વભાવ છે. આહાહા..! પરમાત્મપ્રકાશ. સમજાય છે કાંઈ? એની આગળ એની પર્યાયની કિંમત નથી. એ પરમાનંદ સ્વભાવની કિંમત છે. ઊંચી ચીજ હોય ને કે ઠોકર ન ખાવા દે એને. આ કાચના વાસણ હોય ને. કાચના વાસણ. ઠોકર લાગે તો ફૂટી જાય. બલુભાઈ! તમારા ઓલા શીશામાં પાણી ભર્યા છે કે નહિ? .. હું હતો ને .. રામજીભાઈ હતા. બાટલા ભરેલા પાણીના. .. એમાં એક બાટલો ફૂટ્યો હોય. આવડા મોટા બાટલા હતા નહિ? કાચના. આહાહા..! એને ફૂટવા ન દે એ કાચને ઠોકર વાગવા ન દે. આહાહા..! એમ પરમાનંદ સ્વભાવ છે એને ઠોકર વાગવા ન દે. સમજાણું કાંઈ? આહાહા..!

રાગના પ્રેમમાં ભગવાનને ઠોકર વાગે છે. તોડી નાખે છે આત્માને. પ્રવિણભાઈ! આહાહા..! ભગવાન! સ્વભાવ પરમાનંદથી રહિત થાવ, એ આ રાગ દુઃખરૂપભાવ છે. આહાહા..! દયાના, દાનના, ભક્તિના ભાવ રાગ એ દુઃખરૂપ ભાવ છે. એની કિંમત કરતા ચૈતન્ય રતનની ઠોકર વાગે તો ફૂટી જાય છે. એની દૃષ્ટિએ. છે તો છે એની દૃષ્ટિમાં એ ફોડી નાખે. આખું તત્ત્વ છે પરમાનંદમય પ્રભુ છે. એને એની રીતે ન માનતા... આહાહા..! જરી શુભભાવ થયો. શુભ હોં. .. મહિમા તો શું કરીએ? આહાહા..!

શુભભાવમાં પુણ્યની પણ મહિમા થઈ એને આ અનંતા રતનવાળું ચૈતન્યને ઠોકર મારીને ફોડી નાખ્યો. એટલે કે એ નહિ. આહાહા..! આચાર્યે અહીંયાં છ દ્રવ્યમાં આત્માના લક્ષણ વર્ણવ્યા છે. છ દ્રવ્યમાં આત્માના લક્ષણ વર્ણવે છે. આહાહા..! આવા લક્ષણથી લક્ષ થાય એવો છે. એ રાગ ને પુણ્ય ને વ્યવહારથી લક્ષ થાય એવો નથી. આહાહા..! એ વસ્તુ એવી નથી. સમજાણું કાંઈ? કહ્યું હતું નહિ? અલિંગગ્રહણ યતિને બાહ્ય યતિને કેટલા આચરમો શુભરાગના જે છે એ બધો .. છે. મુનિધર્મ છે જેટલો રાગાદિનો વ્યવહાર એ બધો ચૈતન્યમાં નથી. .. ધર્મ નથી .. આવ્યું હતું. .. પંચમહાવ્રત, પાંચ સમિતિ ગુપ્તિ વ્યવહાર જે છે એ આત્મામાં નથી. સમજાણું કાંઈ?

આત્મા એની કિંમત કરવા જશે તો અહીં ... આહાહા..! એ કાચના .. કાચના .. આવે છે ને? કાચના .. મોટું ... શું? .. તમારા ..ભાઈ તરફથી ... ... ... એ જરીક ઠોકર વાગે કટકા. આહાહા..! આ ભગવાન આત્મા પરમાનંદનો જ્ઞાનસ્વભાવ, જ્ઞાનમય કહ્યો. જ્ઞાનસ્વભાવ. સ્વભાવવાનનો જ્ઞાનમય સ્વભાવ છે. અભેદ છે. પરમાનંદ સ્વભાવમય છે. આહાહા..! એને અહીંયાંથી વિરૂદ્ધ ..ભાવ શુભભાવ થાય એની કિંમત કરવા જતા ભગવાનનો અનાદર કર્યો છે. આહાહા..! એથી એકવાર તું તારી આ ચીજનો આદર તો કર કહે છે. .. પર્યાય આદિનો આદર દૃષ્ટિમાંથી છોડી દઈ.. આહાહા..! એ ઉઘાડ થયો, નવપૂર્વની લબ્ધિ પણ એની કાંઈ કિંમત કરી નથી. એમ કહે છે. એ વસ્તુ નથી. અહીંયાં તો અગિયાર અંગનું જ્ઞાન થાય તોપણ એ વસ્તુ નથી એમ કહે છે. અહીં તો હજી ઠેકાણે ન હોય ત્યાં. આહાહા..! સાંભળને હવે. જ્ઞાનચંદજી! આહાહા..! બાપુ!

અગિયાર અંગનું જ્ઞાન છે એમાં તો અઢાર હજાર પદ છે. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે અને એક એક .. એના ડબલ લેતા લેતા .. કરી છે. એ કોઈ ચીજ નથી. આહાહા..! તારી પર્યાયમાં એની કિંમત તે કરી, પણ જેની છે તેની કિંમત તે કરી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? .. કરી. એનું જે જાણપણું હોય એમ કરે. વાતચીત કરે, બીજાને .. વધારે લાગે. .. એની લાગે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એટલે તે આત્માને જાણ્યો નથી બાપુ! જાણનારને જાણ્યો નથી. દેખનારને દેખ્યો નથી. આહાહા..! એવો જે ભગવાન આત્મા કેવો છે?

'**વીતરાગભાવ પરમાનંદરૂપ...**' જોયું! ઓલા સંસારમાં આ વિષયના ભોગ ને પૈસાના ... એ બધો દુઃખરૂપભાવ છે, રાગરૂપ ભાવ છે. આહાહા..! ઈન્દ્રાણીના ભોગ. આ તો શરીરના રોગ બે દિવસ ન ખાય તો એં.. એં.. થઈ જાય. તાવ આવ્યો હોય ત્રણ દિ' ત્યાં મોઢું પડી જાય. આ તો ઈન્દ્રાણી જેને હજારો .. કરે. .. એવા ઈન્દ્રાણીના ભોગનો ભાવ ઝેર છે. આહાહા..! એ ઝેરની કિંમતમાં અનંત આનંદ ભગવાન.. અહીં તો શું કહેવું છે? કે ઓલો રાગ છે એની સામે વીતરાગ. સમજાણું કાંઈ?

'**વીતરાગભાવ પરમાનંદરૂપ...**' ત્યાં 'એક' શબ્દ રહી ગયો છે ભાઈ ત્યાં. વીતરાગભાવ પરમાનંદરૂપ એક. '**અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે...**' 'એક' શબ્દ રહી ગયો છે. એ બે ઠેકાણે 'એક' શબ્દ રહી ગયો છે. આગળ પણ .. એક બધે ઠેકાણે ભૂલી જાય છે. એકરૂપ એ બતાવવું છે. આહાહા..! છે સંસ્કૃતમાં. '**वीतराग परमानन्दैक-रूपसुखामृतरसास्वादेन**' .. એક શબ્દ .. બધે ઠેકાણે એક મૂકી દેવો. આહાહા..! '**વીતરાગભાવ પરમાનંદરૂપ...**' એમ. વીતરાગભાવ પરમાનંદરૂપ પ્રભુ! આહાહા..! એવો જે ભગવાન આત્માનો સ્વભાવ. પરમાનંદરૂપ કીધું ને? પરમાનંદ સ્વભાવ. સ્વભાવ પરમાનંદ સ્વભાવ. જેમ સાકરનો ગળપણ સ્વભાવ, એમ ભગવાનનો પરમાનંદ સ્વભાવ. આહાહા..! હવે એને આત્મા શું છે એની વાત સાંભળવી .. એ ધર્મ-ધર્મ કરીને વાતું કરે

બધા. સામાયિક કર્યા ને પડિક્કમણા કર્યા, પોષા કર્યા. કોના બાપા? ચીજની તો ખબર નથી. આહાહા..! અજ્ઞાન કર્યું છે. ... પચ્ચીસ સામાયિક કરી છે. .. અમારે બોટાદમાં કરતા .. કલાકમાં ૩૦ સામાયિક. .. કરીને. ૩૦ સામાયિક... કલાક .. ૩૦ સામાયિક. ૨૪ કલાકની ૩૦ સામાયિક. ...

ભગવાન પરમાનંદમય પ્રભુ જ્ઞાનમય છે. પરમાનંદ જેનો સ્વભાવ છે. સ્વભાવની હદ છે એ. જેનો પરમાનંદ સ્વભાવ, વીતરાગી પરમાનંદ સ્વભાવ. આહાહા..! વીતરાગી પરમશુદ્ધ સ્વભાવ. એક. એકરૂપ જેનું. વીતરાગી પરમાનંદસ્વરૂપ એકરૂપ છે ત્રિકાળ. ચંદુભાઈ! આવી વાત છે પ્રભુ! મૂળ ચીજની ખબર ન મળે. ધર્મ થઈ જાય. મરી ગયો અનંતકાળથી. અશુભભાવ કર્યા અનંતવાર, શુભ પણ અનંતવાર કર્યા. એમાં કાંઈ વળ્યુ નહિ. આહાહા..! જેમાં વળવાનું વલણ હતું તે વલણ કર્યું નહિ. જે પર્યાયમાં દ્રવ્યની કિંમત ટાકવી જોઈએ એ ટાંકી નહિ. એ પર્યાયમાં પુણ્ય-પાપના ફળની કિંમત ટાંકી. ચેતનજી! આહાહા..! છોકરા કાંઈક સાત-આઠ સારા થાય, બાયડી ઠીક હોય, કરોડપતિની દીકરી આવી હોય, દસ લાખ લઈને આવી હોય. ઓહોહો..! સુખી છીએ. મૂઢ છો સાંભળને મારા. પાપમાં પડ્યો છો. તારો નાથ અંદર પરમાનંદસ્વરૂપ છે.

જુઓ! વીતરાગભાવ. ભાવ લીધો છે હોં. પરમાનંદરૂપ એક '**અતીન્દ્રિય સુખસ્વરૂપ...**' આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ, '**વીતરાગ પરમાનંદરૂપ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે...**' આહાહા..! જેના અમૃતના રસના સ્વાદથી. આહાહા..! '**સમરસી ભાવકો પરિણત હુઆ હૈ,...**' છે? .. આહાહા..! વીતરાગભાવ '**પરમાનંદરસ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે સમરસી ભાવકો પરિણત હુઆ હૈ, ઐસા હૈ યોગી...**' આહાહા..! એવો .. છે. પરમાનંદ વીતરાગ સ્વરૂપ એક અતીન્દ્રિય સુખનો અમૃતના સ્વાદથી સમરસી ભાવથી પરિણત થયો છે. વીતરાગભાવરૂપે તારી દશા છે. આહાહા..! એને તું આવો જાણ. આહાહા..!

'**પરિણત હુઆ હૈ ઐસા હે યોગી...**' વીતરાગી પરિણત થઈને આમાં ... ... આહાહા..! '**વીતરાગભાવ પરમાનંદરૂપ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે...**' અંતરમાં આનંદના સ્વાદથી '**સમરસી ભાવકો પરિણત હુઆ હૈ,...**' વીતરાગ પરિણતિસે પરિણત હુઆ '**ઐસા હૈ યોગી શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો એસા સમજ.**' આવા વીતરાગભાવે પરિણત આત્માને આવો સમજ. આહાહા..! ભાઈ વાતું બધી જુદી વાત છે. સંપ્રદાયમાં વાત ન મળે. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, .. .. આહાહા..!

અહીં તો એમ કહેવા માગે છે કે આવા આત્માને તું જ્ઞાનમય પરમાનંદસ્વભાવનું વીતરાગી પરમાનંદ એક અતીન્દ્રિય સુખના અમૃતના રસના સ્વાદથી પરિણમેલો જાણ. આહાહા..! પરિણમેલો જાણ એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

'**ज्ञानमयः परमानंदस्वभावः नित्यं निरंजनं**' એ બધા થઈને જાણ. સમજાણું? .. સહાવો. નિત્ય નિરંજન ભાવ. એમ જાણ. પણ કઈ રીતે જાણ? આહાહા..! એ તો .. દશાથી વાત લીધી છે. '**વીતરાગભાવ પરમાનંદરૂપ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે....**' આ એનો સ્વાદ લેતો હોય. આહાહા..! અમૃતના આનંદના સ્વભાવનો સ્વાદ લેતો હોય એમાં એને પરમાનંદસુખ છે એમ જાણવામાં આવે છે. શું કીધું સમજાણું ..ભાઈ? કહે છે કે આ પરમાનંદમય પ્રભુ છે એ કોને જાણવામાં? એ પરમાત્માને તું જાણ. પણ કઈ રીતે જાણ? કઈ રીતે જણાય? આહાહા..! વીતરાગ પરમાનંદ અમૃતના સ્વાદમાં પર્યાયમાં સ્વાદમાં પરિણત થઈને તું જાણ. આહાહા..! પ્રવિણભાઈ! આવું કાંઈ હતું ત્યાં તમારે? આહાહા..! પરમાનંદ સ્વભાવ છે. ખુલાસો આમ કર્યો. એને જાણ એમ કહ્યું ને? જાણ-જાણ. જાણ છે ને અંદર? '**योगिन् नियमेन आत्मानं मन्यस्व**' શબ્દ પડ્યો છે. ૧૮મી ગાથા. અર્થ છે ને શબ્દાર્થ? શબ્દાર્થ છે. '**હે યોગી, નિશ્ચય કરકે તુ આત્માકો ઐસા જાન.**' '**मन्यस्व**' છે ને? શબ્દાર્થ છે. મૂળ પાઠ. મૂળ પાઠમાં. મૂળ ગાથામાં. '**मन्यस्व**' એટલે જાણ. પણ જાણ કઈ રીતે જાણ? આહાહા..! એકલું .. છે એવી રીતે જાણ્યું નથી એમ કહે છે. આહાહા..! જ્ઞાનના ક્ષયોપશમમાં એને આ પરમાનંદ છે, જ્ઞાનમય છે. એ જાણ્યું નથી એણે. આહાહા..! એને તો વાત ધારણામાં આવી છે. જાણવામાં આવી નથી. આહાહા..! ઓહોહો..! દિગંબર સંતોની શૈલી તો જુઓ. આવી વાત મળવી મુશ્કેલ છે. આવી વસ્તુ છે. અને લૌકિક એકાંત છે એકાંત છે એમ કહે. વ્યવહારથી જણાય એની પણ ના પાડે. એકલા જ્ઞાનમાં ધારણા કરે એનાથી જણાય એની પણ ના પાડી. શું કીધું સમજાણું આમાં?

આવો આત્મા છે એ એને વ્યવહારથી જણાય છે. વ્યવહારરત્નત્રય સાધન અને નિશ્ચય સાધ્ય. એમ નથી. એ તો સાધનનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! એમ જ્ઞાનના ઉઘાડમાં એ ધારણામાં વાત આવી એ પણ તેણે જાણ્યું નથી. વસ્તુ છે એ જ્ઞાનમાં, સ્વાદમાં આવી નથી ત્યાં સુધી એણે જાણી નથી. આહાહા..! મુળચંદભાઈ! આવો દિગંબર ધર્મ છે. કોઈના ઘરની ક્યાં વાત છે? .. હતા ત્યાં. આ અનાદિથી ચાલ્યો આવે છે. એમ જ છે. ઓહોહો..! શું પણ ખુલાસો કર્યો છે ને!

જ્ઞાનમય પરમાનંદ સ્વભાવ, જ્ઞાનમય જાણ. એની સન્મુખ થઈને વીતરાગી પરમાનંદના અમૃતના રસના સ્વાદથી તું એને જાણ. અને તે સ્વાદ કેવો? સમરસી. છે? '**સ્વાદસે સમરસી ભાવકો પરિણત હુઆ હૈ,...**' આહાહા..! એવા '**અમૃતકે રસકે સ્વાદસે સમરસી ભાવકો પરિણત હુઆ હૈ,...**' આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાનની સાથે અમૃતના રસના સ્વાદસહિત વીતરાગી પરિણતિથી એને જાણ એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ દિગંબર મુનિઓ કહે છે. દિગંબરમાં જન્મ્યા એને પણ ખબર નથી. ચેતનજી! વાત તો એમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આને આ રીતે જાણ. ભગવાન પરમાનંદનો સ્વાદ લઈ. એમ. જ્ઞાનમય છે, પરમાનંદ સ્વભાવ છે, નિત્ય છે એને જાણ. એ જાણમાં એ નાખ્યું. કે જ્ઞાનમય છે તો જ્ઞાનની પરિણતિ દ્વારા જાણ. આનંદ છે તો આનંદના સ્વાદ દ્વારા જાણ. આહાહા..! એ વીતરાગ સ્વરૂપ છે તો સમરસી વીતરાગની પરિણતિ દ્વારા જાણ. વ્યાખ્યા તો એમ છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે કહ્યું ને પાંચમી ગાથામાં? '**तं एयत्तंविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाहेज पमाणं..**' હું દેખાડું તો અનુભવથી પ્રમાણ કરજે. .. આહાહા..! સમજાણું કાંઈ? પાંચમી ગાથામાં. '**एयत्तंविहत्तं**' ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી એકત્વ છે. વિભાવના વિકલ્પથી એ વિભક્ત છે. '**तं एयत्तंविहत्तं दाएहं अप्पणो सविहवेण।** ' મારા વૈભવથી હું તને કહીશ. ભગવાને કીધું માટે કહીશ એમ નહિ. શ્વેતાંબરમાં એમ આવે છે. ... . ભગવાન આમ કહેતા હતા. અહીં કહે હું નિજવૈભવથી કહીશ. મોટો ફેર છે.

'**जदि दाहेज पमाणं..**' પ્રમાણ કરજે. ... સમરસી સ્વભાવ દ્વારા. જ્ઞાનમય વસ્તુ તેને જ્ઞાનના પરિણમનથી જાણ, પરમાનંદ રસ છે તેને આનંદના સ્વાદથી જાણ, વીતરાગીભાવ વસ્તુ તેને વીતરાગી સમરસી પરિણતિથી જાણ. આહાહા..! ચંદુભાઈ! છે આવી વાત. દિગંબર સંતો સિવાય આ વસ્તુ આવી સ્પષ્ટ નથી કરે કોઈએ. બીજા સાથે સમન્વય કરવો. સમનવય કરો. આ વસ્તુ છે. કોની સાથે સમન્વય કરે ભાઈ! કોઈ સાથે વિરોધ નહિ ભગવાન છો. એ બધા ભગવાન છે. દ્રવ્યે ભગવાન છે. આબાળ-ગોપાળ વસ્તુસ્વરૂપ ભગવાનસ્વરૂપ છે. એની પર્યાયમાં ભૂલ છે. જેની પર્યાયની ભૂલ ટાળી એ બીજા પર્યાયની ... આહાહા..! ...

અહીં કહે છે '**વીતરાગભાવ પરમાનંદરૂપ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે સમરસી ભાવકો પરિણત હુઆ હૈ,...**' આહાહા..! '**परमाणंद-सहाउ वीतराग परमानन्दैकरूपसुखामृतरसास्वादेन समरसीभावपरिणतस्वरूपत्वात्**' છે? '**परमानन्दस्वभावः।**' ત્યારે પરમાનંદ સ્વભાવ .. સંસ્કૃત છે. '**ઐસા હૈ યોગી...**' આહાહા..! '**શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો ઐસા સમજ,...**' હે મુનિ! શુદ્ધ નિશ્ચયથી એવા આત્માને તું આત્મા જાણ. આહાહા..! છે? '**ઐસા સમજ,...**' આહાહા..! આવી વાત થોડી હોય પણ સત્ય છે તેને જાણ જે. મોટી મોટી વાતું લાંબી લાંબી કરે ... આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. આમ તો જ્ઞાનસ્વરૂપ છે એમ જણાય કઈ રીતે? પરિણતિ દ્વારા જણાય. આહાહા..! ભગવાન તો .. સ્વભાવ છે. જણાય શી રીતે? એ અમૃતના રસના સ્વાદથી જણાય. ભગવાન વીતરાગ સ્વરૂપ છે. પરમાનંદ કઈ રીતે જણાય? સમરસી પરિણતિ વીતરાગ પરિણતિ દ્વારા જણાય. આહાહા..! ગજબ કામ કરે છે. આવો માર્ગ છે. ... દિગંબર સંતો કેવળીના કેડાયતો છે. કેવળીએ .. આહાહા..! લોકોને સત્ય સાંભળવા ન મળે એ બિચારા ક્યાં જાય? આહાહા..!

કહે છે '**શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો ઐસા સમજ, શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે બિના ટાંકીકા ઘડયા હુઆ સુઘટઘાટ...**' સુઘટઘાટ. અણઘડેલો પણ સુઘટ. આનંદમય ભગવાન, અતીન્દ્રિય આનંદનો અમૃતનો સાગર એ છે. આહાહા..! સુઘટઘાટ. '**જ્ઞાયક એક સ્વભાવ...**' ત્યાં પણ લેવું. ત્યાં એક છે. '**જ્ઞાયક એક સ્વભાવ નિત્ય હૈ.**' આ નિત્યની વ્યાખ્યા કરે છે. જ્ઞાનમયની કરી, .. કરી નિત્યની હવે કરે છે. આ નિત્યની વ્યાખ્યા કરે છે. '**એક દ્રવ્યાર્થિકનયસે...**' દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુની દૃષ્ટિથી વસ્તુને '**બિના ટાંકીકા ઘડયા હુઆ...**' ઘડો છે એ .. સુઘટઘાટ. આહાહા..! આનંદઘન પ્રભુ. ચૈતન્ય ચિંતામણી ... સમકિત .. સમકિત હોવે ... આહાહા..! માર્ગ આવો છે. .. લાગે એકાંત છે. આ વ્યવહારથી થાય એ તો આવતું નથી. અહીં તો ના પાડે છે. વ્યવહારથી થાય એમ નહિ, અને નિશ્ચયમાં .. શી રીતે જણાય? ચંદુભાઈ! આહાહા..! ... લાગે છે. વ્યવહારથી થાય એ .. વ્યવહારથી જણાય. પણ વ્યવહાર વસ્તુમાં નથી ને. વ્યવહાર તો રાગ છે. શુભરાગ છે. આહાહા..!

હવે .. વ્યવહાર કોને કહેવો? આહાહા..! વ્યવહારથી જણાય? જેમાં રાગ નથી એ રાગથી જણાય? જેમાં સમરસી ભાવ છે તો સમરસીભાવથી જણાય. આહાહા..! એમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે એ અતીન્દ્રિય આનંદના સ્વાદથી જણાય. આહાહા..! એ જ્ઞાનમય ભગવાન છે તેની સન્મુખ થઈને, સમ્યગ્જ્ઞાનની પરિણતિ દ્વારા જણાય. ... આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ આવશે લ્યો...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો વદ ૧૫, શનિવાર
## તા. ૨૩-૧૦-૧૯૭૬, ગાથા-૧૮, પ્રવચન નં. ૧૧૨

આજ ભગવાનના મોક્ષનો દિવસ છે. નૈગમનયે આરોપથી. ભૂતકાળમાં થઈ ગયા છે ને એ તો? એને અત્યારે કહેવું એ એક નૈગમનયના કથનો છે. ભગવાન આ ચૌદશની પાછલી રાતમાં મોક્ષમાર્ગની ત્રણ જે પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્ર, એની પૂર્ણ થઈ. ચૌદમે. આહાહા..! એનો વ્યય થયો અને મોક્ષનો ઉત્પાદ થયો. ખરેખર એ મોક્ષના ઉત્પાદની પર્યાયનો એ જન્મક્ષણ જ હતો. આહાહા..! તે કાળે, જેમ માટીમાંથી ઘડો થવાનો જન્મક્ષણ હોય છે ત્યારે ઘડો થાય છે. નિમિત્ત હો. કુંભાર આદિ દોરી કીધું છે ભલે. પણ એ કોઈ એનાથી થાતું નથી એમાં. કહેશે હમણા. ધર્માસ્તિ, અધર્માસ્તિ સહાયક કારણ છે. એનો અર્થ સમજવો જોઈએ ને? સાથે એક બીજી ચીજ છે. તેમ ભગવાને જ્યારે મોક્ષની પર્યાય પ્રગટ કરી ત્યારે

કાળાદિ નિમિત્ત છે દ્રવ્ય પણ એનાથી થયું નથી. નિશ્ચયથી તો એવું છે કે મોક્ષની પર્યાય પોતે ષટ્કારકરૂપે પરિણમીને ઉત્પન્ન થઈ છે. 'લાલચંદભાઈ'! આહાહા..!

જ્યારે વિકારભાવ પણ ષટ્કારકરૂપે પરિણમન થઈને ઉત્પન્ન થાય. કેમકે વિકાર એ દ્રવ્ય અને ગુણમાં નથી. ત્યારે પર્યાયમાં સ્વતંત્ર એક સમયમાં મિથ્યાત્વનો ભાવ હો કે રાગ-દ્વેષનો હો, એક ક્ષણમાં તે વિકાર, એ પર્યાય વિકારની કર્તા, પર્યાય વિકારનું એનું કર્મ-કાર્ય. આહાહા..! એક સમયમાં છ બોલ એની સ્વતંત્રતા એ જાહેર કરે છે. અને એ સ્વતંત્રતાનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતાનું ફળ સ્વ ઉપર લક્ષ જાય ત્યારે વીતરાગતા આવે છે. સમ્યગ્દર્શનની વીતરાગ પર્યાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન એક વીતરાગી પર્યાયનો જ જન્મક્ષણ-ઉત્પત્તિકાળ છે. તે પણ સમ્યગ્દર્શનની પર્યાય પોતાના ષટ્કારકથી પરિણમન થઈને ઉત્પન્ન થઈ છે. જેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. છતાં દ્રવ્યનો સહારો કહેવાય. આહાહા..! વીતરાગી તત્ત્વ...

આજ તો મોક્ષનો દિવસ છે ને? કેવળ મોક્ષપર્યાય થઈ એને મોક્ષમાર્ગની પર્યાયનો વ્યયનો કાળ હતો. અને મોક્ષની પર્યાયનો ઉત્પન્ન (થવાનો) કાળ હતો સમય. વસ્તુ ધ્રુવરૂપે તો એનો ક્ષણ છે. આહાહા..! એ મોક્ષની પર્યાય પણ જે પૂર્ણ થઈ.. આહાહા..! મોક્ષમાર્ગને લઈને થઈ એમ કહેવું એ તો વ્યવહાર છે. કારણ કે મોક્ષમાર્ગની પર્યાયનો તો વ્યય થાય છે. એ વ્યય ઉત્પાદનું કારણ કેમ હોય? આહાહા..! તો ઉત્પાદનું કારણ તો ઉત્પાદ પોતે છે. પણ ઉત્પાદનું વ્યવહાર કારણ કહેવું હોય તો દ્રવ્યનો આશ્રય વિશેષ થયો માટે. સમજાણું કાંઈ? એવો જે જન્મક્ષણ પરમાત્માનો... આહાહા..! તે કાળે પરમાત્મા પૂર્ણ આનંદ અવ્યાબાધ (પ્રાપ્ત થયો). પૂર્ણ આનંદ તો તેરમે ગુણસ્થાને થયો હતો, પણ અહીંયાં તો પૂર્ણ આનંદ, અવ્યાબાધ આનંદની પ્રાપ્તિ થઈ. ભગવાનને ત્યાં. એને દિવાળી દિવસ કહેવામાં આવે છે. દિ એટલે સ્વકાળને એણે વાળ્યો. આહાહા..! પરમાત્મદશાની દશા એ સ્વકાળ. સ્વકાળ એ પર્યાયનો સ્વકાળ. આહાહા..! એમાં એણે પોતાની પર્યાયને ઉત્પન્ન કરી. આહા..! તેથી એને દિ-વાળી-દિવાળી કહેવામાં આવે છે. પછી બહારમાં આ તો આ દીવા કરે અને આમ કરે ને તેમ કરે એ બધી વ્યવહારની વાતું છે. આહાહા..!

ભગવાન સાદિઅનંત સિદ્ધપર્યાયને પામ્યા. અનાદિશાંત સંસારની અવસ્થાને કરી નાખી. આહાહા..! સંસારદશા જે અનાદિની છે તેનો ત્યાં અંત એ ક્ષણે આવ્યો. અને સિદ્ધની પર્યાય અનંતકાળ રહેવાની છે તેનો ઉત્પત્તિકાળ તે સમયે આવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો ક્ષણ-કાળ તે જ ક્ષણ કાળ મિથ્યાત્વના નાશનો ક્ષણ કાળ છે. અને તે જ ધ્રુવનો ક્ષણ કાળ (છે). તે-તે ધ્રુવનો. તે-તે ધ્રુવનો એટલે? પહેલાની પર્યાય ગઈ, નવી પર્યાય થઈ એટલું જરી ધ્રુવમાં.. અપૂર્ણ પર્યાય ગઈ, પૂર્ણ પર્યાય થઈ એટલી ધ્રુવની અપેક્ષાએ ત્યાં રહી છે. ત્યાં અપૂર્ણ ગઈ અને પૂર્ણ થઈ એટલે ત્યાં ધ્રુવમાં પૂર્ણતા છે એમાં કાંઈ ઓછપ થઈ નથી. સમજાણું કાંઈ? એ તો પૂર્ણાનંદ ધ્રુવ તો છે પણ

પૂર્વની પર્યાયની અપૂર્ણતા ગઈ. ગઈ ક્યાં? કે ત્યાં. ધ્રુવમાં ગઈ. અહીં જે ક્ષાયિકભાવનું સમકિત આદિ કહેવાતું, મોક્ષમાર્ગની પર્યાય, એ અંદર ગઈ ત્યારે પારિણામિકભાવે થઈ ગઈ, ધ્રુવ થઈ ગઈ. આહાહા..! આ તત્ત્વની મર્યાદા અને સ્થિતિ આ છે. એમાં કોઈ આગળપાછળ ફેરફાર કરે તો બની શકે એવું નથી. એ કઠણ પડે જગતને. ક્રમબદ્ધ.

ઉત્પત્તિકાળમાં કારણ તો બધે લેવાય છે. .. આમાં પણ આવશે સહાયક કારણ. આમાં ૧૯માં. ધર્માસ્તિને સહાયક કારણ કહેશે. પણ એનો અર્થ એ સહાયક કારણે એ પર્યાય ઉત્પન્ન કરી છે એમ નથી. એ પર્યાયનો તો ઉત્પત્તિ કાળ હતો, પોતાથી થયું છે. પર કારણની પણ તેને નિશ્ચયથી અપેક્ષા નથી. વ્યવહારે છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. આ વસ્તુની સ્થિતિ છે. ભગવાને એમ જાણી અને ભગવાને એમ કહ્યું હતું. આહાહા..! એ આજે દિવસ છે દિવાળીનો. લોકો તો લાડુ ચડાવે છે. કોણ જાણે.. સવારે ભાઈએ પ્રશ્ન કર્યો હતો, 'હિંમતભાઈ' કે આ લાડુ ચડાવે એ કાંઈ ખબર નથી કે શું છે? આધાર શું છે? લાડવા ચડાવે છે ને? એ વ્યવહાર ચાલ્યો આવે છે કે શું છે? લાડુ ચડાવે છે ને? આજે મુક્યા હતા કોઈએ. ભગવાનની ઓલી કરી ત્યારે કો'કે મુક્યા હતા, બે. એ પદ્ધતિ હશે કે શું હશે? કીધું, આપણને કાંઈ શાસ્ત્રની ખબર નથી. આહાહા..! આ પદ્ધતિ છે એ છે.

મુમુક્ષુ :- અંદરની પદ્ધતિ એ સાચી પદ્ધતિ.

ઉત્તર :- આ પદ્ધતિ છે. આપણે અહીંયાં ૧૮મી ગાથા ચાલે છે.

ભાવાર્થ ફરીને. ૧૮મી ગાથાનો ભાવાર્થ. 'પરમાત્મપ્રકાશ'. ૧૮મી ગાથા. '**યહ આત્મા અમૂર્તિક શુદ્ધાત્માસે ભિન્ન જો સ્પર્શ-રસ-ગંધ-વર્ગવાલી મૂર્તિ ઉસસે રહિત હૈ,...**' પહેલો પાઠ છે ને મૂર્તિરહિત. પહેલો પાઠ છે. '**मुत्ति-विहूणउ**' છે? ૧૮મી ગાથા. '**मुत्ति-विहूणउ**' એની વ્યાખ્યા. '**યહ આત્મા અમૂર્તિક શુદ્ધાત્માસે ભિન્ન...**' ભગવાનઆત્મા તો અમૂર્તિક છે. ભલે અમૂર્તિક હો, પણ વસ્તુ છે. એમ સિદ્ધ કરવું છે. મૂર્તરહિત છે. મૂર્તરહિત છે પણ અમૂર્તિક વસ્તુ છે. અમૂર્તપણું એટલે કોઈ તુચ્છપણું (છે) એમ નથી. જેમાં મૂર્તરહિત છે પણ જેની અમૂર્તતાની પ્રધાનતા છે, એની એ મોટપ છે. અમૂર્ત તો ધર્માસ્તિ પણ છે. પણ આ મૂર્તરહિતમાં તો એની મહિમા અનંતઆનંદ અને જ્ઞાનની અમૂર્તતા એ એની મહિમા છે. અમૂર્ત હોવા છતાં ભગવાનમાં, ભગવાન એટલે આ આત્મા. એને ભગવાન કહીએ. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતપ્રભુતા, અનંતસ્વચ્છતા એવો મૂર્તરહિત પદાર્થ હોવા છતાં, એવા અમૂર્ત સ્વભાવોથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે. 'પરમાત્મપ્રકાશ' છે ને આ? મૂર્તરહિત અમૂર્ત પરમાત્મા છે એમ કહેવું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આ બધી ગાથાઓ ગંભીર છે. મૂર્તરહિત અમૂર્ત પણ પરમાત્મા અમૂર્ત સ્વરૂપ છે આખું. અને ખરેખર તો એ અમૂર્તપણું નિર્મળ અમૂર્ત પર્યાય દ્વારા જ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? આ અમૂર્ત છે, અમૂર્ત છે, અરૂપી છે એનું ભાન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની પર્યાયમાં થાય છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન એ પણ અમૂર્ત છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ અમૂર્ત દ્વારા અમૂર્ત જણાય છે. આહાહા..! આમ અમૂર્ત છે પણ

એની પ્રતીતિ ક્યારે આવે? એ સમ્યગ્દર્શન જે અમૂર્ત છે ત્યારે એને અમૂર્ત પદાર્થની પ્રતીતિ આવે. આહાહા..! સમજાણું કાંઈ? મૂર્ત રહિત છે. હવે વિશેષ (કહે છે).

**'मुत्ति-विहूणउ णाणमउ' 'णाणमउ'** શબ્દ પડ્યો છે એની વ્યાખ્યા. **'लोक-अलोकका प्रकाश करनेवाले केवलज्ञानकर पूर्ण है,...'** આ પર્યાયની વાત નથી. ભગવાનઆત્મા જ્ઞાનમય. જ્ઞાનવાળો એમ નથી કહ્યું. જ્ઞાનમય છે. કેવું જ્ઞાન? કેવળ જ્ઞાન, કેવળ જ્ઞાન-એકલું જ્ઞાન. કેવળ આ પર્યાયની વાત નથી. સમજાણું કાંઈ? આવો આ આત્મા છે એને તું જાણ. એ જાણવામાં આખી વાત લેશે. સમજાણું કાંઈ? એ **'केवलज्ञानकर पूर्ण है,...'** આહાહા..! પણ એ ક્યારે જણાય? ઈ કહેશે. સમજાય છે કાંઈ? આહાહા..! **'जोकि केवलज्ञान सब पदार्थोंको एक समयमें प्रत्यक्ष जानता है,...'** કેવળજ્ઞાન એક સમયમાં શક્તિરૂપનું અહીં વર્ણન છે. શક્તિરૂપ એ લોકાલોકને જાણે એવો જ એનો શક્તિ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં એ નથી અને આવરણથી રોકાણું છે નિમિત્તથી એ અહીં વાત નથી. અહીં તો કેવળજ્ઞાન પરિપૂર્ણ શક્તિનું સત્ત્વ આખું છે કે જે લોકાલોકને જાણે એવો જ એનો સ્વભાવ છે. આહાહા..!

**'आगे-पीछे नहीं जानता,..'** આગે-પીછે જાણે શું? જે જે સમયમાં જે જે રીતે જ્યાં દ્રવ્યની ક્રમબદ્ધપર્યાય ભૂતની તો ગઈ, ભવિષ્યની છે નહિ છતાં ભવિષ્યની જે થશે તેવી જ્ઞાનમાં વર્તમાનમાં-પર્યાયમાં જણાય. પણ શક્તિમાં એવી જ શક્તિ અંદર છે, કહે છે. આહાહા..! જે પર્યાય ભવિષ્યની વર્તમાન નથી એને વર્તમાન જાણે... ત્યારે એ લોકો એમ કહે છે કે જે નથી તેને વર્તમાન જાણે તો વિપરીત થઈ ગયું. એમ કહે છે.

મુમુક્ષુ :- આવતીકાલ વાર આ છે એ ખબર નથી પડતી?

ઉત્તર :- પણ અહીં ખબર નથી પડતી? રોટલીનો લોટનો લોયો લીધો. તો આમાં રોટલી થાશે એનો ખ્યાલ નથી આવતો ત્યાં? થયા પહેલા નથી ખ્યાલ આવતો? લોયા કહે છે ને લોટને? આટા-આટા. એમાંથી ગોળણું કાઢે છે ને થોડું? કાઢ્યું ત્યાં ખ્યાલમાં જ છે એને કે આ રોટલી થાશે. કરીશ તો થાશે એમ નહિ. થાશે. સમજાણું કાંઈ? બીજી વાત. કરીશ તો થાશે એમ નહિ, નથી થતાં થાશે એનો ખ્યાલ આવી ગયો પાછો. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહુ અપૂર્વ છે. સૂક્ષ્મ છે, અપૂર્વ છે એનું ફળ અપૂર્વ આનંદ છે. સમજાય છે કાંઈ?

હવે કહે છે કે એવો જે અમૂર્ત અને જ્ઞાનમય પ્રભુ, કોને પ્રતીતમાં આવે અને કોને જાણવામાં આવે? આહાહા..! સમજાય છે કાંઈ? આમ શાસ્ત્રથી સાંભળ્યું માટે તેણે જાણ્યું એમ નથી, એમ કહે છે. આહાહા..! શાસ્ત્રથી ધાર્યું કે આ અમૂર્ત છે અને આ પૂર્ણ કેવળજ્ઞાનમય છે, આ જ્ઞાન પૂર્ણ છે એમ ધાર્યું એથી એણે જાણ્યું એમ નથી. આહાહા..! 'સ્વરૂપચંદભાઈ'! ઝીણી વાતું છે આ. આહાહા..!

દિવાળીનો દિવસ છે. પરમાત્મા મોક્ષ પધાર્યા દેખો. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' મોક્ષ શું છે? અનંત સમાધિ શાંતિ, વીતરાગતા, અનંત આનંદ એનું નામ મોક્ષ છે.

મોક્ષ તો નાસ્તિથી કહેવાય છે. ખરેખર દુઃખનો નાશ. એમ મુક્તિ કહેવાય છે ને? મુક્તિ તો અસ્તિ છે પણ દુઃખનો (નાશ થઈને) એમ કરીને મુક્તિ થઈ ને? સંસારનો અભાવ એ મુક્તિ. મુક્તિ કીધી. શેનાથી મુક્ત થયો? દુઃખથી અથવા અપૂર્ણ અવસ્થાથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ હવે કહે છે કે આવો જે મૂર્ત ભગવાન અને જ્ઞાનમય જે લોકાલોકને જાણે એવો જે એનો સ્વભાવ, એવી એની શક્તિ, એવું એનું ધ્રુવપણું, એવાને આત્માને જાણ. એમ શબ્દ છે ને? જુઓ! '**मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ**' એને ભેગું નાખશે. એ પરમાનંદ સ્વભાવ સાથે નાખશે હવે. '**णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ**' આહાહા..! '**मुणि**' છે ને? '**मुणि**' શબ્દ પડ્યો છે ને? એ '**मन्यस्व**' કહો કે જાણ કહો. '**मुणि**' શબ્દ છે ને? નીચે છે '**मन्यस्व**' '**मन्यस्व**'નું સંસ્કૃતમાં '**मन्यस्व**' લીધું છે. સંસ્કૃતનું ઓલું નથી લીધું. સમજાણું? શું? '**मुणि**' જે પાઠનો શબ્દ છે એ શબ્દાર્થમાં નથી લીધો. શબ્દાર્થમાં સંસ્કૃતનો શબ્દ લીધો છે. શું કીધું સમજાણું? પાઠના શબ્દો છે એ શબ્દાર્થમાં-અન્વયાર્થમાં નથી લીધા. એનું સંસ્કૃત છે એને અર્થમાં લીધું છે. પાઠ છે '**मुणि**', સંસ્કૃત છે '**मन्यस्व**'. શબ્દાર્થમાં પણ એ આવ્યું, જુઓ! હે '**योगिन्**' એનો શબ્દાર્થ માથે, શરૂઆતમાં. '**હે યોગી, નિશ્ચય કરકે,...**' '**नियमेन**' '**નિશ્ચય કરકે તૂ આત્માકો ઐસા...**' '**मन्यस्व**' '**જાણ.**' એ જાણની વાતની અંદરમાં હવે વિશેષતા બતાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**मन्यस्व**' આહાહા..! અને એ પરમાનંદ રહી ગયો તો ભેગું નાખી દેશે આમાં. મૂર્તરહિત જ્ઞાનમય પરમાનંદ સ્વભાવ. એમ પાઠ લીધો. પરમાનંદ સ્વભાવ. હવે એવો જે પરમાનંદ જ્ઞાનસ્વભાવ, મૂર્તિરહિત એને જાણ. ગુરુ એમ કહે છે. 'યોગીન્દ્રદેવ' સંત છે. ત્રણ કષાયનો અભાવ (થયો છે). પ્રચુર આનંદના સ્વસંવેદનની ભૂમિકામાં બેઠા છે. પ્રચુર આનંદ. છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે ને? આહાહા..! પાંચમી ગાથામાં આવે છે ને (સમયસારમાં)? પ્રચુર સ્વસંવેદન. આનંદ જેનો ટ્રેડ માર્ક છે. અનુભવનો રજીસ્ટર થયેલો ટ્રેડ માર્ક શું છે? કે આનંદ. આહાહા..! એમ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આનંદ આવે એ એનો ટ્રેડ માર્ક છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. એ હવે કહે છે. આહાહા..!

'**વીતરાગભાવ પરમાનંદરૂપ...**' જોયું! હવે જાણે શી રીતે? આવો મૂર્તરહિત જ્ઞાનમય પરમાનંદસ્વભાવ. હવે એ પરમાનંદસ્વભાવનું વર્ણન એકલું પરમાનંદરૂપ એમ ન લેતા પરમાનંદસ્વભાવના પરિણમનથી એને જાણ. 'લાલચંદભાઈ'! આહાહા..! શું કહે છે? '**વીતરાગભાવ...**' કેમકે વસ્તુ વીતરાગસ્વરૂપ છે. એને વીતરાગભાવની પરિણતિએ જાણ. આહાહા..! આ તો કાલે આવી ગયું છે. આ તો આ નવું છે ને જરી. નવા આવ્યા છે ને કેટલાક. સમજાણું કાંઈ?

વીતરાગભાવ એ અમૂર્ત હોવા છતાં એ સ્વરૂપ વીતરાગભાવ છે. એ અહીં નથી કહેવું. પણ વીતરાગભાવની પરિણતિ દ્વારા એને જાણ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**વીતરાગભાવ પરમાનંદરૂપ...**' હવે પરમાનંદનો સ્વભાવ કહ્યો હતો ને પાઠમાં-ગાથામાં? એને અહીં લઈ લીધો ભેગો. એ વીતરાગભાવરૂપ પરિણમન, પરમાનંદસ્વભાવરૂપી પરિણમન... આહાહા..! વીતરાગભાવરૂપી પરિણમનથી વીતરાગભાવને જાણ. પરમાનંદ સ્વભાવની પરિણતિથી પરમાનંદ સ્વભાવને જાણ. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ. સર્વજ્ઞ સિવાય આવી શૈલીની વાત ક્યાંય છે નહિ. વસ્તુની સ્થિતિ આ છે. આહાહા..!

જેમ કહ્યું ને આપણે? ભાઈ! ૧૪૪માં કહ્યું. ભાઈ! કર્તા-કર્મમાં. એ પરિપૂર્ણ આવો છે એ સમ્યગ્દર્શનમાં પરિણતિમાં તે શ્રદ્ધાય છે. આમ શ્રદ્ધાય-શ્રદ્ધાય એમ નહિ. સમ્યગ્દર્શનની પરિણતિમાં એ આવો શ્રદ્ધાય છે. એટલે દેખાય છે એમ લીધું ને. પહેલું દેખાય છે એમ લીધું. પછી દેખાયનો અર્થ શ્રદ્ધાય છે. સમ્યક્ નિર્વિકલ્પ પ્રતીતિમાં, રાગથી રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની પ્રતીતિમાં તે આ આત્મા શ્રદ્ધાય (છે). ...દેખાય છે એમ નહિ. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! .. છે. છે.. છે.. છે... પણ પ્રગટ પર્યાય વિના છે એમ ક્યાંથી આવ્યું? આહાહા..!

વીતરાગ ... છે, હોં! ... ભગવાન વીતરાગસ્વરૂપ છે. અમૂર્ત પણ વીતરાગસ્વરૂપી પ્રભુ છે. ચારિત્ર છે ને? અકષાયભાવ છે. વીતરાગમૂર્તિ જ છે એ. ... એને વીતરાગ પરિણતિ દ્વારા જાણ. આહાહા..! પરમાનંદસ્વરૂપ. ત્યાં શબ્દ એક પડ્યો રહ્યો છે. પરમાનંદરૂપ એક શબ્દ જોઈએ. છે ત્યાં? ટીકામાં. ટીકામાં છે. અર્થમાં પડ્યો છે. '**વીતરાગભાવ પરમાનંદરૂપ...**' એક સ્વભાવ. એક લીધું છે, એક લીધું છે. એ એક સ્વભાવને એક પરિણતિ વિકલ્પ રહિત અભેદ પરિણતિથી ... જાણ. આહાહા..! 'લાલચંદભાઈ'! આવી વાત છે. આહાહા..!

વીતરાગસ્વરૂપ પ્રભુ, એને એ વીતરાગી પરિણતિથી જાણ. આમ જાણ-જાણ એમ નહિ. આહાહા..! પરમાનંદસ્વરૂપ, તેને પરમાનંદની શુદ્ધતાની પરિણતિ દ્વારા આનંદના વેદન દ્વારા, સ્વાદ દ્વારા જાણ. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત પડે પણ માર્ગ આ છે. એના જ્ઞાનમાં વાત પહેલી બેસવી તો જોઈએ. એય..! 'ચંદુભાઈ'! આહાહા..!

'**વીતરાગભાવ પરમાનંદરૂપ...**' એક. આહાહા..! એકસ્વરૂપ એ પરિણતિની વાત છે અત્યારે. શું કીધું? વીતરાગ પરમાનંદરૂપ એક પરિણતિની વાત છે આ. વસ્તુ એકરૂપ છે ત્રિકાળ, એને એકરૂપ પરિણતિથી જાણ. અનેક પ્રમાણ નહિ કામ આવે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એકરૂપ સ્વભાવ. પરમાનંદ સ્વભાવ કીધો ને? એ એકરૂપ છે. પર્યાયનો ભેદ પણ નથી ત્યાં. એવો પરમાનંદ જ્ઞાનમય, મૂર્તરહિત, જ્ઞાનમય પરમાનંદરૂપ એકસ્વભાવ. એને વીતરાગ પરિણતિ દ્વારા, પરમાનંદની પરિણતિ દ્વારા, એકરૂપની પરિણતિ દ્વારા (જાણ). આહાહા..! '**અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે...**' આહાહા..! કેટલું ભર્યું છે, જુઓ! '...ભાઈ'! આવું છે આ. એનો અર્થ એમ કહેવા માગે છે કે એને જાણવા માટે નિમિત્ત અને વ્યવહારની અપેક્ષા છે નહિ, એમ કહે છે, ભાઈ! આ લોકો જે રાડ પાડે છે ને બધા, વ્યવહારથી નિશ્ચય થાય. પ્રભુ! એમ નથી, હોં! તું એવો પાંગળો નથી.

આહાહા..! તારી મોટપને કલંક લાગે. વ્યવહારથી થાય, રાગથી થાય છે? આહાહા..! રાગની વ્યવહારની જેને અપેક્ષા નથી. આહાહા..! જેને જાણવા માટે નિર્મળ પરિણતિની અપેક્ષા છે. 'ચંદુભાઈ'! આહાહા..! થોડું પણ સત્ય હોવું જોઈએ, બાપુ! લાંબી મોટી મોટી વાતું કરે અને એમાં સત્ય વસ્તુ શું છે એ તો હાથ આવે નહિ. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય. એ વસ્તુ અતીન્દ્રિય છે એથી અતીન્દ્રિય સુખના સ્વાદથી જણાય એવી છે. સમજાણું કાંઈ? 'વીરજીભાઈ'! આવી વાતું છે. '**અતીન્દ્રિય સુખસ્વરૂપ...**' પરમાનંદ શબ્દ લીધો ને પહેલો? એ પૂર્ણાનંદ સ્વભાવ પરિણતિનું .. લીધું છે. પરિણતિ દ્વારા આવા પરમાનંદ સ્વભાવને મૂર્તરહિત જ્ઞાનમયને જાણ. આહાહા..! કહો, સમજાય છે કે નહિ કાંઈ? કઈ અપેક્ષાએ કહેવાય છે તે વિવક્ષાને જાણવી જોઈએ. સમજાણું કાંઈ? ઘણી અપેક્ષા. ભાઈ કહેતા હતા ને? 'ચંદુભાઈ' કહેતા હતા કે બહુ અપેક્ષા. બહુ અપેક્ષા. કેવળજ્ઞાનમય વસ્તુ છે, ગમે તેટલી અપેક્ષા ... આહાહા..! એ તો ભગવાન જ્ઞાનમય છે એમ કીધું ને? હવે એને જાણવા માટે એમાં ગમે તે અપેક્ષા હોય તો જાણવાની તાકાતવાળો છે. આ રીતે હોય અને આ રીતે ન હોય એવી અપેક્ષા એના જ્ઞાનમાં યથાર્થ ... આહાહા..! કેમકે એ તો લોકાલોકને જાણે એવો તો એનો સ્વભાવ છે. આહાહા..! એમાં તો કઈ અપેક્ષા ને બધી આવી ગઈ કે નહિ? આહાહા..!

'**અતીન્દ્રિય સુખસ્વરૂપ...**' એ પણ પાછું '**અમૃતકે રસકે સ્વાદસે...**' આ રાગનો પુણ્યનો સ્વાદ છે એ તો ઝેરનો સ્વાદ છે. આહાહા..! વ્યવહારથી નિશ્ચય થાય એમ કહે છે ને? એને ઊડાવે છે. સમજાણું કાંઈ? એકાંત છે એમ કહે છે. નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય એ અનેકાંત છે. વ્યવહારથી ન થાય તેનો એકાંત છે એમ 'સોનગઢ' સામે પોકાર છે. 'સોનગઢ' સામે નહિ આ ભગવાનની સામે (પોકાર છે) એમ કહે. આહાહા..!

ભગવાન! તું ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ (છો) આહાહા..! અલિંગગ્રહણનું કહ્યું નહોતું? છઠ્ઠો બોલ કહ્યો હતો. 'અલિંગગ્રહણ'નો છઠ્ઠો બોલ. ઇન્દ્રિયથી જણાય એવો નથી. ઇન્દ્રિયથી જાણે એવો નથી. ઇન્દ્રિયથી જણાય એવો ભગવાન નથી. એ અતીન્દ્રિય પર્યાયથી જણાય એવો છે. આહાહા..!

ભગવાનઆત્મા બાળ-ગોપાળ દેહમાં મુક્તસ્વરૂપ બિરાજે છે. ભગવાનસ્વરૂપે ભગવત સ્વરૂપે છે. પર્યાયનું લક્ષ છોડી દે. સમજાણું કાંઈ? એ રીતે બધા આત્મા સાધર્મી છે. વિરોધી કોઈ નથી, પ્રભુ! એનો સ્વભાવ જ આવો છે એવું જેણે જાણ્યું, એને બધાનો સ્વભાવ જ એવો છે એને આત્મા જાણે છે. એને વેર કેવા, વિરોધ કેવા? તત્ત્વૈષુ મૈત્રી, ગુણેષુ પ્રમોદ. તત્ત્વેષુ-બધા આત્મા પ્રત્યે મૈત્રી છે. બધા આત્મા સાધર્મી છે. આ દ્રવ્ય તરીકે.. આહાહા..! સમજાણું કાંઈ? મિત્ર અને શત્રુ છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ છે. એ વીતરાગભાવે એટલે મિત્ર અને શત્રુના વિકલ્પ વિના જણાય એવો છે. આહાહા..! કહો, 'ઈશ્વરભાઈ'! ઈશ્વરભાઈ કોકવાર આવે 'ચંદુભાઈ' ઘણી વાર આવે. આહાહા..!

અહીં તો કહે છે, આત્મામાં જે પ્રભુત્વ છે-ઈશ્વરશક્તિ પૂર્ણ પ્રભુત્વશક્તિ છે. ઈશ્વર

શક્તિ છે ને. સાતમી. આઠમી વિભુત્વ છે. એ .. આવ્યું. 'શાંતિભાઈ' કહે .. એમ કે આઠમી વિભુત્વશક્તિ છે એમાંથી આ બે આઠડા આવે .... 'શાંતિભાઈ' આવ્યા છે કે નહિ? .. એમ કહે છે. આઠમી વિભુત્વશક્તિ છે ને? જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ. બે આઠડા આવ્યા ને? ૮૮ (જન્મજયંતિ) આવે છે ને!

અહીં તો મારે બીજું કહેવું છે. વિભુત્વ અને પ્રભુત્વ એ દરેક શક્તિમાં એનું રૂપ છે. શું કીધું? આનંદશક્તિ છે એમાં પણ વિભુત્વશક્તિનું રૂપ છે. વિભુત્વશક્તિ નથી. આહાહા..! અને પ્રભુત્વશક્તિ છે એ પ્રભુત્વશક્તિ નથી પણ પ્રભુત્વશક્તિનું એમાં રૂપ છે. સમજાણું કાંઈ? એમ ઈશ્વરશક્તિ છે એટલે પ્રભુત્વ, જ્ઞાનમાં ઈશ્વરતા આ શક્તિને લઈને નહિ. સ્વયં. જ્ઞાન જ્ઞાનની ઈશ્વરતા, જ્ઞાન જ્ઞાનની અસ્તિત્વતા, જ્ઞાનની જ્ઞાનની વસ્તુત્વતા, જ્ઞાનની જ્ઞાનમાં પ્રમેયત્વતા. પ્રમેયગુણ લીધો. આહાહા..! 'ચિદ્‌વિલાસ'માં આવ્યું છે. જ્ઞાનની પર્યાયના ષટ્‌કારક. 'ચિદ્‌વિલાસ'માં. એક એકના છ કારક. પર્યાયમાં, હોં! પેલા તો ધ્રુવ છે. આહાહા..! એવા દરેક ગુણના ષટ્‌કારક પોતાના કારણે છે. શક્તિ છે ત્રિકાળ. કર્તા, કર્મ ત્રિકાળ માટે આ છે એમ નથી. આહાહા..! આવો ભંડાર છે .. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફરીથી કહો આ વાત.

ઉત્તર :- એમ કહ્યું કે જેમ આત્મા છે એ જ્ઞાનસ્વરૂપ છે અને અસ્તિત્વગુણ ભિન્ન છે. છતાં જ્ઞાન છે એ અસ્તિ છે એ એનું પોતાનું રૂપ છે. એ અસ્તિત્વગુણને લઈને નહિ. એમ જ્ઞાનમાં એ પ્રભુત્વશક્તિ ભરી છે. એ શક્તિ એમાં નથી. એમાં જ ઈશ્વરશક્તિનું પ્રભુત્વ પોતાને લઈને છે. જ્ઞાનમાં ઈશ્વરતા પોતાને લઈને છે. ઈશ્વરશક્તિને લઈને નહિ. એમ જ્ઞાન પર્યાય કર્તા પ્રમાણે છે એ કર્તા શક્તિ છે એને લઈને નહિ. આહાહા..!

અરે..! ભગવાન ત્રણલોકના નાથ. તું ત્રણલોકનો નાથ છો. 'જિનપદ સોહિ હૈ આત્મા.' 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ આ રીતે છે. 'વજુભાઈ'! જેમ આનંદગુણ છે, તો આનંદગુણમાં અસ્તિત્વગુણ છે એ નથી. પણ આનંદનું અસ્તિત્વ પોતાથી છે એવું એનું રૂપ છે. અસ્તિત્વગુણને લઈને આનંદ છે એમ નહિ. આનંદગુણનું અસ્તિત્વ રૂપ છે એને લઈને અસ્તિત્વ છે. આહાહા..! એમ ઈશ્વરતા પ્રભુત્વ નામનો એક સાતમો ગુણ છે. એ શક્તિ દરેક ગુણમાં નથી પણ એનું રૂપ દરેક ગુણમાં છે. પ્રભુત્વશક્તિ જ્ઞાનમાં છે, દર્શનમાં છે, આનંદમાં છે. શક્તિ ભિન્ન છે પણ એનું રૂપ દરેક ગુણમાં છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તત્ત્વ જ એનું સ્વરૂપનું એટલું સામર્થ્ય છે. અનેક ગુણનું અનેક રૂપ એટલે એનું સ્વરૂપ. આ શક્તિ વિના એનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક દ્રવ્ય ક્યાં રહ્યું? એવા અનંતા ... પાછા અનંતા ગુણ ને અનંતા .. બધું

થઈને દ્રવ્ય છે. આહાહા..! બાપુ! ભગવાન! એ તું કેવડો મોટો છો એની આ વાત ચાલે છે.

આજે તો ભગવાનના મોક્ષનો દિવસ છે ને! પૂર્ણાનંદ .. થઈ ગયા. પ્રભુ! જો તમે .. ન હોય તો તમે શી .. પરમાત્માપ્રકાશ પ્રભુ! તમે મોટા છો એટલે શિર પર રાખ્યા છે. અને તે .. જીવને, તમને આ ખેંચી શકતા નથી. અનંતા જીવો તમે થોડા અને આ જાજા. તો થોડા છે એને થોડા જીવને ખેંચીને ત્યાં લઈ જાવ એમ કહે. થોડા છે માટે અનંતમાં ખેંચીને પાછા સંસારમાં આવે (એમ નથી). 'પરમાત્મપ્રકાશ'માં છે. આ તો વીતરાગમાર્ગ છે. .. પરમાત્મા પ્રત્યેના પ્રેમને પણ જેમાં વસ્તુમાં અવકાશ નથી. આહાહા..! એના પ્રેમથી પ્રાપ્ત થાય. આહાહા..! સમજાણું કાંઈ? આ મૂળમાં બધું ભર્યું છે. કાલે થોડું ચાલ્યું હતું, નહિ? પછી કીધું, આ નવા આવ્યા છે. પછી એવું ને એવું આવે? એનું એ આવે? ઘણું નવું આવે. આહાહા..!

ભગવાન! શરીરને ભૂલી જા. કર્મ નહિ, રાગ નહિ, પર સાથે કાંઈ સંબંધ નથી. અરે..! એક સમયની પર્યાય નહિ. આહાહા..! અને એવા જે અનંતા ગુણો, એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ એવા અનંતા ગુણો... આહાહા..! કેટલા ગુણ? આકાશના પ્રદેશ.. પ્રભુ! ક્યાં અંત છે? આકાશ.. આકાશ... આકાશ.. એમ ચારે બાજુ. અરૂપી. ક્યાં એનો છેડો? છેડો (હોય) તો પછી શું? આહાહા..! એવું જે અંત વિનાનું આકાશ, એના જે પ્રદેશોની સંખ્યા.. એ શું કહે? આહા..! એનાથી અનંતગુણા એક ભગવાનના રૂપ છે આ. અનંતગુણા ગુણ છે. અને અનંત જેટલા ગુણ છે તેનું એક એક ગુણમાં અનંતુ રૂપ છે. અને એની એક એક પરિણતિમાં ષટ્કારકનું પરિણમન (છે). ષટ્કારક ગુણ છે માટે નહિ. એક ઉત્પાદનો કાળ જે ષટ્કારકમાં સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને છે, એને કોઈ ધ્રુવની અપેક્ષા નથી. જેમાં અનંત ગુણનું રૂપ એવા ગુણોની પણ જેને પરિણતિને અપેક્ષા નથી. આહાહા..! ભગવાનનો મોક્ષ છે ને આજે! પર્યાયમાં. આહાહા..! ગુણની ખાણ ભરી છે મોટી. આહાહા..! પર્યાયમાં એ આખું દ્રવ્ય આવે નહિ. પણ પર્યાયમાં આખા દ્રવ્યનું સામર્થ્ય કેટલું છે એ શ્રદ્ધા-જ્ઞાનમાં આવી જાય. આહાહા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ, બાપા! અલૌકિક છે.

મુમુક્ષુ :- આવું ...

ઉત્તર :- સ્વરૂપ એવું. તારું પોતાનું એવું સ્વરૂપ છે. એની ખબર નથી જગતને. ભિખારા થઈને.. આહાહા..! કોડી કોડીનો ભિખારી .. રખડી મર્યો છે. એ 'અનુભવપ્રકાશ'માં આવે છે. આહાહા..! ત્રણલોકના નાથ, જ્યાં ત્યાં જરી મને આપો, મને સારો કહો, મને મોટો કહો, પૈસાવાળો કહો, ભિખારી માંગ્યા કરે છે. કોડી કોડીનો ભિખારી. ભગવાનને ભૂલી ગયો.

મુમુક્ષુ :- .. આત્મામાં નથી એટલે માગવું પડે છે.

ઉત્તર :- એમ કે આત્મામાં આ પૈસા નથી માટે માગવું પડે છે. 'ભગવાનજીભાઈ'! આહાહા..! એ જેમાં નથી એને માગે એ ભિખારા છે, એમ કહે છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! સમ્યગ્દર્શન અને એનો વિષય આવડો છે.

એ ત્યાં ૧૪૪માં કહ્યું ને? એ શૈલી અહીંયાં લીધી છે. સમ્યગ્દર્શનને કાળે તે શ્રદ્ધાય છે. તે કાળે જ્ઞાન એનું થાય છે. જ્ઞાનમાં આવ્યો છે, જણાણો ત્યારે તેનું જ્ઞાન થયું. આહાહા..! શાસ્ત્રથી જાણ્યું એ જ્ઞાન નહિ. આહાહા..! જે જ્ઞાનની પરિણતિમાં જ્ઞાયક જણાણો એ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. જે શ્રદ્ધામાં આખો ભગવાન એની પાચનશક્તિ શ્રદ્ધાની એટલી છે. જેમ અગ્નિમાં પાચક શક્તિ છે કે ગમે તેવા અનાજને પકવી દે. એમ શ્રદ્ધાની એટલી પાચન શક્તિ છે કે દ્રવ્યને સ્પર્શ્યા વિના, અડ્યા વિના એ પૂર્ણ અનંત ગુણના રૂપને શ્રદ્ધી લે, જાણી લે, માની લે. આહાહા..! ભગવાન! આવો તું છો, હોં! એ મોટપને હીણી ન થવા દે. આહાહા..!

અહીં કહે છે '**વીતરાગભાવ પરમાનંદરૂપ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે...**' એ અમૃતના રસના સ્વાદરૂપે આત્મા પરિણમે છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એમાં એમ કહ્યું છે ને કે સર્વ ગુણાંશ તે સમકિત. એમ કહ્યું ને? ભાઈ! સર્વગુણાંશ તે સમકિત. 'શ્રીમદ્દ્' (એમ કહ્યું) અને આપણે અહીં 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં (એમ આવે છે) ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ સર્વ પ્રગટ જાય છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. કેવળીને સર્વ ગુણ પૂર્ણ પ્રગટ થાય છે. આહાહા..! એ અહીં કહે છે. 'દેવીલાલજી'! આવી વાતું છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૧૧, રવિવાર
## તા. ૨૪-૧૦-૧૯૭૬, ગાથા-૧૮ થી ૨૨, પ્રવચન નં.૧૧૩

'પરમાત્મપ્રકાશ' ૧૮મી ગાથા. અહીં સુધી આવ્યું છે. નિત્ય. નિત્ય સુધી આવ્યું છે ને? પહેલું કહ્યું હતું કે આત્મા મૂર્તરહિત છે એમ કહ્યું હતું. આ બધા આત્માના વિશેષણો છે ને. ભગવાનઆત્મા મૂર્તરહિત છે. એને અમૂર્ત પરિણતિથી જો. જ્ઞાનમય છે. ભગવાનઆત્મા તો જ્ઞાનમય છે. સવારમાં કહ્યું હતું ને? આ પ્રકાશ જે છે એ અજ્ઞાન છે. સૂર્ય, ચંદ્ર આદિનો જે પ્રકાશ છે એમાં જ્ઞાન નથી. એ પ્રકાશનો પ્રકાશનાર જે છે એ પ્રકાશ ચૈતન્યપ્રકાશ છે. સમજાણું કાંઈ? આરે..! આ પ્રકાશ ઝળહળ જ્યોતિ, ચંદ્રની, સૂર્યની, નક્ષત્રની, તારાની, દીવાની, વિજળીની. આહાહા..!

ભાઈ! જ્યારે આત્મામાં રાગ છે એ પણ અજ્ઞાન છે, અંધકાર છે. એમાં પ્રકાશ નથી, આત્માનું કિરણ નથી. આહાહા..! તેથી રાગને જ્યાં અંધકાર કહ્યો કે અજ્ઞાન કહ્યું તો પછી આ બાહ્ય પ્રકાશવું છે એ તો અજ્ઞાન છે. આહાહા..! એ અજ્ઞાનનો પ્રકાશનાર ભગવાન ચૈતન્યપ્રકાશ એ આ પ્રકાશથી ભિન્ન છે. જેમ રાગથી જુદો છે, એમ આ બધા ચંદ્ર-સૂર્યના

પ્રકાશ બધાથી (જુદો છે). ભગવાન તીર્થંકરને ભામંડળ હોય છે. ભા-પ્રકાશનુ મંડળ. એ પણ અજ્ઞાન છે. સૂર્યનો પ્રકાશ હોય છે ને? ભગવાનના શરીરનું તેજ તો ચંદ્ર-સૂર્ય જેની આગળ કાંઈ ગણતરી નહિ. એવી આભા. આભા-ભા-મંડળ. આહાહા..! એ પણ અજ્ઞાન છે. એમાં જ્ઞાન નથી-એમાં આત્મા નથી. આહાહા..! આત્મા તો જ્ઞાનમય (છે). એમ કીધું ને? આહા..! એ તો પ્રકાશની મૂર્તિ, જ્ઞાનપ્રકાશની મૂર્તિ છે. એને તો જ્ઞાનપ્રકાશના પ્રકાશથી જો એમ કહે છે. રાગના અંધકારથી કે આ પ્રકાશના પ્રકાશથી એ નહિ જણાય. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનમય છે. પછી પરમાનંદ સ્વભાવ છે. ત્યાં એમ કહ્યું હતું કે ભગવાન પરમાનંદ સ્વભાવ, એને વીતરાગી આનંદના સ્વાદની પરિણતિથી જો. આહાહા..! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે.

સમ્યગ્દર્શન એ સુપ્રભાત છે. સુપ્રભાત એને કહ્યો છે ને? 'સમયસાર નાટક'માં સુપ્રભાત સમ્યગ્દર્શનને કહ્યો છે. અર્થમાં 'કળશટીકા'માં કેવળજ્ઞાનને સુપ્રભાત કહ્યો છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન ઝળહળ જ્યોતિ, એને સુપ્રભાત કહ્યો છે. 'સમયસાર નાટકે' સમ્યગ્દર્શનને સુપ્રભાત કહ્યો છે. એ સુપ્રભાતની વ્યાખ્યામાં. આહાહા..!

જે પ્રકાશ ભગવાનઆત્મા ચૈતન્યનું નૂર અને અતીન્દ્રિય આનંદનો પ્રવાહનો ધ્રુવ પ્રવાહ, ધ્રુવ પ્રવાહ. એ શું? અતીન્દ્રિય આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આમ ધ્રુવપ્રવાહ છે. સમજાય છે કાંઈ? અરે! આવી વ્યાખ્યા. ધ્રુવ અને પ્રવાહ. ધ્રુવ-ધ્રુવ રહે છે ને એમ ને એમ? એને શાસ્ત્રમાં પ્રવાહ કીધો છે. ધ્રુવપ્રવાહ. જેમ ઓલો પાણીના પૂરનો પ્રવાહ આમ જાય છે, આ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એવા પરમાનંદ સ્વભાવની ધ્રુવતાને...આહાહા..! એને રાગરહિત અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી દશાથી જાણ. આહાહા..! આવી વાત છે. નિત્યનું આવ્યું. નિત્યનું ટંકોત્કીર્ણનું આવ્યું. સુઘટ ઘાટ જ્ઞાયક એક સ્વભાવ નિત્ય છે. આવ્યું ને ત્યાં સુધી? અર્થમાં છે ત્યાં સુધી.

હવે નિરંજનની વ્યાખ્યા ચાલે છે. ભગવાનઆત્મા નિરંજન છે. એટલે? મિથ્યાત્વ રાગાદિ ભાવ જે અંજન છે... આહાહા..! મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એ અંજન-મેલ છે. એનાથી રહિત તે નિરંજન છે. આહાહા..! છે ને આપણે ૧૮મું? ૧૮માની છેલ્લી ત્રણ લીટી. નિરંજનની વ્યાખ્યા ચાલે છે. મૂર્તરહિતની થઈ ગઈ, જ્ઞાનમયની થઈ ગઈ, પરમાનંદની થઈ ગઈ અને નિત્યની થઈ ગઈ. આહાહા..! નિરંજનની ચાલે છે. આહાહા..! ભગવાનઆત્મા નિરંજન છે એટલે? મિથ્યાત્વ વિપરીત માન્યતા, જે પુણ્ય એ ધર્મ છે, પાપમાં મજા છે, બહારની આકર્ષણની ચીજો જે છે એમાં કાંઈ રુચિનો ભાગ પડ્યો છે, એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ?

'**મિથ્યાત્વ રાગાદિરૂપ અંજનસે...**' એ મેલ છે. એનાથી '**રહિત નિરંજન હૈ. ઐસી આત્માકો તૂ ભલી-ભાંતિ જાન,...**' એટલે કે નિરંજનને નિરંજન પરિણતિથી જાણ. આહાહા..! મિથ્યાત્વ અને રાગાદિ અંજન-મેલ છે અને ભગવાન એનાથી રહિત નિરંજન છે. તો એ નિરંજન જણાય કેમ? કે સમ્યગ્દર્શન અને વીતરાગી પરિણતિથી નિરંજન

જણાય. આહાહા..! એનું નામ સુપ્રભાત કહેવાય છે. આહાહા..! ભગવાન પ્રભાત-પરોઢિયું થઈને પ્રભાત થયો. આહા..! અંદર આત્માનો આનંદ અને જ્ઞાનસ્વભાવ, જે મિથ્યાત્વ અને રાગના ભાવથી નિરંજન છે, એને મિથ્યાત્વ રહિત જે સમ્યગ્દર્શન, રાગરહિત જે વીતરાગી પરિણતિ, એવી જે નિરંજનદશા, નિરંજનદશા એ દ્વારા નિરંજનને જાણ. આવી વાત છે. છે? **'ऐसी आत्माको तू भली-भांति जान,...'** એવા આત્માને, આવો આત્મા છે એને સારી રીતે જાણ. એમ કીધું ને? સારી રીતે ક્યારે જણાણો કહેવાય? કે એ પરિણતિ નિર્મળ થઈને જાણે ત્યારે. આહાહા..! સમજાણું કાંઈ?

**'जो सब पदार्थोंमें उत्कृष्ट है.'** બધા પદાર્થમાં એ ભગવાનઆત્મા જ ઉત્કૃષ્ટ છે. આહાહા..! એનાથી કોઈ ઉત્કૃષ્ટ ચીજ જગતમાં નથી. આહાહા..! સર્વોત્કૃષ્ટ ભગવાન મહાન પદાર્થ. 'પ્રવચનસાર'ની ૧૯૨મી ગાથામાં કીધું છે. અતીન્દ્રિય મહાન પદાર્થ છે એ. અતીન્દ્રિય મહાન વસ્તુ છે, વસ્તુ છે. ધ્રુવ છે, નિત્યાનંદ પ્રભુ છે એને ભલીભાંતિ જાણ. આહાહા..! એ બધામાં ઉત્કૃષ્ટ છે. **'इन गुणोंसे मंडित शुद्ध आत्मा ही उपादेय है,...'** આવા ગુણોથી સહિત શુદ્ધાત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ? **'और सब तजने योग्य हैं.'** બીજી વાત કહીએ તો એ વાત ૩૬મી ગાથામાં આવી ગઈ છે કે જેને આત્મા ઉપાદેય છે તેને રાગાદિ વિકલ્પ તે હેય છે. સમજાણું કાંઈ? અને જેને રાગાદિ ઉપાદેય છે તેને આત્મા હેય છે. આહાહા..! ૩૬મી ગાથા છે. ૩૬-૩૬. અર્થમાં સાધારણ કર્યું છે. પાઠમાં એમ છે. અર્થમાં મૂઢ આત્મા કહ્યો છે. ટીકામાં એમ નથી. ટીકામાં અન્યત્ર જીવને હેય છે એમ કહ્યું છે. રાગાદિ હેય છે એ તો બહુ ઠેકાણે આવે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા. લોકોને આ વાત આકરી પડે છે. એવો જે રાગ છે એ હેય છે. ચૈતન્યના ઉપાદેય આગળ એ હેય છે. સમ્યગ્દૃષ્ટિમાં નિર્મળ પરિણતિ દ્વારા એ ઉપાદેય ગ્રહ્યો, તેને રાગ હેય થઈ ગયો. અને જેણે રાગને ઉપાદેય ગણ્યો તેને ભગવાન વીતરાગસ્વરૂપી આત્મા હેય થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત આકરી ભારે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજાનો રાગ એ પણ જે ઉપાદેય માને એને ભગવાન હેય થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? લોકોને આ કઠણ પડે છે.

**'सब तजने योग्य हैं.'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સિવાય રાગાદિ ભાવ અને એક સમયની પર્યાય પણ દૃષ્ટિમાંથી તો હેય છે, એમ કહે છે. આહાહા..! જે દૃષ્ટિનો વિષય ઉપાદેય છે, આખો આત્મા ઉપાદેય (થાય છે), એ પર્યાય પણ લક્ષ કરે તે પર્યાય હેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ 'નિયમસાર'ની ૩૮ ગાથામાં કહ્યું નહિ? કે પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધી પર્યાયો નાશવાન છે. કેવળજ્ઞાન પણ નાશવાન છે. આહાહા..! પર્યાય છે ને? અવિનાશી ભગવાન એ પર્યાયથી ભિન્ન છે. આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન એને એક કોર સુપ્રભાત કહેવો. એક બાજુ એના કારણને-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને-સુપ્રભાત કહેવો, એક બાજુ એ સુપ્રભાતની પર્યાયને હેય કહેવી. આહાહા..! 'શાંતિભાઈ'! આહાહા..! બાપુ! વસ્તુનુ સ્વરૂપ એવું છે, ભાઈ! કેવળજ્ઞાન અને સંવર, નિર્જરા મોક્ષનો માર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મિથ્યાત્વરહિત, એ પરિણતિ પણ

(હેય છે). હજી તો પુણ્ય હેય માનવામાં પરસેવા ઉતરે છે એને.

મુમુક્ષુ :- એમાં તકરાર કરે છે.

ઉત્તર :- એમાં તકરાર કરે છે. આહાહા..! શુભભાવ હેય? અને શુભભાવથી આત્મા ન થાય? એકાંત છે. અરે..! ભગવાન! સાંભળને નાથ! તારો અનાદર થાય છે એમાં. તું ભગવાનસ્વરૂપે (છો). એ રાગની ઉપાદેયબુદ્ધિમાં, ભગવાન! તારું હેયપણું (થઈ જાય છે). તું નથી.. નથી.. તું નથી એમ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એમાં આ બહારના ભભકા, શરીર ને કપડા ને દાગીના, મડદાને શણગારે. દાગીના (પહેરે) અને ટીલા ટપકા કરે. અહીં લવિંગીયા ને આ અહીં, નાકમાં વળી ફુલ. આદમી કાનમાં ફૂલ નાખે છે. આપણા 'ભગવાનદાસ શેઠ' નહિ? 'ભગવાનદાસ શેઠ'. અમારે 'ગાંડાભાઈ' નાખતા. 'ફાવાભાઈ' નહિ? અમારે 'ધીરૂભાઈ ફાવાભાઈ' હતા ને. 'મનહર' આવ્યો નથી? 'મનસુખ'! કાલે આવશે. અમારે 'ફાવાભાઈ'નો દીકરો છે ને, 'મનહર'.

મુમુક્ષુ :- હું નાનો હતો ત્યારે પહેરતો હતો.

ઉત્તર :- એમ! ઠીક! એ હોય છે કેટલાક. કાનમાં કાણું નખાવે ને? કાનમાં કાણું નખાવે. અમારે એ 'મનહર'ના બાપ 'ફાવાભાઈ' હતા. 'મનહર' પાસે અત્યારે પૈસા ઘણા થઈ ગયા છે. ૬૦ લાખ. એના બાપ ને બધા હતા સમજવા જેવા હતા. પણ એ તો પુણ્યને લઈને છે. એ કાંઈ કોઈ બુદ્ધિને લઈને નથી. એમ હશે ને? 'મનસુખ'!

મુમુક્ષુ :- આપની પાસે તો એમ જ કહેવાય ને.

ઉત્તર :- ના, ના આ છોકરાઓ તો હવે છે. 'મનસુખ'ને એ તો બધા રુચિથી .. આહાહા..! એના બાપ કરતા.. આહાહા..! અરે..! પ્રભુ! શું પૈસા? અહીં તો જ્યાં રાગને હેય કહ્યો. ત્યાં રાગના ફળ જે પૈસા એ તો હેયમાં હેય છે. આહાહા..!

અહીં તો બીજું કહેવું છે કે જેને કેવળજ્ઞાનની પર્યાય જેને આપણે સુપ્રભાત સિદ્ધ કરવો છે. એ પ્રભાત આવ્યું ને અહીં? '**મિથ્યાત્વ રાગાદિરૂપ અંજનસે રહિત નિરંજન હૈ.**' ભગવાન એને સમ્યગ્દર્શનથી ઓળખવો એ સુપ્રભાત છે. આ અધિકાર મિથ્યાત્વરહિતનો જ આવ્યો. સમજાય છે કાંઈ? સમ્યક્ શ્રદ્ધા દ્વારા આવા પરમાત્માનો ભરોસો પ્રગટ કરવો. આહાહા..! અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા. જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય અને અનંત આનંદનો પર્યાય પ્રગટ થાય, અનંતકાળ સુધી, તોપણ જેનો જ્ઞાન અને આનંદની ખાણ એવો ભગવાન ખૂટે એવો નથી. એ ખાણમાં ખૂટે એવું નથી એટલી ખાણ છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એની જે સમ્યક્, મિથ્યાત્વરહિત સમ્યગ્દર્શનથી એને જાણવો, માનવો એ પણ એક સુપ્રભાત છે. એને વર્ષ બેઠું નવું, એણે કાળ બદલ્યો. એણે કાળ બદલ્યો. રાગને પોતાનો માનતો ત્યારે એ દુકાળ હતો. આહાહા..! પર્યાયમાં દુકાળ હતો. આહાહા..!

મુમુક્ષુ :- રાગને માનતો એ તો આપ કહો છો. એને ક્યાં ખબર છે કે હું રાગને માનું છું.

ઉત્તર :- ભલે એને ખબર નથી પણ માને છે ને ઈ? ખબર ન હોય પણ માને છે. જો ન માનતો હોય તો એને આત્માનો આનંદ આવવો જોઈએ. આટલું તો એને બેસે કે નહિ? કે રાગને જે આદરણીય માને છે એને આનંદ નથી. એમાં આનંદ નથી, દુઃખ છે એટલું તો એને ખ્યાલમાં આવવું જોઈએ ને? આહાહા..! અને જેણે રાગને અને મિથ્યાત્વને છોડી.. આહાહા..! પૂર્ણાનંદની સમ્યક્ પ્રતીતિ અને રાગરહિત સ્વરૂપઆચરણ (પ્રગટ કર્યા), આ ચોથાની અપેક્ષાએ. અનંતાનુબંધી ગયો તો સ્વરૂપાચરણ થયું, એવી દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા એ આત્મા નિરંજન જણાયો એવો છે. આહાહા..! એને અહીંયાં વર્ષ બેઠું. એ નવો કાળ બેઠો. સાદિઅનંત સિદ્ધ થવાની સગાઈ કરી.

'સગપણ સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર સુગાઢી' 'આનંદઘનજી'માં આવે છે. 'આનંદઘનજી'નું વાંચ્યું છે ને બધું. 'સમકિત સાથે સગાઈ કીધી સપરિવાર સુગાઢી.' જેટલો પરિવાર અનંતગુણનો પિંડ પ્રભુ છે એની સાથે સમકિતની સાથે સગાઈ કરી બધાએ. આહાહા..! અનંતા અનંતા ગુણોનો પિંડ પ્રભુ, એને જેણે સમ્યક્ પ્રતીતિમાં લીધો, એણે અનંતા ગુણના પરિવાર સાથે સગાઈ કરી. આહાહા..! સમજાણું કાંઈ? 'ફૂલચંદજી' આ બધી વાતું બીજી બીજી છે. આહાહા..! અને જેને એ સમ્યગ્દર્શનનો પ્રભાત ઉગ્યો, બીજ ઊગે એને પૂનમ થયા વિના રહે નહિ. એમ જેને ભગવાનઆત્મા સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદની પ્રતીતિ પચવી, પાચક થઈ ગયો, સમ્યગ્દર્શને પૂર્ણને પાચક કર્યો. પચવ્યો, માન્યો. અપૂર્ણ પર્યાયમાં પૂર્ણાનંદને પચવ્યો. સમજાણું કાંઈ? આહાહા..! એથી એને પ્રભાત ઊગ્યો. એ બીજ થઈ. એને પૂનમ એટલે કેવળજ્ઞાન થયે છૂટકો છે.

'શ્રીમદ્'માં તો એમ કહે છે કે જો એકવાર સમકિત થયું, પછી તું ના પાડ કે કેવળજ્ઞાન નહિ થાય એ નહિ ચાલે પછી. આહાહા..! બીજ ઊગી એને પૂનમ ન થાય, એમ કોઈ વિઘ્ન કરે વચમાં, હોઈ શકે નહિ, એમ કહે છે. આહાહા..! વાત જોઈ? શું કીધું ઈ? જેણે ભગવાનઆત્માને સમ્યગ્દર્શનથી પ્રતીત કર્યો, જાણ્યો એને કેવળજ્ઞાન લેવામાં કોઈ વિઘ્ન હોઈ શકે નહિ. જેમ બીજ ઊગી અને પૂનમ થાય એમાં વિઘ્ન કોઈ દિ' હોય નહિ. ત્રણકાળ ત્રણલોકમાં બીજ ઊગી એની પૂનમ થયે છૂટકો. પડવા-ફડવાની વાત અહીંયાં નથી. આહાહા..! વસ્તુ જે ભગવાનઆત્મા નિરંજન નિરાકાર, એને નિરંજન નિરાકારની નિર્મળ પ્રતીતિ દ્વારા સ્વીકાર કર્યો, સત્કાર કર્યો, આદર કર્યો, ઉપાદેય થયો, એને કેવળજ્ઞાન થવામાં વચ્ચે વિઘ્ન નથી. એ કેવળજ્ઞાન લીધે છૂટકો. પછી એ મહાપ્રભાત થઈ ગયું. આહાહા..! એક સમયમાં કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ ઝળહળ જ્યોતિ. જેને આ પ્રકાશને અજ્ઞાન કહ્યા. આહાહા..! ઝળહળ જ્યોતિ સૂર્યપ્રકાશ એ અજ્ઞાન છે, આ પ્રકાશ અજ્ઞાન છે. આ પ્રકાશમાં જ્ઞાન ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા તરફ સન્મુખ થઈને જ્યાં એને સ્વીકાર્યો ત્યાં ચૈતન્યનો પ્રકાશ, જ્ઞાનમય પ્રકાશ પ્રગટ્યો. આ તો અજ્ઞાનમય પ્રકાશ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્યની જ્યોત ઝળહળ જ્યોતિ. 'શ્રીમદ્'માં એ શબ્દ આવે છે. ઝળહળ

જ્યોતિ ભગવાન. આહાહા..! ઓલામાં આવે છે ને જ્યોતિ? 'સ્વયં જ્યોતિ સુખધામ'. એ આવે છે ને? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન.' એ ચૈતન્યઘનમાં અસંખ્ય પ્રદેશ નાખ્યા છે. સર્વજ્ઞ સિવાય ક્યાંય એ હોય નહિ. શુદ્ધ-પવિત્ર છે, બુદ્ધ-જ્ઞાનનો પિંડ છે અને ચૈતન્યઘન છે- અસંખ્ય પ્રદેશી છે. આહાહા..! અને એ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર એવું છે કે જેમાં આનંદના જ અંકુરા ફૂટે. આહાહા..! એવા ભગવાનઆત્માની પ્રતીત કરી, અનુભવ કર્યે એ અસંખ્ય પ્રદેશમાં આનંદ પાકે એવું એ ક્ષેત્ર છે. દુઃખ પાકે એવું આ ક્ષેત્ર નથી. આહાહા..! તારું ક્ષેત્ર એવું છે, તારો ભાવ એવો છે. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે દ્રવ્યનું. અને તારો ભાવ જે છે એ અનંતગુણોનો પિંડ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! એણે આત્માના ગાણા સાંભળ્યા નથી. ભગવાન કોણ છે અંદર? આહાહા..!

કહે છે કે જેને મિથ્યાત્વ અને રાગના અંજનથી રહિત.. આહાહા..! નિરંજન ભગવાનને જેણે ઓળખ્યો, શ્રદ્ધા અને જ્ઞાનમાં એ વસ્તુ આવી ગઈ. વસ્તુ આવી ગઈ એટલે? વસ્તુના સ્વરૂપનો ભાવ આવી ગયો. વસ્તુ ભલે વસ્તુમાં રહી ગઈ. સમજાણું કાંઈ? પણ જેટલું વસ્તુનું અને ગુણનું સામર્થ્ય છે તેટલું શ્રદ્ધાની પર્યાયમાં બધું આવી ગયું. આહાહા..! સમજાણું કાંઈ? એને અહીંયાં દિવસ બેઠો એમ કીધું. વર્ષ બેઠું એને કીધું, બાપુ! આહાહા..! બાકી બધા રાત્રી અંધારા બેઠા છે. આ વર્ષ બેસતાની બોણી છે. આહાહા..!

**'और सब तजने योग्य हैं.'** હવે જરી ૨૨માં લઈએ. ૨૨ ઓલો પુદ્ગલનો અધિકાર છે ને? જરી ૨૨ લ્યો. ૨૨.

---

**अथजीवपुद्गलकालद्रव्याणि मुक्त्वा शेषधर्माधर्माकाशान्येकद्रव्याणीति निरूपयति –**

**१४८) जीउ वि पुग्गलु कालु जिय ए मेल्लेविणु दव्व।**
**इयर अखंड वियाणि तुहुँ अप्प–पएसहिँ सव्व।।२२।।**

**जीवोऽपि पुद्गलः कालः जीव एतानि मुक्त्वा द्रव्याणि।**
**इतराणि अखण्डानि विजानीहि त्वं आत्मप्रदेशैः सर्वाणि।।२२।।**

**जीउ वि इत्यादि। जीउ वि जीवोऽपि पुग्गलु पुद्गलः कालु कालः जिय हे जीव ए मेल्लेविणु एतानि मुक्त्वा दव्व द्रव्याणि इयर इतराणि धर्माधर्माकाशानि अखंड अखण्डद्रव्याणि वियाणि विजानीहि तुहुं त्वं हे प्रभाकरभट्ट। कैः कृत्वाखण्डानि विजानीहि। अप्पपएसहिं आत्मप्रदेशैः। कतिसंख्योपेतानि सव्व सर्वाणि इति। तथाहि। जीवद्रव्याणि पृथक् पृथक् जीवद्रव्यगण–नेनानन्तसंख्यानि पुद्गलद्रव्याणि तेभ्योऽप्यनन्तगुणानि भवन्ति। धर्माधर्माकाशानि पुनरेकद्रव्याण्येवेति। अत्र जीवद्रव्यमेवोपादेयं तत्रापि यद्यपि शुद्धनिश्चयेन शक्त्यपेक्षया सर्वे जीवा उपादेयास्तथापि व्यक्त्यपेक्षया पञ्च परमेष्ठिन एव, तेष्वपि मध्ये विशेषेणार्हत्सिद्धा एव तयोरपि मध्ये सिद्धा एव, परमार्थेन तु मिथ्यात्वरागादिविभावपरिणामनिवृत्तिकाले स्वशुद्धात्मैवोपादेय इत्युपादेयपरंपरा ज्ञातव्येति भावार्थः ।।२२।।**

आगे जीव, पुद्गल, काल ये तीन द्रव्य अनेक हैं, और धर्म, अधर्म, आकाश ये तीन द्रव्य एक हैं, ऐसा कहते हैं। –

गाथा – २२

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ त्वं ] तू [ जीवः अपि ] जीव और [ पुद्गलः ] पुद्गल, [ कालः ] काल [ एतानि द्रव्याणि ] इन तीन द्रव्योंको [ मुक्त्वा ] छोड़कर [ इतराणि ] दूसरे धर्म, अधर्म, आकाश [ सर्वाणि ] ये सब तीन द्रव्य [ आत्मप्रदेशैः ] अपने प्रदेशोंसे [ अखंडानि ] अखंडित हैं।

भावार्थ :– जीवद्रव्य जुदा जुदा जीवोंकी गणनासे अनंत हैं, पुद्गलद्रव्य उससे भी अनंतगुणे हैं, कालद्रव्याणु असंख्यात हैं, धर्मद्रव्य एक है, और वह लोकव्यापी है, अधर्मद्रव्य भी एक है, और वह लोकव्यापी है, ये दोनों द्रव्य असंख्यात प्रदेशी हैं, और आकाशद्रव्य अलोक अपेक्षा अनंतप्रदेशी है, तथा लोक अपेक्षा असंख्यातप्रदेशी हैं। ये सब द्रव्य अपने–अपने प्रदेशोंकर सहित हैं, किसीके प्रदेश किसीसे नहीं मिलते। इन छहों द्रव्योंमें जीव ही उपादेय है। यद्यपि शुद्ध निश्चयसे शक्तिकी अपेक्षा सभी जीव उपादेय हैं, तो भी व्यक्तिकी अपेक्षा पंचपरमेष्ठी ही उपादेय हैं, उनमें भी अरहंत सिद्ध ही है, उन दोनोंमें भी सिद्ध ही हैं, और निश्चयनयकर मिथ्यात्वरागादि विभावपरिणामके अभावमें विशुद्धात्मा ही उपादेय है, ऐसा जानना।।२२।।

---

હવે જીવ, પુદ્‌ગલ અને કાળ આ ત્રણ દ્રવ્યો સિવાયના બાકીના ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો એક એક છે; એમ કહે છે :

ભાવાર્થ : જીવદ્રવ્યો પૃથક્ પૃથક્ જીવદ્રવ્યની સંખ્યાની ગણતરીથી અનંત છે, પુદ્‌ગલદ્રવ્યો તેનાથી પણ અનંતગુણા છે, (કાલાણુ અસંખ્યાત છે) અને ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્ય એક એક છે.

અહીં, એક જીવદ્રવ્ય જ ઉપાદેય છે. તેમાં પણ જોકે શુદ્ધનિશ્ચયનયથી શક્તિ–અપેક્ષાએ સર્વ જીવો ઉપાદેય છે તોપણ વ્યક્તિ–અપેક્ષાએ પાંચ પરમેષ્ઠી જ ઉપાદેય છે, તેમાં પણ વિશેષ કરીને અર્હન્ત અને સિદ્ધ ભગવંતો જ ઉપાદેય છે અને તે બન્નેમાં પણ સિદ્ધ ભગવંતો જ ઉપાદેય છે, પરમાર્થથી તો મિથ્યાત્વ, રાગાદિ વિભાવપરિણામોની નિવૃત્તિકાળે સ્વશુદ્ધાત્મા જ ઉપાદેય છે. એ પ્રમાણે ઉપાદેયની પરંપરા જાણવી, એવો ભાવાર્થ છે. ૨૨.

## ગાથા-૨૨ ઉપર પ્રવચન

**'આગે જીવ, પુદ્ગલ, કાલ યે તીન દ્રવ્ય અનેક હૈં, ઔર ધર્મ, અધર્મ, આકાશ યે તીન દ્રવ્ય એક હૈં,...'** એમ કહીને અંદર આત્માની વાત કરશે.

**૧૪૮) जीउ वि पुग्गलु कालु जिय ए मेल्लेविणु दव्व।**
**इयर अखंड वियाणि तुहुँ अप्प-पएसहिँ सव्व।।२२।।**

**ભાવાર્થ :- 'જીવદ્રવ્ય જુદા જુદા જીવોંકી ગણનાસે અનંત હૈ,...'** એટલે કોઈ એમ કહે છે કે એક જ વ્યાપક જીવ છે, એને અહીં ઉથાપ્યું. એક જ સર્વ વ્યાપક આત્મા (માન્યતાનું ખંડન કર્યું). 'સમયસાર'ની શૈલીથી કેટલાકને એવું લાગે છે કે આ વેદાંતના ઢાળામાં 'સમયસાર'ને ઢાળ્યું છે. એ 'નાથુરામ પ્રેમી' હતા. 'નાથુરામ પ્રેમી'ને? 'મુંબઈ'માં હતા. 'નાથુરામ પ્રેમી' દિગંબર પંડિત એ એમ કહેતા. એને ખબર નથી. બાપુ! એમ કે ઓલા શુદ્ધ ને બુદ્ધને કેવળી ઓલા આવે છે ને વેદાંતમાં? તદ્દ્ન શુદ્ધ છે. એક જ વસ્તુ છે. સર્વવ્યાપક છે. એના ઢાળામાં એમ કે અહીં ઢાળ્યું. કેમ? કે ૧૧મી ગાથામાં એમ કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે એમ કીધું. વેદાંત પણ કહે છે કે પર્યાય નથી. 'ચંદુભાઈ'! પણ કઈ અપેક્ષાએ કહ્યું? પર્યાયમાત્ર નથી એમ કહ્યું. જૂઠી છે એમ કહ્યું ને? અસત્યાર્થ છે એમ કહ્યું ને? અભૂતાર્થનો અર્થ અસત્યાર્થ છે, જૂઠું છે. કઈ અપેક્ષાએ? મુખ્યને નિશ્ચય, મુખ્ય તે નિશ્ચય. નિશ્ચય તે મુખ્ય એમ નહિ. મુખ્ય વસ્તુ જે ત્રિકાળી છે, મુખ્ય છે તેને નિશ્ચય કરીને સમ્યગ્દર્શન થાય છે. એ અપેક્ષાએ પર્યાયની હયાતી છે. અનંતી પર્યાયો અભૂતાર્થ જૂઠી છે એનો અર્થ ગૌણપણે તેનો આશ્રય કરવા લાયક નથી. ગૌણ કરીને તેને જૂઠી કીધી છે. અભાવ કરીને જૂઠી કીધી નથી. એટલે વેદાંતના ઢાળામાં ઢાળ્યું એમ માણસો કહે છે. તને ખબર નથી, ભાઈ! વીતરાગમાર્ગ અને 'કુંદકુંદાચાર્ય'ની શૈલી કોઈ અલૌકિક છે. એમણે પર્યાયમાત્રને જૂઠી કીધી.

વળી કોઈ એમ કહે છે, અભૂતાર્થ છે પણ અસત્યાર્થ નહિ. લે. હવે એમાં અર્થમાં કહ્યું છે અભૂતાર્થ એટલે અસત્યાર્થ. અને 'જયસેનાચાર્યે' તો અસત્યાર્થ કીધું છે. પણ અસત્યાર્થ એને વાંધો ઊઠે છે. પર્યાય છે ને? પણ બાપુ! કઈ અપેક્ષાએ અસત્યાર્થ કીધી? સમ્યગ્દર્શનને પ્રગટ કરવામાં મુખ્યને નિશ્ચય કરીને પર્યાયને અસત્ય કીધું. પર્યાયદૃષ્ટિ છોડાવવા, પર્યાય તરફના વલણને મુકાવવા. પ્રયોજન છે આ. આહાહા..! પ્રયોજનથી જીવને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો અને પર્યાયને મુખ્યની સાથે ગૌણ કરીને જૂઠો કહ્યો. એમ લેવું જોઈએ. એમ લખ્યું છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..!

મુખ્ય ભગવાનઆત્મા સર્વોત્કૃષ્ટ, કીધું ને હમણાં? ત્યાં આવી ગયું ને. સર્વોત્કૃષ્ટ પ્રભુ છે ને. આહાહા..! એને મુખ્ય કહીને તે જ નિશ્ચય છે, એમ કહે છે. એટલે કે તે જ સત્ય છે. આહાહા..! અને પર્યાયો અનંત છે. એને ગૌણ કરીને જૂઠી છે એમ કહ્યું છે. વસ્તુ નથી

એમ નહિ. સમજાણું કાંઈ? વેદાંતના ઢાળામાં ઢાળ્યું તો અહીં તો કહે છે કે અનંત જીવ છે, જોને. દ્રવ્ય અનંત જીવ ક્યાં, પુદ્ગલ ક્યાં, કાળ ક્યાં. અને ધર્માસ્તિ, અધર્માસ્તિ તો કોઈ ઠેકાણે કોઈ ધર્મમાં છે જ નહિ. ધર્માસ્તિ, અધર્માસ્તિ તો સર્વજ્ઞ ભગવાને જ કીધું છે. એણે જ એકે જાણ્યું છે.

આ જગતમાં છ દ્રવ્યમાં અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. એ સર્વજ્ઞ સિવાય આવા છ દ્રવ્ય ક્યાંય કહ્યા નથી. સમજાણું કાંઈ? કેમકે એણે જાણ્યા અને જોયા નથી. સમજાણું કાંઈ? જેમ શ્વેતાંબર કાળદ્રવ્ય માનતા નથી. એ પાંચ દ્રવ્યની પર્યાયને કાળદ્રવ્ય કહે છે. કાળદ્રવ્ય ભિન્ન છે એમ માનતા નથી. એનો અર્થ એવો છે કે એની પરિણતિ શુદ્ધ થઈ નથી. એથી નિમિત્ત કાળદ્રવ્ય હોય છે એ માનતા નથી. જો કાળમાં-સ્વકાળમાં શુદ્ધ પરિણતિ થાય તો એ પરકાળ નિમિત્ત હોય છે તેવું સાથે જ્ઞાન આવે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? જેને એ શુદ્ધ પરિણતિ થઈ નથી સ્વકાળ, તેને પરકાળ નિમિત્ત છે એવી વાત ઉડાવી દીધી એણે. ન્યાય સમજાય છે? અહીંયાં તો દિગંબર સંત તો સુકાળ, શુદ્ધ પરિણતિ છે એ સ્વકાળ છે, તો એ પરકાળ હોય. એ નિમિત્ત હોય તો છ દ્રવ્યમાં અસંખ્ય કાળાણું છે એમ સિદ્ધ કર્યું છે. ઝીણી વાત છે થોડી. સમજાણું કાંઈ?

અહીં એ કહ્યું. '**જીવદ્રવ્ય જુદા જુદા જીવોંકી ગણનાસે અનંત હૈં,...**' ગણનાથી અનંત છે. જાત તરીકે એક છે. ગણતરી કરવા જાય તો અનેક-અનંત છે. '**પુદ્ગલદ્રવ્ય ઉસસે ભી અનંતગુણે હૈં, કાળદ્રવ્યાણુ અસંખ્યાત હૈં,...**' જુઓ! '**ધર્મદ્રવ્ય એક હૈ, ઔર વહ લોકવ્યાપી હૈ,...**' આખા લોકમાં રહેલું છે. એ સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય નથી. આ સર્વજ્ઞ સુપ્રભાત જેને ઊગી છે એણે આ જોયું છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. એમ આવે છે ને? ભાઈ! 'પ્રવચનસાર'માં. જ્ઞેય લોકાલોક છે. એનો અર્થ એ થયો કે જ્ઞાનમાં જે વસ્તુ છે અનંતી, એનું અનંતુ અહીં જ્ઞાન થયું છે. એ પોતાથી (થયું છે). એમાં જો એનો વિષય ઓછો કરી નાખે તો અહીં જ્ઞાન ઓછું થાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. આ તો ન્યાય-લોજિકથી તત્ત્વ છે. ન્યાય સમજાય છે? એણે જ્ઞાનમાં અનંતો વિષય જેટલા દ્રવ્યો છે અનંત વિષય તરીકે પર (છે), એમાંથી એટલા વિષયને જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. એ જેટલા જ્ઞેયો છે તેને જાણવા લાયક એ જ્ઞાન પૂર્ણ છે. એ જ્ઞેયમાં જે ઓછા કરે તો એનો જ્ઞાનનો વિષય ઓછો (થયો) તો જ્ઞાન ઓછું થઈ ગયું.

મુમુક્ષુ :- આત્મા પણ ઓછો થઈ ગયો.

ઉત્તર :- એ આત્મા ઓછો થયો. આહાહા..! શું શૈલી પરમાત્માની! આહાહા..! ચારે બાજુથી જુઓ તો સત્ય જ ઊભું થાય છે. આહાહા..!

ધર્માસ્તિ, અધર્માસ્તિ પણ જ્ઞાનનો વિષય છે, વ્યવહાર. સમજાણું? 'પંચાસ્તિકાય'માં પાછળ આવે છે. કેવળદર્શનનો પણ એ વિષય છે એમ કીધું. ભલે કેવળદર્શન સામાન્ય છે.

આખો વિષય છે. ઓહોહો..! એ પૂર્ણ વિષયમાંથી કાંઈ ઓછું કોઈ કરે તો એને જ્ઞાન જાણ્યું નથી અને જ્ઞાનની પૂર્ણતા એને સિદ્ધ થતી નથી, પૂર્ણ થવાની પ્રતીતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે '**યે દોનોં દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી હૈં,...**' એ બે કોણ? ધર્માસ્તિ અને અધર્માસ્તિ. '**ઔર આકાશદ્રવ્ય અલોક અપેક્ષા અનંતપ્રદેશી હૈ,...**' આપણે લઈ જવું છે બીજે હજી. અનંત પ્રદેશી અનંત દ્રવ્યો... આહાહા..! '**લોક અપેક્ષા અસંખ્યાતપ્રદેશી હૈં. યે સબ દ્રવ્ય અપને-અપને પ્રદેશોંકર સહિત હૈં,...**' પોતપોતાના પ્રદેશથી સહિત છે. કોઈ પ્રદેશનું એને કોઈ કારણ છે નહિ. આહાહા..! '**કિસીકે પ્રદેશ કિસીસે નહીં મિલતે.**' કોઈના પ્રદેશ કોઈમાં મળતા નથી, ભેળસેળ થતું નથી. આહાહા..! અનંતા સિદ્ધો એક ક્ષેત્રમાં રહ્યા છતાં દરેક સિદ્ધના પ્રદેશનું ક્ષેત્ર વ્યાપક તદ્દન ભિન્ન છે. પાંચસો ધનુષ્યની અંદર એટલામાં અનંત સિદ્ધો છે. પણ એમાં એક એક સિદ્ધના પ્રદેશો તદ્દન બીજા સિદ્ધના પ્રદેશથી ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ ક્ષેત્રમાં અનંતા નિગોદ છે. જ્યાં સિદ્ધ ભગવાન છે ત્યાં એના પેટમાં અનંતા નિગોદ છે. એના પ્રદેશ ભિન્ન (છે). એનું એ દુઃખ વેદે છે અને સિદ્ધ આત્મા છે તે આનંદ વેદે છે. આહાહા..!

એક ક્ષેત્રે રહેલા, આકાશના પ્રદેશની અપેક્ષાએ. આહાહા..! આ સગાવ્હાલા તો જુદા જુદા પ્રદેશે છે. બાયડી, છોકરા, કુટુંબ. અહીં તો એક પ્રદેશમાં રહેલા ઓલા અનંતા નિગોદ. આહાહા..! સિદ્ધના જ્યાં અસંખ્ય પ્રદેશ છે ત્યાં અનંતા નિગોદના અનંત પ્રદેશ છે. જોકે સિદ્ધના અસંખ્ય પ્રદેશ છે ત્યાં બીજા અનંતા સિદ્ધ છે. એ દરેકના અનંતા પ્રદેશ છે ત્યાં. અનંતા સિદ્ધ થઈને એટલા ક્ષેત્રમાં અનંત પ્રદેશ છે. એમાં નિગોદના અનંત પ્રદેશ એમાં એમ રહે છે. આહાહા..! છતાં દરેકના પ્રદેશ ભિન્ન-ભિન્ન, દરેકનું સુખ-દુઃખ ભિન્ન-ભિન્ન. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈએ 'સોગાની'એ લીધું છે કે અનંતા નિગોદના જીવ છે એ અમને પ્રતીતમાં છે. અમને પ્રત્યક્ષ થઈ જાવ હવે. છે ને એમાં? એક પાને છે આ બાજુ માથે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. આહાહા..! એ તો એની મહિમા ગાય છે કે અનંતા નિગોદ છે એની અમને પ્રતીત છે, એનું અમને જ્ઞાન છે. અમે માન્યું છે. આહાહા..! કેટલા અનંત પણ! પણ બધામાં પ્રભુ અમને પ્રતીતમાં પરોક્ષ રીતે છે, એ હવે જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જાવ. એમાં જરી ગંભીરતા છે.

અહીં એ કહે છે. આહાહા..! '**કિસીકે પ્રદેશ કિસીસે નહીં મિલતે. ઈન છહોં દ્રવ્યોંમેં જીવ હી ઉપાદેય હૈ.**' જુઓ! આવ્યું. સરવાળો હવે આવ્યો. '**છહોં દ્રવ્યોમેં જીવ હી...**' એક જીવ જ આદરણીય છે. '**યદ્યપિ શુદ્ધ નિશ્ચયસે શક્તિકી અપેક્ષા સબી જીવ ઉપાદેય હૈં,...**' વ્યવહારથી, હોં! એ. શક્તિ અપેક્ષાએ બધા સાધર્મી ભગવાન છે. અભવિનો આત્મા પણ શક્તિ અપેક્ષાએ ભગવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આટલી મોટપ અંદર બેસવી, બાપુ! એ વાત.. આટલી મહત્તા અને આટલી ચીજો અનંત, અંત નહિ એવી. આહાહા..! એને એ પ્રતીતમાં, વિશ્વાસમાં નિર્વિકલ્પ પ્રતીતિ સિવાય આવે એવું નથી. સમજાણું કાંઈ?

ત્યાં સુધી એને દખલ-દખલ કાંઈક ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... ભલે વાડા તરીકે માને પણ ઊંડે અંદર એનું અનંતનું સમાધાન નહિ થાય. આહાહા..!

'**શુદ્ધ નિશ્ચયસે શક્તિકી અપેક્ષા સભી જીવ ઉપાદેય હૈં,...**' આ વર્ષ બેસતું (છે), એમાં અનંત આત્માઓ ભગવાન પૂર્ણ છે એ અપેક્ષાએ તો બધા ઉપાદેય છે. એની પરિણતિ કાઢી નાખો. ભગવાનઆત્મા એ સ્ત્રી લિંગ પણ નથી, નથી પુરુષ લિંગે, નથી મનુષ્ય લિંગે, નથી તિર્યંચ લિંગે, નથી રાગમય.. આહાહા..! નથી મિથ્યાત્વમય. વસ્તુમાં મિથ્યાત્વ કેવું? વસ્તુ જે ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ છે એ શુદ્ધ નિશ્ચયથી શક્તિ અપેક્ષાએ તો એ ઉપાદેય છે. સ્વની અપેક્ષાએ નિશ્ચય, પરની અપેક્ષાએ ઉપાદેય. પરની અપેક્ષાની અપેક્ષા ચાલે છે. પરમાં જીવના અનંતા જીવો એ વ્યવહારે ઉપાદેય છે. નિશ્ચયથી તો સ્વ ઉપાદેય છે એમ કહેશે. પણ વ્યવહારના ઉપાદેયમાં પણ અમે આ અનંત જીવને નાખીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? 'દેવજીભાઈ'! માર્ગ એવો, બાપા!

આ તો ત્રણલોકના નાથ... જેની એક સમયમાં લોકાલોકની હયાતી છે માટે જાણે એમ નથી, એવી પર્યાયનું સામર્થ્ય છે. અને જ્ઞેય પ્રમાણે એ જ્ઞાનની મહત્તા છે. જ્ઞેયો અનંત, એના ગુણો અનંત, એના પ્રદેશો દરેકના ભલે અસંખ્ય અને આકાશના અનંત (પ્રદેશ), એવી જે અનંત મહિમાવાળી ચીજ, અનંત જેનો અંત નહિ એટલા પ્રદેશ એને પણ પર્યાય માની લે છે. પર તરીકે જાણે છે એને. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ પ્રગટ્યો, એમાં સ્વને જાણ્યું એવું પરને પણ જાણવાનો પોતાના સામર્થ્યથી એને જાણે છે. એને એટલે પોતાને. આહાહા..!

'**શુદ્ધ નિશ્ચયસે...**' આ વર્ષ બેસતું છે ને! આ બધા આત્માને ભગવાન ગણીને ઉપાદેય ગણ્યા. જગતમાં કોઈ વેરી કે દુશ્મન છે નહિ, મિત્ર કે સજ્જન કોઈ છે નહિ. એ તો બધી વ્યવહારની પર્યાયની અપેક્ષાએ વાતું. દ્રવ્યની અપેક્ષાએ... આહાહા..! જેટલા ભગવાનઆત્માઓની સંખ્યા છે એ બધા સાધર્મી તરીકે શક્તિ અપેક્ષાએ તો પરમાત્મા છે. છે? '**સભી જીવ ઉપાદેય હૈં,...**'

રાત્રે એક કહ્યું હતું કે ભાઈ! આ પૈસાવાળા બહુ હોય છે એ પશુમાં જાય. એનો અર્થ કે જેને ધર્મ નથી અને જેને સત્સમાગમમાં શાસ્ત્રનું શ્રવણ-મનનમાં બે-ચાર કલાક ગાળવા જોઈએ એ વખત ગાળતો નથી, એથી એને પણ પુણ્ય નથી, ભાઈ! ધર્મ તો એક કોર રહ્યો. આ વાત છે. આહાહા..! જે ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ પ્રભુ, એની સમ્યગ્દર્શનની પ્રતીતિરૂપી ધર્મ તો નથી અને એ ચોવીસ કલાક પૈસામાં હા.. હા.. હા.. હોળી સળગ્યા જ કરે છે એમાં. 'પૂનમભાઈ' આવ્યા છે કે નહિ? ગયા? બસ! ઘડીક આવીને વયા ગયા. આહાહા..! આ પૈસાની હોળીમાં આખો દિ'. પાપ એકલું પાપ, હોં! ધર્મ તો નથી અને એકલું પાપ. અને પુણ્ય પણ નથી. હંમેશા બે-ચાર કલાક શાસ્ત્ર શ્રવણ, વાંચન, દેવદર્શન, આ સાંભળવું, સત્સમાગમ કરવો એવું જેને બે-ચાર કલાક ચોવીસ કલાકમાં નથી. એય..! એને તો પાપ છે એકલું. અને તે મધ્યમ પાપ છે એટલે તિર્યંચમાં જવાના.

મુમુક્ષુ :- એક સિદ્ધાંત એવો છે કે યુવાનીમાં કમાઈ લેવું અને ઘડપણમાં ધર્મ કરવો.

ઉત્તર :- મરી જશે ઘડપણમાં થશે. એ 'વીરજીભાઈ'એ કહેલું મને એકવાર. ત્યાં. એ કહ્યું હતું ને મને. ત્યાં કહ્યું હતું એકવાર. વીરજીભાઈ એમ કહેતા હતા. અત્યારે કમાઈ લઈએ. પણ અત્યારે કમાય કોણ? અને વૃદ્ધાવસ્થા કોની અને આવશે કે નહિ એની ખબર નથી. એય..! 'શાંતિભાઈ'! એ ત્યાં છેલ્લી સાલ. (સંવત) ૧૯૯૦-૯૦.

મુમુક્ષુ :- સોનાની નદી વહે છે.

ઉત્તર :- એ તો વળી અમારે ભાઈ કહે છે. 'નરોત્તમ'નો છોકરો નહિ? 'વાવડીવાળો'. 'નરોતમ' મોટાનો છોકરો 'શાંતિ' છે ને? એમ કે પૈસા રળી લઈએ. હવે ધૂળેય નથી, સાંભળને. આહાહા..! ઘણા માણસ છે એવા. 'વીરજીભાઈ' તે દિ' ૧૯૯૦માં આવ્યા હતા. 'વઢવાણ' હતા ને જ્યારે? ૧૯૯૦માં હજી સંપ્રદાયમાં (હતા). બહુ માણસ, ત્રણ-ત્રણ હજાર માણસ સભામાં. ૧૯૯૦ની સાલમાં. 'વઢવાણ'. ૩૪-૩૪ આર્જિકા અને સમવસરણ જેવું ઊંચુ કરેલું બધું. માણસ બહુ ખરું ને. પાટલા ઓલા લગનના પાટલા હોય છે ને? એ પાટલા ગોઠવીને ઊંચું કરેલું. એમાં એ 'વીરજીભાઈ' આવેલા. ૧૯૯૦ની સાલની વાત છે. એ વખતે ખાનગી બીજી વાત છે. એણે એટલું કહ્યું. મેં કીધું, આ તે શું છે? કહે, અત્યારે રળી લઈએ. પછી.. અત્યારે એટલે શું? પાપ અત્યારે કરી લઈએ પછી પુણ્ય ધર્મ કરીશું. આહાહા..!

'ઈષ્ટોપદેશ'માં તો ત્યાં સુધી કહ્યું છે કે કોઈ માણસ કાદવ ચોપડીને પછી કૂવો ખોદે અને પાણીથી સ્નાન કરશું. એમ પહેલા પૈસા રળી લઈએ અને પછી આપણે દાન કરશું. 'ઈષ્ટોપદેશ'માં એમ છે. દાન કરવા માટે પાપ કરે તો એનો અર્થ થયો પછી એ તો પુણ્યની પછી વાત છે. હમણાં પહેલાં પૈસા પેદા કરીએ, મેલ લગાડીએ શરીરને પછી કૂવા ખોદીને પાણી કાઢીને સ્નાન કરશું. આહાહા..! એય..! 'બલુભાઈ'! આ તો વાત બધી જુદી જાતની છે. 'ઈષ્ટોપદેશ'માં આવ્યું છે. ગાથામાં ટીકામાં લખ્યું છે. આહાહા..! આપણે દાન દેવા છે માટે આપણે ખુબ રળીએ પછી દાન કરશું. એ શરીરને કાદવ ચોપડીને, કૂવા ખોદીને પાણી કાઢવા જેવું છે. ક્યારે નીકળે પાણી અને શું થાય એનું કાંઈ ઠેકાણું છે નહિ. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગનો માર્ગ આખી દુનિયાથી જુદી જાત છે. આહાહા..!

અહીં કહે છે, '**શુદ્ધ નિશ્ચયસે શક્તિ કી અપેક્ષા સભી જીવ ઉપાદેય હૈં,...**' પણ એ જીવ પર છે ને? એટલે વ્યવહારે સર્વ જીવ ઉપાદેય છે એમ કીધું છે. ભાઈ! ઓલામાં શબ્દ એ નથી પણ એમ છે. સમજાણું? સર્વ જીવ એટલે પોતાથી ભિન્ન છે ને માટે વ્યવહાર છે. આહાહા..! હવે સ્વને આત્માને ઉપાદેય છેલ્લે લેશે. '**શુદ્ધ નિશ્ચયસે શક્તિકી અપેક્ષા સભી જીવ ઉપાદેય હૈં,...**' હવે વ્યક્તિની અપેક્ષા પ્રગટ પર્યાય જેની નિર્મળ થઈ છે. આ તો શક્તિરૂપે બધા ભગવાનઆત્માઓ છે. એ શક્તિની અપેક્ષાએ ઉપાદેય વ્યવહારે પોતાની અપેક્ષાએ પર છે તો વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહારે બધા આત્માઓ ઉપાદેય છે. શક્તિ અને શુદ્ધતા. વસ્તુ ભગવાન શક્તિસ્વરૂપ એનું છે. પરમાત્મસ્વરૂપ જ એ છે. આ પરમાત્મપ્રકાશ છે ને! વ્યક્તિની અપેક્ષા. વ્યક્તિ એટલે પ્રગટતા. જેને એ ગુણો પ્રગટ થયાં

છે એ અપેક્ષાએ '**પંચપરમેષ્ઠી હી ઉપાદેય હૈં,...**' પાંચ પરમેશ્વર ઉપાદેય છે એ વ્યવહારે. પરદ્રવ્ય છે ને? આહાહા..! સમજાણું કાંઈ? આવી રુચિ.. માર્ગ બેસે નહિ.

તેથી ત્યાં કહ્યું ને? જેને એકલો પરદ્રવ્ય પ્રત્યેના પ્રેમની શ્રદ્ધાનો રાગ છે એને જે ઉપાદેય માને છે, એને ભગવાન હેય થઈ જાય છે. જોયું ને એ? ૩૬ ગાથા. અર્થમાં જરી મૂઢતા એમ લીધું છે. ટીકામાં એમ નથી. ટીકામાં આત્મા હેય છે એમ લીધું છે. ટીકામાં એમ છે. વ્યાખ્યા થઈ ગઈ છે અહીં. જ્ઞાનીને રાગ હેય છે. ત્યારે અજ્ઞાનીને આત્મા હેય છે. બે દિશા ફેર છે અને બેની દશા ફેર છે. બેની દિશા ફેર છે લક્ષમાં, તેથી દશા ફેર છે. આહાહા..! ધર્મીને ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય સ્વાદના રસીલા જીવને, અતીન્દ્રિય આનંદના રસીલા ધર્મીને અતીન્દ્રિય આનંદનો નાથ એક જ ઉપાદેય છે. આહા..! અને રાગના પ્રેમીઓને, રાગના રસીકોને પરદ્રવ્ય ઉપાદેય છે. ભગવાન હેય છે. એક કોર રામ અને એક કોર ગામ. સમજાણું કાંઈ? આહાહા..!

'**વ્યક્તિકી અપેક્ષા પંચપરમેષ્ઠી હી ઉપાદેય હૈં, ઉનમેં ભી અરહંત સિદ્ધ હી હૈં,...**' હવે પાંચમાંથી બે કાઢ્યા. પંચ પરમેષ્ઠી-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચ વ્યવહારે ઉપાદેય છે. ઓલા અનંતની અપેક્ષાએ, વ્યક્તિની અપેક્ષાએ. '**ઉનમેં ભી અરહંત સિદ્ધ હી હૈં, ઉન દોનોંમેં ભી સિદ્ધ હી હૈં...**' એક. બેમાંથી એક કાઢ્યો. આ સુપ્રભાતની (બોણી).

મુમુક્ષુ :- બહુ સરસ પ્રકાશ કર્યો આપે.

ઉત્તર :- એમ. આહાહા..!

'**ઔર નિશ્ચયનયકર...**' આહાહા..! હવે નિશ્ચયથી આવ્યું.ઓલું વ્યવહાર કહ્યું હતું. પંચપરમેષ્ઠી ઉપાદેય છે એ વ્યવહાર. એમાંથી અરિહંત સિદ્ધ એ વ્યવહાર, એમાંથી એકલા સિદ્ધ એ વ્યવહાર. પર છે ને? આહા..! 'પંચાસ્તિકાય'માં તો એમ કીધું છે કે સિદ્ધભક્તિ એટલે પોતાની ભક્તિ. પાછળ ગાથા છે. જ્ઞાની સિદ્ધભક્તિ કરે છે. એટલે કે સિદ્ધ એટલે પોતાની. પરની નહિ. પરની વાત ત્યાં નથી. આહાહા..! પરસિદ્ધની ભક્તિ વ્યવહારમાં, પુણ્યમાં જાય છે. પરસિદ્ધની ભક્તિ એ પુણ્યમાં જાય છે. સ્વસિદ્ધની ભક્તિ પવિત્રતામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**નિશ્ચયનયકર મિથ્યાત્વરાગાદિ વિભાવપરિણામકે અભાવમેં...**' ભાષા શું છે? કે ક્યારે નિશ્ચય આત્મા ઉપાદેય છે? ક્યારે? ક્યા કાળમાં? આહાહા..! '**નિશ્ચયનયકર મિથ્યાત્વ રાગાદિ વિભાવ પરિણામકે અભાવમેં...**' આહાહા..! સમજાણું કાંઈ? વિપરીત માન્યતા-પરમાં સુખ છે, પુણ્યથી ધર્મ થાય, પરમાં મજા છે એવી લાલચુવાળા લોલુપીઓને મિથ્યાદૃષ્ટિ કીધા છે. એ આત્માને નહિ જોઈ શકે.

મુમુક્ષુ :- જાજો ભાગ એવો છે.

ઉત્તર :- એ તો એ જ છે. એની તો વાત ચાલે છે બધી. આત્મા સિવાય રાગથી માંડીને પરપદાર્થમાં લોલુપીઓ, લાલચુવાળા અભિલાષીઓ એ બધા મિથ્યાદૃષ્ટિ છે. એનાથી ભગવાનઆત્મા નહિ જણાય. એને તો જેમાં લોલુપતા છે તે તેને જણાશે. અજ્ઞાનમાં.

આહાહા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયનયકર મિથ્યાત્વરાગાદિ...**' એટલે રાગ-દ્વેષાદિ વિષય-વાસના. એવા '**વિભાવપરિણામકે...**' દેખો! મિથ્યાત્વ અને રાગાદિ બધાને વિભાવપરિણામ કહ્યા. આ વ્યવહારરત્નત્રયનો રાગ એ વિભાવ પરિણામ છે. આહાહા..! અહીં તો એમ કહેવું છે કે વિભાવ પરિણામથી રહિત થાય તેને આત્મા જણાશે. તેને આત્મા ઉપાદેય થાશે. આહાહા..! આ મોટી વાતું. ઓલા તો રાડું પાડે રાડ. વ્યવહારથી થાય એમ ન માને તો એકાંત છે રે, એકાંત છે. આવું કરે છે. શું થાય? બાપુ! પ્રભુ! માર્ગ આ છે ત્યાં બીજું શું કરવું? જે પંથે માર્ગ કપાય એનાથી આકરો આઘો લાગે એથી કાંઈ માર્ગ આમ બીજે જતો હોય એ બતાવાય? સમજાણું કાંઈ?

નિશ્ચયનયથી. એટલે અહીં નિશ્ચય નાખ્યું ને? ઓલામાં શુદ્ધ નિશ્ચયથી કીધું હતું એ તો એની શક્તિની અપેક્ષાએ કીધું હતું. શુદ્ધનિશ્ચયથી શક્તિ... એ તો એની શક્તિની અપેક્ષાએ શુદ્ધ નિશ્ચય પહેલા લાગુ પડ્યું. પોતાની અપેક્ષાએ એ શુદ્ધ નિશ્ચય નથી. સમજાણું કાંઈ? પહેલામાં જે (કહ્યું કે) 'શુદ્ધનિશ્ચયસે શક્તિ અપેક્ષા...' એટલે શુદ્ધનયથી પરશક્તિની અપેક્ષા જીવને ઉપાદેય છે એમ નથી. પણ શુદ્ધનિશ્ચયથી એની શક્તિની અપેક્ષાએ જીવો. એમ. જીવો આવા છે. શુદ્ધ નિશ્ચયની અપેક્ષાએ બધા જીવ શુદ્ધ છે એમ ત્યાં લેવું છે. સમજાણું કાંઈ? આવો ધર્મ આકરો. દયા પાળવી કે વ્રત-અપવાસ કરવા સાવ સહેલુંસટ હતું. એમાં આવ્યું કે આ ધર્મ નથી. આહાહા..! બાપુ! તારા કલ્યાણનો માર્ગ કોઈ જુદી જાતનો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યાં શુદ્ધનિશ્ચયથી. અહીં નિશ્ચયનયથી લીધું. એનો સ્વભાવ શુદ્ધ નિશ્ચયે પવિત્ર છે. એમ કહેવું છે. અહીં નિશ્ચયથી પોતાનો સ્વભાવ આદરણીય છે આત્મા, એમ કહેવું છે. આહાહા..! આ થોડુંક ખ્યાલમાં આવ્યું વર્ષ બેસતું છે ને. ઓલું પુદ્‌ગલનું હતું ને ૧૯મી ગાથા. જરી ખ્યાલમાં રહે ને. ઝાઝા માણસો છે. આહાહા..!

'**મિથ્યાત્વરાગાદિ વિભાવપરિણામકે અભાવમેં....**' અહીં તો શું કહ્યું? મિથ્યાત્વનો તો અભાવ પણ રાગાદિનો અભાવ કહ્યો. વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એના અભાવકાળમાં એ જણાય છે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! હવે એ કહે, એ વ્યવહારથી જણાય. પ્રભુ! ક્યાં મેળ ખાશે આ? સમન્વય કરો, કહે છે. હવે કહ્યું નહોતું? આ પ્રકાશ અજ્ઞાન છે, એમ વ્યવહાર પણ અજ્ઞાન છે. મિથ્યાત્વ નહિ, હોં! મિથ્યાત્વ નહિ. મિથ્યાત્વ જુદું અને અજ્ઞાન જુદું. રાગમાં જ્ઞાનનો અંશ નથી માટે અજ્ઞાન. એ શુભરાગ છે એ મિથ્યાત્વ છે એમ નહિ. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરવી એ શુભરાગ છે. મિથ્યાત્વ નહિ. 'મખનલાલજી'એ એ મોટો વાંધો કાંઢ્યો છે ને. એ લોકો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. આ મોટો પ્રશ્ન ચર્ચામાં બહાર આવ્યો છે. અરે..! ભાઈ! કોણે કહ્યું? બાપુ! તું શું કરે છે આ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ મિથ્યાત્વ નથી, એ શુભરાગ છે. પણ રાગથી ધર્મ માને તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**વિશુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસા જાનના.**' એ મિથ્યાત્વ અને રાગના અભાવ કાળમાં શુદ્ધાત્મા એક ઉપાદેય છે. આવા કાળમાં, ભાવમાં. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ जीवपुद्गलौ सक्रियौ धर्माधर्माकाशकालद्रव्याणि निःक्रियाणीति प्रतिपादयति –

१४९) दव्व चयारि वि इयर जिय गमणागमण–विहीण।
जीउ वि पुग्गलु परिहरिवि पभणहिँ णाण–पवीण।।२३।।

द्रव्याणि चत्वारि अपि इतराणि जीव गमनागमनविहीनानि।
जीवमपि पुद्गलं परिहृत्य प्रभणन्ति ज्ञानप्रवीणाः।।२३।।

दव्व इत्यादि। दव्व द्रव्याणि। कतिसंख्योपेतानि एव। चयारि वि चत्वार्येव इयर जीवपुद्गलाभ्यामितराणि जिय हे जीव। कथंभूतान्येतानि। गमणागमणविहीण गमनागमनविहिनानि निःक्रियाणि चलनक्रियाविहीनानि। किं कृत्वा। जीउ वि पुग्गलु परिहरिवि जीवपुद्गलौ परिहृत्य पभणहिं एवं प्रभणन्ति कथयन्ति। के ते। णाण–पवीण भेदाभेदरत्नत्रयाराधका विवेकिन इत्यर्थः। तथाहि। जीवानां संसारावस्थायां गतेः सहकारिकारणभूताः कर्मनोकर्मपुद्गलाः कर्मनोकर्माभावात्सिद्धानां निःक्रियत्वं भवति पुद्गलस्कन्धानां तु कालाणुरूपं कालद्रव्यं गतेर्बहिरङ्गनिमित्तं भवति। अनेन किमुक्त भवति। अविभागिव्यवहारकालसमयोत्पत्तौ मन्दगतिपरिणतपुद्गलपरमाणुः घटोत्पत्तौ कुम्भकारवद्बहिरङ्गनिमित्तेन व्यञ्जको व्यक्तिकारको भवति। कालद्रव्यं तु मृत्पिण्डवदुपादानकारणं भवति। तस्य तु पुद्गलपरमाणोर्मन्दगतिगमनकाले यद्यपि धर्मद्रव्यं सहकारिकारणमस्ति तथापि कालाणुरूपं निश्चयकालद्रव्यं च सहकारिकारणं भवति। सहकारिकारणानि तु बहून्यपि भवन्ति मत्स्यानां धर्मदव्ये विद्यमानेऽपि जलवत्, घटोत्पत्तौ कुम्भकारबहिरङ्गनिमित्तेऽपि चक्रचीवरादिवत्, जीवानां धर्मदव्ये विद्यमानेऽपि कर्मनोकर्मपुद्गला गतेः सहकारिकारणं, पुद्गलानां तु कालद्रव्यं गतेः सहकारिकारणम्। कुत्र भणितमास्ते इति चेत्। पञ्चास्तिकायप्राभृतेश्रीकुन्दकुन्दाचार्यदेवैः सक्रियनिःक्रियव्याख्यानकाले भणितमस्ति – 'जीवा पुग्गलकाया सह सक्किरिया हवंति ण य सेसा। पुग्गलकरणा जीवा खंदा खलु कालकरणेहिं।।' पुद्गलस्कन्धानां धर्मद्रव्ये विद्यमानेऽपि जलवत् द्रव्यकालो गतेः सहकारिकारणं भवतीत्यर्थः। अत्र निश्चयनयेन निःक्रियसिद्धस्वरूपसमानं निजशुद्धात्मद्रव्यमुपादेयमिति तात्पर्यम्। तथा चोक्तं निश्चयनयेन निःक्रियजीवलक्षणम् – 'यावत्क्रियाः प्रवर्तन्ते तावद् द्वैतस्य गोचराः। अद्वये निष्कले प्राप्ते निःक्रियस्य कुतः क्रिया।।'।।२३।।

---

आगे जीव पुद्गल ये दोनों चलन–हलनादि क्रियायुक्त हैं, और धर्म, अधर्म, आकाश, काल ये चारों निःक्रिय हैं, ऐसा निरूपण करते हैं –

गाथा – २३

अन्वयार्थ :– [ जीव ] हे हंस, [ जीवं अपि पुद्गलं ] जीव और पुद्गल इन दोनोंको [ परिहृत्य ] छोड़कर [ इतराणि ] दूसरे [ चत्वारि एव द्रव्याणि ] धर्मादि चारों ही द्रव्य [ गमनागमनविहीनानि ] चलन हलनादि क्रिया रहित हैं, जीव पुद्गल क्रियावंत हैं, गमनागमन करते हैं, ऐसा [ ज्ञानप्रवीणाः ] ज्ञानियोंमें चतुर रत्नत्रयके धारक श्रुतकेवली [ प्रणभंति ] कहते हैं।

भावार्थ :– जीवोंके संसार–अवस्थामें इस गतिसे अन्य गतिके जानेको कर्म–नोकर्म जातिके पुद्गल सहायी हैं। और कर्म नोकर्मके अभावसे सिद्धोंके निःक्रियपना है, गमनागमन नहीं है। पुद्गलके स्कन्धोंको गमनका बहिरंग निमित्तकारण कालाणुरूप कालद्रव्य है। इससे क्या अर्थ निकला ? यह निकला कि निश्चयकालकी पर्याय जो समयरूप व्यवहारकाल उसकी उत्पत्तिमें मंद गतिरूप परिणत हुआ अविभागी पुद्गलपरमाणु कारण होता है। समयरूप व्यवहारकालका उपादानकारण निश्चयकालद्रव्य है, उसीको एक समयादि व्यवहारकालका मूलकारण निश्चयकालाणुरूप कालद्रव्य है, उसीकी एक समयादिक पर्याय है, पुद्गल परमाणुकी मंदगति बहिरंग निमित्तकारण है, उपादानकारण नहीं है, पुद्गलपरमाणु आकाशके प्रदेशमें मंदगतिसे गमन करता है, यदि शीघ्र गतिसे चले तो एक समयमें चौदह राजू जाता है, जैसे घटपर्यायकी उत्पत्तिमें मूलकारण तो मिट्टीका डला है, और बहिरंगकारण कुम्हार है, वैसे समयपर्यायकी उत्पत्तिमें मूलकारण तो कालाणुरूप निश्चयकाल है, और बहिरंग निमित्तकारण पुद्गलपरमाणु है। पुद्गलपरमाणुकी मंदगतिरूप गमन समयमें यद्यपि धर्मद्रव्य सहकारी है, तो भी कालाणुरूप निश्चयकाल परमाणुकी मंदगतिका सहायी जानना। परमाणुके निमित्तसे तो कालका समयपर्याय प्रगट होता है, और कालके सहायसे परमाणु मंदगति करता है। कोई प्रश्न करे कि गतिका सहकारी धर्म है, कालको क्यों कहा? उसका समाधान यह है कि सहकारीकारण बहुत होते हैं, और उपादानकारण एक ही होता है, दूसरा द्रव्य नहीं होता, निज द्रव्य ही निज (अपनी) गुण–पर्यायोंका मूलकारण है, और निमित्तकारण बहिरंगकारण तो बहुत होते हैं, इसमें कुछ दोष नहीं है। धर्मद्रव्य तो सबहीका गतिसहायी है, परंतु मछलियोंको गतिसहायी जल है, तथा घटकी उत्पत्तिमें बहिरंगनिमित्त कुम्हार है, तो भी दंड, चक्र, चीवरादिक ये भी अवश्य कारण हैं, इनके बिना घट नहीं होता, और जीवोंके धर्मद्रव्य गतिका सहायी विद्यमान है, तो भी कर्म–नोकर्म पुद्गल सहकारीकारण हैं, इसी तरह पुद्गलको कालद्रव्य गति सहकारीकारण जानना। यहाँ कोई प्रश्न करे कि धर्मद्रव्य तो गतिका सहायी सब जगह कहा है, और कालद्रव्य वर्तनाका सहायी है, गति सहायी किस जगह कहा है ? उसका

समाधान श्रीपंचास्तिकायमें कुंदकुंदाचार्यने क्रियावंत और अक्रियावंतके व्याख्यानमें कहा है। 'जीवा पुग्गल' इत्यादि। इसका अर्थ ऐसा है कि जीव और पुद्‌गल ये दोनों क्रियावंत हैं, और शेष चार द्रव्य अक्रियावाले हैं, चलन–हलन क्रियासे रहित हैं। जीवको दूसरी गतिमें गमनका कारण कर्म है, वह पुद्‌गल है और पुद्‌गलको गमनका कारण काल है। जैसे धर्मद्रव्यके मौजूद होने पर भी मच्छोंको गमनसहायी जल है, उसी तरह पुद्‌गलको धर्मद्रव्यके होने पर भी द्रव्यकाल गमनका सहकारी कारण है। यहाँ निश्चयनयकर गमनादि क्रियासे रहित निःक्रिय सिद्धस्वरूपके समान निःक्रिय निर्द्वंद्व निज शुद्धात्मा ही उपादेय है, यह शास्त्रका तात्पर्य हुआ। इसी प्रकार दूसरे ग्रन्थोंमें भी निश्चयकर हलन–चलनादि क्रिया रहित जीवका लक्षण कहा है। 'यावत्क्रिया' इत्यादि। इसका अर्थ ऐसा है कि जब–तक इस जीवके हलन–चलनादि क्रिया है, गतिसे गत्यंतरको जाना है, तब तक दूसरे द्रव्यका सम्बन्ध है, जब दूसरेका सम्बन्ध मिटा, अद्वैत हुआ, तब निकल अर्थात् शरीरसे रहित निःक्रिय है, उसके हलन–चलनादि क्रिया कहाँसे हो सकती हैं; अर्थात् संसारी जीवके कर्मके सम्बन्धसे गमन है, सिद्धभगवान् कर्मरहित निःक्रिय हैं, उनके गमनागमन क्रिया कभी नहीं हो सकती।।२३।।

---

હવે, જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યો સક્રિય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે, એમ કહે છે :-

ભાવાર્થ :- કર્મનોકર્મરૂપ પુદ્‌ગલો સંસાર અવસ્થામાં જીવોને ગતિમાં સહકારી કારણભૂત છે અને કર્મનોકર્મના અભાવથી સિદ્ધો નિષ્ક્રિય છે. પુદ્‌ગલસ્કંધોને પણ ગતિનું બહિરંગ નિમિત્ત કાળાણુરૂપ કાળદ્રવ્ય છે. આથી શું કહેવાયું? આથી એ કહેવાયું કે જેવી રીતે ઘડાની ઉત્પત્તિમાં કુંભાર બહિરંગનિમિત્તથી વ્યંજક-વ્યક્તિકારક-છે તેવી રીતે વ્યવહારકાળરૂપ અવિભાગી સમયની ઉત્પત્તિમાં મંદગતિએ પરિણત પુદ્‌ગલપરમાણુ બહિરંગ નિમિત્તથી વ્યંજક-વ્યક્તિકારક છે. જેમ (ઘટપર્યાયની ઉત્પત્તિમાં) માટીનો પિંડ ઉપાદાન કારણ છે તેમ (સમય પર્યાયની ઉત્પત્તિમાં) કાળદ્રવ્ય ઉપાદાન કારણ છે અને તે પુદ્‌ગલપરમાણુના મંદગતિથી ગમનકાળે જોકે ધર્મદ્રવ્ય પણ સહકારી કારણ છે તોપણ કાળાણુરૂપ નિશ્ચય કાળદ્રવ્ય પણ સહકારી કારણ છે.

(અત્રે કોઈ પ્રશ્ન કરે કે ગમનમાં ધર્મદ્રવ્ય સહકારી કારણ હોય છે અને આપ કાળને શા માટે સહકારી કારણ કહો છો? તેનું સમાધાન એ છે કે) સહકારી કારણો અનેક હોય છે. મત્સ્યને ગમનમાં ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ, જળ સહકારી નિમિત્ત છે, ઘડાની ઉત્પત્તિમાં કુંભારનું બહિરંગ નિમિત્ત હોવા છતાં પણ, ચાકડો, ચીવરાદિ સહકારી નિમિત્ત છે. જીવોને ગમનમાં ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલો સહકારી કારણ છે અને પુદ્‌ગલોને ગતિનું કાળદ્રવ્ય સહકારી કારણ છે.

**અહીં, કોઈ પ્રશ્ન કરે કે (ધર્મદ્રવ્યને તો ગતિનું નિમિત્ત બધી જગ્યાએ કહ્યું છે અને કાળદ્રવ્યને વર્તનાનું કારણ કહ્યું છે) કાળદ્રવ્યને ગતિનું નિમિત્ત કઈ જગ્યાએ કહ્યું છે?**

**તેનું સમાધાન :- પંચાસ્તિકાય પ્રાભૃતમાં શ્રીકુંદકુંદાચાર્યદેવે સક્રિય-નિષ્ક્રિય વ્યાખ્યાનકાળે (ગાથા-૯૮માં) કહ્યું છે કે :-**

**जीवा पुग्गलकाया सह सक्किरिया हवंति णय सेसा।**
**पुग्गलकरणा जीवा खंदा खलु कालकारणेहिं।।**

**અર્થ :- બાહ્ય કારણ સહિત રહેલા જીવો અને પુદ્ગલો સક્રિય છે, બાકીના દ્રવ્યો સક્રિય નથી (નિષ્ક્રિય છે). જીવો પુદ્ગલકરણવાળા (જેમને સક્રિયપણામાં પુદ્ગલ બહિરંગ સાધન હોય એવા) છે અને સ્કંધો અર્થાત્ પુદ્ગલો તો કાળકરણવાળા (જેમને સક્રિયપણામાં કાળ બહિરંગસાધન હોય એવા) છે.**

**જેવી રીતે માછલાંને ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ જળ ગતિનું સહકારી કારણ છે તેવી રીતે પુદ્ગલસ્કંધોને ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ, દ્રવ્યકાળ ગતિનું સહકારી કારણ છે, એવો અર્થ છે.**

**અહીં, નિશ્ચયનયથી નિષ્ક્રિય સિદ્ધસ્વરૂપ સમાન (નિષ્ક્રિય) નિજશુદ્ધાત્મદ્રવ્ય ઉપાદેય છે, એવું તાત્પર્ય છે.**

**બીજી જગ્યાએ પણ નિશ્ચયનયથી નિષ્ક્રિય જીવનું લક્ષણ કહ્યું છે કે 'यावत्क्रियाः प्रवर्तन्ते तावद् द्वैतस्य गोचराः। अद्वये निष्कले प्राप्ते निःक्रियस्य कुतः क्रिया।।' અર્થ : જ્યાં સુધી આ જીવને હલનચલનાદિ ક્રિયા વર્તે છે ત્યાં સુધી દ્વૈત જોવામાં આવે છે. અદ્વૈત અને નિષ્કલ થતાં, નિષ્ક્રિયને ક્રિયા કેવી રીતે હોય ? ૨૩.**

---

**ગાથા-૨૩ થી ૩૧ ઉપર ૧૯૭૫-૭૬ની સાલમાં પ્રવચન ઉપલબ્ધ નહિ હોવાથી ૧૯૬૫-૬૬ની સાલમાંથી લેવામાં આવેલ છે.**

## વીર સંવત ૨૪૯૨, પોષ સુદ ૬, મંગળવાર
## તા. ૨૮-૧૨-૧૯૬૫, ગાથા-૨૩, ૨૪, પ્રવચન નં. ૮૮

'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની ૨૨ ગાથા થઈ. ૨૩મી ગાથા. **'આગે જીવ પુદ્ગલ યે દોનોં ચલન-હલનાદિ ક્રિયાયુક્ત હૈં, ઔર ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે ચારોં નિઃક્રિય હૈં, એસા નિરૂપણ કરતે હૈં -'** શું કહેવું છે આ? કે, આ આત્મા જે છે એ શુદ્ધ દ્રવ્ય વસ્તુ તરીકે

જ્ઞાયક શુદ્ધ આનંદકંદ છે. એનો જે નિશ્ચય સમ્યગ્દર્શન જે ધર્મ, એ નિશ્ચય સમ્યગ્દર્શનમાં કારણ તો એ આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ? સમ્યક્ સાચી શ્રદ્ધા-સમ્યગ્દર્શન એ પ્રથમ ધર્મ (છે). એ સમ્યગ્દર્શનનું કારણ અથવા એનો વિષય તો એ આત્મા, શુદ્ધ આત્મા વસ્તુ છે. એવા નિશ્ચય સમ્યગ્દર્શનના વિષયરૂપ આત્મા કારણ (છે). એ કાળે આત્મામાં જરી સક્રિયપણું ગતિ આદિ થાય છે, આત્મામાં સક્રિય થાય છે ને ગતિ? એ અને એ ગતિમાં બીજા નિમિત્તો પદાર્થ, એ બધા વ્યવહાર સમ્યગ્દર્શનમાં નિમિત્ત છે. શું કીધું? સમજાણું આમાં? નિશ્ચય સમ્યગ્દર્શનમાં નિશ્ચય વસ્તુ શુદ્ધ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા નિજ પદાર્થ, એ નિશ્ચય શ્રદ્ધારૂપી ધર્મ એનું કારણ તો આત્મદ્રવ્ય છે.

હવે, વ્યવહાર સમકિત જે શુભરાગરૂપ ભાવ છે એનો વિષય છ દ્રવ્ય. એમાં જીવની ગતિ આદિ ક્રિયા થાય છે એ પણ વ્યવહાર સમકિતનો એ વિષય છે. શું કહ્યું? શ્રદ્ધામાં એ એણે લેવું જોઈએ કે, આત્મા શુદ્ધ સ્વરૂપ અખંડ જ્ઞાયક એવી પ્રતીત શ્રદ્ધા હોવા છતાં તેને તે કાળે કંઈક ગતિ થાય છે ને? ગતિ. જીવ હાલે છે. એ ક્રિયા જે થાય છે એ વર્તમાન પર્યાયમાં એ જીવની પોતાની લાયકાતથી છે. એને વ્યવહાર સમકિતમાં શ્રદ્ધવું જોઈએ કે, આ મારી ક્રિયા મારાથી થાય છે. અને એ ક્રિયામાં બીજા પુદ્‌ગલ કર્મ આદિ કે ધર્માસ્તિ આદિ નિમિત્ત છે એ પણ એણે એ રીતે શ્રદ્ધવું ને માનવું જોઈએ. સમજાણું કાંઈ ?

એ કહે છે, જુઓ!

**૧૪૯) दव्व चयारि वि इयर जिय गमणागमण–विहीण।**
**जीउ वि पुग्गलु परिहरिवि पभणहिं णाण–पवीण।।२३।।**

**અન્વયાર્થ :-** '**હે હંસ,...**' જીવને હંસ કહ્યો, હે હંસ-વિવેકી! તું આત્મા અખંડ જ્ઞાયક છો એની પ્રતીત તો કરવી. એનું નામ હંસ કહેવાય છે. '**જીવ ઔર પુદ્‌ગલ ઈન દોનોંકો છોડકર દૂસરે ધર્માદિ ચારોં હી દ્રવ્ય ચલન હલનાદિ ક્રિયા રહિત હૈં,...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ જ્યાં પડ્યા છે ત્યાં પડ્યા છે. એને ગમન છે નહિ. એમ તું બરાબર શ્રદ્ધા કર. '**જીવ પુદ્‌ગલ ક્રિયાવંત હૈં,...**' અને જીવ અને પુદ્‌ગલ બે આમ ગમન કરે છે. એ ગમન કરવાની પર્યાયની તારામાં લાયકાત તારી છે એમ વ્યવહાર સમકિતમાં શ્રદ્ધા કર. સમજાણું કાંઈ?

'**ગમનાગમન કરતે હૈં,...**' જીવ ને પુદ્‌ગલ આમ એક ઠેકાણે રહેતા નથી. એ છે પોતાની લાયકાતનો પર્યાય, ગમન કરવાનો ને ગમન થઈને સ્થિર થવાનો. એમ પરમાણુઓનો ગમન કરવાનો પોતાનો પર્યાય ધર્મ છે એનો અને એ પર્યાય સ્થિર થાય એ પણ પોતાનો ધર્મ છે. પણ એ પર્યાયનો ધર્મ છે અને પરદ્રવ્યનો જે ધર્મ છે અને પોતાની પર્યાયમાં ગતિ સ્થિરતાનો ધર્મ છે, એ બધો વ્યવહાર સમકિતના વિષયમાં, છ દ્રવ્યમાં જાય છે. સમજાણું કાંઈ?

એ ગમનાગમન જીવ અને પુદ્ગલ જ ક્રિયા કરે છે. પોતાથી હોં! આત્મા એક સ્થાનથી બીજે સ્થાને જાય, આમ હાલે, એ પોતાની પર્યાયની યોગ્યતાથી ગતિ કરે છે, એમ કહે છે.

મુમુક્ષુ :- દેહ એને કારણે ગતિ કરે છે?

ઉત્તર :- દેહને કારણે ગતિ કરે છે એમ કહે છે. દેહની ક્રિયા એને સહકારી નિમિત્ત કહેશે. એમાં કર્મ પુદ્ગલને અને એને બેને સહકારી કહેશે. પણ એ કર્મ ને પુદ્ગલ અને શરીર પોતે પોતાને કારણે આમ ગતિ કરે છે. જીવ પોતાને કારણે આમ ગતિ કરે છે. ત્યારે એ ગતિ કરવામાં કર્મ ને પુદ્ગલ નોકર્મ એને નિમિત્ત કહેવાય અને એ ગતિ કરવામાં ધર્માસ્તિ પણ નિમિત્ત કહેવાય. આ વસ્તુ... સમજાણું કાંઈ?

આવી વસ્તુ વીતરાગ સિવાય વ્યવહાર સમકિતના વિષયનું સ્વરૂપ આ રીતે છે એ બીજે હોય શકે નહિ. એમ બતાવવા વ્યવહાર સમકિતના વિષયને જણાવે છે. સમજાણું કાંઈ? જ્ઞાન તો એણે કરવું પડે. એમ ને એમ ઓઘેઓઘે કુટાય એવો નથી આ માર્ગ. સર્વજ્ઞ વીતરાગે કહેલો આત્મા એવો પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ, સર્વજ્ઞે કહેલો, જોયેલો, જાણેલો એવો આ આત્મા પૂર્ણ જ્ઞાનાનંદનો કંદ વસ્તુ, એની અંતર્મુખની સમ્યગ્દર્શનની શ્રદ્ધા એમાં વિષય તો એ દ્રવ્ય છે. આવો આત્મા ભગવાને કહ્યો એવો આત્મા. અને એ સિવાય ગતિ આદિની સ્થિરતાની જે પર્યાય જીવમાં થાય અને બીજા પાંચ, છ દ્રવ્યો બીજા આત્માઓ ને બીજી એની ક્રિયાઓ એ બધા સમ્યગ્દર્શન વ્યવહારના વિષય કારણ ગણવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિશ્ચય સમ્યગ્દર્શનના કારણમાં ભગવાને કહેલો શુદ્ધ આત્મા દ્રવ્ય. સમજાણું કાંઈ? અને વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં ભગવાને જાણેલા જીવ ને જડ એની પર્યાય ક્રિયા આમ કરે છે અને એમાં નિમિત્ત તરીકે બીજા છે અને બીજા ચાર પોતે અક્રિય છે, એવા ભગવાને જોયેલા એવા એને વ્યવહાર સમ્યગ્દર્શનમાં નિમિત્ત કારણ થાય છે. સમજાણું કાંઈ આમાં? સમજણના ઘર કોઈ દિ' જોયા નથી, એની દરકાર કરી નથી. આ કરવું... આ કરવું... આ કરવું... દયા ને વ્રત ને ભક્તિ ને ક્રિયાકાંડ પણ વસ્તુ શું છે, એને સમજ્યા વિના એ બધી (ક્રિયા થોથા છે).

કહે છે કે, દયા આદિના પરિણામ થાય ને જીવ પોતે આમ ગતિ કરે એ બધા વ્યવહાર સમકિતના વિષયમાં જાય છે, ભાઈ! આહાહા..! સત્ય સમ્યગ્દર્શન, સત્ય સમ્યગ્દર્શન એના વિષયમાં ભગવાન સત્ય પરમ બ્રહ્મ પોતે એના સમ્યગ્દર્શનમાં એ કારણ છે. પણ એ કાળે એ શુભ રાગરૂપી જ્ઞાનસહિતનો ભાગ એક છે કે જેમાં જીવ ને પરમાણુ ગતિ કરે એવી ક્રિયા અને સ્થિરતા પાછી કરીને ફરે એવી ક્રિયા, એ જીવ અને પુદ્ગલમાં પોતાને કારણે છે અને બીજા ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે. એમ સમ્યગ્દર્શનના એટલે એ સંબંધીના જ્ઞાનના વિકલ્પનો એ વિષય છે, એમ એણે નક્કી કરવું જોઈએ. સમજાણું કાંઈ?

આ શું કહે છે વ્યવહારનો વિષય. આજે તો વળી ઈ નાખ્યું. શું નાખ્યું? શું? આ જીવની ક્રિયા, ક્રિયા વ્યવહારમાં નાખી, વ્યવહાર સમકિતના વિષયમાં નાખી. આ તો બીજી

રીતે કહ્યું અત્યારે. એક નિશ્ચય સમ્યક્ વસ્તુ એ તો પરમાનંદ ભગવાન અખંડ આમ જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા એ સત્ય દર્શનનું કારણ છે. સત્ય સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એ સત્ય સમ્યગ્દર્શન સત્નું એ કારણ છે. અસત્ એટલે વ્યવહાર સમકિત ઉપચાર એનું કારણ એ જીવ ગતિ સ્વતંત્ર કરે છે, સ્થિરતા કરે છે ગતિ કરીને એમાં રાગાદિ થાય છે એ બધા વ્યવહાર સમકિતના નિમિત્તમાં, કારણમાં, વિષયમાં જાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ.. 'ભીખાભાઈ'! એમ જીવ ગતિ કરે કે સ્થિર થાય, એમાં નિમિત્ત કર્મ અને શરીર છે, એ પણ વ્યવહાર સમ્યગ્દર્શનના નિમિત્તમાં, કારણમાં જાય છે. અને ગતિ કરે ત્યારે ધર્માસ્તિ નિમિત્ત છે એ પણ વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં નિમિત્તમાં, કારણમાં જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! શૈલી તો.. આ તો 'પરમાત્મપ્રકાશ' છે ને એટલે એનું જે પૂર્ણ સ્વરૂપ છે...

મુમુક્ષુ :- 'પરમાત્મપ્રકાશ'નો વ્યવહાર આ છે ...

ઉત્તર :- વ્યવહાર કહે છે. જુઓ! આજે તો થોડું બીજી રીતે કહ્યું. એકલા સ્વદ્રવ્ય દ્રવ્યમાં એ જીવની ક્રિયા, સક્રિયપણું, રાગ-દ્વેષપણું, કંપનપણું આદિ... સમજાય છે? એ બધો વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય કહેવામાં આવ્યો આજે. પોતાથી થાય એ વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય. પોતે આખો એ તો નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય. એ.. 'દેવાનુપ્રિયા'! આહાહા..! અહીં આમ કહેવા માગે છે.

પરમાત્મા તું પોતે તો અખંડ જ્ઞાનની મૂર્તિ છો ને પ્રભુ! એ સત્ય દર્શનનું કારણ છે, સત્ય સમ્યગ્દર્શન, ધર્મદર્શન ધર્મરૂપી દર્શનનું આ આત્મા કારણ છે. પણ એની સાથે એ જ્ઞાનની પૂર્ણતા કેવળજ્ઞાનની નથી અને પૂર્ણ સ્થિરતા નથી એટલે એક જ્ઞાન એવું કામ કરે કે, જે ક્રિયા કરે, જીવ ગતિ કરે, સ્થિરતા થાય એને પણ એ જ્ઞાન જાણીને વ્યવહાર છે એમ શ્રદ્ધે છે. સમજાણું કાંઈ? એ ઉપચાર સમકિત. ભારે વાત, ભાઈ! નિશ્ચય હોય ત્યારે ઓલી ક્રિયા, ગતિ, રાગ અને બીજા દ્રવ્યો એની શ્રદ્ધાને ઉપચાર સમકિત, આરોપ સમકિત વ્યવહાર સમકિત કહેવાય છે. આ નિશ્ચય હોય તો. ત્યારે એની સાથે વાત છે ને આ. આ બાકી રહેલી વાતને શ્રદ્ધવી જોઈએ ને. એક દ્રવ્ય અખંડાનંદ પ્રભુ એ સમ્યગ્દર્શનનું કારણ થયું. ત્યારે બીજી વાત કાંઈ બાકી રહી જાય છે કે નહિ? રાગ, દ્વેષ, સક્રિય, સ્થિરતા, બીજા જીવો, બીજા પરમાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ બધા અહીં તો એક બધા થોકડે વ્યવહાર સમ્યગ્દર્શનનું નિમિત્ત, વિષય અને કારણ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એક વાત રહી ગઈ. '**એસા જ્ઞાનિયોંમેં ચતુર રત્નત્રયકે ધારક કેવલી શ્રુતકેવલી કહતે હૈં.**' એમ જોઈએ. કેવળી કાઢી નાખો,

મુમુક્ષુ :- કેવળી ને શ્રુતકેવળી.

ઉત્તર :- ના, કેવળી કાઢી નાખવું જોઈએ. કારણ કે, સંસ્કૃતમાં પાઠમાં '**भेदाभेदरत्नत्रयाराधका**' છે. સમજાણું? ટીકા એમણે એમ કરી છે ને. સમુચ્ચય હોય તો જ્ઞાન... એમ વાંધો નથી. '**भेदाभेदरत्नत्रयाराधका विवेकिन**' મહા સંતો, મુનિઓ, નિશ્ચય ને

વ્યવહારના આરાધક જીવો આમ કહે છે. એટલે એ ચતુર, જ્ઞાનીયોંમેં મહા ચતુર રત્નત્રય ભેદાભેદ ને નિશ્ચયના ધારક એવા શ્રુતકેવળી કહે છે. શ્રુતકેવળી. એ શ્રુતકેવળી મુનિઓ મહા સંતો એ વ્યવહાર સમકિતના આ છ દ્રવ્યો અને સક્રિય, અક્રિયપણું એ બધો વ્યવહાર સમકિતનો વિષય (છે) એમ ભગવાન બતાવે છે. સમજાણું કાંઈ ? 'છોટાભાઈ'! ઓલો એક વિષય બાકી રહી ગયો હતો ને. એનો પોતાનો પણ બાકી રહી ગયો છે કે નહિ? આહાહા..! શાસ્ત્રની રીત એક સમજાવવાની અને એને એ રીતે સિદ્ધ કરવાની રીત છે.

**ભાવાર્થ :- 'જીવોંકે સંસાર-અવસ્થામેં ઈસ ગતિસે અન્ય ગતિકે જાનેકો કર્મ-નોકર્મ જાતિકે પુદ્‌ગલ સહાયી હૈં.'** નિમિત્ત છે. એક ગતિમાંથી બીજે જાવું, મનુષ્યમાંથી દેવમાં (જાવું).. સમજાય છે? ત્યાં એને કર્મ, આઠ કર્મ પણ નિમિત્ત છે. ગતિની તો પોતાની ઉપાદાનની યોગ્યતા છે, હોં! ઓલું નિમિત્ત છે કર્મ અને શરીર. તૈજસ અને ઔદારિક આદિ શરીર. અહીં પણ ગતિ કરે છે ને જરી? કર્મ, નોકર્મ જાતિકે પુદ્‌ગલ નિમિત્ત છે. નિમિત્ત છે, બીજી ચીજ એક નિમિત્ત છે. **'ઔર કર્મ નોકર્મકે અભાવસે સિદ્ધોંકે નિઃક્રિયપના હૈ,...'** સિદ્ધને નિષ્ક્રિયપણું પોતાને કારણે છે. ત્યારે એને નોકર્મ અને નોકર્મનો નિમિત્તપણે પણ અભાવ છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાનને કર્મ નોકર્મનું નિમિત્તપણું નથી અને પોતામાં પણ સક્રિયપણું નથી. નિષ્ક્રિયપણું છે પોતાથી પોતામાં ઉપાદાન. એ પર્યાયનું (ઉપાદાન) અને બીજા નોકર્મ નિમિત્ત નથી. સમજાય છે કાંઈ? **'ગમનાગમન નહીં હૈ.'** સિદ્ધને ગમન નથી, સિદ્ધ પરમાત્મા તો સ્થિર છે, મોક્ષમાં સ્થિત છે.

**'પુદ્‌ગલકે સ્કન્ધોંકા ગમનકા બહિરંગ નિમિત્તકારણ કાલાણુરૂપ કાલદ્રવ્ય હૈ.'** હવે આ શરીર છે ને? પુદ્‌ગલ, કર્મ, આ વાણી એ આમ ગમન કરે છે ને? જુઓને! શરીર આમ ગમન કરે છે ને? એ ગમનનું બહિરંગ નિમિત્ત કારણ, બાહ્ય નિમિત્ત કારણ. કાલાણુ એક કાળદ્રવ્ય છે એને જાણવો જોઈએ. અને સ્કંધમાં ગમન પોતાથી થાય, ઉપાદાનથી એમ એણે જાણવું જોઈએ. શું કીધું? આ શરીર એને કારણે આમ ઉપાદાનથી ગતિ કરે છે. સમજાણું કાંઈ? એમ એણે વ્યવહાર સમકિતમાં જાણવું જોઈએ. અને એમાં-ગમન કરે એમાં... સમજાણું? નિમિત્ત કારણ બાહ્ય કાલાણુ દ્રવ્ય છે. એક કાલાણુ પદાર્થ છે એ આ શરીરને ગતિ કરવામાં નિમિત્ત છે. કહો, સમજાણું? જુઓ! આ લાકડું છે ને? આમ આમ કરે ને? એ થાય છે પોતાના ઉપાદાનને કારણે. પણ ત્યાં એક કાળ નામના અસંખ્ય દ્રવ્ય બીજા છે એની અંદર પર્યાય એને નિમિત્ત છે. એ નિમિત્ત શ્રદ્ધવું અને આની ગતિની ક્રિયા શ્રદ્ધવી અને આ દ્રવ્ય, ગુણ આવા છે એમ શ્રદ્ધવું, એ બધો વ્યવહાર સમકિતનો વિષય કહેવાય છે. આહાહા..!

મુમુક્ષુ :- અરૂપી છે ને.

ઉત્તર :- આ ક્યાં અરૂપી છે? આ શું કીધું? કાળ અરૂપી છે પણ આ રૂપી છે ને? આ રૂપી પોતાથી ગતિ કરે છે. એના દ્રવ્ય, ગુણને જાણવા ને એની પર્યાય ગતિ કરે એમ એને શ્રદ્ધવી જોઈએ. પોતાથી, હોં! એમ પોતાથી ગતિ કરે (છે) એમ વ્યવહાર સમકિતમાં ભાઈ!

આવે છે, લ્યો! ઠીક. વ્યવહાર સમકિતમાં એટલું તો આવે છે કે, જીવ અને પુદ્ગલ પોતાથી ક્રિયા કરે છે તે સમયે, એમ વ્યવહાર સમકિતમાં એને શ્રદ્ધવું જોઈએ. અને એને-પુદ્ગલને નિમિત્ત કારણ કાલાણું દ્રવ્ય છે. અને જીવમાં કર્મ ને નોકર્મ નિમિત્ત છે અને ધર્માસ્તિ પણ નિમિત્ત છે. એ વિશેષ લેશે. એ બધું પોતાને કારણે ગતિ ક્રિયા છે એમ વ્યવહાર સમકિતી શ્રદ્ધે છે. નિમિત્ત કારણ બીજું છે એમ વ્યવહાર સમકિતી શ્રદ્ધે છે. જે આની ક્રિયા પરને લઈને માને એને તો વ્યવહાર શ્રદ્ધાના વિષયની પણ ખબર નથી. આહાહા..! કહો, એમાં નીકળે છે કે નહિ? ભાઈ! વ્યવહાર સમકિતમાં નીકળે છે કે નહિ? આહાહા..! ભારે!

કહ્યું કે, કર્મ, નોકર્મ કે વાસી '**પુદ્ગલકે સ્કન્ધોંકો ગમનકા...**' જુઓ! આ ગમન એટલે પુસ્તક ઊંચું થાય, આ થાય, આ હોઠ હલે એ ગમનમાં, '**બહિરંગ નિમિત્તકારણ...**' એટલે કે ગમનનો ઉપાદાન તો એનો પોતાનો પર્યાય છે. ઉપાદાન પર્યાય પોતાનો છે. એમ વ્યવહાર સમકિતી એને એમ શ્રદ્ધે છે. અને '**નિમિત્તકારણ કાલાણુરૂપ કાલદ્રવ્ય હૈ.**' એમ એને નિમિત્ત તરીકે શ્રદ્ધે છે. '**ઈસસે ક્યા અર્થ નિકલા?**' કહે છે, હવે આમ કહીને એનો અર્થ શું નીકળ્યો?

'**યહ નિકલા કિ નિશ્ચયકાલકી પર્યાય જો સમયરૂપ વ્યવહારકાલ...**' નિશ્ચય કાળ છે એક અણુ. અરૂપી કાળ છે અસંખ્ય અણુઓ. એની એક સમયની પર્યાય વ્યવહાર કાળ, '**ઉસકી ઉત્પત્તિમેં મંદ ગતિરૂપ પરિણત હુઆ અવિભાગી પુદ્ગલપરમાણુ કારણ હોતા હૈ.**' ધ્યાન રાખો. એ કાલાણુ જે દ્રવ્ય છે એ તો શ્રદ્ધવો પણ કાલાણુ એક સમયની પર્યાય છે ઉત્પત્તિ એને એમ શ્રદ્ધવી. એમાં મંદ ગતિરૂપ પરિણત હુઆ પુદ્ગલ નિમિત્ત છે એમ એને શ્રદ્ધવું. સમજાણું કાંઈ?

ધ્યાન રાખવું, ભાઈ! કોઈ વિષય એવો આવે. આ તો વીતરાગ માર્ગ છે. ઘણા પ્રકારના પડખાં આવે. એની ઉત્પત્તિમાં, ઉત્પત્તિ એટલે ઉપાદાન તો એનો પર્યાય છે, કાળદ્રવ્ય એની સમયની અવસ્થાનો, એમ શ્રદ્ધવું. પણ એને નિમિત્ત કારણ મંદ ગતિએ પરિણમેલો અવિભાગી પુદ્ગલનું નિમિત્ત કારણ છે એમ એણે જાણવું. સમજાણું કાંઈ? આ તો હળવે હળવે લઈએ છીએ, હોં! નહિ તો છે તો એકદમ લઈ જવા જેવું. જાણવાની વાત છે ને. નવી વાત નીકળી, લ્યો! ભાઈ (કહે છે). પણ વ્યવહાર સમકિત શું છે એને નક્કી (તો કરવું જોઈએ ને). નિશ્ચય સમકિતનું કારણ તો એકલું દ્રવ્ય કીધું. અખંડ દ્રવ્ય, અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ. ત્યારે હવે બાકી આમાં પણ રહી ગયું, પરમાં રહી ગયું બધું, ઈ ક્યાં ગયું? સમજાણું કાંઈ? આહાહા..!

એવો વ્યવહાર વીતરાગે કહ્યો કે જડ ને ચેતન પોતાને કારણે ગમન કરે એવો એનો ઉપાદાન પર્યાય (છે), એમ શ્રદ્ધવું અને એને નિમિત્ત કારણો જે દ્રવ્ય છે એને એ રીતે શ્રદ્ધવા. ત્યારે એને વ્યવહાર સમકિતનો યથાર્થ વિષય થયો કહેવાય. આ વ્યવહાર સમકિતના પણ ઠેકાણા ન મળે. એક નિમિત્તને કારણે એમાં થાય ને આને કારણે આમાં થાય, એ તો કહે છે કે, તારા વ્યવહાર સમકિતના વિષયના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? આહાહા..!

આજે બીજી ઢબથી વાત આવી છે, હોં! થોડુંક વળી એમ થઈ ગયું. ક્યાંથી આવી? અંદરથી. (વ્યાખ્યાન) શરૂ કરતા ક્રિયામાં ગયું ને મગજ કે ક્રિયા તો એનો સ્વભાવ નથી. દ્રવ્ય વસ્તુ જ સમકિતમાં કારણ છે. તો આ ક્રિયા કોનો વિષય થયો? એ ગઈ ક્યાં? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**પુદ્‌ગલપરમાણુ કારણ હોતા હૈ. સમયરૂપ વ્યવહારકાલકા ઉપાદાનકારણ નિશ્ચયકાલદ્રવ્ય હૈ,...**' જુઓ! કાળ નામનો અરૂપી અસંખ્ય પદાર્થ છે. એની સમયની ઉત્પત્તિનું ઉપાદાન કારણ એ છે એમ જાણવું અને મંદ ગતિએ (પરિણમેલો) પરમાણુ નિમિત્ત કારણ છે એમ જાણવું. '**ઉસીકો એક સમયાદિ વ્યવહારકાલકા મૂલકારણ નિશ્ચયકાલાણુરૂપ કાલદ્રવ્ય હૈ, ઉસીકી એક સમયાદિક પર્યાય હૈ,...**' એની એક સમયની પર્યાય એની કાલાણુની. '**પુદ્‌ગલ પરમાણુકી મંદગતિ બહિરંગ નિમિત્તકારણ હૈ,...**' એને પુદ્‌ગલનો પરમાણુ મંદ ગતિએ પોતાથી ગતિ કરે એ પોતાનું ઉપાદાન છે પણ આને એ નિમિત્ત કારણ છે. પરમાણુ એક પ્રદેશ આમ ગમન કરે એનું ઉપાદન પોતે છે. પણ કાળની પર્યાય ઉત્પત્તિમાં પુદ્‌ગલ પરમાણુ મંદ ગતિથી (ગતિ કરે તે) નિમિત્ત છે. ભારે વાત કહી. સમજાણું કાંઈ? '**ઉપાદાનકારણ નહીં હૈ,...**' શું કીધું? એ કાળદ્રવ્યની પર્યાય ઉત્પત્તિમાં મંદ ગતિનો પરમાણુ મૂળ કારણ નહિ. મૂળ કારણ એ કાળ નામનો પદાર્થ છે એની એક સમયની અવસ્થા એનું ઉપાદાન કારણ એ કાળદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલપરમાણુ આકાશકે પ્રદેશમેં મંદગતિસે ગમન કરતા હૈ, યદિ શીઘ્ર ગતિસે ચલે તો એક સમયમેં ચૌદહ રાજૂ જાતા હૈ,...**' એક રજકણ એક સમયમાં ગતિ કરે તો એક સમયના પર્યાયને કાલાણુને નિમિત્ત કહેવાય પણ આખો ગતિ કરે તો એનો સ્વભાવ છે, એનો સ્વભાવ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલવાનો છે એ પોતાને કારણે (છે). એક રજકણ ચૌદ બ્રહ્માંડમાં એક સમયમાં ગતિ કરીને ચાલ્યો જાય. એવો પણ એ પરમાણુની એક પર્યાયનો ધર્મ છે. એમ વ્યવહાર શ્રદ્ધામાં એણે લેવું જોઈએ. એની પોતાની શીઘ્ર ગતિ.

'**જૈસે ઘટપર્યાયકી ઉત્પત્તિમેં મૂલકારણ તો મિટ્ટીકા ડલા હૈ,...**' શું કીધું ? એ ઘડાની ઉત્પત્તિમાં મૂળ કારણ તો માટીનો પિંડલો છે એમ એણે શ્રદ્ધવું જોઈએ. મૂળ કારણ કુંભાર નહિ. '**ઔર બહિરંગકારણ કુમ્હાર હૈ,...**' મૂળ કાળ સાથે આધાર આપે છે, મેળવે છે. કુંભાર છે. શું કીધું? આ ઘડો થાય એનું મૂળ કારણ માટી છે એમ એણે નક્કી કરવું જોઈએ અને કુંભાર તો નિમિત્ત કારણ એમ નક્કી કરવું જોઈએ. એમ કાળદ્રવ્યની મૂળ પર્યાયનું મૂળ કારણ કાળદ્રવ્ય. મંદ ગતિએ પરમાણુ પરિણમ્યો એ તો નિમિત્ત કારણ જાણવું જોઈએ.

'**વૈસે સમયપર્યાયકી ઉત્પત્તિમેં મૂલકારણ તો કાલાણુરૂપ નિશ્ચયકાલ હૈ, ઔર બહિરંગ નિમિત્તકારણ પુદ્‌ગલપરમાણુ હૈ. પુદ્‌ગલપરમાણુકી મંદગતિરૂપ ગમન સમયમેં યદ્યપિ ધર્મદ્રવ્ય સહકારી હૈ,...**' શું કહે છે? રજકણ છે ને પુદ્‌ગલ? એની મંદ ગતિ ગમન સમયમાં જો કે ધર્મદ્રવ્ય સહકારી છે. '**તો ભી કાલાણુરૂપ નિશ્ચયકાલ પરમાણુકી મંદગતિકા**

**સહાયક જાનના.**' તોપણ કાલાણુ જે છે ને જગત દ્રવ્ય? એને નિશ્ચય કાળ જે છે એ પરમાણુની મંદ ગતિનું સહાયક જાણવું. બે સહાયક કહે છે, જુઓ! ધ્યાન રાખજો. પુદ્ગલ પરમાણુ મંદ ગતિ કરે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્ત છે. ગતિ પોતાથી છે, ધર્મદ્રવ્ય નિમિત્ત છે. તોપણ પુદ્ગલ મંદ ગતિ કરે ત્યારે કાલાણુ નિશ્ચયકાળ પણ નિમિત્તરૂપે છે. એક ઉપાદાનને કારણે બે છે એમ એણે શ્રદ્ધવું જોઈએ. આહાહા..! આવું વીતરાગ સિવાય ન હોય એટલે વ્યવહાર સમકિતના વિષયને સ્પષ્ટ કરીને ઓળખાવે છે. સમજાય છે ને? ઉપરથી વાતું કરે આત્મા આવો છે ને આત્મા આવો છે, નિર્વિકલ્પ કરો, પણ શું? કઈ રીતે? 'ભીખાભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ જાણીને છોડવાનું કે જાણ્યા વિના છોડી દેવાનું? ખાયને છોળું કરવું કે ખાધા વિના છોળું કરી નાખવું? જાણવું કે, આ છે. દૃષ્ટિ એનાથી છોડીને દ્રવ્ય ઉપર લેવી. ... આવા વ્યવહારના વિકલ્પો જાણવામાં, શ્રદ્ધવામાં હોય છે. સમજાણું કે નહિ? હેયરૂપ છે પણ જ્ઞેયરૂપ તો છે કે નહિ? જ્ઞેયરૂપ થયા વિના હેય શી રીતે કરશે? ભારે વાત, ભાઈ!

'**પરમાણુકે નિમિત્તસે તો કાલકા સમયપર્યાય પ્રગટ હોતા હૈ, ઔર કાલકે સહાયસે પરમાણુ મંદગતિ કરતા હૈ. (એ નિમિત્ત અરસપરસ) કોઈ પ્રશ્ન કરે કિ ગતિકા સહકારી ધર્મ હૈ,...**' વળી તમે પુદ્ગલ ગતિમાં કાલાણુ ક્યાંથી નાખ્યો? શું કીધું? આ પુદ્ગલ આમ ગતિ કરે એમાં તો ભગવાને એમ કહ્યું ધર્માસ્તિકાયનું નિમિત્ત છે, એમાં વળી કાલાણુનું નિમિત્ત ક્યાંથી ખોસ્યું તમે? '**કાલકો ક્યોં કહા?**'

'**ઉસકા સમાધાન યહ હૈ કિ સહકારીકારણ બહુત હોતે હૈં,...**' ભાઈ! નિમિત્ત કારણ પણ ઘણા હોય છે. ઉપાદાન પોતાથી જે પર્યાય પરિણમે એ એક જ પોતે કારણ છે, નિમિત્ત કારણ તો ઘણા હોય છે. ઘણા હોય છે એમાં વાંધો શું આવ્યો? સમજાય છે? ઉપાદાન પોતે જ પોતાથી તે કામ કરે છે. એ એક છે, નિમિત્ત ઘણા હાય છે. એમ એણે શ્રદ્ધા કરવી જોઈએ. ઘણા નિમિત્ત છે માટે અહીં કામ થાય છે એમ નથી. આહાહા..! કામ તો પોતાથી થાય છે. ઘડો... સમજાણું કાંઈ? આ રોટલી પાકે છે એ પોતાના ઉપાદાનથી પાકે છે. એમ એણે શ્રદ્ધવું જોઈએ. પણ એના નિમિત્ત વખતે તાવડી, અગ્નિ, સ્ત્રીનો હાથ વગેરે નિમિત્ત ઘણા હોય છે, એને નિમિત્ત તરીકે જાણવા જોઈએ પણ એનાથી રોટલી પાકે છે એમ જાણવું નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? એ રોટલી આમ થાય છે-ફૂલો-દડો થાય ને? એ દડામાં પુદ્ગલની આમ ગતિ થઈ એટલે ધર્માસ્તિનું નિમિત્ત છે, પણ સાથે કાલાણુનું પણ નિમિત્ત છે. આમ ગતિ ઊંચું થયું ને? એમાં કાળાણુ નિમિત્ત છે. બાહ્ય નિમિત્ત આ સ્ત્રીનો હાથ ને ઘણા નિમિત્ત છે. લુગડું આમ આમ કર્યું વગેરે નિમિત્તો. પણ એ બધા નિમિત્ત છે. ઉપાદાન પર્યાય પોતાથી થાય છે એમ એણે શ્રદ્ધવું જોઈએ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સહકારીકારણ બહુત હોતે હૈં, ઔર ઉપાદાનકારણ એક હી હોતા હૈ,...**' જુઓ! સમજાણું?

મુમુક્ષુ :- નિમિત્તમાં કાંઈ નંબર ખરો ને?

ઉત્તર :- કાંઈ નંબર-બંબર નહિ. નિમિત્તો છે બધા. ધર્માસ્તિનું મુખ્ય નિમિત્ત છે. બાકી બધા ગૌણ નિમિત્તો પણ છે, એમ કહેશે. પાણીમાં માછલું ચાલે એમાં મૂળ નિમિત્ત તો ઓલું છે. પણ આ એક પાણી પણ નિમિત્ત છે કે નહિ? પાણી નિમિત્ત છે કે નહિ? એક બાહ્ય નિમિત્ત છે ને? સમજાય છે કાંઈ? આહાહા..!

વસ્તુની પર્યાયની સ્વતંત્રતા જાહેર કરવી અને તે તે કાળે કેટલા નિમિત્તો સ્વતંત્ર નિમિત્ત છે એને પણ જાહેર કરવા. એ તો વીતરાગની જ કોઈ શૈલી છે. સમજાણું કાંઈ? અને તે પણ વ્યવહાર જ્ઞાનનો અથવા વ્યવહાર શ્રદ્ધાનો વિષય છે. નિશ્ચય જ્ઞાન તો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન એનું સ્વસંવેદન જ્ઞાન, એનું કારણ એ આત્મા છે. વ્યવહાર જ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક કહે છે, વ્યવહાર કહેતા નથી. આવો વ્યવહાર એણે કોઈ દિ' સાંભળ્યો પણ નહિ હોય, લ્યો! અરે..! ભગવાન! ભાઈ!

પ્રભુ! આખું ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ અખંડ એક અભેદ જ્યાં દૃષ્ટિ કરીને દૃષ્ટિનો વિષય થયો તો એની પર્યાયમાં બાકી તો ઘણું રહી ગયું. રાગાદિ, ભેદાદિ. સમજાય છે? વિકલ્પ, ક્રિયા, સક્રિયપણું આદિ અને બીજા બીજા દ્રવ્યો બધા રહી ગયા ઘણા. એ બધા એને જ્ઞાનમાં બરાબર જાણવા. એનું અસ્તિત્વ છે એમ જ્ઞાનમાં સ્વીકારવું. આ જ એકલું અસ્તિત્વ છે એમ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય એકલો અસ્તિત્વ અખંડ લીધો માટે એની પર્યાયમાં સક્રિયપણું, રાગપણું વગેરે વગેરે એની અસ્તિ નથી એમ નહિ. જેમ બીજા દ્રવ્યો દ્રવ્ય ગુણ પર્યાયવાળા નથી, એમ નહિ. બધા દ્રવ્યો પોતે પોતાની પર્યાયથી કામ કરે ત્યારે બીજાને નિમિત્ત કહેવાય. માટે એનાથી કાર્ય થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઔર ઉપાદાનકારણ એક હી હોતા હૈ, દૂસરા દ્રવ્ય નહીં હોતા,...**' દેખો! ઉપાદાનકારણ એટલે? આ જીવ ગતિ કરે છે ને આમ? એમાં આત્મા પોતે ઉપાદાનકારણ છે. એ પોતે એક જ ઉપાદાનકારણ છે. પછી એને કર્મ, નોકર્મ નિમિત્ત, ધર્માસ્તિ નિમિત્ત, શરીર નિમિત્ત આદિ હો. ભલે ઘણા નિમિત્ત હો. એ નિમિત્તની શ્રદ્ધા કરવી કે, આ નિમિત્તો આટલા છે. નિમિત્ત છે એમ માનવું પણ આ ક્રિયા થાય છે પોતાથી, ઉપાદાનથી એમ એણે માનવું. સમજાણું કાંઈ?

'**નિજ દ્રવ્ય હી નિજ (અપની) ગુણ-પર્યાયોંકા મૂલકારણ હૈ,...**' દેખો! ખુલાસો કર્યો. નિજ દ્રવ્ય જ નિજ ગુણ-પર્યાયનું કારણ છે. આ પોતાનું દ્રવ્ય જ પોતાના ગુણ અને પર્યાયનું કારણ છે. સમજાણું કાંઈ? એ પર્યાયનું કારણ એ પોતે છે ને? આ ક્રિયા થાય, રાગ થાય એ બધી ક્રિયાનું મૂળ કારણ તો પોતાનું દ્રવ્ય છે કે નહિ? સમજાણું કાંઈ? '**નિજ દ્રવ્ય હી નિજ (અપની) ગુણ-પર્યાયોંકા મૂલકારણ હૈ, ઔર નિમિત્તકારણ બહિરંગકારણ તો બહુત હોતે હૈં,...**' જુઓ! અહીં એમ કરીને સિદ્ધ કર્યું. અહીં દ્રવ્ય સમ્યક્નો વિષય એમ અહીં નથી કહેવું, ભાઈ! અહીં તો નિજ દ્રવ્ય પોતાના ગુણ પર્યાયનું કારણ છે એમ સિદ્ધ

કરવું છે. જે કાંઈ આત્મા છે એના અનંતા ગુણોનું કારણ નિજ દ્રવ્ય અને એની પર્યાય વિકારી, અવિકારીનું પણ નિજ દ્રવ્ય કારણ છે. ઉપાદાન કારણ તો પોતે છે. શું કીધું?

સમ્યગ્દર્શનનો નિશ્ચયનો વિષય દ્રવ્ય એ બરાબર છે. પણ હવે એ દ્રવ્ય વર્તમાન ગુણો અનંત ને એની પર્યાયનું કારણ દ્રવ્ય છે. આહાહા..! એનો વર્તમાન પર્યાય વિકારી થાય કે અવિકારી થાય, ક્રિયા થાય કે સક્રિય થાય કે ગતિ કરે કે સ્થિર થાય, એ બધાનું કારણ જીવદ્રવ્ય પોતે ઉપાદાન છે. બીજા બધા નિમિત્ત કારણ છે, એમ માનવું જોઈએ. સમજાણું કાંઈ?

**'ઔર નિમિત્તકારણ બહિરંગકારણ તો બહુત હોતે હૈં, ઈસમેં કુછ દોષ નહીં હૈ.'** સમજાણું? શું કીધું? નિજ દ્રવ્ય જ નિજ ગુણ પર્યાયનું મૂળ કારણ દરેકમાં એમ લેવું પાછું, ભાઈ! પુદ્‌ગલમાં એમ લેવું. આ પરમાણુએ પરમાણુ છે એ રજકણ છે, એના ગુણ પર્યાયનું કારણ તો એ રજકણ જ છે. પછી ભલે એને ધર્માસ્તિનું નિમિત્ત કહો. કાળનું નિમિત્ત કહે. પુદ્‌ગલકરણ આવે છે ને કાલકરણ? ભાઈ! એ આવશે હવે. એ બધા નિમિત્ત કારણ ગમે તે કહો. પણ પરમાણુ પોતે પોતાની ગુણ ને અવસ્થાનું કારણ છે. મૂળ ઉપાદાન કારણ. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? 'જમુભાઈ'! એક દાખલો આપીને કહો જોઈએ. પૈસો લ્યો. એક પૈસો છે લ્યો ને. એક પૈસો છે એ આમ આવે છે. જુઓ ! હવે એ પૈસામાં રજકણો જે છે ને એની શક્તિઓને એની અવસ્થાનું કારણ એ રજકણ છે. બીજો હાથ આદિ નિમિત્ત ભલે હો, પણ ઉપાદાન કારણ તો એનું જ છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- રાખે કોણ? ધૂળ રાખે ન્યાં. એકસાથે છે એમાં રાખવું હતું કે દિ'? કાંઈ વાતની (ખબર ન મળે). શું કરે? એ વાત ખ્યાલમાં આવી નથી. ખ્યાલમાં આવી નથી અને એ રીતે સાંભળવાની રીત મળી નથી. ઠીક ને હવે. એનો અર્થ ઈ કે, એને એ જાતની સમજવાની યોગ્યતા નથી. એમ એનો અર્થ છે. આહાહા..!

જુઓને! એક વાત કરતા પણ કેટલી કરે છે! વ્યવહાર સમકિત, વ્યવહાર સમકિત. પણ વ્યવહાર સમકિત કોને કહેવું? સમજાણું કાંઈ? કે, દરેક દ્રવ્ય વસ્તુ છએ પોતાની શક્તિઓ ગુણ અને સમયે સમયે થતી અવસ્થા વિકારી કે અવિકારી, વિભાવિક કે સ્વાભાવિક, એ બધા ગુણ ને પર્યાયનું કારણ એ દ્રવ્ય મૂળ કારણ છે. સમજાણું કાંઈ ?

**'નિમિત્તકારણ બહિરંગકારણ તો બહુત હોતે હૈં, ઈસમેં કુછ દોષ નહીં હૈ.'** એમાં શું વાંધો છે? કહે છે. **'ધર્મદ્રવ્ય તો સબહીકા ગતિસહાયી હૈ,...'** દેખો ! ધર્મદ્રવ્ય તો બધી ગતિમાં બધાને સહાયક છે. **'પરંતુ મછલિયોંકો ગતિસહાયી જલ હૈ,...'** આટલું સાધારણમાં કહ્યું. ધર્માસ્તિકાય એ તો બધા ગતિ જેટલા કરે, પુદ્‌ગલ ને જીવ એકસાથે, એ બધાને નિમિત્ત છે. હવે મચ્છને એ જળ જ નિમિત્ત છે. મચ્છ ગતિ કરે છે એ પોતાથી. માછલી ગતિ કરે છે પોતાથી, એની ગતિની ક્રિયાનું ઉપાદાન કારણ એનો આત્મા અને ઓલા શરીરની ક્રિયાનું ઉપાદાન કારણ એના રજકણો. પણ પાણી તેને નિમિત્ત બહિરંગ નિમિત્ત

કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! કહો, સમજાય છે કે નહિ આમાં?

**'ધર્મદ્રવ્ય તો સબહીકા ગતિસહાયી હૈ, પરંતુ મછલિયોંકો ગતિસહાયી જલ હૈ,...'** એક ભાગ પાડી નાખ્યો. ઓલું તો બધાને સહાયક કીધું. આખા અનંત આત્માઓ ને અનંત પરમાણુ ગતિ કરે એને, હોં! સ્થિર થાય એની વાત નથી અત્યારે અધર્માસ્તિની ગતિ કરતા જેટલા જીવો કે પુદ્‌ગલો (છે), એ બધાને ધર્માસ્તિકાયનું નિમિત્ત છે. પણ વિશેષમાં એક જુદાઈ (કહી છે). પાણીમાં માછલી ગતિ કરે ત્યારે પાણી એને નિમિત્ત કહેવામાં આવે છે. ગતિ પોતાથી ઉપાદાનથી કરે છે, પાણી છે માટે ગતિ કરે, એમ નહિ. સમજાણું કાંઈ? જેમ રેલ, રેલ પોતાના ઉપાદાન કારણે આમ ગતિ કરે છે. ત્યારે પાટા નિમિત્ત છે.

મુમુક્ષુ :- પાટા ન હોય તો?

ઉત્તર :- પણ એ પ્રશ્ન જ ક્યાં (છે)? ન હોય તો ન ચાલે, કોણે કીધું? એ લખ્યું છે એ નિમિત્તને સિદ્ધ કરવા. રેલ ચાલે છે એમાં સામાન્યપણે ધર્માસ્તિ નિમિત્ત છે. બધા ગતિની અપેક્ષાએ, બધા ગતિની અપેક્ષાએ ધર્માસ્તિ નિમિત્ત છે, રેલ ચાલે એમાં. પણ વિશેષપણે ચાલે છે ઉપાદાન પોતાથી ત્યારે એને પાટા નિમિત્ત છે. નિમિત્ત ઘણા હો તેથી શું વાંધો છે? સમજાણું કાંઈ? જુઓ! આ પાસડો છે કે નહિ? એ પાસડો સ્થિર થયેલો છે પોતાના ઉપાદાન કારણથી, પણ એને અધર્માસ્તિ નિમિત્ત છે. મૂળ બધાને સ્થિરમાં અધર્માસ્તિ નિમિત્ત છે. વિશેષપણે અત્યારે ભીંત નિમિત્ત છે, જુઓ! નિમિત્ત, હોં! એને કારણે ત્યાં રહ્યો નથી.

મુમુક્ષુ :- ભીંત કાઢી નાખે તો?

ઉત્તર :- કાઢે કોણ? શું કહ્યું? આ તો માછલીનો દાખલો ધર્માસ્તિ માટે આપ્યો છે ને. જુઓ! એમ અહીં અધર્માસ્તિનો આપ્યો, અહીં તો. અધર્માસ્તિકાય જે સ્થિર થયેલા લાકડા ને જીવ જ્યાં સ્થિર થયા છે, એને અધર્માસ્તિનું બધા સ્થિરને નિમિત્ત છે, બધા સ્થિર થયેલાને નિમિત્ત છે. પણ વિશેષપણે એને એ નિમિત્ત છે. જેમ... સમજાણું? ચુલો તાવડીને નિમિત્ત છે, આમ સ્થિરમાં. તાવડી સ્થિર થઈ છે એને નિમિત્ત અધર્માસ્તિ છે. બધા સ્થિરને. પણ ભેદ પાડે તો એને ઓલું નિમિત્ત છે. પણ રહી છે પોતાને કારણે. સમજાણું કાંઈ? આમ જેમ છે તેમ શ્રદ્ધે ત્યારે તે વ્યવહાર સમકિતનો વિષય સાચો થયો કહેવાય. એના ઠેકાણા ન મળે ને,... આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય જ સાચો, ભૂલ ન જ હોય એમાં. વ્યવહારની ભૂલ હોય એને નિશ્ચયની ભૂલ હોય. સમજાણું કાંઈ? વ્યવહારની ભૂલ ન હોય અને નિશ્ચય ખોટો હોય. સમજાણું કાંઈ? આમ બતાવવા જેવું વસ્તુનું સ્વરૂપ છે પર્યાયનું, રાગનું, અનંત દ્રવ્યોનું એ રીતે વસ્તુની સ્થિતિ એની શ્રદ્ધા, જ્ઞાનમાં સ્વતંત્રપણે છે એમ બધું લેવું જોઈએ. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ?

**'તથા ઘટકી ઉત્પત્તિમેં બહિરંગ નિમિત્ત કુમ્હાર હૈ, તો ભી દંડ, ચક્ર, ચીવરાદિક યે**

**ભી અવશ્ય કારણ હૈં, ઈનકે બિના ઘટ નહીં હોતા,...**' એટલે કે નિમિત્ત છે એટલી વાત છે. એ ન હોય ને ઘડો ઉત્પન્ન થઈ જાય એમ છે નહિ. ઘડો ઉત્પન્નને કાળે પોતાના ઉપાદાનથી ઘડો તે સમયે, તે સમયે ઉત્પન્ન થયો તેમાં તેને કુંભારનું નિમિત્ત કહેવામાં આવે. એની સાથે ચક્ર આદિ, બધા દંડ આદિ, દોરી આદિ નિમિત્ત કહેવાય છે. હો ઘણા. ઉપાદાન એક છે, નિમિત્ત ઘણા હોય છે. પણ એ નિમિત્ત ઘણા માટે ઉપાદાનથી કાર્ય વિશેષ થયું અને એક હોય માટે થોડું થયું એમ છે નહિ. ઉપાદાન તો પોતાથી જ સ્વતંત્ર કાર્ય કરે. આહાહા..! ઉપાદાન નિમિત્તનો ઝઘડો આમાં નીકળી જાય એવું છે. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહારમાં પડ્યા છો પણ આ નથી કરતા. અરે..!

'**ઔર જીવોંકે ધર્મદ્રવ્ય ગતિકા સહાયી વિદ્યમાન હૈ,...**' ધર્મદ્રવ્ય ગતિ સહાયમાન, '**તો ભી કર્મ-નોકર્મ પુદ્‌ગલ સહકારીકારણ હૈં,...**' શું કીધું?આ જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય અથવા આમ ચાલે એમાં ધર્માસ્તિનું નિમિત્ત છે, ઉપાદાન પોતાનું છે. છતાં એને શરીરને એટલે નૌકર્મ, આઠ કર્મ અને તેજસ ને કાર્માણ આદિ શરીર, તેજસ ને ઔદારિક, વૈક્રિયક શરીર એ સહકારી-સાથે (હોય છે). સાથે કહે છે ને? આઘા-પાછી ક્યાં છે ન્યાં? સાથે જ છે. આહાહા..! આ વાંધા મોટા. '**ઈસી તરહ પુદ્‌ગલકો કાલદ્રવ્ય ગતિ સહકારીકારણ જાનના.**' લ્યો! એમ પુદ્‌ગલને કાળદ્રવ્ય આમ પુદ્‌ગલ ગતિ કરે એમાં ધર્માસ્તિ તો નિમિત્ત છે. ઓલા દાખલા આપ્યા એમ, ધર્મ દ્રવ્ય ગતિ સહાયક છે જીવને પણ કર્મ ને નોકર્મ પણ સહકારી છે. એમ પુદ્‌ગલને ગતિમાં ધર્માસ્તિ તો નિમિત્ત છે. પણ કાળદ્રવ્ય ગતિમાં સહાકારી કારણ જાણવું. કાળદ્રવ્યને ગતિમાં નિમિત્ત કારણ (જાણવું). પુદ્‌ગલની ગતિમાં કાળને નિમિત્ત જાણવું.

'**યહાં કોઈ પ્રશ્ન કરે કિ ધર્મદ્રવ્ય તો ગતિકા સહાયી સહ જગહ કહા હૈ, ઔર કાલદ્રવ્ય વર્તનાકા સહાયી હૈ, ગતિ સહાયી કિસ જગહ કહા હૈ?**' તમે આ વળી ક્યાં નાખ્યું ગતિ સહાય? ક્યાંથી નાખ્યું? એનું સાંભળ સમાધાન.

'**ઉસકા સમાધાન શ્રીપંચાસ્તિકાયમેં કુંદકુંદાચાર્યને ક્રિયાવંત ઔર અક્રિયાવંતકે વ્યાખ્યાનમેં કહા હૈ.**' લ્યો! 'પંચાસ્તિકાય'માં 'કુંદકુંદાચાર્ય' મહારાજે કહ્યું છે. છે ને? (ગાથા-૯૮)

**जीवा पुग्गलकाया सह सक्किरिया हवंति णय सेसा।**
**पुग्गलकरणा जीवा खंदा खलु कालकारणेहिं।।**

'**ઈસકા અર્થ એસા હૈ કિ જીવ ઔર પુદ્‌ગલ યે દોનોં ક્રિયાવંત હૈં,...**' જીવ ને પરમાણુ બે આમ ગતિ કરે છે. એ ઉપાદાન પોતાનું. '**ઔર શેષ ચાર દ્રવ્ય અક્રિયાવાલે હૈં,...**' એ પોતાનું ઉપાદાન છે. સ્થિર (રહેવું તે). '**ચલન-હલન ક્રિયાસે રહિત હૈં.**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એ હલન-ચલન વિનાના છે. '**જીવકો દૂસરી ગતિમેં ગમનકા કારણ કર્મ હૈ, વહ પુદ્‌ગલ હૈ...**' એક જીવ બીજી ગતિમાં જાય, મનુષ્ય થઈને સ્વર્ગમાં જાય.

જાય છે ઉપાદાન પોતાને કારણે. 'શ્રેણિક' રાજા નરકમાં ગયા એ ઉપાદાન કારણ પોતાનું. પણ કર્મ ને નોકર્મ તેને નિમિત્ત કહેવામાં આવે છે. ગતિમાં ભલે ધર્માસ્તિ નિમિત્ત હો પણ એને કર્મ ને નોકર્મ પણ નિમિત્ત કહેવામાં આવે છે. કર્મ, નોકર્મ એને લઈ ગયા નરકમાં એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કર્મ હૈ, વહ પુદ્‌ગલ હૈ ઔર પુદ્‌ગલકો ગમનકા કારણ કાલ હૈ.'** લ્યો! પુદ્‌ગલ સાથે ચાલે ને પાછા, જીવને ગમનમાં ધર્માસ્તિ તો બધાને નિમિત્ત છે. આમ જીવ ગયો, અહીંથી સ્વર્ગમાં જાય, હવે જીવ ને પુદ્‌ગલ બે ગમન કરે. તે બેયને ધર્માસ્તિ નિમિત્ત છે. હવે જીવને પુદ્‌ગલ નિમિત્ત છે અને પુદ્‌ગલને કાળ નિમિત્ત છે. સમજાણું કાંઈ? આ કાંઈ બહુ ઝીણું નથી, હોં! આ તો ફક્ત જાણવાની વાત છે.

મુમુક્ષુ : સ્યાદ્વાદ કરતા સહેલું છે.

ઉત્તર : સ્યાદ્વાદ કરતા સહેલું છે.

**'જૈસે ધર્મદ્રવ્યકે મૌજૂદ હોને પર ભી મચ્છોંકો ગમનસહાયી જલ હૈ,...'** જેમ ધર્મદ્રવ્યની હયાતી છે બધા જડ ચૈતન્યની ગતિમાં, એમ માછલાને પાણી હયાત છે. **'ઉસી તરહ પુદ્‌ગલકો ધર્મદ્રવ્યકે હોને પર ભી દ્રવ્યકાલ ગમનકા સહકારી કારણ હૈ.'** પુદ્‌ગલ દ્રવ્ય આ પરમાણુ ગતિ કરે, આ શરીર, વાણી આમ બોલે, લાકડા ચાલે, આ જો આમ ચાલે. પાટ, બાટ જ્યારે ચાલે ને? એ હાલે એને ધર્માસ્તિ તો નિમિત્ત છે. છતાં દ્રવ્યકાલ ગમનકા સહકારી કારણ છે. કાળદ્રવ્ય પણ એને નિમિત્ત કારણ છે. સમજાણું કાંઈ?

**'યહાં નિશ્ચયનયકર...'** હવે છેલ્લો સરવાળો. આ બધું વ્યવહારે જાણીને શ્રદ્ધવા જેવું છે પણ હવે નિશ્ચય આદરવા લાયક શું? આ તો જાણવા લાયક કહ્યું. વસ્તુ છે તો જ્ઞાન તો એનું બરાબર કરવું જોઈએ ને, એમ કહે છે. **'નિશ્ચયનયકર ગમનાદિ ક્રિયાસે રહિત...'** દેખો! એ ક્રિયા છે એ વ્યવહાર વિષય થયો. **'નિઃક્રિય સિદ્ધસ્વરૂપકે સમાન...'** સિદ્ધ સ્વરૂપ સમાન આત્મા નિષ્ક્રિય, આત્મા નિષ્ક્રિય એકરૂપ વસ્તુ. ગતિ-બતિ એ વ્યવહારમાં ગયું. વ્યવહારનય. **'નિઃક્રિય નિર્દ્વંદ્વ નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...'** જોયું? ભગવાનઆત્મા. બે દ્વંદ્વ જ નથી જેમાં, બે પ્રકાર નથી એવો એક પ્રકાર, એક પ્રકાર. કેટલા પડખા કીધા? બધા પડખા વ્યવહાર જ્ઞાનને જાણવામાં છે, વ્યવહાર સમકિતનો વિષય છે. પણ ભગવાન નિશ્ચય સમ્યગ્દર્શનમાં એકલો નિષ્ક્રિય નિર્દ્વંદ્વ જેમાં દ્વંદ્વ જ નથી, ઉપાધિ નથી, ભેદ નથી. એવો નિજ શુદ્ધાત્મા પોતાનો પવિત્ર આત્મા એ શ્રદ્ધામાં લેવા જેવો છે, એ સમ્યગ્દર્શનનું કારણ નિર્દ્વંદ્વ આત્મા છે, એમ કહે છે. આ બધા વ્યવહાર કારણો કહ્યા એ જાણવા યોગ્ય છે. પણ નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ તો ભગવાન (પોતે છે). સમજાણું ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સાર તો ઈ જ છે ને. ઓલું જાણવા યોગ્ય રહી ગયું અને આદરવા યોગ્ય આ રહી ગયું. બે કહ્યા. આદરવા યોગ્ય આ ને જાણવા યોગ્ય ઈ. આ જાણીને આદરવા યોગ્ય,

ઓલું જાણીને છોડવા યોગ્ય. આહાહા..! સમજાણું? '**निजशुद्धात्मद्रव्यमुपादेयमिति तात्पर्यम्**'.

ભગવાનઆત્મા એ ક્રિયાવાળી ગતિ કે ક્રિયા કરીને સ્થિર થાય, ગતિ સ્થિર થાય, રાગ-દ્વેષ હોય કે એ પર્યાયનો ભાગ હો, ગુણ-ગુણીનો ભાગ હો, એ બધા જાણવા માટે ભલે હો. આદરવા માટે તો એક વસ્તુ, એક સ્વરૂપ અભેદ શુદ્ધ નિર્દ્વંદ છે તે જ અંદર શ્રદ્ધા ને જ્ઞાનમાં આદરવા લાયક છે.

મુમુક્ષુ :- પહેલાં જાણવું કે પહેલાં આદરવું?

ઉત્તર :- એ જાણ્યા વિના આદરશે કોને? જ્ઞાન વિના આદરવું કોનું થાશે? એ જ્ઞાન એનું થયું ત્યારે એને આદરણીય માન્યો. આનું જ્ઞાન થયું ત્યારે એને હેય જાણ્યું. વ્યવહારને જાણ્યો ત્યારે એને હેય જાણ્યું. આ નિશ્ચયને જ્ઞાયક અખંડ છે એમ જાણ્યું ત્યારે એને ઉપાદેય કરીને આદર માન્યો.

મુમુક્ષુ :-

ઉત્તર :- એ તો એમ જ હોય છે ને પહેલું, એમાં શું છે? આદરવા લાયક તો આ જ છે. વ્યવહાર સમકિતનો વિષય આદરવા લાયક છે? વ્યવહાર સમકિત પોતે જ આદરવા લાયક નથી. વ્યવહાર સમકિત વિકલ્પ છે. છે પણ છે ને? એમ કહે છે. વાતું એવી છે, ભાઈ! આ વીતરાગ અનેકાંત વસ્તુ આ છે ને આ પણ છે, આ આદરણીય છે ને એ જાણવા લાયક છે, આદરણીય છે નહિ. એવો વસ્તુનો સ્વભાવ છે. બેમાંથી એક કાઢી નાખે- વ્યવહાર કાઢી નાખે તો નિશ્ચય નહિ રહે, નિશ્ચય કાઢી નાખે તો વ્યવહાર કોનો આ? સમજાણું કાંઈ? આદરણીય નહિ, ઓલા તો કહે છે કે, વ્યવહાર છે એ આદરણીય માનો. નિશ્ચય આદરણીય માનો, તો બેને માન્યા કહેવાય. એમ નથી. દાખલો આપે છે ને કે, જો નિશ્ચયને નહિ માનો તો તત્ત્વનો નાશ થશે, વ્યવહારને નહિ માનો તો તીર્થનો નાશ થશે. એટલે વ્યવહાર તે તીર્થ ને વ્યવહાર તે ધર્મ છે, વ્યવહારથી ધર્મ થાય એમ સિદ્ધ કરે છે. એમ નથી. વ્યવહાર નહિ માનો તો તીર્થ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય રાગ, ભેદ, ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ભેદ એ કોઈ સિદ્ધ નહિ થાય, એમ કહે છે. આદરણીય (કરવાનો) પ્રશ્ન નથી. નિશ્ચય ન માનો આત્મા અખંડાનંદનો આદર ન કરો તો તો વસ્તુ ક્યાં રહી તારી? સમજાણું કાંઈ?

'**ઈસી પ્રકાર દૂસરે ગ્રન્થોંમેં ભી નિશ્ચયકર હલન-ચલનાદિ ક્રિયા રહિત જીવકા લક્ષણ કહા હૈ.**' જીવનું લક્ષણ ખરું. 'અમૃતાશીતિ'માં. '**ગતિસે ગત્યંતરકો જાના હૈ, તબ તક દૂસરે દ્રવ્યકા સમ્બન્ધ હૈ,...**' શું કીધું? એક ગતિથી બીજા ગતિમાં જ્યાં સુધી ગમન કરે, ગતિ, હોં! સિદ્ધમાં ગમન કરે એ નહિ, ગતિ નથી. આ એક ગતિથી બીજી ગતિ એમ કીધું ને તેથી. એક ગતિથી બીજી ગતિ કરે ત્યાં સુધી એને બીજા દ્રવ્યનો નિમિત્ત સંબંધ છે. નિમિત્ત સંબંધ છે, હોં! એનાથી થાય એ પ્રશ્ન અહીં નથી. ત્યાં સુધી દ્વૈત છે. દ્વૈત છે ને? પાઠમાં એમ છે.

'**द्वैतस्य गोचराः**'. સંસ્કૃત પાઠ છે. '**જબ દૂસરેકા સમ્બન્ધ મિટા, અદ્વૈત હુઆ,...**' ક્રિયા મટીને સ્થિર થઈ ગયો તો નિમિત્તનો સંબંધ છૂટી ગયો. કર્મ ને નોકર્મનો સંબંધ હતો એ ન રહ્યો. '**અદ્વૈત હુઆ, તબ નિકલ અર્થાત્ શરીરસે રહિત નિઃક્રિય હૈ,...**' નિકલ એટલે શરીર રહિત અને કલ એટલે શરીર. શરીર રહિત એકલો ભગવાન થઈ ગયો આત્મા, પછી એને હલન-ચલન રહ્યું નહિ.

'**ઉસકે હલન-ચલનાદિ ક્રિયા કહાંસે હો સકતી હૈં;...**' એ સ્થિર થયો એને હલન-ચલન કેમ હોય પોતાના ઉપાદાનથી? એથી એને નિમિત્ત પણ કર્મ, નોકર્મનું નથી. કર્મ, નોકર્મ હતા માટે ગતિ કરતો એમ નથી. કર્મ, નોકર્મ નથી માટે સ્થિર થઈ ગયો, એમ નથી. આહાહા..! સ્થિર જ્યાં સિદ્ધ પોતે ગમન કરતા સ્થિર થઈ ગયા એટલે એને હવે ચલન નથી એટલે નિમિત્ત પણ નથી. અહીં હલન-ચલનનું ઉપાદાન છે તો બીજા નિમિત્તો ગતિ આદિ, કર્મ આદિ, નોકર્મ નિમિત્ત છે. બહુ સરસ વાત છે. '**અર્થાત્ સંસારી જીવકે કર્મકે સમ્બન્ધસે ગમન હૈ,...**' ગમનની ક્રિયા ઉપાદાનથી થાય છે ત્યારે કર્મનો એમાં સંબંધ છે એમ લેવું, પાછું એમ નહિ કર્મનો સંબંધ છે માટે ગતિ કરે છે, એમ નહિ. સમજાણું? એ તો ઉપરથી નાખ્યું છે એણે. સંસારી જીવ રાગ-દ્વેષ, અજ્ઞાન કે અસ્થિરતા એક ગતિથી બીજી ગતિ થાય, એ બધું છે ત્યાં સુધી એને કર્મનો સંબંધ છે. '**સિદ્ધભગવાન કર્મરહિત નિઃક્રિય હૈં,...**' પોતાને કારણે. ભગવાન પોતે સ્થિર શુદ્ધ પર્યાયમાં સ્થિર થઈ ગયા, ગતિ રહી નહિ. '**ઉનકે ગમનાગમન ક્રિયા કભી નહીં હો સકતી.**' કર્મ સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો! એક ગાથા થઈ.

બીજી રીતે આ ફેરી આવ્યું છે, હોં! વ્યવહાર સમકિતનું સક્રિયપણું જાણપણું એવું વિશેષ સ્પષ્ટ આવ્યું. એ ઉપાદાન એનો જ છે. એની ક્રિયામાં રાગનો, વિકારનો કારણ એ દ્રવ્ય જ છે. એની પર્યાયનું અસ્તિત્વ એને કારણે છે, એની પર્યાયનું અસ્તિત્વ પરને કારણે નથી. એવો પણ એનો ભેદ ભલે ભાવ હો, પણ એ ભાવ પોતાથી છે એમ એણે શ્રદ્ધવું જોઈએ. પરને લઈને છે એમ માનવું ન જોઈએ. પણ ત્યાં પર એક નિમિત્ત નથી એમ પણ માનવું ન જોઈએ. નિમિત્ત ચીજ છે. સમજાણું કાંઈ?

---

**अथ पञ्चास्तिकायसूचनार्थं कालद्रव्यमप्रदेशं विहाय कस्य द्रव्यस्य कियन्तः प्रदेशा भवन्तीति कथयति –**

**१५०) धम्माधम्मु वि एक्कु जिऊ ए जि असंख्य-पदेस।**
**गयणु अणंत-पएसु मुणि बहु-विह पुग्गल-देस।।२४।।**
**धर्माधर्मौ अपि एकः जीवः एतानि एव असंख्यप्रदेशानि।**
**गगनं अनन्तप्रदेशं मन्यस्व बहुविधाः पुद्‌गलदेशाः।।२४।।**

धम्माधम्मु वि इत्यादि। धम्माधम्मु वि धर्माधर्मद्वितयमेव एक्कु जिउ एको विवक्षितो जीवः। ए जि एतान्येव त्रीणि द्रव्याणि असंख्य–पदेश असंख्येयप्रदेशानि भवन्ति। गयणु गगनं अणंत–पएसु अनन्तप्रदेशं मुणि मन्यस्व जानीहि। बहु–विह बहुविधा भवन्ति। के ते। पुग्गलदेस पुद्‌गलप्रदेशाः। अत्र पुद्‌गलद्रव्यप्रदेशविवक्षया प्रदेशशब्देन परमाणवो ग्राह्याः न च क्षेत्रप्रदेशा इति। कस्मात्। पुद्‌गलस्यानन्तक्षेत्रप्रदेशाभावादिति। अथवा पाठान्तरम्। 'पुग्गलु तिविहु पएसु'। पुद्‌गलद्रव्ये संख्यातासंख्यातानन्तरूपेण त्रिविधाः प्रदेशाः परमाणवो भवन्तीति। अत्र निश्चयेन द्रव्यकर्माभावादमूर्ता मिथ्यात्वरागादिरूपभावकर्मसंकल्पविकल्पाभावात् शुद्धिलोकाकाश–प्रमाणेनासंख्येयाः प्रदेशा यस्य शुद्धात्मनः स शुद्धात्मा वीतरागनिर्विकल्पसमाधिपरिणतिकाले साक्षादुपादेय इति भावार्थ।।२४।।

---

आगे पंचास्तिकायके प्रगट करनेके लिये कालद्रव्य अप्रदेशीको छोड़कर अन्य पाँच द्रव्योंमेंसे किसके कितने प्रदेश हैं, यह कहते हैं –

गाथा – २४

अन्वयार्थ :– [ धर्माधर्मौ ] ध्मद्रव्य–अधर्मद्रव्य [ अपि एकः जीवः ] और एक जीव [ एतानि एव ] इन तीनों ही को [ असंख्यप्रदेशानि ] असंख्यात प्रदेशी [ मन्यस्व ] तू जान, [ गगनं ] आकाश [ अनंतप्रदेशं ] अनंतप्रदेशी है, [ पुद्‌गलप्रदेशाः ] और पुद्‌गलके प्रदेश [ बहुविधाः ] बहुत प्रकारके हैं, परमाणु तो एकप्रदेशी है, और स्कंध संख्यातप्रदेश, असंख्यातप्रदेश तथा अनंतप्रदेशी भी होते हैं।

भावार्थ :– जगत्‌में धर्मद्रव्य तो एक ही है, वह असंख्यातप्रदेशी है, अधर्मद्रव्य भी एक है, असंख्यातप्रदेशी है, जीव अनंत हैं, सो एक एक जीव असंख्यातप्रदेशी हैं, आकाशद्रव्य एक ही है, वह अनंतप्रदेशी है, ऐसा जानो। पुद्‌गल एक प्रदेशसे लेकर अनंतप्रदेश तक है। एक परमाणु तो एक प्रदेशी है, और जैसे जैसे परमाणु मिलते जाते हैं, वैसे वैसे प्रदेश भी बढ़ते जाते हैं, वे संख्यात–असंख्यात अनंत प्रदेश तक जानने, अनंत परमाणु इकट्ठे होवें, तब अनंत प्रदेश कहे जाते हैं। अन्य द्रव्योंके तो विस्ताररूप प्रदेश हैं, और पुद्‌गलके स्कन्धरूप प्रदेश हैं। पुद्‌गलके कथनमें प्रदेश शब्दसे परमाणु लेना, क्षेत्र नहीं लेना, पुद्‌गलका प्रचार लोकमें ही है, अलोकाकाशमें नहीं है, इसलिये अनंत क्षेत्र प्रदेशके अभाव होनेसे क्षेत्र–प्रदेश न जानने। जैसे जैसे परमाणु मिल जाते हैं, वैसे वैसे प्रदेशोंकी बढ़वारी जाननी। इसी दोहाके कथनमें पाठांतर 'पुग्गलु तिविहु पएसु' ऐसा है, उसका अर्थ यह है कि पुद्‌गलके संख्यात, असंख्यात, अनन्त

**प्रदेश परमाणुओंके मेलसे जानना चाहिए, अर्थात् एक परमाणु एक प्रदेश, बहुत परमाणु बहु प्रदेश, यह जानना। सूत्रमें शुद्धनिश्चयकर द्रव्यकर्मके अभावसे यह जीव अमूर्तीक है, और मिथ्यात्व रागादिरूप भावकर्म संकल्प विकल्पके अभावसे शुद्ध है, लोकाकाशप्रमाण असंख्यातप्रदेशवाला है, ऐसा जो निज शुद्धात्मा वही वीतरागनिर्विकल्पसमाधिदशामें साक्षात् उपादेय है, यह जानना।।२४।।**

---

**હવે, પંચાસ્તિકાયની સૂચનાર્થે અપ્રદેશી કાળદ્રવ્ય સિવાયના અન્ય પાંચ દ્રવ્યોમાં ક્યા દ્રવ્યને કેટલા પ્રદેશો હોય છે તે કહે છે :-**

**અહીં, પુદ્‌ગલદ્રવ્યપ્રદેશોની વિવક્ષાથી (પુદ્‌ગલના કથનમાં) 'પ્રદેશ' શબ્દથી પરમાણુઓ સમજવા પણ ક્ષેત્રના પ્રદેશો ન સમજવા, કારણ કે પુદ્‌ગલોને અનંત ક્ષેત્રપ્રદેશોનો અભાવ છે.**

**અથવા પાઠાન્તર :- 'पुग्गलु तिविहु पएसु' પુદ્‌ગલદ્રવ્યમાં સંખ્યાત, અસંખ્યાત અને અનંતરૂપે ત્રિવિધ પ્રદેશો અર્થાત્ પરમાણુઓ હોય છે.**

**ભાવાર્થ :- અહીં શુદ્ધનિશ્ચયનયથી દ્રવ્યકર્મના અભાવથી અમૂર્ત મિથ્યાત્વરાગાદિરૂપ ભાવકર્મના-સંકલ્પવિકલ્પના-અભાવથી શુદ્ધ એવા લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશો જેને છે તે શુદ્ધ આત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિની પરિણતિના કાળે સાક્ષાત્ ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૨૪.**

---

## ગાથા-૨૪ ઉપર પ્રવચન

**'આગે પંચાસ્તિકાયકે પ્રગટ કરનેકે લિયે...'** છ દ્રવ્ય છે ને? એમાં કાળ છે એ એક એક અણુ છે. એની અસ્તિ છે પણ કાય નથી. એવું એનું સ્વરૂપ છે એવું એને બરાબર વ્યવહાર જ્ઞાનમાં આવવું જોઈએ. કોઈ ઊડાવી દે કે છ દ્રવ્ય નથી ને એકલો આત્મા છે ને છ દ્રવ્યનું શું કામ છે? એ નહિ. એમ ન ચાલે, કહે છે. છ દ્રવ્યનું નક્કી કરીને એમાંથી તારવવો એક આત્માને. સક્રિય રાગ-દ્વેષવાળો પર્યાય છે એમ નક્કી કરીને તારવવો એકલો આત્માને. સમજાણું કાંઈ? **'કાલદ્રવ્ય અપ્રદેશીકો છોડકર...'** કાળ છે ને? એક એક પ્રદેશ છે, એને ઘણા પ્રદેશ નથી. **'અન્ય પાંચ દ્રવ્યોંમેંસે કિસકે કિતને પ્રદેશ હૈં,...'** પાછા પાંચ પદાર્થ છે કાળ સિવાય એમાં પ્રદેશ કેટલા? ક્ષેત્ર કેટલું પહોળું એનું? એ પણ એણે બરાબર જ્ઞાનમાં વ્યવહાર સમકિતના વિષયમાં જાણવું જોઈએ.

**૧૫૦) धम्माधम्मु वि एक्कु जिऊ ए जि असंख्य-पदेस।**
**गयणु अणंत-पएसु मुणि बहु-विह पुग्गल-देस।।२४।।**

અન્વયાર્થ :- **'ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્ય ઔર એક જીવ ઈન તીનોં હી કો અસંખ્યાત પ્રદેશી તૂ જાન,...'** જુઓ! એના ક્ષેત્રની વાત કરે છે. આત્મા એક જ આમ અખંડ આખો આત્મા છે, બીજા દ્રવ્ય નથી ને બીજા ક્ષેત્ર વસ્તુ નથી, એમ નથી. વ્યવહાર સમકિતમાં આવું એણે નક્કી કરવું જોઈએ. ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્ય ને જીવના અસંખ્ય પ્રદેશ. ભેદ પડ્યો ને અસંખ્ય પ્રદેશ? એ બધો વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે.

મુમુક્ષુ :- આવું જાણે તેને ધર્મ કહેવાય કે નહિ?

ઉત્તર :- વિકલ્પ છે, ધર્મ ન કહેવાય, વ્યવહાર ધર્મ કહેવાય. નિશ્ચય ધર્મ હોય તો. વ્યવહાર ધર્મ એટલે પુણ્ય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરબાર છોડીને આવું બધું કરીએ તો?

ઉત્તર :- ઘર-બર ક્યાં છોડ્યું હતું? ક્યાં હતું તમારી પાસે ઘર-બર. ઘર-બર કે દિ' ગરી ગયા હતા તે તમે છોડીને આવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધંધો કોણ કરતું હતું? ધંધો કર્યો છે કોણે? કોણ કહે છે કર્યો છે? રાગ-દ્વેષ ને અજ્ઞાન કરતો હતો. એ છોડીને આવે તો બેસે અંદરમાં. કહો, સમજાણું?

**'આકાશ અનંતપ્રદેશી હૈ, ઔર પુદ્ગલકે પ્રદેશ બહુત પ્રકારકે હૈં, પરમાણુ તો એકપ્રદેશી હૈ, ઔર સ્કંધ સંખ્યાતપ્રદેશ, અસંખ્યાતપ્રદેશ તથા અનંતપ્રદેશી ભી હોતે હૈં.'** એ પ્રમાણે એણે બરાબર જાણવું જોઈએ, એને જ્ઞાનમાં વ્યવહાર જ્ઞાન, વ્યવહાર શ્રદ્ધાનો વિષય આવો હોય છે, નિશ્ચયથી તો આત્મા અખંડ એ જ આદરણીય છે. વિશેષ કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૪૯૨, પોષ સુદ ૭, બુધવાર
## તા. ૨૯-૧૦-૧૯૬૫, ગાથા-૨૪ થી ૨૬, પ્રવચન નં. ૮૯

૨૪મી ગાથા છે. આ વ્યવહાર સમકિતનો વિષય શું એ ચાલે છે. સમજાય છે? નિશ્ચય સમ્યગ્દર્શન એ તો આત્મા એકરૂપ અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ (છે), એ પરદ્રવ્યનો કર્તા નથી ને રાગનો એ કર્તા નથી. પરદ્રવ્યની અવસ્થા, આત્મા સિવાય અનંતા પદાર્થ એની અવસ્થા એનાથી થાય, એને આત્મા કરે નહિ. બહિરબુદ્ધિ, તીવ્ર બહિરબુદ્ધિ એમ માને કે, પરપદાર્થના કાર્ય હું કરું છું. અને એનાથી અંતર બહિરબુદ્ધિ હોય-બહારની બુદ્ધિ (હોય) પણ રાગ-દ્વેષ ને વિકારનો કર્તા એ અંતરમાં બહિરબુદ્ધિ. વિકારના પરિણામ એ જીવનું કાર્ય છે અથવા જીવના અસ્તિત્વમાં છે. સમજાણું કાંઈ? એ પણ મિથ્યાત્વ ભાવના લક્ષણમાં જાય છે.

અંતરબુદ્ધિ, આત્મા અંતરઆત્મા, અંતર સ્વભાવબુદ્ધિ થતાં એ જ્ઞાન, દર્શન આદિ આનંદની દશાનો જ કર્તા થાય છે. એ પુણ્ય-પાપ વ્યવહાર ને પરનો કર્તા (થતો નથી). પરનો કર્તા તો અજ્ઞાની પણ નથી. અથવા પરનું અસ્તિત્વ તો અજ્ઞાનમાં પણ અહીં નથી. સમજાણું કાંઈ? આત્માના હોવામાં પરપદાર્થનું હોવાપણું તો અહીંયાં એક સમયમાત્ર પણ નથી. તેથી તેનું પોતામાં હોવાપણું માનવું એ તો તીવ્ર મિથ્યાત્વ ભાવ છે. પણ વિકારનું, વિકારીનું હોવાપણું જીવમાં એક સમયમાત્ર વિકૃતભાવ છે એટલું પણ જીવદ્રવ્યમાં-સ્વભાવમાં માનવું એ પણ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ?

ભગવાન તો જ્ઞાનમૂર્તિ આત્મા ચૈતન્યપ્રભુ છે. એના હોવાપણામાં પરનો અભાવ છે. એમ વિકારના ભાવનો હોવાપણાનો અભાવ છે. અહીં પરનું હોવાપણું જે સિદ્ધ કરે છે એ ફક્ત સમ્યગ્દર્શનનો વિષય એ એમ છે એમ એનું માનવું, જાણવું જોઈએ. સમજાય છે? નિશ્ચય સમ્યગ્દર્શનના વિષયમાં તો એકલો અખંડ જ્ઞાયકમાત્ર આત્મા જ તેનો વિષય ને કારણ છે. એના અસ્તિત્વમાં વિકાર પણ નથી અને પર પણ નથી. અથવા વિકારનો એ કર્તા નથી ને પરનો એ કર્તા નથી. હવે એ આત્માના અભેદ સ્વભાવની દૃષ્ટિ થવા છતાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ નથી એથી એને વ્યવહાર રાગની શ્રદ્ધા કે આ છ દ્રવ્યો છે એના ગુણો છે, પ્રદેશો છે એ જેમ છે તેમ વ્યવહારે શ્રદ્ધવું, જાણવું એને વ્યવહાર સમકિતનો ભાવ શુભરાગ, શુભઉપયોગ કહે છે. સમજાણું કાંઈ? આ એની વાત છે, જુઓ!

**ભાવાર્થ :-** '**જગત્‌મેં ધર્મદ્રવ્ય તો એક હી હૈ,...**' ધર્માસ્તિકાય એને વ્યવહાર સમકિતનો વિષય છે એને માનવું જોઈએ. '**વહ અસંખ્યાતપ્રદેશી હૈ, અધર્મદ્રવ્ય ભી એક હૈ, અસંખ્યાતપ્રદેશી હૈ,...**' અધર્માસ્તિ. છે ને? ભાઈ! ૨૪મી ગાથા, ૨૪નો ભાવાર્થ. સમજાય છે કાંઈ? '**જીવ અનંત હૈં, સો એક એક જીવ અસંખ્યાત પ્રદેશી હૈં,...**' તે પણ એણે વ્યવહાર સમકિતના જ્ઞાનમાં અથવા શુભઉપયોગમાં માનવું જોઈએ. સમજાય છે કાંઈ? '**આકાશદ્રવ્ય એક હી હૈ, વહ અનંતપ્રદેશી હૈ,...**' આકાશ એક તત્ત્વ છે, એના પ્રદેશ અનંત છે. '**એસા જાનો.**' જુઓ! જાણવું કહ્યું છે ને? છ દ્રવ્ય એ વ્યવહાર સમકિતનો વિષય છે એને બરાબર જાણવું જોઈએ. વ્યવહાર સમકિતના છ દ્રવ્યનો નિષેધ કરે તો એનો અભેદ એક દ્રવ્યનો નિશ્ચય પણ સાચો હોય શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલ એક પ્રદેશસે લેકર અનંતપ્રદેશ તક હૈ. એક પરમાણુ તો એક પ્રદેશી હૈ, ઔર જૈસે જૈસે પરમાણુ મિલતે જાતે હૈં, વૈસે વૈસે પ્રદેશ ભી બઢતે જાતે હૈં,...**' એ એને કારણે (થાય છે) એમ એણે શ્રદ્ધવું જોઈએ. '**વે સંખ્યાત-અસંખ્યાત અનંત પ્રદેશ તક જાનને,**' એ બધા એને કારણે ભેગા થાય, એને કારણે છૂટા પડે એમ વ્યવહાર સમકિતની શ્રદ્ધામાં એણે જાણવું જોઈએ. સમજાણું કાંઈ? '**અનંત પરમાણુ એકટ્ઠે હોવેં,...**' જોયું? '**તબ અનંત પ્રદેશ કહે જાતે હૈં. અન્ય દ્રવ્યોંકે તો વિસ્તારરૂપ પ્રદેશ હૈં,...**' એક વાત. હવે આત્મા, આકાશ આદિના પ્રદેશો આમ વિસ્તાર છે. '**ઔર પુદ્‌ગલકે સ્કન્ધરૂપ પ્રદેશ હૈં.**' એને પુદ્‌ગલ

નામ સ્કંધરૂપ પ્રદેશ છે, આમ પિંડરૂપ પ્રદેશ છે. એમ એણે વ્યવહાર સમકિતમાં સ્કંધના અનંતા પ્રદેશો આમ પિંડરૂપ થાય છે એમ એણે માનવું, જાણવું જોઈએ. આત્માથી થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? એ અનંતા રજકણો ભેગા થાય, છૂટા પડે એવું છે. એવું એણે વ્યવહાર જ્ઞાનમાં, શ્રદ્ધામાં, શ્રદ્ધવું જોઈએ. આત્માથી એ થાય છે એ વાત તો વ્યવહાર સમકિતમાં પણ આવતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારે થાય છે..

ઉત્તર :- વ્યવહારે થાય છે એટલે એનાથી થાય, આનાથી થાય છે કે દિ'? વ્યવહાર સમકિત એટલે એવું પર સંબંધીના જ્ઞાનમાં આ પ્રમાણે સ્વતંત્ર રજકણો એને કારણે ભેગા થાય, છૂટા પડે તેવું એણે માનવું. મારાથી ભેગા થાય એવું તો વ્યવહાર સમકિતમાં પણ માનવાનું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**પુદ્‌ગલકે કથનમેં પ્રદેશ શબ્દસે પરમાણુ લેના,...**' પુદ્‌ગલમાં એક પ્રદેશ કીધો ને? એક રજકણ, એને અહીં પ્રદેશ કીધો. એ ક્ષેત્ર ન લેવું, રજકણ લેવો એક દ્રવ્ય. એમ. '**પુદ્‌ગલકા પ્રચાર લોકમેં હી હૈ,...**' પુદ્‌ગલના રજકણો લોકમાં, '**અલોકાકાશમેં નહીં હૈ, ઈસલિયે અનંત ક્ષેત્ર પ્રદેશકે અભાવ હોનેસે...**' અનંત પરમાણુના અનંત પ્રદેશ કીધા ને? એ પ્રદેશ ક્ષેત્રના ન લેવા પણ પરમાણુના લેવા, એમ કહે છે. ક્ષેત્ર તો આકાશના પ્રદેશ અનંત બહાર છે, અહીં કાંઈ અનંત નથી. આ તો લોકમાં અનંત પ્રદેશ છે એટલે પરમાણુ પ્રદેશ લેવા. સમજાણું કાંઈ?

'**ક્ષેત્ર-પ્રદેશ ન જાનને. જૈસે જૈસે પરમાણુ મિલ જાતે હૈં,...**' દેખો! રજકણો જેમ જેમ બે, પાંચ, પચ્ચીસ, પચાસ, સો, અસંખ્ય, અનંત. '**વૈસે વૈસે પ્રદેશોંકી બઢવારી જાનની.**' એમ વધે છે એ એને કારણે, એમ જાણવું, આત્માને કારણે નહિ. બીજા '**पुग्गलु तिविहु पएसु**' કીધા છે. '**પુદ્‌ગલકે સંખ્યાત, અસંખ્યાત, અનન્ત પ્રદેશ પરમાણોંકે મેલસે જાનના ચાહિએ,...**' દેખો! રજકણના મેળાપથી થાય છે. '**અર્થાત્ એક પરમાણુ એક પ્રદેશ, બહુત પરમાણુ બહુ પ્રદેશ, યહ જાનના.**' હવે સિદ્ધાંત તેનો. આવી શ્રદ્ધા કરવી, જાણવું કે આવા અનંતા રજકણો, અનંતા આત્માઓ આદિ પોતાની મેળે ત્યાં છે. પણ હવે આદરવા યોગ્ય શું એમાં? એ તો વ્યવહાર જાણવાયોગ્ય કહ્યો.

'**સૂત્રમેં શુદ્ધનિશ્ચયકર દ્રવ્યકર્મકે અભાવસે...**' શુદ્ધ વસ્તુથી જોઈએ તો એ કર્મનો પણ ભગવાનઆત્મામાં અભાવ છે. કારણ કે, કર્મ પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલનો કાંઈ આત્મદ્રવ્યમાં ભાવ નથી. આ અસ્તિત્વની વાત ચાલે છે ને? હોવાપણું. તો હોવાપણાની વાત કરી કે, આ પુદ્‌ગલો છે, આ છે, કર્મ છે, ભેગા થાય, કર્મના રજકણો ભેગા થાય, ધર્માસ્તિ આદિ. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ છે, એ શુદ્ધ નિશ્ચયથી દ્રવ્યકર્મ નામ જડકર્મના હોવાપણાના અભાવરૂપ છે. આત્મામાં-વસ્તુમાં જડકર્મનો અભાવ છે. જડકર્મનું અસ્તિત્વ તો પુદ્‌ગલમાં અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એ પુદ્‌ગલના

હોવાપણાનો તો આત્મામાં અભાવ છે, ન્યાં છે એ તો જાણવા લાયક કીધું. સમજાણું કાંઈ? એક વાત. એ કારણે ભગવાનઆત્મા અમૂર્તિક અત્યારે છે. અત્યારે છે, હોં !

બીજી વાત. '**ઔર મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મ સંકલ્પ વિકલ્પકે અભાવસે શુદ્ધ હૈ,...**' એના હોવાપણામાં ખરેખર તો ભ્રમણા ને પુણ્ય-પાપના રાગ પણ આત્માના સ્વભાવના હોવાપણામાં નથી. સમજાણું કાંઈ? એ તો અજ્ઞાનપણે ઊભા કરેલા પુણ્ય ને પાપ ને રાગ-દ્વેષ એની એક સમયની પર્યાયમાં દેખાય છે. વસ્તુના સ્વભાવમાં જુઓ તો એ પુણ્ય-પાપ ને મિથ્યાત્વનો ભાવ એના અસ્તિમાં-હયાતીમાં અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આવા આત્માને અંદર શ્રદ્ધવો ને દેખવો એનું નામ સમ્યગ્દર્શન છે. ભગવાનઆત્મા... બીજા પુદ્‌ગલની વાત ન કરી પણ કર્મના પુદ્‌ગલો જે ભેગા થયેલા, એનો પણ આત્મામાં અભાવ છે. એવો આ આત્મા અમૂર્તિક વસ્તુ છે. અને મિથ્યાભ્રાંતિ પુણ્ય-પાપ મારા છે, શરીર મારું છે, પરમાં સુખ છે એવી ભ્રાન્તિ અને રાગ-દ્વેષના પરિણામ ભાવકર્મ એવા સંકલ્પ-વિકલ્પનો વસ્તુમાં અભાવ છે. વસ્તુના અસ્તિત્વમાં-જ્ઞાનાનંદ ભગવાનઆત્મામાં એક સમયની વિકૃત ઉપરથી જે અવસ્થા ઉત્પન્ન થાય છે, એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એટલે કે પરદ્રવ્યનું કામ આત્મા કરતો નથી. કેમકે એમાં આત્માનું અસ્તિત્વ નથી અને પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર આત્માનું કાર્ય નથી. કારણ કે બહિરબુદ્ધિએ ત્યાં લક્ષ છે ત્યાં એનો કર્તા થાય છે. અંતરબુદ્ધિ, જ્ઞાયકબુદ્ધિ થઈ એટલે એના આત્મામાં વિકારના વ્યવહાર પરિણામ જે છે, એ પણ છે નહિ. તો એ આત્માને કામ આવતા નથી, આત્માનું એ કાર્ય નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! કહો, 'જુગરાજજી'! આ તો આત્માને ઘણું કામ આવે છે. આહાહા..! આત્માને ઘણું કામ આવે છે ભોગવવામાં. અરે..! ભગવાન! આ તો સ્થૂળ વાતની પણ ખબર ન મળે. લેખો એવા છે બિચારા, હોં! શું કરે? શાસ્ત્રના એવા લેખો છે. કર્મને આધારે જીવ ને એને આધારે આ અને એને આધારે આ, શાસ્ત્રમાં એવા લેખ બહુ હોય ને. શ્વેતાંબર શાસ્ત્રોમાં એવું ઘણું ભર્યું છે. ક્યાંય આત્માનો પત્તો ખાય નહિ.

અહીં તો કહે છે, અસ્તિ બતાવે છે હોં! અહીંયાં. છતાં એ પુદ્‌ગલનું અસ્તિપણું ભેગું થવું, છૂટું પડવું એને કારણે અને એ કર્મનું ભેગું થવું કે છૂટું પડવું પણ એને કારણે. કર્મ બંધાવા, કર્મ છૂટવા, સંક્રમણ થવું વગેરે છે ને? એ રજકણમાં એને કારણે છે. આહાહા..! એ એમાં આવી જાય કે નહિ આમાં? એઈ..! કર્મનો ઉદય આવવો, સત્તામાંથી પાક થવો, એનો ફેરફાર થવો એ બધાનો આત્માના સ્વભાવમાં અસ્તિત્વનો અભાવ છે. આહાહા..! સમજાય છે? તેથી એને અમૂર્તિક કહ્યો. મૂર્તપણાનો વસ્તુમાં અભાવ (છે) માટે અમૂર્તિક કહ્યો અને પુણ્ય-પાપના મિથ્યાભ્રાન્તિના અશુદ્ધ પરિણામનું હોવાપણું વસ્તુમાં નથી માટે તેને શુદ્ધ કહ્યો. અમૂર્ત અને શુદ્ધને સિદ્ધ કરવાની બે રીત કીધી. સમજાણું કાંઈ?

**'શુદ્ધનિશ્ચયકર, મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મ સંકલ્પ વિકલ્પકે અભાવસે શુદ્ધ હૈ,...'** ભગવાન અંતર્મુખ સ્વભાવ એનો તો શુદ્ધ જ્ઞાન, ચૈતન્ય આનંદ (સ્વભાવ) છે. એ વસ્તુ પોતે અંતર્મુખ દૃષ્ટિનું તત્ત્વ એ વસ્તુ અંતર્મુખ દૃષ્ટિ થઈ તે પછી પરના કાર્યનું અસ્તિત્વ પોતામાં તો નથી પણ વિકારનું અસ્તિત્વ ને કાર્ય પણ એમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

સવારથી ઉઠ્યો... આ તમારું યાદ આવ્યું. સવારથી ઉઠ્યો ત્યારથી દાંતણ, પછી પાણી, પછી ચા, પછી દૂધ, પછી આ, પછી આ, આખો દિ' જાણે કે, આ બધા કામ જ હું કરું છું. વાર લાગે છે ને? તમે છેલ્લે આવ્યા ને. બધા કામ હોય ને થોડાઘણા એકલાને પણ. કહો, સમજાણું આમાં? સવારથી ઉઠે ત્યાં દાંતણ કરવું, મોઢું સાફ કરવું... એક્કેય ક્રિયા હરામ કરી શકતો હોય તો. અહીં શું કહેવાય છે?

એના અસ્તિત્વમાં, એના હોવાપણામાં હોય એનું કરે. એના હોવાપણામાં ન હોય એનું એ શું કરે? એક વાત. સમજાય છે? એના હોવાપણામાં આ દાંતણ, આ લાકડા એના આત્માના હોવાપણામાં છે? આત્માના હોવાપણામાં આ મોઢું ને દાળ ને ભાત ને ઢીકણું, દૂધ ને ચા.. એ તો એના હોવાપણામાં છે નહિ. છે નહિ એને અડે શી રીતે? અને છે નહિ એને કરે શી રીતે?

હવે એનામાં છે વિકાર. પુણ્ય ને પાપ ને ભ્રાન્તિ પર્યાય વિકારની. એ જ્યાં સુધી એના અસ્તિત્વમાં એમ દૃષ્ટિ પડી છે, પર્યાયમાં દૃષ્ટિ પડી છે ત્યાં સુધી તે વિકારનો કર્તા (થાય છે). (પોતાના) અસ્તિત્વમાં માને છે માટે કર્તા થાય છે. સમજાણું કાંઈ? એટલે એમાં ઉપરટપકે જે વિકલ્પ બહિરબુદ્ધિએ થતો એ વસ્તુના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? બહિરબુદ્ધિએ જે વિકારનું અસ્તિત્વ ક્ષણિક જે અંતરમાં ભાસતું હતું, એ વસ્તુની દૃષ્ટિ (થઈ કે) આ તો જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય છે. એના હોવાપણામાં વિકલ્પનું હોવાપણું પણ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? જેનામાં નથી એનું એ કરે શું? હવે એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ ? શું હશે આમાં? સંચા-બંચા હલવતા હવે બંધ થઈ ગયા? હાલ્યા કરે છે. એ તો હાલ્યા જ કરતા હતા પહેલા પણ. તમારાથી ક્યાં હાલતા હતા? આ ઈ કહે છે, ભાઈ! તારા હોવાપણામાં હોય એમાં તારું હોવાપણું ને ફેરફાર કરવાનું રહે. તારા હોવાપણામાં શરીર, કર્મ, પુદ્‌ગલ, પૈસા, બાયડી, છોકરા, કર્મ હરામ ત્રણકાળમાં તારામાં હોય તો. કોઈ દિ' નથી તારામાં. આહા..! નથી તારામાં એને તું કેમ મારા કરીને માન? અને મારા કરીને કર એ શી રીતે બને? મારા તરીકે માની શક. પણ મારા તરીકે એ અંદરમાં આવી શકે નહિ. સમજાણું કાંઈ? તારામાં નથી તેને મારા તરીકે માની શક, ઉલટી દૃષ્ટિથી. પણ તે નથી એ તારા થઈ શકે, માન તોપણ થઈ શકે, એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

બીજી વાત. તારા હોવાપણામાં તારા પ્રદેશમાં એક સમયની દશામાં પુણ્ય-પાપ વિકારનું હોવાપણું એક સમયની અવસ્થામાં પ્રદેશોના ઉપરના ભાગમાં એના સમયમાં છે. એ હોવાપણું છે, એના હોવાપણામાં એટલામાં જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી એનો કર્તા ને ત્યાં

સુધી મારામાં છે એમ એ માને છે. છતાં ત્રિકાળમાં તો એ થઈ જતાં નથી. સમજાય છે કાંઈ?

જેમ બીજાને પોતાના માને છતાં પોતામાં થતાં નથી. એમ એક સમયનો પુણ્ય-પાપ, કામ-ક્રોધના વિકારોની કૃત્રિમતાને પોતામાં માને, એ અંશ લક્ષમાં તેની ત્યાં બુદ્ધિ પડી છે તેથી માને અને એનો કર્તા થાય. પણ છતાં, એમ હોવા છતાં વસ્તુના ત્રિકાળમાં એનું હોવાપણું પેસી જતું નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા, એ તો સંકલ્પ વિકલ્પની એક સમયની વિકૃત દશા, તેટલું અસ્તિત્વ માનતો ત્યારે તેને મારામાં છે અને કર્તા માનતો.

અહીં તો કીધું, શુદ્ધ દ્રવ્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... જોઈએ, નિશ્ચયથી વસ્તુ તો એકલી શુદ્ધ જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ પ્રભુ છે. એવી દૃષ્ટિથી જોતા વિકાર હયાતીમાં નથી માટે વિકાર વિનાનો આત્મા શુદ્ધ છે. સમજાણું કાંઈ? કહો, 'વજુભાઈ'! સમજાય છે આમાં? ભારે ઝીણું, ભાઈ! આમાં સંચા, બંચા ને બંગલા ને મકાન ક્યાં આવી ગયા? આહાહા..! એ તો પુદ્‌ગલ ભેગા થાય, છૂટા થાય. એનું અસ્તિત્વ છે એવું એક વિકલ્પ દ્વારા, શુભભાવ દ્વારા માનવું. બસ, એટલું. પછી વિકલ્પ પણ આદરણીય નથી. કારણ કે એ વિકલ્પ પણ સ્વરૂપના શુદ્ધ સ્વભાવમાં હોવાપણે નથી. એના વિકલ્પમાં અસ્તિપણાની બુદ્ધિ રાખે ત્યાં સુધી એ મારા છે એમ પર્યાયબુદ્ધિએ માને. સમજાણું કાંઈ? વસ્તુબુદ્ધિએ તો એ પણ પોતામાં નથી. બીજા નથી તેમ વિકાર પણ નથી. એ વસ્તુમાં નથી. વસ્તુમાં નથી માટે તેનો એ કર્તા થતો નથી અને તેના કાર્ય કરી શકતો નથી. કહો, સમજાણું આમાં?

ભગવાન '**લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશવાલા હૈ,...**' બે વાત લીધી. એક તો પરના અભાવરૂપી અમૂર્ત, વિકારના અભાવરૂપી શુદ્ધ અને લોકાકાશમાં અસંખ્ય પ્રદેશ. '**એસા જો નિજ શુદ્ધાત્મા વહી વીતરાગનિર્વિકલ્પસમાધિદશામેં સાક્ષાત્ ઉપાદેય હૈ,...**' એ અંતર્મુખ દૃષ્ટિના કાળે... અહીં સ્થિર થાય, એમ લેવું છે ને. સ્થિરતા પણ સાથે (લેવી છે). અંતર વસ્તુ સ્વભાવ પૂર્ણ શુદ્ધ છે, એવી અંતર્મુખ દૃષ્ટિથી, બહિર્મુખની દૃષ્ટિ-વિકલ્પનું હોવાપણું, અશુદ્ધનું અને આ, એ દૃષ્ટિ ગઈ અને અંતર્મુખની દૃષ્ટિ થઈ તે કાળે આ શુદ્ધાત્મા તે ઉપાદેય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ઓહોહો..!

'**યહ જાનના.**' લ્યો! સાક્ષાત્ ઉપાદેય ઈતિ ભાવાર્થ. વીતરાગનિર્વિકલ્પસમાધિ પરિણતિ કાળે. સમજાણું કાંઈ? એ જ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ દશામાં. ઈ કાળે કીધું. વિકલ્પો પુણ્ય-પાપના ભાવ અને પરનું હોવાપણું, એના હોવાપણાની અસ્તિત્વની દૃષ્ટિ છૂટી અને પોતાનું એકરૂપ હોવાપણું શુદ્ધ સ્વરૂપ છે એવી દૃષ્ટિના કાળમાં, એકાગ્રતાના કાળમાં આ આત્મા શુદ્ધ છે તે અંગીકાર કરવા લાયક થયો, ઉપાદેય થયો. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આહાહા..! ચોખ્ખી વાત તો એવી છે પણ એણે કોઈ દિ' દરકાર કરી નથી. કોઈ દિ' નિવૃત્તિથી, શાંતિથી આ શું છે? આ શું વસ્તુ છે? આ શું છે? આ શું છે? (એના વિચાર કર્યા નથી). સમજાણું? વ્યવહાર શ્રદ્ધામાં કહ્યું, વિકાર છે, પર છે એવો વિષય એને વ્યવહાર સમકિતમાં માને, જાણે. નિશ્ચયમાં દ્રવ્ય સ્વભાવમાં એ નથી. આહાહા..! ૨૪ થઈ. ૨૫.

अथ लोके यद्यपि व्यवहारेणैकक्षेत्रावगाहेन तिष्ठन्ति द्रव्याणि तथापि निश्चयेन संकरव्यतिकरपरिहारेण कृत्वा स्वकीयस्वकीयस्वरूपं न त्यजन्तीति दर्शयति –

१५१) लोयागासु धरेवि जिय कहियइँ दव्वइँ जाइँ।
एक्कहिँ मिलियइँ इत्थु जगि सगुणहिँ णिवसहिँ ताइँ।।२५।।

लोकाकाशं धृत्वा जीव कथितानि द्रव्याणि यानि।
एकत्वे मिलितानि अत्र जगति स्वगुणेषु निवसन्ति तानि।।२५।।

लोयागासु इत्यादि। लोयागासु लोकाकाशं कर्मतापन्नं धरेवि धृत्वा मर्यादीकृत्य[१] जिय हे जीव अथवा लोकाकाशमाधारीकृत्वा ठियाइं आधेयरूपेण स्थितानि। कानि स्थितानि। कहियइं दव्वइं जाइं कथितानि जीवादिद्रव्याणि यानि। पुनः कथंभूतानि। एक्कहिं मिलियइं एकत्वे मिलितानि। इत्थु जगि अत्र जगति सगुणहिं णिवसहिं निश्चयनयेन स्वकीयगुणेषु निवसन्ति 'सगुणहिं' तृतीयान्तं करणपदं स्वगुणेष्वधिकरणं कथं जातमिति। ननु कथितं पूर्व प्राकृते कारकव्यभिचारो लिङ्गव्यभिचारश्च क्वचिद्भवतीति। कानि निवसन्ति ताइं पूर्वोक्तानि जीवादिषड्द्रव्याणीति। तद्यथा। यद्यप्युपचरितासद्भूतव्यवहारेणाधाराधेयभावेनैकक्षेत्रावगाहेन तिष्ठन्ति तथापि शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन संकरव्यतिकरपरिहारेण स्वकीयस्वकीयसामान्यविशेषशुद्धगुणान्न त्यजन्तीति। अत्राह प्रभाकरभट्टः। हे भगवन् लोकस्तावदसंख्यातप्रदेशः परमागमे भणितः तिष्ठति तत्रासंख्यातप्रदेशलोके प्रत्येकं प्रत्येकमसंख्येयप्रदेशान्यनन्तजीवद्रव्याणि, तत्र चैकैके जीवद्रव्ये कर्मनोकर्मरूपेणानन्तानि पुद्गलपरमाणुद्रव्याणि च तिष्ठन्ति तेभ्योऽप्यनन्तगुणानि शेषपुद्गलद्रव्याणि तिष्ठन्ति तानि सर्वाण्यसंख्येयप्रदेशलोके कथमवकाशं लभन्ते इति पूर्वपक्षः। भगवान् परिहारमाह। अवगाहनशक्तियोगादिति। तथाहि। यथैकस्मिन् गूढनागरसगद्याणके शतसहस्रलक्षसुवर्ण–संख्याप्रमितान्यवकाशं लभन्ते, अथवा यथैकस्मिन् प्रदीपप्रकाशे बहवोऽपि प्रदीपप्रकाशा अवकाशं लभन्ते, अथवा यथैकस्मिन् भस्मघटे जलघटः सम्यगवकाशं लभन्ते, अथवा यथैकस्मिन् उष्ट्रीक्षीरघटे मधुघटः सम्यगवकाशं लभते। अथवा यथैकस्मिन् भूमिगृहे बहवोऽपि पटहजयघण्टादिशब्दाः सम्यगवकाशं लभन्ते, तथैकस्मिन् लोके विशिष्टावगाहनशक्ति योगात् पूर्वोक्तानन्तसंख्या जीवपुद्गला अवकाशं लभन्ते नास्ति विरोधः इति। तथा चोक्तं जीवानामवगाहनशक्तिस्वरूपं परमागमे – 'एगणिगोदसरीरे जीवा दव्वप्पमाणदो दिट्ठा। सिद्धे हिं अणंतगुणा सव्वेण वितीदकालेण।।' पुनस्तथोक्तं पुद्गलानामवगाहनशक्तिस्वरूपम् – 'ओगाढगाढणिचिदो पुग्गलकाएहिं सव्वदो लोगो। सुहुमेहिं बादरेहिं य णंताणं तेहिं विविहेहिं।।'।

१. પાઠાન્તર :- कृत्य = कृत्वा

अयमत्र भावार्थः। यद्यप्येकावगाहेन तिष्ठन्ति तथापि शुद्धनिश्चयेन जीवाः केवलज्ञानाद्यनन्त-गुणस्वरूपं न त्यजन्ति पुद्‍गलाश्च वर्णादिस्वरूपं न त्यजन्ति शेषद्रव्याणि च स्वकीयस्वकीय-स्वरूपं न त्यजन्ति।।२५।।

---

आगे लोकमें यद्यपि व्यवहारनयकर ये सब द्रव्य एक क्षेत्रावगाहसे तिष्ठ रहे हैं, तो भी निश्चयनयकर कोई द्रव्य किसीसे नहीं मिलता, और कोई भी अपने अपने स्वरूपको नहीं छोड़ता है, ऐसा दिखलाते हैं –

**गाथा – २५**

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ अत्र जगति ] इस संसारमें [ यानि द्रव्याणि कथितानि ] जो द्रव्य कहे गये हैं, [ तानि ] वे सब [ लोकाकाशं धृत्वा ] लोकाकाशमें स्थित हैं, लोकाकाश तो आधार है, और ये सब आधेय हैं, [ एकत्वे मिलितानि ] ये द्रव्य एक क्षेत्रमें मिले हुए रहते हैं, एक क्षेत्रावगाही हैं, तो भी [ स्वगुणेषु ] निश्चयनयकर अपने अपने गुणों में ही [ निवसंति ] निवास करते हैं, परद्रव्यसे मिलते नहीं हैं।

भावार्थ :– यद्यपि उपचरितअसद्भूतव्यवहारनयकर आधाराधेयभावसे एक क्षेत्रावगाहकर तिष्ठ रहे हैं, तो भी शुद्ध पारिणामिक परमभाव ग्राहक शुद्ध द्रव्यार्थिकनयसे परद्रव्यसे मिलनेरूप संकर–दोषसे रहित हैं, और अपने अपने सामान्य गुण तथा विशेष गुणोंको नहीं छोड़ते हैं। यह कथन सुनकर प्रभाकरभट्टने प्रश्न किया है कि हे भगवन्, परमागममें लोकाकाश तो असंख्यातप्रदेशी कहा है, उस असंख्यात प्रदेशी लोकमें अनंत जीव किस तरह समा सकते हैं ? क्योंकि एक एक जीवके असंख्यात–असंख्यात प्रदेश हैं, और एक एक जीवमें अनंतानंत पुद्‍गलपरमाणु कर्म नोकर्मरूपसे लग रही है, और उसके सिवाय अनन्तगुणे अन्य पुद्‍गल रहते हैं, सो ये द्रव्य असंख्यातप्रदेशी लोकमें कैसे समा गये ? इसका समाधान श्री गुरु करते हैं। आकाशमें अवकाशदान (जगह देनेकी) शक्ति है, उसके सम्बन्धसे समा जाते हैं। जैसे एक गूढ़ नागरस गुटिकामें शत, सहस्त्र, लक्ष, सुवर्ण संख्या आ जाती है, अथवा एक दीपकके प्रकाशमें बहुत दीपकोंका प्रकाश जगह पाता है, अथवा जैसे एक राखके घड़ेमें जलका घड़ा अच्छी तरह अवकाश पाता है, भस्ममें जल शोषित हो जाता है, अथवा जैसे एक ऊँटनीके दूधके घड़ेमें शहदका घड़ा समा जाता है, अथवा एक भूमिघरमें ढोल, घण्टा आदि बहुत बाजोंका शब्द अच्छी तरह समा जाता है, उसी तरह एक लोकाकाशमें विशिष्ट अवगाहनशक्तिके योगसे अनंत जीव और अनन्तानन्त पुद्‍गल अवकाश पाते हैं, इसमें विरोध नहीं है, और जीवोंमें परस्पर अवगाहनशक्ति है। ऐसा ही कथन परमागममें कहा है – 'एगणिगोद' इत्यादि। इसका अर्थ ऐसा है कि एक निगोदिया जीवके शरीरमें जीवद्रव्यके

प्रमाणसे दिखलाये गये जितने सिद्ध हैं, उन सिद्धोंसे अनंत गुणे जीव एक निगोदियाके शरीरमें हैं, और निगोदियाका शरीर अंगुलके असंख्यातवें भाग है, सो ऐसे सूक्ष्म शरीरमें अनंत जीव समा जाते हैं, तो लोकाकाशमें समा जानेमें क्या अचंभा है? अनंतानंत पुद्‌गल लोकाकाशमें समा रहे हैं, उसकी 'ओगाढ' इत्यादि गाथा है। उसका अर्थ यह है कि सब प्रकार सब जगह यह लोक पुद्‌गल कायोंकर अवगाढ़गाढ़ भरा है, ये पुद्‌गल काय अनंत हैं; अनेक प्रकारके भेदको धरते हैं, कोई सूक्ष्म हैं कोई बादर हैं। तात्पर्य यह है कि यद्यपि सब द्रव्य एक क्षेत्रावगाहकर रहते हैं, तो भी शुद्धनिश्चयनयकर जीव केवल ज्ञानादि अनंतगुणरूप अपने स्वरूपको नहीं छोड़ते हैं, पुद्‌गलद्रव्य अपने वर्णादि स्वरूपको नहीं छोड़ता, और धर्मादि अन्य द्रव्य भी अपने अपने स्वरूपको नहीं छोड़ते हैं।।२५।।

---

હવે, લોકમાં જોકે વ્યવહારનયથી બધા દ્રવ્યો એકક્ષેત્રાવગાહે રહે છે તોપણ નિશ્ચયનયથી સંકર વ્યતિકર દોષોનો પરિહાર કરીને પોતપોતાનું સ્વરૂપ છોડતા નથી, એમ કહે છે.

('सगुणहिं' ત્રીજી વિભક્તિના અંતવાળું કરણસૂચક આ પદ 'પોતાના ગુણોમાં' એમ અધિકરણના (સાતમી વિભક્તિના) અર્થવાળું કેવી રીતે થયું? પૂર્વે કહ્યું જ છે કે પ્રાકૃત ભાષામાં કોઈ વાર કારકવ્યભિચાર અને લિંગવ્યભિચાર થાય છે.)

ભાવાર્થ : જોકે પૂર્વોક્ત છએ દ્રવ્યો ઉપચરિત અસદ્‌ભૂત-વ્યવહારનયથી આધાર-આધેય ભાવથી એકક્ષેત્રાવગાહે રહે છે તોપણ શુદ્ધપારિણામિક પરમ ભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સંકર વ્યતિકર દોષોના પરિહાર વડે પોતપોતાના સામાન્ય વિશેષ શુદ્ધ ગુણોને છોડતાં નથી.

આ કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે હે ભગવાન! પરમાગમમાં લોકને અસંખ્યાત પ્રદેશી કહ્યો છે, તે અસંખ્યાત પ્રદેશી લોકમાં પ્રત્યેક પ્રત્યેક અસંખ્યાતપ્રદેશી એવા અનંત જીવદ્રવ્યો અને તે એક એક જીવદ્રવ્યમાં કર્મ-નોકર્મરૂપે અનંત પુદ્‌ગલપરમાણુદ્રવ્યો રહે છે. તે અનંત પુદ્‌ગલપરમાણુદ્રવ્યથી પણ અનંતગુણા બાકીના પુદ્‌ગલ પરમાણુદ્રવ્યો રહે છે, તો તે સર્વ દ્રવ્યો અસંખ્યપ્રદેશવાળા લોકમાં કેવી રીતે અવકાશ પામે (રહી શકે) ? એવો પૂર્વપક્ષ છે.

ભગવાન શ્રી ગુરુ તેનો પરિહાર કરે છે, અવગાહનશક્તિને લીધે (આકાશમાં અવકાશ દેવાની શક્તિ છે તેના કારણે પૂર્વોક્ત છ દ્રવ્યો એકક્ષેત્રાવગાહે રહે છે.) તે આ પ્રમાણે :

(૧) જેવી રીતે એક ગૂઢ નાગરસગુટિકામાં સો હજાર લાખ જેટલી સંખ્યાનું સુવર્ણ રહે છે, (૨) અથવા જેવી રીતે એક દીવાના પ્રકાશમાં ઘણા દીવાનો પ્રકાશ અવકાશ પામે

**છે, અથવા (૩) જેવી રીતે એક રાખના ઘડામાં પાણીનો ઘડો સારી રીતે સમાઈ જાય છે (જેવી રીતે ઘડા જેટલી રાખમાં ઘડા જેટલું પાણી પૂરતું શોષાઈ જાય છે) અથવા (૪) જેવી રીતે એક ઊંટણીના દૂધના ઘડામાં મધનો ઘડો સમાઈ જાય છે અથવા (૫) જેવી રીતે એક ભૂમિઘરમાં (ભોંયરામાં) ઢોલ, જયજયકાર અને ઘંટ વગેરેના અનેક શબ્દો સારી રીતે અવકાશ પામે છે તેવી રીતે એક જ લોકમાં વિશિષ્ટ અવગાહનશક્તિને લીધે પૂર્વોક્ત અનંત સંખ્યાવાળા જીવો અને અનંતાનંત પુદ્‌ગલો અવકાશ પામે છે, એમાં કોઈ વિરોધ નથી. પરમાગમમાં (શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગા. ૧૯૫માં) જીવોની અવગાહનશક્તિનું સ્વરૂપ પણ કહ્યું છે કે 'एगणिगोदसरीरे जीवा दव्वप्पमाणदो दिट्‌ठा। सिद्धे हिं अणंतगुणा सव्वेण वितीदकालेण।।' (અર્થ : અતીતકાળમાં થયેલા સર્વ સિદ્ધોથી દ્રવ્યપ્રમાણથી અનંતગુણા જીવો એક નિગોદના શરીરમાં જોવામાં આવ્યા છે. વળી પંચાસ્તિકાય ગા. ૬૪માં) પુદ્‌ગલોની અવગાહનશક્તિનું સ્વરૂપ પણ કહ્યું છે કે – 'ओगाढगाढणिचिदो पुग्गलकाएहिं सव्वदो लोगो। सुहुमेहिं बादरेहिं य णंताणं तेहिं विविहेहिं।।' (અર્થ : લોક સર્વતઃ વિવિધ પ્રકારના, અનંતાનંત સૂક્ષ્મ તેમ જ બાદર પુદ્‌ગલકાયો (પુદ્‌ગલસ્કંધો) વડે વિશિષ્ટ રીતે અવગાહાઈને ગાઢ ભરેલો છે.**

**અહીં, એ ભાવાર્થ છે કે જો કે સર્વદ્રવ્ય એકક્ષેત્રાવગાહથી રહે છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી જીવો કેવળજ્ઞાનાદિ અનંત ગુણસ્વરૂપને છોડતા નથી અને પુદ્‌ગલો વર્ણાદિસ્વરૂપને છોડતાં નથી અને બાકીના દ્રવ્યો પોતપોતાનું સ્વરૂપ છોડતાં નથી. ૨૫.**

---

## ગાથા-૨૫ ઉપર પ્રવચન

**'આગે લોકમેં યદ્યપિ વ્યવહારનયકર યે સબ દ્રવ્ય એક ક્ષેત્રાવગાહસે તિષ્ઠ રહે હૈં,...'** આ આત્મા, કર્મ સાથે છે ને ભેગા. **'તો ભી નિશ્ચયનયકર કોઈ દ્રવ્ય કિસીસે નહીં મિલતા,....'** કોઈ દ્રવ્ય કોઈથી મળતું નથી. **'ઔર કોઈ ભી અપને અપને સ્વરૂપકો નહીં છોડતા હૈ,...'** કોઈથી મળતું નથી અને પોતાનું છોડતું નથી બે વાત કીધી. કોઈ સાથે ભેગું થતું નથી ને પોતાનું સ્વરૂપ છોડતું નથી, અસ્તિ-નાસ્તિ કરી. કહેશે.

**१५१) लोयागासु धरेवि जिय कहियइँ दव्वइँ जाइँ।**
**एक्कहिँ मिलियइँ इत्थु जगि सगुणहिँ णिवसहिँ ताइँ।।२५।।**

**અન્વયાર્થ :– 'હે જીવ,** (હે ભગવાનઆત્મા) **ઈસ સંસારમેં જો દ્રવ્ય કહે ગયે હૈં,...'** ભગવાને જે છ દ્રવ્ય કહ્યા, **'વે સબ...'** લોકના ક્ષેત્રમાં એક જગ્યાએ ભલે હો. એને આગળ નય કહેશે, હોં! **'લોકાકાશ તો આધાર હૈ, ઔર યે સબ આધેય હૈં,...'** આધાર, આધેય

સમજાય છે? આમ રહે છે આધાર... આ નવું કાંઈ નથી કે હતું પહેલું ને પછી આવ્યું એમ નથી. આ તો એક આમ અનાદિનો આધાર છે. એમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ રહેલા છે. એથી આધાર આધેય ઉપચરિત જૂઠી નયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ આત્મા આકાશમાં રહ્યો એ પણ ઉપચારથી અસદ્ભૂતનયે કહેવામાં આવે છે. ખરેખર તો પોતે પોતામાં છે. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશમાં છે, પોતે પોતામાં છે. આકાશમાં કહેવો, એ કહેશે, એ ઉપચરીત નયથી (છે). સમજાય છે ?

**'યે દ્રવ્ય એક ક્ષેત્ર મેં મિલે હુએ રહતે હૈં, તો ભી નિશ્ચયનયકર અપને અપને ગુણોં મેં હી નિવાસ કરતે હૈં, પરદ્રવ્યસે મિલતે નહીં હૈં. યદ્યપિ ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનયકર આધારાધેયભાવસે એક ક્ષેત્રાવગાહકર તિષ્ઠ રહે હૈં, તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે પરદ્રવ્યસે મિલનેરૂપ સંકર-દોષસે રહિત હૈં,...'** જુઓ! પણ પોતાનો પરમપારિણામિક સ્વભાવ, વસ્તુ સ્વતઃ સ્વભાવ એનાથી જુઓ તો કોઈની સાથે કોઈ દ્રવ્ય મળતું નથી. એક રજકણ બીજા રજકણ સાથે મેળ ખાતું નથી અને એક રજકણ એ પોતાના સ્વરૂપને છોડ્યું નથી. સમજાણું કાંઈ? કોઈ પરપદાર્થના ગુણ પર્યાય છે એને છોડ્યા નથી અને પોતે પોતાને છોડીને પરમાં ભળી ગયો નથી. ત્રણકાળ ત્રણલોકમાં કોઈ... આ શરીરમાંથી કાંઈ આત્મા કાઢી લે માલ લઈ લે કે એને કાંઈ આપે એમ હશે? ઉપયોગ, શેનો ઉપયોગ કરે? ધૂળનો? ધૂળનો ઉપયોગ થાતો હશે? શરીરનો ઉપયોગ આત્મા કરી શકે? કહેશે, વ્યવહારે ઉપકાર કહેશે. ખરેખર છે નહિ. ઉપકાર તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવીને ઉપકાર કહ્યું. પછી ગાથામાં કહેશે. સમજાણું કાંઈ? આહાહા..! છે ને?

**'શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે પરદ્રવ્યસે મિલનેરૂપ સંકર-દોષસે રહિત હૈં,...'** સંકર એટલે કોઈ એકબીજામાં ભળી જતાં નથી. આત્મા રજકણમાં ભળી નથી ગયો. આત્મા અત્યારે, ક્યારે શું? ત્રણે કાળે. એ..ઈ..! આ શરીરના રોગના રજકણમાં આત્મા ભળી નથી ગયો, એમ કહે છે. આ 'મોહનભાઈ'ને શું થયું? સલવાણા છે. કેટલા મહિનાથી પણ. સાજું હોય ત્યારે આથડ્યા કરે અને આવું થાય ત્યારે પડ્યા રહે. પોતાને રાગ સાથે પરણાવ્યો. કહો, સમજાણું આમાં?

કહે છે કે, શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સંકર દોષથી રહિત છે. એટલે? વસ્તુ, વસ્તુ જુઓ તો એક જગ્યાએ ભલે ઉપચાર, આરોપીત, અસદ્ભૂત, જૂઠા વ્યવહારનયથી કહેવામાં આવે. પણ વસ્તુ તો વસ્તુ પોતે પોતામાં રહેલી છે. કોઈ વસ્તુ પરમાં ભળતી નથી અને કોઈ વસ્તુ પોતાના સ્વરૂપને છોડતી નથી. તો કેટલું આપતો હશે આત્મા પોતામાંથી કાઢીને બાયડી, છોકરાને? હેં! 'ચંદુભાઈ'ને પૂછવું છે? 'ચંદુભાઈ'ને પૂછો. અર્ધાંગના. હરામ છે. આ ક્યાંથી માન્યું તેં? એના પરમાણુના રજકણો કે એનો આત્મા એના સ્વરૂપને છોડીને બીજા દ્રવ્યમાં આવી જાય છે? અને તારા દ્રવ્યના ગુણ પર્યાયો છોડીને તું ત્યાં વયો જા છો? ત્રણકાળમાં બને છે? કોને દીધું ને કોને લીધું તેં? મિથ્યા ભ્રમણાની. ભ્રમણા ઊભી કરી મીઠાશ માને છે. સમજાણું કાંઈ? લીમડો કડવો હોય ને? સર્પ કરડ્યો હોય તો મીઠો લાગે. પણ આ તો સર્પ

કરડ્યો હોય એને મીઠો લાગે, ઝેર ચડ્યા હોય એને મીઠો લાગે. એમ. સમજાય છે? નહિતર કડવો છે. લીમડો પેલાને કડવો તો લાગે પણ કડવો એને સારો લાગે. આને કડવું ન લાગે. સર્પ કરડ્યો હોય એને કડવું લાગે જ નહિ, મીઠો લાગે. એમ જેને મિથ્યાત્વના ઝેર ચડ્યા છે, એને મોટો સર્પ કરડ્યો છે. અને પર ચીજ મારી સારી, હું બીજાને સારો એવા મીઠાના ઝેર ચડ્યા છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીવે છે, આ બીવાની ક્યાં વાત છે? અહીં ઈ દાખલાનું ક્યાં કામ છે? અહીં તો કહે છે કે, જેને ઝેર ચડ્યું છે એને લીમડો કડવાની અસ્તિ હોવા છતાં મીઠો લાગે છે. મીઠો એટલે આમ મીઠો છે એમ એના જ્ઞાનમાં આવે છે. કડવો છે એમ ખ્યાલમાં નથી આવતું. એને એ રસ નથી જ્ઞાનમાં આવતો, રસનું સ્વરૂપ છે કડવું એને ઠેકાણે મીઠું જ્ઞાનમાં, ખ્યાલમાં આવે છે, એમ મારું કહેવું છે. એને જ્ઞાનમાં કાંઈ લીમડો ગરી નથી જતો. પણ લીમડાનો જે કડવો સ્વભાવ છે એ ઝેરને લઈને એને આ મીઠો છે એમ એને જ્ઞાનમાં આવે છે. મીઠો છે એમ.

એમ મિથ્યાત્વના ઝેરને લઈને શરીર, વાણી, પૈસા, આબરૂ, કીર્તિ, પુણ્ય, પાપ, મેલ ને દુઃખરૂપ છે અને દુઃખનું કારણ છે. આગળ હમણાં કહેશે, એ બધા દુઃખના કારણ છે. છતાં એને સુખના કારણ ઝેરને લઈને ભાસે છે, એમ કહેશે. સમજાણું કાંઈ? આહાહા..! એ આવે છે, શ્લોક આવે છે, હોં! ...એવું આવે છે, બધા શ્લોક જ આવે છે. એને કડવો છે તે મીઠો લાગે છે. ... એમ અજ્ઞાનીને મિથ્યાત્વ શ્રદ્ધામાં કંઈ પરનો પર્યાયરસ તારામાં આવે છે? અને તું પોતાનો પર્યાય, ગુણ-પર્યાય છોડીને ત્યાં જા છો? શેનો રસ તને આવ્યો? સમજાય છે કાંઈ? દાળ, ભાત, રોટલા, મોસંબી, હાડકા, ચામડા ને માંસ એને અડતા તને શું આવ્યું એમાં? એને અડી શકતો નથી. અડે છે એમ માને છે. એટલે અસ્તિત્વ એમાં નથી છતાં અડું છું એવું માને છે. આના અસ્તિત્વમાં એનું અસ્તિત્વ આવતું નથી. આ અહીં આવ્યું એટલે હું અડું છું એમ માને છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

કહે છે, એ બધા કોઈ કોઈને છોડીને કોઈમાં ભળતાં એટલે અડતા નથી. '**ઔર અપને અપને સામાન્ય ગુણ તથા વિશેષ ગુણોંકો નહીં છોડતે હૈં.**' દેખો! પરમાણુમાં સામાન્ય અસ્તિત્વગુણ આદિ છે એ છોડે નહિ. પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિશેષગુણ છે એ છોડે નહિ. આત્મામાં સામાન્ય ગુણ જ્ઞાન, દર્શન, આનંદ છે. આત્મામાં સામાન્ય ગુણ અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છે એ છોડે નહિ. વિશેષ ગુણ આનંદ ને જ્ઞાન આદિ છોડતો નથી. પોતાનો વિશેષ આનંદ, જ્ઞાન ગુણ છે એ છોડતો નથી, સામાન્ય ગુણ અસ્તિત્વ, વસ્તુત્વને આત્મા છોડતો નથી. રજકણમાં સામાન્ય ગુણો અસ્તિત્વ આદિ છોડતા નથી. વિશેષ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ત્યાંથી છોડીને બહારમાં જાતા નથી. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાનઆત્મા અને પુદ્‌ગલ... ચાર અરૂપી એક કોર રાખો. પણ કર્મના જે પરમાણુઓ છે એના સામાન્ય વિશેષ ગુણો જે કર્મના છે, એ એ છોડતા નથી. અને

આત્મામાં સામાન્ય અસ્તિત્વ હોવાપણું આદિ અને વિશેષ આનંદ, જ્ઞાનાદિ (ગુણો છે) એ છોડતો નથી. છોડતો નથી તો અહીંયાં કોને અડે? કોનામાં ભળે? ઈ છોડતા નથી (તો) અહીં કેમ ભળે? પણ દાખલા દેખાય છે, મેળ એમાં આવે છે કે નહિ? એય..! આહાહા..!

મિથ્યાશ્રદ્ધામાં મુર્છાયેલો, નથી આવતું એમાં કાંઈ પરનું અને પોતે નથી કાંઈ જરીએ આમાંથી છોડીને ત્યાં જાતો. પણ માને છે કે મને એની મીઠાશ આવે છે. ધણીને દેખાઈ ઢાંકણીમાં, નથી કહેતા? કાળી મશ હોય ઢાંકણી એમાં શું મોઢુ દેખાય? ઓલો કહે, મને દેખાય છે. ઠીક, ભાઈ! દેખાતું હોય તો. એ પાણી હોય તો દેખાય નહિ સરખું. એ પણ જોઈ છે. આમ સાધારણ સાધારણ લાગે. ત્યાં તો જરીક હોય ત્યાં તો સુકાવા માંડે અહીં. જરી જરી સુકાવા માંડે તો દેખાય નહિ સરખું. ઓલો કહે કે, મોઢુ કાચમાં જોને. મને ઢાંકણીમાં દેખાય છે. ઠીક, ભાઈ! સમજાણું કાંઈ?

એમ આત્મામાં આનંદ અને જ્ઞાન ગુણ પોતે છોડીને ક્યાંય ગયો નથી. છતાં અજ્ઞાની માને છે કે, પરમાં મને આનંદ (છે) અને પરમાંથી મને જ્ઞાન આવે છે. આહા..! મને પરને લઈને મજા પડે છે. અરે..! ભગવાન! મજા પરમાં? તારી મજા પરમાં ક્યાંથી આવી? અને પરના જે રંગ, રસ, ગંધ, સ્પર્શ કે બીજા આત્માઓના આનંદ, જ્ઞાનગુણ એ તારામાં ક્યાંથી આવી ગયા? સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દાખલા હોય એવા ગાંડા. મૂર્ખા ન હોય ઘણા?

જુઓ! અહીં કહે છે, '**યહ કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા હૈ...**' હવે એક લાંબી વાત છે. '**કિ હે ભગવન, પરમાગમમેં લોકાકાશ તો અસંખ્યાતપ્રદેશી કહા હૈ,...**' પ્રભુ! તમે આ બધું કહો છો લોકમાં આટલા આટલા પદાર્થ પણ લોક તો અસંખ્ય પ્રદેશી છે. એમાં અનંતા આત્મા ને અનંતા પરમાણુ રહ્યા શી રીતે? એક પ્રશ્ન ઉઠ્યો. સમજાણું? '**ક્યોંકિ એક એક જીવકે અસંખ્યાત-અસંખ્યાત પ્રદેશ હૈં, ઔર એક એક જીવમેં અનંતાનંત પુદ્‌ગલપરમાણુ કર્મ નોકર્મરૂપસે લગ રહી હૈ, ઔર ઉસકે સિવાય અનન્તગુણે અન્ય પુદ્‌ગલ રહતે હૈં, સો યે દ્રવ્ય અસંખ્યાતપ્રદેશી લોકમેં કૈસે સમા ગયે?**' આ અસંખ્ય પ્રદેશમાં આટલું બધું અનંતું સમાણું શી રીતે? તમે કહો છો એકબીજાને અડતા નથી. ઠીક, એક બીજા ગુણ છોડતા નથી. ઠીક ચાલો. પણ આ રહ્યા શી રીતે આટલા બધા? આટલો માલ અનંત રહ્યા, ક્ષેત્ર આટલું અને રહ્યા અનંત. સમજાણું કાંઈ?

જૈસે એક, ઉત્તર આપે છે. '**જૈસે એક ગૂઢ નાગરસ ગુટિકામેં શત,...**' સાત ધાતુ હોય છે ને આટલી ગોળી પ્રમાણે? નહિ? .. ગોળી બનાવે. પછી લીંબુ નાખીને એકરસ કરે. પછી આટલી બનાવે તો એમાં લાખ ભાગ આવે છે ને? એમ દાખલો આપે છે. સમજાય છે? '**અથવા એક દીપકકે પ્રકાશમેં બહુત દીપકોંકા પ્રકાશ જગહ પાતા હૈ,...**' એક દીવો હોય ત્યાં ઘણા દીવા હોય છે ને? અને અત્યારે તો તમારે શું આ કહે? બેટરી.. બેટરી? શું

કહેવાય? એક મકાનમાં લાખો નાખી હોય તો આવે છે. અંદર પ્રકાશ સમાઈ જાય છે. **'અથવા જૈસે એક રાખકે ઘડેમેં જલકા ઘડા...'** જો રાખનો ઘડો હોય ને એમાં પાણી નાખો તો એક ઘડો સમાય જાય. **'અચ્છી તરહ અવકાશ પાતા હૈ, ભસ્મમેં જલ શોષિત હો જાતા હૈ,...'** એ રાખ છે ને? પાણી શોષાય જાય. **'અથવા જૈસે એક ઊંટનીકે દૂધકે ઘડેમેં શહદકા ઘડા સમા જાતા હૈ,...'** શહદ એટલે મધ, એ મધનો ઘડો સમાય જાય એવો એનો સ્વભાવ છે. ઊંટનું દૂધ ઘડો ભર્યો હોય એટલો જ ઘડો મધનો એમાં નાખી દે તો સમાય જાય. એવો એના દૂધનો સ્વભાવ છે. ઊંટના દૂધનું એવું પોલું પોચું હોય છે. જુઓને! ઊંટનું એવું દૂધ હોય. એ દૂધનો ઘડો ભર્યો હોય, એક ઘડો મધનો નાખો બીજો તો સમાય જાય આખો. એવો એમાં અવકાશ દેવાનો ગુણ છે. ઓહોહો..! સમજાણું? **'અથવા એક ભૂમિઘરમેં ઝોલ, ઘણ્ટા આદિ બહુત બાજોંકા શબ્દ અચ્છી તરહ સમા જાતા હૈ,...'** ઘણા અવાજો નથી આવતા? પચીસ-પચાસ એકસાથે વાજા વાગે. બધા અવાજ ભેગા હોય છે ને? **'એસા હી કથન પરમાગમમેં કહા હૈ...'** સમજાય છે?

**'ઉસી તરહ એક લોકાકાશમેં વિશિષ્ટ અવગાહનશક્તિકે યોગસે અનંત જીવ ઔર અનન્તાનન્ત પુદ્ગલ અવકાશ પાતે હૈં, ઈસમેં વિરોધ નહીં હૈ,...'** જુઓ! આ વ્યવહાર સમકિતનો આ વિષય પણ એની શ્રદ્ધા કર, કહે છે. આહા..! આટલા ક્ષેત્રમાં અનંતા કેમ રહ્યા? અનંત આત્મા, અનંત પરમાણુ. ખબર નથી પડતી? એક રાખના ઘડામાં એક આખો ઘડો પાણી નાખો તો સમાય જાય છે. ઊંટડીનું દૂધ હોય એમાં એક ઘડો મધનો નાખો તો ચૂસી લે. એમ આ લોકમાં અસંખ્ય પ્રદેશમાં અનંતા પરમાણુ, આત્મા પડ્યા છે એમ શ્રદ્ધા કર. વ્યવહાર સમકિતનો વિષય. આટલી પણ જેને શ્રદ્ધામાં ઠેકાણા નથી એને નિશ્ચય સમકિત હોય શકે નહિ.

**'ઈસકા અર્થ ઐસા હૈ કિ એક નિગોદિયા જીવકે શરીરમેં જીવદ્રવ્યકે પ્રમાણસે દિખલાયે ગયે જિતને સિદ્ધ હૈં, ઉન સિદ્ધોંસે અનંત ગુણે જીવ એક નિગોદિયાકે શરીરમેં હૈં,...'** એક નિગોદ કાલે કહ્યું હતું ને? લીલ, ફૂગની એક રાઈ જેટલી કટકી લ્યો. (એમાં) અસંખ્ય તો ઔદારિક શરીર છે. એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંત ગુણા જીવ છે. એટલો અવગાહ પામી જાય છે. અજ્ઞાનીને ટુંકા ક્ષેત્રમાં સમાણા એ બેસતા નથી ને એક આત્મામાં અનંતા ગુણ કેટલા એ પણ બેસતા નથી. અને એકબીજા ભેગા રહ્યા છતાં અડતા નથી એ પણ બેસતું નથી. આહાહા..! આટલા બધા ભેગા રહ્યા એક ક્ષેત્રમાં, એક પ્રદેશ, અસંખ્ય પ્રદેશમાં અનંતા નિગોદના રહ્યા ભેગા છતાં એકબીજાના અડ્યા નથી. કોઈએ પોતાના ગુણને છોડ્યા નથી અને કોઈ કોઈમાં ભળ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઔર નિગોદિયાકા શરીર અંગુલકે અસંખ્યાતવેં ભાગ હૈ, સો ઐસે સૂક્ષ્મ શરીરમેં અનંત જીવ સમા જાતે હૈં,...'** લ્યો! એવા શરીરમાં અનંતા જીવો સમાય જાય છે. **'તો લોકાકાશમેં સમા જાનેમેં ક્યા અચંભા હૈ? અનંતાનંત પુદ્ગલ લોકાકાશમેં સમા રહે હૈં,**

**ઉસકી ઈત્યાદિ ગાથા હૈ. ઉસકા અર્થ યહ હૈ કિ સબ પ્રકાર સબ જગહ યહ લોક પુદ્‌ગલ કાયોંકર અવગાઢગાઢ ભરા હૈ, યે પુદ્‌ગલ કાય અનંત હૈં; અનેક પ્રકારકે ભેદકો ધરતે હૈં,...'** અનંત પ્રકારકે ભેદકો ધરતે હૈં, એ પુદ્‌ગલ એના ભેદને ધરે છે. બે, ચાર, પાંચ, પચ્ચીસ, પચાસ, સંખ્યાત, અનંત આદિ એને કારણે થાય છે. તારે કારણે છે નહિ. '**કોઈ સૂક્ષ્મ હૈં કોઈ બાદર હૈં.**' છે જગતમાં.

'**તાત્પર્ય યહ હૈ કિ યદ્યપિ સબ દ્રવ્ય એક ક્ષેત્રાવગાહકર રહતે હૈં, તો ભી શુદ્ધનિશ્ચયનયકર જીવ કેવલ જ્ઞાનાદિ અનંતગુણરૂપ અપને સ્વરૂપકો નહીં છોડતે હૈં,...'** તોપણ આ ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એવા અનંત ગુણને પોતાના સ્વરૂપથી છોડતો નથી. સમજાણું? '**પુદ્‌ગલદ્રવ્ય અપને વર્ણાદિ સ્વરૂપકો નહીં છોડતા,...**' દેખો! પરમાણુ, પરમાણુ પોતે તેના ગુણને, પર્યાયને કોઈ દિ' છોડતા નથી. '**ઔર ધર્માદિ અન્ય દ્રવ્ય ભી અપને અપને સ્વરૂપકો નહીં છોડતે હૈં.**' છએ આવી ગયા. એક એક શરીરના અનંતા જીવ, એક એક જીવ પોતાના જ્ઞાનાદિ અનંત ગુણને કોઈ દિ' છોડતા નથી. એક શરીરમાં અનંતા જીવ ભેગા, એનો શ્વાસ, આયુષ્ય, આહાર ભેગા. છતાં ભેગાનો અર્થ એકનું નિમિત્તપણે સાથે. છતાં એક આત્મા પોતાના અનંત જ્ઞાનાદિ ગુણને છોડતો નથી. બીજો આત્મા પોતાના ગુણને છોડતા નથી. ન્યાં એક એક રજકણ પોતાના વર્ણ, ગંધ, રસને છોડતો નથી. સમજાણું કાંઈ?

આટલા અંગુલના અસંખ્યમાં ભાગમાં અનંત આત્મા. તેથી અનંત ગુણા પરમાણુ પુદ્‌ગલના કર્મના. એ સિવાય બીજા પુદ્‌ગલો ઘણા. એ દરેકે દરેક આત્મા પોતાના અનંત, જ્ઞાન, દર્શનનું સત્ત્વ, બેહદ જાણવું, દેખવું, આનંદનું તત્ત્વ એણે છોડ્યું નથી. અને એક એક રજકણમાં અનંતા સામાન્ય, વિશેષ ગુણો, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એકસાથે એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંતા ભેગા (રહે). એક એક પરમાણુએ પોતાના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છોડ્યા નથી. છોડે તો પૃથક્ કેમ રહે? પૃથક્ ન રહે તો અનંત કેમ રહે? અનંત રહ્યા છે એનો અર્થ જ કે અનંત પોતાપણે રહ્યા છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન છે આત્મા. કેવળજ્ઞાન સ્વરૂપ કીધું ને? અહીંયાં શું કીધું? નિશ્ચય કેવળજ્ઞાન આદિ અનંત ગુણરૂપ. એક જ્ઞાન, એક દર્શન, એકરૂપ આનંદ આદિ અનંત ગુણરૂપ દરેક દ્રવ્ય આત્મા ભગવાન બિરાજે છે. એક આત્મા કોઈ બીજા આત્માને કામ આવતો નથી. કામ શું આવે? પોતાનો આત્મા છોડીને ક્યાંય જાય છે તો કામ આવે? બીજાનો આત્મા અહીં કામ આવતો. કેમકે એના ગુણ પર્યાય છોડીને ક્યાંય જાતો નથી. શું કામ આવે? કહો, 'ભીખાભાઈ'! છોકરા-બોકરા તો કામ આવે કે નહિ સેવા, ચાકરી કરવામાં? આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં કોને સંગ્રહે? લોકો એમ કહે છે કે, ભાઈ! મરેલો સર્પ પણ કામ (આવે), સંઘર્યો કામ આવે એમ કહે છે ને? ઓલો દાખલો આવે છે ને? .... એમાં એક

સમળી નીકળી. એક રાણી નહાતી હતી અને એનો હાર હતો સવા લાખનો. આમ મુક્યો હતો. નહાતી હતી. એમાં સમળીએ ઉપાડ્યો ન્યાંથી. ઉપાડીને જ્યાં ઓલાપણે આમ જાય છે ત્યાં ઓલો સર્પ દીઠો. કો'કે મરેલો નાખેલો. ત્યાં હાર નાખીને સર્પ ... ઉપાડીને આમ જોવે ત્યાં સર્પને ઠેકાણે હાર. સંઘરેલો સર્પ પણ કામ આવે, એમ માણસ કહે. આવા ને આવા દાખલા. નાની ઉંમરમાં સાંભળતા. હેરાન હેરાન.. સંઘર્યો સાપ પણ કામ આવે. કેમ? કે .... વાત છે. એક રાણી નહાતી હતી, સવા લાખનો હાર હતો. પથરા ઉપર મુકેલો નહાવા વખતે ને એમાં એક સમળી નીકળી અને એક માણસે મરેલો સર્પ હતો પોતાના ઘરમાં ... એમાં ઓલી સમળી નીકળી હાર લઈને. આમ જોયો સર્પ, સર્પને પકડ્યો, હાર મુકી દીધો. સમજાણું કાંઈ? એવી વાત સાંભળતા. નાની ઉંમરમાં આવી બધી સાંભળેલી બહુ, હોં! ઘણી. ગપ્પે ગપ્પા મારે. લોભીયા. એ જાણે કે એને ઠેકાણે હાર મળી જશે. શું મળ્યો? પણ હાર મળ્યો એમાં તને શું મળ્યું? એમ કહે છે. એ હારના રજકણે તને શું આપ્યું? અને એના રજકણે શું ન્યાંથી છોડ્યું? સમજાણું કાંઈ? આહાહા..! આવું સાંભળે તો કોઈ કોઈના રહેશે નહિ. પણ કોઈ કોઈના નથી એ તો વાત ચાલે છે અહીં.

મુમુક્ષુ :- .. વ્યવહાર સમકિત પણ નહિ થાય.

ઉત્તર :- આ શ્રદ્ધા નહિ કર તો વ્યવહાર સમકિતનો વિષય તેં સાચો માન્યો નથી. સમજાણું કાંઈ? આ તો વ્યવહાર સમકિતનો વિષય ચાલે છે.

દરેક દ્રવ્ય પોતાના ક્ષેત્રમાં રહેલા પોતાના ગુણોને છોડીને કોઈના ક્ષેત્રમાં કોઈને કામ આવતા નથી. એવા વસ્તુના અનંત દ્રવ્યો સ્વતંત્ર એક ક્ષેત્રમાં રહેલા છે. એ પ્રમાણે માનવું એને તો હજી વ્યવહાર સમકિતનો વિષય કહે છે. સમજાય છે કાંઈ?

નિશ્ચયમાં તો ભગવાનઆત્મા, જેની એક સમયની પર્યાયમાં આટલું બધું જાણવાની તાકાત! વિકલ્પસહિત એક સમયની પર્યાયમાં આટલું બધું છે એમ જાણવાની તાકાત. એ સિવાયનો આખો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અખંડ આનંદનો કંદ એકરૂપ ગુણનો પિંડ છે, એની અનુભવની પ્રતીત કરવી એનું નામ નિશ્ચય સમ્યક્ છે. આહાહા..! સમજાણું કાંઈ? છએ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતા નથી.

હવે આવ્યું, જુઓ! ઉપકાર કરે તે. છોડતા નથી, મળતા નથી પણ ઉપકાર એટલે નિમિત્તપણે થાય છે. એને નિમિત્તપણે થાય છે. એમાં પણ ખુબી લેશે, હોં! દુઃખમાં ઉપકાર કરે છે, ઈ લેશે. સુખ એ પણ કલ્પનાનું દુઃખ છે. આત્માના આનંદમાં નહિ.

---

**अथ जीवस्य व्यवहारेण शेषपञ्चद्रव्यकृतमुपकारं कथयति, तस्यैव जीवस्य निश्चयेन तान्येव दुःखकारणानि च कथयति –**

**१५२) एयइँ दव्वइँ देहियहँ णिय–णिय–कज्जु जणंति।**
**चउ–गइ–दुक्ख सहंत जिय तेँ संसारु भमंति।।२६।।**

एतानि द्रव्याणि देहिनां निजनिजकार्यं जनयन्ति।
चतुर्गतिदुःखं सहमानाः जीवाः तेन संसारं भ्रमन्ति।।२६।।

एयइं इत्यादि। एयइं एतानि दव्वइं जीवादन्यद्रव्याणि देहियहं देहिनां संसारिजीवानाम्। किं कुर्वन्ति। णियणियकज्जु जणंति निजनिजकार्यं जनयन्ति येन कारणेन निजनिजकार्यं जनयन्ति। चउगइदुक्ख सहंत जिय चतुर्गतिदुःखं सहमानाः सन्तोजीवाः तें संसारु भमंति तेन कारणेन संसारं भ्रमन्तीति। तथा च। पुद्गलस्तावज्जीवस्य स्वसंवित्तिलक्षणविभावपरिणामरतस्य व्यवहारेण शरीरवाङ्मनःप्राणापाननिष्पत्तिं करोति, धर्मद्रव्यं चोपचरितासद्भूतव्यवहारेण गतिसहकारित्वं करोति, तथैवाधर्मद्रव्यं स्थितिसहकारित्वं करोति, तेनैव व्यवहारनयेन आकाशद्रव्यमवकाशदानं ददाति, तथैव कालद्रव्यं च शुभाशुभपरिणामसहकारित्वं करोति। एवं पञ्चद्रव्याणामुपकारं लब्ध्वा जीवो निश्चयव्यवहाररत्नत्रयभावनाच्युतः सन् चतुर्गतिदुःखं सहत इति भावार्थः।।२६।।

---

आगे जीवका व्यवहारनयकर अन्य पाँचों द्रव्य उपकार करते हैं, ऐसा कहते हैं, तथा उसी जीवके निश्चयसे वे ही दुःखके कारण हैं, ऐसा कहते हैं –

**गाथा – २६**

अन्वयार्थ :– [ एतानि ] ये [ द्रव्याणि ] द्रव्य [ देहिनां ] जीवोंके [ निजनिजकार्यं ] अपने अपने कार्यको [ जनयंति ] उपजाते हैं, [ तेन ] इस कारण [ चतुर्गतिदुःखं सहमानाः जीवाः ] नरकादि चारों गतियोंके दुःखोंको सहते हुए जीव [ संसारं ] संसारमें [ भ्रमंति ] भटकते हैं।

भावार्थ :– ये द्रव्य जो जीवका उपकार करते हैं, उसको दिखलाते हैं। पुद्गल तो आत्मज्ञानसे विपरीत विभाव परिणामोंमें लीन हुए अज्ञानी जीवोंके व्यवहारनयकर शरीर, वचन, मन, श्वासोश्वास, इन चारोंको उत्पत्ति करता है, अर्थात् मिथ्यात्व, अव्रत, कषाय, रागद्वेषादि विभावपरिणाम हैं, इन विभाव परिणामोंके योगसे जीवके पुद्गलका सम्बन्ध हैं, और पुद्गलके संबन्धसे ये हैं, धर्मद्रव्य उपचरितासद्भूत व्यवहारनयकर गतिसहायी है। अधर्मद्रव्य स्थितिसहकारी है, व्यवहारनयकर आकाशद्रव्य अवकाश (जगह) देता है, और कालद्रव्य शुभ–अशुभ परिणामोंका सहायी है। इस तरह ये पाँच द्रव्य सहकारी हैं। इनकी सहाय पाकर ये जीव निश्चय व्यवहाररत्नत्रयकी भावनासे रहित भ्रष्ट होते हुए चारों गतियोंके दुःखोंको सहते हुए संसारमें भटकते हैं, यह तात्पर्य हुआ।।२६।।

---

હવે, બાકીના પાંચ દ્રવ્યો જીવને વ્યવહારથી ઉપકાર કરે છે, એમ કહે છે અને તે જ જીવને નિશ્ચયથી તેઓ જ દુઃખના કારણો છે, એમ કહે છે :–

**ભાવાર્થ : પુદ્‌ગલદ્રવ્ય તો, સ્વસંવેદનથી વિલક્ષણ વિભાવપરિણામમાં રત જીવને વ્યવહારથી શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્‌વાસ નિપજાવે છે અને ધર્મદ્રવ્ય ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી ગતિમાં સહકારી છે તેમ જ અધર્મદ્રવ્ય સ્થિતિમાં સહકારી છે, તે જ વ્યવહારનયથી (ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયથી) આકાશદ્રવ્ય અવકાશદાન આપે છે તેમ જ કાળદ્રવ્ય શુભાશુભ પરિણામોમાં સહકારી છે.**

**એ પ્રમાણે પાંચ દ્રવ્યોને [1]ઉપકાર (ઉદાસીન નિમિત્ત) પામીને જીવ નિશ્ચયવ્યવહારરત્નત્રયની ભાવનાથી ભ્રષ્ટ થયેલો ચાર ગતિના દુ:ખને સહે છે, એવો ભાવાર્થ છે. ૨૬.**

---

## ગાથા-૨૬ ઉપર પ્રવચન

**'આગે જીવકા વ્યવહારનયકર અન્ય પાંચોં દ્રવ્ય ઉપકાર કરતે હૈં, એસા કહતે હૈં, તથા ઉસી જીવકે નિશ્ચયસે વે હી દુ:ખકે કારણ હૈં, એસા કહતે હૈં –'** જોયું? ઉપકાર કરે છે એ દુ:ખના કારણ છે, દુ:ખના નિમિત્ત છે. આરે..! ભારે, ભાઈ!

**૧૫૨) एयइँ दव्वइँ देहियहँ णिय–णिय–कज्जु जणंति।**
**चउ–गइ–दुक्ख सहंत जिय तैं संसारु भमंति।।२६।।**

**एतानि द्रव्याणि देहिनां निजनिजकार्यं जनयन्ति।**
**चतुर्गतिदुःखं सहमानाः जीवाः तेन संसारं भ्रमन्ति।।२६।।**

**અન્વયાર્થ :– 'યે દ્રવ્ય જીવોંકે અપને અપને કાર્યકો ઉપજાતે હૈં, ઈસ કારણ નરકાદિ ચારોં ગતિયોંકે દુ:ખોંકો સહતે હુએ જીવ સંસારમેં ભટકતે હૈં.'** એ બિચારા ધર્માસ્તિ સહાય કરે, શરીર આદિ પુદ્‌ગલો બનાવે એના નિમિત્તે દુ:ખી થઈને રખડી રહ્યો છે, એમ કહે છે. આહાહા..!

**ભાવાર્થ :– 'યે દ્રવ્ય જો જીવકા ઉપકાર કરતે હૈં, ઉસકો દિખલાતે હૈં. પુદ્‌ગલ તો આત્મજ્ઞાનસે વિપરીત વિભાવ પરિણામોંમેં લીન હુએ અજ્ઞાની જીવોંકે...'** ભગવાનઆત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાનમાં પોતાનું પોતે દાન આપે. વસ્તુ ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ, અનંત ગુણનું ધામ ભગવાન, એમાં અંતર દૃષ્ટિ ને સ્થિરતા કરતા ભગવાનઆત્મા પોતે પોતાના જ્ઞાન ને આનંદનું દાન આપે ને પોતે લે. એ તો સમ્યગ્જ્ઞાનમાં હોય છે. એનાથી આ ઊલટુ. છે ને? આત્મજ્ઞાનસે ઉલટુ અજ્ઞાનમાં અજ્ઞાનીને શું થાય છે? **'વિભાવ પરિણામોંમેં લીન હુએ...'** જોયું? જે સ્વભાવ જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ છે

---

૧ લૌકિકમાં 'ઉપકાર' અર્થ અન્યનું ભલું કરવું એવો છે પણ તે તાત્ત્વિક અર્થ નથી. 'ઉપકાર કરે છે' એનો અહીં તાત્ત્વિક અર્થ એ છે કે 'ઉદાસીન નિમિત્ત થાય છે.'

એમાં લીન થઈને તો આત્મામાંથી આનંદ ને જ્ઞાનનું દાન મળે છે. એ આત્મા દાતા (છે), દાનનો આનંદનો દાતા છે. એવા ભગવાનઆત્માની અંતર દૃષ્ટિ કરતા આત્મા આનંદનો દાતા તે પર્યાયને આનંદ આપે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે શું કહ્યું? કે, પરનું અસ્તિત્વ ને પરના કાર્યો મારામાં નહિ, રાગનું અસ્તિત્વ ને રાગનું કાર્ય મારામાં નહિ. એવો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ, એની દૃષ્ટિ ને આશ્રય કરતાં એમાંથી જ્ઞાનના કાર્ય થાય. ઓલા રાગના ને પરના નહિ, પરના તો અમથાય નહોતા. પણ આ રાગના કાર્ય થતાં એને ઠેકાણે જ્ઞાનાનંદના કાર્ય (થાય). જ્ઞાનનું જાણવું, આનંદનું થવું,એ બધા કાર્યો આત્મદાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા આત્મદાનસે વિપરીત, ભાષા જુઓ! ઓહોહો..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાના અસ્તિત્વમાં રહેલા ગુણોની દૃષ્ટિ કરતા, મારા હોવાપણામાં તો વિકાર ને પરપણાનો અભાવ છે, એવો જે આત્મા, એવા આત્માની દૃષ્ટિ ને જ્ઞાન કરતા એ આત્મા તો જ્ઞાનનું જાણવાનું કામ કરે. ઓલું રાગનું કાર્ય ને પરનું કાર્ય છોડી દીધું. જાણવાનું કામ કરે ત્યાં આનંદનું કામ ભેગું થાય છે, એમ કહે છે. આહાહા..! રાગનું કામ કરતો ત્યાં આકુળતાનું કામ ભેગું હતું. પરના કામ માનતો ત્યારે માન્યતાની મિથ્યાધારી દુઃખનું કામ વેદન ભેગું હતું. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, જેને માથે વર્ણવ્યો છે ને? અમૂર્ત અને શુદ્ધ. એને આત્મા કહ્યો ને? એ આત્માની જ્યાં દૃષ્ટિનું હોવાપણું આવું છે એમ જ્યાં થયું, ત્યારે તો એને આત્મદાન થયું. એનું જ્ઞાનનું જાણવું, આનંદનું થવું, શાંતિનું થવું, અસ્તિત્વ, વીર્યનું સ્વરૂપની રચનારૂપ થવું, એવું જે દાન, સ્વરૂપની પર્યાયમાં દાન થયું પોતાનું. એ તો સ્વભાવ વસ્તુ થઈ. કારણ કે, એમાં વિકારનું, પરનું હોવાપણું નથી એવા આત્માએ આત્માને આ રીતે દાન પોતાને કર્યું. સમજાણું કાંઈ? એનાથી વિપરીત, '**વિભાવ પરિણામોંમેં લીન હુએ...**' દેખો! વિકારી પરિણામમાં લીન થયો એ એણે દુઃખનું દાન આપ્યું. એવા અજ્ઞાની જીવોને વ્યવહારથી આ ઉપકારી (છે), એમ કહ્યું, જુઓ! ભાષા શું કહી? વિભાવમાં લીન છે તેને ઓલા દુઃખમાં નિમિત્ત થાય છે. નિમિત્ત દુઃખમાં ઉપકાર કરે છે. સમજાણું કાંઈ?

જેણે ભગવાનઆત્માનો અનંત જ્ઞાનાનંદ સ્વભાવ હોવાપણે વસ્તુ છે એમ દૃષ્ટિ કરી નથી અને પુણ્ય-પાપના વિકારની વૃત્તિઓ તેટલો હું એમ માન્યું છે, એવા વિભાવમાં લીન થઈ ગયેલો. એવાને, '**અજ્ઞાની જીવોંકે વ્યવહારનયકર શરીર, વચન, મન, શ્વાસોશ્વાસ, ઈન ચારોંકો ઉત્પત્તિ કરતા હૈ,...**' દેખો! કારણ કે વિભાવમાં લીન છે એને આ પુદ્ગલો નિમિત્તરૂપે આ શરીર ને વાણી ઉત્પન્ન થાય છે, જ્ઞાનીને ઉત્પન્ન થતાં નથી. આહાહા..! જ્ઞાનીને સ્વભાવમાં લીનતાથી શાંતિ ને આનંદની ઉત્પત્તિ થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ ?

ધર્મીને પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ જ્ઞાન એવા દ્રવ્યની દૃષ્ટિનું ભાન હોવાથી એને તો આનંદનું દાન છે. સમજાણું કાંઈ? એથી એને એમાં બીજા નિમિત્તોનો અભાવ છે. જેને

વિભાવનું દાન છે તેને આ બધા નિમિત્તોનો સદ્ભાવ છે, એમ કહે છે. વાહ! સમજાણું આમાં? અજ્ઞાની વિભાવ પરિણામમાં લીન થઈ ગયેલા. સ્વભાવમાં લીન થયા એને તો ઓલા ઉત્પન્ન થતાં નથી એટલે દુઃખમાં નિમિત્ત નથી. અને સુખમાં નિમિત્ત તો એ છે નહિ. સુખમાં કારણ તો આત્મા છે. પોતે જ છે. આહાહા..! પણ વિભાવમાં લીન થયા એટલે દુઃખમાં લીન થયા, એમ કહે છે. એને '**વ્યવહારનયકર શરીર, વચન, મન, શ્વાસોશ્વાસ, ઈન ચારોંકો ઉત્પત્તિ કરતા હૈ,...**' એને ઉત્પત્તિ જડની થાય. આહાહા..!

'**અર્થાત્ મિથ્યાત્વ, અવ્રત, કષાય, રાગદ્વેષાદિ વિભાવપરિણામ હૈં, ઈન વિભાવ પરિણામોંકે યોગસે જીવકે પુદ્ગલકા સમ્બન્ધ હૈં,...**' લ્યો! એ વિભાવને કારણે ઓલો સંબંધ થાય છે. શરીર, વાણી એને ઉત્પન્ન થાય છે, નિમિત્ત તરીકે, હોં! ઊપજવું તો એને કારણે છે. '**ઔર પુદ્ગલકે સંબન્ધસે યે હૈં,...**' પુદ્ગલના સંબંધે શરીર, વાણી ને શ્વાસ છે. એ દુઃખી અજ્ઞાની પ્રાણીને નિમિત્ત છે. ધર્મીને એ નિમિત્ત નથી, ધર્મીને તો આનંદમાં આત્મા નિમિત્ત એટલે કારણ છે. સમજાણું? '**ધર્મદ્રવ્ય ઉપચરિતઅસદ્ભૂત વ્યવહારનયકર ગતિસહાયી હૈ.**' લ્યો! આવા દુઃખમાં (નિમિત્ત) માટેની વાત કરે છો, હોં! અહીંયાં. એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ને? એમ કહે છે. ગતિસહાયી છે.

'**અધર્મદ્રવ્ય સ્થિતિસહકારી હૈ,...**' ગતિમાં, દુઃખમાં ન્યાં ઠરે છે ને. એમાં નિમિત્ત છે. '**વ્યવહારનયકર આકાશદ્રવ્ય અવકાશ (જગહ) દેતા હૈ, ઔર કાલદ્રવ્ય શુભ-અશુભ પરિણામોંકા સહાયી હૈ.**' દેખો! વિભાવમાં લીન એને કાલદ્રવ્ય શુભાશુભ પરિણામમાં નિમિત્ત છે. '**ઈસ તરહ યે પાંચ દ્રવ્ય સહકારી હૈં. ઈનકી સહાય પાકર યે જીવ નિશ્ચય વ્યવહારરત્નત્રયકી ભાવનાસે રહિત ભ્રષ્ટ હોતે હુએ ચારોં ગતિયોંકે દુઃખોંકો સહતે હુએ સંસારમેં ભટકતે હૈં,...**' કઈ શૈલીથી વાત કરી છે, જુઓને! આહાહા..! વિભાવમાં લીન થયેલો, એને શરીર, વાણી, મન ઉત્પત્તિ થાય એને દુઃખમાં કાળના પરિણામ નિમિત્ત છે. એને ગતિમાં ધર્માસ્તિ નિમિત્ત છે, ગતિમાં દુઃખના ટકી રહે ત્યાં એને અધર્માસ્તિ નિમિત્ત છે. આવી રીતે દુઃખમાં નિમિત્ત છે. એને આ રીતે ઉપકાર કર્યા કહેવામાં આવે છે. વસ્તુની દૃષ્ટિ થતાં એક પણ નિમિત્ત-બિમિત્ત એમાં છે નહિ. એટલે એ જ્ઞાનમાં જ્ઞેય છે એમ થઈ ગયું. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, પોષ સુદ ૭, ગુરુવાર**
**તા. ૩૦-૧૨-૧૯૬૫, ગાથા-૨૬ થી ૨૮, પ્રવચન નં. ૯૦**

'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની ૨૬મી ગાથાનો છેલ્લો ભાગ છે, જુઓ! આ આત્મા પોતાનું આત્મજ્ઞાન, શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા, એનું અંતર્મુખ જ્ઞાન કર્યા વિના... સમજાય છે કાંઈ? આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ એનું અંતર્મુખ સ્વભાવનું જ્ઞાન કર્યા વિના અનાદિ કાળથી વિભાવમાં લીન જે અજ્ઞાની જીવ છે, એને પુદ્‌ગલનો સંબંધ પોતે વર્તમાન કરે છે એથી એને નવા પુદ્‌ગલનો સંબંધ થાય છે. શું કહ્યું? કે, જે જીવ આત્મજ્ઞાન રહિત, એમ પાઠમાં છે. આ આત્મા સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું અંતર્મુખ થઈને આત્માનું જ્ઞાન કરે એને વર્તમાન પુદ્‌ગલનો નિમિત્તનો સંબંધ પણ નથી કે જેથી નવા પાછા કર્મનો, પુદ્‌ગલનો સંબંધ થાય એવું પણ નથી. પણ જે કોઈ આત્મજ્ઞાન રહિત વિભાવમાં લીન છે-પુણ્ય ને પાપના વિકલ્પના વિભાવમાં લીન છે (તેને પુદ્‌ગલ કર્મનો સંબંધ થાય છે). સ્વભાવની દૃષ્ટિમાં લીન છે એને સંબંધ નથી.

જે ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એમાં જે લીન નથી અને જે પુણ્ય ને પાપના વિકલ્પ વિકારમાં લીન છે, એને અજ્ઞાનીને વ્યવહારે શરીર, વચન, મન ને શ્વાસ ચારેની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? અને એ ઉત્પત્તિમાં પુદ્‌ગલનું નિમિત્ત-ઉપકાર કહેવામાં આવે છે. દુઃખમાં ઉત્પત્તિનું નિમિત્ત છે એ, દુઃખમાં કારણ છે. સમજાણું કાંઈ? અને એ જ દુઃખમાં જેણે પુદ્‌ગલનો સંબંધ કર્યો એને જ આ જાતના શરીર, વાણી, મન ને શ્વાસનો સંબંધ થયો. એને ધર્મ દ્રવ્ય ઉપચારે વ્યવહારનય ગતિસહાય છે. એ શૈલી અહીં લીધી છે. અધર્મદ્રવ્ય સ્થિતિસહાય છે. ચાર ગતિમાં પુદ્‌ગલના સંબંધના વિભાવમાં લીન થયેલો, એને પુદ્‌ગલનો સંબંધ એને દુઃખના કારણમાં પુદ્‌ગલ થયું અને ધર્માસ્તિ પણ ગતિમાં દુઃખનું કારણ થયું અને અધર્માસ્તિ દુઃખના કારણમાં સ્થિતિ થઈ.

'**વ્યવહારનયકર આકાશદ્રવ્ય અવકાશ (જગહ) દેતા હૈ,...**' એ દુઃખમાં, જેને પરનો સંબંધ એને આકાશ દુઃખમાં અવગાહ દે છે. નરકમાં રહેવું આદિ આકાશ અવગાહ દે છે. ચાર ગતિના દુઃખમાં રહેવું એને આકાશ અવગાહ દે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર કાલદ્રવ્ય શુભ-અશુભ પરિણામોંકા સહાયી હૈ.**' પુણ્ય ને પાપ, શુભ ને અશુભ ભાવ થાય એમાં કાળદ્રવ્ય નિમિત્ત છે. વિભાવમાં લીન જીવને આ નિમિત્ત કારણો દુઃખના કહેવામાં આવ્યા છે. જ્ઞાનીને એ દુઃખ નથી. જ્ઞાની, આત્મ સ્વરૂપની દૃષ્ટિમાં આત્મજ્ઞાન છે એથી એને પુદ્‌ગલનો વર્તમાન સંબંધ નથી, સ્વભાવ સંબંધ છે, એથી એને શરીર, વાણી, મન, શ્વાસની ઉત્પત્તિ નથી. એને શાંતિની અંતર ઉત્પત્તિ છે. એથી એને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એને દુઃખમાં જે નિમિત્ત હતા એ આને છે નહિ. વાહ..! ભારે શૈલી કરી આ. છેલ્લું કાલ આવ્યું હતું, છેલ્લું. કાલ વાત હવે, કીધું. સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ'ની ટીકા જ એવી છે, જુઓને! અને પાઠ જ એવો છે. '**एयइँ दव्वइँ देहियहँ णिय-णिय-कज्जु जणंति। चउ-गइ-दुक्ख सहंत**' જોયું ને? એને કીધું. '**जिय तैं संसारु भमंति।**' સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વરૂપ સન્મુખની દૃષ્ટિ કરી અને આત્મજ્ઞાન સમ્યગ્દર્શન, જ્ઞાન પામ્યો એને તો વર્તમાન સ્વભાવનો સંબંધ છે, એને પુદ્ગલનો સંબંધ નથી. તેથી દુઃખ નથી, જેથી દુઃખમાં નિમિત્ત કારણ જ્ઞાનીને નથી. એને પોતાનું જ્ઞાન થતાં એ જ્ઞાનમાં નિમિત્ત કારણ થયું કે એ ચીજ છે, એમ જ્ઞાનમાં જણાણું. સમજાય છે કાંઈ? વાહ! બીજી ઢબે વાત કરી છે. કાલ જરી ખ્યાલમાં આવ્યું હતું પણ કીધું, કાલ વાત. વખત થઈ ગયો હતો ને. સમજાણું કાંઈ?

પ્રભુ આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ આત્મા છે. સત્-શાશ્વત્ જ્ઞાન ને આનંદનું સ્વરૂપ એનું આત્માનું છે. એમાં જેની દૃષ્ટિની, જ્ઞાનની લીનતા છે એને તો કાંઈ શરીર આદિની ઉત્પત્તિ છે જ નહિ. એને તો શાંતિની જ ઉત્પત્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડુંક જરીક દુઃખ રહ્યું એ પણ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. અને એને લઈને શરીરની કોઈ ઉત્પત્તિ થાય એ પણ જ્ઞાનમાં જ્ઞેયમાં જાય છે. અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળનું નિમિત્ત છે એ જ્ઞાનમાં જ્ઞેયમાં જાય છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં પ્રેમ કેમ નથી થતો?

ઉત્તર :- ક્યાં એને ખબર ક્યાં છે કે, આ તે કોણ છું? જેના એક સમયમાં અત્યારે રાગ સહિત જ્ઞાન હોય તોપણ જેને અનંત અનંત ક્ષેત્રની હદ નથી એનું જ્ઞાન અત્યારે થાય છે. થાય છે કે નહિ? એક સમયનું જ્ઞાન, ભલે ઉપયોગ અસંખ્ય સમયનો છે રાગવાળો, પણ એમાં અસંખ્યમાં અનંત આકાશ અમાપ છે એની આસ્થાનું જ્ઞાન અહીંયાં જ્ઞાનમાં થાય છે. અનાદિ છું અને જેવો અનાદિ છે, અનાદિ છું, અનંત છે એવું પણ જ્ઞાનની પર્યાયમાં થાય છે, એ ત્રણકાળ જ્ઞાનમાં સમાય જાય છે. આહાહા..!

જ્ઞાનનો વર્તમાન... ધ્યાન રાખીને સાંભળવા જેવી વાત છે. જ્ઞાનનો જે ઉપયોગ છે રાગવાળો છતાં અસંખ્ય સમયનો ભલે હો પણ એનો ભાગ પાડતા એક સમયમાં અનંતું જ આવી જાય છે. એ રાગના જ્ઞાનમાં પણ આકાશની અનંતતા, કાળની આદિ રહિતતા, અંત રહિતતા, અનંત દ્રવ્યો વસ્તુ છે, તેના અનંતા અનંત ગુણો છે, એની અનંતી પર્યાય છે, એવો અસંખ્ય સમયના ઉપયોગના જ્ઞાનના વેપારમાં પણ એટલું ખ્યાલમાં જ્ઞાન લઈ શકે છે. સમજાણું કાંઈ આમાં? એના એક સમયના જ્ઞાનમાં એટલું બધું આવી ગયું છે. એનો રાગ કાઢી નાખો અને જ્યારે આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં પરિણમીને પૂર્ણ દશાને પ્રાપ્ત કરે, એના જ્ઞાનમાં અનંતું ત્રણકાળ ત્રણલોક એક સમયમાં જણાય એમાં કોઈ વિશેષતા નથી. આહાહા..! શું કહ્યું? આ માહાત્મ્ય નથી આવતું એની વાત ચાલે છે આ.

અરે..! આવો પદાર્થ, આહા..! જેનું વર્તમાન જ્ઞાન રાગવાળુ હોવા છતાં, અટકેલું જ્ઞાન, અટકેલું છતાં આટલું એક ક્ષણમાં જેના ખ્યાલમાં નિઃસંદેહ ખ્યાલમાં એવું જ્ઞાન આવે છે. સમજાય છે કાંઈ? એવા જેને રાગ વિનાની એકલી જ્ઞાનની દશા થાય એનામાં તો

ત્રણકાળ, ત્રણલોક છે એથી અનંતગણું હોય તો જાણી શકે એવી તાકાત (છે), એવા એવા અનંતી પર્યાયરૂપ પરમાત્મ દશા એના એક જ્ઞાનગુણમાં રહેલી છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? એ જ્ઞાનગુણમાં એવી અનંતી પરમાત્મપર્યાય, સર્વજ્ઞપર્યાય આ ગુણમાં, જ્ઞાનમાં રહેલી છે. એવો જ્ઞાનનો ધરનાર આત્મા એની મહિમા ન આવે ત્યાં સુધી એને પુણ્ય-પાપ ને પરની મહિમા છૂટે નહિ. સમજાણું કાંઈ? એવા એવા તો અનંત ગુણનો ધરનાર ભગવાન છે. ભાઈ! આત્મા એટલે શું? મહાપદાર્થ મોટો પ્રભુ. એવા એક ગુણની વાત કરી એવા તો અનંત ગુણમાં અનંતું સામર્થ્યવાળું (તત્ત્વ છે). એવું જ્યાં અંતર માહાત્મ્ય આવ્યું, કહે છે કે, આત્મજ્ઞાન થયું, વિકલ્પની, રાગની એકતા તૂટી ગઈ. એને પુદ્ગલનો સંબંધ નથી, તેને વિભાવમાં લીનતા નથી, તેને ચાર દ્રવ્યો દુઃખમાં નિમિત્ત હતા એ આને જ્ઞાનમાં, જ્ઞાનમાં નિમિત્ત રહ્યા હવે. આહાહા..! સમજાણું કાંઈ? પુદ્ગલો પણ જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયા. ભાઈ! એય..! આહાહા..! ભારે શૈલી!

સમ્યક્ આત્મજ્ઞાન જ્યાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ આવો આત્મા હું નિર્વિકલ્પ પૂર્ણાનંદ પ્રભુ છું. એવું જ્યાં જ્ઞાન થયું તેને હવે અનંતા પુદ્ગલો જ્ઞાનમાં પોતાને જાણતા જણાય એમાં નિમિત્તરૂપે રહ્યા. હવે કર્મ થોડું બાકી (રહ્યું છે) એ પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપે નિમિત્ત તરીકે રહ્યું. અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે નિમિત્ત રહ્યા. આહાહા..! બલિહારી રે પ્રભુ! તારા જ્ઞાનની એમ કહે છે. સમજાણું કાંઈ? અને જે આત્માના જ્ઞાન વિના જેની પુણ્ય-પાપના વિકલ્પના રાગમાં એકતા ને લીનતા છે, એવા અજ્ઞાનીને પુદ્ગલનો સંબંધ લક્ષ છે માટે એને શરીર, વાણી, મન, શ્વાસનો પુદ્ગલ ઉપકાર કરે છે. એને દુઃખના નિમિત્તો જોઈએ છે ને દુઃખ, દુઃખ છે. આત્માને લક્ષે દુઃખ હોય શકે નહિ. પરને લક્ષે દુઃખ કરે છે પોતાને કારણે. એથી એને શરીર, વચન, મન ને શ્વાસની ઉત્પત્તિ થાય છે. આહાહા..! સમજાય છે?

એનો સંબંધ '**વિભાવ પરિણામે યોગસે જીવકે પુદ્ગલકા સમ્બન્ધ હૈં,...**' જુઓ! એને પુદ્ગલનો સંબંધ છે. '**ઔર પુદ્ગલકે સંબન્ધસે યે હૈં,...**' શરીર આદિ. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એના સંબંધે જ્ઞાન, દર્શન ને શાંતિની ઉત્પત્તિ થાય. એમાં શરીર, વાણી, શ્વાસ ને મનની ઉત્પત્તિ હોય નહિ. સમજાણું કાંઈ? એથી કહે છે, '**ઇનકી સહાય પાકર યે જીવ નિશ્ચય વ્યવહારરત્નત્રયકી ભાવનાસે રહિત ભ્રષ્ટ હોતે હુએ...**' અહો..! એ બાજુના સંબંધમાં પોતાના સંબંધથી ભ્રષ્ટ થયેલો એમ કહે છે. પુદ્ગલ અને બહારના સંબંધમાં દુઃખી થયેલો, સ્વભાવના સંબંધથી રહિત થયેલો એ પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થયો, નિશ્ચય અને વ્યવહાર સમ્યક્ત્વથી. '**ચારોં ગતિયોંકે દુઃખોંકો સહતે હુએ સંસારમેં ભટકતે હૈં,...**' સંસારમાં રખડે છે. સમજાણું કાંઈ આમાં? ઓહોહો..!

આ તો 'તત્ત્વાર્થસૂત્ર'નો ઉપકારનો ખુલાસો કરી નાખ્યો. પુદ્ગલ ઉપકાર કરે છે, આવે છે ને? આહાહા..! ભગવાને ઉપકાર કર્યો આત્માનો પોતે પોતાને. શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ જ્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં લક્ષમાં લીધો અને આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થયા, કહે છે

કે, એને સંબંધ તો રહ્યો ભગવાનઆત્મા સાથે. એને પુદ્ગલ સાથે દુઃખનો સંબંધ રહ્યો નહિ. તેથી ધર્માસ્તિ આદિ પણ જે દુઃખના નિમિત્ત આ પરના સંબંધે એ પર સંબંધ હતા, એ સંબંધમાં એ સંબંધ રહ્યો નહિ એની સાથે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધું મટી ગયું?

ઉત્તર :- બધું મટી ગયું ને બધું થયું. આ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અનંત ગુણનું એકરૂપ (છે) એવી અંતર દૃષ્ટિ થતાં, અંતર જ્ઞાન થતાં કહે છે કે (જે) કાંઈ છે એ બધું જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહી ગયું. આહાહા..! સમજાણું? પણ એ આત્માના જ્ઞાન અને ભાન વિના જેની લીનતા વિકૃતભાવ ક્ષણિક કૃત્રિમ ઉપાધિ દુઃખરૂપ ભાવમાં લીનતા છે, એને ચાર ગતિના કારણમાં શરીર, શ્વાસ ગતિ આદિ પુદ્ગલ ઉત્પન્ન કરે છે. દુઃખના નિમિત્ત તરીકે છે એ. આહાહા..! સમજાણું કાંઈ? દુઃખનું ઉપાદાન તો રાગમાં ને વિભાવમાં લીનતા એ એનું કારણ છે, એમ કહે છે. સમજાણું આમાં?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમાં લીન નહિ (થઈને), એ વિકારમાં લીન થયેલો પુણ્ય-પાપના વિભાવમાં એકાકાર થયેલો, એને પુદ્ગલ નિમિત્ત તરીકે દુઃખમાં કારણ થયા. શરીર, વાણી ને શ્વાસ ઉપજ્યા. એનાથી કાંઈ આત્માની શાંતિ ઉપજે નહિ. આહાહા..! કથનની પદ્ધતિ 'પરમાત્મપ્રકાશ'... સમજાણું કાંઈ? એટલે કે જ્યાં ભગવાનઆત્મા પૂર્ણ આનંદ સ્વરૂપનો પ્રકાશ જ્યાં દૃષ્ટિમાં નથી, એને પુણ્ય-પાપના ભાવમાં જેની લીનતા છે, એને આ પુદ્ગલ આદિ પાંચ દ્રવ્ય દુઃખમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? જેને ભગવાનઆત્મા સમ્યગ્દર્શન જ્ઞાનમાં 'પરમાત્મપ્રકાશ' પ્રતીતિનું ભાન થયું, એને પાંચે દ્રવ્યનું જ્ઞાન વર્તે છે, જ્ઞાનમાં જ્ઞાન તરીકે છે જ્ઞેય. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાની એની સહાય પામી એ જીવ ચાર ગતિઓના દુઃખોને સહે છે. પરના સંબંધે સ્વભાવના સંબંધથી ભ્રષ્ટ થયેલો. એમ. સમજાય છે કાંઈ? ચાર ગતિના દુઃખને સહે ને ભટકે છે. એ તાત્પર્ય છે. લ્યો! ૨૬નું તાત્પર્ય. સમજાણું કાંઈ?

---

**अथैवं पञ्चद्रव्याणां स्वरूपं निश्चयेन दुःखकारणं ज्ञात्वा हे जीव निजशुद्धात्मोपलम्भलक्षणे मोक्षमार्गे स्थीयत इति निरूपयति –**

**१५३) दुक्खहँ कारणु मुणिवि जिय दव्वहँ एहु सहाउ।**
**होयवि मोक्खहँ मग्गि लहु गम्मिज्जइ पर-लोउ।।२७।।**

**दुःखस्य कारणं मत्वा जीव द्रव्याणां एतत्स्वभावम्।**
**भूत्वा मोक्षस्य मार्गे लघु गम्यते परलोकः।।२७।।**

**दुक्खहं कारणु दुःखस्य कारणं मुणिवि मत्वा ज्ञात्वा जिय हे जीव। किं दुःखस्य कारणं ज्ञात्वा दव्वहं एहु सहाउ द्रव्याणामिमं शरीरवाङ्मनःप्राणापाननिष्पत्यादिलक्षणं पूर्वोक्तस्वभावम्। एवं पुद्गलादिपञ्चद्रव्यस्वभावं दुःखस्य कारणं ज्ञात्वा। किं क्रियते। होयवि भूत्वा। क्व। मोक्खहं मग्गि मोक्षस्य मार्गे लहु लघु शीघ्रं पश्चात् गम्मिज्जइ गम्यते। कः**

कर्मतापन्नः। पर-लोउ परलोको मोक्ष। इति तथाहि। वीतरागसदानन्दैकस्वाभाविक-सुखविपरीतस्याकुलत्वोत्पादकस्य दुःखस्य कारणानि पुद्गलादिपञ्चद्रव्याणि ज्ञात्वा हे जीव भेदाभेदरत्नत्रयलक्षणे [1]मोक्षस्य मार्गे स्थित्वा परः परमात्मा तस्यावलोकनमनुभवनं परमसमरसीभावेन परिणमनं परलोको मोक्षस्तत्र गम्यत इति भावार्थः।।२७।।

आगे परद्रव्योंका संबंध निश्चयनयसे दुःखका कारण है, ऐसा जानकर हे जीव शुद्धात्माको प्राप्तिरूप मोक्ष-मार्गमें स्थित हो, ऐसा कहते हैं –

गाथा – २७

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ द्रव्याणां इमं स्वभावम् ] परद्रव्योंके ये स्वभाव [ दुःखस्य ] दुःखके [ कारणं मत्वा ] कारण जानकर [ मोक्षस्य मार्गे ] मोक्षके मार्गमें [ भूत्वा ] लगकर [ लघु ] शीघ्र ही [ परलोकः गम्यते ] उत्कृष्ट लोकरूप मोक्षमें जाना चाहिये।

भावार्थ :– पहले कहे गये पुद्गलादि द्रव्योंके सहाय शरीर, वचन, मन, श्वासोच्छ्वास आदिक ये सब दुःखके कारण हैं, क्योंकि वीतराग सदा आनंदरूप स्वभावकर उत्पन्न जो अतीन्द्रिय सुख उससे विपरीत आकुलताके उपजानेवाले हैं, ऐसा जानकर हे जीव, तू भेदाभेद रत्नत्रयस्वरूप मोक्षके मार्गमें लगकर परमात्माका अनुभव परमसमरसीभावसे परिणमनरूप मोक्ष उसमें गमन कर।।२७।।

હવે, એ પ્રમાણે નિશ્ચયનયથી પાંચ દ્રવ્યોનું સ્વરૂપ દુઃખનું કારણ જાણીને હે જીવ ! નિજશુદ્ધાત્માની પ્રાપ્તિ જેનું સ્વરૂપ છે એવા મોક્ષમાર્ગમાં સ્થિત થા, એમ કહે છે :

ભાવાર્થ : પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોને એક (કેવળ) વીતરાગ સદાનંદરૂપ સ્વાભાવિક સુખથી વિપરીત આકુળતાના ઉત્પાદક અને દુઃખના કારણો જાણીને હે જીવ ! મોક્ષના ભેદાભેદરત્નત્રય-સ્વરૂપ માર્ગમાં સ્થિત થઈને પર અર્થાત્ પરમાત્મા તેના અવલોકનરૂપ અનુભવનરૂપ-પરમસમરસીભાવે પરિણમનરૂપ-પરલોકની-મોક્ષની તને પ્રાપ્તિ થાય. ૨૭.

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

'આગે પરદ્રવ્યોંકા સંબંધ નિશ્ચયનયસે દુઃખકા કારણ હૈ, ઐસા જાનકર હે જીવ શુદ્ધાત્માકો પ્રાપ્તિરૂપ મોક્ષ-માર્ગમેં સ્થિત હો, ઐસા કહતે હૈં –'

१५३) दुक्खहँ कारणु मुणिवि जिय दव्वहँ एहु सहाउ।
होयवि मोक्खहँ मग्गि लहु गम्मिज्जइ पर-लोउ।।२७।।

અન્વયાર્થ :- 'હે જીવ, 'द्रव्याणां' પરદ્રવ્યોંકે યે સ્વભાવ...' દેખો ! 'द्रव्याणां इमं

૧. પાઠાન્તર :- मोक्षस्य मार्गे = मोक्षमार्गे

**स्वभावम्**' સમજાણું? પરદ્રવ્યનો જે સ્વભાવ. છે ને? '**दव्वहँ एहु सहाउ**' '**પરદ્રવ્યોંકે યે સ્વભાવ દુઃખકે કારણ જાનકર...**' સંબંધ દુઃખનું કારણ માટે એનો સ્વભાવ દુઃખનું કારણ જાણ. પરનો સંબંધ કરવો એ દુઃખરૂપ છે. એથી પરના નિમિત્તને પરનો સ્વભાવ દુઃખ કારણ જાણ એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્માનો સંબંધ એ આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? શુદ્ધ પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા એનો સંબંધ આનંદનું કારણ છે. આ પરદ્રવ્યના સ્વભાવો દુઃખમાં નિમિત્ત કારણ છે. દુઃખકે કારણ એટલે નિમિત્ત, હોં! જાણ.

'**મોક્ષકે માર્ગમેં લગકર...**' ભગવાન કહે છે કે, પરનો સંબંધ છોડ અને ભગવાનઆત્મા ચિદાનંદ એનો સંબંધ કર. એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? '**મોક્ષકે માર્ગમેં લગકર...**' વિભાવમાં લીન થયેલાને ચાર ગતિના દુઃખના કારણો મળે છે તો હવે સંબંધ કર ભગવાનઆત્માનો. શુદ્ધ જ્ઞાનમૂર્તિ, જેના પ્રકાશ આનંદ આદિનો પાર ન મળે એવો સ્વભાવ, એનો સંબંધ કરીને. સંબંધ કરવો એટલે જ મોક્ષનો માર્ગ થયો. આહાહા..! અહીં સંબંધ કરવો એ જ બંધનો માર્ગ થયો. સમજાણું કાંઈ?

'**મોક્ષકે માર્ગમેં લગકર શીઘ્ર હી ઉત્કૃષ્ટ લોકરૂપ મોક્ષમેં જાના ચાહિયે.**' બે વાત. ભગવાનઆત્મા, એ વિકારમાં લીન થયેલો પરના સંબંધને પામીને દુઃખી થઈ ચાર ગતિમાં રઝળે છે. એને હવે (કહે છે), ભગવાનઆત્માના સ્વભાવનો સંબંધ તું કર. એ સંબંધ પરનો પણ તેં કર્યો છે. સમજાય છે કાંઈ? એવી વાત શૈલી અહીંયાં લીધી. કર્મે સંબંધ કરાવ્યો છે એમ નહિ. તેં આમ સંબંધ કર્યો છે, એથી દુઃખની દશામાં તું લીન થયેલો છો. એથી બધા પાંચ દ્રવ્યો તને દુઃખમાં નિમિત્ત કારણ છે. તું પોતે પોતાના સ્વભાવ શુદ્ધ ચૈતન્યનો સંબંધ કર. એ સ્વભાવનો સંબંધ તે શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાએ સંબંધ થાય છે. એ સ્વભાવ શુદ્ધ ચૈતન્યનો સંબંધ એ જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. પરનો સંબંધ એ જ મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ-દ્વેષ છે. સમજાણું કાંઈ?

'**પહલે કહે ગયે પુદ્‌ગલાદિ દ્રવ્યોંકે સહાય શરીર, વચન, મન, શ્વાસોચ્છ્‌વાસ આદિક યે સબ દુઃખકે કારણ હૈં,...**' દેખો! એ વાતને વધારે સ્પષ્ટ કરી. પહેલા જે પુદ્‌ગલો (સંબંધમાં આવ્યા) એનું શરીર, વચન, શ્વાસ. આદિ એટલે ધર્માસ્તિની ગતિ, અધર્માસ્તિનું સ્થિરતામાં, કાળનું શુભાશુભ પરિણામમાં નિમિત્ત, આકાશમાં રહેવું એ દુઃખના કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કરવું એમાં એને હાથ આવતું નથી. પણ શું કરે છે એની એને ખબર નથી. શું કીધું? શું કરે છે એની ખબર નથી. કરે છે એ વિકારની ઉત્પત્તિ કરીને તેમાં લીનતા. આખો ભગવાન ચિદાનંદ સ્વભાવનો અનાદર કરી, વિકલ્પની ઉત્પત્તિમાં લાભ માની એટલે મિથ્યાત્વ કરી અને એમાં લીન થાય છે. આ એ કરે છે. સમજાણું કાંઈ?

એ કરે છે એટલે એને પુદ્‌ગલ શરીર, શ્વાસ, વાણી આદિનું નિમિત્ત તરીકે ઉપકાર કરીને દુઃખમાં નિમિત્ત થાય છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? પણ ઊંધો રસ્તો એ કેવો એને ખ્યાલમાં લેવો જોઈએ ને. ઊંધાનો અર્થ એટલો કે જે પરને પોતાનું માનવું અને સ્વને ભૂલી જવું. વિકલ્પ આદિ વિકાર છે તે વિભાવ છે અને પર છે તે જુદા છે, એને પોતાના

માનીને વિભાવમાં લીન છું એ એની ભૂલ. આહાહા..!

એ ભૂલને ટાળવા કહે છે, ભગવાન ચિદાનંદ સ્વરૂપ તારું છે ને! પૂર્ણાનંદથી ભરેલો. એનો સંબંધ કર. એ સંબંધ કેમ થાય? કે, પરના સંબંધને છોડીને જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભગવાન એના તરફની નજર નાખતા સમ્યગ્દર્શનથી એનો આત્માનો સંબંધ થાય. એના તરફના સમ્યગ્જ્ઞાનથી સંબંધ થાય અને એમાં સ્થિરતાના ચારિત્રથી એનો સંબંધ થાય. એટલે સંબંધ થયો એ જ મોક્ષમાર્ગ છે.

એવા મોક્ષમાર્ગમાં લાગ. કેમ? '**ક્યોંકિ વીતરાગ સદા આનંદરૂપ સ્વભાવકર ઉત્પન્ન જો અતીન્દ્રિય સુખ...**' આત્મા વીતરાગ-રાગ વિનાનો સદા આનંદરૂપ સ્વભાવ, એનાથી ઉત્પન્ન અતીન્દ્રિય સુખ, આ પર્યાયની વાત લે છે, હોં! અતીન્દ્રિય વીતરાગ આનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે. વિકલ્પ નામ પુણ્ય-પાપના રાગ વિનાનું આત્માનું આનંદસ્વરૂપ ત્રિકાળ છે, એવા સ્વભાવથી ઉત્પન્ન થયેલું અતીન્દ્રિય સુખ. વર્તમાન. '**ઉસસે વિપરીત (વર્તમાન) આકુલતાકે ઉપજાનેવાલે હૈં,...**' સમજાય છે કાંઈ? કોણ? આ બધા દુઃખના કારણો.

'**પહલે કહે ગયે પુદ્‌ગલાદિ દ્રવ્યોંકે સહાય શરીર, વચન, મન, શ્વાસોચ્છ્‌વાસ આદિક યે સબ દુઃખકે કારણ હૈં, ક્યોંકિ વીતરાગ સદા આનંદરૂપ સ્વભાવકર ઉત્પન્ન જો અતીન્દ્રિય સુખ ઉસસે વિપરીત આકુલતાકે ઉપજાનેવાલે હૈં,...**' સમજાણું કાંઈ? વાહ..! ભગવાનઆત્મા વીતરાગી પરમાનંદની મૂર્તિ આત્મા છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ, હોં! આત્મા વસ્તુ સર્વજ્ઞ વીતરાગ, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ ફરમાવે છે કે, હે આત્મા! આત્મા એટલે શું? તું એટલે કોણ? કે, વીતરાગી પરમાનંદની મૂર્તિ એટલે આત્મા. ભારે વાત, ભાઈ! અહીં તો કોડી કોડીનો ભિખારી થઈને ફરે છે ને. રાંકો થઈને રજળે છે. કહે છે, ભગવાન! પણ તું પોતે વીતરાગ સદા આનંદ (સ્વરૂપ છો). જોયું? ચારિત્ર રાગ રહિત તો સ્થિર પણ સદા આનંદરૂપ તું છો. આહાહા..! એવો સ્વભાવ એ તારું સ્વરૂપ છે, એવો તું છો એવો અનાદિ. કેમ બેસે? એના સંબંધે તો ઉત્પન્ન થયેલું અતીન્દ્રિય સુખ છે. એના સંબંધમાં તો અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થાય. મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય એટલે અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થાય. સમજાય છે કાંઈ? એનાથી ઉલટા આકુળતાના ઉપજાવવાવાળા વિભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ આકુળતાના ઉપજાવનારા વિભાવ અને એમાં કારણો પુદ્‌ગલ આદિ આકુળતાના ઉપજાવવાવાળા છે. એના સંબંધમાં તો આકુળતા ઊપજે છે. ભગવાન આનંદના સંબંધમાં તો અતીન્દ્રિય આનંદ ઉપજે છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**એસા જાનકર...**' એ પાંચ પદાર્થ દુઃખના નિમિત્ત કારણ છે. તું દુઃખ ઉત્પન્ન કરે છો તેમાં એ નિમિત્ત કારણો છે એમ જાણીને, '**હે જીવ, તૂ ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષકે માર્ગમેં લગકર...**' તું હવે, આત્મા સ્વરૂપ અખંડ અભેદ છે, વીતરાગ સ્થિર અને આનંદ સ્વરૂપ ત્રિકાળ શાશ્વત્ છે એની અંદર સંબંધ કર એનો. એમાં દૃષ્ટિ લગાવ, એનું કર જ્ઞાન, એમાં થા સ્થિર. એ અભેદ રત્નત્રય નિશ્ચય મોક્ષમાર્ગ કહેવાય છે. સમજાણું કાંઈ? બહુ વાત મોટી લાગે છે. 'જમુભાઈ'!

કહે છે કે, ભાઈ! તારું ડાકલું આમ વાગે તો દુઃખમાં નિમિત્ત થાય, તારી દશા સ્વભાવને સંબંધ કરે તો એ બધા જ્ઞાનમાં નિમિત્ત કારણ કહેવાય, આ વાત છે અનાદિની, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમાત્માકા અનુભવ...**' મોક્ષ (કહે) છે. માર્ગ ને ફળ બે ભેગું. તારો સંબંધ જો ભગવાનઆત્મા તું છો ને પૂર્ણાનંદથી ભરેલો, એનો સંબંધ (કર તો સુખ થાય). (પુદ્ગલનો સંબંધ કરતાં) તો તને દુઃખ થાય, દુઃખમાં એ નિમિત્ત કારણો કહેવાય. એને છોડીને ભગવાન પૂર્ણાનંદ પ્રભુનો સંબંધ કર તો એનાથી અનાકુળ આનંદની ઉત્પત્તિ થાય. એને અભેદ રત્નત્રય માર્ગ કહેવામાં આવે છે. આહાહા..! એ શુદ્ધ સ્વભાવની પ્રતીતિમાં આનંદનું આવવું, શુદ્ધ સમ્યગ્દર્શન, આત્માના જ્ઞાનમાં આનંદનું આવવું, એમાં સ્થિરતામાં આનંદનું આવવું એવો સ્વભાવ સંબંધ કરીને અભેદ મોક્ષના માર્ગમાં લીન થા. ભેદ રત્નત્રયની વાત કરી કે જોડે એવો વિકલ્પ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્ર આવા સાચા હોય અને છ દ્રવ્ય હોય એની વ્યવહારરૂપ શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. એ સાથે પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. એમ જો કર તો તને પરમાત્માનો અનુભવ, પૂર્ણ સ્વરૂપનું અવલોકન તને થશે. ભગવાન પરમાત્મા પોતે થશે. જ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનમાં પોતે પોતાને અવલોકશે. સમજાણું કાંઈ?

'**પરમાત્માકા અનુભવ પરમસમરસીભાવસે પરિણમનરૂપ...**' કેવો (છે) પરમાત્માનો અનુભવ? પરમસમરસી, પરમ વીતરાગભાવ એવું જે પરિણમન, એ રૂપી મોક્ષ. સમજાય છે કાંઈ? વીતરાગ સ્વભાવ, સદા આનંદરૂપ પ્રભુ આત્મા એના સંબંધે ઉત્પન્ન થયેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનાકુળ આનંદની પર્યાય, એનાથી પૂર્ણ પ્રગટ થયેલો સમરસી, સમભાવરૂપી વીતરાગી ભાવ. સમજાણું? એને મોક્ષ કહેવામાં આવે છે. '**પરમસમરસીભાવસે પરિણમનરૂપ મોક્ષ...**' દેખો! વાહ! શું કહ્યું સમજાણું? પરમસમરસીભાવ એવો વીતરાગ આત્મા, એને અંતરમાં એકાગ્ર થઈને જે વીતરાગી પરિણતિ ઉત્પન્ન કરવી એ અલ્પ સમરસી પરિણતિ છે-મોક્ષમાર્ગ, પૂર્ણ મોક્ષસ્વરૂપ તે પરમસમરસીભાવની પરિણતિ તે મોક્ષ છે. સમજાણું કાંઈ?

'**પરમાત્માકા અનુભવ...**' એટલે? '**પરમસમરસીભાવસે પરિણમનરૂપ મોક્ષ...**' એમ. એ પરમાત્માનો અનુભવ. બહુ જ ટૂંકી ભાષામાં, બહુ જ વસ્તુનું સ્વરૂપ (વર્ણવ્યું છે). સમજાણું કાંઈ? આમ પરના સંબંધે દુઃખી થઈને ચાર ગતિમાં રહ્યો. પુદ્ગલે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળે ઉપકાર કર્યો દુઃખમાં. આહાહા..! તું જ પોતાના પરમાનંદ સ્વભાવની અંતરમાં દૃષ્ટિથી સંબંધ કર, જ્ઞાનથી સંબંધ કર તો જેવો પરમ સમરસી સદા આનંદમય મૂર્તિ પ્રભુ આત્મા છે તો એના સંબંધે શાંત રસરૂપી પરિણમનરૂપી મોક્ષના માર્ગની પર્યાય પ્રગટ થશે. એનાથી પરમસમરસી ભાવરૂપી પરિણમનરૂપ મોક્ષ તને પ્રગટ થશે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉકળાટ કેમ છે?

ઉત્તર :- છે જ ક્યાં ઉકળાટ? ઉકળાટ તો તેં સંબંધ કર્યો માટે ઉકળાટ ઊભો કર્યો છે.

એમ કહે છે. વસ્તુમાં નથી, વસ્તુમાં નથી, ઉકળાટ ને દુઃખ વસ્તુનો કોઈ ગુણ નથી આત્મામાં. આહા..! શું કહે છે? ભગવાન આ આત્મામાં કોઈ દુઃખ થવાનો ગુણ નથી. એની વર્તમાન દશામાં પરના સંબંધે અજ્ઞાન અને દુઃખની ઉત્પત્તિ પર્યાયમાં કરે છે. 'જુગરાજજી'! આહાહા..! જુઓ! એ કહે છે.

પરમાનંદથી ભરેલો પ્રભુ એનો તું આદર ન કર અને પુદ્‌ગલના સંબંધના સંગમાં તને પ્રેમ થાય એટલે મિથ્યાત્વ ભાવ ને આકુળતા જ ઉત્પન્ન થાય. એના દુઃખમાં પછી આ બધી શરીર, વાણી, શ્વાસની ઉત્પત્તિ (થાય). પુદ્‌ગલે ઉપકાર કર્યો તને, લે. આ એક ગતિમાંથી બીજી ગતિમાં જાવું એમાં નિમિત્ત તરીકે ધર્માસ્તિએ તને દુઃખમાં ઉપકાર કર્યો. ઠર્યો જ્યાં દુઃખમાં, કોઈ ગતિમાં અમુક કાળ ત્યાં એણે અધર્માસ્તિએ તને દુઃખમાં મદદ કરી. આકાશે તને રહેવામાં, દુઃખી થઈને રહેવામાં મદદ કરી છે. આ કાળે શુભાશુભ પરિણામ થવામાં, દુઃખમાં પરિણમવામાં એને નિમિત્ત (કર્યું). વાહ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પહેલાં નહોતું વંચાણું...

ઉત્તર :- પહેલા નહોતું વંચાણું. વાત સાચી. કહો, સમજાણું કાંઈ?

ભગવાન! તારા પૂર્ણ પરિણમનમાં જા ને. પૂર્ણ સ્વભાવના સંબંધમાં આવી જા તો પૂર્ણ પરિણમનમાં જાઈશ, જાઈશ ને જાઈશ, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં પુદ્‌ગલના સંબંધમાં લીન થઈને રહ્યો તો ઉત્કૃષ્ટ સ્થાન નિગોદ છે ત્યાં જાઈશ. દશા જ્યાં ઘણી હીણી અને દુઃખ અપાર છે. નારકીનું દુઃખ તો સંયોગથી મપાયને કહેવાની વાત છે. આને તો જ્યાં અંતર પર્યાય જ્યાં હીણી... હીણી... હીણી... હીણી થઈ ગઈ, એના તો નરક કરતાં પણ એના દુઃખ તો અનંત છે નિગોદમાં. પુદ્‌ગલના સંબંધમાં ઘણો લીન થયેલાનું પરિણામ આખરનું નિગોદની દશાના દુઃખનું સ્થાન છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદના દૃષ્ટિમાં લીન થયેલાનું પરિણામ ઉત્કૃષ્ટ પરમસમરસી આનંદના પરિણમનરૂપે મોક્ષ દશા છે. સમજાણું કાંઈ? લ્યો! ૨૭ કીધી.

---

**अथेदं व्यवहारेण मया भणितं जीवद्रव्यादिश्रद्धानरूपं सम्यग्दर्शनमिदानीं सम्यग्ज्ञानं चारित्रं च हे प्रभाकरभट्ट शृणु त्वमिति मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति –**

**१५४) णियमें कहियउ एहु मइँ ववहारेण वि दिट्ठि।**
**एवहिँ णाणु चरित्तु सुणि जें पावहि परमेट्ठि।।२८।।**

**नियमेन कथिता एषा मया व्यवहारेणापि दृष्टिः।**
**इदानीं ज्ञानं चारित्रं शृणु येन प्राप्नोषि परमेष्ठिनम्।।२८।।**

**णियमें नियमेन निश्चयेन कहियउ कथिता एहु मइं एषा कर्मतापन्ना मया। केनैव। ववहारेण वि व्यवहारनयेनैव। एषा का[1]। दिट्ठि दृष्टिः। दृष्टिः कोऽर्थः, सम्यक्त्वम्। एवहिं इदानीं णाणु**

---

૧. પાઠાન્તર :- **का = का कथिता:**

चरित्तु सुणि हे प्रभाकरभट्ट क्रमेण ज्ञानचारित्रद्वयं शृणु। येन श्रुतेन किं भवति। जें पावहि येन सम्यग्ज्ञानचारित्रद्वयेन प्राप्नोषि। किं प्राप्नोषि। परमेट्ठि परमेष्ठिपदं मुक्तिपदमिति। अतो व्यवहारसम्यक्त्वविषयभूतानां द्रव्याणां चूलिकारूपेण व्याक्यानं क्रियते। तद्यथा। 'परिणाम जीव मुत्तं सपदेसं एय खित्त किरिया य। णिच्चं कारण कत्ता सव्वगदं इदरम्हिय पवेसो।' परिणाम इत्यादि। 'परिणाम' परिणामिनौ जीवपुद्‌गलौ स्वभावविभावपरिणामाभ्यां शेषचत्वारि द्रव्याणि जीवपुद्‌गलवद्विभावव्यञ्जनपर्यायाभावात् मुख्यवृत्त्या पुनरपरिणामीनि इति। 'जीव' शुद्धनिश्चयनयेन विशुद्धज्ञानदर्शनस्वभावं शुद्धचैतन्यं प्राणशब्देनोच्यते तेन जीवतीति जीवः, व्यवहारनयेन पुनः कर्मोदयजनितद्रव्यभावरूपैश्चतुर्भिः प्राणैर्जीवति जीविष्यति जीवितपूर्वो वा जीवः पुद्‌गलादिपञ्चद्रव्याणि पुनरजीवरूपाणि। 'मुत्तं' अमूर्तशुद्धात्मनो विलक्षणा स्पर्शरसगन्धवर्णवती मूर्तिरुच्यते तद्‌भावान्मूर्तः पुद्‌गलः। जीवद्रव्यं पुनरनुपचरितासद्‌भूतव्य-वहारेण मूर्तमपि शुद्धनिश्चयनयेनामूर्तम्। धर्माधर्माकाशकालद्रव्याणि चामूर्तानि। 'सपदेसं' लोकमात्रप्रमितासंख्येयप्रदेशलक्षणं जीवद्रव्यमादि कृत्वा पञ्चद्रव्याणि पञ्चास्तिकायसंज्ञानि सप्रदेशानि कालद्रव्यं पुनर्बहुप्रदेशलक्षणकायत्वाभावादप्रदेशम्। 'एव' द्रव्यार्थिकनयेन धर्माधर्माकाशद्रव्याण्येकानि भवन्ति जीवपुद्‌गलकालद्रव्याणि पुनरनेकानि भवन्ति। 'खेत्त' सर्वद्रव्याणामवकाशदानसामर्थ्यात् क्षेत्रमाकाशमेकं शेषपञ्चद्रव्याण्यक्षेत्राणि। 'किरिया य' क्षेत्रात्क्षेत्रान्तरगमनरूपा परिस्पन्दवती चलनवती क्रिया सा विद्यते ययोस्तौ क्रियावन्तौ जीवपुद्गलौ धर्माधर्माकाशकालद्रव्याणि पुनर्निष्क्रियाणि। 'णिच्चं' धर्माधर्माकाशकालद्रव्याणि यद्यप्यर्थपर्यायत्वेनानित्यानि तथापि मुख्यवृत्त्या विभावव्यञ्जनपर्यायाभावात् नित्यानि द्रव्यार्थिकनयेन च, जीवपुद्‌गलद्रव्ये पुनर्यद्यपि द्रव्यार्थिकनयापेक्षया नित्ये तथाप्यगुरुलघुपरिणति[१]रूपस्वभावपर्यायापेक्षया विभावव्यञ्जनपर्यायापेक्षया चानित्ये। 'कारण' पुद्‌गलधर्माधर्माकाशकालद्रव्याणि व्यवहारनयेन जीवस्य शरीरवाङ्मनःप्राणा-पानादिगतिस्थित्यवगाहवर्तनाकार्याणि कुर्वन्ति इति कारणानि भवन्ति, जीवद्रव्यं पुनर्यद्यपि गुरुशिष्यादिरूपेण परस्परोग्रहं करोति तथापि पुद्‌गलादिपञ्चद्रव्याणां किमपि न करोतीत्यकारणम्। 'कत्ता' शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन यद्यपि बन्धन्मोक्षद्रव्यभावरूप पुण्यपापघटपटादीनामकर्ता जीवस्तथाप्यशुद्धनिश्चयेन शुभाशुभोपयोगाभ्यां परिणतः सन् पुण्यपापबन्धयोः कर्ता तत्फलभोक्ता च भवति विशुद्धज्ञानदर्शनस्वभावनिजशुद्धात्मद्रव्यसम्यक्‌नश्रद्धानज्ञानानुष्ठानरूपेण शुद्धोपयोगेन [२]तत्परिणतः सन् मोक्षस्यापि कर्ता तत्फलभोक्ता च। शुभाशुभशुद्धपरिणामानां परिणमनमेव

२. પાઠાન્તર :- रूप = स्वरूप        २. પાઠાન્તર :- तत्परिणतः = तु परिणतः

कर्तृत्वम् सर्वत्र ज्ञातव्यमिति। पुद्गलादिपञ्चद्रव्याणां च स्वकीयस्वकीयपरिणामेन परिणमनमेव कर्तृत्वम्। वस्तुवृत्त्या पुनः पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव। 'सव्वगदं' लोकालोकव्याप्त्यपेक्षया सर्वगतमाकाशं भण्यते धर्माधर्मौ च लोकव्याप्त्यपेक्षया जीवद्रव्यं तु पुनरेकैकजीवापेक्षया लोकपूरणावस्थां विहायासर्वगतंनानाजीवापेक्षया सर्वगतमेव भवतीति। पुद्गलद्रव्यं पुनर्लोकरूपमहास्कन्धापेक्षया सर्वगतं शेषपुद्गलापेक्षया सर्वगतं न भवतीति। कालद्रव्यं पुनरेककालाणुद्रव्यापेक्षया सर्वगतं न भवति लोकप्रदेशप्रमाणनानाकालाणुविवक्षया लोके सर्वगतं भवति। 'इदरम्हि यपवेसो' यद्यपि सर्वद्रव्याणि व्यवहारेणैकक्षेत्रावगाहेनान्यो-न्यानुप्रवेशेन तिष्ठन्ति तथापि निश्चयनयेन चेतनादिस्वकीयस्वकीयस्वरूपं न त्यजन्तीति। तथा चोक्तम् – 'अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णमण्णस्स। मेलंता वि य णिच्चं सगसब्भावं ण विजहंति।।'। इदमत्र तात्पर्यम्। व्यवहारसम्यक्त्वविषयभूतेषु षड्द्रव्येषु मध्ये वीतरागचिदानन्दैकादिगुणस्वभावं शुभाशुभमनोवचनकायव्यापाररहितं निजशुद्धात्मद्रव्य-मेवोपादेयम्।।२८।। एवमेकोनविंशतिसूत्रप्रमितस्थले निश्चयव्यवहारमोक्षमार्गप्रतिपादकत्वेन पूर्वसूत्रत्रयं गतम्। इदं [१]पुनरन्तरं स्थलं चतुर्दशसूत्रप्रमितं षड्द्रव्यध्येयभूतव्यवहारसम्यक्त्व-व्याख्यानमुख्यत्वेन समाप्तमिति।

---

आगे व्यवहारनयसे मैंने ये जीवादि द्रव्योंके श्रद्धानरूपको सम्यग्दर्शन कहा है, अब सम्यग्ज्ञान और सम्यक्चारित्रको हे प्रभाकरभट्ट; तू सुन, ऐसा मनमें रखकर यह दोहासूत्र कहते हैं –

**गाथा – २८**

अन्वयार्थ :– हे प्रभाकरभट्ट, [ मया ] मैंने [ व्यवहारेणैव ] व्यवहारनयसे तुझको [ एषा दृष्टिः ] ये सम्यग्दर्शनका स्वरूप [ नियमेन कथिता ] अच्छी तरह कहा, [ इदानीं ] अब तू [ ज्ञानं चारित्रं ] ज्ञान और चारित्रको [ शृणु ] सुन, [ येन ] जिसके धारण करनेसे [ परमेष्ठिनम् प्राप्नोषि ] सिद्धपरमेष्ठिके पदको पावेगा।

भावार्थ :– व्यवहारसम्यक्त्वके कारणभूत छह द्रव्योंका सांगोपांग व्याख्यान करते हैं 'परिणाम' इत्यादि गाथासे। इसका अर्थ यह है, कि इन छह द्रव्योंमें विभावपरिणामके परिणमनेवाले जीव और पुद्गल दो ही हैं, अन्य चार द्रव्य अपने स्वभावरूप तो परिणमते हैं, लेकिन जीव पुद्गलकी तरह विभावव्यंजनपर्यायके अभावसे विभावपरिणमन नहीं है, इसलिये मुख्यतासे परिणामी दो द्रव्य ही कहे हैं, शुद्धनिश्चयनयकर शुद्ध ज्ञान दर्शन स्वभाव जो शुद्ध

---

१. પાઠાન્તર :- पुनरन्तरं स्थलं = पुनरन्तरस्थलं

चैतन्यप्राण उनसे जीता है, जीवेगा, पहले जी आया, और व्यवहारनयकर इंद्री, बल, आयु, श्वासोश्वासरूप द्रव्यप्राणोंकर जीता है, जीवेगा, पहले जी चुका, इसलिये जीवको ही जीव कहा गया है, अन्य पुद्‌गलादि पाँच द्रव्य अजीव हैं, स्पर्श, रस, गंध, वर्णवाली मूर्ति सहित मूर्तिक एक पुद्‌गलद्रव्य ही है, अन्य पाँच अमूर्तिक हैं। उनमेंसे धर्म, अधर्म, आकाश, काल ये चारों तो अमूर्तिक हैं, तथा जीवद्रव्य अनुपचरित-असद्‌भूतव्यवहारनयकर मूर्तिक भी कहा जाता है, क्योंकि शरीरको धारण कर रहा है, तो भी शुद्धनिश्चयनयकर अमूर्तिक ही है, लोकप्रमाण असंख्यातप्रदेशी जीवद्रव्यको आदि लेकर पाँच द्रव्य पंचास्तिकाय हैं, वे सप्रदेशी हैं, और कालद्रव्य बहुप्रदेश स्वभावकायपना न होनेसे अप्रदेशी है, धर्म, अधर्म, आकाश ये तीन द्रव्य एक एक हैं, और जीव, पुद्‌गल, काल ये तीनों अनेक हैं। जीव तो अनंत हैं, पुद्‌गल अनंतानंत हैं, काल असंख्यात हैं, सब द्रव्योंको अवकाश देनेमें समर्थ एक आकाश ही है, इसलिये आकाश क्षेत्र कहा गया है, बाकी पाँच द्रव्य अक्षेत्री हैं, एक क्षेत्रसे दूसरे क्षेत्रमें गमन करना, वह चलन हलनवती क्रिया कही गई है, यह क्रिया जीव पुद्‌गल दोनोंके ही है, और धर्म, अधर्म, आकाश, काल ये चार द्रव्य निष्क्रिय हैं, जीवोंमें भी संसारी जीव हलन-चलनवाले हैं, इसलिये क्रियावंत हैं, और सिद्धपरमेष्ठी निःक्रिय हैं, उनके हलन-चलन क्रिया नहीं है, द्रव्यार्थिकनयसे विचारा जावे तो सभी द्रव्य नित्य हैं, अर्थपर्याय जो षट्‌गुणी हानिवृद्धिरूप स्वभावपर्याय है, उसकी अपेक्षा सब ही अनित्य हैं, तो भी विभावव्यंजनपर्याय जीव और पुद्‌गल इन दोनोंकी है, इसलिये इन दोनोंको ही अनित्य कहा है, अन्य चार द्रव्य विभावके अभावसे नित्य ही हैं, इस कारण यह निश्चयसे जानना कि चार नित्य हैं, दो अनित्य हैं, तथा द्रव्यकर सब ही नित्य हैं, कोई भी द्रव्य विनश्वर नहीं है, जीवको पाँचों ही द्रव्य कारणरूप हैं, पुद्‌गल तो शरीरादिक का कारण है, धर्म-अधर्मद्रव्य गति स्थितिके कारण हैं, आकशद्रव्य अवकाश देनेका कारण है, और काल वर्तनाका सहायी है। ये पाँचों द्रव्य जीवको कारण हैं, और जीव उनको कारण नहीं है। यद्यपि जीवद्रव्य अन्य जीवोंको गुरु शिष्यादिरूप परस्पर उपकार करता है, तो भी पुद्‌गलादि पाँच द्रव्योंको अकारण है, और ये पाँचों कारण हैं, शुद्ध पारिणामिक परमभावग्राहक शुद्धद्रव्यार्थिकनयकर यह जीव यद्यपि बंध, मोक्ष, पुण्य, पापका कर्ता नहीं है, तो भी अशुद्धनिश्चयनयकर शुभ-अशुभ उपयोगसे परिणत हुआ पुण्य-पापके बंधका कर्ता होता है, और उनके फलका भोक्ता होता है, तथा विशुद्ध ज्ञान दर्शनरूप निज शुद्धात्मद्रव्यका श्रद्धान ज्ञान आचरणरूप शुद्धोपयोगकर परिणत हुआ मोक्षका भी कर्ता होता है, और अनंतसुखका भोक्ता होता है। इसलिये जीवको कर्ता भी कहा जाता है, और भोक्ता भी कहा जाता है। शुभ, अशुभ, शुद्ध परिणमन ही सब जगह कर्तापना है, और पुद्‌गलादि पाँच द्रव्योंको अपने अपने परिणामरूप जो परिणमन वही कर्तापना है, पुण्य पापादिका कर्तापना नहीं है, सर्वगतपना

लोकालोक व्यापकताकी अपेक्षा आकाश ही में है, धर्मद्रव्य–अधर्मद्रव्य ये दोनों लोकाकाशव्यापी हैं, अलोकमें नहीं है, और जीवद्रव्यमें एक जीवकी अपेक्षा केवलसमुद्घातमें लोकपूरण अवस्थामें लोकमें सर्वगतपना है, तथा नाना जीवकी अपेक्षा सर्वगतपना नहीं है, पुद्गलद्रव्य लोकप्रमाण महास्कंधकी अपेक्षा सर्वगत है, अन्य पुद्गलकी अपेक्षा सर्वगत नहीं है, कालद्रव्य एक कालाणुकी अपेक्षा तो एकप्रदेशगत है, सर्वगत नहीं है, और नाना कालाणुकी अपेक्षा लोकाकाशके सब प्रदेशोंमें कालाणु है, इसलिये सब कालाणुओंकी अपेक्षा सर्वगत कह सकते हैं। इस नयविवक्षासे सर्वगतपनेका व्याख्यान किया। और मुख्यवृत्तिसे विचारा जावे, तो सर्वगतपना आकाशमें ही है, अथवा ज्ञानकी अपेक्षा जीवमें भी है, जीवका केवलज्ञान लोकालोक व्यापक है, इसलिये सर्वगत कहा। ये सब द्रव्य यद्यपि व्यवहायनयकर एक क्षेत्रावगाही रहते हैं, तो भी निश्चयनयकर अपने अपने स्वभावको नहीं छोड़ते, दूसरे द्रव्यमें जिनका प्रवेश नहीं है, सभी द्रव्य निज निज स्वरूपमें हैं, पररूप नहीं हैं– कोई किसीका स्वभाव नहीं लेता। ऐसा ही कथन श्रीपंचास्तिकायमें है। 'अण्णोण्णं' इत्यादि। इसका अर्थ ऐसा है, कि यद्यपि ये छहों द्रव्य परस्परमें प्रवेश करते हुए देखे जाते हैं, तो भी कोई किसीमें प्रवेश नहीं करता, यद्यपि अन्यको अन्य अवकाश देता है, तो भी अपना अपना अवकाश आपमें ही है, परमें नहीं है, यद्यपि ये द्रव्य हमेशासे मिल रहे हैं, तो भी अपने स्वभावको नहीं छोड़ते। यहाँ तात्पर्य यह है, कि व्यवहारसम्यक्त्वके कारण छह द्रव्योंमें वीतराग चिदानंद अनंत गुणरूप जो शुद्धात्मा है, वह शुभ, अशुभ, मन, वचन, कायके व्यापारसे रहित हुआ ध्यावने योग्य है।।२८।।

---

હવે, વ્યવહારનયથી મેં જીવદ્રવ્યાદિ શ્રદ્ધાનરૂપ આ સમ્યગ્દર્શન કહ્યું, હવે હે પ્રભાકરભટ્ટ ! તું સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સાંભળ, એમ મનમાં રાખીને આ દોહાસૂત્ર કહે છે :-

ભાવાર્થ :- હવે વ્યવહારસમ્યકૃત્વના વિષયભૂત દ્રવ્યોનું ચૂલિકારૂપે (સાંગોપાંગ, વિશેષ કથનરૂપે) વ્યાખ્યાન કરે છે, તે આ પ્રમાણે :-

परिणाम जीव मुत्तं सपदेसं एय खित्त किरिया य।
णिच्चं कारण कत्ता सव्वगदं इदरम्हि यपवेसो।।

(અર્થ : પરિણામ, જીવ, મૂર્ત, સપ્રદેશ, એક, ક્ષેત્ર, ક્રિયા, નિત્ય, કારણ, કર્તા, સર્વગત, બીજા દ્રવ્યોમાં અપ્રવેશપણું આ બાર બોલ છ દ્રવ્યમાં ઉતારવા.) (હવે આ બાર બોલ છ દ્રવ્યમાં કઈ રીતે ઘટે છે તે કહે છે.)

(૧) 'परिणाम' આ છ દ્રવ્યોમાં જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યો સ્વભાવ વિભાવ

પરિણામો વડે પરિણામી છે, બાકીના ચાર દ્રવ્યો, તેમાં જીવપુદ્‌ગલની જેમ વિભાવવ્યંજનપર્યાયનો સદ્‌ભાવ નહીં હોવાથી, મુખ્યપણે તો અપરિણામી છે.

(૨) 'जीव' શુદ્ધ નિશ્ચયનયથી 'પ્રાણ' શબ્દથી જ વિશુદ્ધ-જ્ઞાનદર્શનસ્વભાવવાળો શુદ્ધ ચૈતન્ય કહેવામાં આવે છે, તેનાથી જે જીવે છે તે જીવ છે, જ્યારે વ્યવહારનયથી તો કર્મોદયજનિત દ્રવ્યભાવરૂપ ચાર પ્રાણોથી જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે જીવ છે, અને પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યો અજીવરૂપ છે.

(૩) 'मुत्तं' અમૂર્ત શુદ્ધ આત્માથી વિલક્ષણ સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાળું જે હોય તે મૂર્ત કહેવાય છે, તે ભાવવાળું હોવાથી પુદ્‌ગલ મૂર્ત છે, જ્યારે જીવદ્રવ્ય તો અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી મૂર્ત છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી અમૂર્ત છે, અને ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો અમૂર્ત છે.

(૪) 'सपदेसं' લોકમાત્ર પ્રમાણ જેટલા અસંખ્યાત પ્રદેશી જીવદ્રવ્યથી માંડીને પંચાસ્તિકાય નામના પાંચ દ્રવ્યો સપ્રદેશી છે, જ્યારે કાળદ્રવ્ય તો બહુપ્રદેશ જેનું લક્ષણ છે એવા કાયત્વનો અભાવ હોવાથી અપ્રદેશ છે.

(૫) 'एय' દ્રવ્યાર્થિકનયથી ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યો એક એક છે, જ્યારે જીવ, પુદ્‌ગલ અને કાળ એ ત્રણ દ્રવ્યો અનેક છે.

(૬) 'खेत्त' સર્વ દ્રવ્યોને અવકાશ દેવાનું સામર્થ્ય હોવાથી આકાશ એક જ ક્ષેત્ર છે, જ્યારે બાકીના પાંચ દ્રવ્યો તો અક્ષેત્ર છે.

(૭) 'किरिया य' એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગમનરૂપ પરિસ્પંદવાળી-ચલનવાળી-ક્રિયા તે જેમને વર્તે છે એવા જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યો ક્રિયાવાન છે, જ્યારે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો તો નિષ્ક્રિય છે.

(૮) 'णिच्चं' ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો જોકે અર્થપર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, તોપણ-મુખ્યપણે તેમને વિભાવવ્યંજનપર્યાય નહિ હોવાથી દ્રવ્યાર્થિક નયથી નિત્ય છે જ્યારે જીવપુદ્‌ગલ તો-જોકે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે તોપણ અગુરુલઘુપરિણતિરૂપ સ્વભાવપર્યાયની અપેક્ષાએ અને વિભાવવ્યંજનપર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

(૯) 'कारण' પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ દ્રવ્યો, વ્યવહારનયથી શરીર, વાણી, મન, શ્વાસોચ્છ્‌વાસ આદિરૂપ, ગતિ, સ્થિતિ, અવગાહન, વર્તનારૂપ જીવનાં કાર્યો કરે છે તેથી કારણો છે, જ્યારે જીવદ્રવ્ય તો જોકે ગુરુશિષ્યાદિરૂપે પરસ્પર ઉપકાર કરે છે તોપણ-પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોનું કાંઈ પણ કરતો નથી, તેથી જીવ અકારણ છે.

(૧૦) 'कत्ता' જીવ શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી-જોકે બંધમોક્ષનો, દ્રવ્યભાવરૂપ પુણ્ય-પાપનો અને ઘટ પટ આદિનો અકર્તા છે તોપણ અશુદ્ધનિશ્ચયનયથી શુભાશુભ ઉપયોગરૂપે પરિણમતો થકો પુણ્ય-પાપબંધનો કર્તા અને તેના ફળનો ભોક્તા છે. અને વિશુદ્ધજ્ઞાન-વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા નિજશુદ્ધાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ અનુષ્ઠાનરૂપ શુદ્ધોપયોગ વડે તે-રૂપે પરિણમતો થકો મોક્ષનો પણ કર્તા છે અને તેના ફળનો ભોક્તા છે. શુભ, અશુભ, શુદ્ધપરિણામોરૂપે પરિણમવું તે જ કર્તાપણું સર્વત્ર જાણવું અને પુદ્ગલાદિ પાંચદ્રવ્યોને પોતપોતાના પરિણામરૂપ પરિણમવું તે જ કર્તાપણું છે અને વસ્તુદૃષ્ટિથી તો પુણ્ય-પાપ આદિરૂપે કર્તાપણું નથી જ.

(૧૧) 'सव्वगदं' આકાશ લોકાલોકમાં વ્યાપવાની અપેક્ષાએ, સર્વગત છે, અને ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્ય, લોકમાં વ્યાપવાની અપેક્ષાએ સર્વગત છે. વળી જીવદ્રવ્ય એક એક જીવની અપેક્ષાએ કેવળી સમુદ્ઘાતમાં લોકપૂરણની અવસ્થાને છોડીને અસર્વગત છે, અનેક જીવની અપેક્ષાએ, સર્વગત જ છે. વળી પુદ્ગલદ્રવ્ય લોકરૂપ મહાસ્કંધની અપેક્ષાએ સર્વગત છે, બાકીના પુદ્ગલની અપેક્ષાએ સર્વગત નથી, વળી કાળદ્રવ્ય એક એક કાળાણુદ્રવ્યની અપેક્ષાએ સર્વગત નથી, લોકના પ્રદેશો જેટલા અનેક કાળાણુની વિવક્ષાથી લોકમાં સર્વગત છે.

(૧૨) 'इदरम्हि यपवेसो' જોકે સર્વ દ્રવ્યો વ્યવહારનયથી એકક્ષેત્રાવગાહે-કરીને એક બીજામાં પ્રવેશીને રહે છે તોપણ નિશ્ચયનયથી ચેતનાદિ પોતપોતાનું સ્વરૂપ છોડતાં નથી. (શ્રી પંચાસ્તિકાય ગાથા ૭માં) કહ્યું પણ છે કે 'अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णस्स। मेलंता वि य णिच्चं सगं सब्भावं ण विजहंति।।' (અર્થ :- તેઓ (-છએ દ્રવ્યો) એક બીજામાં પ્રવેશ કરે છે, અન્યોન્ય અવકાશ આપે છે પરસ્પર (ક્ષીર નીરવત્) મળી જાય છે તોપણ સદા પોતપોતાના સ્વભાવને છોડતાં નથી.)

અહીં, આ તાત્પર્ય છે કે વ્યવહારસમ્યક્ત્વના વિષયભૂત છ દ્રવ્યોમાં એક (કેવળ) વીતરાગ ચિદાનંદ આદિ અનંતગુણસ્વરૂપ, શુભાશુભ મન, વચન, કાયાના વ્યાપારથી રહિત એક નિજશુદ્ધાત્મદ્રવ્ય જ ઉપાદેય છે. ૨૮.

એ પ્રમાણે ઓગણીસ ગાથાસૂત્રોના સ્થળમાં નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી પૂર્વના ત્રણ સૂત્રો સમાપ્ત થયાં. અને આ ચૌદ સૂત્રોનું અન્તરસ્થળ, છ દ્રવ્યો જેનું ધ્યેય છે (જેનો વિષય છે) એવા વ્યવહાર સમ્યક્ત્વના વ્યાખ્યાનની મુખ્યતાથી સમાપ્ત થયું.

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

**'આગે વ્યવહારનયસે મૈંને યે જીવાદિ દ્રવ્યોંકે શ્રદ્ધાનરૂપકો સમ્યગ્દર્શન કહા હૈ,...'** આ બધી ભેદની વાતું કરીને? છ દ્રવ્યની ને એ બધી. હજી એનો વિસ્તાર કરવા માગે છે. **'અબ સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્રકો હે પ્રભાકરભટ્ટ; તૂ સુન,...'** આચાર્યને એ કહેવું છે કે, હવે હું જ્ઞાન ને ચારિત્રની વાત કરીશ. **'એસા મનમેં રખકર યહ દોહાસૂત્ર કહતે હૈં -'** પછી ટીકામાં બે શ્લોક બીજા મુકે છે.

**१५४) णियमँ कहियउ एहु मइँ ववहारेण वि दिट्ठि।**
**एवहिँ णाणु चरित्तु सुणि जेँ पावहि परमेट्ठि।।२८।।**

સાંભળ તું પામીશ પરમેષ્ઠી. સાંભળ કહે છે, હોં!. એમ.

**અન્વયાર્થ :- 'હે પ્રભાકરભટ્ટ, મૈંને વ્યવહારનયસે તુઝકો યે સમ્યગ્દર્શનકા સ્વરૂપ કહા,...'** સમ્યગ્દર્શનમાં છ દ્રવ્યનું, એના ગુણ, એના પર્યાય ને અસંખ્ય પ્રદેશ... ભેદ. **'અચ્છી તરહ કહા, અબ તૂ જ્ઞાન ઔર ચારિત્રકો સુન, જિસકે ધારણ કરનેસે સિદ્ધપરમેષ્ઠીકે પદકો પાવેગા.'**

**ભાવાર્થ :- 'વ્યવહારસમ્યક્ત્વકે કારણભૂત છહ દ્રવ્યોંકા સાંગોપાંગ વ્યાખ્યાન કરતે હૈં...'** હવે ટીકાકાર એનો વિસ્તાર કરે છે. બીજેથી શ્લોક મુકીને, શ્લોક છે અંદર ઈ. આ છે ને એ બધે શ્વેતાંબરમાં આવે. અત્યારે ઘણા વર્ષોથી જોયેલા. પહેલેથી થોકડામાં આવે છે, પહેલેથી. **'છહ દ્રવ્યોંમેં વિભાવપરિણામકે પરિણમનેવાલે જીવ ઔર પુદ્ગલ દો હી હૈં,...'** વિસ્તારથી સમજાવે છે. આ છ દ્રવ્ય છે ને જગતમાં? અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ. ભગવાન કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય જોયા છે. પરમાત્મા પરમેશ્વરે કેવળીએ છ દ્રવ્ય જોયા છે. એ છ દ્રવ્યમાં, છ દ્રવ્ય સંખ્યાએ નહિ, જાતિએ, સંખ્યાએ અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાલાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ એમ અનંત જોયા. જાતિ તરીકે છ. એવા છ દ્રવ્યમાં વિભાવ પરિણામમાં પરિણમનમાં જીવ ને પુદ્ગલ બે (દ્રવ્ય છે). વિકારીપણે પરિણમનારા હોય તો જીવ ને પરમાણુ બે. ઓલા ચાર વિકારપણે પરિણમતા નથી. આ જ્ઞાન કરાવે છે વધારે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એને વિકારનું પરિણમન, વિભાવવ્યંજનપર્યાય નથી. સમજાય છે આમાં? હજી જ્ઞાન, ચારિત્ર શરૂ નથી થયું. પછી કહેશે. આ તો હજી પહેલા કહ્યું એનો વિસ્તાર કહે છે. એ તો કહ્યું માથે, પછી લેશે. સમજાણું કાંઈ?

**'લેકિન જીવ પુદ્ગલકી તરહ વિભાવવ્યંજનપર્યાયકે અભાવસે વિભાવપરિણમન નહીં હૈ,...'** શેમાં? ચારમાં. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. એમાં

વિભાવવ્યંજનપર્યાયનો અભાવ છે, આકૃતિ વિકાર નથી એને. '**વિભાવપરિણમન નહીં હૈ, ઈસલિયે મુખ્યતાસે પરિણામી દો દ્રવ્ય હી કહે હૈં,...**' પરિણામી તો છએ છે, પણ વિભાવ પરિણમન ચારમાં નથી એટલે પરિણામી નથી એમ ચારમાં કહેવામાં આવે છે. અને જીવ ને પુદ્ગલ વિકારપણે પરિણમે માટે તેને પરિણામી કહ્યા છે. પરિણામી તો બધાય છે, પરિણામી વિના કોઈ દ્રવ્ય હોય નહિ. પણ વિકારના પરિણામની મુખ્યતાથી વર્ણન કરતા જીવને પુદ્ગલ જ બે વિભાવપણે પરિણમે છે માટે પરિણામી કહ્યા છે. ચાર દ્રવ્યને અપરિણામી કહ્યા છે, ઓલા વિકારના પરિણમનની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આ તો થોકડામાં આવે છે, શ્વેતાંબરના થોકડામાં શ્લોક આવે છે.

મુમુક્ષુ :- થોકડાઓ કોણ ભણ્યું હતું?

ઉત્તર :- કોઈ ભણ્યું નહોતું?

'**શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવ જો શુદ્ધ ચૈતન્યપ્રાણ ઉનસે જીતા હૈ,...**' કહે છે... ખરેખર જીવની વ્યાખ્યા કરે છે. ખરેખર તો ભગવાનઆત્મા શુદ્ધ નિશ્ચયથી, શુદ્ધ જ્ઞાન. દર્શન સ્વભાવ એવો ચૈતન્યપ્રાણ. ચૈતન્યના પ્રાણથી પોતે ત્રિકાળ જીવવું એ તો એનું ખરું જીવન છે. સમજાણું? શુદ્ધ ચૈતન્ય દર્શન, જ્ઞાનસ્વભાવ પ્રાણ, ભાવપ્રાણ-વીતરાગી ભાવ પ્રાણ, એનાથી જીવવું એ તો એનો ચૈતન્ય શુદ્ધ ચૈતન્યપ્રાણ છે. સમજાણું? એ તો એવા '**પ્રાણ ઉનસે જીતા હૈ, જીવેગા, પહલે જી ચુકા,...**' એવા જ પ્રાણ. ચૈતન્ય શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણથી અનંત કાળનો છે, અત્યારે છે અને ભવિષ્યમાં પણ રહેશે. અંતર વસ્તુ તો એવી જ છે અંદર. વ્યવહારનયકર ઈન્દ્રિય પાંચ. એટલે સમુચ્ચય લીધું. ચાર લેવી છે ને. બળ મન, વચન ને કાયાના બળ આયુષ્ય ને શ્વાસ એ દ્રવ્યપ્રાણથી જીવે છે. ચાર દ્રવ્યપ્રાણ જે શરીર આદિ. એનાથી '**જીતા હૈ, જીવેગા, પહલે જી ચુકા, ઈસલિયે જીવકો હી જીવ કહા ગયા હૈ,...**' વ્યવહારથી આને જીવ કહેવાય, નિશ્ચયથી પોતાના ચૈતન્ય ભાવપ્રાણે જીવે તેને ખરો જીવ કહેવાય.

'**અન્ય પુદ્ગલાદિ પાંચ દ્રવ્ય અજીવ હૈં,...**' આત્મા સિવાય નિશ્ચય ને વ્યવહાર જીવ આ છે, બીજા બધા અજીવ છે. પરમાણુ એ અજીવ. કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ અજીવ છે. સમજાણું કાંઈ? '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાલી મૂર્તિ સહિત મૂર્તિક એક પુદ્ગલદ્રવ્ય હી હૈ,...**' આ પુદ્ગલ શરીર, કર્મ, વાણી, દાળ, ભાત, શાક આ બધા જડ. એ રંગ, રસ, ગંધવાળી મૂર્તિ સહિત પુદ્ગલ દ્રવ્ય છે. આ શરીરમાં, વાણીમાં આ દેખાય એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ સહિત ભર્યા પડ્યા મૂર્ત છે. એ એક જ પુદ્ગલ મૂર્તિક છે જગતમાં. '**અન્ય પાંચ અમૂર્તિક હૈં.**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ અજીવ અમૂર્તિક. જીવ, જીવ અમૂર્તિક. સમજાણું કાંઈ ? ક્યાં પણ આમાં દરકાર જ ન મળે એને પછી યાદ શી રીતે રહે? 'કાંતિભાઈ'! સંચાના એક એક સળીયાની એને ખબર હોય.

આ દુનિયામાં શું છે તે કાંઈ તારા સમ્યગ્દર્શનનો વિષય. સમજાય છે? છ દ્રવ્ય કેવા?

કઈ રીતે છે? નિશ્ચય તો આત્મા અખંડ આનંદકંદ એ સમ્યગ્દર્શનનું કારણ ને વિષય છે. સમજાણું કાંઈ? આવ્યું ને એ તો? સમ્યક્નું કારણ છ દ્રવ્યનું સાંગોપાંગ વ્યાખ્યાન કરશું, કીધું ને. આ બધું એણે જાણીને માનવું જોવે. અન્ય મતિ સર્વજ્ઞ વીતરાગ સિવાય જે કહેતા હોય એનો માર્ગ સાચો નથી. વ્યવહારનો પણ માર્ગ એનો સાચો નથી. એક સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ, જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન (થયું છે), એમણે નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય શું, વ્યવહારનો વિષય જે યથાર્થ જોયો છે તે ભગવાને કહ્યો છે. સમજાણું કાંઈ?

'**ઉનમેંસે ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે ચારોં તો અમૂર્તિક હૈં,...**' અને પુદ્ગલ મૂર્તિક છે. '**તથા જીવદ્રવ્ય અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયકર મૂર્તિક ભી કહા જાતા હૈ,...**' અપેક્ષાથી. શરીરનો સંબંધ છે ને એ અપેક્ષાએ કર્મના સંબંધે (કહેવાય છે). સંબંધ નજીક છે માટે અનુપચરિત. જૂઠા વ્યવહારનયથી મૂર્તિક કહેવામાં આવે છે. '**ક્યોંકિ શરીરકો ધારણ કર રહા હૈ,...**' શરીરને ધારણ કર્યું છે ને. રાખ્યું છે આમ. ધારણ એટલે નિમિત્તપણે છે. એમ. શરીરને નિમિત્તપણે છે ને આ. ભગવાન જુદો ને આ નિમિત્તપણે આ લોચા જોડે છે. એથી એને સંબંધવાળી નયે જૂઠી નયે કહેવામાં આવે છે.

'**તો ભી શુદ્ધનિશ્ચયનયકર અમૂર્તિક હી હૈ,...**' શુદ્ધ નિશ્ચયથી તો ભગવાન રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. એ પહેલા આવી ગયું હતું. કર્મ રહિત અમૂર્તિક છે અને વિકાર રહિત શુદ્ધ છે. આવ્યું હતું કે નહિ? કર્મ ને પુદ્ગલ રહિત ભગવાનઆત્મા અમૂર્ત જ છે અને પુણ્ય-પાપના સંકલ્પ, વિકલ્પના મેલ રહિત છે માટે શુદ્ધ છે. એને આત્મા કહીએ અને એ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કરવા એનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ કહેવાય છે. બહુ વાત પણ....

'**લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી જીવદ્રવ્યકા આદિ લેકર પાંચ દ્રવ્ય પંચાસ્તિકાય હૈં,...**' એક કાળ સિવાય છ દ્રવ્ય છે ને એ બધાને પ્રદેશો છે. '**ઔર કાલદ્રવ્ય બહુપ્રદેશ સ્વભાવકાયપના ન હોનેસે અપ્રદેશી હૈ, ધર્મ, અધર્મ, આકાશ યે તીન દ્રવ્ય એક એક હૈં,...**' ધર્મ, અધર્મના પ્રદેશ અસંખ્ય છે ને આકાશના અનંત છે. '**ઔર જીવ, પુદ્ગલ, કાલ યે તીનોં અનેક હૈં.**' જીવ પણ અનંત છે, પુદ્ગલ પણ અનંત ને કાળ અસંખ્ય છે, એ અનેકમાં સમાય જાય છે. '**જીવ તો અનંત હૈં, પુદ્ગલ અનંતાનંત હૈં, કાલ અસંખ્યાત હૈં, સબ દ્રવ્યોંકો અવકાશ દેનેમેં સમર્થ એક આકાશ હી હૈ, ઈસલિયે આકાશ ક્ષેત્ર કહા ગયા હૈ, બાકી પાંચ દ્રવ્ય અક્ષેત્રી હૈં,...**' આકાશ તે આમ ક્ષેત્ર છે અને એમાં રહેનારા પાંચ અક્ષેત્ર છે. '**એક ક્ષેત્રસે દૂસરે ક્ષેત્રમેં ગમન કરના, વહ ચલન હલનવતી ક્રિયા કહી ગઈ હૈ,...**' એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં આમ ચાલે ને આ જીવ ને પુદ્ગલ આમ, ક્રિયા (થાય). '**યહ ક્રિયા જીવ પુદ્ગલ દોનોંકે હી હૈ,...**' ચારમાં નથી.

'**ઔર ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે ચાર દ્રવ્ય નિષ્ક્રિય હૈં,...**' જ્યાં છે ત્યાં પડ્યા છે એમ ને એમ. અનાદિ... અનાદિ... અનાદિ... '**જીવોંમેં ભી સંસારી જીવ હલન-ચલનવાલે**

હૈં,...' જીવમાં બધા કાંઈ સક્રિય નથી, એમ કહે છે. જીવમાં પણ સંસારી જીવ ગતિ કરે તે હલન-ચલન છે. **'ઇસલિયે ક્રિયાવંત હૈં, ઔર સિદ્ધપરમેષ્ઠી નિઃક્રિય હૈં,...'** અનંતા સિદ્ધ બિરાજે છે તે નિષ્ક્રિય એમ ને એમ સ્થિર છે ત્યાં. લોકાગ્રે પરમાનંદમાં (સ્થિર છે). આવું એનું સ્વરૂપ છે. વ્યવહાર સમકિતમાં એને શ્રદ્ધવું જોઈએ, માનવું જોઈએ, જાણવું જોઈએ.

**'દ્રવ્યાર્થિકનયસે વિચારા જાવે તો સભી દ્રવ્ય નિત્ય હૈં,...'** વસ્તુથી જોઈએ તો છએ દ્રવ્ય કાયમ રહેનારા નિત્ય... નિત્ય... નિત્ય છે. **'અર્થપર્યાય જો ષટ્‌ગુણી હાનિવૃદ્ધિરૂપ સ્વભાવપર્યાય હૈ, ઉસકી અપેક્ષા સબ હી અનિત્ય હૈં,...'** છએ દ્રવ્યમાં સમયે સમયે ષટ્‌ગુણી હાનિવૃદ્ધિ થાય છે. એ અપેક્ષાએ દરેક દ્રવ્ય અનિત્ય કહેવામાં આવે છે. **'તો ભી વિભાવવ્યંજનપર્યાય જીવ ઔર પુદ્‌ગલ ઇન દોનોંકી હૈ, ઇસલિયે ઇન દોનોંકો હી અનિત્ય કહા હૈ,...'** આ અપેક્ષાએ અનિત્ય કહ્યું. ઓલી અપેક્ષાએ તો બધા અનિત્ય છે. પણ જીવ ને પુદ્‌ગલમાં વિકારી વ્યંજનપર્યાય થાય છે, એ માટે બેને વિકારી પર્યાયની અપેક્ષાએ અનિત્ય કહ્યા. વિકારી પર્યાયની અપેક્ષાએ ઓલાને પરિણામી કહ્યા હતા. ઓલાને અપરિણામી કહ્યા હતા. અહીં વિકારી પર્યાયની અપેક્ષાએ એને અનિત્ય કહેવાય છે. બીજા વિકારી પર્યાયની અપેક્ષાએ અનિત્ય નથી, ષટ્‌ગુણ હાનિવૃદ્ધિની અપેક્ષાએ અનિત્ય છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. આ તો થોકડામાં છોકરાઓને ભણાવવાની વાત આવી છે. સમજાણું કાંઈ? શીખ્યા હતા કે નહિ પહેલા કાંઈ? આ થોકડો જૈનશાળામાં આવતો હતો.

**'અન્ય ચાર દ્રવ્ય વિભાવકે અભાવસે નિત્ય હી હૈં,...'** જીવ અને પુદ્‌ગલ સિવાય ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એમાં વિકાર નથી એ અપેક્ષાએ તેને નિત્ય કહેવામાં આવે છે. નહિતર પર્યાયની અપેક્ષાએ તો અનિત્ય છે પણ વિભાવ નથી માટે નિત્ય કહેવામાં આવે છે. કેટલું યાદ રાખવું આમાં? ઘરમાં માલ કેટલો હોય એ બધો એને ખ્યાલ હોય. કેટલા ભાવે આવ્યો, કેટલો ભાવ અત્યારે દુનિયામાં વર્તે છે અને નવા કેટલા ભાવે નવો માલ આવ્યો, એ બધી એને ખબર હોય, ત્રિપટ્ટી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધી ખબર હોય. આ ઘરાક આ લઈ ગયો ને આ ઘરાક આ લઈ ગયો. આટલું લેણું ને આટલું દેણું છે. એમ છે ને? આ વસ્તુ છે...

ભાઈ! આત્માના નિશ્ચય સમ્યગ્દર્શનના વિષય કાળમાં આવો વ્યવહારુ વિકલ્પ હોય છે એમાં આવું એને છ દ્રવ્યનું જ્ઞાન ને શ્રદ્ધા હોય છે. વીતરાગ માર્ગમાં આવું સ્વરૂપ છે એવા એને શ્રદ્ધા, જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? બીજી રીતે નહિતર આડોઅવળો ચડી જશે. એક જ આત્મા માનનાર ... તો એને નિશ્ચય હાથ નહિ આવે અને વ્યવહાર તો છે જ નહિ. સમજાણું કાંઈ?

**'ચાર નિત્ય હૈં, દો અનિત્ય હૈં, તથા દ્રવ્યકર સબ હી નિત્ય હૈં,...'** વસ્તુ (દૃષ્ટિથી)

જોઈએ તો બધી નિત્ય જ છે. '**કોઈ ભી દ્રવ્ય વિનશ્વર નહીં હૈ,...**' કોઈ પણ દ્રવ્ય કાંઈ નાશવાન નથી.

'**જીવકો પાંચોં હી દ્રવ્ય કારણરૂપ હૈં,...**' હવે આવ્યું આ દુઃખનું. એને લેવું છે ન્યાંથી પાછું. જીવને પાંચે પદાર્થ કારણરૂપ છે. '**પુદ્ગલ તો શરીરાદિકકા કારણ હૈ, ધર્મ-અધર્મદ્રવ્ય ગતિ સ્થિતિકે કારણ હૈં, આકાશદ્રવ્ય અવકાશ દેનેકા કારણ હૈ, ઔર કાલ વર્તનાકા સહાયી હૈ. યે પાંચોં દ્રવ્ય જીવકો કારણ હૈં, ઔર જીવ ઉનકો કારણ નહીં હૈ.**' જીવ એને કારણ નથી, જીવ તો એને જાણનાર છે. સમજાય છે? '**યદ્યપિ જીવદ્રવ્ય અન્ય જીવોંકો ગુરુ શિષ્યાદિરૂપ પરસ્પર ઉપકાર કરતા હૈ,...**' નિમિત્ત. જીવ ગુરુ શિષ્યમાં પરસ્પર નિમિત્તરૂપે કહેવાય છે, ઉપકારરૂપે. '**તો ભી પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોંકો અકારણ હૈ,...**' પણ આત્મા બીજા પુદ્ગલ આદિ પાંચ દ્રવ્ય માટે કારણ નથી. ગુરુ શિષ્યમાં નિમિત્ત-નિમિત્તથી ઉપકાર કહેવાય. પાંચ દ્રવ્યમાં તો એ નથી. '**ઔર યે પાંચોં કારણ હૈં,...**' સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જાણવાની પ્રસિદ્ધિ કરે છે, જાણવાની પ્રસિદ્ધિ કરે છે. પણ વસ્તુ? એને પોતાને જીવને કારણ થાય છે, જીવ એને કારણ થતો નથી. જુઓને! પહેલી વાત કરીને? દુઃખમાં નિમિત્તરૂપે થાય છે અથવા જ્ઞાનમાં નિમિત્તરૂપે હોય છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ પારિણામિક...**' પરમ સ્વરૂપ ભગવાનઆત્મા, શુદ્ધ પારિણામિક એટલે સ્વતઃ સ્વભાવ, પરમભાવ ત્રિકાળી એને ગ્રહનારી જે '**શુદ્ધદ્રવ્યાર્થિકનયકર યહ જીવ યદ્યપિ બંધ, મોક્ષ, પુણ્ય, પાપકા કર્તા નહીં હૈ,...**' શું કીધું? ભગવાનઆત્મા એકરૂપ પરમ સ્વભાવરૂપ ત્રિકાળ પરમપારિણામિક ભાવ સ્વભાવરૂપ, એકરૂપ પરમ સ્વભાવ ભાવરૂપ. એવી દૃષ્ટિથી જોઈએ તો ભગવાનઆત્મા બંધનો પણ કર્તા નથી, મોક્ષનો પણ કર્તા નથી. કારણ કે, બધી પર્યાય છે. એકરૂપ ત્રિકાળી ભાવ... ભાવ... ભાવ... ભાવ... પારિણામિક ભાવ. દ્રવ્યરૂપ કૂટસ્થ નિત્યભાવ, ધ્રુવભાવ. ભગવાનઆત્માનો પારિણામિક પરમ સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, અનાદિઅનંત ભાવ (છે). એ દૃષ્ટિએ જોઈએ તો વિકાર ને બંધનો પણ કર્તા નથી, મોક્ષનો પણ કર્તા નથી. કારણ કે મોક્ષ તો પર્યાય છે. ત્રિકાળ ભાવ કર્તા નથી. પુણ્ય-પાપનો પણ કર્તા નથી. પુણ્ય-પાપ ને વિકલ્પની પર્યાયનો કર્તા નથી.

'**તો ભી અશુદ્ધનિશ્ચયનયકર શુભ-અશુભ ઉપયોગસે પરિણત હુઆ...**' પણ અશુદ્ધ નિશ્ચયથી શુભ ને અશુભ પુણ્ય-પાપના (ભાવથી) પરિણમેલો જીવ. '**પુણ્ય-પાપકે બંધકા કર્તા હોતા હૈ,...**' એ શુભાશુભભાવનો કર્તા અને એ અટક્યો વિકાર એટલો બંધનો કર્તા છે. ભાવબંધની વાત છે ને. અશુદ્ધનિશ્ચય. ઘણું આવ્યું પણ આમાં તો. અશુદ્ધનિશ્ચયનયકર શુભ-અશુભ પરિણામ થાય છે એનો કર્તા અજ્ઞાની છે. પુણ્ય-પાપનો બંધનો કર્તા છે. '**ઔર ઉનકે ફલકા ભોક્તા હોતા હૈ,...**' લ્યો! અશુદ્ધનિશ્ચયથી. પોતાના વિકારી ભાવનો પોતે ભોક્તા છે. પોતે ભોક્તા છે. પરને ભોગવતો નથી. પોતાના વિકારી

પરિણામને કરે અને વિકારી પરિણામને ભોગવે. એવી પર્યાય અશુદ્ધનિશ્ચયથી (ભોગવે છે). અશુદ્ધ કેમ કીધું? કે, એનો પર્યાય છે માટે. પરને લઈને નહિ. પોતાના જ અશુદ્ધ ભાવ કરે અને અશુદ્ધ ભાવને પોતાની પર્યાયમાં ભોગવે. ત્રિકાળ ભાવની અપેક્ષાએ તો એ પર્યાયમાં એમાં હોવું છે નહિ.

'**તથા વિશુદ્ધ જ્ઞાન દર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યકા શ્રદ્ધાન...**' દેખો! આત્મા કેવો છે? વિશુદ્ધ જ્ઞાન દર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્ય ત્રિકાળ. એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન ને '**આચરણરૂપ શુદ્ધોપયોગકર પરિણત હુઆ...**' એ ત્રણ થઈને શુદ્ધઉપયોગ. '**શુદ્ધોપયોગકર પરિણત હુઆ મોક્ષકા ભી કર્તા હોતા હૈ, ઔર અનંતસુખકા ભોક્તા હોતા હૈ.**' લ્યો! ભગવાનઆત્મા પોતાના શુદ્ધઉપયોગનો સ્વભાવની દૃષ્ટિની, સ્વભાવ શુદ્ધનું દૃષ્ટિ, જ્ઞાન ને આચરણ એ રૂપે શુદ્ધઉપયોગ. પૂર્ણતા મોક્ષનો પણ કર્તા છે અને અનંત સુખનો ભોક્તા છે. '**ઈસલિયે જીવકો કર્તા ભી કહા જાતા હૈ, ઔર ભોક્તા ભી કહા જાતા હૈ. શુભ, અશુભ, શુદ્ધ પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...**' લ્યો! એ શુભ ને અશુભ પરિણમવું એ જ કર્તા, એમ કહે છે. હવે બીજી વાત કરશે. એ થયું એ અશુદ્ધનિશ્ચય છે ખરેખર. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૪૯૨, પોષ સુદ ૯, શનિવાર
## તા. ૦૧-૦૧-૧૯૬૬, ગાથા-૨૮ થી ૨૯, પ્રવચન નં. ૯૧

૨૮મી ગાથા. સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ કેવળજ્ઞાનમાં આ જગતમાં છ દ્રવ્ય જોયા છે. ભગવાન તીર્થંકર પરમેશ્વરને જ્યારે કેવળજ્ઞાન થયું એ અનંતકાળથી થતું આવે છે. અનંતા તીર્થંકરો થઈ ગયા. અત્યારે પણ બિરાજમાન છે, મહાવિદેહક્ષેત્રમાં છે. ભવિષ્યમાં અનંતા થશે. એ બધા ભગવાને કેવળજ્ઞાનમાં આ જગતમાં છ દ્રવ્ય વસ્તુ જોઈ છે. એ છ દ્રવ્યનું સ્વરૂપ કેવું છે એનું આમાં વર્ણન છે. અહીં સુધી આવ્યું છે, જુઓ!

અહીંથી લેવું છે હવે. '**શુભ, અશુભ, શુદ્ધ પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...**' શું કહે છે? આ જીવ છે ને જીવ? એ પોતાના દયા, દાનના પુણ્યના ભાવ કરે, કાં હિંસા, જૂઠાના ભાવ કરે અને કાં આત્માના શુદ્ધ પરિણામ, ધર્મના શુદ્ધ પરિણામ કરે. સમજાય છે કાંઈ? જુઓ! શુભ, દયા, દાન આદિ રાગની મંદતા, કષાયની મંદતાના ભાવ જીવ કરે છે, એને કોઈ કર્મ કરાવતું નથી. અને અશુભ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, આ રળવું, કમાવાના ભાવ એ બધા પાપ. એ પાપભાવ જીવ કરે છે. એને કોઈ કર્મ કરાવતું નથી. એ શુભ-અશુભભાવનો કર્તા જીવ છે. અને શુદ્ધભાવ-આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છે, એની અંતરમાં પુણ્ય-પાપના રાગ વિનાની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં

શુદ્ધઉપયોગની અવસ્થા, એને શુદ્ધ પરિણામ કહે છે. એ ધર્મ છે. પુણ્ય ને પાપ એ ધર્મ નથી પણ છે આત્મા એનો કર્તા. એના બે પ્રકાર છે. અજ્ઞાનપણે એ પુણ્ય-પાપ મારું કર્તવ્ય છે એમ માનીને કરે છે અને જ્ઞાન ભાનમાં સ્વરૂપનું ભાન થતાં, જ્ઞાન-ધર્મ થતાં એ શુભાશુભ પરિણામ થાય છે એ અપેક્ષાએ પરિણમનની અપેક્ષાએ એને કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મુખ્ય વાત છે ને આમાં તો બધી.

શુભ ને અશુભભાવ,.. આત્મા આ શરીર, વાણી, મન, પરપદાર્થનું કોઈ દિ' કાંઈ કરી શકતો નથી. કારણ કે, પરપદાર્થ સ્વતંત્ર વસ્તુ છે. એમ ભગવાને જોયું ને ભગવાને કહ્યું છે. આ શરીર, વાણી, આ માટી, આ પૈસા, મકાન, ધૂળ એનું કોઈ આત્મા કરે એ ત્રણકાળમાં કરી શકતો નથી. બરાબર હશે? 'સોભાગલાલજી'! આ સંચા-બંચા કોણ કરતું હશે? માને છે ને માણસ? માને. માને એ મિથ્યાત્વભાવને કરે. પણ પરના કામ કરી શકે એમ ભગવાન સર્વજ્ઞદેવે છ દ્રવ્યની ભિન્નતા ભાળી છે, જુદા છે. એ જુદાવાળો જુદાનું કરે એમ માને એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનનું એને મોટું પાપ છે. ભાન વિના એ અજ્ઞાનપણાના પરિણામને કરે, પણ પરના પરિણામ તો કરે નહિ અને શુભ-અશુભભાવના પરિણામ દયા, દાન, વ્રતના શુભભાવ, હિંસા, જૂઠું, ચોરીના (અશુભ પરિણામ) અજ્ઞાની કર્તૃત્વબુદ્ધિથી કરે. જ્ઞાનીને પરિણમનરૂપે છે એ અપેક્ષાએ એને કર્તા જ્ઞાતામાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને શુદ્ધ પરિણામનો કર્તા તો આત્મા પોતે છે. શુદ્ધ આત્મા શરીર, વાણીની ક્રિયા કર્યા વિનાનો, પુણ્ય-પાપના ભાવના કર્તૃત્વબુદ્ધિ વિનાનો જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ આત્મા છું, એવી શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા એનો કર્તા (થાય છે). ધર્મની દશા-શુદ્ધ ભાવની દશા, શુદ્ધભાવને ધર્મ કહે છે. એનો કર્તા આત્મા છે, એનો કર્તા કોઈ કર્મ-બર્મ નથી. કર્મ ખસે તો આત્માને ધર્મ થાય એમ એ કર્તા કર્મ અને આત્મનો ધર્મ એ કામ (-કાર્ય) એમ નથી.

'**સબ જગહ કર્તાપના હૈ, પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...**' એમ લેવું છે. શું કહેવું છે સમજાણું? આત્મામાં શુભભાવ, અશુભભાવ કે આત્માનું ધર્મનું આત્મભાન એનું એ પરિણમન (છે) એ એનું કર્તાપણું (છે). સમજાણું આમાં કાંઈ? '**ઔર પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણામરૂપ જો પરિણમન વહી કર્તાપના હૈ,...**' આ શરીર છે ને? આ શરીર, વાણી, આ જડ એની પર્યાયનો કર્તા એ પુદ્‌ગલ છે, આત્મા નહિ. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલ જે આ શરીર છે, વાણી છે, કર્મ છે, આ પરના શરીરો છે, એના પર્યાય પલટે એનો કર્તા એ પુદ્‌ગલ છે, આત્મા કર્તા નથી. જુઓ! આ શરીર હાલે એનો આત્મા કર્તા નથી, એ પુદ્‌ગલ એનો કર્તા છે.

મુમુક્ષુ :- શરીર કોણ ચલાવે છે?

ઉત્તર :- કોણ હલાવે છે? એ પુદ્‌ગલ. શું કહ્યું?

એ પુદ્‌ગલાદિ પાંચ હવે અહીં તો મૂળ પુદ્‌ગલ છે, ઓલા ચાર તો અરૂપી છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. એની લપ તો મોટી છે. પણ અહીં તો પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્ય જે ભગવાને જીવ સિવાય પાંચ જોયા, એ પાંચનું પરિણમન પર્યાય બદલે છે એના એ કર્તા

છે. આ વાણી થાય છે એનો કર્તા એ વાણીના પુદ્ગલ છે, આત્મા નહિ. આ શરીર હાલે, આ બોલે, આમ આમ થાય એના એ પરિણામના પર્યાયનો કર્તા પુદ્ગલ જડ છે, આત્મા નહિ. આત્મા અજ્ઞાન કરે ને રાગ-દ્વેષ કરે. કીધું ને. પહેલું કીધું ને. શુદ્ધ, શુભ ને અશુભ. હવે આ કંટાળો આવે છે એ અશુભ પાપના ભાવ જીવ કરે છે.

મુમુક્ષુ :- શરીર કરાવે છે ને?

ઉત્તર :- ના, બિલકુલ નહિ, જૂઠી વાત છે. બિલકુલ કરે પોતે, કરાવે પોતે. કરે કોણ બીજો? ધૂળ કરે. સમજાણું કાંઈ? આ શું છે અંદર? છે? પુસ્તક રાખ્યું છે કે નહિ? આ રહ્યું પણ સામું તો જુઓ. આજ એને કંટાળો આવી ગયો છે, સવારનો કંટાળો આવી ગયો છે. સવારમાં બોલ્યા હતા, હવે મરી જઈએ. પણ આટલું આટલું સાંભળે તો ક્યાં જાવું છે પણ?

અહીં શું કહ્યું સાંભળ્યું? જુઓ! '**શુભ, અશુભ, શુદ્ધ પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...**' છે ચોથી લીટી? એ શું (કહ્યું)? કે, આ શરીરને રોગ છે માટે જીવને કંટાળાના પરિણામ થાય છે એમ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- ઈ કેમ થાય છે?

ઉત્તર :- એ કંટાળાના પરિણામ પોતે કરે તો થાય છે. એમ ભગવાન કહે છે.

મુમુક્ષુ :- બિમાર હોય ત્યાં કાંઈ કરતો નથી, એનું શું?

ઉત્તર :- પણ ક્યાં કોણ નથી કરતો? બિમારની પર્યાય બિમારમાં રહી. એમાં આત્મામાં ક્યાં આવી? આ નીરોગતા વખતે પણ જીવને શુભભાવ થાય કે અશુભ થાય એ નીરોગતા એને કરાવતો નથી. એ શુભ ને અશુભ પરિણામ જીવ કરે તો થાય છે. પર કરાવતા નથી અને પરનો એ કર્તા નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! કોણ કરી દયે? કહો, સમજાણું આમાં?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા. આ તો હજી વ્યવહાર સમકિતના વિષયની આ વાત ચાલે છે. આહાહા..! હજી વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા ન મળે. નિશ્ચય સમ્યગ્દર્શન તો આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ અખંડ એની પ્રતીત ને અનુભવ એનું નામ સમ્યગ્દર્શન. એ ટાણે (સમયે) વ્યવહાર સમકિતમાં આવો એનો પરદ્રવ્યનો વિષય જે રીતે છે તેવી એની શ્રદ્ધામાં વર્તવો જોઈએ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ પુદ્ગલાદિ પાંચ દ્રવ્ય. આ શરીર, આ પુસ્તક આદિ આ બધા, કર્મ, વાણી, એ બધા. તેજસ શરીર, આ ઔદારીક, વૈક્રિયક, આહારક એ પુદ્ગલો. આ પૈસા, દાળ, ભાત, શાક, આ મકાન. એ બધા જડ પોતાની વર્તમાન અવસ્થાના બદલવારૂપ કાર્યને કરે છે. એ આત્માના પરિણામને કરતા નથી અને એના પરિણામને આત્મા કરતો નથી. સમજાણું કાંઈ? છે પુસ્તક એની પાસે? 'કાંતિભાઈ' પાસે પુસ્તક ક્યાંથી આવ્યું? પણ આ જુઓ તો ખરા, કહે છે શું અંદર લખ્યું છે આ? કહો, સમજાણું આમાં?

પુદ્ગલ એટલે રજકણ, એક રજકણથી માંડીને આ દાળ, ભાત, લાડવા, લોટ, આ

પૈસા, મકાન, લુગડા, કપડા, સંચા એ બધા પુદ્ગલો, એની વર્તમાન દશાનું પલટવું એના પરિણામને તે પુદ્ગલ કરે છે. આત્મા એનો કર્તા ત્રણકાળ, ત્રણલોકમાં હોય શકે નહિ. કેમકે એ જુદા છે તેનો જુદો, તેનો કર્તા હોય શકે નહિ. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! કહો, 'સોભાગમલજી'! સમજાય છે કાંઈ?

'**પુણ્ય પાપાદિકા કર્તાપના નહીં હૈ,...**' શું કહે છે? '**પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણામરૂપ જો પરિણમન વહી કર્તાપના હૈ,...**' પણ આત્માના જે શુભ ને અશુભભાવ (થાય) એના કર્તાપણું આ શરીર નથી, એમ કહે છે. શું કીધું? છે? શબ્દ છે અંદર? જુઓ! વાંચો જોય. '**પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણામરૂપ જો પરિણમન વહી કર્તાપના હૈ, પુણ્ય પાપાદિકા કર્તાપના નહીં હૈ,...**' આત્મામાં (પરિણામ થાય તેનો) કર્મ કર્તા નહિ, શરીર કર્તા નહિ, વાણી કર્તા નહિ, રોગ કર્તા નહિ, નીરોગ કર્તા નહિ. અને પાપના પરિણામ જીવમાં થાય એમાં શરીર કર્તા નહિ, આ બાયડી-છોકરા કર્તા નહિ, એનું કર્મ કર્તા નહિ. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઘરવાળા શરીર સાજું કરી દે.

ઉત્તર :- ઈ જ કહે છે કે, મૂઢ જીવ મફતનો માને છે કહે. શરીરમાં આ થયું માટે મારે આવા પરિણામ થાય. મૂઢ છે મહા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, એમ અહીં કહે છે. કહો, સમજાણું આમાં? છે? પુસ્તક છે કે નહિ? સામે પડ્યું છે કે નહિ? વાણિયાઓ દશેરામાં નામા મેળવે છે કે નહિ? દિવાળીના નામા મેળવે કે નહિ દશેરામાં? આ ભગવાનનું નામું છે, જોતો ખરો જરી. આહાહા..!

'**પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણમન કર્તા...**' એ પુણ્ય-પાપ આદિના કર્તા નહિ એનો અર્થ છે. શું કહે છે? આત્મામાં થતાં દયા, દાન, શુભ મંદ કષાય, એનો કર્તા પુદ્ગલ નહિ એટલે કર્મ નહિ. ભાઈ! એમ આવ્યું ને? એ શુભભાવનો કર્તા કર્મ નહિ, શરીર નહિ. પાપનો કર્તા કર્મ નહિ, શરીર નહિ. એ પ્રતિકૂળતાની નિમિત્તતા એ પાપના ભાવનો કર્તા નહિ. અનુકૂળતાના નિમિત્ત એ પાપના (પરિણામનો) કર્તા નહિ. ભાઈ! આ અનુકૂળતા ઘણી છે માટે અમને આ ભાવ પાપના આવા આવે છે. બિલકુલ જૂઠ છે.

મુમુક્ષુ :- આનંદ કેમ આવે છે?

ઉત્તર :- આનંદ ક્યાં આવે છે? દુઃખ થાય છે. દુઃખમાં આનંદ ક્યાં આવ્યો? અજ્ઞાની દુઃખનો કર્તા થાય છે. પાપના પરિણામરૂપી દુઃખનો કર્તા થાય છે. અનુકૂળ ચીજ એના દુઃખના પરિણામના કર્તા નથી. લાડવો જે છે એ આત્માના 'આ ઠીક છે' એવા પરિણામનો લાડવો કર્તા નથી, એમ કહે છે અહીં. એ મને ઠીક છે, એવા પાપના પરિણામ થયા એનો કર્તા જીવ છે. લાડવો પુદ્ગલ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મીઠાશ ઠીક છે...

ઉત્તર :- મીઠાશ ઠીક છે, એ પાપના ભાવ છે. ત્યારે શું પુણ્યના છે? અમારે હમણાં સરખાઈ છે. એવી જે ચીજો, એ તારા સરખાઈના પાપના પરિણામનો કર્તા નહિ. એ

પાપના પરિણામ તેં કર્યા છે. એ સરખાય પુદ્‌ગલની બહારની તું માને છો એ પરિણામના કર્તા નથી. આ તો સમજાય એવી વાત છે. આહાહા..!

હજી થોડું વિશેષ નાખવું છે. પાપાદિ શબ્દ પડ્યો છે ને? એટલે શું કહેવું છે? જુઓ! આત્મામાં સંવર, નિર્જરા ને મોક્ષના પરિણામ જે થાય, એના કર્મ કર્તા નથી. શું કીધું? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વભાવને ભૂલી અને પુણ્ય-પાપના પરિણામ કરે તો એ પોતે કર્તા (છે). એનો કર્મ કે પુદ્‌ગલ કે બીજી ચીજ કરનાર નથી. હવે જીવ પોતે ભૂલ્યા વિના પણ પુણ્ય-પાપને ભાન સહિત પરિણમે તોપણ એ કર્તૃત્વ પરિણમન જીવનું છે, એ કાંઈ કર્મને કારણે નથી. એમ કે જ્ઞાની થયો એટલે હવે રાગ-દ્વેષનો કર્તાનો ભાવ નથી માટે રાગ-દ્વેષના પરિણામ એ કર્મને લઈને થયા એમ શાસ્ત્રમાં આવે છે. સમજાય છે? ના, એ તો નિમિત્તથી કથન હતું. ધર્મીને પણ પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનના પરિણામ કાળમાં પણ જેટલા પરિણામ શુભ, અશુભ થાય એનું પરિણમન એનું છે. એનું (પરિણમન છે) માટે એ અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! શૈલી તે શૈલી.. સમજાણું?

આત્મામાં સંવર, નિર્જરાના, મોક્ષના પરિણામ (થાય) એનો કર્તા જીવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મના પરિણામનો કર્તા જીવ છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનો કર્તા કર્મ નથી. આ કેવળજ્ઞાનના પરિણામનો કર્તા જીવ છે. એ કેવળજ્ઞાનના પરિણામનો કર્તા કેવળજ્ઞાનાવરણી પુદ્‌ગલ નથી. આહાહા..! આ તો ઓલા નાખે છે, કેવળજ્ઞાનાવરણી ક્ષયે મોહ ક્ષય હવે સાંભળને. સમજાણું કાંઈ?

જુઓ! એ પાપાદિ છે ને શબ્દમાં? '**पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव**' કોણ? એ પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્ય તેનો કર્તા (પોતે) પોતાના પરિણામનો, પણ બીજાના પરિણામનો કર્તા નથી. સમજાણું કાંઈ? '**पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव**' પુણ્ય-પાપાદિ સ્વભાવમાં એ પુદ્‌ગલ કર્તા નથી. એમ સંવર, નિર્જરા મોક્ષના આત્મા પરિણામ કરે એનો કર્તા કર્મ (નથી). અકર્તૃત્વ છે. અકર્તૃત્વ છે ને ભાઈ! એમાં? '**रूपेणाकर्तृत्वमेव**' આહા..! ટૂંકામાં તો ઘણું નાખ્યું છે. ભગવાનઆત્મા પોતે શુભ-અશુભ પરિણામને કરે તો પુદ્‌ગલ એનો અકર્તા છે. આત્મા પોતાના સ્વભાવને આશ્રયે શ્રદ્ધા-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે ક્ષાયિક સમકિત કરે, કે ક્ષયોપશમ, ઉપશમ કરે, કે ક્ષયોપશમ ચારિત્ર કરે, કે ક્ષયોપશમ જ્ઞાન કે ક્ષાયિક જ્ઞાન કરે, એના પરિણામનો કર્તા જીવ છે. એ પરિણામનો કર્તા કર્મ નથી. જ્ઞાનાવરણી ક્ષય થયો તો અહીંયાં કેવળજ્ઞાનના પરિણામ થયા, તો કેવળજ્ઞાનવરણી ક્ષય એ કર્તા અને કેવળજ્ઞાન એ કાર્ય, એમ છે નહિ. આહાહા..!

આવી તો વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં શ્રદ્ધા એને હોવી જોઈએ. એના ઠેકાણા ન મળે એને તો નિશ્ચય સમ્યગ્દર્શન હોય નહિ. અને નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવો એને શ્રદ્ધામાં હોય છે. વસ્તુ એવી છે, એવી છે એ શ્રદ્ધામાં હોવી જોઈએ ભેદવાળી. ભેદ છે ને? અનંત છે. સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે. એમ જેમ છે તેમ એને વ્યવહાર સમ્યક્

શ્રદ્ધામાં, વ્યવહાર જ્ઞાનમાં એણે શ્રદ્ધવું જોઈએ. આહાહા..! અહીં તો અત્યારે એવા વાંધા ઉઠાવે. નહિ, પરદ્રવ્યનો કર્તા ન માને તે દિંગબર જૈન નહિ. અર..ર..ર..! ગજબ કર્યો! અહીં તો કહે છે કે, પરદ્રવ્ય તારા પરિણામને કરે (એમ માનવું) એ મિથ્યાત્વ છે અને તું પરદ્રવ્યના પરિણામ કરે એ મિથ્યાદૃષ્ટિ માને છે. અને એ માને છે એ મિથ્યાત્વ પોતાને કારણે પરિણમ્યો છે. આહાહા..! કહો, સમજાણું?

કોઈ કહે કે, ભાઈ! શું કરીએ? એવી ભીડમાં આવ્યા છીએ અત્યારે કે, આવા પરિણામ કર્યા વિના ચાલે નહિ. એવી સંયોગ દશા જ છે. આ કાળા બજારના પરિણામ કર્યા વિના ચાલે નહિ અત્યારે એવા સંયોગ છે. એમ હશે ? 'કાળીદાસભાઈ'! તમારે શું છે? તમે તો બધું સરકારને આપી દીધું. પણ આ એમ ને એમ પૈસા રાખે ઘરમાં એને શું? કઈ રીતે? એવો પ્રતિકૂળ સંયોગ આવ્યો એટલે આને કરવું પડે છે ને આવું? નહિ? એય..! એવો સંયોગ પ્રતિકૂળ આવે એટલે એને લઈને અહીં પરિણામ થાય. ના પાડે છે ભગવાન કે, એમ નથી થતું. સમજાણું?

આમ શરીરમાં ભીંસ પડી. આ પરિણામ બગાડે. બિલકુલ નહિ, બિલકુલ કિંચિત નહિ. આહાહા..! ... નિમિત્ત કહેવાય. કર્તા હોય તો તો અહીં ગરી ગયું. સમજાણું કાંઈ? શરીરમાં રોગ, પ્રતિકૂળતા, પૈસાનું નિર્ધનપણું, બૈરાનું મરવું, છોકરાનું જવું, છોડીનું રાંડવું એકસાથે આવા સંયોગ (ઊભા થાય) એટલે પાપના પરિણામ થાય. ના, એ પાપના પરિણામ તેં કર્યા તો થયા છે, સંયોગથી થયા નથી. આહાહા..! કેમ 'ફુલચંદભાઈ'! સલવાય જાય છે કે નહિ પણ બહારને કારણે? બહારને કારણે ને? નહિ? આ 'ગુણવંતભાઈ' હતો એટલી નિવૃત્તિ મળે. ન્યાં ગયા એટલે સલવાવું પડ્યું. એમ હશે? નહિ. આહા..! અરે..! કોણ જાય? ક્યાં આવે? ભગવાન!

મુમુક્ષુ :- એનો હક છે.

ઉત્તર :- હા, એનો હક છે ન્યાં. ઓલા ભાઈ કહે, અહીં રહો, ભાઈ! 'જમુભાઈ' અહીં રહો એ બા પણ કહે અને ઓલા બધા ભાઈઓ પણ કહે. હમણા અમારે ઠીક છે. બાપાને મારી નાખ્યા છે. રસ છે ત્યાં ઈ. એને લઈને નહોતા રહ્યા ત્યાં. આ તો દાખલો. ઈ પૂછે તો એનો દાખલો કહેવાય ને. એ 'મલૂકચંદભાઈ'! હવે આને બધા છોકરા-બોકરા કરનારા છે તોય ન્યાં સલવાય છે. હજી ન્યાં 'મુંબઈ' જાવું છે. સંયોગ કરાવતા હશે ને ભાવને? નહિ?

મુમુક્ષુ :- ....નિમિત્ત...

ઉત્તર :- પણ નિમિત્તની વ્યાખ્યા શું? તો જ નિમિત્ત કહેવાણું. એનાથી થયા નથી, આણે કર્યા ત્યારે ઓલા નિમિત્ત કહેવાણું. એ એનાથી થયા તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો એણે કરાવ્યું, આમાં ગરી ગયું એ તો. સમજાણું કાંઈ? આહાહા..! આ તત્ત્વોનો આવો સ્વભાવ છે. એવો સ્વભાવ હજી વ્યવહાર શ્રદ્ધામાં પણ ન લે, એને એકલો જ્ઞાયક સ્વભાવ ભગવાન ચિદાનંદ સ્વરૂપ અભેદ છું, એ રુચિ કેમ કરે? આટલી વ્યવહારની જ્યાં સ્વતંત્રતા છે એની રુચિ ન બેસે, એને એકલો ભગવાન અવ્યક્ત, જેની પર્યાયમાં અલ્પજ્ઞતા ને વસ્તુની

સર્વજ્ઞતા (કઈ રીતે બેસે?) સમજાય છે કાંઈ?

'**પુણ્ય પાપાદિકા કર્તાપના નહીં હૈ,...**' કોણ? પુદ્‌ગલ. સમજાય છે? ધર્માસ્તિ, અધર્માસ્તિ કોઈ (કર્તા નથી). પાંચે દ્રવ્યો ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ. કાળદ્રવ્ય એ આત્માના પુણ્ય-પાપ ને ધર્મ પરિણામનો કર્તા નથી. કાળ કરણે પુદ્‌ગલ, આવે છે ને? 'પંચાસ્તિકાય'માં નથી આવતું? પુદ્‌ગલકરણે. પુદ્‌ગલને કાળ કરણે. અહીં તો કહે છે, એ તો નિમિત્તથી વાત હતી. કર્તા-ફર્તા કોઈ નથી. આવે છે ને? ભાઈ! 'પંચાસ્તિકાય'માં. પુદ્‌ગલ કર્તા, પુદ્‌ગલ કરણ જીવને. એ આવ્યું. અને પુદ્‌ગલને કાળ કરણ. એ તો નિમિત્તથી વ્યાખ્યા છે. કોઈ પુદ્‌ગલ આત્માના પરિણામનો કર્તા-ફર્તા નથી. અને પુદ્‌ગલના પરિણામનું કાળ પણ કર્તા નથી. ભગવાનના કહેલા તત્ત્વો સ્પષ્ટ છે એને પણ જેને હજી માનવાની દરકાર ન મળે, એને આત્મા શું ચીજ છે એ ચાલશે. જુઓ!

'**સર્વગતપના લોકાલોક વ્યાપકતાકી અપેક્ષા આકાશ હી મેં હૈ,...**' શું કહે છે હવે? આખા લોક અને અલોકમાં આકાશ વ્યાપેલ છે. સર્વગતપણું એને લાગુ પડે છે, આખા પૂર્ણની અપેક્ષાએ. સર્વગત. ધ્યાન રાખજો! એમાં પણ જરી ન્યાય આવશે. લોકાલોક વ્યાપકની અપેક્ષા આકાશ સર્વગત છે. આકાશ છે ને? ભગવાને જોયું. '**ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્ય યે દોનોં લોકાકાશવ્યાપી હૈં,...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ બે છે એ લોકમાં રહેલા છે. બે પદાર્થો ભગવાને જોયેલા. '**અલોકમેં નહીં હૈ, ઔર જીવદ્રવ્યમેં એક જીવકી અપેક્ષા કેવલસમુદ્‌ઘાતમેં લોકપૂરણ અવસ્થામેં લોકમેં સર્વગતપના હૈ,...**' ક્ષેત્રની અપેક્ષાએ અત્યારે વાત ચાલે છે. જીવદ્રવ્યમાં એક જીવદ્રવ્યની અપેક્ષાએ જ્યારે ભગવાન કેવળસમુદ્‌ઘાત કરે ત્યારે આખા લોક પ્રમાણે વ્યાપી જાય. ક્ષેત્ર આ અસંખ્ય પ્રદેશ. સર્વગત, એ અપેક્ષાએ ક્ષેત્રથી સર્વગત કહેવામાં આવે છે. ભાવથી સર્વગત પછી કહેશે.

'**તથા નાના જીવકી અપેક્ષા સર્વગતપના નહીં હૈ,...**' કારણ કે, અનેક જીવ તો એક એક જીવ તો થોડામાં રહે છે. આટલા આટલામાં. '**પુદ્‌ગલદ્રવ્ય લોકપ્રમાણ મહાસ્કંધકી અપેક્ષા સર્વગત હૈ,...**' આખા પુદ્‌ગલો, આખો એક મહાસ્કંધ છે. આખા લોકપ્રમાણે એક સ્કંધ. બીજા પુદ્‌ગલો જુદા. આ તો મહાસ્કંધ. એ આખા લોકપ્રમાણે છે. '**અન્ય પુદ્‌ગલકી અપેક્ષા સર્વગત નહીં હૈ,...**' આ બીજા આટલા આવા આવા શરીરની અપેક્ષાએ આટલા આટલામાં છે, એ આખામાં છે નહિ. સમજાણું?

મુમુક્ષુ :- કાયમ રહે?

ઉત્તર :- કાયમ રહે. હા, એવો એક સ્વભાવ છે.

'**કાલદ્રવ્ય એક કાલાણુકી અપેક્ષા તો એકપ્રદેશગત હૈ,...**' કાળદ્રવ્ય એક અરૂપી છે. આકાશના એક પ્રદેશમાં રહેલો છે. સર્વગત નહિ. એક, હોં! એક. '**નાના કાલાણુકી અપેક્ષા લોકાકાશકે સબ પ્રદેશોંમેં કાલાણુ હૈ,...**' આખા લોકમાં બધા કાલાણુ છે. એ પછી સર્વગત કહેવાય. '**ઈસલિયે સબ કાલાણુઓંકી અપેક્ષા સર્વગત કહ સકતે હૈં. ઈસ નયવિવક્ષાસે**

**સર્વગતપનેકા વ્યાખ્યાન કિયા.**' ક્ષેત્રની અપેક્ષાએ.

'**ઔર મુખ્યવૃત્તિસે વિચારા જાવે, તો સર્વગતપના આકાશમેં હી હૈ,...**' કારણ કે એકલો આકાશ સર્વવ્યાપક છે ને. '**અથવા જ્ઞાનકી અપેક્ષા જીવમેં ભી હૈ,...**' દેખો! હવે આ ભાવથી લીધું. શું કીધું? આત્મામાં કેવળજ્ઞાન થાય... સમજાય છે? ત્યારે જીવમાં સર્વગતપણા '**જ્ઞાનકી અપેક્ષા જીવમેં ભી હૈ...**' જીવ બધાને જાણે છે, લોકાલોકને જાણે છે. અહીં રહ્યો છતાં. કેવળજ્ઞાન અહીં આત્મામાં થાય. સર્વજ્ઞપદ, પરમેશ્વરપદ, અરિહંતપદ તો આત્મામાં અહીં થાય પણ એ જ્ઞાનમાં લોકાલોક જણાય એ અપેક્ષાએ એને સર્વવ્યાપક ભાવથી કહેવામાં આવે છે. ક્ષેત્રમાં ભાવ પોતાનો એવડો લાંબો થયો. એમ (કહેવું છે). સમજાણું? '**જીવકા કેવલજ્ઞાન લોકાલોક વ્યાપક હૈ, ઈસલિયે સર્વગત કહા.**' લ્યો! સમજાણું?

અહીં તો બીજો એક બોલ રાત્રે વિચારમાં મગજમાં આવ્યો છે. સર્વગતનય છે ને? ૪૭ નય. સર્વગત નય. અને જ્ઞેય જ્ઞાયક અદ્વૈતનય. જ્ઞેય જ્ઞાયક દ્વૈતનય છે અને અસર્વગતનય. જ્ઞેય, જ્ઞાયક અદ્વૈતનય અને સર્વગતનય. સાધક જીવને, હોં! સાધકની વાત છે ત્યાં. અહીં તો કેવળજ્ઞાનની અપેક્ષા લીધી છે. પણ એ સર્વગતમાં આત્મા જ્ઞાન સ્વરૂપને પામ્યો, જાણ્યું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ છું, પવિત્ર (છું) એવું ભાન થયું તો એ ભાનમાં, આત્માની પર્યાયમાં સર્વગતપણું અત્યારે (પ્રગટ થયું છે). લોકાલોકની જે પર્યાય છે દ્રવ્ય, ગુણ આદિ એ એની પર્યાયમાં જાણવામાં આવી જાય છે.

ધ્યાન રાખજો. આ તો વિચાર શું આવ્યો? ઓલા કેવળજ્ઞાની અને શ્રુતજ્ઞાનમાં ફેર પાડે છે ને? અહીં તો શ્રુતજ્ઞાનમાં આ આત્મા જ્ઞાયક સ્વરૂપ છું, શુદ્ધ છું એવું ભાન (થયું), એ ભાનની દશામાં લોકાલોક જાણે વર્તતું હોય. એમાં એમ અહીંયાં સાધક જીવને (વર્તે છે). સાધક જીવની વાતમાં (એમ છે), આ તો સાધ્યની વાતમાં. સમજાણું કાંઈ? એને પણ જે ક્રમસર લોકાલોકમાં જે થઈ રહ્યું છે એ જેમ કેવળજ્ઞાન સર્વગતપણે જાણે છે, એમ શ્રુતજ્ઞાન પણ એમ બધું જેમ થઈ રહ્યું છે એમ સર્વગતપણે જ્ઞાનનો શ્રુતજ્ઞાન પર્યાય જાણે છે. સાધક, સમ્યગ્દૃષ્ટિ એમ પોતાની પર્યાયને સર્વગતપણે પર્યાયને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? બસ, એટલો ફેર. પ્રત્યક્ષ અને પરોક્ષ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણનાર, જાણનાર. જાણનાર બધાને જાણે. પણ અહીં તો જરી બીજી સૂક્ષ્મ વાત મગજમાં આવી. સમજાણું? આ સર્વગતપણું.. .. સર્વગત અને જ્ઞેય-જ્ઞાયક અદ્વૈતનય. બેનો વિસ્તાર કાલે અંદર ચાલતો હતો. આ જે જ્ઞાન છે-કેવળજ્ઞાન જે છે એ કેવળજ્ઞાનમાં તો આમ લોકાલોક સર્વગત કીધા. એ તો પહેલું 'પ્રવચનસાર'માં પાઠમાં આવી ગયું છે ને? એ ૪૭ નયમાં ઉતાર્યું. એ સર્વજ્ઞને ઉતાર્યું છે, અહીં ૪૭માં સાધકને ઉતાર્યું છે. શ્રુતમાં ઉતાર્યું. એ આત્મા... ધ્યાન રાખો, આ આત્મા સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યો. એ જ્ઞાનમાં સર્વગતપણું એક નયનો વિષય છે. એક નય કે જે જ્ઞાન બધું લોકાલોક છે તેને જાણે

છે. જ્ઞાન જાણે એમાં વ્યાપી ગયું હોય. આડુઅવળુ કાંઈ નથી. જે પ્રમાણે લોકાલોક વર્તે છે એ પ્રમાણે આ સર્વગત પર્યાય શ્રુતજ્ઞાન એને જાણે છે. અહીં સાધકપણાની પર્યાયમાં આ રીતે જાણે છે. કેવળજ્ઞાની તો એક સમયમાં આમ પ્રત્યક્ષ જાણે છે. સાધકપણામાં, અહીં તો સાધક જીવની વાત છે, એ પણ પોતાના શ્રુતજ્ઞાનની પર્યાયમાં બધું લોકાલોક જેટલું દ્રવ્ય, ગુણ બધું છે એનું જ્ઞાન એમાં વ્યાપ્યું છે. એ પર્યાયની એટલી તાકાત છે એમાં વ્યાપી છે. એ અપેક્ષાએ આત્માને સર્વગતનયે સર્વગત છે એમ જાણવું જોઈએ. આહાહા..!

એમ કહ્યું કે, જેમ કેવળજ્ઞાની ભગવાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે છે એમ એને કાંઈ આઘુપાછુ પછી કાંઈ નથી. જેમ જે પર્યાય, જે દ્રવ્યને જે ઠેકાણે જ્યાં જેમ થાય તે નિમિત્ત ત્યાં એ ક્ષેત્રે બધું જાણે છે. એવી રીતે શ્રુતજ્ઞાનમાં વર્તમાન શ્રુતજ્ઞાનની દશામાં સ્વના જ્ઞાનના ભાન સહિતમાં પરના જેટલા પદાર્થો જ્યાં જેટલા જે રીતે જ્યાં જેમ પરિણમે તે સમયે તેમ ત્રણકાળ, ત્રણલોક એ રીતે પર્યાયમાં, એ રીતે વ્યાપવું છે. પર્યાયનો એવો ધર્મ છે. એવો સર્વગતનય છે એને શ્રુતજ્ઞાની એ રીતે જાણે છે. એટલે એને પણ ક્યાંય ફેરફાર છે એમ એ જાણતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, આ આખો લોક, અલોક, છ દ્રવ્ય ભગવાને આમ જોયા, આમ પડ્યા પાથર્યા. એમ ને એમ પર્યાય ત્રણકાળની પર્યાય જે સમયે જ્યાં, જે સમયે જ્યાં, જે સમયે તે નિમિત્ત, જે ક્ષેત્રે (થવાની છે) એમ ને એમ ભગવાને જોયું. એમાં આઘુપાછુ કાંઈ નથી. 'જુગરાજજી'! આહાહા..! એમ શ્રુતજ્ઞાનમાં પણ સર્વગતનય ભગવાને મુકીને, 'અમૃતચંદ્રાચાર્યે' કાઢ્યું છે એ પણ પાઠમાં છે માટે કાઢીને મૂક્યું છે. આહાહા..! પોતાના આત્માને જ્ઞાન ને આનંદસ્વરૂપ અંતરમાં જાણ્યા અને એ જ્ઞાન સમ્યક્પણે પરિણમ્યું. એ સમ્યક્પણે પરિણમ્યો એમાં સ્વદ્રવ્યનું જ્ઞાન તો છે પણ લોકાલોક જેટલા છે તેના દ્રવ્ય, ગુણ ને પર્યાય એની પર્યાયમાં સર્વગત જાણે વ્યાપી ગયું હોય, જાણે એમાં બધું પેસી ગયું હોય, એ શ્રુતજ્ઞાનની પર્યાયને એ રીતે શ્રુતજ્ઞાની પણ જાણે છે. આહાહા..! સમજાણું? છે કે નહિ? ૪૭માં.

અલૌકિક વાત, અલૌકિક વાત, ગજબ વાત. સર્વજ્ઞની કોઈ પણ શૈલીથી જુઓ. જુઓ! (૨૦મી નય). '**આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.**' સર્વવર્તી એમ છે, ભાઈ! આહાહા..! આ તો શ્રુતજ્ઞાનનો નય છે. શ્રુતજ્ઞાનનો પ્રમાણ. આમાં શ્રુતપ્રમાણ એનો એક એક નય છે. શ્રુતજ્ઞાન પ્રમાણ આત્માનું જ્ઞાન થયું ત્યાં એક એક નયનો એક એક ધર્મ તે નય તેને જોવે છે. શ્રુતજ્ઞાન એકસાથે બધાને જાણે છે. એમાં એક નયે એમ દેખે છે કે, ભગવાનઆત્મા સર્વગતનયે ખુલ્લી રાખેલી આંખની માફક. આમ જેમ આંખ જાણે બધામાં વ્યાપી ગઈ હોય. એમ જ્ઞાનનો પર્યાય બધાને જાણે છે. સર્વવર્તી છે-સર્વમાં રહેનારું છે, એ શ્રુતજ્ઞાનનો પર્યાય સર્વમાં રહેનારો છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સર્વમાં રહેનારો છે.

ઉત્તર :- એની ચીજ જ એવી છે. એનું સ્વરૂપ જ એવું છે. અદ્ભૂત ચૈતન્ય ચમત્કાર! આહાહા..!

'**જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપનયે),...**' જ્ઞાનનો પર્યાય છે, એમાં જેટલા જ્ઞેયો છે એ જાણે અહીં આવી ગયા હોય. એમ જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે. સમજાય છે? '**મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક.**' અગ્નિ મોટા લાકડાની અગ્નિરૂપે પરિણમ્યો. એકરૂપ અગ્નિ થઈ ગઈ છે ને. એમ જ્ઞાનનો પર્યાય આખા લોકાલોકના જેટલા જ્ઞેયો છે એને જાણવારૂપે પરિણમી ગયું, જ્ઞાન અહીં પરિણમી ગયું. એમ શ્રુતજ્ઞાનનો નય એને જાણે છે. ઓહો..હો..! કથનપદ્ધતિ છે ને! દિગંબર સંતોની કહેવાની રીત અલૌકિક વાત! આત્મા હથેળીમાં આત્મા ચારિત્ર સહિત કર્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યા ગુણસ્થાનથી...?

ઉત્તર :- છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. આ ચોથા ગુણસ્થાનવાળો આમ હોય છે એમ કહેવું છે અહીં તો. ચોથેથી શરૂ થાય છે. સમ્યગ્દર્શન જ્ઞાનમાં આત્મા શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યો પણ એના જ્ઞાનનો એક સમયનો પર્યાય સર્વવર્તી અને જ્ઞેય અને જ્ઞાન જાણે અહીં એક થઈ ગયું, અહીં એક થઈ ગયું અહીં. ઓલું સર્વવર્તી કહ્યું અને અહીં જ્ઞાન ને જ્ઞેય અહીં એક થઈ ગયું હોય. એકસાથે હોં! એક. આહાહા..! એક સમયમાં શ્રુતજ્ઞાનનો પર્યાય ને જ્ઞેય અહીં અદ્વૈત એક થઈ ગયું હોય એમ એક નય જાણે છે. અહીં કીધું ને? કીધું ને, અગ્નિ કીધું ને? લાકડા સળગ્યા. અગ્નિ લાકડાને સળગાવીને એકલો અગ્નિ જ ... થઈ જાય. જ્ઞાન જ આખા લોકાલોકનું જેવું સ્વરૂપ છે એમ પરિણમી જ્ઞાનનો પર્યાય જ એવો થઈ ગયો. જ્ઞેયજ્ઞાન અદ્વૈત. આહાહા..! એ બધા જ્ઞેયોનો જ્ઞાતા રહી ગયો. રાગથી માંડીને બધી ક્રિયાને જે જ્યાં થાય તેનો જ્ઞાતા, દૃષ્ટા રહી ગયો. સમજાણું કાંઈ? ઓહોહો..! સમજાણું આમાં? કીધું ને?

'**જ્ઞાનકી અપેક્ષા જીવમેં ભી હૈ, જીવકા કેવલજ્ઞાન લોકાલોક વ્યાપક હૈ, ઈસલિયે સર્વગત કહા.**' એમ અહીંયાં સાધકમાં મેં તો ઉતાર્યું. અહીં તો આખી વાત કરી છે. પણ આખીમાં આ સાધક છે ત્યાં જ્ઞાનનો પર્યાય સ્વને જાણે છે એ તો અભેદ, પણ આવા ભેદવાળા અનંત દ્રવ્યોની પર્યાય ને વસ્તુ એ જાણે એક સમયનું જ્ઞાન એમાં વ્યાપી ગયું હોય, વર્તી ગયું હોય. એ બધી ક્રમબદ્ધ પર્યાયો જે છે એમાં વર્તી ગયું હોય. સમજાય છે? અને એ ક્રમબદ્ધ પર્યાયો જે છે એ જાણે જ્ઞાનમાં જ્ઞેયરૂપે આવી ગઈ હોય. સમજાય છે? આહાહા..!

મુમુક્ષુ :- લોકાલોક આમ જ્ઞાનની પર્યાયમાં ગરી ગયું હોય...

ઉત્તર :- લોકાલોક અહીંયાં ગરી ગયું. એનો જ્ઞાનનો પર્યાયનો ધર્મ એવો છે. આમ જ્ઞાનનો પર્યાય બધાને વર્ત્યો ને બધું અહીં વર્તી ગયું. એમ. આહાહા..! આવડો આત્મા એને બેસતો નથી. રાડે રાડ નાખે છે. એ.. આમ થાય, એ.. આમ થાય. અરે..! ભગવાને તો નિયત, અનિયત દેખ્યું છે અને તમે એને નિયત જ કહો તો અન્યથાવાદી, જૂઠાબોલા, સર્વજ્ઞ જૂઠાબોલા. અરે..! ભગવાન! એમ નથી, ભાઈ! આહાહા..! ભાઈ! સર્વજ્ઞે તો બધું જેમ ક્રમસર જે થાય તે રીતે જોયું છે. એવું એનું જ્ઞાન જાણે તે રૂપે પરિણમી ગયું છે.

સમજાય છે? એમાં બધા લાકડા પેસી ગયા. લોકાલોકનો પર્યાય જાણે જ્ઞાનમાં પેસી ગયો હોય એમ કીધું ત્યાં. અહીં એમ કીધું. અહીં તો આપણે સાધકમાં ઉતારવું છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આમ ચૈતન્યમૂર્તિ વસ્તુ, એવા પૂર્ણ એવું એક સમયમાં, શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે જ્ઞેયપણે વર્તી ગયા. જાણે એવો આત્મા તો એવી અનંતી પર્યાયનો પિંડ આખો. શું કીધું? આ તો એક પર્યાય ભેદરૂપ થયો. આ તો શ્રુતનો એક ભેદ અને કેવળજ્ઞાનનો પણ એક ભેદ થયો દ્રવ્યમાંથી. લોકાલોકને વ્યાપે. એવી એવી અનંતી પર્યાયોનો પિંડ જે જ્ઞાનગુણ. આહાહા..! શું કીધું? સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ સર્વગતપણું વ્યાપ્યું. જ્ઞેય જ્ઞાન અદ્વૈત થયું અને કેવળજ્ઞાનમાં પૂર્ણ પ્રત્યક્ષ થઈ ગયું. એવી એક સમયની પર્યાય આ તો, ભાઈ! આ એક સમયની પર્યાયની વાત છે. આ શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય વર્તમાન પર્યાયની વાત છે. એવી એવી સાધકની અસંખ્ય કાળ રહે ત્યાં સુધી અસંખ્ય પર્યાય શ્રુતજ્ઞાનની અને કેવળજ્ઞાનની અનંતકાળ રહે એ અનંત પર્યાય. શું કીધું?

ભગવાનઆત્મા એના જ્ઞાનગુણનો પર્યાયનો સ્વભાવ, એક સમયનો પર્યાય, શ્રુતજ્ઞાનનો કે કેવળનો, જે લોકાલોકને પણ જાણે અને પોતાને પણ જાણે. ઓહો..! એવો એક સમયનો પર્યાય શ્રુતજ્ઞાનમાં સર્વગતનયે જાણતા એને અસંખ્ય સમય સુધી સાધકપણું રહે. પછી તો કેવળજ્ઞાન થઈ જ જાય. એ અસંખ્ય સમય શ્રુતજ્ઞાનની પર્યાય રહે. એ બધી પર્યાયો અને કેવળજ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ સર્વગતપણું એ બધી અનંતી પર્યાયો, એનો તો એક સમયનો ગુણ એનો પિંડ બધો એક ગુણ આખો. એવો ગુણ. એથી પણ અનંત ગુણો જેના ગુણમાં સામર્થ્ય છે. એવા અનંત ગુણ સહિતનું દ્રવ્ય શ્રદ્ધા જ્ઞાનમાં લીધું છે. એની જ્ઞાનની પર્યાયમાં પણ આવડું દ્રવ્ય છે એમ શ્રદ્ધા, જ્ઞાનમાં આવી ગયું છે. આહાહા..! સ્વની અપેક્ષાએ આવું દ્રવ્ય અખંડ પરિપૂર્ણ છે, એવી બધી પર્યાયનો પિંડ એક ગુણ અને અનંત ગુણનો પિંડ (દ્રવ્ય), એવા સમ્યગ્જ્ઞાનના પર્યાયમાં સ્વ આવ્યો છે. અને પર સર્વગતપણું બધું છે એ પણ એનામાં આવી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મા જેમ કહો એમ કહો એને. આહાહા..! અત્યારે ઓલા શ્રુતકેવળીનું નથી. અહીં તો આત્મા... અત્યારે ઈ વાત છે. આહા..! શું પણ એનો સ્વભાવ! અને શું પણ જ્ઞેયની રીતને પકડવાની જ્ઞાનની યોગ્યતા. શું એની યથાસ્થિતતા યથાર્થવાદિતા આહાહા..! સંતોના એક એક કોઈ કથનો પણ યથાર્થવાદપણે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું પ્રભુ છો. તારામાં તો આવા આવા લોકાલોક એક સમયમાં જણાય, એવા એવા તો અનંતા પર્યાયની ખાણ તું છો. સમજાણું? આ તો ક્રમસર લોકાલોકમાં પર્યાય થાય. ગુણ ને દ્રવ્ય જેનું એક સમયમાં જણાય, આવા આવા અનંતી પર્યાયનો ખાણ તો ગુણ છો. તું કોને આઘુપાછું કરવા માગીશ અને કોને કરીશ? એક પર્યાય પણ એ પ્રમાણે

એમ જાણે છે. પર્યાય આઘીપાછી થાય એમ નથી અને આવી પર્યાયનો પિંડ ગુણ જે છે એમાં તો આમ થઈ ગયેલું એકલું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનના કહેલા દ્રવ્ય, ગુણ ને પર્યાય. સમજાણું કાંઈ? એ દ્રવ્ય, ગુણ, પર્યાયની મહત્તા છે. એમ વાતું નથી. એક સમયનો પર્યાય સર્વગત જાણે. ખલાસ થઈ ગયું. જાણનાર, દેખનાર. સર્વજ્ઞ જેમ જાણનાર, દેખનાર (છે). કાંઈ ફેરવવું નથી ને ફરવું પણ નથી. એમ આ જાણનાર, દેખનાર એને પણ એ રીતે જાણે. ખલાસ. આહાહા..! બીજા સમયનો શ્રુતજ્ઞાનનો પર્યાય પણ સર્વગતને એ રીતે જાણે છે. જાણતા, જાણતા ઠરતા જ્યાં કેવળજ્ઞાન થયું એ પૂર્ણ રીતે જાણે, પ્રત્યક્ષ રીતે જાણે છે. ઓહોહો..! સમજાણું કાંઈ? એક સમયનો જ્ઞાનનો પર્યાય આવું જાણે એમાં... એમ કરતાં પ્રત્યક્ષ થઈ ગયું તો એમ ને એમ જાણે. આહાહા..! એવું એક જીવમાં જ એવું છે. પાંચ દ્રવ્યમાં કાંઈ એવું વ્યાપકપણું જ્ઞાનનું નથી. આમાં આવી જાય ખરા, આ એને જાણે. કહો, સમજાણું આમાં?

**'યે સબ દ્રવ્ય યદ્યપિ વ્યવહારનયકર એક ક્ષેત્રાવગાહી રહતે હૈં,...'** એક ક્ષેત્રમાં બધા દ્રવ્યો રહે છે. **'તો ભી નિશ્ચયનયકર અપને અપને સ્વભાવકો નહીં છોડતે,...'** કોઈ પોતપોતાના સ્વભાવને છોડતું નથી. ભલે એક જગ્યામાં અનંતા રજકણો, અનંતા આત્માઓ, કાલાણુ (રહે છતાં) પોતપોતાના સ્વરૂપને ક્યાંય એક સમયમાત્ર પર્યાયને છોડતા નથી. સ્વરૂપ એટલે દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ એને છોડતા નથી. ઓહોહો..! સમજાણું? **'દૂસરે દ્રવ્યમેં જિનકા પ્રવેશ નહીં હૈ,...'** એક રજકણનો બીજા રજકણમાં પ્રવેશ નથી, એક આત્મા એક રજકણમાં પ્રવેશ કરતો નથી, રજકણ આત્મામાં આવતો નથી. સમજાણું આમાં કાંઈ? **'સભી દ્રવ્ય નિજ નિજ સ્વરૂપમેં હૈં, પરરૂપ નહીં હૈં...'** અસ્તિ-નાસ્તિ કરી. બધા અનંતા દ્રવ્યો જેટલા છે તે પોતપોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે, પરરૂપે નથી. આહાહા..! **'કોઈ કિસીકા સ્વભાવ નહીં લેતા.'** કોઈ દ્રવ્ય કોઈનો સ્વભાવ (લેતું નથી). પુદ્‌ગલનો સ્વભાવ જીવ ન લે અને જીવનો સ્વભાવ પુદ્‌ગલ ન લે. આહાહા..! **'એસા હી કથન શ્રીપંચાસ્તિકાયમેં હૈ.'** (ગાથા ૭માં)

**अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णस्स।**
**मेलंता वि य णिच्चं सगं सब्भावं ण विजहंति।।**

એ શબ્દાર્થ જ એનો છે. **'ઈસકા અર્થ એસા હૈ, કિ યદ્યપિ યે છહોં દ્રવ્ય પરસ્પરમેં પ્રવેશ કરતે હુએ દેખે જાતે હૈં, તો ભી કોઈ કિસીમેં પ્રવેશ નહીં કરતા,...'** સમજાણું? જાણે લોકાલોક જ્ઞાનમાં આવી ગયા પણ છતાં એ દ્રવ્ય અહીં આવતા નથી, તેમ જ્ઞાન ત્યાં વયું (ચાલ્યું) જાતું નથી. આહાહા..! **'યદ્યપિ અન્યકો અન્ય અવકાશ દેતા હૈ,...'** જ્યાં છે ત્યાં બીજા આવે છે ને? અવકાશ છે તો પરમાણુ ... બધામાં અવકાશ છે હોં! બધામાં અવકાશ દેશે.

**'તો ભી અપના અપના અવકાશ આપમેં હી હૈ, પરમેં નહીં હૈ,...'** એક પરમાણુ હોય

ત્યાં બીજા પરમાણુ આવે છે, એક આત્મા ત્યાં બીજા આવે છે. એટલે દરેક દ્રવ્યમાં અવકાશ ગુણ છે. સાધારણ અવકાશ ગુણ છે આકાશમાં. એ જુદો. એ મહા, એ મહા અસાધારણ. અને આ એક દરેકમાં અવકાશ દેતા છતાં, '**આપમેં હી હૈ, પરમેં નહીં હૈ, યદ્યપિ યે દ્રવ્ય હમેશાસે મિલ રહે હૈં, તો ભી અપને સ્વભાવકો નહીં છોડતે.**' પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી. કર્મનો એક એક રજકણ એના સ્વભાવને છોડતું નથી. આત્માનો એક એક પર્યાય પોતાના ધર્મને છોડતો નથી. આહાહા..! હવે અહીંથી કર્મથી અહીં છે ને અહીંથી ન્યાં થાય ને કેટલા ગડબડ કરે પણ. સમજાણું?

'**યહાં તાત્પર્ય યહ હૈ, કિ વ્યવહારસમ્યક્ત્વકે કારણ...**' દેખો! આ વ્યવહાર સમકિતનું કારણ છ દ્રવ્યમાં, આ છ દ્રવ્ય વ્યવહાર સમકિતમાં નિમિત્ત. '**છહ દ્રવ્યોંમેં વીતરાગ ચિદાનંદ અનંત ગુણરૂપ જો શુદ્ધાત્મા હૈ,...**' તે અંતર ધ્યાવવા યોગ્ય છે. છ દ્રવ્યનું આ રીતે સ્વરૂપ જાણી પછી ભગવાનઆત્મા વીતરાગ ચિદાનંદ રાગ રહિત જ્ઞાનાનંદ સ્વરૂપ, રાગ રહિત જ્ઞાનાનંદ સ્વરૂપ, અનંત ગુણરૂપ પાછું. ચિદાનંદ અને અનંત ગુણરૂપ જે શુદ્ધાત્મા, પોતાનો શુદ્ધ આત્મા. એ પુણ્ય-પાપ, કર્મ, શરીર રહિત. ભલે કહ્યો હતો પુણ્ય-પાપના પરિણમનનો કર્તા આદિ. પણ એનાથી રહિત. એ એના અનંત ગુણ સહિત એવો શુદ્ધાત્મા છે. '**વહ શુભ, અશુભ, મન, વચન, કાયકે વ્યાપારસે રહિત હુઆ ધ્યાવને યોગ્ય હૈ.**' લ્યો! એનો સાર કહ્યો. આ બધું વ્યવહાર સમકિતના વિષયનું જાણવું ભલે હો પણ ઉપાદેય તરીકે આ એક આત્મા વીતરાગ જ્ઞાનના આનંદનો કંદ પ્રભુ છે. આ દુનિયાનો આનંદ જે રાગવાળો છે એ તો દુઃખરૂપ આનંદ છે. આ ભગવાન આનંદ, વીતરાગ આનંદ, વીતરાગી ચિદાનંદ આનંદ છે આત્મામાં. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા પાના? આ શું ચાલ્યું? એ બધું જાણવાનું. જાણીને આદરવાનું આ. એ જાણીને જાણવાનું આ પાછું. કાઢવું આ. એના વિના એ વ્યવહાર સમકિતનું પણ કારણ થઈ શકે નહિ. એને શી રીતે વ્યવહાર કહેવો? આ નિશ્ચય કરે તો વ્યવહાર સમકિતના આ કારણો છે અને વ્યવહાર સમકિત કહેવાય. સમજાણું કાંઈ? આ તો ભાષા બરાબર ધ્યાન રાખે તો સમજાય એવી છે, હોં! આમાં કાંઈ બહુ એવી નથી. ગુજરાતી કાંઈ એવી (કઠણ ભાષા) નથી.

છ દ્રવ્યમાં ભગવાનઆત્મા વીતરાગ ચિદાનંદ અનંત ગુણરૂપ શુદ્ધાત્મા, એના ઉપર દૃષ્ટિ દઈ એનું ધ્યાન કરવા લાયક છે. સમજાણું? '**વહ શુભ, અશુભ, મન, વચન, કાયકે વ્યાપારસે રહિત હુઆ...**' કહે છે કે, પરના લક્ષનો જે શુભરાગ છે ને ઓલા જ્ઞાનનો? એ શુભ સમકિતનો વિષય કીધો એ શુભ રાગ વિકલ્પ છે ત્યાં. એને પણ છોડી, એમ કહે છે. સમજાણું કાંઈ? આ ભગવાન અંતર આનંદનો કંદ પ્રભુ અતીન્દ્રિય આનંદ જેમાં ટૂંપો અનંત આનંદનો ભૂપ પડ્યો છે, એની અંતર દૃષ્ટિ કરીને એનું ધ્યાન કરવા લાયક છે. એ આત્માનો મોક્ષમાર્ગ છે, બાકી બધું જાણવા લાયક છે. આહાહા..! કહે છે કે, બીજા જાણવાના ભાવ

કીધા ને એના વિકલ્પથી પણ નવરો થા. એમ કહે છે. લ્યો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિકલ્પ છે ઈ. પર તરફનું લક્ષ છે ને? એ વિકલ્પવાળું જ્ઞાન છે. વ્યવહાર સમકિત એટલે રાગ. રાગ શુભઉપયોગ એનું જ્ઞાન. એને પણ છોડી, આ નિશ્ચય આત્મા વીતરાગી સ્વરૂપ (તેનું ગ્રહણ કરવું). હવે આ વસ્તુ પણ હજી જાણે નહિ, માને નહિ સરખી. હવે એના તરફથી લક્ષ છોડવું. આવું માને સરખું તો એનાથી લક્ષ છોડવું, એમ કહે છે અહીં તો. અહીં તો હજી સરખું માનતો નથી એની તો વાત શું કરવી? આહાહા..!

મુમુક્ષુ :- કેટલા કાળમાં જણાય?

ઉત્તર :- એક સેકન્ડમાત્રમાં. કહો, સમજાણું કાંઈ? એક સમયમાત્રમાં. સેકન્ડ તો એના ઉપયોગના કાળથી કીધો. સમજાણું કાંઈ? ઉપયોગ કાળ વધારે છે ને જરી. અસંખ્ય સમયનો ઉપયોગ કાળ. આહાહા..!

કહે છે, ભાઈ! તું એક આત્મા છો. તારા એક સમયના શુભઉપયોગના વિકલ્પવાળા જ્ઞાનમાં પણ આવી વાત છ દ્રવ્ય, ગુણ, પર્યાયની જ્યાં જણાય જાય, સમાય જાય, એક સમયનું પરલક્ષી ક્ષયોપશમ જ્ઞાનના વિકલ્પવાળું જ્ઞાન, એમાં પણ આટલો જેવી રીતે છે, એ રીતે એને જાણે છે. એનું પણ લક્ષ છોડીને ત્રિકાળ જ્ઞાયકમાત્ર ભગવાનઆત્મા, એને ધ્યાવવા યોગ્ય અને ધ્યાનમાં ધ્યેય કરવાલાયક એ છે. એટલે કે એનો વિષય કરવા લાયક છે, બીજી રીતે કહીએ તો. આ વ્યવહારનો જે વિષય કહ્યો હતો, સમ્યગ્દર્શનનો વિષય આટલા બધા પ્રકાર કહ્યા એ જાણીને પણ સ્વ વિષય કરવા લાયક છે, એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! એ ૨૮ ગાથા થઈ. સમજાણું ?

**'ઈસપ્રકાર ઉન્નીસ દોહોંકે સ્થલમેં નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગકે કથનકી મુખ્યતાસે તીન દોહા કહે. એસે ચૌદહ દોહોં તક વ્યવહારસમ્યક્ત્વકા વ્યાખ્યાન કિયા, જિસમેં છહ દ્રવ્યોંકા શ્રદ્ધાન મુખ્ય હૈ.'** મુખ્ય સમજ્યા ને? મૂળ ઓલું આવી ગયું. હવે જ્ઞાનની વ્યાખ્યા. એક જ્ઞાનની વ્યવહારની અને એક ચારિત્ર નિશ્ચયની. એમ કહેશે. વ્યવહારમાં નિશ્ચય નાખશે.

---

**अथ संशयविपर्ययानध्यवसायरहितं सम्यग्ज्ञानं प्रकटयति –**

**१५५) जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि।**
**अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि।।२९।।**

**यद् यथा स्थितं द्रव्यं जीव तत् तथा जानाति य एव।**
**आत्मनः संबन्धी भावः ज्ञानं मन्यस्व स एव।।२९।।**

**जं इत्यादि। जं यत् जह यथा थक्कउ स्थितं दव्वु द्रव्यं जिय हे जीव तं तत् तह तथा जाणइ जानाति जो जि य एव। य एव कः। अप्पहं केरउ भावडउ आत्मनः संबन्धी भावः परिणामः णाणु मुणिज्जहि ज्ञानं मन्यस्व जानीहि सो जि स एव पूर्वोक्त आत्मपरिणाम इति। तथा च यद्**

द्रव्यं यथा स्थितं सत्तालक्षणं उत्पादव्ययध्रौव्यलक्षणं वा गुणपर्यायलक्षणं वा सप्तभङ्ग्यात्मकं वा तत् तथा जानाति य आत्मसंबन्धी स्वपरिच्छेदको भावः परिणामस्तत् सम्यग्ज्ञानं भवति। अयमत्र भावार्थः। व्यवहारेण सविकल्पावस्थायां तत्त्वविचारकाले स्वपरपरिच्छेदकं ज्ञानं भण्यते। निश्चयनयेन पुनर्वीतरागनिर्विकल्पसमाधिकाले बहिरुपयोगो यद्यप्यनीहितवृत्त्या निरस्तस्तथापीहापूर्वकविकल्पाभावाद्गौणत्वमितिकृत्वा स्वसंवेदनज्ञानमेव ज्ञानमुच्यते।।२९।।

---

आगे संशय विमोह विभ्रम रहित जो सम्यग्ज्ञान है, उसका स्वरूप प्रगट करते हैं –

गाथा – २९

अन्वयार्थ :– [ जीव ] हे जीव; [ यत् ] ये सब द्रव्य [ यथा स्थितं ] जिस तरह अनादिकालके तिष्ठे हुए हैं, जैसा इनका स्वरूप है, [ तत् तथा ] उनको वैसा ही संशयादि रहित [ य एव जानाति ] जो जानता है, [ स एव ] वही [ आत्मनः संबंधी भावः ] आत्माका निजस्वरूप [ ज्ञानं ] सम्यग्ज्ञान है, ऐसा [ मन्यस्व ] तू मान।

भावार्थ :– जो द्रव्य है, वह सत्ता लक्षण है, उत्पाद व्यय ध्रौव्यरूप है, और सभी द्रव्य गुण पर्यायको धारण करते हैं, गुण पर्यायके बिना कोई नहीं हैं। अथवा सब ही द्रव्य सप्तभंगीस्वरूप हैं, ऐसा द्रव्योंका स्वरूप जो निःसंदेह जाने, आप और परको पहचाने, ऐसा जो आत्माका भाव (परिणाम) वह सम्यग्ज्ञान है। सारांश यह है, कि व्यवहारनयकर विकल्प सहित अवस्थामें तत्त्वके विचारके समय आप और परका जानपना ज्ञान कहा है, और निश्चयनयकर वीतराग निर्विकल्प समाधिसमय पदार्थोंका जानपना मुख्य नहीं लिया, केवल स्वसंवेदनज्ञान ही निश्चयसम्यग्ज्ञान है। व्यवहारसम्यग्ज्ञान तो परम्पराय मोक्षका कारण है, और निश्चयसम्यग्ज्ञान साक्षात् मोक्षका कारण है।।२९।।

---

હવે સંશય, વિપર્યય અને અધ્યવસાય રહિત જે સમ્યગ્જ્ઞાન છે, તેને પ્રગટ કરે છે :-

ભાવાર્થ :- જે દ્રવ્ય જેવી રીતે સ્થિત છે તેવી રીતે અર્થાત્ જે સત્તાસ્વરૂપ છે, ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે અથવા ગુણપર્યાયસ્વરૂપ છે અથવા સપ્ત ભંગીસ્વરૂપ છે તેવી રીતે તેને જે આત્માનો સ્વ-પરપરિચ્છેદક ભાવ-પરિણામ-જાણે છે, તે સમ્યગ્જ્ઞાન છે.

અહીં, એ ભાવાર્થ છે કે વ્યવહારનયથી સવિકલ્પ-અવસ્થામાં તત્ત્વના વિચારકાળે સ્વપરિચ્છેદક જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે; અને નિશ્ચયનયથી વીતરાગનિર્વિકલ્પ સમાધિના કાળે, જોકે બહિર ઉપયોગ અનીહિત છે ખરો તોપણ ઈહાપૂર્વક વિકલ્પનો અભાવ હોવાને લીધે તેનું ગૌણપણું હોવાથી સ્વસંવેદનજ્ઞાનને જ જ્ઞાન કહેવામાં આવે છે. ૨૯.

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

**'આગે સંશય વિમોહ વિભ્રમ રહિત જો સમ્યગ્જ્ઞાન હૈ, ઉસકા સ્વરૂપ પ્રગટ કરતે હૈં '** સ્વ-પરનું જાણપણું એમ બે ભેગા કરવા એ પણ હજી વ્યવહાર જ્ઞાન કહેવાય, એમ કહેશે. સ્વ-પરનું બે જ્ઞાન, સ્વનું ને પરનું ભેગું (જ્ઞાન) એનું નામ જ વ્યવહાર જ્ઞાન. એકલું સ્વનું અંતરમાં જ્ઞાન તે નિશ્ચયજ્ઞાન. સમજાણું કાંઈ ?

**૧૫૫) जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि।**
**अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि।।२९।।**

એ શબ્દ આવ્યો હતો ૧૫માં, ૧૫મી ગાથામાં આવ્યો હતો. '**अप्पहं केरउ भावडउ**' એ શ્રદ્ધાનો ત્યાં શબ્દ હતો, અહીં જ્ઞાનનો શબ્દ છે. સમજાણું કાંઈ? વાહ! 'પરમાત્મપ્રકાશ' પણ... ભારે વાત કરી. 'પરમાત્મપ્રકાશ'. 'યોગીન્દ્રદેવે' પણ.. 'પરમાત્મપ્રકાશ'. 'સમયસાર'માં પણ... આ પણ એક અલૌકિક શાસ્ત્ર છે. ઘણે ઠેકાણે અધ્યાત્મ ગ્રંથોમાં નામ આવે છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય', 'પરમાત્મપ્રકાશ', 'સમાધિશતક' અધ્યાત્મના ગ્રંથ છે. કહે છે, સમ્યગ્જ્ઞાન સ્વ-પરનું કહેવું. વિશેષ કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૪૯૨, પોષ સુદ ૧૦, રવિવાર
## તા. ૨-૧-૧૯૬૬, ગાથા-૨૯, પ્રવચન નં. ૯૨

આ 'પરમાત્મપ્રકાશ' છે. એની ૨૯મી ગાથા. જુઓ! શું કહે છે? કે, '**આગે સંશય વિમોહ વિભ્રમ રહિત જો સમ્યગ્જ્ઞાન હૈ, ઉસકા સ્વરૂપ પ્રગટ કરતે હૈં –**'

**૧૫૫) जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि।**
**अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि।।२९।।**

**અન્વયાર્થ :–** '**હે જીવ!**' આ જગતની અંદર બધા પદાર્થો છે. જે રીતે વસ્તુનું સ્વરૂપ પદાર્થ-અનંત આત્માઓ, અનંતા પરમાણુ આ માટી, રજકણો આદિ છ દ્રવ્ય છે. જેવા તિષ્ઠ છે-સ્થિત છે. જેવા (સ્વરૂપે) વસ્તુ જગતમાં (સ્થિત છે). '**જૈસા ઈનકા સ્વરૂપ હૈ, ઉનકો વૈસા હી સંશયાદિ રહિત...**' સંશય રહિત, ભ્રમણા રહિત, મૂઢતા રહિત એને જાણ. જેથી તારું સ્વ ને પરની જુદાઈનું સાચું જ્ઞાન વ્યવહારે થાય. હજી તો એ વ્યવહાર જ્ઞાન. સમજાણું કાંઈ? જે આત્મા છે, આ શરીર છે, બીજા આત્માઓ છે, બીજાના શરીર, રજકણો સત્ છે-વસ્તુ છે એનું જે રીતે સ્વરૂપ છે તે રીતે જ્ઞાનમાં જાણ તો તને સ્વ ને પર બે જુદા શું છે,

એવું તારું રાગવાળું જ્ઞાન વ્યવહારે સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ? વ્યવહાર એટલે આ તમારા લોકના વ્યવહારની વાત નથી. અંદર પુણ્ય બંધનો શુભભાવ.

આ આત્મા શું વસ્તુ છે? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ આત્મા કેવો જોયો, અનંત આત્મા કેવા છે, રજકણે રજકણનું સ્વરૂપ શું છે, જેવું એનું સ્વરૂપ છે એવું પોતે પોતાથી પરના જુદાપણાનું જ્ઞાન કરે ત્યારે તેને વ્યવહાર જ્ઞાન પુણ્યના ભાવનું જ્ઞાન-વ્યવહાર જ્ઞાન સાચું કહેવામાં આવે. એમાં આત્મા નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ છે. આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મા સત્ શાશ્વત્ જ્ઞાનાનંદ (સ્વરૂપ છે), એનું અંતરમાં સમ્યગ્જ્ઞાન થવું એનું નામ આત્માની શાંતિ ને એનું નામ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ આત્મા જ નિર્વિકલ્પ વીતરાગ-રાગ વિનાની ચીજ છે. વીતરાગ આનંદમય છે. એનામાં-આત્મામાં આનંદ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ છે આત્મામાં. એવા આનંદમય જ્ઞાન સ્વરૂપને રાગ વિનાની વીતરાગી દૃષ્ટિ દ્વારા સ્વરૂપનો અનુભવ કરે, દૃષ્ટિ કરે ત્યારે તેને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. ત્યારે તેણે આત્માની કિંમત કરી એમ કહેવામાં આવે. ત્યારે એને બીજા બધા પદાર્થની કિંમત આત્મા પાછળ ઉડી ગઈ. સમજાય છે કાંઈ? આ આત્મા અખંડ આનંદમૂર્તિ છે. એવું જે જ્ઞાન કરે એને અંદર આત્માની કિંમત થઈ. એને સમ્યગ્જ્ઞાન એટલે કે વાસ્તવિક કિંમત કરી એ જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન. સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! આ કેવું હશે?

આ આત્મા વસ્તુ સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત્ સત્ શાશ્વત્ આત્મા છે, ત્રિકાળ એમ ને એમ નિત્ય રહેનાર છે અને એમાં જ્ઞાન ને આનંદ પડ્યો છે આત્મામાં. એના જ્ઞાનનું જ્ઞાન ને આનંદનું જ્ઞાન અંદર કરે એનું નામ સાચું જ્ઞાન, સાચી ધર્મની કિંમત, સાચા આત્માને એણે ઓળખ્યો કહેવાય. ત્યારે એ જ્ઞાની થયો ને આત્માના ભાવની એણે પિછાણ કરી. ત્યારે એને શાંતિ અને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? સમ્યક્ એટલે સત્ય દર્શન. એ વખતે અથવા પહેલા વિચારના કાળમાં સ્વ શું, પર શું એવી ચીજોનો વિચાર ભૂમિકામાં ચાલે એને વ્યવહાર જ્ઞાન પુણ્ય બંધનનું કારણ, વ્યવહાર, વ્યવહારે સાચું જ્ઞાન કહેવામાં આવે. સમજાણું કાંઈ? નિશ્ચય સાચું તો આત્માનું જ્ઞાન કરે એ. ભારે વાતું, ભાઈ! 'શાંતિભાઈ'! કોઈ દિ' ખબર ન મળે આ. એ.. 'કાંતિભાઈ'! ક્યાં ગયા?

આ આત્મા પોતાનો સ્વભાવ અંદર વસ્તુ આનંદમૂર્તિ છે ઈ. વીતરાગ નામ અવિકારી એનો સ્વભાવ છે. એની દશામાં વિકાર ને ભ્રમણા ભલે હો, વસ્તુ સ્વરૂપમાં એ નથી. એવા વસ્તુના સ્વરૂપનું અંતરમાં વીતરાગ પરમાનંદમૂર્તિ જ હું છું, એવું અંતરમાં નિશ્ચયનું, સ્વનું જ્ઞાન થવું એનું નામ ખરો ધર્મ છે. એણે આત્માની કિંમત કરી અને એને પુણ્ય-પાપના ભાવ અને એના ફળની કિંમત અંતરમાંથી ઊડી ગઈ. સમજાણું કાંઈ? એને પુણ્ય-પાપના ભાવ થાય એની કિંમત રહી નહિ અને એના ભાવના બંધન તરીકે પુણ્ય-પાપ બંધાણા ને એના ફળ બહાર આ અનુકૂળ, પ્રતિકૂળ મળ્યા એની કિંમત ધર્મીને અંતર દૃષ્ટિમાં રહેતી નથી.

કહો, સમજાણું આમાં? પણ એ પહેલા જરી વિકલ્પ અવસ્થામાં સાચું તત્ત્વનું શું છે જ્ઞાન એને હોવું જોઈએ. એ વાત કરે છે, જુઓ!

**ભાવાર્થ :- 'જો દ્રવ્ય હૈ,...'** ત્રણ લક્ષણ વર્ણવ્યા. ભાઈ! 'પંચાસ્તિકાય'માં છે ને ઈ. '**थक्कउ**' છે ને? રહ્યા છે. એ રહ્યા છે એમાંથી ત્રણ બોલ કાઢ્યા. સત્તા, ઉત્પાદ વ્યય ધ્રુવ અને ગુણ, પર્યાય એમ ત્રણ કાઢ્યા. સ્થિતમાંથી કાઢ્યા. સમજાણું કાંઈ? શું કહે છે? આ આત્મા, આ રજકણો એ જેમ છે એની સત્તા એટલે હોવાવાળું એનું સ્વરૂપ છે. છે, છે. પદાર્થ છે ને? આ રજકણો, શરીર, કર્મ, વાણી, આ બાહ્ય પદાર્થ છે, આત્મા છે, એ છે એટલે સત્તાવાળો પદાર્થ (છે) એનું એને જ્ઞાન પહેલું (હોવું જોઈએ).

**'વહ સત્તા લક્ષણ હૈ, ઉત્પાદ વ્યય ધ્રૌવ્યરૂપ હૈ,...'** દરેક વસ્તુ, એની વર્તમાન અવસ્થાથી નવી ઉપજે છે, જૂની અવસ્થાથી વ્યય થાય છે, બદલે છે અને પોતાના ધ્રુવપણે, સત્‌પણે કાયમ રહે છે. એવો જ એનો સ્વભાવ છે. કોઈને લઈને નહિ. સમજાણું કાંઈ? આ શરીરનો એક એક રજકણ, આ ઘણા રજકણનું દળ છે, આ કાંઈ એક વસ્તુ નથી. ઘણા પોઈન્ટ ભેગા થઈને આ દેખાય છે. એનો એક પોઈન્ટ જે ટુકડો કરતાં રહે છેલ્લો, એ એક એક રજકણમાં અને આ એક એક આત્મામાં એક સમયમાં ત્રણ અંશ છે. સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ અંશ છે. નવી અવસ્થાનું થવું. પર્યાય-અવસ્થા નવી થવી. જુઓ! આ અવસ્થા છે ને? પહેલી હતી દાળ, ભાતની. અત્યારે આ પરમાણુની લોહીની અવસ્થા છે. એ અવસ્થાનું થવું, થયું નજીકમાં આવજો બધા જરા.. સમજાણું કાંઈ? આજે તો રવિવાર છે ને પાછા છોકરાઓ આવ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આવ્યા છે, પણ આ છોકરાઓ આજે આવ્યા છે એટલે ખીચોખીચ થઈ ગયું છે. બોર્ડિંગના છોકરાઓ આવ્યા છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મોટાને રવિવાર આવતો નથી.

ઉત્તર :- મોટાને રવિવાર આવતો નથી. આવ્યો છે ને. અત્યારે તો આવ્યા છે.

અહીં કહે છે, આ જગતમાં અનંતા આત્માઓ છે. અનંતા પરમાણુ, અનંત ગુણા રજકણો છે. બીજા ચાર દ્રવ્ય છે એ જરીક ઝીણા પડે છે. એમાં દરેકમાં ઉત્પાદ વ્યય ધ્રુવ થાય છે, એમ કહે છે. દરેક પદાર્થ સમય સમયમાં નાના કાળમાં નવી અવસ્થા ઉપજે છે, જૂની અવસ્થા બદલે છે અને પોતે ધ્રુવપણે કાયમ રહે છે. એના ઉપજવામાં બીજો પદાર્થ ઉપજાવે એમ નથી, એમ કહે છે. આ શરીરને ટકાવવું એ આત્માના અધિકારની વાત નથી, એમ કહે છે. રોટલાના અધિકારની વાત નથી. રોટલાના રજકણ સ્વતંત્ર પોતાની પર્યાયથી ઊપજે. આ શરીરના રજકણ પોતાની અવસ્થાથી સ્વતંત્ર ઊપજે છે. રોટલાને લઈને આ ઊપજે છે એમ છે નહિ. કેમકે એ અનંત પદાર્થ ભિન્ન ભિન્ન છે. 'શાંતિભાઈ'! આહાહા..! ઈ કહે છે, એ દરેક વસ્તુ વર્તમાન પોતાને કારણે નવી અવસ્થાના કાર્યરૂપે પરિણમે એ પોતાથી છે, પરને લઈને નથી. મોટા વાંધા આખા કાર્ય-કારણના એ વાંધા ઉઠાવે. એના

ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ?

આ શરીરની અવસ્થાને આમ હલાવું એ આત્માના અધિકારની વાત નથી. કારણ કે, એનો ઉત્પાદ હલવાનો એ ઉત્પાદનો પર્યાયનો કર્તા એ રજકણો છે, આત્મા નહિ. અને આત્માની જાણવા, દેખવાની પર્યાય થાય, એ અવસ્થા શબ્દો ને પરથી ન થાય. સમજાણું? ન સમજાણું? એય! 'ભીખાભાઈ'! આત્મા છે ને. એમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ છે. એ ધ્રુવ છે. અને એની વર્તમાન અવસ્થા ઉપજે છે જાણવાની, દેખવાની, માનવાની એ અવસ્થા આત્માથી ઊપજે છે. શરીરથી નહિ, કાનથી નહિ, સાંભળવાથી નહિ.

મુમુક્ષુ :- બેય દેખાય એવું છે કે એક દેખાય છે?

ઉત્તર :- આ બે દેખાય એવું છે. એક દેખાય છે, ક્યાં છે? કોણ કહે છે? બેય દેખાય છે અહીં તો. આત્મા ને (શરીર) બે. સમજાણું? નથી દેખાતું આ? આ શરીર ને આત્મા જાણનારો જુદો ને આ જુદું. જાણનાર જુદો ને આ શરીર (જુદું). આત્મા એમ કહે છે કે, હું શરીર છું? હું તો આનો જાણનાર છું. આ શરીર છે. હું એનો જાણનાર ચૈતન્ય છું. બે જુદી ચીજ છે. અને લોકો પણ નથી કહેતા કે, ભાઈ! આ ચૈતન્ય ગયો હવે. મરે ત્યારે એમ કહે છે કે, આ ચૈતન્ય ને શરીર બે વયા ગયા અહીંથી?

મુમુક્ષુ :- શરીર તો સોંપીને જાય છે.

ઉત્તર :- સોંપે ક્યાં? પડ્યું રહે ત્યાં. ત્યાં ક્યાં એના બાપનું હતું તે સાથે રહે. બાપનું હોય તોય બાપ પણ ક્યાં એનો છે. જરાય નહિ?

અહીં તો ભગવાન એમ કહેવા માગે છે કે, પહેલી વાત તો એ છે કે, જેટલા તત્ત્વો છે એ તત્ત્વોનું હોવાપણું એણે કબુલવું, નક્કી કરવું જોઈએ. અને એ હોવાપણામાં એની નવી નવી અવસ્થા જે ક્ષણે થાય એ તેના તત્ત્વથી થાય છે, બીજા તત્ત્વથી નહિ. એમ એણે નક્કી કરવું જોઈએ. ત્યારે એને વ્યવહારે સાચું જ્ઞાન થયું કહેવાય. વ્યવહારે સાચું જ્ઞાન હોં! નિશ્ચય તો આત્માનું જ્ઞાન કર ઈ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં જ ભૂલ.

ઉત્તર :- એમાં જ ભૂલ આખી. સમજાણું? કહો, 'કાંતિભાઈ'! શું આ લાકડાના કેટલા કરે ઈ? જુઓ! છે?

દરેક વસ્તુ ઉત્પાદ વ્યય ધ્રુવરૂપ છે. જ્યારે વસ્તુ જ પોતે નવી અવસ્થારૂપે થાય એમ છે, જૂની અવસ્થારૂપે જાય એમ છે, ટકવારૂપે રહે એમ છે. શું કીધું? દરેક વસ્તુ. અનંત આત્માઓ અને અનંતા પરમાણુઓ. એક રૂપિયો એ પણ અનંત રજકણનો બનેલો છે. દરેક વસ્તુ વર્તમાન અવસ્થાથી થાય એમ છે. બીજાની અવસ્થાથી થાય એમ નથી. ભાઈ! એ વળી પછી, આ તો અત્યારે (આ વાત ચાલે છે). છે, આ છે. આનાથી આ, આનાથી આ, આનાથી આ એમ નહિ. આ શરીરની આ અવસ્થા એ એનાથી છે, એ અવસ્થા એનાથી છે. એનો અર્થ કે આત્માની અવસ્થાથી એ નથી. આત્માને ઈચ્છા થઈ માટે આ અવસ્થા છે એમ નથી. ઈચ્છાને લઈને ઈચ્છા છે. આની અવસ્થાને લઈને એની અવસ્થા છે. 'શાંતિભાઈ'!

બહુ ઝીણું, ભાઈ! આહા..! આમ જ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર એને આવા (પદાર્થ) જોયા ને એમ છે, એમ કહે છે, એમ તું જાણ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

દરેક વસ્તુ... જુઓ! કર્મના રજકણો પણ કર્મ જે અંદર છે એ પણ પોતાની અવસ્થાથી કર્મપણે ઊપજે છે. પૂર્વની વર્ગણાની અવસ્થાથી વ્યય થાય છે અને રજકણપણે ઈ ઊપજે છે. એ રીતે એ છે. આત્માને લઈને એ છે, આત્માને લઈને કર્મ છે એમ નથી અને કર્મને લઈને આત્મા છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ઉત્પાદ વ્યય ધ્રુવ. મહા સિદ્ધાંતો નાખ્યા છે. એક એક રજકણનો ને એક એક આત્માનો એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમય સૂક્ષ્મ કાળમાં દરેક પદાર્થ પોતાથી કાર્યરૂપે, અવસ્થારૂપે થાય છે, જૂના અવસ્થાના કાર્યની દશારૂપે અભાવ થાય છે, પોતાનું ધ્રુવપણે ટકાવી (રાખે છે). એમ એ છે, એ એમ છે, બીજું એમ છે, ત્રીજું એમ છે. એવા અનંતા પદાર્થો પોતાથી એમ છે. એને તેમ છે તેમ એણે જાણવા જોઈએ, ત્યારે એનું વ્યવહાર જ્ઞાન સાચું થયું કહેવાય. સમજાય છે? એટલું કરે ત્યાં એ તો હજી પુણ્ય બંધનું કારણ, ધર્મ નહિ. સવિકલ્પાત્મક વ્યવહાર જ્ઞાનની આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ઔર સભી દ્રવ્ય ગુણ પર્યાયકો ધારણ કરતે હૈં,...'** દરેક વસ્તુ, દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે અવસ્થા. ઉત્પાદ વ્યય પર્યાયમાં જાય છે, ધ્રુવ ગુણમાં જાય છે. એમ દરેક વસ્તુ દ્રવ્ય ગુણ પર્યાયને ધારણ કરે છે. પોતાને કારણે દ્રવ્ય ગુણ પર્યાયને ધારણ કરે છે. પરમાણુ પરમાણુના દ્રવ્યને લઈને, એના ગુણને લઈને ને એની પર્યાયને લઈને રહ્યો છે. આત્મા પોતાનું દ્રવ્ય, પોતાના અનંત જ્ઞાનાદિ ગુણ, એની અવસ્થાને લઈને આત્મા રહેલો છે. કોઈને લઈને આ નહિ અને આને લઈને આ નહિ. આહાહા..!

કહે છે કે, આ પૈસા જોડે આવે એ આત્માની પર્યાયને લઈને ન આવે. એમ કહે છે. શું હશે આ? કારણ કે, પૈસા એ રજકણો છે, રજકણોનું અવસ્થાનું ઉપજવું આમ થવું એ એના કારનામા એનામાં છે. એ આત્માની ઈચ્છાને લઈને આમ આવે છે કે આમ જાય છે એમ છે નહિ. ભારે વાત, ભાઈ! શું 'જમુભાઈ'! ભારે આ તો હજી વ્યવહારું જ્ઞાન. એમાંથી તારવીને ભગવાનઆત્મા શુદ્ધ અખંડ જ્ઞાનનો પિંડ છે એવું અંતરમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનું થવું, એનું નામ નિશ્ચયદર્શન ને નિશ્ચયજ્ઞાન છે. એનું નામ સાચું સત્ય ને સાચું જ્ઞાન છે. ઓલું તો વ્યવહાર સત્ય કહેવામાં આવે છે. આહાહા..! હજી તો વ્યવહાર સત્યના જ્ઞાનના ઠેકાણા ન મળે એને નિશ્ચય સત્ય જ્ઞાન પ્રગટે કઈ રીતે? સમજાણું કાંઈ?

કહે છે, દરેક આત્મા અને દરેક રજકણો પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, એ દરેક દ્રવ્યની શક્તિઓ જે ગુણ ત્રિકાળ અને એની વર્તમાન અવસ્થાને તે વસ્તુ ધારણ કરે છે. આત્મા શરીરને ધારણ કરતો નથી, શરીર આત્માને રાખતો નથી, એમ કહે છે. આત્મા શરીરને ધારણ કરતો નથી, આત્માએ કર્મને ધારણ કર્યા નથી, શરીરે આત્માને ધારણ કર્યું નથી, કર્મે આત્માને અહીં રાખ્યો નથી. આહાહા..! કહો, 'વલ્લભદાસભાઈ'! આ દેખાય છે ને આંખે

પણ તું એને ખબર ન મળે, એમ માનતો નથી.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જ્ઞાન હતું. એ ભગવાન પરમેશ્વર ઈન્દ્રોની સમક્ષ ફરમાવે છે. ઈન્દ્રો મોટા અર્ધ લોકના સ્વામી. તમે શરીર ધાર્યું નથી, તમારે લઈને એ વૈમાનના દેવો ને વૈમાનના શરીરો નથી. દરેકના રજકણો પોતે પોતાથી ગુણ પર્યાયથી ધરેલા, ટકેલા છે. તમે તમારા ગુણ ને પર્યાયથી ટકેલા છો. તમે નથી ટકાવતા પરને અને પર નથી ટકાવતા તમને. બાયડી, છોકરાને તો નભાવતો હશે કે નહિ? સારા નોકરો-બોકરોને નભાવતો હશે કે નહિ?

મુમુક્ષુ :- સાચું છે જૂઠું કેમ કહેવાય?

ઉત્તર :- શું બોલાય? આહાહા..! કહો, સમજાણું આમાં? શું પણ કહેવાય છે આ?

દરેક વસ્તુ ઉત્પાદ વ્યય ધ્રુવ અને દરેક વસ્તુ દ્રવ્ય ગુણ પર્યાયને ધારણ કરનારી (છે). '**ગુણ પર્યાયકે બિના કોઈ નહીં હૈં.**' કોઈ પણ વસ્તુ પોતાની કાયમની શક્તિ અને એની વર્તમાન કાર્યની દશા વિનાનો કોઈ પદાર્થ હોતો નથી. હવે ક્યો પદાર્થ એના કાર્યની દશા વિનાનો છે કે બીજો પદાર્થ એનું કાર્ય કરવા જાય? 'કાંતિભાઈ'! આ ઘડિયાળ-બડિયાળના કામ કહે છે કે, એ પરમાણુનો પર્યાય, પરમાણુનો પર્યાય વિનાનો એ પરમાણુ હોય નહિ. એના ગુણ ને પર્યાય વિનાનું એ દ્રવ્ય હોય નહિ. પછી તે ત્યાં શું ગુણ-એને પર્યાય નાખી ત્યાં? પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે કાર્ય. સમજાણું કાંઈ? આહા..!

જુઓ! આ ભાષાના રજકણો ઉઠે છે ને ભાષા? અવાજ આવે છે ને કાને? એ રજકણો છે, એ રજકણોએ પોતાના ગુણ પર્યાયને ધાર્યા છે. એ ભાષાની અવસ્થા ને એની શક્તિ એ રજકણોએ ધારી છે, આત્માએ નહિ, આ હોઠે નહિ. ભારે વાતું આકરી. સમજાણું કાંઈ? હાથમાં આમ છરી હોય ને છરી? કહે છે કે, એ છરીએ પોતાના ગુણ પર્યાયને એણે ધાર્યા છે. હાથે એને પકડી-ધારી નથી.

મુમુક્ષુ :- ...મદદ તો કરે ને?

ઉત્તર :- ધૂળમાં પણ મદદ કરતો નથી કોઈ. મફતનો પોક મુકે છે ન્યાં. પાડોશી તો એનામાં રહ્યો. એ વસ્તુ છે કે નહિ? એ વસ્તુ છે કે નહિ? તો વસ્તુમાં એની શક્તિ ને ગુણ હોય છે કે નહિ? અને શક્તિ ને ગુણ હોય એનો કોઈ વર્તમાન દશા-કાર્ય-પર્યાય હોય છે કે નહિ? તો પર્યાય વિનાનો (હોતો નથી). એણે તો એના ગુણ પર્યાયને ધાર્યા (છે). તમારા ગુણ, પર્યાયને ક્યાં ધારવા આવતો હતો નવરો. સમજાણું કાંઈ? તમે તમારા ગુણ પર્યાયને ધાર્યા. તમે આત્મા (છો). આ આત્મા અંદર છે એણે પોતાના ગુણ અનંત ગુણ છે જ્ઞાન, દર્શન એને ધાર્યા (છે) અને એની અવસ્થાને ધારી (છે), બસ એટલું. નથી ધાર્યું એણે શરીર, નથી ધાર્યું એણે વાણી, નથી રાખ્યા એણે કર્મ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ હશે આ? આ વાત બેસતી હશે? 'કાંતિભાઈ'! પણ આખો દિ' લાકડા ઓલા કરતા હોય ને ખુરશીઓ કરતા હોય ને ફલાણું કરતા હોય ને શું કહેવાય? ફર્નીચર ને ફર્નિચર સમજ્યા? ઈ ના પાડે છે અહીં. ફોટો જોવા આપ્યો, કહે છે. 'શાંતિભાઈ' કહે છે, લ્યો!

લાકડા પણ રજકણ છે કે નહિ? રજકણનું હોવાપણું છે કે નહિ? હોવાપણું છે એમાં એની અવસ્થા છે કે નહિ? તો એની અવસ્થાને હોવાપણાએ દ્રવ્યે કરી છે. હોવાપણાએ અવસ્થા એને લઈને ટકી છે, બીજા હથીયારને લઈને પણ એ અવસ્થા થઈ નથી. ભારે વાત. વીતરાગનો માર્ગ જગતને સમજવો (કઠણ). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કો'ક દિ' આવે એને સમજાય એવી વાત..

ઉત્તર :- આ સમજાય એવી વાત છે, કો'ક દિ' આવે એને.

બે ચીજ ભિન્ન છે. જુઓ! આત્મા જાણનાર છે. આત્મા વસ્તુ છે. એમાં જાણવાના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો છે અને એની વર્તમાન-અવસ્થા-હાલત થાય છે. ઈ એણે ધારી છે, એમાં એ છે, એના હોવાપણામાં એ છે. એ કર્મના શરીરના રજકણ અને ભાષાના હોવાપણામાં એ આત્મા નથી. અને આ ભાષા ને શરીર ને કર્મના હોવાપણામાં આત્મા નથી. એના હોવાપણે એ છે અને આના હોવાપણે આમ ત્રિકાળ આમ ને આમ ટકી રહ્યું છે. સમજાણું કાંઈ? એ એને લઈને ટક્યા, હું મારે લઈને ટક્યો એવો જે ભેદ કરવો, એવું પહેલું વિકલ્પાત્મક જ્ઞાન (કરવું), એને વ્યવહારું સાચું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી અંદર નિર્વિકલ્પ ભગવાન એકલો ચિદાનંદ સ્વરૂપ, (એની) અંતર્મુખ દૃષ્ટિ કરીને રાગના અવલંબન વિનાનો... એ રાગની પર્યાય એણે ધારી છે. એની પણ ધારણા લક્ષ છોડી દઈને એકલો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન (છે). એ આત્માની શાંતિનો ઉપાય (છે). સમજાણું કાંઈ?

પરમાં હું નથી એટલે પહેલો પ્રેમ છોડ્યો પરનો. પછી રાગમાં એટલો હું નથી એવો છોડ્યો રાગનો પ્રેમ. પરમાં હું નથી, હું મારામાં છું. એટલે પરનો પ્રેમ એને કાંઈ કામનો નથી. એટલે પ્રેમ છોડ્યો પરનો. હવે મારામાં રાગાદિ છે. હવે મારામાં રાગ છે તો રાગમાં હું આખો નથી. એક સમયમાં પુણ્ય-પાપ ને વિકાર છે એમાં આખું તત્ત્વ નથી. આખા તત્ત્વ ઉપર જતાં રાગ-દ્વેષમાં હું નથી ને રાગ-દ્વેષ મારામાં નથી. એમ જ્ઞાયક ચૈતન્યની પ્રતીત ને ભાન થતાં એને સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી દશા થાય છે. સમજાણું કાંઈ? કહો, 'હિંમતભાઈ'! ભારે વાત.

જેટલા દ્રવ્ય છે એ બધા સત્તા હોવાવાળા છે એમ કીધું. હોવાવાળા છે માટે એમાં ત્રણ લક્ષણ છે. નવી અવસ્થાનું થવું (એ ઉત્પાદ). ઓહોહો..! આટલી વાતે હજી વાંધા ઉઠે છે. સામાના દ્રવ્યની પર્યાય હું કરું. એ પર્યાય એણે ધારી છે કે તેં ધારી છે? આહા..!

મુમુક્ષુ :- પ્રભાવ..

ઉત્તર :- અરે..! પ્રભાવની વ્યાખ્યા શું? પ્રભાવની વ્યાખ્યા કાંઈ ભાવ મગજમાં આવવો જોઈએ ને.

આ વસ્તુ રજકણે રજકણ, આત્માએ આત્મા પોતાની ધ્રુવતાને ટકાવીને વર્તમાન અવસ્થારૂપે પોતે ટકી રહ્યો છે. એની અવસ્થામાં બીજાનું આવવું, પ્રવેશવું નથી. જગતના બીજા પદાર્થ જે આત્માઓ, જડ છે, એની અવસ્થામાં આ આત્માનું જવું થતું નથી. અને

આ આત્માને લઈને ટક્યા, રહ્યા, ભાંગ્યા, તૂટ્યા એમ છે નહિ. સમજાણું કાંઈ? એટલું કરે તો એને વ્યવહારું જ્ઞાનનો શુભરાગ પુણ્યનો સાચો થાય, કહે છે. એમ ન માને તો એને પાપનો રાગ અને પાપ જ્ઞાન થાય. સમજાણું કાંઈ? એકબીજાના પર્યાયને કરે ને કરું એમ જાણે તો એનું નામ પાપજ્ઞાન. એને ભાવમાં પાપ થયું. આ આમ ટક્યા. મારે લઈને હું ટક્યો એને લઈને, એવી માન્યતાનો ભાવ તે પાપભાવ છે. એ જગતના દરેક પદાર્થ પોતાના કારણે ટકી રહ્યા છે, બદલી રહ્યા છે, ઊપજી રહ્યા છે. એમ ન માને અને મારાથી એમાં ઉપજે ને એનાથી (મારામાં ઊપજે) એ તો અસત્ય વાત થઈ, અસત્ય જ્ઞાન થયું. અસત્ય જ્ઞાન એટલે પાપ થયું, પાપ એટલે બંધન થયું, દુઃખરૂપ થઈ દશા એને. પણ દરેક પદાર્થ એને કારણે ઉપજે છે, ટકે છે. હું મારે કારણે ઉપજીને ટકું છું એવું જ્ઞાન એને પુણ્ય થયું, ધર્મ નહિ.

મુમુક્ષુ :- ભગવાનની મરજી પ્રમાણે થાય....

ઉત્તર :- ભગવાન ક્યો હતો? ભગવાન બીજો કોઈ છે નહિ. 'પ્રવિણભાઈ'! દરેક વસ્તુ પોતે જ પોતાની કર્તા-હર્તા છે. સમજાણું કાંઈ?

અહીં તો જરી ત્રીજો ન્યાય મુક્યો, ભાઈ! કે, જગતમાં અનંત આત્માઓ અને અનંત રજકણો આ પોઈન્ટ છે. એ છે એને ભગવાન કહે છે, જે સૌ સૌથી છે એમાં એમ ન માનતા, મારાથી શરીર છે ને શરીરથી હું છું ને પૈસાથી હું છું ને મારાથી પૈસા છે, એમ માનનારના પરિણામમાં અસત્યપણું છે એટલે પાપ છે.

(હોવાપણે) જે વસ્તુ છે, દરેક આત્માઓ... ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમેશ્વરે અનંત પદાર્થ આત્મા અનંત રજકણો એમ સ્વતંત્ર જોયા છે અને તે કહે છે. એ ટક્યા છે એ પોતાના ધ્રુવપણે અને બદલે છે એ પોતાની પર્યાયપણે. એ પોતાની પર્યાયથી બદલે ને ધ્રુવપણે ટકે એ પોતાથી. એ પ્રમાણે ન માનતા બીજાથી એમાં ટકવું થાય, બદલવું થાય, એનાથી આમાં બદલવું, ટકવું થાય એવું એનું જ્ઞાન, પાપજ્ઞાન છે. એને પાપરૂપી પરિણામ થાય છે. અસત્યનો ભાવ કરે માટે પાપ થાય છે. આહાહા..!

બીજી વાત, દરેક પદાર્થ પોતાથી ટક્યા છે ને એનાથી અવસ્થા એને લઈને થયેલી છે. કોઈને લઈને કંઈ (થતું નથી). એવું જે જ્ઞાન એનું નામ પુણ્યરૂપી પરિણામ ભાવ છે. હજી એ ધર્મ ભાવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ વિકલ્પ દ્વારા જ્ઞાનમાં જેવી ચીજો અનંત છ દ્રવ્ય છે તે રીતે એણે નક્કી કર્યું ત્યારે તેના જ્ઞાનમાં શુભભાવ પુણ્યભાવ થયો. સાચું એ. વ્યવહારું જ્ઞાન સાચું થયું. એમાં હજી સ્વનું જ્ઞાન આવ્યું નથી. ભેદવાળું, સ્વ-પરના ભેદવાળું વિકલ્પવાળું જ્ઞાન સાચું થયું. એ પુણ્યના પરિણામ થયા. ઝીણી વાત છે, ભાઈ! અને એ આત્મા પોતે પરથી તો ભિન્ન છે, પરનું કરતો નથી પણ આત્મામાં જેટલા પુણ્ય-પાપના વિકલ્પ ને વિકાર ઉઠે છે એ મારા ત્રિકાળ સ્વભાવમાં નથી. કારણ કે, એ પૂર્ણ સત્‌માં આ નથી. જેમ ઓલાના સત્‌માં આ નથી, આ સત્‌માં એ નથી. એવું જે નક્કી થવું એ પુણ્ય પરિણામરૂપી જ્ઞાન છે. પછી આત્મામાં વિકારના પરિણામ જેટલા પુણ્ય-પાપના છે, એ કૃત્રિમ અસ્તિત્વ તરીકે છે. મારા ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વરૂપમાં નથી. એમ પરમાનંદ મહા સત્‌ની

દૃષ્ટિ થતાં વિકલ્પોના પરિણામ મારા નથી, નિર્વિકલ્પ સ્વભાવ એ મારો છે, એવી દૃષ્ટિ થવી તેને ધર્મ દશા, ધર્મ દૃષ્ટિ કહે છે. આહાહા..! સમજાણું કે નહિ? પુણ્ય, પાપ ને ધર્મ ત્રણ આ રીતે (છે).

મુમુક્ષુ :- તત્ત્વની વાત..

ઉત્તર :- આ શેની વાત ચાલે છે? આહાહા..! એ.. 'ભીખાભાઈ'! ક્યાં ગયા? 'જમુભાઈ'! આહા..! અરે..! પ્રભુ! તને ખબર નથી, ભાઈ!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર સમવસરણમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં એમ ફરમાવતા હતા. એ વાત અહીંયાં આચાર્યો કહે છે. અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પરમેશ્વર સાક્ષાત્ બિરાજમાન છે. 'સીમંધર' ભગવાન ત્રિલોકનાથ. એ બધા પરમેશ્વરનું કથન એમ આવ્યું છે અને એમ છે કે, આ જગતના જેટલા પૃથક પૃથક પદાર્થ છે, આત્મા અનંત, રજકણ પણ અનંત, અને બીજા ચાર ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, (એ) દરેકની સત્તાનું હોવાપણું પોતાને લઈને છે, કોઈ એનો બીજો કર્તા નથી. એની સત્તાના વર્તમાનના અંશો પલટે છે એ પણ તેના સત્તાને લઈને છે. એની સત્તાને લઈને છે, બીજાની સત્તાને લઈને નથી. એવી દરેક વસ્તુની સત્તા સ્વતંત્ર કબુલી અને એની વર્તમાન દશા એનાથી થતી કબુલે ત્યારે તેનું નામ પુણ્યના પરિણામવાળું જ્ઞાન થયું કહેવાય છે. એમ ન માને અને એકબીજાથી બીજામાં થાય, આનાથી આમાં થાય, આનું ટકવું બીજાને લઈને, બીજાનું ટકવું (આને લઈને), એનું નામ પાપ પરિણામવાળું જ્ઞાન કહેવામાં આવે છે. અસત્ય છે માટે પાપ, ઓલું સત્ય છે પણ હજી રાગમિશ્રિત છે માટે પુણ્ય. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા આનંદનો કંદ પ્રભુ છે આત્મા-વસ્તુ છે. જેમ શીતળ પાટ બરફની છે, એમ આત્મા આનંદની એક પાટ છે અંદર. કોને ખબર? ભાન કે દિ'? જોયું છે કે દિ' એણે? આ દેહ પ્રમાણે એક અતીન્દ્રિય આનંદની પાટ આત્મા છે. સમજાય છે કાંઈ? એવા અતીન્દ્રિય આત્માના અંતરમાં સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ ધર્મ. પર અને સ્વને જુદા જુદા જેમ છે તેમ બરાબર જાણવા એનું નામ પુણ્ય અને પર ને સ્વ જેમ જુદા છે એમ ન માનવા, ભેળસેળ માનવા એનું નામ પાપ. લ્યો! વળી આમાં ઉતરી ગયું. સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! આહાહા..! શું કરે પણ? એણે જગતના લોહવાટ આડે વ્યવહાર શું છે, જગતના તત્ત્વો ભિન્ન ભિન્ન (કેવા છે), એની એને ખબર ન મળે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- કઈ ક્રિયા? પહેલું દરેક વસ્તુ ભિન્ન ભિન્ન છે એવું જ્ઞાન કરીને એવા વિકલ્પ તરફનું લક્ષ છોડી દઈને નિર્વિકલ્પ આત્મા તરફની દૃષ્ટિ કરવી એ એનું કાર્ય. પછી વારંવાર સ્વરૂપમાં ઠરવું એનું નામ ચારિત્ર. આહાહા..! એ ક્રિયા દર્શન ને ચારિત્રની. શું થાય પણ? આમ અનાદિ કાળનો અશરણ... અશરણે મરીને રખડ્યો અનંત કાળથી. કોઈ એની સામું જોનાર નથી. કુટુંબ કબિલા બધા ભેગા થયા ને પેલાને મરવું. આ વીસ વર્ષનો છોકરો, હજી

તો છ મહિના પરણાવ્યા થયા. શું કરીએ ત્યારે, બાપા!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ક્યાં છે? કહે છે. આત્મામાં છે કે બહાર? એમ કહે છે અહીં તો. બેનો પરનો વિકલ્પ એ પુણ્યભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એ પુણ્યભાવ શરણ ખરું નથી.

અંતર આત્મા જ્ઞાન સ્વરૂપ નજર નાખતા જ્યાં નિધાન ચિદાનંદ સ્વરૂપ છે. એવી અંતર પ્રતીત ને ભાન થવું એમાં શરણ છે. બાકી બધા કૂતરા ને કાગડાની જેમ મરે છે, એમ રાજા ને રાંક બધા મરી જાય, હાલ્યા જાય ચાર ગતિમાં. એક પછી એક ધારા હાલી જાય, ચાર ગતિમાં રખડવા. આહાહા..! સમજાણું?

આચાર્યની વીતરાગના કથનની કોઈ પણ શૈલી ...અલૌકિક વાત. છે અનંત દ્રવ્ય. આહાહા..! એમ ભગવાનની વાણીમાં આવ્યું. છે અનંત પદાર્થ. ત્યાં જ એમ થઈ ગયું કે, અનંત પોતપોતાને કારણે છે. દરેક પદાર્થ ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તમ છે. દરેક વસ્તુ નવી અવસ્થાએ ઉપજવાવાળી, જૂની અવસ્થાએ બદલવાવાળી ને પોતાની ધ્રુવ જાતિથી ટકવાવાળી. એમ એ છે, એમ છે. દરેક વસ્તુ, ગુણ પર્યાયવાળી (છે). દરેક પરમાણુ કે આત્મામાં દરેકને ગુણ હોય છે. જડને જડના ગુણ, આત્માને આત્માના ગુણ. અને તેની અવસ્થાથી ધરેલો એ પદાર્થ છે. એ દ્રવ્ય પોતાના ગુણ પર્યાયને ધારે છે. ગુણ નામ કાયમી શક્તિ, પર્યાય નામ વર્તમાન દશા, એને દરેક પદાર્થ ધારે છે. કોઈના ગુણ પર્યાયને કોઈનું દ્રવ્ય ધારે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો વીતરાગી વિજ્ઞાન છે. વીતરાગી વિજ્ઞાન-પાઠ. આ છોકરાઓ ભણે છે ને રળવા હાટુ, મરવા હાટુ. રળવા માટે. આ એમ.એ. ને એલ.એલ.બી.ના પૂછડા વળગાડવા. એમાં પણ પાછા પુણ્ય હોય તો પૈસા મળે. ભણે તોપણ મળતું નથી. ખરું કે નહિ?

મુમુક્ષુ :- ભણીને જીવવા માગે છે.

ઉત્તર :- કોનું જીવવું? કોનું જીવવું? આત્માનું કે શરીરનું? શરીર શરીરને કારણે જીવે, આત્મા આત્માને કારણે જીવે. કોને જીવાડવું છે? 'શાંતિભાઈ'! ભાઈ! આ તો નિશાળ બીજી જાતની છે. આહા..! આ રજકણે રજકણ આમ એને કારણે ટક્યા છે. હાલવા મંડશે ત્યારે લાખ મોટા ઈન્દ્રો ઉપરથી આવશે તો નહિ રહે. ઈન્દ્ર ચાલ્યા જાય છે ને. આમ ઈન્દ્ર. ચોર્યાસી હજાર દેવ ચારેકોર ઊભા હોય, શરીરના રક્ષક. જ્યાં સ્થિતિ પૂરી થઈ, કપૂરની ગોટીની જેમ રજકણ ખલાસ થઈ જાય. ચોર્યાસી હજાર દેવની ટુકડી (જોવે) કે આ ક્યાં ગયા સ્વામી? ખલાસ. આપણી જેમ શરીર-મડદું ન પડ્યું રહે. અહીં જીવ જાય ત્યારે મડદું પડ્યું રહે છે. એને એ જ્યાં જીવ જાય એટલે કપૂરની ગોટીની જેમ રજકણો વિખાય જાય. જીવ પરગતિમાં ચાલ્યો જાય. કોણ રાખે કોને? આહાહા..! જેની સ્થિતિ ત્યાં રહી એ પણ પોતે આયુષ્યથી રહ્યા નહોતા. એની પોતાની પર્યાયની લાયકાતથી ત્યાં ટકીને રહ્યા હતા. આહાહા..! ભારે વાત, ભાઈ! આયુષ્ય પ્રમાણે શરીરમાં આટલામાં રહેવું એ વાત પણ ખોટી ઠરે છે. અહીં તો આત્મા દરેક સમયે પોતાની પર્યાય ને ધ્રુવથી ટકીને રહ્યો છે, પરને લઈને

રહ્યો નથી. આહાહા..! 'નેમિદાસભાઈ'! શું હશે? તમે બધા બહુ મોટા કાકા કહેવાઓ છો. આ પાંજરાપોળ ને... પછી બીજાને રાખે, ઘણાને હાથ મુકે, ઘણાને પૈસા-બૈસા આપે ને આમ કરે. હાય..હાય..! ભારે, ભાઈ!

મુમુક્ષુ :- પૈસાની ઓથ છે.

ઉત્તર :- ધૂળની ઓથ નથી કોઈની. મફતનો (માને છે). ઓશીયાળો મફત થાય છે. કોઈની અવસ્થા કોઈથી ત્રણકાળમાં થતી નથી. એના હાટુ (માટે) તો આ વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ શરીરની અવસ્થા આવી છે માટે જીવને ઠીક રહે, કહે છે કે, એમ છે નહિ. ઈ પોતે માને પોતાની માન્યતાથી એને લઈને એ પોતે છે, આને લઈને નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? સાકર ને ગોળ પોતે છે. આ ચીજ પોતાથી (છે). અહીં થાય છે ગળ્યાનું જ્ઞાન. તો કહે છે કે, એ જ્ઞાનનો પર્યાય આનાથી છે અને ગળ્યાની પર્યાય એનાથી છે. બેય પોતપોતાને લઈને છે. આહાહા..! હજી તો ગળ્યો ગળ્યાની અવસ્થાના ઉત્પાદને ધારે છે, અહીં જ્ઞાનનો પર્યાય જાણે કે જ્ઞાન આને ધારે છે. આને લઈને નહિ ને આને લઈને ન્યાં નહિ. એવું તો હજી સ્વ-પરનું ભેદ થવું એ તો વિકલ્પાત્મક જ્ઞાન છે. આહાહા..!

મુમુક્ષુ :- ..વાતું બહુ મોટી હો, કોઈ નાની વાત નથી?

ઉત્તર :- આ તો બહુ નાની છે હજી. બાપુ! ચારિત્રની વાતું એ તો... આહાહા..! આમ ચક્રવર્તીના રાજકુંવરો, જેને એક એક... આવે છે ચક્રવર્તી, 'ભરત' ચક્રવર્તીનો પુત્ર 'અર્કકીર્તિ'. 'ભરત' ચક્રવર્તીનો એક 'અર્કકીર્તિ' રાજકુમાર છે. 'ભરત' ચક્રવર્તી કહે કે, આ રાજકુમાર બે ઘડી જો કોર્ટમાં આવશે તો એને એક કરોડ સોનામહોર દેશું. એક બે ઘડી કોર્ટમાં બેસશે, બસ. કોર્ટ સમજ્યા ને? આ રાજસભા-દરબાર. એ તો મોટા ચક્રવર્તી છે ને! રાજકુમાર એ ભવે મોક્ષ જનારા છે. છેલ્લું શરીર 'અર્કકીર્તિ' છે રાજકુમાર 'ભરત'નો.

આ અમારી રાજ સભામાં સિહાંસનમાં આવીને બે ઘડી બેસશે તો સભાની શોભા છે. તો એને એ રાજકુમારને એક કરોડ સોનામહોર આપશું. એવી એવી એકવીસ કરોડ સોનામહોર ભેગી થઈ. છેવટે જ્યારે વૈરાગ્ય થયો ત્યારે છોડી ચાલી નીકળ્યા. અમે આમાં નહિ, અમે છીએ ત્યાં આ નહિ. 'શાંતિભાઈ'! અમે જ્યાં છીએ ત્યાં આ નહિ અને આ છે ત્યાં અમે નહિ. પિતાજીએ આ પૈસા કેમ આપ્યા હતા? શું કરવા? અમે સુંદર ને રૂપાળા ને રાજકુમાર જરી બેસીએ તો શોભે. કોની સભા? કોની શોભા? અમે તો અમારામાં છીએ. એ એનામાં છે. એ ચીજમાં અમારી હયાતી નથી. અમારી હયાતી વિકારના પરિણામમાં નથી. જે એની અસ્તિમાં થાય એમાં નથી તો આમાં અમે ક્યાં છીએ? નીકળી ગયા. સમજાણું કાંઈ? નીકળેલા તો હતા. આમ સંયોગમાંથી છૂટા પડ્યા એમ દુનિયાને દેખાણું. રાગમાંથી છૂટા પડ્યા એવું એને દેખાણું. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કાલ કહ્યું નહોતું? રાજકુમારનું. 'રામચંદ્રજી'ના 'લવ' ને 'કુશ' આમ જુવાન જોધ જેવા ચરમશરીરી. છેલ્લું શરીર. 'પાવાગઢ'થી મોક્ષ ગયા છે, 'પાવાગઢ'. છે ને? આજ્ઞા

માગે છે, પિતાજી! અમે મુનિ થશું. અરે..! આ કાકાની આ દશા! ‘લક્ષ્મણ’, ‘વાસુદેવ’ જેના એક બાણે, એક ચક્રે ‘રાવણ’ મર્યો એ પોતે મરી ગયા. અરર..! આ દશા! અને અમારા પિતાજી છ-છ મહિના ખંભે લઈને ચાલે છે. અરે..! આ દશા. અમે અમારો આત્મા સંભાળવા જઈએ છીએ, હોં! એ અંતરના સ્વભાવમાં પોતાની હયાતી પહેલી માની હતી. પરની હયાતી એ હું નહિ અને રાગ પણ મારી હયાતી એ મારે કારણે થતી, એ હવે છોડી દીધી. પ્રભુ! મારા હયાતીમાં તે રાગ હોય? હું તો હયાતીવાળું ચૈતન્ય આનંદકંદનું તત્ત્વ મારો સ્વભાવ (છે). એમાં આ તો નહિ પણ રાગ પણ નહિ. અંતરમાં પેઠા, દૃષ્ટિ કરીને ઠર્યા એનું નામ સંયમ કહેવાય છે. સમજાણું કાંઈ? રાજકુમારો આમ જુઓ તો મણિરત્નના પુતળા હોય! અરે..! એ તો દેહ છે ને માટી છે ને એ માટીમાં અમે ક્યાં છીએ અને અમે છીએ ત્યાં માટી અમને અડતી નથી. ‘શાંતિભાઈ’! આત્માને આ માટી અડે છે? આ તો જુદી ચીજ છે. અંદરનું હોવાપણું આત્માનું આત્મામાં છે, આનું હોવાપણું જડનું જડમાં છે. બેયના હોવાપણાને કાંઈ શેઢે, સીમાડે પણ મેળ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ કહે છે ને કે, માન્યું છે એ તારી ભ્રમણા છે. એ હાટુ (માટે) તો વાત કરે છે. આહાહા..! સમજાણું આમાં? લ્યો! આજે વળી આમાં આ જ બોલ આવ્યા તાકડે, હોં!

‘**ગુણ પર્યાયકે બિના કોઈ નહીં હૈં.**’ એમાં ભાઈ માંડ પહેલાવહેલા આવ્યા. આજે વળી ઝીણી વાત આવી. ભાઈ ‘પુનચંદભાઈ’ના ભાગીદાર. ભાઈ આવ્યા છે, ‘દમણ’થી આવ્યા છે. ત્યાં ગયા હતા ને. ‘પુનમચંદભાઈ’ના ભાગીદાર હતા. ન્યાં લોકો કહેતા હતા, ‘પુનમચંદ’ પાસે તો બે, ત્રણ કરોડ થયા પણ આ એમના ભાગીદાર પણ આટલા લાખ થઈ ગયા. એમ લોકો વાતું દુનિયા ધૂળની કરે ને માણસ. .... બહાર ઊતર્યા હતા ને? ભાઈ! શું કહેવાય ઈ મકાન? ડાક બંગલા. ત્યાં ભાઈ આવ્યા હતા ને. સામા આવ્યા હતા. લોકો વાતું કરતા કે, આ ‘પુનમચંદ’ કેવા? દુનિયામાં આ જ વખાણ ચાલે છે. એની પાસે તો બે, અઢી કરોડ થઈ ગયા પણ એમના ભાગીદાર પાસે પંદર, પંદર લાખ રૂપિયા. ‘વાપી’માં. એમ અહીંયાં વાતું કરતા. દુનિયાના લોકો. અરે..! આત્માના લક્ષ વિના કોઈ લાખપતિ થાય નહિ. સમજાણું કાંઈ? એ લક્ષ્મી પોતાની પોતામાં પડી એનું લક્ષ કરે તો લક્ષપતિ થાય, બાકી દુર્લક્ષપતિ છે. ખરી વાત છે? કહો, સમજાણું આમાં?

‘**અથવા સબ હી દ્રવ્ય સપ્તભંગીસ્વરૂપ હૈં,...**’ હવે અસ્તિ-નાસ્તિ કરી. શું કીધું? દરેક વસ્તુ છે એમ સિદ્ધ કરી. છે, છે એની વાત હોય ને? અનંત છે. એ છેમાં ત્રણ અંશો હોય છે સમય સમયમાં. નવી અવસ્થા ઉપજે, જૂની અવસ્થા બદલે ને (ટકી રહે). એક સમયમાં, હોં! સેકન્ડનો અસંખ્ય ભાગ. ત્રીજી વાત, એણે ગુણ પર્યાયને ધારી છે. એ દરેક વસ્તુએ એની શક્તિ અને અવસ્થાને ધારી છે. હવે કહે છે કે, દરેક વસ્તુ પોતાથી છે અને પરથી નથી. એ સપ્તભંગી છે. ઓલામાં આવી ગઈ હતી. હોવાપણે આવ્યું હતું. હવે આમાં એકમાં હોવાપણામાં બીજું નથી, એમ અહીં આવ્યું છે. સમજાણું કાંઈ? ઓલામાં હોવાપણું સિદ્ધ

કર્યું હતું. દ્રવ્ય, ગુણ, પર્યાયપણે છે, અસ્તિપણે છે, ઉત્પાદ વ્યય ધ્રુવપણે છે એટલું. હવે સપ્તભંગી. એટલે દરેક આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવે છે અને પર રજકણના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે નથી. એટલે શું વળી? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એટલે શું એ સાંભળ્યા ન હોય. સમજાણું કાંઈ?

જુઓ! આ, આ લાકડુ છે ને? જુઓ! લાકડુ. આ સુખડનું લાકડુ છે. એ વસ્તુ કહેવાય, વસ્તુ. એનું ક્ષેત્ર આ પહોળુ કહેવાય આટલું. એની શક્તિઓ છે સુગંધ આદિ એ એનો ભાવ કહેવાય અને એની સુંવાળી અવસ્થા છે આમ ભારવાળી અવસ્થા એ અવસ્થા કહેવાય, એ કાળ કહેવાય. દરેક વસ્તુના ચાર ભાગ હોય છે. વસ્તુ, એનું ક્ષેત્ર એટલે પહોળું, એની શક્તિઓ એટલે ગુણ, એની વર્તમાન હાલત એને કાળ કહે છે. તો દરેક વસ્તુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતાથી છે અને આ આંગળીથી આ નથી. આંગળીનું દ્રવ્ય એટલે આ, ક્ષેત્ર પહોળાઈ, અવસ્થા આ દેખાય એ અને ગુણ એના રંગ, ગંધ. આ લાકડુ આના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. અને આના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એ પોતાથી છે.

એમ આત્મા પોતાનું દ્રવ્ય એટલે ગુણ પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે શરીર પ્રમાણેની પહોળાઈ, ભાવ એટલે એની ત્રિકાળી શક્તિ, કાળ એટલે એની વર્તમાન દશા. એ પોતે આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવમાં છે. આ રજકણ ને શરીર એટલે કર્મના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તે નથી. કહો, ખોડીદાસભાઈ! ઓલામાં એક અસ્તિ સિદ્ધ કરી અને હવે આમાં આ નથી, એમાં આ નથી એમ (સિદ્ધ કરે છે). આહાહા..! '**थक्कउ**'. ઈ જ છે ને, એમાંથી કાઢ્યું. આહાહા..! ભારે વાત.

આ હોંશિયારીને લઈને પૈસા ને પૈસાને લઈને હોંશિયારી. એમ હશે કે નહિ? માનતા હતા? અહીં દરેક વસ્તુ એને કારણે છે, કોઈને કારણે નથી. આ અવાજ ઉઠે છે ને? એ અવાજ રજકણોની અવસ્થા છે, તેથી ઉતરે ને? આ ઉતરે છે ને રેકોર્ડિંગમાં? એ કાંઈ આત્મા ઉતરે? રેકોર્ડિંગમાં ઉતરે છે આ. એ રજકણો ધ્વનિ છે. એ રજકણો તે દ્રવ્ય છે. એમાં રંગ, ગંધ ગુણ છે અને આ અવસ્થા એની ભાષારૂપે થાય એ અવસ્થા છે. એની રજકણોની જે પહોળાઈ છે જેટલામાં રહે છે એ એનું ક્ષેત્ર છે. એ ભાષાના રજકણોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભાષામાં છે, આત્માને લઈને નહિ. આત્માને લઈને ભાષા થાતી નથી. આરે! આવી વાત છે.

મુમુક્ષુ :- દુનિયાથી તો જુદું ચાલે છે.

ઉત્તર :- દુનિયા તો ગાંડી હોય તો એનાથી જુદું જ હોય ને. સમજાણું કાંઈ? એક આત્મા પોતે છે એ બીજા આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે નથી. કહો, બાપનો આત્મા ને દીકરાનો આત્મા બે આત્મા જુદા. જુદા હશે?

મુમુક્ષુ :- તદ્દન જુદા.

ઉત્તર :- એ આવવાના છે. એક, બે દિ'માં આવવાના છે. આવવાના છે? ભાઈ, 'પ્રવિણભાઈ'! શેઠ આવવાના છે. ભાઈ કહેતા હતા.

બાપનો આત્મા શરીરથી જુદો. એ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે અને બીજાનો આત્મા એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પહોળાઈ, ભાવ એટલે ગુણ ને કાળ એટલે એની અવસ્થા. એનામાં એ અને આનામાં એ. આનામાં એ નહિ ને એનામાં આ નહિ. બરાબર હશે?

એક આત્મામાં બીજા આત્માનો ભાવ, ક્ષેત્ર, કાળ ને દ્રવ્ય નથી. બીજા આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આ આત્મા નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નથી. હવે એક રજકણ. એક રજકણ છે ને? છેલ્લો પોઈન્ટ. આ ટુકડાને કટકા કટકા કરો તો આના કટકા થાય છે એટલા કટકા થાય કે, છેલ્લો એક ઝીણો રજકણ રહે એમાં ચાર બોલ છે. એ રજકણ પોતે દ્રવ્ય છે, દ્રવ્ય એટલે વસ્તુ. તેની પહોળાઈ એનું ક્ષેત્ર. એના રંગ, ગંધ, રસ, સ્પર્શ એ ગુણ. એની અવસ્થા રૂપાંતર થવું એની પર્યાય. એ રજકણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. બીજા રજકણના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને લઈને એ રજકણ નથી. સમજાણું કાંઈ?

આ આવું સત્ છે એને સમજવાની દરકાર ન મળે, સાંભળવાનું મળે નહિ. આ કરો ને આ કરો, દયા પાળો ને ભક્તિ કરો, પૈસા આપો ને દાન કરો. કહે છે કે, એ ચીજ તારી નથી ને એમાં તારે કર કર કરવું છે એનું નામ ભ્રમણા છે. જેમાં તું નથી એનું તું કર, આનું કર, આની દયા પાળ, આનું આમ કર, એનું આમ કર, એ તો તારામાં નથી એનું કર એ તો અસત્ય દૃષ્ટિ થઈ. શું થાય?

મુમુક્ષુ :– પરોપકારી તો કહેવાય

ઉત્તર :– કોણ પરોપકાર કરનારો છે? કોણે કર્યો છે પરોપકાર?

મુમુક્ષુ :– શેઠિયાઓ કરે.

ઉત્તર :– ધૂળેય કરતો નથી શેઠિયો, વળી શેઠિયો કોને કહેવો? એનો આત્મા એનામાં રહેલો, શેઠિયાનો આત્મા શરીરમાં રહ્યો છે શરીરના રજકણને લઈને? એમાં રહેલો હોય તો આત્મા જાય તો ભેગું શરીર સાથે જાવું જોઈએ. શરીર શરીરમાં, આત્મા આત્મામાં છે. બેય જુદે જુદી ચીજ છે. અત્યારે જુદી, ત્રિકાળ જુદી છે. બરાબર છે? 'શાંતિભાઈ'! આહાહા..!

મરતા વખતે થાય... હાય..હાય..! ઈન્જેકશન-બિન્જેકશન ખોસે બધું કરીને પછી એમાં નક્કી થાય કે, હવે નહિ રહે. કારણ કે, હવે ઘડી, બે ઘડી (છે). એમ બોલે નહિ. પણ (એમ કહે), હવે રહેવા દ્યો, હવે જુઓ. એટલે શું? કે, હવે મરવા દ્યો એમ. હવે દેહ છૂટી જવાની તૈયારી. બાપા! છૂટા જ પડ્યા છે. આમ જુદા પડ્યા ત્યારે એને લાગ્યું કે, આ છૂટ્યું. બાકી જુદે જુદા છે, કે દિ' ભેગા હતા ત્રણકાળમાં? આહાહા..! ભ્રમણા.

અહીં તો આચાર્ય એટલું કહેવા માગે છે કે, દરેક વસ્તુ, દરેક આત્મા, દરેક રજકણ પોતાથી છે ને પરથી નથી એટલું હજી જ્ઞાન અનંતનું કરે તો એ વ્યવહારું જ્ઞાન કહેવાય છે. ઓહોહો..! હજી વ્યવહારું સમ્યક્, વ્યવહાર સમ્યક્ કહેવાય, નિશ્ચય સમ્યક્ નહિ. આહાહા..! અંતઃતત્ત્વ અને બહિરતત્ત્વો બધા, એ બેનું જ્ઞાન ભિન્ન કરે તોપણ એ વ્યવહાર સમકિત છે. મારું અંતઃતત્ત્વ પરમાત્મા જુદું અને આ બહિરતત્ત્વો બધા જુદા. એનું ભેદજ્ઞાન કરે તોપણ

એ વ્યવહારો વિકલ્પ વ્યવહારું જ્ઞાન, વ્યવહારી શ્રદ્ધા છે.

એકલો ભગવાન અખંડ આનંદનો કંદ સત્, મહાસત્, ધ્રુવ સત્, એની અંતર દૃષ્ટિ કરે ત્યારે એ અંતર દૃષ્ટિને સમ્યગ્દર્શન અને નિશ્ચય દર્શન કહેવામાં આવે છે. કહો, તે સિવાયનું આ બધું જ્ઞાન એ વ્યવહારું જ્ઞાન છે. જેના વ્યવહાર જ્ઞાનના ઠેકાણા નથી, એને વિપરીત... વિપરીત... વિપરીત... અરે..! ગજબ કરે છે ને અત્યારે તો. એનો કોઈ એક બોલ લો. સત્ છે, ઉત્પાદ વ્યય ધ્રુવથી થયેલા. ખલાસ થઈ ગઈ વાત. કોઈને લઈને કોઈ છે, સમય સમયમાં કોઈને લઈને કોઈ છે એમ રહેતું નથી. એકલું પરથી અનંત અનંત એમ ને એમ ભિન્ન કામ કરી રહ્યા છે એમ હજી જ્ઞાન કરે ત્યારે તેને વ્યવહારું સાચું જ્ઞાન થયું કહેવાય. પણ એ પરલક્ષી જ્ઞાન છે. એથી બેના બે આ ને આ, આ ને આ એવું વ્યવહારું જ્ઞાન છે. આહાહા..! સમજાણું?

'**સબ હી દ્રવ્ય સપ્તભંગીસ્વરૂપ હૈં, ઐસા દ્રવ્યોંકા સ્વરૂપ...**' જુઓ! બધા દ્રવ્ય, હોં! રજકણે રજકણ. એવા સાત બોલ છે. સ્વથી છે ને પરથી નથી. અસ્તિ, નાસ્તિ, અસ્તિ-નાસ્તિ, અસ્તિ અવક્તવ્ય એમાં સાત બોલ છે. ઝીણી વાત છે. પણ આ એટલામાં સમાડ્યું. '**જો નિઃસંદેહ જાને, આપ ઔર પરકો પહચાને, ઐસા જો આત્માકા ભાવ (પરિણામ) વહ સમ્યગ્જ્ઞાન હૈ.**' વ્યવહાર છે. સમજાણું કાંઈ? હજી વ્યવહાર સાચું કહેવાય, 'શાંતિભાઈ'! તમારા વ્યવહારની વાત નથી, હોં! આ. આહાહા..! એમાંથી આત્માને તારવી લેવો. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એ જ્ઞેય ને જ્ઞાન બે એમ પણ લક્ષ છોડી દઈને એકલો આત્માને જ્ઞેય બનાવીને દૃષ્ટિનો અનુભવ કરવો એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન ને નિશ્ચય જ્ઞાન છે. એ આત્માને હિતનું કારણ ને મોક્ષનું કારણ છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## વીર સંવત ૨૪૯૨, પોષ સુદ ૧૧, સોમવાર
## તા. ૩-૧-૧૯૬૬, ગાથા-૨૯ થી ૩૧, પ્રવચન નં. ૯૩

'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની ૨૯મી ગાથા છે. અહીં સુધી આવ્યું, જુઓ! જગતના જે છ દ્રવ્યો છે એના સ્વરૂપને નિઃસંદેહ જાણે. જેવું છ દ્રવ્યનું ઉત્પાદ વ્યય ધ્રુવ, ગુણ પર્યાયરૂપ કે સત્તારૂપ કે સપ્તભંગી રૂપ.. કાલ આવ્યું હતું ને? '**ઐસા દ્રવ્યોંકા સ્વરૂપ જો નિઃસંદેહ જાને,...**' વ્યવહારથી હજી, હોં! આ વ્યવહારની વાત છે. દરેક દ્રવ્ય પોતાની અવસ્થાથી ઉપજે, બીજાની અવસ્થાથી ન ઉપજે એમ થયું ને સપ્તભંગીમાં? દરેક દ્રવ્ય પોતાની વર્તમાન પર્યાય જે હતી એનો નાશ કરી નવી પર્યાયપણે ઉત્પન્ન થાય અને ધ્રુવપણે કાયમ રહે. એવા છ દ્રવ્યનું ભગવાન કેવળીએ સ્વરૂપ જોયું છે. એમ એ છે. એમ એને બરાબર જાણે.

'**આપ ઔર પરકો પહચાને,...**' પછી પોતે આત્મા અને પર વસ્તુઓ, એનું જ્ઞાન

બરાબર કરે એ પણ વ્યવહાર જ્ઞાન છે. બે થયા ને? આત્મા આ છે જ્ઞાનાનંદ શુદ્ધ, રાગાદિ પર અને શરીરાદિ પરદ્રવ્યો, એનું જ્ઞાન બેનું વિકલ્પવાળુ જ્ઞાન એને અહીંયાં વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**ઐસા જો આત્માકા ભાવ (પરિણામ)...**' એ વ્યવહાર પરિણામ. નિશ્ચય પરિણામ તો સાથે છે. એવા વ્યવહાર પરિણામનું સમ્યગ્જ્ઞાન વ્યવહાર. નિશ્ચયના અંતર વેદનનું જ્ઞાન તે નિશ્ચય પરિણામ. આ મુખ્યપણે અત્યારે વ્યવહારની વાત છે.

'**સારાંશ યહ હૈ, કિ વ્યવહારનયકર વિકલ્પ સહિત અવસ્થામેં તત્ત્વકે વિચારકે સમય આપ ઔર પરકા જાનપના જ્ઞાન કહા હૈ,...**' પહેલા વિકલ્પ રાગની અવસ્થાના વિચાર કાળે આ આત્મા છે, આ કર્મ, શરીર આદિ પર છે, એવું જે રાગવાળું જ્ઞાન એની પહેલી વિચાર શ્રેણીમાં વ્યવહારનું જ્ઞાન પહેલું કહ્યું. પહેલું કહ્યું એટલે અહીંયાં કહ્યું એમ. હોય તો સાથે. જ્ઞાનની આમાં વાત છે. આત્મા અખંડ જ્ઞાન ચૈતન્યમૂર્તિ છે અને શરીર કર્મ આદિ પર છે. બેનું બરાબર જ્ઞાન એને વ્યવહાર જ્ઞાન, રાગ મિશ્રિત જ્ઞાન, પુણ્ય બંધના કારણરૂપ જ્ઞાન, એને વ્યવહાર જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

'**ઔર નિશ્ચયનયકર વીતરાગ નિર્વિકલ્પ સમાધિસમય...**' આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ કરીને અંતર જ્ઞાનમાં રમે એ કાળમાં, '**પદાર્થોંકા જાનપના મુખ્ય નહીં લિયા,...**' આ છ દ્રવ્યનું અથવા સ્વ-પરના ભેદનું જ્ઞાન ત્યાં મુખ્ય નથી. ત્યાં ગૌણ થઈ ગયું. શું વળી? છે ને? અંદર ગૌણ શબ્દ આગળ છે. ગૌણત્વ છે ને? એટલે અહીં મુખ્ય કહ્યું. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપની રાગ રહિત એવું અંતરનું સ્વસંવેદનજ્ઞાન, શાંતિનું અંતર જ્ઞાન એ નિશ્ચયજ્ઞાન, સાચું જ્ઞાન એ મોક્ષનો માર્ગ. એની અંદરમાં છ દ્રવ્યનું જ્ઞાન કે સ્વ-પરનું જ્ઞાન મુખ્ય નથી. એમાં મુખ્ય તો પોતાનું નિર્વિકલ્પ જ્ઞાનવેદન એ મુખ્ય છે. સમજાણું કાંઈ?

'**મુખ્ય નહીં લિયા,...**' એમાં મુખ્ય એને નથી લીધું. વ્યવહારના વિચાર કાળમાં મુખ્યતા એની. આત્મા જ્ઞાનસૂર્ય ચિદાનંદ સ્વરૂપ, એની અંતર એકાગ્રતાના કાળમાં છ દ્રવ્ય ને સ્વ-પરના જ્ઞાનની મુખ્યતા હોય નહિ. પણ વિકલ્પ અવસ્થામાં, વિચારની અવસ્થા હોય ત્યારે એ છ દ્રવ્યનું જ્ઞાન અને સ્વ-પરનું જ્ઞાન એને મુખ્ય છે. નિર્વિકલ્પ જ્ઞાન ત્યાં ગૌણ થઈ ગયું છે. અને અંતરના નિર્વિકલ્પ જ્ઞાનમાં આત્માનું જ્ઞાન મુખ્ય જ્ઞાન થયું છે, ઓલું જ્ઞાન ગૌણ થઈ ગયું છે, મુખ્ય નથી. સમજાણું કાંઈ? અરે! આવી વાત છે. આવો ધર્મ સમજવો ને આ કરવું ને... શું વાંધો છે? એય..! જમુભાઈ કહે છે વાંધો કાંઈ નથી પણ એને આકરું લાગે છે.

'**કેવલ સ્વસંવેદનજ્ઞાન હી નિશ્ચયસમ્યગ્જ્ઞાન હૈ.**' જુઓ! સાચું જ્ઞાન તો આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય છે એનું અંતરમાં જ્ઞાન તેને સાચું જ્ઞાન કહેવામાં આવે છે. સ્વ-પરનું અને છ દ્રવ્યનું જ્ઞાન એ ઉપચારીક વ્યવહારું જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો હજી છ દ્રવ્ય શું એના જ્ઞાનના ઠેકાણા ન મળે અને અમે ધર્મ કરીએ છીએ. ધર્મ શું કરે છે? ભાન નથી હજી ધર્મ ને ધર્મ ક્યાંથી કર્યો? કેમ 'જુગરાજજી'!

મુમુક્ષુ :- અમારે..

ઉત્તર :- અમે ગૃહસ્થ, અમારે તો જે હોય એ સાચું પકડી લેવું, ખોટું છોડી દેવું. ઓલાને આકરું પડે.

કહે છે કે, ભાઈ! એક વાર સમજ તો ખરો કે આ આત્મા પોતાના સ્વરૂપમાં શુદ્ધ ચિદાનંદ છે એવું અંતરનું જ્ઞાન થયું તેને સાચું જ્ઞાન કહે છે. એ જ ખરો મોક્ષનો માર્ગ. મોક્ષ ને માર્ગનું જ્ઞાન. અને એ કાળમાં જ્યારે અંતર હોય છે ત્યારે મુખ્ય છ દ્રવ્યનું જ્ઞાન કે સ્વ-પરનું જ્ઞાન ત્યાં મુખ્ય હોતું નથી, ગૌણ થઈ ગયું છે ત્યાં. અને જ્યારે વિચારકાળમાં વર્તતો હોય ત્યારે અંતરનું જ્ઞાન હોય પણ એ ગૌણ હોય, એ સ્વ-પર અને છ દ્રવ્યનું જ્ઞાન એને મુખ્ય હોય, આમ વાત કરી છે અહીં. સમજાણું કાંઈ?

'**વ્યવહારસમ્યગ્જ્ઞાન તો પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...**' લ્યો. એ વ્યવહાર છ દ્રવ્યનું બરાબર વાસ્તવિક જેમ છે તેમ જ્ઞાન અને સ્વ-પરનું ભેદવાળું, વિકલ્પવાળું જ્ઞાન એ પરંપરા મોક્ષનું કારણ (છે). એટલે કે એને છોડીને ઠરશે ત્યારે મુક્તિ થશે. સમજાણું કાંઈ? એ છ દ્રવ્યનું જ્ઞાન ને સ્વ-પરનું જ્ઞાન એવું વ્યવહાર જ્ઞાન, એને ત્યાં નિશ્ચય જ્ઞાનમાં નિમિત્ત તરીકે કહેવામાં આવ્યું. વ્યવહાર તરીકે કહો, નિમિત્ત તરીકે કહો, ઉપચાર તરીકે કહો કે ગૌણ તરીકે કહો. સમજાણું કાંઈ? અને આત્માનું જ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, ચૈતન્યનું જ્ઞાન અનુભવ એ જ્ઞાન મોક્ષના માર્ગ માટે મુખ્ય છે. મુખ્ય છે, યથાર્થ છે, નિશ્ચય છે, સાક્ષાત્ નિર્જરાનું ને મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'**ઔર નિશ્ચયસમ્યગ્જ્ઞાન સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ.**' દેખો! બેય આવ્યું. વ્યવહાર સમ્યગ્જ્ઞાન પરંપરા (કારણ છે). કારણ કે એ રાગ છે ને એ વિકલ્પાત્મક જ્ઞાન છે. એટલે એ છૂટીને પછી સ્થિર થાશે એ અપેક્ષાએ એને વ્યવહારે, વ્યવહારનયે પરંપરા કારણ કહ્યું છે. એ વ્યવહારનયે વ્યવહાર જ્ઞાનને પરંપરા કારણ (કહ્યું છે). પાછા બે, એમ. નિશ્ચયનયે એમ નહિ. વ્યવહારનયે, વ્યવહારજ્ઞાન પરંપરા કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? નિશ્ચય સત્ય નયે સાક્ષાત્ આત્માનું જ્ઞાન, સાક્ષાત્ મોક્ષનું કારણ છે. એ ૨૯ ગાથા થઈ. ૩૦મી.

---

**अथ स्वपरद्रव्यं ज्ञात्वा रागादिरूपपरद्रव्यविषयसंकल्पविकल्पत्यागेन स्वस्वरूपे अवस्थानं ज्ञानिनां चारित्रमिति प्रतिपादयति –**

**१५६) जाणवि मणणवि अप्पु परु जो पर–भाउ चएइ।**
**सो णिउ सुद्धउ भावडउ णाणिहिं चरणु हवेइ।।३०।।**

**ज्ञात्वा मत्वा आत्मानं परं यः परभावं त्यजति।**
**स निजः शुद्धः भावः ज्ञानिनां चरणं भवति।।३०।।**

**जाणवि इत्यादि। जाणवि सम्यग्ज्ञानेन ज्ञात्वा न केवलं ज्ञात्वा मणणवि**

तत्त्वार्थश्रद्धानलक्षणपरिणामेन मत्वा श्रद्धाय। कम्। अप्पु परु आत्मानं च परं च जो यः कर्ता परभाउ परभावं चएइ त्यजति सो स पूर्वोक्तः णिउ निजः सुद्धउ भावडउ शुद्धो भावो णाणिहिं चरणु हवेइ ज्ञानिनां पुरुषाणां चरणं भवतीति। तद्यथा। वीतरागसहजानन्दैकस्वभावं स्वद्रव्यं तद्विपरीतं परद्रव्यं च संशयविपर्ययानध्यवसायरहितेन ज्ञानेन पूर्वं ज्ञात्वा शङ्कादिदोषरहितेन सम्यक्त्वपरिणामेन श्रद्धाय च यः कर्ता मायामिथ्यानिदानशल्यप्रभृतिसमस्तचिन्ताजालत्यागेन निजशुद्धात्मस्वरूपे परमानन्दसुखरसास्वादतृप्तो भूत्वा तिष्ठति स पुरुष एवाभेदेन निश्चयचारित्रं भवतीति भावार्थः।।३०।। एवं मोक्षमोक्षफलमोक्षमार्गादिप्रतिपादक द्वितीयमहाधिकारमध्ये निश्चयव्यवहारमोक्षमार्गमुख्यत्वेन सूत्रत्रयं षड्द्रव्यश्रद्धानलक्षणव्यवहारसम्यक्त्व-व्याख्यानमुख्यत्वेन सूत्राणि चतुर्दश, सम्यग्ज्ञानचारित्रमुख्यत्वेन सूत्रद्वयमिति समुदायेनैकोनविंशतिसूत्रस्थलं समाप्तम्।

---

आगे निज और परद्रव्यको जानकर रागादिरूप जो परद्रव्यमें संकल्प–विकल्प हैं, उनके त्यागसे जो निजस्वरूपमें निश्चलता होती है, वह ज्ञानी जीवोंके सम्यक्चारित्र है, ऐसा कहते हैं –

**गाथा – ३०**

अन्वयार्थ :– सम्यग्ज्ञानसे [ आत्मानं च परं ] आपको और परको [ ज्ञात्वा ] जानकर और सम्यग्दर्शनसे [ मत्वा ] आप और परकी प्रतीति करके [ यः ] जो [ परभावं ] परभावको [ त्यजति ] छोड़ता है [ सः ] वह [ निजः शुद्धः भावः ] आत्माका निज शुद्ध भाव [ ज्ञानिनां ] ज्ञानी पुरुषोंके [ चरणं ] चारित्र [ भवति ] होता है।

भावार्थ :– वीतराग सहजानंद अद्वितीय स्वभाव जो आत्मद्रव्य उससे विपरीत पुद्गलादि परद्रव्योंको सम्यग्ज्ञानसे पहले तो जानें, वह सम्यग्ज्ञान संशय, विमोह और विभ्रम इन तीनोंसे रहित है। तथा शंकादि दोषोंसे रहित जो सम्यग्दर्शन है, उससे आप और परकी श्रद्धा करे, अच्छी तरह जानके प्रतीति करे, और माया, मिथ्या, निदान इन तीन शल्योंको आदि लेकर समस्त चिंता–समूहके त्यागसे निज शुद्धात्मस्वरूपमें तिष्ठे है, वह परम आनंद अतीन्द्रिय सुखरसके आस्वादसे तृप्त हुआ पुरुष ही अभेदनयसे निश्चयचारित्र है।।३०।।

इस प्रकार मोक्ष, मोक्षका फल, मोक्षका मार्ग इनको कहनेवाले दूसरे महाधिकारमें निश्चय व्यवहाररुप निर्वाणके पंथकी मुख्यतासे तीन दोहोंमें व्याख्यान किया, चौदह दोहोंमें छह द्रव्यकी श्रद्धारू प व्यवहारसम्यक्त्वका व्याख्यान किया, तथा दो दोहोंमें सम्यग्ज्ञान सम्यक्चारित्रका मुख्यतासे वर्णन किया। इस प्रकार उन्नीस दोहोंका स्थल पूरा हुआ।

---

હવે, સ્વ-પરદ્રવ્યને જાણીને રાગાદિરૂપ જે પરદ્રવ્યના સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરીને સ્વસ્વરૂપમાં સ્થિતિ થવી તે જ્ઞાની જીવોનું સમ્યક્ચારિત્ર છે, એમ કહે છે.

ભાવાર્થ :- વીતરાગ સહજ આનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વદ્રવ્યને અને

**તેનાથી વિપરીત પરદ્રવ્યને સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત એવા જ્ઞાન વડે જાણીને અને શંકાદિ દોષ રહિત એવા સમ્યક્ત્વ પરિણામથી શ્રદ્ધીને, માયા, મિથ્યાત્વ અને નિદાન એ ત્રણ શલ્યથી માંડીને સમસ્ત ચિંતાજાળના ત્યાગ વડે, પરમાનંદરૂપ સુખરસાસ્વાદથી તૃપ્ત થઈને જે સ્થિતિ રહે છે તે પુરુષ જ અભેદથી (અભેદનયથી) નિશ્ચયચારિત્ર છે. ૩૦.**

**આ પ્રમાણે મોક્ષ, મોક્ષફળ, મોક્ષમાર્ગાદિના પ્રતિપાદક બીજા મહાધિકારમાં નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રો, છ દ્રવ્યોની શ્રદ્ધા જેનું સ્વરૂપ છે એવા વ્યવહાર સમ્યક્ત્વના વ્યાખ્યાનની મુખ્યતાથી ચૌદ ગાથાસૂત્રો સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની મુખ્યતાથી બે સૂત્રો એ પ્રમાણે સમુદાયરૂપે ઓગણીસ સૂત્રોનું સ્થળ સમાપ્ત થયું.**

## ગાથા-૩૦ ઉપર પ્રવચન

**'આગે નિજ ઔર પરદ્રવ્યકો જાનકર રાગાદિરૂપ જો પરદ્રવ્યમેં સંકલ્પ-વિકલ્પ હૈં, ઉનકે ત્યાગસે જો નિજસ્વરૂપમેં નિશ્ચલતા હૈ, વહ જ્ઞાની જીવોંકે સમ્યક્ચારિત્ર હૈ, ઐસા કહતે હૈં -'** હવે ચારિત્રની વ્યાખ્યા કરે છે.

**१५६) जाणवि मण्णवि अप्पु परु जो पर-भाउ चएइ।**
**सो णिउ सुद्धउ भावडउ णाणिहिं चरणु हवेइ।।३०।।**

**અન્વયાર્થ :- 'સમ્યગ્જ્ઞાનસે આપકો ઔર પરકો જાનકર...'** એ પણ વ્યવહારજ્ઞાન. **'ઔર સમ્યગ્દર્શનસે આપ ઔર પરકી પ્રતીતિ કરકે...'** પોતે આત્મા અને પરની એ પણ વ્યવહાર સમ્યગ્દર્શન દ્વારા પહેલી પ્રતીતિ કરીને પછી **'જો પરભાવકો છોડતા હૈ...'** પછી બધા વિકલ્પોને છોડીને, **'વહ આત્માકા નિજ શુદ્ધ ભાવ જ્ઞાની પુરુષોંકે ચારિત્ર હોતા હૈ.'** સ્વરૂપમાં આત્માના આનંદમાં ઠરે ત્યારે એને ચારિત્ર કહેવાય છે. સાચું ચારિત્ર એ છે. સમજાણું કાંઈ?

**'વીતરાગ સહજાનંદ અદ્વિતીય સ્વભાવ જો આત્મદ્રવ્ય...'** આત્માની વ્યાખ્યા કરી. કેવો છે આત્મા? રાગ રહિત સહજ આનંદ અજોડ સ્વભાવ એવો જે આત્મપદાર્થ, **'ઉસસે વિપરીત પુદ્ગલાદિ પરદ્રવ્યોંકો સમ્યગ્જ્ઞાનસે પહલે તો જાનેં,...'** એમ. પૂર્વમાં શબ્દ પડ્યો છે ને. સમજાણું કાંઈ? **'पूर्वं ज्ञात्वा'** અંદર છે. સંસ્કૃતની છઠ્ઠી લીટી છે. શું કહે છે? આ આત્મા પરમ આનંદ સ્વભાવ વીતરાગ સ્વરૂપ આત્મા અત્યારે છે. એનાથી છ દ્રવ્યનું જ્ઞાન પરપદાર્થ વિપરીત જ્ઞાન છે. એનાથી વિપરીત બધા પાંચ દ્રવ્યો છે. છ એ. આત્માથી બધા છ એ વિપરીત છે. બીજા જુદા છે કે નહિ? બીજા આત્માઓ, પુદ્ગલો બધા જુદા છે. **'વિપરીત પુદ્ગલાદિ પરદ્રવ્યોંકે..'** ભગવાન પણ આત્માથી વિપરીત છે. આ આત્માથી

ભગવાન સિદ્ધો પણ વિપરીત બીજી જાતના છે, આ જાતના ક્યાં છે ઈ? સમજાણું કાંઈ?

વીતરાગ સહજાનંદ અજોડ સ્વભાવ એક આત્મા, એનાથી '**વિપરીત પુદ્ગલાદિ પરદ્રવ્યોંકો સમ્યગ્જ્ઞાનસે પહલે તો જાનેં,...**' છ દ્રવ્યને પોતા સિવાયના બધા. અનંત નિગોદ, અનંત સિદ્ધ, કેવળીઓ, તીર્થંકરો, પુદ્ગલાદિ પરમાણુ, સ્કંધ બધાને. '**વહ સમ્યગ્જ્ઞાન સંશય, વિમોહ ઔર વિભ્રમ ઈન તીનોંસે રહિત હૈ.**' આ હજી વ્યવહારજ્ઞાન, હોં! વ્યવહાર સમ્યગ્જ્ઞાન પણ સંશય રહિત, વિમોહ રહિત, વિભ્રમ રહિત છે, ભ્રમણા રહિત છે. સમજાણું કાંઈ? '**તથા શંકાદિ દોષોંસે રહિત જો સમ્યગ્દર્શન હૈ,...**' એ વ્યવહાર છે. '**ઉસસે આપ ઔર પરકી શ્રદ્ધા કરે,...**' એનાથી વ્યવહાર સમ્યગ્દર્શન દ્વારા પણ આ આત્મા છે અને આ પર છે. એવી શ્રદ્ધા કરે એ પણ વ્યવહાર સમ્યગ્દર્શન શુભરાગ છે, શુભ વિકલ્પ છે. સમજાણું કાંઈ? આહા..! '**અચ્છી તરહ જાનકે પ્રતીતિ કરે,...**' સ્વ અને પરને બરાબર જાણીને શ્રદ્ધા કરે. એ પણ હજી શુભ વિકલ્પરૂપ વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

'**ઔર માયા, મિથ્યા, નિદાન ઈન તીન શલ્યોંકો આદિ લેકર...**' હવે નિશ્ચય ચારિત્ર કહે છે. કપટ, મિથ્યા ને નિદાન ત્રણ શલ્યોને છોડી દઈ. '**સમસ્ત ચિંતા-સમૂહકે ત્યાગસે...**' બધા વિકલ્પોનો ત્યાગ. '**નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તિષ્ઠે હૈ,...**' પોતાનો આનંદ સ્વભાવ, જે પહેલો કહ્યો વીતરાગ સહજાનંદ સ્વભાવ, એમાં જે ઠરે છે, '**વહ પરમ આનંદ અતીન્દ્રિય સુખરસકે આસ્વાદસે તૃપ્ત હુઆ...**' એનું નામ ચારિત્ર છે. એ આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તૃપ્ત થઈ જાય છે. ભગવાનઆત્મા, અતીન્દ્રિય આનંદ છે આત્મામાં, અતીન્દ્રિય આનંદ જેવો સિદ્ધને-પરમાત્માને પ્રગટ આનંદ છે, એવો જ આ આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એવા અતીન્દ્રિય આનંદની પહેલા શ્રદ્ધા, જ્ઞાન કર્યા છે પછી સ્વરૂપમાં ઠરે છે, લીન થાય છે. કેવી રીતે લીન થાય છે?

'**પરમ આનંદ અતીન્દ્રિય સુખરસકે આસ્વાદસે તૃપ્ત...**' આત્માના અતીન્દ્રિય આનંદના અનુભવથી આમ તૃપ્ત તૃપ્ત થયો છે. એને ચારિત્ર કહે છે. ભગવાન એને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? એ ચારિત્ર તે મુક્તિનું કારણ છે. કપટ, કપટ. આ કપટ કરે છે ને? આ નથી જગતમાં કરતા? આ જૂઠું બોલવું, ઓલું કરવું, કાંઈક હોય ને કાંઈક બતાવવું. માયામાં નથી કરતા? આ સમુચ્ચય વાત છે. વ્રત છે ખરા ને? નિશલ્યો વ્રતી છે ને એટલે બતાવ્યું. શલ્ય પછી માયાનું શલ્ય ન હોય, મિથ્યાત્વનું શલ્ય ન હોય અને નિદાનનું ન હોય. સૂક્ષ્મ અંદર હોય એ ન હોય પછી. સ્વરૂપમાં ઠરે. ચારિત્ર એને કહીએ કે, આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદથી અતીન્દ્રિય આનંદના વેદનથી તૃપ્ત, તૃપ્ત થાય. એવી દશાને ચારિત્ર કહે છે. કહો, આ ચારિત્રની વ્યાખ્યા. સમજાણું કાંઈ?

'**પુરુષ હી અભેદનયસે નિશ્ચયચારિત્ર હૈ.**' એમ કહે છે. એ આત્મા જ ચારિત્ર છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા તો છે. આત્મા એટલે જ્ઞાન ને અતીન્દ્રિય આનંદની મૂર્તિ. શરીર, વાણી, મન, કર્મ તો પર. અંદર દયા, દાન, વ્રત,

કામ, ક્રોધના ભાવ થાય એ તો વિકાર. વિકાર વિનાની એ ચીજ નિર્વિકારી આનંદની પૂતળી છે આત્મા. અરેરે..! આત્મા કોણ એની ખબર ન મળે. સમજાણું કાંઈ? એવા આત્માનું પહેલું સમ્યગ્દર્શન થયું છે, સમ્યગ્જ્ઞાન અંતરનું થયું છે. હવે એ વ્યવહાર સમ્યગ્દર્શન આદિના કે વ્યવહાર જ્ઞાનના કે વિકલ્પ આદિ છોડીને સ્વરૂપમાં ઠરે છે. અતીન્દ્રિય આનંદની લહેજતમાં મોજ માણે છે, તૃપ્ત થાય છે. એવા પુરુષને નિશ્ચય ચારિત્ર (હોય છે). એ પુરુષ જ ચારિત્ર છે એમ કહે છે. એ આત્મા જ ચારિત્ર છે એમ કહે છે. અભેદ છે ને. સમજાણું? આ આત્માનું ચારિત્ર એમ નહિ પણ એ આત્મા જ ચારિત્ર છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ, જેણે આ જગતમાં કેવળજ્ઞાનથી છ દ્રવ્ય જોયા. એ છ દ્રવ્યમાં છએ દ્રવ્યનું સ્વરૂપ પહેલું બરાબર જેમ છે તેમ થતું જાણે અને એનું જ્ઞાન કરે, એની શ્રદ્ધા કરે. સમજાય છે? એ બધા દ્રવ્યો, ભગવાનઆત્મા-આ આત્મા વીતરાગ સ્વભાવથી અભેદ સ્વરૂપ પ્રભુ આત્માનું, એનાથી બધા દ્રવ્ય જુદા. સિદ્ધ ભગવાન હો કે અરિહંત હો કે તીર્થંકર (હો), એ પણ આ દ્રવ્યથી જુદા. એનું બધાનું સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા અને આત્મા પણ એનાથી જુદો એવી એનું જ્ઞાન ને સાચી શ્રદ્ધા. એવા વિકલ્પવાળી શ્રદ્ધાને, જ્ઞાનને, વ્યવહાર જ્ઞાનને, વ્યવહાર શ્રદ્ધા કહે છે. (એ) પુણ્યબંધનું કારણ (છે). સમજાણું કાંઈ? એનાથી નીકળીને વિકલ્પથી, રાગથી, શુભઉપયોગથી છૂટીને અંતર ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ, એનું જ્ઞાન સ્વસંવેદન, એની પ્રતીતિ નિર્વિકલ્પ, એની રમણતા આનંદમાં તૃપ્ત તૃપ્ત થવું એનું નામ ચારિત્ર. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થઈ તે પુરુષ જ ચારિત્ર છે, એમ કહે છે. ભારે વાત છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તૃપ્તિ. છઠ્ઠા ગુણસ્થાનની તૃપ્તિ એ એની એ પ્રકારની તૃપ્તિ. ચોથે તૃપ્તિ હોય થોડી, પાંચમે એથી વધારે, છઠ્ઠે એથી ઊંચી. સિદ્ધ ને અનંત ગુણી તૃપ્તિ પૂરી. સમજાણું કાંઈ? અહીં ચારિત્ર પૂરતીની તૃપ્તિ લેવી છે ને. સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા થતાં, ધર્મની પહેલી દશા થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ થોડો હોય છે. શ્રદ્ધા, જ્ઞાનમાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ થોડો હોય છે. પાંચમે ગુણસ્થાને જ્યારે શ્રાવક થાય છે, સાચો શ્રાવક, હોં! આ વાડાની વાત નથી. ત્યારે એને અતીન્દ્રિય આનંદનો અંશ વિશેષ વધે છે, શાંતિ વધે છે. વિકલ્પ ભાવ આદિ છે. અને છઠ્ઠે જાય છે ત્યારે ચારિત્ર ને સાતમે જાય ત્યારે ચારિત્ર વિશેષ તૃપ્ત તૃપ્ત થઈ જાય. ઘણી શાંતિ ને ઘણો આનંદ થાય છે. એની આ વાત અત્યારે ચાલે છે. સમજાણું કાંઈ?

એક બાજુ જ્યારે વાત ચાલે ત્યારે એમ લેવાય કે, સમ્યગ્દૃષ્ટિ નરકમાં પડ્યો છતાં બાહ્ય નરક કૃત દુઃખ ભોગત, અંતર સુખમાં ગટાગટી. એ સમ્યગ્દૃષ્ટિ નરકમાં હોય, નારકીમાં અત્યારે 'શ્રેણિકરાજા' નરકમાં છે. પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. તોપણ એને આનંદની મુખ્યતા લઈને કહે છે કે, આનંદમાં ગટાગટી છે, અંશે.

એક બાજુ મુનિ છે એ આત્માનું ધ્યાન ને આવું ચારિત્ર કરે છે, એને જરી રાગ રહી જાય છે અને મરીને સ્વર્ગમાં જાય છે ત્યારે ત્યાં ક્લેશ ભોગવે છે. એ રાગની પ્રધાનતાના કથનની વાત છે. આહાહા..! કઈ અપેક્ષાએ વાત છે એ સમજવું જોઈએ ને. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

એ રસ્તામાં કહ્યું હતું આજ કે, જુઓ! ભાઈ! શાસ્ત્રની શૈલી, કથની જુઓ. એક તો સમ્યગ્દૃષ્ટિ બાહ્યકૃત ભોગત દુઃખ અંદર સુખમાં ગટાગટી. એક કોર છઠ્ઠે ગુણસ્થાને આવું ચારિત્ર, હોં! ભાનવાળા ચારિત્રથી તે અંદરમાં તૃપ્ત. એને જરી હજી રાગ રહી ગયો છે. પુણ્યનો બંધ થઈ ગયો છે, સ્વર્ગમાં જાય છે. ત્યાં એ સ્વર્ગમાં એ રાગમાં ઈન્દ્રાણીના દુઃખમાં એ શેકાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છઠ્ઠાવાળા નથી, ચોથાવાળા છે. મારે તો અહીંયાં ઓલા નરકની સાથે મેળવવું હતું. નરકવાળાને સમ્યગ્દર્શનની અપેક્ષાએ સુખ કહ્યું અને એનો એ સમ્યગ્દૃષ્ટિ ભલે અહીં છઠ્ઠેથી ચોથે ગયો ત્યાં દેવલોકમાં પણ એને જેટલો રાગ ભાગ ઈન્દ્રાણીઓ અને અનુકૂળ સામગ્રી ઘણી છે, અહીં તો ધૂળ પણ નથી, આ અત્યારે તો બધા ભિખારા છે.

મુમુક્ષુ :- કરોડપતિ...

ઉત્તર :- કરોડપતિ ભિખારી. હવે કરોડપતોનો ક્યાં ગણતરો અત્યારે હતો. બધા રાજા ભિખારા છે ને. આ તો દેવ, જેની સામગ્રીનો પાર નહિ, એ પણ અંદરમાં પરલક્ષે રાગથી શેકાય છે, બળે છે. દુઃખી છે. 'શશીભાઈ'! કઈ અપેક્ષા લેવી (છે એ) સમજવી જોઈએ ને. સમ્યગ્દર્શનમાં આત્માનું જેટલું ભાન થઈને જેટલી શાંતિ પ્રગટી છે એટલી શાંતિ ને વેદન આનંદ તો નરકમાં પણ છે નારકીને. સમજાણું? અજ્ઞાની જે છે મિથ્યાદૃષ્ટિ, જેને પુણ્યમાં મીઠાશ છે, પાપમાં મીઠાશ છે, પર સામગ્રી મારી છે, એવી મિથ્યાદૃષ્ટિ છે એ તો એકલા કષાયથી બળીને સળગી રહ્યા છે. સમજાણું કાંઈ?

ત્રણ ભાગ પાડવા છે. લ્યો. એક, જે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, એની મીઠાશ ને દૃષ્ટિની ખબર નથી, એને પુણ્ય-પાપના વિકલ્પો વર્તે તેમાં મીઠાશ વર્તે છે અને આ બધું મારું ને હું એનો, એવો મિથ્યાત્વ ભાવ વર્તે છે. એ મિથ્યાદૃષ્ટિ ભલે રાજા હો કે, મોટો દેવ હોય, એકલા કષાયની અગ્નિથી શેકાયને બળે છે. બહારથી ભલે એમ માનતા કે, અમે સુખી છીએ, મૂઢપણે અંદર દુઃખી છે.

ધર્મનું સમ્યગ્દર્શન આત્મભાન થયું, આત્મભાન થયું કે, હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. દયા, દાનના વિકલ્પ ઉઠે એ પણ મારી ચીજ નહિ, મને લાભદાયક નહિ, મારો ભાવ નહિ. શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા ધૂળમાં, પરમાં. એવું જ્યાં અંતરમાં સમ્યક્ ભાન થયું એને પ્રતિકૂળ સામગ્રીનો પાર ન મળે નરકની અંદર, નરકમાં પડ્યા છે એને, છતાં એને સ્વરૂપના આનંદના અંશનો સ્વાદ છે એની મુખ્યતાથી એને એમ કહેવામાં આવ્યું કે, સુખને વેદે છે. બાકી ત્રણ કષાય જેટલા પડ્યા છે એટલું એને દુઃખ તો છે. ત્યારે સમ્યગ્દૃષ્ટિ કે મુનિ થઈને

આત્માના આનંદના વેદનમાં અંદર રહ્યો એને પણ જરી એક રાગનો કણ બાકી રહી ગયો ને પરમાત્મા દશા ન પ્રાપ્ત કરી એવા દયા, દાન, વ્રતના પરિણામના પુણ્યથી બંધન થઈ ગયું. સ્વરૂપના આનંદનું ભાન છે, રમણતા હતી પણ આટલો વિકલ્પ રહી ગયો. એના પુણ્ય બંધાણા એ ગયા સ્વર્ગમાં, એ સ્વર્ગમાં રાગના ફળરૂપે પુણ્યની સામગ્રીમાં એ કષાયથી શેકાય છે, બળે છે, અંગારાથી બળે છે ઈ. આહાહા..! અંતર આનંદ છે, હોં! સમ્યગ્દર્શન પૂરતો. સમજાણું કાંઈ?

આ તો વીતરાગના, જ્ઞાનના ગજ છે. દુનિયાના માપે આ માપ આવે એવું નથી. સાચી વાત છે? રાતે ક્યાં પાછી ખોટી થઈ જાય છે? કહો, સમજાણું આમાં? ઈ આજે ફરિયાદ લઈને આવ્યા હતા. શું છે પણ? ઘડીકમાં ફરી જાય છે. અંદર ખદબદાટ શુભાશુભ વિકલ્પ ને રાગની લાગણી. આ તો ઘણી અશુભની લાગણી એટલે મહા દુઃખ. પણ અહીં તો કહે છે કે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ એ પણ રાગનો મંદ ભાવ એ પણ કષાય છે. આહાહા..! બાપુ! ભગવાનઆત્મા તો અનાકુળ આનંદનો કંદ પ્રભુ પોતે છે. એની વિરુદ્ધના જેટલા વિકલ્પો પુણ્ય-પાપના ઉઠે એ બધા દુઃખરૂપ ને આકુળતા છે. ક્યાં ખબર છે એને. શું છે ને શું થાય છે. બેખબરો છે ને અનાદિનો. દુનિયામાં ભલે ડાહ્યા દુનિયા કહે, શાસ્ત્ર કહે છે કે, ઉન્માદ છે, ઉન્માદ.

રાતે નહોતું કહ્યું કાલે? પાગલ. 'સમાધિ શતક'માં તો (એમ કહ્યું), મુનિને પણ જેટલો રાગનો ઉદય ઉપદેશ દેવાનો આવે વિકલ્પ કહે છે કે, એટલો એ ઉન્માદ છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ આનંદ સ્વરૂપમાં વેદે છે, હોં! મહા ગણધર જેવા, પણ એ વિકલ્પ ઉઠે છે ને. શાસ્ત્ર રચવું. આહાહા..! કહે છે કે, એ વિકલ્પ છે એટલો રાગ છે એટલો ચારિત્રમોહનો ઉન્માદ છે. એય..!

એમાં જેને આ શરીર, વાણી, મન ને પૈસા મને ઠીક છે અને પ્રતિકૂળ એ મને ઠીક નહિ અને પુણ્ય-પાપના ભાવ એ મારા એવો જે મિથ્યાત્વભાવ, એના ઉન્માદનું શું કહેવું? એના ગાંડપણાનું શું કહેવું? એ તો ગાંડા, ઘેલા ઉન્માદમાં મચી પડ્યા છે, કહે છે. 'જુગરાજજી'! આ બધા પૈસાવાળા તમે દુઃખી? એમ અહીં કહે છે. પાંચ પાંચ લાખ, દસ દસ લાખ, વીસ વીસ લાખ, પચાસ લાખ બધા દુઃખી હશે? 'મણિભાઈ'! આહાહા..! ધૂળમાં હવે લાખ તો ધૂળ છે, એ તો પર છે. એમાં તને શું આવ્યું? મારા, મને મળ્યા એવો ભાવ એ વિકારી દુઃખદાયક આકુળતા ને અગ્નિ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઈ પ્રશ્ન ક્યાં કર્યો? વસ્તુથી ક્યાં મેં કહ્યું. વસ્તુ ન હોય ત્યારે મને નથી એવા વિકારના ભાવ એ એને આકુળતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ચીજ તો આકુળતાનું નિમિત્ત છે. આકુળતા તો ઉત્પન્ન પોતે કરે છે. થોડી લક્ષ્મી હોય એને આકુળતા ઘણી હોય, ઘણી લક્ષ્મી હોય અને આકુળતા અલ્પ હોય કે થોડી હોય. એ કાંઈ લક્ષ્મીની સંખ્યા ઉપર આકુળતાનું માપ નથી. આહાહા..! કેમ હશે? 'કામદાર'! આહાહા..!

અહીં તો ભગવાન કહે છે, પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ, ભાઈ! કહે છે કે, આ આત્મા જેટલું સમ્યક્ સ્વનું જ્ઞાન અને સ્વનું સમ્યગ્દર્શન કરે એટલો એને સત્ય ને મોક્ષનો માર્ગ. એમાં જેટલો વ્યવહાર જ્ઞાન સ્વ-પરનું ને છ દ્રવ્યનું રહે ને વ્યવહાર શ્રદ્ધા રહે એટલો શુભભાવ. એ પરંપરા એટલે કે એને છોડીને મોક્ષ થશે. એ પોતે મોક્ષનું ખરું કારણ નથી. પછી સ્વરૂપમાં રમે છે ચારિત્રમાં, એ અંતરમાં આનંદમાં રમે તેનું નામ ચારિત્ર, એ ખાસ મોક્ષનું કારણ. વચમાં એ પંચમહાવ્રતના પરિણામ આદિ રહ્યા એ પણ રાગ ભાગ છે, એ પુણ્યબંધન છે. એનાથી સ્વર્ગ મળશે એ સ્વર્ગમાં એ પુણ્યના ફળમાં રાગના ભાગથી દેવલોકમાં ક્લેશ પામતા એને અનુભવશે. આહાહા..! સમજાણું કાંઈ? 'સોભાગમલજી'! સમજાણું આમાં?

'**અભેદ નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તિષ્ઠે હૈ, વહ પરમ આનંદ અતીન્દ્રિય સુખરસકે આસ્વાદસે...**' દેખો! સમજાણું? ૩૦, ૩૦ છે ને? '**निजशुद्धात्मस्वरूपे परमानन्द-सुखरसास्वादतृप्तो भूत्वा**' ઓહો..! સંતની દશા એને કહીએ કે જેને બાહ્યમાં તો નગ્ન દશા વર્તતી હોય છે. અંતરમાં અતીન્દ્રિય આનંદના તૃપ્તના ઉછાળા મારતો હોય છે. એકલા અતીન્દ્રિય આનંદનો દરિયો ભર્યો ભગવાનઆત્મા, એની રમતમાં, એના આનંદમાં તૃપ્ત... તૃપ્ત... તૃપ્ત... તૃપ્ત... અતીન્દ્રિય આનંદમાં છે. એને ચારિત્રવંત અથવા એ ચારિત્ર પુરુષ જ અભેદનયે ચારિત્ર છે. સમજાણું કાંઈ?

એ ચારિત્ર નિશ્ચય સમ્યગ્દર્શન ને નિશ્ચય સમ્યગ્જ્ઞાન વિના હોય નહિ અને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એકલું હોય ત્યાં પણ ચારિત્ર આવું હોય નહિ. નિશ્ચય આત્મભાન સહિત, દર્શન સહિતની સ્થિરતાની આનંદની રમણતા, એને ત્રિલોકનાથ પરમેશ્વર ચારિત્ર કહે છે. એ ચારિત્રવંત તે મુક્તિના માર્ગે ચડેલો છે. આહાહા..! એમ તે મુક્તિના માર્ગમાં દુઃખ નથી એમ કહે છે. ચારિત્રવંત અરે..! દુઃખી કેટલું સહન કરવું પડે ને કેટલું આ ને રાજાના કુંવર મુનિ તો આત્માના આનંદમાં મુનિપણાને એટલા, ના ના. કહે છે. તું ચારિત્રને સમજતો જ નથી. ચારિત્ર એ દુઃખદાયક નથી, દુઃખની દાતા નથી. દુઃખ થાય એને ચારિત્ર કહેતા નથી. એ તો આર્તધ્યાન છે. આહાહા..!

ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદની છોળ ઉઠે અંદરથી. આમ થઈને નિર્વિકલ્પ આનંદમાં, રમતમાં, મોજમાં પડ્યો હોય છે. એને આનંદ છે, એને ચારિત્ર કહીએ. સમજાણું કાંઈ? હજી તો ચારિત્રની ખબર નથી કોને કહેવું. સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબરું ન મળે અને અમે ધર્મ કરીએ છીએ. કોણ ના પાડે? ગાંડો કહે કે, અમે હંમેશા પાંચ પાંચ લાખ રળીયે છીએ. લીંબોળી ભેગી કરી હોય ને. સમજાણું આમાં?

અહીં તો આચાર્ય કહે છે, અભેદનયે નિશ્ચય ચારિત્ર ભવતિ. એ પોતે ચારિત્ર છે, આત્મા ચારિત્ર છે, એમ કહે છે. ભગવાનઆત્મા પોતાના સ્વરૂપના અતીન્દ્રિય નિરાકુળ આનંદમાં પરિણામી ગયો છે, એમાં પડ્યો છે, એ પુરુષ જ પોતે ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ ૩૦ ગાથા થઈ. એ પ્રમાણે બધી વ્યાખ્યા થઈ ગઈ લ્યો ને બધી. '**ઈસપ્રકાર ઉન્નીસ દોહોંકા સ્થલ પૂરા હુઆ.**' ઓગણીશ દોહા કીધા એમાં પહેલા.

अथानन्तरमभेदरत्नत्रयव्याख्यानमुख्यत्वेन सूत्राष्टकं कथ्यते, तत्रादौ तावत् रत्नत्रयभक्तभव्यजीवस्य लक्षणं प्रतिपादयति –

१५७) जो भत्तउ रयण–त्तयहँ तसु मुणि लक्खणु एउ।
अप्पा मिल्लिवि गुण–णिलउ तासु वि अण्णु ण झेउ।।३१।।

यः भक्तः रत्नत्रयस्य तस्य मन्यस्व लक्षणं एतत्।
आत्मानं मुक्त्वा गुणनिलयं तस्यापि अन्यत् न ध्येयम्।।३१।।

जो इत्यादि। जो यः भत्तउ भक्तः। कस्य। रणयत्तयहँ रत्नत्रयसंयुक्तस्य तसु तस्य जीवस्य मुणि मन्यस्व जानीहि हे प्रभाकरभट्ट। किं जानीहि। लक्खणु लक्षणं एउ इदमग्रे वक्ष्यमाणम्। इदं किम्। अप्पा मिल्लिवि आत्मानं मुक्त्वा। किं विशिष्टम्। गुणणिलउ गुणनिलयं गुणगृहं तासु वि तस्यैव जीवस्य अण्णु ण झेउ निश्चयेनान्यद्बहिर्द्रव्यं ध्येयं न भवतीति। तथाहि। व्यवहारेण वीतरागसर्वज्ञप्रणीतशुद्धात्मतत्त्वप्रभृतिषड्द्रव्यपञ्चास्तिकायसप्ततत्त्वपदार्थविषये सम्यक्श्रद्धानज्ञानाहिंसादिव्रतशीलपरिपालनरूपस्य भेदरत्नत्रयस्य निश्चयेन वीतरागसदानन्दैकरूपसुखसुधारसास्वादपरिणतनिजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपस्याभेदरत्नत्रयस्य च योऽसौ भक्तस्तस्येदं लक्षणं जानीहि। इदं किम्। यद्यपि व्यवहारेण सविकल्पावस्थायां चित्तस्थितिकरणार्थं देवेन्द्रचक्रवर्त्यादि विभूतिविशेषकारणं परंपरया शुद्धात्माप्राप्तिहेतुभूतं पञ्चपरमेष्ठिरूपस्तववस्तुस्तवगुणस्तवादिकं वचनेन स्तुत्यं भवति मनसा च तदक्षररूपादिकं प्राथमिकानां ध्येयं भवति, तथापि पूर्वोक्तनिश्चयरत्नत्रयपरिणतिकाले केवलज्ञानाद्यनन्तगुणपरिणतः स्वशुद्धात्मैव ध्येय इति। अत्रेदं तात्पर्यम्। योऽसावन्तज्ञानादिगुणः शुद्धात्मा ध्येयो भणितः स एव निश्चयेनोपादेय इति।।३१।।

---

आगे अभेदरत्नत्रयके व्याख्यानकी मुख्यतासे आठ दोहा–सूत्र कहते हैं, उनमेंसे पहले रत्नत्रयके भक्त भव्यजीवके लक्षण कहते हैं –

**गाथा – ३१**

अन्वयार्थ :– [ यः ] जो जीव [ रत्नत्रयस्य भक्तः ] रत्नत्रयका भक्त है [ तस्य ] उसका [ इदं लक्षणं ] यह लक्षण [ मन्यस्व ] जानना, हे प्रभाकरभट्ट; रत्नत्रय धारकके ये लक्षण हैं। [ गुणनिलयं ] गुणोंके समूह [ आत्मानं मुक्त्वा ] आत्माको छोड़कर [ तस्यापि अन्यत् ] आत्मासे अन्य बाह्य द्रव्यको [ न ध्येयम् ] न ध्यावे, निश्चयनयसे एक आत्मा ही ध्यावने योग्य है, अन्य नहीं।

भावार्थ :– व्यवहारनयकर वीतराग सर्वज्ञके कहे हुए शुद्धात्मतत्त्व आदि छह द्रव्य, सात तत्त्व, नौ पदार्थ, पंच अस्तिकायका श्रद्धान जानने योग्य है, और हिंसादि, पाप, त्याग करने

योग्य हैं, व्रत, शीलादि पालने योग्य हैं, ये लक्षण व्यवहाररत्नत्रयके हैं, सो व्यवहारका नाम भेद हैं, वह भेदरत्नत्रय आराधने योग्य है, उसके प्रभावसे निश्चयरत्नत्रयकी प्राप्ति है। वीतराग सदा आनंदरूप जो निज शुद्धात्मा आत्मीक सुखरूप सुधारसके आस्वाद कर परिणत हुआ उसका सम्यक् श्रद्धान ज्ञान आचरणरूप अभेदरत्नत्रय है, उसका जो भक्त (आराधक) उसके ये लक्षण हैं, यह जानो। वे कौनसे लक्षण हैं – यद्यपि व्यवहारनयकर सविकल्प अवस्थामें चित्तके स्थिर करनेके लिये पंचपरमेष्ठीका स्तवन करता है, जो पंचपरमेष्ठीका स्तवन देवेन्द्र चक्रवर्ती आदि विभूतिका कारण है, और परम्पराय शुद्ध आत्मतत्त्वकी प्राप्तिका कारण है, सो प्रथम अवस्थामें भव्यजीवोंको पंचपरमेष्ठी ध्यावने योग्य हैं, उनके आत्माका स्तवन, गुणोंकी स्तुति, वचनसे उनकी अनेक तरहकी स्तुति करनी, और मनसे उनके नामके अक्षर तथा उनका रूपादिक ध्यावने योग्य हैं, तो भी पूर्वोक्त निश्चयरत्नत्रयकी प्राप्तिके समय केवलज्ञानादि अनंतगुणरूप परिणत जो निज शुद्धात्मा वही आराधने योग्य है, अन्य नहीं। तात्पर्य यह है कि ध्यान करने योग्य या तो निज आत्मा है, या पंचपरमेष्ठी हैं, अन्य नहीं, प्रथम अवस्थामें तो पंचपरमेष्ठीका ध्यान करना योग्य है, और निर्विकल्पदशामें निजस्वरूप ही ध्यावने योग्य है, निजरूप ही उपादेय हैं।।३१।।

---

ત્યાર પછી અભેદ રત્નત્રયના વ્યાખ્યાનની મુખ્યતાથી આઠ સૂત્રો કહે છે, તેમાં પ્રથમ તો રત્નત્રયના ભક્ત ભવ્ય જીવનું લક્ષણ કહે છે :---

ભાવાર્થ :- વ્યવહારનયથી વીતરાગ સર્વજ્ઞપ્રણીત શુદ્ધાત્મતત્ત્વાદિ, છ દ્રવ્ય પંચાસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને અહિંસાદિ વ્રત, શીલના પરિપાલનરૂપ ભેદરત્નત્રયનો અને નિશ્ચયનયથી વીતરાગ સદા-આનંદ જેનું એક રૂપ છે એવા સુખસુધારસના આસ્વાદથી પરિણત નિજશુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુચરણરૂપ અભેદરત્નત્રયનો જે ભક્ત છે તેનું આ લક્ષણ જાણો. આ ક્યું? જોકે વ્યવહારનયથી સવિકલ્પ અવસ્થામાં ચિત્તને સ્થિર કરવા માટે દેવેન્દ્ર ચક્રવર્તી આદિ વિભૂતિનું વિશેષ કારણ, પરંપરાએ શુદ્ધ આત્માની પ્રાપ્તિના હેતુભૂત એવાં, પંચપરમેષ્ઠીના રૂપનું સ્તવન, વસ્તુસ્તવન, ગુણસ્તવનાદિક વચનથી સ્તવવા યોગ્ય છે અને પ્રાથમિકોને મનથી તેના અક્ષરરૂપાદિક ધ્યાવવા યોગ્ય છે તોપણ, પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયની પરિણતિના કાળે કેવળજ્ઞાનાદિ અનંતગુણપરિણત સ્વશુદ્ધાત્મા જ ધ્યાવવા યોગ્ય છે.

અહીં, એ તાત્પર્ય છે કે અનંતગુણવાળો જે શુદ્ધાત્મા ધ્યાવવા યોગ્ય કહ્યો છે તે જ નિશ્ચયથી ઉપાદેય છે. ૩૧.

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

**'આગે અભેદરત્નત્રયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહા-સૂત્ર કહતે હૈં, ઉનમેંસે પહલે રત્નત્રયકે ભક્ત ભવ્યજીવકે લક્ષણ કરતે હૈં -'**

**१५७) जो भत्तउ रयण-त्तयहँ तसु मुणि लक्खणु एउ।**
**अप्पा मिल्लिवि गुण-णितउ तासु वि अण्णु ण झेउ।।३१।।**

**અન્વયાર્થ :-** '**જો જીવ...**' હવે ઉત્કૃષ્ટ ઊંચી વાત છે. મુનિની વાત છે. ભાવલિંગી સંત મુનિ કેવા હોય છે? એ રત્નત્રયના ભગત છે. ભગવાનના ભગત નહિ, ભગવાનના ભગત તો હજી વિકલ્પ કહેવાય છે. એનું સ્વરૂપ જાણવું તો જોશે ને. કે, રત્નત્રયરૂપ ચારિત્ર અને એના ભક્ત કેવા હોય. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, '**જો જીવ રત્નત્રયકા ભક્ત હૈ...**' એ જીવનું લક્ષણ કહીએ છીએ. '**ઉસકા યહ લક્ષણ જાનના, હે પ્રભાકરભટ્ટ; રત્નત્રય ધારકકે યે લક્ષણ હૈં. ગુણોંકે સમૂહ આત્માકો છોડકર...**' લ્યો! ભગવાનઆત્મા અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય અનંત શાંતિ આદિ એવા અનંત ગુણનો પિંડ આત્મા છે, એને છોડીને '**આત્માકો છોડકર આત્માસે અન્ય બાહ્ય દ્રવ્યકો ન ધ્યાવે,...**' એના અંતરના આત્માના ધ્યાન આનંદ આગળ બીજું દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ ધ્યાન એને હોતું નથી. સમજાણું કાંઈ?

ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદની શીતળ પાટ આત્મા છે. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદ ને શીતળ અકષાય સ્વભાવથી ભરેલો આત્મા અત્યારે (છે), એમાં અંતરની દૃષ્ટિ, જ્ઞાન કરીને એમાં ઠરે છે. કહે છે કે, એવા આત્મા પોતાના ગુણના ભાન ને શ્રદ્ધા ને રમણતા છોડીને. '**આત્માસે અન્ય બાહ્ય દ્રવ્યકો...**' અહીં શું કહેવું છે કે, સ્વદ્રવ્યના ગુણોને આશ્રયે પડેલો છે તેને રત્નત્રયનો ભગત કહે છે. પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનો વિકલ્પ છે એ રાગ છે, એમાં એનું ધ્યેય હોતું નથી.

'પરમાત્મપ્રકાશ' છે ને. પરમાત્મા તરત પ્રાપ્ત કોને થાય? જેને અંતરમાં અભેદ રત્નત્રયની પ્રાપ્તિ છે તેને પરમાત્મા તરત પ્રાપ્ત થાય. ભગવાનઆત્મા, એકલું જ્ઞાનનું જેનું (તેજ), પ્રકાશની મૂર્તિ, આનંદનો કંદ, શાંતના રસની પૂતળી, એવા એવા અનંત ગુણનું રૂપ ભગવાનઆત્માનું છે. એવા ગુણોના ધ્યાન આગળ બીજા દ્રવ્યોનું ધ્યાન એને હોતું નથી, એમ કહે છે. પરદ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર, પ્રતિમા કે દેવાલય કે સમ્મેદશિખર આદિનું ધ્યાન એ શુભ વિકલ્પ છે. પરદ્રવ્ય તરફનું લક્ષ જાય છે એ બધો શુભરાગ છે, પુણ્ય છે. સમજાણું કાંઈ? રત્નત્રયનો ભગત એ ભગત લીધો અહીંયાં. આહાહા..! 'જનની જણ તો ભક્તજન' આવે છે ને? 'કાં દાતા કાં સૂર, નહિતર રહેજે વાંઝણી પણ મત ગુમાવીશ નૂર' તારા જુવાનીના નુર ન ગુમાવીશ. ભક્ત-રત્નત્રયનો ભગત હોય એને જન્મ આપજે. એવો થાય એ. એ લોકો લૌકિક પણ વાત કરે છે કે નહિ? એ પણ કોણ ભગત? ભગવાન ભગવાન

ભજે એમ નહિ, ભગવાન ભગવાન ભજે એ તો શુભ રાગ વિકલ્પ પુણ્યને ભજે છે. ઓહોહો..!

તેથી આચાર્ય કહે છે, એ આત્માના ગુણનો નિલય દેખો! ગુણનો નિલય છે ને? એકલો ભંડાર-નિલય, એકલી ખાણ. આત્મા તો અનંત ગુણની ખાણ છે. જેમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે, અતીન્દ્રિય કેવળજ્ઞાન પ્રગટ થાય, અતીન્દ્રિય દર્શન પ્રગટ થાય, અનંત બળ વીર્ય જે છે એ અંદરમાંથી પ્રગટ થાય. એવા અનંત ગુણની ખાણ આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. આહાહા..! સમજાણું? 'પાંચ કોડીને ફુલડે...' એવું આવે છે? 'કુમારપાળ' પૂજા કરી... શું થયું પણ એમાં? લોકોને એવે રસ્તે ચડાવી દીધા બિચારાને. પાંચ કોડીના ફુલડે ચડાવ્યું તો આ દેવ થયા. ધૂળ થયું એમાં શું થયું પણ હવે? એમાં આત્માને શું? સમજાણું કાંઈ?

અહીં તો ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતા ગુણનું ઘર છે. નિલય એટલે શું? એય..! સ્થાન. નિલય-સ્થાન. આનંદનું સ્થાન એ તું છો, જ્ઞાનનું સ્થાન તું છો, શાંતિનું સ્થાન અંદરમાં તું છો. જેટલા અનંત આનંદ આદિ ગુણો કહેવાય એનું સ્થાન એ આત્મા છે અંદરમાં. એ બીજે ક્યાંયથી મળે એવા નથી. બીજા આત્મામાંથી મળે એવા નથી. તારામાં બધા ભરેલા છે. આહાહા..!

શિષ્યને ગુરુ કહે છે, હે પ્રભાકર! છે ને? રત્નત્રયને છોડીને, એ રત્નત્રયના લક્ષણ એ કે આત્માને છોડીને જે સ્વદ્રવ્ય ભગવાનઆત્મા એનું અંદર નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન ને રમણતા. સ્વદ્રવ્ય **'આત્માસે અન્ય બાહ્ય દ્રવ્યકો ન ધ્યાવે,...'** બીજા દ્રવ્યને લક્ષમાં ન લે. સ્વદ્રવ્યને લક્ષ દૃષ્ટિ કરીને ઠરે એ રત્નત્રયનો ભગત, આત્માનો એ ભગત છે. ઓહોહો..! સમજાણું કાંઈ? કે દિ' પણ સાંભળ્યું છે કે દિ'? માન્યું છે કે દિ'? બહાર ને બહાર આ ધૂળ ઢગલા ને પુણ્ય-પાપના પરિણામ. એમાં પચ્યો છે આખો દિ', અનંતકાળથી. 'મોહનભાઈ'! આહાહા..! અનાદિકાળથી ત્યાગી અનંત વાર થયો પણ એ પુણ્ય ને પાપના વિકલ્પ, પુણ્યના વિકલ્પમાં પચ્યો રહ્યો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના શુભરાગ એ પણ રાગ વિકલ્પ કષાય છે એમાં પચ્યો. પણ એના વિનાની ચીજ કોણ છે એ શ્રદ્ધામાં લીધી નહિ. આહાહા..! અનંત વાર સાધુ થયો. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રૈવેયક ઉપજાયૌ; પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.' અનંત વાર મુંડાવ્યું એણે, હજાર વાર રાણીઓ છોડીને બાવો સાધુ જૈનનો થયો, શું થયું પણ એમાં? રખડવાના રસ્તા પાછા વધાર્યા. વસ્તુની ખબર ન મળે. અખંડાનંદ પ્રભુ ચિદાનંદની મૂર્તિ છું હું. એની દૃષ્ટિ ન મળે ને બીજામાં પ્રેમ છૂટ્યો નહિ, પુણ્યના, પાપના પરિણામનો પ્રેમ છૂટ્યો નહિ. સમજાણું કાંઈ? જે છોડવું (જોઈએ) એ છોડ્યું નહિ. બહારના બાયડી, છોકરા તો છૂટા જ પડ્યા છે, કે દિ' ગરી (ઘૂસી) ગયા હતા આત્મામાં? સમજાણું કાંઈ? બાપુ! માર્ગ તો વીતરાગના બીજી જાતના છે.

મુમુક્ષુ :- પ્રયત્ન તો ઘણો કર્યો.

ઉત્તર :- પ્રયત્ન ઊંધો કર્યો. ઘણો કર્યો ક્યાં કીધું? સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ કર્યા ને આનું આ કર્યું ને મેં આ ગ્રહણ કર્યું ને, એ તો બાહ્ય ગ્રહણ ત્યાગનો વિકલ્પ રાગ છે. રાગ છે એમાં એ પ્રયત્ન શું કર્યો એણે? ભગવાનઆત્મા વિકલ્પ વિનાની ચીજ અંદર અખંડાનંદ અનંત ગુણનો પિંડ છે, એનો તો અનુભવ દૃષ્ટિમાં લીધો નહિ. કાંઈ કર્યું નથી. ઊંધો પુરુષાર્થ કર્યો હતો, હેતુ ઊંધો હતો. ભાન ન મળે. પોતાનો હેતુ લક્ષ શું છે એની તો ખબર ન મળે. હવે હેતુ કોને કહેવો? ભલે માને કે અમે મોક્ષને માટે કરીએ (છીએ), પણ હેતુ તો રાગનો છે એકલો. સમજાણું કાંઈ ? આ તો અજર પ્યાલાની વાતું છે, ભાઈ!

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહે છે, એ મુનિઓ કહે છે. હે આત્મા! રત્નત્રયના ભગતના લક્ષણ એવા છે કે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધરનારના લક્ષણ એવા છે કે, જેમાં સ્વદ્રવ્યના ગુણને છોડીને પરગુણને ધ્યાવતો નથી. આહાહા..! જેના સ્વદ્રવ્યમાં અનંતા ગુણોના લક્ષને છોડીને બીજા અનંતા દ્રવ્યો ગમે તે સિદ્ધ અનંત કે પરમેશ્વર હોય એ પરદ્રવ્યને લક્ષમાં, ધ્યાનમાં લેતો નથી. આહાહા..! એ આવી જાય એવા, પણ એને વિકલ્પ કહેવાય છે, શુભરાગ છે. અરે..! ભગવાન! ઈ વાત કરશે. ઠરે નહિ જ્યાં સુધી તો રાગ આવે, વિકલ્પ આવે પણ એ કાંઈ નિશ્ચય રત્નત્રયનું સ્વરૂપ નથી. એ મોક્ષના ખરા માર્ગનું સ્વરૂપ નથી. જેટલો પરદ્રવ્યના આશ્રયે વિકલ્પ ઊઠે છે એટલું બધું પુણ્યબંધનનું કારણ છે. આ માર્ગ. માર્ગની ખબરું ન મળે. જાય દોડી મૂંઠીઓ વાળીને આથમણું ને જાવું હોય ઉગમણું. એ પુરુષાર્થ કહેવાય? ઊંધો કહેવાય, અરે..! એને ઊંધા-સવળાની પણ ખબરું ન મળે. એમ ને એમ આંધળી દોડે મૂઢપણે અનંતકાળ ગાળ્યો. સમજાણું કાંઈ?

‘**નિશ્ચયનયસે એક આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ, અન્ય નહીં.**’ નિશ્ચય રત્નત્રયનો ધરનાર તો ભગવાનઆત્માના જ ધ્યાનને લઈને ઠરે છે. હવે જરી વ્યવહાર સ્થાપે છે. ‘**વ્યવહારનયકર વીતરાગ સર્વજ્ઞકે કહે હુએ...**’ પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્માએ, ‘**કહે હુએ શુદ્ધાત્મતત્ત્વ આદિ છહ દ્રવ્ય,...**’ દેખો! શુદ્ધાત્મા આદિ છ દ્રવ્ય. એનું બધાનું ભેગું જ્ઞાન એ વ્યવહાર એમ કહેવું છે. સમજાણું? ‘**છહ દ્રવ્ય, સાત તત્ત્વ, નૌ પદાર્થ, પંચ અસ્તિકાયકા શ્રદ્ધાન જાનને યોગ્ય હૈ,...**’ શ્રદ્ધાન ને જ્ઞાન કરવા લાયક છે. વ્યવહારે કરવા લાયક છે. ભગવાન પરમેશ્વરે જોયેલા છ દ્રવ્યો. એના ભાગ પાડીએ તો સાત પદાર્થ, તત્ત્વ, એના ભાગ પાડીએ તો પુણ્ય-પાપ આદિ મળીને નવ પદાર્થ અને પાંચ અસ્તિકાય. કાળ છે એ અસ્તિ છે, કાય નથી. પાંચ દ્રવ્યો અસ્તિકાય છે. એનું ‘**શ્રદ્ધાન જાનને યોગ્ય હૈ,...**’

‘**ઔર હિંસાદિ, પાપ, ત્યાગ કરને યોગ્ય હૈં, વ્રત, શીલાદિ પાલને યોગ્ય હૈં,...**’ શુભ રાગ. વ્યવહાર, વ્યવહાર. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય ચારિત્રની અંદર આવા પરિણામ એને વિકલ્પરૂપે હોય છે. ‘**યે લક્ષણ વ્યવહારરત્નત્રયકે હૈં,...**’ આત્મા શુદ્ધ છે એના સહિત છ દ્રવ્યનું વિકલ્પવાળું જ્ઞાન, સાત તત્ત્વની શ્રદ્ધાનું જ્ઞાન ને શ્રદ્ધા, નવ પદાર્થનું જ્ઞાન ને શ્રદ્ધા, પંચાસ્તિકાયની શ્રદ્ધા ને જ્ઞાન અને હિંસા, જૂઠનો ત્યાગ, વ્રત,

શીલાદિનું પાળવું શુભભાવ, એ બધું લક્ષણ વ્યવહાર રત્નત્રયનું છે. એ વ્યવહાર રત્નત્રય એટલે શુભભાવનું એ લક્ષણ છે. એ પરમાર્થે ધર્મનું લક્ષણ નથી. શું કહો છો? શું કીધું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ પછી પછી સાંભળો તો ખરા હજી આવ્યા વિના. મોઢા આગળ ક્યાં હાલ્યા ગયા. પ્રભાવ, પ્રભાવ નથી. ભેદ રત્નત્રયથી અજ્ઞાત છે, એટલો જ પાઠ છે. ભેદ રત્નત્રય ... એનો અર્થ પ્રભાવ શેનો તમે લઈને મૂકો અંદરથી. એ શબ્દ પણ નથી ટીકામાં. અહીંયાં તો '**भेदरत्नत्रयस्य निश्चयेन वीतरागसदानन्दैकरूप**' છે ને? ભાઈ!

અહીં તો એમ બતાવવું છે, ભાઈ! ધીરો થા. તારી .. કરવામાં કઠણ પડે. એને કોઈ રીતે ઓલા વ્યવહારથી નિશ્ચય થાય (એમ સિદ્ધ કરવું છે). વ્યવહાર તો શુભરાગ છે. રાગનો અભાવ કરીને ઠરે ત્યારે નિશ્ચય થાય છે. આહાહા..! પરદ્રવ્ય આશ્રયે જેટલો વિકલ્પ (ઉઠે), તે નિર્વિકલ્પ સ્વદ્રવ્યના આશ્રયમાં જતાં તેના વિકલ્પનો અભાવ થાય છે. એને એમ કહેવામાં આવે કે, આ વ્યવહાર હતો તો આ નિશ્ચય થયો એમ કહેવામાં આવે. નિમિત્ત તરીકે.

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ ઈ ક્યાં એને છે? એ તો '**ઉસકે પ્રભાવસે...**' '**ભેદરત્નત્રય આરાધને યોગ્ય હે, ઉસકે પ્રભાવસે...**' કહ્યું છે. ભેદરત્નત્રય બધું ત્રણેનું ભેગું નાખ્યું છે. છ દ્રવ્યનું જ્ઞાન, છ દ્રવ્યની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ આદિ શુભભાવ. એ ત્રણને રત્નત્રય, વ્યવહાર રત્નત્રય કહ્યા. એટલે કે જે શુભ વિકલ્પ ને પુણ્યભાવ છે.

મુમુક્ષુ :- અહીં તો સીધું ગુરુના પ્રભાવથી નિશ્ચય રત્નત્રય થાય. હિન્દીમાં..

ઉત્તર :- ક્યાં છે હિન્દી? ક્યાં છે પણ આમાં? હજી તો આવ્યું નથી ત્યાં? આવે ત્યારે તો (સ્પષ્ટીકરણ) થવા દ્યો એના. એના અર્થ કરતા ન આવડે એને. અહીં તો હજી એક વાત ચાલે છે (કે) વ્યવહાર કોને કહેવો.

**'સો વ્યવહારકા નામ ભેદ હૈં, વહ ભેદરત્નત્રય આરાધને યોગ્ય (વ્યવહારે) હૈ,...'** વિકલ્પ આવે એટલો અશુભ ટાળવા માટે એવી ભૂમિકા હોય છે, એમ કહે છે. એનો પ્રભાવ શબ્દ નથી શાસ્ત્રમાં. એ છે ને નિશ્ચય રત્નત્રયની પ્રાપ્તિ છે. એમ. આવો એક વિકલ્પાત્મક ભાવ છે શુભ રાગમય એને વ્યવહાર કહે છે. ભગવાન સ્વદ્રવ્યને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા થાય તેને નિશ્ચય કહે છે. બસ, આ બે વાત એકસાથે છે. સમજાણું કાંઈ? એ એકસાથે પણ છે. આમ નિશ્ચય વર્તે છે, અહીં વિકલ્પ છે. ઠરે ત્યારે વિકલ્પ છોડીને અંદર ઠરે છે. બાપુ! માર્ગ તો કેવા છે? અલૌકિક માર્ગ છે. એણે માર્ગ સાંભળ્યા નથી, સાંભળ્યા નથી અને સાંભળ્યા હોય તો એણે વિચારમાં લીધા નથી. ત્યારે સાંભળ્યા કહેવાય ને. એમ ને એમ અનંત વાર શાસ્ત્ર સાંભળ્યા, ગોખી નાખ્યા ને ભણ્યો, ગણ્યો એમાં થોથા વળ્યા. કાંઈ વળ્યું નહિ એમાં. સમજાણું કાંઈ?

અહો..! અહીં તો સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય આશ્રયની બે વાત છે. બસ. એટલી વાત છે. '**अप्पा मिल्लिवि गुण–णिलउ तासु वि अण्णु ण झेउ**' બીજું ધ્યાનમાં હોય નહિ. છતાં વ્યવહાર

સમજાવ્યો. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો સાચા શુદ્ધાત્મ સહિત છ દ્રવ્યની સાચી શ્રદ્ધા, જ્ઞાન, સાત તત્ત્વ ને નવ પદાર્થનું જ્ઞાન, પાંચ અસ્તિકાયનું જ્ઞાન અને હિંસા આદિના પરિણામનો ત્યાગ, વ્રતાદિના શુભપરિણામ શીલ આદિનો ભાવ, એ લક્ષણ વ્યવહાર રત્નત્રય એટલે શુભ પુણ્યના ભાવ છે. એનું નામ ભેદરત્નત્રય. ભેદ કહો, વ્યવહાર કહો, ઉપચાર કહો, ગૌણ કહો, આ નિશ્ચયની અપેક્ષાએ. સમજાણું કાંઈ ? એને મુખ્ય કહો તો આને ગૌણ કહો, આને મુખ્ય કહો તો એને ગૌણ કહો. ઓહોહો..!

'**નિશ્ચયરત્નત્રયકી પ્રાપ્તિ હૈ.**' એ વ્યવહાર છે એને છોડીને અંદરમાં નિશ્ચય રત્નત્રયની પ્રાપ્તિ કરે છે. નિર્વિકલ્પ કરે છે ને. પહેલું સમ્યગ્દર્શન નિશ્ચયનું છે, સમ્યગ્જ્ઞાન છે, ચારિત્ર પણ સ્થિરતા છે અને આ પ્રકારના છઠ્ઠે ગુણસ્થાને ત્રણ રત્નત્રય વિકલ્પ વર્તે છે એને છોડીને સાતમે ઠરે છે. ત્યારે એ હતા પૂર્વે એમ કહેવામાં આવે. પ્રભાવ શબ્દ શાસ્ત્રમાં ક્યાંય નથી. એ પણ કહે, એના પ્રભાવથી અને તમારા કારણે. પાંચ આચાર. હે આચાર! તારા કારણે હું... એ બધું વ્યવહાર, બધી ભાષા એવી આવે.

મુમુક્ષુ :- બે લક્ષણ છે ને?

ઉત્તર :- બે લક્ષણ છે. એનું લક્ષણ જુદું, આનું લક્ષણ જુદું. એનું ફળ જુદું, આનું ફળ જુદું છતાં આનું ફળ એને બતાવવું એ વ્યવહાર છે.

'**વીતરાગ સદા આનંદરૂપ જો નિજ શુદ્ધાત્મા આત્મિક સુખરૂપ સુધારસકે આસ્વાદ કર પરિણત હુઆ...**' આ નિશ્ચય. ભગવાનઆત્મા વીતરાગ આત્મા રાગ રહિત અત્યારે (છે), હોં! અંદરમાં. સદા આનંદરૂપ જો નિજ શુદ્ધાત્મ દ્રવ્ય કીધું. એનાથી આત્મિક સુખરૂપ સુધારસ એ પર્યાય. આત્મિક સુખ. સુધારસનો આસ્વાદ કર પરિણત હુઆ. અતીન્દ્રિય આનંદથી પરિણમન થઈ ગયું. '**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ અભેદરત્નત્રય હૈ,...**' એને નિશ્ચય રત્નત્રય સાચા રત્ન કહેવામાં આવે છે. લ્યો! '**ઉસકા જો ભક્ત (આરાધક) ઉસકે યે લક્ષણ હૈં,...**' લ્યો! એ જાણવું. સમજાણું? એના લક્ષણ છે એ જાણો, એના આ લક્ષણ છે. હવે એ વ્યવહારની જરી થોડી વાત કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

**अथ ये ज्ञानिनो निर्मलरत्नत्रयमेवात्मानं मन्यते शिवशब्दवाच्यं ते मोक्षपदाराधकाः सन्तो निजात्मानं ध्यायन्तीति निरूपयति –**

**१५८) जे रयण–त्तउ णिम्मलउ णाणिय अप्पु भणंति।**
**ते आराहय सिव–पयहँ णिय–अप्पा झायंति।।३२।।**

**यं रत्नत्रयं निर्मलं ज्ञानिनः आत्मानं भणन्ति।**
**ते आराधकाः शिवपदस्य निजात्मानं ध्यायन्ति।।३२।।**

**जे इत्यादि। ये केचन रयणतउ रत्नत्रयम्। कथंभूतम्। णिम्मलउ निर्मलं रागादिदोषरहितम्।**

कथंभूता ये। णाणिय ज्ञानिनः। किं कुर्वन्ति। अप्पु भणंति पूर्वोक्तरत्नत्रयस्वरूपमेवात्मानं, आत्मस्वरूपं कर्मतापन्नं भणंति मन्यते ते आराहय ते पूर्वोक्ताः पुरुषाः आराधका भवन्ति। कस्य। सिवपयहं शिवपदस्य शिवशब्दवाच्यमोक्षपदस्य। मोक्षपदाराधकाः सन्तः किं कुर्वन्ति। णियअप्पा झायंति निजात्मानं कर्मतापन्नं ध्यायन्ति इति। तथा च ये केचन वीतरागस्वसंवेदनज्ञानिनः परमात्मानं सम्यक् श्रद्धानज्ञानानुष्ठानलक्षणं निश्चयरत्नत्रयमेवाभेदनयेन निजशुद्धात्मानं मन्यन्ते ते शिवशब्दवाच्यमोक्षपदाराधका भवन्ति। आराधकाः सन्तः किं ध्यायन्ति। विशुद्धज्ञानदर्शनं स्वशुद्धात्मस्वरूपं निश्चयनयेन ध्यायन्ति भावयन्तीत्यभिप्रायः।।३२।।

---

आगे जो ज्ञानी निर्मल रत्नत्रयको ही आत्मस्वरूप मानते हैं, और अपनेको ही शिव जानते हैं, वे ही मोक्षपदके धारक हुए निज आत्माको ध्यावते हैं, ऐसा निरूपण करते हैं –

गाथा – ३२

अन्वयार्थ :–[ ये ज्ञानिनः ] जो ज्ञानी [ निर्मलं रत्नत्रयं ] निर्मल रागादि दोष रहित रत्नत्रयको [ आत्मानं ] आत्मा भणंति कहते हैं [ ते ] वे [ शिवपदस्य आराधकाः ] शिवपदके आराधक हैं, और वे ही [ निजात्मानं ] मोक्षपदके आराधक हुए अपने आत्माको [ ध्यायंति ] ध्यावते हैं।।

भावार्थ :– जो कोई वीतराग, स्वसंवेदनज्ञानी, सम्यग्दर्शन, सम्यग्ज्ञान सम्यक्चारित्ररूप आत्माको मानते हैं, वे ही मोक्षपदके आराधक हुए निश्चयनयकर केवल निजरूपको ही ध्यावते हैं।।३२।।

---

હવે, જે જ્ઞાનીઓ નિર્મલરત્નત્રયને જ આત્મા માને છે તેઓ મોક્ષપદના આરાધક થતાં 'શિવ' શબ્દથી વાચ્ય એવા નિજ આત્માને ધ્યાવે છે, એમ કહે છે :

ભાવાર્થ :- જે કોઈ જ્ઞાનીઓ નિર્મળ-રાગાદિ દોષ રહિત-રત્નત્રયને રત્નત્રયસ્વરૂપ આત્માને જ-આત્માનું સ્વરૂપ માને છે તે પુરુષો 'શિવ' પદથી વાચ્ય એવા મોક્ષપદના આરાધકો છે, મોક્ષપદના આરાધકો નિજ આત્માને ધ્યાવે છે.

વિસ્તાર :- જે કોઈ વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાનીઓ પરમાત્માને સમ્યક્શ્રદ્ધાન સમ્યગ્જ્ઞાન, સમ્યગ્અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયને જ અભેદનયથી નિજ શુદ્ધ આત્માને માને છે, તેઓ 'શિવ' શબ્દથી વાચ્ય એવા મોક્ષપદના આરાધકો છે.

એ આરાધકો કોને ધ્યાવે છે? તે આરાધક થયા થકા વિશુદ્ધજ્ઞાનદર્શનવાળા સ્વશુદ્ધાત્મસ્વરૂપને નિશ્ચય નયથી ધ્યાવે છે-ભાવે છે. એવો અભિપ્રાય છે. ૩૨.

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૩, સોમવાર
## તા. ૨૫-૧૦-૧૯૭૬, ગાથા-૩૨-૩૩, પ્રવચન નં. ૧૧૪

'પરમાત્મપ્રકાશ' ૩૨-ગાથા. વચમાં વ્યવહારનો અધિકાર છે ને એ જણાવવા માટે છે. ૩૨. '**આગે જો જ્ઞાની નિર્મલ રત્નત્રયકો હી આત્મસ્વરૂપ માનતે હૈં,...**' ધર્મીજીવ તો ભગવાનઆત્માના સ્વરૂપને જ માને છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પો અંદર આવે. અહીંયાં મુખ્યપણે છઠ્ઠા ગુણસ્થાનવાળાને વ્યવહાર કહ્યો છે અને પછી વિકલ્પ તોડીને નિર્વિકલ્પ સાતમે થાય એને અહીંયાં નિશ્ચય કહ્યો છે. પણ છતાં એ વિકલ્પ છે એનાથી સાતમું થાય એમ કહ્યું છે. એ તો વ્યવહારનું કથન છે. કેમકે વિકલ્પ છે એ આત્મસ્વરૂપ નથી એમ સિદ્ધ કરવું છે. સમ્યગ્દૃષ્ટિને કે મુનિને, સાચા સંતને વ્યવહાર ષટ્ દ્રવ્યની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન એવા વ્યવહાર હોય છે. પણ એ વ્યવહાર નિશ્ચયનું કારણ છે એમ પણ કહ્યું છે. એ વ્યવહારથી. ખરેખર તો એનો અભાવ કરીને નિશ્ચય થાય છે.

એથી અહીં કહે છે કે ધર્મીજીવ જે આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા, એને જેણે અંતર્મુખ થઈને જાણ્યો અને જોયો છે એને અહીંયાં જ્ઞાની કહે છે. જ્ઞાની જુદો અને ધર્મી જુદો એમ નથી અહીં. અમે તો ધર્મ કરીએ છીએ પણ અમે જ્ઞાની નથી. એમ નથી. એ ધર્મી કહો કે જ્ઞાની કહો. કહે ભઈ! જ્ઞાની તો એમ કે ઘણું જ્ઞાન હોય તો જ્ઞાની અને અમે તો ધર્મી છીએ. અમારે જ્ઞાન એટલું નથી. એમ નથી. જ્ઞાની અને ધર્મી એક જ ચીજ છે. વસ્તુ ભગવાનઆત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન, એનો જેણે વર્તમાન પર્યાયમાં સ્વીકાર કર્યો છે, એનું દ્રવ્યનું જે સ્વરૂપ છે એ જેની પ્રતીતિમાં આખું આવ્યું છે. વિષય બનાવી, દ્રવ્યને સમ્યગ્દર્શનના પર્યાયે વિષય બનાવી અને જેણે અંતરમાં એ વસ્તુના સ્વરૂપની શ્રદ્ધા કરી છે તે જ્ઞાની કહેવાય, તેને ધર્મી કહીએ. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાની નિર્મલ રત્નત્રયકો હી...**' એટલે કે શું કહે છે? વ્યવહારરત્નત્રય આવે ખરો, હોય છે પણ એ આત્મસ્વરૂપ નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત આદિ જે મુનિધર્મ જે વ્રત એ હો, પણ એ આત્મા નહિ, એ આત્માનું સ્વરૂપ નહિ. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ આવે. સમકિતીને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ પણ હોય. પણ એ આત્મસ્વરૂપ નહિ. આહાહા..! કેમકે રાગ છે તે અનાત્મા છે. આહાહા..! એથી અહીં વજન આપ્યું છે. વ્યવહારનું વર્ણન કર્યું છે પણ અહીંયાં ધર્મીજીવ '**નિર્મલ રત્નત્રયકો હી...**' આહાહા..! ચૈતન્યઘન ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, એની સન્મુખની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા એ રત્નત્રય '**હી આત્મસ્વરૂપ માનતે હૈં,...**' આહાહા..! એને આત્માનું સ્વરૂપ અને.. આ પર્યાયની વાત છે. ત્રિકાળી તો વસ્તુ છે. પણ ત્રિકાળી વસ્તુની સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્ર જે સ્વસન્મુખની પરિણતિ, એને આત્મસ્વરૂપ કહ્યું છે. સમજાણું કાંઈ? ઓલો વ્યવહારના વિકલ્પને આત્મસ્વરૂપ નહિ કહેવું એ અપેક્ષાએ આને આત્મસ્વરૂપ (કહ્યું છે). ત્રિકાળી સ્વરૂપ જુદું. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળી તો સચ્ચિદાનંદ પ્રભુ, સત્-ચિદ્-જ્ઞાનાનંદ આદિ ગુણનો દરિયો છે.

સવારમાં એક પ્રશ્ન થયો હતો હમણાં, કે આ દ્રવ્યત્વગુણને લઈને દ્રવે છે ને બધા ગુણો? કે દ્રવ્યત્વગુણ તો બીજા ગુણોમાં નિમિત્ત છે. જ્ઞાનમાં પણ દ્રવ્યત્વગુણનું સ્વરૂપ છે. 'ચીમનભાઈ'! એ વસ્તુ એવી છે. એક એક ગુણમાં અનંત ગુણનું સ્વરૂપ-રૂપ છે. આહાહા..! શીખવાડવામાં એમ આવે. એટલી ભાષા કે દ્રવ્યત્વગુણને લઈને આત્મા દ્રવે છે, પરિણમે છે. ભાષા આવે છે ને એમાં? શીખવાડવામાં એમ આવે. શીખે બધા. 'કૈલાશચંદજી' શીખવાડે છે ને એમાં? ષટ્કારકને શીખવે એમાં. દ્રવ્યત્વગુણને લઈને દ્રવે છે. એ તો દ્રવ્યત્વગુણની અસ્તિતા સામાન્ય ગુણ તરીકે બીજા ગુણોથી ભિન્ન છે એમ બતાવવા વાત છે. બાકી જ્ઞાન-દર્શન-આનંદ આદિ જે છે એ પરિણમે છે એ પોતાના સ્વરૂપથી પરિણમે છે, દ્રવ્યત્વગુણને લઈને નહિ. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...ખીલે બંધાવી દો.

ઉત્તર :- આ તો ઓલા સામાન્ય છ ગુણ શીખવે ને? એમાં એ આવે. શીખવનાર શીખવે બધાને કે દ્રવ્યત્વગુણને લઈને દરેક આત્મા દ્રવે. એ વાત દ્રવ્યત્વગુણની સિદ્ધિ કરવાની વાત છે. પણ એ દ્રવ્યત્વગુણને લઈને જ્ઞાન પરિણમે છે, આનંદ પરિણમે છે એમ નથી. દ્રવ્યત્વગુણનું રૂપ-સ્વરૂપ જ્ઞાનમાં પણ છે. દ્રવ્યત્વગુણ નથી. સમજાણું? એવો આત્મા... આહાહા..!

અહીં તો સ્વરૂપની વાત ચાલે છે ને! એવું જે ત્રિકાળી સ્વરૂપ, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા એ આત્મસ્વરૂપ છે એમ કહેવું છે. આહાહા..! આ ભાઈ ગયા હશે. નહિ? 'રાજકોટ' ગયા? 'લાલભાઈ'. 'ભાવનગર' ગયા. 'શશીભાઈ' આવ્યા હતા. સમજાણું કાંઈ? રત્નત્રયસ્વરૂપ એ પરિણમન છે. એથી અહીં કહેવું પડ્યું. જે ત્રિકાળી વસ્તુ છે, શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય, એનું આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય, હોં! તે એનું પરિણમન છે. એ પર્યાય છે.

'**જ્ઞાની નિર્મળ રત્નત્રયકો હી...**' અહીં વજન છે. આહાહા..! છે? '**निर्मलरत्नत्रयमेव**' '**एव**' છે ને અંદર? '**आत्मानं**' આહાહા..! વ્યવહારરત્નત્રય હોય છે. છઠ્ઠે ગુણસ્થાને પણ પંચમહાવ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન એ બધો વ્યવહાર છે. હોય છે અને એનાથી પમાય છે એમ પણ કહેવામાં આવે છે. એ તો વ્યવહારથી છે. ખરેખર તો શુદ્ધ નિર્મળ જે દશા છઠ્ઠે છે તેને કારણે સાતમું પ્રાપ્ત થાય છે. એ પણ વ્યવહાર છે. છઠ્ઠે ગુણસ્થાને જે દ્રવ્યનો આશ્રય હતો, એથી સાતમે વિશેષ આશ્રય થયો તેથી સાતમા ગુણસ્થાનની પરિણતિ થઈ છે. સમજાણું કાંઈ? આશ્રય વધ્યો એટલે. એને અહીં કહ્યું વ્યવહારથી નિશ્ચય થાય એમ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :- વિશેષની માત્રા વધી?

ઉત્તર :- નિર્મળતાની વધી. નિર્મળતા છે એ વધી. એને કારણે થઈ, એને ઠેકાણે વિકલ્પથી થઈ એમ વ્યવહાર કથન કરવામાં આવ્યું છે. હજી એમાં પણ ફેર છે. છઠ્ઠાની નિર્મળતાને લઈને સાતમાની થઈ એ પણ હજી વ્યવહાર છે. દ્રવ્યનો આશ્રય વધ્યો માટે થઈ, એ નિશ્ચય છે. એમાં પણ હજી બીજી વાત છે. આશ્રય થયો એમ જે કહેવું એ લક્ષ કર્યું એટલે. બાકી સાતમા ગુણસ્થાનની અપ્રમત્ત દશા એ પોતાથી સ્વતંત્ર થઈ છે. આહાહા..! આવા ભેદો પરમાત્માના માર્ગમાં... સમજાણું કાંઈ?

કેમકે એ તો કાલે કહેવાણું છે કે દરેક જીવને વિકારી પરિણામ જે થાય એ પણ તે કાળના વિકારની પર્યાય ષટ્કારકથી પરિણમન થઈને થાય છે. એવા વિકારી પરિણામના ષટ્કારકના પરિણમનને પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. કેમકે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. વિકારી પરિણામ થવામાં દ્રવ્ય-ગુણનો આશ્રય કેમ હોય? એ તો શુદ્ધ છે. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો બહુ સૂક્ષ્મ છે. આહાહા..! વિકારી વ્યવહારરત્નત્રયના જે વિકલ્પો કહ્યા એ પણ સ્વતંત્ર વિકારનું પરિણમન તે સમયે ષટ્કારકથી થાય છે. એને દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. એની અપેક્ષા તો ક્યાં હોય? પણ એને કર્મના ઉદયના કારકની પણ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? કર્મનો ઉદય આવ્યો માટે અહીં વિકાર થયો એમ પણ નથી. આહાહા..! એ વિકારનું પરિણમન-એ સમયનો પર્યાય પોતાથી ષટ્કારક કર્તા, કર્મથી પરિણમી રહ્યો છે. આહાહા..! તો પછી નિર્મળ પરિણતિને માટે શું કહેવું? કહે છે.

નિર્મળ પરિણતિ જે વીતરાગી થાય એને વ્યવહારકારણ કહેવું એ તો વ્યવહારનું વચન, નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને નિર્મળ પરિણતિ થઈ, જે જે ગુણસ્થાને યોગ્ય, તે તે વર્તમાન પરિણમન તે નિર્મળના ષટ્કારકથી પોતે પરિણમે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ્યાં રત્નત્રય કહ્યા એ પરિણતિ પોતાથી ષટ્કારકે પરિણમે છે. જેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આશ્રય કહેવાય છે એ તો લક્ષ ત્યાં છે એટલે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ એટલે કે આ દિગંબર માર્ગ, એટલે કે જૈન માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આધાર, ...

ઉત્તર :- કોઈ કોઈનો આધાર નથી. નિર્મળ પર્યાયને નિર્મળ પર્યાયનો અધાર. નિર્મળ પર્યાયને શુદ્ધ દ્રવ્ય-ગુણનો પણ આધાર નહિ. આહાહા..! એને એમ કહેવું કે વ્યવહારના વિકલ્પથી નિશ્ચય થાય એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહારનયથી નિમિત્ત અને ભેદ હતો કોણ એનું જ્ઞાન કરાવ્યું છે. કઠણ કરવું બહુ. શાસ્ત્રના લખેલા ભાવમાંથી પાછા ભાવ કઈ અપેક્ષા છે એ કાઢવા બહુ કઠણ છે.

અહીં કહેવું છે કે '**જ્ઞાની નિર્મલ રત્નત્રયકો હી...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય, એ નિર્મળ. રાગાદિ વ્યવહારરત્નત્રય તે મલિન. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મીજીવ '**નિર્મલ રત્નત્રયકો હી આત્મસ્વરૂપ માનતે હૈં,...**' એમ કેમ કહ્યું? કે

નિર્મળ પરિણતિ છે ને અને દ્રવ્ય-ગુણ નિર્મળ છે, એથી આત્મસ્વરૂપ એને કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? રાગાદિ આત્મસ્વરૂપ નથી. વ્યવહારરત્નત્રયનો રાગ આવે, હોય. છઠ્ઠે, ચોથે, પાંચમે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા હોય, પંચમહાવ્રતાદિ બાર વ્રતના વિકલ્પ હોય, શાસ્ત્રનું પરલક્ષી જ્ઞાન હોય. એ બધો વ્યવહાર છે એ આત્મસ્વરૂપ નથી એમ સિદ્ધ કરવા... સમજાણું કાંઈ? વ્યવહાર આવે ખરો, હોય ખરો. આહાહા..! પણ એ આત્મસ્વરૂપ નહિ. વ્યવહારનું બધું વર્ણન પહેલા આવી ગયું છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવને '**નિર્મલ રત્નત્રયકો હી...**' નિશ્ચય કહ્યું છે. કથંચિત્ નિર્મળ અને કથંચિત્ વ્યવહાર એ નિર્મળ એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? છે ને? સંસ્કૃત જ છે. '**ज्ञानिनो निर्मलरत्नत्रयमेवात्मानं मन्यते**' '**एव**' શબ્દ પડ્યો. '**एव**' એટલે 'જ'. 'હી'. બહુ ટીકા ગંભીર ગંભીર. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય ભગવતસ્વરૂપ છે. દ્રવ્યસ્વભાવ. એ ભગવત્‌સ્વરૂપ પરમાત્મા આઠ વર્ષની બાલિકા સમકિત પામે તોપણ એ સમકિત નિશ્ચય નિર્મળ પરિણતિ છે. કેમકે ત્રિકાળી નિર્મળ ભગવાન દ્રવ્ય-ગુણ શુદ્ધ છે, એને આશ્રયે-લક્ષે થયું છે તે આત્મસ્વરૂપ છે. અને પરલક્ષે જે વ્યવહાર થાય એ હો, પણ એ આત્મસ્વરૂપ નહિ. આહાહા..! કહો, આ બધું દેરાસર ને મંદિરો ને એની પૂજા, ભક્તિ હોય છે, પણ એ ભાવ મલિન છે. આત્મસ્વરૂપ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**આત્મસ્વરૂપ માનતે હૈં,...**' જ્ઞાની-ધર્મી શુદ્ધ નિર્મળ રત્નત્રયને જ આત્મસ્વરૂપ માને છે. આહાહા..! કેટલું કહ્યું એમાં! '**ઔર અપનેકો હી શિવ જાનતે (માનતે) હૈં,...**' એ આત્મસ્વરૂપનું ભાન થઈને સ્થિર થયા એના ફળમાં એને મોક્ષ થાય છે એ શિવસ્વરૂપ છે. શિવ એટલે નિરૂપદ્રવ કલ્યાણસ્વરૂપ. એને પણ આત્મા માને છે એમ કહે છે. '**અપનેકો હી શિવ જાનતે (માનતે) હૈં,...**' જોયું! જેમ એ મોક્ષનો માર્ગ નિશ્ચય છે એ આત્મસ્વરૂપ છે, એમ મોક્ષ પણ આત્મસ્વરૂપ છે. એ શિવ છે. બીજો કોઈ શિવ છે (એમ છે નહિ). સમજાણું કાંઈ? પોતે ભગવાનઆત્મા પોતાના નિશ્ચયરત્નત્રય સ્વરૂપને પરિણમતો-પરિણમતો એના ફળમાં મોક્ષ થાય એ મોક્ષ એ શિવ કહેવાય. શિવ એટલે કલ્યાણસ્વરૂપ. જેમાં રાગાદિનો ઉપદ્રવ છે નહિ. એવું જે શિવસ્વરૂપ એ પણ આત્માને માને છે. '**અપને કો હી શિવ જાનતે (માનતે) હૈં,...**' બીજો કોઈ શિવ છે એમ નથી. સમજાણું કાંઈ? છે ને? '**मन्यते शिवशब्दवाच्यं ते मोक्षपदाराधकाः**' જોયું! '**सन्तो निजात्मानं ध्यायन्तीति**' અને '**વે હી મોક્ષપદકે ધારક હુએ...**' જે મોક્ષના પદના ધરનારા થયા એ '**નિજ આત્માકો ધ્યાવતે હૈં,...**' એ પોતાના સ્વરૂપનું ધ્યાન કરતા હતા. આહાહા..! શિવપદને પામ્યા, મોક્ષપદને પામ્યા એ નિજપદના ધ્યાનથી પામ્યા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલા રત્નત્રય...

મુમુક્ષુ :- આ શિવ અને આ શિવ...

ઉત્તર :- એ શિવ બધા કલ્પનાના.

'**અપનેકો હી શિવ જાનતે (માનતે) હૈં,...**' એમ કહ્યું. આહાહા..! નમોત્થુણં માં આવે

છે ને? 'શિવમલયમ...' નમોત્થુણં. સામાયિકના પાઠમાં આવે છે. 'શિવમલયમ...' શિવમલયમ છે. શિવમલયમ એટલે મન અનુસાર. શિવમ. શિવપદ છે પરમાત્મ મોક્ષ. એ પૂર્ણાનંદની પ્રાપ્તિ, પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ તે શિવપદ છે. જ્ઞાની '**અપનેકો હી શિવ જાનતે (માનતે) હૈં,...**' માને છે એમ કહે છે. પણ એ શિવ કોઈ બીજો શંકર છે (એમ નથી). સમજાણું કાંઈ? '**અપનેકો હી...**' એમ ત્યાં શબ્દ છે. છે ને? આહાહા..! '**मोक्षपदाराधकाः सन्तो निजात्मानं ध्यायन्तीति निरूपयति**' ગાથા.

**१५८) जे रयण-त्तउ णिम्मलउ णाणिय अप्पु भणंति।**
**ते आराहय सिव-पयहँ णिय-अप्पा झायंति।।३२।।**

**અન્વયાર્થ :-** '**જો જ્ઞાની નિર્મળ રાગાદિ દોષરહિત...**' જુઓ! નિર્મળની વ્યાખ્યા કરી. જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ રાગ છે. એનાથી રહિત. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! માર્ગ એવો છે ને. સૂક્ષ્મ-સૂક્ષ્મ. નિર્મળ રત્નત્રય. '**રાગાદિ દોષરહિત રત્નત્રયકો...**' એટલે કે વ્યવહારરત્નત્રયના રાગથી રહિત નિર્મળ રત્નત્રય. એમ. આહાહા..! '**કો આત્મા કહતે હૈં.**' લ્યો! '**નિર્મળ રાગાદિ દોષરહિત રત્નત્રયકો આત્મા કહતે હૈં...**' આહાહા..! એક કોર 'નિયમસાર'ની ૩૮ ગાથામાં એમ કહ્યું કે મોક્ષનો માર્ગ એ આત્મા નહિ, નાશવાન છે. આત્મા તો ત્રિકાળી તેને આત્મા કહીએ. ('નિયમસાર') ૩૮ ગાથા. આહાહા..! ખરેખર આત્મા તેને કહે. ત્યાં એવો શબ્દ છે. ત્રિકાળી વસ્તુ જે ભગવાન ચૈતન્યસૂર્ય, જિનચંદ્ર, વીતરાગી શીતળમૂર્તિ પ્રભુ છે. અનાદિઅનંત એવો વીતરાગી શીતળ સ્વરૂપ પ્રભુ છે. એને જ આત્મા ખરેખર નિશ્ચયથી માનવો.

અહીંયાં બીજી અપેક્ષા છે. છે તો એ જ નિશ્ચય આત્મા, પણ એ આત્માને અવલંબે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ રાગથી રહિત છે માટે આત્મસ્વરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું સ્વરૂપ હવે સાધારણ માણસ બિચારાને વખત મળે નહિ. એક કલાક માંડ નવરા થાય. આખી દુનિયાના ધંધા આડે આખો દિ' પાપ. સવારે ઊઠે, દાંતણ-પાણી કરે, પછી ચા પીવે, પછી વળી કાંઈક ખાખરો-બાખરો, ભજીયા ખાય ભેગા. પછી દુકાને જાય. દુકાને હોળી સળગે. આ ને.. આ ને .. આ ને... આહાહા..! એમાં ખાવા આવે ત્યારે પછી કેવું કર્યું ને શું કર્યું તે ખાય. પછી બાયડી, છોકરા સાથે થોડીવાર રમે, દાંત કાઢે અને ખુશી થાય. આહાહા..!

મુમુક્ષુ :- કુટુંબની સેવા તો કરવી પડે ને?

ઉત્તર :- કોણ સેવા કરતો હતો? એ તો કહ્યું હતું, આત્માની સેવા. એ કહ્યું હતું ને કાલે. આત્મા આનંદનો નાથ એની સેવા કરવી એ સેવા છે. પરની, ભગવાનની સેવા કરવી એ પણ એક શુભભાવ છે. આહાહા..! એ આત્માની અસેવા છે. હોય, ગુણસ્થાનમાં પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે હોય તો છે. અશુભથી બચવા. આહાહા..! અશુદ્ધ સ્થાનથી વંચનાર્થમ શુભભાવ આવે. મુનિને આવે, સમકિતીને આવે. પૂજા, ભક્તિ આદિ દયા, દાન

ભાવ હોય છે. પણ એની મર્યાદા રાગની છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'આત્મા કહતે હૈં વે શિવપદકે આરાધક હૈં,...'** આહાહા..! ઓલા વ્યવહારમાં શિવપદનું આરાધક નહોતું કહેવું એટલે આમાં નાખ્યું. વ્યવહાર છે ખરો. અને એને મોક્ષમાર્ગ પણ નિરૂપણની અપેક્ષાએ, કથનની અપેક્ષાએ કહેવાય, બાકી એ કાંઈ શિવપદનું કારણ નથી. આહાહા..! ભાષા તો એ આવે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં એમ છે. બે મોક્ષમાર્ગથી મોક્ષ થાય છે. એવો પાઠ આવે છે લ્યો. તો નિશ્ચય મોક્ષમાર્ગથી નિશ્ચય મોક્ષ થાય અને વ્યવહારમાર્ગથી વ્યવહાર મોક્ષ એમ બે મોક્ષ હશે? એ તો નિમિત્તનું સાથે જ્ઞાન કરાવવા. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ગાથા છે. બે માર્ગથી મોક્ષ થાય. કથનની શૈલી ન સમજે તો શાસ્ત્રના ઊંધા અર્થ કરે. આહાહા..!

અહીંયાં કહે છે, **'શિવપદકે આરાધક હૈં,...'** આહાહા..! પૂર્ણાનંદનો નાથ મોક્ષમાં પ્રગટ થાય છે. ભગવાનનું જે રૂપ છે આનંદ અથવા અનંતચતુષ્ટય જે અંદર ત્રિકાળ શક્તિરૂપે (છે). આત્મામાં સામર્થ્યરૂપે, સામર્થ્યરૂપે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. એ શક્તિરૂપે, સામર્થ્યરૂપે હતું એ પર્યાયમાં અનંતચતુષ્ટય પ્રગટ થઈ જાય છે. આહાહા..! એ રત્નત્રયના સેવનથી. નિશ્ચયરત્નત્રયના સેવનથી આ શિવપદની પ્રાપ્તિ એને થાય છે. સમજાણું કાંઈ? આ લોકો તો એમ જ કહે કે નિશ્ચય-નિશ્ચય. વ્યવહાર હોય છે, બાપુ! પણ વ્યવહારથી થતું નથી. વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી સાચા સંતને પણ પંચમહાવ્રત આદિ વિકલ્પ આવે. પણ એ છે બધો વિકલ્પ જગપંથ. જગપંથ છે. આહાહા..! એ આસ્રવ છે, એ ભાવબંધ છે. ભગવાન અબંધ સ્વરૂપમાં એ રાગ ભાવબંધ છે. તો ભાવબંધથી અબંધ પરિણામ પ્રગટ થાય? ભગવાનઆત્મા અબંધસ્વરૂપ છે. એને આશ્રયે અબંધ પરિણામ થાય. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર જાણેલો પ્રયોજનવાન...

ઉત્તર :- વ્યવહાર છે એ કીધું ને. જાણવામાં છે. છે ખરો. વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. વચ્ચે રાગ જ્યાં સુધી હોય છે ત્યાં આવે છે. હોય છે. પણ એથી એનો અર્થ એવો લઈ લે કે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાશે. અને વ્યવહારમાં પણ કાંઈક નિશ્ચયનો અંશ છે, એમ નથી. સમજાણું કાંઈ?

**'શિવપદકે આરાધક હૈં, ઔર વે હી મોક્ષપદકે આરાધક હુએ અપને આત્માકો ધ્યાવતે હૈં.'** આહાહા..! શિવપણું એ આત્માનું સ્વરૂપ છે. એથી ધર્માત્મા પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે. શિવપદની પ્રાપ્તિ માટે ભગવાન આનંદનો નાથ પ્રભુ... આહાહા..! એની સન્મુખતાથી એની સેવા કરે છે. એની સન્મુખ થવું. સત્ ત્રિકાળીની સન્મુખ થવું એ જ એનો સ્વીકાર છે અને એ એનો આશ્રય છે. સમજાણું કાંઈ? આહાહા..! મૂળ વાત નિશ્ચય સત્યની છે એ વાત પડી રહી. અને વ્યવહારનું એકલું લંબાણ થઈ ગયું. હવે એને એટલું ખોટું લાગે કે વ્યવહારથી ન થાય? શાસ્ત્રમાં લખ્યું છે. વ્યવહારથી થાય. જુઓ! આમાં પણ આવ્યું છે. આમાં પહેલા આવ્યું છે. ૩૧ ગાથામાં એ આવ્યું હતું.

'**વ્યવહારકા નામ ભેદ હૈં, વહ ભેદરત્નત્રય આરાધને યોગ્ય હૈ, ઉસકે પ્રભાવસે નિશ્ચયરત્નત્રયકી પ્રાપ્તિ હૈ.**' આની કોરને પાને છે. ૩૧ ગાથામાં છે. આ કોરના પાને. ૧૬૬ પાને છે આમાં. એ ભાષા વ્યવહારની આવે. સમજાણું કાંઈ? એ નાખે જરી. ટીકાકાર થોડું એવું. એ વ્યવહાર ક્યો? છઠ્ઠા ગુણસ્થાનનો જે વિકલ્પ ઊઠે તે. એ પહેલી વાત થઈ ગઈ છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય એને નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એને જે વિકલ્પ ઊઠે છે એથી એને વ્યવહાર કહ્યો. અને એનો અભાવ કરીને સાતમે ગુણસ્થાને જાય તેને નિશ્ચય કહ્યો. આહાહા..!

પહેલો જે વ્યવહાર છે સમ્યગ્દર્શન વિનાનો એને તો વ્યવહાર પણ કહેતા નથી. સમજાણું કાંઈ? વ્યવહાર તો સમ્યક્ નિશ્ચય આત્માની દૃષ્ટિ અનુભવ થાય, પછી જે રાગ આવે એને વ્યવહાર કહેવામાં આવે છે. તો આ છઠ્ઠે ગુણસ્થાને જે વ્યવહાર કહ્યો એ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એને અહીંયાં વ્યવહાર કહી અને એ વ્યવહારથી નિશ્ચય થાય એમ કીધું છે. ખરેખર તો નિર્વિકલ્પ પરિણતિ છે એ આગળ વધીને શુદ્ધ વધે છે. એને આ વિકલ્પથી થાય એમ વ્યવહારથી કથન કર્યું છે. આહાહા..! બહુ માર્ગ એવો. અને તે પણ છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળતા એ સાતમાનું કારણ કહેવું એ પણ એક ન્યાયે વ્યવહાર છે. કેમકે છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળતાનો તો અભાવ થઈને સાતમાની પર્યાય પ્રગટે છે. છઠ્ઠાની નિર્મળતાની પર્યાયનો વ્યય થઈ અને સાતમાનો ઉત્પાદ નિર્વિકલ્પ પર્યાય થાય છે. આહાહા..! આવું સંપ્રદાયના માણસ સાંભળે તો એવું લાગે કે આ તો... 'ચીમનભાઈ'! બાપુ! માર્ગ આવો છે, ભાઈ! અનંતકાળથી રખડી મર્યો, ભાઈ! તને શ્રદ્ધા આત્માની કરવી એની ખબર નથી. પ્રથમમાં પ્રથમ ભગવાનઆત્માની શ્રદ્ધા (કરવી). તો શ્રદ્ધા ક્યારે થાય? કે આત્મા છે એ જ્ઞાનમાં જણાય ત્યારે એની પ્રતીત થાય. આહાહા..! સમજાણું કાંઈ?

એવા '**શિવપદકે આરાધક હૈં, ઔર વે હી મોક્ષપદકે આરાધક હુએ અપને આત્માકો ધ્યાવતે હૈં.**' આહાહા..! પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ, શિવસ્વરૂપ જ ભગવાનઆત્મા છે. પર્યાયમાં શિવ થાય એ મોક્ષ. આહાહા..! ત્રિકાળી આનંદ શિવસ્વરૂપ જ કલ્યાણની મૂર્તિ છે ઈ આત્મા. આહાહા..! આવું સાંભળવાનું મળ્યું ન હોય, દરબાર! એમાં ને એમાં ...માં જાય ને ફલાણે જાય. આહાહા..! અપૂર્વ વાત છે ને, બાપુ! પૂર્વે અનંતકાળમાં કદી કરી નથી. ખરેખર તો એણે સાંભળી નથી. સાંભળી તો ક્યારે કહેવાય? રુચિ થઈ હોય તો સાંભળી કહેવાય. આહાહા..!

**ભાવાર્થ :-** '**જો કોઈ વીતરાગ, સ્વસંવેદનજ્ઞાની, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યક્ ચારિત્રરૂપ આત્માકો માનતે હૈં,...**' જુઓ! ત્રણે ભેગા લીધા છે. ત્રણને અહીં ભેગા લીધા છે. એને વ્યવહાર હોય એમ કહ્યું છે. '**જો કોઈ વીતરાગ, સ્વસંવેદનજ્ઞાની, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રરૂપ આત્માકો માનતે હૈં,...**' આહાહા..! રાગરહિત, વ્યવહારરહિત વીતરાગ પોતાનું સ્વસંવેદનજ્ઞાન. સ્વ એટલે પોતાથી, સં એટલે પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન. જ્ઞાનસ્વભાવ એ જ્ઞાનનું વેદન, જ્ઞાનની એકાગ્રતા, રાગની નહિ. પોતાની જે નિર્મળ

સ્વસંવેદન પરિણતિ... આહાહા..! એવો '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રરૂપ...**' સમ્યક્ચારિત્રરૂપ. છે ને?

**नपूर्वोक्तरत्नत्रयस्वरूपमेवात्मानं**' આ તો ઓલું રૂપ કીધું ને રૂપ? લક્ષણને રૂપ કીધું. આહાહા..! '**रत्नत्रयस्वरूपमेवात्मानं**' લક્ષણ છે. '**वीतरागस्वसंवेदनज्ञानिनः परमात्मानं सम्यक्श्रद्धान–ज्ञानानुष्ठानलक्षणं**' ટીકામાં લક્ષણ છે. '**वीतरागस्वसंवेदनज्ञानिनः परमात्मानं**' આહાહા..! '**वीतरागस्वसंवेदनज्ञानिनः परमात्मानं सम्यक्श्रद्धानज्ञानानुष्ठानलक्षणं**' એટલે રૂપ. ટીકામાં છે. વચમાં. પૂરું થવાની નીચેથી ત્રીજી લીટી. ટીકા પૂર્ણ થવાની નીચેથી ઉપર ત્રીજી લીટી. આ ૩૨ ગાથા, હોં! સમ્યક્ચારિત્ર લક્ષણ. એમ. સમ્યગ્દર્શન સત્ય, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવું લક્ષણ. એટલે એને રૂપ કહ્યું અહીંયાં. આહાહા..! ૩૨ ગાથા. એની ટીકા છે ને? ટીકાની નીચેથી ત્રીજી લીટી. ૩૨ની સંસ્કૃત ટીકા પૂરી થાય એની ઉપરથી ત્રીજી લીટી. છે? પંડિતજી! જુઓ! લક્ષણ. '**वीतरागस्वसंवेदनज्ञानिनः परमात्मानं सम्यक्श्रद्धानज्ञानानुष्ठान–लक्षणं**' આહાહા..!

એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ '**આત્માકો માનતે હૈં,...**' એવા આત્માને જે માને છે. આહાહા..! બહુ જ ગંભીર ભાષા. આત્મા શું એનો તો પત્તો નહિ અને ઉપરથી વાતું બધી. દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. વર વિનાની જાન. સમજાણું કાંઈ? '**વે હી મોક્ષપદકે આરાધક હુએ...**' આહાહા..! થોડામાં ઘણું નાખ્યું છે. '**વે હી મોક્ષપદકે આરાધક...**' આહાહા..! '**હુએ નિશ્ચયનયકર કેવલ નિજસ્વરૂપકો હી ધ્યાવતે હૈં.**' લ્યો! વ્યવહારની વાતું બધી ઘણી કરી. લેશું પછી ફરીને. આ તો જાજા માણસ છે ને. '**મોક્ષપદકે આરાધક હુએ...**' સેવન. મોક્ષનું પૂર્ણ સેવન. '**નિશ્ચયનયકર કેવલ નિજસ્વરૂપકો હી ધ્યાવતે હૈં.**' આહાહા..! નિશ્ચયથી તો કેવળ એકલો ભગવાન આનંદ, જ્ઞાનસ્વરૂપી પ્રવાહ, ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... એવી જે ધ્રુવતા, એવું નિજ રૂપ, એને ધ્યાવે છે. સમજાણું?

'**निश्चयरत्नत्रयमेवाभेदनयेन निजशुद्धात्मानं मन्यन्ते**' '**शिवशब्दवाच्यमोक्षपदाराधका भवन्ति। आराधकाः सन्तः किं ध्यायन्ति। विशुद्धज्ञानदर्शनं स्वशुद्धात्मस्वरूपं निश्चयनयेन ध्यायन्ति भावयन्तीत्यभिप्रायः॥**' આહાહા..! સરવાળો તો ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ છે તેને અવલોકવું, તેને માનવું, તેમાં ઠરવું આ વસ્તુ છે. આહાહા..! બહારનું અવલોકવું છોડી દઈ અંતર ભગવાનને અવલોકવો. બહારની વ્યવહાર આદિની શ્રદ્ધાને છોડી દઈ ભગવાનની શ્રદ્ધા કરવી. વ્યવહાર આચરણના વિકલ્પને છોડી દઈ સ્વરૂપનું આરાધન કરવું, સ્થિરતા કરવી. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારને છોડી દઈને આવ્યું.

ઉત્તર :- છોડી દઈને આવે છે. છોડીને જ આવ્યું છે ને આ. રાગ-દ્વેષરહિત કીધું ને એનો અર્થ. નિર્મળનો અર્થ જ કર્યો ને રાગ-દ્વેષરહિત એટલે કે વ્યવહારથી રહિત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કથન આવે. વ્યવહારના કથન.

ઘણે ઠેકાણે તો છઠ્ઠા ગુણસ્થાનવાળાને વ્યવહાર કહ્યો છે. નિશ્ચય સમકિત તો છે, પણ ચારિત્ર પૂર્ણ નથી અને વિકલ્પની વાત છે એને વ્યવહાર કહ્યો છે. અને એ વ્યવહાર નિશ્ચયનું કારણ કહ્યું છે. 'પંચાસ્તિકાય'માં ભાઈએ લખ્યું છે ઘણું. સમજાણું કાંઈ? એ કહ્યું છે એ તો ખરેખર તો છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ દશા એ સાતમાનું કારણ કહ્યું છે. પણ એમ નહિ કહેતા સાથે વિકલ્પની જાતને કહ્યું એ વ્યવહારનું અસદ્ભુત વ્યવહારનું કથન છે. આહાહા..! ખરેખર છઠ્ઠા ગુણસ્થાને નિર્મળ એ સાતમાનું કારણ એ સદ્ભુત વ્યવહાર છે. વિકલ્પથી કહેવું એ અસદ્ભુત વ્યવહાર છે. આહાહા..! અને નિશ્ચયથી તો સ્વનું આરાધન કરવું એ જ વસ્તુ છે. આહાહા..!

ત્રિકાળી જ્ઞાયકભાવ. એણે સાંભળ્યું ન હોય, વિચાર્યું ન હોય, બેઠું ન હોય હવે એને. આહાહા..! ત્રિકાળી ભગવાન બિરાજે છે ભગવત્સ્વરૂપ. પરમાત્મપ્રકાશ છે. પરમાત્મપ્રકાશ સ્વરૂપ જ છે. એનું આરાધન. સમજાણું કાંઈ? સરવાળે એ લીધું, જોયું! '**નિશ્ચયનયકર કેવલ નિજરૂપકો હી ધ્યાવતે હૈં.**' દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે એ તો પર્યાયનયે ભેદ પડ્યો. છે આત્મસ્વરૂપ. ઓલા રાગના અભાવરૂપ છે માટે. છતાં નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રણ ભેદ પર્યાયનયે કહેવામાં આવ્યા. એટલે એને પણ ધ્યાવવું નહિ. આહાહા..! એણે તો ભગવાનઆત્મા પૂર્ણ છે તેનું ધ્યાન કરવું. એને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એમ કહે છે. આહાહા..! આવો માર્ગ. સંપ્રદાયના પોષાયેલા જીવો હોય એ આ સાંભળે તો (એમ લાગે), શું કહે છે આ? ધર્મ અને મોક્ષનો માર્ગ આ છે.

'**નિશ્ચયનયકર કેવલ નિજરૂપકો હી...**' જુઓ! પરસ્વરૂપ વીતરાગાદિ નહિ, વ્યવહાર પણ નહિ. આહાહા..! અને ત્રણ પ્રકારની પર્યાય પણ નહિ. એમ કહે છે. આહાહા..! છે ને? '**विशुद्धज्ञानदर्शनं स्वशुद्धात्मस्वरूपं निश्चयनयेन ध्यायन्ति**' સંસ્કૃત ટીકા છે એ. કેવો છે ભગવાન? કે '**विशुद्धज्ञानदर्शनं स्वशुद्धात्मस्वरूपं**' ત્રિકાળ. '**निश्चयनयेन ध्यायन्ति भावयन्तीत्यभिप्रायः।।**' આ એનો અભિપ્રાય છે, તાત્પર્ય. છે. આહાહા..!

---

**अथात्मानं गुणस्वरूपं रागादिदोषरहितं ये ध्यायन्ति ते शीघ्रं नियमेन मोक्षं लभन्ते इति प्रकटयति –**

**१५९) अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे झायंति।**
**ते पर णियमेँ परम-मुणि लहु णिव्वाणु लहंति।।३३।।**

**आत्मानं गुणमय निर्मले अनुदिनं ये ध्यायन्ति।**
**ते परं नियमेन परममुनयः लघु निर्वाण लभन्ते।।३३।।**

अप्पा इत्यादि। अप्पा आत्मानं कर्मतापन्नम् कथंभूतम्। गुणमउ गुणमयं केवलज्ञानाद्यनन्तगुणनिर्वृत्तम्। पुनरपि कथंभूतम्। णिम्मलउ निर्मलं भावकर्मद्रव्यकर्म–नोकर्ममलरहितं अणुदिणु दिनं दिनं प्रति अनुदिनमनवरतमित्यर्थः। इत्थंभूतमात्मानं जे झायंति ये केचन ध्यायन्ति ते पर ते एव नान्ये णियमें निश्चयेन। किंविशिष्टास्ते। परम–मुणि परममुनयः लहु लघु शीघ्रं लहंति लभन्ते। किं लभन्ते। णिव्वाणु निर्वाणमिति। अत्राह प्रभाकरभट्टः। अत्रोक्तं भवद्भिर्य एव शुद्धात्मध्यानं कुर्वन्ति त एव मोक्षं लभन्ते न चान्ये। चारित्रसारादौ पुनर्भणितं द्रव्यपरमाणुं भावपरमाणुं वा ध्यात्वा केवलज्ञानमुत्पादयन्तीत्यत्र विषये अस्माकं संदेहोऽस्ति। अत्र श्रीयोगीन्द्रदेवाः परिहारमाहः। तत्र द्रव्यपरमाणुशब्देन द्रव्यसूक्ष्मत्वं भावपरमाणुशब्देन भावसूक्ष्मत्वं ग्राह्यं न च पुद्गलद्रव्यपरमाणुः। तथा चोक्तं सर्वार्थसिद्धिटिप्पणिके। द्रव्यपरमाणुशब्देन द्रव्यसूक्ष्मत्वं भावपरमाणुशब्देन भावसूक्ष्मत्वमिति। तद्यथा। द्रव्यमात्मद्रव्यं तस्य परमाणुशब्देन सूक्ष्मावस्था ग्राह्या। सा च रागादिविकल्पोपाधिरहिता तस्य सूक्ष्मत्वं कथमिति चेत्, निर्विकल्पसमाधिविषयत्वेनेन्द्रियमनोविकल्पातीतत्वात्। भावशब्देन स्वसंवेदनपरिणामः तस्य भावस्य परमाणुशब्देन सूक्ष्मावस्था ग्राह्या। सूक्ष्मा कथमिति चेत्। वीतरागनिर्विकल्पसमरसीभावविषयत्वेन पञ्चेन्द्रियमनोविषयातीतत्वादिति। पुनरप्याह। इदं परद्रव्यालम्बनं ध्यानं निषिद्धं किल भवद्भिः निजशुद्धात्मध्यानेनैव मोक्षः [१]कुत्रापि भणितमास्ते। परिहारमाह – 'अप्पा झायहि णिम्मलउ' इत्यत्रैव ग्रन्थे निरन्तरं भणितमास्ते, ग्रन्थान्तरे च समाधिशतकादौ पुनश्चोक्तं तैरेव पूज्यपादस्वामिभि :– 'आत्मानमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपजनयन स स्वयंभूः प्रवृत्तः' अस्यार्थः। आत्मानं कर्मतापन्नं आत्मा कर्ता आत्मन्येवाधिकरणभूते असौ पूर्वोक्तात्मा आत्मना करणभूतेन क्षणमन्तर्मुहूर्तमात्रं उपजनयन् निर्विकल्पसमाधिनाराधयन् स स्वयंभूः प्रवृत्तः सर्वज्ञो जात इत्यर्थः। ये च तत्र द्रव्यभावपरमाणुध्येयलक्षणे शुक्लध्याने द्व्याधिकचत्वारिंशद्विकल्पा भणितास्तिष्ठन्ति ते पुनरनीहितवृत्त्या ग्राह्याः। केन दृष्टान्तेनेति चेत्। यथा प्रथमौपशमिकसम्यक्त्वग्रहणकाले परमागमप्रसिद्धाधःप्रवृत्तिकरणादिविकल्पान् जीवः करोति न चात्रेहादिपूर्वकत्वेन स्मरणमस्ति तथात्र शुकलध्याने वेति। इदमत्र तात्पर्यम्। प्राथमिकानां चित्तस्थितिकरणार्थं। विषय–कषायदुर्ध्यानवञ्चनार्थं च परंपरया मुक्तिकारणमर्हदादिपरद्रव्यं ध्येयम्, पश्चात् चित्ते स्थिरीभूते साक्षान्मुक्तिकारणं स्वशुद्धात्मतत्त्वमेव ध्येयं नास्त्येकान्तः, एवं साध्यसाधकभावं ज्ञात्वा ध्येयविषये विवादो न कर्तव्यः इति।।३३।।

---

१. પાઠાન્તર :- कुत्रापि = कुत्र

आगे यह व्याख्यान करते हैं – जो अनंत गुणरूप रागादि दोष रहित निज आत्माको ध्यावते हैं, वे निश्चयसे शीघ्र ही मोक्षको पाते हैं –

गाथा – ३३

अन्वयार्थ :– [ ये ] जो पुरुष [ गुणमय ] केवलज्ञानादि अनंत गुणरूप [ निर्मले ] भावकर्म, द्रव्यकर्म, नोकर्म मल रहित निर्मल [ आत्मानं ] आत्माको [ अनुदिनं ] निरंतर [ ध्यायंति ] ध्यावते हैं, [ ते परं ] वे ही [ परममुनयः ] परममुनि [ नियमेन ] निश्चयकर [ निर्वाण ] निर्वाणको [ लघु ] शीघ्र [ लभंते ] पाते हैं।

भावार्थ :– यह कथन श्रीगुरुने कहा, तब प्रभाकरभट्टने पूछा कि हे प्रभो; तुमने कहा कि जो शुद्धात्माका ध्यान करते हैं, वे ही मोक्षको पाते हैं, दूसरा नहीं। तथा चारित्रसारादिक ग्रंथोंमें ऐसा कहा है, जो द्रव्यपरमाणु और भावपरमाणुका ध्यान करें वे केवलज्ञानको पाते हैं। इस विषयमें मुझको संदेह है। तब श्रीयोगीन्द्रदेव समाधान करते हैं – द्रव्यपरमाणुसे द्रव्यकी सूक्ष्मता और भावपरमाणुसे भावकी सूक्ष्मता कही गई है। उसमें पुद्गल परमाणुका कथन नहीं है। तत्त्वार्थसूत्रकी सर्वार्थसिद्धि टीकामें भी ऐसा ही कथन है, द्रव्यपरमाणुसे द्रव्यकी सूक्ष्मता और भावपरमाणुसे भावकी सूक्ष्मता समझना, अन्य द्रव्यका कथन न लेना। यहाँ निज द्रव्य तथा निज गुण पर्यायका ही कथन है, अन्य द्रव्यका प्रयोजन नहीं है। द्रव्य अर्थात् आत्मद्रव्य उसकी सूक्ष्मता वह द्रव्यपरमाणु कहा जाता है। वह रागादि विकल्पकी उपाधिसे रहित है, उसको सूक्ष्मपना कैसे हो सकता है ? ऐसा शिष्यने प्रश्न किया। उसका समाधान इस तरह है – कि मन इन्द्रियोंके अगोचर होनेसे सूक्ष्म कहा जाता है, तथा भाव (स्वसंवेदनपरिणाम) भी परमसूक्ष्म हैं, वीतराग निर्विकल्प परमसमरसीभावरूप हैं, वहाँ मन और इन्द्रियोंको गम्य नहीं हैं, इसलिये सूक्ष्म है। ऐसा कथन सुनकर फिर शिष्यने पूछा, कि तुमने परद्रव्यके आलम्बनरूप ध्यानका निषेध किया, और निज शुद्धात्माके ध्यानसे ही मोक्ष कहा। ऐसा कथन किस जगह कहा है ? इसका समाधान यह है – 'अप्पा झायहि णिम्मलउ' निर्मल आत्माको ध्यावो, ऐसा कथन इस ही ग्रंथमें पहले कहा है, और समाधिशतकमें भी श्रीपूज्यपादस्वामीने कहा है 'आत्मानम्' इत्यादि। अर्थात् जीवपदार्थ अपने स्वरूपको अपनेमें ही अपने करके एक क्षणमात्र भी निर्विकल्प समाधिकर आराधता हुआ वह सर्वज्ञ वीतराग हो जाता है। जिस शुक्लध्यानमें द्रव्यपरमाणुकी सूक्ष्मता और भावपरमाणुकी सूक्ष्मता ध्यान करने योग्य है, ऐसे शुक्लध्यानमें निजवस्तु और निजभावका ही सहारा है, परवस्तुका नहीं। सिद्धान्तमें शुक्लध्यानके ब्यालीस भेद कहे हैं, वे अवाँछीक वृत्तिसे गौणरूप जानना, मुख्य वृत्तिसे न जानना। उसका दृष्टांत – जैसे उपशमसम्यक्त्वके ग्रहणके समय परमागममें प्रसिद्ध जो

अधःकरणादि भेद हैं, उनको जीव करता है, वे वाँछापूर्वक नहीं होते, सहज ही होते हैं, वैसे ही शुक्लध्यानमें भी ऐसे ही जानना। तात्पर्य यह है कि प्रथम अवस्थामें चित्तके थिर करनेके लिए और विषयकषायरूप खोटे ध्यानके रोकनेके लिये परम्पराय मुक्तिके कारणरूप अरहंत आदि पंचपरमेष्ठी ध्यान करने योग्य है, बादमें चित्तके स्थिर होने पर साक्षात् मुक्तिका कारण जो निज शुद्धात्मतत्त्व है, वही ध्यावने योग्य है। इसप्रकार साध्य–साधकभावको जानकर ध्यावने योग्य वस्तुमें विवाद नहीं करना, पंचपरमेष्ठीका ध्यान साधक है, और आत्मध्यान साध्य है, यह निःसंदेह जानना।।३३।।

---

હવે, જેઓ રાગાદિદોષ રહિત, અનંતગુણસ્વરૂપ આત્માને ધ્યાવે છે તેઓ નિયમથી શીઘ્ર મોક્ષને પામે છે, એમ પ્રગટ કરે છે :

ભાવાર્થ : આ કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે અહીં આપે કહ્યું કે–જે શુદ્ધ આત્માનું ધ્યાન કરે છે તે જ મોક્ષ પામે છે, બીજો કોઈ નહિ; જ્યારે ચારિત્રસાર આદિ ગ્રંથોમાં કહ્યું છે કે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુને ધ્યાવીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે તો આ વિષયમાં મને સંદેહ છે.

અહીં, શ્રી યોગીન્દ્રદેવ પરિહાર કરે છે :– ત્યાં 'દ્રવ્યપરમાણુ', શબ્દથી દ્રવ્યનું સૂક્ષ્મપણું અને 'ભાવપરમાણુ' શબ્દથી ભાવનું સૂક્ષ્મપણું સમજવું પણ પુદ્‌ગલદ્રવ્યપરમાણુ ન સમજવો. સર્વાર્થસિદ્ધિની ટીકામાં પણ કહ્યું છે કે 'દ્રવ્યપરમાણુ' શબ્દથી દ્રવ્યની સૂક્ષ્મતા અને 'ભાવપરમાણુ' શબ્દથી ભાવની સૂક્ષ્મતા સમજવી. તે આ પ્રમાણે–દ્રવ્ય અર્થાત્ આત્મદ્રવ્ય સમજવું, તેની 'પરમાણુ' શબ્દથી સૂક્ષ્મ અવસ્થા સમજવી. તે સૂક્ષ્મ અવસ્થા રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત છે.

શંકા : તે સૂક્ષ્મ કઈ રીતે છે ?

તેનું સમાધાન : નિર્વિકલ્પ સમાધિનો વિષય હોવાથી અને ઈન્દ્રિય, મનના વિકલ્પથી અતીત હોવાથી તેને સૂક્ષ્મપણું હોય છે.

'ભાવ' શબ્દથી સ્વસંવેદનપરિણામ સમજવા, તે ભાવની 'પરમાણુ' શબ્દથી સૂક્ષ્મ અવસ્થા સમજવી.

શંકા : તે (સૂક્ષ્મ અવસ્થા) સૂક્ષ્મ કઈ રીતે છે ?

તેનું સમાધાન : વીતરાગ નિર્વિકલ્પ સમરસીભાવનો વિષય હોવાથી અને પંચેન્દ્રિય, મનના વિષયથી રહિત હોવાથી તેને સૂક્ષ્મપણું છે. શિષ્ય ફરી પૂછે છે કે ખરેખર આપે આ પરદ્રવ્યના આલંબનરૂપ ધ્યાનનો નિષેધ કર્યો ને નિજશુદ્ધાત્માના ધ્યાનથી જ મોક્ષ છે એમ કહ્યું, તો આવું કથન ક્યાં કહેલ છે ?

તેનો પરિહાર કહે છે 'अप्पा झायहि णिम्मलउ'

**(અર્થ : નિર્મળ આત્માનું ધ્યાન કરો) એવું કથન આ ગ્રંથમાં જ નિરંતર કહેતા આવ્યા છીએ. તે જ પૂજ્યપાદસ્વામીએ સમાધિશતકના પ્રારંભમાં કહ્યું છે કે आत्मानमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपजनयन स स्वयंभूः प्रवृत्तः' [1]તેનો અર્થ : પોતે પોતાને પોતામાં પોતાથી અન્તર્મુહૂર્તમાત્ર નિર્વિકલ્પ સમાધિ વડે આરાધતો થકો સ્વયંભૂ થાય છે – સર્વજ્ઞ થાય છે. દ્રવ્યભાવપરમાણું (દ્રવ્યસૂક્ષ્મપણું અને ભાવસૂક્ષ્મપણું) ધ્યેયસ્વરૂપે હોય છે એવા શુક્લધ્યાનમાં સિદ્ધાંતમાં જે બેતાલીશ ભેદો કહ્યા છે તે પણ અનીહિત વૃત્તિથી સમજવા. ક્યા દૃષ્ટાંતથી? એવા પ્રશ્નના ઉત્તરમાં તેનું દૃષ્ટાંત આપવામાં આવે છે.**

**જેવી રીતે પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વના ગ્રહણ સમયે પરમાગમમાં પ્રસિદ્ધ અધઃપ્રવૃત્તિકરણાદિ ભેદોને જીવ કરે છે પણ અહીં ઈહાઆદિપૂર્વકપણાથી હોતું નથી, તેવી રીતે અહીં શુક્લધ્યાનમાં પણ સમજવું.**

**અહીં, આ તાત્પર્ય છે કે પ્રાથમિક જીવોને ચિત્તને સ્થિર કરવા માટે અને વિષયકષાયરૂપ દુર્ધ્યાનની વંચનાર્થે પરંપરાએ મુક્તિનું કારણ એવું અર્હંતાદિ પરદ્રવ્ય ધ્યાવવા યોગ્ય છે, પછી ચિત્ત જ્યારે સ્થિર થાય ત્યારે સાક્ષાત્ મુક્તિનું કારણ એવું સ્વશુદ્ધાત્મતત્ત્વ જ ધ્યાવવા યોગ્ય છે, ત્યાં એકાંત નથી, એ પ્રમાણે સાધ્યસાધકભાવ જાણીને ધ્યેયના વિષયમાં વિવાદ કરવો નહિ. ૩૩.**

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

'**આગે યહ વ્યાખ્યાન કરતે હૈં**–' એ જ વ્યાખ્યાનને વિશેષ કરે છે. ૩૩.

**१५९) अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे झायंति।**
**ते पर णियमें परम–मुणि लहु णिव्वाणु लहंति।।३३।।**

'**જો અનંતગુણરૂપ રાગાદિ દોષ રહિત...**' ભગવાનઆત્મા અંદર કેવો છે? અનંતગુણરૂપ. આહાહા..! આત્મગુણસ્વરૂપ છે ને? ગુણસ્વરૂપ. '**રાગાદિ દોષ રહિત...**' માથે એ છે. '**અનંતગુણરૂપ...**' અનંતગુણ સ્વરૂપ કહ્યું છે. ટીકા. અનંતગુણસ્વરૂપ એટલે અનંતગુણરૂપ. આહાહા..! મહાજ્યોતિ ચૈતન્યધામ પૂર્ણાનંદસ્વરૂપ એવું જે '**અનંતગુણરૂપ રાગાદિ દોષ રહિત...**' વ્યવહારના વિકલ્પના દોષથી પણ રહિત. આહાહા..!

---

૧. આત્મા કર્તાપણે આત્મસ્વરૂપ અધિકરણમાં આત્મારૂપ કરણ વડે (સાધન વડે) આત્મારૂપ કર્મને ક્ષણ-અન્તર્મુહૂર્તમાત્ર ઉપજાવતો થકો-નિર્વિકલ્પ સમાધિ વડે આરાધતો થકો સ્વયમેવ જ સર્વજ્ઞ થાય છે.

વ્યવહારરત્નત્રયનો રાગ પણ દોષસ્વરૂપ છે. અરે..! આકરું લાગે. ભગવાનની ભક્તિ એ રાગરૂપ છે, દોષસ્વરૂપ છે. માણસને લાગે, હોં! ભક્તિના કરનારાને ભક્તિથી લાભ થાય એમ માનનારને આ ભારે આકરું લાગે. ભક્તિ આદિ હોય છે. જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી એવો ભાવ આવે છે. પણ એ ભાવ સદોષ છે.

મુમુક્ષુ :- નિશ્ચયભક્તિ તો સમ્યગ્દર્શન છે.

ઉત્તર :- એ ભક્તિ તો અંતરની છે. આ ભક્તિ વ્યવહાર. આહા..! નિશ્ચયભક્તિ જ આત્માની છે. આવ્યું છે ને? 'નિયમસાર'માં આવ્યું છે. 'સમયસાર'ની 'જયસેનાચાર્ય'ની ટીકામાં આવ્યું છે. 'નિયમસાર'માં તો આખો ભક્તિનો અધિકાર છે. ત્યાં તો શ્રાવક અને મુનિ બેય નિશ્ચયભક્તિ કરે છે એમ લીધું છે. શ્રાવક અને મુનિ બેય. આહાહા..! નિશ્ચયભક્તિ વર્ણન છે, 'નિયમસાર'માં. પોતાનો ભગવાનઆત્મા, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાની ભક્તિ. જુઓ! એણે ત્રણેય લીધી છે. શ્રાવકને ત્રણેય લીધી છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ નિર્મળ, હોં! નિશ્ચય. આહાહા..! ત્યાં બે નથી લીધા. ઓલા કહે ને શ્રાવકને શુદ્ધઉપયોગ ન હોય. એ તો શ્રાવકને શુદ્ધોપયોગ મુનિને યોગ્ય છે એ ન હોય. આહાહા..! મુનિને જે છે એ ક્યાં છે એને. એને યોગ્ય શુદ્ધઉપયોગ બરાબર છે. આહાહા..! શુદ્ધઉપયોગ નથી તો ધર્મ જ નથી. આહાહા..!

**'જો અનંત ગુણરૂપ રાગાદિ દોષ રહિત નિજ આત્માકો ધ્યાવતે હૈં, વે નિશ્ચયસે શીઘ્ર હી મોક્ષકો પાતે હૈં–'** લ્યો! **'શીઘ્રં'** શબ્દ પડ્યો છે. એમાં ક્રમ ક્યાં રહ્યો? ક્રમબદ્ધ. એ ક્રમબદ્ધમાં જ શીઘ્ર આવ્યું. જે કોઈ રત્નત્રયનું આરાધન કરે અને અલ્પકાળમાં જ મોક્ષ થાય એવો ક્રમબદ્ધ જ એ છે. શીઘ્ર થાય એટલે ત્યાં ક્રમ તૂટી ગયો છે એમ નથી. આહાહા..! શબ્દે શબ્દે વાંધા ઉઠાવે અને ઊઠે. શબ્દે શબ્દે સત્યાર્થ હોય એ પ્રગટ થાય એવું છે. આહાહા..! એ શીઘ્ર હી, પાછું એમ છે ને? છે ને? **'शीघ्रं नियमेन मोक्षं लभन्ते'** લ્યો! **'शीघ्रं नियमेन मोक्षं लभन्ते'** એટલે? જેણે ભગવાનઆત્માની શ્રદ્ધા-જ્ઞાનનું ધ્યાન કર્યું આત્માનું, એને તો અલ્પકાળમાં જ, શીઘ્ર એટલે અલ્પકાળમાં જ મોક્ષનો પર્યાય આવશે. એના ક્રમમાં એ જ આવશે. એને ઝાઝો કાળ લાગશે નહિ, એમ કહેવું છે. શીઘ્રનો અર્થ એના ક્રમ સિવાય વહેલો મોક્ષ થશે એમ અર્થ નથી. પણ એવા જીવને અલ્પકાળ જ હોય મોક્ષ થવાને. એનું નામ શીઘ્ર. આમાં પણ તોડી નાખી છે. જુઓ! શીઘ્ર થાય છે. એમાં ક્યાં ક્રમ રહ્યો? એ ક્રમમાં જ અલ્પકાળમાં થશે એમ શીઘ્ર થાય છે.

જેણે ભગવાનઆત્માનું સેવન કર્યું... આહાહા..! દર્શન-જ્ઞાન-ચારિત્રથી જેણે આત્માનું સેવન કર્યું, એને તો અલ્પકાળમાં જ કેવળ થશે. બીજ ઊગી છે તે ક્રમમાં પૂનમ થવાની જ. એ ક્રમ છે એનો. ત્રીજ, ચોથ થઈને તેરમે દિ' ત્યાં પૂનમ જ થવાની. એમ જેણે આત્માના શુદ્ધ સ્વરૂપનું આરાધન કર્યું એને હવે મોક્ષનો કાળ જ અલ્પ છે. એનું નામ શીઘ્ર છે. સમજાણું કાંઈ? આહાહા..! વાંધા કાઢવા હોય એને વાક્યે-વાક્યે વાંધા છે. 'ચંદુભાઈ'!

આહાહા..! એની ખબર છે બધા વાંધાવાળાની. ૩૩. લ્યો! ૩૩મું વર્ષ આ ૩૩ આવી. ત્રીજ ને ૩૩. ત્રીજ છે ને આજે.

**१५९) अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे झायंति।**
**ते पर णियमेँ परम-मुणि लहु णिव्वाणु लहंति।।३३।।**

**અન્વયાર્થ :-** '**જો પુરુષ...**' એટલે આત્મા. '**કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ...**' આહાહા..! એવો જે આત્મા. કેવળ જ્ઞાન. કેવળજ્ઞાન પર્યાયની વાત નહિ, હોં! કેવળ જ્ઞાન- એકલું જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા, જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ 'અનુભવપ્રકાશ'માં લીધું છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. રાગાદિ આત્મા નહિ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ રાગાદિ આત્મા નહિ. જ્યાં જ્યાં જ્ઞાન. જ્ઞાન એટલે શાસ્ત્રનું એ નહિ. અંદર જ્ઞાનગુણ. જાણવાનો ગુણ. જ્યાં જ્યાં ગુણ ત્યાં ત્યાં આત્મા અને જ્યાં જ્યાં આત્મા ત્યાં જ્ઞાનગુણ. એવો જે '**કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ મલ રહિત...**' લ્યો! નિર્મળની વ્યાખ્યા કરી. '**નિર્મલ આત્માકો...**' આહાહા..! એવો જે ભગવાન પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવા નિર્મળ આત્માને '**अनुदिनं**' '**अनुदिनं**' એટલે દિન દિન પ્રત્યે એટલે નિરંતર. આહાહા..!

'**નિરંતર ધ્યાવતે હૈં,...**' આહાહા..! જુઓ! અહીં ભાવકર્મ કાઢી નાખ્યું, જોયું! વ્યવહારરત્નત્રયનો રાગ એ ભાવકર્મ છે. નિર્મળમાં કાઢી નાખ્યું ને? નિર્મળની વ્યાખ્યામાં કાઢી નાખ્યું. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ ભાવકર્મ છે. આહાહા..! એવા '**ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ મલ રહિત નિર્મલ આત્માકો નિરંતર ધ્યાવતે હૈં,...**' '**अनुदिनं**'ની વ્યાખ્યા કરી. '**अनुदिनं**' ક્યાંક આવે છે એવું. '**વે હી પરમમુનિ...**' મુનિની પ્રધાનતાથી કથન છે ને. '**परममुनयः**' '**નિશ્ચયકર નિર્વાણકો...**' મોક્ષને. લઘુ આવ્યું જોયું? શીઘ્ર. માથે શીઘ્ર કહ્યું હતું ને? લઘુ એટલે શીઘ્રકાળમાં મોક્ષ થશે. આહાહા..! જે નિરંતર '**ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ મલ રહિત નિર્મલ આત્માકો નિરંતર ધ્યાવતે હૈં,...**' આહાહા..! '**વે હી પરમમુનિ નિશ્ચયકર નિર્વાણકો શીઘ્ર પાતે હૈં.**' પાઠમાં જ છે '**लघु**'. એને અલ્પકાળમાં મોક્ષ થશે. એને લાંબો કાળ રહેશે નહિ. આહાહા..!

**ભાવાર્થ :-** '**યહ કથન શ્રીગુરુને કહા, તબ પ્રભાકરભટ્ટને પૂછા કિ હે પ્રભો; તુમને કહા કિ જો શુદ્ધાત્માકા ધ્યાન કરતે હૈં, વેહી મોક્ષકો પાતે હૈં, દૂસરા નહીં.**' તો શાસ્ત્રમાં તો બીજું કહ્યું છે ને. એમ કહેશે. દ્રવ્ય પરમાણુનું અને ભાવપરમાણુનું ધ્યાન કરવાનું કહ્યું. તમે કહો કે આત્માનું ધ્યાન કરવું. તો 'દ્રવ્યસાર'માં એ છે. દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુ. એની શું વ્યાખ્યા એ કરશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૪, મંગળવાર**
**તા. ૨૬-૧૦-૧૯૭૬, ગાથા-૩૩, પ્રવચન નં. ૧૧૫**

'પરમાત્મપ્રકાશ' ૩૩-ગાથા. આચાર્યે એમ કહ્યું, નિરંતર ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય છે એનું ધ્યાન કરવું એ મોક્ષનું કારણ છે. ગાથા. સમજાણું કાંઈ? છે ને? '**જો પુરુષ કેવલજ્ઞાનાદિ અનંત ગુણરૂપ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ મલ રહિત નિર્મલ આત્માકો નિરંતર ધ્યાવતે હૈં,...**' ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય એને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એનું જે ધ્યાન કરે છે અથવા ધ્યાનના વિષયમાં એને દૃષ્ટિમાં લે છે. પર્યાયમાં, પૂર્ણ જ્ઞાન છે તે વિષય કરીને-ધ્યેય બનાવીને ધ્યાન કરે છે એને મુક્તિ થાય છે. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો.

**ભાવાર્થ :- 'યહ કથન શ્રીગુરુને કહા, તબ પ્રભાકરભટ્ટને પૂછા કિ હે પ્રભો; તુમને કહા કિ જો શુધાત્માકા ધ્યાન કરતે હૈં, વે હી મોક્ષકો પાતે હૈં,...**' શુદ્ધ આત્મા પરમપવિત્ર, એનું ધ્યાન કરતા (મોક્ષ પમાય છે). એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્માનું ધ્યાન છે. સમજાય છે કાંઈ? તો આપે તો શુદ્ધાત્માના ધ્યાનથી મોક્ષ કહ્યું. બીજું નહિ. બીજો ઉપાય નથી એમ કહ્યું આપે. '**તથા ચારિત્રસારાદિક ગ્રંથોંમેં...**' બીજા ગ્રંથોમાં તો બીજું કહ્યું છે. ચારિત્ર આદિ ગ્રંથમાં. '**જો દ્રવ્યપરમાણુ ઔર ભાવપરમાણુકા ધ્યાન કરેં...**' બીજા ગ્રંથમાં એમ કહ્યું છે કે દ્રવ્ય પરમાણુ અને ભાવ પરમાણુનું ધ્યાન કરે તો મોક્ષ થાય. બેમાં કેમ ફેર પડ્યો? સમજાણું કાંઈ? '**દ્રવ્યપરમાણુ ઔર ભાવપરમાણુકા ધ્યાન કરેં વે કેવલજ્ઞાનકો પાતે હૈં. ઈસ વિષયમેં મુજકો સંદેહ હૈ.**' આ વિષયમાં 'પ્રભાકરભટ્ટ' શિષ્ય કહે છે કે મને સંદેહ છે. આ બેમાં ફેર કેમ પડ્યો?

'**યોગીન્દ્રદેવ સમાધાન કરતે હૈં - દ્રવ્યપરમાણુસે દ્રવ્યકી સૂક્ષ્મતા...**' લેવી. ત્યાં પરમાણુ ન લેવા, એમ કહે છે. દ્રવ્ય પરમાણુ એટલે રજકણ જે રૂપી પરમાણુ છે એ ન લેવો. દ્રવ્ય પરમાણુની વ્યાખ્યા '**દ્રવ્યકી સૂક્ષ્મતા...**' દ્રવ્ય પરમાણુ, દ્રવ્ય પરમ-અણુ. સૂક્ષ્મતા. દ્રવ્યની સૂક્ષ્મતા. ભાવપરમાણુ ભાવની સૂક્ષ્મતા. બે અર્થ કર્યા. દ્રવ્યપરમાણુ એટલે રજકણ નહિ. ઈન્દ્રિય ગ્રાહ્ય નથી એવો અતીન્દ્રિય સ્વભાવ ભગવાન, એને દ્રવ્ય સૂક્ષ્મ અથવા દ્રવ્ય પરમાણુ કહેવામાં આવે છે. આહાહા..! અને ભાવપરમાણુ-સ્વસંવેદન પર્યાયને ભાવપરમાણુ કહે છે. સમજાય છે કાંઈ?

આત્મા જે અખંડ શુદ્ધ ચૈતન્યઘન એ સૂક્ષ્મ છે. એથી એને દ્રવ્ય પરમાણુ કહેવામાં આવે છે. પરમાણુ ઓલો જડનો રજકણ ન લેવો. અને ભાવસૂક્ષ્મતા એટલે રાગ અને વિકલ્પ ન લેવો ત્યાં. આત્માની સન્મુખની સ્વસંવેદન-સ્વ નામ પોતાનું, સં એટલે પ્રત્યક્ષ વેદન, એવી સમ્યગ્દર્શન-જ્ઞાનની સ્વસંવેદન પરિણતિ તેને અહીંયાં ભાવસૂક્ષ્મ કહે છે.

સમજાણું કાંઈ? ભાવસૂક્ષ્મતા એટલે ઓલા પરમાણુનો ભાવસૂક્ષ્મ એ અહીં નથી લેવાનો.

'**ઉસમેં પુદ્‌ગલ પરમાણુકા કથન નહીં હૈ.**' એમાં પુદ્‌ગલ જે પરમાણુ છે એના ધ્યાનની વાત ત્યાં છે જ નહિ. જડની ક્યાં વાત કરવી? આહાહા..! '**તત્ત્વાર્થસૂત્રકી સર્વાર્થસિદ્ધિ ટીકામેં ભી...**' 'તત્ત્વાર્થસૂત્ર' છે જે 'ઉમાસ્વામી'નું. દશલક્ષણ પર્વમાં જે વંચાય છે. એ સૂત્રમાં એની ટીકા સર્વાર્થસિદ્ધિ નામની ટીકા છે. એમાં '**ઐસા હી કથન હૈ,...**' આહાહા..! '**દ્રવ્યપરમાણુસે દ્રવ્યકી સૂક્ષ્મતા ઔર ભાવપરમાણુસે ભાવકી સૂક્ષ્મતા કહી ગઈ હૈ.**' 'તત્ત્વાર્થસૂત્ર'ની સર્વાર્થસિદ્ધિ ટીકામાં પણ એ કહ્યું છે. ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણ વસ્તુ, એનું ધ્યાન કર. આહાહા..! અને કાં એની સ્વસંવેદન નિર્મળ પરિણતિ એમાં ઠર. આ માર્ગ છે. વ્યવહારના વિકલ્પથી અને આથી થાય એ વાત તો અહીં લીધી નથી. શુભરાગ એ તો પુણ્યબંધનું કારણ છે. એ અબંધ સ્વભાવના પરિણામનું કારણ થાય નહિ. આહાહા..! આવી વાત છે.

અત્યારે માણસો થોડું એમ કહે છે, સમન્વય કરો. થોડું તમે ઢીલું કરો, અમે થોડું ઢીલું કરીએ. બેનો મેળ કરો-સમન્વય કરો એમ કહે છે. આમાં ઢીલું શું થાય? વસ્તુ જે છે અખંડ પરમાત્મસ્વરૂપે પરમાત્મા-આત્મા (છે). આ પરમાત્મપ્રકાશ છે ને? પર્યાયનું લક્ષ છોડી દયો તો એ વસ્તુ પરમાત્મા જ છે. આહાહા..! ભગવંત પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા છે. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' જિનપ્રવચન- વીતરાગ ત્રિલોકનાથ, એના વચનનો મર્મ આ આત્મા જિનસ્વરૂપ છે તે જાણ. આહાહા..! વીતરાગસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, પરમેશ્વરસ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ છે, ભગવંતસ્વરૂપ છે, ઈશ્વરસ્વરૂપ છે, બ્રહ્માસ્વરૂપ છે, વિષ્ણુસ્વરૂપ છે, શંકરસ્વરૂપ છે. ઓલા બીજા બ્રહ્મા કહે એ નહિ, હોં! બ્રહ્માનંદ સ્વરૂપ ભગવાન માટે બ્રહ્મસ્વરૂપ છે. વિષ્ણુ-જ્ઞાન સર્વને જાણે છે એ અપેક્ષાએ જ્ઞાન આત્મા પોતે સર્વવ્યાપક વિષ્ણુ છે. શંકર-સુખનું કારણ છે. સુખસ્વરૂપ જ છે. ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેને અહીં શંકર કહે છે. ઓલા બીજા શંકર કહે છે એ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એવો જે...

'**યહાં જિન દ્રવ્ય તથા નિજ ગુણ પર્યાયકા હી કથન હૈ,...**' જુઓ! દ્રવ્ય પરમાણુમાં નિજ આત્માનું કથન છે અને ભાવપરમાણુમાં ભાવની સૂક્ષ્મતા (લેવી). ઓલામાં દ્રવ્યની સૂક્ષ્મતા, સૂક્ષ્મ દ્રવ્ય. અને ભાવ પરમાણુમાં ભાવની સૂક્ષ્મતા. નિર્મળ પર્યાય વીતરાગી પર્યાયને અહીં સૂક્ષ્મ કહી છે. સમજાણું કાંઈ? '**અન્ય દ્રવ્યકા પ્રયોજન નહીં હૈ.**' જેને આત્માને મુક્તિ કરવી છે એમાં એના ધ્યાનમાં પરમાણુ દ્રવ્ય અથવા પોતે એની પર્યાય એ જ એનો વિષય છે. અન્ય દ્રવ્યનું અહીં કામ નથી. આહાહા..! હવે જેને નિજ દ્રવ્ય શું છે? કેવડું છે? ક્યાં છે? કેમ છે એની ખબર નથી. એ એનું ધ્યાન શી રીતે કરે? જે કંઈ વસ્તુ ખ્યાલમાં આવી હોય, જ્ઞાનની પર્યાયમાં આ જ્ઞેય છે એમ ભાસ થયો હોય તો એમાં ઠરવાની ચારિત્રદશા થાય. પણ વસ્તુની જ્યાં ખબર નથી કે વસ્તુ કેવડી અને ક્યાં છે? સમજાણું

કાંઈ? આહાહા..! આવી વાતું (ઝીણી) એટલે લોકોને અત્યારે વ્યવહાર કરે છે એ કરો. વ્યવહારથી હળવે હળવે (થાશે). નિશ્ચયનું લક્ષ રાખીને વ્યવહાર કરો, એમ કહે છે. એટલે શું હશે? વ્યવહાર કરું, એવી જે કર્તૃત્વબુદ્ધિ છે ત્યાં નિશ્ચયનું લક્ષ હોઈ શકે જ નહિ. આહાહા..! 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન... (કરવા સોઈ)' એ કાલે આવ્યું છે 'નરેન્દ્ર'નું. એમ કે વ્યવહાર નિશ્ચયનું લક્ષ રાખીને કરો. હળવે હળવે એનાથી થઈ જશે. અરે..! ભગવાન!

વસ્તુ છે એ તદ્દન ચૈતન્યજ્યોત છે એનું વળી લક્ષ એટલે શું? એની અંતર દૃષ્ટિ કરવી, નિર્વિકલ્પ દૃષ્ટિથી તે ધ્યેયમાં આવી જાય છે. આહાહા..! એ સિવાય બીજી કોઈ રીત છે નહિ. ઝીણી વાત પડે માણસને તેથી આ (કઠણ લાગે છે). આખો દિ' વ્યવહાર-વ્યવહાર થાય, ભક્તિ, પૂજા, વાંચન, શ્રવણ, જાત્રા, ચર્ચા એ બધામાં તો વિકલ્પ હોય છે. આહાહા..! એથી વિકલ્પથી થાય એવી વાત એને બેસી જાય છે. પણ એ તો ચિંતવનના વિકલ્પથી પણ એ પાર ચીજ છે. એનું ચિંતવન કરવું કે આવો છે... આવો છે... આવો છે.. એ પણ વિકલ્પ રાગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ છે વસ્તુ. આ સત્યનો આગ્રહ છે. આહાહા..!

જ્ઞાયકસ્વરૂપ, જેને છઠ્ઠી ગાથામાં કીધું ને? જે જ્ઞાયકસ્વભાવ તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. પહેલેથી છઠ્ઠું પ્રમત્ત અને સાતમાથી ચૌદ (અપ્રમત્ત), એ પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કીધું. આહાહા..! કેમકે જ્ઞાયકભાવ છે એ વ્યવહારનો જે શુભભાવ એ રૂપે જ્ઞાયકભાવ થયો નથી. સમજાય છે કાંઈ? જો થાય તો શુભભાવ છે તે અચેતન છે. શુભભાવમાં ચેતનનો અભાવ છે. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનું સ્મરણ, ભગવાનનું સ્મરણ એ બધો ભાવ અચેતન છે. આહાહા..! એ શુભભાવમાં ચેતનનો અંશ નથી. ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનો પિંડ પ્રભુ, સૂર્યના કિરણો તો ધોળા હોય. એમ આત્માનું કિરણ તો નિર્મળ હોય. એ રાગ એનું કિરણ છે નહિ. ઝીણી વાતું આવી એટલે લોકોને (આકરું પડે)... આહાહા..!

કહે છે કે એ શુભરાગ ધ્યાન કરવા લાયક નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એ ધ્યાન કરવા લાયક છે. દ્રવ્યપરમાણુ એને કહીએ. દ્રવ્યસૂક્ષ્મ. કાં સ્વસંવેદન. આહાહા..! સ્વ એટલે દ્રવ્ય, એનું વેદન એને અહીં પર્યાય લીધી. રાખ્યો તો ખરો એમાં પાછો. સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાનઆત્મા એ દ્રવ્ય સૂક્ષ્મ પરમાણુ. એનું ધ્યાન એ પર્યાય છે. પણ એ પર્યાયનો વિષય છે એ દ્રવ્ય છે. આહાહા..! આવું ઝીણું પડે. અને ભાવસૂક્ષ્મ એટલે, ભાવપરમાણુ એટલે એ ભગવાન શુદ્ધ ચૈતન્યની સન્મુખ, એના સન્મુખનું સ્વસંવેદન, પોતાનું વેદન અને પ્રત્યક્ષ જ્ઞાનનું અનુભવવું એને ભાવપરમાણુ, ભાવસૂક્ષ્મ કહેવામાં આવે છે. આહાહા..! બધી ભાષા નવી લાગે. આ તો કહે છે, દ્રવ્યપરમાણુ, ભાવપરમાણુ, એ વ્યવહારના ચારિત્ર ગ્રંથ છે એમાં પણ આમ કહ્યું છે. જે વ્યવહારના શાસ્ત્ર છે ચારિત્રસાર આદિ. કીધું ને? અથવા તત્ત્વાર્થસૂત્ર લીધું. જે પર્યાયપ્રધાન

કથન છે એમાં. એમાં એ દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુને આત્મા અને આત્માનું વેદન લીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? આખો ભગવાન પૂર્ણાનંદ એક સમયની વિકૃત અવસ્થાની પાછળ જાગતી જ્યોત ચૈતન્યબિંબ પ્રભુ છે. આહાહા..! એની દૃષ્ટિ કરવી એ એનું ધ્યાન છે. એ મોક્ષનો ઉપાય છે. વ્યવહાર-વ્યવહાર વચ્ચે આવે એ મોક્ષનો ઉપાય નથી. એમ થયું ને ભેગું? વાંધા બધા પંડિતોને અત્યારે આ છે. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર ક્યાંથી આવ્યો? નિશ્ચય વિના વ્યવહાર હોઈ શકે નહિ.

જેને આત્મા ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનો અનુભવ થઈને સમ્યગ્દર્શન નથી એને વ્યવહાર ક્યાંથી આવ્યો? સમ્યગ્દર્શન શુદ્ધ દ્રવ્ય સ્વભાવનો અનુભવ (થાય), એને પછી જે રાગ આવે એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ છતાં એ વ્યવહાર બંધનું કારણ છે. આહાહા..! જ્ઞાનીનો રાગ પણ બંધનું કારણ છે. કેમકે રાગ તે કર્મધારા છે. અને આત્મા તરફના શ્રદ્ધા-જ્ઞાન આદિ એ જ્ઞાનધારા છે. આહાહા..! આવી વાતું છે. સૂક્ષ્મ કહેશે.

'**વહ રાગાદિ વિકલ્પકી ઉપાધિસે રહિત હૈ, ઉસકો સૂક્ષ્મપના કૈસે હો સકતા હૈ? ઐસા શિષ્યને પ્રશ્ન કિયા. ઉસકા સમાધાન...**' એટલે શું કહ્યું? કે જે આત્માને તમે દ્રવ્યપરમાણુ કહીને સૂક્ષ્મ કીધું એ વિકલ્પરહિત છે, એને સૂક્ષ્મ તમે શી રીતે કહો છો? વિકલ્પ ઉપાધિથી રહિત છે. એવાને સૂક્ષ્મ કેમ કહો છો? પ્રશ્ન સમજાય છે? પ્રશ્નકારે એમ કહ્યું કે જેમાં વિકલ્પની આદિ તો છે નહિ. એવી ચીજને તમે સૂક્ષ્મ શી રીતે કહો છો? એમ કહે છે. સમજાણું કાંઈ? વિકલ્પ છે દયા, દાનનો ગુણ-ગુણી ભેદ વિકલ્પ છે એ તો અંદર સૂક્ષ્મ છે. બીજાની અપેક્ષાએ. પણ આ તો વિકલ્પરહિત છે એને તમે સૂક્ષ્મ શી રીતે કહો છો? વિકલ્પને તો સ્થુળ, સ્થુળ પરિણામ (કહ્યા છે). એને સૂક્ષ્મ કહ્યા જ નથી. પુણ્ય-પાપના અધિકારમાં સ્થુળ સંક્લેશ પરિણામથી, સ્થુળ સંક્લેશ અશુભ પરિણામથી નિવર્ત્યો, પણ સ્થુળ શુભ પરિણામથી નિવર્ત્યો નથી. એમ છે. તેથી એને સામાયિક અને સમ્યગ્દર્શન નથી એમ કહે છે. કહો, 'જાદવજીભાઈ'! સામાયિક કરીને બધી સામાયિકું?

અંદરમાં શુભભાવ (થાય) એને સ્થુળ કીધો છે. 'પુણ્ય-પાપ અધિકાર'માં. સામાયિકની પ્રતિજ્ઞા લઈને પણ અશુભ સંકલ્પ સ્થુળને છોડે છે પણ સ્થુળ શુભવિકલ્પને છોડતો નથી તેથી તેને સામાયિક થતી નથી. આહાહા..! અહીં તો સામાયિક કરીને બેસે. ભાન કાંઈ ન મળે. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરે (એટલે) થઈ ગઈ સામાયિક. એમાં વળી કોઈ ધ્યાન આપી દે. બાપા! કુંચી ક્યાં મૂકી છે? એ વળી વચ્ચે કહી દે. મારી પાસે છે કુંચી અહીં? એ ખબર નથી તને? ગોખલામાં આપણે મૂકીએ છીએ દર વખતે, નથી ખબર? આહાહા..! હજી તો એના શુભપરિણામના ઠેકાણા નથી. અને હોય તોપણ તે ધર્મ સામાયિક નથી. આહાહા..! સામાયિક ને પોષા અને પડિકમણા કરે છે ને? એના શુભભાવના ઠેકાણા નથી હજી. એને સામાયિક, પડિક્કમણા ક્યાંથી લાવવા? શુભભાવ સ્થુળ છે, સ્થુળ છે. એનાથી રહિત ભગવાનઆત્મા અને એની પરિણતિ તે સૂક્ષ્મ છે. આહાહા..! આવી વાતું સાંભળવા મળે નહિ. કો'ક દિ' મળે એમાં ક્યાં આમાં... મુસાફર આવ્યો છે. રખડતો રખડતો

ચોર્યાસીના અવતારમાં. અને ૫-૫૦, ૬૦, ૭૦, ૮૦ (વર્ષ) મુદ્દત શરીરની હોય. કેટલી હોય વધારે? આહાહા..! એમાં આ શુભભાવની ક્રિયામાં ધર્મ માની અને સ્વરૂપને ઓળખે નહિ એનો જન્મ અફળ જાય છે. આહાહા..!

જે અનંતા ભવને એક ભવમાં અભાવરૂપ કરવાનું ટાણું છે આ. 'શ્રીમદ્' કહે છે, 'શ્રીમદ્'. 'શ્રીમદ્ રાજચંદ્ર'માં આવે છે. અનંતભવને આ એક ભવમાં ટાળવા એવો આ ભવ છે. આહાહા..! ચોર્યાસી લાખના અવતાર, ભાઈ! ભૂલી ગયો છે. અહીં જરી માણસ થયો, શરીર કાંઈક ઠીક મળ્યું, કાંઈક બાયડી, છોકરા, વેપાર અને ધંધો સરખો ચાલ્યો એટલે આપણે જાણે ફાવ્યા અને વધી ગયા. 'શાંતિભાઈ'! 'ચીમનભાઈ' પાસે ક્યાં એટલા બધા પૈસા હતા. તમે છોકરા થયા. પૈસા વધાર્યા કે નહિ? તો વધ્યા કહેવા કે નહિ? નહિ? આહાહા..! એ તો કહ્યું નહિ 'શ્રીમદ્'? 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો. શું કુટુંબ અને પરિવારથી વધવાપણું એ નહિ ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.' આહાહા..! ઝાઝા છોકરા, ઝાઝા પૈસા, ઝાઝા મકાન થઈ રહ્યું, એમાં ગૂંચવાઈ ગયો. નરદેહને હારી ગયો. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહાર પ્રમાણે...

ઉત્તર :– એય..! 'મનસુખ'! વ્યવહાર કરવામાં મજા આવે છે એમ કહે છે. એને રોકાવું પડ્યું ઓલા છોકરાને જુદું કરવું હતું તો. અહીં નિવર્તવું હતું. ત્યાં ત્રણે જુદા થયા. એ પછી જોડાવું પડ્યું ત્યાં. આરે! આરે! આ તો પોતાનું મૂકીને પરમાં આ વૈતરા મજૂરી છે બધી. ભવની વૃદ્ધિનું કારણ છે. આહાહા..! બુદ્ધિ વિનાના માણસો પણ પાંચ-પાંચ લાખ પેદા કરે છે. નથી જોયા? અને બુદ્ધિના ખાં હોય એ મહિને પાંચ હજાર પેદા કરે તો પરસેવા ઉતરે છે એમાં તો. બહારની ચીજ સાથે શું સંબંધ છે? આહા..! ન કીધું ઓલું? પેટ્રોલના કૂવાઓ નીકળ્યા છે. એક કલાકની દોઢ લાખની પેદાશ. અનાર્ય દેશ. મરીને નરકે જવાના છે. ક્યો દેશ કીધો?

મુમુક્ષુ :– ઈરાન.

ઉત્તર :– 'ઈરાન'. દેશ નાનો. પણ એવા પેટ્રોલ નીકળ્યા કૂવામાં તો એક કલાકમાં દોઢ લાખની પેદાશ. ચોવીસ કલાકમાં છત્રીસ લાખની પેદાશ.

મુમુક્ષુ :– એનું નામ કાળું સોનું કહેવાય.

ઉત્તર :– કહેવાય કાળું સોનું. આહાહા..! મારી નાખ્યો એના કુટુંબે. આવો બધો વૈભવ ભોગવવા માટે. હવે બીજો ગાદીએ બેઠો. એ બધા મરીને નરકે જવાના. અર..ર..! આહાહા..! જેને દિવસની ૩૬ લાખની પેદાશ. એ નરકમાં રાડું પાડવાના, બાપુ! ભૂલી ગયા, ભૂલી ગયા. ક્યાં જશું? ક્યાં રહેશું? કઈ રીતે રહેશું? ભવિષ્યમાં રહેનાર તો છે. આત્મા તો છે એ તો રહેનાર તો છે ને ભવિષ્યમાં? પણ કઈ રીતે રહેશું એની એને ખબર ન મળે. આહાહા..!

અહીં કહે છે કે જેની દૃષ્ટિ રાગ અને પ્રેમની રુચિમાં પડી છે એ ભવિષ્યમાં દુઃખમાં

રહેશે. આહાહા..! રહેવાનો તો છે. એ કાંઈ નાશ થાય એવો છે? અનાદિઅનંત છે. વસ્તુ તો છે. ભલે શરીર વયું જાય. એ તો પોતે જાય છે બીજે. હવે ક્યાં રહેવું છે એને? કઈ રીતે રહેવું છે?

મુમુક્ષુ :- પણ એવો વિચાર કરવાની ફુરસદ ક્યાં છે?

ઉત્તર :- 'મનસુખ'! કહે છે, એવો વિચાર કરવાની ફુરસદ ક્યાં છે? એમ કહે છે. આહાહા..!

ભગવાનઆત્મા છે એ તો નિત્ય જ છે અને અવિનાશી છે. હવે એ અવિનાશીને શી રીતે રાખવો અને રહેવું? જેની બુદ્ધિ રાગ અને વિકારના પ્રેમમાં પડી છે એ વર્તમાન દુઃખમાં છે અને ભવિષ્યમાં એ દુઃખની દશાથી નિત્યપણું ગાળશે. આહાહા..! સમજાણું કાંઈ? એ દુઃખની દશામાં નિત્યપણું તો અવિનાશી (છે), એ ક્યાં વયો જાવાનો છે? આહાહા..! દુઃખની દશામાં અવિનાશી નિત્ય ચીજ રહેશે. આહાહા..! એ પાછા કાગડા અને કૂતરાના અવતાર થાય તો માણસપણું મુશ્કેલ છે. આહાહા..! અને જેની દૃષ્ટિ.. અહીં એ કહે છે ને ધ્યાનમાં? જેણે ભગવાનને-પ્રભુને ધ્યાનમાં લીધો. આહાહા..! પહેલા ધ્યાનમાં તો લે. નથી કહેતા? આ વાત કરે તો સાંભળને. ધ્યાનમાં લક્ષ ઉપર તો લે. એમ અહીં કહે છે કે ધ્યાનમાં તો પ્રભુને લે. આહાહા..!

મુમુક્ષુ :- એ દિવસે તો એમ કહેતા હતા કે ધ્યાન સમજ્યા વિના શી રીતે કરે?

ઉત્તર :- પણ પહેલું સમજવા માટે તો અહીં વાત કહે છે. એ સમ્યગ્દર્શન એ ધ્યાન છે. એ મોક્ષપાહુડમાં આવે છે. સમકિતનું ધ્યાન કરવું. 'અષ્ટપાહુડ'માં શ્લોક આવે છે. આવે છે ને. એટલે કે અંદર આ આત્મા ત્રિકાળી છે તેના ઉપર દૃષ્ટિ કરવી. વારંવાર એ બાજુનું વલણ રાખવું. આહાહા..! જ્યાં પ્રભુ પૂર્ણ પડ્યો છે, જ્યાં આનંદકંદ આનંદધામ (છે) ત્યાં આગળ દૃષ્ટિને, જ્ઞાનને વાળી એવો અભ્યાસ એણે કરવો. આહાહા..! સમજાણું કાંઈ? તો એ જ્ઞાનની પર્યાયમાં જો જ્ઞાયક આવ્યો હશે તો એ જ્ઞાયક અવિનાશી પર્યાય નિર્મળમાં રહેશે. ભવિષ્યમાં રહેશે તો ખરો. સમજાણું કાંઈ? આહાહા..! દીર્ઘ વિચાર ક્યાં કર્યો છે? હવે પછીનો અનંતકાળ ક્યાં ગાળવો છે? અનંતકાળ તો રહેનાર છે. આહાહા..! એથી કહે છે કે દ્રવ્યનું જો ધ્યાન કર્યું હશે કે સ્વસંવેદનને પ્રગટ કર્યું હશે તો એ સ્વસંવેદનમાં ભવિષ્યનો કાળ અનંત રહેશે. આહાહા..! નહિતર રાગના પ્રેમની રુચિમાં ચોવીસ કલાકમાં આખો દિ' આ... આ... આ... આ... આ... ક્યાં જવું છે, બાપુ! તારે? શું છે આ? હજી પુણ્યના પણ ઠેકાણા નથી જેને. ધર્મ તો એકબાજુ રહ્યો. પણ પુણ્ય એટલે સત્સમાગમ, શ્રવણ, મનન, વાંચન એવો જે ભાવ છે એ પુણ્ય છે એ પણ જેને નથી હજી. બે-ચાર કલાક વાંચન જોઈએ, શ્રવણ જોઈએ, એનું ચિંતવન કરવું, શાસ્ત્ર સ્વાધ્યાય કરવી, શાસ્ત્રનો સ્વાધ્યાય કરે તો એને પત્તો લાગે કે આ સત્ય શું છે. સ્વાધ્યાય ન મળે. ચોપડા ફેરવવામાં આખો દિ' ગાળે. અને ધૂળમાં બે-પાંચ કરોડ રૂપિયા મળે ત્યાં થઈ જાય કે અમે ઓહોહો..! ધૂળમાંય નથી. આહાહા..!

અહીંયાં તો કહે છે, એ પુણ્ય પરિણામમાં જેના ઠેકાણા નથી એને તો ધર્મ ક્યાં છે? ધર્મ તો નથી પણ પુણ્યના ઠેકાણા વાંચન, શ્રવણ, મનન, સત્સમાગમમાં બે-ચાર કલાક ગાળવા જોઈએ ચોવીસ કલાકમાંથી, એ ન મળે, એને તો એકલું પાપ છે. આહાહા..! અરે..! તેથી કહ્યું હતું ને કે ઘણા પૈસાવાળા જે છે એને ધર્મ તો નથી, પુણ્ય નથી, કે સત્સમાગમ કરવો, વાંચન કરવું, શ્રવણ કરવું, મનન કરવું, દેવદર્શન, પૂજા, ભક્તિ વગેરે (નથી) અને તે પણ એક કલાક જાય રાડું પાડીને ચાલ્યો જાય એમાં. પૂરું કરીએ. આ દેવદર્શન ગયા અને હંમેશા જાવું છે. આહાહા..! ભગવાન! તારા પુણ્યના પણ ઠેકાણા નહિ, પ્રભુ! તો પછી એને ક્યાં જાવું? તેથી આચાર્યે કહ્યું છે કે પુણ્યથી વૈભવ મળે, વૈભવમાંથી મદ મળે, મદ થાય અને મદથી મતિ ભ્રષ્ટ થાય અને મતિ ભ્રષ્ટથી ઢોરમાં જાય. તિર્યંચમાં જાય. કારણ કે માંસ, દારૂ આર્ય માણસને તો હોય નહિ. દારૂ, માંસ તે આર્ય માણસને હોય નહિ એટલે (નરકમાં તો ન જાય).

મુમુક્ષુ :- પૈસા ઉપર આટલી બધી...?

ઉત્તર :- મારી નાખ્યા પૈસા ઉપર લક્ષ કરી કરીને. આ બાજુ લક્ષ કરવું એ ઉપરથી આ વાત ચાલે છે. અહીં આમ લક્ષ કરવું એને છોડીને અહીં લક્ષમાં બધો કાળ ગાળે છે. આહાહા..!

અહીં એ કહ્યું ને કે આત્મધ્યાન કરવું. તે પણ '**अनुदिनं**' એમ શબ્દ છે. દરરોજ અને નિરંતર. હવે એમાં નિરંતરમાં વાંચન, શ્રવણ અને સમાગમને શાસ્ત્ર સ્વાધ્યાય કરવી એવા પુણ્યભાવના ઠેકાણા ન મળે. 'ચંદુભાઈ'! મહાણના હાડકા અને ફાસફુસ આ બધું દેખાય ને બહારનું, રોકાઈ ગયો છે ત્યાં. અહીં કહે છે કે અહીં જા. બાપુ! વારંવાર તને પ્રેમના ફાસલામાં ફસી ગયો છો આમ. એ ભગવાન પ્રત્યે પ્રેમ કર ને, આત્મા પ્રત્યે. એ આત્મા ભગવાન, હોં! ભગવાન પ્રત્યે પ્રેમ કરે તો એ શુભભાવ છે. તે એક અડધી કલાક કે પોણી કલાક પૂજા કરે એમાં દાળિયા શું થાય? ૨૩ કલાકમાં પાપમાં મોટો જોરાવર ૨૩ કલાક અને એક કલાકમાં પાતળો જરી, પુણ્યનો જરી પૂજા આદિ (કરે). એ જીરી નહિ શકે એ. આહાહા..!

કાલે એક લેખ આવ્યો છે સ્વાધ્યાયનો. કો'કે લખ્યો છે. સ્વાધ્યાય કરવો જોઈએ. ભગવાનના શાસ્ત્રોનો, હોં! બીજી આ ફિલ્મની, ઢીકણાની, ફિકણાની, વિકથાઓની (નહિ). ભગવાન પરમશ્વેરે કહેલા, દિગંબર સંતોએ કહેલા શાસ્ત્રો એ શાસ્ત્ર કહેવાય છે. એમાં હંમેશા બે-ચાર કલાક તો ગાળવો જોઈએ, ભાઈ! જેમ બે વખત ખાવું અને બે વખત ચા, સવારે અને બપોરે (પીવે), ચાર વખત થાય ને ચાર વખત? આહાહા..! એમ આણે ચાર વખત ચાર કલાક સ્વાધ્યાયમાં ગાળવો જોઈએ. બાપુ! એમાં તારા હિતની વાત છે. તો તને સત્ય શું છે એ હાથ આવે. આ તો અત્યારે આ નિશ્ચય છે, આ એકાંત છે. અરે..! પણ એને શાસ્ત્રની ખબરું ન મળે, તમે એકાંત ક્યાંથી કહો છો? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, '**ઇન્દ્રિયોંકે અગોચર હોનેસે સૂક્ષ્મ કહા જાતા હૈ,...**' જોયું!

ભગવાનઆત્માને સૂક્ષ્મ કેમ કહ્યો? કે ઈન્દ્રિયથી અગમ્ય છે માટે સૂક્ષ્મ કહ્યો છે. આહાહા..! '**તથા ભાવ (સ્વસંવેદનપરિણામ) ભી પરમસૂક્ષ્મ હૈં,...**' કેમ? કે '**વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ હૈં,...**' આહાહા..! અંતરનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધ્યાન, એની જે ધર્મની પર્યાય એ સૂક્ષ્મ છે. કેવી? '**વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવ...**' આહાહા..! વીતરાગી પરિણતિ સમરસીભાવને અહીંયાં સૂક્ષ્મ ભાવ કહ્યો છે. સમજાણું કાંઈ? આ ૩૩મી ગાથા છે અને ૩૩મું વર્ષ ચાલે છે આ. બે ત્રગડા છે. ત્રણ તેરી નવ. વીતરાગભાવ બતાવે છે. આહાહા..! સમરસી કીધું ને? '**વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ હૈં,...**' કોણ? એ સ્વસંવેદન પરિણામ. એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે પરિણામ. એ સ્વસંવેદન પરિણામ. એ '**વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ હૈં,...**' આહાહા..! એટલે કે મોક્ષનો માર્ગ એ વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વહાં મન ઔર ઈન્દ્રિયોંકો ગમ્ય નહીં હૈ,...**' હવે એને સૂક્ષ્મ કેમ કીધો એ ખુલાસો કરે છે. દ્રવ્યને સૂક્ષ્મ કેમ કીધું કે ઈન્દ્રિયને અગોચર છે માટે. હવે ભાવને સૂક્ષ્મ કેમ કહ્યું? આત્મા વસ્તુ છે તેની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એટલે સ્વઆત્માના વેદનના પરિણામ, એને સૂક્ષ્મ કેમ કહ્યા? દ્રવ્યને સૂક્ષ્મ કેમ કહ્યું? કે ઈન્દ્રિયથી અગમ્ય છે માટે. ભાવને સૂક્ષ્મ કેમ કહ્યું? એ કહે છે, જુઓ! '**મન ઔર ઈન્દ્રિયોંકો ગમ્ય નહીં હૈ,...**' આહાહા..! એનો અર્થ એ કહ્યો કે ભગવાનઆત્મા, એની જે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની રમણતા એ ભાવસૂક્ષ્મ છે, એ મન અને ઈન્દ્રિયગમ્ય નથી. આહાહા..! જુઓને આ માર્ગ. જુઓ! મોક્ષમાર્ગની વ્યાખ્યા આ રીતે કરે છે. બીજી ઢબે. આહાહા..!

જે વસ્તુ છે ભગવાનઆત્મા, એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને એમાં રમણતા, એ સ્વઆત્માનું વેદન છે. ત્યાં રાગનું વેદન નથી એમાં. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની શ્રદ્ધા સમકિત સ્વસન્મુખની પ્રતીતિ, સ્વસન્મુખનું જ્ઞાન અને રમણતા, એવું જે સ્વસંવેદન પરિણામ તે ઈન્દ્રિય ને મનને ગમ્ય નથી. એટલે કે ઈન્દ્રિય અને મનથી તે થતું નથી. આહાહા..! આનું નામ ધર્મ. આનું નામ વિતરાગી ધર્મ. આહાહા..!

વસ્તુ જે ભગવાનઆત્મા જિનેશ્વરદેવે કહ્યો એ, હોં! બીજાઓ આત્મા આત્મા બધા ઘણા કહે છે. પણ જિનેશ્વરદેવ, એમાં પણ દિગંબર ધર્મ જે પરમાત્માનો જૈનધર્મ, એમાં કહેલો આત્મા તે આત્મા. અજ્ઞાનીઓ આત્માની વાતું કરે પણ આત્મા જાણ્યો નથી તો કલ્પિત બધી વાતું. સમજાય છે કાંઈ? આહાહા..! આ શરીર મડદું, એને શણગારવું. આત્માનો શણગાર નહિ. આ સ્વસંવેદન પરિણામ આત્માનો શણગાર છે. શું કહ્યું એ? કપડા, બપડા, ટોપી આમ બધું સરખું (પહેરે). દાગીના અને કપડાથી મડદાને શોભાડવો. મરી ગયેલાને. જીવતી જ્યોત એવો દ્રવ્ય પરમાણુ આત્માથી સૂક્ષ્મ છે, એની શોભા સ્વસંવેદન પરિણામથી છે. એમ કહે છે. આહાહા..! એ એનો શણગાર છે.

ભગવાનઆત્મા પૂર્ણાનંદ અને પૂર્ણ સમાધિ વીતરાગસ્વરૂપ, એની સન્મુખતાની સ્વસંવેદન દશા એટલે કે મોક્ષનો માર્ગ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.. આહાહા..! એ મન અને ઇન્દ્રિયને ગમ્ય નથી. એ એનો શણગાર છે. ભારે વાતું ભાઈ આ.

ગાથામાં નથી કહ્યું? ૯૬મી ગાથામાં. આ શરીર મડદું છે, મડદું. મૃતક કલેવરમાં અમૃતસાગર મૂર્છાઈ ગયો. આહાહા..! ૯૬ ગાથામાં છે. 'સમયસાર'ની ૯૬મી ગાથા. મૃતક કલેવર છે આ. અત્યારે, હોં! વળી દેહ છૂટ્યા પછી, આત્મા છૂટ્યા પછી એમ નહિ. આ તો મડદું છે. મૃતક કલેવરમાં (મૂર્છાય ગયો). (આ) 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ છે. આ વચમાં 'કુંદકુંદાચાર્ય' ગાથાના કર્તા અને 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાના કર્તા ઓલી કોર. આ છે 'નિયમસાર'ની ટીકાના કર્તા 'પદ્મમલધારીદેવ'. દિગંબર સંતો મહામુનિઓ. આત્મજ્ઞાની, આત્મધ્યાની અલ્પકાળમાં મોક્ષ લેનારા. અલ્પકાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરનારા છે. આહાહા..! એમાં 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, અરે..! પ્રભુ! તું કોણ છો? અમૃતનો સાગર છો ને, નાથ! અનંત આનંદના અમૃતથી ભરેલો, સુખામૃતના સ્વાદથી ભરેલો પ્રભુ એ આ મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો. આહા..! બધા મ-મા લીધા. મૃતક કલેવરમાં અમૃત સાગર મૂર્છાઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આ મડદું છે આ તો. અત્યારે? આ તો જડ અજીવ છે. આહાહા..!

કાલે કહ્યું નહોતું? કે આ પ્રકાશ છે ચંદ્ર-સૂર્યનો એ પણ અજ્ઞાન છે. કારણ કે જડ છે એમાં જ્ઞાન નથી. આ ચંદ્ર-સૂર્યનો પ્રકાશ જે આ દેખાય બધો, એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. આહાહા..! ભગવાન ચૈતન્યના પ્રકાશમાં જ્ઞાન છે. પણ કોણ છે? કોને દરકાર પડી છે અંદર? આહાહા..! ચૈતન્યનો પ્રકાશ એ પ્રકાશ જે અજ્ઞાન તેને પ્રકાશનારો, જાણનારો. એ પ્રકાશને અજ્ઞાન છે એને પોતાની ખબર નથી કે હું કોણ છું. આહાહા..! આ બધા અંજવાળા એ બધા અંધારા છે. અજ્ઞાન છે. એ જ્ઞાન ક્યાં છે? એ તો જડ છે. એનો જાણનારો ભગવાનઆત્મા ચૈતન્યના નૂરના પૂરથી ભરેલો (છે). ચૈતન્યનું પૂર વહે છે અંદર. અરેરે..! ક્યાં એને બેસે? આહા..!

એ જેને અંતરમાં સ્વસંવેદન પરિણામ થયા એ મન અને ઇન્દ્રિયને ગમ્ય નથી. ભાષા તો જુઓ! બીજી રીતે કહીએ તો ધર્મી એવો જે પ્રભુ આત્મા, એને આશ્રયે જે ધર્મ પ્રગટ થાય તે મન અને ઇન્દ્રિયને ગમ્ય નથી. આહાહા..! એમ ન સમજવું કે અમે બાયડી છીએ, છોકરા છીએ અમારી બુદ્ધિ થોડી. એમ નહિ, પ્રભુ! તું પૂર્ણ કેવળજ્ઞાનથી ભરેલો ભગવાન છો. આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન. કેવળ એટલે એકલું. એકલું દર્શન, એકલું જ્ઞાન, એકલું સુખ, એકલું વીર્ય, એકલી ઈશ્વરતાના પ્રભુતાથી ભરેલો ભગવાન છે. અરે..! એ વાત સાંભળવા ન મળે. એ કે દિ' વિચારે અને કે દિ' અંદરમાં ઘડમાં બેસાડે? આહાહા..!

આ કપડા હોતા નથી, કપડા? સાટમના. એ ઘડ ઉખાડનારને ઘડ બેસાડતા આવડે. સાધારણને આવડે નહિ. કપડા નથી સમજતા સાટમ? પાટલા જેવું હોય. સાટમ કહે. હિન્દીમાં શું કહે છે? અટલસ-અટલસ. અટલસ એ ઠીક છે. અટલસ થાય છે ને? આમ

વળેલા બધા ઉખાડી-ઉખાડીને બધા... પાછા એને સરખા કરવા એ તો આવડે એ ઘડ વાળે. એ ઘડ બેસાડવી આવડે એ ઘડ બેસાડી શકે. આ કપડામાં અટલસ થાય છે ને? (હવે) નહિ આવતી હોય. આ સાટમ. ઘણા બહુ ..

એમ આ આત્મામાં ઘડ બેસાડવી જોઈએ. ઉખાડીને બેઠો છે આમ રાગ અને પુણ્ય અને પાપમાં બધામાં ફેલાયને. એય..! આહાહા..! એ જેને આવડે એ ઘડ બેસાડી શકે. એમ આત્મા કેવો છે એવું જેણે જાણ્યું હોય એ અંદર એકાગ્ર થઈ શકે. આ તો ધ્યાનનો પ્રશ્ન કર્યો ને એટલે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે, બાપા!

વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવ, એનો પંથ જગતથી નિરાળો છે. આહાહા..! આવું જ સ્વરૂપ છે. આહાહા..! એ સ્વસંવેદન પરિણામ એટલે ધર્મ પરિણામ. આહાહા..! ધર્મી એવો જે દ્રવ્ય સૂક્ષ્મ, એ તો ઇન્દ્રિયને અગમ્ય છે માટે સૂક્ષ્મ કહ્યો. આહાહા..! અને અહીં તો આને તો વળી મન અને ઇન્દ્રિયથી ગમ્ય નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? પરિણામ છે ને? ઓલું આખું દ્રવ્ય લીધું હતું-વસ્તુ. આહાહા..! '**મન ઇન્દ્રિયોંકે અગોચર હોનેસે સૂક્ષ્મ કહા જાતા હૈ, તથા ભાવ...**' ત્યાં બેયને લીધું હતું. ફક્ત મન ને ઇન્દ્રિયોને અગોચર એટલું કહ્યું હતું. અહીં બીજી ભાષા વાપરી છે. '**મન ઔર ઇન્દ્રિયોંકો ગમ્ય નહીં હૈ,...**' સમજાણું? એનો અર્થ એ થયો. આહાહા..!

વસ્તુ મોજૂદ છે, પરમાત્માસ્વરૂપે બિરાજમાન છે. બધા દેહદેવળમાં ભગવાનઆત્મા બિરાજે છે, ભાઈ! પૂર્ણાનંદનો નાથ છે, એ સહજાત્મસ્વરૂપ છે. સહજાત્મસ્વરૂપ, સહજસ્વરૂપ. પરિણમનની અપેક્ષા મૂકી દઈને સહજ સ્વરૂપ. ત્રિકાળ એવો સહજસ્વરૂપ, સહજસ્વરૂપ, સહજ સ્વરૂપ. આહાહા..! એ ઇન્દ્રિય અને મનને ગમ્ય નથી. આહાહા..! એ તો અતીન્દ્રિય નિર્મળથી ગમ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! આ રીતે અંદરમાં જાવું ઈ ભારે કઠણ. બહારની પ્રવૃત્તિમાં રોકાઈ ગયો એમાં ને એમાં. મોટી રથયાત્રા, ગજ શું કહેવાય? ગજરથ. હાથીનો રથ કાઢે મોટો. જાણે ઓહોહો..! .. એ તો ક્રિયા પરની છે. એમાં તારો ભાવ હોય કદાચિત. શુભ હોય પુણ્ય. એમાં ધર્મ-બર્મ ક્યાંય નથી ત્યાં. એ ગજરથ ચલાવે અને દસ લાખ, કરોડ ખર્ચે. સમજાણું કાંઈ? ત્યાં ધર્મની ગંધ નથી.

અહીંયાં તો ધર્મ તો સ્વસંવેદન આત્માના પરિણામ... આહાહા..! એ મન અને ઇન્દ્રિયને અગોચર કહ્યું હતું દ્રવ્યને. અહીં કીધું મન અને ઇન્દ્રિયને ગમ્ય નથી. આહાહા..! હવે આવી વાત સાંભળનારા પણ (ઓછા હોય). ઓલી વાત (કરતા હોય કે) શુભથી આમ થાય, શુભથી આમ થાય. લાખો માણસ ભેગા થાય, લ્યો! લોકોને ગોઠે એવી વાત મૂકે. આહાહા..!

અહીં તો પ્રભુ! એકવાર સાંભળને! આહાહા..! વસ્તુ જે ભગવાન ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, એક પર્યાય સિવાય એ વાત પહેલા કીધી. એક સમયની પર્યાય સિવાયની વસ્તુ, એને દ્રવ્ય પરમાણુ એટલે સૂક્ષ્મ આત્મા કીધો. એ મન અને ઇન્દ્રિયથી અગમ્ય છે. હવે એ દ્રવ્યની જે વીતરાગી પર્યાય છે, ઓલું દ્રવ્ય લીધું પર્યાય વિનાનું. 'ચંદુભાઈ'! આહાહા..! આ

ભગવાનઆત્મા વસ્તુ છે, એની સન્મુખતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સ્વસંવેદનના પરિણામ એટલે કે સમરસી વીતરાગી ભાવ એ ઇન્દ્રિયને, મનને ગમ્ય નથી. આહાહા..! એ તો અતીન્દ્રિય જ્ઞાનનો અનુભવ અતીન્દ્રિય જ્ઞાનથી ગમ્ય છે. આહાહા..! અતીન્દ્રિય જ્ઞાનનો અનુભવ ધર્મ, અતીન્દ્રિય જ્ઞાનગમ્ય છે. સમજાણું કાંઈ? આવી વાતું. બાપુ! મારગડા પ્રભુ! તારા જુદા છે, ભાઈ! આહાહા..!

આમ તો અનંતવાર મુનિ થયો, દિગંબર મુનિ અનંતવાર થયો છે. અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પંચમહાવ્રત પાળ્યા. 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ પણ દુઃખરૂપ છે, આસ્રવ છે, ધર્મ નહિ, એ ચારિત્ર નહિ. આહાહા..! આવી વાત. ત્યાં એમ કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અને આમાં આવ્યું હતું આગળ, મુનિધર્મ એ આત્મામાં નથી. મુનિધર્મ એટલે આ વ્યવહાર. પંચમહાવ્રતાદિ એ આત્મામાં નથી. એ તો વિકાર છે. આહાહા..! આમાં આવી ગયું છે. વાતે વાતે ફેર બહુ. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે મારે અને તારે વાતે વાતે ફેર છે, બાપુ! આહાહા..! તું કાંઈક માની બેઠો અને માર્ગ કાંઈક છે. સમજાણું કાંઈ? ક્યાં છે? 'દેવીલાલજી' ક્યાં ગયા? ગયા? 'દેવીલાલજી' નથી લાગતા. ગયા હશે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરમસૂક્ષ્મ હૈં,...**' આહાહા..! '**વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ હૈં,...**' ભાષા શું છે? આહાહા..! ભગવાનઆત્માનો જે મોક્ષમાર્ગ છે-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-એ '**વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ હૈં,...**' આહાહા..! સ્વસંવેદન પરિણામની વ્યાખ્યા બીજી રીતે કરી ભાઈએ. બીજી રીતે કરી. આહાહા..! '**વહાં મન ઔર ઇન્દ્રિયોંકો ગમ્ય નહીં હૈ, ઇસલિયે સૂક્ષ્મ હૈ. ઐસા કથન સુનકર ફિર શિષ્યને પૂછા, કિ તુમને પરદ્રવ્યકે આલંબનરૂપ ધ્યાનકા નિષેધ કિયા,...**' પરદ્રવ્યના આલંબનનું ધ્યાન તો નિષેધ કર્યું. '**નિજ શુદ્ધાત્માકે ધ્યાનસે હી મોક્ષ કહા.**' આત્મા વસ્તુ ભગવાનનું ધ્યાન. ધ્યાનના વિષયને ધ્યેય બનાવીને. વિષય કુરુ. એવો પાઠ છે. 'પરમ અધ્યાત્મ તરંગિણી'. ભગવાનને ધ્યાનનો વિષય બનાવ. આહાહા..! પર્યાયમાં જે પર વિષય છે એ બંધનું કારણ અજ્ઞાન છે. એ પર્યાયમાં સ્વવિષય બનાવ. 'પરમઅધ્યાત્મ તરંગિણી'માં એ શબ્દ ઘણા છે. ધ્યાન વિષય કુરુ. એવો સંસ્કૃત શબ્દ છે. ધ્યાનનો વિષય બનાવ તે આત્માને. આહાહા..! '**ઐસા કથન કિસ જગહ કહા હૈ?**' આવી વાત ક્યાં કહી છે? શેમાં કીધી છે? તમે આ શાસ્ત્રમાં આવી વાત કરો છો. બીજા શાસ્ત્રમાં છે ક્યાંય? કે તમે જ અહીં કહો છો આ? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ઇસકા સમાધાન યહ હૈ – 'अप्पा झायहि णिम्मलउ'**' આમાં આવી ગયું છે પહેલું. '**अप्पा झायहि णिम्मलउ**' પહેલા આવી ગઈ છે ગાથા, હોં!

મુમુક્ષુ :- ૯૭.

ઉત્તર :-૯૭. હું જોતો હતો આમાં. આમાં લખ્યું છે. અધ્યાય પહેલો, ગાથા-૯૭, પાનું-૧૦૧. લખ્યું છે આમાં. ૯૭ છે? '**अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण।**' ૯૭ ગાથા. ૯ અને ૭. '**अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण।**' જોયું! બીજા અનેરેથી શું કામ તારે છે? '**जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण।।**' આત્માનું ધ્યાન કરવાથી એક ક્ષણમાં નિર્માણ પામે છે. આનો ને આનો દાખલો આપ્યો. પહેલા અધિકારનો. છે અહીં. અધ્યાય પહેલો, ગાથા-૯૭. આહાહા..!

'**ઔર સમાધિશતકમેં ભી પૂજ્યપાદસ્વામીને કહા હૈ...**' એ સિદ્ધભક્તિનું નામ છે. 'પૂજ્યપાદસ્વામી'. '**જીવપદાર્થ અપને સ્વરૂપકો અપનેમેં હી અપને...**' આહાહા..! રાત્રે કહ્યું હતું ને કે આત્મા, આત્માને, આત્મા દ્વારા. એનો અર્થ કે એની શુદ્ધ પરિણતિ દ્વારા જાણ. એમ. આહાહા..! રાગ-બાગ વ્યવહાર છે નહિ. એ કીધું, જુઓ! '**જીવપદાર્થ અપને સ્વરૂપકો અપનેમેં હી...**' પોતાના સ્વરૂપમાં પોતાને જ '**અપને કરકે...**' નિર્મળ પરિણતિ કરીને '**એક ક્ષણમાત્ર ભી નિર્વિકલ્પ સમાધિકર આરાધતા હુઆ...**' આહાહા..! જઘન્ય ધ્યાન કરે તો સમકિત થાય, વિશેષ ધ્યાન કરે તો ચારિત્ર થાય. વિશેષ ધ્યાન કરે તો કેવળ થાય. વિષય તો ધ્યાનનો જ છે. આ એક જ. આહાહા..! સમજાણું કાંઈ? એ ક્રિયાકાંડ કાંઈ કામ કરતા નથી. આહાહા..! '**અપને કરકે એક ક્ષણમાત્ર ભી નિર્વિકલ્પ સમાધિકર આરાધક હુઆ વહ સર્વજ્ઞ વીતરાગ હો જાતા હૈ.**' આહાહા..! એ વિશેષ વાત કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ सामान्यग्राहकं निर्विकल्पं सत्तावलोकदर्शनं कथयति –**

**१६०) सयल-पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ।**
**वत्थु-विसेस-विवज्जयउ तं णिय-दंसणु जोइ।।३४।।**

**सकलपदार्थानां यद् ग्रहणं जीवानां अग्रिमं भवति।**
**वस्तुविशेषविवर्जितं तत् निजदर्शन पश्य।।३४।।**

**सयल इत्यादि। सयल-पयत्थहं सकलपदार्थानां जं गहणु यद् ग्रहणमवलोकनम्। कस्य। जीवहं जीवस्य अथवा बहुवचनपक्षे 'जीवहं' जीवानाम्। कथंभूतमवलोकनम्। अग्गिमु अग्रिमं सविकल्पज्ञानात्पूर्वं होइ भवति। पुनरपि कथंभूतम्। वत्थु-विसेस-विवज्जियउ वस्तुविशेषविवर्जितं शुक्लमिदमित्यादिविकल्परहितं तं तत्पूर्वोक्तलक्षणं णिय-दंसणु निज आत्मा तस्य दर्शनमवलोकनं जोइ पश्य जानीहीति। अत्राह प्रभाकरभट्टः। निजात्मा तस्य दर्शनमवलोकनं दर्शनमिति व्याख्यातं भवद्भिरिहं तु सत्तावलोकदर्शनं मिथ्यादृष्टिनामप्यस्ति तेषामपि मोक्षो भवतु। परिहारमाह। चक्षुरचक्षुरवधिकेवलभेदेन चतुर्धा दर्शनम्। अत्र**

चतुष्टयमध्ये मानसमचक्षुर्दर्शनमात्मग्राहकं भवति, तच्च मिथ्यात्वादिसप्तप्रकृत्युपशम–क्षयोपशम क्षयजनिततत्त्वार्थश्रद्धानलक्षणसम्यक्त्वाभावात् शुद्धात्मतत्त्वमेवोपादेयमिति श्रद्धानाभावे सति तेषां मिथ्यादृष्टिनां न भवत्येवेति भावार्थः।।३४।।

---

आगे सामान्य ग्राहक निर्विकल्प सत्तावलोकनरूप दर्शनको कहते हैं –

गाथा – ३४

अन्वयार्थ :– [ यत् ] जो [ जीवानां ] जीवोंके [ अग्रिमं ] ज्ञानके पहले [ सकलपदार्थानां ] सब पदार्थोंका [ वस्तुविवर्जित ] यह सफेद है, इत्यादि भेद रहित [ ग्रहणं ] सामान्यरूप देखना, [ तत् ] वह [ निजदर्शनं ] दर्शन है, [ पश्य ] उसको तू जान।

भावार्थ :– यहाँ प्रभाकरभट्ट पूछता है, कि आपने जो कहा कि निजात्माका देखना वह दर्शन है, ऐसा बहुत बार तुमने कहा है, अब सामान्य अवलोकनरूप दर्शन कहते हैं। ऐसा दर्शन तो मिथ्यादृष्टियोंके भी होता है, उनको भी मोक्ष कहनी चाहिये ? इसका समाधान – चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन, केवलदर्शन ये दर्शनके चार भेद हैं। इन चारोंमें मनकर जो देखना वह अचक्षुदर्शन है, जो आँखोंसे देखना वह चक्षुदर्शन है। इन चारोंमेंसे आत्माका अवलोकन छद्मस्थअवस्थामें मनसे होता है और वह आत्म–दर्शन मिथ्यात्व आदि सात प्रकृतियोंके उपशम, क्षयोपशम तथा क्षयसे होता है। सो सम्यग्दृष्टिके तो यह दर्शन तत्त्वार्थश्रद्धानरूप होनेसे मोक्षका कारण है, जिसमें शुद्ध आत्म–तत्त्व ही उपादेय है, और मिथ्यादृष्टियोंके तत्त्वश्रद्धान नहीं होनेसे आत्माका दर्शन नहीं होता। मिथ्यादृष्टियोंके स्थूलरूप परद्रव्यका देखना–जानना मन और इन्द्रियोंके द्वारा होता है, वह सम्यग्दर्शन नहीं है, इसलिए मोक्षका कारण भी नहीं है। सारांश यह है – कि तत्त्वार्थश्रद्धानके अभावसे सम्यक्त्वका अभाव है, और सम्यक्त्वके अभावसे मोक्षका अभाव है।।३४।।

---

હવે સામાન્યનું ગ્રાહક, નિર્વિકલ્પ સત્તાવલોકનરૂપ દર્શનનું કથન કરે છે :

ભાવાર્થ : શંકા : અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે નિજ આત્મા તેનું દર્શન–અવલોકન તે દર્શન છે એમ આપે કહ્યું, આ સત્તાવલોકનરૂપદર્શન તો મિથ્યાદૃષ્ટિઓને પણ હોય છે, તેમનો પણ મોક્ષ થાય.

તેનો પરિહાર : ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શનના ભેદથી દર્શન ચાર પ્રકારનું છે. આ ચાર ભેદોમાં માનસ–અચક્ષુદર્શન (મનસંબંધી અચક્ષુદર્શન) આત્મગ્રાહક હોય છે અને તે, મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયજનિત તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનો અભાવ હોવાથી 'શુદ્ધાત્મતત્ત્વ જ ઉપાદેય છે' એવી શ્રદ્ધાનો અભાવ હોતાં, તે મિથ્યાદૃષ્ટિઓને હોતું નથી, એવો ભાવાર્થ છે. ૩૪.

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૬, ગુરુવાર
## તા. ૨૮-૧૦-૧૯૭૬, ગાથા-૩૪, પ્રવચન નં. ૧૧૭

એક દર્શન છે કે જે દર્શન બધાને સામાન્ય તરીકે ભેદ પાડ્યા વિના દેખે તેને દર્શન કહે છે. એમાંથી પછી સમ્યગ્દર્શન કાઢશે. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** '**યહાં પ્રભાકર ભટ્ટ પૂછતા હૈ, કિ આપને જો કહા કિ નિજાત્માકા દેખના વહ દર્શન હૈ,...**' આપે કહ્યું કે નિજાત્મા. શુદ્ધ દ્રવ્ય સ્વભાવ પરમાનંદ મૂર્તિ પ્રભુ, એને દેખે તેને દર્શન કહેવું. '**ઐસા બહુત બાર તુમને કહા હૈ,...**' નિજાત્મા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય આત્મા, એને દેખવું, એને સમ્યગ્દર્શન આપ તો કહેતા આવ્યા છો. '**અબ સામાન્ય અવલોકનરૂપ દર્શન કહતે હૈં.**' હવે આ તો સામાન્ય અવલોકન એટલે ભેદ પાડ્યા વિના દેખવું એને આપ દર્શન કહો છો. એને દર્શન કહો છો. ગુજરાતીનું પ્રવચન હતું. અમે સમજતા નથી. હિન્દી તો સાદું હતું. હિન્દી કાંઈ એવું નહોતું. જુવાન માણસ કહેતા હતા કે અમને સમજાતું નથી. હિન્દી તો સાધારણ ભાષા છે, પ્રચલિત ભાષા છે.

'પ્રભાકરભટ્ટ' કહે છે કે '**સામાન્ય અવલોકનરૂપ દર્શન કહતે હૈં. ઐસા દર્શન તો મિથ્યાદષ્ટિયોંકે ભી હોતા હૈ,...**' તમે કહો છો કે સામાન્ય અવલોકન. શું કીધું? આત્માનું અવલોકન એમ નહિ. સામાન્ય અવલોકન એટલે? કોઈપણ ચીજને ભેદથી જાણ્યા પહેલા સામાન્ય એટલે અસ્તિ સત્તા છે એવું અંદરમાં દેખવું તેને સામાન્ય અવલોકન-દર્શન કહે છે. સમ્યગ્દર્શન નહિ. આવું ઝીણું. એવું દર્શન, સામાન્ય અવલોકનરૂપ દર્શન એ તો '**મિથ્યાદષ્ટિયોંકે ભી હોતા હૈ,...**' આ પ્રશ્ન છે. અજ્ઞાનીને સામાન્ય અવલોકન, સત્તા અવલોકન છે. ચક્ષુ, અચક્ષુદર્શન છે. મિથ્યાદષ્ટિને પણ સામાન્ય અવલોકન તો છે. આહાહા..! '**ઉનકો ભી મોક્ષ કહની ચાહિયે?**' સામાન્ય અવલોકન-દેખવું એ જો દર્શન હોય તો મિથ્યાદષ્ટિને પણ સામાન્ય અવલોકન, સામાન્ય દેખવું છે. તો એને પણ મોક્ષ કહેવું જોઈએ. એને પણ મોક્ષ કહેવું જોઈએ. સમજાય છે કાંઈ?

'**ઈસકા સમાધાન-**' પ્રશ્નને સમજ્યા? આચાર્યે એમ કહ્યું કે સામાન્ય અવલોકન દેખવું. ભેદ પાડ્યા વિના સામાન્યપણે દેખવું એનું નામ દર્શન કહે છે. તો શિષ્યને પ્રશ્ન થયો કે સામાન્યપણે દેખવું એ જો દર્શન હોય તો અભવિ અને મિથ્યાદષ્ટિને પણ.. અભવિનું પહેલું આવી ગયું છે, ૧૩મી ગાથામાં. આ જ અધિકારમાં ૧૩મીમાં આવી ગયો છે. ૧૪૦ પાને. સામાન્ય અવલોકન એટલે દેખવું એ જો દેખવું એ બરાબર હોય તો અભવિ અને મિથ્યાદષ્ટિને પણ સામાન્ય અવલોકન તો છે. તો એને પણ મોક્ષ થવો જોઈએ. સમજાય છે કાંઈ?

**'ઈસકા સમાધાન-ચક્ષુદર્શન, અચક્ષુદર્શન,...'** દર્શનના ચાર ભેદ. સામાન્ય અવલોકનના ચાર ભેદ. **'ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન યે દર્શનકે ચાર ભેદ હૈં. ઈન ચારોંમેં મનકર જો દેખના વહ અચક્ષુદર્શન હૈ,...'** મનથી જે દેખવું એ અચક્ષુદર્શન. છે? **'જો આંખોંસે દેખના વહ ચક્ષુદર્શન હૈ.'** આંખથી આ દેખાય એ ચક્ષુદર્શન. આંખથી દેખાયનો અર્થ? આ માણસ છે અને આ મૂર્તિ છે એમ નહિ. આંખથી દેખાય એટલે કે ભેદ વિના દેખાય. આંખે દેખવામાં પછી આ ભગવાનની મૂર્તિ છે, આ માણસ છે એવું જે જણાય એ તો જ્ઞાન છે. પણ એ જ્ઞાન થવા પહેલા સામાન્ય ચક્ષુથી દેખવું એને અહીંયાં ચક્ષુદર્શન કહે છે. આહાહા..!

**'આંખોંસે દેખના વહ ચક્ષુદર્શન હૈ. ઈન ચારોંમેંસે આત્માકા અવલોકન છદ્મસ્થ અવસ્થામેં મનસે હોતા હૈ...'** દર્શન કહેવું છે અને એમાં સમ્યગ્દર્શન નાખ્યું પાછું. દર્શન અને જ્ઞાન એ કેવળજ્ઞાન અને કેવળદર્શન જે છે એ અપેક્ષાએ દર્શન-જ્ઞાન. હવે એ દર્શનમાં અંતરના અચક્ષુદર્શન મન દ્વારા (થાય છે). છે? **'મનકર જો દેખના વહ અચક્ષુદર્શન હૈ,...'** **'ઈન ચારોંમેંસે આત્માકા અવલોકન છદ્મસ્થ અવસ્થામેં મનસે હોતા હૈ.'** આહાહા..! શું કહે છે? છદ્મસ્થ અવસ્થામાં આત્માનું દેખવું મનથી થાય છે. એને અહીં સમ્યગ્દર્શનનું અવલોકન કહેવામાં આવે છે. મનથી દેખાય અચક્ષુથી, આત્મઅવલોકન એ સમ્યગ્દર્શન હોય છે. આવી વ્યાખ્યા. છે?

**'ચારોંમેંસે આત્માકા અવલોકન છદ્મસ્થઅવસ્થામેં...'** અલ્પજ્ઞ દશામાં. કેવળ દશાની વાત નહિ. **'મનસે હોતા હૈ ઔર વહ આત્મ-દર્શન મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયસે હોતા હૈ.'** જુઓ! ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ વસ્તુ, રાગથી રહિત, શરીરથી રહિત એવો જે આત્મા એને મનથી અંદર અવલોકન કરવું એ મિથ્યાત્વ પ્રકૃતિના નાશથી થાય તેને અહીંયાં મનથી અવલોકન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મનથી..

ઉત્તર :- મનથી અચક્ષુદર્શન લેવું છે. મનથી અચક્ષુદર્શનથી આત્મા અવલોકન કરે એનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- .. આત્મા ..

ઉત્તર :- એ મનથી છૂટ્યું. પણ મન દ્વારા થયું ને? એટલે અચક્ષુદર્શન દ્વારા આત્મ અવલોકન એ સાત પ્રકૃતિના ક્ષય, ક્ષયોપશમ, ઉપશમવાળાને થાય છે. ઝીણી વાત છે જરી.

**'વહ આત્મ-દર્શન...'** ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન. ચારમાંથી આત્માનું અવલોકન.. સામાન્યની વાત લેવી છે, હોં! અત્યારે. એમાં **'છદ્મસ્થ અવસ્થામેં મનસે હોતા હૈ...'** એ પણ અચક્ષુદર્શન મનથી જે આત્મા દેખાય એ **'મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકે...'** મિથ્યાત્વ, મિશ્રમોહનીય, સમકિતમોહનીય, અનંતાનુબંધીની ચાર, એ

સાત પ્રકૃતિઓનો ઉપશમ થાય, ક્ષયોપશમ થાય કાં ક્ષાયિક (થાય). એનાથી મનથી આત્માનું અવલોકન સમ્યગ્દષ્ટિને સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકથી થાય છે. અચક્ષુદર્શન લીધું, અવલોકન. ઝીણી વાત છે. ભાઈ! આ તો થોડો અભ્યાસ જોઈએ. આ તો તત્ત્વની વાત એ કંઈ ઉપરટપકે સમજાય એવી નથી. આહાહા..!

જ્યારે એવો પ્રશ્ન થયો કે આત્મા સામાન્યનું અવલોકન કરે. સામાન્ય એટલે? કોઈપણ ચીજને આ જીવ કે અજીવ છે એવો ભેદ પાડ્યા વિના સામાન્યથી અવલોકન કરે તેને દર્શન કહીએ. અને તે દર્શનના ચાર પ્રકાર. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિ, કેવળ. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે જ્યારે તમે એમ કહો કે સામાન્યનું અવલોકન તે દર્શન. તો મનથી અવલોકન સમકિતી કરે છે એ દર્શન ખરું કે નહિ? કહે છે, ખરું. સમજાય છે કાંઈ? ચાર દર્શન ચક્ષુ, અચક્ષુ, અવધિમાંથી અચક્ષુદર્શન જે મનથી દેખે, ચક્ષુથી દેખે એ તો બાહ્યમાં ગયું. હવે અહીંયાં જે મન જે છે એ અચક્ષુદર્શનમાં જાય છે. અને અચક્ષુદર્શનથી આત્માનું જે અવલોકન થાય સામાન્ય એ અવલોકન સમ્યગ્દષ્ટિને હોય છે. 'પ્રવિણભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- નથી સમજાતું? વાત ઝીણી છે.

શિષ્યનો જ્યારે પ્રશ્ન એમ થયો કે વિશેષ જાણે તેને જ્ઞાન કહીએ અને ભેદ પાડ્યા વિના દેખે તેને દર્શન કહીએ. કહો, હવે આ તો બરાબર છે? કોઈપણ ચીજને દેખતા ભેદ પાડીને દેખવું કે આ માણસ છે, આ ભગવાનની મૂર્તિ છે, આ ધોળું છે, આ કાળું છે. એવા ભેદથી દેખે તેને તો જ્ઞાન કહેવામાં આવે છે. અને જે વસ્તુ છે તેને ભેદ પાડ્યા વિના સામાન્યપણે દેખે તેને દર્શન કહેવામાં આવે છે. હવે એ દર્શનમાં પણ શિષ્યનો પ્રશ્ન થયો કે એવું દર્શન તો મિથ્યાદષ્ટિને (પણ) હોય છે. સામાન્ય અવલોકન જો તમે કહો તો એવું દર્શન તો અભવિને મિથ્યાદષ્ટિને (પણ) હોય છે. તો તમે શું કહેવા માગો છો આમાં?

તો કહે છે કે મન દ્વારા, જે અચક્ષુદર્શન છે તે અચક્ષુદર્શન દ્વારા આત્મા અવલોકાય દેખાય છે, પ્રતીતમાં આવે છે એવા જીવને સાત પ્રકૃતિનો ક્ષયોપશમ થઈને ઉપશમ થયો છે માટે તેને અચક્ષુદર્શન દ્વારા આત્માનું અવલોકન થાય છે. એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આપે તો અવલોકનમાં પ્રતીતિ નાખી.

ઉત્તર :- એ નાખી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નાખ્યું, જુઓને! અચક્ષુદર્શન દ્વારા સામાન્ય અવલોકન છે, એના સાત પ્રકૃતિના ક્ષયોપશમથી એ થયું છે માટે એને યથાર્થ અવલોકન સમ્યગ્દષ્ટિને હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

સામાન્ય અવલોકન અચક્ષુ દ્વારા, સમકિતીને મન દ્વારા આ આત્મા જણાય છે, દેખાય છે. એમાં ભેદ નથી. પણ છતાં એને સાત પ્રકૃતિના ક્ષયોપશમથી થયું એ સમ્યગ્દર્શન છે. એને અહીં અચક્ષુદર્શનથી દેખે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનની સાથે અવલોકન લીધું.

ઉત્તર :- અચક્ષુદર્શનથી અવલોકન છે. આટલો ગહન વિષય કયાંય છે?

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણની પર્યાય એક સમયની...

ઉત્તર :- એક સમયની પર્યાયમાં સમ્યગ્દર્શનની પ્રતીત પણ મનમાં અચક્ષુદર્શન વડે અવલોકનમાં સમ્યગ્દર્શનની પ્રતીતિ છે. આહાહા..!

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- ફરીને, આપણે ક્યાં ન્યાં...

પહેલી વાત એ કે સામાન્યગ્રાહક નિર્વિકલ્પ સત્તા તેને દર્શન કહે છે. પહેલો શબ્દ એ આવ્યો હતો. કોઈપણ ચીજને વિશેષ જાણવા પહેલા ભેદરહિત સત્તા અવલોકન, છે તેનું દેખવું થાય તેને દર્શન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રની ભાષા પણ કેવી...

ઉત્તર :- પણ આમાં વસ્તુ...

જેમ આ પુસ્તક છે, જુઓ! હવે આ પુસ્તક છે એનું જે અહીં જ્ઞાન થયું એને તો જ્ઞાન કહેવામાં આવે છે. પણ આ પુસ્તક છે કે આ અક્ષર છે એવા ભેદ પાડ્યા વિના ચક્ષુદર્શન વડે દેખવું તે ચક્ષુ છે અને અચક્ષુદર્શન વડે દેખવું જેમાં ભેદ નથી એને મનથી દેખવું કહેવામાં આવે છે. અને તે મનથી અવલોકન કરવામાં અચક્ષુદર્શન એટલે મનથી દેખવામાં સમ્યગ્દૃષ્ટિને સાત પ્રકૃતિનો ક્ષયોપશમ, ક્ષય, ઉપશમ છે માટે અચક્ષુદર્શન દેખવામાં એ સમ્યગ્દર્શન છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! 'દેવીલાલજી'! ફરીને, અહીં આપણે ક્યાં.. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! હજી લોકોને ખબર ક્યાં છે? બહારની પ્રવૃત્તિ અને ક્રિયાકાંડ કરીને ધર્મ થઈ ગયો. અનંતકાળ વિતાવ્યો.

ભગવાનઆત્મા અંદરમાં શુદ્ધાત્મ વસ્તુ જે પદાર્થ, એને અવલોકવામાં સમ્યગ્દર્શન નાખી દીધું. નહિતર અવલોકવું એટલે સામાન્ય દર્શન અને જ્ઞાનના ભેદમાં જાય છે. પણ અહીંયાં જ્યારે શિષ્યે પૂછયું કે જ્યારે તમે સામાન્ય અવલોકનને દર્શન કહો છો તો એ સામાન્ય અવલોકન તો મિથ્યાદૃષ્ટિ અભવિને પણ હોય છે. તો એને પણ સમકિતી જ્ઞાની કહેવા જોઈએ. એ સામાન્ય અવલોકન જૂઠું છે એનું. એને મન દ્વારા પરનું સામાન્ય અવલોકન છે. અને સમકિતીને મન દ્વારા અચક્ષુદર્શન દ્વારા સાત પ્રકૃતિના ક્ષયોપશમથી ત્યાં સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનથી જ અચક્ષુદર્શન દ્વારા અવલોકનને એને દેખે છે.

મુમુક્ષુ :- આ આત્મા અવલોકન.

ઉત્તર :- આત્મ અવલોકન. આહાહા..! બહુ ઝીણું.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ ..

ઉત્તર :- એની અહીં વાત નથી. મિથ્યાદૃષ્ટિને તો મનથી પરદ્રવ્યનું અચક્ષુદર્શન દેખવું છે. જ્ઞાનીને સમ્યગ્દૃષ્ટિને મનથી અચક્ષુદર્શન દ્વારા આત્મઅવલોકન છે એમાં સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- ...એક પર્યાયમાં બીજી પર્યાય ક્યાંથી?

ઉત્તર :- હોય છે. એ વખતે અચક્ષુદર્શન દેખે છે એમાં સમ્યગ્દર્શનની પર્યાય ... ભેગું આવ્યું. છે તો બે પર્યાય ભિન્ન. અહીંયાં તો આચાર્યે એ સિદ્ધ કર્યું કે સામાન્ય દેખવું તે દર્શન જો હોય.. 'મીઠાલાલભાઈ'!

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ અભવિ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ અભવિને પણ હોય છે. અભવિને ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અરે..! વિભંગ છે. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્ત .. સાથે..

ઉત્તર :- કોને નિમિત્ત? કોનું ચાલે છે આ?

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ થાય એને.

ઉત્તર :- અહીં તો સમ્યગ્દૃષ્ટિ છે એને અવલોકનમાં સમ્યગ્દર્શન છે એ વાત સિદ્ધ કરવી છે. આ તો વાત અલૌકિક છે. આ તો વીતરાગ પરમેશ્વર... 'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત છે. જંગલવાસી. મુનિ તો જંગલમાં જ રહે. શ્વેતાંબર થયા પછી ગામમાં આવ્યા. હવે તો દિગંબર સાધુ ગામમાં (આવે છે). સંતો તો જંગલમાં દિગંબર અનાદિ સનાતન. જેને આત્માના અનુભવની, આનંદની લહેર ઉઠતી હોય. અતીન્દ્રિય પ્રચુર આનંદ હોય છે.

હવે અહીં એ મુનિ પોતે એમ કહે છે કે દર્શન અને જ્ઞાન. બે બોલ છે ને પહેલા? સમ્યગ્દર્શન પછી. દર્શન અને જ્ઞાન. એમાં છદ્મસ્થને પહેલું દર્શન હોય પછી જ્ઞાન હોય. એ દર્શન શું? કે સામાન્યપણે સત્તાને દેખવું એ દર્શન. સમકિતદર્શન નહિ ત્યાં. અને દરેક ચીજને ભિન્ન પાડીને જાણવું એનું નામ જ્ઞાન. છદ્મસ્થ જીવને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે એ આ રીતે. હવે એના સત્તાવલોકનમાં સમ્યગ્દર્શન નાખવું છે અહીં તો. એ પહેલા આવી ગયું છે. ૧૪૦ પાને. ૧૩મી ગાથામાં. સમજાણું કાંઈ?

આ આત્મા અંદર છે એને મન દ્વારા. મન દ્વારા... અચક્ષુદર્શન લેવું છે ને? એટલે એના દ્વારા આત્માને સામાન્ય છે તેને અવલોકે છે. પણ અવલોકવામાં મન દ્વારા અંતરનું અવલોકન છે ને. એથી તેના દર્શનમાં સમ્યગ્દર્શન છે, કહે છે.જેથી તેને કર્મની જે સાત પ્રકૃતિ છે એનો ઉપશમ, ક્ષય ને ક્ષયોપશમ થયેલો હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- હજી વધારે ચોખવટની જરૂર છે.

ઉત્તર :- વધારે કહીએ. અહીં આપણે ક્યાં...

મુમુક્ષુ :- ઘડ બેસવી જોઈએ.

ઉત્તર :- ઘડ બેસવી જોઈએ. કપડાની હોય છે ને ઘડ? સાટમ, સાટમ ને? અટલસ.

મુમુક્ષુ :- 'અમદાવાદ'માં ..

ઉત્તર :- છે ને અમે જોયેલીને આમ પાટ. .. પાછા એ ઘડ વાળનારને કરતા આવડે. નહિતર એમ ને એમ રહી જાય.

અહીં કહે છે કે આત્મામાં દર્શનની ઘડ કઈ રીતે બેસે છે? એમ કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહા..! સામાન્ય અવલોકનને અમે દર્શન કહ્યું. એ તો સામાન્ય વાત

થઈ. અને તેના પછી વિશેષ ભેદ પાડીને જાણે તે જ્ઞાન કહ્યું. હવે શિષ્યનો પ્રશ્ન એમ છે કે જ્યારે સામાન્ય અવલોકન દર્શન કહો તો સામાન્ય અવલોકન તો અભવિને ને બધાને છે. તો એ બધાને સમ્યગ્દર્શન થઈ જશે. સામાન્ય અવલોકનને જો તમે દર્શન કહો તો ત્યાં સમ્યગ્દર્શન થઈ જશે. એમ નથી. સાંભળ! મિથ્યાદષ્ટિ અને અભવિ આદિ અજ્ઞાની અચક્ષુદર્શન એટલે મન દ્વારા, મન દ્વારા પરને અવલોકે છે. માટે તેને મિથ્યાદષ્ટિ છે. અને સમ્યગ્દષ્ટિ અચક્ષુ દ્વારા, મન દ્વારા સ્વને અવલોકે છે.

મુમુક્ષુ :- અવલોકનમાં ભેદ જ ન પડે.

ઉત્તર :- ભેદ નથી, કીધું ને. આત્મા સામાન્ય છે તેને દેખે છે. દેખે છે એટલે શ્રદ્ધે છે. દેખવાના કાળમાં એને શ્રદ્ધે છે.

મુમુક્ષુ :- દેખવાના કાળમાં એ તો બીજો ગુણ થયો.

ઉત્તર : ભલે, સમ્મુચય હોય છે ને. એક સમયે અનંતગુણની પર્યાય હોય છે ને.

મુમુક્ષુ :- .. શ્રદ્ધા કરે છે?

ઉત્તર :- એ એની સાથે શ્રદ્ધા (થાય છે). દેખવું અચક્ષુદર્શન આત્મા છે એ અવલોકે છે એમાં શ્રદ્ધા ભેગી આવી ગઈ. કેમકે તેને પ્રકૃતિનો ક્ષયોપશમ, ક્ષય, ઉપશમ થઈ ગયો છે. એટલે એને એનું દેખવું તે સમ્યગ્દર્શન સહિત અચક્ષુદર્શન દ્વારા આત્મા અવલોકે છે. 'પ્રાણભાઈ'!

મુમુક્ષુ :- અવલોકન કરે તો તો ભેદ પડી ગયો.

ઉત્તર :- ક્યાં પડ્યો ભેદ? સમ્યગ્દર્શનમાં પણ ક્યાં ભેદ છે? એ તો શ્રદ્ધા અને પ્રતીત જ આવી. એમાં પણ આ આત્મા છે અને આ શ્રદ્ધા છે એવો ભેદ એમાં નથી. સમજાય છે કાંઈ? '...ભાઈ'! આ બધી ઝીણી વાતું છે. આહાહા..!

જુઓ! ત્રણ ગુણ ત્રણ ગુણ. એક દર્શનગુણ સામાન્યને દેખવું તે. એક જ્ઞાનગુણ ભેદ પાડીને જાણવું તે. એક સમ્યગ્દર્શન સ્વરૂપને જાણીને પ્રતીતિ કરવી તે. કહો, ત્રણ થયા? હવે ત્રણમાં બે. જે સામાન્ય અવલોકન છે કે જે આત્મા બીજાને અને સ્વને દેખતા ભેદ ન પાડે, ભેદ ન પાડે. એ સામાન્ય અવલોકન. સામાન્ય અવલોકનમાં મન દ્વારા અવલોકન થયું અચક્ષુદર્શન દ્વારા પણ એની સાથે આ આત્મા શુદ્ધ ઉપાદેય છે એવી પ્રતીતિ પણ સાથે છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો બીજા ગુણની વાત થઈ.

ઉત્તર :- ભલે બીજો ગુણ પણ અનંતગુણ સાથે છે.

મન દ્વારા અચક્ષુદર્શન દ્વારા દેખતા એ અવલોકન સમ્યગ્દષ્ટિને મન દ્વારા અંતરમાં ગયું છે. અજ્ઞાનીને મન દ્વારા બહાર ગયું છે. આટલો ફેર છે. સમજાય છે કાંઈ? કહો, 'કાંતિભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- .. જે સમજાય એવી ઘડ નથી બેઠી.

ઉત્તર :- ઘડ તો એને બેસાડવાની છે ને. ભાઈ! આહાહા..! ઓલા એમ નથી કહેતા કે

બ્રાહ્મણ પરણાવે પણ ઘર ચલાવી દે? ઘર તો એને ચલાવવાનું છે. શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે છે.

મુમુક્ષુ :- પણ દિશા તો દેખાડે.

ઉત્તર :- દેખાડે છે ને.

ભગવાનઆત્મા પૂર્ણ દ્રવ્ય શુદ્ધાત્મા, એને અચક્ષુદ્વારા એટલે મન દ્વારા દેખવું તે થાય છે. એ ઉપરાંત મન દ્વારા આ જાણ્યું માટે તેને સમ્યગ્દર્શનની પ્રતીત પણ સાચી છે. મન દ્વારા અચક્ષુદર્શન, મન દ્વારા અચક્ષુદર્શન દ્વારા અજ્ઞાની પરને અવલોકે છે. સમજાય છે કાંઈ? પરને દેખે છે. મન દ્વારા જ્ઞાની સ્વને દેખે. આટલો ફેર પાડ્યો. અને સ્વના અવલોકનના કાળમાં એને પ્રતીતિ હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં આપણે એમાં ને એમાં વિસ્તાર થાય તો વાંધો નથી. આહાહા..! બાપુ! વસ્તુ જ એવી છે. આહાહા..!

અહીં શું કહેવું છે? કે ત્રણ ગુણની ત્રણ પર્યાય છે. એક દર્શન દેખવાની પર્યાય, એક જ્ઞાનની પર્યાય અને એક શ્રદ્ધાની પર્યાય-સમ્યગ્દર્શનની પર્યાય. હવે ત્રણ પર્યાયમાં શિષ્યનો પ્રશ્ન થયો કે જો દેખવું જો સમ્યગ્દર્શન હોય તો તો અભવિ અને મિથ્યાદૃષ્ટિ દેખે છે. (તો કહ્યું કે) નહિ. તને ખબર નથી, બાપુ! એ મન દ્વારા, અચક્ષુદર્શન દ્વારા પરને દેખે છે. અને જ્ઞાની મન દ્વારા અચક્ષુદર્શન દ્વારા સ્વને દેખે છે એથી એને સમ્યગ્દર્શન છે. આહાહા..! કહો, '...ભાઈ'! .. અભ્યાસ કરે ... આહાહા..!

આ પરમાત્મા કહે છે, બાપુ! આ 'પરમાત્મપ્રકાશ' છે. એટલે પરમાત્મસ્વરૂપ છે એનું. પરમાત્મસ્વરૂપ જ આત્માનું છે. પરમાત્મસ્વરૂપી ભગવાન પરમાત્મ વીતરાગસ્વરૂપ જ છે. હવે કહે છે કે દેખે તે અવલોકન કરે તે દર્શન. તો એ દર્શનમાં સમ્યગ્દર્શન કઈ રીતે આવે? અને એ જ દર્શનમાં મિથ્યાદર્શન કઈ રીતે હોય?

અવલોકનમાં અજ્ઞાની મન દ્વારા બીજાને મહાસત્તાને દેખે છે. તેથી તેને ... કહ્યું. આહાહા..! જ્ઞાની એ મન દ્વારા અચક્ષુદર્શન.. દિશા ફરી ગઈ છે એની. ઓલો અચક્ષુદર્શન દ્વારા પરને દેખતો હતો. આ અચક્ષુદર્શન દ્વારા સ્વને દેખે છે. તો ભેદથી એમાં સાત પ્રકૃતિનો ક્ષય થઈને એને સમકિત છે. 'ચંદુભાઈ'! કહો, ... ... આહાહા..! અહીંયાં ફક્ત દેખવામાં ફેર છે. અજ્ઞાની મન દ્વારા બાહ્ય દેખે છે. મહાસત્તા. છે એટલું. ભેદ નહિ. ભલે. અને જ્ઞાની મન દ્વારા અચક્ષુદર્શન દ્વારા અંતર દેખે છે. તેથી તેમાં સમ્યગ્દર્શન હોય છે. આહાહા..! 'પ્રવિણભાઈ'! સમજાણું કાંઈ? આ કેટલા વખતથી ચાલે છે. અડધો કલાક તો થયો. એક લીટીમાં અડધો કલાક. એમાંથી તો આ...

પહેલું લક્ષમાં એ વાત લ્યો કે આત્મામાં ત્રણ ગુણ છે. એક દર્શનગુણ છે, એક જ્ઞાનગુણ છે, એક શ્રદ્ધાગુણ છે. શક્તિ ત્રણ. હવે દર્શનગુણ જે પહેલો કીધો એની પર્યાયમાં સામાન્ય એટલે ભેદ પાડ્યા વિના દેખવું એનું નામ સામાન્ય અવલોકન-દર્શન કહેવામાં આવે છે. અને પછી ભેદ પાડીને આ જીવ છે, આ જડ છે, આ જ્ઞાન છે, આ આનંદ છે એમ ભેદ પાડીને જાણવું તેને જ્ઞાન કહે છે. હવે એ બે વાત એટલી થઈ. હવે સામાન્ય અવલોકનમાં

સમ્યગ્દર્શન નાખવું છે અને સામાન્ય અવલોકનમાં મિથ્યાદર્શન નાખવું છે. સમજાય છે કાંઈ? તો સામાન્ય અવલોકનમાં અજ્ઞાની મન દ્વારા અચક્ષુદર્શન દ્વારા, ચક્ષુ નહિ, અવધિ નહિ, કેવળ નહિ, મનના અચક્ષુદર્શન દ્વારા પરને દેખે છે એટલે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ મિથ્યાત્વ છે અને પરને દેખે છે. એમ બે વાત. હવે આત્મા જ્યારે અવલોકનમાં સમ્યગ્દૃષ્ટિને આવે છે ત્યારે એ મનના અચક્ષુદર્શન દ્વારા આવ્યો. સત્તામાં સામાન્ય સત્તાની અપેક્ષાએ અચક્ષુદર્શન દ્વારા આવ્યો. પણ એ અંદર આત્માને અવલોકે છે માટે તેને સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- દર્શનમાં અવલોકન હોય જ નહિ. દર્શનમાં એક પ્રકારે જુદું દેખાય જ નહિ.

ઉત્તર :- જુદો દેખાય એ પ્રશ્ન ક્યાં છે? સમ્યગ્દર્શનમાં એની પ્રતીતિ થાય એમ કહેવું છે. જુદાની વાત નથી. શુદ્ધ આત્મા ઉપાદેય છે એ તો કથનની શૈલી છે. બાકી જ્યાં પર્યાય દ્રવ્ય તરફ ઢળી, ત્યારે સામાન્યમાં લક્ષ જાય છે એવું પણ ત્યાં નથી. સાંભળો! શું કહ્યું?

પર્યાય, જે સમ્યગ્દર્શનની પર્યાય સામાન્યનો આશ્રય લે છે એમ કીધું કે સામાન્યનું લક્ષ કરે. એટલે કે એ સમ્યગ્દર્શનની પર્યાયનું એ વખતનું જ્ઞાન આ સામાન્ય છે માટે ત્યાં લક્ષ કરું છું એવો ભેદ નથી. પણ પર્યાય પર તરફથી વળીને અંતરમાં જાય છે. એટલે એ સામાન્યમાં જાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સામાન્ય આ છે એવો ભેદ પણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવો વીતરાગમાર્ગ. આ તો સમ્યગ્દર્શનની સિદ્ધિ કરવા સામાન્ય અવલોકનમાં દર્શન નાખ્યું. આહાહા..! લ્યો!

'**ઈન ચારોંમેં મનકર જો દેખના વહ અચક્ષુદર્શન હૈ,...**' ચક્ષુ અવધિ અને કેવળ એ ત્રણ છોડી દીધા. એ ચારમાંથી અચક્ષુદર્શન લીધું. '**ચારોંમેં મનકર જો દેખના વહ અચક્ષુદર્શન, જો આંખોંસે દેખના વહ ચક્ષુદર્શન હૈ. ઈન ચારોંમેંસે આત્માકા અવલોકન...**' હવે નાખ્યું. '**ચારોંમેંસે...**' અચક્ષુદર્શનનું અવલોકન '**છદ્મસ્થ અવસ્થામેં મનસે હોતા હૈ...**' મનથી એટલે મન એની તરફ ઝુકે છે. એ મન દ્વારા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? 'ચંદુભાઈ'! ખરેખર તો અચક્ષુ મન દ્વારા 'આ આત્મા છે' એમ પણ નહિ ત્યાં. ફક્ત આ પર્યાય સામાન્યમાં ઢળી ગઈ એટલું એને સામાન્ય અવલોકન કહેવામાં આવે છે. પણ આ સામાન્ય છે એવો ભેદ પણ અચક્ષુદર્શનના વિષયમાં છે નહિ. હવે અહીં કહે છે કે જ્યારે આત્મા અંતરના અચક્ષુદર્શન દ્વારા અવલોકનમાં ગયો. સ્વમાં ગયો ને? ઓલો અચક્ષુદર્શન દ્વારા પરમાં ગયો હતો. આહાહા..! અજ્ઞાની અચક્ષુદર્શન દ્વારા મન દ્વારા પરને દેખે, અહીં મન દ્વારા અચક્ષુદર્શન અહીં (સ્વને) દેખે છે. અહીં (સ્વને) દેખે છે ત્યાં સમકિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેય સાથે સાથે ..

ઉત્તર :- સાથે જ છે. એ તો અનંતગુણની પર્યાય (સાથે) છે.

અચક્ષુદર્શન દ્વારા વસ્તુ છે તેને દેખે કે આ આત્મા છે એમ પણ નથી એમાં. એ તો પર્યાય આ બાજુ ઢળી એટલે સામાન્યમાં ઢળી એમ કહેવામાં આવે. હવે સામાન્યને

અચક્ષુદર્શનને જ્યારે દેખે એમ કહ્યું ત્યારે સ્વનું અવલોકન થયું એથી એને સમ્યગ્દર્શન છે. પરનું અવલોકન છે ત્યાં મિથ્યાદર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા અંદર, આ આત્મા સામાન્ય વસ્તુ બસ. એ ઉપર જ્યાં અવલોકન થયું ત્યારે તો તેને અનંતગુણની પર્યાયની વ્યક્તતા પ્રગટ થઈ. સમ્યગ્દર્શનની વાત લીધી. પણ સમ્યગ્દર્શન થતાં આ આખો આત્મા પ્રતીતિમાં આવતા અચક્ષુદર્શન દ્વારા અવલોકનના કાળમાં આખા પૂર્ણ આત્માની પ્રતીતિમાં થતાં જેટલા ગુણો છે તેના એક અંશે પ્રગટ બધા ગુણો થયા. એટલે સત્તા અવલોકનમાં અને સમ્યગ્દર્શનમાં એક જ પર્યાય પ્રગટી દર્શનની અને અચક્ષુદર્શનની, એમ નથી. આહાહા..! આ ઝીણી વાત છે, બાપુ! વીતરાગ સિવાય ક્યાંય આ (વાત નથી). સર્વજ્ઞ પરમેશ્વર સમ્યગ્દર્શનને શી રીતે કહે છે? એ વાત કરે છે. સમજાણું?

જોવાના બે પ્રકાર. એક અચક્ષુદર્શન દ્વારા આત્માને જોવો એ અને એ કાળે... કેમકે આત્માને જોયો. એ જ કાળે એને સમ્યગ્દર્શનની પર્યાય છે. અને એ સમ્યગ્દર્શનની પર્યાય દ્વારા આત્માની પ્રતીત કરી એ પણ એકસાથે થયું છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! અનંતા ગુણની પર્યાયો પ્રગટ થઈ. અનંતગુણની પર્યાયે સામાન્યને જોયો છે. 'નવરંગભાઈ'! આવું છે. પાણી-બાણી તો ક્યાંય રહી ગયું. આહાહા..! હજી તો પ્રથમ સમ્યગ્દર્શન. પછી ચારિત્ર તો સમ્યગ્દર્શન હોય એને ચારિત્ર વસ્તુમાં સ્થિરતા આવે. સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ એ બધા એકડા વિનાના મીંડા છે. બાળતપ અને બાળવ્રત (છે), એમ ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'સમયસાર'માં કહે છે. જેને સમ્યગ્દર્શન નથી, આત્માનું અવલોકન થયું નથી શ્રદ્ધા, એને અંતરમાં સ્વભાવની પ્રતીતિ અંતર્મુખ થઈને થઈ નથી, એવા જીવના જેટલા વ્રત અને તપ હોય એ બધા અજ્ઞાન અને મૂર્ખાઈ ભરેલા વ્રત અને તપ છે. એવો પાઠ પુણ્ય-પાપ અધિકારમાં 'સમયસાર'માં છે. સમજાણું કાંઈ?

'**ચારોંમેંસે...**' ચાર કોણ? ચક્ષુદર્શન. ચક્ષુથી દેખવું. અચક્ષુદર્શન મનથી દેખવું. અવધિ દર્શન રૂપી પદાર્થને અંશે પ્રત્યક્ષ દેખવા. કેવળદર્શન સંપૂર્ણ દેખવું. એ ચાર દર્શનમાંથી મનથી જે દેખવું એ અચક્ષુદર્શન. હવે ચાર માહ્યલું ક્યુ દર્શન એમ કહે છે. '**જો આંખોસે દેખના વહ ચક્ષુદર્શન હૈ.**' એ તો આંખથી આ દેખે. આંખથી દેખે એમાં એમ નથી. આંખથી દેખે કે આ ભગવાન છે, એ જ્ઞાન થઈ ગયું. પણ આંખથી સામાન્યસત્તા દેખાય એને ચક્ષુદર્શન કહે છે. ચક્ષુદર્શનમાં જણાય કે આ ભગવાન છે, આ પ્રતિમા છે, આ મંદિર છે. એ તો જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**ચારોંમેંસે આત્માકા અવલોકન છદ્મસ્થ અવસ્થામેં...**' કેવળજ્ઞાનીની અહીં વાત નથી. અહીં તો છદ્મસ્થ હજી આવરણમાં રહેલ છે, ભાવઘાતિ આવરણમાં. જડ ઘાતિનું આવરણ (જુદું છે). સમજાણું કાંઈ? એમાં અવસ્થામાં '**મનસે હોતા હૈ...**' એને મનથી દેખાય છે. '**ઔર વહ આત્મદર્શન..**' છે? મનથી .. અચક્ષુથી કહ્યું તે '**આત્મ-દર્શન મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયસે હોતા હૈ.**' આહાહા..!

સમજાણું કાંઈ? એને જે મિથ્યાત્વ પ્રકૃતિ, મિશ્ર પ્રકૃતિ, સમકિત મોહનીય પ્રકૃતિ એ ત્રણ અને ચાર અનંતાનુબંધી, એ સાતનો સ્વ અચક્ષુદર્શન દ્વારા, મન દ્વારા આત્માને અવલોકે છે એને સાતમો ક્ષયોપશમ, ક્ષય અને ઉપશમ હોય જ છે. સમજાણું કાંઈ? 'મીઠાભાઈ'! આહાહા..! આવો માર્ગ એને .. બહુ વિચાર માગે એવો છે. અનંતકાળમાં નવમી ગ્રૈવેયક (ગયો). જૈન દિગંબર સાધુ (થયો), હજારો રાણી છોડી, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા અને ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એટલી ક્ષમા પણ કરી. પણ સમ્યગ્દર્શન નહિ.

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો.

ઉત્તર :- અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો એ તો પરલક્ષી જ્ઞાન થયું. એમાં આત્મા ક્યાં આવ્યો? એ તો કીધું ને પરલક્ષી છે. આહાહા..! નવ પૂર્વની લબ્ધિ પણ પ્રગટેલી. એ તો પરલક્ષી છે. મિથ્યાદર્શનમાં થાય છે.

મુમુક્ષુ :- આત્માને .. રાખ્યો.

ઉત્તર :- આત્મા નથી. ધ્યાન એ કરતો નથી. એને ખબર નથી આત્મા શું ચીજ છે? વિકલ્પથી વિચાર કરે કે આનું આવ્યું છે. પણ અંદર એને આત્મદર્શન ન થાય. વિકલ્પના વિચારમાં લ્યે કે ભગવાન આને આમ કહે છે. સાંભળ્યું છે ને. પણ એ વિકલ્પ તોડીને અંદરમાં દૃષ્ટિ કરવી એ આત્માને જોતો નથી. બાકી બધું જાણપણું ઘણું કર્યું એણે. આહાહા..! દરિયો ડોળ્યો પણ ભગવાનનો-આત્માનો પત્તો ન લીધો. આહાહા..! બાપુ! ઝીણી વાત છે.

'**સો સમ્યગ્દષ્ટિકે તો યહ દર્શન...**' જોયું! અચક્ષુદર્શન એટલે મન દ્વારા આત્મઅવલોકન, તે '**સમ્યગ્દષ્ટિકે તો યહ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે...**' એને તો તત્ત્વાર્થશ્રદ્ધાન યથાર્થ થઈ ગયું. આહાહા..! અચક્ષુદર્શન મન દ્વારા અજ્ઞાની અવલોકે તો છે પણ એ પરને અવલોકે છે, સ્વને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહેશે હમણાં. એને '**તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે મોક્ષકા કારણ હૈ,...**' કેમ? કે '**જિસમેં શુદ્ધ આત્મ-તત્ત્વ હી ઉપાદેય હૈ,...**' અચક્ષુ એટલે મન દ્વારા આત્માના અવલોકનમાં ઢળ્યો છે આ બાજુને? એથી તે સમ્યગ્દષ્ટિને અચક્ષુદર્શન દ્વારા તત્ત્વાર્થશ્રદ્ધાન થયું એમાં શુદ્ધાત્મા ઉપાદેય છે એ દૃષ્ટિમાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! તત્ત્વાર્થશ્રદ્ધાનમાં..

'**યહ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે મોક્ષકા કારણ હૈ, જિસમેં...**' તત્ત્વાર્થ શ્રદ્ધાનને પણ '**શુદ્ધ આત્મ-તત્ત્વ હી ઉપાદેય હૈ,...**' આહાહા..! માર્ગ બાપા! બહુ ઝીણો, ભાઈ! સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર ન મળે. અને કેમ પ્રાપ્ત થાય એની વિધિની ખબર ન મળે. અને આ બહારના વ્રત અને તપ લઈને બેસી ગયા. ધૂળ-ધાણી અને વાર્તામાં કાંઈ છે નહિ. આહાહા..! આવો માર્ગ વીતરાગનો છે. '**तत्त्वार्थश्रद्धानलक्षणसम्यक्त्वाभावात्**'. જોયું? અજ્ઞાનીને સમ્યગ્દર્શનનો અભાવ છે. '**शुद्धात्मतत्त्वमेवोपादेयमिति श्रद्धानाभावे**' અભાવથી લીધું. અહીં ભાવથી લીધું. શું કહ્યું સમજાણું? કે મન દ્વારા અજ્ઞાની પરને અવલોકે

છે એમાં સ્વઅવલોકન ન આવ્યું. તેથી તેને..

મુમુક્ષુ :- અવલોકનમાં સ્વ કે પર એવો ભેદ ક્યાં હોય?

ઉત્તર :- એ ભલે અવલોકનમાં સ્વ-પરનો (ભેદ નથી), પણ આ બાજુ ઢળ્યો અને આ બાજુ ઢળ્યો એટલી વાત છે કે નહિ? ભેદ નથી. પણ આ બાજુ ઢળ્યો છે કે આ બાજુ ઢળ્યો એટલી તો સત્તામાં છે ને? આહાહા..! પર્યાયનું વળવું સ્વ તરફ છે કે પર તરફ? એ સામાન્ય. પછી આ સ્વ છે અને પર છે એમ પણ નહિ. પણ વળ્યો છે પર્યાયે...

મુમુક્ષુ :- ભેદજ્ઞાન છે જ નહીં પછી સ્વ તરફ હોય જ ક્યાંથી?

ઉત્તર :- ઈ જ કહે છે ને? કે તેથી તેનું જ્ઞાન અજ્ઞાન છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અભાવ છે અને શુદ્ધાત્મા ઉપાદેયનો અભાવ છે. પાઠમાં એમ છે. પંડિતજી! પાઠમાં ઓલા અભાવની વાત લીધી. અર્થ કર્યો છે, જુઓ!

‘**માનસ-અચક્ષુદર્શન (મનસંબંધી અચક્ષુદર્શન) આત્મગ્રાહક હોય છે અને તે, મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયજનિત તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનો અભાવ હોવાથી...**’ એ અજ્ઞાનીને સમ્યગ્દર્શનનો અભાવ છે. ‘**શુદ્ધાત્મતત્ત્વ જ ઉપાદેય છે એવી શ્રદ્ધાનો અભાવ હોતાં,...**’ જ્ઞાનીને માટે કાઢ્યું કે સ્વ અવલોકનના કાળમાં આત્મા ભગવાન પૂર્ણાનંદનું અવલોકન છે એ છે દર્શન સત્તા. સત્તાનું. પણ એ વખતે સ્વનું અવલોકન થયું માટે એને સમ્યગ્દર્શન છે. અને તેથી તેને તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. અને તત્ત્વાર્થ શ્રદ્ધાન હોવાથી શુદ્ધાત્મા ઉપાદેય છે એ દૃષ્ટિ એમાં થઈ છે. આહાહા..!

પાઠમાં ટીકામાં આટલું છે. મિથ્યાદૃષ્ટિને સ્વઅવલોકન નથી તેથી તત્ત્વાર્થશ્રદ્ધાનનો અભાવ છે તેથી શુદ્ધ આત્મા ઉપાદેય છે તેનો પણ અભાવ છે. હવે ગુલાંટ ખાઈને વાત કાઢી કે આત્મા જ્યારે અચક્ષુદર્શન દ્વારા મન દ્વારા પરને જે દેખતો એ સ્વને અવલોકે છે અંદર. ભલે સામાન્ય હો. અચક્ષુદર્શન સામાન્ય છે ને. અચક્ષુદર્શન સામાન્ય. પણ એ અવલોકનમાં આમ ગયો અંદર... આહાહા..! ત્યારે તેને આત્મદર્શન થયું તે દેખવાના કાળમાં એને સમ્યગ્દર્શન થયું. તત્ત્વાર્થ શ્રદ્ધાન થયું, તત્ત્વાર્થ સમ્યગ્દર્શન થયું અને શુદ્ધ આત્મા ઉપાદેય છે એવી દૃષ્ટિ થઈ. આહાહા..! એકલો ભગવાન શુદ્ધ પરમાનંદ પ્રભુ, એ જ ગ્રહણ કરવા લાયક ઉપાદેય છે એ દૃષ્ટિ થઈ. ત્યારે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગાથા જરી ઝીણી આવી ગઈ છે. આહાહા..!

વળી એમ કહ્યું કે ભાઈ! સામાન્ય અવલોકનવાળો હોય એ સ્વ ને પર બે કેમ? એ અહીંયાં પ્રશ્ન નથી. પર્યાય આમ વળી છે એટલું, બસ. સામાન્ય ઉપર જાઉં છું તો એ પણ ક્યાં ત્યાં છે? આ સામાન્ય છે એવો ભેદ પડે તો જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- .. જોવામાં અને જાણવામાં ...

ઉત્તર :- શ્રદ્ધા શ્રદ્ધામાં પ્રતીત આવી. પ્રતીત આવી. જ્ઞાન પણ એની સાથે થયું ને? સમ્યક્જ્ઞાન પણ સાથે થયું છે. ... આનંદનો અંશ પણ પ્રગટ્યો. .. અહીંયાં તો સ્વ અવલોકનવાળાને સમ્યગ્દર્શન કેમ છે એ વાત ચાલે છે. અને પર અવલોકનવાળાને મિથ્યાદૃષ્ટિ

કેમ છે એ ચાલે છે. સમજાય છે? વાત તો દર્શન સામાન્ય સત્તા અવલોકન. બસ છે એટલું. આ છે એ પણ નહિ. આ છે એ ભેદ પડી ગયો. દર્શનનો વિષય એટલો છે. કંઈ ભેદ નહિ, બસ, છે. છે એટલે આ છે એમ પણ નહિ. આહાહા..! આ છે, આ નથી, એમ ત્યાં બે થઈ જાય છે. આહાહા..! આવો માર્ગ છે.

પણ એ જ્યારે પર્યાય અચક્ષુદર્શનની.. અચક્ષુદર્શન તો છે કે નહિ? એની પર્યાય મન દ્વારા એટલે અચક્ષુદર્શન દ્વારા આમ ગઈ એટલે એને સામાન્ય દ્રવ્યનું આત્માનું અવલોકન થયું. અજ્ઞાનીને મન દ્વારા પરનું અવલોકન હતું તેથી તે મિથ્યાદૃષ્ટિ તત્ત્વાર્થ શ્રદ્ધાન શુદ્ધાત્મતત્ત્વ ઉપાદેય છે તેનો અભાવ છે. અને આ પર્યાય જ્યારે અંદરમાં ગઈ, વળી ત્યારે અચક્ષુદર્શન દ્વારા અવલોકન થતાં તેમાં સ્વઅવલોકન થયું માટે તે સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. .. અંદર અચક્ષુદર્શનની સાથે સ્વ અવલોકન થયું માટે પ્રતીતિ સમ્યગ્દર્શનની છે. આહાહા..! હવે આમાં કેટલો વખત ગયો? પોણો કલાક ઉપર થઈ ગયું. આહાહા..! લખાય છે કે નહિ? ઈ પાછું નાખશે એમાં-'આત્મધર્મ'માં.

સામાન્ય એટલે ભેદ પાડ્યા વિના અભેદ થવું તેને સત્તા અવલોકન દર્શન કહે છે. છે એટલું. એને અવલોકે દેખે તેને દર્શન કહે છે. એ દર્શનમાંથી પ્રશ્ન ઊઠ્યો. એવું સામાન્ય દર્શન તો અભવિને પણ છે. મિથ્યાદૃષ્ટિને સામાન્ય દર્શનઉપયોગ નથી? દર્શનઉપયોગ, જ્ઞાનોપયોગ એને પણ છે. ત્યારે તમે જો એમ કહો કે સામાન્ય દેખવું તે દર્શન, તો મિથ્યાદૃષ્ટિને પણ સમકિત થઈ ગયું. કારણ કે દેખવું એ પણ સામાન્યને દેખે છે.

ત્યારે પ્રશ્ન એવો ઉઠ્યો, ભાઈ! એમ નહિ. મિથ્યાદૃષ્ટિ સામાન્યને અવલોકે છે એ મન દ્વારા પરને અવલોકે છે. એટલો ફેર પાડ્યો. આહાહા..! અને સમ્યગ્દૃષ્ટિ અચક્ષુ દ્વારા અવલોકે છે એ સ્વને અવલોકે છે. આ આમ ફેર પાડ્યો આખો. સ્વનું અવલોકન અચક્ષુદર્શનથી છે માટે તે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એને પ્રકૃતિનો ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ થઈ ગયો જ છે. અને તેને તત્ત્વાર્થશ્રદ્ધાન છે અને તેથી શુદ્ધાત્મા ઉપાદેય છે તે દૃષ્ટિ સાચી છે. આહાહા..! કહો, 'ચંદુભાઈ'! આજે બધું ઝીણું આવ્યું છે. .. ગુજરાતી .. નાખ્યો હતો. આહાહા..! (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**૩૫મી ગાથા પરનું પ્રવચન ઉપલબ્ધ નહિ હોવાથી ૬૫-૬૬ની સાલમાંથી લીધેલ છે.**

## વીર સંવત ૨૪૯૨, પોષ સુદ ૧૩, બુધવાર
## તા. ૦૫-૦૧-૧૯૬૬, ગાથા-૩૪-૩૫, પ્રવચન નં. ૯૫

(૩૪મી ગાથા). બીજા ભાગની, **'આગે સામાન્ય ગ્રાહક નિર્વિકલ્પ સત્તાવલોકનરૂપ દર્શનકો કહતે હૈં'** વિષય જરીક બીજો થોડોક અંદર ફેરવે છે. વાત તો સમ્યગ્દર્શનની છે પણ એમાં સામાન્ય ગ્રાહક સત્તાવલોકન એની વ્યાખ્યા જોડે સાથે થોડી નાખે છે.

**१६०) सयल-पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ।**
**वत्थु-विसेस-विवज्जयउ तं णिय-दंसणु जोइ।।३४।।**

**અન્વયાર્થ :-** **'જો જીવોંકે જ્ઞાનકે પહલે...'** **'अग्गिमं '** એટલે પહેલે જ્ઞાન થવા પહેલા. ૩૪ના શબ્દાર્થ. **'સબ પદાર્થોંકા યહ સફેદ હૈ, ઈત્યાદિ ભેદ રહિત...'** દર્શન કહેવું છે ને? વસ્તુનું દર્શન થતાં એમાં આ સફેદ છે, આ જીવ છે કે આ જડ છે એમ ભેદ પાડ્યા વિના. **'સામાન્યરૂપ દેખના, વહ દર્શન હૈ, ઉસકો તૂ જાન.'** એમ 'યોગીન્દ્રદેવ' આચાર્યે કહ્યું.

**'યહાં પ્રભાકરભટ્ટ પૂછતા હૈ, કિ આપને જો કહા કિ નિજાત્માકા દેખના વહ દર્શન હૈ,...'** અત્યાર સુધી તો તમે એમ કહ્યું, બીજો ભાગ, બીજો ભાગ એની ૩૪ ગાથા. બીજો ભાગ, પહેલો ભાગ નહિ. સમજાણું કાંઈ? ગાથા તો આ આવી. તમે ચલવો છો તો નિજાત્માનું દર્શન એને સમ્યગ્દર્શન કહો છો. એમાં વળી આ વિષય ક્યાં નાખ્યો તમે? સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે કે, **'આપને જો કહા કિ નિજાત્માકા દેખના વહ દર્શન હૈ,...'** આત્માનું સ્વરૂપ શુદ્ધ એને અંતરમાં દેખવું તેને દર્શન કહેવાય છે. **'ઐસા બહુત બાર તુમને કહા હૈ, અબ સામાન્ય અવલોકનરૂપ દર્શન કહતે હૈં.'** વળી કહો છો કે, સામાન્ય અવલોકન તે દર્શન. સમજાણું કાંઈ? સામાન્ય અવલોકન એટલે શું? અને આત્માનું દર્શન એટલે શું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એમ! ઠીક. કહો, સમજાણું કાંઈ?

નિજાત્માનું દેખવું તે દર્શન. આપ તો અત્યાર સુધી કહેતા આવ્યા છો કે, આ આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વરૂપ છે એને દેખવું એનું નામ સમ્યગ્દર્શન છે, એ ધર્મ છે. તો આ વળી સામાન્ય અવલોકન ક્યાં નાખ્યું વચમાં? કેમકે **'એસા દર્શન તો મિથ્યાદષ્ટિયોંકે ભી હોતા હૈ,...'** આ જે સામાન્ય અવલોકન, જ્ઞાન પૂર્વે પહેલા દર્શન થાય એવું દર્શન તો મિથ્યાદષ્ટિ અભવીને બધાને હોય છે. સમજાણું કાંઈ?

'**ઉનકો ભી મોક્ષ કહની ચાહિયે?**' તો મિથ્યાદષ્ટિને પણ મોક્ષ હોય. કારણ કે, તમે તો નિજાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું દર્શન કરવું એ સમ્યગ્દર્શન કહ્યું છે. વળી તમે કહો છો કે, સામાન્ય અવલોકન કરવું ભેદ પાડ્યા વિના. આ ધોળું, કાળું, લાલ, જીવ, જડ (એમ) ભેદ પાડ્યા વિના દેખવું એ દર્શન. એવું દર્શન તો મિથ્યાદષ્ટિને હોય છે, તો મિથ્યાદષ્ટિને પણ મોક્ષ થવો જોઈએ. પ્રશ્ન સમજાય છે કાંઈ?

'**ઈસકા સમાધાન – ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન યે દર્શનકે ચાર ભેદ હૈં. ઈન ચારોંમેં મનકર જો દેખના વહ અચક્ષુદર્શન હૈ,...**' મનથી દેખવું તેને અચક્ષુદર્શન કહે છે. '**જો આંખોંસે દેખના વહ ચક્ષુદર્શન હૈ. ઈન ચારોંમેંસે આત્માકા અવલોકન છદ્મસ્થઅવસ્થામેં મનસે હોતા હૈ...**' જુઓ! એની સાથે ભેળવે છે, સમ્યગ્દર્શન સાથે. ચારમાંથી આત્માનું અવલોકન છદ્મસ્થ દશામાં કેવળજ્ઞાન પહેલા '**મનસે હોતા હૈ ઔર વહ આત્મ-દર્શન મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયસે હોતા હૈ.**' શું કીધું? સમજાણું? આત્માનું સમ્યગ્દર્શન, નિજાત્માનું દર્શન થાય એની સાથે અચક્ષુદર્શનથી પણ અવલોકન હોય છે. અચક્ષુદર્શનથી એની સાથે અવલોકન હોય છે. એ અચક્ષુદર્શન અવલોકન સમ્યગ્દર્શનની સાથે હોય છે અને તેથી તે અચક્ષુદર્શન, દર્શનમોહનો મિથ્યાત્વ, '**સાત પ્રકૃતિયોંકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયસે હોતા હૈ. સો સમ્યગ્દષ્ટિકે તો યહ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે મોક્ષકા કારણ હૈ,...**' સમ્યગ્દષ્ટિને તો એ અવલોકન અચક્ષુદર્શન થવાથી અંદર તત્ત્વાર્થશ્રદ્ધાનું ભાન થયું છે. સમજાણું કાંઈ? એની સાથે અચક્ષુદર્શનનું અવલોકન છે. એની સાથેનું. એની સાથે જે અચક્ષુદર્શન અવલોકન છે. આત્માની તત્ત્વાર્થ શ્રદ્ધાન દષ્ટિ પ્રગટતા સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થતાં શુદ્ધ ચૈતન્યની દષ્ટિ થાય ત્યાં જે અચક્ષુદર્શનથી અવલોકન કહેવામાં આવ્યું એને સમ્યગ્દર્શનની સાથેનું ગણીને એને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**યહ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે મોક્ષકા કારણ હૈ,...**' એ અચક્ષુથી દેખતા તે કાળે તત્ત્વાર્થ શ્રદ્ધાન સાથે હોય છે. સમજાણું નહિ આમાં? મન છે અચક્ષુ છે, એનાથી દેખે છે એ તત્ત્વાર્થ શ્રદ્ધાનના કાળમાં એની સાથે દેખે છે. એમ. સમ્યગ્દષ્ટિને જ હોય આ. સમજાણું કાંઈ? એકલું સમ્યગ્દર્શન વિનાનું અજ્ઞાનીને જે અવલોકન છે એને અહીં ગણવું નથી.

'**ઔર મિથ્યાદષ્ટિયોંકે તત્ત્વશ્રદ્ધાન નહીં હોનેસે...**' જોયું? ઓલામાં તો તત્ત્વાર્થશ્રદ્ધાન હોનેસે મોક્ષકા કારણ છે અને '**જિસમેં શુદ્ધ આત્મ-તત્ત્વ હી ઉપાદેય હૈ,...**' શુદ્ધ આત્મા આદરણીય છે એવું સમ્યગ્દર્શનમાં, અચક્ષુદર્શનના કાળમાં એ આત્મા ઉપાદેય છે એવું ભાન છે. ઝીણી વાત આવી. કહો, 'કાંતિભાઈ'! અચક્ષુદર્શન ઓલું અંદર એ વખતનું લીધું. સમ્યગ્દર્શન, તત્ત્વાર્થ શ્રદ્ધાનમ સમ્યગ્દર્શન છે એ વખતે અચક્ષુ એટલે મનથી આત્માનું જે અવલોકન થાય, સમ્યગ્દર્શનના કાળે, એવા અચક્ષુદર્શનને સમ્યક્ તત્ત્વાર્થ શ્રદ્ધાની સાથે ગણીને એને મોક્ષનું કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિને

તત્ત્વાર્થશ્રદ્ધાન નથી. જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે એનું એને ભાન નથી. '**આત્માકા દર્શન નહીં હોતા.**' એને આત્માનું દર્શન જ નથી. એટલે અચક્ષુથી આત્માનું દર્શન એને છે નહિ. સમજાય છે કાંઈ આમાં?

'**મિથ્યાદષ્ટિયોંકે સ્થૂલરૂપ પરદ્રવ્યકા દેખના-જાનના...**' જુઓ! મિથ્યાદષ્ટિને સ્થૂળરૂપે મનથી ઇન્દ્રિયો દ્વારા પરનું જાણવું છે, સ્વદ્રવ્યનું જ્ઞાન એને હોય નહિ. સ્વદ્રવ્યની શ્રદ્ધા હોય, એનું જે જ્ઞાન હોય, એની સાથે અચક્ષુદર્શન દેખે એને અહીંયાં અચક્ષુદર્શન કહેવામાં આવે છે. એને સામાન્ય અવલોકનને દર્શન ત્યાં કહેવામાં આવ્યું છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન સાથે હોય તેને. સમજાણું કાંઈ? વિષય ફેરવ્યો એટલે એને પાછો મેળવવો જોઈએ ને. એ પહેલા આવી ગયું છે આપણે, ૧૪૦ પાને. સમજાણું કાંઈ? ન્યાં પણ પૂછ્યું છે, આ વળી ક્યાં નાખ્યું? ૧૪૦ પાને આ આવી ગયું હતું. કહો, સમજાણું આમાં?

આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પ રહિત, શરીર કર્મ રહિત એક સ્વરૂપે અખંડ જ્ઞાયક છે એવી અંતરમાં શ્રદ્ધા થવી, જ્ઞાન થવું એને તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહે છે. ત્યારે અહીંયાં કહ્યું કે, અચક્ષુદર્શનના અવલોકનને તમે મોક્ષમાર્ગમાં ક્યાં નાખ્યું? એવું અવલોકન તો અજ્ઞાનીને અનાદિની છે. ભાઈ! અમે નાખ્યું એ તત્ત્વાર્થશ્રદ્ધાન સાથે જે મનના અવલોકને આત્માનું કરે છે એની અપેક્ષાએ અમે વાત કરીએ છીએ. સમજાણું? 'ચીમનભાઈ'! ઝીણું વળી આવ્યું, તમે આવ્યા ને. સત્તાવલોકન ને આ ને આ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, પણ એ અવલોકન તત્ત્વાર્થશ્રદ્ધાનની સાથે જે મનથી અવલોકન (થાય છે) એને અહીંયાં ગણ્યું છે. એમ. એનું અવલોકન મનથી એનું આત્માને લાગુ પડી ગયું છે. સમ્યક્ તત્ત્વાર્થશ્રદ્ધાન થયું છે એને જે મનનું અવલોકન આત્માનું થયું છે એને અહીં ગણ્યું છે. એ સિવાયના મન ને ઇન્દ્રિયથી પરદ્રવ્યને અવલોકે, અહીં સ્વદ્રવ્યના અવલોકનની વાત છે ને? મિથ્યાદષ્ટિને પરદ્રવ્ય પાંચ ઇન્દ્રિય ને મનથી અવલોકન જ્ઞાન પહેલા થાય એ અવલોકન તો અભવીને બધાને હોય છે. એમાં આત્મદર્શન હોતું નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મદર્શન ને મનના ચક્ષુ, અચક્ષુ દર્શનનો ઉઘાડ એ આત્માને અંદર જોવે છે, જોવે છે એને અહીંયાં ગણવામાં આવ્યું છે. કહો, 'ફૂલચંદભાઈ'! સમજાય છે આમાં? ઝીણું પડે છે, ઝીણું પડે છે. પરિચય નહિ ને અભ્યાસ ન મળે. ઓલો રળવાનો અભ્યાસ બહુ હોય એને એકદમ.

કહે છે કે, દર્શનના બે પ્રકાર. એક તો આત્મ તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન. હવે એની સાથે તમે સામાન્ય અવલોકન દર્શન ને વિશેષ અવલોકન જ્ઞાન એમાં સામાન્ય અવલોકન દર્શનમાં ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળદર્શન (એવા) ચાર ભેદ આવે છે. એમાં તમે અહીં સામાન્ય અવલોકન દર્શનને સમ્યગ્દર્શનના પ્રસંગમાં કેમ નાખ્યું તમે? કેમકે એવું સામાન્ય અવલોકન દર્શન તો મિથ્યાદષ્ટિને હોય છે, પરદ્રવ્યનું. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો. એણે કહ્યું, ભાઈ! આ તો અંતર આત્મદર્શનની વાત છે. મિથ્યાદષ્ટિને બીજા દ્રવ્યોને જાણવા પહેલા

સામાન્ય અવલોકન ભેદ પડ્યા વિના થાય એ તો અભવી, ભવી બધાને હોય છે. એની અહીં વાત પરદ્રવ્ય સંબંધીના સામાન્ય અવલોકનની વાત અહીંયાં નથી. અહીં તો આત્માનું સામાન્ય અવલોકન એ તત્ત્વાર્થ શ્રદ્ધાનની સાથે પહેલું અવલોકન કરે છે એને અહીંયાં ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મિથ્યાદષ્ટિઓને સ્થૂલરૂપ પરદ્રવ્ય પાછા, સ્થૂળરૂપ પરદ્રવ્યનું દેખવું, જાણવું થાય છે. '**મન ઔર ઈન્દ્રિયોંકે દ્વારા હોતા હૈ, વહ સમ્યગ્દર્શન નહીં હૈ,...**' મિથ્યાદષ્ટિને અંતર આત્માની શ્રદ્ધા નથી. આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ છે, નિર્મળાનંદ છે એવી દૃષ્ટિનું જ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય છે, મિથ્યાદષ્ટિને હોતું નથી. '**ઈસલિએ મોક્ષકા કારણ ભી નહીં હૈ.**' મિથ્યાદષ્ટિને આત્માનું દર્શન નથી તેથી એને અચક્ષુદર્શન જે સમ્યગ્દર્શનની સાથે સ્વદ્રવ્યને દેખવું જોઈએ એવું એને હોતું નથી. તેથી તેને પરદ્રવ્યનું દેખવું મન, ઈન્દ્રિયથી થાય એ મોક્ષનું કારણ કહેવામાં આવ્યું નથી. સમજાણું કાંઈ? અટપટી જરી વાત આવે ત્યાં ગુંચાય. કહો, સમજાય છે કે નહિ? 'શેઠ'!

'**સારાંશ યહ હૈ – કિ તત્ત્વાર્થશ્રદ્ધાનકે અભાવસે સમ્યક્ત્વકા અભાવ હૈ,...**' ભલે કહે છે કે, ચક્ષુ, અચક્ષુદર્શનથી મિથ્યાદષ્ટિ પરદ્રવ્યને જાણવા પહેલા સામાન્ય દેખે. એ અહીંયાં મોક્ષના કારણમાં હોય નહિ. સમજાણું કાંઈ? આત્મદર્શન તત્ત્વાર્થશ્રદ્ધાન થયું એની સાથે મનનું અવલોકન (અર્થાત્) મનથી આત્માને દેખે એવા અવલોકનને અહીંયાં ગણવામાં આવ્યું છે. સ્વદ્રવ્ય, અહીં સ્વદ્રવ્યને લેવું છે ને. ઓલા મિથ્યાષ્ટિને પરદ્રવ્યનું અવલોકન છે. સમજાણું કાંઈ આમાં?

'**ઔર સમ્યક્ત્વકે અભાવસે મોક્ષકા અભાવ હૈ.**' અજ્ઞાનીને તત્ત્વાર્થશ્રદ્ધાનનો અભાવ છે. એટલે કે એને મનથી આત્મદર્શન, તત્ત્વાર્થશ્રદ્ધાન સાથે આત્મદર્શન જોઈએ સામાન્ય અવલોકન એ સમ્યગ્દર્શન વિના મિથ્યાદષ્ટિને હોતું નથી. મિથ્યાદષ્ટિને પરદ્રવ્યનું અવલોકન છે, ભલે એનું અચક્ષુદર્શન છે. સમજાણું? એને અચક્ષુદર્શન છે પણ એ અચક્ષુદર્શન વડે પરદ્રવ્યને જાણવા પહેલા ચક્ષુદર્શનનું, પરદ્રવ્યનું દર્શન કરે છે, સ્વદ્રવ્ય નહિ. સમજાણું કાંઈ આમાં? 'શાંતિભાઈ'! અહીંયાં ચાલે છે તો તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનો વિષય પણ આચાર્યે જ્યારે આ સામાન્ય અવલોકન નાખ્યું...

**૧૬૦) सयल–पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ।**
**वत्थु–विसेस–विवज्जयउ तं णिय–दंसणु जोइ।।३४।।**

પાઠ તો એટલો મુક્યો કે, આત્મામાં સકળ પદાર્થનું સામાન્યપણે દેખવું પહેલા-વહેલું હોય પછી વસ્તુને વિશેષે '**वल्धिने**' એટલે વિશેષ પદાર્થનું જ્ઞાન છોડીને સામાન્યપણે દેખવું થાય તેને '**णिय–दंसणु जोइ तं णिय–दंसण**' તેને નિજ દર્શન દેખ. નિજ દર્શન દેખ, એમ કીધું છે. શું કીધું? સમજાણું કાંઈ? પાઠ શું લીધો છે? આ ચોથા પદમાં ફેર છે. બધા પદાર્થો છે એને સામાન્યપણે પહેલું દેખે અને તે વિશેષ વિના દેખે એને '**णिय–दंसण**' જો, એને નિજ દર્શન જો એમ કહ્યું. એ નિજ દર્શન જો એટલે એમાં સમ્યગ્દર્શન ભેગું નાખી દીધું,

આત્માનું દર્શન નાખ્યું. સમજાણું કાંઈ? એ આચાર્યે પોતે નાખ્યું છે. સમજાણું કાંઈ? એ નિજદર્શન કહ્યું.

કહે છે કે, દર્શનના બે પ્રકાર. એક તત્ત્વાર્થ શ્રદ્ધાન દર્શન એ આત્મદર્શન-આત્માની પ્રતીતિ, ભાન. અને દર્શન સામાન્યઉપયોગ, જ્ઞાન વિશેષઉપયોગ. જ્ઞાનાવરણી, દર્શનાવરણીના ઉઘાડથી (થાય તે). એ દર્શનઉપયોગ જે છે એ પરને જાણવામાં મિથ્યાદૃષ્ટિને જાણવા પહેલા સામાન્ય અવલોકન થાય એવું દર્શન તો અજ્ઞાનીને પણ હોય છે. એ વાત અહીંયાં લેવી નથી. અહીંયાં સામાન્ય અવલોકન તેને નિજ દર્શન કહ્યું છે, એ તત્ત્વાર્થ શ્રદ્ધાનવાળા જીવને નિજ દર્શન નામ અચક્ષુદર્શનથી દેખવું થાય એને અહીંયાં દર્શન કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! ઈ પાઠમાં નાખ્યું છે ને એટલે ટીકાકારે કર્યું છે, કાંઈ મફત નથી કર્યું. '**तं णिय-दंसणु जोइ**' તેને નિજ દર્શન જો. એમ કીધું છે ને સ્પષ્ટ. સમજાણું કાંઈ? આત્માને જ્ઞાન થવા પહેલા દર્શનનો ભાવ થાય તેને તું નિજ દર્શન દેખ એમ આચાર્યે કહ્યું. 'છોટાભાઈ'! ત્યારે ટીકામાં વિસ્તાર કર્યો કે, ભાઈ! નિજ દર્શન જે કહ્યું છે એ તત્ત્વાર્થ શ્રદ્ધાન આત્મા શુદ્ધ ચૈતન્યની પ્રતીત થતાં થાય, તે કાળે જે જ્ઞાનીને અચક્ષુદર્શન વડે મનથી નિજ દર્શન દેખવું થાય એને ગણવામાં આવ્યું છે. મિથ્યાદૃષ્ટિને જ્ઞાન થવા પહેલા બીજા પદાર્થોને સામાન્યપણે દેખવાના ઉપયોગને અહીંયાં નિજ દર્શન કહ્યું નથી. એ તો પરદર્શન છે, એમાં આત્મા આવ્યો નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે? ભાઈ! 'જુગરાજજી'! આવે છે. આહાહા..! એ ૩૪ કીધી. શું કહે છે ઈ, કહે છે કે, કેટલાક ઓઘે ઓઘે હા પાડે છે, એમ કહે છે.

અહીંયાં તો વિસ્તાર તો કર્યો કે, આચાર્યદેવ 'યોગીન્દ્રદેવ', તત્ત્વાર્થ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર અભેદ રત્નત્રય મોક્ષમાર્ગની વ્યાખ્યા ચાલે છે. આ ગાથામાં અભેદ રત્નત્રયની વ્યાખ્યા ચાલે છે. એ પહેલેથી કહ્યું હતું. જુઓ! ઓલી કોરથી. છે ને? ૩૧ ગાથા. '**અભેદરત્નત્રયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહા-સૂત્ર કહતે હૈં,...**' હજી તો આઠમો દોહાની અંદરમાં ચાલે છે. ૩૧થી. આ તો હજી તો ૩૪ છે. સમજાણું કાંઈ? કહે છે કે, પ્રભુ! આપે તો અભેદ રત્નત્રયની વ્યાખ્યા શરૂ કરી છે. અભેદ રત્નત્રય એટલે કે આ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ આનંદ સ્વરૂપ એની અંતર દૃષ્ટિ, એનું જ્ઞાન ને એની લીનતા, એવા નિશ્ચય મોક્ષમાર્ગની શરૂઆત કરી છે. અભેદ રત્નત્રય કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો.

ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપના દર્શન, જ્ઞાન ને ચારિત્ર. એવા અભેદ રત્નત્રયની અંદર તો આત્માનું દર્શન આવે છે, આત્માનું જ્ઞાન ને આત્માનું ચારિત્ર આવે છે. એમાં વળી આ ગાથા સામાન્ય અવલોકનવાળી (આવી) કે, જેમાં બીજા પદાર્થને જાણવા પહેલા વિશેષ ભેદ પાડ્યા વિના પહેલું દેખવું થાય એને સામાન્ય અવલોકન કહે છે. એ તો દર્શનઉપયોગમાં જાય છે, દર્શનઉપયોગમાં જાય છે. આ આત્મશ્રદ્ધામાં એ (કેમ નાખ્યું)? અને પાઠમાં પાછું લીધું કે, તેને નિજ દર્શન જો. પાઠ લીધો કે, એવા અવલોકનને નિજ દર્શન દેખ એમ કીધું. સમજાણું કાંઈ?

ત્યારે ગુરુએ કહ્યું, ભાઈ! અહીંયાં જે સામાન્ય અવલોકન લીધું છે એ મિથ્યાદૃષ્ટિ જે પરદ્રવ્યને દેખે છે, જાણવા પહેલાનો ભાવ, એ ભાવ અહીંયાં લીધો નથી. કારણ કે, એ મોક્ષનું કારણ નથી. અહીંયાં તો આત્મા તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યક્ શ્રદ્ધાના કાળમાં નિજ દર્શન-મન દ્વારા અવલોકન કરે એવા નિજ દર્શનને અહીંયાં કહેવામાં આવ્યું છે કે, જે મોક્ષનું કારણ છે. કહો, 'હિંમતભાઈ'! સમજાણું કે નહિ આમાં? ભાઈ! અમારે આ શેઠ પાછા એવા છે થોડા થોડા બધા હા તો પાડે. મીઠું કહેવું બહુ સારું છે એમ કહે. થોડું સાધારણ મીઠું હોય તો ... પકવાન પકવાન, ઘરમાં પકવાન થયો હોય ને? (તો પૂછે) કેમ છે? કે, બહુ સારો, બહુ સારો. થોડો સાધારણ હોય તો બહુ સારો કહે. એમ અમારે પંડિતજીએ ખુલાસો કર્યો.

આ વાત તો કેટલી સ્પષ્ટ તો વાત ચાલે છે. અધિકાર છે મોક્ષના માર્ગનો-અભેદ રત્નત્રય એટલે કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય (છે તેના દર્શન, જ્ઞાન અને ચારિત્ર). એની વાત ચાલે છે એમાં તમે આ સામાન્ય અવલોકનની વાત ક્યાં નાખી? દર્શનઉપયોગ એવો સામાન્ય ઉપયોગ જ્ઞાન પહેલા થાય એની વ્યાખ્યા ક્યાં નાખી? સમજાણું કાંઈ?

ત્યારે કહે છે કે, ભાઈ! એમાં આચાર્ય મહારાજે નાખી છે એ નિજ દર્શનવાળું દર્શન નાખ્યું છે. સામાન્ય અવલોકન કહ્યું એ નિજ દર્શનવાળું અવલોકન કહ્યું છે. જે મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્યનું અવલોકન થાય અને પછી જ્ઞાન થાય, એ અવલોકનની વાત અહીંયાં લીધી નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, હવે સમજાણું કે નહિ?

અહીં તો '**तं णिय–दंसणु जोइ**' બસ. એની વાત છે મૂળ તો એને તું દર્શન, નિજ દર્શન કહે, જો. એમ પાઠ લીધો ને કે, સામાન્ય અવલોકન જ્ઞાન થવા પહેલા થાય તેને આત્માનું દર્શન તું જો. એમ જ્યારે કહેવામાં આવ્યું ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે, સામાન્ય અવલોકનમાં જો મોક્ષનું કારણ થાય તો એવું સામાન્ય અવલોકન તો અભવી મિથ્યાદૃષ્ટિને પણ હોય છે. અનાદિનું સામાન્ય અવલોકન છે, કોઈ દિ' સામાન્ય અવલોકન વિનાનો જીવ હોય નહિ. જ્ઞાન પહેલા સામાન્ય અવલોકન થાય ભેદ પાડ્યા વિના, પછી આ (વિશેષ જ્ઞાન થાય). સમજાણું કે નહિ? જેમ આ ભગવાન છે, જુઓ! 'સીમંધર' ભગવાન છે, એ જાણ્યું એ જ્ઞાન છે. એ પહેલા આ ભગવાન છે એમ નહિ, આત્મામાં ઉપયોગ થાય. સામાન્યપણે ભેદ પાડ્યા વિના એક શક્તિનો ઉપયોગ (થાય) એને દર્શનઉપયોગ કહે છે. પછી આ ભગવાન છે એ જ્ઞાનઉપયોગ થઈ ગયો. સમજાણું કાંઈ? તો એ વાતમાં તો ભગવાને મોક્ષમાર્ગ ગણ્યો નથી, એવા સામાન્ય વિશેષમાં અને તમે તો અહીં સામાન્ય ઉપયોગને મોક્ષમાર્ગમાં નાખી દીધો.

આ સામાન્યને નાખ્યો એ નિજ આત્માની અપેક્ષાની અહીં વાત લીધી છે. સમજાણું કાંઈ? આત્મા પોતાની શ્રદ્ધા, જ્ઞાન શુદ્ધ કરવા કાળે જે મનથી અચક્ષુદર્શનનો ઉઘાડ છે, એનું સહકારી સાથે કારણ ગણી અને એને અમે મોક્ષનું કારણ કહ્યું છે. ઓલો જે બાહ્ય પદાર્થ ને સામાન્ય જાણીને પછી વિશેષ જાણે એવું અવલોકન મોક્ષનું કારણ નથી. એ તો અભવી મિથ્યાદૃષ્ટિને હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો ભાઈ! જ્ઞાનની કળા છે, એને સમજવી જોઈએ. જ્ઞાનથી જ્ઞાન કરવું જોઈએ. એ વાત છે. ૩૪ થઈ. ૩૫.

अथ छद्मस्थानां सत्तावलोकदर्शनपूर्वकं ज्ञानं भवतीति प्रतिपादयति –

१६१) दंसणपुव्वु हवेइ फुडु जं जीवहँ विण्णाणु।
वत्थु–विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु।।३५।।
दर्शनपूर्वं भवति स्फुटं यत् जीवानां विज्ञानम्।
वस्तुविशेषं जानन् जीव तत् मन्यस्व अविचलं ज्ञानम्।।३५।।

दंसणपुव्वु इत्यादि। दंसणपुव्वु सामान्यग्राहकनिर्विकल्पसत्तावलोकनदर्शनपूर्वकं हवेइ भवति फुडु स्फुटं जं यत् जीवहं जीवानाम्। किं भवति। विण्णाणु विज्ञानम्। किं कुर्वन् सन्। वत्थु–विसेसु मुणंतु वस्तुविशेषं वर्णसंस्थानादिविकल्पपूर्वकं जानन्। जिय हे जीव। तं तत् मुणि मन्यस्व जानीहि। किं जानीहि अविचलु णाणु अविचलं संशयविपर्ययानध्यवसायरहितं ज्ञानमिति। तत्रेदं दर्शनपूर्वकं ज्ञानं व्याख्यातम्। यद्यपि शुद्धात्मभावनाव्याख्यानकाले प्रस्तुतं न भवति तथापि भणितं भगवता। कस्मादिति चेत्। चक्षुरचक्षुरवधिकेवलभेदेन दर्शनोपयोगश्चतुर्विधो भवति। तत्र चतुष्टयमध्ये द्वितीयं यदचक्षुर्दर्शनं मानसरूपं निर्विकल्पं यथा भव्यजीवस्य दर्शनमोहचारित्रमोहोपशमक्षयोपशमक्षयलाभे सति शुद्धात्मानुभूतिरुचिरूपं वीतरागसम्यक्त्वं भवति तथैव च शुद्धात्मानुभूतिस्थिरतालक्षणं वीतरागचारित्रं भवति तदा काले तत्पूर्वोक्तं सत्तावलोकलक्षणं मानसं निर्विकल्पदर्शनं कर्तृ पूर्वोक्तनिश्चयसम्यक्त्व–चारित्रबलेन निर्विकल्पनिजशुद्धात्मानुभूतिध्यानेन सहकारिकारणं भवति। कस्य भवति। पूर्वोक्तभव्यजीवस्य न चाभव्यस्य। कस्मात्। निश्चयसम्यक्त्वचारित्राभावादिति भावार्थः ।।३५।।

---

आगे केवलज्ञानके पहले छद्मस्थोंके पहले दर्शन होता है, उसके बाद ज्ञान होता है, और केवली भगवान्के दर्शन और ज्ञान एक साथ ही होते हैं – आगे–पीछे नहीं होते, यह कहते हैं–

**गाथा – ३५**

अन्वयार्थ :– [ यत् ] जो [ जीवानां ] जीवोंके [ विज्ञानम् ] ज्ञान है, वह [ स्फुटं ] निश्चयकरके [ दर्शनपूर्वं ] दर्शनके बादमें [ भवति ] होता है, [ तत् ज्ञानम् ] वह ज्ञान [ वस्तुविशेषं जानन् ] वस्तुकी विस्तीर्णताको जाननेवाला है, उस ज्ञानको [ जीव ] हे जीव [ अविचलं ] संशय विमोह विभ्रमसे रहित [ मन्यस्व ] तू जान।

भावार्थ :– जो सामान्यको ग्रहण करे, विशेष न जाने, वह दर्शन है, तथा जो वस्तुका विशेष वर्णन आकार जाने वह ज्ञान है। यह दर्शन ज्ञानका व्याख्यान किया। यद्यपि वह व्यवहारसम्यग्ज्ञान शुद्धात्माकी भावनाके व्याख्यानके समय प्रशंसा योग्य नहीं है, तो भी प्रथम

अवस्थामें प्रशंसा योग्य है, ऐसा भगवानने कहा है। क्योंकि चक्षु–अचक्षु अवधि केवलके भेदसे दर्शनोपयोग चार तरहका होता है। उन चार भेदोंमें दूसरा भेद अचक्षुदर्शन मनसंबंधी निर्विकल्प भव्यजीवोंके दर्शनमोह, चारित्रमोहके उपशम तथा क्षयके होने पर शुद्धात्मानुभूति रुचिरूप वीतराग सम्यक्त्व होता है, और शुद्धात्मानुभूतिमें स्थिरतारूप वीतरागचारित्र होता है, उस समय पूर्वोक्त सत्ताके अवलोकनरूप मनसंबंधी निर्विकल्पदर्शन निश्चयचारित्रके बलसे विकल्प रहित निज शुद्धात्मानुभूतिके ध्यानकर सहकारी कारण होता है। इसलिये व्यवहारसम्यग्दर्शन और व्यवहारसम्यग्ज्ञान भव्यजीवके ही होता है, अभव्यके सर्वथा नहीं, क्योंकि अभव्यजीव मुक्तिका पात्र नहीं है। जो मुक्तिका पात्र होता है, उसीके व्यवहाररत्नत्रयकी प्राप्ति होती है। व्यवहाररत्नत्रय परम्पराय मोक्षका कारण है, और निश्चयरत्नत्रय साक्षात् मुक्तिका कारण है, ऐसा तात्पर्य हुआ।।३५।।

---

હવે, છદ્મસ્થ જીવોને સત્તાવલોકનદર્શનપૂર્વક જ્ઞાન થાય છે, એમ કહે છે :

ભાવાર્થ : અહીં આ દર્શનપૂર્વક જ્ઞાનનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે જોકે આ વ્યાખ્યાન શુદ્ધ આત્માની ભાવનાના વ્યાખ્યાનકાળે પ્રસ્તુત નથી તોપણ આપે કેમ કહ્યું?

ઉત્તર : ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનના ભેદથી દર્શનોપયોગ ચાર પ્રકારનો છે. ભવ્ય જીવને દર્શનમોહ ચારિત્રમોહના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય થતાં શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ–રુચિરૂપ–વીતરાગ સમ્યક્ત્વ હોય છે તેમ જ શુદ્ધાત્માની અનુભૂતિમાં સ્થિરતારૂપ વીતરાગ ચારિત્ર હોય છે તે કાળે તે ચાર ભેદોમાં જે બીજું મન સંબંધી નિર્વિકલ્પ–અચક્ષુદર્શન છે તે મન સંબંધી પૂર્વોક્ત સત્તાવલોકનરૂપ નિર્વિકલ્પ દર્શન પૂર્વોક્ત નિશ્ચયસમ્યક્ત્વ અને નિશ્ચયચારિત્રના બળથી નિર્વિકલ્પ નિજ શુદ્ધ આત્માનુભૂતિરૂપ ધ્યાન વડે પૂર્વોક્ત ભાવ જીવને જેવી રીતે સહકારી કારણ થાય છે તેવી રીતે અભવ્ય જીવને નિશ્ચયસમ્યક્ત્વ અને ચારિત્રનો અભાવ હોવાથી સહકારી કારણ થતું નથી. ૩૫.

---

## ગાથા-૩૫ ઉપર પ્રવચન

१६१) दंसणपुव्वु हवेइ फुडु जं जीवहँ विण्णाणु।
वत्थु–विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु।।३५।।

**'આગે કેવલજ્ઞાનકે પહલે છદ્મસ્થોંકે પહલે દર્શન હોતા હૈ, ઉસકે બાદ જ્ઞાન હોતા હૈ, ઔર કેવલી ભગવાન્‌કે દર્શન ઔર જ્ઞાન એક સાથ હી હોતે હૈં – આગે-પીછે નહીં હોતે,** યહ કહતે હૈં –'

**અન્વયાર્થ :- 'જો જીવોંકે જ્ઞાન હૈ, વહ નિશ્ચયકરકે દર્શનકે બાદમેં હોતા હૈ,...'** છદ્મસ્થને. પરચીજનું જ્ઞાન થાય એ પહેલા એક દર્શનઉપયોગ થાય છે, દેખવાનો. **'જો જીવોંકે જ્ઞાન હૈ, વહ નિશ્ચયકરકે દર્શનકે બાદમેં હોતા હૈ, વહ જ્ઞાન વસ્તુકી વિસ્તીર્ણતાકો જાનનેવાલા** હૈ,...' હવે લીધું. ઓલામાં કહ્યું હતું કે, **'वत्थु-विसेस-विवज्जयउ'** અહીં કીધું કે, વસ્તુનું વિશેષ જ્ઞાન સહિત વિશેષ જાણપણું. કોઈ પણ ચીજને જાણવા પહેલા, ભેદ પાડીને જાણવા પહેલા કે, આ ભગવાન છે, આ મંદિર છે, આ સમવસરણ છે, આ તીર્થંકર છે. એવું જ્ઞાન થવા પહેલા એવા વિશેષના ભેદ રહિત, એક સામાન્ય ઉપયોગ થાય એ છદ્મસ્થને દર્શનઉપયોગ કહેવામાં આવે છે. અને પછી **'વસ્તુકી વિસ્તીર્ણતાકો જાનનેવાલા** હૈ,...' વિશેષ દરેક પદાર્થનો વિશેષ ભાગ કે, આ ભગવાન છે, આ ચૈતન્ય છે, આ કેવળી છે, આ તીર્થંકર છે. સમજાય છે? એમ વિશેષ જાણવાનો ભાગ **'ઉસ જ્ઞાનકો હે જીવ સંશય વિમોહ વિભ્રમસે રહિત તૂ જાન.'** એને તું સમ્યગ્જ્ઞાન જાણ. સંશય વિના, વિમોહ વિના અને ભ્રમણા વિના.

**'જો સામાન્યકો ગ્રહણ કરે, વિશેષ ન જાને, વહ દર્શન હૈ,...'** સામાન્યનો અર્થ સમજાણો? જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આ વાત તો બહુ આવે છે. પણ અભ્યાસ ન હોય ને. મહાસત્તાનું સામાન્ય અવલોકન તેને દર્શન કહે છે. એ જૈન સિદ્ધાંત પ્રવેશિકા છોકરાઓને ભણાવવામાં આવે છે છોકરાવને. તો આ છોકરાવનું જ છે ને તો શું છે ન્યાં? 'ફૂલચંદભાઈ'! ઈ આવડે છે. એ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. કોઈ પણ પદાર્થના વિશેષ પડખાને જાણ્યા પહેલા એક દર્શનઉપયોગ મહાસત્તા એટલે કાંઈક છે, બધું છે. એ આ છે એમ પણ નહિ, પણ છે એવો એક ઉપયોગ થઈ જાય એને દર્શન કહે છે. પછી આ છે એમ થઈ ગયું, આ છે એ વિશેષ થઈ ગયું. એ જ્ઞાન થઈ ગયું. એ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. એમ સામાન્યને ગ્રહણ કરે એટલે? આ ચોપડી છે કે અક્ષર છે એમ નહિ. પણ પહેલો એક દર્શનઉપયોગ અંદર થાય એવો કે, જે પર વસ્તુ ને સ્વઃ બેના પણ ભેદ પાડ્યા વિનાનો જે ઉપયોગ થાય એને સામાન્ય ઉપયોગ કહે છે. એ દર્શન.

**'તથા જો વસ્તુકા વિશેષ વર્ણન આકાર જાને વહ જ્ઞાન હૈ.'** દરેક ચીજના ભેદોને રંગને, ગંધને, ગુણને, પર્યાયને ભેદ જાણીને જાણે એનું નામ જ્ઞાન. **'યહ દર્શન જ્ઞાનકા વ્યાખ્યાન કિયા. યદ્યપિ વહ વ્યવહારસમ્યગ્જ્ઞાન શુદ્ધાત્માકી ભાવનાકે વ્યાખ્યાનકે સમય પ્રશંસા યોગ્ય નહીં હૈ,...'** હવે આવ્યું, આચાર્યે આ નાખ્યું ખરું ને એટલે ટીકાકારને ખુલાસો કરવો પડ્યો. જો કે આ વ્યવહારજ્ઞાન. ક્યું વ્યવહારજ્ઞાન? કે, પરપદાર્થ આદિને સામાન્યપણે દેખવા. પહેલું દેખે ને પછી જાણે એવું અહીંયાં વ્યવહાર સમ્યગ્જ્ઞાન (શુદ્ધાત્માની) ભાવનાના

વ્યાખ્યાન સમયે પ્રશંસા યોગ્ય નથી. એવી વ્યાખ્યા અત્યારે પ્રશંસા યોગ્ય નથી. કારણ કે, અત્યારે તો આત્માના ભાવનાની સમ્યગ્દર્શન-જ્ઞાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ? '**તો ભી પ્રથમ અવસ્થામેં પ્રશંસા યોગ્ય હૈ, ઐસા ભગવાનને કહા હૈ.**' તોપણ એ દર્શન સામાન્ય અને વિશેષ જ્ઞાન એને જાણવું એ પહેલા દરજ્જામાં ઠીક કહ્યું છે. જાણવા માટે ઠીક (છે). શું કીધું?

આ ગાથામાં તો દર્શન ઉપયોગ ને જ્ઞાન ઉપયોગની જ વ્યાખ્યા છે. આ ગાથામાં. એમાં આત્માની વ્યાખ્યા નથી. દર્શન ઉપયોગ એટલે કોઈ પણ ચીજને, બધી ચીજને સામાન્યપણે ઉપયોગમાં આવે એ દર્શન અને ભેદ પાડીને જાણે તે જ્ઞાન. એ તો વ્યવહારુ જ્ઞાન કહેવાય છે. એમ કહે છે. સામાન્ય ને વિશેષ પદાર્થનું જાણવું એ તો વ્યવહારુ જ્ઞાન છે. આવા શુદ્ધાત્માની એકાગ્રતાના વ્યાખ્યાન સમયે પ્રશંસા યોગ્ય નથી. '**તો ભી પ્રથમ અવસ્થામેં પ્રશંસા યોગ્ય હૈ,...**' તોપણ તે સામાન્ય દર્શન ને વિશેષ જ્ઞાન એ પહેલું જાણવું જોઈએ. દર્શન ને જ્ઞાનના લક્ષણો, એના ઉપયોગ શું છે, કાર્ય શું છે એ જાણવું જોઈએ. બસ, એટલી વાત. '**ઐસા ભગવાનને કહા હૈ.**' અંદર એવું કહ્યું છે, હોં! સમજાણું? '**तथापि भणितं भगवता**'. ભગવાને કહ્યું છે. ભગવાન એટલે અહીં આચાર્ય મહારાજે જાણવા માટે કહ્યું છે. જાણો. આ શ્રદ્ધા- દર્શન આત્માની વાત છે પણ આ પણ એક દર્શન, જ્ઞાનને જાણવું જોઈએ કે, જેથી એનો ગોટાળો વળે નહિ. એમ.

'**ક્યોંકિ ચક્ષુ-અચક્ષુ અવધિ કેવલકે ભેદસે દર્શનોપયોગ ચાર તરહકા હોતા હૈ. ઇન ચાર ભેદોંમેં દૂસરા ભેદ અચક્ષુદર્શન મનસંબંધી નિર્વિકલ્પ ભવ્યજીવોંકે...**' એ કેમ જાણવું જોઈએ? કે, એની અંદરનો એક અચક્ષુદર્શન જે ભાગ છે, ચાર માયલો એ, '**દૂસરા ભેદ અચક્ષુદર્શન મનસંબંધી નિર્વિકલ્પ ભવ્યજીવોંકે દર્શનમોહ, ચારિત્રમોહકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયકે હોને પર શુદ્ધાત્માનુભૂતિ રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ હોતા હૈ,...**' એની સાથે ઓલું સહકારી કહેવા માગે છે. એવો ઉપયોગ દર્શન (હોય છે). શું કીધું? કે, મનથી અચક્ષુદર્શનમાં નિર્વિકલ્પ ભવ્ય જીવોને દર્શનમોહ ને ચારિત્રમોહનો ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષયમાં શુદ્ધાત્માનુભૂતિ રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ. શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા નિર્મળ છે એવી શ્રદ્ધા શુદ્ધની પ્રતીતનો અનુભવ એવું જે વીતરાગ સમકિત. '**ઔર શુદ્ધાત્માનુભૂતિમેં સ્થિરતારૂપ વીતરાગચારિત્ર હોતા હૈ,...**' એ વખતે રાગ રહિત સ્વરૂપમાં સ્થિરતા.

'**ઉસ સમય પૂર્વોક્ત સત્તાકે અવલોકનરૂપ મનસંબંધી નિર્વિકલ્પદર્શન નિશ્ચયચારિત્રકે બલસે વિકલ્પ રહિત નિજ શુદ્ધાત્માનુભૂતિકે ધ્યાનકર સહકારી કારણ હોતા હૈ.**' શું કહે છે? આ અવલોકન નાખ્યું એનું સાર્થકપણું બતાવે છે જરી. આત્મા રાગ રહિત, પુણ્ય-પાપ રહિતની આત્મદર્શનની દૃષ્ટિ નિશ્ચય વીતરાગ રુચિ અને રાગ રહિત સ્વરૂપની ચારિત્ર દશાને કાળે મનથી અવલોકન એવું જે અચક્ષુદર્શન તેને સહકારી કારણ તરીકે ગણીને અહીંયાં

સામાન્ય અવલોકન કહેવામાં આવ્યું છે.

ફરીને. કહે છે, અહીંયાં આચાર્ય મહારાજ 'યોગીન્દ્રદેવ', દર્શનપૂર્વક જ્ઞાન. કોઈપણ વસ્તુને વિશેષપણે જાણવા પહેલા એક દર્શનઉપયોગ થાય છે અને પછી વિશેષ જાણવું તેને જ્ઞાન કહે છે. કહે છે કે, અહીંયાં તો મોક્ષના માર્ગનો અધિકાર છે, છતાં આ વાત પ્રશંસા યોગ્ય અત્યારે નથી. તોપણ કહે છે કે, ભગવાને એ દર્શન અને જ્ઞાનના ઉપયોગનું જ્ઞાન પહેલું કરવું જોઈએ એને વ્યાજબી ગણ્યું છે. અને એમાંથી તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન થાય અને એની સાથે રાગ રહિત ચારિત્ર દશા થાય, એ કાળે ઓલા દર્શન માયલો જે અચક્ષુદર્શનનો એક ભાગ છે એ અચક્ષુદર્શનનો ઉપયોગ એવા વીતરાગ દૃષ્ટિ ને વીતરાગ ચારિત્ર વખતે સહકારી કારણ-સાથે ઉપયોગ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? ઓલું અચક્ષુદર્શન અંદરનું લીધું હતું, ભાઈ! અહીં તો સહકારી નિમિત્ત કારણ તરીકે ગણ્યું છે. ફેરવીને વાત કરી છે.

શ્રદ્ધા, જ્ઞાન અંતરનું થયું અને અંતરની રમણતા થઈ. ત્યારે ઓલામાં એમ કહ્યું હતું, અચક્ષુદર્શન અવલોકન નિજ દર્શનને લીધું હતું ને? એટલે ભેગું ગણ્યું. અહીંયાં તો આત્માની શ્રદ્ધા ને ચારિત્રના કાળમાં આ ચાર ઉપયોગ માયલો એક અચક્ષુદર્શનનો ઉપયોગ સાથે-સહકારી-સાથે હોય છે માટે એને કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? ઓલામાં નિજ દર્શન સિદ્ધ કર્યું. અહીં સહકારી કારણ છે એમ સિદ્ધ કર્યું. કારણ કે, આમાં પાઠમાં નિજ દર્શન શબ્દ નથી. પાઠમાં તો..

**दंसणपुव्वु हवेइ फुडु जं जीवहँ विण्णाणु।**
**वत्थु-विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु।।३५।।**

એમ (છે). સમજાણું કાંઈ?

પહેલી ગાથામાં તો એમ કહ્યું હતું કે, દર્શન તે નિજ દર્શન. ભાગ પાડ્યા હતા સામાન્ય ને વિશેષ અવલોકનના. સામાન્યપણે બીજા પદાર્થને ભેદ પાડ્યા વિના દેખવું તે સામાન્ય ઉપયોગ છે અને ભેદ પાડીને દેખવું તે વિશેષ (ઉપયોગ) છે. એ કાળમાં આચાર્યે નિજ દર્શન નાખ્યું હતું. એટલે ટીકાકારે તે દર્શન શ્રદ્ધા કાળમાં અચક્ષુદર્શનનો ઉપયોગ અવલોકન પણ સાથે હોય છે, એમ કરીને નિજ દર્શનને અચક્ષુદર્શન અવલોકે છે એમ કરીને મોક્ષના કારણમાં ભેગું નાખ્યું હતું.

આ ગાથામાં તો આચાર્યે નિજ દર્શન નથી લીધું. ફક્ત પદાર્થને સામાન્યપણે ભેદ પાડ્યા વિના ઉપયોગ થવો એને સામાન્ય કહે છે. (આ) છદ્મસ્થને (હોય છે). કેવળીને એકસાથે હોય છે એની વાત નથી. અને સામાન્યપણે ઉપયોગ થાય અને વિશેષ જાણવાનો (ભેદ પાડે કે) આ જડ છે, આ ચેતન છે, આ સફેદ છે એવો વિશેષ ઉપયોગ એને જ્ઞાન ઉપયોગ કહે છે. ત્યારે કહે છે, અહીં તો મોક્ષમાર્ગની વાત આમાં તો આવી નથી. આત્મદર્શનની વાત તો આમાં આવી નથી ને આ કેમ નાખ્યું? સમજાય છે?

એક તો એ કે, મોક્ષના માર્ગના કાળમાં આવું જ્ઞાન અત્યારે વ્યવહારે તો પ્રશંસા યોગ્ય

નથી. પણ પહેલું જાણવું જોઈએ એ અપેક્ષાએ પ્રશંસા યોગ્ય કહ્યું. બીજી વાત કે આત્માના અંતર દર્શનના અને ચારિત્રના રમણતામાં આ અચક્ષુ, ચાર માંયલો એક ભાગ અચક્ષુદર્શન ઉપયોગ સહકારી સાથે કામ કરે છે તેટલું લઈને અહીંયાં કહેવામાં આવ્યું છે. 'શાંતિભાઈ'! બહુ ઝીણું પણ આમાં કેટલું યાદ રાખવું? કહે છે. યાદ તો બધું કેટલું રાખતા હશે? ન્યાં ઘરમાં નહિ? સંચા-બંચામાં કેટલું રાખતા હશે? આહાહા..! કેમ હરકિશનદાસ! વેપાર-ધંધામાં કેટલું રાખતા હશે? આહાહા..! કહો, આ તો સ્પષ્ટ વાત તો ઘણી કહેવાણી છે.

'**ઉસ સમય પૂર્વોક્ત સત્તાકે અવલોકનરૂપ મનસંબંધી નિર્વિકલ્પદર્શન...**' પૂર્વોક્ત સત્તાકે અવલોકનરૂપ હોં! ત્યાં ઈ વાત છે. ભાઈ! પેલું તો નિજ દર્શનની માટે ઓલું નાખ્યું હતું ઓલામાં. આ તો '**પૂર્વોક્ત સત્તાકે અવલોકનરૂપ મનસંબંધી નિર્વિકલ્પદર્શન નિશ્ચયચારિત્રકે બલસે વિકલ્પ રહિત નિજ શુદ્ધાત્માનુભૂતિકે ધ્યાનકર સહકારી કારણ હોતા હૈ.**' એ ઉપયોગ સહકારી કારણ સાથે છે. પેલું તો નિજ દર્શન કહ્યું હતું. નિજ દર્શન નાખ્યું હતું. અહીં તો નિજ દર્શનમાં શ્રદ્ધા ને ચારિત્ર એની સાથે સહકારી કારણ છે. સમજાણું કાંઈ?

દર્શનઉપયોગ છે કે નહિ કાંઈક? કહે છે. શું કહેવું છે? કે, આ સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર છે ત્યારે બે માયલા ઉપયોગ માયલો કોઈ ઉપયોગ છે કે નહિ? કે, ઉપયોગ એક્કે નથી? એટલે એણે આ દર્શનમાં સામાન્ય અવલોકનને સહકારી ગણીને સાથે નાખ્યું છે. શું કીધું? કે, એ વખતે જ્ઞાન નથી, ભાઈ! એમ કહેવું છે. એ વખતે જ્ઞાન આ જે સામાન્ય ઉપયોગ સાથેનો વિશેષ છે એવો આ ને આ એમ નથી. અહીં તત્ત્વાર્થ શ્રદ્ધાન ને ચારિત્રમાં જ્યાં પડ્યો છે એની સાથે આવું એક સામાન્ય અવલોકન (થાય છે). વિશેષ ભેદનું જ્ઞાન આમ નથી આ છે ને, આ છે ને આ છે પરપદાર્થનું, પણ એની સાથે આવું સામાન્ય અવલોકનનું સહકારી કારણ ગણીને આ વાત ભેગી કહેવામાં આવી છે.

સ્વનું જ્ઞાન છે, સ્વની શ્રદ્ધા છે, સ્વની સ્થિરતા છે. એ વખતે કહે છે કે, આવું એક અચક્ષુદર્શન અવલોકન સહકારી કારણ ગણીને કહેવામાં આવ્યું છે. સમજાણું કે નહી? ઓલા પરપદાર્થના વિશેષ પ્રકાર ને એ અહીં કામ નથી અત્યારે. સમજાણું? એથી આચાર્યે આ શ્લોકમાં નિજ દર્શન ન નાખ્યું છતાં ચાર દર્શનની સામાન્યની વ્યાખ્યા નાખી અને વિશેષ જ્ઞાનનું નાખ્યું એનું જરીક સફળપણું બતાવે છે.

આત્મા, પોતાનું ભલે જ્ઞાન છે, પોતાની શ્રદ્ધા છે અને પોતાનું ચારિત્ર છે. એ તો અભેદ રત્નત્રય એની તો વ્યાખ્યા ચાલે જ છે. સમજાણું? ત્યારે કહે છે, ઓલો સામાન્ય ને વિશેષ જે ઉપયોગ છે ને, એ માયલો એક અચક્ષુદર્શનનો ઉપયોગ સાથે સહકારી કારણ છે. ત્યાં એ વખતે ઓલું જ્ઞાન બીજા પદાર્થનું આવું ને તેવું એવું કાંઈ છે નહિ. એથી એને અચક્ષુદર્શનને સહકારી ગણીને આમાં ઉપયોગને લીધો છે. છદ્મસ્થને માટે. કેવળની આ વાત નથી. સમજાણું કાંઈ આમાં? વાતું ભારે ભાઈ! ઝીણી બહુ. એ તો જ્ઞાનની લીલા છે. ઘણા પ્રકારે જે જે વિધિ છે ને, એને જે ભળતી હોય એના પ્રકાર સમજાવે. એને અભ્યાસ ન હોય

અને કઠણ લાગે એથી કરીને કાંઈ વાત છોડી દે?

**'ઈસલિયે વ્યવહારસમ્યગ્દર્શન ઔર વ્યવહારસમ્યગ્જ્ઞાન ભવ્યજીવકે હી હોતા હૈ,...'** જુઓ! શું કહે છે? સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન, સાચું નિશ્ચય સમ્યગ્દર્શન એ ભવીને જ હોય છે. અને અભવીને પણ નિશ્ચય સમ્યગ્દર્શન નથી માટે વ્યવહાર સમ્યગ્દર્શન નથી. અભવીને અને મિથ્યાદષ્ટિને વ્યવહાર સમ્યગ્દર્શનનું જ્ઞાન ભવ્યજીવને જ હોય છે. કેમ એ કહ્યું? કે, જ્યારે દર્શનઉપયોગ સહકારી કહ્યું, જેને આત્મદર્શન ને આત્મજ્ઞાન વર્તે છે એને આવું સહકારી કારણ છે. ભવીને એવા વ્યવહાર સમ્યગ્દર્શન આદિ હોય એને આવો ઉપયોગ હોય. અભવીને તો વ્યવહાર સમ્યગ્દર્શન કે જ્ઞાન હોતું નથી. સમજાણું કાંઈ?

**'અભવ્યકે સર્વથા નહીં,...'** વ્યવહારસમ્યગ્દર્શન કે વ્યવહારજ્ઞાન પણ નથી. **'ક્યોંકિ અભવ્યજીવ મુક્તિકા પાત્ર નહીં હૈ.'** સમજાણું કાંઈ? અભવ્ય જીવ તો મુક્તિને યોગ્ય જ નથી. **'જો મુક્તિકા પાત્ર હોતા હૈ, ઉસીકે વ્યવહારરત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ.'** સમજાણું? જેને નિશ્ચયરત્નત્રય હોય એને વ્યવહારરત્નત્રય હોય છે. જેને આત્મદર્શન, જ્ઞાનચારિત્ર હોય એને વ્યવહાર દર્શન આદિ હોય છે. નિશ્ચય જેને ન હોય એને હોતા નથી. એટલે વ્યવહાર દર્શન ને જ્ઞાન અભવીને ગણવામાં આવ્યા નથી.

**'વ્યવહારરત્નત્રય પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...'** વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન તો જેને નિમિત્તરૂપે હોય છે, એને નિશ્ચય ઉપાદાનરૂપે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર હોય છે. એથી વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ જેને નિશ્ચય રત્નત્રય હોય એને વ્યવહાર ગણવામાં આવ્યો છે. અભવીને તો નિશ્ચય નથી માટે વ્યવહાર પણ એને છે નહિ. સમજાણું કાંઈ? અચક્ષુદર્શનનો ઉપયોગ અભવીને છે પણ એને આ તત્ત્વશ્રદ્ધાન આદિ જે છે, નિશ્ચય કે વ્યવહાર એકેય નથી. તેથી અચક્ષુદર્શનનો ઉપયોગ એને (સહકારી કારણ નથી). સહકારી કોને કહ્યો? કે, જેને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એને આવા અચક્ષુદર્શનને સહકારી કહ્યો. આને તો એ એકે પણ નથી માટે એને સહકારી કારણ પણ છે નહિ. એટલે? સહકારી એટલે? નિશ્ચય મોક્ષમાર્ગ નથી તો વ્યવહારી સહકારી મોક્ષમાર્ગ પણ નથી. ભાઈ! શું કીધું? ઓલા અચક્ષુદર્શનને સહકારી કારણ કહ્યું ને? ભેગું આ વ્યવહારરત્નત્રય સહકારી કારણ એને નથી. સમજાણું કાંઈ?

જેને આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તે છે એને અચક્ષુદર્શનનો ઉપયોગ સહકારી કહેવામાં આવે છે. પણ જેને નિશ્ચય સમ્યગ્દર્શન આદિ નથી એને અચક્ષુદર્શન સહકારી નથી એટલે કે એને વ્યવહારરત્નત્રય પણ સાથે નથી. સમજાણું કાંઈ? તો એને વ્યવહારરત્નત્રય પણ કહેવામાં (આવતા નથી). આ તો અચક્ષુદર્શન સહકારી પણ એને છે નહિ.

કહે છે કે, ભાઈ! જુઓ! સત્તા અવલોકનની વ્યાખ્યા તો કરી અહીંયાં. એમાં એક અચક્ષુદર્શનને પણ લીધું, સહકારી તરીકે. પણ સહકારી તરીકે કોને? કે, જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય એને. એમ વ્યવહારરત્નત્રય સહકારી પણ કોને? સમજાણું

કાંઈ? આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મચારિત્ર હોય એને વ્યવહારરત્નત્રય સહકારી હોય. જેને એ નથી એને વ્યવહારરત્નત્રય સહકારી નથી. એ છે નહિ એટલે અભવીને મિથ્યાદૃષ્ટિને અચક્ષુદર્શન અવલોકન એ તો પરપદાર્થ સંબંધી છે. માટે એને નિશ્ચય ને વ્યવહાર બેય રત્નત્રય નથી. માટે એને અચક્ષુદર્શન જે ઓલો સહકારી જે નિશ્ચય દર્શન ચારિત્રમાં કહેવામાં આવ્યું હતું એ આને નથી. ભારે ભાઈ! ટીકાકારની રચના પણ પાઠને મેળવીને કરવી છે ને બધી.

જે પરને શ્રદ્ધે વ્યવહાર, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન... સમજાણું? કે પંચમહાવ્રતના પરિણામ સહકારી છે. કોને એ વ્યવહાર હોય? કે, જેને નિશ્ચય હોય એને વ્યવહાર હોય. સમજાણું? જેને નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે એને એની સાથે ધ્યાનમાં, અવલોકનમાં ઓલા અચક્ષુદર્શનને સહકારી કહેવામાં આવ્યો. એમ જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય એને વ્યવહારીક સહકારી કહેવામાં આવે. તો એને ઓલો અચક્ષુદર્શન સહકારી કહેવામાં આવે. આને તો અચક્ષુ સહકારી નથી, નિશ્ચય નથી માટે વ્યવહાર પણ નથી. સમજાણું આમાં?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બિલકુલ નથી, મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યનું છે અવલોકન. વ્યવહાર સમકિત પણ નથી. અહીં તો એવું નાખ્યું લાગે, ઓલું સહકારી અચક્ષુદર્શનને કહ્યું ને. એ અચક્ષુદર્શન સહકારી કોને લાગુ પડે? જેને નિશ્ચય સમ્યક્ ચારિત્ર હોય એને. એમ સહકારી વ્યવહાર કોને લાગે પડે? જેને નિશ્ચય હોય એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- દ્રવ્યલિંગીને બાહ્ય વેશ છે, નગ્ન મુનિ છે. વ્યવહારાભાસ છે. વ્યવહાર કહેવાય ખરો પણ એ વ્યવહારાભાસ છે. વ્યવહારથી એમ કહેવાય. વ્યવહારથી એમ કહેવાય આ શાસ્ત્રમાં છે અભવી વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ક્રિયાકાંડ, શાસ્ત્રનું જ્ઞાન આદિ છે, નિશ્ચય સમ્યગ્જ્ઞાન નથી. માટે એ વ્યવહાર તો અભવી પણ એવો કરે છે પણ એ વ્યવહારને વ્યવહારાભાસ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? રળવામાં આવું અટપટુ આવતું હશે? રળવાનું એટલે શું? એ તો પુણ્ય હોય તો રળે છે, એમાં ધૂળમાં કાંઈ નથી. એમાં હરખ હોય તો અટપટુ લાગે નહિ. આહા..!

જુઓ! અહીં પરંપરા કારણ જે વ્યવહાર છે એ અભવીને નથી. નિશ્ચય વિના કેવો (વ્યવહાર)? ઓલા કહે છે કે, પહેલો વ્યવહાર હોય પછી નિશ્ચય (થાય). આ તો સાથે સાથે કહેવા માગે છે. સમજાય છે? મુક્તિકા પાત્ર સાથે સાથે કહેવા માગે છે. જેમ ઓલો સહકારી કારણ સાથે કહેવા માગે છે ને? ભાઈ! એ અચક્ષુદર્શનને. સાથે કહેવામાં માગે આ હોય તો ઓલાને કહેવાય આમ. સમજાણું? સાથે કહેવા માગે છે, હોં! એમ નહિ કે, વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી. એમ નહિ. નિશ્ચયચારિત્રના બળથી એમ લીધું છે ને ઓલામાં? બળેન. ઉપયોગ ત્યાં લાગુ પડી ગયો છે ને. બળ છે સ્થિરતાનું એમ. એમાં અચક્ષુદર્શનનો ઉપયોગ

સહકારી કહેવામાં આવ્યો છે. સ્થિર થઈ ગયો છે ને અંદર, દર્શન સહિત. ત્યારે અચક્ષુદર્શનનો ઉપયોગ કહેવામાં આવ્યો અહીં.

એમ પછી કહ્યું કે, '**વ્યવહારસમ્યગ્દર્શન ઔર વ્યવહારસમ્યગ્જ્ઞાન ભવ્યજીવકે હી હોતા હૈ,...**' સહકારી કારણ નિશ્ચય વિના હોય નહિ. '**અભવ્યકે સર્વથા નહીં,...**' કેમકે અભવ્ય જીવ મુક્તિનું પાત્ર જ નથી. '**જો મુક્તિકે પાત્ર હોતા હૈ, ઉસીકે વ્યવહારરત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ.**' અહીં તો કહેવું છે કે, સહકારી રત્નત્રય પણ નિશ્ચય હોય એને હોય છે. જેને નિશ્ચય નથી એને સહકારી કહેવું કોને સાથે? સાથે સહકારી કહેવું કોને? કાંઈ અંદર હોય એને કહેવું કે ન હોય એને? '**વ્યવહારરત્નત્રય પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...**' એટલે એ સાધકપણું વિકલ્પે નિમિત્તથી કહ્યું છે એ છોડીને સ્થિર થશે. '**ઔર નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મુક્તિકા કારણ હૈ, એસા તાત્પર્ય હુઆ.**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ એમાં અંદર આમ કેમ નાખ્યું એને જરી મેળવ્યું. ૩૪માં નિજ દર્શન શબ્દ પડ્યો હતો માટે અવલોકન આમ નાખ્યું. આમાં સામાન્ય વાત હતી એટલે સહકારી કારણ તરીકે નાખ્યું. ઓલું પોતામાં નાખ્યું હતું. ભાઈ! સહકારી કારણ નાખ્યું, ઓલામાં પોતામાં ભેગુ નાખ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..!

એની રમતું, એને રમત કેમ થાય એની ખબર ન મળે. એના દર્શનઉપયોગ, એનો જ્ઞાનઉપયોગ, એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર. સમજાય છે કાંઈ? એની સંપદા, એના કાર્ય શું છે, એનું કારણ શું છે, સ્થિતિ શું છે એને બરાબર જાણવી જોઈએ. ભાઈ! જાણવી જોઈએ એમ કાંઈ ઉપરટપકે આખો માલ મળી જાય એવું નથી. આખું તત્ત્વ જ અંદર ચિદાનંદ પડ્યું છે. ઓહોહો..! એની શક્તિઓના ઉપયોગના કાર્યોનું અનેક પ્રકારનું વર્ણન છે. શ્રદ્ધાનું કાર્ય, જ્ઞાનનું કાર્ય, ઓલા દર્શન ઉપયોગનું કાર્ય. બધા કાર્યોનું વર્ણન છે ને. નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મોક્ષનું કારણ છે, એવું તાત્પર્ય થયું, લ્યો!

મુમુક્ષુ :- સંશય, વિમોહ, અનધ્યવસાન રહિત ઈ મૂળ તો જ્ઞાન.

ઉત્તર :- ઈ જ્ઞાન. બીજું કોને કહેવાય જ્ઞાન?

'**આગે પરમધ્યાનમેં આરુઢ જ્ઞાની જીવ સમભાવસે દુઃખ-સુખકો સહતા હુઆ...**' આત્માના દર્શન, જ્ઞાનમાં, ચારિત્રમાં લીન થયો એ જીવ સમ સુખ-દુઃખને સહે છે. સંયોગો અનુકૂળ પ્રતિકૂળતામાં ધર્મી સમતારૂપે પરિણમે છે. અભેદ રત્નત્રયની વ્યાખ્યા છે ને? આત્માનું દર્શન, શ્રદ્ધા ને જ્ઞાન સાથે ધર્મી જીવ અનુકૂળ પ્રતિકૂળ સંયોગમાં વીતરાગ સમભાવે પરિણમે છે. જેથી તેને ચારિત્રની દશા નિર્મળ હોય છે. '**અભેદનયસે નિર્જરાકા કારણ હોતા હૈ,...**' એનો એ આત્મા નિર્જરાનું કારણ છે. શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન ને સાથે સમતા પરિણામ એ આત્મા જ નિર્જરાનું કારણ છે. પૂર્વના બંધાયેલા કર્મો એને ખરી જાય છે, એ વાત. વિશેષ કહેશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ परमध्यानारूढो ज्ञानी समभावेन दुःखं सुखं सहमानः स एवाभेदेन निर्जराहेतुर्भण्यते इति दर्शयति –

१६२) दुक्खु वि सुक्खु सहंतु जिय णाणिउ झाण–णिलीणु।
कम्महँ णिज्जर–हेउ तउ वुच्चइ संग–विहीणु।।३६।।

दुःखमपि सुखं सहमानः जीव ज्ञानी ध्याननिलीनः।
कर्मणः निर्जराहेतुः तपः उच्यते संगविहीनः।।३६।।

दुक्खु वि इत्यादि। दुक्खु वि सुक्खु सहंतु दुःखमति सुखमपि समभावेन सहमानः सन् जिय हे जीव। कोऽसौ कर्ता। णाणिउ वीतरागस्वसंवेदनज्ञानी। किंविशिष्टः। झाण–णिलीणु वीतरागचिदानन्दैकाग्र्यध्याननिलीनो रतः स एवाभेदेन कम्माहं णिज्जर–हेउ शुभाशुभकर्मणो निर्जराहेतुरुच्यते न केवलं ध्यानपरिणतपुरुषो निर्जराहेतुरुच्यते तउ परद्रव्येच्छानिरोधरूपं बाह्याभ्यंतरलक्षणं द्वादशविधं तपश्च। किंविशिष्टः स तपोधनस्थंत्तपश्च। संगविहिनो संग–विहुणु बाह्याभ्यन्तरपरिग्रहरहित इति। अत्राह प्रभाकरभट्टः। ध्यानेन निर्जरा भणिता भवद्भिः उत्तमसंहननस्यैकाग्रचित्तनिरोधो ध्यानमिति ध्यानलक्षणं, उत्तमसंहननाभावे कथं ध्यानमिति। भगवानाह। उत्तमसंहननेन यद्धयानं भणितं तदपूर्वगुणस्थानादिषूपशमक्षपकश्रेण्योर्यत् शुक्लध्यानं तदपेक्षया भणितम्। अपूर्वगुणस्थानादधस्तनगुणस्थानेषु धर्मध्यानस्य निषेधकं न भवति। तथाचोक्तं तत्त्वानुशासने ध्यानग्रन्थे – 'यत्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः। श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तन्नाधस्तान्निषेधकम्।।'। किं च। रागद्वेषाभावलक्षणं परमं यदाख्यातरूपं स्वरूपे चरणं निश्चयचारित्रं भणन्ति इदानीं तद्‌भावेऽन्यच्चारित्रमाचरन्तु तपोधनाः। तथा चोक्तं तत्रेदम् – 'चरितारो न सन्त्यद्य यथाख्यातस्य संप्रति। तत्किमन्ये यथाशक्तिमाचरन्तु तपस्विनः।।' पुनश्चोक्तं श्रीकुन्दकुन्दाचार्यदेवैः मोक्षप्राभृते – 'अज्ज वि तिरयणसुद्धा अप्पा झाऊण लहहिं इंदत्तं। लोयंतियदेवत्तं तत्थ चुदा णिव्वुदिं जंति।।'। अयमत्र भावार्थः। यथादित्रिकसंहननलक्षणवीतरागयथाख्यातचारित्राभावेऽपीदानीं शेषसंहननेनापि शेषचारित्रमाचरन्ति तपस्विनः तथादिकत्रिकसंहननलक्षणशुक्लध्यानाभावेऽपि शेषसंहनेनापि शेषचारित्रमाचरन्ति तपस्विनः तथा त्रिकसंहननलक्षणशुक्लध्यानाभावेऽपि शेषसंहनेनापि संसारस्थितिच्छेदकारणं परंपरया मुक्तिकारणं च धर्मध्यानमाचरन्तीति।।३६।।

---

आगे परमध्यानमें आरूढ़ ज्ञानी जीव समभावसे दुःख–सुखको सहता हुआ अभेदनयसे निर्जराका कारण होता है, ऐसा दिखाते हैं –

गाथा – ३६

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ ज्ञानी ] वीतरागस्वसंवेदनज्ञानी [ ध्याननिलीनः ]

आत्मध्यानमें लीन [ दुःखम् अपि सुखं ] दुःख और सुखको [ सहमानः ] समभावोंसे सहता हुआ अभेदनयसे [ कर्मणः निर्जराहेतुः ] शुभ अशुभ कर्मोंकी निर्जराका कारण है, ऐसा भगवान्ने [ उच्यते ] कहा है, और [ संगविहीनः तपः ] बाह्य अभ्यंतर परिग्रह रहित परद्रव्यकी इच्छाके निरोधरूप बाह्य अभ्यंतर अनशनादि बारह प्रकारके तपरूप भी वह ज्ञानी है।

भावार्थ :– यहाँ प्रभाकरभट्टने प्रश्न किया, कि हे प्रभो; आपने ध्यानसे निर्जरा कही, वह ध्यान एकाग्र चित्तका निरोधरूप उत्तम संहननवाले मुनिके होता है, जहाँ उत्तमसंहनन ही नहीं है, वहाँ ध्यान किस तरहसे हो सकता है ? उसका समाधान श्रीगुरु कहते हैं – उत्तम संहननवाले मुनिके जो ध्यान कहा है, वह आठवें गुणस्थानसे लेकर उपशम क्षपकश्रेणीवालोंके जो शुक्लध्यान होता है, उसकी अपेक्षा कहा गया है। उपशमश्रेणी वज्रवृषभनाराच, वज्रनाराच, नाराच इन तीन संहननवालोंके होती है, उनके शुक्लध्यानका पहला पाया है, वे ग्यारहवें गुणस्थानसे नीचे आते हैं, और क्षपकश्रेणी एक वज्रवृषभनाराच संहननवालेके ही होती है, वे आठवें गुणस्थानमें क्षपकश्रेणी माँड़ते (प्रारंभ करते) हैं, उनके आठवें गुणस्थानमें शुक्लध्यानका पहला पाया (भेद) होता है, वह आठवें, नववें, दशवें तथा दशवेंसे बारहवें गुणस्थानमें स्पर्श करते हैं, ग्यारहवेंमें नहीं, तथा बारहवेमें शुक्लध्यानका दूसरा पाया होता है, उसके प्रसादसे केवलज्ञान पाता है, और उसी भवमें मोक्षको जाता है। इसलिये उत्तम संहननका कथन शुक्लध्यानकी अपेक्षासे है। आठवें गुणस्थानसे नीचेके चौथेसे लेकर सातवें तक शुक्लध्यान नहीं होता, धर्मध्यान छहों संहननवालोंके है, श्रेणीके नीचे धर्मध्यान ही है, उसका निषेध किसी संहननमें नहीं है। ऐसा ही कथन तत्त्वानुशासन नामक ग्रंथमें कहा है 'यत्पुनः' इत्यादि। उसका अर्थ ऐसा है, कि जो वज्रकायके ही ध्यान होता है, ऐसा आगमका वचन है, वह दोनों श्रेणियोंमें शुक्लध्यान होनेकी अपेक्षा है, और श्रेणीके नीचे जो धर्मध्यान है, उसका निषेध (न होना) किसी संहननमें नहीं कहा है, यह निश्चयसे जानना। राग–द्वेषके अभावरूप उत्कृष्ट यथाख्यातस्वरूप स्वरूपाचरण ही निश्चयचारित्र है, वह इस समय पंचमकालमें भरतक्षेत्रमें नहीं है, इसलिये साधुजन अन्य चारित्रका आचरण करो। चारित्रके पाँच भेद हैं, सामायिक, छेदोपस्थापना, परिहारविशुद्धि, सूक्ष्मसांपराय, यथाख्यात। उनमें इस समय इस क्षेत्रमें सामायिक छेदोपस्थापना ये दो ही चारित्र होते हैं, अन्य नहीं, इसलिये इनको ही आचरो। तत्त्वानुशासनमें भी कहा है 'चरितारो' इत्यादि। इसका अर्थ ऐसा है, कि इस समय यथाख्यातचारित्रके आचरण करनेवाले मौजूद नहीं हैं, तो क्या हुआ अपनी शक्तिके अनुसार तपस्वीजन सामायिक छेदोपस्थापनाका आचरण करो। फिर श्रीकुंदकुंदाचार्यने भी मोक्षपाहुड़में ऐसा ही कहा है 'अज्ज वि' उसका तात्पर्य यह है, कि अब भी इस पंचमकालमें मन, वचन, कायकी शुद्धतासे आत्माका ध्यान करके यह जीव इन्द्र पदको पाता है, अथवा

लौकांतिकदेव होता है, और वहाँसे च्युत होकर मनुष्यभव धारण करके मोक्षको पाता है। अर्थात् जो इस समय पहलेके तीन संहनन तो नहीं हैं, परंतु अर्धनाराच, कीलक, सूपाटिका, ये आगेके तीन हैं, इन तीनोंसे सामायिक छेदोपस्थापनाका आचरण करो, तथा धर्मध्यानको आचरो। धर्मध्यानका अभाव छहों संहननोंमें नहीं है, शुक्लध्यान पहलेके तीन संहननोंमें ही होता है, उनमें भी पहला पाया (भेद) उपशमश्रेणीसंबंधी तीनों संहननोंमें है, और दूसरा, तीसरा, चौथा पाया प्रथम संहननवाले ही के होता है, ऐसा नियम है। इसलिये अब शुक्लध्यानके अभावमें भी हीन संहननवाले इस धर्मध्यानको आचरो। यह धर्मध्यान परम्पराय मुक्तिका मार्ग है, संसारकी स्थितिका छेदनेवाला है। जो कोई नास्तिक इस समय धर्मध्यानका अभाव मानते हैं, वे झूठ बोलनेवाले हैं, इस समय धर्मध्यान है, शुक्लध्यान नहीं है।।३६।।

---

હવે, પરમધ્યાનમાં 'આરૂઢ' જે જ્ઞાની સમભાવથી (તપોધન) દુઃખ અને સુખને સહે છે તે જ મુનિ અભેદનયથી નિર્જરાનું કારણ છે, એમ કહે છે :

ભાવાર્થ :- અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે આપે ધ્યાનથી નિર્જરા કહી પણ ઉત્તમસંહનનવાળાને એકાગ્રચિત્તનિરોધ તે ધ્યાન છે, એવું ધ્યાનનું લક્ષણ છે તો પછી (અત્યારે) ઉત્તમસંહનનના અભાવમાં ધ્યાન કેવી રીતે હોય?

ભગવાન શ્રીગુરુ કહે છે-ઉત્તમસંહનન વડે જે ધ્યાન કહેવામાં આવ્યું છે તે અપૂર્વ ગુણસ્થાનાદિમાં ઉપશમ-ક્ષપક શ્રેણીઓમાં જે શુક્લધ્યાન હોય છે તેની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. પણ અપૂર્વકરણ ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનોમાં તે ધર્મધ્યાનનું નિષેધક નથી (ધર્મધ્યાનની આગમમાં ના કહી નથી) (શ્રી રામસેન કૃત) તત્ત્વાનુશાસન નામના ગ્રંથમાં (ગાથા ૮૪માં) ધ્યાનના વિષયમાં કહ્યું છે કે 'यत्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः। श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तताधस्तान्निषेधकम्।।' અર્થ :- વજ્રકાયવાળાને ધ્યાન હોય છે એવું આગમનું વચન છે તે તે ઉપશમ અને ક્ષપક એ બે શ્રેણીઓમાં શુક્લધ્યાનને લક્ષમાં રાખીને કહેલ છે, પણ આ કથન તેનાથી નીચેના ગુણસ્થાનમાં તથા ધ્યાનને કોઈપણ સંહનનમાં નિષેધ કરનારું નથી.

વળી, રાગ-દ્વેષના અભાવસ્વરૂપ પરમ યથાખ્યાતરૂપ સ્વરૂપમાં ચરવું તે નિશ્ચયચારિત્ર કહેવાય છે, તેનો આ કાળમાં અભાવ હોવાથી તપોધનો અન્ય ચારિત્ર આચરો. શ્રી તત્ત્વાનુશાન (ગાથ ૮૬માં) પણ તેવું કહ્યું છે કે 'चरितारो न सन्त्यद्य यथाख्यातस्य संप्रति। तत्किमन्ये यथाशक्तिमाचरन्तु तपस्विनः।।' અર્થ : આ પંચમકાળમાં યથાખ્યાત ચારિત્રના આચરનારા નથી, તો શું થયું ? તપસ્વીઓ પોતાની શક્તિ અનુસાર અન્યોને આચરો. વળી મોક્ષપ્રાભૃત (ગાથા ૭૭)માં શ્રુકુંદકુંદાચાર્યદેવે પણ કહ્યું છે કે : 'अज्ज वि तिरयणसुद्धा अप्पा झाऊण लहहिं इंदत्तं। लोयंतियदेवत्तं तत्थ चुदा णिव्वुदिं जंति।।'

**(અર્થ :- આજેય (આ પંચમકાળમાં પણ) વિમળત્રિરત્નમુનિઓ (શુદ્ધ રત્નત્રયવાળા મુનિઓ રત્નત્રય વડે શુદ્ધ એવા મુનિઓ) આત્માનું ધ્યાન કરીને ઈન્દ્રપદને પામે છે અથવા લોકાન્તિકદેવ થાય છે અને ત્યાંથી ચ્યવી (મનુષ્ય થઈને) મોક્ષે જાય છે.**

**અહીં, આ ભાવાર્થ છે કે આદિના ત્રણ સંહનનવાળા વીતરાગ યથાખ્યાત ચારિત્રના અભાવમાં પણ આજેય તપસ્વીઓ બાકીના સંહનન વડે (યથાસંભવ) બાકીનાં ચારિત્રને આચરે છે તથા પહેલા ત્રણ સંહનનવાળા શુકલધ્યાનના અભાવમાં પણ બાકીના સંહનન વડે સંસારસ્થિતિને છેદવાનું કારણ અને પરંપરાએ મુક્તિનું કારણ એવું ધર્મધ્યાન આચરે છે. ૩૬.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૮, શનિવાર
## તા. ૩૦-૧૦-૧૯૭૬, ગાથા-૩૬, પ્રવચન નં. ૧૧૯

'પરમાત્મપ્રકાશ' ૩૬-ગાથા. **'આગે પરમધ્યાનમેં આરૂઢ જ્ઞાની જીવ...'** ધર્માત્મા જ્ઞાની જ્યારે આત્માના સ્વરૂપમાં લીન છે, ધ્યાનારૂઢ (છે), એ **'જીવ સમભાવસે દુઃખ-સુખકો સહતા હુઆ...'** શુભાશુભભાવરહિત શુદ્ધભાવરૂપે સમભાવથી **'સહતા હુઆ અભેદનયસે નિર્જરાકા કારણ હોતા હૈ,...'** નિર્જરાનું કારણ તો ખરેખર શુદ્ધભાવ, સમભાવ છે. પણ જીવને પણ અભેદનયે નિર્જરાનું કારણ કહ્યું. સમજાય છે કાંઈ? સંવર અને નિર્જરાનું કારણ આત્મામાં વીતરાગી ભાવ-સમભાવ (છે), જેમાં પુણ્ય-પાપના ભાવનો અભાવ એવો સમભાવ, તે નિર્જરાનું કારણ છે. અશુદ્ધતાનો નાશ અને કર્મનો નાશ બેય. પણ અહીંયાં કહે છે કે એ જીવને જ અમે અભેદનયથી નિર્જરાનું કારણ કહીએ છીએ. જીવ તો (ત્રિકાળ છે), પણ એનો જે સમભાવ છે, જ્ઞાતા-દૃષ્ટાપણાના ભાવ જે છે (તે નિર્જરાનું કારણ છે). સહન (કરવું) એ કાંઈ હઠથી સહન કરવું એમ નથી. પણ અનુકૂળ-પ્રતિકૂળતાને કાળે વીતરાગતાએ સમભાવ સમ્યગ્દર્શન સહિત સમભાવ રાખવો એ નિર્જરાનું કારણ છે. પણ અહીં સમભાવનો કરનાર જીવ એને નિર્જરાનું કારણ અભેદનયથી કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- આત્માની સન્મુખ હોય ત્યારે કોઈ મારે છે કે નથી મારતા એની ખબર જ નથી.

ઉત્તર :- એને ખબર ક્યાં? પણ અહીં સહન કરે છે એટલી વાત છે ને? સહન કરે છે એટલે સમભાવ એટલું. અહીં તો અનુકૂળ-પ્રતિકુળનું તો એને લક્ષ પણ નથી. પણ અનુકૂળમાં રાગ અને પ્રતિકૂળમાં દ્વેષ જે હતો, તે જ્ઞાની પોતાના સ્વરૂપમાં આરૂઢ થાય છે ત્યારે એ ભાવ હોતા નથી ત્યારે સમભાવ હોય છે, એમ કહે છે. એ સમભાવ છે એ ખરેખર નિર્જરાનું કારણ છે. પણ એ સમભાવનો ધરનાર જીવ નિર્જરાનું કારણ છે એમ અભેદનયથી

કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ આમાં?

શુભ અને અશુભભાવ એ પુણ્ય અને પાપના બંધના કારણ છે. ત્યારે પુણ્ય-પાપના ભાવરહિત ચૈતન્યનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એની દૃષ્ટિ, જ્ઞાન અને એમાં લીનતા એવો જે સમભાવ તે અશુદ્ધતાના નાશનું કારણ છે. નિમિત્તરૂપે કર્મના નાશનું કારણ છે. અને ખરેખર તો શુદ્ધ ઉપયોગ છે એ જ નિર્જરા છે. નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક કર્મનું ટળવું, અશુદ્ધતાનું ગળવું અને શુદ્ધતાનું થવું. ત્રણેને નિર્જરા કીધી છે. 'લાલચંદભાઈ'! શું કીધું સમજાણું?

ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એની જ્યાં અંતરદૃષ્ટિ થઈ છે કે હું તો ચિદાનંદ ભગવંત પરમેશ્વર સ્વરૂપ છું. એવી અંતરમાં પ્રતીત અને જ્ઞાન-સ્વસંવેદન થયું છે, એ ઉપરાંત એમાં લીનતા વિશેષ થઈ એ વાત લેવી છે અહીં. ધ્યાન લેવું છે ને? સમજાય છે કાંઈ? વસ્તુસ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન છે અને એ વસ્તુના સ્વરૂપમાં લીન-સ્થિર થાય છે. ધ્યાનમાં દ્રવ્યને ધ્યેય બનાવી અને સ્થિર થાય છે. એ સમભાવ છે એ સહનશીલ કહેવામાં આવે છે. સહન કરવું એવું કાંઈ નથી. એ સહતા હુઆનો અર્થ આ. સમભાવે જાણતો થકો એનો અર્થ. આહાહા..!

અહીં તો બીજી વાત છે. એ '**સમભાવસે દુઃખ-સુખકો સહતા હુઆ...**' અને એ જીવ '**અભેદનયસે નિર્જરાકા કારણ હોતા હૈ,...**' એમ કહેવું છે. નિર્જરાનું કારણ તો સમભાવ છે. જેમ શુભાશુભભાવ બંધનું કારણ છે તો એ જીવને કહેવું કે એ બંધનું કારણ છે એ અભેદ ઉપચારથી કથન છે. એમ ભગવાનઆત્મા અંતર વસ્તુ પરમેશ્વરપદ છે. ચિદાનંદ ભગવત્ સ્વરૂપ આત્માનું છે. એની જેને અનુભવ થઈને દૃષ્ટિ થઈ, પ્રતીત થઈ, એ ઉપરાંત ધ્યાનારૂઢની અહીં વ્યાખ્યા છે. એ જ્યારે સ્વને ધ્યેય બનાવીને.. ધ્યેય સમજાય છે? લક્ષ કરીને એમાં લીન થાય છે ત્યારે એ લીનતાને અહીંયાં સમભાવ કહેવામાં આવે છે. અને એ સમભાવ તે અશુદ્ધતાના નાશનું કારણ છે. કર્મના નાશનું કારણ છે અને એ શુદ્ધભાવ પોતે નિર્જરા છે. શુદ્ધભાવ પોતે સમભાવ ઈ નિર્જરા છે. અરે..! સમજાણું કાંઈ? એ શુદ્ધઉપયોગ થયો એ નિર્જરા છે. અશુદ્ધતા ટળી એ નિર્જરા છે. કર્મ ટળ્યા એ નિર્જરા છે. એમ નિર્જરાના ત્રણ પ્રકાર છે.

પણ અહીંયાં એમ કહેવું છે કે આત્માનું ધ્યાન જેણે કર્યું, દૃષ્ટિ અને જ્ઞાન તો છે, એ ઉપરાંતની વાત છે, ધ્યાનમાં અંદર ધ્યેયમાં અંતર નિર્વિકલ્પ સ્થિરતા થઈ છે. જેમાં સમભાવ (છે). વિષમભાવની કોઈ ગંધ નથી જ્યાં. આહાહા..! એકલો અમૃતરસ સમભાવમાં ઘોળાય છે. સમજાય છે કાંઈ? એ જીવને નિર્જરાનું કારણ કીધું. એ તો સમભાવ અને આત્મા અભેદ ગણીને આત્માને નિર્જરાનું કારણ કહ્યું છે. સમજાણું કાંઈ આમાં? આવું છે. આ અપવાસ-બપવાસ નિર્જરાનું કારણ નથી એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- ત્યારે શેનું કારણ છે?

ઉત્તર :- એ તો બંધનું કારણ હતું. ત્યાં તો વિકલ્પ રાગ હતો. પર તરફનો રાગ હતો,

આ છોડ્યું અને મૂક્યું. કેમ 'બલુભાઈ'! એ તો મિથ્યાત્વ ભેગું હતું. કારણ કે રાગ હતો અને માનતા કે આ તપ છે તે નિર્જરા કરીએ છીએ.

મુમુક્ષુ :- સમ્યક્‌રહિત, ત્યાગરહિત કે બેય?

ઉત્તર :- બેય ભેગા જ છે ને. હવે તો 'બલુભાઈ'ને ખ્યાલ હશે. માર્ગ એવો (છે), બાપુ! આહાહા..!

ભગવાનઆત્મા સમસ્વભાવી વસ્તુ છે. અહીં સમભાવ લેવો છે એ પર્યાયનો છે. પણ પોતે જ વીતરાગસ્વરૂપ જ ભગવાન છે. અંતર પરમાત્મસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે. એને આશ્રયે જે જ્ઞાન, દર્શન અને લીનતા થઈ એ સમભાવ આવ્યો એ વીતરાગ સ્વભાવ છે એમાંથી આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વીતરાગ એટલે સમભાવ છે. અહીંયાં મુનિની પ્રધાનતાથી કથન છે ને. અંદર ધ્યાનમાં, આનંદમાં લીન છે. એ આનંદમાં લીનતા એ નિર્જરાનું કારણ છે અથવા એ પોતે નિર્જરા છે. પણ એ નિર્જરાનું કારણ કહી અશુદ્ધતાનો નાશ અને કર્મનો નાશ કહીને એ શુદ્ધઉપયોગ છે એ પોતે નિર્જરા છે. હવે એ શુદ્ધઉપયોગ નિર્જરા છે એમ ન કહેતા એ શુદ્ધઉપયોગનો કરનારો જીવ છે એ નિર્જરાનું કારણ છે (એમ કહ્યું છે). સમજાણું કાંઈ? 'ચંદુભાઈ'! પણ ત્યાં તો બધા 'સમયસાર' મુકતા હતા. ત્યાં ક્યાં 'પરમાત્મપ્રકાશ' હતું? આટલા દિવસની ખબર નથી કે 'પરમાત્મપ્રકાશ' ક્યાં છે? પંડિતજી! એ ગોતતા હતા આમાં. આમ ગોતે અને વચમાં ગોતે. 'સમયસાર' નીકળ્યા ત્યાંથી. ઓલી કોર રહે છે એ ખલાસ થઈ ગયા હશે. સૌ લઈ ગયા હશે.

અહીં કહે છે કે પરમાત્મપ્રકાશ... આ 'પરમાત્મપ્રકાશ' ગ્રંથ છે ને? એ પરમાત્મપ્રકાશ જ એનું સ્વરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ પરમાત્મપ્રકાશ ક્યાંય શોધવા જાવું પડે એવું નથી.

ઉત્તર :- ક્યાંય શોધવાનો નથી. અહીં પોતે ભગવાન છે ને. આહાહા..! પોતે છે, નજીકમાં છે એમ કહેવું એ પણ હજી (ભેદ પડે છે). તારી પાસે છે ને. પાસે છે એટલે શું પણ? એટલે તું બીજો અને પાસે છે બીજો એમ થઈ ગયું. આહાહા..! એવી વાત છે, ભગવાન!

અહીં અભેદનયથી કથન કર્યું છે ને, જુઓને કેવી શૈલી કરી છે! આહાહા..! ભગવાન! તું પરમાત્મસ્વરૂપ જ ત્રિકાળી છો. વીતરાગમૂર્તિ પ્રભુ તારું સ્વરૂપ છે. પરમેશ્વર તું પોતે છો. આહાહા..! પરમેશ્વરપણું તારી પાસે છે એમ પણ નથી. તું પરમેશ્વર છો, પ્રભુ! એટલી વીતરાગતા તારામાં પડી છે કે જે સમયમાં વીતરાગતા પ્રગટે એવી તો અનંતી વીતરાગતા તારી શક્તિમાં પડી છે. આહાહા..! પર્યાયમાં વીતરાગભાવ જે પ્રગટે પૂર્ણ વીતરાગ, એવા એવા અનંતા વીતરાગભાવ તો તારા સ્વભાવમાં પડ્યા છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો નિર્જરાને કારણ કોણ છે એ સિદ્ધ કરવું છે. એ અપવાસ કર્યા છે અને આ કર્યા છે માટે નિર્જરાનું કારણ છે એ નહિ. અંદરમાં જેને સમ્યગ્દર્શનસહિત આત્મા પરમાત્મસ્વરૂપ છે એવું ભાન થયા ઉપરાંત એમાં લીનતા-ધ્યાનારૂઢ (છે), એમ કહ્યું છે ને?

પછી હજી શિષ્ય પ્રશ્ન કરશે કે એવું ધ્યાન તો સંઘયણવાળાને હોય. અને તમે કહો છો કે ધ્યાન પાંચમા આરાના જીવને આ કહો છો, શું કહો છો તમે? એ પછી કહશે. પણ પહેલો આ સવાલ છે.

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમાત્મસ્વરૂપ જ છે. એટલે કે વીતરાગમૂર્તિ છે. એટલે કે પરમેશ્વરસ્વરૂપ જ (છે). પરમઈશ્વર. પરમ ઉત્કૃષ્ટતા ઈશ્વર એ પોતાનું સ્વરૂપ છે. એની અંતરમાં જેને સન્મુખ થઈને દૃષ્ટિ થઈ છે, એનું જેને સ્વસંવેદન જ્ઞાન થયું છે, એ જીવ જ્યારે ધ્યાનમાં આરૂઢમાં જાય છે ત્યારે તેને સમભાવ પ્રગટે છે. આહાહા..! અહીંયાં સમભાવ નિર્જરાનું કારણ કહીને (એમ કહેવું છે કે) દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ નિર્જરાનું કારણ નથી, એ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પરમ શબ્દ વાપર્યો છે ને?

'**પરમધ્યાનમેં આરૂઢ જ્ઞાની...**' એમ. એટલે સાધારણ ધર્મધ્યાન (નહિ). આ તો ઉત્કૃષ્ટ વાત લીધી છે પહેલી. '**પરમધ્યાનમેં આરૂઢ જ્ઞાની...**' આહાહા..! જેવું સ્વરૂપ ભગવાન મૂર્તિ પ્રભુનું છે એવા સ્વરૂપનું ભાન થયું. હવે કહે છે કે એમાં આરૂઢ થયો છે. આહાહા..! ધ્યાનારૂઢ એમ કહ્યું છે ને? '**પરમધ્યાનમેં આરૂઢ...**' એવો જે ધર્મીજીવ '**સમભાવસે દુઃખ-સુખકો સહતા હુઆ...**' અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટાપણે રહેતા સમભાવમાં રહ્યો છે એમ કહેવામાં આવે છે. એ સમભાવથી સહન કરે છે એમ કહેવામાં આવે છે. સહન કરવું કાંઈ નથી. સહન કરવું કહે એ તો જ્ઞાતા-દૃષ્ટાપણે રહ્યો એ સહન કર્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી વસ્તુ છે.

અહીં તો ખુબી તો એ કીધી છે કે નિર્જરાનું કારણ કોણ? અને અમે કોને નિર્જરાનું કારણ કહીએ છીએ? કે નિર્જરાનું કારણ તો સમભાવ છે. સમ્યગ્દર્શન સહિત આત્મામાં લીનતા (થવી) એવો સમભાવ તે નિર્જરાનું કારણ છે. આ તારા અપવાસ-બપવાસ કરે, ફલાણા કરે, વિનય કરે, વૈયાવચ્ચ કરે, બાર પ્રકારના તપ કરે અને એને નિર્જરા (કહે) એ નહિ. એ બાર પ્રકારના તપ તો વિકલ્પ રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વીતરાગ ...

ઉત્તર :- વીતરાગભાવ, સમભાવ.

જેવું એનું વીતરાગસ્વરૂપ છે પ્રભુનું-આત્માનું, એવો જ ભાવ જેણે દર્શન-જ્ઞાન સહિત સ્થિરતાનો પ્રગટ કર્યો છે, એ પરમ ધ્યાનમાં આરૂઢ છે, એમ કહે છે. એવો જે જ્ઞાની જીવ, એવો જે જ્ઞાની જીવ ત્યાં વજન છે. સમજાણું કાંઈ? એવો જે ધર્મી જીવ.. આહાહા..! '**સમભાવસે દુઃખ-સુખકો સહતા હુઆ...**' સમભાવથી સુખ-દુઃખને જાણે અને દેખે છે. જાણવા-દેખવાના ભાવમાં રમે છે. આહાહા..! એને '**અભેદનયસે...**' એટલે? એ જ્ઞાની જીવને નિર્જરાનું કારણ કહીએ છીએ એ અભેદનયથી કીધું. અભેદનય એટલે? કે સમભાવથી નિર્જરા થઈ છે. પણ સમભાવનો ધરનાર એ છે તેથી જીવને નિર્જરાનું કારણ કહ્યું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ, સહજ

આત્મા અનાદિ સહજ વસ્તુ છે. અણકરાયેલી, નાશ વિનાની અને સ્વભાવથી પરિપૂર્ણ વસ્તુ (છે). એવો જે ભગવાનઆત્મા, એનું દર્શન અને જ્ઞાન તો છે પણ અહીં તો નિર્જરાનું કારણ સમભાવ લેવું છે વધારે. માણસ એમ કહે કે આ અપવાસ કર્યો માટે નિર્જરા. વિનય કરે એ તપ કહેવાય અને તપ તે નિર્જરા. એમ આવે કે નહિ બાર પ્રકારમાં? પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ.

મુમુક્ષુ :- ધ્યાન પણ આવે છે.

ઉત્તર :- ધ્યાન પણ આવે છે, એ વિકલ્પવાળું, વ્યવહારું. સાચું ધ્યાન તો આ રાગ વિનાની...

મુમુક્ષુ :- આત્મા એક અને તપ બાર પ્રકારના..

ઉત્તર :- એ તો કહેવાની વાત કીધું છે ને. 'સમ્યગ્જ્ઞાન દિપીકા'માં. ત્યાં શ્લોકે. આત્મા એક અને બાવીશ પરિષહ! આત્મા એક અને બાર પ્રકારના તપ! આત્મા એક બાર પ્રકારની ભાવના! આ શું વાત! આત્મા એક જ છે. એના બાર પ્રકારથી ભેદથી સમજાવ્યું. આહાહા..!

અહીં એ કહ્યું ને, જુઓને! કે નિર્જરા છે એ સમભાવથી થાય છે. પણ જીવને નિર્જરાનું કારણ કહ્યું. એ અભેદનયથી એમ કહ્યું છે. પાઠમાં એટલું છે '**अभेदेन**' પછી નય તો નાખ્યું. પાઠમાં '**अभेदेन**' સંસ્કૃતમાં પણ '**एवाभेदेन**' એટલો શબ્દ છે. ઉપોદ્‌ઘાતમાં પણ છે અને અર્થમાં પણ છે. આહાહા..!

'**નિર્જરાકા કારણ હોતા હૈ, ઐસા દિખાતે હૈં-**' ૩૬.

**१६२) दुक्खु वि सुक्खु सहंतु जिय णाणिउ झाण-णिलीणु।**
**कम्महँ णिज्जर-हेउ तउ वुच्चइ संग-विहीणु॥३६॥**

છે ને '**सहंतु**' શબ્દ?

**અન્વયાર્થ** :- '**હે જીવ, વીતરાગસ્વસંવેદનજ્ઞાની...**' અહીં પરમધ્યાનમાં આરૂઢ છે ને ધ્યાનમાં એટલે એ લીધું. '**વીતરાગસ્વસંવેદનજ્ઞાની...**' ભગવાનઆત્માને સ્વને-પોતાને પ્રત્યક્ષ જાણતો-વેદતો અને તેમાં ઠરતો. આહાહા..! એવો '**વીતરાગસ્વસંવેદનજ્ઞાની આત્મધ્યાનમેં લીન...**' આત્મધ્યાનમાં લીન છે. વિકલ્પ પણ જેને છૂટી ગયો છે. અંતર આત્માના આનંદની મસ્તી, આનંદના અનુભવમાં મસ્ત છે. આહાહા..! '**દુઃખ ઔર સુખકો સમભાવોંસે સહતા હુઆ...**' એટલે કે સમભાવ રાખે છે એટલે સમભાવ તે સહ્યું. ઓલો રાગ-દ્વેષથી સહન કરે એ કરતા સમભાવથી સહન કર્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રતિકૂળતાને દ્વેષભાવે સહન કરે, અનુકૂળતાને રાગભાવે વેદે, એ કરતા અહીંયાં રાગ-દ્વેષ વિના સમભાવે સહન કરે, સમભાવે રહે છે. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ બહુ, બાપુ! આહાહા..! લ્યો, આ 'ચીમનભાઈ'! હોંકારો આપતા. તમે નહોતા ત્યારે. અહીં બેસતા. અહીં બેસતા અને હોંકારો આપતા. સવા નવ સુધી તો અહીં હતા. આહાહા..!

આવો ક્ષણભંગુર નાશવાન (દેહ છે). ભગવાન અવિનાશી છે. આહાહા..! દેહનો ક્યારે નાશ થશે એની કાંઈ ખબર છે. નાશવાન છે સંયોગે. સંયોગે છે એ અહીં નજીક છે એ દૂર થશે એનું નામ મરણ. બાકી (મરણ કોઈ ચીજ નથી). આહાહા..!

મુમુક્ષુ :- નિર્વિકલ્પ આત્મધ્યાનમાં લીન હોય તો એમાં કેવી રીતે જાણે..

ઉત્તર :- જાણેની ક્યાં વાત છે? સમભાવ છે એ જ વસ્તુ એને જાણે. સમભાવ છે એનું નામ જાણ્યું કહેવાય, એનું નામ સહન કર્યું કહેવાય. સુખ-દુઃખ ઉપર લક્ષ ક્યાં છે? આહાહા..! લક્ષ તો આત્મા ઉપર દોરાઈ ગયું છે, ત્યાં સ્થિર થયો છે. એને અહીં સહન કરે એમ કહેવામાં આવે. અને તે પણ તેની નિર્જરા કરે છે એ જીવ નિર્જરા કરે છે એમ અભેદથી કહેવામાં આવે છે. સમભાવ અને ભગવાનઆત્મા એક છે એ અપેક્ષાએ સમભાવથી નિર્જરા થાય છે. પણ આત્માથી નિર્જરા છે એમ અભેદનયથી કીધું છે. આહાહા..! મૂળ તો પુણ્ય-પાપના ભાવ બંધના કારણ છે, એની સામે સમભાવ નિર્જરાનું કારણ છે એ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ક્ષણમાં દેહ નાશ થઈ જાય. એક સમય. આહાહા..! ભવ પલટીને ક્યાં ભવ? આહાહા..! ભવ બીજો, ભાવ બીજો, ક્ષેત્ર બીજું. આહાહા..! આવું અવિનાશી સ્વરૂપ અને આવા સંયોગોમાં વિયોગ થાય એ કહે છે કે છોડ હવે તું. આહાહા..! અહીંયાં તો વીતરાગભાવે ઊભો રહે છે, ઠરે છે. કેવળીની વાત નથી આ. છદ્મસ્થ જીવની વાત છે.

મુમુક્ષુ :- કેવળીને પણ પરિષહ તો હોય છે.

ઉત્તર :- પરિષહ-બરિષહ કાંઈ નથી. એ તો નિમિત્તના કથન. પરિષહ કેવા એને? એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. એ તો પૂર્ણ વીતરાગ કેવળજ્ઞાન આનંદ...આહાહા..! જેમાં અતીન્દ્રિય આનંદની પૂર્ણતા, અતીન્દ્રિય આનંદની પૂર્ણતાનું જ્યાં વેદન (પ્રગટ થયા છે)... આહાહા..! એને પરિષહ શું? એને ક્ષુધા શું? એને તૃષા શું? અગિયાર કહ્યા છે એ તો ઉદયનું નિમિત્ત છે એટલો ભાવ છે એટલું બતાવવા. આહાહા..!

અહીં કહે છે, '**આત્મધ્યાનમેં લીન દુઃખ ઔર સુખકો સમભાવોસે સહતા હુઆ અભેદનયસે શુભ અશુભ કર્મોંકી નિર્જરાકા કારણ હૈં,...**' જુઓ! શુભ અને અશુભ જે કર્મ છે અથવા અશુદ્ધતાનો શુભ-અશુભ ભાવ છે... આહાહા..! શું કહ્યું? શુભ-અશુભ અશુદ્ધતાનો ભાવ છે કાં શુભ-અશુભ જે કર્મ છે, એ સમભાવે બેયની નિર્જરા કરી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગનું એક પણ વાક્ય પૂરું સમજવું. એક ભાવ બરાબર સમજે તો બીજા બધા ભાવ સમજે એમ છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. આહાહા..! એક ભાવ પણ બરાબર જેમ છે તેમ સમજે તો એને બીજા બધા ભાવ જાણવામાં બરાબર આવી જાય.

અહીં કહે છે, આહાહા..! '**શુભ અશુભ કર્મોંકી નિર્જરાકા કારણ હૈ, ઐસા ભગવાનને કહા હૈ,...**' જુઓ! '**उच्यते**' છે ને? એટલે ભગવાને કહ્યું. ત્રિલોકના નાથે આમ કહ્યું છે. સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનરાજ વીતરાગ, એણે કહ્યું કે જેને સમભાવ, સમભાવી

ભગવાનઆત્મા, એમાં જેણે સમભાવ સ્થાપ્યો એ નિર્જરાનું કારણ એ જીવને કહીને ભગવાને એને નિર્જરાનું કારણ કીધું. આહાહા..! હવે વિશેષ લે છે. મુનિપણાની પ્રધાનતાનું કથન છે ને.

'**संगविहीनः**' કેવો છે એ આત્મા? ધ્યાનમાં આરૂઢ છે એવી દશાવાળો જીવ કેવો છે? કે '**બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત...**' છે. મુનિ લેવો છે ને. આહાહા..! બાહ્યમાં પણ એક વસ્ત્રનો ધાગો નથી, અંતરમાં પણ રાગનો કણ જેનો પોતાનો નથી. '**બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત પરદ્રવ્યકી ઈચ્છાકે નિરોધરૂપ...**' તપ કહેવું છે ને? પરદ્રવ્યની ઈચ્છાનો નિરોધ. આહાહા..! એવો '**બાહ્ય અભ્યંતર અનશનાદિ બારહ પ્રકારકે તપરૂપ ભી વહ જ્ઞાની હૈ.**' એને નિમિત્ત પણ એવું હોય છે. અંદરમાં ધ્યાનમાં લીનતા તે વાસ્તવિક તપ છે. પણ આ બાર પ્રકારના તપનું નિમિત્તપણું હોય છે.

**ભાવાર્થ :-** '**યહાં પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા,...**' શિષ્યે પ્રશ્ન કર્યો. '**કિ હે પ્રભો; આપને ધ્યાનસે નિર્જરા કહી, વહ ધ્યાન એકાગ્ર ચિત્તકા નિરોધરૂપ ઉત્તમ સંહનનવાલે મુનિકે હોતા હૈ,...**' ધ્યાનમાં નિર્જરા કીધી એ તો ઉત્તમ ઉત્તમ સંહનન જેને હોય સંઘયણ, પ્રથમ હાડકા સંઘયણ (એને હોય છે). '**ઉત્તમ સંહનનવાલે મુનિકે હોતા હૈ, જહાં ઉત્તમસંહનનન હી નહીં હૈ, વહાં ધ્યાન કિસ તરહસે હો સકતા હૈ?**' અહીં તો એવા ઉત્તમ સંઘયણ છે નહિ અને ધ્યાન શી રીતે આપ કહો છો? વર્તમાન જીવને તમે ધ્યાનારૂઢવાળા જીવ કહેવા માગો છો. અને સંહનનવાળું જે ધ્યાન છે એ તો અત્યારે છે નહિ. તો એ ધ્યાનમાં શી રીતે લીન છે?

'**ઉસકા સમાધાન શ્રીગુરુ કહતે હૈં-ઉત્તમ સંહનનવાલે મુનિકે જો ધ્યાન કહા હૈ, વહ આઠવેં ગુણસ્થાનસે લેકર...**' એ તો આઠમા ગુણસ્થાન પછીની વાત છે. '**ઉપશમ ક્ષપકશ્રેણીવાલોંકે જો શુક્લધ્યાન હોતા હૈ,..**' ઉપશમ શ્રેણી માંડે છે એનો કષાય ઠરે છે અને એ કષાયનો નાશ કરતો જાય છે. એવી બે ધારા. અંદર શુદ્ધતાની ધારા. '**ઉપશમ ક્ષપકશ્રેણીવાલોંકે જો શુક્લધ્યાન હોતા હૈ, ઉસકી અપેક્ષા કહા ગયા હૈ.**' ગુરુ ઉત્તર આપે છે. એ અપેક્ષાથી કહ્યું છે. અને '**ઉપશમશ્રેણી વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ, નારાચ ઈન તીન સંહનનવાલોંકે હોતા હૈ,...**' શું કહ્યું? સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રસ્વરૂપની સહિત ઉપશમ ધારા વહે. ઠરતા. કષાયને ઠારતો જાય છે. એ ઉપશમ શ્રેણીવાળાને, '**તીન સંહનનવાલોંકે હોતા હૈ.**' ઉપશમ શ્રેણી છ સંઘયણમાં ત્રણ સંઘયણવાળાને થાય છે. છ સંઘયણમાંથી ત્રણ પહેલા જે છે એને ઉપશમ શ્રેણી થાય છે. આ બધું જાણવાનું ઘણું.

જે આત્મધ્યાન સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત આઠમેથી જે ઉપશમ શ્રેણી ચડે એ પછી પડે માટે ઉપશમ કીધું છે. પણ એ ઉપશમ શ્રેણીવાળો હાડકાના છ પ્રકારની મજબુતાઈ કીધી છે, એ માહ્યલી એવી ત્રણ પ્રકારની મજબુતાઈવાળાને ઉપશમ શ્રેણી હોય છે. ભાઈ! આ તો વીતરાગ માર્ગ એને જાણવો.

મુમુક્ષુ :- જ્ઞાનને હાડકા સાથે સંબંધ...

ઉત્તર :- સંબંધ નથી. અહીં તો કહે છે કે એવું નિમિત્ત હોય ત્યાં ઉપાદાનની યોગ્યતા ત્યાં એને પોતાને કારણે હોય છે. સંઘયણને કારણે નહિ.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક...

ઉત્તર :- એ કીધું ને. એનો અર્થ એ કીધો કે સંઘયણ નિમિત્ત કહો, નિમિત્ત ત્યાં પરમાં કાર્ય કરતું નથી. એ ધ્યાનમાં પોતે પોતાના પુરુષાર્થથી થયો છે. આહાહા..! ભલે ત્રણ સંઘયણ હો પણ જે ધ્યાન છે ત્યાં એ તો પોતાને કારણે સંઘયણની અપેક્ષા જ એને નથી. આહાહા..! આવી વાત. હોય ત્રણ સંઘયણમાં. છતાં જેને ધ્યાનની પર્યાયમાં એની અપેક્ષા નથી. આહાહા..!

મુમુક્ષુ :- અપેક્ષા હોય તો તો...

ઉત્તર :- એક બીજી ચીજ હો. આહાહા..!

છે? '**ઉનકે શુક્લધ્યાનકા પહલા પાયા હૈ,...**' પહેલો ભેદ હોય છે. ઉપશમ શ્રેણીનો ધરનાર અંદર આત્મજ્ઞાની, દર્શન-જ્ઞાન સહિત સ્થિરતામાં (આવ્યો છે) એને શુક્લધ્યાનનો પહેલો ભાગ હોય છે. પહેલો પાયો કહો, પહેલો ભાગ કહો, પહેલો ભેદ કહો. '**વે ગ્યારહવેં ગુણસ્થાનસે નીચે આતે હૈં,...**' એ ઉપશમ શ્રેણીવાળો અગિયારમા ગુણસ્થાન સુધી જાય. પછી પડી જાય નીચે. એની ધારા એવી છે. સમજાણું કાંઈ? આહાહા..! રેલમાં નથી આવતું? રેલના ડબામાં આમ જાય ને? આમ હોય છે ને ઉપર? ત્યાં સુધી ડબો જાય. પાછો ત્યાંથી...

મુમુક્ષુ :- .. હોય ને?

ઉત્તર :- હોય છે, આડું હોય છે ને. અમારે ત્યાં 'પાલેજ'માં તો બધું (જોયું છે). લોઢાનું આમ આડું હોય. ત્યાં સુધી પાટા હોય. ડબો ત્યાં સુધી લઈ જાય. પછી ડબો પાછો ફરી જાય. એમ અગિયારમું ગુણસ્થાન ત્યાં સુધી હોય, પછી ત્યાંથી ડબો પાછો ફરી જાય. ત્યાં તો અમારે દુકાનની જોડે જ સ્ટેશન છે. ત્યાં માલ લેવા (જાતા). અમારો માલ તો ઘણી વાર આવતો હોય ને? એ લેવા જઈએ. ડબામાં હોય. માસ્તરને કહીએ કે ભાઈ, આ ડબામાં મારો માલ છે. કહે, જાવ જાવ જુઓ. ઉતારીએ. બધું ઘણું જોયું છે. આ તો નાની ઉંમરની વાત છે. ૧૭ થી ૨૨. છે?

'**ક્ષપકશ્રેણી એક વજ્રવૃષભનારાચ સંહનનવાલેકે હી હોતી હૈ,...**' આહાહા..! શું કીધું? જેને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ઉપશમ ધારા-કષાયની ઠરવાની ધારા વહે એ તો ત્રણ સંઘયણમાં હોય છે. કારણ કે એને પાછું પડવું છે ને? અને ક્ષપકશ્રેણી જે છે એ તો એક જ સંઘયણમાં હોય. કારણ કે ક્ષપકશ્રેણી ચડે એ તો કેવળજ્ઞાનમાં જવાનો છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્ષપકશ્રેણી એટલે અંદર આત્માનું જ્ઞાન-દર્શન સહિત કષાયનો નાશ કરતો જાય છે. એવી અંદરની ધારા જે આઠમે ગુણસ્થાનથી હોય છે તેને હાડકાની મજબુતાઈમાં છ પ્રકારમાં પહેલો પ્રકાર જ હોય છે. એને ક્ષપકશ્રેણી હોય છે. છતાં એ એને લઈને નથી.

આહાહા..! સમજાણું કાંઈ? એવું ત્યાં નિમિત્ત પહેલું સંઘયણ હોય છે. છતાં ક્ષપકશ્રેણી જે છે એ તો પોતાના પુરુષાર્થથી પ્રગટી છે. એ કાંઈ સંઘયણ છે માટે પ્રગટી છે એમ છે નહિ. મોટા વાંધા આ. આહાહા..!

મુમુક્ષુ :- શરીર નબળું હોય તો ઉપયોગ વારંવાર જાય.

ઉત્તર :- શરીર નબળું હોય એની અહીં વાત નથી. શરીર નબળું હોય તોપણ કેવળજ્ઞાન પામી શકે છે. અંદર વજ્રનારાચ સંઘયણ છે અને અંદર પુરુષાર્થ ઉગ્યો છે. શરીરમાં હાડકાએ કટકા કર્યા હોય શરીરાદિના, પણ એ વખતે ઉપસર્ગ બંધ થઈ જાય, ક્ષપકશ્રેણી જ્યાં ચડે છે. કેવળજ્ઞાન થઈ જાય ફટ્ એકદમ. શરીરના કટકા હોય પણ એકદમ પછી એ વખતે ઉપસર્ગ ન હોય ધ્યાનમાં. આહાહા..! આ તો અલૌકિક વાતું છે, બાપુ! સર્વજ્ઞથી સિદ્ધ થયેલી અને સર્વજ્ઞપણું કેમ પ્રગટ થાય અને સર્વજ્ઞસ્વભાવી જ આત્મા છે. આત્મા સર્વજ્ઞસ્વભાવી જ આત્મા છે. બધા આત્માઓ. એને સર્વજ્ઞ થવાની ધારા વખતે ક્ષપકશ્રેણી હોય છે ત્યારે એને સંઘયણ પહેલું જ હોય છે. છતાં એને લઈને ક્ષપકશ્રેણી નથી. આહાહા..!

કાલે નહોતું કહ્યું? કે સાધક-સાધ્ય છે, પૂર્વની પર્યાય સાધક છે અને પછીની પર્યાય સાધ્ય છે. એ પણ એ પર્યાય હતી અને બીજી નહોતી એ અપેક્ષા સાધક કહ્યું છે. બાકી પછીની પર્યાય, પૂર્વની પર્યાય બળાત્કારે પ્રગટ કરાવે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શુભભાવને સાધક કહ્યો છે ઈ આ. છે ત્યાં એટલું. પણ એને લઈને અહીં નિશ્ચયનું સાધકપણું પ્રગટ્યું છે એમ નથી. આહાહા..! અહીંયાં તો શુક્લધ્યાનની પર્યાય જે પ્રગટી છે એને લઈને કેવળજ્ઞાન થાય છે અથવા છેલ્લે મોક્ષ થાય છે, એ કહેવું એ વ્યવહારથી છે. પૂર્વની પર્યાય પછીની પર્યાયને જોરાવરી લાવે જ, એમ છે જ નહિ. એ વખતની નિર્મળ પર્યાય પોતાથી સ્વતંત્ર ષટ્કારક પરિણમન થઈને પરિણમી રહી છે. જેને પૂર્વની પર્યાયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી, જેને દ્રવ્ય અને ગુણની અપેક્ષા નથી. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જે ધારા ક્ષપક હોય, કષાયનો નાશ કરતો જાય, એવી ધારાવાળાને પહેલું સંઘયણ હોય છે. '**વે આઠવેં ગુણસ્થાનમેં ક્ષપકશ્રેણી માંડતે (પ્રારંભ કરતે) હૈં,...**' હોય છે. '**ઉનકે આઠવેં ગુણસ્થાનમેં શુક્લધ્યાનકા પહલા પાયા (ભેદ) હોતા હૈ,...**' ઓલા ઉપશમશ્રેણી વાળા ત્રણ સંઘણવાળાને પણ શુક્લધ્યાનનો પહેલો ભાગ (છે) અને આ ક્ષપકશ્રેણી માંડે એને પણ શુક્લધ્યાનનો પહેલો ભાગ (છે). ભાગ તો પહેલો જ ભાગ છે એને. સમજાણું કાંઈ? ક્ષપકશ્રેણીએ ચડ્યો માટે એને શુક્લધ્યાનનો બીજો ઊંચો ભાગ છે અને ઉપશમ શ્રેણીએ ચડ્યો એને ધ્યાનનો પહેલો ભાગ છે એમ નહિ. અંદરમાં ઉપશમશ્રેણીએ ચડે છે ત્યારે સંઘયણ ત્રણ હોય. શુક્લધ્યાનનો ભાગ પહેલો હોય અને ક્ષપકશ્રેણીએ ચડે ત્યારે સંઘયણ એક હોય છતાં શુક્લધ્યાનનો પાયો પહેલો જ હોય. આ તો બધી જાણવાની વાતું છે. જાણે તો અંદર શું સત્ય છે (એ ખ્યાલમાં આવે). આહાહા..! ઘણા બોલો આજ તો ચાલ્યા.

મુમુક્ષુ :- આટલું બધું જાણવું એ કરતા કાંઈક સહેલો રસ્તો બતાવો.

ઉત્તર :- એ સહેલામાં આ (રસ્તો છે). એને ઊંધા શલ્ય ઘણા ગરી ગયા છે માટે એને સવળું જાણવાની જરૂર છે. જેને ઊંધા શલ્ય નથી એ તો એકદમ આત્મા જાણે, એને કાંઈ પરની અપેક્ષા નથી. પણ આ તો ઊંધા ઘણા શલ્ય ગરી ગયા છે. નિમિત્ત હોય તો થાય, નિમિત્ત કાર્ય કરે ત્યાં, શુભભાવથી સાધકપણું-ધર્મ પ્રગટે. એવા જે શલ્યવાળા છે એને આ બધું સમજવું પડશે. શલ્ય કાઢવા માટે. આહાહા..!

મુમુક્ષુ :- .. એવા શલ્ય ન હોય.

ઉત્તર :- ન હોય એ તો બધા સમજનારા ઘણા એવા હોય છે ને. નવા સાંભળનારા હોય એને તો બિચારાને ખબર પણ ન હોય. અને તે એટલું બધું સ્પષ્ટ પહેલું ન આવ્યું હોય તો સાંભળનારને ન હોય કેટલુંક. કેમ 'લાલચંદભાઈ'! વાત તો આ છે. પંડિતજી! એ બધું સ્પષ્ટ જે બહુ ન આવ્યું હોય તો સાંભળનારને પણ એ નવું લાગે. કારણ કે એની સ્પષ્ટતા જે કાળે આવે, કઈ રીતે આવે એ તો... આહાહા..!

શું કહ્યું? આત્મા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્રની ધારામાં સાતમાથી આગળ વધીને આઠમામાં જાય પણ ઉપશમધારાથી. એટલે કષાયને દાબતો જાય છે. કષાયને ટાળતો જાતો નથી. સમજાણું કાંઈ? જેમ પાણીમાં મેલ હોય એ નીચે બેસી જાય છે અને ઉપર નીતરેલું હોય છે. અને એક મેલ ગયો હોય છે અને એકલું નીતરેલું પાણી હોય છે. એમ ઉપશમ ધારામાં મેલ નીચે બેસી જાય છે એવી ધારા છે. અને ક્ષપકમાં મૂળમાંથી મેલ નાશ થઈ જાય છે એવી ધારા છે. સમજાણું કાંઈ? માણસને.. ભાઈ! આ તો વીતરાગમાર્ગ એણે જાણવો. અને અત્યારે તો વિરૂદ્ધ બહુ થઈ ગયું છે સંપ્રદાયમાં. એટલે આખી વાતનો ફેરફાર પડી ગયો છે. માટે એને બરાબર જાણવું જોઈશે. સમજાણું? અને આવા વખતે નહિ જાણે તો ભાઈ કે દિ' જાણશે? આહાહા..!

'**વહ આઠવેં, નવવેં, દસવેં તથા દસવેંસે બારહવેં...**' પહેલો ભાગ. શુક્લધ્યાનના ચાર ભાગ છે. ચાર પાયા કહો કે ચાર ભેદ કહો કે ચાર ભાગ કહો. એમાં એ ક્ષપકશ્રેણી ચડનારો એને પહેલો પાયો હોય. પછી આઠમેં, નવમેં, દસમેં, બારમે ગુણસ્થાને '**સ્પર્શ કરતે હૈં, ગ્યારહવેમેં નહીં,...**' ક્ષપકશ્રેણીવાળાને અગિયારમું ગુણસ્થાન આવતું નથી. '**તથા બારવેમેં શુક્લધ્યાનકા દૂસરા પાયા હોતા હૈ,...**' લ્યો! ઉપશમધારાવાળો અગિયારમાં આવે તો એ શુક્લધ્યાનનો પહેલો પાયો. અને ક્ષપકવાળો દસમા સુધી આવે તો એ શુક્લધ્યાનનો પહેલો પાયો. બારમે જાય ત્યારે બીજો ભાગ. સમજાણું કાંઈ? આ પાયા શું? ખાટલાને ચાર પાયા હોય છે ને? એમ આ ધ્યાનના ચાર પ્રકાર હોય છે. શુક્લધ્યાનના. એમાં પહેલો ભાગ અગિયારમાં ગુણસ્થાન સુધી હોય ઉપશમ શ્રેણીવાળાને. અને ક્ષપકવાળાને પહેલો ભાગ દસમા સુધી હોય. બારમું થાય એટલે બીજો ભાગ થાય. કેમકે કષાયનો અભાવ થઈ જાય ને ત્યાં એકલી વીતરાગતા રહે છે. સમજાણું? છતાં એ હજી અંતર આત્મા છે. ભલે કષાયનો નાશ થયો પણ હજી જ્ઞાન પૂરું થયું નથી ને? હજી અજ્ઞાન છે થોડું. ઓલું વિપરીત જ્ઞાન એ

જ્ઞાન નહિ, ઓછું જ્ઞાન તે અજ્ઞાન છે માટે તેને અંતરાત્મા કહેવામાં આવે છે. એ હજી પરમાત્મા નહિ. આહાહા..! શુક્લધ્યાને બીજે પાયે આવ્યો, કષાયનો નાશ કર્યો તોપણ તે હજી અંતરાત્મા છે. સમજાણું કાંઈ? એ પરમાત્મા નહિ. આહાહા..!

**'ઔર ઉસી ભવમેં મોક્ષકો જાતા હૈ.'** ક્ષપકશ્રેણીવાળો કષાયનો નાશ કરનારો પહેલા પાયે ચડીને બીજે જાય છે અને તે ભવમાં તે મોક્ષ પામે છે. **'ઈસલિયે ઉત્તમ સંહનનકા કથન શુક્લધ્યાનકી અપેક્ષાસે હૈ.'** ગુરુ જવાબ આપે છે એને. **'આઠવેં ગુણસ્થાનસે નીચેકે ચૌથેસે લેકર સાતવેં તક શુક્લધ્યાન નહીં હોતા,..'** સમકિતથી માંડીને પાંચ, છ અને સાત ગુણસ્થાન સુધી. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમુ ત્યાં શુક્લધ્યાન નથી. **'ધર્મધ્યાન છહોં સંહનનવાલોંકે હૈ,...'** લ્યો! પણ આત્માના આનંદનો અનુભવ અને દૃષ્ટિ અને જ્ઞાન એ તો છએ સંઘયણવાળાને હોય છે. છેલ્લું સંઘયણ હોય તોપણ આત્માનું ધ્યાન હોઈ શકે છે. એમ નહિ કે સંઘયણ બહુ મજબુત હોય એને જ ધર્મધ્યાન (હોય). આહાહા..!

આત્મા આનંદસ્વરૂપ ભગવાન, શુદ્ધ ચૈતન્યઘન એના અનુભવનું ધ્યાન એ છએ સંઘયણમાં હોઈ શકે છે. નિમિત્ત તરીકે. નિમિત્તની વાત છે ને. આહાહા..! **'શ્રેણીકે નીચે ધર્મધ્યાન હી હૈ,...'** છે ને? ધર્મધ્યાન છઠ્ઠા ગુણસ્થાનવાળાને શ્રેણીની નીચે ધર્મધ્યાન. આઠમાની ધારા ઉપશમ અને ક્ષપક. એની પહેલા સાતમા સુધી તો ધર્મધ્યાન હોય છે. હવે એમાં પણ ગોટા ઉઠાવે છે. ધર્મધ્યાન છે એ શુભઉપયોગ છે ત્યાં સુધી અહીં ધર્મધ્યાન છે. માટે શુદ્ધ ઉપયોગ અત્યારે નથી, એમ કહે છે. આહાહા..! અરે..! **'શ્રેણીકે નીચે ધર્મધ્યાન હી હૈ, ઉસકા નિષેધ કિસી સંહનનમેં નહીં હૈ.'**

**'ઐસા હી કથન તત્વાનુશાસન નામક ગ્રથમેં કહા હૈ. ઉસકા અર્થ ઐસા હૈ, કિ જો વજ્રકાયકે હી ધ્યાન હોતા હૈ, ઐસા આગમકા વચન હૈ, વહ દોનોં શ્રેણિયોંમેં શુક્લધ્યાન હોનેકી અપેક્ષા હૈ,...'** બીજા શાસ્ત્રનો આધાર આપ્યો. **'આગમકા વચન હૈ, વહ દોનોં શ્રેણિયોંમેં શુક્લધ્યાન હોનેકી અપેક્ષા હૈ, ઔર શ્રેણીકે નીચે જો ધર્મધ્યાન હૈ, ઉસકા નિષેધ (ન હોના) કિસી સંહનનમેં નહીં કહા હૈ,...'** નિષેધ કોઈપણ સંહનનમાં એને કહ્યું નથી. આત્માનું સમ્યગ્દર્શન, આત્માનું શુદ્ધ ધ્યાન ધર્મધ્યાન, પુણ્ય-પાપના વિકલ્પરહિત શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવું ધર્મધ્યાન તો છએ સંઘયણમાં હોઈ શકે છે. છેલ્લું સંહનન હોય તોપણ એ હોઈ શકે છે. હોઈ શકે છે. સમજાણું કાંઈ આમાં? **'યહ નિશ્ચયસે જાનના.'** લ્યો!

**'રાગ-દ્વેષકે અભાવરૂપ ઉત્કૃષ્ટ યથાખ્યાતચારિત્રરૂપ સ્વરૂપાચરણ હી નિશ્ચયચારિત્ર હૈ,...'** એ અત્યારે નથી. રાગ-દ્વેષના અભાવરૂપ ઉત્કૃષ્ટ યથાખ્યાતચારિત્ર. હવે યથાખ્યાત જેવું આત્માનું સ્વરૂપ તેવું પ્રગટ થઈ ગયું. આહાહા..! એવું યથાખ્યાતસ્વરૂપ આચરણ. સ્વરૂપઆચરણ, જોયું! નિશ્ચયચારિત્ર. **'વહ ઈસ સમય પંચમકાલમેં ભરતક્ષેત્રમેં નહીં હૈ,...'** આ પંચમકાળમાં ભરતક્ષેત્રમાં એ નથી. **'ઈસલિયે સાધુજન...'** જુઓ હવે. સાધુ એને

કહીએ કે સાધુ આત્માના ધ્યાનને કરે તો કેવું? કે ધર્મધ્યાન. **'અન્ય ચારિત્રકા આચરણ કરો.'** યથાખ્યાતચારિત્રનો અભાવ છે પણ સામાયિક અને છેદોપસ્થાપન ચારિત્ર કરો. આહાહા..!

**'ચારિત્રકે પાંચ ભેદ હૈં, સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય, યથાખ્યાત. ઉનમેં ઈસ સમય ઈસ ક્ષેત્રમેં સામાયિક છેદોપસ્થાપના...'** બે જ ચારિત્ર છે. ધ્યાનની વ્યાખ્યા છે ને એટલે મુનિપણાની વાત મુખ્ય લીધી છે. **'યે દો હી ચારિત્ર હોતે હૈં, અન્ય નહીં, ઈસલિયે ઈનકો હી આચરો. તત્વાનુશાસનમેં ભી કહા હૈ.'** 'રામસેન'નું 'તત્વાનુશાસન' છે ને? એની પહેલી ગાથા કીધી એ ૮૪ કીધી. અને બીજી ગાથા છે એ 'તત્ત્વાનુશાસન'ની છઠ્ઠી ગાથા છે.

**'ઈસ સમય યથાખ્યાતચારિત્રકે આચરણ કરનેવાલે મૌજૂદ નહીં હૈ, તો ક્યા હુઆ, અપની શક્તિકે અનુસાર તપસ્વીજન સામાયિક છેદોપસ્થાપનાકા આચરણ કરો.'** સામાયિક અને છેદોપસ્થાપના એ વીતરાગી પરિણતિ છે. આમ વ્રતને લઈને બેઠા ને પાંચ મહાવ્રત (પાળે) માટે સામાયિક ચારિત્ર છે, એમ નથી. જેને હજી સમ્યગ્દર્શન જ નથી એને સામાયિક ને છેદોપસ્થાપના ચારિત્ર ક્યાંથી આવ્યું? પોતાનો અનુભવ જે ચૈતન્યમૂર્તિ એને ધ્યેય બનાવીને અનુભવ કરવો, એ અનુભવમાં જે આનંદનો સ્વાદ આવે ત્યારે તો એને સમકિત કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તો ક્યા હુઆ, અપની શક્તિકે અનુસાર તપસ્વીજન સામાયિક છેદોપસ્થાપનાકા આચરણ કરો.'** એ ચારિત્ર વીતરાગી પર્યાયની વાત છે, હોં! આ સામાયિક એ બહારની સામાયિક લઈને બેઠા એ નહિ. આહાહા..! પુણ્ય-પાપના અધિકારમાં છે કે સામાયિકની પ્રતિજ્ઞા લઈને પણ જે સ્થુળ એવા સંક્લેશ પરિણામને છોડે છે, પણ સ્થુળ એવા વિશુદ્ધ પરિણામને છોડતો નથી તેને ચારિત્ર હોતું નથી. પુણ્ય-પાપના અધિકારમાં છે. સમજાણું કાંઈ? ફરીને. જેણે-મુનિએ સામાયિક પ્રતિજ્ઞા લીધી, એણે સંક્લેશ અશુભભાવ છોડ્યા, પણ જે હજી અંદરના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભભાવ છે એ સ્થુળભાવ છે, એ જેણે છોડ્યો નથી એને સામાયિક હોતી નથી. કહો, 'શાંતિભાઈ'! આવું છે. ગૃહસ્થાશ્રમમાં પણ આ સામાયિક-સામાયિક કરે એ સામાયિક ક્યાં (છે)? એય..! 'બલુભાઈ'એ સામાયિક તો કરી હશે, નહિ? ઓલા વર્ષીતપમાં કરી હશે. એ સામાયિક નહિ.

સામાયિકમાં તો આત્મા શુદ્ધ વીતરાગમૂર્તિ એની પ્રતીતિ અનુભવસહિત, ભાનસહિત થઈ ગઈ. અને પછી એમાં સ્વરૂપમાં સ્થિરતા વિશેષ થાય. સામાયક-સમતાનો આય-લાભ. વીતરાગ પરિણતિનો લાભ થાય તેને સામાયિક કહીએ. સમજાણું કાંઈ? એ વીતરાગ પરિણતિ શું એની ખબર ન મળે અને સામાયિક થઈ ગઈ. એક પથરણે પાંચ અને એક પથરણે આઠ ને. આ છોકરા બધા કરી નાખે પછી આ શેઠીયાઓ આપે. 'બલુભાઈ' જેવા કહે, આપો આને. આઠ-આઠ આના, રૂપિયો-રૂપિયો ફલાણું. આહાહા..! ભાઈ! સામાયિક જુદી ચીજ છે, બાપુ! સામાયિક તો સમ્યગ્દર્શન જેને હોય, જેને આત્મા આનંદનો નાથ પ્રભુ

સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ છે, એવું જેને અંતર્મુખ થઈને જ્ઞાન થયું છે, અંતર્મુખ થઈને જ્ઞાનમાં પ્રતીતિ થઈ છે કે આ પરમાત્મા છે, એવા જીવને સામાયિક નામ અંતરમાં સમતામાં જાય છે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે, ત્યારે એને વીતરાગપણાનું સમતાનો આય એટલે લાભ થાય છે ત્યારે તેને સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! આ તો સામાયિક કરી કરીને થોથા વખત કેટલાય ગાળ્યા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પાઠ ભણે એમાં શું? એ તો વિકલ્પ છે અને ભાષા એ જડ છે. ત્યાં સામાયિક ક્યાં આવી? આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પાત્મક સામાયિક તો ખરી ને?

ઉત્તર :- વિકલ્પાત્મક સામાયિકને સામાયિક કહેવાય જ નહિ. સામાયિક ભાવ 'નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાત્મ છંડો.' એવું 'આનંદઘનજી'માં એક ઠેકાણે આવે છે. હમણા કાંઈક આવ્યું હતું ભજનમાં આપણે. સ્તુતિ કરી હતી ને એમાં આવ્યું હતું. તમે જ બોલ્યા હતા ને? નામ, સ્થાપના અને દ્રવ્ય એ અધ્યાત્મ સાચું નથી, એને છોડો. ભાવ અધ્યાત્મ. અંતરના આનંદના નાથને જગાડીને... આહાહા..! જેણે અંતરના આનંદમાં લીનતા કરી છે એને ભાવ અધ્યાત્મ અને એને વાસ્તવિક સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ આપણે ભક્તિમાં આવ્યું હતું ક્યાંક. નહિ? નહિતર એ 'આનંદઘનજી'માં આવે છે. 'આનંદઘનજી'માં પણ આવે છે. 'નામ અધ્યાત્મ, ચરણ અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાત્મ છંડો, ભાવ અધ્યાત્મ રૂઢ મંડો' એમ કાંઈક છે. એ નિજગુણ સાધે. ભાવ આત્મા. અતીન્દ્રિય આનંદનો નાથ, વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા, એનો અનુભવ થવો, એમાં પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. અને એ અનુભવ ને સમ્યગ્દર્શન વિના જે કાંઈ બહારની ક્રિયાકાંડ બધી અજ્ઞાન છે. આહાહા..! ત્યાં 'અનુભવપ્રકાશ'માં તો બહુ લીધું. એ આત્માના અનુભવ વિના એ તીર્થ તે જાળ છે. જાત્રા એ જાળ છે. ભક્તિ, પૂજા એ જાળ છે. એમ ઘણા બોલ લીધા છે. આત્મા આનંદનો નાથ જ્યાં સુધી અનુભવમાં આવ્યો નથી. સમ્યગ્દર્શન નથી ત્યાં સુધી બધી ક્રિયાઓ વ્યર્થ છે. એ મહિના મહિનાના અપવાસ કરે ને સંથારા કરે એ બધી ક્લેશની ક્રિયા છે. આહાહા..! આવો માર્ગ ભારે આકરો પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મિથ્યાત્વને ધોઈ નાખવું અને સમકિત કરવું એ ધોવું છે. આહાહા..!

**'અપની શક્તિકે અનુસાર તપસ્વીજન સામાયિક છેદોપસ્થાપનાકા આચરણ કરો.'** આ વ્યવહાર વિકલ્પની વાત નથી, હોં! નિર્વિકલ્પ સામાયિક અને છેદોપસ્થાપના ચારિત્ર આચરો અત્યારે. એ અત્યારે હોઈ શકે છે. આહાહા..!

'કુંદકુંદાચાર્ય' 'મોક્ષપાહુડ'માં કહ્યું છે, લ્યો ગાથા-૭૭. મોક્ષપાહુડ છે ને? એની ગાથા-૭૭ છે. **'મોક્ષપાહુડમેં ઐસા હી કહા હૈ અજ્ઞ વિ ઉસકા તાત્પર્ય યહ હૈ, કિ અબ ભી ઈસ**

**પંચમકાલમેં મન, વચન, કાયકી શુદ્ધતાસે આત્માકા ધ્યાન કરકે...**' જુઓ! મન, વચન અને કાયાનું લક્ષ છોડીને શુદ્ધતા કરવી. મન, વચન, કાયામાં જોડાણ એ તો પુણ્ય-પાપના ભાવ છે. આહાહા..! '**કાયકી શુદ્ધતાસે આત્માકા ધ્યાન કરકે...**' પવિત્ર નિર્વિકારી આનંદની દશાથી ધ્યાન કરે છે, એમ કહે છે. '**યહ જીવ ઈન્દ્ર પદકો પાતા હૈ,...**' આ કાળમાં પણ ઈન્દ્રપદ પામી શકે, એમ કહે છે. આવા આત્માના ધ્યાનથી, હોં! આહાહા..! છે? શુદ્ધતાથી. લ્યો! '**अज्ज वि तिरणसुद्धा**' એમ છે ને? પાઠ છે એ. '**अप्पा झाऊण लहहिं इंदत्तं।**' એ શુદ્ધતા. પુણ્ય-પાપના ભાવ વિકલ્પ છે એ તો બધી અશુદ્ધતા છે. એના રહિત આત્માના સ્વરૂપની દૃષ્ટિ સહતિની શુદ્ધતા પ્રગટ કરવી એ શુદ્ધતાવાળા જીવને '**ઈન્દ્ર પદકો પાતા હૈ,...**' ભલે મોક્ષ ન જાય અત્યારે પંચમકાળ છે એટલે. આહાહા..!

'**અથવા લૌકાંતિકદેવ હોતા હૈ,...**' લૌકાંતિક દેવ થાય. એકાવતારી લોકાંતિક છે ને? પાંચમા દેવલોકમાં. આ 'કુંદકુંદાચાર્ય' કહે છે. '**વહાંસે ચ્યુત હોકર મનુષ્યભવ ધારણ કરકે મોક્ષકો પાતા હૈ.**' આહાહા..! ધર્મધ્યાન આત્માના આનંદનું ધ્યાન. આનંદના વેદનનું ધ્યાન, એ કરીને આ પંચમકાળમાં પણ ઈન્દ્રપદ ને લૌકાંતિકદેવ થાય, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જાય. પણ ધ્યાન આ. આ બહારની ક્રિયાકાંડ છે એ કોઈ ધ્યાન નથી અને એ કોઈ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :- આર્તધ્યાન છે.

ઉત્તર :- એ તો બધા ... છે. આહાહા..! વિશેષ કહેશે હવે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૯, રવિવાર
## તા. ૩૦-૧૦-૧૯૭૬, ગાથા-૩૬ થી ૩૮, પ્રવચન નં. ૧૨૦

'પરમાત્મપ્રકાશ' ૩૬ ગાથાનો છેલ્લો ભાગ છે. અહીંથી લ્યો. '**ઈસલિયે...**' છેલ્લી ચાર લીટી છે ને? '**અબ શુક્લધ્યાનકે અભાવમેં ભી હીન સંહનનવાલે ઈસ ધર્મધ્યાનકો આચરો.**' શુક્લધ્યાનનો અભાવ છે માટે ધર્મધ્યાનનો અભાવ છે એમ નથી. આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ, એમાં એકાગ્રતા. જે રાગની એકાગ્રતા છે એ છોડીને શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એની એકાગ્રતા (થતાં) એમાં જે અતીન્દ્રિય આનંદનું વેદન (થાય) એને ધર્મધ્યાન કહેવામાં આવે છે. આવી વાત છે. શુક્લધ્યાનમાં ઉત્કૃષ્ટ વેદન ઘણું હોય છે. એ અત્યારે નથી એમ કહે છે. એ નથી તો ધર્મધ્યાન નથી (એમ નથી). ધર્મધ્યાન એટલે? આ દયા, દાન, વ્રત ને ભક્તિ એ કાંઈ ધર્મધ્યાન નથી. એ તો આર્તધ્યાન છે. રાગ છે ને રાગ?

ધર્મધ્યાન તો એક જેનો સ્વભાવ ધર્મ, વસ્તુ છે ભગવાનઆત્મા, એનો સ્વભાવ જ્ઞાન અને આનંદ છે. એ સ્વભાવ જે એનો ધર્મ એમાં એકાગ્ર થવું. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવું, જેનાથી સમ્યગ્દર્શન જ્ઞાન અને આનંદ પ્રગટ થાય એને ધર્મધ્યાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મધ્યાન કરો એમ તો કીધું...

ઉત્તર :- એ તો બહારની વાતું છે. એને ધર્મધ્યાન કોને કહેવું એની ખબર નથી. કહ્યું હતું, નહિ? (સંવત) ૧૯૯૦ની સાલમાં? માણસ ઘણા થયા હતા. 'બોટાદ'માં ભેગા થયા હતા. એક જણો આવ્યો હતો. 'રોચકા'વાળાનો મામો 'બરવાળા' પાસે છે ને શું? 'ભાણવી' 'નાનચંદ-નાનજી' એને પૂછ્યું કે ધર્મધ્યાન કરો છો? કહે હા. શું? સામાયિક કરું છું, પડિકમણું કરું છું. એ ધર્મધ્યાન. બધુ એનો વિકલ્પ પછી પ્રશ્ન ચાલ્યો, ચર્ચા ચાલતી હતી કે આ સોનાનો કટકો છે એ અનંત રજકણનો પિંડ છે. ત્યારે એણે પ્રશ્ન કર્યો. આ ધર્મધ્યાન કરીએ છીએ (એમ જેણે કહ્યું એણે પૂછ્યું) ત્યારે મહારાજ! આત્મા કેટલા રજકણનો બન્યો હશે? ૧૯૯૦ની વાત છે. ૧૯૯૦ની સાલ. સંપ્રદાયમાં હતા ત્યારે. ઘણા વર્ષથી ભેગા નહોતા થતા. 'મૂળચંદજી' અને અમે ઘણા વર્ષે ભેગા થયા તો ચારસો માણસ બહારથી આવ્યું હતું. આ પૂછ્યું કે ધર્મધ્યાન કરો છો? કહે હા, કરીએ છીએ. સામાયિક, પડિકમણું, ચોવિહાર એ ધર્મધ્યાન બધું. પ્રશ્ન પૂછ્યો ત્યારે આ પાછો જવાબ નીકળ્યો. આ શરીર છે કે આ સોનાનો કટકો છે એ તો અનંતા પરમાણુનું દળ છે. ત્યારે એ કહે, કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? વસ્તુની ખબર નથી. પરમાણુનો આત્મા બને? પરમાણુ છે એ તો જડ છે. હજી એમ કહે કે એના કેટલા પ્રદેશ છે? આહાહા..! એ પછી પ્રશ્ન થયો હતો. 'વઢવાણ'માં. 'મોહનલાલજી'નો શિષ્ય હતો એક વૃદ્ધ (હતા). 'વિરમગામ'નો. કીધું, આ સામાયિક એ ત્રસ છે કે સ્થાવર? કહે, મને ગુરુએ શીખવ્યું નથી કહે. કહો, હવે આ. આહાહા..!

અહીંયાં તો ધર્મ એ આત્માનો આનંદ અને જ્ઞાનસ્વભાવ, એમાં અંદરની જ્ઞાન અને જ્ઞાનની શક્તિની વ્યક્તતા પ્રગટ થવી એની સાથે અતીન્દ્રિય આનંદનો અંશ પણ પ્રગટ થવો, એની સાથે અનંતગુણના બધા એક અંશ વ્યક્ત પ્રગટ થવા અને જેમાં શાંતિ અને આનંદ મળે એ દશાને ધર્મધ્યાન કહે છે. કહો, સમજાણું કાંઈ? આ સામાયિક કરે અને પોષા, પડિકમણા એ ધર્મધ્યાન નથી. એ તો રાગ છે.

મુમુક્ષુ :- રાગ ધર્મ નથી?

ઉત્તર :- રાગ ધર્મ છે, વિભાવધર્મ. અધર્મધર્મ. આહાહા..!

પ્રભુ! ચૈતન્યસ્વરૂપ છે ને. જેની ચેતના અનંત છે. શક્તિ છે, એનો સ્વભાવ છે ને? અનંત ચેતના જેનો સ્વભાવ, એમાં ચેતવું. જ્ઞાનચેતના. આહાહા..! એ જ્ઞાનચેતના જે અનંત ચેતનસ્વભાવ, એમાં જ્ઞાનચેતના એમાં ચેતવું એટલે એકાગ્ર થવું. એનું નામ જ્ઞાનચેતના, એનું નામ ધર્મધ્યાન. આમ વાત છે.

મુમુક્ષુ :– અનુભવ કોનો?

ઉત્તર :– આત્માના આનંદનો. અનુભવ કહો કે ધર્મધ્યાન કહો. આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ, તેની સન્મુખ થઈને સંયોગ, રાગ અને પર્યાયથી વિમુખ થઈને, ઉપેક્ષા કરીને સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનું ધ્યાન (કરવું), જેના ધ્યેયમાં ભગવાનઆત્મા વસે એ દશાને ધર્મધ્યાન કહે છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. '**શુક્લધ્યાનકે અભાવમેં ભી હીન સંહનનવાલે ઈસ ધર્મધ્યાનકો આચરો. યહ ધર્મધ્યાન પરંપરાય મુક્તિકા માર્ગ હૈ,...**' લ્યો! એટલે કે પ્રથમ એની શરૂઆત છે ને? ત્યાં એકાગ્રતા થોડી છે. સ્વભાવમાં-શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા થોડી છે તેથી તેને ધર્મધ્યાન કહ્યું. એ પરંપરા આગળ વધીને એકાગ્રતા વધી જશે એથી એ ધર્મધ્યાનને પરંપરા મોક્ષનું કારણ કહ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આજ્ઞા ..

ઉત્તર :– એ આજ્ઞા પણ આ. વિકલ્પ વિચાર કરે એ કાંઈ ધર્મ નથી. આજ્ઞા એ શુદ્ધ ચૈતન્યમૂર્તિનું જે જ્ઞાન અને ધ્યાન (કરવું) એ આજ્ઞા છે. આહાહા..! ધર્મધ્યાનના ચાર ભેદ છે ને? પણ એમાં આ છે મૂળ તો. આહાહા..! વસ્તુ છે ને આખી? પરમેશ્વરપદ છે આત્મા. ભગવત્સ્વરૂપ છે. ભગવત્સ્વરૂપનું ધ્યાન તે ધર્મધ્યાન. રાગનું ધ્યાન તે આર્તધ્યાન, આર્ત-રૌદ્રધ્યાન. આવી વાત છે. સમજાણું કાંઈ? અનંતકાળમાં એણે કર્યું નથી. આહાહા..! પોતાનો મહાપ્રભુ સ્વભાવ, એનું એણે મહાત્મ્ય કોઈ દિ' કર્યું નથી. કંઈ શુભરાગ થયો પુણ્યનો દયા, દાન વ્રત, એટલે જાણે ધર્મ થઈ ગયો, ધર્મ. એમ અજ્ઞાની અનાદિથી માની ચોર્યાસીમાં રખડી રહ્યો છે. આહાહા..!

'**સંસારકી સ્થિતિકા છેદનેવાલા હૈ.**' જોયું! એમ કે ધર્મધ્યાનમાં સંસારની સ્થિતિ ઘણી છે એ થોડી થાય છે. અને શુક્લધ્યાનમાં એકદમ અભાવ થઈ જાય છે. પરંપરા આ ધર્મધ્યાનથી. આહાહા..! ધર્મધ્યાન એ વીતરાગી આત્માની શાંત અને આનંદની પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સંસારની સ્થિતિ એટલે લાંબી સ્થિતિ હોય છે એ ઘટાડી દે છે. '**જો કોઈ નાસ્તિક ઈસ સમય ધર્મધ્યાનકા અભાવ માનતે હૈં,...**' અત્યારે ધર્મધ્યાન શુદ્ધઉપયોગ એ નથી. અત્યારે ઘણા કહે છે કે શુદ્ધઉપયોગ નથી, અત્યારે શુભઉપયોગ જ છે.

મુમુક્ષુ :– શુદ્ધ ઉપયોગ તો સાતમે ગુણસ્થાને...

ઉત્તર :– અરે..! શુદ્ધ ઉપયોગ ચોથે હોય છે. સાંભળ. ચૈતન્યસ્વરૂપનો ઉપયોગ થવો અંદરનો એ શુદ્ધોપયોગ છે અને દયા, દાન, વ્રતાદિનો ઉપયોગ થવો એ અશુદ્ધઉપયોગ છે. આહાહા..! વસ્તુની ખબર નહિ.

અરે..! જીંદગી ચાલી જાય છે. આહાહા..! જે સ્થિતિ છે એની સન્મુખ થાય છે. મરણની સન્મુખ છે. આહાહા..! એમાં આ જો ન કર્યું... આહાહા..! 'વીજળીને ઝબકારે મોતી પરોવી લ્યો.' વીજળીનો ઝબકારો થયો એમાં મોતી પોરવી લ્યો. નહિતર થઈ રહ્યું.

આહાહા..! એમ આ મનુષ્યપણું આવું મળ્યું, જૈન સંપ્રદાય મળ્યો.. આહાહા..! વાડો. એમાં આ કહે છે કે ભગવાનઆત્મા... રાગ અને પુણ્ય પાપ એ આત્માનું સ્વરૂપ જ નથી. એ તો આવી ગયું છે, નહિ? આપણે બપોરે આવી ગયું છે. 'સમયસાર' વ્રત, તપ, શીલ. એ તો શુભકર્મ છે, શુભ પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..!

**'કોઈ નાસ્તિક ઈસ સમય ધર્મધ્યાનકા અભાવ માનતે હૈં, વે જૂઠ બોલનેવાલે હૈં,...'** જોયું! આહાહા..! એ કહે છે શું અત્યારે ધર્મધ્યાનને? આ વ્રત અને તપ એ ધર્મધ્યાન. એ તો રાગ છે, બાપુ! આહાહા..! પર તરફના વલણવાળો વિકાર છે. અંતરના વલણવાળી દશા એ ધર્મધ્યાન છે. લ્યો! 'બલુભાઈ'! આ તો સાંભળ્યું પણ નહોતું. વાત તો આવી છે. અરેરે..! અનંતકાળના જન્મ-મરણના દુઃખો જુઓને! કેવા થાય છે, વૈરાગ્ય... વૈરાગ્ય.. 'ચીમનભાઈ' બે ઘડીમાં ચાલ્યા ગયા. આહાહા..! અમારા 'નવીનભાઈ' 'દામોદર'નો બિચારો કેટલો છોકરો છે. આહાહા..! શરીરની સ્થિતિ થવી એ તો થાય. એમાં આત્મા એને રોકી શકે નહિ. આહાહા..! અરે..! કહે છે કે જન્મ-મરણને ટાળવાનો ઉપાય એ જરા, રોગ અને ઈન્દ્રિય હીણી પડ્યા પહેલા કરી લે, ભાઈ! પછી નહિ થાય, ભાઈ! પુરુષાર્થ નબળો હોય એને. બાકી તો સાતમી નરકમાં થાય છે. આહાહા..!

ઓહોહો..! એ સાતમી નરકની પીડા. એના શિતની એક ફૂંક. પવનની ફૂંક જેટલી ઠંડી અહીં લાવે તો દસ યોજનના માણસો ઠંડીમાં મરી જાય. એ અહીં થોડું લાવે તો દસ યોજનના માણસો મરી જાય. એટલી ઠંડી. ભગવાન એમાં આત્મા ૩૩-૩૩ સાગર રહ્યો છે, બાપુ! આહાહા..! એ વાતનો વિચાર પણ ક્યાં કર્યો છે એણે. શું હતું? શું થયું આ? આહાહા..! 'છોટાલાલ રાયચંદ' નથી. એને આંખમાંથી રસી નીકળે છે, કહે છે. 'ભાવનગર' બતાવવા જવાના છે. 'છોટાભાઈ' નથી આવ્યા. આમ તો આંખે રસી નીકળે છે. આમ તો આંખે સૂઝતું નથી એને. આહાહા..! આવું છે. આ આંખે દેખવું એ પણ આંધળો છે, કહે છે. આહાહા..! ભલે સારી હોય, કહે છે. એથી શું થયું? અંતરના નેત્રથી ભગવાનને જોવો એ નેત્ર કહેવાય. આહાહા..!

જ્ઞાનની નિર્મળ વ્યક્ત જે પર્યાય પ્રગટ છે તેને એના ધણી એનો દ્રવ્યસ્વભાવ તેના તરફ ઢાળવી... આહાહા..! એનું નામ અહીંયાં ધર્મધ્યાન છે. એ ધર્મધ્યાન અત્યારે છે એમ કહે છે. શુક્લધ્યાન નથી માટે આવું ધર્મધ્યાન નથી એમ છે નહિ. આહાહા..! **'ઈસ સમય ધર્મધ્યાન હૈ, શુક્લધ્યાન નહીં હૈ.'** એ ૩૬મી ગાથા કીધી.

---

**अथ सुखदुःखं सहमानः सन् येन कारणेन समभावं करोति मुनिस्तेन कारणेन पुण्यपापद्वयसंवरहेतुर्भवतीति दर्शयति –**

**१६३) बिण्णि वि जेण सहंतु मुणि मणि सम-भाउ करेइ।**
**पुण्णहँ पावहँ तेण जिय संवर-हेउ हवेइ।।३७।।**

द्वे अपि येन सहमानः मुनिः मनसि समभावं करोति।
पुण्यस्य पापस्य तेन जीव संवरहेतुः भवति।।३७।।

बिण्णि वि इत्यादि। बिण्णि वि द्वे अपि सुखदुःखे जेण येन कारणेन सहंतु सहमानः सन्। कोऽसौ कर्ता। मुणि मुनिः स्वसंवेदनप्रत्यक्षज्ञानी। मणि अविक्षित्पमनसि। सम-भाउ समभावं सहजशुद्धज्ञानान्दैकरूपं रागद्वेषमोहरहितं परिणामं कर्मतापन्नं करेइ करोति परिणमति पुण्णहं पावहं पुण्यस्य पापस्य संबन्धी तेण तेन कारणेन जिय हे जीव संवर-हेउ संवरहेतुः कारणं हवेइ भवतीति। अयमत्र तात्पर्यार्थः। कर्मोदयवशात् सुखदुःखे जातेऽपि योऽसौ रागादिरहितमनसि विशुद्धज्ञानदर्शनस्वभावनिजशुद्धात्मसंवित्तिं न त्यजति स पुरुष एवाभेदनयेन द्रव्यभावरूप-पुण्यपापसंवरस्य हेतुः कारणं भवतीति।।३७।।

---

आगे जो मुनिराज सुख-दुःखको सहते हुए समभाव रखते हैं, अर्थात् सुखमें तो हर्ष नहीं करते, और दुःखमें खेद नहीं करते, जिनके सुख-दुःख दोनों ही समान हैं, वे ही साधु पुण्यकर्म-पापकर्मके संवर (रोकने) के कारण हैं, आनेवाले कर्मोंको रोकते हैं, ऐसा दिखलाते हैं -

गाथा - ३७

अन्वयार्थ :- [ येन ] जिस कारण [ द्वे अपि सहमानः ] सुख दुःख दोनोंको ही सहता हुआ [ मुनिः ] स्वसंवेदन प्रत्यक्षज्ञानी मनसि निश्चित मनमें [ समभावं ] समभावोंको [ करोति ] धारण करता है, अर्थात् राग, द्वेष, मोह रहित स्वाभाविक शुद्ध ज्ञानानंदस्वरूप परिणमन करता है, विभावरूप नहीं परिणमता, [ तेन ] इसी कारण [ जीव ] हे जीव, वह मुनि [ पुण्यस्य पापस्य संवरहेतुः ] सहजमें ही पुण्य और पाप इन दोनोंके संवरका कारण [ भवति ] होता है।

भावार्थ :- कर्मके उदयसे सुख-दुःख उत्पन्न होने पर भी जो मुनीश्वर रागादि रहित मनमें शुद्ध ज्ञानदर्शनस्वरूप अपने निज शुद्ध स्वरूपको नहीं छोड़ता है, वही पुरुष अभेदनयकर द्रव्य भावरूप पुण्य-पापके संवरका कारण है।।३७।।

---

હવે સુખ-દુઃખને સહન કરતો મુનિ જે કારણે સમભાવ કરે છે તેથી તે કારણે તે મુનિ પુણ્યપાપના સંવરનો હેતુ થાય છે, એમ દર્શાવે છે :

ભાવાર્થ : જે કારણે સુખ અને દુઃખ એ બન્નેયને સહન કરતો મુનિ સ્વસંવેદનવાળા પ્રત્યક્ષજ્ઞાની-અવિક્ષિપ્ત (શાંત) મનમાં સમભાવને-સહજ શુદ્ધ જ્ઞાનાનંદ જ જેનું એક રૂપ છે એવા,-રાગદ્વેષમોહરહિત પરિણામને-કરે છે અર્થાત્ સહજ શુદ્ધ જ્ઞાનાનંદ જ જેનું એક રૂપ છે એવા, રાગદ્વેષમોહરહિત પરિણામમાં પરિણમે છે તે કારણે તે મુનિ પુણ્ય અને પાપ એ બન્નેના સંવરનો હેતુ થાય છે.

**અહીં, આ તાત્પર્ય છે કે કર્મોદય વશે સુખ-દુઃખ ઉત્પન્ન થવા છતાં પણ, જે કોઈ રાગાદિથી રહિત એવા મનમાં વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા નિજ શુદ્ધ આત્માના સંવેદનને છોડતો નથી તે પુરુષ જ અભેદનયથી દ્રવ્યભાવરૂપ પુણ્ય-પાપના સંવરનું કારણ થાય છે. ૩૭.**

## ગાથા-૩૭ ઉપર પ્રવચન

૩૭. '**આગે જો મુનિરાજ...**' મુનિરાજ કોને કહેવા એ અર્થ કરશે. આહાહા..! મુનિરાજની પ્રધાનતાથી કથન છે ને? મુનિનો અર્થ કરશે. '**સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની...**' અર્થમાં છે. આહાહા..! મુનિ એને કહીએ કે જે સ્વસંવેદન. સ્વ એટલે ભગવાનઆત્માનું સં-રાગ અને મનની અપેક્ષા વિના સીધું પ્રત્યક્ષ વેદવું. આહાહા..! મુનિ. '**मुणि**' જાણવું. પોતાના આત્માને સ્વસંવેદન દ્વારા વેદવો. આહાહા..! અઠ્યાવીશ મૂળગુણ પાળે એને અહીં મુનિની વ્યાખ્યા ન કરી. અર્થમાં છે ને? ભાઈ! એ કહે છે, જુઓ!

'**મુનિરાજ સુખ-દુઃખકો સહતે હુએ...**' સહતે હુએનો અર્થ... આહાહા..! એ સુખ-દુઃખના સંયોગને જ્ઞેય તરીકે જાણે છે. અજ્ઞાની એમાં બે ભાગ પાડે છે કે આ અનુકૂળતા એ ઠીક અને પ્રતિકૂળતા એ અઠીક. એ બે ભાગ પાડે છે તે મિથ્યાત્વ છે. આહાહા..! કેમકે એ બધી ચીજો જ્ઞાનની જ્ઞેય છે. એ જ્ઞેયને જાણનારો. જાણનારો તે જ્ઞાન છે. તે આત્મા છે. એને જાણનારો એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! એ સંબંધીનું પોતાનું જાણવાનું જ્ઞાન જે પોતામાં છે.. આહાહા..! એ જ્ઞાનમાં અંદર ઠરવું. કેવું? કે '**સ્વસંવેદન પ્રત્યક્ષ...**' ભાષા એટલી છે. આ તો સાતમે મુનિની વાત છે. પોતાના ધ્યાનમાં આત્માને પ્રત્યક્ષ વેદવો. આહાહા..!

'સમયસાર'ની પાંચમી ગાથામાં કહ્યું છે ને? પ્રચુર સ્વસંવેદન. સમકિતીમાં આત્માનું સ્વવેદન અલ્પ હોય છે. આહાહા..! આનંદનું અને જ્ઞાનનું વેદન અલ્પ હોય છે. શ્રાવક જે સાચા હોય છે પાંચમે ગુણસ્થાને એનું સ્વસંવેદન થોડું વિશેષ હોય. કહો, 'જયંતિભાઈ'! આ બધા વાડાના શ્રાવકની આ વાત નથી. આહા..! અને મુનિને પ્રચુર સ્વસંવેદન (હોય છે) અને જેને આનંદની મહોરછાપ છે. આહાહા..! અનુભવમાં આનંદની મહોરછાપ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ મહોરછાપ નથી કરતા? પોસ્ટમાં. એમ આત્માના અનુભવમાં સ્વસંવેદનમાં આનંદની મહોરછાપ છે. આનંદ ભેગો વેદે છે. આહાહા..!

એવા મુનિરાજ '**સુખ-દુઃખકો સહતે હુએ સમભાવ રખતે હૈં, અર્થાત્ સુખમેં તો હર્ષ નહીં કરતે, ઔર દુઃખમેં ખેદ નહીં કરતે, જિનકે સુખ-દુઃખ દોનોં હી સમાન હૈં, વે હી સાધુ પુણ્યકર્મ-પાપકર્મકે સંવર (રોકને) કે કારણ હૈં,...**' એને સંવર હોય છે. આહાહા..! ૩૭.

**१६३) बिण्णि वि जेण सहंतु मुणि मणि सम-भाउ करेइ।**
**पुण्णहँ पावहँ तेण जिय संवर-हेउ हवेइ।।३७।।**

'**बिण्णि**' છે ને? '**द्वे अपि**' એટલે સુખ અને દુઃખ. મૂળગાથા.

**અન્વયાર્થ :-** '**જિસ કારણ...**' '**द्वे अपि येन सहमानः**' '**સુખ દુઃખ દોનોંકો હી સહતા હુઆ...**' (જાનતા હુઆ) આહાહા..! '**मुनिः**' '**સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની...**' આહાહા..! વ્યાખ્યા જુઓ! અહીં તો મુનિ હોય, નગ્ન હોય ને અઠ્યાવીશ મૂળગુણ પાળતા હોય ને પંચમહાવ્રત પાળતા હોય. એ ક્યાં વસ્તુ (છે)? એમાં વળી શ્વેતાંબરમાં તો કાંઈ ઠેકાણું ન મળે. આ તો સનાતન માર્ગ દિગંબરમાં નગ્નપણું હોય છે, પંચમહાવ્રત, પણ એ કાંઈ મુનિપણું નથી. આહાહા..! એ તો રાગ છે અને જડની નગ્ન ક્રિયા તો અજીવની ક્રિયા છે. આહાહા..!

જેને અંદર ભવભ્રમણનો થાક લાગ્યો હોય એને વિસામાનું સ્થાન ભગવાન છે. આહાહા..! એને અહીં મુનિપણું કહે છે. ઉત્કૃષ્ટ લેવું છે ને? સ્વસંવેદન. સ્વ-સં. સ્વ એટલે પોતાનું, સં એટલે પ્રત્યક્ષ. પ્રત્યક્ષ વેદન એને પ્રત્યક્ષ જ્ઞાની કીધો. આહાહા..! સમજાણું કાંઈ? મુનિને પ્રત્યક્ષ જ્ઞાન અને આનંદનું વેદન હોય છે. આહાહા..! જ્ઞાન પ્રત્યક્ષ છે અને આનંદનું વેદન હોય છે એમ કહે છે. આહાહા..! આવું તો સાંભળ્યું પણ ન હોય, 'બલુભાઈ'! મુનિ આ લૂગડા ફેરવીને બેઠા, જય નારાયણ. બાપુ! મારગડા જુદા, નાથ! ત્રણલોકનો નાથ બાદશાહ પ્રભુ ચૈતન્ય, એનું અંતરમાં ઉગ્ર પુરુષાર્થથી સ્વસ્વરૂપમાં પ્રત્યક્ષ જ્ઞાનપણે આનંદનું વેદન... આહાહા..! એને મુનિ કહેવામાં આવે છે. આમાં પંચમહાવ્રત પાળે અને અઠ્યાવીશ મૂળગુણ હોય એ તો વાત લીધી નહિ. નગ્ન તો હજી વિપર્યાય છે. પંચમહાવ્રતની પર્યાય એ આસ્રવની છે. એ સ્વસંવેદન ક્યાં છે? આહાહા..! આત્મા આનંદનો નાથ પ્રભુ આનંદ અતીન્દ્રિય, એ અતીન્દ્રિય આનંદને પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા વેદે. આહાહા..! એને એ દશાને મુનિપણું કહ્યું છે.

'**સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની નિશ્ચિત મનમેં સમભાવોંકો ધારણ કરતા હૈ,...**' પુણ્ય-પાપના વિકલ્પને છોડી અને વીતરાગભાવ(ને ધારણ કરે છે). સમભાવ એટલે વીતરાગભાવ. આહાહા..! સમ્યગ્દર્શન એ પણ વીતરાગ પર્યાય છે. પણ અહીં તો મુનિપણું છે એને તો વીતરાગતા ઘણી થઈ ગઈ છે. આહાહા..! ત્રણ કષાયનો અભાવ એવી વીતરાગદશા. આહાહા..! '**ધારણ કરતા હૈ,...**' છે ને? '**સમભાવોંકો ધારણ કરતા હૈ,...**' એટલે વીતરાગભાવ ધારણ કરે છે. '**રાગ-દ્વેષમોહ રહિત...**' એનો અર્થ કર્યો. રાગ-દ્વેષ એટલે પુણ્ય-પાપના, વ્રત-અવ્રતના વિકલ્પ રહિત '**સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ એકસ્વરૂપ...**' ત્યાં એક રહી ગયું છે. '**સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ...**' એમ છે. અંદર છે. '**सहजशुद्धज्ञानान्दैकरूपं**' એ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ કર્યું છે એણે અર્થમાં. મૂળ '**શુદ્ધ જ્ઞાનાનંદ એકસ્વરૂપ પરિણમન કરતા હૈ,...**' એ એક જોઈએ ત્યાં. એ આ ગમે તે હોય એક ભૂલી

જાય છે. ઘણે ઠેકાણે એક નથી. એકની મહતા છે. એકરૂપ સ્વભાવ છે. એમ છે. અનેકપણું નહિ જેમાં. આહાહા..! બહુ વાત...

**'રાગ, દ્વેષ, મોહ રહિત...'** એ તો નાસ્તિથી વાત કરી. પણ **'સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ એકસ્વરૂપ પરિણમન...'** એ અસ્તિથી કરી. આહાહા..! આવું વ્યાખ્યાન હવે માણસને (અઘરું લાગે). આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે આ તો. પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનનો પ્રકાશ પ્રભુ આત્મા એ પરમપરમાત્મસ્વરૂપ છે. એ પરમાત્મસ્વરૂપમાં એકાગ્રતા સ્વસંવેદન દ્વારા કરીને વીતરાગતામાં આવવું એ પરિણમન કરવું, એકરૂપ સ્વભાવનું પરિણમન થવું. આહાહા..! **'વિભાવરૂપ નહીં પરિણમતા,...'** વિભાવ એટલે શુભ પુણ્ય-પાપના ભાવપણે નહિ થતાં. **'तेन'** **'ઈસી કારણ હે જીવ વહ મુનિ...'** **'पुण्यस्य पापस्य संवरहेतुः'** એને પુણ્ય-પાપનો સંવર થાય છે, અટકી જાય છે. આહાહા..! મહાવ્રતના ભાવ એ પુણ્ય છે. સ્વરૂપમાં એકાગ્ર થતાં એ ભાવ ઠરી જાય છે. એ ભાવ રહેતા નથી. આહાહા..! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. એને સમજવો, પકડવો કઠણ પડે. એવો માર્ગ (છે), બાપા! તારા જન્મ-મરણના દુઃખો ટાળવાનો ઉપાય તો આ છે. આહાહા..! બાકી ટળવળી-ટળવળીને દુઃખથી જીવે અને દુઃખથી મરે. આહાહા..! દુઃખથી જીવે છે ને આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં. રાગના જીવન એ દુઃખના જીવન છે. આહાહા..! અને મરણપણે પણ ટળવળીને રાગમાં ભીંસાયને (દેહ છોડે). આહાહા..! એ બધા દુઃખના જીવન અને દુઃખના મરણ. અને વળી પાછું જનમવું દુઃખમાં પાછું. આહાહા..!

અહીં કહે છે, જે મુનિને અંતર સમભાવ, વીતરાગભાવ પ્રગટ્યો છે, એ દ્વારા એ પુણ્ય-પાપને રોકીને સંવર થાય છે. જુઓ! આ સંવર. 'જામનગર'માં આઠમ અને પાખીના સંવર અને પોષા માણસ બહુ કરે. 'જામનગર'. આ બહારના વાડાના. કેટલાક તો મોડા આવે. સવારના બધું દુકાન-બુકાનનું સરખું કરી પોષા કરવા બેસી જાય. પોષો કર્યો અમે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો છકાય..

ઉત્તર :- એ છકાયમાં પોતે નથી? છકાયમાં કાય. જીવકાય નથી આનંદનો નાથ તે? એનો કૂટો કરે છે ને. રાગની એક્તા માનીને કૂટો કરે છે. એને છકાયમાંથી આત્મામાંથી બચાવવો. છકાય એ જીવ નથી. 'પંચાસ્તિકાય'માં આવે છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય એ કાંઈ જીવ નથી, એમાં જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. 'પંચાસ્તિકાય'માં આવે છે. 'પંચાસ્તિકાય'માં એમ આવે છે. સમજાણું કાંઈ? એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા, અભીહયા વતીયા વૈયાવચ્ચ એ આવે છે ને? 'બાબુભાઈ'! કર્યું હતું તમે એ? ઈચ્છામી પડિકમણું કર્યું હશે તમે? શ્વેતાંબરમાં હોય ને. એ તો શ્વેતાંબર છે. તમે સ્થાનકવાસી. આહાહા..!

અહીંયાં કહે છે કે એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા, અભિહયા વતીયા જે કહેવું છે એ કંઈ જીવ નથી. એ તો શરીરના સંયોગથી એની વાત કરી

છે. જીવ તો જે જ્ઞાનસ્વરૂપ અંદર છે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, પંચેન્દ્રિય રહિત. આહાહા..! એ જ્ઞાનપિંડ પ્રભુ, જ્ઞાનસૂર્ય (એ જીવ છે). આ સૂર્યને તો હજાર કિરણ છે, આને અનંત કિરણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યસૂર્ય છે. આહાહા..! ઝળહળતો ચૈતન્ય શીતળસૂર્ય, શીતળ સૂર્ય. એ શીતળ ચંદ્ર છે. આહાહા..! એવા આત્માના ધ્યાનમાં વીતરાગતા પ્રગટ થતાં તેને પુણ્ય-પાપનો સંવર થાય છે. એટલે પુણ્ય-પાપ ત્યાં અટકી જાય છે. આહાહા..! કહો, સમજાણું? જામનગર'માં આ કાઠિયાવાડમાં એવી વાત છે. આઠમ ને પાખી હોય અને પોષા કરે, કેટલાક સંવર કરે. પોષા કરે. બહારની ક્રિયા. વસ્તુની કાંઈ ખબર ન મળે.

અહીં તો કહે છે કે જેને વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા, એની જેને વીતરાગભાવે અંદર રમણતા થઈ છે એને પુણ્ય-પાપનો સંવર થાય છે-રોકાઈ જાય છે. એને પુણ્ય-પાપનો સંવર છે એટલે પુણ્ય-પાપ થતા નથી. સમભાવ થાય છે. આહાહા..! '**સહજમેં હી પુણ્ય ઔર પાપ ઈન દોનોંકે સંવરકા કારણ હોતા હૈ.**' આહાહા..! આ સંવર આને કહીએ. કહો, 'જાદવજીભાઈ'! આ બહારથી કહે, સંવર કર્યો, બેઠા છે. આહાહા..! સંપ્રદાયને આ આકરું લાગે છે. વસ્તુ આવી છે, બાપુ! આહાહા..! આ જન્મ-મરણના ફેરા કરતા કરતા દુઃખી.. દુઃખી.. દુઃખી છે ઈ. શેઠિયા દુઃખી, રાજા દુઃખી, દેવ દુઃખી. બધા દુઃખી છે. એને ખબર નથી. આહાહા..! શરીર આવા સારા લાગે, બહારના સંયોગ એ તો ધૂળ-માટી છે આ. આહાહા..! રાગ છે એ પણ અચેતન છે ભલે માટી નહિ પણ અચેતન છે. અંદર દયા, દાન, વ્રતનો ભાવ (થાય) એ પણ અચેતન છે. ચેતન તે છે એ તો બેથી રહિત અંદર ચૈતન્યસ્વરૂપ ભગવાન (છે). એમાં સમભાવ પ્રગટ કરતા, સમભાવ સ્વરૂપ તો છે, એ વસ્તુ સમભાવ વીતરાગસ્વરૂપ છે, એને પર્યાયમાં સમભાવ પ્રગટ કરતા. આહાહા..! આમ તો પાંચ-પચ્ચીસ સગા-વહાલા, છોકરા અને છોડીયું ભેગું થયું હોય અને લગ્ન હોય. એય.. તમારે મજા કરતા હોય. ધૂળમાંય નથી. એ બધા દુઃખી છે, દુઃખી પ્રાણી બિચારા. આહાહા..! દિકરીયું આવી છે, જમાઈ આવ્યા છે. લગ્નમાં આમ છે અને ઢીકણું આમ છે. વાતું કરે. એને વળી ઘરની બાય હોય એને તો ઘાંટો બેસી જાય તોપણ બોલ બોલ કરે. પણ હવે થોડું બોલો ને. કહે, પણ હવે બે દિ' છે ને. આહાહા..! આ બધા પાગલ છે. ગાંડા ગાંડપણું. આહા..! ઘરની મુખ્ય હોય એ બહુ (બોલ્યા કરે), કારણ કે જલેબી ને ગાંઠીયા એવા ખાઈને બોલ બોલ કરે તો સાદ બેસી જાય. કોઈ કહે, બા! થોડું બોલો ને તમે. પણ હવે કે દિ' આવે. બે દિ' છે ને. મરી જવું છે. એકલા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પડી છે અને મજા છે એમ માનતી હોય. આહાહા..! મૂર્ખાઈના તે ગામ જુદા હોય છે? આહાહા..!

પ્રભુ! તું આનંદનો નાથ છો ને! તને રાગમાં રાજીપો કેમ થાય? સમજાણું કાંઈ? રાગમાં રાજીપો (થાય એમાં) પ્રભુ! તારો ઘાત થાય છે. ચૈતન્યસત્તાનો રાગના રાજીપે પર્યાયમાં ઘાત થાય છે. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુમાં તો કાંઈ (ઘાત થવું) છે નહિ. એ તો ત્રણેકાળે અનાદિઅનંત ચિદાનંદ ઘન છે. આ તો પર્યાયની વાત છે. આહાહા..!

**ભાવાર્થ :- 'કર્મકે ઉદયસે સુખ-દુઃખ ઉત્પન્ન હોને પર...'** સુખ-દુઃખ એટલે? કલ્પના નહિ, સંયોગની વાત છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ. એને અહીં સુખ-દુઃખ કીધું. સુખ-દુઃખ પરિણામ થાય અને સમભાવ એ તો હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? **'કર્મકે ઉદયસે સુખ-દુઃખ ઉત્પન્ન હોને પર ભી જો મુનિશ્વર રાગાદિ રહિત...'** જુઓ! આહાહા..! ઉત્કૃષ્ટ મુનિની વાત છે ને. **'રાગાદિ રહિત મનમેં શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ...'** આહાહા..! જેના મનમાં શુદ્ધજ્ઞાન સ્વરૂપ પધરાવ્યું છેય આહાહા..! **'અપને નિજ શુદ્ધ સ્વરૂપકો નહીં છોડતા હૈ,...'** આહાહા..! અનુકૂળતાના ગંજ હોય. છ ખંડનું રાજ ચક્રવર્તીનું (હોય), લ્યો! આહાહા..! એ કાંઈ સુખ નથી. એ કહ્યું હતું, નહિ? 'ચક્રવર્તીની સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સમ માનત હૈં.' કાગવિટ સમ-કાગડાની વિષ્ટા જેવું સમકિતી માને. એ છન્નું હજાર સ્ત્રી ને.. આહાહા..! આ તો હજી ભિખારાપણું હોય ત્યાં એમ માને કે અમે કાંઈક સુખી છીએ. અહીં તો છ ખંડનું રાજ મળે ચક્રવર્તીને કે ઈન્દ્રપદ મળે, સમ્યગ્દૃષ્ટિ કાગના વિષ્ટા સમાન એને જાણે છે. આહાહા..! કહો, એ એણે કોઈ દિ' સાંભળ્યું ન હોય, વાંચ્યું ન હોય. અને અહીંની ટીકા કરે કે એ લોકો પુણ્યને વિષ્ટા કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પછી સાંભળીને કોક પાસે નક્કી કરવા આવે.

ઉત્તર :- કો'ક આવે છે બિચારા. કાલે બિચારાનો કાગળ છે. એક 'વિનોદભાઈ'નો. 'પદ્મભાઈ' નામ છે એનું. વાંચ્યો ને કાગળ? નામ છે. આહા..! બહુ બહુ બહુ ખુશી બતાવી. અહીં વીસ દિવસ રહી ગયો. આપણે શિક્ષણ શિબિરમાં. 'આભા' ગામ કીધું? 'આભા' ગામ. બહુ ખુશી થયો છે. ઓહોહો..! જીવનનું સફળપણું કરવાનો તો આ માર્ગ ત્યાં સાંભળ્યો. એવું બિચારાને... આત્મા છે ને, બાપા! એ તો આત્મા છે એમાં શું. કોઈપણ આત્મા. સ્ત્રી, પુરુષ, નારકી એ તો દેહના ધર્મ છે. આત્મા એ સ્વરૂપે છે ક્યાં? આહાહા..! એ તો આનંદસ્વરૂપે, જ્ઞાનસ્વરૂપે છે. એમાં અંતરમાં એકાગ્ર થતાં... આહાહા..!

**'કર્મકે ઉદયસે સુખ-દુઃખ...'**નો અર્થ બહાર સંયોગ. સુખ-દુઃખના પરિણામ નહિ. કારણ કે સુખ-દુઃખના પરિણામ થયા પછી સમભાવ ક્યાં રહ્યો? આહાહા..! એક વાત. બીજી વાત. કોઈ એમ કહે કે બહારનો સંયોગ કર્મને લઈને નથી મળતો. તો અહીં એ જ કહે છે કે કર્મના ઉદયને લઈને સુખ-દુઃખના સંયોગ હોય છે. સમજાણું કાંઈ? છે ને એ માન્યતા છે. આ અનુકૂળ-પ્રતિકુળ સંયોગો એ તો સમાજને વ્યવસ્થા નથી આવડતી માટે એમ થાય છે. અહીં તો કહે છે કર્મના ઉદયથી સંયોગો મળે તે. આ લક્ષ્મી ને ધૂળ ને બાયડી-છોકરા અનુકૂળ ને એ બધું. અને દુઃખ. રોગ અને ઘેરાયેલો ક્ષય રોગ અને આ શું કહેવાય તમારે? કેન્સર એ બધો રોગ એ દુઃખનું નિમિત્ત છે એને. એ સંયોગની વ્યાખ્યા છે, હોં! એ દુઃખનું નિમિત્ત એટલે એને દુઃખ કીધું. અનુકૂળમાં સુખ કીધું.

**'કર્મકે ઉદયસે સુખ-દુઃખ ઉત્પન્ન હોને પર ભી જો મુનિશ્વર રાગાદિ રહિત મનમેં...'** આહાહા..! **'મુનિશ્વર રાગાદિ રહિત મનમેં શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ અપને નિજ શુદ્ધ સ્વરૂપકો નહીં છોડતા હૈ,...'** આહાહા..! ભાઈએ તો લખ્યું નથી? 'સોગાની'એ. ધર્મીજીવને

શરીરમાં લાખ ધગધગતી સોયું ખોસે તોપણ તે સહન કરવાને તૈયાર છે. આવે છે ને? પોતે જ્ઞાતા-દૃષ્ટા છે એટલે એ.. આહાહા..! લાખો સોયું ધગધગતી. પણ એ તો ધગધગતી હોય કે અમથી હોય એ બધી ચીજ ક્યાં? એ તો જ્ઞેય તરીકે છે. આહાહા..! છે ને? આહાહા..! ધર્મીને એની પ્રતિકૂળતા પ્રત્યે લક્ષ હોતું નથી. એટલે એનું વેદવું એને હોતું નથી. આહાહા..! દુઃખ તો રાગ કરે, દ્વેષ કરે તો દુઃખ થાય. એ સંયોગથી દુઃખ થાય નહિ. એ સંયોગ અકિંચિત્કર છે. રાગ-દ્વેષ ઉપજાવવાને એ સંયોગો અકિંચિત્કર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ 'પ્રવચનસાર'માં આવ્યું છે. બહારના વિષયો છે અનુકૂળ-પ્રતિકૂળ એ રાગ-દ્વેષ ઉત્પન્ન કરવા માટે અકિંચિત્કર છે. જુઓ! નિમિત્ત છે એને અકિંચિત્કર કીધું. નિમિત્ત છે. આહાહા..! પણ એ કાંઈ રાગ-દ્વેષ ઉત્પન્ન કરાવતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'મનમેં શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ અપને નિજ શુદ્ધ સ્વરૂપકો...'** એમ. **'અપને નિજ શુદ્ધ સ્વરૂપકો નહીં છોડતા હૈ,...'** આહાહા..! વીતરાગભાવે પરિણમતો નિજસ્વરૂપને પ્રતિકૂળતામાં કે અનુકૂળતામાં છોડતો નથી, એમ કહે છે. આહાહા..! રોગાદિની પ્રતિકૂળતાનો પાર ન હોય, અરે..! દુશ્મન આવીને શરીરને છરા મારતો હોય એ પ્રતિકૂળ સંયોગ કહેવાય છે. સમજાય છે કાંઈ? એ કર્મના ઉદયનો સંયોગ છે. આહાહા..! **'અપને નિજ શુદ્ધ સ્વરૂપકો નહીં છોડતા હૈ,...'** પોતે જ્ઞાતા-દૃષ્ટામાં રહેનારો ધર્મી એને અનુકૂળ-પ્રતિકુળતા તેને રાગ-દ્વેષ ઉપજાવતું નથી. તેથી તે સ્વરૂપને છોડતો નથી. આહાહા..! વાતું આવી છે, બાપુ!. દુનિયાથી જુદી જાત છે. આહાહા..!

**'વહી પુરુષ અભેદનયકર...'** જોયું! ઓલું અભેદ આવ્યું હતું ને? **'દ્રવ્ય ભાવરૂપ પુણ્ય-પાપકે સંવરકા કારણ હૈ.'** સંવરનું કારણ તો સમભાવ છે. પણ આ પુરુષને અભેદનયે સમભાવનો કરનારો છે એ પુરુષને સંવરનો કરનારો કહ્યો. છે? **'સંવરકા કારણ હૈ.'** અભેદનય એટલે એ આત્મા. એ આત્માએ સમભાવ કર્યો તેથી પુણ્ય-પાપનું અટકવું થયું, સંવર થયો. સંવર થયો છે તો એ સમભાવથી. પણ એ પુરુષને સંવર કરનારો અભેદનયથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? નહિતર સમભાવ તો પર્યાયમાં થયો છે. પણ એ આત્માને અભેદ ગણી અને એ આત્મા જ સંવરનો કરનાર છે. પુણ્ય-પાપનો રોકનાર અને સંવરનો કરનાર અને સમભાવનો કરનાર આત્મા જ છે. એ પુરુષ એટલે એ આત્મા છે એમ કહેવામાં આવે છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'.

મુમુક્ષુ :- અભેદ.

ઉત્તર :- હા. અભેદ એટલે આત્મા. એમ. થયો છે તો સમભાવથી સંવર. પુણ્ય-પાપનું અટકવું વીતરાગભાવથી થયું છે. પર્યાયથી. પણ એ આત્માને સંવર કહેવો એ અભેદનયથી (કહ્યું છે). પર્યાયનો ધરનાર એ છે એ અપેક્ષાથી અભેદનયે (કહ્યું. એ આત્મા જ સંવરનો કરનાર છે. પુણ્ય-પાપનો રોકનાર આત્મા જ છે એમ કહેવામાં આવે છે. આહાહા..! એ ૩૭ થઈ. નાની હતી.

अथ यावन्तं कालं रागादिरहितपरिणामेन स्वशुद्धात्मस्वरूपे तन्मयो भूत्वा तिष्ठति तावन्तं कालं संवरनिर्जरे करोतीति प्रतिपादयति –

१६४) अच्छइ जित्तिउ कालु मुणि अप्प–सरूवि णिलीणु।
संवर–णिज्जर जाणि तुहुं सयल–वियप्प–विहीणु।।३८।।
तिष्ठति यावन्तं कालं मुनिः आत्मस्वरूपे निलीनः।
संवरनिर्जरां जानीहि त्वं सकलविकल्पविहीनम्।।३८।।

अत्थ(च्छ)इ इत्यादि। अत्थ(च्छ)इ तिष्ठति। किं कृत्वा तिष्ठति। जित्तिउ कालु यावन्तं कालं प्राप्य। क्व तिष्ठति। अप्प–सरूवि निजशुद्धात्मस्वरूपे। कथंभूतः सन् णिलीणु निश्चयनयेन लीनो द्रवीभूतो वीतरागनित्यानन्दैकपरमसमरसीभावेन परिणतः हे प्रभाकरभट्ट इत्थंभूतपरिणामपरिणतं तपोधनमेवाभेदेन संवर–णिज्जर जाणि तुहुँ संवरनिर्जरास्वरूपं जानीहि त्वम्। पुनरपि कथंभूतम्।सयल–वियप्प–विहीणु सकलविकल्पहीनं ख्यातिपूजाला–भप्रभृतिविकल्पजालावलीरहितमिति। अत्र विशेषव्याख्यानं यदेव पूर्वसूत्रद्वयभणितं तदेव ज्ञातव्यम्। कस्मात्। तस्यैव निर्जरासंवरव्याख्यानस्योपसंहारोऽयमित्यभिप्रायः।।३८।। एवं मोक्षमोक्षमार्गमोक्षफलादिप्रतिपादकद्वितीयमहाधिकारोक्तसूत्राष्टकेनाभेदरत्नत्रयव्याख्यानमुख यत्वेन स्थलं समाप्तम्। अत ऊर्ध्वं चतुर्दशसूत्रपर्यन्तं परमोपशमभावमुख्यत्वेन व्याख्यानं करोति।

---

आगे जिस समय जितने काल तक रागादि रहित परिणामोंकर निज शुद्धात्मस्वरूपमें तन्मय हुआ ठहरता है, तब तक संवर और निर्जराको करता है, ऐसा कहते हैं –

गाथा – ३८

अन्वयार्थ :– [ मुनिः ] मुनिराज [ यावंतं कालं ] जबतक [ आत्मस्वरूपे निलीनः ] आत्मस्वरूपमें लीन हुआ [ तिष्ठति ] रहता है, अर्थात् वीतराग नित्यानंद परम समरसीभावकर परिणमता हुआ अपने स्वभावमें तल्लीन होता है, उस समय हे प्रभाकरभट्ट; [ त्वं ] तू [ सकलविकल्पविहीनम् ] समस्त विकल्प समूहोंसे रहित अर्थात् ख्याति (अपनी बड़ाई) पूजा (अपनी प्रतिष्ठा) लाभको आदि देकर विकल्पोंसे रहित उस मुनिको [ संवरनिर्जरा ] संवर निर्जरा स्वरूप [ जानीहि ] जान। यहाँ पर भावार्थरूप विशेष व्याख्यान जो कि पहले दो सूत्रोंमें कहा था, वही जानो। इसप्रकार संवर निर्जराका व्याख्यान संक्षेपरूपसे कहा गया है।।३८।।

इस तरह मोक्ष, मोक्ष–मार्ग और मोक्ष–फलका निरूपण करनेवाले दूसरे महाधिकारमें आठ दोहा–सूत्रोंसे अभेदरत्नत्रयके व्याख्यानकी मुख्यतासे अंतरस्थल पूरा हुआ।

**હવે, મુનિ જેટલો સમય રાગ-દ્વેષ રહિત પરિણામ વડે સ્વશુદ્ધાત્મ સ્વરૂપમાં તન્મય થઈને રહે છે તેટલો જ કાળ સંવરનિર્જરા કરે છે, એમ કહે છે :**

**ભાવાર્થ : મુનિ જેટલો કાળ નિજ શુદ્ધાત્મસ્વરૂપમાં નિશ્ચયથી લીન થઈને દ્રવીભૂત થઈને એક (કેવળ) વીતરાગ નિત્યાનંદરૂપ પરમસમરસીભાવે પરિણમેલો રહે છે, તેટલા કાળસુધી તું આવા પરિણામરૂપે પરિણમેલા, સંકલ્પ-વિકલ્પથી રહિત ખ્યાતિપૂજાલાભઆદિના વિકલ્પની જાળાવલીથી રહિત-તપોધનને સંવરનિર્જરાસ્વરૂપ જાણ.**

**જે વિશે વ્યાખ્યાન પૂર્વના બે ગાથાસૂત્રોમાં કહ્યું છે તે જ અત્રે જાણવું, કારણ કે તે જ સંવર અને નિર્જરાના વ્યાખ્યાનનો ઉપસંહાર છે, એવો અભિપ્રાય છે. ૩૮.**

**આ પ્રમાણે મોક્ષ, મોક્ષમાર્ગ અને મોક્ષફળઆદિના પ્રતિપાદક બીજા મહાધિકારમાં કહેલ આઠ સૂત્રોથી અભેદરત્નત્રયના વ્યાખ્યાનની મુખ્યતાથી (અંતર) સ્થળ સમાપ્ત થયું.**

## ગાથા-૩૮ ઉપર પ્રવચન

'**આગે જિસ સમય જિતને કાલ તક...**' આહાહા..! '**રાગાદિ રહિત પરિણામોંકર નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તન્મય હુઆ ઠહરતા હૈ,...**' આહાહા..! શું કહે છે? કે જેટલો કાળ ભગવાનઆત્મા પોતાના આનંદસ્વરૂપમાં તન્મય થઈને ઠરે છે. '**રાગાદિ રહિત પરિણામોંકર નિજ શુદ્ધાત્મશ્વરૂપમેં તન્મય...**' શુદ્ધમાં તન્મય-તે મય, પરિણતિ તે મય થઈ ગઈ. આહાહા..! જેટલો કાળ વીતરાગ પરિણતિથી તન્મય આત્મા થાય છે '**તબ તક સંવર ઔર નિર્જરાકો કરતા હૈ,...**' ત્યારે એને સંવર અને નિર્જરા થાય છે. આહાહા..! લ્યો, આ સંવર-નિર્જરા. નવ તત્ત્વમાં સંવર-નિર્જરા કેમ થાય? કે જેટલો કાળ એ રાગરહિત ચૈતન્યમૂર્તિમાં ઠરે છે એટલા કાળે એને સંવર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ' છે. આ શૈલી એવી રીતે લીધી છે ને કે ભઈ વીતરાગભાવે પરિણમે છે ત્યારે તેને આત્મા દેખાય અને જણાય છે. ૧૪૪ કીધું હતું ને? 'સમયસાર'ની ૧૪૪ ગાથા. જ્યારે એ રાગરહિત થઈને સમ્યગ્દર્શનમાં આત્મા દેખાય છે ત્યારે તેને શ્રદ્ધાય છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ (છે) એને ક્યારે શ્રદ્ધાય છે? કે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરીને એ આત્માને દેખે છે એટલે શ્રદ્ધે છે ત્યારે શ્રદ્ધાય છે. આમ શ્રદ્ધે છે.. શ્રદ્ધે છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પ્રતીતિના કાળમાં એ વિષય સ્વરૂપ જે છે આત્મા, ત્યારે તેને શ્રદ્ધવામાં આવે છે. ત્યારે તેને તે વસ્તુ દેખવામાં આવે, એમ ભાષા છે ત્યાં. ૧૪૪માં. પછી અર્થ કર્યો છે. દેખવામાં આવે છે એટલે શ્રદ્ધવામાં આવે છે. અને જ્યારે તે જ્ઞાનની પર્યાયમાં એકાગ્ર અંદરમાં છે અને જ્ઞાનની પર્યાયથી એને જાણ્યો છે ત્યારે તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાં રસ્તો દેખાય છે?

ઉત્તર :- કાંઈ દેખાતું નથી. રાગ છે. આહાહા..!

એ ૧૪૪માં એ છે. તે વખતે શ્રદ્ધાય છે અને તે વખતે જ્ઞાત થાય છે. તે વખતે જ્ઞાત થાય છે. આહાહા..! આમ જાણપણું કર્યું છે શાસ્ત્રનું માટે જ્ઞાત થાય છે-આત્મા જણાય છે એમ નથી. આહાહા..! આત્મા પૂર્ણાનંદ જ્ઞાનનું સ્વરૂપ પ્રભુ છે. એના સન્મુખ થઈને જે જ્ઞાનનું પરિણમન કરે છે એ વખતે તે જ્ઞાનમાં જણાય છે. ત્યારે તે જ્ઞાન એમ થયું. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. '**જિસ સમય જિતને કાલ તક રાગાદિ રહિત...**' રાગ-દ્વેષાદિ વિકલ્પથી રહિત '**પરિણામોંકર નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તન્મય હુઆ ઠહરતા હૈ,...**' ત્યારે તેને સંવર-નિર્જરા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! આ સંવર-નિર્જરા થવાનું કારણ. આહાહા..! જેટલો કાળ રાગ અને દ્વેષરહિત થઈને સ્વરૂપમાં-ભગવાનઆત્મામાં ઠરે છે તે કાળે તેને સંવર અને નિર્જરા થાય છે. આહાહા..! આ લોકો કહે કે અપવાસ કરે એને નિર્જરા થાય. એક આર્જિકા એમ કહે છે. ચર્ચા ચાલી હતી. નથી ભાઈ આવ્યા નથી? ઓલા 'વડોદરા'વાળા. 'વેજલકા'. એ ચર્ચા હતી બીજા સાથે. તપ એટલે નિર્જરા. અમે તો ભાઈ તપ થાય એને નિર્જરા માનીએ. તમે કહો કે ધર્મ નહિ. ઓલી આર્જિકા કહે. આ 'લીલાવતી' છે ને? 'દિવાળી'ની ચેલી નહિ? 'લીંબડી'. એ હતી ને ત્યાં? અમને ખબર છે. સાંભળ્યું હતું. ભાઈએ તેની સાથે ચર્ચા કરી હતી. ત્યારે એ કહે અમે તો તપસ્યાને નિર્જરા કહીએ છીએ. માટે અમે તો અપવાસને નિર્જરા કહીએ. તમે બીજી વાત ગમે તે કરો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજી રીતે કહે છે. અમારા શાસ્ત્રમાં પંચમહાવ્રતને નિર્જરાનું કારણ કહ્યું છે. ઠાણાંગમાં કહ્યું છે. તમારા શાસ્ત્રમાં ગમે તે કહ્યું, એ અમારે ક્યાં... આહાહા..!

અહીં તો કહે છે કે અપવાસ કર્યો માટે તેને તપ થયું અને નિર્જરા થઈ એમ નથી. મહિનાના અપવાસ કર્યા. અરે..! મહિનાનો સંથારો કર્યો માટે તેને સંવર-નિર્જરા થાય છે એમ નથી. એમાં અંદરમાં વીતરાગતાની પરિણતિ પ્રગટ કરે છે. જ્ઞાયકભાવને અવલંબીને જે સમસ્વભાવી વસ્તુ છે એમાંથી સમસ્વભાવી વસ્તુની પરિણતિ પ્રગટ કરે છે. તે કાળે તેને સંવર-નિર્જરા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'જામનગર'માં તો આઠમ અને ચૌદશનું... શું કહેવાય? ચૌદશ ન હોય એને. પૂનમ હોય. આઠમ અને પૂનમ અને આઠમ અને અમાસ. ચાર. અમે રહ્યા છીએ ને ત્યાં. પોષા કરે. પહેલા ગયેલાને (સંવત) ૧૯૮૨માં? ભાઈ 'વીરજીભાઈ'ના બાપ. 'તારાચંદભાઈ' સાધુને ભણાવનારા હતા ને એ તો? બત્રીસ સૂત્ર ચાલતું હતું .. ભણેલા બહુ. એમાં ૧૯૮૨માં ત્યાં ગયા. એ લોકાશાનો અપાસરો છે ત્યાં વ્યાખ્યાન ચાલતા. પછી ત્યાં કીધું, કે આ મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા એ બધો શુભભાવ છે. એ તમે વાંચો કીધું તમારો આ જ્ઞાન શું કહેવાય એ? જ્ઞાનસાગર. જ્ઞાનસાગર ને? 'જામનગર'થી

છપાણું છે ને? પુનાતર તરફથી? જ્ઞાનસાગર એમાં જુઓ. એમાં એવું લખ્યું છે. શું પણ કીધું? અને આ શું લખ્યું છે? કાયાની સરળતા અને મનની સરળતા એને તમે ધર્મ માનો છો? અહીં તો કહે છે, સરળતામાં પુણ્ય બંધ થાય એમ કહે છે. એકલા આવ્યા એકલા, હોં! મહારાજ! આ બધું લોકોને ઓલું થશે. તો શું છે? કીધું.

મન, વચન અને કાયાનો શુભભાવ, સરળતા એ તો નામકર્મ બંધનું કારણ છે. એ ધર્મ ક્યાં છે? દેખો કીધું, આ તમારા તરફથી છપાયેલું. પુનાતરનું છપાયેલું છે. છે કે નહિ કોઈ 'જામનગર'વાળા? એ તો 'કેશુભાઈ' છે. એને ખબર ન હોય. ઘણા વર્ષ થઈ ગયા એને ખબર ન હોય. ૮૨ની સાલની વાત છે. ૫૦ વર્ષ થયા. એ જ્ઞાનસાગર છે પુનાતર તરફથી છપાયેલું. એમાં લખ્યું છે કીધું. ચાર કારણે શુભ નામકર્મ બંધાય. મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા, અવિસંવાદ.. કોઈ સાથે વિખવાદ નહિ. એવા ચાર પ્રકારે તો નામકર્મ બંધાય. એનાથી તમે ધર્મ માનો. એ જરી કઠણ પડ્યું. પછી એકલા આવ્યા સાંજના મહારાજ! માર્ગ એવો છે. બીજું થાય એવું નથી કીધું અહીં કાંઈ. આહાહા..! લોકો બહારથી અપવાસ કરે, પડિકમણા કરે, સામાયિક કરે અને થઈ ગયો ધર્મ. ત્યાં તો શુભભાવના પણ ઠેકાણા નથી સરખા. ધર્મ ક્યાંથી આવ્યો?

અહીંયાં તો એ કહે છે, '**જિસ સમય...**' એમ છે ને? જે સમય છે ને? જે સમય. જે કાળમાં '**જિતને કાલ તક રાગાદિ પરિણામોંકર...**' આહાહા..! '**પરિણામોંકર નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં...**' '**રાગાદિ રહિત પરિણામોંકર...**' આહાહા..! '**નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તન્મય હુઆ ઠહરતા હૈ,...**' ભગવાનઆત્મામાં એકમેક પર્યાયમાં તન્મય થાય છે. આહાહા..! તન્મયનો અર્થ? દ્રવ્ય સાથે પર્યાય એકાગ્ર થાય છે. દ્રવ્યરૂપ થઈ જાય છે એમ નહિ. સમજાણું કાંઈ? જે પર્યાય રાગ સાથે એકાગ્ર છે તે પર્યાયને દ્રવ્ય સાથે એકાગ્ર કરવી એનું નામ તન્મય. સમજાણું કાંઈ? પણ એ શબ્દ પણ સાંભળ્યા ન હોય. એય..! 'શાંતિભાઈ'! જ્યાં હોય ત્યાં દીધે રાખે બહારનું. આનાથી આ થયું અને આનાથી આ થયું.. એ ન્યાં મોઢા આગળ પડેલા બધા. સ્થાનકવાસીમાં. 'જેતપુર' 'શાંતિભાઈ'. કહો, સમજાણું કાંઈ? આહાહા..! '**ઐસા કહતે હૈં-**' લ્યો!

**१६४) अच्छइ जित्तिउ कालु मुणि अप्प-सरूवि णिलीणु।**
**संवर-णिज्जर जाणि तुहुं सयल-वियप्प-विहीणु।।३८।।**

**અન્વયાર્થ :-** '**મુનિરાજ જબતક આત્મસ્વરૂપમેં લીન હુઆ...**' હજી આત્મા કોણ છે એની ખબરું ન મળે ને લીનતા ક્યાંથી આવે એને? આહાહા..! '**આત્મસ્વરૂપમેં લીન હુઆ રહતા હૈ,...**' આહાહા..! ભગવાનઆત્મામાં અનુભવમાં, વેદનમાં જેટલો કાળ રહે છે. આહાહા..! '**વીતરાગ નિત્યાનંદ પરમ સમરસીભાવકર પરિણમતા હુઆ...**' ભાષા દેખો. હજી છઠ્ઠે ગુણસ્થાને, હોં! સાતમે છે એની વાત છે આ. '**વીતરાગ નિત્યાનંદ પરમ સમરસીભાવકર...**' ભગવાનઆત્મા વીતરાગ નિત્યાનંદ પરમ સમરસીભાવ, એ રીતે

'**પરિણમતા હુઆ...**' આત્મા છે તો વીતરાગ નિત્યાનંદ પરમસમરસીભાવ. પણ એવા ભાવરૂપે પરિણમતો થકો પર્યાયમાં. સમજાણું કાંઈ? આવો માર્ગ હવે. પછી લોકોને એમ લાગે ને કે આ નવું કાઢ્યું છે. આ તો કે દુ(દિવસ)ના શાસ્ત્ર છે.

મુમુક્ષુ :- 'જબતક'?

ઉત્તર :- '**જબતક**' કીધું ને? એટલો કાળ ત્યાં. આનંદમાં લીન છે ત્યાં સુધી એને સંવર, નિર્જરા છે. પછી પાછો વિકલ્પ ઊઠે ને આસ્રવ છે. એ વાત લેવી છે. પછી પણ જેટલી વીતરાગતા છે એટલી સંવર, નિર્જરા સદાય છે. પણ અહીં તો ઠરે છે એ વાત લીધી છે. એને આસ્રવ રોકાઈ જાય છે એ. પછી બહાર આવે ત્યારે એને વિકલ્પ આવે છે એ તો આસ્રવ છે. ત્યારે પુણ્ય રોકાણું નથી. અને અહીં તો પુણ્ય-પાપ બેય ત્યાં રોકાણા છે અને ઠર્યો છે. આહાહા..!

'**અને સ્વભાવમનેં તલ્લીન હોતા હૈ, ઉસ સમય હે પ્રભાકરભટ્ટ; તૂ સમસ્ત વિકલ્પ સમૂહોંસે...**' જોયું! એ વખતે એને ધ્યાનમાં સંકલ્પ વિકલ્પ રહિત હોય છે ત્યારે સંવર-નિર્જરા હોય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૧૦, સોમવાર
## તા. ૦૧-૧૧-૧૯૭૬, ગાથા-૩૮, ૩૯, પ્રવચન નં. ૧૨૧

'પરમાત્મપ્રકાશ'. ૩૮ ગાથા છે. અહીં સુધી આવ્યું છે. '**વીતરાગ નિત્યાનંદ પરમ સમરસીભાવકર પરિણમતા હુઆ...**' અહીં તો આત્મા જે સમભાવી વીતરાગી સ્વરૂપ છે, તેને આશ્રયે વીતરાગ પરમાનંદ સમભાવે પરિણમવું એ સમભાવ (છે), એ મોક્ષનો માર્ગ છે. '**વીતરાગ નિત્યાનંદ પરમસમરસીભાવકર પરિણમતા હુઆ...**' આહા..! વસ્તુ સ્વભાવ ચૈતન્યસ્વભાવ પરમાત્મા છે. પરમાત્મા એટલે વીતરાગસ્વરૂપ જ છે. એવા વીતરાગ સ્વરૂપનો આશ્રય લઈને ધ્યેયમાં બનાવીને જેણે વીતરાગ નિત્યાનંદ પરમસમરસીભાવ પરિણમ્યો છે. આહાહા..! રાગરહિત નિત્યાનંદ એવા સમરસીભાવકર '**પરિણમતા હુઆ અપને સ્વભાવમેં તલ્લીન હોતા હૈ,...**' આહાહા..!

**નઉસ સમય હે પ્રભાકરભટ્ટ; તૂ સમસ્ત વિકલ્પ સમૂહોંસે રહિત...**' કોઈપણ વિકલ્પ સમૂહ નહિ ત્યાં. એકલી જ્ઞાયકભાવની રમણતા. જેણે જ્ઞાયકભાવને દૃષ્ટિમાં લઈને અંતર્મુખ થઈને સ્વભાવદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ પ્રગટ કરી છે, એ વિશેષે સ્વરૂપમાં લીન થાય. આવી વાત છે. ત્યારે એ '**મુનિકો સંવર નિર્જરા સ્વરૂપ જાન.**' એ મુનિ સંવર નિર્જરા સ્વરૂપ છે. આહાહા..! આવી વાત છે. આત્મા વીતરાગ અવિકારી સ્વભાવ શુદ્ધાત્મા ત્રિકાળ. એ શુદ્ધાત્મામાં દૃષ્ટિ મુકતા, એ તરફનું જ્ઞાન થતાં અને એ તરફનું પરિણમન-ચારિત્ર થતાં એવો જે સમભાવ

(થાય) એ સંવર-નિર્જરાનું કારણ છે. લ્યો! આ સંવર નિર્જરાનું કારણ. ઉત્કૃષ્ટની વાત છે. પણ જઘન્યમાં પણ આ (છે).

સમ્યગ્દર્શન એ પણ જઘન્ય સમભાવ છે. ચારિત્ર એ વિશેષ સમભાવ છે. આગળ ૩૯માં કહેશે. બધા શાસ્ત્રની ટીકા ગ્રંથ સમભાવની કરી છે, એમ કહે છે. જેટલા શાસ્ત્ર રચ્યા એ બધી સમભાવની ટીકા છે. એટલે? આ આત્મા જે ચૈતન્યસ્વરૂપ ભગવાન, એ પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એનાથી રહિત છે.

મુમુક્ષુ :- એનાથી રહિત છે તો સહિત શેનાથી?

ઉત્તર :- સહિત છે, વીતરાગસ્વભાવથી સહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

કાલે સામાયિક નહોતી આવી? સામાયિક કોને કહેવી? જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની જેને દૃષ્ટિ-સમ્યગ્દર્શન થયું છે, એનું જેને જ્ઞાન છે, એની જેને સ્થિરતા અંશે ચારિત્ર છે, એવું જે સ્વભાવવાળું આત્માનું પરિણમન...આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વભાવવાળું જ્ઞાનનું પરિણમન. જ્ઞાન એટલે આત્માનું પરિણમન, રાગરહિત, મનના સંબંધ રહિત. એવી જે સામાયિક, એને સામાયિક કહે છે. આહાહા..! અને એકાગ્રતા લક્ષણ. એમ આવ્યું હતું ને? ત્રણ આવ્યું હતું. વસ્તુ જે છે પરમાત્મસ્વરૂપ ભગવાન, એમાં એકાગ્રતા લક્ષણ તે સામાયિક સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અને એને સમયસારસ્વરૂપ કહે છે. એનો અનુભવ કરવો. આહાહા..! વાત એવી છે.

નિમિત્ત અને રાગથી ઉપેક્ષા કરી અને સ્વભાવની અપેક્ષામાં... ઝીણી વાત બહુ, બાપુ! અંદર આનંદસ્વરૂપ ભગવાન જિનવરદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યો એવો જે આ આત્મા, એમાં જેની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થઈ છે એને સામાયિક કહે છે-એને ધર્મ કહે છે-એને મોક્ષનો માર્ગ કહે છે. આમ વાત છે, ભાઈ! વાડામાં તો નથી દર્શનની ખબર, નથી આત્માની ખબર અને સામાયિક કરીને બેસે. શેની સામાયિક? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ છે. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ગણે એ તો રાગ છે. પંચપરમેષ્ઠીનું સ્મરણ કરે એ રાગ છે, એ તો વિષમભાવ છે. સામાયિકમાં તો સમભાવ છે એમ કહે છે. સામાયિક સમભાવનો ભાવ. સમભાવ ક્યારે થાય? એ પુણ્ય-પાપના જે વિકલ્પ ઊઠે એનાથી રહિત થઈ, સ્વભાવ આનંદનો સાગર ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એને જ્ઞાન વડે પકડવો, જ્ઞાનની પર્યાય વડે જ્ઞાનસ્વરૂપને પકડવું અને તેમાં દૃષ્ટિ થઈને નિર્વિકલ્પતા થવી, એમાં વિશેષ સમતા પ્રગટ થવી એને સામાયિક કહે છે. વીતરાગ પરમાત્મા એને સામાયિક કહે છે. બાકી બધાને વિષમભાવ કહે છે. કહો, 'ચંદુભાઈ'! આવી વાતું છે ઝીણી. અરે..! વીતરાગનો માર્ગ સમભાવથી પ્રગટે છે, એમ કહે છે. સમભાવ આ. કહેશે હમણા.

આવું જે '**સમસ્ત વિકલ્પ સમૂહોંસે રહિત અર્થાત્ ખ્યાતિ (અપની બડાઈ)...**' જેને

પોતાની મોટપનો ત્યાગ છે. મોટપ-દુનિયામાં હું મોટો છું, મને વધારે આવડે છે, હું કાંઈક શાસ્ત્રનો જાણનાર છું એવી જે બડાઈ રહિત. આહાહા..! એ તો વિકલ્પ છે, અશુભરાગ છે. એનાથી રહિત '**પૂજા (અપની પ્રતિષ્ઠા)...**' બીજા કરતા અધિકપણે બહારમાં ગણાવું એ જેણે છોડી દીધું છે. આહાહા..! પૂજા, ખ્યાતિ અને લાભ. કોઈપણ આબરૂનો લાભ થાય, માનનો લાભ થાય એવી જે ભાવના એ બધો વિકારી ભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- મને મોક્ષ થાવ.

ઉત્તર :- મોક્ષ થાય એ પણ ઈચ્છા છે, એ રાગ છે. આવો માર્ગ પ્રભુનો ઝીણો છે, બાપુ! આહાહા..!

'**ઉસ મુનિકો સંવર નિર્જરા સ્વરૂપ જાન.**' જોયું! ગુરુ શિષ્યને કહે છે. ગુરુ દિગંબર મુનિ, જંગલવાસી 'યોગીન્દ્રદેવ' સંત આનંદને ઝુલે ઝુલતા. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઝુલતા. એ મુનિ શિષ્યને કહે છે, હે શિષ્ય! પોતાની બડાઈ, દુનિયામાં પ્રસિદ્ધિ થાય એ અને લાભ. કોઈપણ વસ્તુનો, શિષ્યનો લાભ થાય, આબરૂનો લાભ થાય, શેઠિયાઓ માને, અનુકુળ થાય એવી જે લાભની ભાવના એ તો બધી મિથ્યાભાવના છે. આહાહા..! એનાથી રહિત '**ઉસ મુનિકો સંવર નિર્જરા સ્વરૂપ જાન.**' દેખો! એને સંવર નિર્જરા હોય છે. આમ સામાયિક કરીને બેઠા અને સાવદ્યયોગના પચ્ચખાણ કર્યા 'કરેમિ ભંતે' એ કાંઈ સામાયિક નથી.

મુમુક્ષુ :- સાવદ્યયોગનો...

ઉત્તર :- સાવદ્યયોગનો ત્યાગ એ ક્યાં સાવદ્યની ખબર છે? મિથ્યાત્વભાવ જ મોટો સાવદ્ય છે. એ રાગની ક્રિયાને ધર્મ માનવો.

આ તો વીતરાગભાવ છે. એમાં રાગને ધર્મ માનવો, એ રાગને ધર્મ (માનવો તે) મિથ્યાત્વ છે. આહાહા..! પરસન્મુખની જેટલી ક્રિયા, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા બધો શુભભાવ રાગ છે. આહાહા..! એ રાગ છે તે વિષમભાવ છે. તેથી તે અધર્મ છે. આહાહા..! આવું છે. એનાથી રહિત ભગવાન ચિદાનંદના ધામમાં, વસ્તુ જે આનંદનો નાથ પ્રભુ, એના ધામમાં આરૂઢ થવું, એ સ્વભાવમાં આરૂઢ થવું. આહાહા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી આરૂઢ થવાય છે. ચારિત્ર એટલે આ પાંચ મહાવ્રત અને લૂગડા કાઢી નાખ્યા, નગ્ન થઈ ગયા. આ વસ્ત્રવાળા તો સાધુ નથી, દ્રવ્યલિંગ પણ નથી. પણ વસ્ત્રરહિત થઈ જાય, નગ્ન (થઈને) જંગલમાં વસે, પણ જેને આત્મા ચીજ આનંદનો નાથ છે તેના ઉપર આરૂઢ નથી એ બધા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! આવો છે માર્ગ, બાપુ! વીતરાગ પરમેશ્વર જન્મ-મરણ રહિત થવાનો માર્ગ તો આ છે.

'**યહાં પર ભાવાર્થરૂપ વિશેષ વ્યાખ્યાન જો કિ પહલે દો સૂત્રોંમે કહા થા, વહી જાનો. ઈસપ્રકાર સંવર નિર્જરાકા વ્યાખ્યાન સંક્ષેપરૂપસે કહા ગયા હૈ.**'

'**ઈસ તરહ મોક્ષ, મોક્ષ-માર્ગ ઔર મોક્ષ-ફલકા નિરૂપણ કરનેવાલે દૂસરે મહાધિકારમેં આઠ દોહા-સૂત્રોંસે અભેદરત્નત્રયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે અંતરસ્થલ પૂરા હુઆ.**' આ થઈ ગઈ વાત.

तथाहि –

१६५) कम्मु पुरक्किउ सो खवइ अहिणव पेसु ण देइ।
संगु मुएविणु जो सयलु उवसम–भाउ करेइ।।३९।।
कर्म पुराकृतं स क्षपयति अभिनवं प्रवेशं न ददाति।
संगं मुक्त्वा यः सकलं उपशमभावं करोति।।३९।।

कम्मु इत्यादि। कम्मु पुरक्किउ कर्म पुराकृतं सो खवइ स एव वीतरागस्वसंवेदनतत्त्वज्ञानी क्षपयति। पुनरपि किं करोति। अहिणव पेसु ण देइ अभिनवं कर्म प्रवेशं न ददाति। स कः। संगु मुएविणु जो सयलु संगं बाह्याभ्यन्तरपरिग्रहं मुक्त्वा यः कर्ता समस्तम्। पश्चात्किं करोति। उवसम भाउ करेइ जीवितमरणलाभालाभसुखदुःखादिसमताभावलक्षणं समभावं करोति। तद्यथा। स एव पुराकृतं कर्म क्षपयति नवतरं संवृणोति य एव बाह्याभ्यन्तरपरिग्रहं मुक्त्वा सर्वशास्त्रं पठित्वा च शास्त्रफलभूतं वीतरागपरमानन्दैकसुखरसास्वादरूपं समभावं करोतीति भावार्थः। तथा चोक्तम् – 'साम्यमेवादराद्भाव्यं किमन्यै ग्रन्थविस्तरैः। प्रक्रियामात्रमेवेदं वाङ्मयं विश्वमस्य हि।।'।।३९।।

---

आगे चौदह दोहोंमें परम उपशमभावकी मुख्यतासे व्याख्यान करते हैं –

गाथा – ३९

अन्वयार्थ :– [ सः ] वही वीतराग स्वसंवेदन ज्ञानी [ पुराकृतं कर्म ] पूर्व उपार्जित कर्मोंको [ क्षपयति ] क्षय करता है, और [ अभिनवं ] नये कर्मोंको [ प्रवेशं ] प्रवेश [ न ददाति ] नहीं होने देता, [ यः ] जो कि [ सकलं ] सब [ संगं ] बाह्य अभ्यंतर परिग्रहको [ मुक्त्वा ] छोड़कर [ उपशमभावं ] परम शांतभावको [ करोति ] करता है, अर्थात् जीवन, मरण, लाभ, अलाभ, सुख, दुःख, शत्रु, मित्र, तृण, कांचन इत्यादि वस्तुओंमें एकसा परिणाम रखता है।

भावार्थ :– जो मुनिराज सकल परिग्रहको छोड़कर सब शास्त्रोंका रहस्य जानके वीतराग परमानंद सुखरसका आस्वादी हुआ समभाव करता है, वही साधु पूर्वके कर्मोंका क्षय करता है, और नवीन कर्मोंको रोकता है। ऐसा ही कथन पद्मनंदिपच्चीसीमें भी है। 'साम्यमेव' इत्यादि। इसका तात्पर्य यह है, कि आदरसे समभावको ही धारण करना चाहिये, अन्य ग्रंथके विस्तारोंसे क्या, समस्त पंथ तथा सकल द्वादशांग इस समभावरूप सूत्रकी ही टीका है।।३९।।

---

ત્યાર પછી ચૌદ ગાથા સૂત્ર સુધી પરમ ઉપશમભાવની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :

**ભાવાર્થ : તે જ પૂર્વકૃત કર્મોને ખપાવે છે અને નવાં કર્મોને રોકે છે કે જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહને છોડીને અને સર્વ શાસ્ત્ર ભણીને શાસ્ત્રના ફળભૂત એક (કેવળ) વીતરાગ પરમાનંદરૂપ સુખરસના આસ્વાદરૂપ સમભાવને કરે છે. કહ્યું પણ છે કે - 'साम्यमेवादराद्भाव्यं किमन्यै ग्रन्थविस्तरैः। प्रक्रियामात्रमेवेदं वाङ्मयं विश्वमस्य हि।।' અર્થ : એક સમભાવ જ આદરથી ભાવવા યોગ્ય છે, અન્ય ગ્રંથોના વિસ્તારોથી શું? આ સમસ્ત વાઙ્મય (દ્વાદશાંગ) આની (સમભાવની) પ્રક્રિયામાત્ર જ છે. ૩૯.**

---

## ગાથા-૩૯ ઉપર પ્રવચન

**'આગે ચૌદહ દોહોંમેં પરમ ઉપશમભાવકી મુખ્યતાસે વ્યાખ્યાન કરતે હૈં -'** જુઓ! ઉપશમભાવ એટલે સમભાવ. આહાહા..! એની મુખ્યતાથી કહે છે. ૩૯.

**૧૬૫) कम्मु पुरक्किउ सो खवइ अहिणव पेसु ण देइ।**
**संगु मुएविणु जो सयलु उवसम-भाउ करेइ।।३९।।**

**અન્વયાર્થ :- 'પૂર્વ ઉપાર્જિત કર્મોંકો ક્ષય કરતા હૈ,...'** આહાહા..! કોણ? **'વહી વીતરાગ સ્વસંવેદન જ્ઞાની...'** આહાહા..! જ્ઞાની કેવો હોય? કે વીતરાગ સ્વસંવેદન જ્ઞાની. આહાહા..! ભગવાન સચ્ચીદાનંદ પ્રભુ આત્મા, એ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર છે. એનો વેદન કરનારો વીતરાગી સ્વસંવેદન, એ વીતરાગસ્વરૂપનું વીતરાગી સ્વસંવેદન, પોતે પોતાથી પ્રત્યક્ષ આનંદનું વેદન કરે. આહાહા..! એ પૂર્વના કર્મને ખપાવે છે. સમજાણું કાંઈ? આ અપવાસ કરે, અઠમ કરે, મહિનાના કરે ને.. એ બધી તો લાંઘણું છે. એ તપ નહિ. આહાહા..!

અહીંયાં તો **'વીતરાગ સ્વસંવેદન જ્ઞાની...'** ઉત્કૃષ્ટ મુનિની વાત લીધી છે ને? સમ્યગ્દૃષ્ટિને એ વીતરાગી પર્યાય છે, સ્વસંવેદન પણ છે, પણ ઘણું નથી. એથી આ ઘણાની વ્યાખ્યા કરે છે અત્યારે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હો તો એને યથાર્થ આત્મદૃષ્ટિનું વીતરાગનું સ્વસંવેદન અંશે હોય છે. નહિતર તો એ શ્રાવક પણ નથી અને સમકિતી પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'વીતરાગ સ્વસંવેદન જ્ઞાની...'** ભાષા જુઓને. **'सः पुराकृतं कर्म क्षपयति'** આહાહા..! ભગવાન ચિદાનંદ સ્વરૂપ, જ્ઞાનઘન આનંદકંદ, એના ધામમાં આરૂઢ થઈને જે સમતાભાવથી સ્વસંવેદન કરે... આહાહા..! એ મુનિ પૂર્વના કર્મ ખપાવે છે. સમજાણું કાંઈ? મુનિપણું લીધું, પંચમહાવ્રત લીધા માટે એ મુનિ છે એમ નથી. પંચમહાવ્રત તો રાગ છે, વિકલ્પ છે. આહાહા..!

અહીંયાં તો વીતરાગી સ્વસંવેદન ધર્મી... ચોથે ગુણસ્થાને પણ વીતરાગી પર્યાય

સ્વસંવેદન છે, પણ થોડું છે. અહીં મુનિની અપેક્ષા લેવી છે. '**વીતરાગી સ્વસંવેદન જ્ઞાની પૂર્વ ઉપાર્જિત કર્મોંકો ક્ષય કરતા હૈ,...**' આહાહા..! '**अभिनवं प्रवेशं न ददाति**' એને નવા કર્મ આવતા નથી. જૂના ખપે છે, નવા આવતા નથી. કોને? જેને ભગવાનઆત્મા સન્મુખ થઈને વીતરાગી પરમાનંદનું વેદન વર્તે છે. આહાહા..! આવો માર્ગ. એ મુનિને જૂના કર્મ ખપે છે, નવા કર્મ આવતા નથી.

'**જો કિ સબ બાહ્ય અભ્યંતર પરિગ્રહકો છોડકર...**' મુનિની વિશેષ દશા લીધી છે ને. મુનિ છે એ દિગંબર હોય છે. વસ્ત્ર અને પાત્રનો ધાગો પણ જેને ન હોય. સમજાય છે કાંઈ? આ શ્વેતાંબર અને સ્થાનકવાસી નીકળ્યા છે એ તો ભગવાનના દિગંબર ધર્મથી ભ્રષ્ટ થઈને શ્વેતાંબર નીકળ્યા. બે હજાર વર્ષ પહેલા. એમાંથી આ સ્થાનકવાસી શ્વેતાંબરમાંથી નીકળ્યા. મૂર્તિને ઉથાપીને. એ જૈન ધર્મ નથી. આવી વાત છે, બાપુ! આકરી બહુ. આહાહા..! જેમાં વીતરાગી સ્વસંવેદન જ્ઞાન (પ્રગટ થયું હોય)... આહાહા..! છે? એને બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ હોય છે. અભ્યંતરમાં રાગની ગાંઠનો ત્યાગ છે અને બાહ્યમાં વસ્ત્રના ધાગાનો પણ ત્યાગ છે. આહાહા..! અંતરમાં આનંદનો નાથ પ્રભુ, જેણે રાગની એકતા તોડી છે અને સ્વભાવની એક્તા ખોલી છે. આહાહા..! માર્ગ બહુ ઝીણો, બાપુ! સમજાણું કાંઈ? 'પૂનમચંદભાઈ' ગયા? ગયા લાગે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જો કે સર્વસંગ... આહાહા..! અંતરમાં દયા, દાનના વિકલ્પ ભક્તિ અને વ્રત, નિયમનો પણ રાગ એ પણ જેણે અંદર છોડ્યો છે. આહાહા..! અને બાહ્યમાં વસ્ત્ર, પાત્રનો ત્યાગ છે જેને, એવો જે બાહ્ય અભ્યંતર ત્યાગી, મુનિ... આહાહા..! '**બાહ્ય અભ્યંતર પરિગ્રહકો છોડકર પરમ શાંતભાવકો કરતા હૈ,...**' આહાહા..! શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયભાવરૂપે પરિણમે છે, અકષાયભાવ કહો કે વીતરાગભાવ કહો. આહાહા..! વીતરાગભાવરૂપ ઉપશમભાવરૂપ પરિણમે છે. એ જીવ '**જીવન, મરણ,...**' જીવન હો કે મરણ હોય. બેયમાં સમભાવ છે. આહાહા..!

'**લાભ, અલાભ,...**' મોટા ચક્રવર્તી રાજાઓ માન આપે તોપણ જેને સમભાવ છે. આહાહા..! અને દુનિયા ધર્મની નિંદા કરે (કે), લ્યો, આ ધર્મ, આવો વીતરાગમાર્ગ.. આહાહા..! એના ઉપર પણ જેને સમભાવ છે. આહાહા..! '**સુખ, દુઃખ,...**' પ્રતિકૂળ સંયોગ હોય કે અનુકૂળ સંયોગ હો, બેયમાં સમભાવ છે. આહાહા..! વીતરાગતા છે, જેને સમભાવ (છે). વિષમભાવનો ત્યાગ કહે છે. સમભાવનો અંદર પ્રગટ ભાવ છે. આહાહા..! '**શત્રુ, મિત્ર,...**' બેય ઉપર જેને સમભાવ છે. બધા જ્ઞેય છે. શત્રુ નથી અને મિત્ર કોઈ નથી. આહાહા..! એવો જેને સમભાવરૂપી ઉપશમભાવ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો ઉપશમભાવ. આહાહા..! '**તૃણ, કાંચન...**' તરણા હોય કે સોનાના ઢગલા હોય. બધા ઉપર સમભાવ (છે). '**ઇત્યાદિ વસ્તુઓંમેં એકસા પરિણામ રખતા હૈ.**' આહાહા..! મુનિ જંગલમાં રહે અને કંઈક પાણી વરસાદ પડ્યો અને ચરુ દેખાણા. કરોડો કરોડો હીરાના ચરુ.

તોપણ સમભાવ છે. એ ધૂળ છે. મારે શું? આહાહા..!

મુમુક્ષુ :- એ ધૂળ છે..

ઉત્તર :- પુદ્‌ગલ છે. પુદ્‌ગલ છે એમ જ્ઞાન (કરે) છે. પુદ્‌ગલ છે એમ જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? આ જીવ છે એનો સ્વભાવ છે કે નહિ? જ્ઞાનનો સ્વપરપ્રકાશક. પરને જાણે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જો મુનિરાજ સકલ પરિગ્રહકો છોડકર...'** આહાહા..! ઉત્કૃષ્ટ વાત લીધી છે ને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો મોક્ષમાર્ગ, તે વર્ણન છે અહીંયાં. જેને સમ્યગ્દર્શન (થયું છે એ) **'સકલ પરિગ્રહકો છોડકર...'** ઓહોહો..! એકલો વીતરાગી આનંદ નાથ. નિર્લેપ પરમાત્મા પોતે છે આત્મા અંદર. આહાહા..! એવો જે વીતરાગી સમભાવ, એવા સ્વરૂપને અનુભવતો **'સકલ પરિગ્રહકો છોડકર...'** આહાહા..! મુનિપણું કેવું, બાપુ! એ તો લોકોએ સાંભળ્યું નથી. આહાહા..! મુનિપણું...

**'સબ શાસ્ત્રોંકા રહસ્ય જાનકે...'** શું કહેવું છે? બધા શાસ્ત્રનું રહસ્ય સમભાવ અને વીતરાગતા છે. ચારે અનુયોગ હો, તત્ત્વજ્ઞાનનો વિષય હો, ચરણાનુયોગ, કરણાનુયોગ, કથાનુયોગ હો. તો એમાં સમભાવનું એ બધું કથન છે. સમભાવનું, વીતરાગભાવનું એ બધું કથન છે. એ કથનમાં વીતરાગભાવનું તાત્પર્ય છે. આહાહા..! **'સકલ પરિગ્રહકો છોડકર સબ શાસ્ત્રોંકા રહસ્ય જાનકે...'** રહસ્યનો અર્થ એ કે બધા શાસ્ત્રોમાં એક વીતરાગતા જ કહેવી છે. આહાહા..! એ રાગરહિત આત્મા વીતરાગસ્વરૂપમાં પરિણમે એ બધા શાસ્ત્રનું રહસ્ય છે. આહાહા..! આ વીતરાગ માર્ગ છે, જિનવરનો માર્ગ છે. વીતરાગમાર્ગ વીતરાગભાવથી પ્રગટ થાય છે. એ રાગની ક્રિયાથી પ્રગટ થતો નથી. આહાહા..!

**'સકલ પરિગ્રહકો છોડકર...'** આ બાજુ **'સબ શાસ્ત્રોંકા રહસ્ય જાનકે...'** આ બાજુ સર્વ પરિગ્રહ રાગાદિના વિકલ્પને છોડી દઈને અને આ બાજુ બધા શાસ્ત્રોનું રહસ્ય જાણીને કે આ વીતરાગતા. આહાહા..! આત્માની સન્મુખ થઈને સમભાવમાં રહેવું એ સર્વ શાસ્ત્રનો સાર છે, રહસ્ય છે. સમજાણું કાંઈ? લાખ શાસ્ત્ર હો અને કરોડ શાસ્ત્ર હો, એનું રહસ્ય તો પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા, એમાં વીતરાગ પરિણમનમાં રહેવું એ એનું તાત્પર્ય છે. સમજાણું કાંઈ? આવું આકરું એટલે માણસને... એ પાછા કેટલાક એમ કહે છે, આ 'સોનગઢ'વાળાએ નવું કાઢ્યું. આ માર્ગ ક્યાં આવો? આ તો બે હજાર વર્ષ પહેલાના પુસ્તક છે-શાસ્ત્ર અને એની ટીકા. માર્ગની ખબર નથી એ લોકોને બિચારાને. આહાહા..!

**'વીતરાગ પરમાનંદ...'** એક. એક શબ્દ પડ્યો રહ્યો છે ત્યાં. **'વીતરાગ પરમાનંદ એક સુખરસકા આસ્વાદી હુઆ...'** એક (શબ્દ) જોઈએ ત્યાં. સમજાણું કાંઈ? એક સુખ છે ને અંદર? **'वीतरागपरमानन्दैकसुखरसास्वादरूप'** એક શબ્દ જોઈએ અંદર, પડ્યો રહ્યો છે. એ એકને મૂકી દીધું છે ઘણે ઠેકાણે, ભૂલી ગયા લાગે છે. રાગ અને બાહ્ય વસ્તુ છોડીને એકલો ભગવાનઆત્માના સ્વભાવમાં આરૂઢ થતો વીતરાગભાવરૂપે પરિણમે છે. આહાહા..! એ

‘**વીતરાગ પરમાનંદ એકસુખરસકા આસ્વાદી હુઆ…**’ આહા..! જગત વિષયના અને પૈસાના રાગમાં સુખ માનીને અજ્ઞાની રાગને વેદે છે. આ ધર્મી વીતરાગી રસાસ્વાદને વેદે છે, એમ કહે છે. આહાહા..! જેને રાગરસ છૂટી ગયો છે. આહાહા..! અને ‘**વીતરાગ પરમાનંદ એકસુખરસ…**’ આત્માનો પરમઆનંદ સ્વભાવ છે, વીતરાગી પરમાનંદથી ભરેલો પ્રભુ આત્મા છે. અરે..! ક્યાં સાંભળ્યું છે એણે? એવા વીતરાગી પરમાનંદના એકરસનો સ્વાદી. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનો સ્વાદીયો. આહાહા..! ‘**સ્વાદી હુઆ સમભાવ કરતા હૈ,…**’ દેખો! આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! લોકોને ધર્મને નામે કાંઈકને કાંઈક ચલવ્યું છે. આહાહા..! જિનવરમાર્ગ…

કહે છે કે ‘**વીતરાગી પરમાનંદ એક સુખરસકા આસ્વાદી…**’ એનો અનુભવી. આહાહા..! એ ‘**સમભાવ કરતા હૈ,…**’ એને સમભાવ હોય છે. આહાહા..! આમ સમભાવ સમભાવ (બોલે). આ દેશ માટે મરે છે નહિ? એ સમભાવ નથી. એ તો મોટો મિથ્યાત્વભાવ છે ત્યાં. આહાહા..! અહીં તો બાહ્ય પરિગ્રહ અને અભ્યંતર રાગને પણ છોડી અંતરનો વીતરાગી પરમાનંદનો એકરસનો સ્વાદિયો થયો થકો…આહાહા..! વીતરાગી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતો થકો. આહાહા..! ભારે વાત, ભાઈ! ‘**સમભાવ કરતા હૈ,…**’ એ આ પરમાનંદનો સ્વાદ લેતો સમભાવ હોય છે એને સમભાવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? શુભ-અશુભ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિનો ભાવ એ બધો રાગ છે. એ વિષમભાવ છે. આકરી વાતું, પ્રભુ! હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના, ભોગ, કામ, ક્રોધ, માન એ પાપભાવ છે. ઓલો દયા, દાન, વ્રત, તપનો પુણ્યભાવ છે. બેય વિષમભાવ રાગ છે. એથી અભ્યંતરમાં એ રાગને છોડી, બાહ્યમાં વસ્ત્ર, પાત્ર, સ્ત્રી, કુટુંબને છોડી, અંદરમાં અસ્તિપણું જે વીતરાગ પ્રભુ આત્મા છે, તેના ઉપર આરૂઢ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરમાનંદનો સ્વાદ લેતો સમભાવે પરિણમે છે તેને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! છે?

‘**વહી સાધુ…**’ દેખો! આહાહા..! આ તો ‘પરમાત્મપ્રકાશ’ છે. આ દેહદેવળમાં ભગવાન અંદર ભિન્ન બિરાજે છે. આ દેહ તો માટી જડ ધૂળ છે. અંદર દયા, દાન, વ્રત, તપના ભાવ થાય એ બધો શુભરાગ છે. એને પણ છોડીને. અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગી પરમાનંદનો સ્વાદ લેતો જે સમભાવ કરે છે. આહાહા..! ભારે વાતું! શબ્દો પણ આકરા પડે હજી તો. આહાહા..! કહે છે, જેને અંતરનો વીતરાગી આનંદનો સ્વાદ આવે છે એને સમભાવ હોય છે. કારણ કે એ સ્વાદ આગળ આખી દુનિયાને જ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રણ વાત થઈ. ‘**મુનિરાજ…**’ ઉત્કૃષ્ટ વાત છે ને? ‘**સકલ પરિગ્રહકો છોડકર…**’ એક. ‘**સબ શાસ્ત્રોંકા રહસ્ય જાનકે…**’ હવે શાસ્ત્રનું રહસ્ય શું છે? કે ‘**વીતરાગ પરમાનંદ એક સુખરસકા આસ્વાદી હુઆ…**’ એ શાસ્ત્રનો સાર છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતો. જે

આ રાગના સ્વાદમાં પડ્યો છે પુણ્ય-પાપના એ તો મિથ્યાત્વનો સ્વાદ-ઝેરનો સ્વાદ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**વીતરાગી પરમાનંદ એકસુખરસકા આસ્વાદી...**' જેમ આ દૂધપાક હોય છે ને? દૂધપાક. એ ખાય જાય પછી કડાઈમાં ચોંટેલો હોય દૂધપાક. દૂધપાક કહે છે ને? તમારે ખીર કહે છે. અહીં દૂધપાક. દૂધપાક એટલે એક શેર દૂધમાં એક રૂપિયાભાર ચોખા એનું નામ દૂધપાક. અને એક શેરમાં નવટાક ચોખા (નાખે) એ ખીર. તમારે ખીર કહે છે. અમારે અહીં બે ભાગ પડે છે. એક શેર દૂધમાં નવટાંક ચોખા, પાંચ રૂપિયા ભાર, એ ખીર થાય. અને એક શેર દૂધમાં રૂપિયા ભાર ચોખા એને કઢે એનો દૂધપાક થાય. દૂધનો પાક થાય. અહીં તો બીજું કહેવું છે. એ કડાઈમાં ચોંટેલો જે ખાય એ બહુ મીઠો લાગે. એમ આત્મા સાથે આનંદ ચોટ્યો છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા.. ભાઈ! એને ખબર ક્યાં (છે), આત્મા કોને કહેવો? શું છે? આહા..! એ કડાઈમાં ચોંટ્યું છે એ તો દાખલો આપ્યો. ઓલો શક્કરકંદનો દાખલો આપ્યો હતો ને? શક્કરકંદ. શક્કરિયા. એની લાલ છાલ છોડી દ્યો તો આખો શક્કરકંદ છે એ. શક્કર એટલે સાકરનો પિંડલો છે મીઠાશનો. એમ આ ભગવાનઆત્મા, એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એ રાગની છાલ છે. આહાહા..! એને છોડીને અંદર જુઓ તો વીતરાગી આનંદનો કંદ છે એ તો. આહાહા..! એ શક્કરકંદ છે, આ અમૃતનો કંદ છે. આહાહા..! અરે..! કેમ બેસે? સાંભળવા મળે નહિ બિચારાને, શું કરે? એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહાહા..! એ અહીં કહે છે.

'**વીતરાગી પરમાનંદ એક સુખરસકા આસ્વાદી...**' આહાહા..! જે આત્મા સાથે અતીન્દ્રિય આનંદ પડ્યો છે... પ્રભુ અતીન્દ્રિય આનંદની મૂર્તિ જ આત્મા છે. વિષયઆનંદ અને આ ભોગનો આનંદ એ તો બધું ઝેર છે. આહા..! એ ઝેરના પ્યાલા પીવે છે. એવા વિકલ્પને છોડી દઈ, બાહ્ય અભ્યંતર પરિગ્રહથી રહિત થઈ... આહાહા..! '**વીતરાગી પરમાનંદ એક સુખરસકા આસ્વાદી...**' થયો થકો. જેને અતીન્દ્રિય આનંદ સ્વાદમાં આવ્યો એને સમભાવ છે. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આવી વાત તો સાંભળવા પણ કોક દિ' મળે એવી વાત છે. ઓલું કરો, આ કરો ને આ કરો, અપવાસ કરો, તપ કરો, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. એ સ્થાનકવાસીમાં. દેરાવાસીમાં આ જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, સિદ્ધચક્ર યંત્ર ને ઢીકણું... એ બધી ક્રિયાઓ રાગની છે. આહાહા..! એને તો અહીંયાં વિષમભાવ કહ્યો છે. આકરું પડે, બાપુ! શું થાય? એ વિષમભાવને છોડીને... આહાહા..! 'વાડીભાઈ'! આવો માર્ગ છે. બાપુ! તારા સુખનો પંથ છે ને, ભાઈ! આહાહા..!

આત્મામાં વીતરાગી પરમ આનંદ પડ્યો છે. પ્રભુ! તને ખબર નથી. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. એટલે કે જેનો આનંદસ્વભાવ સુખસ્વરૂપ, એને હદ શી? જેનો સ્વભાવ એને પરિમિતતા-મર્યાદા શી? એવો જે ભગવાનઆત્મામાં વીતરાગી પરમઆનંદ, અતીન્દ્રિય આનંદ, એનો સ્વાદિયો થયો છે. પર્યાયમાં એનો રસ લે છે. આહાહા..! વસ્તુમાં, દ્રવ્યમાં છે એ ગુણમાં છે. એ પર્યાયમાં પરમાનંદનો વીતરાગી રસનો સ્વાદી (થયો), એને

સમભાવ છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. આ ક્યાંની વાતું હશે? આ વીતરાગની હશે આ? જૈનધર્મ આવો હશે? ખબર નથી બિચારાને. શું કરે? 'શાંતિભાઈ'! આવી વાત તો ત્યાં છે નહિ. મોઢા આગળ જઈને ઘરમાં ભાગ લ્યો છો તમે. કેટલીવાર હવે છોડ્યું છે. આહાહા..!

એનું જ્ઞાન તો કરે પહેલું, સાચી સમજણ તો કરે કે માર્ગ આ છે. હજી એના જ્ઞાનના ઠેકાણા નહિ, એને અનુભવ ક્યાંથી થાય? આહાહા..! આ તો પરમાત્મપ્રકાશ છે. પોતે પરમાત્મપ્રકાશ છે. પરમાત્મપ્રકાશ નામ છે ને ઓલાનું? નહિ? 'હુકમચંદજી'નો. 'હુકમચંદજી'નો મોટો દીકરો એનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. આ 'જયપુર'. બહુ ક્ષયોપશમ. ક્ષયોપશમ ઘણો. ઉંમર નાની, ૩૯ વર્ષ. ક્ષયોપશમ બહુ. એના મોટા દિકરાનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. નાના દિકરાનું નામ 'અધ્યાત્મપ્રકાશ' છે. બે દિકરા છે. 'હુકમચંદજી'ને ઓળખો ને? 'શાંતિભાઈ'! 'જયપુર'વાળા. એના બે છોકરા છે. મોટાનું નામ 'પરમાત્મપ્રકાશ', નાનાનું નામ 'અધ્યાત્મપ્રકાશ'. છોડીનું નામ પણ એવું કાંઈક છે.

મુમુક્ષુ :- 'શુદ્ધાત્મપ્રભા'.

ઉત્તર :- 'શુદ્ધાત્મપ્રભા' છોકરીનું નામ. છોકરા-બોકરાને રસ છે, હોં! છોકરા બધા હોંશિયાર છે. 'પરમાત્મપ્રકાશ'ને બહુ છે. આહાહા..! નાટક પાડે છે, નહિ? નાટકમાં ગુરુ થઈને બેસે છે. બધાને પછી ભણાવે છે નાટકમાં.

અહીં કહે છે કે પરમાત્મ ભગવાનઆત્મા, ભાઈ! તને ખબર નથી. અરિહંતપદ જે પ્રગટ થાય છે-અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, પ્રભુ! એ ક્યાંથી આવે છે? કાંઈ બહારથી આવે છે? એ અનંતજ્ઞાન, દર્શન, આનંદનો કંદ પ્રભુ છે. એમાંથી આનંદની પર્યાય આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- શત્રુનો નાશ કરવા જેવો છે.

ઉત્તર :- શત્રુ કેવા? અશુદ્ધ ભાવ તે શત્રુ છે. બીજો શત્રુ ક્યો હતો? આહાહા..! એ એના ઉપર લક્ષ ક્યાં કરવું? એને તો અહીં (લક્ષ કરતાં) અશુદ્ધ ભાવ ઉત્પન્ન થતો નથી. આહાહા..! અશુદ્ધભાવ હેય કરવો એનો અર્થ શું? કે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ દૃષ્ટિમાં લેતા, સ્થિરતા થતાં અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી, એણે અશુદ્ધતાને હેય કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! આવું સ્વરૂપ છે, બાપુ! ભગવાન! તારું સ્વરૂપ જ એવું છે, ભાઈ! આહાહા..! કેવી વાત લીધી છે! આહાહા..!

'**સબ શાસ્ત્રોંકા રહસ્ય...**' એ વીતરાગતા છે. આવે છે ને 'પંચાસ્તિકાય'માં? સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ત્યાં રહસ્ય કાઢ્યું આ. આહાહા..! પૂર્ણ આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનદનો કંદ આત્મા, એ પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ ફોતરા-છાલ છે. એને છોડી દઈને માલ ઉપર જ્યાં જાય છે અંદર... આહાહા..! અંતરના માલ ઉપર જાય છે ત્યારે એને વીતરાગી પરમાનંદનો સ્વાદ આવે છે, કહે છે. આહાહા..! આવું માણસે સાંભળ્યું પણ ન હોય. આવો ધર્મ હશે જિનવરનો? જિનવરનો (ધર્મ) તો દયા પાળવી. રાત્રે આહાર ન

કરવો, કંદમૂળ ન ખાવા, પ્રત્યેક વનસ્પતિને છોડવી, છપરબી દયા (પાળવી), આવી વાતું અમે તો ભાઈ સાંભળી છે. આવો જૈનધર્મ ક્યાંથી કાઢ્યો? ભગવાન! તને ખબર નથી, બાપુ! એ તો બધી રાગની વાતું છે. આ તો વીતરાગમાર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં સમભાવને વર્ણવવો છે. સમભાવ એટલે પુણ્ય-પાપના વિષમભાવથી રહિત અને આત્મા વીતરાગમૂર્તિ છે તેનો આશ્રય લઈને જે વીતરાગતા પ્રગટી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળી, એને સમભાવ કહે છે. સમ્યગ્દર્શન એ સમભાવ, સમ્યગ્જ્ઞાન એ સમભાવ અને સમ્યક્ચારિત્રની રમણતા એ પણ સમભાવ. આનંદમાં રમણતા એ સમભાવ. આહાહા..! એ ચારિત્ર. ચારિત્ર (એટલે) લૂગડા ફેરવ્યા, મહાવ્રતના પરિણામ (થયા) એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..! સમજાણું કાંઈ? હજી જેને વસ્તુની ખબર જ નથી. આહાહા..!

સર્વ વિકલ્પ આદિને છોડી. '**સબ શાસ્ત્રોંકા રહસ્ય જાનકે...**' સમજાણું? ઠરવાનું કરવું છે ને એટલે (કહ્યું), રહસ્ય જાણીને. વિકલ્પ આદિને છોડી, શાસ્ત્રનું રહસ્ય જાણી જ્ઞાનમાં લઈને પછી '**વીતરાગ પરમાનંદ એક સુખરસકા આસ્વાદી હુઆ...**' એ બધા શાસ્ત્રની વાતું બાર અંગમાં હો, ચૌદ પૂર્વમાં હો, બધાનો સાર સમભાવ છે. અંતર ભગવાન સન્મુખ થઈને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર (પ્રગટ કરવા) એ સમભાવ છે. એ બધી વ્યાખ્યા બાર અંગમાં છે. કહેશે હમણાં. આહાહા..! '**સમભાવ કરતા હૈ,...**' દેખો!

'**વહી સાધુ...**' એને મુનિ કહીએ. '**પૂર્વકે કર્મોંકા ક્ષય કરતા હૈ,...**' આહાહા..! અતીન્દ્રિય આનંદના રસનો રસિલો આત્મા... આહાહા..! એને વિષમભાવ છૂટી ગયો છે. તેથી તે પૂર્વના કર્મનો ક્ષય કરે છે. છે? '**ઔર નવીન કર્મોંકો રોકતા હૈ.**' નવીન કર્મ એને આવતા નથી. એને નથી આવતા. આ બેસીને બેઠા છે, સંવર કરીને બેઠા એ સંવર ક્યાં છે? સમ્યગ્દર્શનના ઠેકાણા નથી અને સંવર ક્યાંથી આવ્યો? આહાહા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનું દળ એવો પ્રભુ આત્મા, એની તો હજી દૃષ્ટિ રુચિ થઈ નથી. હવે એને ક્યાંથી અત્યારે સંવર અને નિર્જરા થાતી હશે? આહાહા..! સમજાણું કાંઈ?

'**ઐસા હી કથન પદ્મનંદિપચ્ચીસીમેં ભી હૈ. ઈસકા તાત્પર્ય યહ હૈ, કિ આદરસે સમભાવકો હી ધારણ કરના ચાહિયે,..**' છે? 'પદ્મનંદિ'. '**साम्यमेवादराद्भाव्यं**' છે ને? '**साम्यमेवादराद्भाव्यं किमन्यै ग्रन्थविस्तरैः।**' આહાહા..! '**प्रक्रियामात्रमेवेदं वाङ्मयं विश्वमस्य हि।**' આહાહા..! 'પદ્મનંદિ પંચવિંશતિ.' '**આદરસે સમભાવકો હી ધારણ કરના ચાહિયે,...**' આહાહા..! ભગવાનઆત્મા વીતરાગી મૂર્તિ પ્રભુ છે. એનો આદર કરીને સમભાવ પ્રગટ કરવો જોઈએ. આહાહા..! વસ્તુનો આદર કરીને. વિકલ્પનો આદર કરીને પડ્યો છો અનાદિથી એ મિથ્યાત્વભાવ છે. પુણ્યના ભાવમાં પડ્યો છો અને મને ધર્મ થાય (માને છે) એ મિથ્યાત્વભાવ છે. દયા, દાન, વ્રત, તપના પરિણામ જે થાય છે એ અજ્ઞાનીનો રાગ છે. એમાં ધર્મ માને એ તો મિથ્યાત્વભાવને પોષે છે. અનંતસંસારને વધારે છે. આહાહા..! એટલે '**આદરસે સમભાવકો હી ધારણ કરના ચાહિયે,...**' છે ને? '**साम्यमेवादराद्भाव्यं**' પાઠ છે

અંદર. ગાથા નથી મૂકી. આહાહા..!

જે અનાદિથી વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા (છે) એનો તેં અનાદર કર્યો છે. અને રાગભાવ પુણ્ય, પાપ, દયા, દાનનો વિકલ્પ, રાગ એનો તેં આદર કર્યો છે. એમ કહે છે. આહાહા..! તો એકવાર આનો આદર કરીને એનો આદર છોડ. આહાહા..! 'મીઠાલાલભાઈ'! આવી વાતું ઝીણી બહુ, બાપા! આહાહા..! 'વિરલાને સાંભળવા મળે, વિરલા સાંભળે કો'ક, વીરલા ધારે કો'ક અને વીરલા શ્રદ્ધા જોઈ.' આ વસ્તુ એવી છે. આહાહા..! બહુ કહે છે, જુઓ! '**આદરસે સમભાવકો હી ધારણ કરના ચાહિયે,..**' એટલે આમ રાગની મંદતા કરીને આમ સમભાવ કરે એમ નહિ. અંદરમાં ત્રિકાળી ભગવાનનો આદર કરીને સમભાવ પ્રગટ કરવો જોઈએ. આહા..!

'**અન્ય ગ્રંથકે વિસ્તારોંસે ક્યા,...**' આહાહા..! અનેરા હજારો શાસ્ત્રોના વિસ્તારોથી શું? કારણ કે સમભાવ કરવો એ જ વસ્તુ છે. પછી ગમે તેટલા શાસ્ત્રો ભણે. આહાહા..! '**અન્ય ગ્રંથકે વિસ્તારોંસે ક્યા, સમસ્ત પંથ...**' છે? '**સમસ્ત પંથ તથા સકલ દ્વાદશાંગ...**' આહાહા..! '**प्रक्रियामात्रमेवेदं**' વીતરાગનો આખો માર્ગ. સકલ દ્વાદશાંગ અને બાર અંગ ભગવાને કહ્યા, ચૌદ પૂર્વ તો બાર અંગનો એક ભાગ છે. એથી બાર અંગ આખું. આહાહા..! '**ઈસ સમભાવરૂપ સૂત્રકી હી ટીકા હૈ.**' આહાહા..! એ બાર અંગમાં બધું ગમે તેટલું કહ્યું. એક આચારંગ સૂત્રમાં અઢાર હજાર પદ અને એક પદના એકાવન કરોડ જાઝેરા શ્લોક, એવું એક આચારંગ. અત્યારે તો ક્યાં છે એ. સમજાણું કાંઈ? એવું ઠાણાંગ. અગિયાર અંગ અને બાર અંગ તો ભણ્યો હશે. પણ એ બધી કહે છે, સમભાવરૂપ સૂત્રની ટીકા છે. આહાહા..! એ બધામાં આત્મા આનંદનો નાથ તેની ઉપર દૃષ્ટિ કરીને સમભાવ રાખવો, કરવો એ એમાં બધામાં કહેવું છે. સાર આ છે. આહાહા..! પુણ્ય હેય છે. પણ હેય કરીને કહેવું છે શું? સ્વભાવનો આશ્રય લે અને આદર કર. એ બધી સમભાવની ટીકા બાર અંગની છે. બીજી રીતે કહીએ તો એ વીતરાગતા બાર અંગમાં બતાવી છે. આહાહા..! એ વીતરાગતા કેમ પ્રગટે? કે સંયોગી ચીજ નિમિત્ત, રાગ વિકાર અને પર્યાય એ ત્રણેયની ઉપેક્ષા કરીને ત્રિકાળીનો આદર કરે તો સમ્યગ્દર્શન સમભાવ થાય. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પંથને ઠેકાણે તે દિ' એમ ક્હે કે આ પંથ છે કે ગ્રંથ છે? '**સમસ્ત ગ્રંથ...**' છે એમ. '**સમસ્ત ગ્રંથ તથા સકલ દ્વાદશાંગ ઈસ સમભાવ...**' એ ટીકામાં ચિહ્ન કર્યું છે કે આ પંથ શબ્દ છે કે ગ્રંથ છે? ગ્રંથ લાગે છે.

બધા ગ્રંથ અને બધા શાસ્ત્ર દ્વાદશાંગ. ભગવાનના કહેલા, હોં! વીતરાગના. એ સમભાવની સૂત્રની એ ટીકા (છે). આહાહા..! બધામાં ભગવાનની સન્મુખ થા અને રાગથી વિમુખ થા, એ બધી ટીકાઓ એની છે. આહાહા..! બહુ અધિકાર સરસ છે. બાર અંગમાં કેટલા શાસ્ત્ર છે! પણ કહે છે કે એ બધી વીતરાગપણાની ટીકા છે, એનો વિસ્તાર છે. એ જ્યાં ત્યાં બતાવી છે વીતરાગતા. જિનવરમાર્ગ વીતરાગમાર્ગ છે તો વીતરાગતા બતાવી છે.

એ વીતરાગતા કેમ પ્રગટે? કે સ્વનો આશ્રય લઈને પરનો આશ્રય છોડે એને વીતરાગતા પ્રગટે. આહાહા..!

પરથી ખસ, આત્મામાં વસ, એ ટૂંકું ટચ, એટલું બસ. આહાહા..! દયા, દાન, વ્રતના વિકલ્પ ઊઠે છે એ પુણ્યબંધનું કારણ, એ ધર્મ નહિ. આહાહા..! ત્યાંથી ખસ, ભગવાનમાં વસ. આનંદની મૂર્તિ પ્રભુ છે ત્યાં વસ, ઠર. એ ટૂંકું ટચ, એટલું બસ. બધા બાર અંગમાં આ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી કથા કેવી હશે? એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઈન્દ્રિય, પંચેન્દ્રિય, અભીહયા વતીયા લેશીયા જીવિયા વહરોવિયા.. એમાં તો કાંઈક સમજાય પણ ખરું. શું સમજવું આમાં? આહાહા..!

વીતરાગી સમભાવી સ્વરૂપ પ્રભુ છે ને! આહાહા..! આત્મા એ વીતરાગમૂર્તિ જ છે. વીતરાગમૂર્તિ એટલે સ્વરૂપ. દરેકનો આત્મા, હોં! એમાં પર્યાયમાં જે રાગ થાય છે એ તો વિષમભાવ વિકાર છે, એ કાંઈ આત્મા નથી. આહાહા..! બાર અંગ અને બધા ગ્રંથનો સાર અથવા બધા ગ્રંથ અને બાર અંગ સમભાવની ટીકા છે. વીતરાગતાનું જ વર્ણન બધે છે. ભલે વ્યવહારનું વર્ણન કર્યું હોય પણ એને છોડીને અંતરમાં જવાને માટે વર્ણન કર્યું છે. આહાહા..! બહુ સરસ આવ્યું આ.

મુમુક્ષુ :- ટૂંકું ને ટચ.

ઉત્તર :- ટૂંકું ને ટચ. આહાહા..!

અંદર આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપી, અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતદર્શન એનાથી ભરેલી ચીજ છે એ પોતે. આહાહા..! સાકરમાં જેમ મીઠાશ ભરી છે, અફીણમાં કડવાશ ભરી છે, ખડીમાં ધોળાશ ભરી છે. એમ ભગવાનમાં આનંદ અને જ્ઞાન ભર્યો છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય ને શું કરવું? આહાહા..! સમજાણું કાંઈ? એ ભગવાનઆત્મા.. આ જણાય છે ને? જાણે છે કોણ? એ આત્મા. પરને જાણવાના કાળે જાણે છે શેમાં? પરમાં જાણે છે કે સ્વમાં જાણે છે? પરને-આ શરીર, વાણી, મન, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ બધાને આમ જાણતા એ જાણનાર છે એ પરને જાણે છે, એ પરમાં છે કે એ જાણનારમાં છે ઈ? આહાહા..! એ જાણનાર જાણનારમાં છે એમ એણે કોઈ દિ' માન્યું નથી. જાણનાર આમ જણાય છે ત્યાં જાણે એ છે, એમાં પરજ્ઞેયમાં વ્યાપ્યો હોય (એમ એને લાગે છે). સમજાણું? પણ પરજ્ઞેયને કાળે જે જ્ઞાન વ્યાપ્યું છે એ જ્ઞાનમાં રહીને પરને જાણવામાં વ્યાપ્યું છે. આહાહા..! આવો માર્ગ છે.

આ ગાથામાં આખું ઉપાડ્યું છે. આહાહા..! આ કર્મ ખપાવે એને નવા ન આવે. કોને? વીતરાગ સ્વસંવેદન જ્ઞાનીને. એનો આ બધો વિસ્તાર કર્યો પછી. આહાહા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ' પોતે આત્મા એ છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આ વાત છે. અંદરમાં જા ને જો ને ઠર તો પમાય. આ 'શ્રીમદ્'નું વાક્ય છે, 'આત્મસિદ્ધિ'નું. શુદ્ધ છે એ તો, બુદ્ધ એટલે જ્ઞાનનો પિંડ છે, ચૈતન્યઘન છે. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે, જેમાં અનંતગુણનું ધામ છે. જેમાં

અનંતગુણના અંકુરા ફૂટે છે એવું એ ક્ષેત્ર છે. આહાહા..! સ્વયં જ્યોતિ. પોતે સ્વયં જ્યોતિ ચૈતન્ય છે. આ તો બધા પ્રકાશ કીધા હતા ને? નહિ? આ ચંદ્ર, સૂર્યનો આ બધો પ્રકાશ તો અજ્ઞાન છે. આ પ્રકાશને પ્રકાશની ખબર છે એને? આ પ્રકાશ બધો એ તો આંધળો છે, અજ્ઞાન છે. એ પ્રકાશનો જાણનાર એ પોતે જ્ઞાનપ્રકાશ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેના પ્રકાશમાં બીજો અજ્ઞાનપ્રકાશ જણાય તે પ્રકાશની મૂર્તિ તે પ્રભુ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં એકાગ્ર થવું એ સમભાવ છે. એ સમભાવની બધી બાર અંગની ટીકા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! બહુ સરસ છે. વિશેષ કહેશે, લ્યો. ટાઈમ થઈ ગયો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ यः समभावं करोति तस्यैव निश्चयेन सम्यग्दर्शनज्ञानचारित्राणि नान्यस्येति दर्शयति –

१६६) दंसणु णाणु चरित्तु तसु जो सम–भाउ करेइ।
इयरहँ एक्कु वि अत्थि णवि जिणवरु एउ भणेइ।।४०।।

दर्शनं ज्ञानं चारित्रं तस्य यः समभावं करोति।
इतरस्य एकमपि अस्ति नैव जिनवरः एवं भणति।।४०।।

दंसणु इत्यादि। दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञानचारित्रत्रयं तसु निश्चयनयेन तस्यैव भवति। कस्य। जो सम–भाउ करेइ यः कर्ता समभावं करोति इयरहं इतरस्य समभावरहितसस्य एक्कु वि अत्थि णवि रत्नत्रयमध्ये नास्तेकमपि जिणवरु एउ भणेइ जिनवरो वीतरागः सर्वज्ञ एवं भणतीति। तथाहि। निश्चयनयेन निजशुद्धात्मैवोपादेय इति रुचिरूपं सम्यग्दर्शनं तस्यैव निजशुद्धात्मसंवित्तिसमुत्पन्नवीतरागपरमानन्दमधुररसास्वादोऽयमात्मा निरन्तराकुलत्वोत्पादकत्वात् कटुकरसास्वादाः कामक्रोधादय इति भेदज्ञानं तस्यैव भवति स्वरूपे चरणं चारित्रमिति वीतरागचारित्रं तस्यैव भवति। तस्य कस्य। वीतरागनिर्विकल्पपरमसामायिकभावनानुकूलं निर्दोषिपरमात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपं यः समभावं करोतीति भावार्थः।।४०।।

---

आगे जो जीव समभावको करता है, उसीके निश्चयसे सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्र होता है, अन्यके नहीं, ऐसा दिखलाते हैं –

गाथा – ४०

अन्वयार्थ :– [ दर्शनं ज्ञानं चारित्रं ] सम्यग्दर्शन ज्ञान चारित्र [ तस्य ] उसीके निश्चयसे होते हैं, [ यः ] जो यति [ समभावं ] समभाव [ करोति ] करता है, [ इतरस्य ] दूसरे समभाव रहित जीवके [ एकं अपि ] तीन रत्नोंमेंसे एक भी [ नैव अस्ति ] नहीं है, [ एवं ] इसप्रकार [ जिनवरः ] जिनेन्द्रदेव [ भणति ] कहते हैं।

भावार्थ :– निश्चयनयसे निज शुद्धात्मा ही उपादेय है, ऐसी रुचिरूप सम्यग्दर्शन उस समभावके धारकके होता है, और निज शुद्धात्माकी भावनासे उत्पन्न हुआ जो वीतराग परमानंद मधुर रसका आस्वाद उस स्वरूप आत्मा है, तथा हमेशा आकुलताके उपजानेवाले काम क्रोधादिक हैं, वे महा कटुक रसरूप अत्यंत विरस हैं, ऐसा जानना, वह सम्यग्ज्ञान और स्वरूपके आचरणरूप वीतरागचारित्र भी उसी समभावके धारण करनेवालेके ही होता है, जो मुनीश्वर वीतराग निर्विकल्प परम सामायिकभावकी भावनाके अनुकूल (सन्मुख) निर्दोष परमात्माके यथार्थ श्रद्धान, यथार्थ ज्ञान और स्वरूपका यथार्थ आचरणरूप अखंडभाव धारण करता है, उसीके परमसमाधिकी सिद्धि होती है।।४०।।

---

હવે, જે સમભાવ કરે છે તેને જ નિશ્ચયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર હોય છે, અન્યને નહિ એમ દર્શાવે છે :

ભાવાર્થ : નિશ્ચયનયથી 'નિજ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે' એવી રુચિરૂપ સમ્યગ્દર્શન તેને જ હોય છે, નિજશુદ્ધાત્માની સંવિત્તિથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદના મધુરરસસ્વાદવાળો આ આત્મા છે અને નિરંતર આકુળતાના ઉત્પાદક હોવાથી કટુકરસસ્વાદવાળા આ કામ ક્રોધાદિ છે એવું ભેદજ્ઞાન તેને જ હોય છે, 'સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર' એવું વીતરાગ ચારિત્ર તેને જ હોય છે કે જે વીતરાગ નિર્વિકલ્પ પરમસામાયિકની ભાવનાને અનુકૂળ નિર્દોષ પરમાત્માના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુચરણરૂપ સમભાવ કરે છે. ૪૦.

---

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૧૧, મંગળવાર
## તા. ૦૨-૧૧-૧૯૭૬, ગાથા-૪૦, પ્રવચન નં. ૧૨૨

'પરમાત્મપ્રકાશ' ૪૧ ગાથા. ૪૦ તો થઈ ગઈ ને? ૩૯ થઈ ગઈ. ૪૦-૪૦.

**'આગે જો જીવ સમભાવકો કરતા હૈ, ઉસીકે...'** એ છે ને? ૪૦. **'જીવ સમભાવકો કરતા હૈ, ઉસીકે નિશ્ચયસે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર હોતા હૈ, અન્યકે નહીં, ઐસા દિખલાતે હૈં–'**

**१६६) दंसणु णाणु चरित्तु तसु जो सम–भाउ करेइ।**
**इयरहँ एक्कु वि अत्थि णवि जिणवरु एउ भणेइ।।४०।।**

**અન્વયાર્થ :–** આહાહા..! **'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉસીકે નિશ્ચયસે હોતે હૈં, જો યતિ સમભાવ કરતા હૈ,...'** મુનિની મુખ્યપણે વાત છે. સમભાવની વ્યાખ્યા એ કરી ત્યાં

૩૯માં. '**વીતરાગ પરમાનંદ એક સુખરસકા આસ્વાદી હુઆ સમભાવ કરતા હૈ,...**' આહાહા..! શું કહ્યું? સમભાવ ક્યારે થાય? અને સમભાવ કોને કહેવો? એ સમભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવે. અને એ સમભાવ વીતરાગ પરમાનંદ, જે આત્માનો વીતરાગ પરમાનંદ એકરસ સુખસ્વભાવ છે, એનો વીતરાગી પરમાનંદ એકસુખ રસનો આસ્વાદી. આહાહા..! વીતરાગી પરમાનંદના એક સુખરૂપનો સ્વાદ આવે. આસ્વાદી થયો થકો સમભાવ કરે એને સમભાવ કહેવામાં આવે છે. આહાહા..!

ફરીને, સમભાવ એટલે વીતરાગતા. એ સમભાવ કોને હોય? કે જેને વીતરાગી પરમાનંદસ્વરૂપ એકરસ સુખસ્વાદ જેને આવે.. આહાહા..! પર્યાયમાં વીતરાગી પરમાનંદ એક સુખરસનો સ્વાદ આવે એને સમભાવ હોય છે. આહાહા..! 'મૂળચંદભાઈ'! સમ્યગ્દર્શન એ સમભાવ છે, સમ્યગ્જ્ઞાન એ સમભાવ છે, સમ્યક્ચારિત્ર સમભાવની વ્યાખ્યા આ. આહાહા..!

મુમુક્ષુ :- ક્યારે આવે?

ઉત્તર :- આ કહ્યું ને? કરે ત્યારે આવે. વીતરાગી પરમાનંદનો સ્વાદ લે ત્યારે આવે. આહાહા..! અનાદિથી રાગ અને દ્વેષનો સ્વાદ છે એ તો મિથ્યાદૃષ્ટિપણું છે. એના સ્વાદને આત્માનો માનવો (તે). આહાહા..! વીતરાગી પરમાનંદ એક સુખરસ સ્વભાવ આત્માનો છે. એને પર્યાયમાં વીતરાગી પરમાનંદ એક સુખરસનો સ્વાદ આવે. આહાહા..! ભાષા જુઓને! એને અહીં સમભાવ કહે છે. આમ સમભાવની સાધારણ વ્યાખ્યા બીજો કરે કે ક્રોધ ન કરે, ફલાણું ન કરે એમ નહિ. એ સમભાવ જ નથી. આહાહા..!

સમભાવ તો એને કહે છે અને એ સમભાવની બાર અંગના બધામાં એ ટીકા સમભાવની જ ટીકા છે. સમભાવનું જ વર્ણન ને વિવેચન છે. સમજાય છે કાંઈ? એ સમભાવ એને કહીએ કે જેમાં રાગ-દ્વેષનો સ્વાદ છૂટી જાય. અને વીતરાગી પરમાનંદનો એક સુખરસનો સ્વાદ આવે ત્યારે તેને સમભાવ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? કેમકે આત્માનો વીતરાગી પરમાનંદ એક સુખરસ સ્વરૂપ છે એ ભગવાનઆત્માનું. વીતરાગી પરમાનંદ એક સુખરસ સ્વભાવ છે એનો. એની જેણે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરી, પર્યાયમાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વીતરાગી પરમાનંદ એકરસનો સુખનો સ્વાદ આવે. આકુળતા ટળી એટલે આ આનંદનો સ્વાદ આવે. આહાહા..! કહો, આવી વાત છે. આ વાત તો આવી છે.

ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ છે. પરમાનંદ સ્વભાવથી ભરેલો પ્રભુ છે. એની જેને સન્મુખતા થઈ છે, એ સન્મુખતામાં જેને વીતરાગી પરમાનંદનો એક સુખરસનો સ્વાદ આવ્યો ત્યાં એને સમભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? સાધારણ માણસ માને કે આ ક્રોધ કરતો નથી, ક્ષમા રાખે છે માટે સમભાવી છે. એમ નથી. એ તો બહારનો દેખાવ ખોટો છે. સમભાવી આત્મા એને કહીએ કે જે સમભાવસ્વરૂપ જ ભગવાનઆત્મા છે. વીતરાગ સ્વરૂપ જ પ્રભુ છે. એ વસ્તુનું વસ્તુત્વ તો પરમાનંદ અને વીતરાગસ્વરૂપ છે. રાગાદિ કાંઈ

એનું સ્વરૂપ નથી. વ્યવહારરત્નત્રયનો રાગ વિકલ્પ હોય એ કાંઈ વસ્તુનું વસ્તુપણું નથી. એ જે વસ્તુ છે રાગથી રહિત અને વીતરાગના પરમઆનંદ સહિત એવી વસ્તુની સન્મુખ થતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એની સન્મુખ થતાં વીતરાગી પરમાનંદનો એક સુખરસનો સ્વાદ આવે. આહાહા..! ગજબ વાત કરી છે ને! કોઈક ક્યાંકનું ક્યાક માની લે. 'મૂળચંદભાઈ'! આવું તો સાંભળ્યું નહિ હોય જિંદગીમાં ક્યાંય. આહાહા..!

જૈનશાસન એને કહીએ કે જેને પરમાનંદ વીતરાગી સુખનો સ્વાદ આવે. એટલી વીતરાગતા થઈ એ જૈનશાસન છે. આહાહા..! 'પ્રાણભાઈ'! આવી વાત છે, ભગવાન! બહુ આકરું. માણસને.. વસ્તુસ્થિતિ આવી છે. તેથી આચાર્ય કહી ગયા ને કે ભઈ આ બાર અંગ અને સર્વ શાસ્ત્રનું રહસ્ય એ સમભાવની ટીકા ને સમભાવ એનું રહસ્ય છે. આહાહા..! લાખ શાસ્ત્ર, કરોડ શાસ્ત્ર, બાર અંગ પૂર્વ હો, એમાં આવો સમભાવ એનું જ એ વિવેચન અને ટીકા છે. આહાહા..! કેમકે ભગવાનઆત્મા સમભાવસ્વરૂપ એટલે વીતરાગી પરમાનંદ એક સુખરસના સ્વાદનું સ્વરૂપ છે એ તો એનું. આહાહા..! એની સામું જેણે જોયું, એની સન્મુખ જે થયો, એ રાગ અને દ્વેષથી વિમુખ થયો અને વીતરાગ પરમાનંદના સ્વભાવ સન્મુખ થયો. એને પર્યાયમાં વીતરાગ પરમાનંદ એક સુખરસ સ્વાદ આવે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે, એને સમભાવ કહે છે. 'શાંતિભાઈ'! આવું કોઈ દિ' ત્યાં સાંભળ્યું નહોતું દિલ્હી-બિલ્લીમાં ક્યાંય. ત્યારે આવ્યા છે ને. આહાહા..! પ્રભુ! તારો માર્ગ તો જો, ભાઈ! આહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એને સમભાવ કહે છે... આહાહા..! કે જેને સમભાવનું સ્વરૂપ જે વીતરાગી પરમાનંદ એકરસનો સ્વાદ (આવે)... આહાહા..! એ સમભાવનું સ્વરૂપ છે, કહે છે. આહાહા..! ગજબ વાત છે. આવી વાત ક્યાં છે? બાપુ! આહાહા..! આ વસ્તુની સ્થિતિ આ છે. સમજાણું કાંઈ? એમ ને એમ બહારથી હોંકારા કરે, આ કર્યા ને તે કર્યા ને ફલાણું કર્યું, પૂજા કરી, ભક્તિ કરી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા. એ તો બધો રાગનો સ્વાદ છે, પ્રભુ! એ રાગ છે એ આત્માનો સ્વાદ નહિ. એ જૈનશાસન નહિ. આહાહા..! એ જૈનમાર્ગ નહિ. જૈનમાર્ગ એટલે જે કોઈ '**जो पस्सदि अप्पाणं**' આત્માને એવી રીતે જોવે છે. અબદ્ધસ્પૃષ્ટ છે, રાગ વિનાનો છે, વિશેષ વિનાનો સામાન્ય (છે), આહાહા..! એવો જે સામાન્ય ભગવાન મુક્તસ્વરૂપ છે. અબદ્ધ છે એ બદ્ધથી રહિત એમ કહ્યું. મુક્તસ્વરૂપ છે. મુક્તસ્વરૂપની દૃષ્ટિ સન્મુખ થઈને અનુભવ કરવો, એમાં વીતરાગી પરમાનંદનો સ્વાદ આવવો... આહાહા..! એને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે, એને અહીંયાં સમભાવ કહે છે, એને અહીંયાં વીતરાગભાવ કહે છે, એને અહીંયાં વીતરાગભાવરૂપી ધર્મ કહે છે. 'શાંતિભાઈ'! સહેલુ કરજો ઝટ દઈને. આહાહા..!

મુમુક્ષુ :- આવી વ્યાખ્યા કોઈ દાડો સાંભળી નથી.

ઉત્તર :- નથી સાંભળી. વાત સાચી છે. વાત તો એ છે. આહાહા..!

અને એ સમભાવની આ બાર અંગમાં ટીકા કહે છે. આખું વિવેચન એ સમભાવનું છે.

એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિનું છે. એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વીતરાગી પરમાનંદનો સ્વાદ આવે એનું બધું વિવેચન છે. આહાહા..! કહો, 'તારાચંદજી'! આવો માર્ગ છે એટલે માણસ એકાંત છે.. એકાંત છે એમ કરે. બાપા! પ્રભુ! તારી મોટપની ખબર નથી, નાથ! તું કોણ છો? ઓહો..! તું ભગવત્સ્વરૂપ છો, પ્રભુ! તું એમ ભૂલી જા. શરીર અને રાગ એ તારું સ્વરૂપ નથી. એટલું તો નથી પણ અલ્પજ્ઞપણું એ તારું સ્વરૂપ નથી. આહાહા..! ભગવાન! તું પરમાનંદ (સ્વરૂપ), દેહદેવળમાં પરમાનંદ વીતરાગી સ્વભાવના સુખરસના સ્વાદથી ભરેલો પ્રભુ છો. આહાહા..! એને ચાટવો એટલે એનું વીતરાગી પરમાનંદનું વેદન કરવું... આહાહા..! એ સ્વભાવ ભગવાનઆત્મા છે એની સન્મુખ, એની સન્મુખ થતાં જે વીતરાગી પરમાનંદનો સુખનો એકરસ સ્વાદ આવે... આહાહા..! એને અકષાયભાવ, એને વીતરાગભાવ, એને સમભાવ, એને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવી વાત છે. ઓલામાં આવ્યું છે. આહાહા..! ઓલી કોર આવ્યું છે, નહિ? ૩૯મી ગાથામાં આવી ગયું આપણે. ૩૯. '**વીતરાગ પરમાનંદ એક સુખરસકા આસ્વાદી હુઆ સમભાવ કરતા હૈ,...**' ઓલી કોર ૩૯માં. ૩૯ ગાથા કાલે ગઈ ને? એમાં આવ્યું છે.

મુમુક્ષુ :- 'એક' શબ્દ ઉમેરાવ્યો.

ઉત્તર :- એ તો એક ઉમેર્યું. '**वीतरागपरमानन्दैकसुखरसास्वादरूपं समभावं**' સમભાવની વ્યાખ્યા કરી. આહાહા..! સમભાવ એટલે વીતરાગભાવ. વીતરાગભાવની વ્યાખ્યા શું? કે જેમાં વીતરાગી પરમઆનંદનો એકરૂપ સ્વભાવનો સ્વાદ આવે. આહાહા..! 'મીઠાલાલભાઈ'! ગજબ વાત છે. બાપુ! આ તો વીતરાગ શાસન છે. આહાહા..! અને વ્યવહારરત્નત્રયનો રાગ છે એ તો વિષમભાવ છે. એ કહેશે, હમણાં ૪૦માં કહેશે. આહાહા..! આ તો ધીરાના કામ છે.

'**જો જીવ સમભાવકો કરતા હૈ,...**' ૪૦. '**ઉસીકે નિશ્ચયસે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર હોતા હૈ,...**' એનો અર્થ શું થયો? જે જીવ વીતરાગી પરમાનંદના એકરસના સુખનો સ્વાદ અનુભવે છે એને સમભાવ છે, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! એને સાચું સાધુપણું છે. આહાહા..! આકરું લાગે. લોકોને બિચારાને દુઃખ થાય. અમે આટલું કરીએ છીએ. એટલા માટે મહાવ્રત પાળીએ, ઉઘાડે પગે ચાલીએ, પરિષહ સહન કરીએ. બાપુ! એ તો રાગની ક્રિયા ક્લેશની છે એ તો. એ દુઃખની છે. એ ક્લેશની દુઃખની ક્રિયા છે એ તો. આહાહા..! કષાયભાવની ક્રિયા કહો કે દુઃખની ક્રિયા છે, આકુળતાની છે. આહાહા..!

ભગવાનઆત્મા અંતર ભરેલો, અનંત વીતરાગી આનંદથી છલોછલ ભરેલો ભગવાનઆત્મા.. આહાહા..! બાળગોપાળને... આહાહા..! સદા સૌને જ્ઞાનની પર્યાયમાં એ આનંદનો નાથ જ જ્ઞાનમાં આવે છે. આહાહા..! પણ એના તરફનો સમભાવ નથી-એના તરફની સન્મુખતા નથી. તેથી રાગની સન્મુખતા અને પર્યાયની સન્મુખતામાં આકુળતાને વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..! પાછું કહ્યું શું? કે આ સમભાવની જ ટીકા બાર અંગમાં છે.

આહાહા..! કેમકે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. આહાહા..! ગજબ વાત છે! ચારે કોરથી જુઓ તો.. આહાહા..! પૂર્વાપર વિરોધ રહિત જૈનશાસન કેવું છે, જુઓ તો! આહાહા..! જૈનશાસનનો અર્થ તું છો. તું જેવો છો તેવો પ્રગટ થાય તે જૈનશાસન છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ સમભાવની વ્યાખ્યા કરી. પછી કહે છે કે '**જો યતિ સમભાવ કરતા હૈ,...**' '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉસીકે નિશ્ચયસે હોતે હૈં.**' બીજાને નહિ. આહાહા..! જેને વીતરાગી પરમાનંદના સ્વભાવના સ્વાદરૂપી સમભાવ નથી, એને આ સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સંભળાય છે બરાબર? થોડું ઊંચું પડે છે ને? ભાઈને, ભાણિયાને. નહિ? ઊંચુ પડે છે. આ તો અલૌકિક વાતું છે. આહાહા..! મીણો ચડી જાય એવી વાતું છે આ તો. પ્રભુ! આહાહા..! આહાહા..! આ તો આવ્યું છે ને આ 'પરમાત્મપ્રકાશ'માં. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞદેવ, જિનવરદેવ અનંત તીર્થંકરોએ સમભાવ પ્રગટ કર્યો હતો. એને પૂર્ણ સમભાવ હતો. પૂર્ણ વીતરાગી પરમાનંદના સ્વાદમાં પૂરા પડ્યા હતા એ. આહાહા..! એમની વાણીમાં આ આવ્યું. આહાહા..! 'આત્માવલોકન'માં કહ્યું છે ઈ. મુનિઓ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણમન વીતરાગ દશાની જ વાત કરે. આહાહા..! મુહુ મુહુ. સમજાણું કાંઈ? '**જીવનું નિજસ્વરૂપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે છે તે જ ગુરુપદવીએ સદા શોભે છે,...**' રાગની, ભક્તિની, પૂજાની, વ્રતની વ્યાખ્યા કરે, જણાવે. જાણવા માટે જણાવે. પણ એનો સાર વીતરાગતા છે એ એમાંથી કાઢીને બતાવે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

'**અઠ્ઠાવીશ મૂલગુણ, બાવીશ પરિષહ, પંચાચાર આદિથી માંડીને બિરાજમાન છે, જેમને પરમાણુમાત્ર બાહ્ય પરિગ્રહ નથી અને અંતરંગમાં પણ પરમાણુમાત્ર પરિગ્રહની ઈચ્છા નથી,...**' આહાહા..! '**અનેક ઉદાસીન ભાવસહિત બિરાજમાન છે અને જે નિજજાતિરૂપનું સાધન કરે છે,...**' નિજજાતિરૂપનું સાધન કરે. આ સમભાવ. આહાહા..! '**નિજજાતિરૂપનું સાધન કરે છે,...**' વીતરાગી પરમાનંદસ્વરૂપ નિજ જાત છે. આહાહા..! એનું સાધન કરે. પંચમહાવ્રત અને વિકલ્પનું સાધન આવે વચમાં એને જાણે. સાધન આ કરે, એમ કહે છે. આહાહા..! દિગંબર સંત સિવાય આ વાત છે ક્યાં? આહાહા..! વસ્તુની સ્થિતિ જુઓને! ચારે કોરથી જુઓ તો એક જ પ્રકાર ઊભો થાય છે. કોઈ શાસ્ત્ર લ્યો. 'સમયસાર' લ્યો, ગ્રંથ લ્યો, 'મોક્ષમાર્ગ પ્રકાશક' લ્યો, 'સમાધિશતક' લ્યો, 'ઈષ્ટોપદેશ' લ્યો. ઓહોહો..! ઈષ્ટ ઉપદેશ એને જ કહીએ કે જેમાં વીતરાગતા બતાવે. નિમિત્તથી લાભ થાય અને રાગથી લાભ થાય એ બતાવે નહિ. આહાહા..! નિમિત્તો છે ખરા પણ બધા ઉદાસીન ધર્માસ્તિકાયવત છે. આહાહા..! અને તે નિમિત્તનો આશ્રય લેવા જેવો નથી. આશ્રય તો શુદ્ધ ચિદાનંદ ભગવાનઆત્મા, અંતર્મુખ થઈને એનો આશ્રય લઈને... આહાહા..! જે કંઈ વીતરાગી પરમ આનંદ (પ્રગટે તેને ભોગવે). વિષય-વિષય ભોગના આનંદ તો ઝેરના સુખ

છે. વિષય, ભોગ, આનંદ આ પૈસાના, આ પાંચ-પચાસ લાખ કમાય અને રાજી-રાજી થઈ જાય, એ બધા ઝેરના પ્યાલા પીવે છે. આહાહા..! એ ઝેરના સ્વાદ છે.

મુમુક્ષુ :- ઝેરના પ્યાલાને અમૃત જાણીને પીવે છે.

ઉત્તર :- માને છે ઈ. આ 'બલુભાઈ'એ કાઢી નાખ્યું ને પછી બધું. ઉપાધિ હતી એ બધી છોડી. આહાહા..!

ભગવાનઆત્મા અસ્તિ-એની મોજૂદગી, એની હયાતી એ તો વીતરાગ પરમાનંદ સુખનો સ્વાદિયો એકલો સ્વભાવ છે એનો. આહાહા..! અરે..! આવો આત્મા કેમ બેસે? આ આત્મા એટલે પરની દયા પાળે ને હાલે-ચાલે તે આત્મા, ત્રસ છે તે હાલે-ચાલે. સ્થિર તે સ્થાવર.

મુમુક્ષુ :- પુદ્ગલ પણ ચાલે છે.

ઉત્તર :- પુદ્ગલ પરમાણુ ચાલે છે. ગતિ ચૌદ રાજુલોક જાય. એક રજકણ ચૌદ રાજુલોક હેઠેથી ઉપર ચાલ્યો જાય, એક સમયમાં. એની સાથે શું સંબંધ છે? આહાહા..!

અહીં તો રાગ પણ આત્મા નહિ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તે રાગ એ આત્મા નહિ, એ આત્માનો સ્વભાવ નહિ, એ ધર્મ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જુઓને! એણે એ કહ્યું છે હોં! ત્યાં. આહા..!

'**નિજજાતિરૂપનું સાધન કરે છે, સાવધાન થઈને સમાધિમાં વ્યાપ્ત થાય છે (લીન થાય છે), જેણે સંસારથી ઉપરાંવટા (ઉદાસીન, પરાંગમુખ) પરિણામ કર્યા છે...**' આહાહા..! ઉદયભાવના રાગ એ સંસારથી ઉપરાંવટા પરિણામ કર્યા છે. આહા..! આ બાજુના વીતરાગ (પરિણામ કર્યા છે). '**એવા જે જૈનના સાધુ છે, તેઓ મનને સ્થિર કરીને પોતાને તો વીતરાગરૂપ અનુભવે છે...**' આહાહા..! જોયું! ત્યાં એ લીધું છે. 'આત્માવલોકન'માં એ લીધું.

'**સમભાવકો કરતા હૈ,...**' હજી એક માથે આજે આવ્યું ને? કે '**જો જીવ સમભાવકો કરતા હૈ,...**' આહાહા..! એ '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉસીકે નિશ્ચયસે હોતા હૈ,...**' આહાહા..! જેને વીતરાગી પરમાનંદનો સ્વાદ લે છે તેને સમભાવ છે અને તેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! 'હોંશિડા મત હોંશ ન કિજે.' એ પર તરફની હોંશું છોડ, પ્રભુ! એકવાર. એ ઝેરના પ્યાલામાં ક્યાંય સુખ નથી. આહાહા..! સુખનો સાગર ડોલે છે ભગવાન અંદર. આહાહા..! દરિયામાં જેમ પાણી ઉછળે... આહાહા..! ઓલું તો કાંઈક કહે છે ને? ..ઊંચું. નહિ? લવણ સમુદ્રની... નામ પણ ભૂલી જઈએ. ઉંચું ચાલે. પાણી ઊંચું ચાલે છે. એ નામ ભૂલી ગયા.

મુમુક્ષુ :- ઉન્મગ્ન નદિ અને નિમગ્ન નદિ.

ઉત્તર :- એ નદી નહિ. આ તો સમુદ્રમાં લવણ સમુદ્રના મધ્યમાંથી પાણી ઊંચું છે આમ.

મુમુક્ષુ :- ડગમાળ

ઉત્તર :- ડગમાળ. ડગમાળ કહે છે ને? એ નામ ભૂલી ગયા. એ આવે છે શાસ્ત્રમાં. બેયમાં આવે છે. શ્વેતાંબર, દિગંબર બેયમાં. લવણ સમુદ્ર છે ને લવણસમુદ્ર? એનું પાણી ૯૬ યોજન એવું કાંઈક ઊંચું ચાલે છે. દેગડી ચડે છે. એવો એનો સ્વભાવ છે. અનાદિનો, હોં! આહાહા..! ડગમાળ કહેવાય છે એને. સમુદ્રનું પાણી આમ સીધું હોય એમાંથી અમુક યોજન કેટલુંક ઊંચું જ હોય છે, આમ. આહાહા..!

એમ આ ભગવાનઆત્મા... એ લવણસમુદ્ર છે ખારો. આ આનંદનો સાગર ભગવાન છે. એના સમભાવમાં આવતા એને વીતરાગભાવની ડેગડી ચડે છે, કહે છે. આહાહા..! મૂળ વીતરાગ ધર્મ શું છે એ વાતને લોકો આખી ભૂલી ગયા. અજૈનને જૈનપણું માનીને બેઠા. આહાહા..! એ જ્યાં બહુ ચોખ્ખું કરવા જાય તો કહે.. એય..! એકાંત છે તમારું. બાપુ! વસ્તુ તો આ છે ને, ભાઈ! તારા હિતની વાત પણ આ છે. તું ભગવાન છો, પ્રભુ! તું ગમે તે ભૂલ કર પણ એ પર્યાયમાં ભૂલ છે. વસ્તુમાં કાંઈ છે નહિ. વસ્તુ તો પરમાનંદનો નાથ સાગર ડોલે છે અંદર. આહાહા..! એના તરફનો વીતરાગ પરમાનંદના સુખનો સ્વાદ લેવો... આહાહા..! એને સમભાવ કહે છે અને એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. આહાહા..!

નિશ્ચયમોક્ષમાર્ગ તે સમભાવ છે, એ વીતરાગ પરમાનંદનો સ્વાદ છે અને એનું કથન જ શાસ્ત્રમાં કહ્યું છે, એમ કીધું. વ્યવહાર-ફ્યવહારની વાત મૂકી દીધી. નિશ્ચયનું આ સમભાવનું જ કથન છે, એમ કીધું ને? એનો અર્થ એ વીતરાગી પરમાનંદ સ્વભાવનો સ્વાદ એવો જે નિશ્ચય મોક્ષમાર્ગ એનું કથન શાસ્ત્રમાં વિશેષ આવ્યું છે. આહાહા..! એની પ્રધાનતા વીતરાગતા બતાવવાની વાત છે, કહે છે. ભલે ચરણાનુયોગની અંદરની વ્યાખ્યા વ્રતની આવે, વ્રતના વિકલ્પની આવે, અતિચાર ટાળવાની આવે. પણ એનો હેતુ તાત્પર્ય તો વીતરાગતા આનંદ છે એ બતાવવો છે. એ હેય છે અને આ ઉપાદેય છે. આહાહા..! આવી વ્યાખ્યા. પેલું એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચૌઈન્દ્રિયા એવું સહેલું હતું. 'બલુભાઈ'! તસ્સ મિચ્છામી દુક્કડમ. કર્યું હતું કે નહિ? 'પ્રવિણભાઈ'! ઈરીયા-વિરીયા કર્યું હતું કે નહિ? ઈચ્છામી પડિક્કમા અને તત્સુત્રી તાવકાયે ઠાણેણં માણેણં આહાહા..! પ્રભુ! તું તારામાં ન પ્રવિણ થયો, બીજામાં પ્રવિણ થયો. આહાહા..! ભગવાન પરમાનંદ...

આ વ્યાખ્યા કરી છે એ ગજબ કરી છે ને! અને 'પદ્મનંદી પંચવિંશતિ'નો આધાર આપ્યો છે. '**साम्यमेवादराद्भाव्यं**' એ વીતરાગભાવને આદરથી સેવ. આહાહા..! '**किमन्यै ग्रर्न्थविस्तरैः।**' બીજા ગ્રંથના વિસ્તારથી શું તારે કામ છે? આહાહા..! '**प्रक्रियामात्रमेवेदं वाङ्मयं विश्वमस्य हि।**' આહાહા..! આખા વિશ્વનો સાર તો અંદર આ વીતરાગભાવ કરવો એ છે. આહાહા..! અરે..! એની ખબર પણ ન મળે. 'તીન ભુવનમેં સાર વીતરાગ વિજ્ઞાનતા' નથી આવતું? 'છ ઢાળા'માં. 'તીન ભુવનનો સાર વીતરાગ વિજ્ઞાનતા.' આહાહા..! જુઓ! ત્યાં એ આવ્યું.

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં વીતરાગ વિજ્ઞાન નાખ્યું છે.

ઉત્તર :- એ આનું નાખ્યું છે, આનું નાખ્યું છે. 'છ ઢાળા'નું. વીતરાગ વિજ્ઞાન, વીતરાગી વિજ્ઞાન. આહાહા..! એટલે પરમાનંદના સ્વભાવની સાથેનું જે જ્ઞાન તે વીતરાગી જ્ઞાન અને વીતરાગી વિજ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આહાહા..!

**'ઐસા દિખલાતે હૈં–'** **'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉસીકે નિશ્ચયસે હોતે હૈં, જો યતિ સમભાવ કરતા હૈ,...'** આ ભાષા. જે કોઈ સાધુ વીતરાગી પરમાનંદને અનુભવે છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે. આહાહા..! અહીં તો પાંચ મહાવ્રત પાળે અને અઠ્યાવીશ મૂળગુણ (પાળે). સ્થાનકવાસીમાં વળી સત્તાવીશ ગુણ, એ ફેર છે. એ બીજા ફેર છે. આહાહા..! અહીં તો કહે છે કે હે યતિ! હે જતિ! જતના કરનાર. આહાહા..! ભગવાન પરમાનંદ સ્વરૂપની જતના, જતિ-જતના કરનાર. આહાહા..! જયણા કરી. એ જીવનની જ્યોતને એણે દૃષ્ટિમાં લઈને એણે વીતરાગી આનંદના સ્વાદમાં લીધો એને. આહાહા..! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને પણ વીતરાગી પરમાનંદના સુખનો એક અંશ છે. મુનિને વિશેષ છે. આહાહા..! અરે..! આવી વ્યાખ્યા વીતરાગમાર્ગની કહે છે! માર્ગ તો આ છે, બાપુ! અહીં ન કહ્યું? આવા સમભાવની ટીકા છે બાર અંગમાં. આખું વિવેચન આને માટેનું છે. વીતરાગી પરમાનંદના સ્વાદ લેવાની જ વ્યાખ્યા આખી બાર અંગમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સમભાવ કરતા હૈ, દૂસરે સમભાવ રહિત જીવકે...'** જોયું! **'इतरस्य'**. જેને આવો વીતરાગી પરમાનંદના રસનો સ્વાદ એવો સમભાવ નથી... આહાહા..! જુઓ! આ અનેકાંત કર્યું. **'જીવકે તીન રત્નોંમેંસે એક ભી નહીં હૈ,...'** આહાહા..! વાહ! જેને વીતરાગી પરમાનંદનો સ્વાદ નથી, એવો સમભાવ પ્રગટ્યો નથી, એને ત્રણ રત્નમાંથી એકેય રત્ન નથી. સમ્યગ્દર્શન પણ નથી, સમ્યગ્જ્ઞાન નથી અને સમ્યક્ ચારિત્ર પણ નથી. આહાહા..! માર્ગ તો ત્રણલોકના નાથનો ગણધરોએ ગૂંથ્યો, ભગવાને કહ્યો, ઈન્દ્રો અને સંતોએ કબુલ્યો. આહાહા..! આ માર્ગ છે, બાપુ! લોકોને આકરું લાગે કે વ્યવહાર સાધન છે. બાપુ! વ્યવહાર કહેશે હમણાં, જુઓ! **'તીન રત્નોમેંસે એક ભી નહીં હૈ, ઈસ પ્રકાર જિનેન્દ્રદેવ કહતે હૈં.'** જોયું! જિનવર એમ કહે છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સો ઈન્દ્રના પૂજનીક, ગણધરોના નાથ, એ જિનવર આમ કહે છે. આહાહા..!

**ભાવાર્થ :- 'નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...'** સત્યના પંથમાં તો આ ભગવાનઆત્મા જ ઉપાદેય છે. વીતરાગ પરમાનંદરસથી ભરેલો પ્રભુ! આહાહા..! અરે..! તારા વિષય અને ઈન્દ્રના વિષયોના ભોગ તો ઝેરના, રાગના, આકુળતાના અનુભવ છે. આહાહા..! ભાઈ! તું દુઃખી છો. આહાહા..! એ વિષયના (ભોગ), ઈન્દ્ર ઈન્દ્રાણી સાથે ભોગ લે છે ત્યારે એ દુઃખી છે. આહાહા..! એ મેસુબ ને પતરવેલીયા ઉડાવતો હોય. મેસુબ-મેસુબ સમજો છો ને? મેસુબ નથી સમજતા? મેસુર? મેસુર પાક. એક શેર ચણાનો લોટ, ચણાનો લોટ એમાં ચાર શેર ઘી (નાખે). એને મેસુબ કહે છે. પંડિતજી! સમજ્યા કે નહિ? ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાય એને સક્કરપારા કહે છે. અને એક શેર ચણાનો

લોટ અને ચાર શેર ઘી પાય એને મેસુબ કહે છે. એ મેસુબ ખાતો હોય અને સક્કરપારા ખાતો હોય અને એમાં પતરવેલીયા હોય. આ અળવીના પાન. અળવીના પાન નથી હોતા? પછી ચણાનો લોટ નાખીને કટકા કરીને તેલમાં ને ઘીમાં તળે અને એ મેસુબને ખાય. દુઃખી છે બિચારો, એમ કહે છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આ બધા પૈસાવાળા સુખી માને અમે સુખી છીએ.

મુમુક્ષુ :- પૈસાવાળાને એવો ભાવ..

ઉત્તર :- એ આવ્યો હતો (સંવત) ૧૯૮૦માં. નહિ? ઓલો 'ચુનીલાલ ભાઈચંદ' નહોતો? 'મુંબઈ'માં. મોટો 'ચુનીલાલ ભાઈચંદ' એ અમારી પાસે આવ્યો હતો, ૧૯૮૦ની સાલમાં. 'બોટાદ'. લોકો એમ કહે કે આની પાસે તો કેટલા પૈસા છે. કરોડપતિ છે ને ઢીકણું છે ને... ફીકણું છે. કીધું, શું ખાવ છો? કે બે પુરી અને શાક. રોટલી પચતી નથી. 'ચુનીલાલ ભાઈચંદ' કરોડપતિ 'ભાવનગર'ના. 'ભાવનગર'ના ત્યાં શેઠ મોટો હતો. અહીં તો મારી પાસે ૧૯૮૦ની સાલમાં આવ્યો હતો. કેટલા વર્ષ થયા? ૫૨ થયા. લોકો સુખી કહે પણ હતું પાતળું શરીર અને બે પુરી માંડ પચે. આહાહા..! જઠર એવી ન મળે અને પૈસા એટલા ઢગલા. શું આમાં સુખ ક્યાં હતું? કીધું. ધૂળેય નથી. આહાહા..!

એ વખતે એક છોકરો સાથે હતો કો'ક. શેઠિયા કો'ક લાવ્યા હતા. નાની ઉંમરનો આઠ વર્ષનો છોકરો હતો. એ કાંઈક 'પાટણ'થી હતો છોકરો. પણ જુઓ તો છોકરો તો, આઠ વર્ષનો પણ એંશી વર્ષનો વૃદ્ધ હોય એટલી સ્થિરતા. ભાઈ! ચપળતા જરીએ નહિ. બરાબર મારી સામે બેસતો. ૧૯૮૦ની વાત છે. એ 'ચુનીલાલ' આવ્યા ને તે દિ' એ છોકરો ત્યાં હતો. એનો બાપ લઈને આવેલા. ભૂલી ગયા. ઘણા વર્ષ થઈ ગયા ને. ક્યાંકનો હતો છોકરો, હતો આઠ-દસ વર્ષનો. પણ બેઠો હોય તો જાણે એંશી વર્ષનો સ્થિર, કાંઈક ચપળ કે કાંઈ (નહિ).. શાંત.. શાંત.. શાંત. એવી એની પ્રકૃતિ જ હતી. અને હોંશિયાર પાછો, હોં! એમ નહિ કે ભોળો ને ભઠ. હોંશિયાર. સામાયિક કરે, આ કરે, જપ-તપ. સ્થિર આમ જાણે. કાંઈ ચપળાઈ (નહિ). આંખમાં, ચાલવામાં, મોઢામાં, બેસવામાં કાંઈ નહિ. એકદમ ઠરી ગયેલો વૃદ્ધ. એવું લાગે. તે દિ' જોયો હતો એક ફેરી.

અહીં તો ભગવાન ઠરી ગયેલાની વાતું ચાલે છે. કાલે કહ્યું નહોતું? એ 'આત્માવલોકન'નું. વીતરાગને આમ દેખે છે. ન એનું માથું હલે, ન હાથ હલે, ન હોઠ હલે, ન જીભ હલે, ન કંપે. સ્થિર બિંબ... સ્થિર બિંબ... સ્થિર બિંબ. સાક્ષાત્ ભગવાન પણ સ્થિરબિંબ, પ્રતિમા પણ સ્થિરબિંબ. આહાહા..! એ વીતરાગ થઈ ગયા, વીતરાગ થઈ ગયા. એટલે કે એને વીત એટલે રાગ હતો, પણ રાગ વસ્તુનું સ્વરૂપ ન હતું એટલે નીકળી ગયો. એકલી વસ્તુ રહી ગઈ. આહાહા..! વીતરાગ પરમાનંદની મૂર્તિ એ વસ્તુ રહી ગઈ. એમ દેખીને જે ધર્મી પોતાના આત્મામાં એ ઉતારે કે આ રાગ નીકળી ગયો ત્યારે એ વસ્તુ નહોતી તો નીકળી ગઈ. એનું સ્વરૂપ નહોતું. એ નીકળી ગઈ ત્યારે એકલી વસ્તુ રહી ગઈ. પરમાનંદ મૂર્તિ છે. એવો જ આ ભગવાનઆત્મા અહીં અંદર છે. આહાહા..! સમજાણું કાંઈ?

આહાહા..!

રાગ નહિ, વર્તમાન વિકાર હોવા છતાં વિકારની સામે-પાસે જ્ઞાન પડ્યું છે. એ જ્ઞાનને પકડીને અંદરમાં જા. રાગને છોડ, લક્ષમાંથી છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયને પકડીને અંદરમાં જાય. પરમાનંદની મૂર્તિ છે એ તો. આહાહા..! એ ભગવાન જેવા છે એવો આ આત્મા છે. 'બલુભાઈ'!

મુમુક્ષુ :- અત્યારે?

ઉત્તર :- અત્યારે. આહા..!

દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ તો બિંબ, વીતરાગમૂર્તિનું બિંબ છે. આ શું કહે છે? સમભાવ પ્રગટ કરનો અર્થ એ પોતે સમભાવ સ્વરૂપ છે. આહાહા..! એ વીતરાગસ્વરૂપ જ છે. વીતરાગી પરમાનંદ એકરસ સુખસ્વરૂપ જ છે ઈ. આહાહા..! પર્યાયનું અને રાગનું લક્ષ છોડી દે તો પ્રભુ તો એવો ને એવો બિરાજે છે અંદર. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચોઈન્દ્રિય, પંચેન્દ્રિય એ તો પર્યાયો છે. વસ્તુ તો જે અંદર બિરાજે છે એ પૂર્ણાનંદનો નાથ છે. આહાહા..! એનો અંદર સ્વાદ આવવો. એમ અહીં શરૂઆત કહે છે. એને સમભાવ કહે છે. વીતરાગી આનંદનો પર્યાયમાં સ્વાદ આવવો, આનંદનું વેદન આવવું, અતીન્દ્રિય આનંદનું વેદન આવવું એને સમભાવ કહે છે. બીજા સમભાવ સાધારણ રીતે આ ક્રોધ ન કરે અને આ ઠરે. આહાહા..! દિગંબર સંતોની શૈલી, ગજબ શૈલી! ગજબ શૈલી!! ઓહોહો..! ઊંડો ઊતરી જા, પ્રભુ! ત્યાં જા. ભગવાન બિરાજે છે ને ત્યાં. આહાહા..! એ અહીં કહે છે.

'**નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસી રુચિરૂપ સમ્યગ્દર્શન...**' જુઓ! એ સમભાવીને હોય છે, એમ કહે છે. ત્યાં વીતરાગભાવ હોય છે. રુચિનું સમ્યગ્દર્શન એ વીતરાગભાવ છે. આહાહા..! અને વીતરાગના આનંદના સ્વાદવાળી એ સમકિત દશા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું સાંભળવા પણ મળી ન હોય. કેટલાક તો નવા હોય એને બિચારાને કાને પડી ન હોય. આ શું કહે છે? વીતરાગ માર્ગ જૈનનો હશે આ? આહાહા..! ઓલું કહે, ભાઈ! આપણે ચોવિહાર કરવા, કંદમૂળ ન ખાવા, વનસ્પતિ પ્રત્યેકમાં પણ જરી મર્યાદા કરવી, બે જ ખપે, બીજી વધારે નહિ, તિથી એમાં બીજ, પાંચમ, આઠમે તો નહિ જ. વિગેરે... વિગેરે... એ તો અશુભ પરિણામ ન હોય ત્યારે શુભ એવા હોય એની વાત છે. એ ધર્મ નથી. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આવી વાત આવી આ. આહાહા..! આ તો કો'ક દિ' સાંભળવાનું મળે એવું છે. 'મનહર'! તું વળી ભાગ્યશાળી. ટાકણે આવ્યો છે અહીંયાં. આવી વાત જ મળવી મુશ્કેલ છે. આહાહા..!

એ '**રુચિરૂપ સમ્યગ્દર્શન ઉસ સમભાવકે ધારકકે હોતા હૈ,...**' જુઓ! ભાષા. શું છે ઈ? 'સમયસાર' છે? 'શાંતિભાઈ'? 'સમયસાર' છે ને? છે ને? અર્થ સમજો. ભાવાર્થ. '**નિશ્ચયનયસે...**' એટલે સત્યદષ્ટિથી જોઈએ તો '**નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' નિજ શુદ્ધ (આત્મા). ભગવાન નહિ. ભગવાન ભગવાનની પાસે રહી ગયા. આ નિજ શુદ્ધાત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ત્રિકાળ. આહાહા..! '**ઐસી રુચિરૂપ...**' એની રુચિ, એ રૂપ '**સમ્યગ્દર્શન**

**ઉસ સમભાવકે ધારકકે હોતા હૈ,...**' આહાહા..! '**ઉસ સમભાવકે ધારકકે હોતા હૈ,...**' જેને વીતરાગી પરમાનંદનો સ્વાદ હોય છે એને સમ્યગ્દર્શન હોય છે. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- બધું કાઢી નાખ્યું.

ઉત્તર :- કાઢી નાખ્યું? આહાહા..! આવી વાત પણ ભાગ્યશાળીને મળે, બાપુ! આ તો વીતરાગના ઘરની વાતું છે, બાપા! શું કરીએ? આહાહા..!

કહે છે, '**ઐસી રુચિરૂપ સમ્યગ્દર્શન ઉસ સમભાવકે...**' '**ઉસ સમભાવ...**' ક્યો? કે જે વીતરાગી પરમાનંદના એકરસ સુખનો સ્વાદ તેને સમભાવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ...**' નિજ આત્મા જે શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભગવાન, એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો. ભાવના શબ્દે એકાગ્રતા છે. વિકલ્પ અને ચિંતા એમ નહિ. '**જો વીતરાગ પરમાનંદ મધુર રસકા આસ્વાદ...**' આહાહા..! વીતરાગી પરમાનંદનો મીઠા રસનો આસ્વાદ '**ઉસ સ્વરૂપ આત્મા હૈ,...**' એ સ્વરૂપ આત્મા છે. અહીં તો હજી જ્ઞાનની વાત કરે છે. જ્ઞાન કોને કહેવું? સમ્યગ્દર્શન કોને કહેવું એ વાત થઈ ગઈ. હવે સમ્યગ્જ્ઞાન કોને કહેવું?

'**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ જો વીતરાગ પરમાનંદ મધુર રસકા આસ્વાદ ઉસ સ્વરૂપ આત્મા હૈ,..**' હવે આ આવ્યું, જુઓ! '**તથા હમેશા આકુલતાકે ઉપજાનેવાલા કામ ક્રોધાદિક હૈ, વે મહા કટુક રસરૂપ અત્યંત વિરસ હૈ,...**' આહાહા..! '**ઐસા જાનના,...**' એનું નામ સમ્યગ્જ્ઞાન અને એમાં વીતરાગી પરમાનંદરસનો સ્વાદ (આવે છે). આહાહા..! જ્ઞાનમાં બે વાત લીધી. દર્શનમાં એક લીધી. નિજ શુદ્ધાત્માની રુચિરૂપ પરમાનંદના રસના સ્વાદવાળું સમ્યગ્દર્શન. જ્ઞાનમાં સ્વપરપ્રકાશક છે ને જ્ઞાન? એટલે બે વાત લીધી. પોતાનો જે આત્મા... આહાહા..! એની ભાવનાથી ઉત્પન્ન થયેલો વીતરાગ પરમાનંદ મધુર રસનો આસ્વાદ, એનું નામ આત્મા.

'**ઉસ સ્વરૂપ આત્મા હૈ, તથા હમેશા આકુલતાકે ઉપજાનેવાલે કામ ક્રોધાદિક હૈ, વે મહા કટુક રસરૂપ અત્યંર વિરસ હૈ,...**' આહાહા..! એ વ્યવહારરત્નત્રનો રાગ છે એ પણ આકુળતાનું કારણ છે. આહાહા..! અરે..! આ કેમ બેસે? આકરું પડે. ઓલા કહે કે પરંપરા કારણ કહો, પરંપરા કારણ કહો. અરે..! પ્રભુ! ભાઈ! તને ખબર નથી. જ્યાં હજી દૃષ્ટિ તારી મિથ્યાત્વ છે ત્યાં પરંપરા કારણ એને લાગુ ન પડે. આહાહા..! હજી શ્રદ્ધામાં જ ઊંધી વાત છે. પુણ્યથી ધર્મ થશે અને આનાથી આ થશે, કરતા કરતા થશે. એ તો શ્રદ્ધા તદ્દન મિથ્યાત્વ છે.

જેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર સમભાવી પરમાનંદના સ્વાદવાળું પ્રગટ્યું છે. એને જે પંચમહાવ્રત આદિના વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ (આવે તે) પરંપરા કારણ છે. એટલે કે અત્યારે સાક્ષાત્ રાગ છે. પછી રાગને ટાળીને વીતરાગ થશે. એથી એને પરંપરા કારણ કહ્યું. મોટો વાંધો અત્યારે પંડિતો સાથે પણ આ છે. અરે..! ભગવાન! બાપુ! આમાં

પંડિતાઈનું શું કામ છે? આહાહા..!

**'હમેશા આકુલતાકે ઉપજાનેવાલે...'** ભાષા દેખો! રાગ-રાગ. ચાહે તો શુભરાગ હો. એ **'હમેશા આકુલતાકે ઉપજાનેવાલે કામ ક્રોધાદિક...'** કામ એટલે ઈચ્છા અને ક્રોધ એટલે દ્વેષ આદિ. ક્રોધ, માન એ દ્વેષ છે અને માયા અને લોભ એ રાગ છે. એટલે કામ અને ક્રોધ, રાગ અને દ્વેષાદિ બેય આવી ગયું. **'કામ ક્રોધાદિક હૈં, વે મહા કટુક રસરૂપ અત્યંત વિરસ હૈ,...'** આહાહા..! ભગવાનનો સ્વાદ પરમાનંદ મધુર રસનો સ્વાદ હતો. એ આત્મા. આહાહા..! અને આ અત્યંત વિરસ. મહા કટુક-કડવો. કડવા રસરૂપ. ઓલો મધુર રસ હતો. આ કડવા રસરૂપ અત્યંત વિરસ (છે). ઓલો મધુર રસનો આસ્વાદ. આહાહા..! એવું જે જ્ઞાન અંદર થાય એમ કહે છે. વીતરાગી પરમાનંદના સ્વાદમાં આ આત્મા અને રાગની આકુળતા કરનારું એવું જે જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! સ્વપરપ્રકાશક (જ્ઞાન છે) ને એટલે જ્ઞાનમાં બે નાખ્યા. આને જાણે, આને જાણે. એમ. આહાહા..!

નિશ્ચયમાં પોતે વીતરાગ પરમાનંદના રસના સ્વાદરૂપી પ્રભુ, એનું જ્ઞાન કરે અને જ્ઞાનમાં (રાગાદિ આકુળતારૂપ કડવા રસનું પણ જ્ઞાન કરે). ... એની સાથે સમભાવ હોય છે અને સમભાવમાં વીતરાગી પરમાનંદનો સ્વાદ હોય છે. એ જ્યાં સ્વ અને પરનું (જ્ઞાન) કરે છે એને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'મુંબઈ'માં આવું કાંઈ મળે એવું નથી. ... આહાહા..! વીતરાગ જૈન પરમેશ્વરનું કહેલું તત્ત્વ, એનો સ્વાદ આવે તો એને તત્ત્વ જાણ્યું કહેવાય, એમ કહે છે. એનો સ્વાદ આવે એને દર્શન થયું કહેવાય. એ તો બેની વ્યાખ્યા કરી. હવે ત્રીજું ચારિત્ર.

**'ઔર સ્વરૂપકા યથાર્થ આચરણરૂપ વીતરાગચારિત્ર...'** ભાષા દેખો! સ્વરૂપ ભગવાનઆત્માનું વીતરાગ પરમાનંદસ્વરૂપ, અંતર ભગવાનઆત્મા એ તો અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ (છે), એવું જે એનું સ્વરૂપ એ સ્વરૂપનું આચરણ, એ સ્વરૂપમાં ઠરવું, આચરણ કરવું... આહાહા..! એ વીતરાગચારિત્ર છે. આહાહા..! સમ્યગ્દર્શન પર્યાય વીતરાગ હતી, સમ્યગ્જ્ઞાન પર્યાય વીતરાગ હતી, સમ્યક્ચારિત્ર પર્યાય એ વીતરાગ છે. આહાહા..! ત્રણેને સમભાવ કીધો છે. આહાહા..!

**'સ્વરૂપકે આચરણરૂપ વીતરાગચારિત્ર...'** આહાહા..! પંચમહાવ્રત ને એ કાંઈ ચારિત્ર નથી. એ સ્વરૂપ નથી. સ્વરૂપ તો વીતરાગી પરમાનંદનો નાથ પ્રભુ આત્મા, એવું જે એનું સ્વરૂપ છે એમાં આચરણ, આચરણ એમાં ઠરવું. આહાહા..! **'વીતરાગચારિત્ર ભી ઉસી સમભાવકે ધારણ કરનેવાલેકે હી હોતા હૈ,...'** આહાહા..! એવું વીતરાગચારિત્ર પણ એ સમભાવમાં વીતરાગી પરમાનંદના સ્વાદને અનુભવે છે એને હોય છે. આહાહા..! બહુ સરસ વાત! કાલે પણ બહુ સારી હતી. બપોરે આવ્યું હતું, દર્શન-જ્ઞાન વીતરાગ. વીતરાગ... વીતરાગ... વીતરાગ...

**'જો મુનિશ્વર...'** આહાહા..! **'ઉસી સમભાવકે ધારણ કરનેવાલેકે હી હોતા હૈ,...'**

ભાષા 'હી' છે ત્યાં. આહાહા..! છે? **'સ્વરૂપકે આચરણરૂપ વીતરાગચારિત્ર ભી ઉસી સમભાવકે...'** એટલે વીતરાગી પરમાનંદના એકરસનો સ્વાદ લે છે તેને આ ચારિત્ર હોય છે. આહાહા..! **'જો મુનિશ્વર વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિકભાવકી ભાવનાકે...'** આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ અભેદ **'પરમસામાયિકકી ભાવનાકે અનુકૂલ (સન્મુખ) નિર્દોષ પરમાત્માકે યથાર્થ શ્રદ્ધાન,યથાર્થ જ્ઞાન ઔર સ્વરૂપકા યથાર્થ આચરણરૂપ અખંડભાવ ધારણ કરતા હૈ,...'** આહાહા..! **'ઉસીકે પરમસમાધિકી સિદ્ધિ હોતી હૈ.'** પરમ સમાધિ વીતરાગતા... વીતરાગતા... વીતરાગતા... આહાહા..! આવા સમભાવને ધારણ કરનારને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે અને એને પરમસમાધિ છે. પરમસમાધિ-ઠરી ગયો અંદર. વીતરાગ. 'સમાહિવરમુત્તમં દિંતુ' આવે છે ને? આપણે આવે છે. દિગંબર સામાયિક પાઠ. શ્વેતાંબરમાં તો ... 'સમાહિવરમુત્તમં દિંતુ' આવે છે ને લોગસ્સમાં? સમાધિ (એટલે) આ સમાધિ. ઓલા બાવા કરે એ નહિ. આહાહા..!

નિર્દોષ પરમાત્મા છે. નિર્દોષ પરમાત્માની યથાર્થ શ્રદ્ધા, એનું યથાર્થ જ્ઞાન, એના સ્વરૂપનું યથાર્થ આચરણરૂપ અખંડ ભાવ. આહાહા..! ખંડ નહિ જેમાં. અખંડ ધારા વહે છે. એવા **'ધારણ કરતા હૈ, ઉસીકે પરમસમાધિકી સિદ્ધિ હોતી હૈ.'** એને પરમસમાધિ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ રીતે હોય એને. બીજી રીતે માર્ગ હોય તે બીજો માર્ગ છે નહિ. આહાહા..! ગાથા બહુ માખણની છે, માખણ. આહાહા..! અને અત્યારે તો વ્યાખ્યા ફરી ગઈ. આ પંચમહાવ્રત પાળવા, વ્રત કરવા, રસ છોડવા ને આ કરવું એ ધર્મ. ધૂળેય ધર્મ નથી. વ્યવહાર તપ બધા બાળવ્રત છે અને બાળતપ છે. આકરું લાગે માણસને. દુઃખ લાગે, ભાઈ! .. માર્ગ છે, નાથ! અનંત જિનવરોએ, અનંત ગણધરોએ, અનંત ઇન્દ્રોએ જેને સ્વીકાર્યું છે. અનંત ગણધરો જેને સ્વીકારીને રચ્યું છે. આહાહા..! અનંત તીર્થંકરોએ અનુભવીને વાણી કહી છે. આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ આવશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)



... પ્રકાશક...

**શ્રી સીમંધર–કુંદકુંદ–કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

રાજકોટ